દરમીયાન ઊપજ ગણુત્રાણુમાં મહેસુલ અને કરો આપવામાં આવેલા હોય તે કાપી લેવા જોઇએ (દખીના મોહન વી. સરોળા મોહન (૧૮૯૪) ૨૧ ક. ૧૪૨; લા. રી. ૨૦ ઇ. અ. ૧૬૦). ખરા હકદાર માલેક હુકમનાંમુ મેળવેલુ તેની બજાવણીમાં, એક પ્રવેશ કરનારે સ્થાવર મીલકતનો કેટલી મુદત કબજો રાખેલો તેની પાસેથી કબજો છોડાવેલો હોય હોય તો, તે તકરારી મીલકતના પટે રાખનારા ઊપર સાંથ બાબતનુ હુકમનાંમુ મેળવતાં જે ખર્ચ કરેલુ હોય તે દરમીયાંન ઊપજમાંથી કમી કરવાને પરવાંનગી આપવામાં આવતી નથી (શરફુદીન વી. ફતેયાબ (૧૮૯૮) ૨૦ અલ્હાબાદ ૨૦૮). જો વાદીનો કબજો હોત અને તે જો વસુલ આપવાને બંધાત તે વસુલ પ્રતીવાદીએ આપેલુ હોય તો તે તમાંમ વસુલ કુલ પેદાશમાંથી બાદ કરીને ફકત દરમીયાંન ઊપજ નક્કી કરી શકાય છે (કાયર અલ્લા વી. શાહા ઓધડભાઇ (૧૮૯૩) ૧૭ મુ. ૩૫; પરંતુ દરમીયાંન ઊપજ નકી કરવાનાં બીજાં તમાંમ શાધનો નીશફળ જાય નહી તો આવી કુલ ઊપજ હીસાબમાં ગણવી નહી જોઇએ ખેમનકુરી વી. મધુમતી (૧૮૬૫) ૪ વી. રી. પ્ર. ૨૩. એકાદા પ્રવેશ કરનારનો સરકારી મહેસુલ કાપી લેવાનો હક છે જેથી બીલકુલ નફો થએલો નથી એવુ માલુમ પડે, પરંતુ દાવાવાળો નશ કરતાં કાંઇ રકમ તેવી રીતે વસુલ આપેલી હોય તો તે વસુલ કરી શકતો નથી પણ તેણે પોતાના અપકૃત્યનો બોજો પોતેજ સોસવો જોઇએ (તેલકચંદ્ર વી. સૌદામીની (૧૮૭૫) ૨૩ વી. રી. ૧૦૮; ૪ ક. ૫૬૬).

કોઈ તારીખથી આપવામાં આવે છે. સામાન્ય નીયમ એવો છે કે દરમીયાંન ઊપજ દરવર્ષે જે તારીખે લહેણી થતી હોય તે તારીખે તે માગવા લાયક થાય છે. (જુઓ કુંવરરાંમ પુતસીંગ વી. ફરલોગ (૧૮૬૫) ૩ વી. રી. ૩૮). આ બાબતમાં એક અપવાદ છે વાદીના હકની ખબર વીના કીમતી અવેજ આપી એક ખરીદદાર થએલો હોય અને વાદીની કસુર હોયતો દાવો દાખલ કરયા તારીખ પહેલાંની તારીખથી દરમીયાંન ઊપજનો તે ખરીદ કરનાર જવાબદાર થતો નથી, (જગરનાથ શાહુ વી. મહમદ હુસન (૧૮૭૫) ૧૪ બં. લા. રી. ૩૮૬), તોપણ તે દાવો કરવામાં સહેજવાર લાગી હોય તો તેથી તે જવાબદારી ખશેડવાને બશ થતુ નથી (કાળીનાથ ડોસ વી રાજામીયાં (૧૮૭૪)૨૨ વી રી ૪૦૬; અને આ બાબત વીશે જુઓ નીચેના ઠરાવો કે જેમાં દાવાની તારીખથી દરમીયાંન ઊપજ અપાવવામાં આવેલી છે–શેર બાહાદુરસીંગ વી. દરીઆકકુંવર (૧૮૭૮) ૩ ક. ૬૪૫; રઘુનાથ વી. બ્રજકીશોર (૧૮૭૫–૭૬) લા. રી. ૩ ઇ. અ. ૧૫૪; સરકાઇઝ વી પ્રસનોમોઈદાસી (૧૮૮૧) ૬ ક. ૭૯૪; જગરનાથ શાહુ વી. શાહા મહમદ હોસેને (૮૭૫) ૪ બં લા. રી. ૩૮૬). સને ૧૮૭૭ના મુદતના એકટ ૧૫ ના પૃશીષ્ટ ૨ ની આર્ટીકલ ૧૦૯ પ્રમાંણે દાવાની તારીખ પહેલાં ત્રણ વર્ષની અંદર પ્રતીવાદીએ જે દરમીયાંન ઊપજ લીધી હોય અથવા યોગ્ય તતપરતાથી જે તે લેઈ શકત તે દરમીયાંન ઊપજ બાબત પ્રતીવાદી જવાબદાર છે અને તે પહેલાની દરમીયાંન ઊપજ બાબત તે જવાબદાર નથી. ત્રણ વરસની મુદત ઠરાવેલી છે તેની સાંથ જે વખતે લહેણી થતી હોય તે શાથે કાંઇ સબંધ નથી (અબ્બાસ વી ફસીહુદીન (૧૮૯૭) ૨૪ ક. ૪૧૩; કીશ્નાનંદ વી. પ્રતાબ નારાયણસીંગ લા રી. (૧૮૮૩–૮૪) ૧૧ ઇ. અ. ૮૮; ૧૦ ક. ૭૮૫)

શાબેતીની જરૂર છે. વસીલાત બાબતનો દાવો સાબેત કરવાને વાદીએ કબજો લેવાનો મારો હક છે એવુ બતાવવુ જોઇએ (રાધાચર્ણ વી. ઝમરૂનીશા (૧૮૬૯) ૧૧ વી. રી.

૮૭); અને પ્રતીવાદીએ તે કબજા બહાર મને રાખેલો હતો એવુ બતાવવુ જોઇએ (દ॰ વારકારાંમ મીસર વી. જોગેશ્વર (૧૮૭૪) ૨૧ વી. રી. ૨૭૬; ધુગલીશાહુ વી. ચંદીપરશાદ (૧૮૭૪) ૨૧ વી॰ રી. ૨૪૬. વળી જુઓ ચરણુસીંગ વી. રગુસીંગ (૧૮૭૧) ૧૫ વી. રી. ૨૨૧. પ્રતીવાદી વધારે સારો હક સાબેત નહી તો હક સાબેત કરવાની જરૂર નથી (ક્ષેપસીંગ વી. નીમારખાશીયા (૧૮૯૪) ૨૧ ક. ૨૪૪), પરંતુ પ્રથમના કબજા વગર એકાદા સખસનો મીલકત ઊપર હક છે એવુ ઠરાવ્યાનુ હુકમનાંમુ બસ નથી. (કાળીદાશ વી. વલભદાસ (૧૮૮૨) ૬ મુ. ૭૯).

અપકૃત્ય કરનારાઓનો જે મુદત કબજો હોય તે મુદતમાં સાંથ તરીકે કેટલી રકમો વસુલ કરેલી છે તે બતાવવાનો તેમના ઊપર બોજો છે. (બ્રજકુમાર વી. માધબચંદ્ર (૧૮૮૨) ૮ ક ૩૪૩ વળી જુઓ. રૂકમીકુંવર વી રાંમતુહલ (૧૮૭૨) ૧૭ વી રી. ૧૫૬) દરેક બાબત તેમના વીરૂધ કરવાની છે. દુરગાસુંદ્રી વી. શીબેશ્વરી (૧૮૭૬) ૮ વી. રી ૧૦૧; વળી જુઓ માહાબીરપ્રશાદ વી. રાધાપ્રસાદ (૧૮૯૧) ૧૮ ક. ૫૪૦, પરંતુ વાદીએ પોતાનો હક છે એટલુ બતાવવાની જરૂર છે એટલુજ નહી પણુ તે કેટલે દરજ્જે છે તે પણુ બતાવવાની તેને જરૂર છે. (ઇશાન વી. આઇનુદીન (૧૮૮૦) ૫ ક. વી. નો ૭૨૦)

પેસવાની જરૂર નથી:—જે સખસોનો ખોટી રીતનો કબજો કેવી રીતે થયો હતો. તે તે શીવાય પણુ તે તમામ સખસોનો ખોટી રીતનો કબજો હોવાથી તેઓ જવાબદાર છે પીરન વી. અહમદ અલીખાંન (૧૮૬૫) ૪ વી. રી. પ્ર. ૭; હીરાલાલ વી. ગીરધારી (૧૮૬૭) ૮ વી. રી. ૪૫૦ સત્ય નંદો વી. સરૂપ ચંદ્ર (૧૮૭૦) ૧૪ વી. રી. ૭૬. માટે એક લીલાંમમાંથી ખરીદ કરનારનો કબજો બળવાન નથી એવુ ઠરાવેલુ છે (જયનારાયણુ વી. તોરાબન (૧૮૭૨) ૪ આગ્રા ૨૧૬, રહેમીયતનુ એક વર્ષ આવ્યા પછી એકાદો ગીરો આપનાર (શરૂપચંદ્ર વી. મોહનચંદ્ર (૧૮૭૪ ૨૨ વી. રી. ૫૩૯; પરંતુ જુઓ રાઇસુદીન વી ખોડુ નેવાઝ (૧૮૮૩) ૧૨ ક. ૪૭૦), એકાદો સુધ બુદ્ધીથી કબજો રાખનાર હોય (મગનચંદ્ર વી. સરબેસહ (૧૮૬૭) ૮ વી. રી. ૪૭૯, બીજનાથપ્રસાદ વી. બધુસીંગ (૧૮૬૮) ૧૦ વી રી ૪૮૬); એક ઇજારદાર પોતાના જમીનદાર સાથે હોય (બીઘામોઇ વી. રામલાલ મીસર (૰૧૮૭૨) ૧૭ વી. રી. ૧૪૮); એકાદો પેટા પટો રાખનાર હોય (રાંમચંદ્ર શરમા વી. રાંમચંદ્ર પાલ (૧૮૭૫) ૨૩ વી. રી. ૨૨૬); દેખીતા હકની સાથે એકાદા સખસનો કબજો હોય પણુ પાછળથી તેની પાસેથી કાયદેસર કબજો છોડાવેલો હોય (અબદુલકરીમ વી. કેંમ્પબેલ (૧૮૬૭) ૮ વી. રી. ૧૭૨); એકાદો ખરીદ કરનાર પોતાના હકની ખાંમીની ખબર છતાં કબજો કરી બેઠો હોય (ઊમામોઇ વી. તારીની (૧૮૬૭) ૭ વી રી. ૨૨૫), પણુ તેણે ખરીદ કરનારને કબજા વીના રાખેલો ના હોય તો તે વેચાંણુ આપનાર નથી (શરતચંદ્ર વી. જદબનારાયણુ (૧૮૬૪) ૧ વી. રી. ૯૦; નીકમલ વી. ગનોમણી (૧૮૭૧) ૭ બં. લા. રી. ૧૧૩ પી. સી.); પોતાને પટે આપનાર સાથે ખરી રીતે કબજે રાખનાર હોય (મદનમોહન વી. રાંમદાશ (૧૮૮૦) ૬ ક. લા. રી. ૩૩૭); પ્રથમના પટે રાખનારાઓના પટા પુરા થયા પછી પાછળથી પટે રાખનારાઓએ કબજો લેઇને સાંથ વસુલ કરેલી હોય, પરંતુ સાંથના સને ૧૮૮૧ ના એકટ ૧૨ ની ક. ૩૬ પ્રમાંણે કબજો છોડાવવાની નોટીશ આપવાની જરૂર પડે તે પહેલાંના હોય (શીતાબદે વી. અજુધ્યાપ્રસાદ (૧૮૮૮)૧૦ અ. ૧૩) તો તે તમાંમ દરમીયાંન ઊપજ બાબત જવાબદાર છે. પરંતુ હુકમનાંમાવાળાને કબજો મળતાં રૈયત સાંથ આપવાને બંધાએલા નથી (ઉમેશચંદ્ર વી. મારકેંડસુકરજી (૧૮૬૯) ૧૨ વી. રી. ૩૫). સાંથ વસુલ કરવાના એકટ પ્રમાણે અમુક લીલાંમમાંથી

મીલકતનો એક ખરીદ કરનાર તે મીલકતનો કબજો લે તો જ્યાં સુધી તે હુકમનામુ ફેરાવવામાં આવેલુ ના હોય ત્યાં સુધી તેનો ખરો હકવાળો કબજો છે. માટે તે પ્રવેશ કરનાર નથી અને ખરા હકવાળાને કબજા વીના રાખેલો હોય તેથી તેને જે નુકશાન સહન કરવુ પડેલુ હોય તો તે ભરી આપવાને તે ખરીદ કરનાર બંધાએલો નથી, પરંતુ તે દરમીયાંન ઊપજ વીશે જવાબ દેવાને બંધાએલો છે, કારણ કે તે મીલકતનો વહીવટ બરોબર કરેલો હોય તો, તે ગણવાનો આધાર રહેલો છે (પીરૂમલ વી. કીશ્નામા (૧૮૯૪) ૧૭ મ. ૨૫૧).

એકાદો પટે આપનાર પોતાની પાસેથી પટે રાખનારને સાંથ આપતાં રૈયતને અટકાવે તો તે જવાબદાર છે (ભીકબરસીંગ વી રાજચંદ્ર (૧૮૭૧), ૧૫ વી. રી; ૧૫૬; શામશંકર ચોધ્રી વી. શ્રીનાંથ બેનરજી (૧૮૬૯) ૧૨ વી. રી. ૩૫૪). તેવીજ રીતે એક ગીરો રાખનારે ગીરો છોડાવવાનો હક બંધ કરીને હુકમનામુ મેળવેલુ હોય તે પછી પણ ગીરો આપનાર તે ગીરો રાખનારને કબજો આપે નહી તેમ તેને સાંથ આપવાને પોતાની પાસેથી પટે રાખનારને કહે નહીતો તે દરમીયાંન ઊપજ વીશે જવાબદાર છે (શરૂપચંદ્ર રાય વી. મોહેંદ્રચંદ્ર (૧૮૭૪) ૨૨ વી. રી. ૫૩૯),

ઉપજનો ભોગવટો. વળી વાદીને બદલે પ્રતીવાદીએ દરમીયાંન ઉપજ ભોગવેલી છે એવુ બતાવવાની જરૂર નથી, જો એટલુ બતાવવામાં આવે કે વાદીને કબજા વીના અને તે મીલકતના ભોગવટા વીના રાખવામાં તે મચ્યો રહેલો હતો તો તે બસ છે. જો તેણે ખોટી રીતે તે કરેલુ હોય તો પરીણામે જે નુકશાન થએલુ હોય તો તે વાદીને આપવાને તે બંધાએલો છે. પછી તેણે તે જમીનનો કબજો રાખવાથી કાંઇ નફો મેળવેલો હોય કીંવા નહી તેની ચીંતા નથી (ધુહાલીશાહુ વી ચંદીપ્રસાદ (૧૮૭૪); ૨૧ વી રી. ૨૪૬). દરેક અગલ કરનારના કામમાં તેણે પોતે જે અપકૃત્ય કરેલુ હોય તેથી જે નુકશાંન થાય તે આપવાને તે પ્રતીવાદી જવાબદાર છે, જો પ્રતીવાદીને કબજામાંથી બાતલ કરેલો હોય તો તેને દરમીયાંન ઉપજ મળેલી છે એમ ગર્ભીત રીતે પણ કહી શકાતુ નથી, તેમ તે સાધરણ અથવા અસાધરણ તતપરતાથી પણ તે લેઇ શકતો નોહોતો. માટે તે જવાબદાર નથી. (આબાશઅલી ફાસીહુદીન (૧૮૯૭), ૨૪ ક. ૪૧૩; હરધન વી. જેફીસ્તો, ૧૧ વી. રી. ૨૪૪; ઇદ્રજીતસીંગ વી. રાધેસીંગ (૧૮૭૪) ૨૧ વી. રી. ૨૬૯). પણ જ્યારે પ્રતીવાદીએ ખોટી રીતે કબજો કરેલો હોય અને હુકમનાંમાવાળાને ખબર આપ્યા વીના તે જમીન છોડી દેતો તે પ્રતીવાદી દરમીયાંન ઊપજ વીશે જવાબદાર છે, એવુ ઠરાવેલુ છે (પદમાનંદસીંગ વી. માધુસીંગ (૧૮૯૯) ૩ ક. વી. નો. ૧૮૭; કીશ્નાનંદ વી. પ્રતાબ નારાયણ સીંગ (૧૮૮૪) લા. રી. ૧૧ ઇ. અ. ૮૮; ૧૦ ક. ૭૮૫)

દરમીયાંન ઊપજ વીશેના હુકમનાંમાનો હેતુ:—વસીલાત બાબતના હુકમનાથી ઠરાવેલી જવાબદારીને લગતી બાબતો ઠરાવ્યાના ફેસલાઓ એક સરખા નથી. વાદીને કબજા વીના રાખેલો તેવી કેટલાક સખસો ઉપર નુકશાંનીના દાવામાં તે તમાંમ સખશો વાદીને એક સરખી રીતે જવાબદાર છે, અને તેમાંનો કોઇ શખસ પોતાના કબજામાં જેટલી મીલકત હોય તેટલી જવાબદારી ઠરાવી શકતો નથી (ઝુંકીપોરે વી. અજુધ્યા (૧૮૭૩) ૧૯ વી. રી. ૨૧૮) પરંતુ તેમાંના કોઇ એક ઉપર દાવો કરવાને વાદી છોડી દેતો, બીજાઓના ઉપર હુકમનામુ મેળવવાથી તેના ઉપર નવો દાવો કરવાને ઘણું કરીને અટકાવ થાય છે; તો પણ એક કાંમમાં ઠરાવેલુ છે કે કબજાના હુકમનામા પ્રમાંણે વાદીએ તમાંમ પ્રતીવાદીયો ઉપર દાવો કરેલો ના હોય તો, તે વાદીનો દાવો કાહાડી નાંખવામાં આવે છે, કારણકે જો તે પ્રમાંણે તે ના કરે તો તે પક્ષકારોનો બીજા અપકૃત્ય કરનારાઓ વીરૂધ કાંઇ ઇલાજ રેહેતો

નથી, પણ જો તે બધા સખશો તે હુકમનાંમાથી બંધાએલો હોય અને તેમાંના કેટલાક વસુલ આપે તો આ પ્રમાંણે થતુ નથી. (સત્યનંદો વી. સરૂપચંદ્ર (૧૮૭૦) ૧૪ વી. રી. ૭૬).

કબ્જો:—હુકમનામાતુ રૂપ, કેટલાક કાંમોમાં નુકશાંનીના દાવામાં ખોટી રીતના કબજા દરેક સખશે જેટલે દરજજે નફો મેળવેલો હોય તેના પ્રમાંણમાં તમામ જવાબદારોની વહેંચણુ કરવામાં આવે છે (ફઝલ મહમદ વી. રાજકુમારી (૧૮૬૬) ૬ વી. રી. ૧૧૩; બોઆના કલેકટર વી. શાંમશંકર (૧૮૬૬) ૬ વી. રી. ૨૩૦); અને જો કે સહીયારા હુકમનાંમુ પુરૂ કરવાની એક સખશની જવાબદારી તે સખશના કબજામાં અમુક જમીન હોય તે જમીન કરતાં વ્યાજબી રાહે વધારે રહેતી નથી તે કારણથી એવી મર્યાદા હુકમનાંમામાં ઠરાવેલી ના હોય તો પણ, આ નીયમ પ્રમાંણે ચાલવામાં આવે છે (બળવંતસીંગ વી. શીવ સાહેબ (૧૮૬૫) ૨ વી. રી. પરચુરણપર; ગણેશદત્ત વી. બળવંતસીંગ (૧૮૭૦) ૧૪ વી. રી. ૧૭૫; કીશ્ન મોહન વી. કુંજબીહારી (૧૮૮૧) ૯ ક લા. રી. ૧; વીરૂધ જુન્કીપોરે વી. અજુધ્યાદાસ (૧૮૭૩) ૧૯ વી. રી ૨૧૮).

ઈંટર પ્રીંટેશન:—દરમીયાંન ઉપજ નક્કી ઠરાવવામાં જે તારીખે આવે તે જે તારીખે કોર્ટે નક્કી કરેલી હોય તે છે, અને અમીન જે તારીખે નક્કી કરે તે તારીખ નથી (૮ દુર્ગાશુંદ્રી વી. શીબેશરી (૧૮૬૮) ૧૦ વી રી. ૩૯૧) જો કે હુકમનાંમાની તારીખથી ત્રણ વર્ષની અંદર કબજો આપેલો ના હોય તો પણ, તે હુકમનામામાં કેટલી મુદત સુધીની દરમીયાંન ઉપજ ગણવાની છે તે વીશે કાંઇ તારીખ બતાવેલી ના હોય તો હુકમનાંમાની તારીખથી ત્રણ વર્ષ કરતાં વધારે મુદ્દતની દરમીયાંન અપાવેલી છે એવો તે હુકમાનો અર્થ કરી શકતો નથી (ઉતમરાંમ વી. કીશોરદાસ (૧૯૦૦) ૨૪ મુ. ૪૯; નારાયણ વી. સોનો (૧૯૦૦) ૨૪ મુ. ૩૪૫). દરમીયાંન ઉપજ સાથે કબજા બાબતનુ હુકમનામુ અપીલમાં પ્રીવીકૌશીલમાં લેઇ જવામાં આવેલુ હતુ તેમાં ઠરાવેલુ છે કે જે ત્રણ વર્ષ સુધી દરમીયાંન ઉપજ ગણવામાં આવે છે તે નાંમદાર માહારાજાના હુકમની તારીખથી ત્રણ વર્ષ સુધીની અપાવી શકાય છે માટે તે તારીખ સુધીની ગણવી જોઇએ (ભુપઇદ્ર વી. બીજતબાહાદુર (૧૯૦૧) ૫ વી. નો. ૧૫૨; ૨૩ અલ્હાબાદ ૧૫૨; લા. રી. ૨૭ ઇ. અ. ૨૦૯).

શીબેત:—હિંદુની એક મુર્તીના શીબેત તરીકે જમીન ઉપર દાવો રાખનાર સખસ ઉપર દરમીયાંન ઉપજનુ હુકમનાંમુ કરવામાં આવેલુ હોય અને તેમાં જમીનમાંથી થતો નફો તે મુર્તીના ખજાનામાં ગએલો હોય તો તે હુકમનાંમુ તે સખસ ઉપરનુ નથી પણ શીબે તરીકે તેના ઉપરનુ છે, માટે તે હુકમનાંમુ તે મુર્તીની મીલકતમાંથી પુરૂ કરવું જોઇએ (શીબેશરી વી મથુરનાથ આચારજી (૧૮૬૬) ૫ વી. રી. ૨૦૨), પણ તે મુર્તીનુ જરૂરીયાત ખર્ચ અપાવવુ જોઇએ (ઠાકુરદાસ વી શોસીભુસન (૧૮૭૨) ૧૭ વી રી. ૨૦૮).

વ્યાજ:—બંગાળામાં સામાન્ય નીયમ એવો છે કે દાવાની તારીખથી અલબત વ્યાજ અપાવી શકાય છે, પરતુ જો તે પહેલાંની અથવા પાછળની તારીખથી અપાવેલું હોય તો, ખાસ કારણો બતાવવાંજ જોઇએ હરો પ્રશાદ રોય વી. શામપ્રશાદરાય (૧૮૭૮); ૩ ક. ૬૫૪; લખમીનારાયણ વી. કાળીપદો (૧૮૭૯) ૪ ક. ૮૮૨, ૪ ક. લા. રી. ૬૦; વળી જુઓ પ્રતાબચદ્ર વી. સુરનોમોઇ (૧૮૭૦) ૧૪ વી. રી. ૧૫૧) અને આ પ્રીવીકૌસીલના છેલ્લા ઠરાવ પ્રમાંણે છે એટલે વ્યાજ અપાવવાની કોર્ટને ફરજ પડે તેવો કોઇ નીયમ નથી પણ તે બાબત ડાહાપણુ ભરેલો અખત્યાર વાપરવાની છે એટલે કાંમની હકીકત પ્રમાંણે તે અપાવવી કીંવા નહી તે ઠરાવવાનુ છે (કીશનાનંદ વી. પ્રતાબનારાયણ (૧૮૮૪) લા. રી. ૧૧ ઇ. અ. ૮૮ પાંનુ ૯૩; ૧૦ ક. ૭૮૫; ગોરીશચંદ્ર લાહીરી. વી શોશી શીબેશ્વરરાય.

(૧૯૦૦), ૨૭ ક ૯૫૧; ૪ ક. વી. નો. ૬૩૧. વળી જુઓ જોઈંદ્ર મોહન લાહીરી વી. ગુરૂપ્રસનો લાહીરી (૧૯૦૪) લા. રી. ૩૧ ઈ. અ. ૯૪; અને દરમીયાંન ઊપજ અને તે ઊપરનુ વ્યાજ એ વચેના ભેદ વીશે જુઓ દુર્ગા વી. સુરતસુંદ્રી (૧૮૮૨); લા. રી ૯. ઇ. અ. ૧૮ ક. ૩૩૨, બ્રજેંદ્રકુમાર વી. માધબચંદ્ર (૧૮૮૨) ૮ ક. ૩૪૩).

જો હુકમનામામાં વ્યાજ વીશે કાંઈ ઠરાવ ના હોયતો બજાવણીમાં વ્યાજ અપાવી શકાતુ નથી (અબ્દુલગાફુર વી. રાજારાંમ (૧૯૦૧) ૨૩ અલ્હા. ૨૫૨).

બ ગાળા.—રીવાજ પ્રમાંણે દરવર્ષનુ વ્યાજ આપવામાં આવે છે. (હરોદુરગા વી. શારતસુંદ્રી ૩ ક. લા. રી. ૫૧૭; ૪ ક. ૬૭૪; લખીનારાયણ વી. કાળીપુદો (૧૮૭૯) ૪ ક. ૮૮૨; ૪ ક. લા. રી. ૬૦) વશીલાત વજે તરીકે આપેલી હોય અથવા નાણા તે વીશે આપેલાં હોય પણ વ્યાજ સંબંધી કાંઇ ભેદ ગણવો ના જોઇએ (રાઇકીશોરી વી. ઓનો-માલીચણે (૧૮૬૮) ૧૦ વી. રી. ૨૦૯. નીચેના કાંમોમાં આકાર પહેલાં વ્યાજ અપા-વેલુ નથી બગાળા કોલકંપની વી. દારીમ બામાર્શ ૧૦૫; મોબારક અલ્લી વી. ઓઇસત બચણે (૧૮૬૯) ૧૧ વી. રી. ૨૫) દરમીયાંન ઊપજ નક્કી કરવામાં જે રકમ લહેણી નીકળે તે રકમ ઊપર વર્ષો વર્ષ હુકમનામાવાળાનો વ્યાજ લેવાનો હક છે અને ખરી રીતે જે રકમ નક્કી થએલી હોય અને હુકમનામામાં બતાવેલી હોય તે ઊપરજ ફકત તે અપા-વવાનુ છે એમ નથી (રાધારમાન વી. સુરનોમોઈ દેબી (૧૯૦૩) ૭ ક. વી. નો. ૪૩૭; ૩૦ ક. ૫૦૬).

મુબાઈ.—જે કાંમનો ક. ૨ (૧૨) માં સમાસ થતો હોય તે કાંમમાં મુંબાઇમાં વસી લાત ઊપર વ્યાજ અપાવવામાં આવે છે પણ બીજી રીતે અપાવવામાં આવતુ નથી. (ચકુ-મદન વી. દુલભ (૧૮૮૫) ૯ મુ. હા. કો. રી. ૭; ગુદો આનંદરાવ વી. ક્રીશ્નરાવ (૧૮૮૦) ૪ મુ. હા. કો એ. સી. જે. ૫૫) પ્રથમના કાંમમાં કબજાની તારીખથી તે વસુલ આ-પવાની તારીખ સુધીનુ વ્યાજ અપાવી શકાય છે કે નહી એ વીશે કોર્ટે શક બતાવેલો છે, તો પણ કર્કલેન્ડ વી. મોદી પેસ્તનજી ખરસેદજી (૧૮૪૧-૪૬) ૩ મુ. ઇ અ. ૨૨૦ ના પ્રીવીકૌંસીલના કાંમમાં એવુ ઠરાવેલુ છે કે દરમીયાંન ઊપજની જે રકમ લહેણી નીકળે તે હુકમનામાના લહેણા તરીકે મુંબાઇમાં ગણવામાં આવે છે. અને તેથી કરીને તે ઊપર વ્યાજ ચડે છે. માટે નામદાર સાહેબોએ આવો રીવાજ ગેરવ્યાજબી નથી તેમ કાયદા વીરૂધ પણ નથી. એક તોડાગ્રાસ હક (મુંબાઇમાં જમીન ઊપરનો વંશપરંપરાનો એક હક થાય છે) દરવર્ષે આપવાનો હતો ૨૦ વર્ષ ઊપરની મુદતસુધી એક ખરીદ કરનારને આપેલો નોહોતો તેમાં દરેક વર્ષે લહેણો થયો ત્યારથી તે આપવાની રકમ ઊપર સાદુ વ્યાજ પ્રીવી કૌસીલે આપવાનુ હુકમનાંમુ કરેલુ છે (શંભુલાલ વી. સુરતના કલેકટર (૧૮૫૯ ૬૧) ૩ મું. ઇ. અ. ૧; ૪ વી. રી (પી સી.) ૫૫.)

અલ્હાબાદ:—દરમીયાંન ઉપજમાં તે ઉપજ ઉપરના વ્યાજનો સમાસ થાય છે અને દરમીયાંન ઉપજનો દરેક હપ્તો લહેણો થાય તે તારીખથી વ્યાજ ચડતુ થાય છે (નરપતસીંગ વી. હરગયાન (૧૯૦૩) ૨૫. અલ્હા. ૨૭૫).

અપીલ:—જે મુદત બાબત દરમીયાંન ઉપજ વસુલ કરવાની હોય છે તે મુદતનો નીહેય કરયાના ઠરાવ ઉપર અપીલ ચાલે છે (ભુપઇંદ્ર વી. બીજયબાહાદુર (૧૯૦૧) ૫ ક. વી. નો. ૫૨; ૨૩ અલ્હા. ૧૫૨, ૨૭ ઈ. અ. ૨૦૯).

હકુમત બીજી અપીલ-દરમીયાન ઉપજ બાબતનો દાવો સ્માલકાજ કોર્ટને તપાસવા લાયક છે, માટે તકરારી બાબત રૂ. ૫૦૦) કરતાં ઓછી કીમતની હોય તો બીજી અપીલ

ચાલતી નથી (કુંજબીહારીસીંગ વી. માધબચંદ્ર ગોઝ (૧૮૯૬) ૨૩ ક. ૮૮૪ ના ઠરાવ પ્રમાંણે શેસગીરી આયર વી. મારા કાયામલ (૧૮૯૯) ૨૨ મ. ૧૯૬ અને લીંગાયા વી. મલીકા અરજન (૧૮૯૯) ૨૨ મ. ૧૯૭ નોટના કાંમમાં ચાલવામાં આવેલુ છે. પરંતુ મુંબાઇમાં જુદો નીયમ છે–જુઓ એનટોંન વી. માહાદેવ. (૧૯૦૧) ૨૫ મુ. ૮૫).

(૧૩) "જંગમમિલકત" એમાં ઉગતા તુલનો સમાવેશ થાય છે:

ટીકા: જગમ મીલકતની આ નવી વાખ્યાથી તે બાબત જુદી જુદી હાયકોર્ટોના ઠરાવાથી જે અનિશ્ચીતપણુ, હતુ તે હવે રહેલુ નથી (સદુ વી. શંભુ (૧૮૮૨) ૬ મુ.૫૯૨; હોરમશજીઇરાનીના કાંમમાં (૧૮૮૯) ૧૩ મુ. ૮૭, ચેદાલાલ વી. મુળચંદ (૧૮૯૨) ૧૪ અલ્હા ૩૦; મદાયા વી. વેંકટ (૧૮૮૮) ૧૧ મ. ૧૯૩. મુંબાઇ અલ્હાબાદ અને મદ્રાશમાં ઊગતો પાક જુના કાયદા પ્રમાંણે સ્થાવર મીલકત છે, એવુ ઠરાવેલુ હતુ, અને પાછળના બે કલકતાના કાંમોમાં જમીનમાંથી પાક જુદો પાડવામાં આવે નહી ત્યા સુધી તે જંગમ મીલકત નથી એવુ ઠરાવેલુ છે (સુરતલાલ મંડળ વી. ઊમરહાજી (૧૮૯૫) ૨૨ ક. ૮૭૭; મગનઝાહા વી. દોલીંન ગોલાબ (૧૮૯૮); ૨૫ ક. ૬૯૩; ૨ ક. વી. નો. ૨૬૫)

ઊગતો પાક:—આ શબ્દમાં અનુમાન કરવા પ્રમાંણે જે વનસ્પતી ઊગેલી હોય અને જેની કાપણી વખતે વખતે કરવામાં આવે છે તેનોજ ફકત સમાસ થાય છે; માટે ચાહાના જુમખા અથવા ખુદના છોડનો તે વાખ્યામાં સમાસ થતો નથી, કારણુ કે પાંદડાં અને ફળ ફકત ઊગતા પાક તરીકે ગણવામાં આવે છે. તેવોજ તફાવત ચાર અને ઊગેલાં જડીયાની વચમાં છે (શપહર્ડ અને બ્રાઁનનો મીલકત તબદીલ કરવાના એકટની આવૃતી ૬ પાંનુ (૧૬).

(૧૪) "હુકમ" એટલે હુકમનામું નહિ હોય એવો દિવાની કોર્ટનો કોઈ નિર્ણય પદ્ધતિ પ્રમાંણે કહેવો તે:

ટીકા—હુકમ:–હુકમનામાની વ્યાખ્યા સાથે આ વાંચવી જોઇએ. જુઓ પાછળ પાંનુ ૭ અને તેની નીચેની નોટ. સને ૧૮૮૨ ના એકટ ૧૪ પ્રમાંણે નીચેના ઠરાવો છે તેમાં જુદા જુદા હુકમો તે હુકમનાંમા થતાં નથી એવું ઠરાવેલું છે, માટે તે જોવાને ઉપયોગી થાય તેવું છે.

દીવાની કાયદા પ્રમાંણે:—દસ્તાવેજો તપાસવા માટેનો હુકમ (શેનભાઇ વી. અહમદભાઇ (૧૮૭૨) ૯ મુ હા કોર્ટ. રી. ૩૯૮); જ્યારે એક શરતનો અમલ કરવામાં આવે ત્યારે હુકમનાંમુ કરવુ જોઇએ, તેવો હુકમ (કોવરજી વી મોરારજી (૧૮૮૫) ૯ મુ. ૧૮૩); દીવસનુ ખર્ચ આપવાનો હુકમ (શંકર વી. સેક્રટરી ઓફ સ્ટેટ (૧૮૮૯) ૧૨ મ. ૧૨૦); એકાદો દાવો પાછો ખેંચી લેવાને પરવાનગી આપવામાં આવે તેમાં ખર્ચ વીશેનો હુકમ (રાંમા કીશોર વી. શ્રીરંગ (૧૮૯૮) ૨૧ મ. ૪૨૧); જુના કાયદાની કલમ ૩૭૨ પ્રમાંણે એકાદી અરજી ના મંજુર કરવામાં આવે તે હુકમ (જુઓ ઓ. ૨૨ રૂલ. ૧૨); અસાઇની તરીકે પક્ષકાર કરવાનો હુકમ (લલીત એમ. રોય વી. શેબકસી ચોધ્રી (૧૯૦૦) ૪ ક. વી. નો. ૪૦૪; તેજસીંગ વી. છબેલીરાંમ ૨૪ અલ્હા. ૩૪૨); જુના કાયદાની ક. ૩૭૩ પ્રમાંણેનો હુકમ. (જુઓ ઓ. ૨૨ રૂલ. ૧) એકાદો દાવો પાછો ખેંચી લેવાની પરવાનગી આપવાનો હુકમ (કલ્યાંણસીંગ વી. લેખરાજસીંગ (૧૮૮૪) ૬ અલ્હા ૨૧૧; ડીક વી ડીક (૧૮૯૩) ૧૫ અલ્હા. ૧૬૯; જગદેશચોધ્રી વી. તુલશી ચોધ્રી (૧૮૯૪) ૧૬ અલ્હા. ૧૯); ગેંડામલ વી. પન્નુલાલ (૧૮૯૫) ૧૭ અલ્હા. ૯૭; પાલોજી વી ગનુ (૧૮૯૧) ૧૫ મુ. ૩૭૦; જોગીંદ્ર વી શારતશુંદ્રી (૧૮૯૧) ૧૮ ક. ૩૨૨, અબદુલ હોશેન વી. કાશી

શાહુ (૧૯૦૦) ૨૭ ક. ૩૬૨; ૪ ક. વી. નો. ૪૧; જુઓ વીરૂધના ગંગારાંમ વી. દત્તારાંમ (૧૮૮૬) ૮ અલ્હા. ૮૨); એકાદો દાવો ફરીથી દાખલ કરીને તે રજીસ્ટર કરવાનો હુકમ (હરદેમન વી. જીધુર (૧૮૮૦) ૫ ક. ૫૧૧); પ્રીવીકૌંસીલમાં અપીલ કરવા લાયક છે એવુ સર્ટીફીકટ આપવાનો હુકમ (મૌલબક્ષ વી. કીશન પરતાબ (૧૮૭૬) ૧ ક. ૧૦૨; તારાચંદ વી. રાધા જીબન (૧૮૭૫) ૨૪ વી. રી. ૧૪૮; લતફઅલી વી. અઝગર રેજા (૧૮૯૦) ૧૭ ક. ૪૫૫); અથવા તેવુ સર્ટીફીકેટ આપવાને ના પાડવાનો હુકમ (મેનલી વી. પેટરસન ૭ ક. ૩૩૯); જાંમીન આપવાના મુદત વધારવાને ના કહેવાનો હુકમ (કીશનપ્રશાદ વી. તીલકધારી (૧૮૯૧) ૧૮ ક. ૧૮૨; અમીરૂનીશા વી. બેહારીલાલ (૧૮૭૬) ૨૫ વી. રી. ૫૨૯; રીસીવર નીમવાને ના પાડવાનો હાયકોર્ટ હુકમ કરે તે (ચદી. ડી જાહા વી. પદમાનંદસીંગ (૧૮૯૫) ૨૨ ક. ૯૨૮); તીરસ્કાર વીશે શીક્ષા કરવાને કોર્ટની જે હકુમત રહેલી છે તો અમલ કરીને એકાદો હુકમ કરવો તે (ગોદુરાંમ વી. સુરજમલ (૧૯૦૫) એ. વી. નો. ૧૦, ૨૭ અ. ૨૮૦).

બીજા એકટો પ્રમાંણે:— સને ૧૮૬૦ ના એકટ ૨૭ પ્રમાંણેનો એકાદો હુકમ (અલતાશુંદ્રી વી. શ્રીનાથશાહા (૧૮૯૩) ૨૦ ક. ૬૪૧); સને ૧૮૬૩ ના એકટ ૨૦ ની ક. ૧૦ પ્રમાંણેનો હુકમ (મીનાક્ષી વી. સુબ્રમાન્ય (૧૮૮૮) ૧૧ મ. ૨૬; લા. રી. ૧૪ ઇ. અ. ૧૬૦); સને ૧૮૬૩ ના એકટ ૨૦ ની ક. ૧૮ પ્રમાંણે એકાદો દાવો દાખલ કરવાને પરવાંનગી આપવાનો અથવા નહી આપવાનો હુકમ (પ્રતાબચંદ્ર વી. બ્રજનાથ (૧૮૯૨) ૧૯ ક. ૨૭૫; કાઝીમ અલ્લી વી. આઝી અલ્લીખાંન (૧૮૯૧) ૧૮ ક. ૩૮૨; વેંકટેશ્વરના કાંમમાં (૧૮૮૭) ૧૦ મ. ૯૮ નોટ; દેલરૂશ બનુ વી. અબદુલ રહેમાંન (૧૮૭૪) ૨૧ વી. રી. ૩૬૮); મદ્રાસના શાંથ વસુલ કરવાના એકટ (સને ૧૮૬૫ ના ૮) પ્રમાંણેનો હુકમ (પીરૂમલ વી. રાજા ગોપાળ (૧૮૯૦) ૧૩ મ. ૨૪૮); સને ૧૮૬૫ ના એકટ ૧૦ પ્રમાંણે વહિવટનુ સર્ટીફીકટ આપવાને જામીન બાબત એક જીલ્લા જડજ હુકમ કરે તે (લુકશ વી. લુકશ ૨૦ ક. ૨૪૫); સ્ટેંપ એકટ (સને ૧૮૭૯ ના ૧ લા.) પેન્લટીનો અમલ કરવાનો હુકમ (શોનાકા વી. ભુહન જોય (૧૮૮૦) ૫ ક. ૩૧૧); પ્રોબેટ એકટ (સને ૧૮૮૧ ના ૫) પ્રમાંણે સાંમી તકરાર કરવાને એકાદા સખશને દાખલ કરવાનો હુકમ (અભીરાંમદાસ વી. ગોપાળદાસ (૧૮૯૦) ૧૭ ક. ૪૮); એકાદા ટ્રસ્ટીને ખશેડવાનો એકાદી અરજી કરેલી તે નામંજુર કરયાનો હુકમ (વીલશન વી. મેદારી (૧૮૯૭) ૧૯ અલ્હા. ૧૩૧); સને ૧૮૮૨ ના એકટ ૬ ની ક ૨૧૪ પ્રમાંણેનો હુકમ (કોર્ટફી) એકટ (સને ૧૮૯૫) ૧૭ અલ્હા. ૨૩૮); એકાદા રેયતના કબજાની જમીનના એક ભાગ જમીનના માલેકે મેળવવાને સને ૧૮૮૫ ના એકટ ૮ ની ક. ૮૪ પ્રમાંણેનો હુકમ (પ્યારી મોહન વી. રાંમચરણ (૧૮૯૨) ૧૯ ક ૪૮૫. ગોરધન મોલા વી. રાંમેશર નારાયણ (૧૮૯૧) ૧૮ ક. ૨૭૧). તેજ એકટની ક. ૯૩ પ્રમાંણેની અરજીના મંજુર કરવાનો હુકમ (હુસનલક્ષ વી. મુતકધારી (૧૮૮૭) ૧૪ ક. ૩૧૨); તે એકટની ક. ૧૭૩ પ્રમાંણે એકાદુ લીલાંમ રદ કરવાનો હુકમ (રઘુસીંગ વી. મીસ્રીસીંગ ૨૧ ક. ૮૨૫); તેજ એકટની ક. ૧૭૪ પ્રમાંણેનો હુકમ શુભ નારાયણલાલ વી. ગોરક પરસાદ ૩ ક. વી. નો. ૩૪૪; કીશોરી મોહનરાય વી. સરોદામની દાસી. ૧ ક. વી. નો. ૩૦), સને ૧૮૮૭ ના એકટ ૯ ની ક. ૨૫ પ્રમાંણે આપેલો કુલ અખત્યાર વાપરવાની ના કહવાનો હાય કોર્ટના એક જડજનો હુકમ સને ૧૮૮૯ ના ૭ મા પ્રમાણે સરટીફીકટ આપવાને જામીન બાબત હુકમ કરેલો તે (રાંમરેડી વી. પાપીરેડી (૧૮૯૬) ૧૯ મ. ૧૯૯)

(ગૌરીદત વી. પરશોતમ (૧૮૯૩) ૧૫ અ. ૩૭૩) એકાદો વાલી ખરીદવાની ના કહેવાનો વાલી અને પાલકના એકટ (સને ૧૮૯૦ ના ૮ મા) પ્રમાણે એક જીલ્લા કોર્ટનો હુકમ (ઇમાતીયા ઝુનીસા વી. અનવર ઊલ્લા (૧૮૯૮) ૨૦ અ. ૪૩૩; પાખવંતી વી. ઇંદ્રિનારાયણુ (૧૮૯૬) ૨૩ ક. ૨૦૧). જમીન મેળવવાના એકટની ક. ૧૮ પ્રમાણે વહેંચણી કરવાનો દાવો કાડી નાંખવાનો અને પક્ષકારોને દીવાની કોર્ટમાં મોકલવાનો એકાદા જીલ્લા જડજનો હુકમ (હરીશચંદ્ર વી. ભોબાતારીની (૧૯૦૪) ૮ ક. વી નો. ૩૨૧). એકાદા ધર્માદા બક્ષીસના હીસાબ બાબત દાવો કરવાની પરવાંનગી આપવાને સને ૧૮૬૦ ના એકટ ૨૦ પ્રમાંણેનો હુકમ (મોઝફર વી. મીરજાઅલ્લી (૧૯૦૭) ૫ ક. લા. જ. ૬૪૧); સને ૧૯૦૧ ના એકટ ૨ પ્રમાંણે ૧ લા વર્ગના આસીસ્ટંટ કલેકટરનો હુકમ ઝાહારા વી. મગુલાલ (૧૯૦૬), ૨૮ અલ્હાબાદ ૭૫૩; અ. વી. નો. ૨૨૩; ખરગશીંગ વી. પોલારાંમ (૧૯૦૪) ૨૭ અ. ૩૧ નો ઠરાવ રદ્દ કરેલો છે, અને જુઓ ધનીરાંમ વી. ભોળાસીંગ (૧૯૦૫) ૨૭ અલ્હા. ૨૧).

(૧૫) "પ્લીડર" એટલે, કોર્ટમાં બીજાને વાસ્તે હાજર થવાનો અને તેનો પક્ષ લઇને બોલવાનો જેને હક્ક મળ્યો હોય તેવો કોઇપણુ શખસ સમજવો, અને તેમાં એડવોકેટ, વકીલ અને હૈ કોર્ટના અટર્નીનો સમાવેશ થાય છે:

ટીકા: એડવોકેટો.—એડવોકેટ જનરલ અને કાંમ ચલાઊ એડવોકેટ જનરલને પોતાની તકરાર પ્રથમ સાંભળવાનો હક છે (બર્ક ૨૨૪) અને પ્લીડરો કરતાં એડવોકેટોનો પહેલો હક છે (જુઓ તા. ૨૧ મે સને ૧૮૭૨ ના રોજનુ ઇંગ્લીશમેંન ન્યુશ પેપર). તેઓ હાયકોર્ટની અપીલ બાજુમાં હાજર થઇને તકરાર કરી શકે છે, પરંતુ તેઓ કાંમ ચલાવી શકતા નથી એટલે કજીયો જુદી જુદી વખતે ચાલે તે વખતે પોતાના અસીલોએ જાતે અથવા વકીલોની મારફતે હાજર થવુ જોઇએ તે પ્રમાંણે તેઓ હાજર થઈ શકે છે, પરંતુ કોર્ટની રૂબરૂ અને તેંની ઓફીસો કાંમની હકીકત બરોબર રજુ કરવાને જરૂરીયાત ઇલાજો તેઓ લેઇ શકતા નથી (કાળીકુમાર વી. નોબીનચંદ્ર (૧૮૮૧) ૬ ક. ૫૮૫ પાંનુ ૫૯૦). રજીસ્ટ્રારની ઓફીસમાં તેઓ એકાદી અપીલ અથવા બીજી કોઇ અરજી તેઓ ફાઇલ કરી શકતા નથી. (રાંમતારક બારીકના કામમાં (૧૮૭૦) ૧૩ વી રી. ૬૦

હકીકત બતાવવી.—દાવા કરનારાઓના ફાયદામાં અને ઇનસાફ સંતોષ કાર્ક રીતે આપવામાં ઊપયોગી થાય તેવો રીવાજ ઇંગલાંન્ડમાં કોર્ટોએ પસંદ કરેલો છે કે કોનસલને સોલીસીટરોએ હકીકત સમજાવવી (બેનેટ વી. હેલ (૧૮૫૦) કયુ. બી. ૧૭૧); અને આ નિયમ ઘણુ કરીને બાદશાહી સનદ વાળી હાયકોર્ટોની અસલ બાજુને લાગુ પડે છે, પરતુ એકાદુ વીલ તૈયાર કરવાનુ હોય તેવા તકરાર વીનાના કાંમને તે રીવાજ લાગુ થતો નથી (જુઓ મર્ચંટશ બેરીસ્ટર એટલો પા. ૪૨) હિંદુસ્થાનમાં બીજી કોર્ટોમાં જે દાવામાં અસીલ જાતે હાજર થયો હોય તે કામમાં એકાદા બેરીસ્ટરને અસીલો કોઇ એટર્ની અથવા પ્લીડરની દરમીયાનગીરી વીના હકીકતપર ભારી સમજાવે છે. (ગોબીંદચંદ્રદત્ત વી. એંડયુઝ (૧૮૭૫ ૨૪ વી. રી. ૧૫).

ફી—કોનસલ જે કાંમ કરે તે વીશે કોનશલ અને અસીલની વચમાં કાંઈ બંધન કાર્ક કરાર થઇ શકતો નથી. તે પોતાના આબરૂવાળી સ્થીતીને લીધે દાવો ચલાવી શકતા નથી અને તેવીજ રીતે તેઊ ગેરહાજર રહે અથવા કસુર કરે તોપણુ; અસીલને કાંઇ ઇલાજ રહેલો નથી. (જુઓ આવુ રેફરંશ (૧૮૮૬) ૯ મ. ૧૪૦; સ્મીથ વી. ગણેશીલાલ (૧૮૭૧) ૩ અ. હા. કો. ૮૩; આચાપારંખ બાથ વી. ગેટઝ (૧૮૭૮–૮૧) ૩ મ.

૧૮૩; એલરટન વી. પ્રીતાંબરદાસ (૧૯૦૩) ૨૫ અલ્હાબાદ ૫૦૯; એકાદા બેરીસ્ટરે ધંધા બાહારનું જે કામ કરેલુ હોય ઇનામ વસુલ કરવા વીશે લેંડમોર્ટગેજ બેંક વી. એગ્થ (૧૮૭૬) ૨૫ વી. રી. ૩૩૨);

અસીલને બંધનમાં રાખવાનો અખત્યાર:—ઈંગલાંડમાં દાવા ઉપર, તે ચલાવવાની રીતી, અને તે બાબત તમાંમ લગતી હકીકત જેમકે કાંમના કાગળ પાછા ખેંચી લેવા, જ્યુરરને પાછી ખેંચી લેવો, કોઇ સાક્ષીને બોલાવવો નહી અને બીજી તમાંમ બાબત દાવા સંબંધી તથા તપાસનો બંદોબસ્ત રાખવા અને તે ચલાવવા સાથે યોગ્ય રીતે સબંધ હોય તે ઉપર કાનસલનો સંપુર્ણ અખત્યાર છે (સ્વીનફેન વી. લોર્ડચેમ્સ ફોર્ડ ૨૯ લા. જ (એકસ) ૩૮૨, મેથ્યુઝ વી. મંટસ્ટર ૨૦ ક્યુ. બી. ડી. ૧૩૧; અર્કહાર્ટ વી. બટર ફીલ્ડ ૩૭ ચે. ડી. ૩૫૭ પા. ૩૬૯; વેસ્ટ ડેવન માઇનના કાંમમાં ૩૮ ચે ડી. ૫૧). અને જે કામમાં કોનસલ એકાદા જ્યુરરને પાછો ખેંચી લેવાને કબુલ કરે અને અસીલનો અભીપ્રાય જુદો હોય અને તે બાબત સામા પક્ષકારને તે વખતે જણાવવામાં આવેલી ના હોય તો તે સમાધાન તે અસીલને બંધન કાર્ક છે (સ્ટ્રાસ વી ફ્રાંસીશ (લા રી. ૧ ક્યુ. બી. ૩૭૯). કબુલત સાથે કરેલો હુકમ જો કરાર રદ કરવાને પુકત કારણો ના હોય તો ભુલના કારણથી રદ થતો નથી (એટરની જનરલ વી. ટોમલીન્સ ૭ મેં ડી. ૩૮૮; ડેવીસ વી. ડેવીશ ૧૩ સી. ડી. ૮૬૧). પરંતુ જો કોનસલને સ્પષ્ટ રીતે વીરૂધ હકીકત કહેવામાં આવેલી હોય અથવા કોનસલે પોતાના અસીલની ખુલ્લી મરજી વીરૂધ કબુલત આપેલી હોય તો તે હુકમનાંમુ રદ થાય છે (શેયર વી. હોર્ટનર ૯૫લ. ટી. જ. ૧૧૬, લ્યુઇશ વી. લ્યુઇશ ૪૫ ચે. ડી ૨૮૧, ફેરીસન વી.રોડરીગ (૧૮૮૬) ૧૩ ક. ૧૧૫). તેવીજ રીતે ખોટી સમજથી અથવા હકીકત ખોટી કહેવાથી અથવા હકીકતની ખાંમીના કારણથી, અથવા કોનસલ કબુલત આપે તે વખતે તેમની પાસે જે હકીકત જાણવાની હેય તે તમાંમ હકીકત તેમની પાસે ના હોય તેમ છતાં કબુલત આપેલી હોય તો તેથી અસીલ બંધાએલો નથી (હોલ્ટ વી. જેસી ૩ સી. ડી. ૧૭૭; અને જુઓ હિકમેન વી. બેરંસ (૧૮૯૫) ૨ ચ. ૬૩૮; વીલડીંગ વી. સેંડરસન (૧૮૯૭) ૨ ચ. ૫૩૪). દાવાને સમાંતર રીતે જે હકીકત લાગુ થતી હોય અને તે વીશે અસીલે ખુલ્લી રીતે કબુલત આપેલી ના હોય તો તે હકીકતનુ સમાધાંન અસીલને બંધન કાર્ક થઇ શકતું નથી (સ્વીનફન વી. સ્વીનફન (૧૮૫૭) ૧ સી. બી. એન. એસ. ૩૬૪; નંદલાલ બોઝ વી. નીસતારીની (૧૯૦૦) ૪ ક. વી. નો. ૧૬૯).

અપીલ કરવી નહી એવુ માથે રાખવુ:—જો ફેંસલો અમુક બાબત થાય તો, અપીલ કરવી નહી એવો કરાર અસીલને બંધન કાર્ક છે (અમીરઅલ્લી વી. ઇદ્રજીતસીંગ (૧૮૭૧-૭૨) સુ. ૯. અ ૨૦૩). જે કાંમમાં તે માથે રાખ્યાની હકીકત હુકમમાં બતાવેલી ના હોય તે કાંમમાં ઈંગલાંન્ડમાં અપીલ દાખલ કરેલી છે અને સાંભળેલી છે (હલ અને કેઢીએંકના કામમાં ૧૩ સી. ડી. ૨૬૧). આવી રીતે માથે રાખવાની બાબત તે કોનસલના ગર્ભીત અખત્યાર અંદરની છે અને ખોટી સમજ અથવા આશ્ચર્ય લાગે તે શીવાય તે પાછુ ખેંચી લેઇ શકાતું નથી (વેસ્ટ ડેવન માઇનના કાંમમાં ૩૮ ચ. ડી. ૫૧; એકાદા બાળક તરફથી આવી રીતે માથે રાખવામાં આવે તો તેના અસર વીશે જુઓ રેડસ વી. સ્વીફીન બેંક ૨૨ ક્યુ. બી. ડી. ૧૭૭).

કબુલત:—કાયદાની બાબતમાં કોનસલે ભુલ ભરેલી કબુલત આપેલી હોય તો તે પક્ષકારને બંધન કાર્ક નથી (બેનીપ્રસાદ વી. દુધનાથરાય (૧૮૯૯) ૨૬ ઈ. અ. ૨૧૬;

(૧૯૦૦) ૨૭ ક. ૧૫૬; ૪ ક. વી નો. ૨૭૪; તે પ્રમાણે રામશરણ વી. પ્રાકસી (૧૯૦૭) ૧૧ ક. વી. નો. ૩૪૦).

સોગનઃ—કોનસલના ઉપર સોગનનો બોજો નાખ્યા વીના કોનસલ તરફની કેટલીક હકીકત કોર્ટ કબુલ કરે છે (નીસતારીની વી. નંદલાલ બોઝ ૩ ક. વી. નો. ૬૯૪; નંદલાલ વી. નીસતારીની (૧૯૦૦) ૪ ક. વી. નો. ૧૬૯; ૨૭ ક. ૧૫૬ ફ્લોવીગહીકમેન વી. બરન સહરણ, વીલડીંગ વી. સેન્ડરસન સહરણ, અને નીલ વી. ગોરડોન લેનનોક્સ (૧૯૭૨) કયુ. બી. ૮૩૮ (સી. અ.).

આબરૂને હાંની કરયા બાબતના દાવા માફી:—ન્યાયની રૂઇએ કાંમ ચાલતાની દરમીયાંનમાં જે શબ્દો પોતાના અસીલના કાંમને મદદ કરવાના જરૂર વીનાંના અને લગતાના હોય અને વ્યાજબીપણા અથવા કારણ શીવાય કોનસલ તરીકે બોલેલા હોય તો પણ તે સબંધી કાંઈ દાવો ચાલતો નથી (મંસ્ટર વી. લેંમ ૧૧ કયુ. બી. ડી. ૫૮૮ અને ઓડરસ ઓન લાયબલ ૪ થી આવૃતી ૨૨૫ અને તેમાં બતાવેલા ઠરાવો).

રોબ (જુઓ) પહેરવોઃ—જે કાંમમાં એડવોકેટ અથવા પ્લીડરંપોતે પક્ષકાર હોય તો તેમણે પોતે તદન ચલાવવાને અથવા પોતાના કોનસલ અથવા વકીલને સોંપવાનુ પસંદ કરવુ જોઇએ (ન્યુઇંસ વીક કંપની વી. કોનીએર (૧૮૬૨) ૯. એચ. એલ. સી. ૭૧૧). જો તે પોતાનું કામ ચલાવે તો, તેમણે જેમ એક સાધારણ સખસ પોતાનું કાંમ ચલાવે તે પ્રમાંણે ચલાવવુ જોઇએ અને રોબ પહેરીને અથવા “બાર” માંથી કોર્ટને તકરાર જાહેર કરવી ના જોઇએ (વેસ્ટહોપ ટાઊનટી કંપનીના કાંમમાં (૧૮૮૭) ૯ અલ્હાબાદ ૧૮૦).

પહોચ—ધંધાનુ કામ કરયા બાબત એક કોનસલે પોહોંચ આપેલી હોયતો તે ઊપર સ્ટેંપના કરની માફી છે (સ્ટેંપ રેફરંશ (૧૮૮૬) ૯ મ. ૧૪૦; અને (૧૮૯૪) ૧૬ અલ્હાબાદ ૧૩૨

એટર્નીયો તથા સોલીસીટરો.—એક કાંમ ચલાવવાને એક એટરની માથે રાખેતો, તે યોગ્ય તત્તપરતાની સાથે તે કાંમ ચલાવવાને બંધાએલા છે (આતલચંદ્ર મુકરજી વી. સોશી ભુશન મલીક (૧૯૦૨) ૨૯ ક. ૬૩; ૬ ક. વી. નો. ૨૧૫; બસંત કુમાર મીતર વી. કુસમ કુમારમીતર (૧૯૦૦), ૪ ક. વી. નોટ ૭૬૭). મોહોટી રકમ આપવામાં નહી આવેતો તે કાંમ ચલાવે જઇશ નહી અથવા માહારી ખુશીમાં આવેતો તે કાંમ છોડી દેઇશ એવુ તે કહી શકતા નથી (અંડરવુડ વી. લેવીસ (૧૮૯૪) ૨ કયુ. બી. ૩૦૬; કોર્ટ વી. બર્લીન (૧૮૯૭) ૨ કયુ. બી. ૩૯૬; કૌપ વી. રોપરના કાંમમાં (૧૮૯૩) ૨ કયુ. બી. ૨૮૬).

એટર્નીના વ્યાજબી રીતે જે મહેનતાંણાંની રકમ થાય તે ઊપરાંત કાંઈ ઈનાંમ લેવાનો તેમનો હક નથી. થોડાક એટરની તરીકે અને થોડાક એજંટ તરીકે તે પોતાના કાંમના ભાગ પાડી શકતા નથી (બ્રજેંદ્રનાથ મલીક વી. લખીમોની દાસી (૧૯૦૨) ૨૯ ક. ૫૯૫; ૬ ક. વી. નો. ૮૧૬). કાંમમાં એકાદા પક્ષકારના એટરની દાખલ થએલા હોયતો, તે પક્ષકાર હાજર થઇ શકતો નથી (પંચાનનસીંગ વી. પોલી (૧૮૯૭) ૨ કયુ. બી. ૧૨૨ અને ન્યુવનના કાંમમાં (૧૯૦૩) ૧ ચ. ૮૧૮ નો મુકાબલો કરો). બચાવ કરવાને સારૂ એટરનીનુ વારંટ રૂપમાંજ ખાશ રીતે અટકાવ કરતુ ના હોયતો હાયકોર્ટમાં અસલ હકુમતમાં અથવા અપીલની હકુમતમાં પ્રતીવાદી તરફથી કાંમ કરવાને અખત્યાર આપેલો થાય છે (કાસીમ ખાંનુજી વી. ગોપાળલાલ શીલ (૧૮૯૯) ૩ ક. વી. નો. ૫૭૯)

ખર્ચના જામીન.—જે ખર્ચ ખરી રીતે લહેણું થએલું હોય તે ખર્ચ સારા વ્યાજબી દરના વ્યાજ સાથે લેવાના જામીન લેવાને અટકાવ થાય તેવો કાંઇ નીયમ નથી (મ-

નોહરદાસ વી. રમાનાથલા (૧૮૭૮) ૩ ક. ૪૭૩; જીલ્લાનુ કાંમ કરનાર એટરની બાબતમાં જે નીયમો છે તે વીશે સમસુનીસા વી. કેરેપીયટ (૧૮૫૮) ૧ બોલનોઈસ ૩૩૧ નો ઠરાવ જુઓ)

અસીલને બંધનમાં રાખવાનો અખત્યાર—દાવો કરતા પહેલાં અથવા ફેંસલો થયા પછી દાવાનુ સમાધાન કરવાને એટરનાને અખત્યાર નથી, અને તેમનો અખત્યાર ફેશલાનુ ફળ મળવાને પોતાથી બને તેટલી સરસ રીતે કરવાને તે પોતાનો અખત્યાર ફકત વાપરી શકે છે (મેકાલી વી. પોલી (૧૮૯૭) ૨ કયુ. બી. ૧૨૨ અને કોંપન્યુવનના કાંમમાં (૧૯૦૩) ૧ ચ. પા. ૮૧૮, લવગ્રુવ વી. વાહીટ લા. રી. ૬ સી. પા. ૪૪૦; બટલર વી. નાઇટ લા. રી. ૨ એકસ ૧૦૫; લેડી ડેલા પોલ વી. ડીક ૨૯ ચ. ડીવ. ૩૫૧; હેસ્ટર વી. હેસ્ટર ૩૪ ચે. ડીવી. ૬૦૭ પાંને ૬૬૧; કેલો વી. યંગ (૧૮૮૬) ૫૫ લા. ટી. ૫૪૩) જો સાંમા પક્ષકારના જાંણુવામાં હોય કે એક એટરનીના અસીલે દાવો ચાલતાની દરમીયાંનમાં કાંઇ સમાધાન કરવાને મંજુરી આપેલી નથી તો, તે એટરનીનુ કરેલુ સમાધાન બંધન કાર્ક થતુ નથી. જો તેવુ સમાધાંન ગેરવ્યાજબી અથવા અઘટીત હોય તો નુકશાંન બાબત તે એટરની અસીલને જવાબદાર થાય છે (જગનાથદાસ વી. રાંમદાસ (૧૮૭૦) ૭ મુ. હા. કો. અ. સી. ૭૯). ઇંગ્લાંન્ડમાં એવુ ઠરાવેલુ છે કે જો એક સોલીસીટરનો અખત્યાર રદ કરયા પછી તે રદ કરયાની હકીકત જો તે જાણુતા હોય અથવા યોગ્ય તતપરતાથી જાણી શકે તેવુ હોય તે જવાબદાર થાય છે (સાલટન વી. ન્યુબીરટન કંપની (૧૯૦૦) ૧ ચ. ૪૩).

ખર્ચ—દાવો ચાલતાની દરમીયાંનમાં એટરની બદલ્યો હોય અને પહેલા એટરનુ ખર્ચ આપવામાં આવેલુ નથી એવુ બીજો એટરની જાંણુતો હોય અને તે બેઊનુ ખર્ચ બીજો એટરની વસુલ કરેતો, તે પહેલા એટરનીના હીસ્સાના પ્રમાણુમાં પહેલા આટરની તરફથી તે ખર્ચ વસુલ કરે છે (ઓર વી. નોરંદ્રનાથ સંન (૧૮૯૨) ૧૯ ક. ૩૬૮). વાદીના એટરનીની ગેરહાજરીમાં પ્રતીવાદીએ વાદી સાથે સમાધાંન કરીને હુકમનાંમુ પતાવ્યુ કે જેથી કરીને વાદીનો એટરની પોતાના ખર્ચમાંથી બાતલ થાય તોપણ વાદીના એટરનીના ખર્ચનો હક છે તે જાંણુતો હતો. ઠરાવ્યુ છે કે આવી રીતે પ્રતીવાદી સમાધાન કરી શકતો નોહોતો અને તેવી ખબર છતાં તે કાંઇ વસુલ આપી શકતો નોહોતો (ખેતર ક્રીસ્તો વી. કાવીપ્રસનો (૧૮૮૮) ૧૫ ક. ૮૮૭, ૨ ક. વી. નો. ૫૦૮) કોઇ એટરનીનો એક શરત તરીકે આગળનુ ખર્ચ આપવામાં આવેતો, પોતાના અસીલનુ કાંમ ચલાવુ એવો આગ્રહ કરવાનો હક નથી (બશંનકુમાર મીતર વી. અમુલ્યચર્ણુ ગોઝ (૧૯૦૨) ૬ ક. વી. નો ૩૦૬) એકાદો એકઝી કયુટર એક એટરનીને બદલવાની મરજી રાખતો હોય તો; તેણે તે એટરનીને તેનુ ખર્ચ તેમજ વશીયત કરનારની હયાતીમાં જે કાંમ કરેલુ હોય તેનુ આગલુ ખર્ચ આપવુજ જોઇએ. (ગીરીંદ્રકુમારદત્ત વી. અમુલ્યચર્ણુ ગોઝ (૧૯૦૨) ૬ ક. વી. નો. ૩૦૬). એટરનીનુ પ્રથમ આપવામાં આવે નહી અથવા તે વીશે બંદોબસ્ત કરવામાં આવે નહી ત્યાંહાં સુધી તે એટરની બદલવાને કોર્ટ પરવાનગી આપવાની નથી (રાંમાશાંમી વી. સુબનચેટી (૧૯૦૦) ૨૩. મ. ૧૩૪; અને જુઓ સત્યશંકર વી. ગોલાપમણી (૧૮૯૯). ૩. ક. વી નો; ઘાસી ઇકમાદાર વી. નસરૂદીન (૧૮૯૯) ૨૬ ક. ૭૬૯).

બાળક.—જે કાંમમાં અસીલ બાળક હોય તે કાંમમાં કેટલી વખતે એટરની પોતાનુ

જરૂરીયાત ખર્ચ વસુલ કરી શકે છે (વેટકીન્સ વી. ધનુબાબુ (૧૮૮૧) ૭ ક. ૧૪૦ પરતુ જુઓ સ્ટીડ વી. પ્રીશ લા. રી. ૧૮ એક ૧૯૨)

ખર્ચ નક્કી કરાવવુ.—એક એટરની પોતાના ખર્ચનુ બીલ તે નક્કી કરાવવાની માગણી કરે અને તે બાબત ના કહેવામાં આવે તેથી (ઓછામાં કેટલાક કાંમોમાં) તે નક્કી કરયા વીના તે આપવાને અસીલ બંધનમાં આવતો નથી (મનોહરદાશ વી. રોમાનાથ લા. (૧૮૭૮) ૩ ક. ૪૭૩)

હક સબંધ—દસ્તાવેજો ઊપર એકાદા સોલીસીટરનો હક શબંધ તે તેમને કોઇ દસ્તાવેજ પોતાના અસીલને નહી આપતાં, તેમના ખર્ચનુ બીલ વસુલ આપવામાં આવે ત્યાં સુધી સોલીસીટર તરીકે તે દસ્તાવેજ પોતાની પાશે રાખવાનો હક છે. તે હક તે અશીલ તરફથી મળેલો હોય છે. અને તેથી તે અસીલ કરતાં તેમને કાંઇ વધારે સારો હક મળી શકતો નથી; જો તે ઊપર ત્રીજા પક્ષકારોનો હક હોયતો તે પક્ષકારો શોલીસીટર પાસેથી લેઇ શકે છે (પેલી વી. વાટહેન (૧ ડી. જી. એમ. અને જી. ૨૩). જેમ બીજા દસ્તાવેજો ઊપર તેમનો હક છે તેમ તરજુમા ઊપર પણ તેમનો તેવોજ હક છે, અને જ્યારે તેમના અસીલે તેમને છુટા કરયા હોય ત્યારે જે શરતોથી તે કપટથી નીર્ભય થાય તે શરતો કરયા વીના તે દસ્તાવેજો રજુ કરવાને તેમને ફરજ પાડી શકાતી નથી. (કેશરબાઇ વી. નારણજી (૧૮૮૦) ૪ મુ. ૩૫૩; અતુલચંદ્ર મુકરજી વી. સોશીભુશન મુકરજી (૧૯૦૨) ૨૯ ક. ૬૩; ૬ ક. વી. નો. ૨૧૫; હરીદાસ મલીક વી. માંણુકલાલ મલીક (૧૯૦૪) ૮ ક. વી. નો. ૯૬) જ્યારે તે ખર્ચ આપવામાં આવે તે હક સબંધ રહેતો નથી અને ત્રીજા પક્ષકાર વીરૂધ તે સોલીસીટર તે દસ્તાવેજો રાખી શકતો નથી (ઇમા સીલવર માઇનીંગ કંપનીના કાંમમાં ૨૪ વી. રી. ૫૪). એકાદો એટરની પોતાના અસીલ તરફનુ કાંમ પોતાની મેળે છોડી દેતો તે અસીલના કાગળ ઊપરનો પોતાનો હક સબંધ ખુએ છે. (મેકાર ફીનડેલના કામમાં (૧૮૮૧) ૬ ક. ૧; અતુલચંદ્ર મુકરજી વી, શોશીભુશાન મુકરજી ૨૯ ક. ૬૩; ૬ ક. વી. નો. ૨૧૫; બસંતકુમાર મીતર વી. કુસમ કુમાર મીતર (૧૯૦૦) ૪ ક. વી. નો. ૭૬૭), અને તે દાવામાં સાંમા પક્ષકાર તરફથી કાંમ કરવાને તેને અટકાવ થાય છે (રાંમલાલ અગરવાળા વી. મુનીયા (૧૮૮૧) ૬ ક. ૭૯).

ગીરો—પોતાના અસીલની મીલકત ગીરો કરી આપવામાં જો તેઊ ગીરો રાખનારના સોલીસીટર તરીકે કાંમ કરેતો, તે ગીરો રાખનાર વીરૂધ હકના દસ્તાવેજો અથવા ગીરોના દસ્તાવેજો ઊપર ગીરો આપનાર પાસે જે ખર્ચ લહેણુ થએલુ હોય તે ખર્ચ બાબત હક શબંધનો દાવો રાખી શકતો નથી (સ્નેલના કાંમમાં ૬ સી. ડી. ૧૦૫; મેનસન અને ટેલરના કાંમમાં ૧૦ સી. ડી. ૭૨૯; બંટન વી ઇલેકટ્રીકલ કોરપુ (૧૮૯૨) ૧ ચ. ૪૩૪; અને જુઓ શેફીલ્ડ વી. એડન ૧૦ સી. ડી. ૨૯૧). ગીરો રાખનાર પાસેથી પોતાના દસ્તાવેજો મળવાનો ગીરો મુકનારના નાંણા આપવામાં આવેતો જે વ્યાજબી હક છે તે ગીરો રાખનારના હકથી સોલીસીટરના હક શબંધ કરતાં વધારે છે (લેવીલીનના કાંમમાં (૧૮૯૧) ૩ ચ. ૧૪૫; અને ઘણુ કરીને આ બાબત વીશે જુઓ વાર્ષીક રીવાજ (૧૯૦૮) ૨. ૪૨૩.

એકાદી મીલકતનો વહીવટ કોર્ટ કરતા હોય તો તે મીલકતના કાગળો ઉપર ખર્ચ બાબત એકાદા એટરનીનો કાંઇ હક સબંધ નથી (બીલેની વી. ફ્રેંચ લા. રી. ૮ મ. ૯૧૮; જુઓ બોડન વી. હેન્સબી (૧૮૯૨) ૧ ચ. ૧૦૧).

સંક્ષેપ કાંમમાં તેમના હક સબંધનો અમલ કરી શકાતો નથી, પરંતુ તે બાબત રેગ્યુ-

હાર દાવો થવો જોઇએ (દોમન વી. ઇમામઅલી (૧૮૮૧) ૭ ક. ૪૦૧; મહમદ ઝહુરૂદીન વી. મહમદ નારૂદીન (૧૮૯૪) ૨૧ ક. ૮૫).

પ્લીડરો અને વકીલો:—પ્લીડર અને વકીલ એ એક બીજાને બદલે શબ્દો છે (હાયકોર્ટના વકીલોના કાંમમાં (૧૮૮૪) ૮ મુ. ૧૦૫). જે કોર્ટોમાં અમુક વકીલનો વકીલાત કરવાનો હક છે તેનો આધાર તેમના સર્ટીફીકટના શબ્દો ઉપર છે. (લીગલ પ્રેકટીશનરના એકટ સને ૧૮૭૯ ના ૧૮ મા એકટની ક. ૭, ૧૦ અને પૃશીષ્ટ ૨). તે ફોજદારી કોર્ટમાં તોહોમવાળાની તરફથી અથવા પ્રોસીક્યુટર તરફથી તકરાર કરી શકે છે (ચંદ્રચર્ણ વી. ચંદ્રકુમાર (૧૮૭૦) ૧૪ વી. રી. ફો. ૨૩).

એકાદી હાયકોર્ટનો કોઇ વકીલને પ્રીવીકોંસીલમાં કાંમ કરવાને એજંટ તરીકે દાખલ કરી શકાતો નથી (તુળશીદાસ સીલના કાંમમાં (૧૮૬૭) ૭ વી. રી. ૨૨૮). કલકતામાં હાયકોર્ટના પ્લીડરોનો કલકતા સ્માલકાજ કોર્ટમાં વકીલાતનુ કાંમ કરવાનો હક છે (તુળશીદાસ સીલના કાંમમાં ૭ વી. રી. ૨૨૮). પરંતુ મુંબાઇની કોર્ટોનો નીયમ જુદો છે (હાયકોર્ટના પ્લીડરોના કાંમમાં સદરહુ). બંગાળામાં જીલ્લા અંદરની કોર્ટોના વકીલોનો વકીલ તરીકે કલકતા સ્માલકાજ કોર્ટમાં કામ કરવાનો હક નથી (સુશીભુશન ભાદુરીના કાંમમાં ૧૦ વી. રી. ૮૨).

વકાલાતનામા:—અસીલે ફાઇલ કરેલી અપીલમાં વકીલાતનાંમુ તે અસીલ રદ કરે નહી ત્યાં સુધી તે અસીલ તરફથી વકીલ હાજર થવાને મુખત્યાર છે અને તે પછીની રજુઆતોએ પણ તે હાજર થવાને મુખત્યાર છે (શાહા મખનલાલ વી. શ્રીકીશનસીંગ (૧૮૬૭) ૮ વી. રી. ૯૨); પરંતુ અપીલના કારણો ફાઇલ કરીને નોંધાવવામાં આવેલાં ના હોય તો બીજી અપીલમાં તેમને સાંભળવામાં આવતા નથી (ઓલીઉલ્લા વી. બચુલાલ (૧૮૮૮) ૧૫ ક. ૭૦૫).

કાંઇ પણ કારણ બતાવ્યા વીના એકાદા પ્રીફની વકીલ ના કહેવાને મુખત્યાર છે (નોબીનચાદાસ ગુપ્તાના કાંમમાં (૧૯૦૮) ૩૫ ક. ૩૧૭; ૧૨ ક. વી. નો. ૩૮૧).

ચાલુ અપીલોની યાદમાં કસુરના કારણથી કાહાડી નાંખેલી અપીલ નવુ વકીલાતનાંમુ ફાઇલ કરયા સીવાય પાછી દાખલ કરવાને એક વકીલ અરજી આપી શકે છે (રઘુનાથ વી રઘુબીર (૧૮૯૩) ૧૫ અ. ૫૫).

કાંમનો દાબ:—જે સીનીયર વકીલ હાજર હોય તેના તદન અખત્યારમાં કાંમ હોય છે, અને તેણે જે બાબતો અપીલમાં છોડી દીધેલી હોય તે બાબત તકરાર કરવાને જુનીયર વકીલને પરવાનગી આપવામાં આવતી નથી (શ્રીનીબાસરાય વી. અંબીકા ચર્ણ (૧૮૬૯) ૧૨ વી. રી. ૩૭૫). તકરાર કરતાની દરમીયાંનમાં અઘટીત શબ્દો વાપરે તો તેને બંધ કરવો જોઇએ (કયુઝના કાંમમાં (૧૮૭૦) ૧૪ વી. રી. ફો. ૫૩), અને જો તે ખોટી રીતે વર્તતો, તેમને સાંભળવાની ના કહેવાને કોર્ટ મુખત્યાર છે, પરંતુ જે કાંમમાં તેમને રાખેલા હોય તે કામના ગુણ દોષની તપાસ કરયા વીના કોર્ટ તે કાંમ કાહાડી નાંખી શકતા નથી (લાલચંદ વી. શાકીર મહમદ (૧૮૬૬) ૬ વી. રી. ૬૭). કોઈ વકીલને પોતાને સમજાવેલી હકીકત રજુ કરવાને ફરજ પાડવી ના જોઇએ, તે જે હકીકત કહે તે બાબત તે જવાબદાર છે (રાજકીશન શરમા અરજદાર એસ. ડી. સમ. ડીસ. સેપટં. ૧૬, ૧૮૪૬; જુઓ સને ૧૮૭૨ ના પુરાવ એકટની ક. ૧૪૯ (દ્રષ્ટાંત) અને ૧૫૦).

અસીલને બંધન કરે તેઃ–પક્ષકારોના વકીલો શુધબુધ્ધી જે કામ પોતાના અખત્યાર પ્રમાણે કરે તેથી પક્ષકારો બંધાએલા છે, અને ફક્ત સમજની ભુલને લીધે તે રદ કરાવવાને કાંઇ બળવાંન કારણ થતુ નથી (પેચ વી. માદુદ હુસન એસ. ડી એન. ડબલ્યુ. ૧૮૫૫ પાંનુ ૧૩૪; બરકત હુસન અરજદાર એસ. ડી. સમ. ડીસ. માર્ચ તા. ૨૨ મી સને ૧૮૪૨). પરંતુ જે ખાસ કાંમમાં વકીલોને રાખેલા હોય તે કાંમમાં તે વકીલો પોતાના સામાન્ય અખત્યાર બાહાર જે હકીકત કહે તે હકીકત ઉપરથી વર્તતા પહેલાં ઘણીજ સાવધગીરી રાખવી જોઇએ (વેંકટ રાંમાના વી. ચાવેલા (૧૮૮૩) ૬ મ. હા. કો. ૧૨૭). એકાદુ કાંમ વકીલ ચલાવતો હોય તે આપેલા વસુલ બાબત અને પક્ષકારો વચેના હીસાબની સ્થીતી વીશે કબુલત આપે તો તેમના અસીલને બંધનકાર્ક છે (બકેલી વી. ચીતાકુવર ૫. અ. હા. કો. ૨; કાલકાનંદ વી. ગીરી બાલા ૧૦ વી. રી. ૩૫૨; રાજેંદ્રના રાયણુ વી. બીજ્યગોવીંદસીંગ ૨ મુ ઇ. અ. ૨૫૩). તે વકીલના એફીડેવીટથી વીરૂધ બતાવવામાં આવે નહી અથવા જડજે તે ખોટી છે એમ કબુલ કરેલુ ના હોય ત્યાં સુધી તે કબુલત લખા લીધાનો કાગળ સાચો છે, એમ માંનવું જોઇએ (હરદયાળ વી. હીરાલાલ (૧૮૭૧) ૧૬ વી. રી. ૧૦૭). પરંતુ જો તે વકીલને શાક્ષી તરીકે તપાસવામાં આવે તો તેમની તપાસ એક કબુલત તરીકે ગણવામાં આવતી નથી (રાશબેહારી વી. જગદંબા ૨ સેવ. રીપો. ૮૮).

એકાદુ વકીલાતનાંમુ સામાન્ય શબ્દોમાં લખેલુ હોય તો, તે વકીલને દાવો પાછો ખેંચી લેઇને પોતાના અસીલને બંધનકાર્ક કરવાનો અખત્યાર છે (રાંમકુમાર વી. બીરભુમનાં કલેકટર (૧૮૬૬) ૫ વી. રી. ૮૦). એકાદો ઇસ્યુ કાહાડવાને એકાદો વકીલ કહી સકે છે અથવા જે એક કાહાડેલો ઇસ્યુ હોય તે છોડી દેઇ શકે કે છે અને તેમના કરેલાં કાંમ તેમના અસીલને બંધનકાર્ક છે (વેંકટ નરસીંહ વી. ભાસ્યા કારલુ (૧૮૯૯) ૨૨ મ. ૫૩૮). એકાદા વકીલે જવાબદારીની કબુલત આપેલી હોય તો તે ઉપરથી હુકમનાંમુ કરવાને તે કબુલત બસ છે (શ્રીમનીદાસ વી. પીતાંબર (૧૮૭૪) ૨૧ વી. રી. ૩૩૨) વકીલે હકીકતની જે કબુલત આપેલી હોય તે આપવામાં આવેલી ના હોત તો, સામા પક્ષકારને સાબેત કરવાને એક લાગ મળત તે કબુલત આપવાથી અસીલને બંધનકાર્ક થાય છે (નારાયણરાય વી. શ્રીનાથ મીતર (૧૮૬૮) ૯ વી. રી. ૪૮૫), પરંતુ જે દાવામાં વકીલને રાખેલો હોય તે દાવાનુ સમાધાન કરવાનુ કાંમ તેના સાધારણ અખત્યાર અંદરનુ નથી (પ્રેમસુખ વી. પીરશ્રીરાંમ ૨ આગ્રા. ૨૨૨; સરદાર બેગમ, વી. ઇઝીતુલનીસા (૧૮૭૦) ૨ અ. હા. કો. ૧૪૯; જગપતી એકંબર (૯૮) ૨૧ મ. ૨૭૪) અથવા ડીફેંશનુ કાંમ ચલાવવાને બદલે તેકાંમ લવાદ તરફ મોકલવાને (ઠાકુરપ્રશાદ વી. કાળકા (૧૮૮૪) ૬ અ. ૨૧૦; સદાશીવ વી. મારૂતી (૧૮૯૦) ૧૪ મુ ૪૫૫; અથવા વાદીએ સોગન લેવાથી પોતાના અસીલને બાંધવાનો હકીમુનીસા વી. બળદેવ ૪ આગ્રા. ૩૦૯, સદાશીવ વી. મારૂતી (૧૮૯૯) ૧૪ મુ. ૪૫૩; પરંતુ જુઓ રાજેંદ્ર ચંદ્ર વી. મહમદ આયતુડેંડ વી. રી ૧૮૬૪ પા. ૧૪૩), અથવા તકરારી મીલકતનો એક ભાગ છોડી દેવાનો (રાંમકાંત વી. ક્ષીદાબંનચંદ્ર (૧૮૭૧)૧૬ વી. રી. ૨૪૬); ગોરપરશાદ વી. સુકદેખરાંમ (૧૮૬૯) ૧૨ વી. રી. ૨૭૯; અબદુલ શોભાન વી. શીબકીસ્તો (૧૮૬૯) ૩ બં. લા. રી. એપેનડીકસ. ૧૫) અથવા સામા પક્ષકારના તાલુકાના ભાગ તરીકે તકરાર જમીનની માપણી થએલી છે એવુ થક નકશા ઉપરથી માલુમ પડી શકતુ હોય તો તે પોતાના અસીલનો દાવો છોડી દેવાને લાગે (ચંદ્રકુમાર વી. સદકાત મહમદ (૧૮૭૨) ૧૮ વી. રી. ૪૩૬) અથવા કોનસલ અથવા બેટરની જુલમી ફી આપવાને માગે (શમસુનીસા વી. કેરેપીયટ ૧ બોલ નોઇસ ૩૩૯ અને જુઓ કેશવ વી. નારાયણ (૧૮૮૬) ૧૦ મુ.

૧૮) અથવા બીજી મીલકત ઉપર એક હુકમનાંમુ કરવા દે (અવલ બાદર વી. અંધુશેઠ (૧૮૬૫) ૨ મ. હા. કો. ૪૨૩); અથવા એક હુકમનાંમુ ચડાવી આપે (નોહર વી. જાફર હુસન (૧૮૭૦) ૨. અ. હા. કો. ૧૫૫. આ બાબત વીશે જુઓ સ્ટોરીઓન એજન્સી; રાજા વી. પીનસોનોલ્ટ લા. રી. ૬ પી. સી. ૨૪૫ અને તેમાં બતાવેલા આધારો) એકાદા વકીલે એક દાવો ચલાવવાને રાખેલો તેમાં તકરાર કરતાની દરમીયાંનમાં તે દાવા વીરૂધ અભીપ્રાય બતાવેલો હતો તો તે અભીપ્રાય તેમના અસીલને બંધનકાર્ક નથી (ક્રીશ્નસાંમી વી. રાજા ગોપાળ (૧૮૯૫) ૧૮ મ. ૭૩). એકાદા પક્ષકારનો વકીલ કાયદાની બાબતમાં ભુલ ભરેલી કબુલત આપે તેથી તે પક્ષકાર બંધાતો નથી (દવાર બક્ષ વી. ફાટીકજાલી ૩ ક. વી. નો. ૨૨૨). પરંતુ પોતાના અસીલ તરફથી એકાદા એડવોકેટે અથવા યોગ્ય રીતે અખત્યાર પાંમેલા વકીલે પક્ષકારો વચ્ચે નહી તેવા એક કાંમમાં અપીલની યાદ દાસ્તમાં એવી કબુલત આપેલી કે અમુક હુકમનાંમુ કાયમ છે તે બજાંવવા લાયક છે તેથી સને ૧૮૭૭ ના એકટ ૧૫ ની ક. ૧૯ ના હેતુ પ્રમાંણે એક કબુલત થાય છે અને તેથી તે બજાવવાને તે કબુલતથી નવી મુદત શરૂ થાય છે, પરંતુ તે પ્રથમના કાંમમાં તેવી કબુલત આપવાની જરૂર હતી એવુ હોવુ જોઇએ (હિંગનલાલ વી. મંછારાંમ (૧૮૯૬) ૧૮ અ. ૩૮૪). એકાદો વકીલ પોતાના અસીલ તરફથી બાજા વકીલને પ્રેસીડંસી સ્માલકોઝ કોર્ટમાં હાજર થવાનો અખત્યાર આપી શકતો નથી તેથી તે કોર્ટમાં એક દાવાનો ફેંસલો એક પ્રતીવાદીના વકીલની ગેરહાજરીમાં કરવામાં આવેલો હતો અને તે પ્રતીવાદીના વકીલે સહ પ્રતીવાદીના વકીલને પોતાનુ બ્રીફ આવેલુ હતુ તોપણ જે પ્રતીવાદીનો વકીલ જાતે હાજર નહોતો તે પ્રતીવાદી વીરૂધ તે ફેંસલો એક તરફી છે (શીવદયાળ વી. ખેતુગંગુ (૧૮૯૬) ૨૦ મુ. ૨૯૩ પરંતુ આ હાયકોર્ટમાં લાગુ નથી, માતાદીન વી. ગંગાબાઇ (૧૮૮૭) ૯ અ. ૬૧૩; શીદાપા ના કાંમમાં ૨૨ મુ. ૬૫૪). જો એક વકીલ દક્ષણના ખેડુતોના બચાવના એકટ (સને ૧૮૭૯ ના ૧૭) ની ક. ૩ ની રકમ ૩ પ્રમાંણે એકાદા દાવાનો નીકાલ કરવાને કબુલત આપે તો, સુનાવણી શરૂ થયા પછી તે પાછી ખેંચી લેઇ શકાતી નથી (રૂપચંદ વી. બળવંત (૧૮૮૭) ૧૧ મુ. ૫૯૧).

સરટી ફીકટ આપવું.—એકાદો વકીલ હાયકોર્ટમાં અપીલ કરે તો તે અપીલના પોતાના કારણોનુ સરટીફીકટ આપી શકતો નથી (ઠાકુરદાસ વી. અમીરમંડળ (૧૮૭૦) ૧૪ વી. રી. ૧૬૮), જો એક વકીલે એકાદી અપીલ ઊપર સહી કરેલી હોય તો પાછળથી તેમાં તકરાર કરવાને એવા કારણથી ના કહે કે હું તૈયાર નથી તો વકીલ તરીકે ફરજ બજાવવામાં કસુર કરયા તરીકે તેની વ્યવસ્થા કરી શકાય છે અથવા તેમનો અશીલ તેમના ઊપર દાવો કરી શકે છે (બળદેવ મીશર વી. સૈયદ અહમદ (૧૮૭૧) ૧૫ વી. રી. ૧૪૩).

હાયકોર્ટની અસલ બાજુ.—હાયકોર્ટની અસલ બાજુમાં એકાદા વકીલને સાંભળવામાં આવે તેવો તેમનો હક નથી (સારતચંદ્રસીંગ વી. બ્રજલાલ મુકરજી (૧૯૦૩) ૩૦ ક. ૯૮૬; ૭ ક. વી. નો. ૮૪૩).

મહેનતાણું—કરેલા કાંમ બાબત અથવા હવે પછી કરવાના કાંમ બાબત સને ૧૮૭૯ ના એકટ ૧૮ પ્રમાંણે એકાદો વકીલ પોતાના અસીલ શાથે કરાર કરી શકે છે, અને તેવા કરારથી જો પછીના દાવા બાતલ રાખેલા ના હોયતો તે બાતલ થાય છે. તેથી કસુર બાબતની જવાબદારીમાંથી વકીલ મુકત થતો નથી, અને જો તે લખેલો હોય અને ૧૫ દીવશની અંદર રજીસ્ટર કરાવેલો ના હોયતો, તેનો અમલ કરી શકાતો નથી (ક્રીશ્નસાંમી

વી. કેસવ (૧૮૯૧) ૧૪ મા ૬૩). આ કરારને નક્કી કરેલા ખર્ચે સબંધી નીશબત નથી. પરંતુ કાંઇક જુદો છે, માટે જો તે વકીલ તે કરાર બરોબર વ્યાજબી છે એવુ બતાવી શકે નહીતો કોર્ટ તે રદ કરી શકે છે અને ફી ઠરાવી શકે છે. અને હરકોઇ કામમાં જો લખેલો રજીસ્ટર થએલો કરાર:ના હોયતો જે કાંમ અને મહેનત કરેલી હોય તે બાબત દાવો ચાલી શકે છે. (રાંમા વી. કનજી (૧૮૮૬) ૯ મ ૩૭૫, ક્રીસ્નસામી વી. કેશવ (૧૮૯૧). ૧૪ મ. ૬૩, અમીરૂનીસા વી. ચાપમેન (૧૮૬૬) ૬ વી. રી. ૧૦૮, જદુનાથદત્ત વી. રાસદઅલી (૧૮૭૩) ૧૦ વી. રી. ૧૦૫). (રાઝીયુદીન વી. કરીમબક્ષ (૧૮૯૦) ૧૨ અલ્હા. ૧૬૯) અને જ્યારે વકીલના મહેનતાણા વીશે લખેલો રજીસ્ટર કરાવેલો કરાર ના હોય તો તે લીગલ પ્રેકટીશનરના એકટની ક. ૨૮ પ્રમાંણે બળવાંન નથી તેથી તે કરાર શીવાય પણ તે વકીલની જે ફી લહેણી થએલી હોય તે વસુલ કરવાને તેમને અટકાવ થતો નથી (અનંત વી. પદ્મમાયા (૧૮૯૬) ૧૬ મ. ૨૭૮ નરસીંહંમા વી. સીનાવન (૧૮૯૭) ૨૦ મ. ૩૬૫; પરંતુ જુઓ સુંદરરાજા વી. પટાનાથસામી (૧૮૯૪) ૧૭ મ. ૩૦૬). પરંતુ કલકતા હાયકોર્ટે જુદી રીતે ઠરાવ્યુ છે અને એવો નીયમ કરયો છે કે જો એકાદો કરાર લખેલો કરવામાં આવેલો ના હોયતો વકીલ પોતાના અસીલ પાસેથી ફી વસુલ કરી શકતા નથી (શારતચંદ્ર વી. ચંદ્રકાંત (૧૮૯૮) ૨૫ ક. ૮૦૫).

જ્યાં લીગલ પ્રેકશીનરનો એકટ લાગુ નથી ત્યા, એવુ ઠરાવેલુ છે કે દાવો જીતવામાં આવેતો વધારાની ફી લેવાનો કરાર એકાદો વકીલ કરે તેમાં કાંઇ ખોટુ નથી (અમીરૂદીન વી. મહમદ યાકીન સ. ડી. વા. પ્રા. ૧૮૬૦, ૪૦૫) તે વકીલાતનાંમુ કબુલ કરતા પહેલાં અથવા તે કરતી વખતે તેને કરાર કરેલો હોવો જોઇએ (પરશરાંમ વી. હીરામન (૧૮૮૪) ૮ મુ. ૪૧૩), પરંતુ અમુક દાવામાં એક વકીલાતનાંમુ કબુલ કરે ત્યાર પછી જો જીતવામાં આવે તો હમેશાંની ફી કરતાં વધારાની ફી આપવાનો કરાર અવેજ વીનાનો છે (રાંમચંદ્ર વી. કાલુરાજુ (૧૮૭૮) ૨ મુ. ૩૬૨). એકાદા દાવાની રકમમાંનો એક હીસ્સો ઇનાંમ તરીકે લેવાનો કરાર વ્યાજબી રાહે છે અને કાંઇ અઘટીત ફાયદો અસીલ પાસેથી લીધો નથી એવુ વકીલ બતાવી શકે નહીતો તે કરારનો અમલ વાવ્ય પ્રાંતમાં કરી શકાતો નથી (નથુલાલ વી. બદ્રીપરશાદ (૧૮૭૬–૭૮) ૧ અલ્હા હા. કો. ૧); મદ્રાસમાં તેની મનાઇ કરેલી છે (આચમ પરમબાથ વી. ગેટઝ (૧૮૭૮–૮૧) ૩ મ. ૧૩૮); અને જો એકાદો વકીલ એક કરારથી પોતાના અસીલનો એજંટ થાય અથવા કાયદા બાબત સલ્હાકાર થાયતો, તેઓની વચેનો કરાર બરોબર વ્યાજબી છે એ બતાવવાનો બોજો તે વકીલને સીર છે (અસમત કુંવર વી. ટેલર (૧૮૬૫) ૨ વી. રી. ૩૦૭; ૪ વી. રી. ૮૬; ફ્રીલમ વી. ઓમદા (૧૮૬૮) ૧૦ વી. રી. ૪૬૯; પુશાંગ વી. મુનીયા હલવાંની (૧૮૬૮). ૧ બં. લા. રી. (એ. સી) ૯૫). વાવ્ય પ્રાંતમાં એકાદો વકીલ દાવો ચલાવવાને અથવા તેનો બચાવ કરવાને ફી લેતો તે દાવાનુ છેવટ થાય ત્યાં સુધી ચલાવવવાને અને તે અસલ વકીલના કામ ઊપયોગમાં લેવા લાયક નથી એવુ બતાવવામાં ના આવેતો બજાવણી ખાતામાં તમાંમ દરખાસ્તો કરવાને તે વકીલ બંધાએલો છે. (ટાકીઅલી વી. ગુલ મહમદખાંન (૧૮૬૯) ૧ અલ્હા. હા. કો. માર. ૧૮૬૯, ૨૩). ફી લેવાના દાવામાં વકીલે દાવાનુ કાંમ સંપુર્ણ રીતે કરેલુ છે અથવા તેમની પાસે કાંમ લેવાને તેમના અસીલે છોડી દીધુ છે એવુ બતાવવામાં ના આવેતો સામાન્ય રીતે દાવાનુ કારણ ઊતપન્ન થતુ નથી (બકાપટનામ વી. કાજામીયાં (૧૮૮૩) ૬ મ. હા. કો. ૨૬૫).

પક્ષમાં ફેરફાર કરવો.—જ્યારે એકાદો વકીલ એક પક્ષમાંથી બીજા પક્ષમાં જાય

ત્યારે ભરૂસાથી જે વ્યવ્હાર થાય તે કેવો છે જુઓ પાલનજી વી. કાલાભાઇ (૧૮૮૮) ૧૨ મુ. ૮૫)

મુખત્યારની સાથે વ્યવહાર.—મુખ્યત્વે કરીને ફી પેદા કરતા પહેલાં એકાદો વકીલ પોતાની ફીના દરસેંકડે ટકા આપી શકતો નથી. (પ્યારી મોહન ગુહ્નના કાંમમાં (૧૮૭૩) ૧૧ બ. લો. રી. ૩૧૨).

નીયમો.—લોઅર બંગાળામાં વકીલોની ફી સબંધી જે નીયમો છે તે જે પ્રતીવાદીઓનુ જુદુ હીત હોય અને હુકમનાંમુ કરવાને કબુલ કરતા હોય તે પ્રતીવાદીયોની બાબતમાં લાગુ થતા નથી. આવા કાંમમાં ખર્ચની રકમનો આધાર કોર્ટના ફુલ અખત્યાર ઊપર છે (રાંમપતી કુવર વી. કાળીચર્ણસીંગ (૧૮૭૦) ૧૪ વી. રી. ૫૪)

ખોટી વર્તણુક.—જુઓ સને ૧૮૭૯ ના એકટ ૧૮ ની ક. ૧૩. લીગલ પ્રેકટીશનરના એકટની ક. ૧૩ ની રકમ (એફ્) "કાંઇ બીજુ વ્યાજબી કારણુ" એવા શબ્દો છે તે એક પ્રેકટીશનર પોતાના ધંધાની લાયકાઇમાં ખોટી વર્તણુકનો ગુન્હેગાર હોય તેજ સબંધીજ છે, એવુ નથી, પરંતુ તેને સસપેંડ કરવાને અથવા બરતરફ્ કરવાને વ્યાજબી કારણુ હોય તેવી તમાંમ બાબતો તેમાં આવી જાય છે અને તેમને દાખલ કરતા પહેલાં જે કૃત્ય કરેલુ હોય તે સબંધી પણ છે (લીમેંઝર વી. વાજીદ હુસન (૧૯૦૨) ૨૦ ક. ૮૫૦ વળી જુઓ વકીલના કાંમમાં (૧૯૦૩) ૨૬ મ. ૪૪૮).

એકાદો વકીલ અથવા મુખત્યાર સને ૧૮૭૯ ના એકટ ૧૮ ની ક. ૧૦ નુ ઊલંઘન કરી પોતાનુ કાંમ ચલાવતો હોય તો જે કોર્ટની રૂબરૂ તે પ્રમાંણે કાંમ કરતો હોય તે કોર્ટથી તે શીક્ષાને પાત્ર થાય છે (ગંગા દયાળના કાંમમાં (૧૮૮૧–૨) ૪ અલ્હાબાદ ૩૭૫). એકાદા વકીલના કબજામાં અઘટીત રીતે દસ્તાવેજો મળેલા હોય તે વકીલને આપેલા હોય તો, તે દસ્તાવેજનો ઊપયોગ કરવા સબંધી વકીલ ખોટી વર્તણુકનો ગુન્હેગાર નથી (ક્રીસ્તો લાલનાગ નાકાંમમાં (૧૮૮૪) ૧૦ ક ૨૫૬) અને જો એકાદા જુઠા બનાવેલા દસ્તાવેજ સબંધીમાં તે સાંમેલ ના હોય તો, તેના ઊપર ફરીયાદ ચલાવી શકાતી નથી (રણછોડદાસના કાંમમાં (૧૮૯૮) ૨૨ મુ ૩૧૭) પરંતુ અખત્યાર મળ્યા વીનાની હકીકતનો જો તે વકીલ ઊપયોગ કરે તો અઘટીત વર્તણુકનો તે વકીલ ગુન્હેગાર છે. (ગંગારાંમ વી. પંચકોરી (૧૮૭૬) ૨૫ વી. રી. ૩૬૬) અથવા અપીલ કોર્ટ અથવા બીજી કોઇ કોર્ટ પોતાના કાંમ સબંધી જે રીતી ચલાવે તે જોઇને કોર્ટને અશર કરવાને જો તે અજમાવેતો અઘટીત વર્તણુકનો તે ગુન્હેગાર છે (જગન્નાથ શાહુ વી. મહમદ હુસન (૧૮૭૧) ૧૫ વી. રી. ૧૭૩). ઠગાઇ કરયા વીશે અથવા જુઠો દસ્તાવેજ કરયા બાબત એક વકીલને ગુન્હેગાર ઠરાવેલો હોયતો જરૂરે કરીને તેને સસપેંડ અથવા બરતરફ્ કરવો ન જોઇએ (દુરગાચર્ણના કાંમમાં (૧૮૮૫) ૭ અ. ૨૯૦) પરંતુ તે એવુ બતાવી શકે છે જે બાબત મને ગુન્હેગાર ઠરાવેલો છે તે બાબતમાં મારી વર્તણુક એવી નથી કે વકીલના "રોલ" ઊપર રાખવાને ના લાયક સખસ હુ ગણાઊં (રાજેંદ્રનાથ મુકરજીના કાંમમાં (૧૮૯૬) ૧૮ અલ્હા. ૧૭૪). ફક્ત કાયદા પ્રમાંણે જે કારણો ચાલે તેવા ના હોય તેવા કારણોના આધારથી એક લીગલ પ્રેકટીશનરે એક અરજી ફાઇલ કરેલી હોય તેથી અઘટીત વર્તણુક થતી નથી (સારતચંદ્ર ગુહાના કાંમમાં (૧૯૦૦) ૪ ક. વી. નો. ૬૬૩. વળી જુઓ પ્રકાશચંદ્ર સરકારના કાંમમાં (૧૯૦૩) ૭ ક વી નો. ૭૯૭). એકાદા અસીલના નાંણાનો તેંનો વકીલ ઊપયોગ કરેતો તેથી ધંધા સબંધી ખોટી વર્તણુક ચલાવ્યા બરોબર છે (પુર્ણચંદ્ર દતના કાંમમાં (૧૯૦૪) ૩૧ ક. ૪૪; ૭ વી. નો. ૩૭૩. વળી જુઓ ગણેશચંદ્ર ગાંગુલી

(૧૮૭૦) ૧૩ વી. રી. ૪૫૬; રામકીકુઅરસેનના કામમાં:(૧૮૭૦) ૧૩ વી. ૬૭; કમાલકાંત ડગલના કામમાં (૧૮૬૯) ૧૧ વી. રી. ૧૨૭).

સને ૧૮૭૯ ના એકટ ૧૮ ની આમળની કલમ ૩૬ પ્રમાણે કમીશન આપવાની અ-થવા લેવાની બાબત ગુન્હેગારી વાળી ઠરાવેલી હતી તેથી તે ઠરાવનુ એક વકીલે ઉલંઘન કરેલુ હતુ તેમાં પ્રીવીકૌંસીલના નામદાર સાહેબે તેને ચાર વર્ષ સસપેંડ કરવાને ફરમાવેલુ હતુ (પારબતી ચર્ણુ ચાતરજીના કાંમમાં (૧૮૯૫) લા. રી. ૨૨ ઇ. અ ૧૯૩; ૧૭ અલ્હા. ૪૯૮).

અસીદીશે:—એકાદો વકીલ પોતાના અસીલનુ હુકમનાંમુ ખરીદ કરે તે યોગ્ય નથી (જગરૂપ વી. છીંગનલાલ (૧૮૭૮-૮૦) ૨ અલ્હા. હા. કો. ૪૬). અથવા પોતાના અ-સીલની મીલકત ખરીદ કરવામાં હુકમનામા વાળા સાથે સાંમેલ રહેવુ તે પણ યોગ્ય નથી (નંદીપત વી. શા (૧૮૭૦) ૧૪ વી. રી. ૨૦) અને જે કોર્ટમાં તે વકીલાતનુ કાંમ કરતો હોય તે કોર્ટની હકુમતમાં ચાલે તેવો કોઇ દાવો ખરીદ કરવાને તેને મનાઇ કરેલી છે (સને ૧૮૮૨ ના એકટ ૪ ની ક. ૧૩૬).

હુક:—જુઓ નાગરજી ત્રીકમજીના કાંમમાં (૧૮૯૫) ૧૯ મુ. ૩૪૦.—

(૧૬) "ઠરાવેલુ" એટલે કાનુનો ઉપરથી ઠરાવેલુ:

(૧૭) "સરકારી અમલદાર" એટલે, નીચે લખેલા પ્રકારો પૈકી કોઈ પણ પ્રકારમાં સમાવેશ થાય એવો કોઈ શખસ સમજવો, એટલે:—

(અ) દરેક જડજ;

(બ) ઇંડિયન સિવિલ સર્વિસનો દરેક આસામી

(ક) મલીક મુઆઝમની લશ્કરી અથવા આરમારી ફોજમાંનો અથવા ઇંડિયન મરીન સર્વિસમાંનો હરએક સનદી અથવા ગેઝીટેડ અ-મલદાર સરકારની નોકરી કરતો હોય ત્યાં સુધી;

(ડ) ન્યાયની કોર્ટનો હરએક અમલદાર, જેનું કામ, પોતાના હોદ્દાને લીધે, કાયદાની અથવા હકીકતની કોઇ બાબત ઉપર તજવીજ કરવાનું કે રિપોર્ટ કરવાનું હોય, અથવા કોઇ લેખ કરવાનું કે કોઇ લેખના ખરાપણા વિશે સહી કરવાનું કે તે લેખ રાખવાનું હોય, અથવા કાંઈ મીલકત પોતાના હવાલામાં લેવાનું, કે તેની વ્યવસ્થા કરવાનું હોય, અથવા ન્યાયની બાબતની કંઇ પ્રોસેસ બજાવવાનું હોય, અથવા કોર્ટમાં કંઇ સોગન આપવાનું કે અર્થ સમજાવવાનું કે બંદોબસ્ત રાખવાનું હોય તે, તથા તે કામમાં-હેનું કોઇપણ કામ કરવાને કોઇ ન્યાયની કોર્ટે મુદ્દામ અખત્યાર આપેલો હરકોઇ શખસ;

(ઇ) કોઇ શખસને કેદ કરવાનો અથવા કેદમાં રાખવાનો અધિકાર જે હોદ્દાને લીધે મળે તેવો હોદ્દો ધરાવનાર હરકોઇ શખસ;

(ફ) સરકારનો હરએક અમલદાર જેનું કામ, પોતાના હોદ્દાને લીધે, ગુન્હા અટકાવવાનું, ગુન્હાની ખબર આપવાનું, ગુન્હેગારોને તે ઓનો ઇન્સાફ થવા સારૂ કોર્ટોમાં હાજર કરવાનું, અથવા લે-

કોની તદુરસ્તી, સલામતી કે અનુકુળતા સંભાળવાનું હોય તે;

(ગ) હરએક અમલદાર, જેનું કામ પોતાના હોદ્દાને લીધે, સરકારની વતી કોઇ માલમિલકત લેવાનું, સ્વીકારવાનું, રાખવાનું કે ખરચવાનું હોય, અથવા સરકારની વતી માપણી કરવાનું કે જમાબંદી કરવાનું કે કરાર કરવાનું હોય, અથવા મેહેસુલ બાબતની કોઇપણ પ્રોસેસ બજાવવાનું હોય, અથવા સરકારના પૈસાસંબંધી લાભની કંઇ બાબતની તજવીજ કરવાનું કે તે વિશે રિપોર્ટ કરવાનું હોય, અથવા સરકારના પૈસાસંબંધી લાભબાબતનો કંઈ લેખ કરવાનું તેના ખરાપણાવિશે સહી કરવાનું કે તે લેખ રાખવાનું હોય અથવા સરકારના પૈસાસંબંધી લાભની સંભાળને માટે કરેલા કોઇ કાયદા તોડાતા અટકાવવાનું હોય તે; અને

(હ) હરએક અમલદાર જે સરકારની ચાકરીમાં હોય કે સરકારનો પગારખાતો હોય, અથવા જેને કંઈ સરકારી કામ કરવાસારૂ ફી કે કમિશન મળતું હોય તેઃ

ટીકાઃ-પબલીક ઓફીસરઃ—સને ૧૮૮૨ ના એકટ ૧૪ પ્રમાંણે નીચે મુજબના પબલીક અમલદારો ઠરાવેલા છે; બંગાળાના ઓફીશીયલ ટ્રસ્ટી (શહેનશાહા બેગમ વી. ફરગ્યુશન (૧૮૮૧) ૭ ક. ૪૯૯; અબદુલ લતીફ વી. દોત્રે (૧૮૮૯) ૧૨ મ. ૨૫૦). નાયબનાઝર (માહારાંણી વી. મહમદ હુસન (૧૮૭૯–૮૦) ૨ અલ્હા. હા. કો. ૨૯૮). એકાદા પટવારી (માહારાંણી વી. મદસુદીન (૧૮૭૮–૮૦) ૨ અલ્હા. હા. કો. ૬૪૮; પરંતુ તે સખાના રજીસ્ટર તૈયાર કરવાને એક પટ વારીને રાખેલા હોય તે નથી, બેજનાથ વી. સખુ માહાતન (૧૮૯૧) ૧૮ ક. ૫૩૪). એકાદા સગીરની મીલકત સ્વાધીન કરવાને નીમેલા કલેકટર (ભાંન બાલાપા વી. નાના (૧૮૮૯) ૧૩ મુ. ૩૪૩; નરસીંગરાવ વી. લક્ષ્મનરાવ (૧૮૭૬) ૧ મુ. ૩૧૮; કોમ્પ મોહન ઇશ્વર વી. હકુ રૂપા (૧૮૮૦) ૪ મુ ૬૩૮) અથવા સને ૧૮૭૩ ના એકટ ૧૯ ની ક. ૨૦૪ પ્રમાંણે કોર્ટઓફ વાર્ડસના એજંટ નીમેલા હોય તે (બીજનોરના કલેકટર વી. મનુવાર (૧૮૮૦–૧) ૩ અલ્હા. ૨૦) અને હિંદુસ્થાનના સ્ટાફ કોરનો અમલદાર (કલકતા ટ્રેડસ એસોસીએશન વી. રાયલેંન્ડ (૧૮૯૭) ૨૪ ક. ૧૦૨).

દ્રષ્ટાંતો.

માટે એવુ જણાય છે કે એકાદા મ્યુનીસીપલ કમીશનર અને ઇન્જીનીયર બેઊ જો કે સરકારી નોકરો તોપણુ તેમાંનો એકે પબલીક ઓફીસર નથી (આર વી. નંતામન ઊતમરાંમ ૬ મુ. હા. કો. ફો. કેસસ. ૬૪).

ઇનસાફની કોર્ટઃ—આ કાયદામાં કાંઇ વાખ્યા આપેલી નથી. પીનલકોડમાં નીચે પ્રમાંણે તે વીશે વાખ્યા બતાવેલી છે.

"એ શબ્દોવડે જે જડજને કાયદાથી એકલો રહીને ઇનસાફનું કામ કરવાનો અખતિયાર મળ્યો હોય, અથવા જે જડજોને કાયદાથી એકઠા રહીને ઇનસાફનું કામ કરવાનો અખતિયાર મળ્યો હોય, તે જડજ અથવા જડજો સમજવા; પણ જ્યારે તે જડજ અથવા જડજો ઇનસાફનું કામ કરતા હોય ત્યારે."

મદ્રાસના સને ૧૮૧૬ ના ૭ મા કાયદા પ્રમાણે એકાદી પંચાયત દાવાની તપાસ કરી નીર્ણય કરવાનો અખત્યાર હોવાથી કામ કરતી હોય તો તે એક ઇનસાફની કોર્ટ છે.

(૧૮) "કાનુનો" એટલે પહેલા પરિશિષ્ટમાં દાખલ કરેલી અથવા કલમ ૧૨૨ ની રૂયે અથવા કલમ ૧૨૫ ની રૂયે કરેલી હોય તે કાનુનો તથા નમુના:

(૧૯) "કોરપોરેશનનો શેર" એ સંજ્ઞામાં સ્ટોકનો, ડિબેંચર સ્ટોકનો, ડિબેંચરોનો અથવા બોન્ડોનો સમાવેશ થાય છે એમ સમજવું: અને

(૨૦) "સહી કરેલું" એ સંજ્ઞામાં ફેસલો અથવા હુકમનામું બાદ કરીને બીજા ઉપર છાપ મારેલાનો સમાવેશ થાય છે.

ટીકા:—નવી ૧૬, ૧૮, અને ૧૯ મી વાખ્યાઓ પોતાની મેળેજ બતાવી આપે છે અને એવુ ટાંકી રખાય છે કે "લખેલા" એ શબ્દ આ એકટમાંથી છોડી દીધેલો છે; જુઓ સને ૧૮૯૭ ના જનરલ કલાઝ એકટની ક. ૩ (૫૮) જુઓ.

એવુ ઠરાવેલુ છે કે એક રાજા પોતાના કીતાબ લખે તો તેથી એકરાદા પટા ઊપર પુકત સહી થાય છે (ગનીબીસ્વાસ વી. શ્રીગોપાળ ચોધ્રી ૮ વી. રી. ૩૯૫).

નીશાંન:—જનરલ કલાઝ એકટની ક. ૩. ની રકમ (૫૨) પ્રમાણે એક સખસ પોતાનુ નાંમ લખી શકતો ના હોય તો તેના સબંધમાં "સહી કરવી" તેમાં નીશાનનો સમાસ થાય છે. સને ૧૮૭૭ ના રજીસ્ટર એકટ ૩ ની ક ૩ પ્રમાણે "સહી કરેલી" એ શબ્દમાં એક નીશાનનો સમાશ થાય છે અને તે શબ્દો નીશાનને લાગુ થાય છે. મીલકત તબદીલ કરવાના એકટની ક ૫૯ અને પુરાવ એકટની ક. ૬૮ પ્રમાંણે એક નીશાન કરનાર શખસ સાક્ષી તરીકે સહી કરનાર થઇ શકે છે (પ્રાંણુ કીશન વી. જદુનાથ (૧૮૯૮), ૨ ક વી. નો. ૬૦૩ (પાંને ૬૦૫). પરંતુ સને ૧૮૬૫ ના હિંદુસ્થાનના વારસના એકટ પ્રમાંણે કલમ ૫૦ મી "સહી કરવી" તેમાં નીશાન વાળી સહીનો સમાસ થતો નથી (નીત્ય ગોપાળ વી. નાગેદ્રનાથ (૧૮૮૫) ૧૧ ક. ૪૨૯; ફરનાન ડઝ વી. આલવીશ (૧૮૭૯) ૩ મુ. ૩૮૨).

૩. આ કાયદાનાં કારણસારૂ ડિસ્ટ્રિકટ કોર્ટ હૈ કોર્ટે તાબા હેઠળ રહેવું તે. **કોર્ટના તાબા હેઠળ છે, અને ડિસ્ટ્રિકટ કોર્ટથી હલકા દરજ્જાની દરેક દિવાની કોર્ટ તથા પ્રત્યેક સ્માલકાજ કોર્ટ, હાઈ કોર્ટના અને ડિસ્ટ્રકટ કોર્ટના તાબા હેઠળ છે એમ સમજવું.**

ટીકા:—જુના કાયદાની વાખ્યાની કલમની ભાષામાં સેહેજ ફેરફાર કરીને તે વાખ્યામાંથી આ કલમ લીધેલી છે. આ ખાસ અને જુદી કલમથી એવો નીયમ વધારે પ્રસીધ થાય છે કે ઊતરતા દરજ્જાની કોર્ટોના જડજો જે હાયકોર્ટના તરત તાબામાં હોય તે હાયકોર્ટના મળતા આવતા ઠરાવો પ્રમાંણે ચાલવાને બંધાએલા છે કોબાનઅલ્લી વી. શરોદાપ્રશાદ એચ. (૧૮૮૪), ૧૦ ક. ૮૨ (પાંનુ ૮૪); સ્વામીરાવ વી. કાશીનાથ (૧૮૯૧), ૧૫ મુ. ૪૧૯; બાલાજી ગણેશ વી. સભારાંમ (૧૮૯૩) ૧૭ મુ. ૫૫૫.

હાયકોર્ટ:—હાયકોર્ટ એ શબ્દ દીવાની કોર્ટો સબંધી વાપરેલો છે તેનો હેતુ બ્રીટીશ ઇંડીયાના જે ભાગમાં જે એકટ અને કાયદામાં તે શબ્દનો અમલ થાય છે તે ભાગમાં ઊંચામાં ઊંચા દરજાની દીવાંની અપીલ કોર્ટ છે (સને ૧૮૯૭ ના જનરલ કલાઝ એકટની ક. ૩ ની રકમ ૨૪). શબબ તેમાં પંજાબ અને બરમાની ચીફ કોર્ટ અને બાદશાહી સનદવાળી હાયકોર્ટનો તેમજ જુદા જુદા જુડીશીઅલ કમીશનરોની કોર્ટોનો સમાસ થાય છે.

૪. (૧) કોઈ પણ વિશેષ ઠરાવ વિરૂદ્ધ ન હોય ત્યારે, આ કાયદામાંના કોઈ પણ ઠરાવ ઉપરથી હાલ અમલમાં હોય એવો કોઈ વિશેષ અથવા સ્થાનિક કાયદો અથવા વિદ્યમાનકાળે અમલમાં હોય એવા બીજા કોઈ પણ કાયદા ઉપરથી અથવા તેની રૂએ આપેલી કોઇ પણ વિશેષ હકુમત અથવા સત્તા અથવા ઠરાવેલી કામ ચલાવવાની કોઈ પણ વિશેષ પદ્ધતિ મર્યાદિત થાય છે અથવા તેને બીજી રીતે બાધ આવે છે એમ સમજવું નહિ. કાયમ રાખવા બાબત.

(૨) વિશેષ કરીને અને પેટા કલમ (૧) માં જે સામાન્ય ઠરાવ કહ્યો છે તેને બાધ ન આવે એ રીતે, આ કાયદામાંનો કોઇપણ ઠરાવ, વિદ્યમાનકાળે અમલમાં હોય એવા કોઇપણ કાયદા ઉપરથી જમીનદારને અથવા જમીનના ધણીને ખેતીવાડીની જમીનનું ગણોત એવી જમીનના ઉત્પન્નમાંથી વસુલ કરવાનો જે ઇલાજ છે તે ઇલાજ મર્યાદિત થાય છે અથવા તેને બીજી રીતે બાધ આવે છે એમ સમજવું નહિ.

ટીકા:—આ કલમ હાયકોર્ટોને લાગુ થાય છે.

સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની ક. ૪ થી જે બચતો કરેલી છે તે તમામ બચતો કરવાનો આ કલમથી ઇરાદો રાખેલો છે, કારણકે તે એકટ મંજુર થયા પછી તેમાંનો એક ભાગ નકામો થએલો છે (જુઓ સ્પેશીયલ કમીટીનો રીપોર્ટ રકમો ઉપરની નોટ). તે કલમમાં જે એકટો ખાસ રીતે બતાવેલા છે તે નીચે પ્રમાણેના છે:—

સને ૧૮૮૫ નો મધ્યપ્રાંતની દીવાની કોર્ટોનો એકટ.
સને ૧૯૦૦ નો લોઅર બરમા કોર્ટોનો એકટ.
સને ૧૮૭૭ નો પંજાબની કોર્ટોનો એકટ.
સને ૧૮૭૯ નો ઔઢની દીવાની કોર્ટોનો એકટ.

૫. (૧) કોઇપણ રેવિન્યુ કોર્ટોને લાગુ હોય એવા કોઇપણ ખાસ કાયદામાં કામ ચલાવવાની કોઈ બાબતો વિશે સુદલ ઠરાવ ન હોય અને તે બાબતોમાં આ કાયદાના ઠરાવો સદરહુ કોર્ટોને લાગુ હોય ત્યારે, સ્થાનિક સરકાર, ગવર્નર જનરલ ઇન કૌન્સિલની પ્રથમ મંજુરી લઇને, સ્થાનિક સરકારી ગેઝીટમાં જાહેર નામું પ્રસિદ્ધ કરી એમ ફરમાવવાને મુખત્યાર છે કે સદરહુ ઠરાવોના જે ભાગ આ કાયદા ઉપરથી વિશેષ રીતે લાગુ કર્યા નહિ હશે તે સદરહુ કોર્ટોને લાગુ પડશે નહિ, અથવા તે ભાગ સ્થાનિક સરકાર ઉપર કહ્યા મુજબ મંજુરી લઇને મુકરર કરે એવા ફેરફારો સહિત માત્ર લાગુ પડશે. આ કાયદો રેવિન્યુકોર્ટોને લાગુ પાડવો.

(૨) પેટા કલમ (૧) માંના 'રેવિન્યુ કોર્ટ' એ શબ્દોનો અર્થ ખેતીના કારણ માટે વપરાતી જમીનના ગણોત, મેહેસુલ અથવા ઉપજ સંબંધી ફરિયાદો અથવા બીજાં કામ અથવા કામો દાખલ કરવાની કોઇપણ સ્થાનિક કાયદાની રૂએ જેને હકુમત હોય એવી કોર્ટ થાય છે; પરંતુ એવી ફરિયાદોનો ઇન્સાફ દિવાની પ્રકારની ફરિયાદો તરીકે કરવાની આ કાયદાની રૂએ જેને અસલ હકુમત છે એવી

કોઈ દિવાની કોર્ટનો સમાવેશ સદરહુ શબ્દોમાં થતો નથી

ટીકાઃ—સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની કલમ ૪ અ. આ કલમ હાયકોર્ટને લાગુ થાય છે.

રેવન્યુ કોર્ટ.—સામાન્ય રીતે કહેતાં તે કાયદાના હેતુ પ્રમાંણે રેવન્યુ કોર્ટો તે દીવાની કોર્ટો છે (નીલમોની વી. તારાનાથ (૧૮૮૩) ૯ ક. ૨૯૫; લા. રી. ૯ ઇ. અ. ૧૭૪; નારાયણ (કુમારી વી. રઘુ (૧૮૮૬) ૧૨ ક. ૫૦), અને તેના ઠરાવો પ્રમાંણે વાવ્ય પ્રાંતમાં જે બાબતો વીશે સાંથના એકટમાં કાંઇ છે નહી તે બાબતો સબંધી તે પ્રાંતની રેવન્યુ કોર્ટોને ચાલવાનુ છે (માધો પ્રકાશ વી. મુરલી (૧૮૮૩) ૫ અલ્હા ૪૦૬ ફાકી. મુનીસા વી. અજુધ્યા (૧૮૮૪). ૬ અ ૧૭૦).

અમુક એકટો કાયદાનો સંપુર્ણ સંગ્રહ છે—સને ૧૮૫૯ નો એકટ ૧૦ એક સંપુર્ણ કોડ છે, માટે તે એકટ પ્રમાંણેના કાંમોને મુદતનો એકટના ઠરાવો લાગુ થતા નથી (પોલશન વી. મધુસુદન (૧૮૬૫) ૨ વી. રી. એકટ ૧૦, ૨૧; આનંદ પ્રસાદ વી. કીશ્ન કુમાર (૧૮૭૪) ૧૫ બં. લા. રી. ૬૦ નોટ; ૧૯ વી. રી. ૫ નોગેંદ્રનાથ વી. મથુરા મોહન (૧૮૯૧) ૧૮ ક. ૩૬૮); તેમ દીવાની કોડના ઠરાવો પણ લાગુ થતા નથી (રાધામાધબ વી. લખી નારણ (૧૮૯૪) ૨૧ ક. ૪૨૮, મુકંદબલભ વી. બગબનચંદ્ર (૧૮૯૪) ૨૧ ક. ૫૧૪; હરીશ્ચંદ્ર વી. અનંતચર્ણ (૧૮૯૭-૯૮) ૨ ક. વી નો. ૧૨૭). દીવાની કાયદાના ઠરાવો મદ્રાસના સાંથ વસુલ કરવાના (સને ૧૮૬૫ ના ૮ મા) પ્રમાંણે ચાલતા કાંમોને લાગુ નથી વેલીપીરીયા વી. મોઇદીન પાદશાહ (૧૮૮૬) ૯ મ. ૩૩૨; વેંકટ નરસીંહ વી. સુરાના (૧૮૯૪) ૧૭ મ. ૨૯૮). મુદતના (સને ૧૮૭૭ ના ૧૫ મા) એકટના ઠરાવો વાવ્ય પ્રાંતની સાંથના (સને ૧૮૮૧ ના ૭ મા) એકટની ક. ૯૩ (અ) પ્રમાંણે ઊપજ બાબતના દાવાને લાગુ થતા નથી (મહમદ વી. મુઝફર (૧૮૯૯) ૨૧ અ. ૨૨) અથવા સાંથ વસુલ કરવાના (મદ્રાસ) સને ૧૮૬૫ ના એકટ પ્રમાંણે જપ્તી રદ કરવાના દાવાને લાગુ નથી (સંબાશીવ વી. રાંમા સાંમી (૧૮૯૯) ૨૨. મ. ૧૭૯). વળી રજીસ્ટર એકટ પણ એક સંપુર્ણ કોડ છે તેને પણ મુદતના એકટના ઠરાવો લાગુ નથી (વીરામા વી અબીયા (૧૮૯૫) ૧૮ મ. ૯૯; આપારાવ વી. કીશ્નમુર્તી (૧૮૯૭) ૨૦ મદ્રાસ. ૨૪૭).

૬. બીજી રીતે ખાસ ઠરાવ્યું હોય તેટલું બાદ કરીને કોઇ કોર્ટની સાધારણ હકુમતની પૈસા સંબંધી મર્યાદા (જો હોય તો તે) કરતાં કોઇ ફરિયાદના વિષયની રકમ કે કિંમત વધી જતી હોય, તો આ આકટમાંના કોઇપિણ ઠરાવ ઉપરથી તેવી ફરિયાદો ઉપર તે કોર્ટને હકુમત મળતી નથી એમ સમજવું. — પૈસા સંબંધી હકુમત.

ટીકાઃ—આ કલમ હાયકોર્ટને લાગુ થાય છે.

સને ૧૮૮૨ ના એકટ ૧૪ માની ક. ૬ અને ૭ ના ઠરાવોનો ઘણોખરો ભાગ કલમ ૪ થીમાં આવી ગએલો છે, પરંતુ તેનો છેલ્લો પેરેગ્રાફ અહિંયાં ફરીથી બતાવીને કોર્ટોના બંધારણની સનંદો અથવા એકટોથી નક્કી કરેલી નાંણા સબંધીની મર્યાદાની અંદર દીવાની કોર્ટોની હકુમતની હદ બાંધેલી છે.

અથવા દાવામાં ચાલતાં કાંમો.—એકાદી કોર્ટે તરફ બજાવવા સારૂ એકાદુ હુકમનાંમુ મોકલવામાં આવે ત્યારે તે કોર્ટ હકુમતની નાંણા સબંધી હદ કરતાં રકમ વધારે હોયતો તે હુકમનાંમુ બજાવવાને તે કોર્ટને હકુમત છે કીંવા નહી એ સવાલનુ નક્કી કરવાને આ શબ્દો મુસદાના બીલમાં દાખલ કરેલા હતા.

સને ૧૮૮૨ ના એકટ ૧૪ પ્રમાંણે મદ્રાશ હાયકોર્ટે આ શવાલનો જવાબ હાકારમાં આપેલો હતો (નરશાયા વી. વેંકટ કીશાયા (૧૮૮૪) ૭ મ. ૩૯૭; શાનમુગા વી. રંમનાથન (૧૮૯૪) ૧૭ મ. ૩૦૯) અને કલકતાના આધારોના કામમાં છે (ગોકલ કીસ્તો વી. અખીલચંદ્ર (૧૮૮૯) ૧૬ ક. ૪૫૭; દુરગાચર્ણુ વી. ઉમાનારા (૧૮૮૯) ૧૬ ક. ૪૬૫ વળી જુઓ શ્રીસીદેશ્વર વી. શ્રી હરીહર (૧૮૮૮) ૧૨ મુ ૧૫૫) તે મુશદાની કલમમાં પાછલો વીચાર પસંદ કરેલો હતો અને કમીટીએ પોતાના રીપોર્ટમાં ખાસ રીતે બતાવેલો છે. છેવટ તે કલમ પ્રસીધ કરેલી છે તે પ્રમાંણે તે છોડી દેવામાં આવેલુ છે તેનો ખુલાસો કરવામાં આવેલો નથી

૭. (૧) સને ૧૮૮૭ના પ્રોવિન્સિયલ સ્માલકાઝ કોર્ટો બાબતના આકટની રૂયે સ્થાપેલી કોર્ટોને અથવા તે આકટની રૂયે સ્મૉલકાઝ કોર્ટની હકુમત ચલાવનારી કોર્ટોને નીચેના ઠરાવ લાગુ પડશે નહિ, એટલેઃ— પ્રોવિન્સિયલ સ્મૉલકાઝ કોર્ટો.

(અ) આ કાયદાનો જે ભાગ—

(૧) સ્મૉલકાઝ કોર્ટોની હકુમતમાંથી બાતલ કરેલી ફરિયાદોને લાગુ હોય, અથવા

(૨) એવી ફરિયાદોમાં હુકમનામાંની બજાવણીને લાગુ હોય,

(૩) સ્થાવર મિલકત ઉપર કરવાની હુકમનામાંની બજાવણીને લાગુ હોય, તે ભાગ: અને

(બ) નીચેની કલમો, એટલેઃ—

કલમ ૯,

કલમ ૯૧ તથા ૯૨,

કલમો ૯૪ તથા ૯૫, તાકીદના હુકમને અથવા વચગાળેલા હુકમને લાગુ હોય તેટલે સુધી અને

કલમો ૯૬ થી ૧૧૨ તથા ૧૧૫,

લાગુ પડશે નહી.

ટીકાઃ—આ કલમમાં ટુંકા રૂપમાં સને ૧૮૮૨ ના એકટ ૧૪ માની ક. ૫ અને પૃશીષ્ટ ૨ ના ઠરાવો ફરીથી બતાવેલા છે.

પ્રોવીનશીયલ સ્માલકાજ કોર્ટના (સને ૧૮૮૭ ના ૯) એકટ ની કલમ ૩ થી દીવાની કાયદા શીવાય બીજા કોઇ સ્થાનીક અથવા ખાસ કાયદાને જેટલે દરજ્જે અસર થાય છે તેટલે દરજ્જે તે કલમ ૩ આ એકટથી રદ કરેલી છે (જુઓ આગળ પૃશીષ્ટ ૫ મુ).

તેજ એકટની ક. ૧૭ (જુઓ આગળ ક. ૧૫૮) મી આ કલમ પ્રોવીનસીઅલ સ્માલ કોજ કોર્ટોને લાગુ કરવામાં ઉપયોગમાં લીધી છે તેથી પરીણાંમે તેવી કોર્ટોને ઉપર બતાવેલા અપવાદો સાથે તમાંમ કાયદો લાગુ થાય છે.

દાવા બાતલ કરેલા તેઃ—સને ૧૮૮૭ ના એકટ ૯ માના બીજા પૃશીષ્ટમાં બાતલ કરેલા દાવાઓ બતાવેલા છે, અને તેમાં ઓ. ૨૧ રૂલ ૬૨ અને ૬૯ અથવા કલમ ૭૩ પ્રમાંણેના દાવાઓ આવી જાય છે.

સાર્વજનીક અપકૃત્યો અને સાર્વજનીક ધર્માદા સબંધી દાવા લાવવા માટેના ઠરાવો સ્પષ્ટ રીતે બાતલ કરેલા છે (ક. ૯૧).

કલમ ૯.—સને ૧૮૮૭ ના એકટ ૯ ના બાબ ૩ થી આ કોર્ટોની હકુમત નક્કી ઠરાવેલી છે.

કલમ ૯૬–૧૧૨ અપીલ બાબતની છે અને ક. ૧૧૫ મી ફરીથી વીચાર (રીવીઝન) કરવા બાબતની છે.

પ્રેસિડેન્સી સ્મૉલકાજ કોર્ટો.

૮. કલમો ૨૪, ૩૮ થી ૪૧, ૭૫, ૨કમો (અ), (બ) તથા (ક), ૭૬, ૭૭ તથા ૧૫૫ થી ૧૫૮ માં સને ૧૮૮૨ ના પ્રેસિડેન્સી સ્મૉલકાઝ કોર્ટ આકટમાં ઠરાવ્યુંછે તે શિવાયને પ્રસંગે, આ કાયદાના મુખ્ય ભાગમાં લખેલા ઠરાવો, કલકત્તા, મદ્રાસ, તથા મુંબઈ શહેરમાં સ્થાપેલી કોઈ પણ પ્રેસિડેન્સી સ્મૉલકાઝ કોર્ટમાંની કોઈપણ ફરિયાદમાં અથવા કામમાં લાગુ પડશે નહિ.

ટીકા:—કલમ ૨૪ મી દાવા ટ્રાંસફર કરવા તથા પાછી ખેંચી લેવા સબંધી છે, બજાવણી કરવા સારૂ હુકમનાંમા મોકલવાને સારૂ કલમ ૩૮ થી ક. ૪૧ સુધીની છે. કલમ ૭૫-૭૭ કમીશનો કાહાડવા બાબતની છે, અને કલમ ૧૫૫–૧૫૮ સુધારા અને રદ કરવાના ઠરાવો સબંધી છે.

આ કાયદાની અંદરના ઠરાવો:—આ સાથેના પહેલા પૃશીષ્ટમાં જે નીયમો છે તે આ કલમથી બાતલ કરેલાં નથી. હાયકોર્ટોને પોતાની હકુમત અંદરની સ્માલકાઝ કોર્ટોની કાંમ ચલાવવાની રીતી અને રીવાજ ઠરાવવાના નીયમો કરવાનો અખત્યાર છે (સને ૧૮૯૫ ના એકટ ૧ ની ક. ૫). અને આ નીયમો અથવા તેમાંના જે નીયમો સુગમ લાગે તેવા નીયમો લાગુ કરવાને તેઓને છુટ આપેલી છે.

ભાગ ૧ લો.

સામાન્ય રીતે ફરિયાદો વિશે.

કોર્ટોની હકુમત તથા નિર્ણીતવાત (રેસ જ્યુડિકેટા) વિશે.

ઘણી દિવાની ફરિયાદોનો કોર્ટે ઇનસાફ કરવો.

૯. જે ફરિયાદો સાંભળવાની કોર્ટોને વિશેષ રીતે મનાઇ કરી ન હોય તો અથવા ગર્ભીત રીતે મનાઇ કરી હોય તે શિવાયની બધી દિવાની ફરીયાદોનો (આ કાયદામાં જે ઠરાવો છે તેમને અનુસરીને) ઈનસાફ કરવાની હકુમત કોર્ટોને છે.

ખુલાસો.—જે ફરિયાદમાં મિલકતના અથવા કામ કરવાના હક્ક વિશે તકરાર હોય તે દિવાની ફરિયાદ કહેવાય: પછી તે હક્કનો તમામ આધાર ધર્મ સંબંધી ક્રિયા અથવા વિધિ બાબતની તકરારોના નિર્ણય ઉપર હોય તેની ચીંતા નહી.

ટીકા:—આ કલમ હાયકોર્ટોને લાગુ થાય છે, પણ પ્રોવીનશીઅલ સ્માલકોઝ કોર્ટોને લાગુ થતી નથી તેથી "સ્પષ્ટ અથવા ગર્ભીત રીતે" એટલા શબ્દોના વધારા સાથે જુના કાયદાની ૧૧ મી ફરીથી ઠરાવી છે, તેથી સને ૧૮૮૬ ના એકટ ૧૨ ની ક. ૩૦, અને સને ૧૮૯૦ ના એકટ ૯ ની ક. ૪૧ થી કોર્ટોથી થતી તપાસનો તે પ્રમાણે અટકાવ થાય છે

એવી સુચના રદ કરેલી છે. (કીશોર મોહન વી. ચંદ્રનાથ (૧૮૮૭) ૧૪ ક. ૬૪૬). સને ૧૮૩૬ ના એક્ટ ૧૫ માંથી સને ૧૮૮૨ ના એક્ટ ૧૪ ની ક. ૧૦ મી ફરીથી ઠરાવેલી હતી તે આ કાયદામાં જરૂર વીનાની છે તે કારણથી છોડી દીધી છે (સ્પેશીઅલ કમીટીનો રીપોર્ટ ઠરાવો ઊપરની નોટ જુઓ હેમચંદ વી. આઝમ (૧૯૦૫) ૧૦ ક. વી. નો. ૩૬૧).

એક હિંદુ બાપ પોતાના સગીર દીકરાનો કબજો લેવાને રેગ્યુલર દાવો કરે તો તે દાવો સાંભળવાને સને ૧૮૬૧ ના એક્ટ ૯ થી એકાદા મુનશીફને અટકાવ કરેલો નથી (ક્રીશ્ના વી. રીડ (૧૮૮૬) ૯ મદ્રાસ. ૩૧) તેમ પંસાળુ બંધ કરયા બાબતનો દાવાની તપાસ કરવાને કરાર એક્ટની ક ૨૬૫ મી થી સામાન્ય દીવાની કોર્ટને અટકાવ કરેલો નથી (રાંમજીવણલાલ વી. ચંદમલ (૧૮૮૫) ૭ અલ્હાબાદ ૨૨૭), પરંતુ જ્યારે એવુ ઠરાવેલુ છે કે જ્યારે ચાકરીયાત ઇનામી જમીન હોય ત્યારે મુંબાઇના સને ૧૮૭૬ ના એક્ટ ૧૦ ની ક. ૪ (અ) થી આવી જમીન ઉપર ઊગેલા ઝાડ સંબંધીનો સરકાર ઊપરનો વાદીનો દાવા સબંધીની હકુમતનો દીવાંની કોર્ટને અટકાવ કરેલો છે, કારણ તે દાવો એક ગામના અમલદારના કાંમ સબંધી મીલકત બાબતનો છે (ડીસોઝા વી. સેક્રટરી ઓફ સ્ટેટ (૧૮૯૪) ૧૮ મુ. ૩૧૯).

સને ૧૮૭૪ નો મુંબાઇનો એક્ટ ૩ અમલમાં આવ્યો ત્યાર પછી તે એક્ટના હેતુમાં આવી જાય તે વંશ પરંપરાના અમલદાર તરીકેનુ કાંમ કરવાને એકાદો શખશ લાયક છે એવું ઠરાવવાનો દાવો દીવાની કોર્ટમાં ચાલતો નથી (ચીંતો આબાજી વી. લખમીબાઇ (૧૮૭૮) ૨ મુ. ૩૭૫; ખંડો નારાયણ વી. આપાજી સદાશીવ (૧૮૭૮) ૨ મુ. ૩૭૦; પરસા વી. લાગમીયા (૧૮૮૯) ૧૩ મુ. ૮૩; નારો પાંડુરંગ વી. માહાદેવ (૧૮૮૮), ૧૨ મુ. ૬૧૪). વાદીઓએ, એવો દાવો કરેલો કે "માહારકી" વતનમાં ત્રીજા હીસ્સા ઊપર અમારો હક છે, તેથી વતનની ઊપજમાંથી ભાગ લેવાનો હક છે એવુ ઠરાવી આપો. તેમાં ઠરાવ્યું છે કે સને ૧૮૭૪ ના મુંબાઇના એક્ટ ૩ પ્રમાંણે જે હક ઠરાવવાને માગેલુ છે તેવો હક ઠરાવવાને દીવાની કોર્ટોને હકુમત નથી (ભીવા વી. વીઠીયા (૧૯૦૧) ૨૫ મુ. ૧૮૬). સંયુગત પ્રાંતોમાં જમીનના મેહેસુલના એક્ટ (સને ૧૮૭૩ ના ૧૯) ની ક. ૧૩૫ અને ૨૪૬ પ્રમાંણે કેટલાક દાવાની દીવાની કોર્ટની હકુમતમાંથી બાતલ કરેલા છે. તેથી મજીયારી જમીનદારીની મીલકતની વહેંચણ કરીને એક જમીનના જુદા કરેલા કડકાનો પોતાનો ફાળા પડતો હીસ્સો લેવાનો દાવો ચાલતો નથી (ઇજિરાઇલ વી. કનાહી (૧૮૮૮) ૧૦ અ. ૫). એક જમીનદારની જાગીરમાંનો પટની ચડેલી સાંથ બાબત વેચવામાં આવેલો તેથી તે જમીનદારે વાર્ષીક જમાની નીમે રકમ બાબત જમીન આપવાની ફરજ પાડવાને દાવો કરે તો તે ચાલતો નથી કારણ કે, સને ૧૮૧૯ ના એક્ટ ૮ ની ક. ૫ અને ૭ માં ઠરાવેલો ઇલાજ છે (જયકીશન વી. જાનકીનાથ (૧૮૭૨) ૧૭ વી. રી. ૪૭૦). સરકારે પોતાની ટ્રેઝરીમાંથી નાણું આપવાને કરાર કરેલો કહેવામાં આવેલો તે કરારની રૂઇએ સરકાર ઊપરનો દીવાની દાવો ચાલવાને સને ૧૮૭૧ ના પેનશન એક્ટ ૨૩ માની ક. ૪ પ્રમાંણે હરકત છે (માંનસીંગ વી. મુંબાઈ સરકાર (૧૮૮૦) ૪ મુ. ૪૪૩). એકાદુ પોલીટીકલ પેનશન વહેંચણ કરવા લાયક છે એવુ ઠરાવવાનો દાવો ચાલવાને હરકત છે (રાંમચંદ્ર વી. સખારાંમ (૧૮૭૮), ૨ મુ. ૩૪૬). તેમ જ વળી જમીનના મેહેસુલના ઈનામ વીશે એક વંશપરંપરાનાં દેશમુખ દાવો કરે તો તે ચાલતો નથી (નારો દાંમોદર વી. પુનાના કલેક્ટર (૧૮૮૨) ૬ મુ. ૨૦૯). અને સરકાર ઊપર દર વર્ષે રોકડ અલાવંશ સરકાર ટ્રેઝરીમાંથી આપવામાં આવે છે તે ચડેલા અલાવંશ સાથે ઇનાંમી જમીનનો કબજો લેવાને (શીવરાંમ દીનકર વી. સેક્રટરી ઓફ સ્ટેટ (૧૮૮૭)

૧૧ મુ. ૨૨૨) તેમજ જહાગીર તરીકે બે ગામો ઇનામ આપેલાં તેનો નીમે ભાગ લેવાનો દાવો ચાલતો નથી (રાંમા વી. સુબા (૧૮૮૯) ૧૨ મ. ૯૮). એકાદો કબજેદાર મરણ પામે તો જાહાગીર કોને ઇનામમાં આપવી જોઇએ, તે સવાલનો રાજ પ્રકર્ણ સંબંધી વીચાર કરીને સરકારનેજ ફકત નીર્ણય કરવાનો છે (સુલતાંનશાંની વી. અજમુદીન (૧૮૯૩) ૧૭ મુ. ૪૩૧). વળી જુઓ એસામના કાયદા, વંશપરંપરાના કાંમ તથા પેનશન અને ખાસ ઇલાજ.

દીવાની પ્રકારના દાવા—" સ્યુટ " (દાવો) એ સબ્દની વાખ્યા વીશે પાછળ ક. ૨ (૨) નીચેની નોટ જુઓ અહિંયાં જે કલમ ફરીથી ઠરાવેલી છે તેના હેતુ પ્રમાણે દીવાંની પ્રકારના દાવા તરીકે કીયા દાવા ચાલવા લાયક છે તે વીશે સને ૧૮૮૨ ના એકટ ૧૪ પ્રમાંણે ઘણા કાંમોમાં ફેંસલા થએલા છે. આ ફેંસલાઓની કીમત આ કાયદા પ્રમાંણે થોડીક ઓછી થએલી છે, માટે વધારે સહેલાઇથી જોવામાં આવે તે પ્રમાંણે કક્કા વાર મથાળા નીચે એકઠા સાથે બતાવેલા છે.

હીશાબ નક્કી કરેલો—ઇંગલીશ લા પ્રમાંણે જોકે રકમોનો સરવાળો કરીને તેમાં બ્યાજ વધારીને તેનું ખરા પણું, કબુલ કરવામાં આવે છે તે શીવાય બીજુ કાંઈ નથી તો પણ, તેની રૂઇએ પ્રતક્ષ રીતે દાવો કરી શકાય છે. જ્યારે પ્રતીવાદીએ વાદીનું દેવું બીલકુલ કબુલ કરેલુ હોય તો, દાવો ચાલે છે (હીસાબ બાબતના દાવાની વાખ્યા સબંધી જુઓ રાંનદુરા વી. કંમભાલા (૧૯૦૫) ૨૮ મ. ૩૫૪).

મુદત વધારવાને સારૂ સને ૧૮૭૭ ના એકટ ૧૫ ના આરટીકલ ૬૪ મી પ્રમાણે હીસાબ કરીને તે લખેલો અને પ્રતીવાદીની સહી કરેલો જોઇએ માટે જે હીસાબ આ ઠરાવો પ્રમાણે થએલાના હોય તે હીસાબની રૂઇએ કરેલા દાવા મદ્રાશ અને કલકતાની હાયકોર્ટોએ કાહાડી નાંખેલા છે (બક વી. હર્સ્ટ લા. રી. સી. પી. ૨૮૭ અને જુઓ બુલન વી. લીકઓન પ્લીડીંગ્સ ૬ આવૃતી ૭૦-૭૧).

એકાદા " રજુ ખાતા " અથવા નક્કી કરેલા હીશાબની રૂઇએ કરેલા દાવાની વ્યવસ્થા કરવામાં મુંબાઇની હાય કોર્ટે ઠરાવ્યું છે (અમથુ વી. મથાયા (૧૮૯૩) ૧૬ મ. ૩૩૯, દુખી વી. મહમદ (૧૮૯૪) ૧૦ મ. ૨૯૬) કે આવી કબુલતોની સાથે અવેજને લીધે મુખ જુબાંનીના કરારના પુરાવના ટેકા વીનાની હોય તો તેના આધારથી દાવો થઇ શકતો નથી, કારણ કે તે ફકત અસલ કરજનો પુરાવ છે. તેમ આવા હીસાબ અંદેશા વીનાનાં હીસાબ છે અને તેથી ઇંગલાંન્ડની માફક તે આપવાનુ ગર્ભીત રીતે વચન થાય છે, માટે મુદતની બાબત શીવાય તે ઊપરથીજ દાવાનું કારણ થાય છે એવો વીચાર લાંબી મુદતથી કાયમ થએલો છે તેના વીરૂધ આ ફેંસલામાં તેમ તે પ્રમાંણે ચાલવામાં આવેલા આધારોમાં કાંઇ કારણ બતાવેલુ નથી. પરંતુ હીસાબ નક્કી કરવાની સાથે વાદી એવું કહે કે બાકી લહેણુ બ્યાજ સાથે આપવાને મુખજુબાંનીથી કરાર કરેલો છે અને તે શાબેત કરે તો તે હીસાબની રૂઇએ દાવો ચાલવાને આ ફેંસલાઓથી હરકત થતી નથી (બળદેવસીંગ વી. શીવદાંન (પંજાબ રેકોર્ડ સને ૧૮૮૩ ના નંબર ૨૦, અને જુઓ અમ્રતલાલ વી. માણુકલાલ ૯ મુ. હા. કો. રી. ૩૭૫ ના કાંમમાં જસ્ટીસ મેલવીલ સાહેબનો ફેંસલો). હીસાબ થવાને સારૂ દરેક બાજુનો એક તરફથી બીજાને બંધન થાય તેવા વ્યવહાર થએલા જોઇએ, અને ફકત એક બાજુનેજ બંધન થાય તેવા વ્યવહારો હોવાના જોઇએ. (વેલુપીલાઇ વી. ગોઝ મહમદ (૧૮૯૪) ૧૭ મ. ૨૯૩; મરીમથુ વી. સાંમીનાથ (૧૮૯૮) ૨૧ મ. ૩૬૬; ના-

હાનાભાઇ વી. નથુભાઇ (૧૮૮૩) ૭ મુ ૪૧૪; ત્રીભોવન વી. અમીના (૧૮૮૫) ૯ મુ. ૫૧૬; જમાન વી. નંદલાલ (૧૮૯૩) ૧૫ અલ્હા ૧).

પ્લીડીંગ:—જ્યાં વાદી હીસાબ લેવાની મરજી રાખતો હોય ત્યાં દાવાં અરજી તે બાબત માગણી કરવી જોઇએ, અને તે કરી ના હોયતો તે બાબત તેના દાવા હરકત કાર્ક થઇ શકે છે (હમેરા વી. ઝુબેદા (૧૯૦૫) અ. વી. નો. ૧૨૫).

એજંસી કોર્ટો.—કાઠીયાવાડ સ્વસ્થોની એજંસી કોર્ટોમાં સાંભળેલા દાવા અપીલો વીશે જુઓ નીચે ટાંકેલો ફેંસલો એટલે દેવચંદ વી. છોટમલાલ (૧૯૦૬) ૩૩ ક. ૨૧૯).

કરાર.—એકાદી કીશબણને પોતાનો ધંધો ચલાવવાને જાણીને રહેવાને મકાંન ભાડે આપેલુ હોયતો, ભાડુ લેવાનો દાવો ચાલતો નથી (ગારી) નાથ મુકરજી વી. મધુમણી (૧૮૭૨) ૨ બં લા. રી. એપ. ૩૭; ૧૮ વી. રી. ૪૪૫), પછી કાસબણનો ધંધો હિંદુ શાસ્ત્ર પ્રમાંણે કબુલ કરીને કાયદેશર ગણેલો છે તોપણ તેની ચીંતા નથી (ચાલકોંડા ૨ મ. હા. કો. ૫૬, પરંતુ જુઓ ખુબચંદ વી. બેરાંમ (૧૮૮૯) ૧૩ મુ. ૧૫૦) તેમ છેડો છુટકો કરાવીને નાંણુ ધીરીને તે ધીરનાર સાથે લગ્ન કરવાનો કરાર કરેલો હોયતો તે ધીરેલાં નાંણાં બાબતનો દાવો ચાલી શકતો નથી (બાઇ વીજળી વી નાનસા (૧૮૮૬) ૧૦ મુ, ૧૫૨); તેમ હવે પછી ધણી ધણીઆંણી તરીકે હવે પછી રહેવાનો કરાર હોયતો તે દાવો ચાલતો નથી (વેલંશના કાંમમાં ૨૬ સી. ડી. ૩૫૩) તેમ સને ૧૭૯૩ ના કાયદા ૩૮ નુ ઊલંઘન કરીને એકાદા જડજે પોતાના ઇસ્ટેબ્લીશ મેંટમાંના એકાદા દેશી અમલદારને ધીરેલાં નાંણાં બાબત દાવો ચાલતો નથી (ઊદયચંદ્ર વી. પામર અને કંપની ૩. સ. દી. અ. સેલ. ૧૪). તેમ કાયદેસર ધંધો. વહેપાર અથવા રોજગાર કોઈ પ્રકાર ના કરવાને એકાદા સખસને થોડોક અટકાવ કરયાના કરારની રૂઇએ દાવો ચાલતો નથી (માધબચંદ્ર વી. રાજકુમાર (૧૮૭૪–૭૫) ૧૪ બં. લા. રી. ૭૬); તેમ પ્રતીવાદીની ન્યાત શીવાય બીજાઓની મદદ સાથે વહેપાર ચલાવવાના કરારના આધારથી દાવો ચાલતો નથી. (વેથલીંગ વી. સાંમીનાદ (૧૮૭૮–૮૧) ૨ મ ૪૪), તેમ વહુ મેળવી આપવાને સારૂ એકાદા હિંદુને ઇનાંમ બદલ મદદ કરવા સારૂ દાવો ચાલતો નથી (વેથીયા નાથમ વી. ગગા રજુ (૧૮૯૪) ૧૭ મ. ૯) તેમ પ્રતીવાદી તરફની વાદી એક દીવાંની દાવામાં વાદી શાક્ષી આપશે તેના અવેજમાં નાંણા આપવાના કરારની રૂઇએ દાવો ચાલતો નથી (સાસાનાથ ચેતી વી. રાંમસાંમી ૪ મ. હા. કો. ૭) તેમજ કાયદા કરનારાઓએ ઠરાવેલા એકટથી મનાઇ કરેલો કર આપવાના કરાર ઊપરથી દાવો ચાલતો નથી (પરશોતમજી વી. રાબ (૧૮૮૪) ૮ મુ. ૩૯૮). તેમ જે કરાર સંસારીક અને ધર્મ સબંધીનો કરાર તોડયા બાબત દાવો ચાલતો નથી. (હરોનાથ વી નીતો પ્રમાંણીક (૧૮૭૪) ૨૨ વી. રી. ૫૧૭); તેમ જે અમુક સમુદાયના વાદીઓ અંગભુતો હોય તેમાં પ્રતીવાદીએ હમેશાં રહેવુ એ વીશે જે દંડ ઠરાવેલો હોય તો તેનો અમલદાર કરવાને દાવો ચાલતો નથી (નીલયશાહા વી. શબળશાહા (૧૮૫૮) ૧૦ વી. રી. ૩૪૯). પરંતુ કાંઇ જામીની વીના જે નાંણાં ધીરેલાં હોય તે પાછાં વસુલ આપવાનો ગર્ભીત કરાર હોય તે તોડયા બાબતનો દાવો ચાલે છે (પ્રેમનાથ વી. દવારકાનાથ (૧૮૯૬) ૨૩ ક. ૮૫૧; હરી રઘુનાથ વી. કીશાજી (૧૮૮૮) ૧૯ મુ. ૫૪૬) જ્યાં જુગારની કાયદાથી મનાઇ કરેલી ના હોય ત્યાં જુગારના કારણસર ધીરેલાં નાંણાં લેવાનો દાવો ચાલે છે. (સુબારાવ વી. દેવંદ્ર (૧૮૮૪) ૭ મ. ૩૦૧). તેમ એકાદા લીલામમાં એક બીજા વીરૂધ માગણી કરવી નહી એવો એ

અથવા વધારે સખસોએ કરાર કરેલો હોયતો તે કરાર જરૂરે કરીને ગેર કાયદે નથી (હરી-બાળકીશ્ન વી. નારો (૧૮૯૪) ૧૮ મુ. ૩૪૨.

કાયદા વીરૂધ કરારઃ—કાયદા વીરૂધના કરાર પ્રમાંણે આપેલાં નાંણાં લેઈ શકાતાં નથી (કીર્લી વી. થોમસન ૨૪ કયુ. બી. ડી. ૭૪૨) વાદીએ એક નાદારના છુટકારા વીરૂધ સામા થવાને વાસ્તી આપેલી તે પાછી ખેંચી લેઇને સામાન્ય લેંણદારો વચે જે ગોઠવણુ થાય તે કબુલ કરવાના અવેજમાં વાદીને એક પ્રોમીસરીનોટ આપેલી હતી તેથી વાદીને ખાશ ફાયદો મળવાનો હતો તેથી તેંના ઊપર દાવો કરી શકાતો નથી, કારણકે તે કરાર કાયદા વીરૂધનો છે (ક્રીશ્નપા વી. આદીમુલ્લા (૧૮૯૭) ૧૦ મ. ૮૪) જુલમના કારણથી જમીનદારે પોતાની સર જમીન આપવાને કરાર કરેલો તો તે કારણથી દાવો ચાલે છે (દોલતરાંમ વી. અનવાર હુસન (૧૮૯૮) ૨૦ અ. ૨૪૧) એકાદી મંડળીનો ગેરકાયદા વાળો હેતુ પાર પાડવાને સારૂ એક ગીરો કરી આપવામાં આવેલુ હતુ અને તેવી મંડળી સ્થાપવાને ઇંડીયન કંપનીના એકટ પ્રમાંણે મનાઇ કરેલી છે તેથી તે વ્યવ્હાર કાયદા વીરૂધ હતો, માટે તેની રૂઇએ કરેલો દાવો નીશફળ થવો જોઇએ. (મદ્રાશ હિંદુ બેની ફીંટફંડ વી. રાઘવ (૧૮૯૬) ૧૯ મ. ૨૦૦; વળી જુઓ રાંમસાંમી વી. નોગેંદ્રનારાયણુ (૧૮૯૬) ૧૯ મ. ૩૧. રકમ એક. પાંચેન વી ગેડીનેર (૧૮૯૭) ૨૦ મદ્રાશ, ૬૮). એક કરારથી હફતેથી અમુક રકમ ભરવી એવો હેતુ કે દરેકે પોતાનો વારો (લોટ પ્રમાંણે નકકી કરવાનો હતે) આવે ત્યારે દરેક હફતાનુ તમાંમ લવાજમ લેવું, તમાંમ સખશો આવી જાય એટલે તે મજીયારૂ ફંડ વારા ફરતી દરેક તે ભરનારને ધીરવુ તો તે કરાર કાયદા વીરૂધ નથી (વાસુદેવન વી. મહમદ (૧૮૯૯) ૨૨. મ. ૨૧૨; સમજ વગરનો કરાર–જુઓ ચુનીકુંવર વી. રૂપસીંગ (૧૮૮૯) ૧૧ અ. ૫૭; કામીનીસુંદ્રી વી કાળીપ્રસનો લા. રી. ૧૨ ઈ. અ ૨૧૫; ક્રાય વી. લેન ૪૦ સી. ડી ૩૧૨; નેવીલ વી. સ્નેલીંગ ૧૫ સી. ડી. ૬૭૯). ધીરેલ્ટા ૧. વી. ડી. (૧૮૫૧) ૧૭૫; લોકઇંદ્ર વી. રૂપસીંગ (૧૮૮૯) ૧૧ અ. ૧૧૮).

લગ્નઃ—હિંદુઓમાં લગ્નના અવેજ બાબત દાવો ચાલે છે (વીસ્વનાથન વી. શામીનાથન (૧૮૯૦) ૧૩ મ. ૮૩); એકાદ હિંદુ લગ્ન બળવાંન નથી એવુ ઠરાવવાનો દાવો ચાલે છે (આંનજોનાદાસી વી. પ્રલ્હાદચંદ્ર ૧૮૭૦–૭૧) ૬ બં. લા. રી. ૨૪૩); વળી વાદી શીવાયના બીજા શખસને માબાપે પોતાની દીકરીને પરણાવવી નહી એવો તાકીદ હુકમ કડાવવાનો દાવો ચાલે છે (વેંકટાચા ચારયુલુ વી. રંગા ચારયુલુ (૧૮૯૧) ૧૪ મદ્રાસ. ૩૧૬). પરંતુ હિંદુઓએ એવો કરાર કરેલો હોય કે અમુક હકીકત બને એટલે તે લગ્ન નીરર્થક થાય તો તે કરારની રૂઇએ દાવો ચાલતો નથી (સીતારાંમ વી. આહીરી (૧૮૭૨–૭૩) ૧૧ બં. લા. રી. ૧૨૯). પરંતુ એક મુસલમાને પોતાની પહેલી ઓરતે એવો કરાર કરેલો બીજી ઓરત પરણવી નહી તો તે કાયદા વીરૂધ નથી (હરન વી ખયરૂલ્લા, ફુલટન ૩૬૧) તેમ જો તે ફરીથી પરણે અથવા લગનના કરારની કાઇ શરતને તોડે તો તેની સાથે છેડા છુટકો કરવાનો અખત્યાર આપવામાં આવતો નથી (હમીદુલા વી. ફેજુનીશા (૧૮૮૨) ૮ ક. ૩૨૭). તેમ લગ્નના કરારનો વીશેશ રીતે અમલ કરાવવા બાબત દાવો ચાલતો નથી (ઊમેદ કીકા વી. નગીનદાસ ૭ મુ. હા કો. ૧૨૨; ભગન વી રમજાન (૧૮૭૫), ૨૪ વી. રી. ૩૮૦) તો પણુ તે તોડયા બાબત એક વાલીના ઊપર દાવો ચાલે છે (મુળજી વી. ગોમતી (૧૮૮૭) ૧૧ મુ. ૪૧૨); પણુ અવેજ આપીને એક સગીરને પરણવાનો કરાર નીરર્થક છે (દુલારી વી. વલભદાસ (૧૮૮૯) ૧૩ મુ. ૧૨૬ રાંમચંદ આદે તો (૧૮૮૪) ૧૦ ક. ૧૦૫૪; પરંતુ જુઓ વીસ્વનાથન વી. સાંમીનાથન (૧૮૯૦) ૧૩ મ. ૮૩). એકાદા બાપને

પોતાના એક દીકરાને અથવા દીકરીને પરણાવે તેથી નાંણા આપવાનો કરાર સુનીતી વીરૂધ છે માટે કાયદાની કોર્ટ તેનો અમલ કરી શકતી નથી (ધોળીદાસ વી. ફુલચંદ (૧૮૯૮) ૨૨ મું. ૬૫૮; પારસીઓમાં એકાદુ લગ્ન નીરર્થક ઠરાવવાના દાવા વીશે જુઓ પરસોતમ વી. મેહેરબાઇ (૧૮૮૯) ૧૩ મુ. ૩૦૨). એકાદુ લગ્ન જાહેરાંતમાં કહી બતાવવા બાબતનો દાવો બ્રીટીશ ઇંડીયામાં દીવાની કોર્ટમાં ચાલે છે (અઝમતઅલ્લી વી. મહમુદ લનીશા (૧૮૯૮) ૨૦ અ. ૯૬). સને ૧૮૬૯ ના એક્ટ ૪ પ્રમાંણે છેડાછુટકો કરવા બાબતનો દાવો જ્યારે પક્ષકારો હિંદુશાસ્ત્ર મુજબ ક્રીયા કરીને પરણેલાં હોય ત્યારે ચાલતો નથી (થીપટા પીટર વી. થાપીટા લક્ષ્મી (૧૮૯૪) ૧૭ મ. ૨૩૫). જુઓ લગ્નના હક પાછા મેળવવા બાબત આગળ.

લવાજમ:—જુઓ કેદારનાથ વી. ગોરી મહમદ ૧૪ ક. ૬૪).

ફોજદારી પ્રોસીડીંગો:—ઇનશાફની રીતીને હરકત થાય તેવા કરારની રૂઇએ દાવો ચાલતો નથી. જેમકે એક બદમાસ પોલીશ અમલદારના હોય તેથી તે બદમાશને છુટો કરવાને તે પોલીસ અમલદારને મારી નાંખવામાં આવે (પ્રોતીમા વી. દુખીયા સરકાર (૧૮૯૧) ૯ બં. લા. રી. એપ. ૩૮); તેમ અવેજ બદલ એકાદુ કાંમ બંધ કરવુ અને ફોજદારી ફરીયાદ લાવવા બાબત દાવો ચાલતો નથી (જીતો માહાતો વી. મોતીરાંમ (૧૮૭૨) ૧૭ વી. રી. ૮૪; કંહનચેતી વી. કુરજી (૧૮૬૪) ૨ મ. હા. કો. ૧૮૭; રાજક્રીસ્તો વી. કૈલાસચંદ્ર (૧૮૮૨) ૮ ક. ૨૪; કંપએક્ષના કાંમમાં ૧૪ ક્યુ. બી. ડી. ૩૨). એકાદા કાંમમાં કાયદેશર રીતે સમાધાંન કરી શકાતુ ના હોય તો પણ મેજીસ્ટ્રેટે તે કરવાને પરવાંનગી આપેલી હોય તો તે ફરીયાદ જવા દેવાનો કરાર હોય તેથી જુદી રીતે થાય છે (નબીબક્ષ વી. હીંગન (૧૮૬૭) ૮ વી. રી. ૪૧૨; વળી જુઓ કમળાનાથ વી. એહારીકાંત (૧૮૬૯) ૧૧ વી. રી ૩૧૪) અથવા પરરાજ્યમાં કરેલા ગુન્હાના ફોજદારી કાંમનુ સમાધાંન કરવામાં આવેલુ હોય અને તે દેશના કાયદાથી તે વ્યવ્હારની પરવાંનગી હોય તો, તે સમાધાન કરવાનો કરાર હોય તો જુદી રીતે છે (સુબરાયા પીલાઇ વી. સુબરાયા (૧૮૬૮) ૪ મ. હા. કો. ૧૪) એકાદો ગુન્હો સમાધાન કરાય તેવો હોય તે સબંધી પ્રતીવાદી ઉપર ફોજદારી કાંમ ચલાવવુ છોડીદે તેથી વાદીને અમુક જમીનનો એક કબાલો લખી આપવાને પ્રતીવાદીએ કરાર કરેલો હતો તો તેવો કરાર કાયદાથી મનાઇ કરેલો છે અથવા સુનીતી વીરૂધ છે એમ ગણી શકાતુ નથી, તેથી તેનો અમલ કરી શકાય છે (અમીરખાંન વી. અમીર જાહાન (૧૮૯૮) ૩ ક. વી. નો. ૫). પણ જો તે ગુન્હો સમાધાન થઇ શકે તેવો ના હોય તો તે કરાર નીરર્થક થાય છે (શીરંગા ચારીયર વી. રાંમા સાંમી (૧૮૯૫) ૧૮ મ. ૧૮૯).

૬૧.—તેમ કાયદાથી જે બાબત મનાઇ કરેલી હોય અથવા કાયદા વીરૂધની ઠરાવેલી હોય તેવી કોઇ બાબતના એકાદા કરારનો અમલ કરી શકાતો નથી, માટે અમુક ઇજારદારોએ જમા કરતાં વધારાની રકમ તરીકે ઝબીતા ભથાના મથાળા પ્રમાણે વસુલ થાય તે આપવાનો કરાર કરેલો હતો તેથી આ રકમો બાબત જમીનદારે તેઓના ઊપર દાવો કરેલો હતો તેમાં ઠરાવ્યું છે કે તે ઠરાવ કાયદા વીરૂધ છે અને સને ૧૮૧૨ ના કાયદાની ક. ૩ ના વીરૂધ છે માટે તે દાવો કાહાડી નાંખવામાં આવ્યો હતો (રાધામોહન વી. ગંગાપ્રસાદ ૭ એસ. ડી. અ. સેલ. ૧૬૬). તેમજ એક ગામમાંથી "પુરાબી" લીધેલી તે સને ૧૮૫૯ ના એક્ટ ૧૦ ની ક. ૧૦ પ્રમાણે કાયદા વીરૂધ ઠરાવેલી છે (કમળાકાંત વી. કાલુમહમદ) (૧૮૬૯) ૩ બં. લા. રી. એ. સી. ૪૪; ૧૧ વી. રી. ૩૯૫, શોમલશુકલ વી. ઇલાહીબક્ષ (૧૮૬૭) ૭ વી. રી. ૪૫૩). તેમ સાંથ કરતા વધારાના જે નાંણા કડાવવામાં આવલાં તેનો હીસાબ આપી જવાબ દેવાને એકાદા તે શીલદાર ઊપર દાવો ચાલતો નથી, પણ જો

તે વસુલ ખુશીથી આપેલુ હોય તેથી ઊલટુ છે (નોબીનચંદ્ર વી. ગુરૂગોબીંદ (૧૮૭૦) ૧૪ વી. રી. ૪૧૭; (૧૮૭૬) ૨૫ વી. રી. ૮). પણ જ્યાં "તલાબ બેશી" કેટલાક વર્ષ સુધી ખુશીથી આપવામાં આવેલુ અને તે સાંથમાં દાખલ કરેલુ અને બે વસુલોની એક પોહોચ થએલી હતી તો તે કર કાયદા વીરૂધ નથી, માટે રૈયતે આપવુંજ જોઇએ (સીરાજગંજ જ્યુટ કંપની વી. તોરાબદી ૨૫ વી. રી. ૨૫૨; અસનઉલ્લા વી. તીરથબાશીની (૧૮૯૫) ૨૨ ક. ૬૮૦; ક્રીશ્ચચંદ્રસેન વી. સુશીલાસુંદ્રી (૧૮૯૯) ૨૬ ક. ૬૧૧; વળા જુઓ આતુલ્યર્ણ વી. તુલશીદાસ (૧૮૯૫) ૨ ક. ૬ વી. નો. ૫૪૩; તે પ્રમાંણે નથી. તીલકધારી વી. ચલ્હાન (૧૮૯૦) ૧૭ ક. ૧૩૧ લા. રી. ૧૬ ઇ. અ. ૧૫૨; રાધાપ્રસાદ વી. બાળકુંવર (૧૮૯૦) ૧૭ ક. ૭૨૬ વળી જુઓ સને ૧૮૮૫ ના એક્ટ ૮ ની ક. ૭૪) વાવ્ય પ્રાંતમાં ઠરાવ્યું છે કે સને ૧૮૨૨ ના કાયદા ૭ માં જે કર લેવાને અખત્યાર આપેલો ના હોય તે કર વસુલ કરવાનો દાવો ચાલતો નથી (ખાયરાયત અલ્લી વી. મહમદ પાસીનખાંન (૧૮૬૬) ૧ આગ્રા ૨૦૭; બીશાહરત વી. શીતળમીશર (૧૮૬૯) ૧ અ. હા. કો. ૪૦). તોપણ એકાદો કર લેવાને મારો એવુ ઠરાવવાને તથા શેટલમેંટ ઓફીશરે તે દફતરમાં નોંધવાને ના કહેલી તેના બળવાંનપણા વીશે વાંધો લેવાને એકાદા જમીનદારનો દાવો ચાલે છે (મહમદઅલી વી. ઊમરાવસીંગ (૧૮૭૦); ૨ અ. હા. કો. ૪૨૫; અકબરખાંન વી. શીવરતન (૧૮૮૫) ૧ અ. ૪૬૨). આબકારી એક્ટ પ્રમાણે એક રકમ કર તરીકે કાયદા વીરૂધ વસુલ કરવામાં આવેલી તે વસુલ કરવાનો દાવો ચાલે છે (નારાયણ વી. શખારાંમ (૧૮૮૫) ૯ મુ. ૪૬૨). "હત" ને દીવસે પાંન વેચવાના હક ઊપર કાયદેસર જે લહેણુ અથવા કર છે તે બાબતનો દાવો દીવાની કોર્ટને તપાસવા લાયક છે (હરીશચંદ્ર વી. ગોપાળ (૧૮૬૫) ૩ વી. રી; એક્ટ ૧૦,૧૫૮), તેવીજ રીતે વસુલ કરવાનુ મહેનતાણુ જો તે બાબતની શરત નકકી હોય અને એકાદા પટાના અવેજ પેકીનુ હોય તો તે બાબતનો દાવો છે (મહમદ ફાયઝ વી. જમુ (૧૮૮૨) ૮ ક. ૭૩૦). પરંતુ જે કર ગામના રીવાજ પ્રમાંણે વસુલ કરવા લાયક હોય પણ શરકારની સામાન્ય મંજુરી અથવા જુદી મંજુરી પ્રમાણે દફતરમાં દાખલ કરેલો ના હોય તે દીવાની કોર્ટમાં વસુલ કરી શકાતો નથી (લાલા વી. હીરાસીંગ (૧૮૭૯) ૨ અલ્હાબાદ ૪૯). જ્યારે કાંઇ કરાર ના હોય ત્યારે એકાદો કર જે જોડેદાર પોતાના ઢોર પોતાના જોડમાં ચરાવતો હોય તે જોડેદાર પાસેથી વસુલ કરી શકાતો નથી. (ભાગીરથ વી. રાંમનારણ ૯ વી. રી. ૨૯૯).

ચેંપર્ટી અને મેન્ટીનન્સ.—જે કરારનો અસર ઇંગ્રેજી લા પ્રમાંણે ચેપર્ટી અથવા મેન્ટીનંન્શનો થતો હોય એટલે સુનીતી અને ન્યાય વીરૂધ એવો થતો હોય કે જેથી જરૂર વીનાનો કજીયો વધે અને કાયદાના હેતુ પ્રમાણે અનીતી થાય અને જે થવાને સારૂ ખોટા હેતુની જરૂર છે (પીસર વી. કમળાનાયકર (૧૮૬૫) ૩ વી. રી. પી. સી. ૩૩, ૮ મુ. ઇ. અ. (૧૭૦); રાંમરાવ ખંડેરાવ વી. ગોબીંદ (૧૮૬૯) ૬ મુ. હા. કો. એ. સી. જે. ૬૩). તેવો ખોટા હેતુ હોય અને શુધ બુદ્ધીથી તે કજીયામાં ફકત હીત મેળવવાને કરેલો ના હોય એટલુજ નહી પણ ગેરવ્યાજબી હોય અને ફકત લુંટવાને અથવા જે કજીયાથી કુટુંબોની સલ્હા શાંતીમાં હરકત થતી હોય અને ખોટા અઘટીત હેતુથી ઊભો કરેલો હોય તે કરારની રૂઇએ કોઇ દાવો ચાલતો નથી (ચીદાંબર ચેતી વી. રંગકીશ્ન મથુ લા. રી ૧ ઇ. અ. ૨૪૧; (૧૮૭૪) ૨૨ વી. રી. ૧૪૮; જાફરજી વી. યાકાલી (૧૮૭૧), ૭ મ. હા. કો. ૧૨૮; ગુરૂસાંમી વી. સુબારાય (૧૮૮૯) ૧૨ મ. ૧૧૮; રાંમકુમાર કુંડુ વી.

ચંદ્રકાંતો લા. રી. ૪ ઈં. અ. ૨૩; (૧૮૭૭) ૨ ક. ૨૩૩; તારાસુંદ્રી ચૌધરાણુ વી. કોર્ટ ઓફ વોર્ડસ (૧૮૭૩) ૨૦ વી. રી. ૪૪૬; વળી જુઓ આબેદ હુસન વી. લાલારાંમ (૧૮૭૦); ૧૩ વી. રી. ૪૨૬, ગ્રોઝ વી. અમ્રીતાબાઇ દાસી (૧૮૬૯–૭૦) ૪ બં. લા. રી. (અસલ. ડી. ૧), અને જુઓ લોકઇંદ્ર વી. રૂપસીંગ (૧૮૮૯) ૧૧ અલ્હા. ૧૧૧; હુશન વી. રહેમત (૧૮૮૯) ૧૧ અલ્હા. ૧૨૮). તેમજ એક ત્રીજા સખશના ઊપર તેંના વીરૂધ દુશ્મનાઇને લીધે એ દાવો ચલાવવાને એક બીજા શખસને મદદ કરવાનો કરાર કરેલો હોયતો તે સુનીતી વીરૂધ છે (બામનદાસ વી. હરીલાલ (૧૮૬૮) ૧૦ વી. રી. ૧૪૦) પણુ જો મીલકત વસુલ થાયતો તેમાંથી હીસ્સો લેવાના અવેજમાં એકાદો દાવો ચલાવવાને જોઇતાં નાંણાં પુરાં પાડવાનો કરાર કરેલો હોયતે બરોબર નથી (રાંમકુમાર કુંદુ વી ચંદ્રકાંત મુકરજી લા. રી. ૪ ઈ. અ. ૨૩; (૧૮૭૭) ૨ ક. ૨૩૩); (૧૮૭૬–૭૮) ૧૭ બં. લા. રી. ૫૩૦; મુની રાખનસીંગ વી. ભોદોય; (૧૮૬૯) ૧૨ વી. રી. ૧૩૩; જગ મોહનલાલ વી. બદનકુવર; (૧૮૬૮) ૯ વી. રી ૨૪૬; દાંમોદર વી. કાહાનદાશ (૧૮૭૧) ૮ મુ. હા. કો. ૧; માહોકમસીંગ વી. રૂપસીંગ (૧૮૯૩) ૧૫ અલ્હા. ૩૫૨; લા. રી. ૨૦ ઈ. અ. ૧૨૭ અથવા જે કાંમમાં અવેજમાં હીસ્સો ના હોય પણુ મીલકતનો પટો લખાવી લીધો હોયતો તે કરાર બરોબર નથી (પીતચાકુની ચેતી વી. કમળા નાયકણુ (૧૮૬૨) ૧ મ. હા. કો. ૧૫૩) એક અજાંણુ દાવેદારના એટરનીએ જુઠુ રૂપ આપીને તેંનો દાવો ચાલશે નહી એવુ તે દાવેદારને સમજાવી ઘણોજ જુલમી પ્રકારનો કરાર કરાવી લીધો હોયતો, તેમાં ઠરાવ્યુ છે કે શુધ બદ્દીથી જે નાંણું આવ્યાં હોય તે શીવાય તે કરાર ચાલી શકતો નથી (જાફરજી વી. ચાકાથી (૧૮૭૧) ૭ મ. હા. કો. ૧૨૮). વાદીએ પોતાના દીકરાને ઠગવાના હેતુથી પ્રતીવાદીને અમુક મીલકત આપી હતી. પણુ વાદીના લેંણદારોમાંના એક લેંણદારે જપ્તી કરાવેલી તે કાંમમાં તે પ્રતીવાદીને મીલકત આપ્યાની હકીકત ૫તે ભરેલી થએલી હતી તેમ છતાં એવુ ઠરાવવામાં આવ્યુ છે કે જો તે વ્યવ્હાર ખરી રીતે તેવા પ્રકારનો છે તે મીલકત લેવાનો વાદીનો હક થાય છે (પરમસીંગ વી. લાલજી (સને ૧૮૭૬–૭૮) ૧ અ. ૪૦૩.

એકાદુ લીધેલુ વેચાંણુ જો કે સટ્ટા તરીકેનુ હોય તોપણ૰ જો "ચેંમપર્ટી" માં આવે તેવુ ના હોયતો તે સુનીતી વીરૂધ નથી (ગોપાળરાંમ વી. ગંગારાંમ આંનંદી (૧૮૯૦) ૧૪ મુ. ૭૨; રાંમાનુજ વી. નારાયણુ (૧૮૭૫) ૧૮ મ. ૩૭૪). ચેંમપર્ટી બાબતનો ઇંગ્રેજી "લા" હિંદુસ્થાનમાં ચાલુ નથી, માટે દાવાવાળી મીલકતમાંના હીસ્સા લેવાના કરારો જો તે મીલકત વસુલ થએલી હોયતો સુનીતી વીરૂધ થતા નથી. પરંતુ જ્યારે આવા જુલમી અને ગેરવ્યાજબી હોયતો તે કરારોનો અમલ કરવા ના જોઇએ તોપણુ યોગ્ય ખર્ચ બાબત કંપેનશેશન અપાવી શકાય છે (રઘુનાથ વી. નીલકઠ (લા. રી. ૨૦ ઇ. અ. ૧૧૨; (૧૮૯૬) ૨૦ ક. ૮૪૩). મીલકત વેચાંણુ આપવાથી કજીયા તરીકે એક જુગાર થતુ હોયતો તે વેચાંણુ નીરર્થક છે, કારણકે તે સમજ વીનાનુ, સટ્ટા તરીકેનુ અને સુનીતી વીરૂધનુ છે (દેબી દયાળ વી. ભાંણુપરતાપ (૧૯૦૪) ૩૧ ક. ૪૩૩ જ્યારે વાદીના માંનવામાં એવુ હતુ કે એકાદી મીલકત ઊપરનો પ્રતીવાદીનો દાવો સારા આધારવાળો છે ત્યારે તેણે પ્રીવીકોંસીલમાં અપીલમાં તે જીતેલો તે અપીલનુ કાંમ ચલાવવાને તેણે પ્રતીવાદીને નાંણા ધીરેલાં હતાં. તેમાં અલ્હાબાદ હાયકોર્ટે ઠરાવ્યુ છે કે હકીકત પ્રમાંણે જે ઇનામ બાબત ઠરાવ કરેલો છે તે જોઇએ તે કરતાં વધારે છે અને સમજ વીનાનો છે. તેમાં ઠરાવ્યુ છે કે આવુ હુકમનાંમુ બરોબર નથી એવુ ખુલ્લી રીતે બતાવવામાં ના આવેતો તે ફેરાવવામાં

આવતુ નથી. (મોહોકમસીંગ વી. રૂપસીંગ. લા. રી. ૨૦. ઇ. અ. ૧૨૭; (૧૮૯૩) ૧૫ અ. ૩૫૨; વળી જુઓ સીવા રાંમાયા વી. ઇલીયામા (૧૮૯૯); ૨૨ મ ૩૧૦; તેમાં એવુ ઠરાવ્યુ છે કે તે દાવો ફકત કલ્પીત છે અને ચેંમપર્ટીનો થતો નથી), પણ કજીયાના હેતુથી વાદીને એક અશાઇનમેંટ કરી આપેલુ હોયતો, તે ચાલવા લાયક નથી (ગોકળદાસ વી. નેશનલ ફીના નશીઅલ કંપની (૧૮૭૯) ૩ મુ. ૪૦૨). એક સખસ એવો કરાર કરે કે અસલ કોર્ટથી તે પ્રીવીકૌંશીલ સુધીનુ દાવાનુ ખર્ચ મારે આપવુ અને તે કરારની રૂઇએ બીજા વાદીયોની સાથે તે સાંમેલ થાય તો તે દાવામાં તે કારણથી સાંમેલ થવાનો તે સખસનો હક થતો નથી (હઝારીલાલ વી. જદાંનસીંગ (૧૮૮૩) ૩ અ ૭૬).

આસામના કાયદા:—આસામની જમીન અને મહેસુલ (સને ૧૮૮૬ ના ૧ લા) ની ક. ૭૦ માં "મીલકત" એ શબ્દમાં તમાંમ "એસ્ટેટ" તેમજ તે સબંધી જે મહેસુલ જુદુ કાહાડેલુ હોય તે આવી જાય છે, માંટે એક હીસા બાબત મહેસુલ જુદુ કાહાડેલુ હોય અને બાકીના તાલુકનુ મહેસુલ ચડેલુ હોય અને સદરહુ જમીન શીવાય તે તાલુકનુ લીલાંમ કરવામાં આવતુ હોય અને વાદીએ ખરીદ કરેલુ હોય તો ઠરાવ્યું છે કે એકાદો બોજો દુર કરવાને વાદીયોનો દાવો ચલાવવાનો હક થાય છે (મહમદ નાસીન વી. કાશીનાથ (૧૮૯૮–૯૯) ૩ ક વી. નો. ૧૦૮;

એકાદા પક્ષકારને સેટલમેંટ કરાવવાનો હક મેળવવાનો સવાલ આશામના જમીન અને મહેસુલના કાયદાની ક. ૧૫૪ ના ઠરાવથી દીવાની કોર્ટની હકુમતમાંથી બાતલ કરેલો નથી (પાટન મેરીયા વી. ભાખીરાંમ ૨૪ ક. ૨૩૯, (૧૮૯૬–૯૭) ૧ ક. વી. નો ૯૪). આસામના જમીન અને મહેસુલના કાયદાની ક. ૬૫ પ્રમાણે કલેકટરે હુકમ કરેલો તેમાં પ્રતીવાદીએ તે મહેસુલ આપવાનુ છે, પણ તે હુકમ વાદીને નોટીસ આપ્યા વગર કરેલો હતો તેથી તે હુકમથી મારા હકને હરકત થતી નથી એવું ઠરાવવાનો દાવો કરવાને વાદીનો હક થાય છે (લોકનાથદાસ વી મહમદ બદખી (૧૮૯૭–૮) ૨ ક. વી. નો. ૨૬૪). જ્યારે "બ્રામેટર" અથવા "દેબુતર" અથવા ત્રીજા સખશોના મજીયારા કબજા તરીકેના અમુક ભાગો બાતલ કરીને એકાદી મીલકતની વહેંચણુ કરાવવાને દાવો કરવામાં આવેલો હોય ત્યારે આશામના કાયદા (સને ૧૮૮૬ ના ૧) ની ક. ૧૫૪ પ્રમાંણે દીવાંની કોર્ટની હકુમતને હરકત થાય છે (સારતચંદ્ર વી પ્રકાશચંદ્ર (૧૮૯૭) ૨૪ ક. ૭૫૧). તેમજ આશામમાં એકાદી મીલકતની અધુરી વહેંચણુ કરવાના દાવાને હરકત થાય છે. (અબ્દુલ ખાલીક વી. અબ્દુલ ખાલીક (૧૮૯૬) ૨૩ ક ૫૧૪, પણ જુઓ ગૌરી વી. સુબાનંદ (૧૯૦૫) ૩૨ ક ૧૦૩૬ અને ૧ ક. લા. જ. ૪૨૧).

લવાદનો ઠરાવ:—ઇનશાફની કોર્ટની દરમીયાંન ગીરી શીવાય જ્યારે એકાદી બાબત લવાદને સોંપેલી હોય ત્યારે લવાદના ઠરાવનો અમલ કરવાને માટે વાદી દાવો કરી શકે છે. સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની ક. ૫૨૩ (આ કાયદાના પૃશીષ્ટ ૨ ની આરટીકલ ૧૭) થી તેમ કરવાને તેને હરકત થતી નથી (સુબારાયા વી. સદાશીવ (૧૮૯૭) ૨૦ મ. ૪૯૦).

બેનામી વ્યવ્હાર:—એકાદુ વેચાંણુ ખત જે કપટ ભરેલા હેતુથી કરવાનો ઇરાદો હતો તે હેતુ પાર પાડવાને તે કહેવાતા વ્યવ્હારનો ઉપયોગ કરવામાં આવેલો હોય તો, વાદીએ લખી આપેલુ વેચાંણુ ખત બેનાંમી વ્યવ્હારનુ છે એવુ ઠરાવવાનો દાવો ચાલતો નથી (બંકા બેહારી વી. રાજકુમાર (૧૯૦૦) ૨૭ ક. ૨૩૧; ૪ ક. વી. નો. ૨૮૯; ગોબરધનસીંગ વી. રીટુરાય (૧૮૯૬) ૨૩ ક. ૯૬૨; કાળીચર્ણ વી. રસીકલાલ (૧૮૯૬) ૨૩ ક. ૯૦૨; રંગા-

મસલ વી. વેંકટચારી (૧૮૯૫), ૧૮ મ. ૩૭૮ જુઓ ચેનવીરાપા વી. પટાપા (૧૮૮૭) ૧૧ મુ. ૭૦૮).

દાટવાની જમીન:—એક ગામના તમામ મુસલમાનોની દાટવાના કારણસર જમીન હતી તે જમીન ઉપર પ્રતીવાદીએ એક દીવાલ બાંધેલી તેથી તેજ ગામના એક મુસલમાને તેજ ગામના બીજા મુસલમાન (પ્રતીવાદી) ઊપર દાવો કરેલો હતો તેમાં ઠરાવ્યુ છે તે દાવો ચાલવા લાયક છે (તાનુદીન વી પાંડા (૧૮૯૪) ૧૮ મુ. ૬૯૯).

નહેર ઉપરનો હક:—નહેરના હક તરીકે એક માલેક પાસેથી ખોટી રીતે લીધેલાં નાંણાં વસુલ કરવાને તે માલેક દાવો કરે તો, તે સાંભળવાને દીવાની કોર્ટને કાંઇ હકુમત નથી (બળવંતસીંગ વી. સેક્રટરી ઓફ સ્ટેટ લા. રી. ૩૦ ઈ. અ. ૧૭૨; (૧૯૦૩) ૮ ક. વી. નો. ૧૨૧; (૧૯૦૩) ૨૫ અ. ૫૨૭).

હુંડા ભાડાવાળા—જુઓ (હુંડા ભાડાવાળાના (સને ૧૮૬૫ નો ૩) એક્ટ, હિંદુસ્થાનની રેલવેનો (સને ૧૮૯૦ નો ૯ મો) એક્ટ, અને હિંદુસ્થાનનો કરાર એક્ટ (સને ૧૮૭૨ નો ૯) ની ક. ૧૫૧, ૧૫૨ અને ૧૬૧: વાદીનો દીકરો રેલવેમાં મુસાફરી કરતો હતો અને રેલવેમાં તે મર્ણ પામ્યો તેથી થએલા નુકશાન બાબતનો દાવો રેલવે કંપની ઉપર ચાલે છે ઇ. ઇન્ડીયા રેલવે કંપની વી. કાળીદાસ મુકરજી (૧૮૯૯) ૨૬ ક. ૪૬૫; ૩ ક. વી. નો ૭૮૧. હુંડા ભાડાવાળાની જવાબદારી બાબત દાવો કરવા વીશે જુઓ છોટમલ વી. રીવર્શ સ્ટીમ નેવીગેશન કંપની (૧૮૯૭) ૨૪ ક. ૭૮૬; વળી (૧૮૯૯) ૨૬ ક. ૩૯૮; શેક્રટરી આપ સ્ટેટ વી દીપચંદ (૧૮૯૭) ૨૪ ક. ૩ ૬; મહેશ્વરદાસ વી કાર્ટર (૧૮૮૪) ૧૦ ક. ૨૧૦. મથુરાકાતશા વી ઇંડીયા જનરલ સ્ટીમ નેવીગેશન કંપની ૧૦ ક. ૧૬૬, ઈંડીયા જનરલ સ્ટીમ નેવીગેશન કંપની વી. જયકીસ્તોશા (૧૮૯૦) ૧૭ ક. ૩૯; ઇશવાડી ફ્લોટીલા કંપની વી. ભગવાંનદાસ. (૧૮૯૧) ૧૮ ક. ૬૨૦. શેક્રેટરી ઓફ સ્ટેટ વી. બુધુનાથ (૧૮૯૦) ૧૯ ક. ૫૩૮; ચાંદમલ વી ગ્રેટ ઈંડીયન પેનીનસુલા રેલવે કંપની (૧૮૯૩) ૧૭ મુ. ૭૨૩; વળી તેજ કામ અપીલમાં (૧૮૯૫) ૧૯ મુ. ૧૯૫; સેશામ-પેટર વી. મોશ (૧૮૯૪) ૧૭ મ. ૪૪૫; બાલારામ વી. દક્ષણુ મરાઠા રેલવે કંપની (૧૮૯૫) ૧૯ મુ. ૧૫૯; ઇ. ઈંડીયા રેલવે કંપની વી. બન્યાદઅલી (૧૮૯૬) ૧૮ અ. ૪૨.

ન્યાત—ન્યાતમાં પાછા લેવા સારૂ તથા પ્રતીવાદીએ વાદીં ઉપર વ્યભીચારનો આરોપ રાખવાથી ન્યાત બાહાર વાદી થવાથી તે પાછા ન્યાતમા દાખલ થવાને થતા ખર્ચનુ નુકશાન અથવા કંપેનશેશન લેવાનો દાવો ચાલે છે. (ગોપાળગુરેન વી. ગુરેન (૧૮૬૭) ૭ વી રી. ૨૯૯). તેવીજ રીતે ફકત ફરીથો ન્યાતમા દાખલ થવાનો દાવો ચાલે છે (સોનારામ ગાઝર વી. અજામરાંમ ગાઝર ૭ સ. દી. અ. સેલ ૩૪૪), સાંભળ્યા વીના ન્યાત બહાર કાડવામાં આવે તો તે કાયદા વીરૂધ છે (ક્રીશ્નસાંમી વી. વીરાસાંમી (૧૮૮૭) ૧૦ મ ૧૩૩). પરંતુ જો કે ન્યાતમાં પાછા દાખલ થવા ધર્મ સબંધીના મંડળીમાં અંગભુત તરીકે દાખલ થવાને દાવો ચાલે છે તોપણ, હિંદુઓને પોતાના મરજી વીરૂધ પોતાને ઘેર બીજાઓને આમંત્રણ કરી તેમની આગતાસ્વાગતા કરવાની ફરજ પાડવાનો દાવા ચાલતો નથી (જયચંદ સરદાર વી. રામચર્ણ (૧૮૬૬) ૬ વી. રી. ૩૨૫), તેમ એકાદી સમાજના અંગભુત થવાને દાવો ચાલતો નથી એવું કહીને કે બીજા અંગભુતોએ મને તમાથા બાતલ કરેલો છે. તો, કારણ કે બાતલ કરવાથી ન્યાતમાંથી બાતલ થએલો નથી તેમ મીલકતને કાંઇ હરકત થએલી નથી (સખારામપાતર વી. સખારામ (૧૮૬૯) ૩ બં. લા. રી. (દીવાના અપીલ) ૯૧; ૧૧ વી. રી. ૪૫૭; અને તેમાં સંગ્રહ કરેલા ઠરાવો; અને જુઓ હોપકીનસન વી. એકસીટરના મારકવીસ. લા.

રી. ૫ એક્ટ ૬૩; રઘુનાથ વી. જનારધન (૧૮૯૧) ૧૫ મુ. ૫૯૯), તેમ અમુક રીવાજ અથવા સીરસ્તાના કારણથી હજામો પાસે અમુક કામ કરાવવાનો અમલ કરવાનો દાવો ચાલતો નથી (રાજકીસ્તો વી. નોબાઇસીલ (૧૮૬૪) ૧ વી. રી. ૩૫૧) તેમ મુંબાઇમાં લીંગાયતના ચાલવાડી “ ચાલવાદી ” થવાનો દાવો દીવાંની કોર્ટોમાં ચાલતો નથી (શંકર વી. હનમા (૧૮૭૮) ૨ મુ. ૪૭૦). મુંબાઇની દીવાંની કોર્ટોમાં ન્યાતના આગેવાંન તરીકે ફી લેવાના હક બાબત દાવાનો ચુકાદો કરી શકાતો નથી (મુરાર ડાહ્યા વી. નાગરીયા ૬ મુ. હા. કો. અ સી. હ. ૨૭); તેમ ઉતરક્રીયા વખતની બક્ષીસમાંથી હીસ્સો વાદીને મળેલો નથી તે કારણથી નુકશાની લેવાનો દાવો ચાલતો નથી (મયાશંકર વી. હરીશંકર (૧૮૮૬) ૧૦ મુ. ૬૬૧); તેમ ન્યાતનાં વાસણના અર્ધા વાસણ અથવા તેની કીમત લેવાનો દાવો ચાલતો નથી (ગીરધર વી. કાળીયા (૧૮૮૧) ૫ મુ. ૮૩) પરંતુ કરાર તોડ્યા બાબત અથવા ન્યાતની મીલકતના કબજા બાબતના દાવાંની તપાસ કરવાની દીવાંની કોર્ટની હકુમત કે ન્યાતના રીવાજના લગતી હકીકત તરીકે નીર્ણય કરવાની જરૂર પડે તે કારણથી બાતલ થતી નથી (મેહેતા વી. જમીયતરાંમ (૧૮૮૮), ૧૨ મુ. ૨૨૫; પ્રાગજી વી ગોબીંદ ૧૧ મુ. ૫૩૪). ન્યાતના રીવાજનો ભંગ કરયાથી વાદીને ન્યાત બાહાર મુકેલો છે તે બળવાંન છે કે નહી તે વીશેનો નીર્ણય એકાદી કોર્ટ કરી શકે છે (ક્રીશ્નસાંમી વી વીરા સાંમી (૧૮૮૭) ૧૦ મ. ૧૩૩). તેમ ન્યાતના ફેસલાથી આબરૂને હાની કર્યા બાબત જુઓ વલભ વી. મધુસુદન (૧૨ મ ૪૯૫). ન્યાતના હકનો અમલ કરાવવાનો તથા વાદીને ન્યાતના અંગભુત તરીકે કબુલ કરીને તેની બરદાશ કરતાં તે ન્યાતના બીજા અંગભુતોને અટકાવવા નહી એવા તાકીદ હુકમ બાબતના દાવા ઉપરથી કાંઇ દાવાનુ કારણ જણાતુ નથી (કાનજી બાવલા વી, અર્જુન શાંમજી (૧૮૯૪) ૧૮ મુ. ૧૧૫). ન્યાતની મીલકત અને ન્યાતની બાબતોનો વહીવટ કરવા વીશે ન્યાતના ઘણા માણસોએ ઠરાવ કરેલા તેનો અમલ મુંબાઇ ની હાયકોર્ટ જે નીયમો પ્રમાંણે કરે છે તે વીશે જુઓ લાલજી શામજી વી. લાલજી વર્ધમાંન (૧૮૯૫) ૧૯ મુ. ૫૦૭). સને ૧૮૧૭ ના મુંબાઇના કાયદા ૨ જાની ક. ૨૧મીમાં “ન્યાત” એવો શબ્દ છે તે ફકત હિંદુઓ બાબતજછે, એવુ નથી, ન્યાતના ફંડમાં જે ફાળો આપવામાં આવેછે તેમાંથી ન્યાતનુ દેવું આપવાનો ન્યાતના અંગભુતો વચ્ચે એક કરાર થએલો હોય તો તેમાં ન્યાત સબંધીનો સવાલ રહેલો છે અબદુલકાદીર વી. ધરમા (૧૮૯૬) ૨૦ મુ ૧૯૦) ન્યાત બાહાર મુક્યાની સીક્ષાનો હુકમના બળવાન પણા વીશે તપાસ કરવાને દીવાની કોર્ટની હકુમતછે, માટે તે સીક્ષાના હુકમનો અમલ કરાવવાને તથા તેને લીધે પ્રતીવાદીયો પોતાના દીવાની હકમાંથી બાતલ થાયછે એવુ વાદી માગતો હોયતો તે હુકમ વ્યાજબી કારણથી બરોબર યોગ્ય તજવીજ કરીને કરેલો છે એવુ શાબીત કરવાને તે વાદીને સીર છે (આપાયા વી, પદાપા (૧૮૯૯) ૨૩ મુ. ૧૨૨). પરંતુ શુધ બુદ્ધીથી વર્તીને પોનાના ન્યાતના એકાદા અંગભુતને જ્યારે ન્યાત બહાર મુકેલો હોય અને રીવાજ પ્રમાણે બરોબર ચાલવામાં આવેલુ હોય ત્યારે તેમા દીવાની કોર્ટ હાથ ઘાલી શકતી નથી અથવા તે શવાલની ગુણ દોષ વીશે તપાશકરી શકતી નથી (કેશવલાલ વી. બાઇ ગીરજા (૧૯૦૦) ૨૪ મુ ૧૩) સને ૧૮૨૭ના કાયદા ૨ જાની ક ૨૧ ની રકમ પ્રમાંણે ફકત જે ન્યાત શબંધીના દાવામાં ન્યાતને અથવા વાદીની વર્તણુકને હરકત થએલી હોયતો, તેવા ફક્ત દાવામાં નુકશાંન માગવામાં આવેલુ હોય તો તે ચાલવા લાયક છે, પરંતુ જ્યારે એકાદા દાવામાંથી મીલકત શબંધી શવાલ રેહેલો હોય તો, તે બાબતના દાવાને તે કલમથી કાંઇ હરકત નથી. તેવા કાંમમાં કોર્ટોની સ્પષ્ટ અને જુદી હકુમત છે, કારણ કે તેનો

આધાર ન્યાતની તકરાર ઉપર નથી પણ મીલકત સંબંધી દાવા ઊપર છે (નથુ વી. કેશવજી (૧૯૦૨) ૨૬ મુ. ૧૭૪). ન્યાતના જે રીવાજ વીશે ધર્મના આગેવાનોની હકુમતછે અને તે પોતાની હકુમત યોગ્ય સંભાળથી અને ન્યાતના રીવાજને અનુસરીને વાપરેતો દીવાની કોર્ટોમાં હાથ ઘાલી શકતા નથી. કબુલ કરવામાં આવેલા ન્યાતના રીવાજ પ્રમાણે ન્યાતના ચાલતા બંધારણ સંબંધી તમામ બાબતોની વ્યવસ્થા કરવાને ન્યાતના મુખ્ય તરીકે એકોદા ગુરૂને હકુમત છે (ગણુપતી વી. ભારતી (૧૮૯૪) ૧૭ મ. ૨૨૨). અરસપરસ કરાર કરીને ન્યાતના રીવાજ પ્રમાણે એક પક્ષકાર બીજાને તેના અસલ લગ્નનુ ખર્ચ આપીને છેડા છુટકો કરવામાં અને ફરીથી લગ્ન કરવામાં કાંઇ અનીતી નથી (શંકર લીગમ વી. સુબાન (૧૮૯૪) ૧૭ મ. ૪૭૯).

કંપેન સેશન.—એકાદા કમીશનરે સને ૧૮૬૮ના એકટ ૭ ની ક. ૨ પ્રમાણે સરકાર મહેસુલ ચડવાથી એકાદી મીલકત વેચવામાં આવેલી તે વેચાણ રદ કરેલુ અને તેમાથી ખરીદ કરનારને કંપેનસેશન અપાવેલુ તેથી તે ખરીદ કરનારનો તે કંપેનસેશન લેવાનો દાવો દીવાની કોર્ટમાં ચાલછે (ચતુલાલ વી. ભગવતી પ્રશાદ (૧૮૯૬-૯૭) ૧ ક. વી. નોટ. ૪૪૭). ખોટી રીતે ઢોર પકડવામાં આવેલાં હોય તે બાબત કંપેનસેશન લેવાનો દાવો ચાલેછે [શત્રુઘન વી. હોકના (૧૮૮૯) ૧૬ ક ૧૫૯. વળી જુઓ વેકટચેલા વી. કપુશામી (૧૮૮૮) ૧૧ મ. ૪૨] પરંતુ એક હિંદુ બાપની દીકરીનુ અપહર્ણ કરવાથી તે બાપને પોતાના દીકરા જે કાંમ કરતી હતી તે થએલી નહી તે કારણથી તે બાપ કંપનસેશન લેવાનો દાવો લાવી શકે છે (રાંમલાલ વી. તુલારાંમ (૧૮૮૨) ૪ અલ્હા. ૯૭ એકાદો શાક્ષી કસુર કરેતો તેના ઊપર નુકશાનીનો દાવો ચાલે છે (દ્વારકાનાથ વી. આનંદોચંદ્ર (૧૮૬૬) ૫ વી. રી. (સ્મા-લકાજકોર્ટ રેફરંસ ૧૮). પરંતુ હાજર થવાનો સમન્સ તેને પોતાને આપેલો ના હોય તો, કાંઇ દાવો ચાલતો નથી (ધનપતસીંગ વી. પ્રેમબીબી (૧૮૭૫) ૨૪ વી. રી ૭૨). એકાદા સખસને ન્યાતમાં જમવાનુ આમંત્રણ કરયા છતાં તે જમવા ગયો ના હોય તેથી તેને માટે નાખો શાક પડયો રેહેતો તેની કીમત લેવાનો દાવો તે સખસ ઉપર ચાલતો નથી (કલાઇ હાળદાર વી. કયાસુદી (૧૮૭૫) ૨૩ વી. રી. ૪૧૭) અને એક અવિભક્ત મીલકતનો એક મજીયારો માલેક; જ્યારે મીલકત એક અથવા વધારે તેવા સહ હીસ્સેદારોએ સરકાર મેહેસુલના પોતાના હીસ્શા આપવાને કસુર કરવાથી ભરેલી ના હોય તેથી તે મીલકત વેચાએલી હોય તો નુક-શાંન લેવાને દાવો કરે તે ચાલવા લાયક નથી (રાંમેશર વી. બીશનદયાળ (૧૮૭૬) ૧ ક. ૪૦૬).

ફાળો.—કરાર ના હોયતો ફાળાના હકનો આધાર જે વ્યાજબી નીયમ છે કે કાયદા પ્રમાણે તે સરખો હોવો જોઇએ તે ઊપર છે. એકાદો સખસ બાકીના બીજા સખસોનો બોજો સહન કરે નહી, (રાંમબક્ષ ચીતાનજીઓ વી. મધુસુદન (૧૮૬૭) ૭ વી. રી. ૩૭૭); કારણકે સરખી માગણી હોય છે (જાંહાનસન વી. વાઇલ્ડ ૪૪ સી. ડી. ૪૬); માટે એક સહ હીસ્સેદાર તમાંમ "એસ્ટેટ" નુ મહેસુલ ભરેતો તેનો દાવો બીજા સહ હીસ્સેદારો ઊપર ચાલે છે (સદરહુ રાંમબક્ષ ચીતાજીયો) અથવા તેમાંના એકાદા સખસ પાસેથી ગીરો રાખનારનો તે છોડાવવાનો હક બંધ થઇ ગએલો તેથી વેચાંણ થઈ ગએલુ હોયતો તે ગીરો રાખનાર ઊપર (ગંગા ગોવીંદ વી આશુ તશધર (૧૮૭૪) ૨૧ વી. રી. ૨૫૫); ચાલે છે. અથવા તેઓના હુકમનાંમાના દેંણદારો ઊપર સાંથ બાબતના હુકમનાંમાની બજાવણીમાં જે પટે રાખનારાઓની મીલકત વેચાએલી હોય છે તેઓનો દાવો ચાલે છે (પાટા બીરમીયા

વી. રાંમાયા (૧૮૯૭) ૨૦ મ. ૨૩ અથવા દપ્તરમાં દાખલ થએલા એક તાલુકના પટે રાખનારાઓએ જે સાંથ આપવી પડેલી હોય તેઓનો દાવો દપ્તરમાં દયા વીનાના જે પટે રાખનારાઓ હોય તેમના ઊપર તેઓના હીસ્સા બાબત ચાલેછે (ગોબીંદચંદ્ર વી બસંતકુમાર (૧૮૯૮–૯૯) ૩ ક. વી. નો. ૩૮૪). અથવા એક હુકમનાંમાનો દેંણદાર પોતાના તથા પ્રતીવાદાના ઊપર એ કામને એકાદ જુદે થએલા હુકમનાંમાની રકમ આપેતો તેનો દાવો ચાલે છે (સુપાનાચારી વી. ચકરાપટન ૧ મ. હા. કો. ૪૧૧); અને જે સખસના કબજામાં ગીરોવાળી જમીનનો નીમે ભાગ હોયતો તેના ઊપર નીમે ભાગ ના દેવાની જવાબદારી ઠરાવવામાં આવે છે (મોબારક વી. શીબ ગોબીંદ (૧૮૭૨) ૧૮ વી. રી. ૬૧; પરંતુ મજીયારા દેવા બાબત જ્યારે વાદીએ પોતાના વહીવટનો હીશાબ આપેલો ના હોયતો તે વાદીનો દાવો એક હિંદુ કુટંબના એક અંગભુત ઊપર ચાલતો નથી (બાંશોનાથ વી. ગોબરધન (૧૮૭૨) ૧૭ વી. રી. ૩૩૬). એકાદુ તળાવ સાચવવાની જ્યારે હોય ત્યારે તે મરાંમત કરાવવાના ખર્ચનો જમીનદારોનો હીસ્સો લેવાને સરકારનો હક થાય છે, કારણકે તે મરામત કરાવ્યાની બાબત તેઓ જાંણે છે અને તેનો ફાયદો તેઓએ ભોગવેલો હોય છે. પછી તેઓની તરફથી દુરસ્ત ખુલ્લી અથવા ગર્ભીત વીનંતી તે મરાંમત કરાવવાને સરકારને કરેલી ના હોય તેની ચીંતા નથી (દાંમોદર વી સેક્રેટરી ઓપ સ્ટેટ (૧૮૯૫) ૧૮ મ. ૮૮).

વસુલ આપ્યા વીનાનુ એક હુકમનાંમુ માત્ર કાયમ હોય તેથી તે બાબતને પુકત ટેકો મળતો નથી (રાંમપરસાદ વી. નીરભયસીંગ (૧૮૭૨) ૧૧ બ. લા. રી. ૭૬). જો પ્રતીવાદી એવુ બતાવા શકે કે તે દાવામાં મારૂ કાંઈ વાસ્તવીક રીતે હીત નોતુ તો તે મજીયારા હુકમનાંમાની રૂઈએ આપેલાં નાંણા બાબત દાવો ચાલતો નથી (શ્રીપતીરાય વી. લોહારાંમ (૧૮૬૭) ૭ વી. રી. ૩૮૪; નઝર અલ્લીખાંન વી. અજુધ્યા રાંમખાંન ૧૦ મુ. ઇ. અ ૫૬૨: ક્ષુપતસીંગ વી. ઇન્દ્રીત તેવારી (૧૮૮૦), ૫ ક. ૭૨૦, વીયનગારા વી. પારીયાગોટ (૧૮૮૪) ૭ મ. ૮૯; ક્રીશ્નરાંમ વી. રકમીની (૧૮૮૭) ૯ અ. ૨૨૧; બ્રજેન્દ્ર કુમાર વી. રાશ બેહારી (૧૮૮૬), ૧૩ ક. ૩૦૦; ગોબીંદચદ્ર નદી વી. શ્રી ગોબીંદ ચોધ્રી (૧૮૯૭), ૨૪ ક ૩૩૦, ૧ ક. વી. નો. ૧૭૯; લક્ષ્મણ વી. રંગસાંમી (૧૮૯૪) ૧૭ મ. ૭૮). એક પ્રતીવાદી અમુક મીલકત મારી છે એવો દાવો રાખી તેના કબજામાં હતી તેથી તે કબજા બાબતના દાવામાં અમુક ત્રીજા સખસો પ્રતીવાદાયો તરીકે પક્ષકારમાં શાંમેલ થયા અને પહેલા પ્રતીવાદીના બચાવ વીરૂધ અને તે બચાવ શીવાય બચાવનો જવાબ રજુ કરયો તે દાવામાં વાદીએ હુકમનાંમુ મેળવ્યુ, કારણ કે પ્રતીવાદીઓના જથા હતા તે બેઊ જથાના પ્રતીવાદીઓના દાવાને કાંઇપણ પૃષ્ટી મળેલી નાહોતી તેથી તમાંમ પ્રતીવાદીયો વીરૂધ તે હુકમનાંમાથી મજીયારે ખર્ચ આપવાને ઠરાવેલુ હતુ. તે ખર્ચ બાબતનુ હુકમનાંમુ પહેલા પ્રતીવાદી ઊપર બજાવવામાં આવ્યું તેથી તે પ્રતીવાદીએ બીજા પ્રતીવાદી ઉપર ફાળા પ્રમાંણે હીસ્સો લેવાને દાવો કરયો. ઠરાવ્યુ છે કે તે દાવો ચાલશે નહી. (ફકીર વી. તસાદક (૧૮૯૭) ૧૯ અ. ૪૬૨; અબદુલ વાહીદ વી. શલુક (૧૮૯૪) ૨૧ ક. ૫૦૩; લા. રી. ૨૧ ઈ. અ. ૨૬. ડીયર્શલી વી. મીડલવીક ૧૮ ચે. ડી. ૨૩૬). જરૂરીના કારણસર એક હિંદુ મજીયારા કુટંબના વહીવટદારે પોતાની જાતીકા જામીનીથી નાંણાં કરજે લીધાં હતાં, માટે જ્યારે તે નાંણા ખર્ચે ત્યારે ફાળો લેવાને તે દાવો કરી શકે છે (અઘોરોનાથ વી. ગીરીશચંદ્ર (૧૮૯૩) ૨૦ ક. ૧૮; શંકરપ્રશાદ વી. ગૌરી પરશાદ ૫ ક. ૩૨૧; રાંમ ક્રીસ્તોરાય વી. મદન ગોપાળરાય (૧૮૬૯), ૧૨ વી. રી. ૧૯૪). મજીયારી મીલકત ઊપર એક સહહીસ્સેદારે મરાંમત ખર્ચ કરેલુ હતુ તે સહહીસ્સેદાર ફાળો લેવાને દાવો

કરે તે ચાલવા લાયક છે (અઝવોલ હુસન વી. ગણુપત ચોધ્રી (૧૮૭૬) ૨૫ વી રી. ૧૭૦); અને જ્યારે કેટલાક શખશો મજીયારે ખત લખી આપે અને ઠરાવેલી મુદત પુરી થએ તેમાંનો ફકત એક શખસ એક બાજુ ખત લખી આપે અને પછી તે કરજ આપી દેવામાં આવેલો તે એ કેશનો તમામ દેંણુદારો ઊપર ફાળો લેવાનો દાવો કરવાનો હક થાય છે (ત્રય લખોનાથ વી. કાશીનાથ (૧૮૭૦) ૧૪ વી. રી. ૪૫૮). એકાદા હુકમનાંમાની રૂઇએ એક "એસ્ટેટ" નો કબજો મેળવીને જો કે તે હુકમનાંમુ પાછળથી ફેરવવામાં આવે અને તેની પાસેથી કબજો જાય તોપણુ શુધ બુદ્ધીથી એક દાવેદારે મહેસુલ અને કર ભરેલાં હતાં માટે તેના સામાવાળા પાસેથી વસુલ કરવાનો તેનો હક થાય છે, કારણુકે તે તેનો તે ફાયદો લેછે. (દખીના મોહનરાય વી. સરોળા મોહનરાય ૨૧ (૧૮૯૪) ક. ૧૪૨) જ્યારે ખુશીથી વસુલ આપવામાં આવેલુ ના હોય અને તે આપવામાં વાદીનુ હીત હોય તોપણુ, ફાળા પડતાં નાંણાં લેવાનો દાવો ચાલે છે (બીંદુબાશીની વી. હરેંદ્ર લાલરોય (૧૮૯૮) ૨૫ ક. ૩૦૫ ગધામાધબ વી. સાસ્તીરામ (૧૮૯૯) ૨૬ ક. ૮૨૬). ફાળા બાબતના દાવાથી ફકત જાતીકી જવાબદારી ઊતપન્ન થાય છે. અને મીલકત ઊપર જવાબદારી તેથી ઊતપન્ન થતી નથી (ગોપીનાથ વી. ઇશ્વરચંદ્ર (૧૮૯૫) ૨૨ ક. ૮૦૦; ઊપેંદ્રલાલ વી. ગીરીંદ્રનાથ ૧૮૯૮), ૨૫ ક. ૫૬૫). એક ભાગીદારે ફાળો લેવાનો દાવો પોતાના કેટલાક સહભાગીયાઓ એકાદુ કરજ તે સહભાગીયાઓ સાથે મજીયારે કાહાડેલુ હતુ તે તેણે પતાવી નાંણાં આપેલાં હતાં માટે તેનો ફળો લેવાને દાવો કરેતો, તે ચાલવા લાયક છે (ગુદા કુલીતા વી. જયરાંમદાસ (૧૮૯૯) ૨૬ ક. ૨૬૨. પરંતુ જુઓ દુર્ગાપ્રસન ગોઝ વી રઘુનાથદાસ (૧૮૯૯) ૨૬ ક. ૨૫૪). જ્યારે એક મુર્તીને કાંઇ અ-પંણુ કરવામા આવેલુ ના હોય અથવા તેને મદદ કરવાને કાંઇ ટ્રસ્ટના હોયતો તે મુર્તીના ખર્ચ સારૂ જે આપવામાં આવેલુ હોય તે બાબત ફાળાનો દાવો ચાલવા લાયક નથી (સાંમ-લાલ વી. હરેસુંદ્રી (૧૮૬૬) પી. વી. ૨૯) કાંમની તપાશ ચલાવનારી કોર્ટ પ્રમથના કજીયાની હકીકત જોઇ શકે છે (થગામલ વી. થાયામથુ (૧૮૮૭) ૧૦ મ. ૫૦૮). અ-પીલ કોર્ટના હુકમનાંમાથી દરમીયાન ઊપજ અપાવેલ નોતી પણુ બજાવણીમાં અસલ કોર્ટે તે વાદી પાસેથી વસુલ કરી. તેમાં ઠરાવ્યુ છે કે તે પોતાના સંહ પ્રતીવાદીઓ પાશેથી ફાળો લેવાનો દાવો કરી શકતો નથી. કાર્ણુકે તે હુકમનાંમાથી દરમીયાંન ઊપજ અપાવેલી ન્હોતી. (બનવારીલાલ વી. સીધીસ્ટ . ૧૮૭૬ ૨૫ વી રી ૨૬૯).

પક્ષકારો.—ફાળા બાબતના દાવામાં હીતવાળા તમાંમ પક્ષકારેને પક્ષકારો કરવા જો-ઇએ (ખેમાદેબીયા વી. કમળાદાંન (૧૮૬૮) ૧૦ વી. રી. ૧૦) અને દરેક પક્ષકાર પાસે જે લહેણી રકમ નીકળતી હોય તે દાવા અરજીમાં બતાવવી જોઇએ જો નાબતાવેલી હોય તો તે દાવાઅરજી નામજુર કરવી જોઇએ (ભોળાનાથ વી. ઇંદ્રચંદ્ર (૧૮૭૦) ૧૪ વી. રી. ૩૭૩; પરંતુ જુઓ ઇબન હુસન વી. રાંમદાઇ (૧૮૯૦) ૧૨ અ. ૧૧૦).

કોપી રાઈટ.—મુંબઈના રજીસ્ટરમાં એકાદી બાબત નોંધવાનો હુકમ કરવાને કલકતા હેયકોર્ટની હકુમત છે (ઇસમાયલ વી. આલજીભાઇ (૧૯૦૫) ૧ ક. લા. જ. ૨૭૮)

સહ હીસ્સેદાર.—મજીયારી મીલકતના એક ભાગનો કબજો લેવાનો દાવો કરવાને એક મજયારા હિંદુ કુટંબના એક સહ હીસ્સેદારનો હક છે, અને તેને વહેંચણુ બાબત દાવો કરવાની જરૂર નથી (રાંમચંદ્ર વી. દાંમોદર (૧૮૯૬) ૨૦ મુ ૪૬૭; વોટસન અને કંપની વી. રાંમચંદ્ર લા. રી. ૧૭ ઈ. અ. ૧૧૦; (૧૮૯૧) ૧૮ ક. ૧૦ મોહેશ વી.

ન્યુમાર્ટ (૧૯૦૫) ૧ ક. લા જ. ૪૩૭). એક સહ હીસ્સેદાર મજીયારી મીલકતમાં પોતાના ખર્ચથી હોડી રાખે, પણ બીજા સહ હીસ્સેદાર પાસેથી કબજો છોડાવે નહી અથવા તે જમીન અથવા હોડીના વાપરવાનો અટકાવ કરે નહીતો જો કે તેઓનો હક ઈનકાર કરતો હોય તોપણ તે બાબત તાકીદ હુકમ, નુકશાંની અથવા ઊપજનો હીસાબ લેવાને તેઓ કાંઇ દાદ મેળવી શકતા નથી લછમેશ્વરસીંગ વી મનોવર હુશન લા. રી. ૧૯ ઈ. અ. ૪૮; (૧૮૯૨) ૧૯ ક. ૨૫૩) તાકીદ હુકમ આપવાથી અથવા ના આપવાથી એક અથવા બીજી બાજુને થએલા નુકશાનની રકમ જોયા વીના એક શખસને પોતાના હક કરતાં નહી કરવાનો એક સહ માલેકનો તાકીદ હુકમ મળવાનો હક છે એવો ઓહોળો નીયમ નથી (સામનગર જ્યુટ ફેકટરી કંપની વી. રામનારાયણ (૧૮૮૭) ૪ ક. ૧૮૯; વળી જુઓ જયચદ્ર વી. બાપ્રોચણ (૧૮૮૭) ૧૪ ક ૨૩૬). મજીયારી મીલકતનો કબજો કરનાર સહ હીસ્સેદાર જ્યાં સુધી બીજાનો હક ઇનકાર કેરે નહી ત્યાં સુધી તે બીજાના વીરૂધનો તેનો કબજો થતો નથી (ઊજ્જલબી વી. ઊમાકાંત કરમાકર (૧૯૦૪) ૩૧ ક. ૯૭૦, ૯ ક. વી. નો. ૩૨).

ઈમારતો:—નોકરીલાલ ચકરબતી વી બીંદાબનચણ ચકરબતી (૧૮૮૨) ૮ ક. ૭૦૮) ના કામમાં ઠરાવ્યું છે કે મજીયારે કબજાવાળી જમીન ઉપર કેટલાક સહ હીસ્સેદારોએ અથવા તેમાંના એક સહ હીસ્સેદારે જ્યારે એક કાયમ ઇમારત બાંધેલી હોય અને બીજો સહ હીસ્સેદાર તે ઇમારત ખસેડાવવાને માગતો હોય તો, જે નીયમ પ્રમાણે ચાલવાનુ છે તે એ છે કે કોર્ટને તેમાં હાથ ઘાલીને તે ઇમારત ખશેડવાને ફરમાવવુ તો પણ આ ફુલ અખત્યાર નથી કે તેનો અમલ જરૂરે કરીને દરેક દાવામાં કરવોજ જોઇએ, અને એક નીયમ તરીકે જો વાદી અવુ બતાવી શકે નહી કે તે ઇમારત બાંધવાથી મને હરકત થએલી છે અને વળી વધારામાં વખતે એવુ બતાવી શકે નહી કે તેણે તે બાંધતા અટકાવવાને મેં વખતસર ઈલાજ કરેલો હતો. તે ફુલ અખત્યાર વાપરવાનો નથી. માટે તેના સહ માલેકોની પરવાનગી વીના અને તેઓએ સામી હરકત લીધા છતાં તે જમીન ઉપર તે મજીયારા માલેકે તે ઇમારત બાંધેલી છે તેટલી માત્ર હરકતથી તે ઇમારત તોડી નંખાવવાનો સહ માલેકો જો એમ બતાવ નહી કે તે ઇમારતથી એવી વાસ્તવીક રીતે હરકત થએલી છે તે જમીનના વહેંચણુ બાબતના દાવામાં પણ તે દુરસ્ત કરી શકાય તેવુ નથી તો તે સહ માલેકોનો હક થતો નથી (પરશરામ વી. શરજીત (૧૮૮૭) ૯ અ. ૬૬૧, પણ જુઓ ફાજીલતુનીસા વી. ઈઝાજ હુસન (૧૯૦૩) ૩૦ ક. ૯૦૧). એક માહાલના એક સહ હીસ્સેદારનો એવો કાયમ તાકીદ હુકમ કડાવવાનો હક છે કે વહેંચણ કરતી વખતે જે હીસ્સો એક સહ હીસ્શેદારના હીસ્સામાં આવે તે કરતા વધારે જમીનઉપર ઇમારત આગળ બાંધવી નહી અને હવે પછી કાઇ વખતે સ્વતંત્ર માલેક તરીકે ઇમારત બાંધવી નહી (શાદી વી. અનુપસીંગ (૧૮૯૦) ૧૨ અલ્હાબાદ ૪૩૬). મજીયારા માલેકોમાનો એક માલેક મજીયારી મીલકત ઉપર ઇમારત બાંધે તેથી કાંઇ પ્રતક્ષ હરકત બીજા મજીયારા માલેકોને થતી ના હોય તોપણ તે બીજા મજીયારા માલેકોની લેવાની પરવાનગી વીના તે એક માલેકનો મજીયારી મીલકત ઉપર ઇમારત બાંધવાનો હક થતો નથી (નજુ વી. ઇમતી યાઝુદીન (૧૮૯૬) ૧૮ અ. ૧૧૫; કનકાયા વી. નરસીંહ હુલુ (૧૮૯૭) ૧૯ મ ૩૮).

ખર્ચ:— સને ૧૮૬૪ ના મુંબાઇના એકટ ૫ મા પ્રમાણે કબજા બાબતના દાવામાં બચાવ કરવાના ખર્ચ બાબત (જાલમ પંજા વી. ખોદો જાવરા ૮ મુ. હા. કો. ૨૯) અથવા સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની ક. ૨૭૮ (આ કાયદાના ઓ. ૨૧, રૂલ. ૫૮, ૫૯, ૬૦, રેફરંશ કેસ ૩ મ. હા. કો. ૩૪૧) પ્રમાણેના દાવામાં સામી હરકત લેવામાં જે ખર્ચ

થએલુ હોય, અથવા ફોજદારી ગુન્હા બાબત ફરીયાદ ચલાવવામાં જે ખર્ચ થએલુ હોય (ફાઝલ ઇમાંમ વી. ફાઝલ (૧૮૯૦) ૧૨ અ. ૧૬૬), જે ચરમોની વી. બૈઘ (૧૯૦૫) ૩૨ ક. ૪૨૯ ના કામમાં મંજુર રાખેલો છે); અથવા ફોજદારી ફરીયાદમાં બચાવ કરવામાં જે ખર્ચ થએલુ હોય (મહમદઅલી વી. બાયામા (૧૮૯૦) ૧૪ મુ. ૧૦૦) તો તે બાબત દાવો ચાલતો નથી; અને યોગ્ય હકુમતવાળી કોર્ટે ખર્ચનો હુકમ કરેલો હોય અથવા તે વીશે ના કહેલી હોય તો કાંઇ જુદો દાવો ચાલતો નથી (બાહા રાંમદાસ વી. અજુધીયા (૧૮૮૭) ૮ અ. ૪૫૨; કાદીર બક્ષ વી. સાલીગરાંમ (૧૮૮૭) ૯ અ. ૪૭૪). મોરીશસની કોર્ટમાં અમુક વહેપારીયો નાદાર છે એવુ ઠરાવેલુ હતુ તેથી "કંપોઝીશનદીડ" કરવાને અમુક લેણદારો એ કબુલ કરેલુ હતુ અને તે કોર્ટે મંજુર રાખેલુ હતુ તેમાં હાલનો વાદી અમુક પેઢીનો વહીવટ કરનાર અંગભુત છે એવુ તેંનુ વર્ણન કરેલુ હતુ તેને અંગભુત તરીકે નીમવામાં આવ્યો હતો અને તેંની પહેઢી દર શેકડે ૫૦ ટકા પ્રમાંણે ફાળો આપવાને માથે રાખેલુ હતુ. ત્યાર પછી તે પહેડી બંધ થઈ અને તેંની મીલકત ત્રીજા પક્ષકારને "અસાઇન" કરવામાં આવેલી હતી. માટે મોરીશસમાં જુદા જુદા દાવામાં ટ્રસ્ટી તરીકે વાદીને હુકમનામાથી ખર્ચ અપાવવામાં આવેલુ હતુ તેથી એવી હરકત લેવામાં આવી હતી કે તેંની પેહેડી બંધ પડવાથી અને તેંની મીલકત બીજાને અશાઇન કરવાથી દાવો કરવાને તેને અટકાવ થએલો છે. ઠરાવ્યું છે કે વાદીનો તે દાવો કરવાનો હક છે (સુબારાયા વી. વીથીલીંગમ (૧૮૯૭) ૨૦ મ. ૯૧). એક કામમાં ખર્ચ બાબતનુ હુકમનાંમુ હુકમનામાવાળાએ "અસાઇન" કરેલુ હતુ અને "અશાઇની" એ તે ખર્ચ કોર્ટની બાહાર લીધુ હતુ પછી તે હુકમ નામુ પ્રીવીકૌસીલમાં અપીલ કરવાથી ફેરવવામાં આવ્યુ તેથી ઠરાવેલુ છે કે તે પ્રમાંણે વસુલ કરેલા ખર્ચ વીશે "અશાઇની "ઊપર કોઈ દાવો ચાલતો નથી (લલતા પ્રસાદ વી. સાદીક હુસન (૧૯૦૨) અલ્હા. ૨૮૮) ફોજદારી કાંમ ચલાવવાની રીતીના કાયદાની ક. ૧૪૫ મી પ્રમાણે ચાલેલા કાંમમાં સાક્ષી આપવાને હાજર થવામાં જે ખર્ચ થએલુ હોય તે વીસે દીવાની દાવો ચાલેછે (નમાઇચદ્ર વી. અજાહર ચોધ્રી (૧૯૦૩. ૪) ૮ ક. વી. નો. ૭૧૮).

કોર્ટ ઓફવોર્ડશ.—એર સગીરનુ લગ્ન કરવામાં આવે તેમાં કોર્ટ ઓફ વાર્ડશ હરકત કરે તો તે હરકત હાયકોર્ટ અટકાવી શકતી નથી (ગજાધર પ્રશાદ અરજ દારના કાંમમાં ૧૮૬૬) ૩ વી. રા. પ્ર. ૪૧).

હુકમનામુ.—હુકમનામા બજાવવા બાબત ઠરાવો કરેલાછે માટે તે ઠરાવો પ્રમાણે જ્યારે એકાદો હુકમનાંમા વાળો કાંમ ચલાવી શકતો હોય ત્યારે તે રેગ્યુલર દાવો લાવી શકતો નથી માટે બજાવણીમાં નીમેલા રીશીવરનુ ખર્ચ મળવાનો દાવો ચાલતો નથી (મહમદ વી. જસોદાલાલ વીરી. ૧૮૬૪ પાંનુ ૨૪૭. મીરઝા મહમદ વી. બાળ મકુંદની વીધવા લા. રી. ૩ ઇ. અ. ૨૪૧, ફકીર આપા વી. પાંડુ રેગાપા (૧૮૮૨) ૬ મુ ૭), અને મુદત બજાવવાને વાદીને હરકત થાય ત્યાં સુધી વાદીને બજાવવાને કસુર કરેતો, તે પાછો રેગ્યુલર દાવો લાવી શકતો નથી (અનરૂધસીંગ વી. શીવ પ્રશાદ (૧૮૮૨) ૪ અલ્હાબાદ ૪૮૧, હરી રાવજી વી. શાપુરજી લા. રી- ૧૭૯. અ. ૬૬), પરંતુ જુઓ મહમદ શમીયુદીન વી. મનુલાલ (૧૮૮૯) ૧૧ અ. ૩૮૬; જાવીત્રી વી. ઇમાઇલ (૧૮૯૧), ૧૩ અ. ૯૮). હુકમનાંમામાં જાગીરો છોડાવવાનો હક બંધ થયાનો ઠરાવ ના હોયતો, મુંબાઇમાં ગીરો છોડાવવાનો હક બંધ થયાનુ હુકમનામુ થયા પછી ગીરો છોડાવવાને બીજો દાવો ચાલતો નથી; મદ્રાસમાં જુદી રીતે છે (ચુડા સમા વી. ઇસ્વર ગર (૧૮૯૨) ૧૬ મુ. ૨૪૩ પા- ૨૪૮). જો હુકમનાંમુ વહેંચણુ બાબતનુ હોયતો બીજો દાવો ચાલેછે, અને બીજો દાવો વહેંચણુ કરાવવાના હક બાબતનો છે,

(નસરૂલ્લા વી. મજી મુલ્લા (૧૮૯૧) ૧૩ અ. ૩૧૩) અથવા પહેલો દાવો અ. ઊપર નાંણા સંબંધીને છે, વ્યાજબી કારણોને લીધે એક ત્રીજા સખસના કબજામાં મીલકત છે તે ઊપર હુકમનામુ બજાવવાનો હક ઠરાવવા બાબતને છે (ગુરૂદાસપેન વી. રામનારણ) લા. રી. ૧૧ ઇ. અ. ૫૯) અથવા પરરાજયના આખરના હુકમનામા જેવું તે હુકમનામુ બજાવાય તેવુ નથી (નોવીયન વી. ફ્રીમેન ૩૭ સી. ડી. ૨૪૪); જે અસલ દાવામાં પ્રતીવાદી ઊપર સમન્સ બજાવવામાં આવેલો ના હોય; અથવા હુકમનામુ હક ઠરાવવાનુ હોય (એદલજી વી. માણુકજી (૧૮૮૭) ૧૧ મુ. ૨૪૧. વીનાયક વી. આબાજી (૧૮૮૮) ૧૨ મુ. ૪૧૬; શ્રી કીષ્ન વી. સીનગર (૧૮૮૨) ૪ મ. ૨૧૯); અથવા જો તે થોડોક હક ઠરાવ્યા વીસેનુ હોયતો તે ઊપરથી દાવો ચાલે છે (સાભાનાથ વી. સુબા (૧૮૮૪) ૭ મ. ૮૦). પરંતુ જો હુકમનામુ હક ઠરાવ્યાનુ ના હોય અને બજાવવા લાયક નાહોય તેવુ મોઘમ હોય તોપણ બીજો દાવો ચાલતો નથી (વેનકાંના વી. એપ્રતામા (૧૮૮૯) ૧૨ મ. ૧૮૩; અને જુઓ આસુતોશ બેનરજી વી. લખી મોની (૧૮૯૨) ૧૯ ક. ૧૭૯) વેચાણના એક કરારની રૂઇએ વાદીએ કબજા બાબત દાવો કરેલો હતો અને તેણે પોતાને વેચાણ આપનાર ગીરો મુકનાર હતો તો તેણે પોતાને હક હીત તેને વેચાણ આપેલુ હતુ તેથી તે વેચાણ આપનાર ઊપર એક હુકમનામુ મેળવ્યું હતુ વાદીએ બીલકુલ બજાવણી કરેલી ન્હોતી અને ત્રણ વર્ષ કરતાં વધારે મુદત વીતી ગયા પછી તેણે તે ગીરોથી છોડાવવાને દાવો કરયો હતો. તેમાં ઠરાવ્યુ છે કે જો કે તે હુકમનામુ બજાવી તેનો અમલ કરી શકાતો નથો તોપણ, તે વેચાણના દસ્તાવેજ અને તે હુકમનામા પ્રમાણે વાદીનો હક કાયમ રહેલો છે, માટે તે દાવો ચાલે છે (જગરનાથ વી. બાળ ગોબીંદ (૧ વા. પ્રા; પા. ૫૯ આવૃતી ૧૮૬૯ પા. ૧૫૪ આવૃતી ૧૮૭૩ અને ૧ અ. હા. કો ૧૦૫ ઇસ્વરપ્રસાદ વી. જેનારણ (૧૮૮૬) ૧૨ ક. ૧૬૯; શંકર બીસ્તો વી. નરસીંગરાવ (૧૮૯૮) ૨૨ મુ. ૬૬૭) અને જ્યાં ખરીદ કરનાર (કીશોરી મોહન બી. ચંદ્રનાથ (૧૮૮૭) ૧૪ ક. ૬૪૪ અને બજાવણી માં થએલા લીલામમાંથી ખરીદ કરનારના અસાઇનીને કબજો આપવામાં આવેલો ના હોયતો, તેઓને તે મીલકત બાબત દાવો કરવાની પરવાનગી આપવામાં આવેછે (સેરૂમોહન વી. ભગોબન (૧૮૮૩) ૯ ક. ૬૦૨) અને જો હુકમ વાળાને અથવા તેના અસાઇનીને ખાસ કબજાને બદલે ફકત નીશાન તરીકેનો કબજો ફકત મળેલો હોય તો તેજ નીયમ લાગુ થાયછે (જગોબંધો વી. પુર્ણાનંદ (૧૮૬૯) ૧૬ ક. ૫૩૦; સેવુ વી. મનુસાંમી (૧૮૮૭) ૧૦ મ. ૫૩ ; પણ જો અસલ હુકમનામાના એકાદા પક્ષકાર ઊપર દાવો કરેલો ના હોય, પરંતુ તેની પાસેથી પટે રાખનારનો તે જમીન ઊપર કાયમ હક હોયતો તેમ નથી (દલમારપુરી વી. બીપીન બીહારી (૧૮૯૧) ૧૮ ક. ૫૨૦) એકાદા હુકમનામાની રૂઇએ લેહેણા નાંણા વસુલ કરેલા હોય અથવા દાવાના એક પક્ષકાર પાસેથી અઘટીત રીતે વસુલ કરેલા હોય તો તે હુકમનામુ બજાવનારી કોર્ટમાં દરખાસ્ત કરીને નાંણા વસુલ કરવા લાયક છે અને તે બાબત રેગ્યુલર દાવો કરીને તે વસુલ કરવાના નથી (પરતાબસીંગ વી. બેનીરાંમ (૧૮૭૯) ૨. અ. ૬૧; જશવતસીંગ વી. દીપસીંગ (૧૮૮૫) ૭ અ. ૪૩૨, દાવો ફકત કરીને–રામગુલામ વી. દ્વારકારાય (૧૮૮૫–૭ અ. ૧૭૦ કાલીયાણ સુદ્રામ વી. અંગનાવે દેસ્વર; (૧૮૮૮) ૧૧ મ. ૨૬૧ અને જુઓ નારાયણ વી. નારાયણ (૧૮૯૦) ૧૪ મ. ૪૩૭ મુકુંદ વી. મહમદ (૧૮૮૭) ૧૪ ક. ૪૮૪).

હુકમનામાની રૂઇએ દાવો:—હાયકોર્ટના હુકમનામાની રૂઇએ કલકતામાં હાયકો-

ર્ટમાં દાવો કરી શકાય છે (એટર મોનીદાસી વી. હરીદાસ (૧૮૮૧) ૭ ક. ૭૪). મદ્રાસમાં એક નેટીવકોર્ટના હુકમનામાની રૂઇએ દાવો ચાલે છે (કલ્યુગમ વી. ચોકાલીંગ (૧૮૮૪) ૭ મ. ૧૦૫; સામા રાયર વી. અના માલાઇ (૧૮૮૪) ૭ મ. ૧૬૪; તેમ મુંબાઇમાં નથી—હીમતલાલ વી. શીવાજીરાવ (૧૮૮૪) ૮ મુ. ૫૯૩, શખારાંમ દીક્ષીત વી. ગણેશ (૧૮૭૯) ૩ મુ. ૧૯૩. જુઓ ક. ૧૪); અપીલ ચાલતી હોય અને હુકમનામાની રૂઇએ નવો દાવો ચાલે કીંવા નહી તે શક ભરેલુ છે (ઇમામમ વી. હરદયાળ (૧૮૬૬) ૫ વી. રી. ૨૭૬; અથવા મુદતની હરકત છે કે નહી તે શક ભરેલુ છે (ફકીર આપા વી. પાંડુરંગ આપા (૧૮૮૨) ૬ મુ. ૭. તોપણ, જુઓ એટરમોનીડોશી વી. હરીદાસ (૧૮૮૧) ૭ ક. ૭૪). એકાદી દીવાની કોર્ટના હુકમનામાની રૂઇએ સ્માલકાઝ કોર્ટમાં દાવો ચાલતો નથી (મંછારાંમ વી. બક્ષી સાહેબ ૬ મુ. હા. કો. ૨૩૧; મેરવાનજી વી. આશાભાઇ (૧૮૮૪) ૮ મુ. ૧). તેમ રેવન્યુ કોર્ટના સાંથના હુકમનામા ઉપરથી રેગ્યુલર દાવો ચાલતો નથી (આનંદમોઇ વી. પટીટ પનાની (૧૮૬૩) બ.. લા. રી. ૧૮), પરંતુ સ્માલકાઝ કોર્ટના હુકમનામાની રૂઇએ મુંબાઇ હાયકોર્ટમાં દાવો ચાલે છે (મેહેરવાનજી વી. આશાબાઇ (૧૮૮૪) ૮ મુ. ૧ પા. ૧૨; સને ૧૮૮૨ ના એક્ટ ૧૫ ની ક. ૫૪; કલકતામાં તેમ નથી—ગોલામ આરબ વી. કરીમબક્ષ (૧૮૮૦) ૫ ક. ૨૫૪.)

સાજશથી કરાવેલુ હુકમનામુ:—એકાદા સાજસથી કરાવેલા હુકમનામાનો પક્ષકાર તે હુકમનામુ રદ કરવાનુ માગવાને મુખત્યાર નથી (વરદરાજુલુ વી. શ્રીનીવાસુલુ (૧૮૯૭) ૨૦ મ. ૩૩૩ જુઓ આગળ "કપટ":—

હુકમનામુ કપટવાળુ નહી તે:—જો હુકમનામામાં કપટ થએલુ ના હોય તો તે રદ કરાવવાનો દાવો ચાલતો નથી (સાધુમીસ વી. ગોલાપસીંગ (૧૮૯૬—૯૭) ૧ ક. વી નો. ૨૦૦ નો ઠરાવ શ્રીમતી વી. અસમા (૧૯૦૬) ૧૦ ક. વી. નો. ૧૦૨૪; પ્રાંણનાથ વી. મહેશચંદ્ર (૧૮૯૭) ૨૪ ક. ૫૪૬; રામનારાયણ તેવારી વી. શીવભંજન (૧૯૦૦) ૨૭ ક. ૧૯૭; દવારકાપ્રશાદ વી. લછમનદાસ (૧૮૯૯) ૨૧ અ. ૨૮૯; લછમી દયાળ વી. હરનાંનીલાલ (૧૯૦૩) ૨૫ અ. ૩૪૭. જુઓ આગળ "કપટ."

ભુલ:—એકાદા હુકમનામામાં ભુલ દુરસ્ત કરાવવાનો દાવો ચાલે છે. (જોગેશ્વર આથા વી. ગંગા બીશન (૧૯૦૩—૪) ૮ વી. નો. ૪૭૩).

હુકમનામાનુ અસાઇન મેંટ:—એક હુકમનામાના અસાઇની ખાયશથી પોતાનુ અસાઇન મેંટનુ બળવાનપણું ઠરાવવાનો દાવો ચાલે છે (ઓમાનપતી વી. ચીતકુંતા (૧૯૦૩) ૨૬ મ. ૨૬૪.

ગીરો રાખનાર:—જ્યારે એક મકાન ગીરો રાખનારે ગીરો મુકનાર અને માછળથી તેની પાસેથી ખરીદ કરનાર ઉપર એક હુકમનામુ મેળવેલુ હોય ત્યારે તે ખરીદ કરનાર ઉપર તે ઘરનો સામાન લેઇ જવાથી જે જામીની ઓછી થાય તે બાબત દાવો ચાલે છે, પરંતુ સ્માલકાજ કોર્ટમાં તે દાવો ચાલતો નથી (ઉમર કરીમ વી. શેવનલાલ (૧૮૭૯) ૪ ક. લા. રી. ૨૯૧).

પ્રોબેટ વીગેરે:—સને ૧૮૬૦ ના એક્ટ ૨૭ પ્રમાણે એકાદુ સર્ટીફીકટ આપેલુ તે રદ કરવાનો દાવો ચાલતો નથી (રઘુબર દયાળ (૧૮૭૪) ૨૨ વી. રી. ૩૧૨) તોપણ તે સર્ટીફીકટ પાછુ ખેંચી લેવાના કારણ તરીકે ઉપયોગમાં લેવાને હક ઠરાવવાનો દાવો ચાલે છે (રસીકચંદ્ર વી. રામલાલ (૧૮૭૪). ૨૨ વી. રી. ૩૨૧); તેમ એક

વીલનુ પ્રોબેટ આપવાનો હુકમ રદ કરાવવાંનો રેગ્યુલર દાવો ચાલતો નથી. તે આપ્યા બાબત પ્રોબેટ કોર્ટમાં એક અરજી કરીને તે તકરાર કરવી જોઇએ (મેયો વી. વીલીયમ્સ ૨ અ. હા. કો. ૨૬૮) પણ તે બાબતમાં કપટ થએલુ હોવુ ના જોઇએ, અથવા હકુમતની ખાંમી ના જોઇએ (કમો લોચનદત વી. નીલરતન (૧૮૭૯) ૪ ક. ૩૬૦; ૪ ક. લા. રી. ૧૭૫). પરંતુ લેંણદારોની સાથે કપટ કરીને જ્યારે એક વીલ કરવામાં આવેલુ હોય તો જે હુકમનામાના લેણદારે જપ્તી કરાવેલી હોય તે (ઊમાનાથ મુખોપાધ્યા વી. નીલમણી સીંગ ૬ ક. ૪૨૯, (૧૮૮૪) ૧૦ ક. ૧૯; લો. રી. ૧૦ ઇ. અ. ૮૦), અથવા ઘણાજ નજીકના સગા પાસેથી ગીરો રાખનાર (નોબીનચંદ્ર સીલ વી. ભોબોસુંદ્રી (૧૮૮૧) ૬ ક. ૪૬૦; સુરબોમંગળ વી. સાશીભુશન (૧૮૮૪) ૧૦ ક. ૪૧૩) અથવા બંગાળામાં એકાદા હિંદુએ દીકરા મુકેલા હોય પણ તેની વિધવા (બીંદા ચોધ્રાણી વી. રાધીકા ૧૧ ક. ૪૯૨) તે રદ કરાવવાને અરજ કરી શકે છે; પરંતુ જે સખસે પ્રોબેટના ચાલેલા કામમાં ભાગ લીધો હોય તે શખશ તે પ્રમાણે કરી શકતો નથી. તેનો ઇલાજતો ફેંસલાની ફરી તપાશ કરાવી શકાય તે છે (સુરજી જીવણદાસ અરજદાર (૧૮૮૧) ૫ મુ, ૬૩૮; વળી જુઓ તે બતાવ્યા વીશે હોરમસજી વી. ધનબાઇજી (૧૮૮૮) ૧૨ મુ. ૧૬૪; નીસતારીની વી. બ્રહ્મોમોઇ (૧૮૯૧) ૧૮ ક. ૪૫. એક જીલ્લા જડજે વહીવટ પત્ર આપેલુ તે સને ૧૮૮૧ ના એક્ટ ૫ ની ક ૫૦ પ્રમાણે રદ કરેલુ હતુ. તેમાં ઠરાવ્યુ છે કે તે રદ કરવાનુ કારણ દુર થએલુ છે, માટે તેજ હેતુ બાબત નવી અરજી સાંભળવાનો તે જડજને હકુમત છે (બીરજલાલ વી. સેક્ટરી ઓફ સ્ટેટ (૧૮૯૮) ૨૦ અ. ૧૦૯).

હુકમનામુ કાયમ હોયતે.—એકાદુ હુકમનામુ અથવા ફેંશલો ફેરવવામાં આવે અથવા રદ કરવામાં આવે ત્યાં સુધી બળવાંન છે એવુ ગણવુ જોઇએ. માટે એક હુકમનામાની અથવા ફેંસલાની રૂઇએ જે નાંણા વસુલ કરેલા હોયતો જ્યાં સુધી તે હુકમનામુ અથવા ફેંસલો કાયમ હોય ત્યાં સુધી એક રેગ્યુલર દાવામાં તે નાંણા પાછા વસુલ કરી શકાતા નથી (સોભાપ્રસાદ વી. હરોપ્રશાદ ૧૦ મુ. ઇ. અ. ૨૦૩; અને જુઓ નીલમણીસીંગ વી. વી. સરોદા (૧૮૭૪) ૧૮ વી. રી. ૪૩૪; જોગેશચંદ્ર વી. કાળીચર્ણુ (૧૮૭૮) ૩ ક. ૩૦; મહમદ ઇલાહી વી. કાળીમોહમ (૧૮૮૦) ૫ ક. ૫૮૯) તોપણ જ્યારે હુકમનામુ ફેરવવામાં આવેલુ હોય ત્યારે તે પાછુ લેવાનો દાવો ચાલવાને હરકત નથી (નારાયણ વી. નારાયણ (૧૮૯૦) ૧૩ મ. ૪૩૭). જે નાંણા જમીનદારના ગુમાસ્તાને આપવામાં આવેલા હતા તે આપ્યા પછી રેવન્યુ કોર્ટના હુકમનામા પ્રમાણે તે નાંણા જમીનદારને આપવામાં આવેલા તે લેવાનો દાવો ચાલતો નથી (સુદામીની દાસી વી. થાકોમણી દેવી. ૩ બં. લા. રી. અપી. ૧૧૪). પરંતુ એક હુકમનામુ અપીલમાં રદ કરવામાં આવેલુ અને તે હુકમનામા પ્રમાણે પ્રતીવાદીએ અમુક જમીનનો કબજો લીધેલો હતો તેથી તે જમીનમાંથી પાક કાપી લેઈ જવા બાબતનુ નુકશાન લેવાનો દાવો ચાલે છે (શરનોમોઇ વી. પટારી સરકાર (૧૮૭૯) ૪ ક. ૬૨૫). અને જ્યારે સાંથ બાબત ઊતરોત્તર હુકમનામા કરાવેલા હોય અને દરેકનો આધાર પહેલા હુકમનામા ઊપર હોય અને પાછળથી તે પહેલુ હુકમનામુ અપીલ કરવાથી ફેરવવામાં આવેલુ હોયતો તે બીજા હુકમનામાની રૂઇએ વધારાના જે નાંણા આપેલા તે પાછા લેવાનો દાવો ચાલે છે (જોગેશચંદ્ર વી. કાળીચર્ણુ (૧૮૭૮) ૩ ક. ૩૦, તોપણ કાંઇક તેવાજ કામમા ફરી તપાશમાં તે દાદ અપાવેલી છે વાઘેલા વી. મશલુદીન (૧૮૮૯) ૧૩ મુ. ૩૩૦).

બીજા ન્યાયની રૂએ હુકમો:—સાર્વજનીક કારણુસર જે જમીન લેવામાં આવેલી તે જમીન ઉપરના રસ્તાના હક બાબત દાવો ચાલતો નથી (ફેનવીકના કામમાં (૧૮૭૦) ૬ બં. લા. રી. અપી. ૪૭; ૧૪ વી રી. ફ્રે. ૭૨). પરંતુ સને ૧૮૭૨ ના એકટ ૧૦ની ક. ૫૧૮ પ્રમાણે એક મેજીસ્ટ્રેટે કરેલો હુકમ હકુમત વીનાનો છે એવુ ઠરાવવાને તથા વાદીનો હક ઠરાવીને તેને દાદ આપવાનો દાવો ચાલે છે (કેદારનાથ વી. રઘુનાથ ૬ અ. હા. કો. ૧૦૪; ગોપી મોહન વી. તારામણી (૧૮૮૦) ૫ ક. ૭; જુઓ બ્રેડલી વી. જેમીસન ૧૧ ક. લા. રી. ૪૧૪), પરંતુ એકાદો રસ્તો સાર્વજનીક ઠરાવવાનો હુકમ રદ કરાવવાનો (ઉજલાબાઇ દાશી વી. ચંદ્રકુમાર ૪ બં. લા. રી. ૨૪) અથવા વાદીના સ્વતંત્ર કબજાના હકનો સ્પષ્ટ પુરાવ હોવા શીવાય અમુક નદી સાર્વજનીક ઘોરી રસ્તાની છે એવુ ઠરાવવાનો (રાંમક્રીસ્તો વી. કાલુ ૧૮ વી. રી. ૨૮૪), અથવા સાર્વજનીક ઘોરી રસ્તાને હરકત તરીકેનો એક કોઠો ખશેડવાનો ઠરાવ કરવાનો (મીચુ વી. રેવનશા ૧૯ વી. રી. ૩૪૫); અથવા એક "શેડ" ખશેડવાનો (બાકશરાંમ વી. ચમનરાંમ ૭ વી. રી. ૧૧) દાવો ચાલતો નથી. પરંતુ જે સખસ એકાદા દાવામાં એક સખસ એવુ બતાવે કે તે મારી મીલકત છે તો તે સખસને આવા હુકમોથી અટકાવ થતો નથી (લાલજી ઊખેદા વી. જવબા (૧૮૮૨) ૮ મુ. હા. કો. ૯૪; માહારાંણી વી. હર્ચીંગ્સ ૬ કયુ. બી. ડી. ૩૦૦). એકાદુ દબાણુ સ્થાનીક અપકૃત્ય તરીકે ગણુવામાં આવેલુ ના હોય તે ખશેડવાના મેજીસ્ટ્રેટના હુકમ વીરૂધ દાવો ચાલે છે (આનંદચંદ્ર વી. રોખો તારણુ (૧૮૬૫) ૨ વી. રી. ૨૮૭), અથવા ખાંનગી જવા આવવાના રસ્તામાં તેમની તરફથી હરકત કરેલી હોય તે વીશે (શાંમદાસ વી. ભોળાદાસ (૧૮૬૪) ૧ વી. રી. ૩૨૪; કાદીર મહમદ વી. મહમદ શાધીર (૧૮૬૪) ૧ વી. રી. ૨૭૭). દાવો ચાલે છે; અને એવુ કહીને દાવો ચાલે છે કે મેજીસ્ટ્રેટના હુકમનાનામાનો આધાર બતાવીને ખાંનગી મીલકતનો વાદીનો કબજો પ્રતીવાદીએ લીધેલો છે (દેબચંદ્ર વી. જયચંદ્ર (૧૮૭૪) ૨૨ વી. રી. ૪૬૧).

આબરૂની હાંની:—એક બતાવલુ બનાવ્યાથી નુકશાન થએલુ તે બાબતનો દાવો ચાલે છે (પીતાંબરદાસ વી. દવારકાપ્રશાદ ૨ અ. હા. કો. ૪૩૫). પરંતુ કલકતા હાયકોર્ટના ફુલબેંચના ઠરાવ પ્રમાણે ફકત જે બીભત્સ ભાષાથી આબરૂની હાંની થતી ના હોય તો તે બાબતનો દાવો ચાલતો નથી (ગીરીશચંદ્ર વી. જટાધારી (૧૮૯૯) ૨૦ ક. ૬૫૩, ૩ ક. વી. નો. ૫૫૧; ભુની મોની વી. નટબર બીસ્વાસ (૧૯૦૪) ૨૮ ક. ૪૫૨; કાશીરાંમ વી. ભાદુર ૭ મુ. હા. કો. ૧૭). વાદીને બોલાવવામાં અદબની ઊપમાઓ આપવામાં ના આવે તેથી નીંદા અથવા લાયબલ બાબતનો દાવો ઊતપન્ન થતો નથી (સીતારામ વી. સન્યાશી રજુ ૩ મ. હા. કો. રી. એ. સી. ૪ ન્યાતના લોકોના ઠરાવ વીશે જુઓ વલભ વી. મધુસુદન (૧૮૮૯) ૧૨ મ. ૪૯૫). એકાદા મજીયારા કુટંબના ગુજરી ગએલા અંગભુતની આબરૂને હાંની કરયા બાબત તે કુટંબના પાછળ હયાત રહેલા અંગભુતો દાવો કરી શકતા નથી (લકમસી વી. હરબન (૧૮૮૧) ૫ મુ. ૫૮૦), તેમ એક દીકરીની આબરૂને હાંની કરયા બાબત તેણીનો બાપ દાવો કરી શકતો નથી (ડાહ્યા વી. પરમસુખ (૧૮૮૯) ૧૧ અ. ૧૦૪). પુરૂષ સગાઓનો પોતાની સગી સ્ત્રીઓની નીંદા બાબત દાવો કરવાનો હક નથી (ઊદય વી. ભવાંનીપ્રશાદ, અલ્હાબાદ હા. કો. રી. ૧૮૬૬ પા. ૨૬૪; સુબાયર વી. ક્રીસ્ટનાયર (૧૮૭૬) ૧ મ. ૩૮૩). કેટલાક પ્રતીવાદીઓ ઉપર નીંદા બાબતનો એકઠો દાવો કરી શકાતો નથી. માટે તમામ પ્રતીવાદીઓ સાથે રહીને જે કામ કરેલુ હોય તેથી પરીણામે જે ખાસ નુકશાન થએલુ હોય તે શીવાય દરેક પ્રતીવાદી ઊપર જુદા દાવા કરવા જોઇએ (નીલ માધબ વી.

દુખીરામ (૧૮૭૫), ૧૫ બં. લા. રી. ૧૬૧; વુઝેર નીસા વી. મહમદ હુસન (૧૮૭૫) ૧૫ બં. લા. રી. ૧૬૬ નોટ).

દ્વેષઃ—જુઓ જેનોર વી. દેલમેજ અપી. કેસ ૧૮૯૧ પા. ૭૩; હીકસ વી. ફોકનર ૮ ક્યુ. બી. ડી. ૧૬૭ પા. ૧૭૪; જે કામ અંતે વાદીના લાભમાં થાય તે કામ દાખલ કરવાને વ્યાજબી અને સંભવીત કારણ સામાન્ય રીતે ના હોય તો તેથી દ્વેષનું અનુમાન ઉત્પન થાય છે. (જંગબાહાદુર વી. રાયગુદાર (૧૮૯૬–૯૭) ૧ ક વી નો. ૫૩૭).

જબરાઇથી લેવું:—એક જમીનના માલેક પાસેથી પટે રાખનારાઓનો પાક ખોટી રીતે એકાદો ત્રાહિત સખસ જબરાઇથી અટકાવે તો તે ખોટી રીતનો અટકાવ તે જમીનનો માલેક રદ કરાવી શકે છે (હરીનારાયણ વી. સુધા કીસ્તો (૧૮૭૯) ૪ ક. ૮૯૦).

દાક્તરની ફીઃ—એકાદો દાકતર પોતાની ફી લેતાં પહેલાં એકાદા રોગીની બરદાશ કરે તેથી તે દાકતરને પોતાની ફી લેવાનો દાવો કરવાની કાંઇ હરકત થતી નથી. (હરીચંદ્ર વી. બ્રજનાથ (૧૮૭૦) ૧૩ વી. રી. ૯૬).

કીનારા બાંધવા તેઃ—કીનારા રાખવાની જમીનદારોની જવાબદારી વીશે. (નફરચંદ્ર ભટો વી. જોતીન્દ્ર મોહન (૧૮૮૧) ૭ ક. ૫૦૫).

જુઠી કેદઃ—જુઠી કેદ થવાને સારૂ તદન અટકાવ થવો જોઇએ અને અમુક બાજુ તરફ એ કાંઇ થોડો થવો ન જોઇએ (બર્ડ વી. જોન્સ ૭ ક્યુ બી ૭૪૨; ફોજદારી કાયદાની કલમ ૩૪૦); પરંતુ ખરી રીતે જબરાઇના પરીણામે અટકાવ થયેલો જોઇએ એવી જરૂર નથી. અને જો એકાદો અમલદાર એકાદો સખસ તે એમ કહે કે તમારે મારી સાથે આવવુ જોઇએ તો તે બસ છે. (પીકોક વી. મુરરે તથા મો, ૩૨૧ ગ્રેઇન્જર વી. હીલ, ૪ બીંગ. એન. સી. ૨૧૨. આ પ્રકારના દાવા વીષે જુઓ પેંડા વ્યંકટ આપા વી. આરૂવલા, ૨ મુસં. ઇ અ. ૫૦૪; માધબચંદ્ર વી. બેણી માધવ, (૧૮૭૧) ૧૫. વી. રી. ૮૫; પેટન વી. હરીરામ અ. હા. કો. રી. ૧૮૬૮ પા. ૪૦૯; પ્રાણકુશમ વી. સ્ટુઅર્ટ ૨ મ. હા. કો. રી. ૩૯૬; સીનકલેર વી. બ્રાઉટન (૧૮૯૫) ૯ ક. ૩૪૧; ૧૩ ક. લા. રી. ૧૮૫; લા. રી. ૯ ઈ. અ. ૧૫૨; અને એકવર્થ વી. શાવકશા (૧૮૯૫). ૧૯ મું. ૪૮૫. તે કામમાં એક વારંટ બજાવવામાં વાદીને પકડવામાં આવેલો ને તેમાં જોર વાપરવામાં આવેલુ હતુ તેથી મુંબાઇના મ્યુનીસીપલ કમીશનરને નુકશાન બાબત જવાબદાર ઠરાવેલો હતો).

જેલર—જુઓ મીગોટી વી. કોલવીલ ૪ સી. પી. ડી. ૨૩૩.

દીવાની કોર્ટના વારંટ પ્રમાણે.—જુઓ ફીશર વી. પીઅર્શ ૯ મું. ૧

જુઠો આરોપ.—એક જુઠા આરોપ અને કાયદાની વીરૂદ્ધ કેદની વચ્ચેના ભેદ વીષે (ઓસ્ટીન વી. ડાઉલીંગ. લાં. રી. ૫. સી. પી. ૫૩૪; શહેનશાહ બાનુ વી. લક્ષ્મણ (૧૮૭૮) ૨ મું. ૪૮૭; હીકસ વી. ફોકનર ૮ ક્યુ. બી. ડી. ૧૬૭ પા. ૧૭૦). રાખેલા આરોપના પરીણામ ઉપરથી એવું માલુમ પડવું જોઇએ કે રાખવાને કાંઇ કારણ નહોતુ એમ એકાદો દાવો કરતા પહેલા જણાવું જોઇએ (બેસબી વી. મેથ્યુસ લા. રી. ૨. સી. પી. ૬૮૪) માટે એકાદા સખસને નાદાર ઠરાવેલો હોય અને તે ઠરાવ જ્યાં સુધી કાયમ હોય ત્યાં સુધી અરજદારે જુઠી દ્વેષ ભરેલી રીતે મને નાદાર કરેલો છે એવા કારણથી તે દાવો કરી શકતો નથી. (મીટ્રોપોલીટન બેંક વી. પુલી. ૧૦ અપી. કેસ. ૨૧૦), અને અપીલ ઉપરથી ગુન્હાની સાબીતીનો ઠરાવ ફેરવવામાં આવેલો ના હોયતો દ્વેષ ભરેલી રીતે ફર્યાદ ચલાવવામાં આવેલી તે બાબતનો દાવો ચાલવાને હરકત છે. (ભેરબચંદ્ર વી. મોહેન્દ્ર (૧૮૭૦) ૧૩ વી. રી. ૧૧૮; સ્વામી નાયદુ વી. સુબ્રમાનીય ૨ મ. હા. કો. રી. ૧૫૮). તે આરોપ કાંઇ વ્યાજ

બી અથવા સંભવીત કારણ શીવાય રાખેલો હોવો જોઇએ). અને આ બાબત વાદીએ સાબીત કરવી જોઇએ (જુઓ તે શબ્દો વીશે બર્નસ વી. નોવેલ ૫. ક્યુ. બી. ડી. ૪૪૪; થોમ્સન વી. ફેરર ૯ ક્યુ. બી. ડી ૩૭૨; હીકસ વી. ફોકનર ૮ ક્યુ. બી. ડી. ૧૬૭). અને અસલકોર્ટથી તે આરોપને ટેકો મળેલો હોય અને તે કોર્ટનો ઠરાવ અપીલ કરવાથી રદ કરવામાં આવેલો હોય તોપણ આ નીયમ વીષે મજબુત રીતે નાકારમાં ઠરાવ થાય છે (પારીમી વી. બેલામ કોન્દ્રા ૩ મ. હા. કો. રી. ૨૩૯; વીરાના વી. નાગાયા. ૩ મ. ૬. કોઇબાતુલા વી. બોતી. (૧૮૭૦) ૧૩. વી. રી. ૨૭૬). વળી વાદીએ પોતાની જાતને, આબરૂને અથવા મીલકતને હરકત થયેલી છે એવું સાબેત કરવું જોઇએ. (એબરથ વી. નોર્થ ઇસ્ટર્ન રેલ્વે. ૧૧. ક્યુ. બી. ડી. ૪૪૮, હીકસ વી. ફોકનર ૮ ક્યુ. બી. ડી. ૧૬૧).

જુઠી સાક્ષી.—જુઠી સાક્ષી આપ્યા બાબત એકાદા સાક્ષી ઉપર કાંઇ દીવાની દાવો ચાલતો નથી. જુઠા સાક્ષી વીરૂદ્ધ જુઠા સોગન બાબત ફરીયાદ ચલાવવાનો ફકત ઇલાજ છે (ટેપલન વી. લોરી. (૧૯૦૧) ૨૫. મુ. ૨૩૦).

હોડી.—એક સરકારના ઠરાવ પ્રમાણે આપેલી હોડીનો માલેક હરકોઇ સખસ તેજ જગાએ પોતાને લઇ જવાને સારૂ તથા ફકત પોતાના નોકરોને લઇ જવા સારૂ હોડી વાપરતો ના હોય અને તે જગાએ હોડી ફેરવતો હોયતો તે સખસ ઉપર દાવો કરે (લછમેશર સીંગ વી. લીલાનંદસીંહ (૧૮૭૯) ૪. ક. ૫૯૯; ૩ ક. લા. રી. ૪૨૭)- અને જે હોડી કાયમ હોય તેના માલકી હકમાં હરકત થાય એવી હરીફાઇ કરનારી હોડી રાખી શકાતી નથી. (નારાયણસીંગ વી. નારેન્દ્ર નારાયણ (૧૮૭૪) ૨૨. વી. રી. ૨૯૬) તેમ સરકાર તરફથી એકાદી મીલકતનો ઠરાવ કરાવવામાં આવેલો હોય તેમાં આવી ગયેલી હોડી એકાદા મેજીસ્ટ્રેટના હુકમથી બંધ કરેલી હોયતો તે ફરીથી ખુલ્લી કરવાને દાવો ચાલતો નથી. (રામ જીવણ વી. શાહબાદના કલેકટર (૧૮૭૧) ૧૫. વી. રી. ૧૩૨). ખાંનગી વહીવટની એકાદી હોડી હોય તે સાર્વજનીક હોડી કરવામાં આવે તે બાબત કમપેન્સેશન લેવાનો દાવો ચાલવા લાયક નથી. (પબનાના કલેકટર વી. રામનાથ ટાગોર (૧૮૬૭) ૭ વી. રી. ૧૯૧ પરંતુ જુઓ ગોવીંદસીંગ વી. ગાઝીપુરના મેજીસ્ટ્રેટ ૪. વા. પ્રાં. ૧૪૬). અને જો કે એકાદો માણસ પોતાની જમીનમાં હોડી રાખીને ટોલ લે તોપણ સરકાર તરફથી તેને તે મળ્યા શીવાય પોતાનીજ હોડી રાખવાનો હક છે એવો દાવો તે કરી શકે છે કે નહિ તે શક ભરેલું છે લછમેરસીંગ વી. મનોવર લા. રી. (૧૮૯૨) ૧૯ ઇ. અ. ૪૮. ૧૯ ક ૨૫૩ જુઓ નીત્યાગરી વી. ડયુન (૧૮૮૧) ૧૮ ક. ૬૫૨)

માછીનો ધંધો—વાહણ ચાલે એવી એકાદી નદીમાં માછલા પકડવાનો હક સાર્વજનીક નથી તેમ તેવી નદીમાં માછલા પકડવાનો સ્વતંત્ર હક કોઇ સખસોને આપવાને કોઇ કાયદાથી સરકારને મનાઇ કરેલી નથી. (ચંદ્રજાલી વી. રામચરણ (૧૮૮૮) ૧૫. વી. રી. ૨૧૨). અને એકાદી ભરતી આવે તેવી અને વાહણ ફરે તેવી નદીમાં માછલા પકડવાનું કામ કરવાનો ખાંનગી હક સરકાર પાસેથી મળેલો હોવો જોઇએ. (પ્રસનો કુમાર વી. રામ કુમાર (૧૮૨૯) ૪. ક. ૫૩, વળી જુઓ હરીદાસ મલ વી. મહમદ જાકી. (૧૮૮૫). ૧૧. ક. ૪૩૪). આવી નદીમાં માછલા પકડવાનો હક તેમજ વળી તે નદીનું તળીયું ખાંનગી સખસોને સરકાર આપી શકે છે. (સાતકૌરી ઘોસ વી. સેક્રેટરી ઓફસ્ટેટ (૧૮૯૫) ૨૨ ક. ૨૫૨). અને દરીયામાં થોડા પાણીનું નીશાન હોય તેમાં માછલા પકડવાના વાદીના હકમાં ગેર કાયદે હરકત કરવા બાબત નુકશાની અને તે કરતા તાકીદ હુકમ કઢાવીને અટકાવવાને એકાદો દાવો હોયતો તેની તપાસ કરવાને દીવાની કોર્ટની હકુમત છે.

(બાબન માયાચા વી. નાગુ (૧૮૭૮). ૨ મું. ૧૯). એકાદા બળની જમીન વાદીની ના હોય અને તે બળમાં માછલાં પકડવાનો હકનો કબજો લેવા સારૂ એકાદો દાવો કરવામાં આવેતો તેનો વીશેષ રીતે દાદ મળવાના એકટ (સને ૧૮૭૦ ના ૧) ની કલમ ૯ ના ઠરાવમાં સમાસ થતો નથી. (ફાદુબેલા વી. ગોર મોહન (૧૮૯૨) ૧૯ ક. ૫૪૪; નટબર વી. કુમીર (૧૮૯૧) ૧૮૬. ૮). એકાદા પટાથી પટે રાખનારને નીરાકાર હક આપેલો હોયતો તે બાબત ઠરાવેલું છે કે આવા તળાવની સાંથ બાબતનો દાવો દીવાની કોર્ટને તપાસવા લાયક છે અને સને ૧૮૫૯ ના એકર ૧૦ પ્રમાણે રેવન્યુ કોર્ટને તપાસવા લાયક નથી. (મોહનંદ ચક્રવર્તી. મંગોલા કચુતાની. (૧૯૦૩–૪) ૮ વી. નોટ ૮૦૪)

પર રાજ્યનું સ્વસ્થાન.—પરરાજ્યના રાજા કોર્ટ પોતાને પોતાની સરકારી મીલકત આપવાનો હુકમ કરી શકે તે પ્રમાણે કોર્ટની હકુમતને તાબે થએલા હોય તોપણ, તે પરાજ્યના રાજાની સાર્વજનીક મીલકતમાં હાથ ઘાલવાની તે કોર્ટોને હકુમત નથી (આવેસર વી. ફ્રુપ ૯ સી. ડી. ૩૫૧). એક પરરાજ્યના સરકારે સરકારનુ કાંમ કૃત્ય કરેલુ હોય તેથી બ્રીટીસ ઈંડીયામાંહેની મીલકતને હરકત થઈ શકતી નથી. (ગીરધારી વી. માધવદાશ (૧૮૯૩) ૧૭ મુ. ૬૦૦; ગોવરધન લાલજી વી. ગીરધર લાલજી (૧૮૯૩) ૧૭ મુ ૬૨૦) નંબર ૧ નો પ્રતીવાદી કોચીનના દેશી સ્વસ્થાનનો રહેવાશી થએલો તેથી તેણે વાદીના તારવાડના મરનાર કારના ચાલતુ લેહેણુ વસુલ કરવાને રેશીડન્ટ સાહેબ તરફથી એક સર્ટીફીકટ મળવેલુ હતુ. વાદી પણ નંબર ૧ ના પ્રતીવાદીની માફક ત્યાંનોજ રહેવાશી હતો તેથી મરનાર કારનાવાંનની મીલકતનાં અમુક સરકારી પ્રોમીશરી નોટો ઉપરનુ જે વ્યાજ લહેણુ થએલુ તે લેવાનો હક ઠરાવવાને વાદીએ દાવો કરયો. તેમાં ઠરાવ્યુ છે કે તે દાવો ચાલતો નથી (એમુની વી. ક્રીષ્ન (૧૮૯૩) ૧૬ મ. ૪૦૫) એકાદા દેશી સ્વસ્થાનમાંની એકાદા કોર્ટના ફેંશલાની રૂઈએ દાવો ચાલે છે (મયારામ વી. રામજી (૧૯૦૦). ૨૪ મુ. ૮૬). કાઠીયાવાડ માંહેની એજંસી કોર્ટોની પોલીટીકલ હકુમત ઉપર "કીંગઇન કૌસીલ" માં કાંઇ અપીલ ચાલતી નથી (હેમચંદ વી. આઝમ (૧૯૦૬) ૩ ક. લ. જ. ૩૫૫; ૮ મુ. લા. રી. ૧૨૯; (૧૯૦૬) ૩૩. ક. ૨૧૯)

જંગલના અમલદાર.—મદ્રાશના જંગલના એકટ (સને ૧૮૮૨ના ૫ માની ક. ૧૦ પ્રમાણે જંગલના અમલદારને ફેંશલો એક જીલ્લા જડજે બાહાલ રાખેલો હતો તેથી તે ફેંસલો રદ કરવાને અને અમુક તળાવ ઊપરનો દાવો તે કલમ પ્રમાણે રદ કરેલો હતો તે તળાવ લેવાનો એક દાવો સાંભળવાને એક મુનસીફની હકુમત નથી (રાંમચંદ્ર વી. સેક્રટરી ઓફસ્ટેટ (૧૮૮૯) ૧૨ મ. ૧૦૫). બ્રીટીશ ઈંડીયાની બાહારની અમુક જમીન ઇનામમાં આપવામાં આવેલી તેની થએલી ઊપજ નાશીક કોર્ટની હકુમતની અંદર પ્રતીવાદીએ લીધેલી તેમાંના એક હીસ્સા ઊપર હક ઠરાવવાનો બ્રીટીશ ઇંડીયામાં નાસીકની કોર્ટમાં વાદીએ દાવો કરયો. તેમાં ઠરાવ્યુ છે કે તે દાવો તે કોર્ટની હકુમત અંદરનો છે (કાશીનાથ વી. અનંત સીતા રાંમબાવા (૧૯૦૦) ૨૪ મુ. ૪૦૭)

કપટ.—કપટના કારણથી એક હુકમનામુ રદ કરાવવાનો દાવો ચાલેછે (ગોલાબચંદ વી. પ્રશનો કુમારી (૧૮૯૩) ૨૦ વી. રી. ૮૬; મુદતના એકટના પૂરીષ્ટ ૨ ની આરટીકલ ૯૫; ફ્લોવર વી. લ્લોયડ ૬ સી. ડી. ૨૯૭; નીલ મોની. આઇમુનીસા (૧૮૮૬) ૧૨ ક. ૧૫૬; અબદુલ મૌઝુમદાર વી. મહમદગાઝી (૧૮૯૪) ૨૧ ક. ૫૦૬ મંછારાંમ વી. કાળીદાશ (૧૮૯૫) ૧૯ મુ. ૮૨૧). જે સખસે હુકમનામુ કરાવેલુ છે તે સખસ સાથે વાદીના બાપના એજન્ટ સાજશ થી મળી જઇને જુઠી સાક્ષી આપેલી હતી. અને તેથી કરીને

તે હુકમનામું મેળવેલું તે કારણ હતું. (ક્રીષ્ણ ભુપતી વી. રામ મુર્તી (૧૮૯૩) ૧૬ મ. ૧૯૮). માટે વાદીએ તે કપટ સાબીત કરવું જોઇએ. પ્રતીવાદીએ જુઠી હકીકત કહેલી છે એવું તે બતાવે તે બસ નથી (મહમદ ગોલાબ વી. મહમદ સુલેમાન (૧૮૯૪) ૨૧ ક. ૬૧૨). અર્થાત નહિ પણ ખરી રીતે કપટ થએલુ છે એવુ કહેલું હોવુ જોઇએ (પેચ વી. :વોર્ડ લા. રી. ૧ એક. સી. ૪૩૬). પરંતુ હુકમનામું થયા પછી અસલ કોર્ટમાં જો વાદીએ કપટ વીષે કહેલું હોય અને નીશફળ થઇને અપીલ ચાલતા છતાં અપીલ કરેલી ના હોય તો તેમ નથી (રાજકીશન વી. મધુસુધન. (૧૮૭૨) ૧૭ વી. રી. ૪૧૩). ઇંગ્લાંડમાં કપટના કારણથી પરરાજ્યની કોર્ટનો ફેંસલો નીશ્ચય કાર્ક નથી (એબોલોફ વી. ઓપન હીમર ૧૦ કયુ. બી. ડી. ૨૯૫; વળી જુઓ નોવીઅન વી. ફ્રીમેન ૩૫. સી. ડી. ૭૦૪ પા. ૭૨૦). અને ધણું કરીને કપટના સવાલનો નીર્ણય થયેલો ન હોયતો દાવો ચાલે છે વીજરી વી. ટેપર ૭ સી. ડી. ૪૨૩); અથવા બજાવણીના કામમાં એક પક્ષકારે તે કરેલું હોય નહિ તો તે દાવો ચાલે છે (પ્રાંજપે વી. કાનડે (૧૮૮૨) ૬ મું. ૧૪૮; મોહન્દ્ર નારાયણ વી. ગોપાળ મંડળ (૧૮૯૦) ૧૭ ક. ૭૬૯ પરંતુ તે હુકમનામું રદ કરવાને પ્રત્યક્ષ રીતે તે પક્ષકારો દાવો કરે નહિંતો તે બાબત આડી રીતે દોશ મુકી શકાતો નથી માટે તેનો અમલ કરવો જોઇએ (હરેચંદ્ર બીશ્વાસ વી. નોબોકીશન મુકરજી વી. રી. ૧૮૬૪ પા. ૧૫૯ જુઓ મેવાલાલ વી. ભજન (૧૮૭૪) ૨૨ વી. રી. ૨૧૩ અને સાધુ મીશર વી. ગુલાબસીંગ (૧૮૯૬-૯૭) ૧ ક. વી. નોટ ૨૦૦; રામસ્વરૂપ વી. રૂખમીન કુંવર (૧૮૮૫) ૭ અ. ૮૮૪). ડીફેન્સ તરીકે પણ કપટની તકરાર થઇ શકે છે (અહમદભાઇ વી. વલીભાઇ ૬ મુ. ૭૦૩; બેન્ડન વી, બેંચર ૩. કલ. ફીન ૪૭૯). પરંતુ સ્થાવર મીલકતનું વેચાણ કરવાના એક હુકમનામાની બજાવણીમાં કોર્ટ તે વેચવાની ના કેહવાને મુખત્યાર નથી એવા કારણથી કે તે દાવામાં મીલકત જે સખસના કબજામાં છે તે ત્રાહિત સખસ છે કપટના કારણથી તે હુકમનામા વીષે વાંધો લેછે; તેણે એક દાવો ફાઇલ કરવો જોઇએ અને તાકીત હુકમ મેળવવો જોઇએ (પરશોતમ વી. પરશોતમ (૧૮૮૪) ૮ મું. ૫૩૨). જે હકીકતથી કપટ થતું હોય તે હકીકતની નક્કી તે ખુલ્લી રીતે ખબર હતી. એવું સાબીત થવું જોઇએ (રહીમભાઇ વી. ટરનર (૧૮૯૩) લા. રી. ૨૦. ઇ. અ. ૧). કલકત્તા હાઇકોરટ એકાદ હુકમનામું એક સરખી હકુમતની બીજી કોર્ટે કરેલું હોય તે કપટના કારણથી રદ કરવાને દાવો સાંભળી શકે છે. (નીસ્તારીની દાસી વી. નંદલાલ બોઝ. ૩૦ ક. ૩૬૯; ૭ ક. વી. નોટ ૩૫૩). જો એકાદી બીજી કોર્ટે કરેલું તેવું હુકમનામું કપટથી મેળવેલું હોયતો એકાદી કોર્ટ તે નીર અર્થક ગણી શકે છે (નીસ્તારીની દાસી વી. નંદલાલ બોઝ (૧૮૯૮-૯૯) ૩ ક. વી. નોટ ૬૭૦). અપીલ ઉપરથી (૧૯૦૩) ૭ ક. વી. નોટ ૩૫૩; ૩૦ ક. ૩૬૯ વળી જુઓ રજીબ પંડ્યા વી. લાખન (૧૯૦૦) ૨૭ ક. ૧૧; બર્કતુનીસા વી. ફાજલ હક (૧૯૦૪) ૨૬ અ. ૨૭૨). જો એકાદા હુકમનામામાં કપટ ના હોયતો તે રદ કરવાને દાવો ચાલતો નથી. જે જીલ્લામાં કપટ ભરેલુ હુકમનામું મેળવેલું હોય તે જીલ્લામાં તે દાવો કરવો જોઇએ (આમરાવ વી. હોર્ડસ (૧૯૦૭) ૨૯ અ. ૪૧૮),

પ્લીડીંગ.—કપટના તમામ કામોમાં દાવા અરજીમાં અમુક જે કૃત્યોથી કપટ થયેલું કેહવામાં આવતું હોય તે કૃત્યો બતાવવાં જોઇએ (મીરઆઝીમુદીન વી. ઝયુઅલ નીસા (૧૮૮૨) ૬ મું. ૩૦૯. ગંગા નારાયણ વી. તીલકરામ લા. રી. ૧૫ ઇ. અ. ૧૧૯; (૧૮૮૮). ૧૫. ક. ૫૩૩, અને બીજા કોઇ કારણથી વાદી ફતેહ મેળવી શકતો નથી. (અબદુલ હુસેન વી. ટરનર (૧૮૮૭) ૧૧. મું. ૬૨૦. લા. રી. ૧૪. ઇ. અ. ૧૧૧; ફી-

શ્રાજી વી. વામનજી (૧૮૯૪) ૧૮ મુ. ૧૪૪; ચેનવીરાપા વી. દાનાવા (૧૮૯૫) ૧૯ મું. ૫૯૩). દાવા અરજીમાં કપટ કેહવામાં આવેલું ના હોય અથવા તે વીષે ઇસ્યુ કાહડવામાં આવેલો ના હોયતો તે કપટ વીષે વીચાર કરી શકાતો નથી (ઇમદાદ વી. આઝીઝુન્નીસા લા. રી. ૨૩ ઇ. અ. ૧૭. (૧૮૯૬) ૨૩ ક. ૪૯૨). વળી જુઓ "કપટ" અને ઓરડર ૬ રૂલ ૪ આગળ.

કપટમાં એકાદો પક્ષકાર સામેલ હોય તેની અને નીરઅપરાધી ત્રીજા પક્ષકારની વચમાં જે તફાવત છે તે વીષે (ચેનવીરાપ વી. પટાપા (૧૮૮૭) ૧૧ મુ. ૭૦૮; વ્યંકટ રામાના વી. વીરામા (૧૮૮૭) ૧૦ મ. ૧૭; રંગામલ વી. વ્યંકટચારી. (૧૮૯૫) ૧૮. મ. ૩૭૮; (૧૮૯૭) ૨૦ મ ૩૨૩; યારામતી વી. ચંદ્ર (૧૮૯૭) ૨૦ મ. ૩૨૬) સાજસથી કરાવેલા હુકમનામાનો એકાદો પક્ષકાર તે હુકમનામું રદ કરાવવાને દાવો કરી શકતો નથી. (યાર્દ રાજુલુ વી. શ્રીનીવાસુલુ (૧૮૯૭) ૨૦ મ. ૩૩૩). પરંતુ જે સખસે કપટ કરેલું હોય તે સખસ પોતાની પુર્વે હકવાળો હતો એવી હકીકત છતાં વાદી કપટની તકરાર કરી શકે છે (બરહત નીસા વી. ફાજલ હક (૧૯૦૪) ૨૬ અ. ૨૭૨). જ્યારે માલેક મીલકત બાજાને વેચાણ આપેલી હોય એવા હેતુથી કે મ્હારા લેણદારો પેશ પ્હોચી શકે નહિં અને તે કપટનો અમલ કરવામાં આવેલો હોય તો તે માલેક કબજો લેવાના દાવામાં ફતેહ મેળવી શકતો નથી (હુન્નાપા વી. નર્સાપા (૧૮૯૯) ૨૩ મું. ૪૦૬; એન્કા બીહારી વી. રાજકુમર (૧૯૦૦) ૨૭ ક. ૨૩૧; ૪ ક. વી. નોટ. ૨૮૯; ગોવીંદકુવર વી. કીશનપ્રશાદ (૧૯૦૧) ૨૮ ક. ૩૭૦). પરંતુ અમુક જમીન વાદીએ પ્રતીવાદીના નામથી ખરીદ કરેલી એવા હેતુથી કે વાદી તેહસીલદાર હતો તેથી તે ખાતાના નીયમો વીરૂદ્ધ પોતાના તાલુકામાં મીલકત મેળવેલી છે તે હકીકત કલેકટરથી છુપાવવી તેથી તે વાદીએ તે જમીન ઉપર પોતાનો હક ઠરાવવાને દાવો કર્યો. તેમાં ઠરાવ્યું છે કે તેણે માગેલો હક મેળવવાને તેનો હક થાય છે (લોબો વી. બ્રીટો (૧૮૯૮) ૨૧ મ. ૨૩૧). અમુક દાવામાં એવું માલુમ પડેલું કે એવડો હિસાબ રાખવામાં આવે છે. તેમાં એક સાચો ને બાજો જુઠો કે જેથી સરકાર ઠગાય; તેમાં ઠરાવ્યું છે કે આ ઉપરથી વાદી પોતાનીને પ્રોતાના ભાગીદારની વચમાં તે વેપારનો ખરો નફો કેટલો થયેલો છે તેવું બતાવવાનો તેનો હક જતો નથી. (ગણેશ વીઠલ વી. શ્રીપદ દાથોબા (૧૮૯૬) ૨૦ મું. ૬૬૮).

વ્યાજ:—જ્યારે એકાદો દસ્તાવેજ કપટના કારણથી રદ કરવામાં આવે ત્યારે ધીરેલાં નાણા અને તે ઉપરના વ્યાજ વીષે નીચે બતાવેલો ઠરાવ જુઓ (અજીતસીંગ વી. બીજાઈ લા. રી. ૧૧ ઇ. અ. ૨૧૧; પ્રતાપ બાહાદુર વી. ચીતપાળ લા. રી. ૧૯. ઈ. અ. ૩૩; (૧૮૯૨) ૧૯ ક. ૧૭૪).

દાવાનો અસર:—કપટના કારણથી એક હુકમનામુ રદ કરવામાં આવેલું હોય તો તે હુકમનામું થતાં પહેલા પક્ષકારો જે સ્થીતીમાં હતા તે સ્થીતીમાં પાછા જતા નથી (ભીમાજી વી. રખમાબાઇ (૧૮૮૬) ૧૦ મું. ૩૩૮). જો કે એકાદ હુકમનામુ એકાદા પ્રતીવાદી વીરૂદ્ધ કપટ ભરેલું અને નીરઅર્થક ઠરાવવામાં આવે તોપણ તે હુકમનામુ બીજા પ્રતીવાદી વીરૂદ્ધ કાયમ રહે છે (પસુપતીનાથ બોઝ વી. નંદલાલ બોઝ (૧૯૦૩) ૩૦ ક. ૭૧૮).

મુદત:—સને ૧૮૮૬ માં એક સનંદથી શીવગંગાના જમીનદારને નીમેલો હતો અને તેણે તે ઇનામ મેળવનારે તથા તેના વંશજોએ અપીલવાળાની પુર્વે થયેલા સખસોને ખબર પડે તેવી રીતે તે મીલકત ભોગવેલી હતી. અને તે ઇનામ મેળવનારે કપટથી તે સનંદ સરકાર પાસેથી મેળવેલી હતી. તેમાં ઠરાવ્યું છે કે આટલી મુદત થઇ ગયા પછી કાંઇ દાવો

ચાલતો નથી (ગૌરીવલ્લભ વી. શીવગંગાના જમીનદાર લા. રી. ૨૧ ઇ. અ. ૯૩).

હાટઃ—જ્યારે દાવા અરજીમાં એમ કહેવામાં આવેલું હોય કે ઘણા વરસથી વાદી પોતાની જમીન ઉપર હાટ રાખતો હતો અને તેજ દીવસોએ પ્રતીવાદીએ સામું હાટ રાખેલુ હતુ અને તેમણે વાદીના હાટ ઉપર જતા સખસોને અટકાવવાને અજમાવેલું હતુ તેથી વાદીને પોતાનું હાટ રાખવાની મનાઇ કરવાનો મેજીસ્ટ્રેટને એક હુકમ કરવો પડયો હતો અને પરીણામે તેને ખોટ અને નુકશાન વેઠવું પડ્યું હતું તેમાં ઠરાવ્યું છે કે આ ઉપરથી દાવો કરવાનું પાકુ કારણ થાય છે. (ગોપીમોહન વી તારામણી (૧૮૬૯) ૪ ક લો. રી. ૩૦૯) ૫ ક. ૭; કેદારનાથ વી. રઘનાથ ૬ અ. હા. કો. ૧૦૪ ના ઠરાવનો મુકાબલો કરો. પોતાના હસ્તક બધુ કરેલું છે એવું સાબીત કરવાને જરૂરીઆત પુરાવ વીષે જુઓ રખલદાસ વી દુર્ગાસુંદરી (૧૮૯૦) ૧૭ ક. ૪૫૮).

વંશપરંપરાનું કામ અને પેનશનઃ—એકાદા પેનશન બાબત કેટલે દરજ્જે દાવો ચાલી શકે છે તે વીશે નીચે બતાવેલા ઠરાવો જુઓ (ખંડો નારાયણ વી. આપાજી (૧૮૭૮) ૨ મું. ૩૭૦; ચીત્તો આબાજી વી. લક્ષ્મીબાઇ (૧૮૭૮) ૨ મુ. ૩૭૫; ગોપાળ હનમંત વી. સખારામ (૧૮૮૦) ૪ મું. ૨૫૪; વાસુદેવ વીઠ્ઠલ વી રામચંદ્ર (૧૮૮૨) ૬ મું. ૧૨૯). અને પેનશનો કીયાં છે તે વીશે–વાસુદેવ સદાશીવ વી રત્નાગીરીના કલેકટર લા. રી. ૪ ઇ. અ. ૧૧૯; પરભુદાસ રાયાજી વી. મોતીરામ કલ્યાણદાસ (૮૭૬) એક મુંબાઇ ૧૦૩, પા. ૨૦૬; સેક્રેટરી ઓફ સ્ટેટ વી. જમનાદાસ (૧૮૮૨) ૬ મું. ૭૩૭ અને હજારા વી. બર્દવાનના કલેકટર (૧૮૭૫) ૨૩ વી. રી. ૩૭૮ નો ઠરાવ માહારાવળ વી મુંબાઈ સરકાર લા. રી. ૮ ઇ. અ. ૭૭ ના ફેંસલાથી રદ થયેલો છે). એકાદા વતનના હીસ્સા બાબતનો મોહીયુદીન વી. છોટીબીબી (૧૮૮૧) ૫ મું. ૫૭૮; મહમદ ઇશાક વી. આઝીઝુન નીસા (૧૮૮૨) ૪ મ ૩૪૧); અથવા વતનદાર ઠરાવવાનો દાવો ચાલે છે (રામચંદ્ર વી. અનંતશા (૧ ૮૪) ૮ મું. ૨૫; વળી જુઓ બાલકીશ્ન વી બાલાજી (૧૮૮૫) ૯ મું. ૨૫; પારસા વી લાગમાયાશાન (૧૮૮૯) ૧૩ મુ. ૮૩; જનાર્દનરાવ વી ધી સેક્રેટરી ઓફ સ્ટેટ (૧૮૮૯) ૧૩ મુ. ૪૪૨; ગોવીંદ સીતારામ વી. બાપુજી (૧૮૯૪) ૧૮ મુ. ૫૧૬). પરંતુ જાતીકા અથવા રાજ્ય પ્રકર્ણી પ્રકારના ઇનામ બક્ષીસો તે મનાઇમાં આવી જાય છે પાંનાચ્યદયાન વી. નીલકંદાયન (૧૮૮૪) ૭ મ. ૧૯૧ વળી જુઓ ઇનામી જમીન સંબંધી વેંકટ વી. રામા (૧૮૮૫) ૮ મ. ૨૧૯; શ્રીન્ડીવાસાયર વી. લક્ષમમ્ (૧૮૮૪) ૭. મ. ૨૦૬; વેંકટ નરસીમા વી. સુર્યનારાયણ (૧૮૮૯) ૧૨ મ. ૧૮૮; વેંકટ નારાયણ વી. સુબરાયાદુ (૧૮૮૬) ૯ મ. ૨૧૪). ગામના સુતારના વંશપરંપરાની નોકરી સબધી " મનીયમ " જમીન બાબતનો દાવો ચાલવાને સને ૧૮૩૧ ના કાયદા ૬ ની ક. ૩ નો અમલ કરવાથી હરકત છે પલામાલાઇ વી. શાન મુગા (૧૮૯૪) ૧૭ મ. ૩૦૨). પ્રતીનાધી વતનદાર તરીકે નો વાદીનો મરતબો ઠરાવવાનો દાવો સાંભળવાને દીવાની કોર્ટની હકુમત નથી. ચાકરી બાબત વતનનો રીવાજ નક્કી કરાવવાની ગરજ સાથે આ શરખાપણુ મુંબાઇના વંશપરંપરાના કામના એકટ. (સને ૧૮૭૪ ના મુંબઇના એકટ ૩) પ્રમાણે કલેકટરનુ રાખેલુ છે અને દીવાની કોર્ટને માટે રાખેલુ નથી–રાવજી વી. ગેનુ ૨૨ મુ. ૩૪૪). જ્યારે વતન એકટ (સને ૧૮૭૪ના મુબાઇના એકટ ૩) ની ક. ૧૦ પ્રમાણે એકાદા કલેકટરના સરટીફીકેટનો આધાર " વતન " શબ્દ ની ખોટી સમજ ઊપર હોય ત્યારે તે કાયદા વીરૂધ અને તે દીવાની કોર્ટને બંધન કારક નથી (રમન ગાવડા વી. શીવાપા ગાવડા (૧૮૯૮) ૨૨ મુ. ૬૦૧). એકાદા અમુક ઝાડના થડ આગળ શેવકો પુજા કરે તે વખતે આચાર્ય તરીકે

કામ કરવાનો વંશ પરંપરાના હક ઠરાવીને તેનો અમલ કરવાને તથા દેવને અર્પણ કરવામાં આવેલુ હોય તેમાંથી એક હીસ્શો લેવાને એક કુટંબનો એક અંગભુત બીજા અંગભુત ઊપર દાવો કરે તો તે દાવો ચાલવા લાયક છે (દીનોનાથ વી. પ્રથ પેહંદ્ર (૧૯૦૦) ૨૭ ક. ૩૦; ૪ ક. વી. નો. ૭૯)—

મંજુરી—પેનશન એકટ પ્રમાણેના દાવાની મંજુરી હોવી જોઇએ સને ૧૮૭૧ ના ૨૩ મો પેનશન એકટ છે તેની કલમ ૪ માં પેનશનની વાખ્યા છે તેમાં એકાદો જે દાવો આવી જાય છે તેમાં જો કે સરકાર પક્ષકાર ના હોય તો પણ કલેકટરનુ સરટીફીકટ ના હોયતો તે દાવો ચાલતો નથી (વેંકાજી વી. સરજારાવ (૧૮૯૨) ૧૬ મુ. ૫૩૭). દક્ષણમાં સરદારોના એજંટની કોર્ટમાં એકાદા સરદાર ઊપર એક દાવો કરવામાં આવેતો તેના કલેકટરના સરટીફીકર ની જરૂરછે (દાજી નીલકંઠ વી. ગણપતરાવ નીલકંઠ (૧૮૯૩) ૧૭ મુ. ૨૨૪). પેનશન એકટની ક, ૬ પ્રમાણેના એકાદા સરંટીફીકટ વીના " મલીકાના " બાબતનો દાવો ચાલતો નથી (આનદી અચન વી. કોમલી અચન (૧૮૯૫) ૧૮ મ. ૧૮૭). એકાદી જાગીરમાંનુ એક ગામ જે પક્ષકારોએ સરકારને સ્વાધીન કરેલુ હતુ તે પક્ષકારોને હમેશને માટે તેના અવેજમાં " મલીકાના " મળતુ હતુ: તેમાં ઠરાવ્યુ છે કે પેનશન એકટની ક. ૩ અને ૪ નો અર્થ કરતાં તે એકટ પ્રમાણે મેળવેલુ સરટીફીકટ ના હોય તો માલીકાના લેવાના હક બાબત તે દાવામાં ન્યાયની રૂઇની તપાસ બાતલ કરેલી છે (દેવ કુંવર વી. માન કુંવર (૧૮૯૫) ૧૭ અ. ૧ લો. રી. ઇ. અ. ૧૪૮ અમુક દરગાઓનો શાહ ટ્રસ્ટી થવાને એક વાદી દાવો રાખતો હતો અને તેથી તે દરગાનો વહિવટ કરવાનો તથા તેની ઊપજ લેવાનો હક રાખતો હતો તેમાં તેને સરકાર તરફથી રોકડ અલાવંશ મળતુ હતુ. તેમાં ઠરાવ્યુ છે તે રોકડ અલાવંશ સબંધી જેટલો દાવો હોય તેમાં પેનશન એકટની ક. ૪ પ્રમાણે સરટીફીકટની જરૂરછે (મીયાંવલ્લી ઊલ્લા વી. બાવા સાંતી (૧૮૯૮) ૨૨ મુ. ૪૯૬). સને ૧૮૭૧ના પેનશન એકટ ની ક. ૪ કરેલી ચાકરીના બદલામાં સરકારે ઇનામમાં જમીનનુ મહેસુલ લેવાના વંશપરના હક આપેલો હોય તેને લાગુ થાય છે (ઇહતીશામ અલી વી. શામ સુંદર (૧૯૦૩). ૨૫ અલ્હાબાદ ૭૩). તે હુકમનામુ કરતા પહેલાં જરૂરીયાત મંજુરી મેળવવામાં આવેતો તે ખાંમી રહેતી નથી (મહમદ એઝમાન વી. લાલી (૧૮૯૨) ૮ ક. ૪૨૨; જીજાજી વી. બાલ કીષ્ન (૧૮૯૩) ૧૭ મુ. ૧૬૯). સરનજામ જમીનના વહીવટ શબંધી એક દાવો કરવામાં આવેતો પ્રથમ દર્શનીક તે દાવાનો પેનશન એકટમાં શમાશ થતો નથી (કેશવરાવ વી. ગણપતરાવ (૧૮૯૨) ૧૬ મુ. ૫૯૬) એક ગામના ઇનામદારે સાંચ બાબત એક " ખોટ " ઊપર દાવો કરેલો હોયતો સને ૧૮૭૧ના પેનશન એકટ ૨૩ પ્રમાણે કલેકટરના સરટીફીટની ખાંમીના કારણથી તે દાવો સાંભળવાને કોર્ટને અટકાવ થતો નથી (ગંગાધર હરી વી. મોરભટ (૧૮૯૪) ૧૮મુ. ૫૨૫). પેનશન એકટની ક. ૪ માં " દાવો " શબ્દ છે તેમાં " બજાવણીના કામો " નો સમાસ થતો નથી, માટે એકાદા હુકમનામાની બજાવણીમાં થએલુ લીલામ બળવાંન ઠરાવવાને કલેકટરના સરટીફીકટની જરૂર નથી (વજેરામ વી. રણછોડજી (૧૮૯૨) ૧૬ મુ. ૭૩૧). ઈંગ્રેજ સરકારના પહેલાં ઈનામી જમીન આપવામાં આવેલી તે શબંધીના દાવાનો પેનશન એકટ ની ક. ૪ ના ઠરાવમાં શમાશ થતો નથી, માટે કલેકટરના સરટીફીકટની જરૂર નથી (તીરૂ મલાઇ નાયક વી. બંગારૂતીરૂમલાઇ) (૧૮૯૮) ૨૧ મ. ૩૧૦).

અશાઇની.—"અશાઇનમેંટ" પેનશન એકટ પહેલાનુ થએલુ ના હોયતો પેનશન એકટ પ્રમાણે એકાદો અશાઇની દાવો કરી શકતો નથી (ઇમતીયાજ બેગમ વી. લ્યાકુતાનીશા

(૧૮૮૪) ૬ અલ્હા. ૬૩૦; (૧૮૮૫) ૭ અલ્હા. ૮૮૬).

હિંદુ વિધવા.—એકાદી હિંદુ વિધવાને પોતાના ધણીની મીલકત વારશામાં મળેલી હોય અને તે વિધવા પુનર લગ્ન કરેતો, તે મીલકત ઊપરનો તેણીનો હક જાય છે માટે તે વિધવાનો મીલકત લેવાનો દાવો ચાલવા લાયક નથી (માતંગગીની ગુપ્તા વી. રામ રતનરાય (૧૮૯૨) ૧૯ ક. ૨૮૯. વળી જુઓ. રસુલ જાહાન વી. રામશર્ણસીંગ ૨૨ ક. ૫૮૯; વીડુ વી. ગોવીંદા (૧૮૯૮) ૨૨ મુ. ૩૨૧; મુરૂગાઈ વી. વીરમકાલી (૧૮૭૬) ૧ મ. ૨૨૬).

હફતો.—એકાદા ખતના હફતા જેમ લહેણા થાય તેમ વસુલ આપવાની દેણદારની કોશીશ લેણદાર પાર પાડવા દે નહીતો તે લેણદારને તે લહેણો હફતો કબુલ કરવાની ફરજ પાડવાનો તે દેણદારનો દાવો ચાલવા લાયક નથી (કીરતાયા વી. કાશી પતી (૧૮૮૬) ૯ મ ૫૫).

વ્યાજ.—જે હુકમનામુ અપીલ કરવાથી પાછળથી ફેરવવામાં આવેલુ હોય તે હુકમનામા સબંધીના નાંણા અનામત મુકેલા હોય તે ઊપરના વ્યાજ બાબતનો દાવો ચાલતો નથી (અશરૂ ફુનીસા વી. ખાંનજાહાન (૧૮૬૬) ૬ વી. રી. ૨૮૫).

એક હુકમનામુ બજાવીને વાદીએ અમુક નાંણા જમે કરાવેલાં પણ પ્રતીવાદીએ સામી હરકત લીધી હતી. છેવટે તે નાંણા લેવાને વાદી જીત્યો તેથી વાદીને જેટલી મુદત તે નાંણા લેતા પ્રતીવાદીએ અટકાવેલો હતો તેટલી મુદતનુ વ્યાજ લેવાને વાદીએ પ્રતીવાદી ઊપર દાવો કરયો. આવો દાવો ચાલવા લાયક છે, એવુ ઠરાવેલુ છે (પારબતી વી. પ્રમોથોનાથ વી. રી. સને ૧૮૬૪, ૧૭૪).

ઈનામ.—બ્રાંમણોને જમાડવા સારૂ આપેલુ એક ઇનામ પાછુ લેવાના સરકારના હક વીશે તકરાર કરવાને તે ઇનામદારોનો ચાલે છે (સુબ્રમાન્ય વી. સેક્રટરી ઓફ સ્ટેટ (૧૮૮૩) ૬ મ. ૩૬૧).

કરનામો.—જો કે એક જમીનદારીના પટે રાખનારાઓના પટામાં કરનામ નીમવાનો તથા તેમને ખસેડવાનો અખત્યાર આપ્યા બાબતનો ઠરાવ છે તોપણ કરનામને કામ ઉપરથી ખસેડવાને માટે તે જમીનદારીના પટે રાખનારાઓનો દાવો કરવાનો હક નથી, પરંતુ જો તેઓને કરનામની કાયદા પ્રમાણેની ફરજ બજાવવામાં કસુર કરવાથી કાંઇ નુકશાંન વેઠવુ પડેલુ હોયતો તેઓનો નુકશાની બાબત તેના ઉપર દાવો કરવાનો હક થાય છે (કુમાર સામી વી. આંર (૧૮૯૭) ૨૦ મ. ૧૪૫).

જમીનનુ રજીસ્ટ્રેશન—રેવન્યુ બોર્ડની પાછળથી મંજુરી લઇને એક જમીનદારીના માલેક અને પટે રાખનારાઓને કલેકટરે એવી નોટીસ આપવાનો હુકમ કરેલો હતો કે સને ૧૮૦૨ ના કાયદા ૨૫ ની કલમ ૮ અને સને ૧૮૭૬ ના એકટ ૧ પ્રમાણે અપીલવાળાનુ જે ગામ છે તે ગામનુ જુદુ રજીસ્ટર અને પેટા આકાર દાખલ કરાવો જોઇએ. ત્યાર પછી તે પટે રાખનારાઓમાંના એક પટે રાખનારે અપીલવાળાને અથવા કલેકટરને નોટીસ આપ્યા વીના સરકારે તે રજીસ્ટર રદ કરવાને કલેકટરને હુકમ કર્યો. તેથી અપીલવાળાએ આ હુકમ અખત્યાર ઉપરાંતનો છે અને ગેર કાયદે છે એવુ ઠરાવવાને દાવો કર્યો તેમાં ઠરાવ્યુ છે કે કલેકટરના હુકમ વીષે દીવાની કોર્ટમાં ફકત વાંધો લઇ શકાય છે અને પેટા આકારની રકમથી તદન જુદુ રજીસ્ટર કરવાની બાબત તે એક ખાંનગી હકની બાબત છે અને તેમાં હાથ ઘાલવાનો સરકારને કાંઇ પણ અખત્યાર નથી (ફ્રીશર વી. સેક્રેટરી ઓફ સ્ટેટ લા. રી. ૨૬. ઈ. અ. ૧૬).

જમીનનું મહેસુલ:—અમુક જમીન કાયમ ઠરાવ કરેલી જાગીરની અંદરની છે અને ફરીથી આકાર ઠરાવવામાં આવે તેવી નથી એવુ ઠરાવવાનો દાવો સેક્રેટરી ઓફ્ સ્ટેટ ઉપર થાય છે (સેક્રેટરી ઓફ્ સ્ટેટ વી. ફાહામીદ ઉન્નીસા લા. રી. ૧૭ ઇ. અ. ૪૦; સેક્રેટરી ઓફ સ્ટેટ વી. રાસુગ્રહ (૧૮૮૫) ૭ અ. ૧૪૦).

કાયદેસર પ્રતીનીધી:—એકાદા વાદીનો પોતાના મરનાર દેણદારની મીલકત તેના કાયદેસર વારસ વકીલો પાસે આવેલી છે એવું સાબીત કર્યા શીવાય તે કાયદેસર વારસ વ- કીલ ઉપર દાવો કરવાનો વાદીનો હક છે જો મીલકત હોય અને તેના કબજામાં આવી શકે તેવું હોય તો બસ છે (ગીરધરલાલ વી. ભાઇશીવ (૧૮૮૪) ૮ મું. ૩૦૯). જુઓ કલમ ૪૭, ૫૨, નીચેની નોટ અને ઓરડર ૭ રૂલ ૨, ૪, ૫, અને ૬ અને ઓરડર ૨૦ રૂલ ૬. એક મરનાર દેણદારની મીલકત ઉપર એક લેણદારના દાવામાં તેના વારસો વસીયત કર્યા વગરની તે મીલકત હોય તો તે મીલકત તરફથી હાજર થતા નથી અને જો તે મીલકત તરફથી કોઇ હાજર ના હોય તો તે દાવો બરોબર નથી (માતંગીની વી. સુનીમણી (૧૮૯૫) ૨૨ ક. ૯૦૩).

મુસલમાનની સરેહ:—જ્યારે એકાદા વારસના કબજામાં તમામ મીલકત હોય ત્યારે તે એક વારસ ઉપર દાવો કરવાનો લેણદારનો હક થાય છે. (હમીરસીંગ વી. ઝાકીયા (૧૮૭૬) ૧. અ. ૫૭). અને જો તે વારસોએ તે મીલકતની વહેંચણ કરેલી હોય તો તે દરેકના વી- રૂદ્ધ પોતાના હિસ્સા પ્રમાણે તે ફક્ત વસુલ કરી શકે છે. (પીરથીપાલ વી. હુસેની જહાન (૧૮૮૨) ૪. અ. ૩૬૧; જયાશ્રી વી. અમીર (૧૮૮૫) ૭ અ. ૮૨૨; બસંતરામ વી. કમા લુદીન ૧૧ ક. ૪૨૧. પરંતુ જુઓ મોતીજાન વી. અહમદઅલી (૧૮૮૨) ૮ ક. ૩૭૦; મલીકા વી. જમીલા લા. રી. ઇ. અ. સહ્રહુ વા. પા. ૧૩૫) એક મરનાર મુસલમાનની પાસેના લેણા નાંણા બાબત તે મરનારે મુકેલી મીલકતનો જે હીસ્સો તેના વારસોમાંના એક વારસને હિસ્સો આવેલો હોય તો તે એક વારસ ઉપર તે નાંણા બાબત દાવો ચાલે છે. તો પણ તે દાવો વીધવાના હિસ્સાને બંધનકારક થાય તે પ્રમાણે ચાલી શકતો નથી (અબા- શંકર વી. અલ્લી રસુલ (૧૮૯૦) ૧૯ મું. ૨૭૩).

ખોરાકી પોશાકી:—વિધવાં:—એકાદી વીધવા પવીત્ર વર્તણુંકની ના હોય તો તેની ખોરાકી પોશાકી લેવાનો હક નથી (વાલુ વી. ગંગા ૭ મું. ૮૪; રામાનાથ વી. રજોનીમણી (૧૮૯૦) ૧૭ ક. ૬૭૪). અને જો તે પવીત્ર વર્તણુંકની હોય તોપણ તેણીના સસરાની પાસે કાંઇ વડીલો વાર્જીત મીલકત ના હોય તો તેણીનો સસરા ઉપર કાંઇ હક નથી (કલુ વી લક્ષ્મીબાઈ (૧૮૮૩) ૭ મું. ૧૨૭) પરંતુ પ્રથમનો માલેક જે સખસોનો નીર્વાહ કરવાને નીતીસર બંધાએલો હોય તેઓનો નીર્વાહ કરવાને ઘણું કરીને એકાદો જે વારસ મીલકત લે તે બંધાએલો છે (કામીની વી. ચંદ્ર (૧૮૯૦) ૧૭ ક. ૩૭૩; જાનકી વી. નંદરામ ૧૧ અ. ૧૯૪ અને જુઓ આધીબાઇ વી. કરશનદાસ (૧૮૮૭) ૧૧ મું. ૧૯૯). અને ખોરાકી પો- શાકી લેવાના હકની જવાબદારી કુટુંબની મીલકત ઉપર ઠરાવી શકાય છે (ભાગીરથી વી. અનંત (૧૮૯૪) ૧૭ મ. ૨૬૮). એકાદી વીધવાના લાભમાં થયેલું હુકમનામું પાછળથી તે વીધવા ખોટી વર્તણુંકની થયેલી છે. એવું સાબીત થવાથી રદ કરી શકાય છે (દોલત કુવરી વી. મેઘુ તેવારી (૧૮૯૩) ૧૫ અ. ૩૮૨; વીશ્નુ શાંમભોગ વી. મનજામાં (૧૮૮૫) ૯ મું. ૧૦૮). દાવો કરતા પહેલાં એકાદી હિંદુ વીધવાએ જો કાંઇ માગણી કરેલી ના હોય તો તે ચઢેલી ખોરાકી પોશાકી બાબત દાવો કરી શકતી નથી (સેથામા વી. સુબ્બાયાદુ (૧૮૮૫) ૧૮ મ. ૪૦૩). પરંતુ તે વીધવા અને તેણીના મરનાર ધણીના ભાઇઓની વચ્ચેના એક

દાવામાં થયેલા સમાધાનની રૂઇએ અમુક આપેલી મીલકતની આમદાની ઉપરનો હક હોય અને ખોટી વર્તણુંકના કારણથી તે હક જાય છે એવો કાંઇ ખુલ્લો ઠરાવ ના હોય તો પછી તે વીધવા ખોટી વર્તણુકથી ચાલે છે એવું સાબીત થાય તોપણ પોતાનો હક ખોતી નથી (ભુપસીંગ વી, લછમન કુંવર (૯૦૪) ૨૬ અ. ૩૨૧).

ધણીઆણી:--એકાદી ધણીઆણી અને દીકરીનો નીર્વાહ ધણીની મીલકતમાંથી અને બાપની મીલકતમાંથી થવો જોઇએ અને ખોરાકી પોશાકી બાબત તે મીલકત ઉપર જવાબદારી ઠરવી શકય છે (માનશાહ વી. જીવણ (૧૮૮૪) ૬ અ. ૬૧૭) પરંતુ ખોટી વર્તણુંકની ધણીઆણીનો ખોરાકી પોશાકી લેવાનો હક થતો નથી કંદાસામી વી મરધમલ (૧૮૯૬ ૧૯ મ. ૬).

એક હિંદુ સ્ત્રીયે પોતાના ધણીની મીલકત ઉપર ખોરાકી પોશાકી બાબત એક હુકમનામું મેળવ્યું અને પાછળથી અમુક જમીન ઉપર જવાબદારી ઠરાવવાને પાછળથી તેણીએ તેના ઉપર દાવો કર્યો એવું કહિને કે મારી ખોરાકી પોશાકી આપવી ના પડે તે સારૂ બીજી મીલકત તેણે બીજાને આપેલી છે. તેમાં ઠરાવ્યું છે કે તેણીને કાંઈ દાવાનુ કારણ ઉત્પન થયેલુ નથી. (સાંમીનાથ વી. રંગથમલ (૧૮૯૯) ૧૨ મ ૨૮૫). સને ૧૮૯૮ ના ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાના એક્ટ ૫ ની કલમ ૪૮૮ પ્રમાણે એકાદી ધણીઆણીની ખોરાકી પોશાકી બાબત એક હુકમ કરેલો હોય તે દીવાની કોર્ટથી તે ધણીઆણીનો ખોરાકી પોશાકી લેવાનો હક નથી એવુ હક ઠરાવવાનુ હુકમનામુ કરે તેથી રદ થઇ શકતો નથી (સુભદ્રા વી. બાસદેવ દબે (૧૮૯૬) ૧૮ અ. ૨૯). તેમ ચાલતુ કામ અટકાવવાને તાકીદ હુકમ મળવાનો દાવો ચાલતો નથી (દેરાજે વી. મરાતી (૧૯૦૭) ૩૦ મ. ૪૦૦. જુઓ નોટ ૧૫).

દીકરાની વહુ—એકાદા હિંદુની પોતાના દીકરાની વહુને ખોરાકી પોશાકી આપવાના બંધનનો પોતાને આપવાની શકતી ઉપર આધાર છે (રતનચંદ વી. હરીમણી (૧૮૬૬) ૫. વી રી. ૨૨૫) એક દિકરાની વહુનો પોતાના સસરાની પાસે તેની પોતાની મેળવેલી મીલકત હોય તે ઉપર ખોરાકી પોશાકી બાબત કાંઇ કાયદેસર દાવો નથી પરંતુ જ્યારે તે મીલકત તેના સસરાના વારસોને મળે ત્યારે જો તેણીનો ધણી પોતાના બાપ સાથે મળીઆરે રહેલો હોય તો તે વારસોના હાથમાં આવેલી મીલકત ઉપર તે દીકરાની વહુનો દાવો છે. (યમુના વી. મન.બાઈ (૧૮૯૯) ૨૩ મુ. ૬૦૮).

અનૌરસ દીકરો—એક સ્ત્રી મુસલમાન હતી અને તે એક મુસલમાનની ઓરત હતી તે સ્ત્રીએ પોતાના અનૌરસ બાળક કે જેનો પ્રતીવાદી બાપ છે એવુ તેણીએ કહેલુ હતુ તેથી તે પ્રતીવાદી હિંદુ ઉપર એક દાવો કરેલો તે ચાલવા લાયક નથી એવુ ઠરાવેલુ છે (અદોયતો ચંદ્રદાસ વી. વુજન (૧૮૭૯ ૪. ક. લા. રી. ૧૫૪. કુપા વી. શ્રીંગારવેલુ ૮ મ. ૩૨૫ ના ઠરાવનો મુકાબલો કરો; નીલમોનીસીંગ વી. બનેશર (૧૮૭૯) ૪ ક. ૯૧ પરંતુ જો કે ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદા સને ૧૮૯૮ ના એક્ટ ૫ પ્રમાણેની એકાદી અરજી ના મંજુર કરેલી હોય તોપણ એકાદા અનૌરસ બાળકની ખોરાકી પોશાકી બાબત દીવાની કોર્ટમાં દાવો ચાલે છે (ધાના વી. જેરાલી (૧૯૦૫) ૩૨ ક. ૪૭૯; જુઓ સદરહુ નોટ ૧૧). મીતાક્ષરાના નીયમ પ્રમાણે એકાદા અનૌરસ દીકરાનો ખોરાકી પોશાકી લેવાનો હક છે અનંથાય વી. વીશ્નુ (૧૮૯૪) ૧૭ મ. ૧૬૦). આ એક જાતીકો હક છે તે તેના દીકરાને વારસામાં મળતો નથી (બળવંત વી. રોશન (૧૮૯૬) ૧૮ ક. ૨૫૩).

તારવાડ--તારવાડના મકાનમાં એક તારવાડનો એક અંગભુત રહેતો હોયતો તે ખો-

રાકી પોશાકી બાબત દાવો કરી શકતો નથી (કુનહામથ વી. કને (૧૮૮૪) ૭ મ. ૨૩૩.).

રકમ—કયારે તેમાં ફેરફાર કરી શકાય છે (વ્યકાના વી. આઇતામા (૧૮૮૯) ૧૨ મ. ૧૮૩; વીજ્યા વી. શ્રીપતી (૧૮૮૫) ૮ મ. ૯૪ અને એસની વી. રૂપસીંગ (૧૮૯૦) ૧૨ અ. ૫૫૮).

હુકમનામુ.—દાવો કરતા પહેલાના વરસો બાબત ખોરાકી પોશાકી લેવાનો વાદીનો હક ખોરાકી પોશાકીના દાવામાં થયેલા હુકમનામામાં વાદીને આપેલો હોય અને વળી તેથી હવે પછી તે ખોરાકી પોશાકી લેવાનો હક તેમાં ઠરાવેલો હોય પરતુ કઇ તારીકે કે ખોરાકી પોશાકી લેણી થાય છે તે તારીખ બરોબર બતાવેલી ના હોયતો ઠરાવ્યુ છે કે આવા હુકમનામાનો અમલ વખતે દાવો કરીને કરી શકાય છે (રામદયાળ વી. ઇંદ્રકુવર (૧૮૯૪) ૧૬, અ. ૧૭૯) જુઓ કલમ ૧૫૨ ની નોટ અને ઓરડર ૨૦ રૂલ ૬ "ખોરાકી પોશાકી"

સગીરો—એક હિંદુ સગીરના વાલીએ તેની જમીનના વેચાણનો કરાર કરેલો હતો તેથી તે સગીર ઉપર એક દાવો ચાલવા લાયક છે (કીશ્ન સામી વી. સુંદર પાયર (૧૮૯૫) ૧૮ મ. ૪૧૫). પરંતુ તે સગીર તરફથી તેના વાલીએ કરેલા કરારનો વીશેશ રીતે અમલ કરવા બાબત તે સગીર બંગાળામાં દાવો ચલાવી શકતો નથી. (ફતમા બીબી વી. દેબનાથ) (સદરહુ કામમા તેનાથી જુદો અભીપ્રાય થયેલો છે). એક સગીરે પોતાની નાની વયમાં એક ખત લખી આપેલુ અને તે પાકી વયનો થયો ત્યાર પછી તેણે મંજુર રાખેલુ નથી તો તે ખતની રૂઇએ તે સગીરના ઉપર દાવો ચાલી શકતો નથી. (કાશીબા વી. શ્રીપત નરશીવ (૧૮૯૫) ૧૯ મુ. ૬૯૭) પરંતુ જરૂરીયાત કારણસર ધીરેલા નાણાં બાબત દાવો ચાલે છે (સમાચારણ વી. દેબીઆસીંગ. (૧૮૯૪) ૨૧ ક. ૮૭૨), પરંતુ જરૂરીઆત કારણો વીશે તપાસ કર્યા શીવાય કાંઈ નાણા ધીરવા ના જોઇએ. (ફાધીઆલાલ વી. મોના બીબી (૧૮૯૮) ૨૦. અ. ૧૩૫). જ્યારે એકાદો સગીર કપટથી હુ ઉમ્મર લાયક છુ. એવુ બતાવીને પોતાની મીલકત ગીરો આપેતો તે ગીરો રાખનારનો ગીરોનુ હુકમનામુ મેળવાનો હક થાય છે (સારલચંદ વી. મોહનબીબી (૧૮૯૮) ૨૫ ક. ૩૭૧), પરતુ તે ગીરો રાખનારે તે સગીરે મારી સાથે કપટ કરેલુ છે એટલુજ ફકત સાબીત કરવુ જોઇએ નહિ પણ તે કપટથી હુ ઠગાયલોછુ એવુ પણ સાબીત કરવુ જોઇએ (ધર્મદાસ વી. બ્રહ્મોદત્ત (૧૮૯૮) ૨૫ ક. ૬૧૬; ૨ ક. વી. નોટ ૩૩૦). અને જે કામમાં સગીરે પોતાની પાકી વય થયેલી છે એવુ બતાવીને પોતાની મીલકત વેચેતો તે વેચાણ રદ કરાવવાને તેને પ્રતીબંધ થાયછે. (ગણેશ લાલા વી. બાપુ (૧૮૯૭) ૨૧ મુ. ૧૯૮). એક સગીરે પોતાની પાકી વય છે એવુ બતાવવાથી તેને ધીરેલા નાણા પાછા લેવાને કાંઇ દાવો ચાલી શકતો નથી (ધનમલ વી. રામચંદ (૧૮૯૭). ૨૪ ક. ૨૬૫; ૧ ક. વી. નોટ ૨૭૦).

નુકશાનની બાબતનાં એકાદા સગીર ઉપર દાવો ચાલે છે કારણ કે તે પોતાના કૃત્યો બાબત જવાબદાર છે. તેની મીલકતના વહીવટદારે જો એકાદુ નુકશાન કરેલું હોય પણ જો તે નુકશાનકારક કૃત્યની તે મીલકતના વહિવટ સાથે કાંઇ નીશબત ના હોય તો તે સગીર જવાબદાર થતો નથી (માહારાજ બાહાદુર વી. પારેશનાથ (૧૯૦૪) ૩૧ ક. ૮૩૫).

સગીર છોકરાંઓ:—એકાદો બાપ પોતાના સગીર છોકરાં એક ત્રાહિત સખસે ગેરકાયદે અટકાવેલા હોય તો તે પોતાના સગીર છોકરાનો કબજો લેવાનો દાવો બાપ કરે તે સાંભળવાને દીવાની કોર્ટની હકુમત છે (શરીફ વી. મુનેખાંન (૧૯૦૧) ૨૫ મુ. ૫૭૪).

ગીરો:—ગીરો છોડાવ્યાના બ્યાજબી હકમાંના એક હિસ્સાનો માલેક જો કે તે હકમાં ગીરો આપનારે કાંઇક હિત મેળવેલું હોય તોપણ તે તમામ ગીરો છોડાવી શકે છે (મો-

રાન્જેસી વી. રામચંદ્ર (૧૮૯૧) ૧૫ મું. ૨૪; તે કરી શકતો નથી—મારાકર વી. પુન્જા પાડુથા (૧૮૮૨) ૬ મ. ૬૧).

મ્યુનીસીપાલીટી:—સને ૧૮૮૪ ના એકટ ૩ ની કલમ ૧૩૫ પ્રમાણે એકાદો પરવાનો આપનારને જીલ્લા અંદરની મ્યુનીસીપાલીટીને ફરજ પાડવાનો દાવો ચાલતો નથી (મોરાન વી. મોતીહારી મ્યુનીસીપાલીટી (૧૮૯૦) ૧૭ ક ૩૨૯). એકાદી મ્યુનીસીપાલીટીને પોતાની પુંજીનો ખોટો ઉપયોગ કરે નહિ એવા તાકીદ હુકમ બાબત કેટલાક કર આપનારાઓની ખાહેશથી દાવો ચાલે છે (વામન વી. શોલાપુરની મ્યુનીસીપાલીટી (૧૮૯૮) ૨૨ મું. ૬૪૬). એકાદો કર ગેરકાયદે વસુલ કરવામાં આવેલો છે એવું કહેવામાં આવેલું છે તથી તે કર બાબત દાવો ચાલવા લાયક નથી (નેલોરની મ્યુનીસીપાલ કાઉંસીલ વી. રંગાયા ૧૫ મ. ૧૦; કમાયા વી. લેમન ૨ મ. ૩૭). ઘર વેરો ઠરાવવાને સારૂ એકાદી મ્યુનીસીપાલીટીએ મકાનોની કીંમત આંકેલી તેની ફરી તપાસ કરવાનો દીવાની કોર્ટને અખત્યાર નથી (મોરાન વી. બોરસદ કસ્બા મ્યુનીસીપાલીટી (૧૯૦૭) ૨૪ મું. ૫૦૭). એકાદો કર વસુલ કરતાં એક મ્યુનીસીપાલીટીને અટકાવવાનો દાવો કરેલો એવા કારણથી કે તે ગેરકાયદે ઠરાવેલો છે તેના દાખલા વીશે જુઓ સુરત શહેરની મ્યુનીસીપાલીટી વી. ઓચ્છવરામ (૧૮૯૭) ૨૧ મું. ૬૩૦). સને ૧૮૭૩ ના મુંબાઇના એકટ ૬ ની કલમ ૩૩ ની રકમ ૩ જી પ્રમાણે ઇલાજ કરવો કીંવા નહિ એવો કુલ અખત્યાર મ્યુનીસીપાલીટીને આપેલો છે માટે કલમ ૩૩ ના ઠરાવ વીરૂદ્ધ બાંધેલી એક ઇમારત ખશેડવાથી સાર્વજનીક સુગમતા વધવાનો સંભવ છે કીંવા નહિં તે વીષેનો નીર્ણય ફક્ત તે મ્યુનીસીપાલીટી કરી શકે છે. જો તે મ્યુનીસીપાલીટી યોગ્ય રીતે કામ ચલાવવાની રીતી પસંદ કરે તો સાર્વજનીક સુગમતા વધવાનો તે ઇમારત ખશેડવાથી સંભવ નથી તે કારણથી કોઇ કોર્ટ પોતાના ફેંસલાની ફરી તપાસ કરી શકતી નથી. (પટેલ પાનાચંદ વી. અમદાવાદ મ્યુનીસીપાલેટી (૧૮૯૮) ૨૨ મું. ૨૩૦). વાદીએ શોલાપુરની મ્યુનીસીપાલીટી ઉપર નુકશાન બાબત તથા પોતાના મકાનમાં પાણી પુરૂ પાડતાં મ્યુનીસીપાલેટીએ બંધ કરવું નહિ એવા તાકીદ હુકમ બાબત દાવો કરેલો તેમાં અસલ કોર્ટે તે દાવો અપાવેલો હતો પરંતુ અપીલમાં જડજે તે દાવો કાહાડી નાંખેલો છે એવા કારણથી કે તે દાવો કરવાનું કારણ ઉત્પન થયુ નથી અને ઠરાવ્યું છે કે તે મ્યુનીસીપાલીટીએ કરેલા રૂલના ૧૬ મા નીયમ પ્રમાણે કમીશનરને તેઓ અપીલ કરે ત્યાં સુધી નુકશાન બાબત દાવો કરવાને વાદીઓનો કાંઇ હક નથી. તેમાં ઠરાવ્યું છે કે તે નીયમ કાંઇ હુકમ તરીકેનો નથી અને તેથી દીવાની કોર્ટમાં દાવો કરવાને હરકત થતી નથી (વાસુદેવ ચાર્ય વી શોલાપુરની મ્યુનીસીપાલીટી (૧૮૯૮) ૨૨ મું. ૩૮૪). જે કામમાં બંગાળાના મ્યુનીસીપાલ એકટ પ્રમાણે એક મ્યુનીસીપાલીટી એવુ ઠરાવે કે અમુક કામો જરૂરનાં છે તો તે નીશ્ચય વીશે જો ખોટી બુદ્ધી અથવા કપટ ના હોય તો, એકાદી દીવાની કોર્ટમાં વાંધો લેઇ શકાતો નથી (ડયુક વી. રામેશ્વર માલીયા (૧૮૯૯) ૨૬ ક. ૮૧૧; ૩ ક. વી. નો. ૫૦૮). અને તે મ્યુનીસીપાલ એકટ પ્રમાણે અપીલમાં આકારના દર વીરૂધ તે એકટ પ્રમાણે વસુલ થતા કરમાં ઘટાડો કરવાને એક હુકમ કરેલો તે રદ કરાવવાના દાવો ચાલતો નથી (માનેશ્વરદાસ વી. ચાપ્રાના મ્યુનીસીપાલ કમીશનર (૧૮૭૬) ૧ ક. ૪૦૫). એક બજાર બાબત પરવાનો આપવો અથવા ના કહેલી તે તદન મ્યુનીસીપાલ કમીશનરોના કુલ અખત્યારમાં છે અને તેવા અખત્યાર ઊપર દાબ રાખવાની કોર્ટોની હકુમત નથી. (મહારાણી—કેશરેહિંદ વી. મુકંદચંદ્ર (૧૮૯૩) ૨૦ ક. ૬૫૪). છે મ્યુનીસીપાલ એકટ પ્રમાણે કરેલો દંડ વસુલ કરવાને જંગમ મીલકત જપ્ત કરીને લીલામ કરવા વીશે એકાદા મ્યુનીસીપા-

લીટી ઊપર દાવો ચાલતો નથી (મોતીલાલ વી. હૌરા મ્યુનીસીપાલીટી (૧૮૭૫) ૨૩ વી. રી. ૨૨૨), અને એકાદી ઇમારત વીશે દરખાસ્ત કરેલી હોય તે શબંધી એક મ્યુની સીપાલીટીનો જે કુલ અખત્યાર છે તે અખત્યાર તુરંગી, નીર્દય અને જુલમી ના હોયતો તેમાં દીવાની કોર્ટો હાથ ઘાલી શકતી નથી (નાગર વી. ધંધુકાની મ્યુની સીપાલીટી (૧૮૮૮) ૧૨ મુ. ૪૫૦), અને ખોટી બુધ્ધી વીરૂધતા અથવા દેખીતી ભુલના હોયતો મકાનની કીમત કરવામાં દીવાની કોર્ટો હાથ ઘાલી શકતી નથી (કશનદાસ વી. અંકલેશ્વર મ્યુનીસીપાલીટી, (૧૯૦૨) ૨૬ મુ. ૨૯૪). બંગાળાના મ્યુનીસીપાલ એકટ પ્રમાણે એકાદો શખસ તેની સાથે કાંઇક સબંધ અથવા સગપણના કારણથી કબજાવાળો હોય તેની સાથે રહેતો હોય તો જુદી જુદી આવદાની હોવાથી તેની પાસેથી જુદો કર લેવા લાયક નથી અને સામી તકરાર સાથે જે નાંણા આપેલાં હોય તે પાછાં લેવાનો દાવો ચાલવા લાયક છે અંબીકા ચર્ણ વી. સાતીરાચદ (૧૮૯૮) ૩ વી નો ૬૮૯). અને એકાદી મ્યુનીસીપાલીટી જે આકાર ઠરાવ્યો છે તે અખત્યાર બાહાર છે અને મને બંધન કાંઈ નથી એવુ ઠરાવવાનો દાવો દીવાની કોર્ટમાં કરવાને એકાદા કર આપનારને અટકાવ થાય તેવુ બંગાળાના મ્યુનીસીપાલ એકટમાં કાંઇ નથી (નવદીપચંદ્ર વી. પુર્ણાનંદ (૧૮૯૮) ૩ ક. વી. ૭૩) અને જે શખશ પાસેથી લેવાને ઠરાવેલુ છે તે શખશના કબજામાં કાંઇ જમીન નથી તે કારણથી એકાદો ઠરાવેલો આકાર રદ કરવાનો દાવો ચાલેછે (દવારકાનાથ વી. આવશંદ્રી (૧૮૯૪) ૨૧ ક. ૩૧૯). તેથ જ્યારે એકાદી મ્યુનીશીપાલ કોરપોરેશને પોતના અખત્યાર કરતાં વધારે કરેલુ હોય ત્યારે દાવો ચાલે છે (બ્રીદાબંનચંદ્ર વી સીરાંમપુરના મ્યુનીસીપાલ કમીશનરો (૧૮૭૩) ૧૯ વી. રી ૩૦૯) તેમ એકાદી ખાઇ ખોદવામાં કંટ્રાકટરોએ કસુર કરેલી હોયતો, તે બાબત નુકશાનનો દાવો (ધોડીબાં વી. મુંબાઇની મ્યુનીસીપાલટી (૧૮૯૩) ૧૭ મુ. ૩૦૭ અને ખાડા ખાઇઓની વાડ બરોબર કરેલી નહી તેવી મ્યુનીસીપાલીટીની કસુર એક બાળકનુ મૃત્યુ થએલુ તે બાબતના નુકશાનનો દાવો (નારાયણ જેઠા વી. મુંબાઇના મ્યુનીસીપાલ કોરપોરેશન (૧૮૯૨) ૧૬ મુ. ૨૫૪) ચાલે છે. ઘરવેરો અને પાણીવેરો નીશાળના મકાનો ઊપર આંકેલો હોયતો તે લેવાનો દાવો (શીશર વી. ટવીગ ૨૧ મ. ૩૬૭) અને જો કે સને ૧૯૦૧ ના ૩ જા મુંબાઇના ડીસ્ટ્રીકટ મ્યુનીસીપાલ એકટની ક. ૮૬ પ્રમાણે વાદીએ મેજીસ્ટ્રેટને અપીલ કરેલી ના હોય તોપણ, ઘરવેરો લેતાં અટકાવ કરવાનો દાવો ચાલે છે. ચુનીલાલ વી. સુરત મ્યુનીસીપાલીટી (૧૯૦૩) ૨૭ મુ. ૪૦૨). એકાદી મ્યુનીસીપાલીટીએ એક રસ્તો દુરસ્ત કરવાની ફક્ત કસુર કરયા બાબત તે મ્યુનીસીપાલીટી ઊપર દાવો ચાલતો નથી (અચરતલાલ વી. અમદાવાદ મ્યુનીસીપાલીટી (૧૯૦૪) ૨૮ મુ. ૩૪૦).

દાવાની નોટીસ—એક મકાન તોડી નાખ્યા બાબતનું નુકશાન લેવાને મદ્રાસ મ્યુનીસીપાલ કમીશનના પ્રેસીડંટ ઉપર વાદીએ દાવો કરેલો તેમાં ઠરાવેલુ છે કે એક પત્રમાં તે મકાન કેઇ જગાએ છે તે બતાવેલુ નથી તેમ તે તોડી નાખ્યાની તારીખ બતાવેલી નથી તેમ દાવો કરવામાં આવશે એવું પણ કહેવામાં આવ્યું નથી માટે તે પત્ર ઉપરથી દાવાની પુખ્ત નોટીસ થતી નથી (દેવળજી વી. મદ્રાસ મ્યુનીસીપાલ કમીશનના પ્રેસીડંટ (૧૮૯૫) ૧૮ મ. ૫૦૩). મુંબાઇના ડીસ્ટ્રીકટ મ્યુનીસીપાલ એકટ (સને ૧૮૮૪ ના ૨)ની કલમ ૪૮ પ્રમાણે એકાદી મ્યુનીસીપાલીટી ઉપર એક દાવાની એક માસની નોટીસ આપવાની જરૂરછે અને તેવી નોટીસની તારીખથી ત્રણ માસની અંદર તે દાવો કરવો જોઇએ તે ઠરાવ એકાદી મ્યુનીસીપાલીટી ઉપર કબજો છોડાવાનો દાવો કરવામાં આવે તેને લાગુ થતો નથી (કાશીનાથ વી. ગંગાબાઇ (૧૮૯૮) ૨૨.મુ. ૨૮૩), અથવા એકાદી મ્યુનીસીપાલીટી ઉપર જ-

મીનનો કબજો લેવાને દાવો કરેલો હોય તેને તે લાગુ થતો નથી. (મનોહર ગણેશ વી. ડાકોર મ્યુનીસીપાલીટી (૧૮૯૮) ૨૨ મુ. ૨૮૯; શીદમાલાપા વી. ગોકાક મ્યુનીસીપાલીટી (૧૮૯૮) ૨૨. મુ. ૬૦૫), અથવા વાદીની જમીન ઉપર પાણીની નળીઓ મુકવાનો અટકાવ કરવાને મ્યુનીસીપાલીટી ઉપર દાવો કરવામાં આવે તેને (હરીલાલ વી. હીંમત (૧૮૯૮) ૨૨ મુ. ૬૩૬) અથવા એક કરાર તોડયાથી તે કરારનો વીશેષ રીતે અમલ કરવા બાબતના દાવાને અથવા કરાર તોડયાથી નુકશાનીના દાવાને તે લાગુ થતો (ફૈજપુરની મ્યુનીસીપાલીટી વી. માણેક દુલ્લભ (૧૮૯૮) ૨૨. મુ. ૬૩૭).

મ્યુનીસીપાલ ઓફીસ.—મત આપવાનો અને એક ઉમેદવાર તરીકે ઉભા રહેવાનો હક ઠરાવવાનો દાવો અને વાદીને યોગ્ય રીતે પસંદ કરેલો છે એવો ઠરાવવાનો દાવો તે દીવાની પ્રકારનો છે અને તે ચાલે છે (શભાપત વી. અબદુલ ગફુર (૧૮૯૭) ૨૪ ક.૧૦૭).

ઓફીસની આબરૂ.—વાદીનો એક ઓફીસ સબંધી નહિ પણ કાંઇ ફી, નફો અથવા પગાર સાથે સબંધ રાખે નહિં એવી ફકત આબરૂ બાબતનો હક બતાવવાને કાંઈ દાવો ચાલવા લાયક નથી. (સંગાપા વી. ગંગાપા (૧૮૭૮) ૨ મુ. ૪૭૬; રામા વી. શીવરામ (૧૮૮૨) ૬ મુ. ૧૧૬) અને નહિ જેવા બક્ષીસો પગાર તરીકે ગણવામાં આવતા નથી પરંતુ ફકત આબરૂના નીશાન તરીકે ગણવામાં આવે છે. (નારાયણ વી ક્રીશ્નાજી (૧૮૮૬) ૧૦ મુ. ૨૩૩; પણ જુઓ મામતરામ વી. બાપુરામ (૧૮૮૮) ૧૫. ક. ૧૫૯; શ્રીનીવાસ વી. તીરૂ વ્યંગડા (૧૮૮૮) ૧૧ મ. ૪૫૦), દેવના તેહવારોને દીવસે આબરૂ અને શોભાની નીશાનીઓ મળવાને સારૂ હક ઠરાવવાનો દાવો અથવા આચાર્યો તરફથી તે નહિ આપવાથી નુકશાનીનો દાવો ચાલવા લાયક નથી (ગોંસાઇદાસ વી. ગુરૂદાસ (૧૮૭૧) ૧૬. વી. રી ૧૯૮). એક શીખેતના એસાઇનીએ મર્જાદ તરીકે કેહવામા આવેલા એક રીવાજ પ્રમાણે કંસારાની નાતના માણુસો લગ્નની અથવા શ્રાધની ક્રીયાઓ પોતાના મકાનમાં કરીને તે નાતના અંગભુતોને મર્જાદ આપે છે તેથી તે મર્જાદના નાંણાની રકમ આપવાનો અમલ કરવાને અને તે લેવાનો હક શીબઠાકરને મળેલો હોય છે તે હક મળવાને દાવો કરેલો હતો; ઠરાવ્યુ છે કે આવો એકાદો દાવો ચાલતો નથી (નેમાનચંદ્ર વી. માધબચંદ્ર (૧૮૬૬) ૫ વી. રી. ૨૨૫). એકાદા સખસને પુજારીનુ કામ કરવાનો તથા એકાદા મંદીરની ઉપજ લેવાનો હક ઠરાવવાનો દાવો ચાલે છે (પ્રાણશંકર વી. પ્રાણનાથ ૧ મુ. હા. કો. ૧૨), અમુક મદીરમાં જે "મોરોસી મીલકત" અથવા વંશ પરંપરાની મીલકતના કારણથી અમુક અર્પણો કરવામાં આવે તે બાબતનો દાવો (શીવસુહાઈ વી. ભુરી. (૧૮૬૫) ૩ વી. રી. ૩૩), એકાદી બ્રીતમાહ બ્રામીની જેમાં બેહારમાં અમુક ગામોમાં અમુક ધર્મની ક્રીયાઓ કરવા સારૂ વાદી અને પ્રતીવાદી ફી લે છે તેનો હિસ્સો લેવાનો દાવો ચાલે છે (નંદરામ વી. કાશીપાંડે ૪ એસ. ડી. એ. સેલ. ૭૦). પાગોડાના વહિવટ અને કાયદા સાથે નીસબત રાખનાર કામદાર સખસોના હકો દીવાની કોર્ટ બેશક કબુલ કરીને તેનો અમલ કરે છે અને તેવા કામદાસ પગાર તરીકે અથવા બીજી રીતે મેહનતનો બદલો લેવાને જો હકદાર હોય અને જો તે બદલો અઘટીત રીતે અટકાવેલો હોયતો એકાદો દાવો ચાલે એવો તેનો દીવાની હક થાય છે. તેજ પ્રમાણે વળી એકાદા પેગોડાના ધર્મ કર્તાઓ તરીકેનો હક કીયા લાયક અને યોગ્ય સખસો છે તેનો તપાસ કરીને નીર્ણય કરવાને સારૂ સામાન્ય રીતે દાવા સાંભળવામાં આવે છે. આવા કામોમાં એવું માલુમ પડે છે કે તે કામો દુનીયાદારીના છે અને તે પ્રમાણે તેની વ્યવસ્થા કરવામાં આવે છે તોપણ તે સાથે ધર્મ સબધી ફરજો જોડવામાં આવેલી હોય છે, તે પેગોડાની મીલકત અને પુંજીના ટ્રસ્ટીઓ અને વહિવટદારો તરીકે અ-

થવા સામાન્ય રીતે તેનુ તમામ કામ બરોબર ચાલે છે તે વીશે ઓવર સીઅરો તરીકે તે કબજેદારોને કામ કરવાને રાખેલા હોય છે અને તેમાં જરૂરીયાત એવા દીવાની હક અને જવાબદારીઓ રહેલી હોય છે કે જે વીશે એક દીવાની દાવો થઇ શકે છે; પરંતુ વાદીનુ બીલકુલ ગુરૂનુ ધર્મ સબંધી કામ હોય તે વીષે આ પ્રકારનુ કાંઇ કહિ શકાતુ નથી. કેટલાક સખસની ફરજ ધર્મ પ્રમાણે આધીન થવાની તથા અમુક રીતે તેઓની જાત અથવા પંથની ક્રીયા અથવા ઠરાવેલા રીવાજ પ્રમાણે કરવાની છે અને કાંઇ કાયદેસર કબુલ કરવામાં આવેલુ ન હોય અને ઠરાવ ના હોયતો તે એક નીતીનુ અપુર્ણ બંધન છે અને તે દીવાની પ્રકારનુ નથી. આવા બંધનોની હાલની દીવાની કોર્ટો તપાસ કરી શકતી નથી (સ્રીમેન સાદાગોપા વી. ક્રીસ્ટના ૧ મ. હા. કો. ૩૦૧) જે કામમાં સ્માર્તવ પંથના એક સ્વામી અથવા મુખ્ય આચાર્યે પોતાના પુર્વે થયેલા સખસને સરકાર તરફથી ક્રીયા વખતોએ ઇનામ મળ્યાને લીધે એકાદી પાલખીમાં આડે રસ્તે થઇને લઇ જવાના હક વીષે દાવો રાખેલો હતો તેમાં પ્રીવી કાઉસીલના નામદાર સાહેબોએ એકાદા જે પક્ષકારે તેવાજ હક ધારણ કરેલા હોય તે પક્ષકાર ઉપર તે દાવો ચલાવી શકે છે કે નહિં એ વીષે કેટલોક સખ હતો (શ્રીશંકર ભારથી વી. સીધા લીંગાયા (૧૮૮૯) ૬ વી. રી. (પી. સી) ૩૯; ૩ મુ. ઈ. અ. ૧૯૮). તેમ દેવને અર્પણ કરેલો ખોરાક એકાદા મંદીરનો જેનો કર લેતો ઇનામદાર હમેશની રીત પ્રમાણે અર્પણ કરે નહિ તે બાબત નુકશાનીનો દાવો કરી શકતો નથી (ધાદફ્લે વી. ગુરાવ (૧૮૮૨) ૬ મુ ૧૨૨. વાદીએ આના ગુંદી રાજા ગુરૂ તરીકે એવો હક રાખવાનો દાવો રાખેલો છે કે સમાય ચરમના આચાર્યનુ વંશ પરંપરાના કામ ઉપર પોતાનો હક ઠરાવવાને હાલ દાવો કરેલો છે. પ્રતીવાદીઓ તે કામ ઉપર દાવો રાખે છે અને આવા કામના કબજદાર તરીકે બુદ્ધી પુર્વક ફાળો લેવાના કામનો દાવો રાખીને બુદ્ધી પુર્વક ફાળો વસુલ કરેલો છે તે કામ કોઇ અમુક મંદીર સંબંધી નથી. તે સાથે કાંઇ ખાસ નાંણા સંબંધીનો ફાયદો જોડેલો નથી અને તે કામની કેહવાયલી ફરજો દેશના અમુક ભાગમાં અમુક નાતના નીશાન જે સખસો રાખે છે તેમના ઉપર આત્મીક અને નીતીની નીગેહબાની રાખવામાં આવે છે તે ફરજો છે; ઠરાવ્યું છે કે તે દાવો દીવાની કોર્ટને તપાસ કરવા લાયક નથી (થોલા પાલા વી. વ્યંકટ ચાર્લુ (૧૮૯૬) ૧૯ મ. ૬૨).

મીલકત બીજાને આપવી તે:—એક નીયમ તરીકે ધર્મ સંબંધી કામો વેચી શકાતા નથી પરંતુ જ્યારે તે બીજાને આપ્યાનો સવાલ ઉઠાવેલો ના હોય ત્યારે એકાદા મંદીરમાં એક મીરાસી કામના ખરીદ કરનારના લાભમાં એકાદુ હુકમનામું કરી શકાય છે (રંગા સામી વી. રંગા (૧૮૯૩) ૧૬ મ. ૧૪૬).

વ્હેંચણ:—અમુક મંદીરોમાં પુજાના વહિવટ અને નીગેહબાની ઉપર ભજીઆરા ટ્રસ્ટીઓ તરીકેના હક વીષે દીવાની કોર્ટમાં વ્હેંચણ કરાવાની બાબત થઇ શકતી નથી કારણકે તે ટ્રસ્ટીઓમાંના એકે ટ્રસ્ટીનું તે મંદીરોમાં નાંણાનું કાંઇ હિત નથી એટલે તેવા ટ્રસ્ટીઓ વારા ફરતી અમુક મુદત વહિવટ અને નીગેહબાનીનો હક સ્વતંત્ર રીતે ભોગવે એવું ઠરાવ્યાનું હુકમનામું કરવાને દીવાની કોર્ટ મુખત્યાર નથી. (રામન લાલજી વી. ગોપાળ લાલજી (૧૮૯૬) ૧૯ અ. ૪૨૮).

વ્હેંચણ:—કોઇ પ્રકારની ભજીયારી મીલકત વહેંચવા લાયક છે અને જાહેર અથવા કપટથી કબજો મેળવ્યો ના હોય તો તે બાબત એક વ્હેંચણને ટેકો આપવા સારૂ બસ છે (સુંદર વી. પાબેતી લા. રી. ૧૬ ઇ. અ. ૧૮૬). પરંતુ તે મીલકતનો એક ભાગ વખતે હકુમત બહાર ન હોય (પંચાનન વી. શીલચંદ્ર (૧૮૯૭) ૧૪ ક. ૮૩૫; પદ્મમણી વી. જ-

ગદંબા (૧૮૭૦) ૬ બ. લા. રી. ૧૩૪; હરિનારાયણ વી. ગણપતરાવ (૧૮૮૩) ૭ મું. ૨૭૨; જુઓ અબદુલ કરીમ બદરૂદીન (૧૯૦૫) ૨૮ મ ૨૧૪), અથવા બ્રીટીશ ઇંડીઆ બહાર ન હોય (રામચાર્ય વી. અનંતાચાર્ય (૧૮૯૪) ૧૮ મું ૩૮૯) અને વળી વાદીના કબજામાં ના હોય (હરિનારાયણ વી ગણપતરાવ (૧૮૮૩) ૭ મું. ૨૭૨; જનાર્દન વી. અનંત (૧૮૮૩) ૭ મું. ૩૭૩) તો જો હરકત લેવામાં આવી હોય તો થોડીક વ્હેંચણનો અમલ કરી શકાતો નથી. (હરીદાસ વી. પ્રાણનાથ (૧૮૮૬) ૧૨ ક ૫૬૬; પાર્બતીચરણ વી. અઇનુદીન (૧૮૮૧) ૭ ક. ૫૭૭; ૯ ક. લા રી. ૯૭૦; રામજોય ગોગુ વી. રામરંજન (૧૮૮૧) ૮ ક. લા. રી. ૩૬૭; વ્યંકટરાંમ વી. મીરા (૧૮૯૦) ૧૩ મ. ૨૭૫; વ્યંકાયા વી. લછમાયા (૧૮૯૩) ૧૬ મ. ૯૮; પરંતુ જુઓ ચંદુ વી. કુનહેમદ (૧૮૯૦) ૧૪ મ. ૩૨૪), જ્યારે એક મજીયારા કુટંબની મીલકતના એક સહહીશેદાર પાસેથી ખરીદ કરનારે તેનો હીસ્સો જુદો પાડીને મને અપાવો એવો દાવો કરેલો હોય ત્યારે તે કુટંબના અંગભુતોને તમામ મીલકતની વહેંચણ કરવાની ફરજ પાડવાને કોર્ટ બંધાએલી નથી (મુરારરાવ વી. સીતારાંમ (૧૮૯૯) ૨૩ મુ. ૧૮૪) પરંતુ જો વાદીની તમામ મીલકતે જાગીરનો ફક્ત એક ભાગ હોય (ચંદ્રનાથ વી. હરનારાયણ (૧૮૮૧) ૭ ક. ૧૫૩), અથવા તકરારી ભાગ મજીયારો રાખેલો તે શીવાય તે જાગીરની વહેંચણ કલેકટરે કરેલી હોય (સેક્રેટરી ઓફ સ્ટેટ વી. નંદનલાલ (૧૮૮૪) ૧૦ ક. ૪૩૫), અથવા મુળ જાગીરની વહેંચણ થએલી હોય અને તેમાં તે મીલકત સ્વભાવીક રીતે વધેલી હોય (શાંમસુંદરી વી. કુંવર પરેશ (૧૮૭૩) ૨૦ વી. રી. ૧૮૨) અથવા તે જાગીરની કેટલીક જમીન બીજા ત્રણ ગામોની જમીન શાથે મળી ગએલી હોય (શીવકુવર વી. કુલદીપ સેમોવ (૧૮૯૬) ૧ વી નો) તો વ્હેચણ કરવાની પરવાનગી આપવામાં આવે છે. જ્યારે એક કુટંબના અંગભુતે તે કુટંબની મીલકતનો એક ભાગ બીજાને આપેલો હોય તો, બીજો એકાદો અંગભુત થોડીક વ્હેંચણ કરાવવાનો દાવો કરી શકે છે (સુબ્રમાંન્ય વી. પદમાંનભા (૧૮૯૬) ૧૯ મ. ૨૬૭) અને જો તે મીલકત મહેસુલ ભરનારી મીલકત હોય તો જો કે પક્ષકારોની વચે તેઓના હકનો નીર્ણય દીવાની કોર્ટો કરી શકે છે તોપણ તેથી સરકારનો પોતાની રીત પ્રમાણે આકાર ઠરાવીને તે મહેસુલ વસુલ કરવાનો જે હક છે તેમાં હરકત થઇ શકતી નથી, અને તે વહેંચણનો અમલ કલેકટરે કરવો જોઇએ (ઝારન વી ગૌરીશંકર (૧૮૮૮) ૧૫ ક. ૧૯૮; રાંમજોય વી. રાંમરંજન (૧૮૮૧); ૮ ક. લા. રી. ૩૬૭; દેબીસીંગ વી. શીબલાલ (૧૮૮૯) ૧૬ ક. ૨૦૩); તેમ જેમ મહેસુલ ભરનારી જમીન એકઠી ભળી ગએલી હોય તે પ્રમાણે જો કાયદો લાગુ થતો ના હોય તો વહેંચણ કરવાની તેઓ કલેકટરને ફરજ પાડી શકતા નથી (અજુદીયા વી દરભંગાના કલેકટર (૧૮૮૨) ૧૧ ક. લા. રી. ૫૫૦); અને જ્યારે વહેચણ રેવન્યુ અધીકારીઓએ બાહાલ રાખેલી હોય ત્યારે એકાદો ભાગીયો એવો દાવો કરી શકતો નથી કે મારો હક વધારે ભાગ ઊપર છે (રાંમશાહી વી. મુઝહાર અલ્લી (૧૮૬૭) ૨ બં. લા રી. અપી. ૪૦); અને રેવન્યુ અધીકારીયોએ કરેલી વહેંચણમાં ફેરફાર કરવાનો કોઇ દાવો ચાલતો નથી સારતચંદ્ર વી. હરગોવીંદ (૧૮૭૯) ૪ ક. ૫૧૦; પરંતુ આ મર્યાદાની શરત સાથે તે વહેંચણથી તે શખશના જે દીવાની હક છે તેને હરકત થતી નથી, અને કોર્ટ એવુ ઠરાવી શકેછે કે જે શખશ કલેકટરની રૂબરૂ ના કાંમમાં પક્ષકાર ના હોય તે શખસનો બીજાના ભાગમાં આપેલી મીલકતમાં એક હીસ્સો છે (શીવપ્રસાદ વી શંકર (૧૮૭૧) ૧૬ વી. રી. ૧૯૦; કુંજ બીહારી વી. નીરૂ (૧૮૭૧) ૧૫ વી. રી. ૨૫૧) અથવા એકાદા પક્ષકારને જે હીસ્શો અપાવેલો છે તે કરતાં વધારે તેનો હીસ્સો છે (સ્પેનસર વી. પ્રુહલ ચોધ્રી ૧૫

વી. રી. ૪૭૧); અથવા એકાદા શખસને પોતાની વર્તણુકથી અથવા કરાર કરીને વહેંચણુ કરવાનો દાવો રાખતઃ અટકાવ થએલો છે (કીશનસીંગ વી. દેબીર ૨ આગ્રા ૨૭૧; ભવાંની કુવર વી. ઠાકોરદાસ ૨ આગ્રા. ૨૭૭; અજુદયા વી. ક્રીસ્તો (૧૮૭૪) ૧૫ વી. રી. ૧૬૫; જવનાથરાવ વી. લાલ બાહાદુર (૧૮૮૨) ૮ ક. ૧૨૬, પા. ૧૨૯; (૧૮૮૨) ૧૦ ક. લા. રી. ૧૪૬. એકાદા લીલામમાંથી ખરીદ કરનારની બાબત વીશે જુઓ ગંગાદીન વી. ખીરૂ (૧૮૭૪) ૧૪ બ. લા. રી. ૧૭૯). લીલામમાંથી ખરીદ કરનારની બાબત જુઓ (ગંગાદાન વી. ખીરૂ ૧૮૭૪) ૧૪ બ. લા. રી. ૧૭૦). એક વહેંચણુ કરતી વખતે મીલકતની ઊપજ મજીયારી રાખેલી હતી તેમાંના એક હીસ્શા બાબતનો દાવો ચાલતો નથી, કારણુ કે આવા દાવાનો આધાર તે મીલકતમાં જે હીસ્શો હોય તે ઊપર છે, અને અવિભકત કુટુંબની બાબતમાં નથી (ગવરીશંકર વી. આત્મારામ (૧૮૯૨) ૧૮ મુ. ૬૧૧) જ્યારે મીલકતમાં એક શાધારણુ ઇનામી ગામ અને એક બીજા ગામની ઊપજમાંથી રોકડ અન્નવંશ મળવાનુ હોય ત્યારે જો તે મીલકત સરંજામ અથવા એકાદા બીજા વહેંચણુ કરવા લાયક નહી એવા હકથી કબજામાં હોય અથવા અસલ ઇનામની શરતોથી એવી શરત ઠરાવેલી હોય કે તેના ભોગવટામાં વહીવટ તે ઇનામ આપનારના કુટંબની અમુક શાખા પાસે રહેતો તે શીવાય એકાદા સહહીસ્સેદારના દાવા ઊપરથી તે વહેંચણુ કરવા લાયક છે (ગોપાળ હરી. વી. રામકાત (૧૮૯૭) ૨૧ મુ. ૪૫૮). મુંબાઈ ઇલાકામાં મુસલમાનમાં એકાદા વારસાની વહેંચણુ તે હિંદુઓ જે વહેંચણુ કરે છે તેથી ભાગેજ જુદી પડે તેવી છે. આવા દાવામાં જો પ્રતીવાદી યોગ્ય વખતે પોતાનો હીસ્શો જુદો કરી મને અપાવો એવુ માગેતો તે જો જરૂરાયાત કોઇ ફી ભરે એટલે આવી દાદ તેને અપાવવી જોઇએ (અબદુલ કાદર વી. બાપુભાઇ (૧૮૯૯) ૨૩ મુ. ૧૮૮).

૧૬ આની હીસ્સાનો માલેક ૬ આનીના હીસ્સાના પટનીદાર વીરૂધ વહેંચણુ કરાવી શકે છે (હેમદ્રીનાથ વી. રમાનીકાંત (૧૮૯૭) ૨૪ ક. ૫૭૫; ૧. ક. વી. નોટ. ૪૮૬ એક શીકમી તાલુકનો કબજેદાર વહેચણુ કરાવી શકે છે. (મથુરચંદ વી માણેકચંદ (૧૮૬૬) ૬ વી. રી. ૧૯૨ ; ઉમરેચંદ વી. માણેકચંદ્ર (૧૮૬૭) ૮ વી. રી. ૧૨૮) એકાદી રૈયત તે કરાવી શકે છે (ગવરીશંકર વી. આનંદ મોહન (૧૮૬૮) ૯. વી. રી. ૪૮૭) એક મઝીયારા કબજા વાળો પટે રાખનાર તે કરાવી શકે છે (મહમદ બક્ષ વી. મના ૧૮ અ. ૩૩૪) એકાદા મઝીઆરાના રહેવાના ઘરમાંનો એક હિસ્સો મઝીઆરા અવિભકત હિંદુ કુટુંબના એક અંગભુતનો ખરીદ કરનાર હોય તે કરાવી શકે છે (બીજ્ય કેશબ વી. સ્યામસુંદરી (૧૮૬૫) ૨ વી. રી. પ્ર. ૩૦; બેપીન બેહારી વી. લાલમોહન ૧૨ ક. ૨૦૯; પરંતુ જુઓ રજનીકાંત વી. રામનાથ. ૧૦ ક. ૨૪૪); એકાદ મઝીઆરા કુંટુંબનો દરેક અંગભુત કરાવી શકેછે. (દેબબન્સી વી. દારકાનાથ (૧૮૮૮) ૧૦ વી રી. ૨૭૩; જુઓ કાળી પ્રસાદ વી. રામચરણુ (૧૮૭૬) ૧ અ. ૧૫૯); પછી જો કે તે સગીર હોય અને જો તેનુ હીત સહીસ્સેદારોના હાથમાં રાખવામાં આવે તો તેના હીતને નુકશાન થાય એવુ હોવુ જોઇએ (કમાક્ષી અમાલ વી. ચીદાંબર ૩. મ. હા. કો. ૯૪; માધવ વી. લક્ષમણુ (૧૮૯૫) ૧૯ મુ. ૯૯); એકાદો પૌત્ર પોતાના વડૌવા વીરૂદ્ધ કરાવી શકે છે (નાગલીંગા વી સુબ્બીરમન્ય ૧ મ. હા કો. ૭૭); બે સ્ત્રીઓ વારસોમાંની એક સ્ત્રી વારસ વહેંચણુ કરાવી શકે છે પછી તે વ્હેંચણુથી પાછળથી થનારા વારસોને બંધન થતુ નથી. (પદમામની દાસી. વી. જગદંબા (૧૮૭૦) ૬ બં. લા. રી. ૧૩૪); એક પ્રતીવાદીના દીકરા અને બીજા પ્રતીવાદીના ભત્રીજાઓ તે કરાવી શકે છે (સુબા આયર વી. ગણેશ આયર (૧૮૯૫) ૧૮ મ. ૧૭૯); પરંતુ સતારામાં પોતાના બાપ અને કાકાની હયાતીમા

બાપ કબુલ કરતો ના હોયતો એકાદે દીકરો કરાવી શકતો નથી. (આપાજી નરહર વી. રામચંદ્ર (૧૮૯૨) ૧૬ મુ. ૨૯; મઝીઆરી હિંદુ વીધવાઓની બાબતમાં જુઓ. (જાનકીનાથ વી. મથુરાનાથ (૧૮૮૩) ૯ ક. ૫૮૦; સુંદર વી. પરબે લા. રી. ૧૬. ઇ. અ. ૧૮૬); ગીરો રાખનારાઓનો માંહે માંહે વ્હેંચણ કરાવવાનો હક નથી (મંગળી પ્રસાદ વી. દ્વારી પ્રસાદ (૮૯૬) ૧૮ અ. ૪૭૬. એક હિંદુ સહિસ્સેદાર પાસેથી ખરીદ કરનારના વ્હેંચણ કરાવવાના હક વિષે જુઓ. ગુણલીંગાપા વી. નંદાપા (.૧૮૯૭) ૨૧ મુ. ૭૯૭ અને સાંથ બાબતના હુકમનાંમાની બજાવણીમાં અને એક રેવન્યુ કોર્ટથી મીલકત વેચવામાં આવેલી તેમાંથી તે ગીરો આપનારનુ હિત ખરીદ કરનાર નાહક વીષે જુઓ તારાચંદ વી. ઇનદાદ હુસેન (૧૮૯૬) ૧૮ અ. ૩૨૫). એક બીજા સહિસ્સેદાર એકલાએ કરી આપેલા મીરાસ હકની સાથે વાદીને વ્હેંચણ કરીને જે હિસ્સો આપેલો તેથી તે વાદી તે મીરાસ રદ કરાવવાને દાવો કરી શકે છે. (જયશંકરી વી. ભારતચંદ્ર (૧૮૯૮–૯૯) ૩ ક. વી. નોટ ૨૦૯). જાગીરની વ્હેચણ કરવાના એકટ (સને ૧૮૭૬ ના બી. સી. ૮) ની કલમ ૧૧૬ પ્રમાણે કલેકટરના એક હુકમ મુજબ માલેકોનો જમીનનો કબજો લઇ લેવામાં આવેલો તે કબજા બાબત દાવો ચાલી શકે છે, પછી કલમ ૧૫૦ પ્રમાણે કલેકટરનો હુકમ રદ કરવાને કાંઈ દાવો કરેલો ના હોય તેથી હરકત થતી નથી. (લાલસીંગ વી. પુર્ણચંદ્ર (૧૮૯૭) ૨૪ ક. ૧૪૯). દીવાની કોર્ટમાં એકાદો દાવો કરી લાખીરાજ મીલકતની વ્હેંચણ કરાવી શકાય છે. (ફતેહ બાહાદુર વી. જાંનકી (૧૮૬૯) ૪ બં. લા. રી. અપી. ૫૫) અને એકાદા તાલુકના જે ભાગીદારોના તે તાલુકના જુદા સ્પષ્ટ ભાગો કબજામાં હોયતો એક બીજો ભાગીદાર દબાણ કરેતો તે અટકાવવાને તેઓ દાવો કરી શકે છે (કાલી મોહન વી. રામ સુંદર (૧૮૭૫) ૨૪ વી. રી. ૨૪૩). એક કુટુંબના કેટલાક અંગભુતો તે કુટુંબના બીજા અંગભુતો ઉપર મઝીઆરા કુટુંબની મીલકતની વહેંચણ કરવાને દાવો કરે તેથી તેઓના કુટુંબની અને ત્રાહિત સખસોની મઝીઆરી બીજી મીલકત હોય તેની વ્હેંચણ કરવવાને બીજો દાવો કરવાને તેજ વાદીને અટકાવ થતો નથી (પરશોતમ વી. આત્મારામ (૧૮૯૯) ૨૩ મુ ૫૯૭. જુઓ "વ્હેંચણ"). એકાદા ધણીએ પોતાની સ્ત્રીનુ ભરણ પોષણ કરવાને ના કહેલી છે અથવા તે કરતો બંધ થયેલો છે એવુ કેહવામાં ના આવેલુ હોયતો એકાદી હિંદુ ધણીઆણી પોતાના ધણી ઉપર વ્હેંચણ કરાવાને દાવો કરી શકતી નથી. (પનાબીબી વી. રાધા કીશન (૧૯૦૪) ૩૧ ક. ૪૭૬).

મઝીઆરી દીવાલ—એક મઝીઆરી દીવાલના મઝીઆરે એ પટે રાખનારાઓમાંના એક પટે રાખનારની ખાહેશથી તે દીવાલનો નવો બાંધેલો ભાગ ખશેડવાનો દાવો ચાલે છે (કનકાયા વી. નરસીંહુલુ (૧૮૯૬) ૧૯ મ. ૩૮).

ભાગીદારીઓ.—આ દાવાઓમાં જે રીવાજ, પ્લીડીંગ અને કામ ચલાવાની રીતી પ્રમાણે ચાલવુ જોઇએ તે વીષે જુઓ (રામચંદ્ર શાહ વી. માણેકચંદ્ર (૧૮૮૧) ૭ ક. ૪૨૮; ૯ ક. લા. રી ૧૫૭) એક ભાગીદારીનો જે નફો મઝીઆરા કુટુંબની મીલકતનો છે. એવુ કેહવામાં આવતુ હોય તેથી તે નફાનો હિસાબ લઇને તે નક્કી થયે તેમાંથી મારો હિસ્સો અપાવો એવો દાવો એક મઝીઆરા હિંદુ કુટુંબનો એકાદો અંગભુત ચલાવી શકતો નથી. હિંદુ શાસ્ત્રના આ નીયમથી જે કામોમાં તે પેઢીના ધંધાનો તે કુટુંબના એકાદા અંગભુતને ભાગ લેતાં અટકાવેલો હોયતો તે કામોમાં તાકીત હુકમ આપવાને અટકાવ થતો નથી. (ગણપત વી. આનાજી (૧૮૯૯) ૨૩ મુ. ૧૪૪ એક ભાગીદાર બીજા ભાગીદાર

ઉપર દાવો કરે તે વીષે જુઓ કોસમલ વી. ગોપી (૧૮૮૭) ૯ અ. ૧૨૦; પ્રેમજી વી. ડોસો (૧૮૮૬) ૧૦ મુ. ૩૫૮).

પાછળથી હયાત રહેલો એકાદો ભાગીદાર એકલો પંત્યાગુ લહેણુ લેવાનો દાવો કરી શકેછે. વળી આવો દાવો પાછળથી રહેલો ભાગીદાર મરનાર ભાગીદારના વારસ સાથે રહિને પણ દાવો કરી શકે છે (વૈદનાથ વી. ચીના સ્વામી (૧૮૯૪ ૧૭ મ. ૧૦૮. વળી જુઓ ચોકલીંગા વી. નનેસા (૧૮૯૪) ૧૭ મ. ૧૪૭).

પેનલટી.—જ્યારે કાયદાથી ઠરાવેલી પેનલટી નો અમલ અમુક રીતે કરવા લાયક હોય ત્યારે દાવો કરીને તેનો અમલ કરી શકાતો નથી (લંડન અને બ્રીટન રેલવે કંમ્પની વી. વેટસન ૪. સી. પી. ડી. ૧૧૮). પરંતુ નવી કામ થલાવાની રીતી કાયદા ઠરાવેલી હોય અને પ્રથમથી દાવો કરવા પરવાનગી આપવામાં આવેલી હોય તો દાવો કરવાનો હક લઇ લેવામાં આવેલો નથી તોપણુ ખર્ચના સવાલ વીષે તેથી અસર થાય છે. (એંગ્લો ઇટાલી અન બેંક વી. દેવીસ ૯ સી ડી. ૨૭૫; કલટની વી. લી. ૭ સી. ડી ૫૪૧ વળી જુઓ બ્રાન્સન વી. મદ્રાસના મ્યુનસીપાલ કમીશનરો (૧૮૭૮–૮૧) ૨ મ. ૩૮૯).

સને ૧૮૬૧ ના એકટ ૨૫ ની કલમ ૧૮૫ પ્રમાણે કાયદેસર રીતે કરેલુ માલકતનું વેચાણ રદ કરાવવાને દાવો ચાલતો નથી (બખોરીસીગ વી. સરકાર (૧૮૬૭) ૮ વી. રી. ૨૦૭).

કબજા:-વીશેષ ન્યાયનો એકટ—કાયદાની યોગ્ય રીતી શીવાય બાજી રીતે એકાદા સખસ પાસેથી કબજો લઇ લેવામાં આવેલો હોય તેમાં બીજો ગમે તે હક બતાવવામાં આવતો હોય તોપણુ એકાદા જે સખસનો કબજો ગયેલો હોય તે સખસ સન ૧૮૭૭ ના એકટ ૧ ની કલમ ૯ પ્રમાણે ૬ માસની અંદર દાવો કરી કબજો લઇ શકે છે. પરંતુ એકાદા પ્રવેશ કરનારનો કબજો લઇ લીધેલો હોય તો તે આવો દાવો કરી શકતો નથી (અમીરૂદીન વી. મહમદ જમાલ ૧૫ મું. ૬૮૫). વીશેષ ન્યાયના એકટની કલમ ૯ ના ઠરાવ વીશે ખુલ્લી રીતે તકરાર કરવામાં આવેલી હોય કીંવા નહિં પણ જે કામોને તે કલમ લાગુ થતી હોય તેવા તમામ કામોમાં કોર્ટે તે ઠરાવનો અમલ કરવો જોઇએ એવું ઠરાવેલુ છે (રામહરક વી શીવો દીહાલ (૧૮૯૩) ૧૪ અ. ૩૮૪). વાદીએ પોતાના બાપ અને કાકાની હયાતિમાં તેમની તરફથી એકાદો ઓરડો મારા કબજામાં હતો અને મ્હારી પાસેથી છ માસની અંદર તે કબજો લઇ લેવામાં આવેલો છે એવું કહેલુ છે પણુ તે બાપ અને કાકાને તે દાવામાં પક્ષકાર કરેલા નથી તેમાં ઠરાવ્યું છે કે વાદીના કબજા વીષે કાંઇ ઠરાવ થઇ શકે એવું નથી અને વીશેષ ન્યાયના એકટની કલમ ૯ પ્રમાણે દાવો ચલાવવાને તેનો હક થતો નથી (નૃતુલાલ વી. રાજેન્દ્ર નારાયણુ (૧૮૯૫) ૨૨ ક. ૫૬૨).

મામલતદારની કોર્ટ:—એકાદા સખસના કબજામાં પાણી હોય અથવા દાવો કરતા પહેલાં ૬ માસની અંદર તે પાંણી હતું અને તેની પાસેથી તે પાંણીના ઉપયોગનો કબજો લઇ લેવામાં આવેલો હોય અથવા તેને તેમાંથી બાતલ કરેલો હોય ત્યારે અથવા તેને હરકત અથવા ઇજા કરેલી હોય અથવા તે પાણીનો ઉપયોગ કરતાં તેને હરકત અથવા ઇજા કરવાને યત્ન કરેલો હોય તો મામલતદારની કોર્ટમાં દાવો ચાલે છે (બાબાજી રાંમજી વી. બાબાજી દેવજી (૧૮૯૭) ૨૩ મું. ૪૭). સને ૧૮૭૬ ના મુંબાઇના એકટ ૩ ની કલમ ૪ ની રકમ ૨ મા સમાસ થતા કામમાં એકાદો જે સખસ નારાજી થયેલો હોય તેને મામલતદારની મદદ માગવાને ખાસ કબજો હોવો જોઇએ. એકાદા સખસનો પોતાની પાસે પટે રાખનારની મારફત કબજો હોય તો તે તાકીત હુકમ વીષે અથવા કબજામાં હરકત કર્યા વીષે દાવો કરી

શકતો નથી. (આબાજીન સદોબા વી. પરવંતરાવ (૧૮૯૪) ૧૮ મું ૪૬; ગોમા વી. નરસીંગરાવ (૧૮૯૬) ૨૦ મું. ૨૬૦). મામલતદારના એકટ (સને ૧૮૭૬ ના મુંબાઇના એકટ ૩) ની કલમ ૧૫ ના હેતુ પ્રમાણે ગીરો રાખનારનો કબજો તે કલમ પ્રમાણે મામલતદારને હકુમત મળે એવો ગીરો આપનાર તરફનો કબજો નથી (ખંડેરાવ વી. નરસીંગરાવ (૧૮૯૫) ૧૯ મું. ૨૮૯). એકાદા હુકમનામાની બજાવણીમાં એકાદો સખસ તે કામમાં પક્ષકાર ના હોય અને તેનો કબજો લઈ લેવામાં આવેલો હોય તો તે લઈ લીધાથી મામલતદારની હકુમત પ્રમાણે દાવાનું કારણ તેને ઉત્પન્ન થતું નથી. (રાંમચંદ્ર વી. રાવજી (૧૮૯૬) ૨૦ મું. ૩૫૧). એકાદા મામલતદારની રૂબરૂ કબજા બાબતના દાવામાં જો કે એક પટે રાખનાર પોતાની જમીનના માલેકનો પોતાના પટાની તારીખે હક હતો તે ઈનકાર કરી શકતો નથી તોપણ તે હક ત્યાર પછી પુરો થઈ ગયેલો છે એવું તે બતાવી શકે છે. વેદુ વી. નીલકંઠ (૧૮૯૮) ૨૨ મું. ૪૨૮).

હક:—ફકત પ્રથમના કબજા ઉપરથી હકની રૂઇએ કબજો લેવાનો દાવો કલકતા હાઇકોર્ટના ઠરાવ પ્રમાણે ચાલતો નથી. (વાઈઝ વી. અમીરૂનીસા ખાતુન લા. રી. ૭ ઇ. અ. ૭૩; ઇવતઝા હુસેન વી. બેની મીસ્ત્રી. (૧૮૮૩) ૯ ક. ૧૩૦, ૧૧ ક. ૩૯૩, દેબીચરણ વી. ઇશનચંદ્ર (૧૮૮૩) ૯ ક. ૩૯; ૧૧ ક. લા. રી ૩૪૨; પરમેશર વી. બ્રોજલાલ (૧૮૯૦) ૧૭ ક. ૨૫૬; શામા ચરણ વી. અબદુલ કબીર (૧૮૯૮) ૩ ક. વી. નોટ ૧૫૮; કેદારનાથ વી. રાજનાથ (૧૮૯૯) ૩ ક. વી. નોટ ૪૯૭; નીસાચંદ ગેતા વી. કચીરાંમ બગાની (૧૮૯૯) ૨૬ ક. ૫૭૯). નીસાચંદ વી. કચીરાંમ (૧૮૯૯) ૨૬ ક. ૫૭૯). ના કામમાં એવું બતાવેલું છે કે ઇસ્માઇલ અરીફ વી. મહમદ ગૌસ (૧૮૯૩) ૨૦ ક. ૮૩૪; લા. રી. ૨૦ ઇ. અ. ૯૯). ના ઠરાવમાં પ્રીવીકાઉંસીલના નામદાર સાહેબોએ ઠરાવેલું છે કે ફકત કબજાની સાબેતી ઉપરથી એકાદા અપકૃત્ય કરનાર વીરૂદ્ધ હક ઠરાવવાનો વાદીનો હક થાય છે અને તેથી કરીને આ કામનો ઠરાવ એવું ઠરાવવાને આધાર થતો નથી કે એકાદા વાદીનો કબજો લઈ લેવામાં આવેલો હોય તો તે હકની સાબેતી શીવાય કબજો લઇ શકે છે. તો પણ મુંબાઇમાં (પ્રેમરાજ વી. નારાયણ (૧૮૮૨) ૬ મું. ૨૫૧) ના કામમાં ઠરાવ્યું છે કે ખરા હકદાર માલેક શીવાય તમામ સખસો વીરૂદ્ધ કબજો તે સારો હક છે અને તે કબજેદારનો તેવો માલેક જે તેની પાસેથી કબજો લઇ શકે છે તે ખરા હકદાર માલેક શીવાય કોઇ શખસ વીરૂદ્ધ પાકો હક થાય છે અને તે કબજેદારનો ભોગવટો થવાને હકદાર થાય છે. (આ ઠરાવ પ્રમાણે ક્રીશ્નરાવ વી. વાસુદેવ (૧૮૮૪) ૮ મું. ૩૭૧ અને ક્રીશ્નચાર્ય વી. લીંગાવા (૧૮૯૬) ૨૦ મું. ૨૭૦). એક કામમાં મુંબાઇ હાઇકોર્ટ કલકત્તા હાઇકોર્ટ શાથે મળતી આવેલી જણાય છે કારણકે (કાલુ વી. બારસુ (૧૮૯૫) ૧૯ મું. ૮૦૩) ના કામમાં એવું ઠરાવ્યું છે કે કબજો છોડાવવાના દાવામાં જો કે એક પ્રવેશ કરનાર પ્રતીવાદી હોય તોપણ તેનો વાદી પાસે પોતાના ઘટતા દરજ્જાનો હક છે એવું સાબેત કરાવવાનો હક થાય છે. પરંતુ તુળજારામ વી. બમનજી (૧૮૯૫) ૧૯ મું ૮૨૮) ના કામમાં એવું કહેવામાં આવેલું છે કે એક સખસ પ્રવેશ કરનાર તરીકે દાવો કરે તો તે પોતાનો હક સાબેત કર્યા શીવાય દેખીતા માલેકના હકમાં કાંઇક ખાંમી બતાવવાથી તે દેખીતા માલેકનો કબજો છોડાવી શકતો નથી. એક બીજા કામમાં 'અમુક જમીન વાદીના કબજામાં હતી તેથી તેણે તે જમીન મારી છે એવું ઠરાવવાને દાવો કર્યો. તે જમીન ઉપર હક ઠરાવવામાં તે નીસ્ફળ થયો પરંતુ દસ વરસથી તેનો કબજો થયેલો છે અને તેના ઉપર એક પડાળી

બાંધેલી છે એવું તેણે સાબીત કર્યું; ઠરાવ્યું છે કે વાદીનો તેમાં ઠરાવી શકાતો નથી પરંતુ ઇસ્માઇલ અરીફ વી. મહમદગોસ (૧૮૯૩) ૨૦ ક. ૮૩૪ના ઠરાવના આધાર પ્રમાણે વાદીનો તે જમીન ઉપર તથા તે જમીનની પડાળી ઉપર કાયદા પ્રમાણે હક થાય છે. (ગંગારામ વી. સેક્રેટરી ઓફ સ્ટેટ (૧૮૯૬) ૨૦ મુ. ૭૯૮).

કલકત્તા હાઇકોર્ટે જે નીયમ ઠરાવ્યો છે કે તે આગળ મદ્રાસમાં ચાલતો હતો એવું જણાય છે (રાસોનાદ વી સીથારામ (૧૮૬૪–૬૫) ૨ મ. હા. કો. રી. ૧૭૧. તીરૂમાલા સામી વી. રામા સામી (૧૮૭૦–૭૧) ૬ મ હા. કો. રી. ૪૨૦; પરંતુ નારાયણરાવ વી. ધર્મચાર (૧૯૦૩ ૨૬ મ. ૫ ૪, નીસાચંદ રેતા વી. કચીરામ બગાની (૧૮૯૫) ૨૬ ક. ૫૭૯ ના કામમાં આથી વીરૂધ્ધ ઠરાવ્યું છે કે તે એવુ ઠરાવેલુ છે કે હીંદુસ્તાનના કાયદા તેમજ ઇંગ્રેજી લો પ્રમાણે કબજો તે ખરા માલેક શીવાય તમામ સખસો વીરૂધ્ધ સારો હકછે.

(લાછો વી. હરસાઇ (૧૮૯૦) ૧૨ અ, ૪૬) ના કામમાં તે સવાલ ઉઠેલો હતો પરંતુ તેનો નીર્ણય થયેલો નથી. આ દાવો સ્થાવર મીલકતના કબજા બાબતનો હતો અને તેમાં વાદીએ સાબીત કરેલુ છે કે પ્રતીવાદીએ મ્હારી પાસેથી કબજો લઇ લીધો તે પેહેલાં ૩૦ અથવા ૪૦ વરસથી મારો. અને મ્હારી પુર્વે હકવાળા સખસોનો બીન હરકતે કબજો થએલો છે. પ્રતીવાદીએ કહેલુ કે મરજીમાં આવે તે વખતે કબજો છોડવો એવા પટે રાખનાર તરીકે વાદીએ મને સાંથ આપેલી છે પણ તે સાબીત કરવાને પ્રતીવાદી નાષ્ફળ થયેલો છે. જસ્ટીસ મહમદ સાહેબ કે જેમની રૂબરૂ તે કામ આવેલુ તેમાં તેમણે કહેલુ છે કે વાદીનો કબજો વીરૂધ્ધનો થયેલો છે એવુ આ ઉપરથી કાંઇ થતુ નથી. વળી તેમણે કહ્યું છે કેઃ—" હમેશાની રીતી પ્રમાણે જે વાદી કબજો છોડાવવાને માગતો હોય તેણે પોતાનો હક સાબીત કરવાનો છે એમ અમને જણાય છે પરંતુ વળી અમે ઠરાવીએ છીએ કે જ્યારે સલાહ શાંતીથી ૩૦ અથવા ૪૦ વરસ સુધીનો કબજો ભોગવેલો સાબીત થયેલો છે તો કાયદા પ્રમાણેજ અનુમાન થાય છે કે વાદીના લાંબા કબજાથી તે મીલકતનુ માલેકપણું માલમ પડે છે માટે વાદી પાસેથી જે સખસે થોડી મુદત ઉપર કબજો લઇ લીધો છે તે સખસે તે અનુમાન વીષે ખુલાસો કરવાનો છે." નીચેની કોર્ટે ભુલ ભરેલી રીતે વાદીને પ્રતીવાદી પાસેથી એક ફકત પરવાનો લેનાર તરીકે ગણેલો છે તેથી ગુણદોષ ઉપર નીકાલ કરવાને તે કામ પાછુ મોકલેલુ છે.

હકનો પુરાવો—એકાદા પક્ષકારનો કબજો ખોટી રીતે શરૂ થયેલો હતો એવુ બતાવેલુ નથી માટે એક બીજા પક્ષકારના ચઢતા દરજ્જાના હક વીશેની સ્પષ્ટ સાબીતીથીજ તે કબજાને હરકત થઇ શકે છે. (આરૂમગમ વી. પારીયાનન (૧૮૭૬) ૨૫. વી. રી. ૮૧; સુંદર વી. પાર્બતી. લા. રી. ૧૬. ઈ. અ. ૧૮૪) વીરૂધ્ધ પુરાવ ના હોય તો લાંબા વરસો સુધીનો કબજો એ કાંઈક હક જેવુ છે (આનંદ ગામની વી. ત્રીપુરા સુંદરી લા. રી. ૧૪ ઇ. અ. ૧૦૧) વહલી અહમદ વી અજોધ્યા કાન્ડુ. (૧૮૯૧) ૧૩ અ. ૫૬૩). એકાદો બાગ વાદીના કબજામાં હતો એવુ કેહવામાં આવેલુ છે અને તે બાગમાંથી પ્રતીવાદી ફળ લઇ ગયેલો છે તેથી તે ફળની કીમતના નુકશાન બાબતનો દાવો તે દાવો દાખલ કર્યા તારીખ સુધી વાદીનો કબજો હતો એવુ ઠરાવાના આધાર ઉપર ચાલી શકે છે; તે જમીન ઉપર વધારે સારો હક છે એવું પ્રતીવાદી બતાવે નહિ તો તે જમીન ઉપરનો પોતાનો હક વાદીએ સાબીત કરવાની જરૂર નથી (લેપસીગ વી. નીમાર (૧૮૯૪) ૨૧ ક. ૨૪૪). બાર વરસ કરતાં વધારે મુદતના કબજાની સાબીતી ઉપરથી વાદીનો હુકમનામુ મેળવવા હક નક્કી થાય છે (ઉમાચરણ વી બીશ્વનાથ (૧૮૯૭) ૩ ક વી. નોટ. ૧૪૩).

અગ્રક્રિયા ધીકાર.—અગ્રક્રીયા ધીકારના દાવામાં તમામ મીલકત આવવી જોઇએ (દુર્ગા પ્રસાદ વી. મુનશી (૧૮૮૪) ૬. અ. ૪૨૩; અરજુન વી. સર્ફરાજ (૧૮૮૪) ૧૦ અ. ૧૮૨ અને કુંવરદત્ત વી. ન્હારસીંગ (૧૮૮૯) ૧૧ અ. ૨૫૭ અને તે ઉપરના ઠરાવોનો મુકાબલો કરો), એકાદા વેચાણ આપનાર ના તમામ વ્યાજબી હકની સાથે ખરીદદાર મીલકત લેછે (દુર્ગાપ્રસાદ વી. શંભુનાથ (૧૮૯૬) ૮. અ. ૮૬. કીમત વીષે ખાસ સરતો બાબત જુઓ કરીમ બક્ષ વી. ફુલા (૧૮૮૬) ૮ અ. ૧૦૨) જે કામમાં હુકમનામુ પડી રહેલુ હોય તે કામમાં કોર્ટમાં કીમતનો એક ભાગ ભરેલો હોય તે વીષે (કાળુરામ વી. ઇશર (૧૮૮૬) ૮ અ. ૨૭૩).

સીયા.—જુઓ આબાસઅલી વી. મયારામ (૧૮૯૦) ૧૨. અ. ૨૨૯).

મલાજો—બંગાળામાં ઠરાવેલુ છે કે મલાજાનો કાંઇ હક નથી. (રામાલાલ વી. માહેસ (૧૮૭૦) ૫ બં. લા. રી. ૬૭૭; ગુલામ અલ્લી. વી. મહમદ ઝાહુર (૧૮૭૦) ૬. બં. લા. રી. અપી. ૭૬). એવુ ઠરાવેલુ છે ક મલાજાનો હક તે મીલકતમાં રહેતો નથી. પણ ભોગવટાથી, મળવાથી અથવા સ્પષ્ટ સ્થાનીક રીવાજથી મેળવી શકાય છે (મહમદ અબદુર વી. બારજુ શાહુ (૧૮૭૦) ૫ બં. લા. રી. ૬૭૬; ૧૪. વી રી. ૦૩, જુઓ વળી કાળી પ્રસાદ વી. રામ પ્રસાદ (૧૮૭૨) ૧૮ વી. રી. ૧૪) તેવીજ રીતે મુબાઇમાં ઠરાવેલુ છે કે ગુજરાત શીવાય મલાજા ઉપર હુમલો કરવામાં આવેતો તે એક દાવો ચાલવા લાયક અપકૃત્ય નથી (શ્રીનીવાસ વી. ધારવાડના મેજીસ્ટ્રેટ (સને ૧૮૭૧–૭૨) ૯ મુ. હા. કો. રી. ૨૬૬; મણીશંકર વી. ત્રીકમ નરસીંહ (૧૮૬૭–૬૮) ૫ મુ. હા. કો. રી. ૪૨; કેશવ હરખા વી. ગણપત (૧૮૭૧) ૮ મુ. હા. કો. રી. અ. સી. ૮૭; કુંવરજી વી. બાબ ઝવેર (૧૮૬૯ ૬ મુ. હા. કો. રી. એ. સી. ૧૪૩). મદ્રાસમાં એવુ ઠરાવ્યું છે કે બારીઓ મુકવાથી મલાજાનો એવો હુમલો થતો નથી કે જે અપકૃત્ય બાબત એકાદો દાવો ચાલે (અઝફ વી. અમીરૂ (૧૮૯૫) ૧૮ મ. ૧૬૩]. મલાજાનો રીવાજ પ્રમાણેનો હક જે વાવ્ય પ્રાંતના જુદા જુદા ભાગોમાં ચાલુ છે તે મીલકત સાથે જોડાયલો હક છે અને માલેકના ધર્મ ઉપર આધાર રાખતો નથી. (અબદુલ રહેમાન વી. ઇમાઇલ (૧૮૯૪) ૧૬ અ. ૬૯) એક મેહલ્લામાં એક ઘરના માલેકે પોતાના ઘરની ગોઠવણમાં ફેરફાર કર્યો તેથી તે ફેરફારથી આગળના કરતાં વધારે દેખાય તેવું તેને થયેલુ હતુ પરતુ ભોગવટાના તેના હક સાથે બાજી રીતે તે અનુસરતુ હતુ માટે તે રસ્તાની બીજી બાજુએ એકાદો પડોશી મલાજાને હરકત થયાની ફરીયાદ કરતો હોય તે પડોશીને દાવો કરવાનો કાંઇ કાયદેસર હક મળતો નથી (જુગલલાલ વી. જસોદા ૩. વા. પ્રા. ૩૧૧).

હક.—કામમાં બોલેલા શબ્દ બાબત એકાદા જડજ જવાબદાર નથી (સીમન વી. નેજર કલીફ્ટ ૧ સી. પા. ડી. ૫૪૦; ૨. સી. પી. ડી. ૫૩ અને તેમાં બતાવેલા ઠરાવો; રામન નાયર વી સુબ્રમન્ય (૧૮૯૪) ૧૭ મ. ૮૭; નદલાલ વી. મીતર (૧૮૯૯) ૩ ક વી નોટ ૫૩૯) અને જે પત્રો આ દેશમાં એકાદા જડજ હાઇકોર્ટ તરફ મોકલવાને બધાયલા છે તે પત્રોને પણ તેજ હક લાગુ થાય છે (અલીકરીમ વી. સૅંડીસ ૧ બુલનોઇસ ૧) એકાદા મેજીસ્ટ્રેટ બે ફીકરાઇથી અને ગેર શીરસ્તે કામ કરતા હોય તોપણ તે ન્યાયનીરૂઇએ અને હકુમત પ્રમાણે કરતા હોયતો તેમના ઉપર કાંઇ દાવો ચાલતો નથી. (હુગલીના કલેકટર વી. તારકનાથ (૧૮૭૧) ૭ બં. લા. રી ૪૪૯). તેમ એકાદા પોલીટીકલ એજન્ટ ઉપર દાવો ચાલતો નથી (માહલીંગપોરના રેહવાશીઓ વી. એન્ડરસન (૧૮૭૧) ૭ બં. લા. રી.

૪૫૨). એકાદા કાઉંસલને જે શબ્દો બોલે તે શબ્દો બીલકુલ હકવાળા છે (સીમન વી. નેથર કલીફટ ૧ સી. પી. ડી. ૫૪૦; સુલીવાન વી. નાર્ટન (૧૮૮૭) ૧૦ મ. ૨૮). માહારાણી વી. કલીસ્ટન (૨. અ. હા. કો. ૪૩૭) ના કામમાં ઠરાવ્યુ છે કે એકાદો પ્લીડર અથવા મુખત્યાર પોતાના અસીલની કહેલી હકીકત ઉપર આધાર રાખીને શુદ્ધ બુદ્ધીથી પ્લીડીંગમાં આબરૂને હાની કારક વીષે બોલેતો તે જવાબદાર નથી; અને વળી જુઓ પુરાવ એકટની કલમ ૧૪૮—૧૫૦.

દાવો ચલાવવામાં અથવા પ્લીડીંગસમાં ન્યાયની રૂઇએ કામ ચાલતાં એકાદા પક્ષકારે આબરૂને હાનીકારક અને લાયબલ થઇ શકે તેવા શબ્દો વાપરેલા હોયતો તે વીષે દાવો કરવા લાયક નથી (નાથજી વી. લાલભાઇ (૧૮૯૦) ૧૦ મુ. ૯૭). અને ઇંગ્લાંડમાં એવો નીયમ છે કે કામપર બોલેલા શબ્દો વીષે દીવાની અથવા ફોજદારી રાહે પક્ષકાર સાક્ષી, કાઉંસલ, જ્યુરી, તેમ જજને એકેને જવાબ દેવો પડે એમ કરી શકાતુ નથી. (માહારાણી વી. સ્કીનર ૧. લોફ ૫૫). માટે જે કામમાં એક સાક્ષીએ એવુ કહેલુ કે એક વીલ તે ખુલ્લી રીતે ખોટુ બનાવેલુ છે; ઠરાવ્યુ છે કે તે કહેલી હકીકત હકવાળી છે અને જો કે જ્યુરીના અભીપ્રાયમાં એવુ આવ્યુ છે કે પ્રતીવાદી જે શબ્દો બોલ્યો છે તે શુદ્ધ બુદ્ધીથી સાક્ષી તરીકે બોલેલો નથી અને પોતાની ખુશીથી પોતાના કારણસર અને દ્વેષ બુદ્ધીથી તે બોલ્યો છે તોપણ તે નીંદા વીષે કાંઇ દાવો ચાલતો નથી. સીમન વી. નેથર કલીફટ ૧. સી. પી. ડી. ૫૪૦; સી. પી. ડી. ૫૩) અને તેમાં બતાવેલા ઠરાવો છે; પરંતુ એવુ ઠરાવેલુ છે કે જે શબ્દો અને કહેલી હકીકતો કાંમના પ્રત્યક્ષ સબંધમાં અથવા લગતી હોય તો તે શબ્દો અને હકીકતો વીષે તે સાક્ષી વાબો હોય તોપણ જ્યારે તે ઉપરાંત તે ઘણો જાય અને શુદ્ધ બુદ્ધીથી તે વર્તે નહિ તો તે આબરૂને હાની કર્યા બાબત જવાબદાર થાય છે (માહારાણી વી. પરશો રામદાસ (૧૮૬૫) ૨ વી. ફો. ૩ ૩૬; ૩. વી. રી. ફો. ૨. ૪૫; વીરૂદ્ધ—ગણેશદત્ત વી. મગનીરાંમ (૧૮૭૨) ૧૧ બં લા. રી ૩૨૧; ૧૭ વી. રી. ૨૮૩; ચીદાંબર વી. થીરોમણી (૧૮૮૭) ૧૦ મ. ૮૭ ધીકંબર વી. બેચારામ (૧૮૮૮) ૧૫ ક. ૨૬૪; મંજય વી. સેશા (૧૮૮૮) ૧૧ મ. ૪૭૭. અને તકરારી બાબતોને લગતી ન હોય તેવી લાયબલ ચાલે તેવી બાબત એકાદો પક્ષકાર તકરાર કરે અને તે પ્લીડીંગ બરોબર ના હોય તો આબરૂને હાની કર્યા બાબત તે પક્ષકાર જવાબદાર થઇ શકે છે (કોન્સ્ટેનટાઇન વી. મેકોનલ સ. દી. વા. પ્રાં. (૧૮૬૪) પા. ૪૮૬, વીરૂદ્ધ—નાથજી વી. લાલભાઇ ૧૪ મું. ૯૭). સામાન્ય રીતે કામ ચાલતાંની દરમીયાનમાં તે હકીકત કહેલી હોવી જોઇએ. માટે એકાદા તહોમતવાળાએ પોતાના કોન્સલને વચમાં હરકત કરીને તે વખતે જે સાક્ષી લેવાતો હતો તે સાક્ષી વીષે આબરૂને હાની થાય તેવી હકીકત કહી હતી તેથી ઠરાવ્યું છે કે તે કહેલી હકીકત હકવાળી નથી તેથી તેને આબરૂની હાની બાબત ગુનેહગાર ઠરાવેલો છે (હેઝ વી. ક્રીશ્ચીઅન (૧૮૯૨) ૧૫ મ. ૪૧૪) અને એકદા મુનસીફ તરફથી એક કામ ટ્રાન્સફર કરવાને એવા કારણથી એકાદો પક્ષકાર અરજ કરે કે ખોટી લાગણી થયેલી છે અને તેથી વધારે તેમના ઉપર એવો આરોપ રાખવામાં આવે છે કે તેના સામાવાળા પાસેથી તે નાંણું કરજે લે છે અને એક બીજા કામમાં પુરાવ જુઠો ઠરાવેલો છે તો એકાદો દાવો ચાલતો નથી એવું ઠરાવ્યું છે. (શીબનાથ તલપુત્રો વી. સાતંકારી (૧૮૬૫) ૩ વી. રી. ૧૯૮). હરકોઇ કામમાં ન્યાયની રૂઇના કામોમાં જે હકીકતો કહેવામાં આવી હોય તેનેજ ફક્ત તે હક લાગુ થાય છે (ગુરૂદત્તસીંગ વી. ગોપાળદાસ ૧ આગ્રા. ૩૩) એક વકીલે ફરીઆદ તરફના સાક્ષીઓને “ લોફરો ” કહેલા તેથી

ઠરાવવામાં આવ્યું છે કે તે કહેલી હકીકત હકવાળી છે (નાગરજી ત્રીકમજીના કામમાં (૧૮૯૫) ૧૯ મું. ૩૪૦). ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૧૬૧ પ્રમાણે એક પોલીસ અમલદારે પુછેલા સવાલના જવાબમાં તજવીજ ચાલતાંની દરમીયાનમાં એક હકીકત કહેલી હતી તો તે હકવાળી છે (માહાનાણી કૈસરેહીંદ વી. ગોવીંદ પીલાઇ (૧૮૯૩) ૧૬ મ ૨૩૫).

સરકારી કૃત્યોઃ—જ્યારે સરકારી અમલદારના અખત્યારની બહારનાં તે અમલદારોનાં કૃત્યો વીષે વાંધો લેવાને દીવાની કોર્ટની હકુમત છે (મુતન વીરા વી. સેક્રેટરી ઓફ સ્ટેટ (૧૯૦૭) ૩૦ મ. ૨૭૦). ભરૂચના કલેકટરના હુકમ પ્રમાણે ચાલીને એક મામલતદાર એક તાલુકદાર મરણ પામ્યો એટલે તેમના મકાનમાં પેઠા અને જંગમ મીલકતની યાદ કરી લઇને તે મરનારની મીલકતનો કબજો લીધો અને કેટલાક ઓરડાઓ ઉપર તાળાં વાસ્યાં તેથી એવું કહેવામાં આવેલું કે જે મીલકત જપ્ત કરેલી છે તેમાંની કેટલીક તે વેચવાની છે તેથી તેણીએ તે કલેકટર અને મામલતદાર ઉપર નુકશાન બાબત દાવો કર્યો તેમાં ઠરાવ્યું છે કે જે કૃત્યો પ્રતીવાદીએ કરેલાં બાબત ફરીયાદ કરવામાં આવી છે તે કૃત્યો પ્રતીવાદીએ સરકારી હોદ્દાની રૂએ કરેલાં છે અને વળી સને ૧૮૬૯ ના એકટ ૧૪ (મુંબાઇની સીવીલ કોર્ટના એકટ ૭ ની કલમ ૩૨ પ્રમાણે તે દાવો સાંભળવાને સબોરડીનેટ જડજને હકુમત નથી. (એલન વી. દરીયાબા (૧૮૯૭) ૨૧ મું. ૭૫૮).

હકવાળો વ્યવહારઃ—પુરાવા એકટ (સને ૧૮૭૨ ના ૧) ની કલમ ૨૭ એકાદા વકીલના કલાર્કને જે હકીકત કહેલી હોય તેને લાગુ થાય છે. કારણકે વકીલને પ્રત્યક્ષ રીતે જે હકીકત કહેલી હોય તે જેમ ભરૂસા ભરેલા પ્રકારની છે તેવીજ તે કલાર્કને કહેલી છે (કામેશ્વરપ્રશાદ વી. અમાનુ તુલ્લા (૧૮૯૯) ૨૬. ક ૫૩; ૮૯૮ ૨. ક. વી. નોટ ૬૪૯. જુઓ જેનોર વી. દેલમેજ અપી. કેસીસ, ૧૮૯૧, પા. ૭૩).

રજીસ્ટર કરાવવું તેઃ—બંગાળામાં કલમ ૭૭ ના ઠરાવ પ્રમાણે ચાલવામાં આવેલું ના હોય તો એકાદો દસ્તાવેજ રજીસ્ટર કરાવવાને દાવો ચાલતો નથી એડન વી. મહમદ (૮૮૨) ૧૧ ક. લા રી. ૪૪૦; લખીમાની વી આકુરમોની (૧૮૮૩) ૧૨ ક. લા રી. ૫૨૭; શામા ચરણદાસ વી. જૈનઉલ્લા (૧૮૮૫) ૧૧ ક. ૭૫૦; સાદીખુલ્લા વી કોશ મહમદ (૧૮૮૬) ૧૩ ક. ૨૬૪; રાધાકીશન વી. ચુનીલાલ (૧૮૮૦) ૫ ક. ૪૪૫); તેમ મદ્રાસમાં ચાલતો નથી (કુનહેમો વીયાથામા (૧૮૮૪) ૭ મ. ૩૫૫; વ્યંકટસાંમી વી. ક્રીસ્તયા (૧૮૯૩) ૧૬. મ. ૩૪૧): તેમ વાવ્ય પ્રાંતમાં ચાલતો નથી (ભગવાનસીંગ વી. ખુદાબક્ષ ૧૮૮૦) ૩ અ. ૩૯૭); તેમ ખુલ્લી રીતે અથવા ગર્ભીત રીતે કાંઇક માથે રાખવામાં આવેલું હોય તેને લીધે ન હોય તો મુંબાઇમાં ચાલતુ નથી. (હરજીવન વી. જમસેદજી (૧૮૮૫) ૯ મું. ૬૩); રજીસ્ટર એકટ શીવાય અમુક દાવો ચાલે છે અને તે દાવાને ચાલતાં હરકત થાય તે પ્રમાણે કલમ ૭૭ લાગુ થતી નથી (અબ્દુલાખાન વી જાનકી (૧૮૯૪) ૧૬ અ. ૩૦૩; રામ ગુલામ વી. છોટેલાલ (૧૮૭૯) ૨ અ. ૪૬); જે કામોમાં દસ્તાવેજ નોંધાવાની ફરજ ના હોય તે કામોમાં ખરીદદારને પોતાનો કબાલો રજીસ્ટર કરાવાની ફરજ પાડવાને ખરીદદાર દાવો કરે તે ચાલે છે (તુરાબીબી વી. અશન તુલ્લા (૧૮૮૯) ૧૬. ક. ૫૦૯; અબદુલ આઝીઝના કામમાં (૧૮૮૭) ૧૧ મુ ૬૯૧) રીવાજ પ્રમાણેના કરારો મુજબ એકાદા પ્રોમીસરી નોટ અથવા ખત રજીસ્ટર કરાવેલું ના હોય તો તે કાયદેસર તે હકનુ કાઇ મુગ આધાર થઇ શકતો નથી. માટે રજીસ્ટર કરાવ્યા વીનાના નોટ અથવા ખતની રૂએ

કોઇ દાવો ચાલી શકતો નથી. તે દસ્તાવેજ બાબત અવેજના આધારથી એકાદો દાવો ચાલે કીંવા નહિં તે દાવામાં રીવાજ પ્રમાણે ચાલવાનું છે અને બ્રાટીશ ઇંડીયામાં આવા વાનું સ્વતંત્ર કારણ શીવાય દાવા અરજીમાં બતાવેલી જોઇએ અથવા તેવી બરદાશ કરેલી જોઇએ અને પહેલી સુનાવણી વખતે એકાદો ઇસ્યુ કઢાવેલો જોઇએ (પેલાનીયાપા વી પીરીયા કરૂપાન (૧૮૯૪) ૧૭ મ. ૨૬૨). રજીસ્ટર એકટની કલમ ૭૧ પ્રમાણેના દાવામાં એકાદા દસ્તાવેજના ખરાપણા શીવાય તે દસ્તાવેજના બળવાનપણાને લગતી કોઇ બાબતનાં એકાદી કોર્ટ તપાસ કરી શકતી નથી. માટે તે દસ્તાવેજ ખરા પ્રકારનો છે એવું જો સાબેત થયેલું હોય તો એકાદી કોર્ટ તે રજીસ્ટર કરાવવાને ફરમાવી શકે છે. સબરજીસ્ટ્રારની રૂબરૂ એકાદો દસ્તાવેજ લખી આપનાર હાજર થવાને કસુર કરે તેથી તે દસ્તાવેજ રજીસ્ટર કરવાને ના કહેલી હોય તો તે રજીસ્ટર કરવાનો અમલ કરવાને દાવો ચાલે છે (કુદરથીબેગમ વી. નાજીમુન્નાસા (૧૮૯૮) ૨૫ ક. ૯૩). અને જ્યારે એકાદા રજીસ્ટ્રારે રજીસ્ટર કરવા સારૂ દસ્તાવેજ સ્વીકારવામાં આવશે એવો હુકમ કરેલો હોય તો તે હુકમની યોગ્યતા વીષે કલમ ૭૭ અને ૨૪ પ્રમાણે કોર્ટ તજવીજ કરી શકતી નથી (તલકચંદ વી. ગોકળભાઇ (૧૮૯૭) ૨૧ મું ૭૨૪). અને આવો એકાદો હુકમ રદ કરવાને દાવો ચાલતો નથી (ગંગાવા વી સાયાવા (૧૮૯૭) ૨૧ મું. ૬૯૯). સ્થાવર મીલકતના વેચાણનો એક દસ્તાવેજ રજીસ્ટર કરવાને આપેલી મુદત માં જ્યારે તે દસ્તાવેજ ગુમ થયેલો હોય ત્યારે એક નવો દસ્તાવેજ લખી આપી રજીસ્ટર કરી આપવાને ફરજ પાડવાને વેચાણ આપનાર ઉપર ખરીદ કરનાર દાવો કરી શકે છે. (નાલાપા વી. રામલીંગાચી (૧૮૯૭) ૨૦ મ. ૨૫૦).

ધર્મ સંબંધી ક્રીયાઓ:—એકાદા જે દાવામાં કાંઇ દીવાની હક્ક રહેલા ના હોય પરંતુ ધર્મ સબંધી ક્રીયાઓ કરવાના અથવા કરાવવાનો હક ઠરાવવાનો દાવો સંભાળવાને કોર્ટની કાંઇ હકુમત છે કે નહી એ શક ભરેલુછે, (નાંમબુરી સીતાપતી વી. કાનુકલાનુ) ૩ મુ. ઇ. અ. ૩૫૯); એકાદુ દત્તાવિધાન કરાવવાનો હક ઠરાવવાનો (રાજકુમારી વી. નોબોકુમાર બોલનોપ્રશ્ન ૧૦૭) અથવા અમુક દેવોને અમુક રૂતુઓમાં શણગારવવાનો પુજારીયોને ફરજ પાડવાનો (વાસુદેવ વી. વાંમનજી (૧૮૮૧) ૫ મુ. ૮૦); અથવા અમુક પોતાની પદવીને ઘટતી રીતે ચલાવવાને (સ્રીમેન શાદાગોપા વી. ક્રીશ્ન (૧૮૬૨) ૧ મ. હા. કો. ૩૦૧; કરૂપા વી. કોલનથાયન (૧૮૮૪) ૭ મ. ૯૧) દાવો સાંભળવાની કાંઇ હકુમત કોર્ટોની છે કે નહી તે શક ભરેલું છે, અને કાંઇ કામ અથવા પગાર શીવાય કાંઇ ધર્મ સબંધી ક્રીયા સબંધીજ દાવો હોય જેમકે એક મંદીરમાં પવીત્રા વચનો કહેવાના હક બાબત દાવો ચાલતો નથી (શબારીયા વી. વેદાંન્ત ચારીયર (૧૯૦૫) ૨૮ મ. ૨૩). તેમજ આત્મીક અને આ દુનીયાં સબંધી નો મીશ્ર દાવો તપાસ કરવા લાયક નથી (કાઓની વી. મહમદ (૯૦૭) ૩૦ મ. ૧૫). પરંતુ એક ન્યાતે ઠરાવેલી જગાએ એક દેવની બીલકુલ પુજા કરવાના હક વીશે એક દીવાંની કોર્ટ ઇનસાફ કરી શકે છે (આનંદરાવ વી. શંકરદાજી (૧૮૮૦) ૭ મુ. ૩૨૩) અને જો કે એકાદા કામ સાથે કાંઇ ફી જોડાએલી ના હોય તોપણ તે કામ બાબત દાવો ચાલે છે (હાશીમ વી. હુશેનશા (૧૮૮૯) ૧૩ મુ. ૪૨૯ મામતરામ વી બબુરામ (૧૮૮૮) ૧૫ ક ૧૫૯); અથવા એક હિંદુ મંદીરમાં ધર્મ સબંધી પુજાનો અમુક ભાગ કરવાનો સ્વતંત્ર હક ઠરાવવાનો તથા તે અમુક ધર્મ સબંધી ચાકરી કરયા બદલ ગતુ લહેણું જે ખુશીથી આપવાનુ ના હોય તે લેવાનો દાવો ચાલે છે, અને જો તે હકનો નર્ણય કરવાને અમુક ધર્મ સંબંધી ચાકરી કરવાના હકનો લગતી રીતે ની-

ણય કરવાની જરૂર હોય તો, કોર્ટને તે પ્રમાણે કરવાની હકુમત છે (તીરૂ ક્રીશ્નામા વી. ક્રીશ્ન સ્વામી બા. રી. ૬ ઇ. અ. ૧૨૦; (૧૮૭૮) ૨ મ. ૬૨; (૧૮૮૨) ૫ મ. ૩૧૩; કાલીકાંત વી. ગૌરીપ્રસાદ (૧૮૯૦) ૧૭ ક. ૯૦૬; લાંબા વી. રામા (૧૮૮૯) ૧૩ મુ. ૫૪૮ જગન્નાથ ચર્ણુ વી. અકાલી દાશીયા (૧૮૯૪) ૧૨ ક, ૪૬૩) અને એક ધર્મ સબંધી તેહવારને દીવશે એક સખશ મુગટ અને જળ આપવાના હકમાં હરકત કરે તો તે શખસ ઉપર એકાદો તાકીદ હુકમ આપવામાં આવે છે (શ્રીનીવાસ વી તીરૂવેંગલા (૧૮૮૮) ૧૧ મ. ૪૫૦) અને એકાદા મંદીરમાં ધર્મ સબંધી નીશાનોમાં હરકત કરવા સબંધી દાવો ચાલે છે (ક્રીશ્ન સ્વામી વી સમારમ (૧૯૦૬) ૩૦ મ. ૧૫૮) અને એક ધર્માદા બક્ષીશના વહીવટમાં એક હીસ્સા બાબત તથા એકાદુ કામ મેળવવાનો દાવો ચાલે છે (એડવોકેટ જનરલ વી. હેમ (૧૮૮૭) ૧૧ મુ ૧૮૫) પરંતુ અમુક દીવશે એક પોઢીયાની સવારી કાહાડવાના હક ઠરાવવાનો દાવો ચાલતો નથી. (રામા વી. શીવરાંમ (૧૮૮૨) ૬ મુ. ૧૧૬; વળી જુઓ દેશ ફાળે વી. ગુરાવ (૧૮૮૨ ; મુ. ૧૨૨) પરંતુ જો કે એકાદા શખસને તેના પંથનીક સાવજનીક પુજા કરતાં અટકાવ કરેલો હોય તો તે નુકશાન લઇ શકે છે (વેંકટ ચેલાપત વી. સુબારાયાદુ (૧૮૯૦) ૧૩ મ. ૨૯૩; વેંગામથુ વી. પાંડેશ્વર (૧૮૮૩) ૬ મ. ૧૫૧ જુઓ લોકનાથ વી. દશરથી (૧૯૦૫) ૩૨ ક. ૧૦૭૨; ૨ ક લા જ. ૫૯૦; ૧૦ ક. વી. નો ૫૦૫) હિંદુના દેવોને મીલકત છે, માટે તેવી મીલકતની વ્યવસ્થા કરવાના હક તે દીવાની કોર્ટથી તપાસ ચલાવવા લાયક છે (સુબારાયા વી. ચેલાપા (૧૮૮૨) ૪ મ. ૩૧૫) એકાદા દેવ આપવાને ના કહેવામાં આવે તેથી તે માગનાર શખસને અમુક ખાસ દીવશ પુજા કરવાનો પોતાના વારામાં અટકાવ થાય તો તેથી તે શખસ નારાજી થાય તો તે શખસને નુકશાન બાબત દાવો કરવાનો હક આપવામાં આવે છે (દેવંદ્રનાથ વી. ઓદીતા ચર્ણ (૧૮૭૮) ૩ ક. ૩૯૦) અમુક મુસલમાનોને પોતાની મસજીદમાં "કુતબા" વાંચતાં અટકાવવાનો તાકીદ હુકમ કાહાડાવવાનો દાવો ચાલતો નથી (મેન મોઇજ્ઞર વી. ઇશલામ અમાનાથ (૧૮૯૨) વાદીને જાતીકી કેટલીક ખોટ અને નુકશાન થએલું છે. એવું કહ્યા શીવાય એકાદો ધર્મ સબંધી વરઘોડો જાહેરાત રસ્તા ઉપર ચલાવવાના હકનો અમલ દરવાને દાવો ચાલતો નથી (સુજાઊદીન વી. માધબરદાસ (૧૮૯૪) ૧૮ મુ. ૬૯૩ વળી જુઓ સાતકુ વી ઇબ્રાહીમ (૧૮૦૮) ૨ મુ. ૪૫૭) એકાદા ગામના મહેલ્લાઓમાં થઇને એક વરઘોડામાં ધર્મ સબંધી નીશાનો લેઇ જવાનો તથા તે લેઇ જતાં વાદીને અટકાવ કરેલો તેથી થએલા નુકશાન બાબતનો દાવો ચાલે છે એવા આધારથી કે તે રસ્તો સાવજનીક ઉપયોગનો છે. અથવા એવા આધારથી કે વાદીનો તે હક તે ગાંમના એક હીસ્સેદાર તરીકેનો છે મહમદ અબદુલ વી. લતીફહુસન (૧૮૯૭) ૨૪ ક. ૫૨૫) હરકોઇ પથના શખસોને જાહેરાત મહેલ્લાઓમાં થઇને ધર્મ સબંધી વરઘોડો લઇ જવાનો હક છે, પણ તેથી તે મહેલ્લાઓનો બીજા લોકોને સાધારણ રીતે ઉપયોગ કરતાં હરકત થવી ના જોઇએ (પાર્થ સરાડી વી. ચીના ક્રીશ્ન (૮૮૨) ૫ મ. ૩૦૪; સાદા ગોપા ચારીયર વી રામરાવ (૧૯૦૩) ૩૦ મ. ૩૭૬) હરકોઈ પથના લોકો પોતાની મીલકત ઉપર સાર્વજનીક અથવા ખાનગી અથવા જાહેરત પુજા કરવાની જગા બાંધવાની અને પુજા કરવાની છુટ છે. પણ ત પુજા કરતાં પોતાના પડોશીયો મુદાંમ હરકત થવી ના જોઇએ (સેશાયા નરગર વી. સેશાનગર (૮૭૮) ૨ મ. ૧૪૩ વળી જુઓ મદારી વી. ગોબરધન(૧૮૮૧)૭ ક. ૬૯૪)એક જીલ્લા પોલીસ સુપ્રી

ન્ટેન્ડેન્ટ સુલ્હેનો ભંગ અટકાવવામાં એક વરઘોડામાં અમુક સખશો પાસેથી કેટલીક ધજાઓ લેઈ ગયા હતા; તેમાં ઠરાવ્યુ એ કે મદ્રાસના પોલીશ એક્ટ પ્રમાણે તેમનું તે કૃત્ય વ્યાજબી નહોતુ, માટે પ્રવેશ કર્યા બાબત તેઓ જવાબદાર છે (રંગનાયાખુલુ વી. પ્રેનડર ગાસ્ટ (૧૮૯૪) ૧૭ મ. ૩૭) વાદીઓએ એક દાવો કરેલો છે, એવુ કહીને કે અમુક ક્રીયાઓ કરવાનો તથા "ફી" લેવાનો અમારો હક છે તેથી તેમણે પોતાની ન્યાતના કેટલાક અંગભુત ઊપર તાકીદ હુકમ કાડવાને અને તેમની પાશેથી નુકશાન અપાવવુ જોઇએ, એવી દાદ માગેલી છે તો તે દાવો ચાલતો નથી (દયારાંમ વી. જેઠાભટ (૧૮૯૬) ૨૦ મુ. ૭૮૪). એક શીકા ઊપર એક શબ્દનો ખાશ અર્થ થાય તેવો શીકકો વાપરતાં એક ધર્મ કર્તાને અટકાવવા સારૂ એકાદો દાવો ચાલે છે (સાળા ગોપા રાંમાતુજા વી. રાંમા કીશોર (૧૮૯૯) ૨૨ મ. ૧૮૯). એક મંદીરમાં મરનાર કૃત્ય કરનાર સ્ત્રીની દતક દીકરીએ તે મંદીરના ટ્રસ્ટીઓ ઊપર તેમને એવી ફરજ પાડવાને દાવો કરયો કે તેણી પોતાનુ કાંમ શરૂ કરતાં અમુક ક્રીયા કરવાને અને પોતાને દત લેનારમાનો જે હક હતો તે હક તેણીને આપવાની પરવાંનગી આપવી જોઇએ. ઠરાવ્યુ છે તે દાવો ચાલવા લાયક નથી, કારણકે વાદીનુ દત વિધાંન સાપ્રાધ ઈરાદથી કરેલુ છે કમાલક્ષી વા. રાંમાશામી (૧૮૯૬) ૧૯ મ. ૧૨૭). એકાદા મંદીરમાં ધર્મ શબંધી પુજા વખતે હાજર રેહવાનો અમારો સ્વતંત્ર રીતનો હક છે. એવો દાવો કૃત્ય કરનારી છોકરીયોએ કરેલો હતો મીના ઊમાઇ વી. નેગારાઈ ચેતી (૧૮૭૬) ૧ મ. ૧૬૮) તેમજ એક હિંદુએ ગંગા નદીના ધાટ ઊપર અમુક મુશલમાંનોને જવાની મનાઇ કરવાનો જાતીકો તાકીદ હુકમ કાહાડવાને તથા તે ધાટનો ધર્મ શબંધી કારણોશર ઊપયોગ કરવાનો હક ઠરાવી આપો એવો દાવો કરેલો તે ચાલતો નથી (શાહ મહમદ વી. કાશીદાસ (૧૮૮૫). ઊતર ક્રીયા વખતે કાંમ કરવાનો હક બાજાને આપવા લાયક નથી તેથી તે સબંધી એકાદો દાવો ચાલતો નથી (ભુમનપાંડે વી. દીનોનાથ (૧૮૭૧). ૧૬ વી. રી. ૧૭૧) એક ધાટનો ધર્મ શબંધી કારણશર ઊપયોગ કરવામાં આવતો હતો તેથી તે ધાટ ઊપરના "ઇઝમેંટ" ના હક બાબતનો દાવો ચાલવા લાયક છે એવુ ઠરાવેલુ છે અને પ્રતીવાદીઓને વહેપારના કારણશર તેનો ઊપયોગ કરતાં અટકાવેલા છે (જગમણી વી. નીલમણી (૧૮૮૩) ૯ ક ૭૫) જે યાત્રાળુઓ રાંમેશ્વર પાછા જતા હોય તેમના પરોહીતનુ કાંમ કરવાનો સ્વતંત્ર હક બાબત એકાદો દાવો ચાલે છે (રાંમાસ્વામી વી. વેંકટ (૧૮૮૫) ૨ વી. રી. ૨૧ પી. સી. ૯ મુ. ઇ. અ. ૩૪૪) તેમજ વળી પુજા કરનારાઓએ એક મશજીદના સુપ્રીનટેનડેન્ટને જે ઊપયોગ કરવાને તે મશજીદ બાબત ઇરાદો રાખેલો છે તે શીવાય બાજો ઊપયોગ તેનો કરવો નહી એવો અટકાવ કરવાનો દાવો (અબદુલ રહેમાંન વી. યાર મહમદ (૧૮૮૦) ૩ અલ્હા. ૩૬) અને એક મશજીદમાં બંદગી કરવાના હકમા હરકત કરતાં અટકાવવાનો દાવો ચાલે છે (ઝવહાર વી. અકબર હુસન (૧૮૮૫) ૭ અલ્હા ૧૭૮) એકાદી મશજીદના ઇમાંમનો જુમ્માને રોજ ભાષણ આપવાનો મારો હક છે એવુ ઠરાવી આપો એવો દાવો (ફાઝલ કરીમ વી. મોહેલા બક્ષ (૧૮૯૧) ૧૮ ક. ૪૪૮). ***ન મુસલમાંનના અમુક પંથના અંગભુતો જે પોતે "મા વાહીદ" કહેવાય છે તેઓ એવુ ઠરાવવાને દાવો કરેલો કે અમુક મશજીદમાં પુજા કરવાનો અને અમુક શબ્દ બોલવાના અમારો હક છે, એવુ ઠરાવી આપોતો તે ચાલવા લાયક છે (જંગુ વી. અહમદુલા (૮૯૧) ૧૩ અલ્હા. ૪૧૯).

લગ્ન.—એક હિંદુ માએ પોતાની સગીર દીકરીની વાલી તરીકે એવુ ઠરાવવાને દાવો કરયો કે પ્રતીવાદીની સાથે મારી દીકરીનુ જે લગ્ન કહેવામાં આવેલુ છે તે નીરર્થક છે તો

તે દાવો દીવાની પ્રકારનો છે, માટે તે દીવાની કોર્ટમાં સાંભળી શકાય છે (અનર્જન વી પ્રલ્હાદચંદ્ર ઘોઝ (૧૮૭૦) ૧૪ વી. રી. ૧૩૨, ૪૦૩; જુઓગેશપર વી. ધનશાલવઝ (૧૮૭૩) ૧૩ બ. લા રી ૧૦૮)

ફી.—'આલવાડી" ના કામને લગતી હક તરીકે કંઇથી ન હોય પણ તેને "એચ્યુ-ઈટી" આપી શકાતી હોયતો તે કામમાં વગર હકે પેશી જનાર સખસ ઉપર તેણે લીધેલાં નાણા તરીકે તે લેવાને કાંઇ દાવો ચાલતો નથી (શંકર વી. હનમા (૧૮૭૮) ૨ મુ. ૪૭૦) તેમ તે સવાલ વીષે કોર્ટોના ફેંસલાથી નાતના બંધારણમાં કાંઇ હરકત થતી હોયતો કાંઈ ફી નથી તોપણ દાવો ચાલતો નથી (મુરારી. વી. સુબા (૧૮૮૨) ૬ મુ. ૭૨૫) પરંતુ મુંબાઇમાં એક વગર હક વાળો સખસ એકાદા ગામનાં ગોરને પોતાની ફીમાંથી બાતલ કરે તો તે ગોરનો તે હક વગરના સખસ ઉપર નુકસાન બાબત દાવો ચાલે છે (વીઠ્ઠલક્રીષ્ન વી. અનંત (૧૮૭૪) ૧૧ મુ હા. કો. ૬). અથવા યજમાને એક બીજા સખસ પાસે ક્રીયા કરાવા સારૂ તેને ફી આપેલી હોય તો વાદીને બોલાવામાં આવેલો હોત અને તેને જે ફી આપવા લાયક થાત તે ફીની રકમ લેવાને ગોર યજમાન ઉપર દાવો કરી શકે છે. (દીનાનાથ આબાજી વી. સદાશીવ (૧૮૭૯) ૩ મું. ૯; વામન વી. બાલાજી (૧૮૯૦) ૧૪ મુ. ૧૬૭). મદ્રાસમાં તેમ નથી (રામક્રીષ્ન વી. રંગા (૧૮૮૪) ૭ મ. ૪૨૪; અને એકાદા ગામના વતનદાર જોશીનો એક હક વગરના સખસે તે કાંમ બાબત તે જોશીને યોગ્ય રીતે મળવા લાયક ફી લીધેલી હોય તો તે હક વગરના સખસ ઉપરનો દાવો ચાલે છે પરંતુ તે હક વગરના સખસને કામ કરતાં અટકાવાને તાકીદ હુકમ તેને આપવામાં આવતો નથી (રાજવલદ શીવાયા વી. ક્રીષ્નભટ (૧૮૭૯) ૩ મું. ૨૩૨). જો કે અમુક પરોહિતો યજમાને રાખેલા હોય તોપણ અમુક પરોહિતને રાખવાને સારૂ યજમાનને ફરજ પાડવાનો દાવો ચાલતો નથી પણ તે પરોહિતોમાંનો એકાદો પરોહિત અથવા તેના વારસ વકીલનો તે ઉપજ પોતાને ભોગવવાનો પોતાનો હક ઠરાવાને બીજાઓ ઉપર ચાલી શકે છે (બીહારીલાલ વી. બાબુ ૨ અ. ૮૦; બેચારામ બેનરજી વી. ઠાકર મણીદેબી (૧૮૬૮) ૧૦ વી. રી. ૧૧૪; બેદરૂ ઓઝા વી. દેવરાણી (૧૮૬૬) ૫ વી. રી. ૨૨૨; મગનુ વી. રામદયાળ (૧૮૭૧) ૮. બં. લા. રી. ૫૦) પણ તેના આધારમાં કરાર અથવા લાંબી મુદતના હરકત વીનાના રીવાજથી થયેલા ભોગવટાનો હોવો જોઇએ (ક્રીશ્નાયન વી. અનંતરાંમ આયન (૧૮૬૪–૬૫) ૨ મ. હા. કો. ૩૩૦; રાંમા સાંમી આયન વી. બ્યકટ આચારી ૬ મુ. ઇ. અ ૩૪૮) અને એકાદા મંદીરમાં ઠરાવેલે દીવસે દહીંનું વાસણ ભાગવાનો હક ઠરાવાને દાવો ચાલે છે (નારાયણ સદ્દાનંદ બાવા વી. બાલક્રીષ્ન (૧૮૭૧–૭૨) ૯ મું. હા. કો. ૪ ૩), અથવા કીર્તન ગાવાના વંશપરંપરાના કામને લીધે પવીત્ર પુરીઓ લેવાનો હક ઠરાવાનો દાવો ચાલે છે (નરસીંહ વી. ક્રીશ્ન તાલા. (૧૮૭૦–૭૧) ૬ મ. હા. કો. ૪૪૯). એકાદી બજારની જગાના ઉપયોગ સારૂ "ચોધરેશી" તરીકે વાદીને અમુક ફી બુદ્ધી પુર્વક આપેલી હોય તો તે ફી લેવાનો એકાદા સખસનો હક છે (પુરણમલ વી ખેદુહાઉ ૭ એસ. ડી. એ. સેલ ૩૩૬; ભીનક ચોધરી વી. જોનપરના કલેકટર ૮૨. આગ્રા. ૨૭૧). અથવા હોડીઓ મેળવવાનો હક ઠરાવવાનો દાવો ચાલતો નથી (રામદયાળ વી. ચકુ ૧ અ. હા કો. ૨૯૧). એકાદા મઠની આયા તરીકેનો વાદીનો હક ઠરાવાને તથા તે આયા તરીકે લગ્નોના પ્રસગે ફી લેવાને દાવો ચાલે છે (સુસંગાયા વી તામાના (૧૮૯૨) ૧૬ મું. ૨૮૧) સારા કાયમ થયેલા રીવાજની

સામેતી ના હોય તો પ્રતીવાદીના લગ્ન વખતે એકાદા મંદીરનો ઉપયોગ કર્યા સારૂ તે પ્રતી-વાદી લગ્નની ફી આપવાને જવાબદાર હોય તે ફી લેવાનો દાવો ચાલવા લાયક નથી. (મદન વી. અર્લીનદી (૧૮૬૯) ૫ મ. હા. કો. ૧૪૭). ૩ ઉપરની જકાત સને ૧૮૪૪ ના એકટ ૧૯ થી કાહડી નાંખેલી છે માટે તે જકાત લેવાનો દાવો ચાલી શકતો નથી; (કલ્યાણ રાયજી વી. મોકયુઝીલ કંપની (૧૮૯૦) ૧૪ મું. ૫૨૬); પરંતુ હોડીવાળા નદીના કીનારા ઉપર ખીલીઓ ઠોકે તેથી "ખંતગારી" અથવા તે ઉપર ઠરાવેલી હકશાઈ દાવો કરી લઇ શકાય છે. (ધનપતસીંગ વી. દીનોબંધુ (૧૮૮૧) ૯ ક. લા. રી. ૨૭૯). તેમ એકાદો વતનદાર પોતાની રૈયત પાસેથી નફો લેવાને સારૂ દાવો કરે તો તે ચાલે છે (વિશ્નુહરી વી. ગતુ ત્રીંબક (૧૮૮૮) ૧૨ મું. ૨૭૮).

મહેનતનો બદલો:—એકાદા કમીશનરને એક કોર્ટે હિસાબ લેવાને નીમેલા અને તેમનું ખર્ચ આપવામાં આવેલું નહિં તો તેમનો પોતાની મહેનતનો બદલો લેવાને દાવો કરવાનો હક છે (ગોપાળ રતન વી. બુપાલા (૧૮૮૨) ૪ મ. ૩૫૯).

લગ્નના હક પાછા મેળવવા બાબત:—એક હિંદુની બાબતમાં (મુગા વી. નંદી (૧૮૭૨) ૪ વા. પ્રાં. ૧૦૯; પેગી વી. શીવનારાયણ (૧૮૮૬) ૮ અ. ૭૮; યમુનાબાઈ વી. નારાયણ (૧૮૭૬) ૧ મું. ૧૬૪; જોગેન્દ્ર નંદીની વી. હરીદાસ (૧૮૭૯) ૫. ક. લા. રી. ૧૫; બીંદા વી. કૌશલ્યા (૧૮૯૧) ૧૩ અ. ૧૨૬; દાદાજી વી. રૂખમાબાઇ (૧૮૮૬) ૧૦ મું. ૩૦૧; મતાનગીની વી. જોગેન્દ્ર (૧૮૯૨) ૧૯ ક. ૮૪); સાટે કરેલા લગ્નનાં રીવાજની બાબતમાં (બાઇ ઉગરી વી. પરશોતમ (૧૮૯૩) ૧૭ મું. ૪૦૦). એકાદા મુસલમાનની બાબતમાં (બઝલુર રહિમ વી શમશુન્નીસા ૧૧ મુ. ઇ. અ. ૫૫૧). એકાદા પારસીની બાબતમાં, (અરદેશર કરસેટજી વી. પીરોઝબાઇ ૬ મુ. ઇ. અ. ૩૪૮).

લગ્નના હક પાછા મેળવવા બાબતના દાવામાં વહુ પોતાના ધણીના ઘેરથી ધણીની કબુલત વીના ઘેર હાજર રહે તેથી દાવાનું કારણ થાય છે (લલીતગર વી. બાઇ સુરજ (૧૮૯૪) ૧૮ મું. ૩૧૬). ધણી ધણીઆણી તરીકે રહેવામાં આવેલું હોય તેમાં બીજી વખતે છુટા પડવામાં આવે તો તેથી દાવાનું કારણ નવું બને છે (કેશવલાલ વી. પાર્વતી (૧૮૯૪) ૧૮ મું. ૩૨૭).

મહેસુલ:—સેક્રેટરી ઓફ સ્ટેટ એવું ઠરાવવાને દાવો કરી શકે છે કે ચઢેલા આબકારી મહેસુલ બાબત જે જમીન જપ્તીમાં છે પણ તે બાબત કસુર કરનાર વીરૂદ્ધ નાણા સબંધીના હુકમનામાની બજાવણીમાં તે જપ્ત કરીને વેચામાં આવેલી છે તોપણ આબકારી એકટ પ્રમાણે જે ચઢેલા મહેસુલ બાબત જપ્તી થયેલી છે તે મહેસુલ બાબત તે જવાબદાર છે. (સારંગપાણી વી. સેક્રેટરી ઓફ સ્ટેટ (૧૮૯૩) ૧૬ મ. ૪૭૯).

રેવન્યુ કોર્ટ—ચઢેલુ મેહસુલ અમુક સખસોએ આપેલુ નહિં તેથી તે વસુલ કરવાને બીજા એક સખસ કે જેનો જે જમીનનુ મેહસુલ ચઢેલુ તે જમીન સાથે કાંઇ સબધ નાહ હતા અને તે સખસના ઢોર વેચવામાં આવેલાં હતાં તેથી ઠરાવ્યુ છે કે તે ઢોરના માલેકનો ઇલાજ તદન રેવન્યુ કોર્ટમાં છે અને આવા વેચાણ બાબત એકાદી દીવાની કોર્ટમાં કાંઇ દાવો ચાલતો નથી સેક્રેટરી ઓફસ્ટેટ વી. માહાદી (૧૮૯૭) ૧૯. અ. ૧૨૭; શાહિ વી. બીન્હેશરી (૧૯૦૫) એડલ્યુ. અને ૨૩૭ ના કામમાં તે પ્રમાણે ચાલવામાં આવેલુ છે). મહેસુલ ચઢેલુ ધારવામાં આવે અને તેથી સને ૧૮૫૯ ના એકટ ૧૧ પ્રમાણે કલેકટરે એક રેવન્યુ વેચાણ કરેલુ હોય તો તે વેચાણ દીવાની કોર્ટમાં રદ કરી શકાય છે (બાળકીશનદાસ વી. સીમ્પસન

(૧૮૯૮) ૨૫ ક. ૮૮૩; હર કુસીંગ વી. બન્સીધર સીંગ (૧૮૯૮) ૨૫ ક. ૮૭૬) તેમજ વળી તે એકટની કલમ ૧૧ પ્રમાણે એકાદી મઝીયારી મીલકતના દફતરમાં દાખલ થયેલા ભાગીદાર સાથે જુદો હિસાબ રાખવાને સારૂ કલેકટરે હુકમ કરેલો હોય તો તે હુકમ વીરૂધ્ધ દાવો ચાલે છે (હરગોવીંદદાસ વી બરોડા પ્રસાદ (૧૮૭૦–૭૧) ૬. બં. લા. રી. ૬૧૪); તેમજ વળી કમીશનરને પ્રથમ અપીલ કર્યા શીવાય રસ્તાની અથવા સાર્વજનીક જકાત ચઢેલા બાબતનુ વેચાણ રદ કરવાનો દાવો ચાલે છે (મોહિબલ હક વી. શીવસાહેસીંગ (૧૮૯૮) ૨૫. ક. ૮૫) પરંતુ એક પટે રાખનાર " પાટક " કબુલ કરવાને ના કહે તેથી તેની પાસેથી કબજો છોડાવાને એક રેવન્યુ કોર્ટે હુકમ કરેલો હોય તો તે દીવાની કોર્ટ માં રદ કરી શકાતો નથી (રાઘાવા વી. રાજા ગોપાળ (૧૮૮૬) ૯ મ. ૩૯) તેમ રેવન્યુ અધીકારીયોએ જે જમીન એકાદી જાગીરમાં વધારેલી હોય અને તે જમીન તે બાજાના તાબની જમીનની જુદી બાજુ તરફ દુરસ્ત કરેલી હોય તોપણ તે જમીનનો કબજો લેવાનો દાવો ચાલવા લાયક નથી (રામ જીવણસીંગ વી. શાહબાદ ના કલેકટર (૧૮૭૫) ૧૪. બ. લા. રી. ૨૨૧ નોટ) તેમ ચઢેલા જકાતો બાબતના સરટીફીકેટની બજાવણીમાં કલેકટરે કરેલુ વેચાણ જો તે વખતે વસુલ થયા વગરની ચઢેલી બાકી હોયતો રદ કરવાને દાવો ચાલી શકતો નથી ત્રયલખોનાથ વી. ધ્હારખાન (૧૮૯૬) ૨૩. ક. ૬૪૧). જ્યારે સને ૧૮૭૫ ના બંગાળાના એકટ ૫ પ્રમાણે ખાંનગી મીલકતના ખુટ નક્કી કરવાને સર્વેનુ કામ ચાલેલુ હોય અને કાંઇ સાર્વજનીક કારણથી ચાલેલુ ના હોય તો તેમાં કરેલો હુકમ રદ કરવાને દીવાની કોર્ટમાં દાવો ચાલે છે (હરી પ્રસાદ વી. જમના પ્રસાદ (૧૮૮૧) ૬. ક. ૪૫૩). અને જુના દીવાની કાયદાની કલમ ૩૨૬ પ્રમાણે થયેલુ લીલામ રદ કરવાને કલેકટરે કરેલો હુકમ રદ કરવાને એકાદો દાવો ચાલવા લાયક છે (બંદી વી. કાળકા (૧૮૮૭) ૯ અ. ૬૦૨).

રેવન્યુ હકુમતના એકટ.—વાદીની મીલકતનુ વેચાણ રેવન્યુ વસુલ કરવાના કામમાં પરીણામે થયેલુ હાય અને તેમાં સરકારે કાંઇ મદદ કરેલી ના હોય તો સને ૧૮૭૬ ના મુંબાઇના એકટ ૧૦ ની કલમ પ્રમાણે દીવાની કોર્ટની હકુમત લેઇ લેવામાં આવેલી નથી (બાહદુ વી. લક્ષમણ (૧૮૯૩) ૧૭ મુ. ૬૮૧) એકાદા ઇનામદારે એક "ખોટ" ઉપર વજે લેવાને દાવો કરેલો તેમાં એવું ઠરાવ્યુ હતું કે બેમાંથી અકેકે પક્ષકારને સરકારે જમીનનુ જે મહેસુલ મુકરર કરેલુ છે તે મહેસુલના આકારની રકમ વીષે કાંઇ હરકત નથી અને તે ઇનામદારને "મકતા" અથવા આકાર આપવાને ખોટ જવાબદાર છે કે નહિ એવો સવાલ હોયતો સને ૧૮૭૬ ના મુંબાઇ ના એકટ ૧૦ ની કલમ ૪ પેટા રકમ (બ) પ્રમાણે તે દાવો દીવાની કોર્ટની હકુમતમાંથી લઇ લેવામાં આવેલો નથી (ગગાધર હરી વી. મોરભટ (૧૮૯૪) ૧૮ મુ. ૫૨૫) એક વતનદારના મહેનતાણામાં જ્યારે એકાદા કલેકટરે વધારો કરેલો અને તે રકમ વાદી પાસેથી જપ્તી કરીને વસુલ કરેલી તેમજ ઇનામદાર પાસેથી જપ્તી કરીને વસુલ કરેલી તેમાં ઠરાવ્યુ છે કે તે વતનદારનુ મહેનતાણુ વધારવાને તે કલેકટરનો અખત્યાર નહોતો અને વાદીના પાસેથી ઘેર કાયદે લીધેલી રકમ તે પાછી લેવાને વાદીઓ દાવાને સને ૧૮૭૬ ના એકટ ૧૦ ની કલમ ૪ (સી)થી હરકત થતી નથી. કલેકટરે એક હુકમ. અ. ના ખાતામાંથી બ ના ખાતામાં ચઢાવાને હુકમ કરેલો હોય તેથી અ નુ તે જેમીન ઉપર થતુ હીત ગયેલુ થાય છે એમ થતુ નથી. માટે તેવી જમીન અ એ બ પાસેથી લેવાને દાવો કરેલો હોય તો તે માત્ર એક ખાંનગી હક ઠરાવાને સારૂ ખાનગી

પક્ષકાર વચ્ચેનો દાવો છે માટે સને ૧૮૭૬ ના એકટ ૧૦ ની કલમ ૪ (સી) થી દીવાની કોર્ટની હકુમતને હરકત થતી નથી (ભાઉ વી. હરી (૧૮૯૬) ૨૦ મુ. ૭૪૭). સને ૧૮૭૬ ના એકટ ૧૦ ની કલમ ૧૧ માં હકુમતની જે હરકત બતાવેલી છે તે જંગલના અમલદાર ની અરજ ઉપરથી કાપેલા કાટનાં લાકડાં તેમણે વેચેલાં હોય તેની કીમત લેવાને સારૂ સને ૧૮૭૮ ના એકટ ૭ ની કલમ ૮૧ પ્રમાણે કલેકટર જે ઇલાજ કરે તે કામોને લાગુ થતી નથી (હરીભાઇ વી. સેક્રેટરી ઓફ સ્ટેટ (૧૮૯૬) ૨૦ મુ ૭૬૪) સને ૧૮૭૬ના એકટ ૧૦ ના હેતુ પ્રમાણે એક જંગલનો અમલદાર તે રેવન્યુ અમલદાર નથી માટે તેમના ઉપરના દાવાને સને ૧૮૮૨ના એકટ ૧૪ ની કલમ ૧૨ થી હરકત થતી નથી (નારાયણ બલ્લાલ વી. સેક્રેટરી ઓફ સ્ટેટ (૧૮૯૬) ૨૦ મુ. ૮૦૩). સને ૧૮૭૬ ના મુંબાઇના એકટ ૧૦ ની કલમ ૧૧ પ્રમાણે એકાદા જે દાવામાં તે એકટ લાગુ થતો હોય તે દાવામાં ગુણદોષ ઉપર પુરાવ લેતાં પહેલા કોર્ટે વાદી પાસે એવુ સાબીત કરાવુ જોઇએ કે તે દાવો કરતાં પેહેલાં તે વખતના ચાલુ કાયદા પ્રમાણે જે મુદતમાં દાવો ચાલી શકે તે મુદતની અંદર જે અપીલો કરવાની હતી તે તમામ અપીલો તેણે કરેલી છે (રણછોડ વી. સેક્રેટરે ઓફ સ્ટેટ (૧૮૯૮) ૨૨ મું. ૧૭૩). પરંતુ જેવી અપીલ આપવામાં આવે તેટલે વાદી દીવાની કોર્ટમાં દાવો કરી શકે છે. તે જવાબને માટે રાહ જોવાને બંધાએલો નથી (આબાજી વી. સેક્રેટરી ઓફસ્ટેટ (૧૮૯૮) ૨૨ મું. ૫૮૩). સને ૧૮૭૬ ના એકટ ૧૦ ની કલમ ૧૧ માં જે "અપીલ કરવાને કાયદાથી પરવાનગી આપેલી હોય" એવા શબ્દો છે તેનો હેતુ "કાયદાથી પરવાનગી આપેલી મુદતની અંદર એકાદી અપીલ" એવો થતો નથી. તે શબ્દો કાયદા પ્રમાણે જે અપીલો ઠરાવી છે અને જેનો મુદત સાથે કાંઇ સબંધ નથી તે સબંધી છે. (રણછોડ વી. સેક્રેટરી ઓફ સ્ટેટ (૧૮૯૮) ૨૨ મું. ૫૮૩) વાદીના બળદની એક જોડ એક આબકારી ઇન્સપેકટરના ઉપયોગને સારૂ એકાદા ગામના પટેલ અને કુલ કરણીએ રાખેલી હોય તેથી વાદીએ તેઓના ઉપર સબોર્ડીનેટ જડજની કોર્ટમાં નુકસાન બાબત દાવો કર્યો. તેમાં ઠરાવ્યું છે કે સને ૧૮૭૬ ના એકટ ૧૦ પ્રમાણે તે દાવો સબોર્ડીનેટ જડજની કોર્ટમાં યોગ્ય રીતે દાખલ કરેલો છે કારણકે પ્રતીવાદીઓપર ખાંનગી સખસો તરીકે તે દાવો કરેલો છે (બુધો વી. કેસો (૧૮૯૭) ૨૧. મું. ૭૭૩). એક અમુક ગામના રેહવાશીનો સરકારી પડતર જમીન જે પોતાના ગામની હદની અંદર છે તેમાં ચરાવાનો હક છે એવું ઠરાવાની હકુમત કોર્ટની હોય તોપણ કાયદાના ઠરાવથી કલેકટરને જે અખત્યાર આપેલો તે અખત્યાર પ્રમાણે તે શુદ્ધ બુદ્ધીથી ચાલતા હોયતો તે સબંધી કાંઇ અમુક રીતે ચાલવાને તે કોર્ટો કલેકટરને તાકીત કરી શકતા નથી. પડતર જમીનના કબજા સબંધી સરકાર ઉપરનો દાવો હોયતો રેવન્યુ હકુમતના એકટ (સને ૧૮૭૬ ના મુંબાઇના એકટ ૧૦) ની કલમ ૪ પ્રમાણે દીવાની કોર્ટો તે દાવો સાંભળવાને અટકાવ કરેલો છે (ત્રીંબક વી. સેક્રેટરી ઓફ સ્ટેટ (૧૮૯૭) ૨૧ મું. ૭૮૪).

પાછળથી થનાર વારસ: મીલકત બીજાને આપવી.— જ્યારે એકાદી હીંદુ વીધવાને દીકરા વીનાની એક દીકરી હોય અને તેણીના કબજામાં પોતાના ધણીની મીલકત હોય ત્યારે તે દીકરીના મરણ પછી પાછળથી થનાર વારસની ખાહેશ ઉપરથી તેના પાછળના હકને હરકત ના થાય તે પ્રમાણે તે મીલકત બીજાને આપતાં તે મા તથા દીકરીને અટકાવવાને એકાદો દાવો ચાલી શકે છે (ગૌરીદત્ત વી. ગુરશાહિ (૧૮૭૯) ૨. અ. ૪૧).

પરંતુ તે મા અને દીકરી સાજસથી મળી ગયા છે એવું જો તે પાછળથી થનાર વારસ સાબેત કરી શકે નહિંતો તે દાવો ચાલી શકતો નથી. (આનંદ કુંવર વી. કોર્ટ ઓફ વૉર્ડસ (૧૮૮૦-૮૧) લા. રી. ૮. ઇ. અ. ૧૪; (૧૮૮૧) ૬. અ. ૭૬૪; મદારી વી. માલકી. (૧૮૮૪) ૬. અ. ૪૨૮) અને તે વીધવા સાથે નજીકમાંનો નજીક સખસ સાજસથી મળેલો ના હોય અથવા તેને અટકાવવાને કાંઇ કરેલુ ના હોય અથવા પુખ્ત કારણ શીવાય તેણે દાવો કરવાને ના કહેલી હોયતો દુરનો પાછળથી થનાર વારસ દાવો કરી શકતો નથી (ઝુલા વી. કાન્તા પ્રસાદ (૧૮૮૭) ૯. અ. ૪૪૧; અને જુઓ રામાનંદ કુંવર વી. રઘુનાથ (૧૮૮૨) લા. રી. ૯ ઈ. અ. ૪૧; ૮ ક. ૭૬૯) એકાદી હીંદુ વીધવાનો એક દત વીધાન રદ કરવાને દાવો કરવાનો હક તે સામાન્ય નીયમ પ્રમાણે ઘણાજ નજીકના પાછળથી થનાર વારસ બાબત છે. જો પુખ્ત કારણ સીવાય તે દાવો કરવાને ના કહે અથવા તે પ્રમાણે કરવાને તેને અટકાવ થયેલો હોયતો અનુમાન કરવા પ્રમાણે પાછળથી થનાર જે વારસ હોય તે દાવો કરી શકે છે. આવા કામમાં દુરના પાછળથી થનાર વારસનો દાવો કરવાનો હક છે કે નહિં અને વધારે નજીકના પાછળથી થનાર વારસને એક પક્ષકાર તરીકે દાખલ કરવાની જરૂર છે કે નહિં એ સવાલ વીશેનો કોર્ટ નીર્ણય કરવો જોઇએ (રામાબાઇ વી. રંગરાવ (૧૮૯૫) ૧૯ મું. ૬૧૪).

વેચાણ.—એકાદુ કરજ વસુલ આપવાને મીલકતનુ ગેર શીરસ્તે કરેલું વેચાણ રદ કરવાનો દાવો તે દીવાની પ્રકારનો દાવો છે (રામતારક વી. મોસાએબ અલ્લીખાંન (૧૯૦૧) ૬ ક. વી. નોટ ૨૪૬). કપટથી મેળવેલાં હુકમનાંમાની બજાવણીમાં મીલકત વેચેલી હોય તો વ્યાજબી કીંમત ઉપજેલી ના હેય તેથી કપટમાં ભાગ લીધાની વાત અથવા તે બાબતની માહિતી વીના ખરીદદાર વીરૂદ્ધ તે વેચાંણ વ્યાજબી રાહે રદ કરવા સારૂ પુખ્ત હકીકત થતી નથી. (ચીતાંબર વી. ક્રીશ્નાપા (૧૯૦૨) ૨૬ મું. ૫૪૩). વેચેલી મીલકતમાં હુકમનામાના દેણદારનુ વેચવા લાયક હિત છે નહિં એવું માલમ પડેતો બજાવણીમાં થયેલા લીલામમાં વેચાણની જે કીંમત આપેલી હોય તે પાછી લેવાનો દાવો ચાલે છે (હરીદયાળ વી. સમસુદીન). સાર્વજનીક લેણુ વસુલ કરવાના એકટ પ્રમાણેના એક સરટીફીકેટની બજાવણીમાં એકાદુ થયેલું લીલામ રદ કરવાનો દાવો દીવાની કોર્ટમાં ચાલવા લાયક છે (માતંગીની દેવી વી. ચીશચંદ્ર ચોંગદાર (૧૯૦૩) ૩૦. ક. ૬૧૯).

સ્કુલ ફી.—સરકારી સ્કુલમાં એક વિદ્યાર્થીએ જે નાંણા આપેલા હોય તે પાછા લેવાને કાંઇ દાવો ચાલવા લાયક નથી (હરેમોહન વી. બેનોમાલી મીતર (૧૮૬૯). ૧૧ વી. રી. ૩૫૯).

હજામોની નોકરી.—હજામો પાસેથી અમુક નોકરી કરાવવાનો દીવાની કોર્ટમાં દાવો ચાલી શકતો નથી (રાજક્રીસ્ટો વી. નોબાઇલસીલ (૧૮૬૪) ૧ વી. રી. ૩૫૧).

સેટલમેંટ.—જમીન પાછી લીધેલી.—એકાદો જે સખસ એમ કહેતો હોય કે પાછી લીધેલી જમીનનો કાયમ સેટલમેંટ કરાવાનો મારો હક છે તો તે હક ઠરાવવાને પરવાંનગી આપવી એવો હમેશનો રીવાજ છે અને તે ફકત સામાવાળા વીરૂદ્ધ છે અને તે કાયમ સેટલમેટ કરીને અથવા ફેરફાર કરીને તે પ્રમાણે ઠરાવેલો હક સરકારે હમેશાં કબુલ કરેલો હોય છે. (ક્રીશ્ના વી. હેશીશ (૧૮૭૧) ૮ બં. લા. રી. ૫૨૪) પરંતુ કાઇ સખસની સાથે તે ઠરાવ કરાવાને સરકારને ફરજ પાડી શકાય છે કે નહિં એ વીષે સફાઈ નથી સરકાર વી. પોકબારનસીંગ. (૧૮૬૭) ૭ વી. રી. ૪૬૫).

કાયમ સેટલમેંટ—એકાદો થોડી મુદતને સારૂ સેટલમેંટ કર્યા પછી એક જમીનદાર સાથે કલેક્ટરે કરાર કરવા એવુ ઠરાવવાને દીવાની કોર્ટ મુખત્યાર નથી પરંતુ જો તે આકાર કબુલ કરે અને રેવન્યુ અધીકારીઓએ ઠરાવેલી બીજી સરતો કબુલ કરે તો સેટલમેંટ કરાવવાનો તેનો પ્રથમ હક કોર્ટ ઠરાવી શકે છે (વોટસન અને કંપની વી. બ્રજો સુંદરી (૧૮૬૮) ૧૦. વી. રી. ૩૯૫). અને જે જીલ્લામાં કાયમ ઠરાવ કરેલો ના હોય તે જીલ્લામાં સેટલમેંટમાં જે પક્ષકારોના હિસ્સા હોય તે પક્ષકારના હકોના દીવાની કોર્ટો નીર્ણય કરી શકે છે (બીજય ક્રીચેટ વી. ગોરીયા (૧૮૮૧) ૭ ક ૪૩૭).

સોસાઇટી.—હિંદુઓને પોતાની મરજી વીરૂદ્ધ બીજા હિંદુઓને પોતાને ઘેર બોલાવાને અથવા તેમની આગના સ્વાગતા કરવાને કહેવાની ફરજ દીવાની કોર્ટો પાડી શકતી નથી (જયચંદ્ર વી. રામચરણ (૧૮૬૬) ૩. વી. રી. ૩૨૩).

ખાસ ઇલાજ.—જો કાયદા કરનારીઓએ એક ફરજ ઠરાવી હોયતો તેનો અમલ ના કરવાથી દાવો ચાલે તેમ થાય છે. (પનુસાંમી તેવાર વી. મદુરાના કલેકટર (૧૮૬૬–૮) ૩ મ હા. કો. ૩૫). પણ જો તેઓ એકાદાદુ બંધન એવી રીતનુ કહેકે તેનો અમલ ખાશ રીતે થાય તો સામાન્ય નીયમ પ્રમાંણે બીજી કોઇ રીતે તેનો અમલ કરી શકાતો નથી (વોલવર હેંપટન વાટર વર્કશ કંપની વી. હાકશ ફોર્ડ ૨૮ લા. જ. સી. પી. ૨૪૨ નો ઠરાવ આશબી વી. વાહીટ ના કાંમમાં લા. કે. ૨૮૫ આવૃતી ૧૮૯૬, માં બતાવેલો છે અને મીલન્શ વી. હડર્સ ફીલ્ડ ૧૧ એપ કેશ. ૫૧૧ પા. ૫૧૮) જ્યારે કાયદા કરનારના કોઇ એકટથી સાર્વજનીક કારણસર કોઈ સખસને આપેલા અખત્યારથી જો કાયદામાં તે વીશે દાદ મળવાની રીતી બતાવેલી હોય તેથી એકાદા સખસને હરકત થાયતો, દીવાની કોર્ટોની સામાન્ય હકુમત બાતલ થાય છે (રામચંદ્ર વી. સેક્રટરી ઓફ સ્ટેટ (૧૮૨૯) ૧૨ મ. ૧૦૫).

જંગલ—આ નીયમ પ્રમાણે કોઇ દાવો દીવાની કોર્ટોમાં ચાલતો નથી.

સર્વજનીક રસ્તા—તેજ રીતે સાર્વજનીક રસ્તાઓ વીશે ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદામાં ખાશ કાંમ ચલાવવાની રીતી ઠરાવેલી છે. (હીરાચંદ્ર વી. શામચર્ણુ (૧૮૬૯) ૩ બ. લા રી ૩૫૧), અને એવુ ઠરાવેલુ છે કે વાદીએ રસ્તો લોકોને બક્ષીસ આપેલો હોય તોપણ, જો તેને ખાશ અગવડ પડેલી ના હોયતો એકાદા સાર્વજનીક રસ્તાને હરકત થવા માટે દાવો ચાલતો નથી, (કરીમ બક્ષ વી. બુધા (૧૮૭૬) ૧ અલ્હા. ૨૪૯; રાંમશાળ વી. રઘુનંદન (૧૮૮૮) ૧૦ અલ્હા. ૪૯૮, પારબતીચર્ણુ વી. કાળીનાથ (૧૮૭૦) ૬ બં. લા. રી. એપ. ૭૩; બરોદા પ્રશાદ વી. ગોરાચંદ્ર (૧૮૬૯) ૧૨ વી. રી. ૧૬૦; (૧૮૬૯) ૩ બં. લા. રી. ૨૯૫; રાંમતારક વી. દીનાનાથ (૧૮૭૧) ૭ બં. લા. રી. ૧૮૪; ભગીરથ વી. ગોકળચંદ્ર (૧૮૭૨ ૧૮ વી. રી. ૫૮; અબદુલહાય વી રાંમચર્ણુ (૧૮૬૯) ૧૧ વી. રી. ૪૪૫; સાતકુ વી. ઇબ્રાહીમ આગા (૧૮૭૮) મુ. ૪૫૭; સીદેશ્વર વી. ક્રીશ્ન (૧૮૯૧) ૧૪ મ. ૧૧૭, પણ જુઓ જગમણી દાસી વી. નીલમણી (૧૮૮૩) ૯ ક. ૭૫; ૧૧ ક. લા. રી. ૫૦૨), જે કાંમમાં વાદીને ખાશ નુકશાંન વેઠવુ પડેલુ હોય તે કાંમમાં તેમ નથી (રાજકુમાર વી. સાહેબજાદા રોય (૧૮૭૮) ૩ ક. ૨૦; રાજ્ય નારાયણ મીતર વી. એકાદશી બાગ (૧૯૦૦) ૨૭ ક. ૭૯૩); અથવા તે બક્ષીશ આપનારનો તે વારશ વકીલ હોય તો તેમ નથી (જગમણી વી. નીલમણી (૧૮૮૩) ૯ ક. ૭૫; ૧૧ ક. લા. રી ૫૦૨; તોટા વી. સુન્દલ (૧૮૮૮) ૧૦ અલ્હા. ૫૫૩). એક જાહેરાત ચાલવાના રસ્તામાં એક હરકત થએલી તે ખશેડવાના દાવામાં એવુ માલુમ પડ્યુ હતુ કે તે હરકતથી વાદીયોનોજ ફક્ત ઇલાજ પોતાના ઢોર ચરાવવાનો હતો તેમાંથી તેઓ બાતલ થએલા છે અને તેથી તેઓએ કેટલીક

ગાયો ખોએલી છે. તેમાં ઠરાવ્યું છે કે આગલી હકીકતથી તેઓને દાવાનુ કારણ મળેલુ છે, પણ તે પ્રમાણે કરવાને ગાયો ગુમ થયાની બાબત તે હરકત સાથે ઘણા દુરના સબંધવાળા છે (અબઝલ વી. નાસીર મહમદ (૧૮૯૫) ૨૨ ક. ૫૫૧) એકાદી જમીનનો ઊપયોગ કરવાનો જે લોકો રીતીશર દાવો રાખતા હોય અને જમીનના માલકના હકને તેથી ધાસ્તીમાં નાંખ્યો હોય તો તેમાંના હરકોઈ એક સખસ ઊપર તે જમીન માલેકને દાવો લાવવાનો હક છે (ચુનીલાલ વી રાંમકીશન (૧૮૮૮) ૧૫ ક. ૪૬૦). જ્યારે જમીનના માલેકે રસ્તો સાર્વજનીક ઉપયોગ સારૂ અર્પણ કરેલો હોય અને તે રસ્તો દુરસ્ત રાખીને બરોબર મરામત કરાવવાને જવાબદાર હોય ત્યારે તે રસ્તાના સુધારાનુ કાંઇ કામ નાશ કરનારના ઉપર નુકશાંન બાબત તથા તાકીદ હુકમ કાઢવાનો દાવો કરવાનો ખાસ નુકશાંન શાબેત કરયા વીના તેનો હક થાય છે (માહારાજ બાહાદુર વી. પારેશનાથ (૧૯૦૪) ૩૧ ક. ૮૩૯).

"સાર્વજનીક જગા" એટલે શુ તે વીશે જુઓ પ્રતીહાબખાંન વી. મહમદ યુસબ (૧૮૮૭) ૯ અલ્હા ૪૩૪; અને "સાર્વજનીક હક" વીશે જુઓ વેકટ ચેલા વી કપુશાંમી (૧૮૮૮) ૧૧ મ. ૪૨).

ફો. કા. ચ રી. ના કાયદાની ક. ૧૩૩ પ્રમાણેનો એક હુકમને હકના સવાલ વીશે નીશ્ચયકાર્ક નીર્ણય નથી (સેક્રટરી ઓફ સ્ટેટ વી. જેઠાભાઇ કાળીદાસ (૧૮૯૩) ૧૭ મુ. ૨૯૩).

સ્ટેંપઃ—સ્ટેંપ એકટ (સને ૧૮૭૯ ના ૧) ની ક. ૩૭ (બ) પ્રમાણે કલેકટરે એવો ઠરાવ કરયો હોય કે અમુક દસ્તાવેજ યોગ્ય રીતે સ્ટેંપવાળો નથી તો તે ઠરાવ આખરનો અને નીશ્ચયકાર્ક નથી. જો તેમના ઠરાવ પ્રમાણે ચાલવામાં ના આવે તો દરેક જે દીવાની કોર્ટની રૂબરૂને દસ્તાવેજ આવે તે કોર્ટે પોતાને માટે તે સવાલનો નીર્ણય કરવો જોઇએ (હરીભાઇ વી. ક્રીશ્નરાવ (૧૮૯૮) ૨૨ મુ. ૬૩૨). સ્ટેંપ એકટ પ્રમાણે એકાદા દસ્તાવેજ ઊપરનો સ્ટેંપ ડયુટી અને પેનલ્ટી આપવાને પ્રતીવાદી બંધાએલો હોય તે સ્ટેંપ ડયુટી તથા પેનલ્ટીની રકમ વસુલ કરવાને એક દાવો ચાલવા લાયક છે (સ્ટેપ એકટ પ્રમાણેનુ રેફરંશ (૧૮૮૧) ૧૧ મ. ૪૦).

દાવો કરવાનો હકઃ—નુકશાન બાબત ફકત દાવો કરવાના હકના અશાઈનીને કાંઇ દાવાનુ કારણ નથી (પ્રાગીલાલ વી. ફતેચંદ (૧૮૮૩) ૫ અ. ૨૭૭), માટે દરમીયાન ઊપજ વીશે દાવો કરવાના હકનો ખરીદ કરનારને દરમીયાન ઉપજ વીશે દાવો કરી શકતો નથી (શ્યામચંદ વી. લેંન્ડમોર્ટગેજ બેંક (૧૮૮૩). ૯ ક. ૬૯૫ પા. ૬૯૭); વળી જુઓ ક. ૯૦ ની રકમ (ઇ) નીચેની નોટ)—

સેક્રટરી ઓફ સ્ટેટઃ—સરકારના અથવા રાજ્યના એકાદા કૃત્ય સબંધી કોઇ દાવો સેક્રટરી ઓફ સ્ટેટ ઊપર ચાલતો નથી. કોઈ "લાયબલ" ગમે તેટલુ ધ્વેશ ભરેલુ સરકારના એકાદા ઠરાવમાં હોય પણ તેના આધારથી કોઇ દાવો કરી શકાતો નથી (જાહાંગીર કરસેદજી વી. સેક્રટરી ઓફ સ્ટેટ (૧૯૦૩) ૨૭ મુ. ૧૮૯).

નુકશાંનઃ—એકાદા છુટા થએલો પક્ષકાર ફોજદારી કામ ચલાવવાને નીશફળ થાય તો તેથી નુકશાન લેવાનો દીવાની કોર્ટમાં દાવો કરવાનો તેનો હક છે તેમાંથી તે બાતલ થતો નથી (શ્રીનાથ મુકરજી વી. કોમળ કરમોકર (૧૮૭૧) ૧૬ વી. રી ૮૩; શામાચર્ણ ઓઝ વી. ભોળાનાથદત્ત (૧૮૬૬) ૬ વી. રી. સીવીલ. રેફરંશ ૯; ચોઈતુનો પરમાણીક વી. ઝમરૂદી (૧૮૭૨) ૧૮ વી. રી. ૨૭; અબદુલ કાદર વી. મહમદ મેરા (૧૮૮૨) ૪ મ. ૪૧૦).

વાપરઃ—ફક્ત વાપરથી સ્વતંત્ર રીતનો કબજો લેવાના દાવાને ટેકો મળતો નથી (હુસનઅલી વી. મેદુકમેંન (૧૮૮૪) ૬ અલ્હા. ૩૯).

ખુશી પુર્વક એસોસીએશનો.—જુઓ એડવોકેટ જનરલ વી દેવાકર (૧૮૮૭ ૧૧ મુ. ૧૮૫; વળી જોઓ ડોકીન્સ વી ટ્રોબસ ૧૭ સી. ડી. ૬૧૫.—

ખુશી પુર્વક વસુલ—ખુશી જે વસુલ આપેલુ હોય તેથી કાંઇ દાવાનુ કારણ મળતુ નથી. માટે **બ.** એક બાજાઓ ઊપરતુ હુકમનાંમુ થોભાવવા સારૂ પોતના નામથી નાંણા આપ્યાં હોયતો, તે પાછા લેઇ શકતો નથી. (અબદુલ વાહેબ વી. હમંન્ડ (૧૮૬૫) ૨ વી. રી. એકટ ૧૦, ૪૮). માટે **બ.** નો હક ખરીદ કરનાર આ હતો પછી **બ.** પાસે ચઢેલી લહેણી રકમ લેવાનો દાવો **બ.** ઊપર કરવામાં આવ્યો. તેથી તે જમીન ઊપરનો હક બચાવવાને શારૂ **અ.** એ નાંણા આપ્યાં. તેમાં ઠરાવ્યુ છે કે તે બાબત તે **બ.** ઊપર દાવો કરી શકતો નથી- રાંમબક્ષ વી હીંદોમણી (૧૮૬૮) ૧૦ વી. રી. ૪૪૬, પરંતુ જુઓ કરાર એકટની ક- ૬૯ અને અજુધ્યા પરશાદ વી. બાકર (૧૮૮૩) ૫ અ. ૪૦૦)' તેમજ વળી એક કસુર કરનાર સહીદારનો સને ૧૮૫૯ ના એકટ ૧૧ ની કલમ ૧૩ પ્રમાણે જુદો હિસાબ હોય અને તેની તરફથી ચઢેલુ મહેસુલ એકાદો ભાગીદાર ખુશીથી આપેતો તે કસુર કરનાર પાસેથી પાછુ તે મળવાને દાવો રાખી શકતો નથી (ક્રીશનચંદ્ર વી. મદન મોહન (૧૮૬૭) ૭. વી. રી ૩૬૫). વ્યાજબીપણાનો એવી મતલબનો સામાન્ય નીયમ નથી કે કોઇ સખસનુ એક મીલકતમાં હીત હોય તેથી તે મીલકત બચાવાને સારૂ વસુલ આપે તો તેથી તે મીલકત ઉપર તે બાબત જવાબદારી થાય છે માટે કાંઇ કાયદાનો ઠરાવ નાહોય તો એકાદા સહિસ્સે દારે તમામ મહેસુલ આપેલુ હોય અને તેથી મીલકત બચેલી હોય તો તે તમામ મહેસુલ આપવાથી કસુર કરનાર સહિસ્સેદારના હિસ્સા ઉપર કાંઇ હક મેળવી શકતો નથી (ફીનુરાંમ વી. મુઝફરહુસેન (૧૮૮૭) ૧૪. ક. ૮૦૯; શેઠ ચીતોર વી. શીબલાલ (૧૮૯૨) ૧૪ અ. ૨૭૩). **अ** એ બજાવણીમાં **ब** નુ હીત અને હક મેળવેલુ તેથી તેણે **क** ઉપરની એક બીજી બજાવણીમાં નાંણાની એક રકમ આપેલી અને તેમાં **ब** અને **क** ના દીકરાઓનો હિત જપ્ત કરવામાં આવ્યું હતું: ઠરાવ્યું છે કે **क** ના કરજ બાબત **ब** કેવી રીતે જબાબદાર થઈ શકે તે બતાવવાને કાંઇ નથી માટે **अ** નુ આપેલુ વસુલ ખુશીથી આપેલુ હતુ તેથી તે. **ब** પાસેથી વસુલ કરી શકાતો નથી (શાહબાદના કલેકટર વી. રામ બદન (૧૮૬૮) ૧૦ વી. રી. ૪૦૦) **अ** એ **क** અને **ड** ઉપર એક હુકમનામુ મેળવ્યું અને **क** એ એક સગીરના વાલી તરીકે **अ** ઉપર અમુક રકમનુ હુકમનામુ મેળવ્યું, અને **अ** એ તે રકમ અનામત મુકી પરંતુ **क** અને **ड** ઉપરના પોતાના દાવાની બજાવણીમાં તે રકમ પાછી લીધી. ત્યાર પછી **क** એ ફાળો લેવાને **ड** ઉપર દાવો કર્યો એવા કારણથી કે તેણીએ **अ** એ લીધેલી રકમ પોનાના સગીર દીકરાને આપેલી છે; તેમાં ઠરાવ્યું છે કે તે ખુશીથી વસુલ આપેલુ છે (રાજલખી દેવી વી. તારામણી ૨. બ. લા. રી. (એ. સી) ૨૮૧; (૧૮૬૯) ૧૧. વી. રી. ૨૧૮) હમણાં બતાવેલા બેઉ કામોમાં ફાતમા ખાતુન વી. મહમદ નત ચોધરી ના કામમાં પ્રીવી કાઉસીલે કરેલા ઠરાવ વીષે વીચાર કરીને ઠરાવ્યું છે કે તે લાગુ થયો નથી (ફાતમાખાતુન વી. મહમદજાન ચોધરી (૧૮૬૩–૬૭) ૧. બ. લા રી. પી. સી. ૨૧; (૧૮૬૮) ૧૦ વી. રી. પી. સી. ૨૯; ૧૨ મુ. ઇ. અ. ૬૫). તે કામમાં **अ** ના ધણીના થયેલા હુકમનામાની રૂઇએ એક કુટુંબની મીલકત વેચાવાની હતી. તે મીલકત ઉપર પલ્લા બાબત **अ** નો હક સબંધ હતો અને તે વેચવાના હુકમ વીરૂધ્ધ નકામી તકરાર કર્યા પછી સાંમી તકરારની સાથે કોર્ટમાં તે હુકમનામાની રકમ અનામત મુકી અને તેની સાથે એવુ કહેવામાં આવ્યું કે તે વેચાણનો હુકમ રદ કરાવાને એક રેગ્યુલર દાવો કરવાનો છે પરંતુ તેણીએ કબુલ કર્યુ કે તે રકમ હુકમનામાવાળાને આપવી જોઇએ; તેમાં ઠરાવ્યું છે કે કોર્ટમાં

ભરેલી અનામત રકમથી અ ના હકને એકાદા જે લીલામથી હરકત થાય તે લીલામ અ-ટકતુ હતુ અને ફકત ખુશીથી કરેલા કૃત્યમાં એવી કબુલાત આપવામાં આવેલી હતી કે કોર્ટમાં તે નાણાં રહે તેના બદલમાં પક્ષકારોના હક નીર્ણય થાય ત્યાં સુધી તે ભરીદેવી જોઇએ માટે તે ખુશીથી આપેલુ વસુલ નથી (દુલીચદ વી. રામકીશન લા. રી. (૧૮૮૦–૮૧) ૮. ઇ અ. ૯૩; (૧૮૮૧) ૭ ક. ૬૪૮). ચઢેલી સાંથ બાબત વેચાણ થાય નહિ તે સારૂ એક તાલુક ના ગીરો રાખનારે પટની સાંથ આપેલી તે ખુશીથી આપેલી છે એમ થતુ નથી પછી જો કે તે ગીરો રાખનારે ગીરો ના દસ્તાવેજમાં આવુ વેચાણ થાયતો પોતાના રક્ષણ સારૂ એક ઠરાવ દાખલ કરેલો છે તોપણ ચીંતા નથી (મોહેશચંદ્ર વી. રામ પ્રસન્નો (૧૮૭૯) ૪ ક. ૫૩૯ ખુશીથી વસુલ આપેલું સાથી થાય છે તે પીષે જુઓ. શ્રીનાયણ બાગરી વી. સ્મીથ (૧૮૭૯) ૪. ક. ૮૦૭; લખીકાંત વી શીવચદ્ર (૧૮૬૯) ૧૨. વી. રી. ૪૬૨; સ્મીથ વી. દીનોનાથ (૧૮૮૬) ૧૨. ક. ૨૧૩; ગાડગેપા વી. આપાજી (૧૮૭૯) ૩ મુ. ૨૩); જસવતસીંગજી વી. સેક્રેટરી ઓફસ્ટેટ (૧૮૯૦) ૧૪ મુ. ૨૯૯. તોપણ જુઓ નથુરામ વી. સોમા (૧૮૯૦) ૧૪ મુ. ૫૬૨).

એકાદા દેવને નજરાણું કરવામાં આવે તેમાંથી જે નફો થાય તે સબધી વસીલાત બાબત દાવો ચાલતો નથી. જે સખસ પુજા કરતો હોય તેને સારૂ ખુશીથી વસુલ આપ્યા જેવું તે છે (કાશીચંદ્ર વી. કૈલાસચંદ્ર (૧૮૯૯) ૩ ક. વી. નોટ ૨૭૯; (૮૯૯) ૨૬. ક. ૩૫૬ વળી જુઓ રામેશર વી ઇશનચદ્ર (૧૮૬૮) ૧૦ વી. રી. ૪૫૭).

પાણી ઉપરનો કર.—એકાદી જે રૈયતે પાણી પુરૂ પાડવાને અરજી કરેલી નહોતી અને તેની જમીન ઉપર લગાયતથી વાવેતર કરવાને વેહળામાંથી પાણી વખતે વખતે વેહતુ હતુ પણ તેમાંથી તેને કાંઇ નફો મળતો નહોતો તેમ છતાં તે રૈયત પાસેથી પાણીનો કર વસુલ કરવામાં આવેલો તે પાછો લેવાને માટે એકાદો દાવો ચાલે છે. (કીશ્નયા વી સેક્રેટરી ઓફ સ્ટેટ (૮૯૬) ૧૯ મ. ૨૪). લગાયત વાવેતર કરવાને સારૂ ના એકટ (સને ૧૮૭૯ ના મુંબાઇના એકટ ૭) ની કલમ ૪૮ પ્રમાણે જ્યારે પાણીનો કર વસુલ કરવામાં આવે ત્યારે તે કર કાયદેસર વસુલ કરેલો છે કે નહિં એ વીષેનો નીર્ણય કરવાનો આધાર તે કલમના ઠરાવથી તે કર મંજુર થયેલો છે કે નહિ તે ઉપર છે. તે કલમ પ્રમાણે તે કર વસુલ કરતાં પેહલાં પુરાવ ઉપરથી તકરારી પાણી નહેરમાંથી ગાળેલુ છે કીંવા નહી એ હકીકત પુરાવ ઉપરથી નક્કી કરવાની છે તે શરત તરીકે નથી, પરંતુ નેહેરના અમલદારના અભીપ્રાય પ્રમાણે તે ગાળેલુ છે કે નહી તે નક્કી કરવાનુ છે, માટે તે ગાળ્યા વીશે તે એકટનો હેતુ તે અમલદારને જડજ કરવાનો છે અને દીવાની કોર્ટને કરવાનો નથી (બળવતજી. ઓઝ. વી. સેક્રટરી ઓફ સ્ટેટ (૧૮૯૮) ૨૨. મુ. ૩૭૭). જ્યારે પટે રાખનાર પોતાના જમીનના માલેકના તળાવમાંથી પાંણી લેઇને સુકી જમીનમાં લીલુ કરશણ વાવે ત્યારે પાણીનો કર લેવાની જવાબદારી ઠરાવવાનો તે જમીનના માલેકનો હક છે (થાયામલ વી. મુતીયા (૧૮૮૭) ૧૬ મ. ૨૮૨). સંયુકત પ્રાંતમાં જમીનના મહેસુલના સને ૧૮૭૩ ના એકટ ૧૯ અને સને ૧૮૭૩ ના એકટ ૮ પ્રમાણે જે યોગ્ય રીતે વસુલ કરવા લાયક હોય તે કરતાં વધારે લગાયત સંબંધી હક બાબત જે વસુલ આપેલુ કહેવામાં આવતુ હોય તે વસુલ પાછુ લેવાનો દાવો દીવાની કોર્ટમાં ચાલતો નથી (બળવંતસીંગ "વી. સેક્રટરી ઓફ સ્ટેટ (૧૯૦૦) ૨૨ અલ્હા. ૧૩૯).

૧૦. કોઇ ફરિયાદમાં જે તકરારી બાબત હોય તેજ પ્રત્યક્ષ અને વસ્તુત: તકરારી બાબત કોઇ પહેલાં માંડેલી ફરિયાદમાં હોય, અને

તે પહેલાં માંડેલી ફરિયાદના તેના તેજ પક્ષકારો વચ્ચે અથવા જે પક્ષકારો તરફથી તેઓ અથવા તેઓમાંનો કોઇ પોતાને હક્ક મળેલો કહેતો હોય અને તેજ હક્કથી વાદ કરતો હોય તેમની વચ્ચે, તેજ કોર્ટમાં, અથવા તે દાદ આપવાની હકુમત હોય તેવી બ્રિટિશ ઇંડિઆમાંની બીજી કોઇ કોર્ટમાં, અથવા બ્રિટિશ ઇંડિયાની હદની બહાર ગવર્નર જનરલ ઇન કૌન્સિલે સ્થાપેલી અથવા ચાલુ રાખેલી અને તેવીજ હકુમતવાળી કોઇ કોર્ટમાં, અથવા માલિક મુઆઝમ ઇન કૌન્સિલની રૂબરૂ—ચાલુ હોય તો, પછીની ફરિયાદનો કોર્ટે ઇનસાફ કરવા માંડવો નહિ. ફરિયાદો તહકુબ રાખવા બાબત.

ખુલાસા.—કોઇ ફરિયાદ પરરાજ્યની કોર્ટમાં ચાલુ હોય તેટલા ઉપરથી તેજ દાવાના કારણને આધારે કરેલી ફરિયાદનો ઇનસાફ કરવાની બ્રિટિશ ઇન્ડિયાની કોર્ટોને મનાઈ નથી.

સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની ક. ૧૨

ટીકા:—આ કલમ હાયકોર્ટને અને પ્રોવીન્સીએલ સ્માલકાઝ કોર્ટને લાગુ છે.

તપાસ ચલાવવી—આ શબ્દો "તપાસવા" એ શબ્દની જગાએ છે અને સને ૧૮૮૨ ના એકટની આવી મળતી કલમ પ્રમાણે જે એવી તકરાર કરવામાં આવતી હતી કે તેથી બીજો દાવો દાખલ કરવાની મનાઇ કરેલી છે તે તકરારનો નીકાલ થાય છે. નાંણા સંબંધીના એક દાવામાં પ્રતીવાદીએ નાંણાનો વ્યવહાર કબુલ કરેલો હતો, પણ એવુ કહેલુ છે કે હીસાબ લેતાં માલુમ પડશે કે વાદી પાસે મારૂ લેહણુ છે. કોર્ટે તે દાવો કાહાડી નાંખ્યો પણ વાદી વીરૂધ હીસાબ લેવાને ઠરાવ્યુ એવુ ઠરાવીને કે વાદીનો દાવો ચાલતાની દરમીયાંનમાં આ કલમ પ્રમાણે તેને હીસાબ લેવાનો દાવો કરવાને અટકાવ કરેલો નથી (રામલીંગ વી. રઘુનાથ (૧૮૯૭) ૨૦ મ. ૪૧૮; તેમાં નગાંડા વી. પારેશા (૧૮૯૮); ૨૨ મું. ૬૪૦; અને નેનાપા વી. ચીદાંમ બરમ (૧૮૯૮) ૨૧ મ. ૧૮; રંસજીતસીંગ વી. ભગવતી (૧૯૦૩) ૭ ક. વી નો. ૭૨૦; પણ જુઓ જગત નારાણી વી. નોબો ગોપાળ. ૩૪ ક. ૩૦૫). વળી અહીંયાં તે શબ્દો વધારે સ્પષ્ટ છે, માટે કાયદા પ્રમાણે બીજો દાવો દાખલ કરવાની જરૂર હોયતો બીજો દાવો દાખલ કરવાને આ ઠરાવથી હરકત થતી નથી એવુ માંની શકાય છે.

પ્રથમ દાખલ કરેલો:—જ્યારે તેની તેજ બાબત જુદી જુદી કોર્ટોમાં બે દાવા ચાલુ હોય તો કયો દાવો ચાલવો જોઇએ તે વીશે નીર્ણય કરવામાં પ્રથમનો કયો દાવો છે તે એક આધાર છે. માટે **અ.** ને **બ.** ના એજન્ટ તરીકે રાખેલો હતો તેથી **અ.** એ જુલાઇ સને ૧૮૭૮ માં હીસાબની બાકી બાબત કલકતામાં **બ.** ઉપર દાવો દાખલ કરયો. ડીશંબર સને ૧૮૭૮ માં હીસાબ લેવાને તથા **અ.** ની કહેવામાં આવેલી કસુરથી જે નુકશાન થએલુ તે નુકશાન બાબત **બ.** એ **અ.** ઉપર કલકતામાં દાવો દાખલ કરયો. તેમાં ઠરાવ્યું છે કે પાછલો દાવો બંધ રાખવો જોઇએ (મેકજી ખેતસી વી. દેવચંદ (૧૮૭૯) ૪ ક. લા. રી. ૨૮૨). પરંતુ એક વર્ષની શાંથ અથવા "મલીકાના" બાબતના દાવાથી બીજા વર્ષની શાંથ બાબત દાવો કરવાને હરકત થતી નથી (બાલકીશન વી. કીશનલાલ (૧૮૮૯) ૧૧ અ. ૧૪૮). મદ્રાસના કામમાં એવુ ઠરાવેલુ છે કે કલમ ૨૪૪ (આ કાયદાની ક. ૪૭) પ્રમાણે ચાલેલુ કાંમ સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની તેવીજ કલમ પ્રમાણે એક દાવો નથી (વેંકટ વી. વેંકટરાંમ (૧૮૯૯) ૨૨ મ. ૨૫૬).

પરરાજ્યની કોર્ટ:—બ્રીટીશ ઇંડીયાની અંદરની એક કોર્ટના હુકમનામા આધારથી

પરરાજ્યની એકાદી કોર્ટમાંથી ફેસલો મેળવ્યો હોય તેથી અસલ હુકમનામાની બજાવણી કરવાને કાંઇ હરકત થતી નથી (ફખરૂદીન વી ઓફીસીઅલ ટ્રસ્ટી (૧૮૮૧) ૭ ક. ૮૨).

૧૧. એકજ હક્કથી વાદ ચલાવનારા તેના તેજ પક્ષકારોની દરમ્યાન અથવા જે પક્ષકારોની તરફથી તેઓ કે તેઓમાંનો કોઇ પોતાનો હક્ક મળેલો કહેતો હોય તેમની દરમ્યાન પહેલાં ચાલેલી કોઇ ફરિયાદમાં જે બાબત પ્રત્યક્ષ અને વસ્તુતઃ તકરારી હોય તેજ બાબત કોઇ પાછળની ફરિયાદમાં અથવા મુદ્દામાં પ્રત્યક્ષ અને વસ્તુતઃ તકરારી હોય, અને તે પાછળની ફરિયાદ અથવા જે ફરિયાદમાં તે મુદ્દો પાછળથી નિકળ્યો હોય તે ફરિયાદ સાંભળવાના યોગ્ય અખત્યારવાળી કોર્ટે તે પ્રથમની ફરિયાદની ચોકશી કરી આખરનો નિકાલ કર્યો હોય, તો તેવી પાછળની ફરિયાદની અથવા તેવા મુદ્દાની કોઇ કોર્ટે તજવીજ કરવી નહીં. નિર્ણિત વાત.

ખુલાસો ૧—“ પહેલા ચાલેલી કોઇ ફરિયાદમાં” એ સંજ્ઞાનો અર્થ જે ફરિયાદનો નિકાલ ચાલુ ફરિયાદ પહેલાં થયો હોય તે ફરિયાદ એવો સમજવો; પછી તે એવી ચાલુ ફરિયાદ પહેલાં માંડવામાં આવી હોય કે ન આવી હોય તેની હરકત નહીં.

ખુલાસો —આ કલમનાં કારણસારૂ, કોઇ કોર્ટને યોગ્ય અધિકાર છે કે નહિ તે વાતનો નિકાલ એવી કોર્ટના ઠરાવ સામે અપીલ કરવાના હકને લગતા ઠરાવો ઉપર ધ્યાન આપ્યા વગર કરવો.

ખુલાસો ૩.—ઉપર બાબત દર્શાવી તે પ્રથમની ફરિયાદમાં એક પક્ષકારે છે એમ કહેવી જોઇયે, અને સામા પક્ષકારે સ્પષ્ટ રીતે કે ગર્ભિત રીતે તે કબુલ અગર નાકબુલ કરવી જોઇયે.

ખુલાસો ૪.—તેવી પ્રથમની ફરિયાદમાં દાવો માગવાના અથવા જવાબ આપવાના એક કારણ તરીકે જે બાબત બતાવી શકાત અને જે બતાવવી જોઇતી હતી, તે બાબત તે ફરિયાદમાં પ્રત્યક્ષ અને વસ્તુતઃ તકરારી બાબત છે એમ સમજવું.

ખુલાસો ૫.—ફરિયાદ અરજીમાં જે દાદ માગી હોય પણ જે હુકમનામામાં સ્પષ્ટ રીતે ન અપાવી હોય તે દાદ, આ કલમનાં કારણસારૂ, આપવાની ના પાડી છે એમ સમજવું.

ખુલાસો ૬.—કોઇ સાર્વજનિક હક્ક વિશે અથવા પોતાનો અને બીજાઓનો મળીને એકઠો દાવો રાખેલા કોઇ ખાનગી હક્ક વિશે કઇ શખસો શુદ્ધબુદ્ધિથી કોર્ટમાં વાદ ચલાવતા હોય, ત્યારે તે હક્કની સાથે લાગતા વળગતા બધા શખસો, આ કલમનાં કારણ સારૂ, તે વાદ ચલાવનારા શખસો તરફથી હકક રાખનાર શખસો છે એમ ગણવું.

સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની ક. ૧૩.

ટીકાઃ—આ કલમ હાયકોર્ટને અને પ્રોવીનશીએલ સ્માલકાજ કોર્ટને લાગુ થાય છે,

રેશનલ્યુ ટીકાઃ—સને ૧૮૮૨ માં જેવી હતી તેવીજ વાસ્તવીક રીતે આ કલમ છે અને મતલબમાં ઇંગલાંન્ડમાં કાગળો ઉપરથી જે પ્રતીબંધ તે વીશે જુનો જે કાયદો સ્થા-

પીત થએલો છે તે ફરીથી ઠરાવેલો છે આ ઠરાવનો જે મુળ નીયમ છે તે લાંબી મુદતથી નક્કી થએલો છે. એકાદી બાબતનો એકવાર મુદદો કાહાડીને મુખત્યાર ન્યાયની કોર્ટે તપાસ કરીને ફેંશલો કરેલો હોય તો. તે ફેંસલાના પક્ષકારો વચ્ચે ફરીથી તે બાબતની તકરાર ચા-લી શકતી નથી, તેમ તે પક્ષકારોની શાથે સબંધ રાખનારા સખસો તે વીશે ફરીથી તકરાર કરી શકતા નથી. (આ નીયમનુ કારણ એ અમુક લેટીમ નીયમોમાં બતાવેલું છે તે કરતાં ભાગેજ વધારે સ્પષ્ટ બતાવી શકાય છે. (જો કોર્ટને એવુ માલુમ પડે કે તેની તેજ બાબત છે તો, કોઇને એવડી વખતે હેરાન કરવાના જોઇએ અને કજીયાની હદ હોવી જો-એ તે સરકારને માટે ફાયદાની બાબત છે) કો. લીટ. ૩૦૩; અને કીંગસ્ટનના ડચેસના કામની નોટ ૨ સ્મ. લી. કેસ. ૧૧ મી આવૃતી પાંનુ ૭૪૪ તેમાં તે બાબત ઘણી સ્પષ્ટ રીતે બતાવેલી છે) આ નીયમ બતાવવામાં જેવો સહેલો છે તેવોજ તે લાગુ કરવાને ઘણીજ મુશકેલી છે (શ્રીધર વીનાયક વી. નારાયણ બાબાજી (૧૮૭૪) ૧૧ મુ. હા. કો. પાને ૨૨૮ મે જસ્ટીશ વેસ્ટ સાહેબનો ઠરાવ), અને આ બીલ ઊપર સ્પેશીઅલ કમીટીએ પોતાના રીપોર્ટમાં એવુ અવલોકન કરયુ છે કે આવી શંકોચવાળી મર્યાદામાં આવી ગુચવણ ભરેલી એકાદી બાબત સંપુર્ણ રીતે બતાવવી શકાય તેવુ નથી (રેશજ્યુ ડીકેટાની મતલબ વીશે તે કલમ સપુર્ણ અને તમામ તેમાં આવી ગએલુ તેવુ નથી, રામલાલ વી. છબનાથ (૧૮૯૦) ૧૨ અ. ૫૭૮; રામકીરપાળ વી. રૂપકુંઅરી (૧૮૮૪) લા રી. ૧૧ ઇ. અ. ૩૭ તેમાં દુનીયા વીરૂધના ફેં-સલાની વ્યવસ્થા કરેલી નથી, પુરાવ એકટની ક. ૧૩. ૪૦–૪૨ તેમ પક્ષકારો તરફથી જે પ્રતીનીધી તરીકે હોય તેની પણ વ્યવસ્થા કરેલી નથી, પછી તેઓ આગલાના દાવાના પક્ષ-કારો તરફથી દાવો રાખતા ના હોય અહમદભાઈ વી. વલીભાઇ (૧૮૮૨) ૬ મુ. ૭૦૩; પરંતુ આ છેલ્લી બાબત વીશે જુઓ જોગેંદ્ર વી. ફનેંદ્રો (૧૮૭૨) ૧૪ મુ. ઇ. અ. પા. ૩૭૬). માટે અમુક કામોને તે કલમ અસરકારક રીતે લાગુ કરવાને વધારે જુના આધારોનો વીચાર કરવો આપણે છોડી દેઇ શકતા નથી.—

સને ૧૭૭૬ ની સાલમાં કીંગસ્ટનની ડચેશના કામમાં તે બાબત આધાર સાથે પહેલી બતાવવામાં આવી ત્યારથી ઇંગ્લાંન્ડ અને હિંદુસ્તાનમાં કોર્ટોના ઘણો ફેંસલાઓ આ રેશ જ્યુડીકેટાનો નીયમ બતાવવાને થએલા છે. તમામ સમાધક પૃથક્કરણ કરવાને આ ફેં-સલાઓ કોઇ રીતે સહેલા નથી અને હિંદુસ્તાનના આધારના ગ્રંથકારોએ જુદી જુદી ગો-ઠવણો પસંદ કરેલી છે. આ પુસ્તકમાં અમારી રૂબરૂ તે આધારનો ખુલાસો કરવામાં ફકત મદદ મળવાને સારૂ તે કલમના શબ્દ પ્રમાણે બરોબર ચાલવું તે વાત સુગમ પડશે આ કલમ પ્રમાણે " રેસ જ્યુડીકેટા " ની દરેક તકરાર વીષેજ અજમાશના સવાલો થવા જોઇએ:—

૧. એકાદા બીજા દાવામાં તકરારી બાબત પ્રત્યક્ષ અને વાસ્તવીક રીતે ઇસ્યુમાં હતી કે નહિ ?

૨. તે દાવો હાલના કજીઆના પક્ષકારો અથવા તેઓની સાથે સબંધ રાખનારાઓ-ની વચ્ચે તે દાવો હતો કે નહિં ?

૩. જે કોર્ટમાં તે બીજા દાવાનો ફેંસલો થયેલો તે કોર્ટ હાલના દાવાની તપાસ કર-વાને મુખત્યાર હકુમત વાળી છે કે નહિ ?

૪. એક બીજા દાવામાં તે ઇસ્યુ વાળી બાબતની સુનાવણી કરીને આખરનો ફેંસલો કરેલો છે કે નહિં ?

બાબત.—આ શબ્દનો અર્થ ખુલાસા (૨) થી ખુલ્લો કરેલો છે; તેમાં અંગ્રેજી લોનો એવો નીયમ બતાવ્યો છે કે કામના કાગળોમાં જે કહેવામાં આવેલું હોય તે અનીશ્ચીત

હોય તો કાંઈ "રેસ ન્યુડીકેટા" નથી. (વીશ્નુ વી. રામલીંગ (૧૯૦૨) ૨૬ મું. ૨૫ જો એકાદી બાબત પ્રત્યક્ષ અને બરોબર રીતે કહેવામાં આવેલી ના હોય તો તેથી કાંઈ પ્રતિબંધ નથી. (કાં. લી. ટ. ૩૫૨). પ્લીડીંગસમાં આવી રીતે જે કહેવામાં આવેલું હોય તે પાછળના કામમાં કબુલત કરીકે લગતી બાબત થઈ શકે છે. પરતુ તે બાબત થઇ શકે છે. પરંતુ તે બાબત બીજા પક્ષકારે ઇનકાર કરેલી જોઇએ અથવા કબુલ કરેલી જોઇએ એવી જરૂર રાખવાથી "રેસ જ્યુડીકેટા" તરીકે તેનો અમલ કરવાને આ ખુલાસાથી શરૂઆતમાં હરકત પડે છે. (શામાચ. વી. પ્રસન્નોકુમાર સાંતીકારી (૧૮૭૯) ૫૬ લા. રી. ૨૫૧:– શીવરતનસીંગ વી. શીવસાહિ મીસર (૧૮૮૪) ૬. અ. ૩૫૮; કેસપર્સ ઓન એસ્ટોપલ ૩૩૧). જો આવી કહેલી હકીકતથી આ અજમાશ પુરી પડતી હોય તો તેથી તે બાબત પ્રત્યક્ષ અને વાસ્તવીક રીતે ઇસ્યુમાં હતી કીંવા નહિ અથવા ખરી રીતે તે અગત્ય વીનાની અથવા લગતી નહિં તેવી હતી કે નહિં તેનો વીચાર કરવાનો છે. વળી તેજ ખુલાસાથી તમામ ચાલતા કામમાં બતાવેલા અભીપ્રાયો અને જે બાબત પક્ષકારોએ ઇસ્યુમાં રજુ કરેલી ના હોય અને દાવાનો નીર્ણય કરવાને જરૂરની ના હોય તે બાબત વીષે કોર્ટે જે અવલોકન કરેલું છે તે બાતલ કરવામાં આવેલું છે (જુઓ (૨) સ્મ. લી. કે. ૧૧ આવૃતી. ૭૩૧. ફ્રા. એવીડ. ૬. આવૃતી ૫૩૫).

પહેલી ખરી મુશ્કેલી દુર કરવાની છે તે શબ્દોના અર્થની છે.

પ્રત્યક્ષ અને વાસ્તવીક રીતે ઇસ્યુમાં—અવું પુખ્ત રીતે ખુલ્લું જણાય છે કે તેના તેજ પક્ષકારોની વચ્ચે એક બીજા દાવામાં જે બાબતનો નીર્ણય કરવાનો હોય તે બાબત પ્રત્યક્ષ અને વાસ્તવીક રીતે ઇસ્યુમાં હતી અને યોગ્ય કોર્ટે તેની સુનાવણી આખરનો ફેંસલો કરેલો હોય તો આ કલમથી કોઇ દાવાની તપાસ કરવાને કોર્ટોને અટકાવ કરેલો છે એટલુંજ નહિં પણ કોઈ ઇસ્યુની તપાસ કરવાને અટકાવ કરેલો છે. તે બાબત પ્રથમના દાવામાં પ્રત્યક્ષ અને વાસ્તવીક રીતે ઇસ્યુમાં હતી કીંવા નહિં એ સવાલનો નીર્ણય કરવાને ખરી મુશ્કેલી રહેલી છે. આ વીષેનું કારણ એ છે કે પ્રથમના દાવામાં ઇસ્યુઓ કાઢેલાં હોય અને તેની તપાસ કરેલી હોય પરંતુ તેમાં ફેંસલો અથવા હુકમનામુ કરવાને તે અવસ્યનાં ના હોય તો તે દાવામાં પ્રત્યક્ષ અને વાસ્તવીક રીતે ઇસ્યુમાં "એ શબ્દોના હેતુ પ્રમાણે તે નથી અને આવા ઇસ્યુ વીષેના ફેંસલાનો રેસજ્યુડીકેટા તરીકે અમલ કરી શકાતો નથી. ખરી રીતે સવાલ આ છે:—એકાદા પ્રથમના દાવામાં સુનાવણી કરેલા ઇસ્યુમાં અથવા નીર્ણય કરેલા ઇસ્યુમાં આવેલી હોય તોપણ "એકાદા પ્રથમના દાવામાં પ્રત્યક્ષ અને વાસ્તવીક રીતે ઇસ્યુમાં" એ શબ્દોના હેતુની બહાર કેઇ બાબતો આવે છે કે જેથી રેસ જ્યુડીકેટાનો તકરારનો વીચાર કરવામાં વીચારમાં લઈ શકાય નહિ ?

આ સવાલનો જુદો વીચાર કરી શકાય છે; (અ) પહેલા દાવાની માફક તેજ દાવો અથવા માંગણી ઉપરથી કરેલા દાવામાં જ્યારે પહેલા ફેંસલાથી બીજા દાવાને તદન હરકત થતી હોય અને (બ) જે દાવાઓમાં નવો દાવો અથવા માગણી કરેલી હોય તે. આ છેલ્લા બતાવેલા કામોમાં હુકમનામાને ફકત આવા ઇસ્યુ સારૂ જે ઇસ્યુ અવસ્યનાં હોય તે સબંધી બીજો ફેંસલો રેસજ્યુડીકેટા તરીકે છે (જુઓ હકમચદ ઓન રેસજ્યુડીકેટા પા. ૭ ફી. એવીડ. ૬. આ. ૫૧૨). (ક્રોમવેલ વી. સેક ૯૪ યુ. એસ. ૩૫૧). આ અને બીજા ફેંસલાઓમાં બતાવેલા છે તેનું વધારે પૃથક્કરણ કરવાને સારૂ. જુઓ ફી. એવી. ૬. આ. એપ. બી: હકમચંદ ઓન. રે. જ્યુ.)

હીંદુસ્થાનના રીપોર્ટ થયેલા ફેંસલાઓનો વીચાર કરતાં પહેલાં ઈંગ્લાંડમાં કોર્ટોએ કહેલું

છે તે પ્રમાણે આપણે સામાન્ય નીયમ ઉપર નજર કરી શકીએ છીએ. કીંગસટન જો ડ્યેસના કામમાં કોર્ટનો એકત્ર થયેલો મત ચીફ જસ્ટીસ સાહેબે નીચે પ્રમાણે બતાવેલો છે. " દીવાની દાવામાં પુરાવમાં ફેંસલા બતાવવામાં આવે તે વીષે જુદી જુદી બાબતો ઉપરથી આ બે અનુમાનો પ્રમાણે ચાલવું તે ઘણું કરીને સાચું જણાય છે:—પ્રથમ એક સરખી હકુમતની કોર્ટનો ફેંસલો તે બાબત વીષે પ્રત્યક્ષ રીતે હોય તો તે તકરાર અથવા પુરાવ તરીકે એકાદી બીજી કોર્ટમાં તેજ બાબત પ્રત્યક્ષ રીતે તકરારી હોય તો તેના તેજ પક્ષકારો વચ્ચે નીશ્ચય કારક રીતે હરકત કારક છે; બીજું સ્વતંત્ર હકુમતવાળી એકાદી કોર્ટનો ફેંસલો તેજ બાબત વીષે તેવીજ રીતે તેના તેજ પક્ષકારો વચ્ચે એક જુદા કારણ સર લગતા સ્વાલ તરીકે આવતી હોય તો તે બાબત નીશ્ચય કારક છે; પણ એકાદી સરખી અથવા સ્વતંત્ર હકુમતવાળા કોર્ટનો ફેંસલો કોઇ બાબત સમાંન્તર રીતે તકરારમાં હોય પણ હકુમત અંદરની હોય તો તે બાબત વીષે તે ફેંસલો કાંઇ પુરાવ નથી તેમ કોઇ લગતી હકીકત તરીકે તપાસ કરવા લાયક હોય તો તે વીષે તે કાંઇ પુરાવ નથી તેમ તે ફેંસલા ઉપરથી તકરાર કરવાથી કોઇ બાબતનું અનુમાન થતું હોય તો તે વીષે તે કાંઇ પુરાવ નથી." (૨૦ હામ: સ્ટે. ટ્રાયલ્સ ૫૩૭; ૨. સ્મી. લી. કે. ૧૧ આ. ૭૩૧). આજ શબ્દો અ. હકોની અપીલમાંથી પ્રીવકાઉંસીલના નામદાર સાહેબોએ બતાવેલા છે અને તેમણે વધારામાં એવું કહેલું છે કે " તે પ્રમાણે તે નીયમ બતાવેલો છે તેમાં ઈંગ્લાંડના કાયદાની બાબતમાં કાંઇ સાંકીત નથી તેમ કાંઈ ખાસ પણ નથી તે નીયમ દીવાની કાયદાથી કબુલ કરવામાં આવેલા છે અને જે કામ ચલાવાની રીતીના કાયદા પ્રમાણે આ કામની તપાસ કરેલી છે તે કાયદાની બીજી કલમ સાથે તે સપુર્ણ રીતે અનુસરતો છે (ખગૌલીસીંગ વી. હુસેન બક્ષખાન (પી. સી. ૧૮૭૧) ૭ બં. લા. રી. ૫૭૩; ૧૫ વી. રી. પી. સી. ૩૦) આ છેલ્લો ઠરાવ સને ૧૮૫૯ ના પહેલા કામ ચલાવાની રીતીના કાયદા પ્રમાણે કરેલો છે પણ સરવીલીયન ડીગ્રે સાહેબે જે નીયમ ઠરાવેલો છે તે નીયમ આ કલમનો ખુલાસો કરવાને લાગુ કરવા બાબત કાંઇ ઓછો જ્યારી આધાર નથી. તોપણ તે નીયમ વધારે લાગુ કરવાનો નથી અને એકાદા પ્રતીબંધથી સાચાપણાની તપાસ બંધ પડે છે તેથી રેસ જ્યુડીકેટાનો નીયમ અઘટીત રીતે વીશાળ કરેલો નથી તે જોવાની જરૂર છે (રાયચરણ ગોસ વી. કમાદ ચોધરી (૧૮૯૮) ૨૫. ક. ૫૭૧: ચંદીપ્રસાદ વી મહારાજા એમ સીંગ. (૧૯૦૧) ૨૩. અ. ૭૭૫. જુઓ શાંબો રાત વી. બાબનરાત (૧૯૦૮) ૩૬ ક. ૩૫૩).

બાર વી. જેકસનના કામમાં (યંગ અને કોલીઅર્સ ચ રી. વા. ૧, ૫૯: આ ફેંસલો અપીલ ઉપરથી રદ કરેલો છે, ૧ ફીલ ૫૮૨. પરંતુ આ બાબત વીષે કાયદો બરોબર બતાવેલો છે માટે બરોબર બતાવ્યા તરીકે વાઇઝ ચેન્સેલરના ફેંસલા ઉપર વારંવાર આધાર રાખેલો છે. આઉટ રાંત્માળ. મોર વુડના કામનો ઠરાવ બતાવીને તેમણે કહ્યું છે કે " નક્કી લોર્ડ એલનબરોએ અને આઉટરાંમ વી મોરવુડના કામમાં કીંગ્સ બેંચની કોર્ટ કામનલો પ્રમાણે તે દાવામાં પ્લીડીંગ સંબંધી પ્રણુજ ચોકસ રીતે ઠરાવેલું છે કે કામના કાગળોમાં એકાદી હકીકત કેહવામાં આવી હોય અને તે વીષે ઇસ્યુ એક વખત કાહડીને ઠરાવ કરેલો હોય તો તે પક્ષકારોની વચ્ચે જે હકીકત વીષે તે તપાસ કરીને ઠરાવ કરેલો હોય તે હકીકત વીષે તકરાર કરવાને પ્રતીબંધ થાય તે પ્રમાણે તે ફેંસલો નીશ્ચય કારક છે. તોપણ તે દાવા ઉપરથી આઉટરામ વી. મોરવુડના કામમાં (૩ ઇસ્ટ ૩૪૬; ૧ પ્રવેશનું કામ છે તેમાં આ કલમના શબ્દોથી ડીફેન્સને ખુલ્લી રીતે હરકત થાય છે.) તેની તેજ મીલકત વીષે અને તેજ કારણસર તેજ ઇસ્યુ કાઢવામાં આવ્યો હતો અને તેની તપાસ કરેલી હતી તેથી

તે ફેંસલા વીશે તકરાર કરવામાં આવેલી હતી, અને "કામનલા" પ્રમાણેની ઇંગ્રેજી કોર્ટો અને બીજી ઇનસાફની કોર્ટોમાં "પ્લીડીંગ" ની પદ્ધતી વચ્ચે અગત્યના તફાવતની બાબતો છે. પરંતુ અમારી નજરમાં આવે છે કે એટલો સંગ્રહ કરવાનો છે કે ઇનસાફ કરીને ફેંશલ કરેલી બાબત ફરીથી ચદ્ર ચાર ચલાવવા વીરૂધ જે નીયમ છે તે ઘણુ કરીને આ મર્યાદા સાથે છે કે એકા ન્યાયની રૂઇના ફેંશલાની મજબુતાઇને શારૂ અમુક હકીકત શાબેત કરવાની જરૂર હોય; તે હકીકત શાબેત થએલી છે એમ ગણીને તે પ્રમાણે ચાલવામાં આવે અને તે ફેંશલાના તરત અને પ્રતક્ષ હેતુ વીશે તે બંધન કાંઇ અને નીશ્ચય કાંઇ હોય તોપણુ તે હકીકત તે પક્ષકારોની વચ્ચે તમામ જરૂરીથી શાબેત થએલી નથી, માટે કોઇ બીજા કારણુ શાર તે વીશે વાંધો પડે તો તેમાંનો દરેક પક્ષકાર ફરીથી તકરાર ચલાવી શકે છે; પણુ તે ઠરાવનો તરતનો હેતુનો અમલ કરતાં તે પાછો ખેંચી લેવાને એવી રીતે મેહેનત કરેલી ના જોઇ એકે તેથી તેનો પ્રતક્ષ હેતુ નીશફળ થાય. તે નીયમની આ મર્યાદા સામાન્ય રીતે કેહેતાં કારણ અને સુગમતાને અનુશરતી છે અને આધાર વીરૂધ નથી એમ અમને જણાય છે.") સારાંશમાં તેઊ સાહેબ કહે છે કે પાછળથી થએલા કોઇ દાવામાં તેનો પ્રતક્ષ હેતુ નીશફળ કરવાને પ્રયત્ન કરવામાં આવેલો હોય તોપણુ તે દાવાને હરકત થાય તે પ્રમાણે એકાદા હુકમનામાનો અમલ થાય છે.

એક દાવાનુ કારણુઃ—("દાવાનુ કારણુ" એ શબ્દો સને ૧૮૮૨ માં આ કલમમાં છોડી દીધેલા હતા; અને તે અહીયાં મર્યાદા સાથેના હેતુથી વાપરેલા છે, એટલે દાવામાં તમામ દાવાનુ કારણુ નહી, પણુ તેનો વાસ્તવીક રીતનો જે ભાગ હોય તે છે, જુઓ વાધન વી. વલદન (૧૮૭૪) લા. રી. ૧૦ સી. પી ૪૮; લાલજીલાલ વી. હરદે નારણુ (૧૮૯૩) ૯ ક ૧૦૫; અબદુલકાદર વી. ઇ. આ. રેલવે કંપની, (૧૮૭૫) ૧ પી. ૩૭૫, મસાલન ચાંદ કોર વી. પરતાબસીંગ, (૧૮૮૮) લા. રી. ૧૫ ઇ અ પાંને ૧૫૮ મે; શ્રીધર વીનાયક વી. નારણુ બાબાજી, (૧૮૭૪) ૧૧ મુ. હા. કો. ૨૨૪. જુઓ "કેશ પઝેઓન એસ્ટોપલ" ૨૭૯; ફીલ્ડસ એવીડંસ ૬ આવૃતી ૫૧૯) માટે નીયમ એવો છે કે પ્રથમના દાવાની માફક તેના તેજ દાવાના કારણુથી બીજો દાવો કરેલો હોય તો તે ખુલાશાના શબ્દોનો સખત રીતે અમલ કરવો જોઇએ, માટે જે દાવો કરવામાં આવી ગએલો હોય અને કોર્ટે તેનો ચુકાદો કરેલો હોય તો કજીયાના પક્ષકારો જો તે દાવાંના ટેકામાં નવા ઇસ્યુ કડાવતાં બીલકુલ અટકાવ થાય છે પછી પહેલા દાવાની સુનાવણી વખતે કસુરથી, ગફલતથી અથવા અકસ્માત રીતે પણુ તે ઇસ્યુ કડાવવા તેઓને રહી ગએલા હોય તેની ચીંતા નથી (હેંડરસન વી. હેંડરસન (૧૮૪૩) ૩ હેર ૧૦૦) એ શાદા દાખલાઓ જુઓ કેંડાલ વી. હેમીટનના કાંમમાં (૧૮૭૮) ૩ સી. પી. ડી ૪૦૩ અને (૧૮૭૮) ૪ એ. સી.૫૦૪ અરૂણુ ચેલા વી. પંચાનદમ (૧૮૮૫) ૮ મ. ૩૪૮ ના કાંમમાં એક સ. એમ. નો દત્તક છુ એવો દાવો રાખ્યો હતો તેથી તેણે મ. ની મીલકત લેવાને તેમની વિધવા અ. ઊપર દાવો કરયો. અ. એ તે દતવિધાંન ઇનકાર કરયુ અને તે દાવો કસુરના કારણુથી કાહાડી નાંખવામાં આવ્યો હતો ત્યાર પછી અ. અને સ. ની વચેના એક કરણુથી મ. ના દત્તક તરીકેનો અ. નો હક કબુલ કરવામાં આવેલો હતો. પછી અ. મરણુ પાંમી તેથી તે મીલકત લેવાને મ. ના પાછળથી થનાર વારસે સ ઊપર દાવો કરયો. તેમાં ઠરાવ્યુ છે કે પ્રથમના દાવામાં થએલા હુકમનાંમાથી સ. ને પ્રતીબંધ થએલો છે, અને પાછળથી અ. અને સ. ની વચે થએલા કરારથી વાદીની 'રેશજ્યુડીકેટા" ની તકરારને હરકત થઈ શકતી નથી એક મજીયાર કરારની રૂઇએ લેહેણાં થએલા નાંણુા બાબત અ. એ બ. અને ક. ઊપર હુકમનાંમુ મેળવ્યુ, પણુ તે વસુલ

થયા વીના રહેલુ હતુ. પછી અ. એ. બ. ક. અને ડ. ઊપર તેનાં તેજ નાંણા બાબત દાવો કરયો, એવુ કહીને કે ડ. ના એજંટ તરીકે બ. અને ક. એ તે કરાર કરેલો હતો. તેમાં તેમાં તે દાવો ચાલવાને હરકત છે એવુ ઠરાવેલુ છે (વળી જુઓ નથુલાલ વી. શૌકટ (૧૮૭૨) ૧૮ વી. રી. ૪૫૮; હેમંદ્ર વી. રાજેંદ્રલાલ (૧૮૭૮) ૩ ક. ૩૫૩, રહેમુબાઇ વી. ટરનર (૧૮૯૦) ૧૪ મુ ૪૦૮ પાને ૪૧૬, જે કાંમમાં વાદી તથા પ્રતીવાદીનો સબંધ મુખ્ય દેણદાર અને જામીન તરીકેનો હોય તે કામમાં આ ફેંશલા પ્રમાણે ચાલવાનુ નથી. એેડલી વી. કનસોલી ડેટેડ બેંક (૧૮૮૭) ૩૪ સી. ડી. ૫૩૬; તેમ જે કાંમમાં બધન ફકત મજીયારૂ ના હોય પણ એ કામને એકાદા જુદા બંધન હોય તે કાંમમાં પણ તે પ્રમાણે ચાલવાનુ નથી. ધનપતસીંગ વી. શાંમ સુંદર (૧૮૯૦), ૫ ક. ૨૯૧; લાલેસ વી કલકતા એલ. અને ડી. કંપની (૮૮૧) ૭ ક. ૬૨૭; ઠાકોર બેચરજી વી. પુજાજી (૧૮૯૦) ૧૪ મુ. ૩૧; ગોવીંદ વી. મના વીક્રમ (૧૮૯૦), ૧૪ મ. ૨૮૪). એક દાવામાં વાદીએ પ્રતીવાદીઓ ઉપર મુખ્ય તરીકે દાવો કરેલો હતો તે દાવો કાહાડી નાંખવામાં આવેલો હતો તેથી વહેપારના એક શીરસ્તાની રૂઇએ તેજ પ્રતીવાદીઓ ઊપર જવાબદાર ઠરાવવાને તેના તેજ કરારના આધારથી બીજો દાવો ચાલવાને હરકત છે (દેવરાવ વી. હાલનભાઇ (૧૮૭૬) ૧ મુ. ૮૭). પરંતુ વારવાર એવુ બને છે કે જો કે બીજા દાવામાં દાવાનુ કારણ તે પહેલાંના દાવામાં જે દાવાનુ કારણ હતુ તેના જેવુ હાયતો પણ ખરી રીતે તેનુ તેજ નથી હતુ. માટે નીલમાધબ વી. બ્રજનાથ (૧૮૯૩) ૨૦ ક. ૭૩૨) ના કાંમમાં વાદીએ પ્રતીવાદી ઊપર જમીનની શાંથ બાબત દાવો કરયો હતો તેમાં પ્રતીવાદીએ તકરાર કરીકે તે જમીનનો ભાગ વાદીના કબજામાં છે પણ તે પોતાની તકરાર શાબેત કરવામાં નીશફળ થએલો હતો. વાદીએ ત્યારપછીના વર્ષોની સાંથ બાબત ફરીથી દાવો કરયો, અને તેમાં પ્રતીવાદીએ તેની તેજ હરકત લીધી, તેમાં ઠરાવ્યુ છે કે તે સવાલને રેશજ્યુ ડીકેટાની હરકત લાગતી નથી, કારણકે તે સાંથ પાછલા વર્ષોની છે, માટે તે દાવાનુ કારણ જુદુ છે. અને કેટલી જમીન પ્રતીવાદીના કબજામાં છે તે વીશેના સવાલનો પહેલા દાવામાં નીર્ણય થએલો નથી.

મધુસુદન વી. પ્રમોદનાથ (૧૮૯૩) ૨૦ ક. ૭૩૨) ના કામમાં અમુક જમીન ઊપર એક મ્યુનીસીપાલીટીએ પથર ભરેલા હતા તે જમીનનો કબજો લેવાને વાદીની પુર્વે થઇ ગએલા હકવાળા સખશે તે મ્યુનીસીપાલીટી ઊપર દાવો કરયો હતો તે કાહાડી નાંખવામાં આવ્યો હતો ત્યાર પછી મ્યુનીસીપાલીટી પાસેથી ખરીદ કરનાર પાસેથી કબજો છોડાવવાને તથા તે જમીન ઊપરનો પોતાનો હક ઠરાવવાને વાદીએ દાવો કરયો તેમાં ઠરાવ્યુ છે કે તે બીજો દાવો ચાલવાને એવા કારણથી હરકત નથી કે તે મ્યુનીસીપાલીટીએ તે જમીન છોડી દીધી ત્યાર પછીના માલેક તરીકેનો છે તેથી મ્યુનીસીપાલીટી વીરૂધ પહેલા દાવામાં વાદીને જે દાવાનુ કારણ હતુ તેથી અવશ્યે કરીને તે જુદુ દાવાનુ કારણ છે અને તે મ્યુનીસીપાલીટીએ એક ખાશ એકટ (સને ૧૮૬૪ ના બંગાળાના એકટ ૩ ની ક. ૧૦) ના ઠરાવ પ્રમાણે પોતાનો કબજા બાબતનો હક તેમાં બતાવેલો હતો.

અબદુલ મજીદ વી. બઇદ નાથધર (૧૯૦૨) ૬ ક. વી. નો. ૩૧૪) ના કાંમમાં વાદીએ નંબર ૩ થી ૭ સુધીના પ્રતીવાદીયો ઊપર વેચાણના એક કરારનો વીશેષ રીતે અમલ કરાવવાનુ હુકમનાંમુ મેળવ્યુ અને આ દાવામાં વાદીની અરજ ઊપરથી મુખ્ય પ્રતીવાદીયોને પ્રતીવાદીની સ્થતીમાંથી દુર કરવામાં આવેલા હતા. ત્યાર પછી તેણે કબજા બાબત તમામ પ્રતીવાદીયો ઉપર દાવો કર્યો, એવું કહીને કે નંબર ૩ થી ૭ સુધીના પ્રતીવાદીઓ તે મીલકતનું વેચાંણખત મુખ્ય પ્રતીવાદીયોને લખી આપેલું છે. તેમાં ઠરાવ્યું છે કે તે

બીજો દાવો ચાલવાને હરકત નથી, કારણકે પહેલા દાવામાં દાવાનું કારણ નંબર ૩ થી ૭ સુધીના પ્રતીવાદીઓએ વેચાણખત લખી આપવાને ના કહેલી હતી તે હતું, અને બીજા દાવામાં વાદીને તે મીલકતનો કબજો લેતાં મુખ્ય પ્રતીવાદીઓએ સામી હરકત લેવાથી થએલું છે.

ભીકાભાઈ વી. બાઇ મુરી (૧૯૦૩) ૨૭ મુ. ૪૧૮) ના કામમાં એક પ્રતીવાદી ઉપર ચડેલી ખોરાકી પોશાકી બાબત હુકમનામુ કરેલું હતું અને બીજા પ્રતીવાદી ઉપરથી દાવો કાહાડી નાંખેલો હતો. તેથી ત્યાર પછીની મુદત બાબતની ચડેલી ખોરાકી પોશાકી વીશે એક બીજો દાવો ચાલવા લાયક છે, એવું ઠરાવેલું છે અને વાદીનો પ્રતીવાદી ઉપરનો દાવો રેશજ્યુડીકેટા નથી.

સને ૧૮૬૭ માં એક હિંદુ વીધવાએ પોતાના ધણીના સહહિસ્સેદારો ઉપર ખોરાકી પોશાકીનું હુકમનામું મેળવ્યું. પરંતુ તે હુકમનામાથી તે જમીન ઉપર કાંઇ જવાબદારી ઉત્પન્ન થયેલી નહોતી. તે કુટુંબની મીલકત સમાંત્તર બાજુના સગાને મળેલી તેથી વધારાના દરથી ચઢેલી ખોરાકી પોશાકી સારૂ તે વિધવાએ તેના ઉપર દાવો કર્યો અને તેમાં તે મીલકત ઉપર જવાબદારી ઠરાવવાને માગેલુ હતું એવું કહિને કે કીંમત વધેલી છે અને હકીકતમાં બીજી રીતે ફેરફાર થએલો છે. તેમાં ઠરાવ્યું છે કે સને ૧૮૬૭ ના દાવામાં થયેલા હુકમનાંમાથી બીજો દાવો ચાલવાને હરકત નથી. (બંગારૂ વી વીજ્યા માચી (૧૮૯૯) ૨૨. મ. ૧૭૫).

એક વાદી વીનાયકે દીવાની કોર્ટના એક હુકમનામાની બજાવણીમાં એક બાલુ પાસેથી અમુક જમીનનો કબજો મેળવ્યો. પછી તેણે તે જમીન બાલુને પટે આપી તે પટાની મુદત પુરી થયે બાલુએ તે ખાલી કરવાને ના કહી તેથી વીનાયકે કબજા બાબત ફરીથી દાવો કર્યો. ઠરાવ્યું છે કે તે દાવો ચાલે છે કારણ કે, પ્રતીવાદીએ તે પટાની મુદત પુરી થયે ખાલી કરવાને ના કહી તેથી વીનાયકને નવેસર દાવાનું કારણ ઉત્પન્ન થયેલું છે (વીનાયક વી. બાલુ (૧૮૯૬) ૨૦ મું. ૪૯૧).

ગીરો છોડાવાના હુકનામા—ગીરો છોડાવવાને દાવો દાખલ કરીને હુકમનામુ કરેલુ હોય અને તે હુકમનામુ બજાવેલું નહોય તમ છતાં તેજ ગીરો છોડાવાનો પાછળથી એકાદો દાવો લાવી શકાય છે કે નહિ એ સવાલ વીષે કેટલાક એક બીજા વીરૂદ્ધ ફેંસલાઓ થયેલા છે. વેદાપુરની વી. વલ્લભ વાલીઆ રાજા (૧૯૦૨) ૨૫ મ. ૩૦૦ નો ઠરાવ પાંડુપ્રભુ વી. જયુબે લોબો (૧૯૦૪) ૨૭ મ. ૪૮ ના કામમાં બતાવેલો છે). ના કામમાં મદ્રાસ હાઈ કોર્ટના ફુલબેંચે તે બાબત વીષેના રીપોર્ટ થયેલા ઠરાવોમાંના ધણા ખરા ઠરાવો (અ— સીતારામ વી. માધોલ (૧૯૦૨). ૨૪. અ. ૪૪ ના કામમા તે ઠરાવોનો વીચાર કરેલો છે. ડેવીદહે વી. રાઝીઉદ્દીન (૧૮૯૭) ૧૯. અ. ૨૦૨ ના કામના ઠરાવ ઉપર મદ્રાસના ફુલબેંચે ઉપરના કામમાં આધાર રાખેલો તે તેમાં ખુલ્લી રીતે રદ કરેલો છે. નીયમ પ્રમાણે દેબીપ્રસાદ વી. જયકરણસીંગ (૧૯૦૨) ૨૪. અ. ૪૭૯ ના ઠરાવ પ્રમાણે ચાલવામાં આવેલું છે. વળી જુઓ મહમદ શમીઉદ્દીનખાંન વી. મનુલાલ (૧૮૮૯) ૧૧ અ. ૩૮૬; અને ધોંડબાહાદુરરાય વી. ટેકનારાયણરાય. (૧૮૯૯) ૨૧ અ. ૨૫૧.

મુંબાઇ—હુકમનામાથી જે નાંણું લેહેણું ઠરાવેલાં હોય તે ગીરો છોડાવાના હુકમનામાવાળો આપવાને કસુર કરે તો તે ગીરો આપનારને બીજો દાવો લાવવાને હરકત થાયછે.

ગનસામવત વી. નારાયણ ધોંડ સમાવત (૧૮૮૩) ૭ મું. ૪૬૭, માલોજી વી. સગાજી (૧૮૮૯) ૧૩ મું. ૫૬૭; અને ફકીરાપા વી. પાંડુ રંગાપા (૧૮૮૩) ૬ મું. ૭.

કલકતા—જે ફેંસલાઓ ફકત લગતા જણાયછે તે રાયદીનકર દયાળ વી. શીવગુલામ સીંગ (૧૮૭૪) ૨૨. વી. રી. ફો. રૂ. ૧૭૨ ના કામમાં થયેલા જણાય છે, તેમાં સને

૧૮૫૯ ના એક્ટ ૮ ની કલમ ૨ પ્રમાણે બીજો દાવો ચાલવાને હરકત છે એવું ઠરાવ્યું છે અને શીવપ્રસાદ મેટી વી. નંદલાલકર મહાપત્ર (૧૮૯૧) ૧૮ ક. ૧૩૯ નો દાવો કપટના કારણુથી એકાદુ વેચાણુ રદ કરવાનો દાવો હતો તેમાં થયેલો છે.

મદ્રાસ—નીચેનાં કામોમાં બીજો દાવો ચાલે એવુ ઠરાવેલુ છે; સમી વી. સોમસુદરમ (૧૮૮૩) ૬. મ. ૧૧૯; કરૂથા સાંમી. જગનાથ (૧૮૮૫) ૮ મ. ૪૭૮; નથીના પાચેતી વી. ચીદાંબર ચેતી (૧૮૯૮) ૨૧ મ. ૧૮ પરંતુ તે ફેંસલાએ ઉપર બતાવેલા ફુલબેંચના ઠરાવથી રદ થયેલા ગણી શકાય છે.) નો લંબાણુથી વીચાર કરેલો છે અને ઠરાવ્યું છે કે જે કામમાં ગીરો છોડાવાનો દાવો દાખલ કરેલો હોય અને તેમાં તે બાબતનું હુકમનામુ કરેલુ હોય પણુ તે બજાવેલુ ના હોય તો પાછળથી તેનો તેજ ગીરો છોડાવાનો દાવો ચાલવા લાયક નથી. તોપણુ સીતારાંમ વી. માધોલાલ (૧૯૦૨) ૨૪. અ. ૪૪.). ના કામમાં અલ્હાહાબાદ ના ફુલબેંચનો ઠરાવ તે કોર્ટની રૂબરૂ ન હોયતો એમ જણુાય છે. આ છેલ્લા કામમાં તેજ સવાલનો સપુર્ણું રીતે વીચાર કરેલો છે અને બીજો દાવો ચાલતો નથી એમ ઠરાવેલુ છે. ફકત એક ગીરો આપનારે ગીરો રાખનાર ઉપર હુકમનામુ મેળવેલુ હોય તે કારણુથી તે ગીરો આપનારને ગીરો રાખનાર વીરૂદ્ધ વધારે ખોટી સ્થીતીમાં મુકલો ના જોઇએ એ નક્કી વ્યાજબી જણુાય છે.

અમાનતબીબી. વી. ઇનદાદ હુસેન (૧૮૮૮) ૧૫ ઇ. અ. ૧૦૬;: ૧૫. ક. ૮૦૦. અને જુઓ લછમી પત વી. લેડમોરીગેજ બેંક (૧૮૮૭) ૧૪ ક. ૪૬૪) ના કામમાં પીવી કાઉસીલને અપીલ કરવા ઉપર થી ઠરાવ્યું છે કે આગળના બે દાવાએ કાહાડી નાખવાથી ગીરો છોડાવાનો દાવાનો દાવો ચાલવા તે હરકતથી કારણુ કે તે એક દાવો પેટા માલકીનો હક ઠરાવાનો હતો અને બીજા કાયદા પ્રમાણે થયેલા હકની રૂઇએ કબજા બાબતનો હતો.

હવે જે વર્ગના ઠરાવોને ખુલાસો (૪) લાગુ થાય છે તેમાં બની શકતા તમામ દાવાએ બીજા દાવામાં કરેલા નથી. આ ખુલાસો ફકત જે કામમાં એ દાવા અથવા ઈસ્યુ તેના તેજ હોય તેને લાગુ થાય છે. (રાજેન્દ્ર વી. તારાંગીની (૧૯૦૪) ૧. ક. લા. જે. ૨૪૮). શ્રીમત રાજા પીરીયા ઓદય તેવર વી. કટામા ચીઅર (૧૮૮૬) ૧૧ મુ ઇ. અ. ૫૦. તેવીજ રીતે વાશી વી. સાહીબા (૧૮૬૭) ૮. વી. રી. ૩૦૭. હઝગર વી. નઝીના (૧૮૭૦) ૧૪ વી. રી ૨૭૨; વીલાયતી વી. નુરખાંન (૧૮૮૩) ૫. અ. ૫૧૪; માનસીંગ વી. નારાયણુ (૧૮૭૬)૧. અ. ૪૮૦). ના કામમાં એક **અ** ની વીધએ **અ** ની મીલકતનો કબજો લેવાને **બ** ઉપર દાવો કર્યો એવુ કહીને કે **અ** ની જાતીકી મેળવેલી મીલકત છે અને **બ** એ એક વીલ ઉપર આધાર રાખેલો છે તે જુઠુ બનાવટી છે. **બ** એ કહયું છે કે તે અવીભકત કુટુંબની મીલકત છે અને વશીઅત તરીકે વ્યવસ્થા કરેલી એવો **અ** ના વીલ ઉપર મેં આધાર રાખેલો નથી તે વીધવા ના દાવાનું હુકમનામુ કરવામાં આવ્યુ કારણુ કે તે મીલકત જાતીકી મેળવેલી છે. પછી **બ** એ **અ** ના વીલની રૂઇએ એક વશીઅત લેનાર તરીકે કબજો પાછો લેવાને **અ** ઉપર દાવો કર્યો તેમાં તે દાવો ચાલવાને હરકત છે એમ ઠરાવેલુ છે.

ફેસલો આપતાં લોર્ડ વેસ્ટબરી સાહેબે આ વીષે કાયદો ખુલ્લી રીતે બતાવેલો છે. (" માટે પરીણામે જ્યુડીશીઅલ કમીટીએ અવલ રીતે આખર સુધી સંભાળથી જેમ કામ કરેલું છે તેમ બીજો. કજીઓ થતાં અટકે એવી આશાથી અને સ્પષ્ટ હેતુથી સંભાળથી કરીને પોતાના ફૈસલામાં હકીકત લખેલી છે કે અપીલના પ્રતીવાદીના કાઉંસલે એક વીલ તરીકે તે દસ્તાવેજની રૂઇએ કાંઇ હક ઉપર દાવો નહિં રાખવાને વીચારીને પસંદ કરેલું છે માટે તે બળવાન છે કે નહિં તે ફેંસલો કરવાને સારૂ વધારે અગત્યનું નથી. તે કામની

તે હકીકત છે તેથી તેજ સખસે તે દસ્તાવેજનું આ રૂપ જાણીબુજીને આપેલું છે તેથી તે સખસે પાછળથી કરેલો દાવો મંજુર રાખવાને અમને હાલ ફરજ પડેલી છે કારણ કે તે દાવો આ કામમાં તેણે જે કહેલું તે વીરૂધ્ધ તદન કહીને કરેલો છે અને આ કાગળ એક બળવાન વીલ અને વસીઅત છે એવો આગ્રહ કરેલો છે આવો કોઇ દાવો ચાલવા દેવો જોઇએ તે અશક્ય છે. પ્રથમના કામના કાગળો ઉપરથી પેહલું તો ખુલ્લું છે કે અપીલ વાળાનો એક બળવાન વીલ તરીકે તે દસ્તાવેજ ઉપર આધાર રાખવાનો અખત્યાર હતો. તેણે ૧૮૫૬ ના દાવાઓમાં મતલબે પોતાનો ડીફેન્સ અભાવે કહેલો છે અથવા તે કહી શકતો હતો. પ્રથમ તે એવો આગ્રહ કરી શકતો હતો કે અવીભકત મીલકત છે. અને તેથી કરીને વાદીનું તે દાવાઓમાં કાંઇ ન હતું; અને બીજું કે તેઓની તકરાર કરી શકતો હતો કે પરંતુ જો તે મીલકત વ્હેંચાયલી છે એવું માલુમ પડે તો આ દસ્તાવેજની રૂઇએ મ્હારો હક ઉત્પન થાય છે અને મારા લાભમાં એક બળવાન વશીઅત થાય છે તેથી હું તકરાર કરૂં છુ અને તે ઊપર આધાર રાખું છું. જ્યારે એકાદો વાદી એક મીલકત ઉપર દાવો રાખે અને પ્રતીવાદીનો કબજો હોય અને તેથી તે દાવા સામી હરકત લે તો તેને જે કારણો પોતાના જાણવા પ્રમાણે હોય તે તમામ બતાવીને તે કારણોથી તે સામી હરકત લેવાને બંધાયલો છે. હાલનો અપીલવાળો તે કેહવાયલા વીલના બળવાનપણા વીષે આગ્રહ કરી શકતો હતો; પરંતુ તે કરવાને બદલે જ્યારે તેનો દાવો આખરની અપીલ કોર્ટમાં સુનાવણી ઉપર આવ્યો અને ફેંસલ કરવામાં આવ્યો ત્યારે તે દસ્તાવેજ ઉપરથી એક વીલ તરીકે મતલબે તેણે તમામ હક છોડી દીધેલો છે અને એવો આગ્રહ કરેલો છે કે તે વશીઅતનો દસ્તાવેજ નથી એમ કોર્ટે ગણવું જોઇએ. અપીલવાળાએ તે વીલ બતાવાને જે હાલ ઇલાજ કરેલો છે તે લેવાને પરવાનગી આપવામાં આવે તો ઇનસાફ આપવામાં જે નીર્ભયતા છે તે તમામ જાય છે. માટે દરેક કારણથી,–૧ કે તે બાબત ઇસ્યુમાં હતી અને જે બાબત ઇસ્યુમાં હતી તેનો ફેંસલાથી થયેલો છે એમ માનવું જોઇએ; ૨. જાતીકું એવું કારણ છે કે અપીલવાળાએ આ દસ્તાવેજનો ઉપયોગ કરીને એક વીલ તરીકેનો તમામ હક છોડી દીધેલો છે તેથી તે હાલ જુદા કારણસર તેનો ઉપયોગ કરી શકતો નથી; સબબ અમારા અભીપ્રાયમાં આવે છે કે નીચેની કોર્ટના નીર્ણયના ખરાપણા વીષે કાંઇ શક નથી).

પહેલા દાવામાં કાંઇ અભાવે દાવો કરેલો નથી. આ ફેસલામાંથી એક ઇનતેકાપ પાછળના ટેકા ઇટની દુર્ગાપ્રશાદ વી. દુર્ગાકુંવરી (લા રી. ૫. ઇ. અ. ૧૪૯; (૧૮૭૯) ૪ ક. ૧૯૦. એક તાજા કામ વીષે જુઓ રામપાળસીંગ વી. રામપ્રસાદ (૧૯૦૫. પી. સી.) ૨૭. અ. ૩૭; અને બીહારી વી. શીવબાળ (૧૯૦૭) ૨૯ અ. ૬૦૧) ના કામમાં **અ** એ પોતાના મરનાર દીકરાના વારસ તરીકે હક રાખીને એક મીલકતનો કબજો લેવાને **બ** ઉપર દાવો કર્યો. બચાવ એવો છે કે મીતાક્ષરાના નીયમ પ્રમાણે **બ** વારસ છે અને જુના રીવાજ પ્રમાણે તેને ગાદી ઉપર બેસારેલો છે. વાદીએ એક હુકમનામુ મેળવ્યું અને તેની બજાવણીમાં તેણીએ કબજો લીધો. પછી એક કુટુંબના રીવાજ પ્રમાણે **અ** ના દીકરા પછી વારસ થવાનો મારો હક છે એવો દાવો રાખીને તેજ મીલકતનો કબજો લેવાને તથા કુટુંબના રીવાજ પ્રમાણે **અ** ના મરણ પછી તે મીલકત ઉપર મારો (**બ** નો) હક થાય છે એવું ઠરાવાને **બ** એ **અ** ઉપર દાવો કર્યો. તે બીજા દાવામાં વાદી (**બ**) પ્રથમના દાવામાં પોતાના બચાવમાં કુટુંબનો રીવાજ બતાવેલો ઇનકાર કરેલો છે; તેથી પ્રીવીકાઉંસીલની જ્યુડીશીઅલ કમીટીના અભીપ્રાયમાં આવ્યું છે કે તેણે પ્રથમના દાવામાં કુટુંબનો રીવાજ બતાવેલો હતો પણ એવુ ધારીએ કે તેણે બતાવેલો નથી તોપણ તેણે તે બતાવો જોઇતો હતો તેથી ક-

બીજા બાબતનો તેના દાવાને હરકત થાય છે (જ્યુડીશીઅલ કમીટીએ પોતાના ફેંસલાના આધારમાં શ્રીમતરાજા વી. કટમાના ચીઅર (૧૮૬૬) ના કામમાં લોર્ડ વેસ્ટબરી સાહેબે અભીપ્રાય બતાવેલો તે બતાવેલો છે. "જ્યારે એકાદો વાદી એક મીલકત ઉપર દાવો રાખે અને પ્રતીવાદીનો કબજો હોય તેથી તે દાવા સામી હરકત લે તો તેના જાણવા પ્રમાણે જે જે કારણો તે બતાવી શકતો હોય તે તમામ કારણો બતાવીને તે સામી હરકત લેવાને બંધાએલો છે." અને ગ્રેગરી વી. મોલ્સવર્થના કામમાં જે એવો નીયમ ઠરાવેલો છે કે એકાદા સંવાલના દાવાના પક્ષકારો વચ્ચે અવશ્યે કરીને સ્પષ્ટ શબ્દોમાં ઠરાવ કરેલો ના હોય પણ મતલબે કરેલો હોય તો બીજા કોઇ રૂપના કોઇ બીજા દાવામાં તેજ પક્ષકારોની વચ્ચે તેનો તેજ સવાલ તેઓ ઉત્પન કરી શકતા નથી.).

આ ઠરાવ ઉપરથી બીજા દાવામાં જુના અને નવા કરેલા દાવા વચ્ચેના જે ભેદની અમે વ્યવસ્થા કરીએ છીયે તે ભેદનો એક દાખલો જણાય છે (જુઓ ક્રોમવેલ વી. સેક સદરહુ પા. ૮૩ બીજા દાવાની માફક તેનો તેજ દાવો એકાદા કામમાં બરોબર કરેલો હોય તોપણ તે બીજા દાવાનો ફેંસલો સમાંતર બાબતોના ઠરાવ સબંધી રેસજ્યુડીકેટા તરીકે કામમાં આવતો નથી જુઓ પહેલવાનસીંગ વી. રીસાલ (૧૮૮૨) ૪ અ. ૫૫; મધુરાંમ વી. બૈદનાથદાસ (૧૮૬૮) ૯. વી. રી. ૫૮૨; જુઓ આગળ). **બ** નો જે વધારે એવો દાવો છે કે **અ** ના મરણ પછી અનુમાન પ્રમાણે વારસ થવાનો મ્હારો હક છે. તેથી તે દાવાની વ્યવસ્થા કરવામાં બાર વી. જેકસન (સદરહુ પા. ૮૪) ના કામમાં આપેલો ફેંસલો બતાવીને તે ઉપર આધાર રાખી જ્યુડીશીઅલ કમીટીએ નીચે પ્રમાણે ફેંસલો આપેલો છેઃ—તે દાવાનો જે બીજો ભાગ એવો છે કે તે વીધવાએ જયમંગળના લાભમાં જે દસ્તાવેજ લખી આપ્યો છે તે પાછળથી થનાર વારસો વીરૂદ્ધ નીર્થકને નાબુદ છે કે નહિં એવું ઠરાવાનો વાદીનો હક છે કે નહિં તે વીષે વાદીએ પ્રતીવાદીના મરણ પછી વારસ થવાને અનુમાન પ્રમાણે પોતાનો હક થાય છે એવું સાબીત કરવું જોઇએ. કારણકે જો કે પ્રથમ ઇનસાફ થઇને ફેંસલો થવાથી પ્રતીવાદી નાં. ૧ નાની હયાતીમાં તેનો કબજો લેવાનો હક છે એવું બતાવાને વાદીને હરકત છે તોપણ તેણીના મરણ પછી જો તે હયાત હોયતો તેણીની પછી વારસ થવાનો તેનો હક છે એવું બતાવાને તેથી હરકત થતી નથી." તેવીજ રીતે વુમા તારા દેબીચા વી. અન્નપુર્ણા દાસી. (૧૮૭૩ ૧૧ બં. લા. રી. ૧૫૮ તેવીજ રીતે નિર્ભાનસીંગ વી. ફુલમાનસીંગ (૧૮૮૨) ૪ અ. ૬૫; દુદસર બીબી વી. શેકીર (૧૮૭૧) ૧૫. વી. રી. ૧૬૮; બીજલલા વી. ખેતરનાથ (૧૮૬૯) ૧૨ વી. રી. ૫૫; શ્રી ક્રીસ્ટો વી. જયક્રીસ્ટો (૧૮૮૩) ૨૪. વી. રી. ૩૦૪; શીવશંકર વી. હરી (૧૮૭૦) ૧૩. વી. રી. ૨૦૯; કાશી વી. ક્રીસ્ટો (૧૮૭૫) ૨૨. વી. રી. ૪૬૪; અને સંધ્યામલ વી. દેબીચરણ (૧૮૮૧) ૬ ક. ૭૧૫). ના કામમાં વાદીએ ૧૫૦૦ વીઘા જમીન બાબત દાવો કરેલો હતો એવું કહીને કે મારા તાલુકની હદ બહાર તે જમીન છે પરંતુ તે જમીન મારા કબજામાં આવેલી છે અને મેં તે ઉપર વાવેતર કરેલું છે તેથી તે જમીન ઉપર મારો હક થયેલો છે તે દાવો કહાડી નાંખવામાં આવ્યો તેથી તેણીએ ૧૫૦૦ વીઘા પૈકીમાંની ૭૭૦ વીઘાની જે જમીન પોતાના તાલુકની હદની અંદર હતી તે ઉપર દાવો રાખીને એક બીજો દાવો કર્યો તો તે દાવો ચાલવાને હરકત છે એવુ ઠરાવેલું છે. ખુલ્લી રીતે આ અભાવની તકરાર પહેલા દાવામાં ઉઠાવવી જોઇતી હતી. દીનો બંધુ ચોધરી વી. ક્રીસ્ટોમણી (૧૮૭૭) ૨ ક. ૧૫૨, તેવીજ રીતે સુલતાન અહમદ વી. મૌલાબક્ષ (૧૮૮૨) ૪ અ. ૨૧; શ્રીમતી

કામીની દેખી, વી. આસુતોષ (૧૮૮૮) લા. રી. ૧૫. ઇ. અ. ૧૫૯; ૧૬. ક. ૧૦૩; હાજી હાસમ ઇબ્રાહિમ વી. મંછારામ (૧૮૭૯) ૩ મું. ૧૩૭; અનંત વી. દામોદર (૧૮૮૯) ૧૩ મું. ૩૫. એક જમીન ઇજમાલી છે કે એવું ઠરાવાનો દાવો કહાડી નાખવામાં આવેલો હતો; વ્હેંચણ કરાવાનો બીજો દાવો ચાલી શકતો નથી. એવું ઠરાવેલું છે. શેખ એશારૂ તુલ્લા વી. અજજુ (૧૮૭૧) ૧૪. વી. રી. ૧૯૫. તેજ નીયમ ઘણી માગણીઓને લાગુ કરેલો છે ભીખા વી. ભગુ (૧૮૭૮) ૩ ક. ૨૩ જુઓ નરહરી વી. અનપુર્ણાબાઇ (૧૮૮૭) ૧૧ મું. ૧૬૦ ટી. કે. અમાથા વી. ચેરીયા કુનહેમદ (૧૮૮૨) ૪. મ. ૩૦૮; ભીખા વી. ભગુ ૩. ક. ૨૩ અને દીનોબંધુ વી. ક્રીસ્ટોમણી ૨. ક. ૧૫૨ ના કામોના ઠરાવથી જુદો ઠરાવ કરેલો છે. જુઓ ગીરધર વી. ડાહ્યાભાઇ (૧૮૮૪) ૮ મું. ૧૭૪ અને તે લગતા ઠરાવો જુઓ આગળ). ના કામમાં એક હિંદુ વીધવાએ અમુક મીલકત એક વખતે પોતાના ધણીની હતી એવું કબુલ થયેલું છે તે મીલકતનો કબજો લેવાને પોતાની મરનાર દીકરીના ધણી ઉપર દાવો કર્યો હતો. તેણીએ કહ્યું છે કે એક બક્ષીસ પત્ર વાદીના ધણીએ પોતાની દીકરી (પ્રતીવાદીની ઓરત) ને લખી આપેલું કેહવામાં આવેલું છે તે બક્ષીસ પત્રની રૂઇએ કબજો રાખવાને પ્રતીવાદી દાવો રાખે છે અને તેણીએ કહેલું છે કે તે બક્ષીસ પત્ર એક જુઠી બનાવટનું છે. તે દાવો કહાડી નાંખવામાં આવ્યો કે તે દસ્તાવેજ ખરા પ્રકારનો છે તેથી તે વીધવાએ પોતાની મરનાર દીકરીના વારસ તરીકે તે મીલકત ઉપર દાવો રાખીને એક બીજો દાવો કર્યો તેમાં ઠરાવ્યું છે કે તે દાવો ચાલવાને હરકત છે. હીસાબની સામાન્ય બાકીની રૂઇએ એક દાવામાં પ્રતીવાદીએ અમુક નાંણાં બીજા દાવામાં બતાવેલા છે તે વાદીએ પોતાની તરફથી લીધેલો છે તે વસુલ કરવાને તે પ્રતીવાદીઓ "સેટ ઓફ" સામા દાવા તરીકે દાવો કરવો છોડી દીધેલો છે, તેથી તે બીજો દાવો ચાલી શકતો નથી એવું ઠરાવેલું છે (જગન વી. બાળ (૧૯૦૭) અ. વી. નો. ૨૭૫).

પક્ષકારો વચ્ચેના એક દાવામાં એકાદા સવાલનો ખુલ્લી રીતે અવસ્ય કરીને ઠરાવ કરેલ ન હોય પણ મતલબે કરેલો હોયતો કાંઇ બીજા રૂપના એક બીજા દાવામાં તેનો તે સવાલ તેઓ ઉઠાવી શકતા નથી.

સુરજોમણી દેવી વી. સદાનંદ માહપત્ર (૧૮૭૪) ૧૨. બ. લા. રી. ૩૦૪. ૨૦. વી. રી. ૩૭૭. તેવીજ રીતે ગોપીનાથ ચોબે. વી. ભગવત પ્રસાદ (૧૮૮૪) ૧૦ ક. ૬૯૭ ના કામમાં પહેલો દાવો કબજા બાબતનો હતો અને બીજો દાવો મલીકા બાબતનો હતો. અને દોબીની દેખી વી. ડોલગોવીંદ ચોધરી ૧૮૯૪. ૨૧. ૪૩૦ ના કામમાં પહેલા દાવામાં એક કબાલાના ખરા પણા વીષે કાંઇ ઇસ્યુ કઢાવેલો નહિ હતો તોપણ તે ઇસ્યુ વીષે રેસજ્યુ ડીકેટા છે એવુ ઠરાવેલુ છે) ના કામમાં દીકરાએ બાપ ઉપર અને પોતાના બાપે કરી આપેલા વીલની રૂઇએ જે વશીઅત લેનારનો ઇરાદો રાખેલો તે વશીઅત લેનાર ઉપર મતલબે એવુ ઠરાવાને દાવો કરેલો હતો કે તે બાપને તે મીલકતની વશીઅત કરવાને કાંઇ અખત્યાર ન હોયતો કારણ કે તે તમામ મીલકત વડીલો પાર્જીત મીલકતની આમદાનીથી મેળવેલી છે. તે વડીલો પાર્જીત મીલકત ઉપર તે હક ઠરાવામાં આવ્યો પરંતુ તે મેળવેલી મીલકત વીષે તે દાવો કાહડી નાંખવામાં આવ્યો તે બાપના મરણ પછી તે વશીઅત લેનાર ઉપર તે મેળવેલી મીલકતનો કબજો લેવાને એક બીજો દાવો કરવામાં આવ્યો છે તે ચાલતો નથી.

ક્રીષ્ના બેહારી રાય વી બ્રજેશ્વરી (૧૮૭૫) લા રી. ૨. ઇ. અ. ૨૮૩; ૧ ક. ૧૪૪. તેવીજ રીતે ગોબીંદચંદ વી. તારીક (૧૮૭૮) ૩ ક. ૧૪૫; બીમોલા સુદરી વી. પંચાનન ક. ૭૦૫; રામક્રીષ્ન વી. વીઠ્ઠલ (૧૮૯૧) ૧૫ મુ. ૮૯; અને ટોપોનીધી ધીરજ વી. શ્રીપતી (૧૮૮૦) ૫. ક. ૮૩૨) ના કામમાં **अ** એ પોતાનુ દત વીધાન કરતાં પહેલાં **अ** ની દત લેનાર માએ એક પટની કરી આપેલો તે રદ કરવાને એક પટનીદાર **ब** ઉપર દાવો કર્યો એવા કારણથી કે તેણીનુ ૪કત એક વીધવા તરીકેનુ તે મીલકતમાં હીત છે. ડીફેન્સમાં **अ** ને દત લેવામાં આવ્યો નથી એવી તકરાર કરવામાં આવેલી છે. **क** તે દરમીયાન આવી ને તે દતવીધાન વિષે તકરાર કરવાને એક પ્રતીવાદી થયેલો. તેમાં ઠરાવ્યું છે કે તે તદ વીધાન બરોબર છે પરંતુ તે પટની યોગ્ય રીતે આપેલો છે. **क** એ દત વીધાનના સવાલ વિષે અપીલ કરી પરંતુ નીચેની કોર્ટનો ફેંશલો બહાલ રાખી એવું ઠરાવ્યુ છે કે તે દતવીધાન રદ કરાવાને **क** ના પાછળથી કરેલો દાવો ચાલવાને હરકત છે.

પીતપુર રાજા વી. બચી સીતે. (૧૮૮૫) ૮. મ. ૨૧૯; લા રી. ૧૨. ઇ અ. ૧૬. તેવીજ રીતે નીકેતરાંમચંદ્ર વી માધો (૧૮૮૪) ૧૨. ઇ. અ. ૧૮૮ વ્યંકટ પ્રો વી. પેદા (૧૮૮૭) ૧૦ મ. ૧૫; એને બાલ ચેમ્બસે વી. આસુતોષધર (૧૮૮૦) ૭. ક. લા. રી.:૩૦૮ વળી જુઓ બાળકીશન વી. કીશનલાલ (૧૮૮૯) ૧. અ. ૧૪૮ પા. ૧૫૭; કામીની દેવી વી. આસુતોષ મુકરજી (૧૮૮૭) લા. રી. ૧૫. ઇ. અ ૧૫૯; ૧૬ ક. ૧૦૩; દીનકર વી. હરી (૧૮૯૦) ૧૪. મુ. ૨૦૫. નોબો દુર્ગા વી. ફૈઝબક્ષ (૧૮૭૫) ૧ ક. ૨૦૨ ના કામમાં **अ** એ સને ૧૮૭૧ ની સાલની એક પટની તાલુકાની સાંથ લેવાને **अ** એ **ब** ઉપર દાવો કરેલો હતો. ડીફેન્સમાં ૧૮૬૫ માં એક ભાગનો કબજો ગયેલો હતો તેથી રૂ. ૧૫૫) કમી કરવાને તકરાર કરેલી હતી. તેમાં દર વીઘે રૂ.૪૨) કમી કરીને વાદીના દાવાની રકમનું હુકમનામુ કર્યું તેમાં તે દાવો ચાલવાને હરકત છે એમ ઠરાવ્યુ છે. તેવીજ રીતે બસનલાલ વી. ચંદ્ર (૧૮૭૯) ૪. ક. ૬૮૬ ના કામમાં પટે રાખનાર પાસે કેટલી જમીન છે તે વીષેનો સવાલ હતો; જીવલાલ વી. સરૈન (૧૮૮૨) ૧૧ ક. લા. રી. ૪૮૩ તેમાં પહેલો દાવો વધારે લેવાનો હતો તેમાં વાદીનો પુરાવ માનવામાં આવેલો નહોતો; વ્યંકટ ચેલાપતી વી. ક્રીશ્ન (૧૮૯૦) ૧૩. મ. ૨૮૭ તેમાં પહેલો દાવો જમીનના માલેક અને પટે રાખનાર નો શબંધ ઠરાવેલો છે પણ પેહલા દાવામાં **ब** એ જે બાબતની તકરાર કરેલી તેનો ફેંસલો કરવાને કોર્ટે ના કહેલી હોયતો તેથી તે બીજો દાવો ચાલવાને હરકત થાય નહિ. કનહી વી. સાશી. (૧૮૮૧) ૬. ક. ૭૭૩: રઘુનાથ વી. જગત (૧૮૮૧) ૭. ક. ૨૧૪; મુબારક વી. શીવગોવીંદ (૧૮૭૨) ૧૦. વી. રી. ૬૧ ના કામમાં તકરારી સવાલ વીષે અદબદ રાખેલું હતુ અને ગીરધર વી. ડાહયાભાઇ (૧૮૮૪) ૮ મુ. ૧૭૪; ઠીકર બેચરજી વી. પુહાઈ (૧૮૯૦) ૧૪ મુ. ૪૧) ના કામમાં સીતાયાના ધણીએ તે રાજાના બાપ વ્યંકટ ઉપર પેહલો દાવો કરેલો હતો તેમાં વ્યંકટના મોટા દત લીધેલા ભાઇ તરીકે પીતાપુરની જમીનદારીનો કબજો લેવાને માગેલુ હતુ તે દત વીધાન ઇનકાર કરેલુ હતુ અને તે સાબેત નહિ કરી શકાયાથી તે દાવો કહાડી નાંખવામાં આવ્યો સીતાયાના ધણીએ અપીલ કરી પરંતુ તે કામનુ સમાધાન થયુ અને તેણે પોતાની અપીલ પાછી ખેંચી લીધી; કેટલાક વરસ પછી તે એક દીકરો મુકીને મર્ણ પામ્યો અને તે દીકરો પોતાની મા સીતાયા જે મુકી મર્ણ પામ્યો તે રાજા એ બીજો દાવો એવું ઠરાવાને કર્યો કે સીતાયા મરણ પામે જેટલે સીતાયાની દીકરાની મીલકત વારસામાં લેવાનો મારો હક છે. તેણે પોતાના દાવાનો આધાર

સીતાયાનો ધણી પોતાના બાપ રાજાનો દત લીધેલો ભાઇ છે તે હકીકત ઉપર રાખ્યો તેમાં તે દાવો ચાલવા ને હરકત છે એવુ ઠરાવેલું છે.

પરંતુ જે કામમાં કેટલાંક સ્વતંત્ર દાવામાં કારણો ઉપયોગમાં આવે તેવો હોય તોપણ જે હકથી દાવો કરેલો હોય તે હક સમંધી હુમલો કરવાને તમામ કારણો કોર્ટની રૂબરૂ લાવવાને એકાદો પક્ષકાર બંધાએલો છે તોપણ તે એક દાવામાં તમામ એકઠાં લાવવાને બંધાએલો નથી (મતુસાંમી આયર જસ્ટીસ સાહેબનો ફેંસલો આલુની વી. કંજુસા (૧૮૮૪) ૭ મ. ૨૮૪ ના કામમાં છે; મહાબીર તેવારી વી. પરશુ ૧૨ ક. વી. નોટ ૨૯૨ બીજા દાવામાં જે કારણ બતાવેલુ હોય તે કારણ પહેલા દાવામાં બતાવવાને કાંઇ બંધન ના હોય, ખીરોદમોઇ વી. બાગલા (૧૯૦૬) ૪ ક. લા. જે. ૪૦૨). માટે જે કામમાં પટો સાબેત કરવામાં આવેલો નથી તેવા કારણથી જમીનના માલેકનો દાવો કાહાડી નાંખેલો હોય તો પ્રવેશ કરનાર તરીકે પ્રતીવાદી પાસેથી કબજો છોડાવાનો બીજો દાવો ચાલવા લાયક છે એવું ઠરાવેલું છે. (ખાતર વી. સદરૂદ્દી (૧૯૦૭) ૩૪ ક. ૯૨૨; જુઓ દતરામ વી. રામફીરટો (૧૮૬૬) ૮ વી. રી. ૫૯૪; કાદરીબક્ષ વી. ગુલામઅલ્લી (૧૮૬૮) ૯ વી. રી. ૯૦૦. આનંદ વી. પીલીઆઇલ (૧૮૬૨) ૫ મ. ૯૦૯ ના કામમાં વાદીએ પટે રાખનાર ખ અને તેની પાસેથી પેટા પટે રાખનાર ક ઉપર કબજા બાબત દાવો કરેલો. ક નો ડીફેન્સ એવો હતો કે ઙ પાસેથી પટે રાખનાર તરીકે મારો કબજો છે અને ખ ની પાસેથી પટે રાખનાર તરીકેનો નથી તેથી તે દાવો તેના પરથી કાહડી નાંખવામાં આવ્યો. તેમાં ઠરાવ્યું છે કે ક અને ઙ ઉપર કરેલો કબજા બાબત બીજો દાવો ચાલવાને હરકત નથી. વાદીએ પ્રતીવાદી ઉપર સાંથ બાબત દાવો કરેલો હતો તેમાં પ્રતીવાદીએ વાદી પાસેથી પટે રાખનારની હકીકત ઇનકાર કરી અને એવી તકરાર કરી છે કે મ્હારી જમીનનો માલેક એક ત્રીજો પક્ષકાર છે. તે સાંથનો દાવો કહાડી નાંખવામાં આવ્યો. તેથી વાદીએ તે પ્રતીવાદી અને તે ત્રીજા પક્ષકાર તે બેઉના ઉપર પોતાનો હક ઠરાવાને તથા તે પ્રતીવાદી પાસેથી સાંથ લેવાને દાવો કર્યો. તેમાં ઠરાવ્યું છે કે તે દાવાને રેસજ્યુડીકેટાની હરકત થતી નથી. દ્વારકાનાથ વી. રામચંદ (૧૮૯૯) ૨૬ ક. ૪૨૮; ૩ ક. વી. નોટ. ૨૬૬; તે પ્રમાણે નીલામ સરકાર વી. રામનારાયણદાસ (૧૯૦૨) ૬ ક. વી. નોટ. ૬૬ શ્રીધર વીનાયક વી નારાયણ વાસુદેવજી (૧૮૭૪) ૧૧ મું. હા. કો. રી. ૨૨૪; કબજો છોડાવાને કરેલા દાવાથી ગીરો આપનાર તરીકે ગીરો છોડાવાને પાછળથી દાવો કરવામાં આવે તેમાં તે દાવાને હરકત થતી નથી તે પ્રમાણે નારો બળવંત વી. રામચંદ્ર (૧૮૮૯) ૧૩ મું. ૩૨૬ ના કામમાં ચાલવામાં આવેલુ છે; અચ્યુત વી. અચ્યુત (૧૮૯૮) ૨૧ મ. ૩૫. વળી જુઓ ગીરધર વી. ડાહ્યાભાઇ (૧૮૮૪) ૮ મું. ૧૭૪; અને નીલો રામચંદ વી. ગોવીંદબલાલ (૧૮૮૬) ૧૦ મુ. ૨૪ એક જમાબંધીની રૂઇએ સાંથ લેવાને પહેલો દાવો કરેલો હતો અને બીજો દાવો માપણી તથા કમી કરવાને માટે કરેલો હતો (રઘુનાથ મંડળ વી. જગતબંધુ બોઝ (૧૮૮૧) ૭ ક. ૨૧૪; ૮ ક. લા. રી. ૩૯૩; જે કામમાં પેહલો દાવો અમુક દરથી સાંથ બાબત કરેલો હોય અને બીજો દાવો નોટીસ આપ્યા પછી તે વધારવાને કરેલો હોય છે; ગોપી મોહન મઝમુદાર વી. હીલ (૧૮૭૮) ૩ ક. ૭૮૯; વળી જુઓ એક રામખંડળ વી. હરો ધરપાળ (૧૮૭૮) ૩ ક. ૨૭૧; એક કરારની રૂઇએ મીલકત લેવાને દાવો કરેલો હતો, બીજો દાવો તે મીલકત ઉપર વારસાના હકનો અમલ કરવાને કરેલો હતો, સદુ વી. બેઝા (૧૮૮૦) ૪ મુ ૩૭; વળી જુઓ

લક્ષ્મણ વી. રામચંદ્ર (૧૮૮૧) ૫ મુ. ૪૮; કાશીનાથ વીં. રામચંદ્ર ગોપીનાથ (૧૮૮૩) ૭. મુ. ૪૦૮; મટુચેટી વી. મટાન ચેટી (૧૮૮૨) ૪. મ. ૨૯૬).

ગીરધર વી. ડાહ્યાભાઇ (૧૮૮૪) ૮ મું. ૧૭૪. તેવાજ ઠરાવો વીષે જુઓ ગોવીંદ વી. અબદુલ (૧૮૮૩) ૯ ક. ૪૨૬; મસામત નોશા વી. ઉમરાવ. (પેહલો દાવો એક વીલના રૂપએ હતો બાજો દાવો વારસ તરીકેનો છે તે ચાલવાને પરવાનગી આપેલી છે) (૧૮૭૫) ૭ અ. હા. કો. ૬૦; સદાયા પીલાઇ વી. ચીની (૧૮૭૮) ૨ મ. ૩૫૨; મતુચેલી વી. મતાંનચેલી, (૧૮૮૨) ૪ મ. ૨૯૬; શ્રીધર વી. નારાયણ. ૧૧ મું. હા. કો. ૨૨૪; શીવ રતનસીંગ વી. શીવશાહે (૧૮૮૪) ૬ અ. ૩૫૮; આલુની વી. કંજુસા (૧૮૮૪) ૭ મ. ૨૬૪; નરીમ વી. ઓરેન્ડી (૧૮૭૬) ૨૫. વી. રી. ૨૦૮; નીલો વી. ગોવીંદ (૧૮૮૬) ૧૦ મું. ૨૪; કાંનદુની વી. ટાતીયામા (૧૮૮૬) ૯ મ. ૨૫૧; અમાનત વી. ઇનદાદ હુસેન (૧૮૮૮) લા. રી. ૧૫ ઇ. અ ૧૦૬; ૧૫ ક. ૮૦૦; તારો બળવંત વી. રામચંદ્ર (૧૮૮૯) ૧૩ મુ. ૩૨૬; કાલીફટના ઝેમોરીન વી. નારાયાબ (૧૮૯૯) ૨૨ મ. ૩૨૩) ના કામમાં अ એ અમુક જમીનના કબજા બાબત દાવો કર્યો. એવું કહીને કે મેં તે જમીન ब ના કબજામાં એક લેખી પટાની રૂપએ ભાડે આપેલી છે અને તે પટો પુરો થઈ ગયેલો છે. ડીફેન્સમાં મુકરર કરેલી સાંથ ઠરાવીને કાયમ પટે રાખેલી છે એવી તકરાર કરેલી છે. તે ભાડે આપેલી છે એ હકીકત ઉપર વાદીએ આધાર રાખેલો છે તે સાબેત થયેલી નથી તેથી તે દાવો કાહડી નાંખવામાં આવ્યો હતો. अ. ને એક બીજો દાવો એવો લાવવાને પરવાનગી આપવામાં આવી હતી કે વાદી બેઉ દાવામાં જે ખાસ હકો ઉપર આધાર રાખતો હતો તે જુદા જુદા છે અને તે જુદા પુરાવથી સાબીત કરવાના છે માટે તે કારણથી તે જમીનના માલીક તરીકે કબજો લેવાનો દાવો રાખે છે.

પ્રથમના દાવાના આધારથી બીજો દાવો—જે કામમાં બીજા દાવામાં થયેલા ફેંસલાથી અમુક હકીકત કાયમ છે એવું ઠરાવેલું હોય ને તેના આધારથી એક બાજો દાવો થયો હોય અને તે બીજો દાવો ખોટી રીતે ઘડેલો છે અથવા જોઇએ તે કરતાં વહેલો કરેલો છે એવા કારણથી કાહાડી નાંખેલો હોયતો એક દાવો જે દાવાના કારણથી કરેલો હોય તેજ કારણથી બીજો દાવો કરેલો હોયતો તે ચાલવાને હરકત થતી નથી જુઓ આગળ "આખરે ફેસલ કરેલું" તે—ઉપરની નોટ). માટે જો વાદીએ પોતનો દાવો યોગ્ય રીતે ઘડેલો હોયતો તેને દાદ મળવાનો હક થતો હોય તો એવી હકીકત માલુમ પડેતો તે દાદ મળવાનો બીજો દાવા ચાલવા લાયક છે એવું ઠરાવ્યુ છે (વરથાયગંર વી. રી. ક્રીશ્ના સાંમી (૧૮૮૭) ૧૦ મ. ૧૦૨ અને રામકીસ્ટો વી. નેમીચરણ વી. રી. સને ૧૮૬૪ પા ૧૧૦ વોટસન વી. ધોનેન્દ્ર (૧૮૭૮) ૩ ક. ૬, પેહલો દાવો ઉપયોગ અને કબજા બાબતનો હતો, બીજો દાવો એક પટાની રૂપએ સાંથ બાબતનો હતો. શીવરામ વી. નારાયણ (૧૮૮૧) ૫ મું. ૨૭ અને કોનેર રાવ વી. ગુરરાવ (૧૮૮૧) ૫ મુ. ૫૮૯ માં પેહલો દાવો કબજા બાબતનો હતો, બીજો દાવો વ્હેંચણ કરાવાનો હતો. ચુનીલાલ વી. મનુ (૧૮૭૦) ૧૩. વી. રી, ૩૪૩ માં પેહલો દાવો કબજા બાબતનો હતો, બીજો બજાવણીમાં થયેલું લીલામ રદ કરવાનો હતો તારો વી. રામચંદ્ર (૧૮૮૯) ૧૩ મું ૩૨૬ ના કામમાં પેહલો દાવો ગીરો છોડાવવાનો હતો, બીજો કબજો છોડાવાનો હતો. વળી જુઓ શીવરાજ વી. રાજકુમાર (૧૮૮૩) ૨૪ વી. રી. ૨૩ અને અમીર વી. નથુ (૧૮૮૬) ૮ અ. ૩૯૬. પહેલો દાવો કાયમ પટાના હક બાબતોનો હતો તે અપાવેલો નથી બીજો એ અલાવન્સનો હતો તે રેસ-

જ્યુડીકેટા નથી, માના વી. કનોવન (૧૯૦૭) ૩૦ મ. ૨૦૩, જુઓ "આખરે ઠરાવ કરેલો" એ મથાળા નીચે નોટ આગળ પેહલો દાવો કબજાનો હતો. અને બીજો ગીરો ઉપરના કરજની જવાબદારી છોડાવાને માટે કબજો છોડવાનો હતો. ઝીનાતુનીસા. વી. રજાન (૧૯૦૫) ૨૭ અ ૧૪૨).

નવું દાવાનું કારણ—જે કામોમાં બીજા મુકરદમામાં દાવો કરેલો છે તે દાવો પ્રથમના અથવા બીજા દાવામાં કરેલા દાવા જેવોજ છે કે નહિં એ સવાલની વ્યવસ્થા "તકરારી બાબત તેની તેજ" ના મથાળા નીચે આગળ વ્યવસ્થા કરેલી છે.

જુદા દાવાની રૂએ કરેલા દાવા—કામવેલ વી. સેક (૯૪. યુ. એસ. ૩૫૧) ના કામમાં જસ્ટીસ ફીલ્ડ સાહેબે બીજા વર્ગના જે દાવા બતાવેલા છે તે ઉપર હાલ આવતાં અમારી નજરમાં આવે છે કે તે દાવાઓના બે વર્ગ તે કલમના અમલમાંથી બાતલ કરવાને જે તકરારોનો ઉપયોગ કરેલો હોય તે પ્રમાણે પાડી શકાય છે.

૧. ઇશ્યુમાં જે બાબત છે અથવા જે બાબત દાવામાં છે તે લગતી હકીકત તરીકે અથવા સમાંતર રીતે પ્રથમના અથવા બીજા દાવામાં ફક્ત સાંભળવામાં આવતી હોય

૨. બીજા દાવામાં જે ઇશ્યુવાળી બાબત હોય તે બીજા દાવામાં ઇશ્યુમાં પ્રત્યક્ષ અને વાસ્તવીક રીતે જે બાબત હોય છે તેજ છે એમ નથી.

૧. દાવાનો ફેંસલો કરવાને સારૂ એકાદ જે ઇશ્યુની જરૂર ન હોય તે ઇશ્યુ ઉપર કોર્ટ ઠરાવ કરેતો તેવા ઠરાવ ઉપર જો કે હુકમનામામાં દાખલ કરેલો હોય તોપણ પાછળના દાવામાં આવો ઇશ્યુ ફરીથી કાઢેલો હોય તેમાં રેસજ્યુડીકેટા તરીકે થવાને તેના ઉપર આધાર રાખી શકાતો નથી (ઘેલા વી. સાંકળચંદ (૧૮૯૪) ૧૮ મું. ૫૯૭; શીવચરણ વી. રઘુનાથ (૧૮૯૫) ૧૭ અ ૧૭૪, ઇસ્માલખાંન વી. હરીચરણ (૧૯૦૫) ૯. ક. વી. નોટ ૬૦ જો ઇશ્યુ વાળી બાબત બીજા દાવામાં લગતી અથવા સામાંતર તરીકે એક બીજા દાવામાં હોય તો તે બીજા દાવાને હરકત કરતી નથી તેમાં મુખ્ય ઠરાવ બાર્સ વી. જેકસન નો છે અને જુઓ દુર્ગાપ્રસાદસીંગ વી. કુંવારી સદરહુ ન્યામતબાન વી. ફાદુબળદીયા (૧૮૮૧) ૬. ક. ૩૧૯ ના કામમાં પહેલો દાવો સાંથ વધારવાને સારૂ જમીનના માલેક વીરૂધ્ધ પટે રાખનાર વચ્ચેનો હતો. તેમાં ડીફેન્સ એવો હતો કે (अ) નોટીસ આપેલી નથી, (ब) અને તે સાંથ વધારવા લાયક નથી. કોર્ટે (अ) વીષે પ્રતીવાદીના લાભમાં ઠરાવ કર્યો છે અને (ब) વીષે વાદીના લાભમાં ઠરાવ કર્યો છે પરંતુ નોટીસના સવાલ ઉપરથી તે દાવો કાહડી નાંખ્યો છે નોટીસ આપ્યા પછી વધારે સાંથ લેવાને માટે એક બીજો દાવો કરવામાં આવેલો તેમાં બીજા દાવામાં પ્રતીવાદીએ એવો જવાબ આપેલો કે મારી પાસેથી સાંથ વધારે લેવા લાયક નથી તેથી તેમાં કરેલા ઠરાવથી પ્રતીવાદીને અટકાવ થયેલો છે એવું ઠરાવેલું છે. આ ઠરાવ પ્રમાણે વધારે વાર ચાલમાં આવેલું નથી કારણ કે જો કે તે વધારવાના સવાલ ઇશ્યુમાં હતો અને તે વીષે સુનાવણી કરીને પેહલા દાવામાં નીર્ણય કરેલો છે તોપણ તે બાબત પ્રત્યક્ષ અને વાસ્તવીક રીતે ઇશ્યુમાં નહોતી કારણ કે તે વધારવા વીષેના ઠરાવ ઉપર તે હુકમનામાનો આધાર નહોતો પણ તે બાબતનો ઠરાવ કર્યા છતા તે હુકમનામું કરવામાં આવ્યું હતું. ઠાકુરમગન દેવ વી. માહદેવસીંગ (૧૮૯૧) ૧૮ ક ૬૪૭. જુઓ કોંચા વી. કોંચા (૧૮૮૬) ૧૧. એપ. કેસ. પા ૫૫૨ અને રણબાહદુરસીંગ વી. લચોકુવર (૧૮૮૫) ૧૧. ક. પા. ૩૦૬; વળી જુઓ મતુ કુમારાપા વી. આર સુગા (૧૮૮૪) ૭. મ. ૧૪૫; અનુસયા બાઈ વી. સખારામ (૧૮૮૩) ૭. મું ૪૬૪. જાર્ડીન વી. દ્વારકાનાથ (૧૮૭૧) ૧૪. વી. ૪૧૨. મોહનલાલ વી. રામદયાળ (૧૮૮૦) ૨. અ. ૮૪૭: પેથીરાંમ ચીફ જસ્ટીસ સાહેબ જે મેતુનીસા વી. લાફુન્નીસા (૧૮૮૫) ૭ અ.

૬૦૬ ના કામમાં કરેલો ઠરાવ; નંદલાલ વી. બાઘો મુળી (૧૮૮૬) ૧૩ ક. ૧૭ અને ૨૪ ચરસો બીત વી. રામદત (૧૮૮૦) ૫. ક. ૫૨૩, મધુસુધન વી. ચ (૧૮૮૯) ૧૬ ક. ૩૦૦) અને એક હુકમનામુ સાધારણ શબ્દોથી લખવામાં આવેલું હોય તો તે કેટલે દરજ્જે તે રેસજ્યુડીકેટા ગણવું જોઇએ તેનો નીર્ણય ફક્ત ખરી કેઇ બાબતો વીષે તકરાર હતી તે નકકી કરવાથી થાય છે (અગ્રીતેશ્વરી દેબી વી. સેક્રેટરી ઓફસ્ટેટ (૧૮૯૭) ૨૪. ક. ૫૦૪; ૧ ક. વી. ૨૪૯; જુઓ લાલા સુતરાંમ વી. બમાદેવારા (૧૯૦૫) ૨૯. મ. ૪૨). આ કરવાને સારૂ બીજા દાવામાં જે પ્લીડીંગો (રોલીનસન વી. દુલીવસીંગ (૧૮૭૯) ૧૧ સી. ડી. ૭૯૮. હુસ્ટન વી. સ્લીગોના માર્કવીસ (૧૮૮૫) ૨૯. સી. ડી. ૪૪૮) તેમજ જે ફેંસલો હોય (કાળી ક્રીશ્ન વી. સેક્રેટરી ઓફસ્ટેટ (૧૮૮૯) ૧૬. ક. ૧૦૩૭; લા. રી. ૧૫. ઇ અ. ૧૮૬; શીરાજારાવ લક્ષ્મીકતાયાની વી. ઇનુગંટી રાજગોપાળ (૧૮૯૮) લા. રી. ૨૫. ઇ. અ. ૧૦૨; હક. વી. નોટ ૩૩૭ જોવો જોઇએ અને પ્રીવીકાઉસલના એક કામમાં (મીરઝા કરાટુલેન વી. નઝાતુદલા (૧૯૦૫) ૯. ક. વી. નોટ ૯૩૮) માં ઠરાવ્યું છે કે રેસજ્યુડીકેટાની તકરારને આ કારણથી પુષ્ટી કરવા સારૂ પ્રથમના દાવાનુ પ્રોસીડીંગ પુરાવમાં હોવું જોઇએ. પ્રથમના ચાલેલા કામમાં એકાદો ફેંસલો કરવામાં આવેલો હોય તે ઉપરથી ફેંસલ કરવાના સવાલ વીશે જડજ શુ સમજેલા છે એવુ માલુમ પડે તેથી બશ નથી કારણ કે પોતાને માટે એમ કહેવાને શકતીવાંન થવુ જોઇએ કે તે દાવામાં ઇસ્યુ વાળી બાબતનો બીજા ચાલેલા કામમાં ઇસ્યુ હતો.

શીવરાંમ વી. નારાયણ (૧૮૮૧) ૫ મુ. ૨૭; અને જુઓ કોનેરરાવ વી. ગુરરાવ (૧૮૮૧), ૫ મુ. ૫૮૯. શીવરાજરામ વી. કાશીનાથ (૧૮૮૫) ૭ અ. ૨૪૭ ના કામમાં બીજા દાવામાં જે બાબત ઇસ્યુ હતો તે બાબત પહેલા દાવામાં પ્રતીવાદીએ પોતાની લખેલી કેફીયતમાં તકરાર કરેલી છે, પરંતુ તેમાં વાદીએ જે દાવો કરેલો તેને તે લગતી ન્હોતી વળી જુઓ ગુરૂચર્ણ વી. બોજનાથ (૧૮૮૩) ૨૪ વી. રી. ૧૧૧; ઠાકોર બેચરજી વી. પુજાજી (૧૮૯૦) ૧૪ મુ. ૩૧. એક દાવામાં કરેલા હુકમનામાથી વાદીએ જે મીલકત બાબત દાવો કર્યો હતો તે મીલકત ઉપર વાદીનો મર્યાદા વીનાનો હક ઠરાવેલો હતો, પણ જે ફેંશલાના આધારથી તે હુકમનામુ કરેલુ હતુ તે ફેંસલામાં એવુ કહેવામાં આવેલુ છે કે વાદીને જે મીલકત વીશે હુકમનામુ કરી આપેલુ છે તે મીલકત સબંધી પ્રતીવાદીયોના કેટલાક હકો છે. તે ફેંસલા પ્રમાણે તે હુકમનાંમુ કરવાને કાંઇ અરજી કરવામાં આવેલી નથી અને હુકમનામુ જેવુ હતુ તેવુજ અપીલમાં બાહાલ રાખેલુ છે. તેમાં ઠરાવ્યુ છે કે પ્રતીવાદીયો પાછળના એક દાવામાં તેના તેજ પક્ષકારો વચ્ચે પોતાના લાભના તે ઠરાવથી તે હુકમનામાના ખુલ્લા શબ્દો છતાં રેસજ્યુડીકેટા થતો નથી. ઇંદ્રજીતપ્રસાદ વી. રીચારાય (૧૮૯૩) ૧૫ અ. ૩). ના કામમાં પ્રતીવાદીઓએ પ્રથમની જે વહેંચણ કબુલ કરેલી તેની રૂઇએ પહેલો દાવો ચાલેલો છે, કારણ કે ફકત તકરાર એટલી હતી કે વાદીએ જે ભાગ બાબત દાવો કરેલો છે તે ભાગ વાદીને આપેલો છે કીંવા નહી. કોર્ટે ઠરાવ્યુ છે કે કાંઇ વેહેંચણ થએલી નથી અને તે દાવો કાહાડી નાંખેલો છે, પરતુ એવુ ઠરાવેલુ છે કે પાછળના વહેંચણ બાબતના એક દાવો ચાલવાને હરકત નથી.

સાંથ બાબતના દાવા.—સાંથ બાબતના દાવામાં હક બાબતનો સવાલ ફકત લગતી હકીકત તરીકે ઉઠેલો હોય તો તે ઉપરના ફેંસલાથી રેસજ્યુડીકેટા તરીકે અમલ કરી શકાતો નથી (શ્રીહરી વી. ખીતીશચંદ્ર (૧૮૯૭) ૨૪ ક. ૫૬૯; ૧ ક. વી. નો. ૫૦૯;

દ્વારકાનાથ વી. રામચંદ્ર (૧૮૯૯) ૨૬ ક. ૪૨૮; ૩ ક. વી. નો ૨૫૬ નો ઠરાવ સાહાદેબ વી. રામરૂદ્ર હાલદાર (૧૯૦૬) ના કામમાં બતાવેલો છે, ૧૦. ક. ૮૨૦ નીલાનંદ સરકાર વી. રામનારાયણદાસ (૧૯૦૨) ૬ ક. વી. નો. ૬૬ મહમદ અફસરૂદાન લી. બીરચંદ્ર (૧૮૮૨) ૮ ક. ૪૭૦ અને જુઓ આગળ પાનું ૯૩. જુઓ રાજેંદ્ર વી નારંગીની (૧૯૦૪) ૧ ક. લા. જ. ૨૪૮), પરંતુ જો તે હકીકત ઊપરનો ઠરાવ ખરી રીતે શાંથના દાવામાં ફેંસલાનો આધાર હોય તો પાછળના દાવામાં જુદા કારણશર તેજ સવાલ ઊત્પન્ન થએલો હોય તો તે પાછળના દાવાને હરકત છે.

તેની તેજ બાબતના કામ.—તેની તેજ બાબત વીશે જે કામોમાં એ દાવા કરવામાં આવેલાના હોય તે કાંમોમાં રેસજ્યુડીકેટાની તકરાર વારંવાર ઊઠાવવામાં આવેલી હોય છે, અને આ બાબત વીશે નીયમ એવો છે કે ઇસ્યુવાળી બાબતથી રેશજ્યુડીકેટાની અવસ્યની અજમાશ છે, અને તેવી અજમાશ દાવા વાળા બાબત નથી (રાધામાધબ વી. મનોહર (૧૮૮૮) લા. રી. ૧૫ ઇ. અ. ૯૭ કેશ્વર વી. મોહેંદ્રનાથ (૧૮૯૫) ૨૫ ક. ૧૩૬. વળી જુઓ કારતીકચંદ્ર પાળ વી. શ્રીધરમંડળ (૧૮૮૬) ૧૨ ક. ૫૬૩; બામોલાસુંદ્રી વી. પંચાજાન (૧૮૭૮) ૩ ક. ૭૦૫; પ્રાણનાથ સાંનદયાળ વી. રામકુમાર સાંનદયાળ (૧૮૭૮) ૨. ક. લા. રી. ૩૩ અને ગોબીંદચંદ્ર વી. તારકચદ્ર (૧૮૭૮) ૩ ક. ૧૪૫ વળી જુઓ ૨૦ ક. ૮૮૮,) ૧૪ મ. ૩૧૨). એક દાવામાં ઇસ્યુ વાળી બાબત તે દાવાવાળી બાબતથી તદન જુદી છે. (જુઓ સીતાનાથ વી. બાશદેબ (૧૯૦૫)૨ ક. લા. જ.૫૪૦). માટે એક જમીન કડકા સબંધના દાવામાં વાદીના હક વીશેનો તમામ સવાલ ઊઠાવેલો હોય અને તેનો ફેંશલો કરેલો હોય તો તે હકની રૂઇએ જે જમીન હોય તે જમીનના દરેક ભાગ બાબત તે પક્ષકારો વચે તે ફેંશલો નીશ્ચયકારક થાય છે.(નદકીશોર વી. હરીપ્રસાદ(૧૮૭૦) ૩ વી.રી.૬૪. આ બાબત વીશે મુખ્ય ફેંસલો પીતાપુર રાજા વી. બચી શીતાયા (૧૮૮૫) ૧૨ ઇ. અ. ૧૬ ના કાંમનો છે, અને જુઓ સંધાયા માલા વી. દેબીચર્ણ (૧૮૮૧) ૬ ક. ૭૧૫; અનંત બાલા ચાર્ય વી. દાંમોદર (૧૮૮૯) ૧૩ મુ. ૨૫ ના કામમાં જમીનના એક કડકા બાબતનો ઠરાવ તે, તે જમીનના બીજા કડકા સબંધી પાછળના દાવામાં રેશજ્યુડીકેટા છે, એવુ ઠરાવેલુ છે વળી જુઓ ચંદી પ્રસાદ વી. મોહેંન્દ્ર (૧૯૦૧) ૨૩ અલ્હા- ૫; દીરગજ વી. કાલી (૧૯૦૭) ૩૪ ક. ૪૬૬. રામચંદ્ર વી. કાશી મોહન (૧૮૭૪) ૨૧ વી. રી. ૫૭ ના કામમાં અ. એ. બ. અને બના હુકમનાંમાના દેંણદાર ક. ઊપર એવુ ઠરાવવાને દાવો કરેલો છે કે બ. એ જે મીલકત જપ્ત કરાવેલી છે તે અ ની મીલકતનો એક ભાગ છે અને તે અ. "તરફ ક. પાસેથી ખરીદ કરેલો છે. તેમાં ઠરાવ્યુ છે કે તે દાવો કાઢી નાંખવામાં આવે છે, કારણ કે ક. તરફથી અ. નો કબજો બેનામી છે. ત્યાર પછી બાકીનો તરફ ક. એ ક. પાસેથી ખરીદ કરેલો છે તેથી તેણે કબજા બાબત અ. અને ક. ઊપર દાવો કરયો. ઠરાવ્યું છે કે હકના સવાલ વીશે અ ને અટકાવ થતો નથી. વળી જુઓ કાલી કીશ્ન ટાગોર વી. હિંદુસ્થાનના સેક્રટરી ઓફ સ્ટેટ (૧૮૮૯) ૧૬ ક. ૧૭૩; લા. રી. ૧૪ ઇ. અ. ૧૮૬ મણીરાય વી. રામદંસીકુંવર (૧૮૭૬) ૨૫ વી. રી. ૩૯૩ ના કામમાં અ. એ જમીનના કબજા બાબત બ. ઊપર દાવો કરયો. વાદીના લાભમાં હુકમનામુ કરવામાં આવ્યુ કે તે ગામના શીમાડાની લાઇન ઊપરથી માલુમ પડેલુ છે કે તે જમીન અ. ના ગામ મધેની છે, અને બ. ના ગામની નથી. બીજી જમીનના કબજા બાબત અ. એ બ. ઊપર દાવો કરયો તેમાં ઠરાવવામાં આવ્યું છે કે પ્રથમના દાવામાં શીમાડાની જે લાઇન નક્કી કરેલી

છે તે તે વખતે જે જમીનની તકરાર હતી તે જમીન સબંધીજ ફક્ત નીશ્ચયકારક છે. મોરો વી. નારાયણ (૧૮૮૭) ૧૧ મુ. ૩૫૫ ના કામમાં અ. એ બ. ઉપર પડતર જમીનનો કબજો લેવાનો દાવો કરેલો હતો, એવો દાવો રાખીને કે તે ગામની તમામ જમીન ઉપર એક ઈનામથી સામાન્ય રીતે મારો દાવો છે, અને તેણે એક હુકમનામુ મેળવ્યું. ત્યાર પછી તે ગામની બીજી વાવેતર જમીનના કબજા બાબતના અ. વી. બ. ના દાવામાં ઠરાવ્યું છે કે અ. ના હક વીશે તકરાર કરવાને અ. ને હરકત થએલી નથી. વળી જુઓ બુઆરસુલી વી. ઊજુ મામોઇ (૧૮૯૯) ૧૨ વી. રી. ૫૨૫ અને ગોપી મોહન વી. હીલા (૧૮૭૮) ૩ ક. ૭૮૯. એકાદા ગામમાં એક વારસ સ્ત્રીએ પોતાના ઊપર ચડેલી સાંથ બાબત હુકમનામુ કરવામાં આવેલુ તેની બજાવણીમાં થએલુ લીલામ રદ કરવાને દાવો કરયો હતો. તેમાં ઠરાવ્યું છે કે તે વેચેલી સ્થાવર મીલકતનો કબજો લેવા સારૂ પાછળથી થનાર વારસે દાવો કરેલો છે તેને હરકત થતી નથી, કારણકે પ્રથમનો દાવો તે વારસ સ્ત્રીની મર્યાદાવાળી મીલકત છે તે ફક્ત લેવાનો હતો, પણ પાછળનો દાવો પાછળથી થનાર વારસનો તે મીલકતનો સ્વતંત્ર રીતે હક થએલો છે તેથી તે સ્વતંત્ર હકવાળી મીલકત લેવા બાબતનો છે—બ્રજલાલ વી. જીબન ક્રીશ્ન (૧૮૮૯) ૨૦ ક. ૨૮૫). તેવોજ મળતા સવાલ યોગ્ય હકુમતવાળી દીવાની કોર્ટમાં આવેલો હોવો જોઇએ અને તેની તકરાર થઇને આખરે ફેંસલો થએલો હોવો જોઇએ. (પરસોતમ ગીર વી નર્બદાગીર (૧૮૯૯) ૩ ક. વી. નો. ૫૧૭) અને કામના કાગળો ઊપરથી આ જણાવવુ જોઇએ; જે કામમાં નોટીસ ઊપરથી દાવો કેવા પ્રકારનો છે તે જણાતુ ના હોય ત્યારે નાંણાં પાછાં લેવાના દાવાનો પ્રતીબંધ તે નોટીસના આધારથી થઇ શકતો નથી (નારાયણ વી. ગોપાળ ક્રીશ્ન (૧૯૦૫) ૨૮ મ. ૩૫૫).

વખતે વખતે થતી જવાબદારીયો:—વખતે વખતે થતી જવાબદારીયોની બાબતમાં કાયદાનો સામાન્ય નીયમ નીચે મુજબ બતાવી શકાય છે:—જ્યારે વખતે વખતે થતી એક જવાબદારી બાબતનો એક દાવો હોય તો જે હક ઉપર તે દાવાનો આધાર હોય તે હકનુ મુળ બરોબર જોવામાં આવેલુ ના હોય તેવા ઠરાવ ઊપરથી જે પ્રથમના ફેંસલાથી તે દાવો કાહાડી નાંખેલો હોય તે ફેંસલાથી રેશજ્યુડીકેટા તરીકે અમલ કરી શકાતો નથી, પણ આવા પ્રથમના ફેંસલાથી તે હકજ જાતે ઠરાવવામાં આવેલો ના હોય તો તે બંધનની પાછળની બાબત દાદ મળવાને દાવો કરીને હકના તેજ સવાલની વાદી ફરીથી તકરાર કરી શકતો નથી (બાલક્રીશન વી. ક્રીશનલાલ ૧૧ અલ્હા. ૧૪૮ અને જુઓ હકમચંદના દીવાની કાયદાનુ પા. ૧૨૭ મુ. પહેલવાનસીંગ વી. રીસાલ (૧૮૮૨) ૪ અ. ૫૫ ના કામમાં પહેલો દાવો એક ખતની રૂઇએ લહેણા થએલા ચાર હપ્તાનો તથા ખતની તારીખથી વ્યાજ બાબતનો હતો. ડીફેંસમાં એટલી હકીકત હતી કે હપ્તા આપવાને કસર કરવામાં આવી ત્યારથીજ ફક્ત વ્યાજ અપાવવુ જોઇએ, તેમાં વાદીનુ હુકમનામુ કરેલુ હતુ. બીજો દાવો બીજા હપ્તાનો તથા ખતની તારીખથી વ્યાજ બાબતનો હતો. તેમાં ઠરાવવામાં આવ્યું કે ફક્ત કસુર કર્યાની તારીખથી વ્યાજ અપાવવુ જોઇએ, તેવી તકરાર કરવાને પ્રતીવાદીને છુટ નથી; અને જુઓ ચંદીપ્રશાદ વી. માહારાજા માહેંદ્ર (૧૯૦૧) ૨૩ અ. ૫. બાપના ઊપર ખોરાકી પોશાકીનો દાવો કરેલો હોય તેથી બાપના મર્ણ પછી જુદા હકની રૂઇએ ખોરાકી પોશાકી લેવાનો મોહોટા ભાઇ ઊપર દાવો ચાલવાને હરકત થતી નથી, અહમદ હુસન વી. નીહાલુદીન (૧૮૮૩) ૯ ક. ૯૪૫; લા. રી. ૧૦ ઈ. અ. ૪૫; પહેલા દાવા પછીની મુદત સારૂના હીસાબનો ઇશ્યુ ઊતપન્ન થાય તેવો નવેસર દાવો કરવા બાબત જુઓ રાય દીનકર દયાળ વી. શીવ ધુલામસીંગ (૧૮૭૪) ૨૨ વી. રી. ૧૭૨.

સાંથ બાબતના દાવા—સાંથના દાવામાં દરવર્ષે કેટલી સાંથ છે? તે સવાલની એક જડજ તપાસ કરે અને તે વીશે ફેંસલો આપે અને તે પોતાના ફેંસલાના આધાર તરીકે ગણેતો તે ફેંસલાનો અમલ રેસજ્યુડીકેટા "તરીકે સાંથના દર વીશે તે પક્ષકારોની વચ્ચે અમલ કરી શકાય છે, (બક્ષી વી. નીગા મુદા (૧૮૯૩) ૨૦ ક. ૫૦૫; અને હરી બેહારી ભગન વી. પરગન આહીર (૧૮૯૨) ૧૯ ક. ૬૫૬. કરોની બાબતના હુકમનામાના અસર વીશે જુઓ રીકટશ વી. રામેશ્વર માલીયા (૧૯૦૧) ૨૮ ક. ૧૦૯; અને એની પ્રસાદ કુંઅર વી. રાજકુંમાર ચોધ્રી (૧૯૦૨) ૬ વી. નો. ૫૮૯); પણ જો તે શવાલ ખુલ્લી રીતે ઇસ્યુમાંના હોયતો તે ફેંસલાનો તેવો અમલ થતો નથી. (બાળારામ મંડળ વી. કારતીકચંદ્રરાય (૧૯૦૦) ૪ ક. વી. નો. ૧૬૧ માં ઠરાવ્યુ છે કે ઇજારદારે શાંથ બાબતના પ્રથમના દાવામાં હુકમનામુ કરાવેલુ તેથી પાછળથી ચડતા દરજ્જાના જમીનના માલેકે સાંથ બાબત દાવો કરયો છે તેમાં તે પ્રથમનો ફેંસલો જમીનના માલેક અને પટે રાખનાર ના સબંધ વીશે તે પટે રાખનારના વીરૂધ રેશજ્યુડીકેટા તરીકે અમલ થતો નથી તે દાવામાં સાંથના દર બાબત તકરાર ન્હોતી, માટે તે દાવાનો ફેંસલો શાંથના દર બાબત પાછળના દાવામાં "રેસજ્યુડીકેટા" નથી, કારણ કે તે બીજા દાવામાં પાછળથી સાંથ લહેણી થએલી છે અને તે વીશે તકરાર છે. જોતીંદ્ર મોહનયાગોર વી. શંભુચંદ્ર (૧૯૦૦) ૪ ક. વી. નો. ૪૩. પ્રથમના દાવામાં પ્રતીવાદીએ એવી તકરાર કરી હતી કે તમામ સાંથ લેવાનો હક નથી, કારણ કે તે જમીનનો એક ભાગ વાદીના કબજામાં છે. તેમાં પ્રતીવાદી નીશફળ થયો અને દાવાવાળી તમામ રકમનુ હુકમનામુ કરવામાં આવ્યુ. પછી પાછળના એક દાવામાં તે જમીન મપાવી, પુરાવ આપ્યો અને તેનો તેજ ડીફેંશ કરવાની તેણે મેહનત કરી. પ્રથમના હુકમનામુ થયા પછી કાંઇક હકીકત બતાવાથી શાંથમાં ફેરફાર કરેલો છે. એવુ કાંઇક કહેવામાં આવેલુ નથી. તેમાં ઠરાવ્યુ છે કે તે ફેંસલાનો અમલ "રેસજ્યુડીકેટા" તરીકે થતો નથી. કારણ કે કોર્ટે પ્રતીવાદીના કબજામાં કેટલી જમીન છે તે વીશે નક્કી ઠરાવ કરેલો નથી અથવા તે વીશે વાર્ષીક કેટલી સાંથ આપવા લાયક છે તે વીશે પણ ઠરાવ કરેલો નથી:—નીલમાધબ વી. બ્રજનાથ (૧૮૯૪) ૨૧ ક. ૨૩૬; જુઓ રાજેન્દ્ર વી. તારનગીની (૧૯૦૪) ૧ ક. લા. જ. ૨૪૮).

કાયદાના સવાલો.—એકાદી બાબત પ્રથમના ફેંશલાથી રેસજ્યુડીકેટા છે કીંવા નહી તેનો નીર્ણય કરવામાં તે ફેંશલો બરોબર છે કે નહી તે શવાલ નથી, પણ ઇસ્યુ વાળી બાબતનો તે ફેંશલાથી નીર્ણય કરેલો છે કે નહી તે શવાલ છે (પરસોતમગીર વી. નરબદાગીર (૧૮૯૯ પી. સી.) ૩ ક. વી. નો. ૫૧૭). તે ઠરાવથી મજબુત કાયદા પ્રમાણે ફેંસલો થએલો છે કે નહી (પંડો બી. જંગીનાથ (૧૮૯૩) ૧૫ અ. ૩૨૭. તેમાં પારસારાદી વી. ચીના (૧૮૮૨) ૫ મ. ૩૦૪ ના ઠરાવથી જુદા પડવામાં આવેલુ છે). અથવા વધારે ચડતા દરજ્જાના અધીકારીએ તે ફેંસલો એક પાછળનો કામમાં મંજુર રાખેલો નથી તે બાબતો અગત્યની નથી (ગૌરી કુંઅર વી. ઓધકુંઅર (૧૮૮૪) ૧૦ ક. ૧૦૮૭). પ્રથમના એકાદા દાવામાં કાયદાના શવાલ વીશે ભુલ ભરેલો ફેંસલો કરવામાં આવેલો હોય તોપણ તેનો રેસજ્યુડીકેટા તરીકે અમલ થઇ શકે છે (રામચરણ ગોઝ વી. કુમેદ. મ. ડ. ચોધ્રી (૧૮૯૭) ૧ ક. વી. નો. ૬૮૭, તેની એક બીજી બાબત વીશે ફરી તપાસ થએલી છે (૧૮૯૮) ૨૫ ક. ૫૭૧; ૨ ક. વી. નો. ૨૫૭ અને જુઓ પાંનુ ૧૦૪). પરંતુ એવુ ઠરાવેલુ છે કે અપીલ કરવાથી હુકમનાંમુ રદ કરેલુ હોયતો તે હુકમનામાથી કોઇ ઇસ્યુનો નીર્ણય થયા બાબત જો કે અપીલ કોર્ટે તે કામનો ફેંશલો બીજા કારણોથી કરેલો હોયતો પણ તે હુકમ-

નામાનો રેશજ્યુડીકેટા તરીકેનો અમલ થઈ શકતો નથી (નીલવારા વી. નીલવારા (૧૮૮૨) ૬ મુ. ૧૧૦).

પ્રથમના એક દાવામાં.—જુઓ ૧ લા ખુલાશા નીચેની નોટ. અલ્હાબાદ હાયકોર્ટના ફુલબેંચે (બાલકીશન વી. કીશનલાલ (૧૮૮૯) ૧૧ અલ્હા. ૧૪૮, અને જુઓ ગુરૂ રાજાયા વી. વેંકટક્રીશ્નામા (૧૯૦૧) ૨૪ મ. ૩૫૦) ઠરાવ્યુ છે કે સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની તેનીજ ક. ૧૩ માં રેશજ્યુડીકેટાનો જે નીયમ છે તે અસલ દાવાઓ સબંધી અપીલમાં અને પરચુરણ કાંમોમાં એક સરખી રીતે લાગુ થાય છે. એક ફેંસલા ઊપર બે જુદી જુદી અપીલો કરવામાં આવેલી તે બાબતને આ નીયમ લાગુ કરતાં તેજ કોર્ટના ત્રણ જડજોએ ઠરાવ્યુ છે કે પેહલી જે અપીલ સાંભળવામાં આવી તેમાં કરેલા ફેંશલાનો તે બીજી અપીલમાં "રેશજ્યુડીકેટા" તરીકે અમલ થાય છે. (રામલાલ વી. છબાનાથ (૧૮૯૦) ૧૨ અલ્હા. ૫૭૮ પરંતુ બે દાવાઓની એકઠી તપાસ કરવામાં આવેલી તેમાં એક દાવાના એક ઇસ્યુ વીશે ફેંસલો કરવામાં આવેલો અને તે ઊપર અપીલ કરવામાં આવેલી નથી તો તે ફેંશલાનો બીજા દાવાની અપીલમાં રેશજ્યુડીકેટા તરીકે અમલ થઇ શકતો નથી. અબદુલ મજીદ વી. જીવનારાયણ મથો (૧૮૮૯) ૧૬ ક. ૨૩૩. જુઓ પચનાદ વી. વેઇથા નાના (૧૯૦૬) ૨૯ મ. ૩૩૪, અને મરીયમ નીસા વી. જયનાબ (૧૯૦૬) ૩૩ ક. ૧૧૦૧; ૧૦ ક. વી. નો ૯૩૪; ૪ ક. લા. જે. ૧૪૯) આ કામમાં એવુ અવલોકન કરેલુ છે તે કલમમાં જોઇએ તેથી તમામ બાબત નથી, અને જો તે કામનો તેના શબ્દોમાં સમાશ થતો નથી તોપણુ "રેશજ્યુડીકેટા" ના જે સામાન્ય નીયમો છે તે જો કે તે કલમમાં ખુલ્લા શબ્દોમાં બતાવેલા નથી તોપણુ તે નીયમો તે "રેશજ્યુડીકેટા" નાજ હોવા જોઇએ જુઓ આગળ.

એક સમુદાયના લોકોની વચ્ચે એકાદી બાબતનો વ્યવ્હાર થયેલો હોયતો તેથી એક ત્રીજા પક્ષકાર વીરૂદ્ધ હરકત થઇ શકે એમ થવા દેવુ નહિં જાઇએ (આ બાબતમાં કાયદાનું અમુક નીયમ છે તે જુઓ) પરંતુ પ્રથમના ચાલેલા કામના પક્ષકાર તરફથી જે સખસો દાવો રાખતા હોયતો તે સખસોના દાવાને ફેંસલાથી જેટલી અસર થતી હોય તેટલે દરજજે તે સખસો તે ફેંસલાથી બંધાએલા હોવા જોઇએ (જુઓ. ફી. એવી ૬. આ. ૫૭૦) અમુક દસ્તાવેજો જે સખસો તરફથી એકાદા પક્ષકારને પોતાનો હક મળતો હોય તે પક્ષકારો વીરૂદ્ધ પુરાવામાં દાખલ કરવા લાયક હોય તે પુરાવમાં દાખલ કરવાને તેજ નીયમ ચાલુ છે; માટે કાયદાનો આ વિષેનો જે નીયમ છે તે કારણથી તે બાતલ કરી શકાતા નથી (રાણી શ્રીમતી વી. ખાજેંદ્ર નાથસીંગ (પી સી. ૧૯૦૫) ૯ ક વી. નોટ. ૭૪). માટે શીવગંગાના કામમાં (કાત્માના ચીઅર વી. શીવગંગાનારાજા (૧૯૦૬) ૯ મુ. ઇ. અ. ૫૪૩ ૨ વી. રી. પી. સી. ૩૧, તે પ્રમાણે દુર્ગાગાતી વી. સર્વાબીની (૧૯૦૬) ૩૩. ક. ૧૦૦૧ ના ઠરાવમાં ચાલવામાં આવ્યું છે; જુઓ ચોધરી વી. શેઠ રઘુબર (૧૯૦૫) ૭ મું. લા. રી. ૯૧૨; મહમદ વી. હસેન (૧૯૦૭) ૩૧ મું ૧૪૩ જુઓ વળી હેન્ડમમાર વી. રાધાકુવરી (૧૮૭૬) ૧ અ. ૨૮૨; પરતાપ નારાયણ વી. ત્રીલોકાનાથ (૧૮૮૫) ૧૧ ક. ૧૮૬, લા. રી. ૧૧ ઇ. અ. ૧૯૭ નોબીનચંદ્ર ચકરવર્તી વી. ઇશરચંદ્ર ચકરવર્તી (૧૮૬૮) ૯. વી. રી. ૩૦૫). કપટ અથવા સાજસ ના હોયતો એકાદી હિંદુ વીધવાના ઉપર થયેલા હુકમનામાથી પાછળથી થનાર વારસ બંધાએલો છે અને વળી વીધવાને એકાદા હુકમનામાના જે ફાયદા મળેલા હોય તે પાછળથી થનાર વારસનો તે મળવાનો હક થાય છે (અરૂનચેલા વી. પંચાનન (૧૮૮૫) ૮. મ. ૩૪૮). શીવગંગાના કામમાં જે નીયમ ઠરાવેલો છે તે એકાદી જે દીકરીને

હિંદુશાસ્ત્ર પ્રમાણે ચાલવાનું હોય છે તે દીકરીની બાબતમાં એક સરખી રીતે લાગુ થાય છે. (હરીનાથ વી. મથુર મોહન લા. રી. ૨૩ ઈ. અ. ૧૮૩; (૧૮૯૪) ૨૧ ક. ૮). એક મીતાક્ષરા પ્રમાણેના મઝીઆરા કુટુંબના " કર્તા " ના ઉપર એકાદ હુકમનામું થયેલું હોયતો તે તમામ કુટુંબને બંધનકારક થઇ શકે છે. (નારાયણ વી. પાંડુરંગ (૧૮૮૧) ૫ મું. ૬૮૫ નો ફેંસલો રામનારાયણ વી. ઇશેશર (૧૮૮૮) ૧૦. અ. ૪૧૧ ના કામમાં જુદો ઠરાવેલો છે; પરંતુ કેટલાક પાછળથી થનાર વારસો ઉપરના એક હુકમનામાથી અવસ્ય કરીને તે તમામ વારસોને બંધન કારક થતું નથી. ચીદુસીંગ વી. દુર્ગાદે (૧૯૦૦) ૨૨. અ. ૩૮૨), એકાદા હયાતી સુધીના પટે રાખનાર ઉપર હુકમનામુ થયેલું હોય તો તે મીલકતને બંધનકારક થઇ શકે છે (પરતાપ નારાયણ વી. ત્રીલોકીનાથ (૧૮૮૬) ૧૧ ક. ૧૮૬; લા. રી ૧૧ ઈ. અ. ૧૯૭). તેવીજ રીતે એક શીબેતના ઉપર હુકમનામુ હોય (ગુલાબચંદ વી. પ્રસન્નો કુમાર (૧૮૬૮) ૨૦ વી. રી. ૮૬, પ્રીવીકાઉસીલને અપીલ કરવાથી ૨૩ વી. રી. ૨૫૩. તુળશીદાસ વી. વીજયકીશોર શોમ (૧૯૦૨) ૬ વી. નોટ ૭૮ એક બેનામીદારના ઉપરનું હુકમનામું ખરા માલેકને બંધનકારક થાય છે; ખુબચંદ વી. નારાયણસીંગ (૧૮૮૦) ૩ અ. ૮૧૨; નંદકીશોર વી. અહમદ આટા, (૧૮૯૬) ૧૦. અ. ૬૯, ગોપીનાથ ચોબે વી. ભગવત (૧૮૮૪) ૧૦. ક. ૬૯૭; શંગાર વી. ક્રીશ્નાન (૧૮૯૨) ૧૫. મ ૨૬૭; રાવજી વી. મહાદેવ (૧૮૯૮) ૨૨ મું ૬૭૨. વળી જુઓ પ્રસન્નો કુમાર વી. કૈલાસચંદ્ર (૧૮૬૩–૬૭) બં. લા. રી. એફ. બી. ૭૫૯ તારવાડના કરનાવાન ઉપરના એક હુકમનામાના હેતુ વીષે જુઓ થન્યું વી. ચીમું (૧૮૮૪) ૭ મ. ૪૧૩. ઈસાચંદ વી. વેલાપંત (૧૮૮૫) ૮ મ. ૪૮૪; કોમાપંત નાર્બ્અર વી. ઉકારન નાંબીઅર (૧૮૯૪) ૧૭ મ. ૨૧૪; શંકરાત વી. કેસવાન (૧૮૯૨) ૧૫ મ. ૬. તોપણ જુઓ શંકરાત વી. પાર્વતી (૧૮૮૯) ૧૨ મ. ૪૩૪). અથવા એક કરનામના ઉપર હુકમનામું થયેલું હોય (વ્યંકાયા વી. સુરામા (૧૮૮૯) ૧૨ મ. ૨૩૫) અથવા વતનદાર ઉપર થયેલું હોય (રાધાબાઇ વી. અનંતરાવ (૧૮૮૫) ૯ મું. ૧૯૮; વળી જુઓ શ્રીમતી કામીનીદેબી વી. અસુતોષ મુકરજી લા. રી. ૧૫ ઇ. અ. ૧૫૯; (૧૮૮૯) ૧૬ ક. ૧૦૩) તો તે તેના વારસને બંધનકાર છે. એક ટ્રસ્ટીએ ટ્રસ્ટવાળી મીલકત લેવાને એક દાવા કરેલો હોય તો કોઇ બીજો ટ્રસ્ટી એક દાવો કરે તો તે ચાલતો નથી. (માધવાન વી. કેશવાન (૮૮૮) ૧૧ મ. ૧૯૧).

પ્રતીનીધીના રૂપમાં એકાદા સખસના લાભમાં અથવા તેના વીરૂદ્ધ એક ફેંસલો કરવામાં આવ્યા હોય તો તે ફેંસલો જ્યારે તે સખસ પોતાના નામથી અથવા કોઇ બીજાના નામથી અને જુદી સ્થીતીથી કજીઆનુ કામ ચલાવે તે " રેસજ્યુડીકેટા " તરીકે અમલમાં આવતો નથી (ફી. એવી. ૬ આ. ૫૭૧ 'પીટકપુરાંમના જમીનદાર વી કોલાંકાના મતાના માલેકો લા. રી. ૫ ઇ. અ. ૨૦૬; (૧૮૭૮) ૨ મ. ૨૩; રાજકુવર વી. ઇંદરજીત કુવર (૧૮૮૦) ૫ બં. લા. રી. ૫૮૬; ૧૩ વી. રી. ૫૨). એક મઝીઆરા કુટુંબના એક અંગભુતે પોતાનો હિસ્સો લેવાને દાવો કરેલો હોય અને તેના વીરૂદ્ધ ફેંસલો કરવામાં આવેલો હોય તેથી તમામ મીલકત લેવાને બધા કુટુંબ તરફથી એક રીસીવર દાવો કરે તેને હરકત થતી નથી (જગન્નાથ વી. હોગ (૧૮૬૯) ૧૨ વી. રી ૧૧૭) તેમ તે કુટુંબનો એક બીજો અગભુત પાછળથી એક દાવો કરે તેને હરકત થતી નથી (જોગેન્દ્ર વી. ફણીન્દ્ર (૧૮૭૧) ૧૪ મુ. ઇ. અ. ૩૬૭; તેમ એકાદા મઝીઆરા હિંદુ કુટુંબમાં જુદા જુદા અને સ્વતંત્ર હક હોય તે કુટુંબના જુદા જુદા અંગભુતોએ ગીરો છોડાવાના ઉત્તરોતર દાવા કરેલા હોય તેને " રેસજ્યુડીકેટા " નો નીયમ લાગુ થતો નથી, સુંદરલાલ વી. ચીત્રમલ (૧૯૦૭) ૨૯ અ.

૧; (૧૯૦૬) અ. વી. નોટ ૨૪૨). જ્યારે પ્રતીવાદી ઉપર કબજા બાબત ટ્રસ્ટી તરીકે વાદીએ દાવો કરેલો ત્યારે એડવોકેટ જનરલની કબુલત સાથે ટ્રસ્ટીઓની નીમનોક કરવાને તથા તેઓને મીલકત સોંપવાને દાવો કરવાને તેઓને પરવાંનગી આપવામાં આવી હતી. એક પટે રાખનાર ઉપરનું હુકમનામું તે આ ઠરાવના હેતુ પ્રમાણે પટે આપનારને બંધનકારક નથી (સેખવાઇદલી વી. નાનત તુરહાવ (૧૮૭૫) ૨૪ વી. રી. ૧૨૮ અને જુઓ ૨ બ. લા. રી. એફ. બી. ૭૩). એક રેવન્યુ લીલામમાંથી ખરીદ કરનાર હોય અને તેના પુર્વે થઈ ગએલા હકવાળા સખસ ઉપર એક હુકમનામું થયેલું હોય તો તે હુકમનાંમુ તે ખરીદદારને બંધનકારક નથી. (રાધા વી. રખલાલ (૧૮૮૬) ૧૨ ક. ૮૨ તેમ જે હુકમનામાની રૂઇએ લીલામમાંથી ખરીદદાર થયેલો હોય તે હુકમનાંમાથી તે બંધાતો નથી (ગધાધર વી. રાધા (૧૯૦૭) ૩૪ ક. ૮૬૮ એક રજીસ્ટર થયેલા પટે રાખનારના ઉપર થયેલા હુકમનામાથી ખરો માલેક તે પટે રાખનાર તરફથી દાવો રાખતો ના હોયતો તે ખરા માલેકને તે બંધનકારક નથી (રામનારાયણ વી. રામકુમાર (૧૮૮૫) ૧૧. ક. ૫૬૨ એક હુકમનામા વાળા વીરૂદ્ધ એક ફેંસલો કરવામાં આવેલો હોય તો ત્યાર પછીના ચાલેલા કામમાં જો એમ બતાવામા આવે નહિં કે પેહલા દાવામાં હુકમનાંમાના દેણદાર તરફથી તે કામમાં તેને પક્ષકાર કરવામાં આવે તે પ્રમાણે હાજર થયેલો હતો તો તે હુકમનામાંના દેણદારને તેથી હરકત થતી નથી (શીવાપા વી. દોદનાગાયા (૧૮૮૭) ૧૧. મું. ૧૧૪; વળી જુઓ ગુરૂવા વી. સુબારાયડુ (૧૮૯૦) ૧૩ મ. ૩૬૬). અપકૃત્ય કરનારાઓ ઉપર તેમની ખાસ સ્થીતીમાં સાર્વજનીક મીલકત સબંધી એક હુકમનાંમુ થયેલું હાય તો તે તે મીલકતને બંધનકારક નથી તેમ જે સમુદાય હિત રાખતો હોય તેને પણ બંધનકારક નથી (સાદા ગોપાળ વી. રામા (૧૯૦૭) ૩૦. મ. ૧૮૫; ૫ ક. લા. જે. ૫૦૬; ૧૧. ક. વી. નોટ ૫૮૫. એક હિંદુ મઝીઆરા કુટુંબનો દીકરો તેવા દીકરા તરીકે દાવો કરતો હોય તો તે આ ઠરાવના હેતુ પ્રમાણે પોતાના બાપની તરફથી દાવો કરતો નથી કારણ કે તેના જનમને લીધેજ તે કુટુંબમાં પોતાના હક પોતાને મળે છે અને તે હકો વખતે પોતાના બાપના વીરૂદ્ધ પણ અમલ કરવા લાયક હોય છે (રામનારાયણ વી. બીસેશરપ્રસાદ (૧૮૮૯) ૧૦. અ. ૪૧૧ ના ઠરાવ પ્રમાણે સુદરરાય વી. ચીત્રમલ (૧૯૦૭) ૨૯ અ. ૧; (૧૯૦૬) અ. વી. નોટ ૨૪૨ ના ઠરાવમાં ચાલવામાં આવ્યું છે. એકાદા બાળકને તેના યોગ્ય રીતે નીમેલા વાલીથી પક્ષકાર કરેલો ના હોય અને જો કે તે બાળકના ફાયદા સારૂ તે દાવાનો ઇરાદો રાખેલો છે એવું સાબેત થયેલું હોય તો પણ એકાદુ હુકમનામુ તે બાળકને બંધન કારક થતું નથી (ચોધરી વી. શેઠ રઘુબર (૧૯૦૬) ૨૮ અ ૧; (૧૯૦૫) ૨. ક. લા. જે ૪૧૩; (૧૯૦૬) ૧૦. ક. વી. નોટ ૧૧૫).

એવુ કેહવામાં આવેલુ છે કે " જેઓની તરફથી અથવા જેઓમાંના કોઇ સખસ તરફથી " એ શબ્દો છે તેની સાથે જાણે " પ્રથમનો દાવો સરૂ કર્યા પછી એક હક ઉત્પન થયો હોય તેથી " એવા શબ્દો હોય તે પ્રમાણે તેનો અર્થ સમજવો જોઇએ (સીતારાંમ વી. અમાર બેગમ (૧૮૮૬) ૮. અ. ૩૨૪ એકાદા ગીરો રાખનારનો હક પેહલો દાવો કરતાં પેહલાં ઉત્પન થયેલો હોય તો તે ગીરો આપનાર ઉપરના હુકમનામાથીતે ગીરો રાખનારને હરકત થતી નથી (સીતારાંમ વી. અમીર બેગમ (૧૮૮૬) ૮. અ. ૩૨૪; રામબ્રહમો વી. બજસી (૧૮૮૨) ૧૧. ક. લા. રી. ૧૨૨. ગીરો છોડાવાનુ હુકમનામુ મેળવ્યા પછી ગીરો આપનાર એસાઇન કરે તો જુઓ કર્થાસામી વી. જગનાથ (૧૮૮૫) ૮. મ. ૪૭૮; સબદીનકર વી. શીવગોલામ (૧૮૭૪) ૨૨. વી. રી. ૧૭૨ અને ચુડાસમા વી. ઇશ્વરગરૂ

(૧૮૯૨) ૧૬ મું. ૨૪ ક. જમીનનો એક ખરીદદાર હોય તો તેને વેચાણ આપનાર ઉપર તેણે વેચાણ લીધા પછી શરૂ થયેલા દાવામાં ફેંસલો થવાથી પ્રતીબંધ થતો નથી (જયચંદ્ર બેનરજી વી. શીનાથ ચેતજી (૧૯૦૫) ૩૨ ક. ૩૫૭; ૧ ક. લા. જે. ૨૩ ના કામમાં મહદાસ વી. નલકામળ દીવાન (૧૯૦૦) ૪. ક. વી. નોટ ૨૮૩ ના કામમાંના ઠરાવ પ્રમાણે ચાલવામાં આવ્યું છે).

બીજા દાવાના બે ઉપક્ષકારો પેહલા દાવાના તેના તેજ પક્ષકાર તરફથી દાવો રાખતા હોય તો "રેસજ્યુડીકેટા" નો નીયમ લાગુ થતો નથી (વીથલીંગા વી. વીજ્યા થામલ (૧૮૮૩) ૬ મ. ૪૪). અને અમારા જોવામાં આવેલું છે તે પ્રમાણે દાવાનો નીર્ણય કરવાને સહ પ્રતીવાદીઓની વચમાં એકાદો જે ઠરાવ કરવાની જરૂરના હોય તેવા ઠરાવથી "રેસજ્યુડીકેટા" થતું નથી (બાવુ વી. ભાસની (૧૮૯૮) ૨૨. મું. ૨૪૫. પણ વીનાયક વી. નસીમા (૧૮૮૮) ૧૧. મ. ૨૦૪ ના કામમાં અવસ્યના ઠરાવ કરવામાં આવેલા છે તે પ્રમાણેના ઠરાવથી સહ પ્રતીવાદીઓ બંધાયલા છે વળી જુઓ મધારી વી. કેલુ (૧૮૯૨) ૧૫. મ. ૨૬૪; જુસફ વી. દર્ગાહ (૧૯૦૭) ૩૦ મ. ૪૪૭ અને કાંદીલ વી. કાલીકટનો ઝેમોરીન (૧૯૦૬) ૨૯. મ. ૫૧૫. એકાદો સખસ જરૂરનો પક્ષકારના હોય તેમ છતાં દાવામાંથી પોતાને કાહડી નાંખવા સારૂ જો તે અરજના કરે તો તે હુકમનામાથી બંધનમાં આવે છે, જુઓ કોલીઅર વી. વોલ્ટર્સ લા. રી. ૧૭ એક ૨૫૨). પેહલા દાવામાં વાદી અને કેટલાક બીજા પક્ષકારો વચ્ચેના એક ઇસ્યુ ઉપરના ઠરાવથી તેજ વાદી જે પ્રતીવાદીઓનો તે ઇસ્યુમાં કાંઇ સબંધના હોય અથવા નીસબતના હોય તે પ્રતાવાદીઓ ઉપરના દાવાને હરકત થતી નથી (માલુઇ કુંવર વી. ઇમાયુદીન (૧૯૦૫, ૨૭ અ ૫૯)

પ્રોબેટ:—જે ફેંશલાઓ પાછળના કોઇ દાવામાં નીશ્ચયકારક સાબેતી તરીકે સારાંશમાં નકકી રીતે પુરાવ એકટની કલમ ૪૧ માં બતાવેલા છે. (જુઓ ફી. એવી ૬ આ. પા. ૧૮૦-૮૧ અને કનૈયાલાલ વી. રાધા (૧૮૬૭) ૭ વી. રી. ૩૩૮ અને જોગેન્દ્ર વી. ફણીન્દ્ર (૧૮૭૨) ૧૪ મુ. ઈ. અ. ૩૬૭). એકાદુ પ્રોબેટ આપવાથી એકઝીકયુટરોના હકની અને જે વીલ બાબત પ્રોબેટ આપેલું હોય તે પ્રોબેટ રદ કરાવામાં આવે નહિ ત્યાં સુધી તે વીલના ખરાપણાની નીશ્ચયકારક સાબીતી થાય છે (કમળલોચન વી. નીલરતન (૧૮૭૯) ૪ ક. ૩૬૦; (૧૯૦૦) ૪ ક. વી. નોટ ૧૭૬); પરંતુ તે આપવાને ના કેહવામાં આવેલી હોય તો પાછળથી તે અરજદાર તે વીલની રૂઇએ પોતાના હક ઠરાવાનો દાવો કરે તો તે દાવાને હરકત થતી નથી (ગણેશ જગન્નાથ વી રામચંદ્ર (૧૮૯૭) ૨૧ મું. ૫૬૩). તેવીજ રીતે વાદીને ન આપતાં પ્રતીવાદીને એક વહિવટ પત્ર આપવામાં આવેલું હોય તેથી વાદી વારસાનો પોતાનો હક ઠરાવાને દાવો કરે તેને હરકત થતી નથી (જગન્નાથપ્રશાદ વી. રણુજીતસીંગ (૧૮૯૮) ૨૫ ક ૩૫૪. વળી જુઓ અરૂણુ મોઇદાસી વી. મોહેન્દ્રનાથ (૧૮૯૩) ૨૦ ક. ૧૮૮૮; (૧૮૮૨) ૬ મું. ૭૦૩, કનૈયા વી. કનૈયા ૧૧. અપીલ કેસીસ ૫૪૧). એકાદુ વીલ જુઠુ બનાવટનું નથી એવું ઠરાવ્યું હોય તો તે બળવાન નથી એવું ઠરાવાને એક પાછળથી દાવો કરી શકાય છે (થાણુદાવન વી. વલીયામાં (૧૮૯૨) ૧૫ મ. ૩૩૬).

"રેસજ્યુડીકેટા" ની તકરારના ટેકામાં પ્રોબેટ કોર્ટમાં જે ફકત ફેંસલો બતાવી શકાય છે તે એકાદી પ્રોબેટ કોર્ટનો ફેંસલા છે (ચીનાંસાંમી વી. હરીયાભદ્ર (૧૮૯૩) ૧૬ મ. ૩૮૦). અને ચાલેલું પ્રોસીડીંગ પુરાવમાં રજુ કરવું જોઇએ (કરતુબેન વી. નઝાલુ દૌલા (૧૯૦૬) ૩૩ ક. ૧૧૬; ૯ ક. વી. નોટ ૫૩૮; ૭ મું. લા. રી. ૮૭૬ અને જુઓ (૧૯૦૫) ૧ ક. લા. જે. ૫૯૭;

એક સગીરના વાલીપણા બાબતની અરજી કરેલી હોય (નીહાલો વી. નવલ (૧૮૭૯) ૧ અલ્હા. ૪૨૮) તેથી તે બાબતના ઠરાવથી તે સગીરનો કબજો લેવાના રેગ્યુલર દાવાને અટકાવ થતો નથી (૧૮૮૬) ૯ મ. ૩૧).

જમીનના મહેસુલના કાયદાની ક. ૧૦૮ પ્રમાણે સરવે અમલદારે તૈયાર કરેલા દફતરમાં લખેલી હકીકતથી અમુક જમીનનુ " ખોટી " જમીન તરીકે વર્ણન કરેલુ છે તે ખોટી એકટ (સને ૧૮૮૦ ના મુંબાઇના એકટ ૧) ની ક. ૧૭ મીનો અમલ કરવાથી તેથી જે જવાબદારી ઠરાવેલી હોય તે બાબતનો નીશ્ચય કાંઈ અને આખરનો પુરાવ છે, અને પુરાવ એકટ ની ક. ૪૦ પ્રમાણે પ્રથમનો જે ઠરાવથી દીવાની કોર્ટે તે જમીન " ધારા " ની ઠરાવેલી છે તે રેસ જ્યુડીકેટા તરીકેના પુરાવ તરીકે લગતો છે તે ઠરાવનો પુરાવ બંધ થાય છે (રામચંદ્ર વી. રઘુનાથ (૧૮૯૬) ૨૦ મુ. ૪૭૫).

સને ૧૮૯૫ ના એકટ ૩ ની ક. ૧૩ પ્રમાણે એક કામના નફા તરીકે જમીન છે કે નહી તે વીશે એક કલેકટરના ઠરાવનો રેસજ્યુડીકેટા તરીકે અમલ થાય છે (રઘુનાથ વી. ખાજત મહમદ (૧૯૦૫) ૨ ક. લા. જ. ૩૫૧ સને ૧૮૭૭ ના એકટ ૩ ની ક. ૭૪ પ્રમાણે એકાદા દસ્તાવેજના ખરા પણા વીશે રજીસ્ટ્રારે કરેલી તજવીજ બાબત જુઓ મહીમા ચાધાર વી. જોગલકે ભટ્ટાચારજ (૧૮૮૧) ૭ ક ૭૩૬).

સને ૧૮૭૯ ના એકટ ૩ પ્રમાણે હક બાબતનો નીર્ણય કરવાનો દાવો દીવાની કોર્ટમાં ચાલવા લાયક છે તે એકટની ક. ૧૪૯ ની રકમ (ક) થી તેવા દાવાને હરકત થતી નથી.

ખાસ કોર્ટો—વીઝગા પટમની એજંશી કોર્ટમાં એક દાવો કાહાડી નાંખેલો અને તે કાહાડી નાખ્યાનો ઠરાવ મદ્રાસના ગવરનર ઇન્નકૌસીલે બાહાલ રાખેલો હતો, એવા કારણથી કે તે રાજ્ય પ્રકર્ણ સબંધી ઊપયોગનો છે, તેમાં પ્રીવીકૌસીલે ઠરાવ્યું છે કે આવા વીચારથી વાદીનો જે પોતાના હકનો એક દીવાની કોર્ટમાં નીર્ણય કરાવવાનો કાયદેસર હક છે તેને હરકત થઇ શકતી નથી (જેપુરના માહારાજા વી ગનુપુરાણુ દીનાબંધુ (૧૯૦૫) ૨૮ મ. ૪૨)

સ્માલકોઝ કોર્ટો—સ્માલકોઝ કોર્ટો સ્વતંત્ર હકુમત વાળી કોર્ટો નથી, માટે સ્થાવર મીલકત બાબતના સવાલનો ફેંસલો કરવાને પક્ષકારો કબુલ કરે તેથી તે કોર્ટોને હકુમત મળી શકતી નથી (દીનાનાથ બટાબયાલ વી. અધરચંદ્ર શેઠ (૧૯૦૦) ૪ ક. વી. નો. ૪૭૦; શ્રીરંગ ચારીયર વી. રામક્ષામી (૧૮૯૫) ૧૮ મ ૧૮૯; પોરાનસુખ વી પારબતી, (૧૮૭૮) ૩ ક. ૬૧૨; મનાપામદાલી વી. મેકાર્થી (૧૮૭૮) ૩ મ. ૧૯૨; ઈનાયતખાંન વી રહેમત (૧૮૮૦) ૨ અલ્હા. ૯૭).

ફોજદારી કોર્ટો—કાંઈ હકીકત ફોજદારી કોર્ટમાં સાબીત થએલી હોય તેથી તે દીવાની કોર્ટમાં સાબીત થએલી છે એમ માનવાનુ નથી (બાશીનાથ વી. હરોગોવીંદ (૧૮૬૬) ૫ વી. રી. ૨૭; દુરગાદાશ વી. દુરગાચરણ (૧૮૬૬) ૬ વી. રી. દી. રેફ ૨૬; શંભુચોધ્રી વી. માધુકબનો (૧૮૬૯) ૧૦ વી. રી. ૫૬; અલીબક્ષ વી. સમીરૂદીન (૧૮૭૦) ૪ બં. લા. રી. એ સી. ૩૧; ૧૨ વી. રી. ૪૭૭; અઘોરનાથ વી રાધીકાપ્રસાદ (૧૮૭૦) ૧૪ વી. રી. ૩૩૯; ગંગારામ વી હુલાશી ૨. અ હા. કો રીપો (૧૮૭૦) પા. ૮૮). એક ફોજદારી કોર્ટે એવો ઠરાવ કરેલો કે અ. એ બ. નુ અપર્ણ કરેલુ હતુ તો તે ઠરાવથી બ. નો બાપ અ. ઊપર નુકશાન બાબત દાવો કરે તેમાં રેશજ્યુડીકેટા થતુ નથી (રામલાલ વી. તુળારામ (૧૮૮૨) ૪ અ. ૯૭). એકાદો મહેલો તે ધોરી રસ્તો છે, એવુ એક મેજીસ્ટ્રેટ ઠરાવે તેથી તે મેહેલ્લો ખાનગી મીલકત છે એવુ ઠરાવવાના દાવાને હરકત થતી નથી

(માહારાણી વી. હર્ચીંગ્ઝ ૯. કલ્ક. બી. ડી ૩૦૦) પરંતુ ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની ક. ૫૩૦ પ્રમાણે તેમણે કબજા બાબત જે ઠરાવ કરેલો હોય આખરનો છે (લલુ વી. આનાજી (૧૮૮૧) ૫ મુ. ૩૮૭). જ્યારે હાય કોર્ટ પોતાની રૂબરૂના એકાદા દાવાના એક પક્ષકાર ઉપર જુઠા શોગન અથવા જુઠા દસ્તાવેજ બાબત ફોજદારી કામ ચલાવવાને ફરમાવે તો તે ઠરાવ ઉપર અપીલ કરવા ઊપરથી તે અપીલની સુનાવણી કરી તે ફેંસલ કરવામાં આવે ત્યાં સુધી તે કામ ચલાવવુ કે બંધ રાખવુ એવો હુકમ કરવાને તે હાયકોર્ટ ને અખત્યાર નથી. (રામપ્રસાદના કામમાં (૧૮૮૩) બં. લા. રી. એક. બી. ૪૨૫; રાજ કુમારી વી. બાળાસુંદ્રી (૧૮૯૬) ૨૩ ક. ૬૧૦; વીરૂદ્ધ શ્રી નેમા માહારાજ (૧૮૮૨) ૧૬ મુ. ૭૦૯). જે બાબત ફોજદારી કામ ચાલતુ હોય તે બાબત દીવાની કજીયો ચાલે તે દરમીયાન તે ફોજદારી કામ બંધ રાખવું જોઇએ, તેવો કાંઇ હમેશનો નીયમ નથી. (દેવજીના કામમાં (૧૮૯૪) ૧૮ મુ. ૫૮૧).

પર રાજ્યની કોર્ટ—"કોર્ટ" શબ્દમાં પર રાજ્યની કોર્ટ આવી જાય છે (બાબા ભટ નરહરભટ (૧૮૮૯) ૧૩ મુ. ૨૨૪).

સુનાવણી કરીને ફેંસલો કર્યો—જે બાબત " રેશજ્યુડીકેટા " કહેવામાં આવતુ હોય તે બાબત એક ફેંસલો થએલો જોઇએ (રાધા માધબ વી. મનોહર લા. રી. (૧૮૮૮) ૧૫ ઇ. અ. ૯૭; ૧૫ ક. ૭૫૬; અનંત વી. દાંમોદર (૧૮૮૯) ૧૩ મુ. ૨૫; એક લવાદના ઠરાવ ઊપરથી એક ફેંસલો અને હુકમનામુ કરાવવામાં આવેલુ તેથી " રેશજ્યુડીકેટા " થાય છે; વેંકટેશ વી. શખારામ (૧૮૯૭) ૨૧ મુ. ૪૬૬. વળી જુઓ વઝીર માહાનન વી. ચુનીસીંગ, (૧૮૮૧) ૭ ક. ૭૨૭; અને ક્રીશ્ન પંડા વી. બાલારામ (૧૮૯૬) ૧૯ મ. ૨૯૦); જો બીજા દાવાનો નીકાલ આરંભની બાબત ઊપરથી કરવામાં આવેલો હોયતો, તેથી અટકાવ થતો. નથી. માટે પહેલો દાવો એક ગીરોના અશાઇનીએ કરેલો હતો તે દાવો મીલકત તબદીલ કરવાના એકટની ક. ૧૩૨ પ્રમાણેની નોટીસની ખામીના કારણથી કાહાડી નાખેલો હતો તેથી વાદીએ નોટીસ આપીને ફરીથીઃદાવો કર્યો છે. તેથી તેના દાવાને રેશજ્યુ ડીકેટાની હરકત નથી એવુ ઠરાવેલુ છે (રામીરેડી વી. સુબારેડી ,(૧૮૮૯) ૧૨ મ. ૫૦૦; બીટોકુંવર વી. કેશોપી. મીસર (૧૮૯૭) ૧૯ અલ્હા ૨૭૭; લા. રી. ૨૪ ઇ અ. ૧૦; ૧ ક. વી. નો ૨૬૫. માટે ઓરડર ૨૧ રૂલ ૬૩ પ્રમાણે જે જમી બાબત ફરીયાદ કરેલી છે તે જમી ખશેડેલી છે એવા કારણથી રેગ્યુલર દાવો કાહાડી નાંખેલો હોયતો, ત્યાર પછી એક બીજી જમીને લીધે હકની રૂઇએ ઓ. ૨૧ રૂલ ૬૩ પ્રમાણે બીજો દાવો કરવામાં આવે તેને હરકત થતી નથી–કાશીનાથ વી. રામચંદ્ર (૧૮૮૩) ૭ મુ. ૪૦૮; અને જુઓ ઇબ્રામભાઈ વી. કાબુલાભાઇ (૧૮૮૯) ૧૩ મુ. ૭૨. તે કામ પાછુ મોકલવાથી સુનાવણી સારૂ ઠરાવેલા દીવશે એકે પક્ષકાર હાજર થયો નહી. રઘુનાથ વી. રામ કુમાર (૧૮૭૦) ૧૪ વી. રી. ૮૧; અથવા સને ૧૮૫૯ ના એકટ ૮ ની ક. ૨૭ પ્રમાણે પહેલો દાવો કાહાડી નાંખેલો હોય. બીંદાબન વી. ધનનજ્ય (૧૮૮૦) ૫ ક. ૨૪૦ (હાલના કાયદા વીશે જુઓ રાંમધન વી. રામકુંવર (૧૮૯૦) ૧૭ ક. ૯૨૬) અથવા કોર્ટ ફી એકટની ક. ૧૦ ની રકમ ૨ પ્રમાણે મહમદ વી. નેબીયન (૧૮૮૬) ૮ અલ્હા. ૨૮૨; અથવા ફી આપવામાં કશુર કરવા થી પણ ક. ૧૫૮ પ્રમાણે નહી–સાહેબ વી. મહમદ (૧૮૯૦) ૧૩ મ. ૫૧૦; અથવા ક. ૧૦૨ પ્રમાણે–ચાંદા કુંવર વી. પરતાબસીંગ (૧૮૮૮) લા. રી. ૧૫ ઇ. અ. ૧૫૬; અથવા ક. ૩૮૧ પ્રમાણે—રંગરાવ વી. સીધીમહમદ (૧૮૮૨) ૬ મુ. ૪૮૨; હરીરામ વી. લાલભાઇ

(૧૯૦૩) ૨૬ મુ. ૬૩૭; અથવા પક્ષકારોને ખોટી રીતે સામેલ કરવાથી પરસન વી. પુર્ણા-નંદ (૧૮૭૪) ૨૧ વી. રી. ૨૭૨, અથવા ઘણીક વખતના કારણથી ફતેસીંગ વી. લછમીકુઅર (૧૮૭૦) ૨૧ વી. રી. ૧૦૫; ૧૩ બં. લા. રી. એપ. ૩૭; અથવા સાંથ બાબતની જવાબદારી મજીયારી ન્હોતી પણ જુદી જુદી હતી તે કારણથી—તીલકધારી વી. બીસેંદ્ર, માર્શ. ૪૧૮; અથવા દાવા વાળી મીલકત દાવા અરજીમાં બરોબર વર્ણન કરેલી નહી તેથી રામીરેડી વી. સુબારેડી (૧૮૮૯) ૧૨ મ. ૫૮૦; અથવા પહેલો દાવો થઇ શકતો ના હોય તેથી શીવશાગર વી. શીતારાંમ (૧૮૯૭) ૨૪ ક. ૬૧૬; લા. રી. ૨૪ ઇ. અ. ૫૦; ૧ ક. વી. નો. ૨૫૭; અથવા વારશાના સર્ટીફીકટની ખામીથી પહેલો દાવો કાહાડી નાખેલો હોય પેથી પેરૂમલ વી ગુરૂગંડ (૧૮૯૫) ૧૮ મ ૪૬૬; તો પાછળનો કરેલો દાવો ચાલવાને હરકત નથી. વળી જુઓ નંદ વી. ઓનોમાલી (૧૮૮૪) ૧૧ ક. ૫૪૪, અને આગળ વેટશન વી. રાજશાહીના કલેકટરના ઠરાવ નીચે સંગ્રહ કરેલા ઠરાવો. પ્રતીવાદીની ગેરહાજરીમાં વાદીએ કાંઇ પુરાવ આપેલો ના હોય તેથી દાવો કાહાડી નાખેલો હોય તોપણ કાંઇ હરકત થતી નથી. વળી જુઓ હીરાલાલ વી. દીરીયા (૧૯૦૬) ૧૦ ક. વી. નો. ૨૦૯ અને શદરહુ ૮૩૯). પરંતુ એકાદા દાવામાં એકાદી બાબતની સુનાવણી કરીને નીર્ણય કરેલો હોય તો એક બીજા દાવામાં તેની તેજ દાદ માગવાને આ કલમનો ઠરાવનો અમલ કરતાં એકાદો પક્ષકાર એવું કહીને અટકાવ કરી શકતો નથી કે પહેલા દાવામાં પુરાવ રજુ કરતા મને હરકત થયેલી હતી. (વેટસન વી. રાજશાહીના કલેકટર (૧૮૭૦) ૧૩ મુ. ઈ. અ. ૧૬૦; ૧૨ વી. રી પી સી. ૪૩; વળી જુઓ સહદેવ વી. નોખીદ (૧૮૭૧) ૧૫ વી. રી. ૫૭૩; વ્યંકટ ચેલમ વી. મહાલક્ષ્મમ (૧૮૮૭) ૧૦ મ. ૨૭૨; કાર્તીકચંદ્ર વી. શ્રીધર (૧૮૮૬) ૧૨ ક. ૫૬૩). તેમ એકાદુ જે હુકમનામુ રદ કરાવાને એક પક્ષકાર જુદો દાવો કરી શકે તેવું હોય તો તે હુકમનામાના બળવાનપણા વીષે તે પક્ષકાર વાંધો લઈ શકતો નથી (બન્સીલાલ વી. રામજીલાલ (૧૮૯૮) ૨૦ અ. ૩૭૦), અથવા એકાદી અરજી કહાડી નાંખવાના હુકમ ઉપર તે અપીલ કરી શકતો હોય પણુ તેણે અપીલ કરેલી ના હોય તો તે હુકમના બળવાનપણા વીષે પણ તે વાંધો લઇ શકતો નથી (નોબી મહમદ વી. જવાળાપ્રસાદ (૧૯૦૫) ૨૭ અ. ૧૪૮).

જેમ એક તકરારી દાવામાં હુકમનામુ કરવામાં આવે છે તે જેમ પક્ષકારોને બંધનકારક છે તેમજ એક કબુલતથી કરાવેલુ હુકનામુ પણ પક્ષકારોને બંધનકારક છે (નીકલસ વી. અસપર (૧૮૯૭) ૨૪ ક. ૨૩૭; લાલા શીબલાલ વી. ગૌરીપ્રસાદ (૧૮૯૮) ૨ ક. વી. નોટ. ૧૭૪; લક્ષ્મીશંકર વી. વીશ્નુરામ (૧૯૦૦) ૨૪ મું. ૭૭ પરંતુ એક પ્રથમના દાવાનું સમાધાન કરવાનું કરાર તે દાવાના હેતુ ઉપરાંતનો હોય તો "રેસજ્યુડીકેટા" તરીકે તેનો અમલ થતો નથી—પુર્ણા વી. પંચકારી (૧૯૦૭) ૫ ક. લા. જે. ૧૫. એક સમાધાન ઉપરથી કરેલા હુકમનામામાં હુકમનામાના દેણદારના કબજામાં કાયમ હકથી અમુક જમીન છે એવું વર્ણન કરેલું છે તેથી બજાવણીના કામમાં તે કબજે રાખવાના હકવાળો છે એવું બતાવાને તેને અટકાવ થાય છે એવું ઠરાવેલુ છે—બાસદેવ વી. જયરામ (૧૮૦૫) અ. વી. નોટ. ૧૨૮).

એકાદી બાબતની સુનાવણી કરીને તેનો નીર્ણય કરેલો હોય અને વાદીએ એક હુકમનામુ મેળવેલુ હોય તે પોતાની કસુરને લીધે બજી શકતુ ન હોય (હુસેનબક્ષ વી. મસંદ (૧૮૭૨) ૧૮ વી. રી. ૨૬૦). અથવા મુદતના કારણથી તે બજાવણીને હરકત થયેલી હોય (રામપાળ વી. રામનારાયણ (૧૮૭૦) ૨ અ. હા. કો. ૩૮૨. રામશરણ વી. ચાતરસીંગ (૧૯૦૧) ૨૩ અ. ૪૬૫) તો પાછળથી એકાદો દાવો ચાલતો નથી.

એક તરફી હુકમનામું:—એકાદુ એક તરફી હુકમનામુ તે આખરનું હુકમનામુ છે (મધુસુધન વી. બ્રે (૧૮૮૯) ૧૬ ક. ૩૦૦) અને કપટ અથવા ગેર શીરસ્તે થયેલુ ન હોય તો જેમ એક તકરારી દાવામાં થયેલુ હુકમનામુ બંધન કારક છે તેમ તમામ કારણુસર તે એક તરફી હુકમનામુ બંધનકારક છે (બચેંદ્ર માનેક વી. હરીશ્ચદાસ (૧૮૭૮) ૩ ક. ૩૮૩). જેન્કીન્સ વી. રોબર્ટસન જેવા રીપોર્ટ થયેલા એક સ્કોચ અપીલમાં કરેલા ફેંસલાની ખોટી સમજ થવાથી કેટલોક શક ઉત્પન થયેલો જણાય છે. (જેન્કીન્સ વી. રોબર્ટસન (૧૮૬૬–૬૯) લા. રી. ૧ એચ. એલ એપ ૧૧૭. જુઓ ઓકીનીલીનો દીવાની કાયદો આ. ૬. પા. ૭૮ અને ટી. એવીડ. આ. ૫). તે કામમાં હાઉસ ઓફ લોર્ડઝે ઠરાવેલુ છે કે રસ્તાના હકના કામમાં સમાધાન અને કબુલતથી થયેલું હુકમનામુ સર્વ લોકોને બંધનકારક થઈ શકતું નથી તોપણુ સ્કોટલંડના કાયદા પ્રમાણે આવા એકાદા દાવામાં લોકો તરફથી એક સખસને હાજર થવાની પરવાનગી આપવામાં આવે છે અને તે તકરારી દાવાનું પરીણામ થાય છે તે સર્વ લોકોને બંધનકારક છે કેસવ વી. રૂદ્રન (૧૮૮૨) ૫ મ. ૨૫૯. તેવાજ ઠરાવોને માટે જુઓ થેન્જયુ વી. ચીમું (૧૮૮૪) ૭ મ. ૪૧૩; નીમોનીસીંગ વી. હીરાલાલદાસ (૧૮૮૧) ૭ ક. ૨૩; ભાગીનાથ વી રામલોચન (૧૮૮૨) ૮ ક. ૨૭૫) ના કામમાં પ્રતીવાદીની કબુલતથી વાદીને સોગન આપીને પહેલા દાવાનો ફેંસલો કરેલો હતો તેમાં આ ફેંસલા પ્રમાણે ચાલવામાં આવેલુ છે. અપીલની ઈંગ્રેજી કોર્ટમાં કબુલતથી અથવા કસુરથી થયેલો ફેંસલો જેમ તકરારી કામમાં થયેલો ફેસલો પક્ષકારોની વચ્ચે એક પ્રતીબંધ તરીકે અસરકારક થાય છે તેમ તે પ્રતીબંધ તરીકે અસર થાય છે માટે તે ઇંગ્રેજી કોર્ટમાં તે સ્કોચના ઠરાવનો વીચાર કરીને ખુલાસો કરેલો છે (દક્ષીણ અમેરીકન અને મેક્સીકન કંપનીના કામમાં (૧૮૯૫) એક ચ. ૩૭ નો ઠરાવ નીકલસ વી. અસફ્ર સદરહુ ઠરાવ છે તેમાં બતાવેલો છે). મદ્રાસમાં વળી ઘણીજ થોડી મુદત ઉપર ઠરાવેલુ છે કે હકીકતના એકાદા સવાલ વીષે સોગન લઇને હુકમનામુ કરવામાં આવેલુ હોય તે દાવાના પક્ષકારોની વચ્ચે એક આખરનો કરેલો ફેંસલો છે (અહમદ વી. મોઇદીન (૧૯૦૧) ૨૪ મ. ૨૪૪).

રેસજ્યુડીકેટાનો નીયમ એકાદા કામમાં વાદીના દાવાની થોડી તપાસ કરીને પછીથી કહાડી નાંખવામાં આવેલી એથી તે કામને લાગુ થાય છે એવું ઠરાવેલું છે (રામા વી. મહેશ (૧૯૦૫) ૯. ક. વી. નોટ ૬૭૯).

કપટ.—સને ૧૮૮૨ ના એકટ ૧૪ પ્રમાણે એક દાવામાં વાદીએ હુકમનામું રદ કરવાની અરજી કરેલી તે અરજી ના મંજુર કર્યાના હુકમ ઉપર અપીલ કરેલી ન હોય તોપણુ કપટના કારણથી એકાદુ એક તરફી હુકમનામુ રદ કરવાના દાવાને તેવી મળતી કલમથી હરકત થતી નથી (પ્રાણુનાથ વી. મહેશચંદ્ર (૧૮૯૭) ૨૪ ક. ૫૪૬; રામનારાયણ તેવારી વી શીવભંજન (૧૯૦૦) ૨૭ ક. ૧૯૭ ના કામમાં તે પ્રમાણે ચાલવામાં આવ્યું; અને દ્વારકા પ્રસાદ વી. લછમણદાસ (૧૮૯૦) ૨૧. અ. ૨૮૯.

હકુમત.—જે કામમાં પેહલો દાવો હકુમતના કારણથી કાહડી નાખેલો હોય પણ સને ૧૮૭૧ ના પેન્શન એકટ પ્રમાણે એક સર્ટીફીકેટ મેળવીને (પુતાલી વી. તુળજુ (૧૮૭૯) ૩ મું. ૨૨૩; અથવા હાઇકોર્ટને અરજ કરીને (સુબા વી. રામા (૧૮૬૭) ૩ મ હા. કો. ૩૭૬) અથવા કલેકટરને અરજ કરીને કોર્ટની હકુમત વાદી મેળવી શકતો હતો (પાતરાય વી. આનદી મુલ્લા (૧૮૭૦) ૫ મ. હા. કો. ૪૧૯. જુઓ હરી વી. ગણપતરાવ (૧૮૮૩) ૭ મું. ૨૭૨) તોપણુ બીજા દાવાને તેથી હરકત થતી નથી (રામગોબીંદ વી. મંગર (૧૮૮૩)

આ બાબત વીષે મુખ્ય ઠરાવ મસામત એહન વી. મસામત બેચનના કામનો ઠરાવ છે (૧૮૬૭) ૮ વી. રી. ૭૫. જુઓ તેવાજ ઠરાવો સારૂ ગોરો કુમારી વી. બંગાળા કોલ કંપની (૧૮૭૦) ૧૩ બં. રી. ૧૨૦; ચંદ્રનારાયણ વી. પ્રીયાનન (૧૮૬૯) ૧૨ વી. રી. ૨૫૦; ઇ. નાયતખાંન વી. રહેમત (૧૮૭૮) ૨ અ ૯૭; મનાપા વી. મેકાર્થી (૧૮૮૧) ૩ મ. ૧૯૨; રણબહાદુરસીંગ વી. લછોકુંવર લા. રી. ૧૨ ઇ. અ ૨૩; (૧૮૯૯) ૩ ક. વી. નોટ. ૨૦૨; ગોકળ મોદર વી. પદમાનંદસીંગ, (૧૯૦૩) ૨૯ ક. ૭૦૭; ૬ ક. વી. નોટ ૮૨૫; બહારી વી. શીબબલાલ (૧૯૦૭) ૨૯ અ. ૬૦૧; પાથુમા વી. સાલીમામા (૧૮૮૫) ૮ મ. ૮૩; તે પ્રમાણે શીયુરૌઉન વી. બાબન (૧૯૦૮) ૧૨ ક. વી. નોટ ૩૫૯ ના કામમાં ચાલવામાં આવેલું નથી. વળી જુઓ રામદયાળ વી. જાનકીદાસ (૧૯૦૦) ૨૪ મું. ૪૫૬. એક હુકમનામાની બજાવણી સારૂ એક દરખાસ્ત કરવાથી મરનાર હુકમનામાવાળાનો અરજદાર ઔરસ દીકરો છે કે નહિ એ વિષે આખરનો તપાસ કરવાને કોર્ટ મુખત્યાર નથી. માટે તેવી દરખાસ્ત ઉપરથી તે સવાલ વીષેના થયેલા ઠરાવથી પાછળના દાવામાં તે સવાલ ઉઠાવાને અટકાવ થતો નથી—અમેદુ નીસા વી. અમીરૂ નીસા (૧૮૭૭) લા. રી. ૪ ઇ. અ. ૭૫). તેમાં સરબાર્નસ પીકોક સાહેબ એવો નીયમ ઠરાવ્યો છે કે બેઉ કોર્ટ એક સરખી હકુમતની કોર્ટો હોવી જોઇએ અને એક કોર્ટનો ફેંસલો આખરનો અને નીશ્ચયકારક બીજી કોર્ટમાં થવા સારૂ તે ફેંશલો જે કોર્ટને તે બાબત હકુમત હોય તે કોર્ટમાં પુરાવમાં નીશ્ચયકારક રીતે આપવામાં આવતો હોય તો તે હકુમતવાળી કોર્ટનો હોવો જોઇએ.

તે બેઉ કોર્ટો પૈસા બાબતની મર્યાદા અને તેમજ દાવાની બાબત વીશે સરખી હકુમતવાળી હોવી જોઇએ (મીશર રઘુબર વી. શીવબક્ષ (૧૮૮૩) ૯ ક. ૪૩૯; લા. રી. ૯ ઇ. અ ૧૯૭, રણબાહાદુર વી. લચો કુંઅર સદરહુ લા. રી. ૧૨ ઇ. અ. ૨૩; (૧૮૮૫) ૧૧ ક. ૨૦૧ પાથુમા વી. સાલીમમા (૧૮૮૫) ૮ મ. ૮૩; ભારશીલાલ વી. સાંતચંદ્ર (૧૮૯૬) ૨૩ ક ૪૧૫; હસુ વી. રામકુમાર (૧૮૯૪) ૧૬ અ. ૧૮૦; ગીરીયા વી. સાબાપાથી (૧૯૦૬) ૨૯ મ. ૬૫), અને તે હકુમત કેટલી છે તેનો આધાર અલબત પહેલો દાવો દાખલ કરતી વખતે તે પહેલો દાવો જે કોર્ટમાં દાખલ કરવામાં આવે તે કોર્ટની હકુમત ઊપર છે (મહમદ વી. બીરચંદ્ર (૧૮૮૨) ૮ ક. ૪૭૦; ભોળાભાઇ વી. અદેશગ (૧૮૮૫); ૯ મુ. ૭૫; ગોબીંદ વી. ધોંડબારાવ (૧૮૯૧) ૧૫ મુ. ૧૦૪; વીથીલીંગા વી. વીથીલીંગા (૧૮૯૨) ૧૫ મ. ૧૧૧; પંગા વી. અનીકુટી (૧૯૦૧) ૨૪ મ. ૨૭૫; પણ જુઓ રાકશન વી. ક્રીશનાચ (૧૮૯૩) ૬ મ. ૪૫૬; વળી જુઓ શીયુરૌત વી. બાબન ૧૯૦૮) ૧૨ વી. નો. ૩૫૯; ગોપીનાથ ચોબે વી. ભગવંત (૧૮૮૪) ૧૦ ક. ૬૯૭ રઘુનાથ વી. ઇસરચંદ્ર (૧૮૮૫) ૧૧ ક. ૧૫૩; કુનીઆમા વી. રમન મેનન (૧૮૯૨) ૧૫ મ. ૪૯૪). માટે દાવા અરજી ફાઇલ કરયા પછી દાવાવાળી બાબતની કીમત વધે તેથી જો કે તે કોર્ટની પૈસા બાબતમાં તે દાવાની તપાસ કરવાને યોગ્ય કોર્ટ રહે નહી તોપણ, તેનો વીચાર કરવાનો નથી.

પહેલા દાવામાં જે કોર્ટે હુકમનામુ કરેલુ હોય તે કોર્ટ વધારે હકુમતવાળી કોર્ટ હોવાથી તે દાવો સાંભળવાને અશકત હોય તોપણ બાજા દાવાની તપાસ કરવાને યોગ્ય હકુમતવાળી કોર્ટ હોય તો ' રેશજ્યુડીકેટા" ની તકરારનો અમલ કરવો જોઇએ (ધુલાપા વી. શપેંદ્ર (૧૯૦૪) ૨૮ મું. ૩૩૮).

અપીલનો હક—આ કાયદામાં જે ૨ જો ખુલાસો નવો વધારેલો છે તેથી એક બાબત

હાયકોર્ટોનો સને ૧૮૮૨ના એકટ ૧૪ ની ક. ૧૩ પ્રમાણે જુદો જુદો અભીપ્રાય થએલો છે (જુઓ ભીલ્લા વી. ઇનુખાંન (૧૮૯૬) ૨૩ ક. ૬૯૩; રાયચરણ વી. કુમદ મોહન;(૧૮૯૮) ૨૫ ક. ૫૭૧, ૨ ક. વી. નો. ૨૯૭ રાજા સીમાહાદ્રી વી. રાંમચંકુડા (૧૯૦૪) ૨૭ મ. ૬૩; અરાંસી વી. નાચામલ, (૧૯૦૬) ૨૯ મ. ૧૯૬; ભોલાભાઇ વી. અદેસંગ (૧૮૮૫) ૯ મુ. ૭૫) તે બાબત નક્કી ઠરાવવામાં આવી છે અને " યોગ્યતા " ના સવાલનો નીર્ણય કરવામાં જે કોર્ટમાં બીજા દાવાની તપાસ કરવામાં આવેલી હોય તે કોર્ટ ઊપર અપીલના હકનો વીચાર કરવાની જરૂર નથી. કોઇ એક અમુક દાવો સાંભળાવાની એકાદી કોર્ટની હકુમતનો વીચાર કરવામાં દાવાનો પ્રકાર અને તે દાવા વાળી હકીકત જોવાની છે; તેમાં ડીગ્રેશ આપવામાં આવે તે આવી એકાદી તજવીજ કરવામાં અગત્યનો નથી. (ફીલ્ડસ એવીડંન્સ. ૬ આવૃતી. ૫૭૦; ચંદ્રકુમાર મંડળ વી. બાકાર અલ્લીખાંન (૧૮૬૮) ૯ વી. રી. ૫૯૮).

પક્ષકારોનો અનુમત.—એકાદા કોર્ટ જે હકુમત ભોગવતી ના હોય તે હકુમત કજીયાના પક્ષકારોની કબુલ નથી તે હકુમતને કોર્ટને આપી શકાતો નથી (મુંબાઇ સરકાર વી. રમળ સીગજી (૧૮૬૯) ૬ મુ. હા. રી. ૨૪૨; માહારાણીવી. ભોળાનાથસેન (૧૮૭૭) ૨ ક. ૨૩). પરંતુ એવુ જણાય છે કે આગળના ચાલેલા પ્રોસીડીંગ વીશે વાંધો એકાદો પક્ષકાર ના લેતાં બેશી રહેતો, તે પક્ષકારને કેટલાક કામોમાં પ્રતીબંધ થાય છે (બ્રમોમોઇ દાશીયા વી. આનંદ ચ. ચાતરજી (૧૮૭૪) ૨૨ વી. રી. ૧૨૦; કનકાથ મામી વી. નીલાન ચેરાઇ (૧૮૭૬) ૮ મ. હા. કો. રી. ૧૪; અને જુઓ ફીલ્ડસ એવીડંસ ૬ આવૃતી ૫૬૯;૫૭૦).

ઇગલેન્ડમાં એવો નીયમ છે કે એકાદા ચડતા દરજ્જાની કોર્ટની હકુમત બાહાર જે ખાસ જણાતુ હોય તે શીવાય કાંઇ પણ રાખવાને ઇરાદો કરેલો નથી અને ઊતરતા દરજ્જાની કોર્ટની હકુમતની અંદર જે સ્પષ્ટ રીતે કહેવામાં આવેલુ હોય તે શીવાય કાંઇ પણ રાખવાનો ઇરાદો રાખેલો નથી.

એકાદી ઊતરતા દરજ્જાની કોર્ટના ફેંસલા ઊપર એકાદો જે પક્ષકાર આધાર રાખતો હોય તેણે એવુ બતાવવાને તયાર થવુજ જોઇએ કે ચાલેલુ કામ તે કોર્ટની હકુમતની અંદર હતુ (પીકોક વી. બેલ ૧ સાનડર્સ રીપ. ૭૪; ગોસેટ વી. હોવર્ડ ૧૦ એડ અને ઇ. કયુ. બી. રીપો. ૩૫૯; સ્ટેનટન સ્ટાઇલ્શાપ વેલ્સ. હર અને જી. ૫૭૮ એકાદી ઊતરતા દરજ્જાની કોર્ટની હકુમત ખુલી જણાતી ના હોયતો વ્યાજબી અને જરૂરીયાત ઇરાદા ઊપરથી અનુમાન કરી શકાય છે ૬ બોલ. ૫૬૫). અને આ નીયમ બતાવવામાં અવેલો છે, અને હિંદુસ્થાનમાં તે પ્રમાણે ચાલવામાં આવે છે)માહારાણી વી નબાદર્પ ગોસ્વામી. ચીફજસ્ટીશ પીકોક સાહેબ ૧ બં. લા. રી. ડી. ફ્રે ૩૦. આ વીશે કોર્ટે પોતાને માટે પોતે ન્યાય કરવાને શકતીવાંન થવુ જોઇએ. બીજા દાવામાં જે ફેંશલો કરેલો છે તે બસ નથી. મીરજા કરાનુ લેન વી. નઝાનુ દોલા (૧૯૦૫) ૯ ક. વી. નો. ૯૩૮ અને જુઓ ઊપરી) સનંદી હાય કોર્ટો અને પંજાબ અને બ્રીટીશ બર્માની ચીફ કોર્ટો ઘણુ કરીને ફકત હિંદુસ્થાનની કોર્ટોછે તે આ નીયમ લાગુ કરવા સબંધી ઊંચા દરજ્જાની કોર્ટો ગણી શકાય છે (ફીલ્ડશ એવીડંશ ૬ આવૃતી. ૫૬૯).

હક ઠરાવવાનુ હુકમનામુ:—ફકત હક ઠરાવવાના હુકમનામા બાબત દાવાનો આંક જો તે દાવો મીલકતના કબજા બાબત હોય અને જે આંક થાય તે આંક હકુમતના કારણુસર છે (ગણપતી વી. ચાથુ (૧૮૮૯) ૧૨ મ ૨૨૩. પરંતુ જુઓ વેંકટ રાઘવ વી. રંગામા (૧૮૯૨) ૧૫ મ. ૪૯૮) વધારે સાંથ લેવાના દાવામાં તે વધારવાની નોટીસ સાબેત કરવામાં નીશફળ ગએલો હોય પણ કોર્ટે તે બાબત તપાશ કરીને તે વધારવાના તેના હક બાબત કોર્ટે હુકમનામુ કરેલુ હોયતો તેજ પટાવાળી જમીનની સાંથ વધારવાને પાછળથી

એક દાવો કરવામાં આવેતો તે હક બાબતનુ તે હુકમ નીશ્ચય કાકે છે (નફરચંદ્ર પાલ વી. પોલશન (૧૮૭૪) ૧૨ બં. લા. રી. ૫૩). એકાદા સખશે પ્રથમ પોતાનો હક ઠરાવ્યાનુ હુકમનામુ કરાવેલુ હોય અને તેથી તેનો સહહીસ્સેદાર બંધાએલો હોયનો તે સખસ તે સહ હીસ્સેદાર ઊપર ચડેલી બાકી લેવાને દાવો કરેતો તે પ્રથમનુ હુકમનામાનો વાદીના હક બાબત "રેશજ્યુડીકેટા" તરીકે અમલ થાય છે (દુલબ વહુજી વી. બાસીંધરરાય (૧૮૮૫) ૯ મુ. ૧૧૧) એકાદી મીલકતના એક ભાગના એક પટે રાખનાર પાશેથી સાંથ લેવાનો વાદીનો હક ઠરાવવાનો દાવો કાહાડી નાંખેલો હોયતો, તેથી તમામ મીલકત ઊપર વાદીનો સામાન્ય હક ઠરાવવાને દાવો કરવામાં આવે તેમાં એક પ્રતીબંધ થાય એવી તકરાર કરી શકાતી નથી (કીશન ધન વી. ભકતો પોલાય (૧૮૯૮) ૯ વી. રી ૪૬૧).

રેવન્યુ કોર્ટો.—રેવન્યુ કોર્ટોને માટે કાયદા બાંધનારાઓએ તે જે બાબતનો ફેંશલો કરવાને સ્વતંત્ર રીતે રાખેલી છે તે કોર્ટનો ફેંશલો પાછળથી દીવાની કોર્ટમાં કરેલા દાવામાં "રેશજ્યુડીકેટા" થાય છે (જેમકે બંગાળાના પટાના એકટ સને ૧૮૮૫ ના ૮ માની ક. ૧૦૬ અથવા ૧૦૭ પ્રમાણેનો સવાલ ગોકુળ વી. જદુનંદન (૧૮૯૦) ૧૭ ક. ૭૨, પણ જુઓ સેક્રટરી ઓફ સ્ટેટ વી. નીલાસીંગ (૧૮૯૪) ૨૧ ક. ૩૮; રાંમ અંતરસીંગ વી. સનોમાંનસીંગ (૧૯૦૦) ૨૭ ક. ૧૬૭; જયપાળ ધોબી વી. પાલક ધાસીદાસ (૧૮૯૮) ૨ ક. વી. નો. ૪૯૧; દુરગાચર્ણ વી. હેટમમંડળ (૧૯૦૨) ૬ વી. નો. ૨૩૮; અને આગળના ઠરાવો બાબત જુઓ અમીરસીંગ વી. ન્યામતી (૧૮૮૭) ૯ અલ્હા. ૩૮૮; રાઘવ વી. રાજ ગોપાળ (૧૮૮૮) ૯ મ. ૩૯; લોધી વી. ઇશરી (૧૮૮૪) ૬ અલ્હા. ૨૯૫, અમ્રીત વી. બાલબીર (૧૮૮૪) ૬ અલ્હા. ૬૮; માહીપ વી. છોટુ (૧૮૮૩) ૫ અલ્હા. ૪૨૯; રાધા વી. શાલીકરાય (૧૮૮૩) ૫ અલ્હા. ૨૪૮; વઝીર વી. ગૌરી (૧૮૮૨) ૪ અલ્હા. ૪૧૨; હરશાહી. વી. માહારાજ (૧૮૮૦) ૨ અલ્હા. ૨૯૪; શીંભુ વી. બચા (૧૮૭૯) ૨ અલ્હા. ૨૦૦; બટેશર વી. ફેઝલ હુસન (૧૮૮૩) ૫ અલ્હા. ૨૮૦; ગંગારામ વી. બેની (૧૮૮૫) ૭ અલ્હા. ૧૪૮; ટીકારામ વી. ખુદાયાર (૧૮૮૫) ૭ અલ્હા. ૧૫૧; વેંકટ ચેલાપતી વી. કીશ (૧૮૯૦) ૧૩ મ. ૨૮૭; હરચરણ વી, હરશંકર (૧૮૯૪) ૧૦ અલ્હા. ૪૬૪; ઊદાશરી વી. મેકોલીફ (૧૮૯૬) ૧૮ અલ્હા. ૫૬; તારાપાળ વી. રામરતન (૧૮૯૩) ૧૫ અલ્હા. ૩૮૭; શીવનારાયણ વી. પર્મેશર (૧૮૯૬) ૧૮ અલ્હા. ૨૭૦, અને જુઓ ગોકુળ શાહુ વી. જદુનંદન (૧૮૯૦) ૧૭ ક ૭૨૧ બંગાળાના પટાના એકટ પ્રમાણે સેટલમેંટ ઓફીશરે એવો ઠરાવ કરેલો કે અમુક જમીન નાંણા આપી ભાડે રાખેલી છે તેથી ભાડામાં ઊપજ આપીને રાખેલી છે એવુ ઠરાવવાનો દાવો દીવાની કોર્ટમાં ચાલવાને હરકત થાય છે એવુ ઠરાવેલુ છે બ્રામનંદના વી. અરજુન (૧૯૦૬) ૧ ક. લા જે ૩૧૦); પરંતુ માલકીના હક ઠરાવવાના દાવા જેવા દીવાની પ્રકારના દાંવાના કામમાં હકના એકાદા સવાલ વીશે એક રેવન્યુ કોર્ટના ફેંશલાથી દીવાની કોર્ટોની તેના તે સવાલનો ફેંસલો કરવાની જે હકુમત છે તે છોડી દેઇ શકાતી નથી. (બંગાળાના પટાના એકટની ક. ૧૦૩ પ્રમાણે એકાદી અરજી કાહાડી નાંખવાનો હુકમ કરવાથી સાંથ બાબતના દાવાને રેશજ્યુડીકેટાની હરકત થતી નથી (નશરૂલ્લા વી. અમીરાદી (૧૯૦૬) ૩ ક. લા. જ. ૧૩૩; રામકીશન વી. રાજારામ (૧૯૦૪) ૨૬ અલ્હા. ૪૬૮; પડીંત સરકાર વી. મીજાન મોહીધા (૧૮૯૪) ૨૧ ક. ૩૭૮; કાર્મીખાંન વી. બ્રજનાથદાસ (૧૮૯૫) ૨૨ ક. ૨૪૪; ગુંતીકુવર વી. ગુદરી (૧૯૦૩) ૨૫ અલ્હા ૧૩૮. વળી આ બાબત વીશે જુઓ હરીશંકર વી. કીસ્તો ૨૪ વી. રી. ૧૫૪, ૧૫ બં. લા. રી.

૨૩૮; સુખ દાયક વી. કરીમ (૧૮૮૦) ૩ અલ્હા. ૫૨૧; નશરૂલ્લા વી. અમીરાદી (૧૯૦૬) ૩ ક. લા. જ. ૧૩૩; કુરબાંનઅલી વી. જાફર અલ્લી (૧૯૦૧) ૨૮ ક ૪૭૧, મહમત જગનનાથ વી. ચંદ્ર કે. બાસુ (૧૯૦૧) ૫ ક વી. નો ૧૨૧, ધર્ણી કે. લાહરી વી ગેબર અલ્લીખાન (૧૯૦૩) ૩૦ ક ૩૩૯; ૭ ક. વી. નો ૩૩; અને વળી જુઓ ગોકુળ મંદીર વી. પદ્માનંદસીંગ (૧૯૦૨) લા રી. ૨૯ ઇ અ ૧૯૬; હીરાલાલ મુકરજી વી. પ્રેમામાઇદેબી (૧૯૦૫) ૨ ક. લા. જ. ૩૦૬ પાંને ૩૧૦: તાલુકદારી સેટલમેંટ ઓફીસરનો એક ફેશલો જો કે બીજી અપીલ કરવાથી હાયકોર્ટમાં ગએલો હતો તોપણ તેથી એક રેગ્યુલર દાવામાં જ તેજ કામ ચલાવવાને કાંઈ અટકાવ થતો નથી; બાલાભાઇ વી. સરસંગ જયબક્ષ (૧૯૦૬) ૨૮ અ. ૭૦૭; મહેશપ્રસાદ વી શીન્જેરસીંગ (૧૯૦૫) ૨૭ અ. ૧૬૨. વાવ્ય પ્રાંતોમાં એક રેવન્યુ દફતરમાં ફકત કબજાના આધારથી એક હકીકત લખેલી હોય તેથી પાછળથી દીવાની કોર્ટમાં હકનો એક સવાલ ઊઠેલો હોય તે વાશે " રેસ જ્યુડીકેટા " તરીકે અમલ કરી શકાતો નથી; કલ્યાંણી વી. દાસુપાંડે (૧૮૯૮) ૨૦ અલ્હા. ૫૨૦. મદ્રાસમાં રેવન્યુ કોર્ટનો હકના એક સવાલ વીશેના ફેશલાથી એક દીવાની કોર્ટમાં વીશે નવેશર દાવો કરવામાં આવે તેમાં કાંઇ હરકત થતી નથી; (રાંમા વી નીરતાસાંમી (૧૮૮૪) ૭ મ. ૬૧; ગગારજુ વી. કોંદીરેદીસ્વામી (૧૮૯૪) ૧૭ મ. ૧૦૬; ઠરાવ્યુ છે કે પટાની યોગ્યતાના સવાલથી રેસજ્યુડીકેટા થતુ નથી; (રંગાયા વી રતનામ (૧૮૮૭) ૨૦ મ ૩૯૨) અને આ નીયમ રેવન્યુ અમલદારની રૂબરૂના કામનો નીકાલ કરવાને તે ફેસલાની જરૂર હોય તેને પણ લાગુ થાય છે (રાંણીકીશોરી વી. રાજારામ મદરહુ).

દાવો મામલતદાર કાહાડી નાંખે તે.— મામલતદારની કોર્ટમાં કબજા બાબતનો દાવો કરેલો ત ગુણદોષ ઊપરથી તે મામલતદારે કાહાડી નાંખ્યો હતો તે ઊપરથી વાદીએ સને ૧૮૭૭ ના વીશેષ ન્યાયના એકટની ક. ૯ પ્રમાણે એક દીવાની કોર્ટમાં દાવો ફાઇલ કરયો તેમાં તે કોર્ટે તે દાવો અપાવ્યો અને તેના લાભમાં હુકમનામુ કરયુ ઠરાવ્યુ છે કે મામલતદારની કોર્ટના એકટ (સને ૧૮૭૬ ના ૩) ની ક. ૧૮ મી લક્ષમાં રાખતા મામલતદારના ફેસલાનો અમલ રેશજ્યુડીકેટા તરીકે થઇ શકતો નથી (રામચંદ્ર બાલાજી વી. નરસીંહાચાર્ય (૧૯૦૦) ૨૪ મુ. ૨૫૧)

વીશેષ ન્યાયના એકટ પ્રમાણે દીવાની કોર્ટની હકુમત.— સને ૧૮૭૭ના એકટ ૧૦ ની ક. ૪૯ પ્રમાણે કંપેનશેશન અપાવવાનો ઠરાવ આખરનો અને જે પક્ષકારોના લાભમાં તે કરેલો હોય તે પક્ષકારોને તે બંધનકાર્ક છે (નીલમોની વી. રામબંધુ (૧૮૭૯) ૪. ક. ૭૫૭). પરંતુ સને ૧૮૭૭ ના એકટ ૧૦ ની ક. ૩૯ પ્રમાણેનો ઠરાવ તે એકટ પ્રમાણે જે મીલકત લીધેલી ના હોય તે મીલકતના ભાગ ઊપરના હક બાબત રેશજ્યુડીકેટા નથી (નોબોદીપ વી. બ્રજેંદ્ર (૧૮૮૧) ૭ ક. ૪૦૬; માહાદે વી. નીલામણી (૧૮૯૭) ૨૦ મ ૨૬૯; રાંમચંદ્ર વી. માધો (૧૮૮૬) ૨ ક. ૪૮૪; લા રી ૧૨ ઇ. અ. ૧૮૮ ના કામમાં એક દીવાની કોર્ટની સાધારણ હકુમત પ્રમાણે પહેલો ઠરાવ કરેલો હતો તેનો મુકાબલો કરો. નાંણા આપવાનો હુકમ કરવાને શને ૭૪ ના એડમીની સ્ટ્રેટર જનરલના એકટ ૨ ની ક. ૬૩ પ્રમાણે કરેલી એક કાહાડી નાંખેલી હતી (સ્મીથ વી. સેક્રેટરી ઓફસ્ટેટ (૧૮૭૮) ૩ ક. ૩૪૦) અને સને ૧૮૭૦ " નેશનલડેટ એકટ" ની ક. પ્રમાણેની સ્ટોક ટ્રાંસફર કરવાની એક અરજી (મેના કામમાં ૨૮ સી. ડી. ૫૧૬) કાહાડી નાંખેલી હતી તેથી પાછળથી એકાદા અરજી ચાલવાને હરકત થાય છે. જો તેમ ના હોય તો, સને ૧૮૬૧ ના એકટ ૧૧ પ્રમાણે

(૧૮૮૩) ૧૩ ક. લા. રી. ૮૩; લક્ષ્મણ વી. રામચંદ્ર (૧૮૮૧) ૫ મું. ૪૮; મુખણદાસ વી. લલ્લુભાઇ (૧૮૯૩) ૧૭ મું. ૫૬૨; બાબન વી. નાગુ (૧૮૮૮) ૨ મું. ૧૯; દુર્લભ વી. નારાયણ (૧૮૮૭) ૪ મું. હા.કો. એ. સી. ૧૧૦).

નામનો પક્ષકાર, કાંઇ દાદ નહિં તે.—અને એક ગીરો છોડાવાના દાવામાં ઠરાવ્યું છે કે **અ** જરૂરીયાત પક્ષકાર નથી અને ડીફેન્સ આપવાને કાંઈ બંધનમાં નથી તેથી આ ઠરાવ **અ** ની પાસે મીલકત આવવાથી **અ** ની તરફથી એકાદો વાદી દાવો કરે તેને અટકાવ થતો નથી (પુતાપા વી. તીમાજી (૧૪ મું. ૧૭૬ અને જો પક્ષકાર ફકત નામનો હોય કે જેની વીરૂદ્ધ કાંઇ દાદ માગેલી ના હોય તો તેને તેજ નીયમ લાગુ થાય છે (રેહમુભાઇ વી. ટરનર (૧૮૯૦) ૧૪ મું. ૪૦૮; (૧૮૯૩) ૧૭ મું. ૩૪૧; બાલમ ભટ વી. નારાયણ ભટ (૧૯૦૧) ૨૫ મું. ૭૪; રામદાસ વી. વજીરી સાહેબ (૧૯૦૧) ૨૫ મું. ૫૮૯; સરજોરાંમ વી. બરહાનદેવ (૧૯૦૫) ૧ ક. લા. જે ૩૮૭). બે પ્રતીવાદીઓના ઉપર એક દાવો કરવામાં આવેલો હતો તેમાં ફકત એકના ઉપર જવાબદારી ઠરાવી તેના ઉપર હુકમનામુ કરવામાં આવેલું તેથી બીજા પ્રતીવાદી ઉપરનો બીજો દાવો કરેલો હોય તેને હરકત થતી નથી એવું ઠરાવેલું છે. (શીબનાથ વી. નોઓફીશન (૧૮૭૦) ૨૧. વી. રી. ૧૮૯) તેમ એક દાવામાં દરમીયાન આવનારનું નામ તે કાંમથી કહાડી નાંખવાને હુકમ કરેલો પરંતુ ભુલ તે કાહડી નાંખવામાં આવેલું નહિ તેથી તે દરમીયાન આવનાર સખસ પાછળથી દાવો કરે તેને હરકત થતી નથી (કાળી કુમાર વી. પ્રાણુ કીશોર (૧૮૭૨) ૨૮ વી. રી. ૨૯); તેમ પેહલા દાવામાં બીજા દાવામાં દરમીયાન આવનાર અને વાદી વચ્ચેના તમામ સવાલો અદબદ રાખેલા હોયતો પાછળથી કરેલા દાવાને હરકત થતી નથી (મુબારક વી. ગોબીંદ (૧૮૭૨) ૧૮ વી. રી. ૬૧. વળી જુઓ કનૈહ વી. સાશી ભુષણ (૧૮૮૧) ૬ ક. ૭૭૭; રઘુનાથ વી. જગતબંધુ (૧૮૮૨) ૭ ક. ૨૧૪; ગીરધર વી. ડાહ્યાભાઇ (૧૮૮૪) ૮ મું. ૧૭૪ પરંતુ જુઓ સુખલાલ વી. ભીખી (૧૮૮૯) ૧૧. અ. ૧૮૭; એકાદો પક્ષકાર બરોબર ના હોય તેના ઉપરના હુકમનામાના અસર વીષે જુઓ વેબ વી. રાઇટસ ૮. એપકેસીસ ૩૧૮ પા. ૩૨૧).

ફરી તપાસ.—ફરી તપાસની અરજી કાહડી નાખવામાં આવે તેથી તેના તેજ કારણોથી હુકમનામુ રદ કરવાના દાવાને અટકાવ થાય છે (રામગોપાળ વી. પ્રસન (૧૯૦૫) ૨ ક. લા. જે ૫૦૮; ૧૦ ક. વી. નોટ ૫૨૯; અને જુઓ પુરણ વી. નેવદત્ત (૧૯૦૭) ૨૯. અ. ૨૧૨).

અપીલ.—એકાદ હુકમનામું રદ કરવામાં આવેલું હોયતો તેમાંના કોઈ પ્રશ્ન વી. રેસજ્યુડીકેટા તરીકે અમલ કરી શકાતો નથી (નીલરામ વી. નીલરાંમ (૧૮૯૨) ૧૬ મું. ૧૧૦–૧૧૨). પણ નીચેની કોર્ટના તમામ ઠરાવો સબંધી અપીલના ફેંસલાથી એક પ્રતીબંધ થાય છે પછી તેમાં તે બતાવેલા ના હોય અને તેથી તે અપીલનું હુકમનામુ કરી શકવાને જરૂર ના હોય તોપણ ચીંતા નથી (નારાયણ વી. કનામાઈ (૧૯૦૫) ૨૮ મ. ૩૩૮).

કાયદાના સવાલો—કેટલાક એક બીજા વીરૂદ્ધ અભીપ્રાય થયા પછી એવું ઠરાવેલું છે કે એકાદા કાયદાના સવાલ વીષે પ્રથમના દાવામાં ઠરાવ ઠરેલો હોય તે ભુલ ભરેલો હોય તોપણ પાછળના એક દાવામાં રેસજ્યુડીકેટા થાય છે (રાયચરણ વી. કમુદ મોહન (૧૮૯૭) ૧ ક. વી. નોટ ૬૮૭; આશુપ્રીય વી. ભાબા સુંદરી (૧૯૦૧) ૨૮ ક. ૩૧૮ ના ઠરાવમાં પાર્થ સારાદી વી. ચીમાકીષ્ણુ (૧૮૮૨) ૫. મ. ૩૦૪ ના ઠરાવથી જુદો ઠરાવ કરેલો છે અને ચમનલાલ વી બાપુભાઇ. (૧૮૯૭) ૨૨ મું. ૬૬૯ ના કામમાં એવું કહેવામાં આવ્યું

છે કે કાયદાની બાબત કોઇ દીવસ રેસજ્યુડીકેટા થઇ શકતી નથી તે જુદો ઠરાવ બતાવેલો છે; ગોપા વી. સાંમીરૈયર (૧૯૦૫) ૨૮ મ. ૫૧૭ ના ઠરાવ પ્રમાણે ચાલવામાં આવ્યું છે; મોમુનીસા વી. શાંમ (૧૯૦૫) ૯ ક. વી. નોટ ૪૬૬; જુઓ વીરૂદ્ધ પથાનંદ વી. રાવે (૧૯૦૫) ૯ ક. વી. નોટ. ૪૬૯; કોયાના વી. હાસી (૧૯૦૬) ૨૯ મ. ૨૬૬) અને આ ઠરાવ જે એવો અભીપ્રાય બતાવવામાં આવેલો છે કે કાયદાની બાબત કોઇ દીવસ રેસજ્યુડીકેટા થઇ શકતી નથી તેથી વીરૂદ્ધ છે. જુઓ આગળ નોટ કાયદાની બાબત વીષે બેશક હમેશાં ફરીથી તકરાર થઇ શકે છે પરંતુ યોગ્ય કોર્ટનો ફેંસલો કાયદાના ભુલ ભરેલા વીચારથી કરેલો હોય તેટલી માત્ર હકીકતથી પાછળના કામમાં તે પુરાવ તરીકે બળવાન થાય તેને હરકત થતી નથી (ફંડો વી. જંગીનાથ (૧૮૯૩) ૧૫ અ. ૩૨૭ વળી જુઓ ગવરી કુંવર વી. હાથ કુંવર (૧૮૮૪) ૧૦ ક. ૧૦૮૭).

દરમીયાન હુકમો અને બજાવણીના કામમાં કરેલા હુકમો.—તે કલમની ભાષામાં આ હુકમો આવતા નથી પરંતુ કેટલાંક કામોમાં રેસજ્યુડીકેટાનો નીયમ લાગુ કરેલો છે (૧૧ ઇ. અ. ૧૭; ૨૯ ક. ૭૦૭) આવા હુકમો ઉપર જો અપીલ કરવામાં આવેલી ના હોય તો તે દાવામા પાછળના ચાલેલા તમામ કામોમાં તે દાવાના પક્ષકારોને ખરી રીતે રેસજ્યુડીકેટાના જે નીયમો છે તેવાજ નીયમોના આધારથી બંધનકારક થાય છે. માટે ઓરડર ૯ રૂલ ૧૩ પ્રમાણેની એક અરજી કહાડી નાખવામાં આવેલી હોય તો કપટની સાબીતી વીના એક હુકમનામું રદ કરવાના દાવાને અટકાવ થાય છે (નીયાદર વી. રોનક (૧૯૦૭) ૨૯ અ. ૬૦૯; (૧૯૦૭) અ. વી. નોટ ૧૫૧ અને જુઓ પુરણ વી. શીવદત (૧૯૦૭) અ. વી. નોટ. ૩૧). બજાવણીની દરખાસ્તને મુદતના હરકત છે એવું ભુલ ભરેલી રીતે ફેંસલો કરેલો હોય તોપણ જો તેના પર અપીલ કરેલી ના હોય તો તે આખરનો છે (મંગળ પ્રસાદ દીચીત વી. ગીરજાકાંત (૧૮૮૨) ૮. ક. ૫૧; લા. રી. ૮ ઇ. અ. ૧૨૩ ના ઠરાવ પ્રમાણે રાજા ઠક્કર બરાની વી. મુઝફ્ફર (૧૯૦૫) અ. વી. નોટ ૨૦૭ ના કામમાં ચાલવામાં આવેલું છે; મજુનાથ વી. વ્યંકટેશ (૧૮૮૨) ૬ મું. ૫૪; રોહસીંગ વી. દયારામ (૧૮૯૧) ૧૩ અ. ૫૬૪; શીવરાજસીંગ વી. કામેશ્વર નાથ (૧૯૦૨) ૨૪ અ. ૨૮૨ ના ઠરાવ પ્રમાણે મહમદ વી. મુજફર (૧૯૦૫) અ. વી. નોટ ૨૩૭ ના કામમાં ચાલવામાં આવેલું છે; બંદે કરીમ વી. રોમેશચંદ્ર (૧૮૮૩) ૯ ક. ૬૫; પણ જુઓ ભોળાનાથદાસ વી. પ્રફુલ્લનાથ કુંડુ (૧૯૦૧) ૨૮ ક. ૧૨૨; વળી જુઓ સેક્રેટરી ઓફ સ્ટેટ વી. દરબીજય લા. રી. ૧૯ ઇ. અ. ૫૯; (૧૮૯૨) ૧૯ ક. ૩૧૨; હીરાલાલ વી. હીજ (૧૯૦૫) ૧૦ ક. વી. નો (૨૦૯) અને બજાવણીના કામમાં એકાદા હુકમનામાનો અર્થ કરેલો હોય તે બંધનકારક છે (કાળીમંડળ વી. કેદારનાથ (૧૮૮૦) ૬ ક. લા. રી. ૨૧૫; હરો વી. જગબંધુ (૧૮૮૮) ૬ ક. ૨૦૩; રામકીરપાળ વી. રૂપકુંવરી (૧૮૮૪) ૬ અ. ૨૬૯; લા. રી. ૧૧ ઇ. અ. ૩૭; વ્યંકટનરસીંહ વી. પેપાળા (૧૮૯૬) ૯ મ. ૫૪; પીરેત વી. મેરીઅટ (૧૮૮૩) ૨૨. સી. ડી. ૧૨૨; સુબ્રમ. આયર વી. નાગમલ (૧૯૦૧) ૨૪ મ. ૬૮૩) અને તે કામની પાછળની રજુવાતી તે રદ કરી શકાતો નથી બેનારામ વી. નાનુમલ (૧૮૮૫) ૭ અ. ૧૦૨; લા. રી. ૧૧ ઇ. અ. ૧૮૧); પરંતુ પ્રથમના હુકમનો હેતુ ખરી રીતે જે બાબત તકરાર થયેલી હોય તે બાબતનોજ છે (મુદન વી. રામચંદ્ર (૧૮૮૭) ૧૧ મું. ૫૩૭). દીનકર વી. હરી (૧૮૮૦) ૧૪ મું. ૨૦૬; અને જુઓ દેવકીરાન વી. બન્સી (૧૮૮૬) ૮ અ. ૧૭૨). જો બજાવણીમાં કરેલી હરકત અને બજાવણીની દરખાસ્ત ફક્ત કસુરના કારણથી કહાડી નાંખેલી હોય તો કાંઇ રેસજ્યુડીકટા થતું નથી (ભોળાનાથદાસ

વી. પ્રફુલ્લનાથ (૧૯૦૧) ૨૮ ક. ૧૨૨) બજાવણીની દરખાસ્ત પાછી ખેંચી લેવાને પરવાનગી આપેલી હોય તો તકરારી બાબતની સુનાવણી કરીને ફેંસલો કરેલો છે એમ થતું નથી માટે તે કાંઇ રેસજ્યુડીકેટા નથી (હરી ગણેશ વી. યમુનાબાઇ (૧૮૯૯) ૨૩ મુ. ૬૫ ૫ વળી જુઓ—એક પક્ષકાર સુનાવણી વખતે હાજર ના થાય તેથી બજાવણીને દરખાસ્ત કાહડી નાંખવામાં આવે તે બાબત—ભોળાનાથ વી પ્રફુલ્લનાથ (૧૯૦૧) ૫ ક વી. નોટ. ૮૦. જ્ઞાનભેલાલ વી. પાર્વતી (૧૮૯૨) ૧૫ મ. ૪૭૭; કીષ્ણુ ભુપતી વી. વીક્રમ (૧૮૯૫) ૧૯ મ. ૧૩). બજાવણીના કામમાં એવો ઠરાવ કરેલો કે એક હુકમનામાનો લેણદાર એક જુદો દાવો કર્યા શીવાય અમુક મીલકત વેંચાવી શકતો નથી તેથી બજાવણીમાં તેની મીલકત જપ્ત કરાવાને તેને અટકાવ થતો નથી (ગૌરીશંકર વી. અભેશરી (૧૮૯૮) ૨૫ ક. ૨૬૨). જો એકાદા હુકમનામાનો દેણદાર મઝીઆરા હુકમનામાવાળાઓને જુદી બજાવણી કરવા દેતો પાછળથી તે દરખાસ્ત કાયદા પ્રમાણે નથી એવી હરકત તે લઇ શકતો નથી (નંદરાય વી. રઘુનંદન (૧૮૮૫) ૭ અ. ૨૮૨. વળી મુદત વીષે જુઓ લક્ષ્મનંદ વી. કુટાયન (૧૯૦૧) ૨૪ મ. ૬૬૯). એક મગનારે હુકમનામાના દેણદારના વારસ વકીલે પોતાના ઉપર કેટલીક મુદત સુધી કામ ચલાવા દીધેલું અને હુકમનામાના દેવા પેટે વસુલ આપેલું તેથી મારા ઉપર તે હુકમનામું તે બજાવા લાયક નથી એવી તકરાર કરવાને તેને પ્રતીબંધ થાય છે (કાર્વેન્ડી વી. તુળશીપ્રશાદ (૧૯૦૪) ૩૧ ક. ૮૨૨). બજાવણીમાં દરમીયાન હુકમ કહેવામાં આવે છે તેવો દરમીયાન હુકમ કરેલો ના હોય અને કોર્ટે દરખાસ્ત સાંભળવાને ફક્ત ના કહેલી હોય તો પાછળથી દરખાસ્ત કરવામાં આવે તેને હરકત થતી નથી. (દીલ્હી બેંક વી. ઓર્ચર્ડ (૧૮૭૮) ૩ ક. ૪૭; લા. રી. ૪ ઈ. અ. ૧૨૭; વળી જુઓ કીશોરબન વી. દ્વારકાનાથ (૧૮૯૪) ૨૧ ક. ૭૮૪; લા. રી. ૨૧ ઈ. અ. ૮૯ અને જુઓ ગૌરમણી વી. જગતચંદ્ર (૧૮૯૦) ૧૭ ક. ૫૭; હરો સુંદરી વી. જગબંધુ (૧૮૮૬) ૬ ક. ૨૦૩) જ્યારે એક જડજે વેચાણનું સરટીફીકેટ આપેલું હોય તો તેમની જગોએ આપનાર જડજે તે હુકમ ગેર કાયદે છે એમ ઠરાવવું નહિ જોઇએ (વીઠુલ વી. વીઠોજીરાવ (૧૮૮૨) ૬ મુ. ૫૮૬ અને પોતાની પુર્વે થયેલા અધીકારીએ શોધ બાબત કરેલો હુકમ એકદા જડજ જો કે પાછો આપી શકતા નથી તો પણ હકીકત પ્રમાણે નવેસર હુકમ કરી શકે છે (પ્રેન્ટને વી. કોલચેસ્ટરના મેયર વી. નોટ (૧૮૮૩) પા. ૧૧૪; અને જુઓ બર્મીન્ગહામ લેંડ કંમ્પની વી. નોર્થ વેસ્ટર્ન રેલ્વે કંપની ૩૪ સી. ડી. ૧૬૧ પા ૨૭૭).

ખુલાસો ૧.—જે સીલકટ કમીટીએ આખરના મુસયદાનું બીલનો વીચાર કરેલો તે કમીટીએ આ ખુલાસો દાખલ કરેલો છે અને “ પ્રથમનો દાવો ” એ શબ્દોના અર્થ વીષે એક બીજા વીરૂદ્ધના આધાર દુર કરવાને ઇરાદો રાખેલો છે. ઉપર નોટ બતાવી છે તે જોવી.

ખુલાસો ૨.—પાછળ જુઓ પા. ૫૮

ખુલાસો ૩.—પાછળ જુઓ પા. ૫૮

ખુલાસો ૪.—અને ૧૮૮૨ ના એકટ ૧૪ (કલમ ૧૩ નો ખુલાસો ૨) ના ઠરાવને મળતા ઠરાવ પ્રમાણે કલકત્તા હાઇકોર્ટે ઠરાવેલું છે કે દાવાવાળી બાબતો જુદી જુદી હોયતો તેને તે ખુલાસો લાગુ થતો નથી (સારકમ એલુ વી. રહેમાનબક્ષ (૧૮૯૭) ૨૪ ક. ૮૩). માટે એકજ સાથે બાબતના દાવામાં એક પ્રતીવાદી એવી તકરાર કરી શકે છે કે જો કે પ્રથમના સાથના દાવામાં તકરાર કરેલી નથી તોપણ વાદી એક બેનામદાર છે (કૈલાસ મંડળ વી. બરોદા સુંદરી (૧૮૯૭) ૨૪ ક. ૭૧૧; એક કલકત્તા વી. નોટ ૧૯૫ ના ઠરાવ પ્રમાણે વુમેશચંદ્ર મૈત્ર વી. બરોડાદાસ મૈત્ર (૧૯૦૧) ૨૮

ક. ૧૭ ના કામમાં ચાલમાં આવેલું છે, નટુ વી. બુધુ (૧૮૯૭) ૧૮ મું. ૫૩૭ અને જુઓ ઉમેશચંદ્ર દે વી. રારમેસર (૧૯૦૬) ૫ ક. વી. નોટ ૩૦૪). આ ઠરાવો અલ્હા. અને કલકત્તા હાઇકોર્ટના રીપોર્ટ થયેલા બીજા ઠરાવોથી વીરૂદ્ધ છે (શ્રી ગોપાળ વી. પીરથીસીંગ (૧૯૦૨) ૨૪ અ. ૪૨૯; લા. રી. ૨૯ ઇ. અ. ૧૧૮; ૬ ક. વી. નોટ ૮૮૯; ગોપાળલાલ વી. બનારસી (૧૯૦૪) ૩૧ ક. ૪૨૮; બારનશી વી. ઝહેરીલાલ (૧૯૦૪) ૮ ક. વી. નોટ ૩૮૫), અને તે વીષે કાયદો નકકી થયા વીના રહેલો છે. એવી સુચના કરવામાં આવી છે કે એ દાવાઓની બાબતો જુદી હોય તો આ ખુલાસો લાગુ થતો નથી (જુઓ ૧૯૦૮ નું મુસ્તદદાનું બીલ. રકમ ૨ ખુલાસો ૩ અને જુઓ રાજેન્દ્ર વી તરંગીની (૧૯૦૪) ૧ ક. લા. જે. ૨૪૮). સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની આવીજ કલમ પ્રમાણે નીચે બતાવેલા ઠરાવો આ કલમનો અર્થ કરવામાં ઉપયોગના થઇ શકે છે (જે દાવાઓને અટકાવ થાય છે તે—એક ગીરો ખતની રૂઇના દાવામાં ગીરો આપનારાએ ગીરો રાખનાર પાસે સાંથનું લેણું હતું તે પોતાના દેવામાં સામા દાવા તરીકે બતાવું એવો ખાસ કરાર કરેલો તે બતાવ્યો. તે ગીરો આપનારા નીશ્ફળ થયા અને કાંઇ પણ સાંથ કાપ્યા વીના તે ગીરો રાખનારાઓએ દાદ મેળવી ત્યાર પછી ગીરો આપનારાઓએ સાંથ બાબતના હુકમનામાં કરાવ્યાં. તે ગીરો રાખનારાઓએ પોતાના હુકમનામાં પ્રમાણે તે મીલકત વેચાવી અને કોર્ટની મંજુરી સાથે ખરીદ કરી. પછી તે ગીરો આપનારાએ તે વેચાણ રદ કરવાને દાવો કર્યો એવા કારણથી કે સને ૧૮૭૧ થી ૭૪ સુધી હીસાબ લેવાનો તથા અમારા દેવામાં સાંથ જમે કરવાનો અમારો હક છે. તેમાં ઠરાવ્યું છે કે તેઓએ પોતાનો બ્યાજબી હક પ્રથમના દાવામાં બતાવવો જોઇતો હતો.—માહવીર પ્રસાદ વી. મેકનાટન (૧૮૮૯) લા. રી ૧૬ ઈ. અ ૧૦૭; ૧૬ ક. ૨૮૬ વળી જુઓ ઠક્કર શંકર વી. દયાશંકરના કામમાં સરબાર્નેસ પપીકોક સાહેબે બતાવેલા વીચારો (૧૮૮૮) લા. રી. ૧૫ ઇ. અ. ૬૬ પા ૭૦ અને રંગાયા વી. નંજાપા (૧૯૦૧) ૨૪ મ. ૪૯૧).

એક ગીરો છોડાવવાના હુકમનામામાં તે ગીરોની રૂઇએ જે લેણી રકમ નીકળતી હતી તે ફકત ઠરાવેલું હતું પરંતુ તે કેટલી મુદતમાં આપવી અથવા ગીરો છોડાવવાનો હક બંધ પડે તે વીષે કાંઇ ઠરાવ કરેલો નહતો. પછી તે ગીરો રાખનારે પોતાના ગીરો ઉપરનું લેણું ગીરો આપનારની જાતથી તથા ગીરો વાળી મીલકત વેચાવીને વસુલ કરવાનો દાવો કર્યો હતો. ઠરાવ્યું છે કે તે વેચવા બાબતનો દાવો આ ખુલાસાથી મનાઇ કરેલો છે—(૧૮૮૯) માલોજી વી. સાગાંજી ૧૩ મું. ૫૬૫; અને જુઓ ચુડાસમા વી. ઇશ્વરગઢ (૧૮૯૨) ૧૬ મ. ૨૪૩ એક વીધવાએ પોતાની મીલકત તરીકે પોતાના કબજામાં જે જમીન હતી તે ઉપર દેવું આપવાની જવાબદારી ઠરાવેલી હતી; અને ત્યાર પછી જે વારસ થવાનો હતો તેને અથવા પાછળથી થનાર વારસને પોતાનું તમામ દેવું આપવું એવી શરતથી પોતાની તે મીલકત આપેલી હતી. પછી તે વીધવા અને પાછળથી થનાર વારસ ઉપર એક લેણદારે દાવો કર્યો તેમાં તે પાછળથી થનાર વારસ ઉપર દાવાનું કારણ એવું હતું કે તેના કબજામાં જે મીલકત હતી તે જવાબદાર થાય તેવી છે. તે દાવો તેનાપરથી કહાડી નાંખવામાં આવ્યો પણ તે વીધવા ઉપર હુકમનામું કરવામાં આવ્યું, તે વીધવાના મરણ પછી તે લેણદારે વીધવાનું જે કરજ આપવું બાકી રહેલું હતું તે બાબત પાછળથી થનાર વારસ ઉપર દાવો કર્યો એવા કારણથી કે તેણીની પાસેથી આપેલી મીલકત લેતી વખતે તેણે એવું કબુલ કરેલું છે કે તેણીના કરજ બાબત હુ જવાબદાર થઇશ. ઠરાવ્યું છે કે પ્રમથના દાવામાં આ ઉપરથી હુમલો કરવાને કારણ થઇ શકે છે. અને તે થવું જોઇતુ હતું. અને તેથી કરીને પ્ર-

થમના દાવામાં પ્રત્યક્ષ અને વાસ્તવીક રીતે તે વીષે ઇસ્યુ હતો એમ સમજવું જોઇએ માટે તે દાવો ચાલવાને હરકત છે. કામેશ્વર પ્રસાદ વી. રતનકુંવર (૧૮૯૩) ૨૦ ક. ૭૯; લા. રી. ૧૯ ઇ. અ ૨૩૪ પરંતુ દાવા વાળી બાબતો અથવા ઇસ્યુ એકજ હોય;—રાજેંન્દ્ર વી. તરંગીની (૧૯૦૫) ૧ ક. લા. જે. ૨૪૮ તો ફકત આ લાગુ થાય છે. વાદીઓએ અમુક જમીન લેવાને દાવો કર્યો હતો એવું કહીને કે પ્રથમના માલેકની વીધવાના મરણ પછી પાછળથી થનાર વારસ તરીકે અમારો હક થયેલો છે. તેઓએ પ્રથમ તેજ જમીન બાબત તે પ્રતીવાદી ઉપર દાવો કરેલો હતો કારણ કે જે મજીઆરા કુટુંબનો પ્રથમનો માલેક હતો તે મજીઆરા કુટુંબમાં પાછળથી હયાત રહેલા અંગભુતો અમે છીએ. તે દાવો કહાડી નાંખવામાં આવ્યો હતો. ઠરાવ્યું છે કે તે દાવો ચાલી શકતો નથી–ગડાપા વી. તીરકાપા (૧૯૦૧) ૨૫ મું. ૧૮૯; સામચરણ બેનરજી વી. શ્રીનમાઇ દેવી. (૧૯૦૪) ૩૧ ક. ૭૯; અકાઇકુનેહી વી. એસાબી (૧૯૦૩) ૨૬ મ. ૬૪૫. એક વાદીએ માલેક તરીકે સ્થાવર મીલકતના કબજા બાબત દાવો કર્યો પણ માલેક તરીકેનો હક નહોતો અને ગીરો રાખનાર તરીકે બનતો હક હતો, તેમાં ઠરાવ્યું છે કે તેના તેજ પક્ષકારોની વચ્ચે તેજ મીલકતના કબજા બાબતના દાવામાં ગીરો રાખનાર તરીકે તે દાવો કરી શકતો નથી કારણ કે ગીરો રાખનાર તરીકે પોતાના હક પ્રથમના દાવામાં હુમલાના અભાવે થતા કારણ તરીકે તે બતાવી શકતો હતો;–ઇમામખાંન વી. આયુબખાંન (૧૮૯૭) ૧૯ અ. ૫૧૭. **અ** અને **બ** નો બાપ મરણ પામેલો પછી **અ** એ કહ્યું છે કે મારા બાપની મીલકત રૂ. ૧૨૦૦૦) ની છે અને તેમાંથી રૂ. ૧૦૦૦) મ્હને મળ્યા છે તે સને ૧૮૬૬ ની સાલમાં **બ** ઉપર તેણે દાવો કર્યો એવું કહીને કે તે મીલકત નો બાકીનો ભાગ જે **અ** ના હિસ્સાનો બાકી રહેલો છે તે તરીકે રૂ. ૩૦૦૦) માટે તે બાકીની મીલકતનો કબજો તેની પાસે છે તેથી તેણે સ્થાવર મીલકત પોતાના બાપની શુમારે રૂ. ૭૦૦) ની કીંમતનીના નીમ્મે હિસ્સાનો એક હુકમનામુ મેળવ્યું. સને ૧૮૭૧ માં **બ** એ રૂ. ૧૦૦૦) ના નીમ્મે ભાગ બાબત દાવો કર્યો કે જે **અ** એ પોતાના સને ૧૮૬૬ ના દાવામાં પોતાના કબજામાં છે એમ કબુલ કહેલું છે; ઠરાવ્યું છે કે આવો દાવો ચાલી શકતો નથી–મકતં વી. ઇમામ (૧૮૩૪) ૧૦ મું. હા. કો. રી. ૨૯૩. એક મરનાર મુસલમાનની બે દીકરીઓએ વારસાની વ્હેંચણ કરાવાને બાકીના વારસો ઊપર દાવો કર્યો તેથી તે વ્હેંચણનું હુકમનામુ કરવામાં આવ્યું અને તે ઉપર અપીલ કરવાથી હાઇકોર્ટે બહાલ રાખેલુ છે. હાઇકોર્ટમાં અપીલ ચાલુ હતી તે દરમીયામાં મરનારની જે બીજી બે દીકરીઓ વ્હેંચણ બાબતના દાવામાં પ્રતીવાદી તરીકે પક્ષકારો કરેલી હતી તેમણે એક દાવો કરી તે મરનારની મીલકતમાં અમારી માની મેહરનું લેણું છે તેથી તે મેહરના ભાગ તરીકે મોટો ભાગ લેવાને દાવો રાખ્યો. આ દાવામાં પોતાના મરનાર બાપના હયાત રહેલા તમામ વંશજોને પ્રતીવાદીમાં દાખલ કર્યા. ઠરાવ્યું છે કે વ્હેંચણ બાબતના દાવામાં ડીફેન્સના એક કારણ તરીકે મેહરનો દાવો બતાવવો જોઇતો હતો પણ તે દાવામાં તેવો કાંઈ ડીફેન્સ આપેલો નથી સબબ તે મેહરના લેણા બાબતના દાવાનો સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની કલમ ૧૩ ના ખુલાસા ૨ ના હેતુમાં સમાસ થાય છે માટે પ્રથમના દાવાના વાદીઓ વીરૂદ્ધ તે દાવો ચાલતો નથી એટલુંજ નહિ પણ તે દાવાના બીજા પ્રતીવાદીઓ વીરૂદ્ધ પણ તે દાવો ચાલતો નથી–દોસ્ત મહમદ વી. સૈયદ બેગમ (૧૮૯૮) ૨૦ અ. ૮૧. સ્થાવર મીલકતનો કબજો લેવાને એક દાવો કરવામાં આવેલો તેમાં પ્રતીવાદીએ દાવા વાળી મીલકતનો માલકી તરીકેના કબજા ઉપર હકની તકરાર કરેલી છે. આ ડીફેન્સ નીષ્ફળ થયો અને વાદીઓના લાભમાં હુકમનામુ કરવામાં આવ્યું. ત્યાર પછી તે વાદીએ હુકમનામાથી પોતાને જે મીલકત અપાવેલી તે મીલકત

નો એક ભાગ વેચ્યો અને અગ્રક્રીયા અધીકાર બાબત પ્રતીવાદીએ દાવો કર્યો. ઠરાવ્યું છે કે તે દાવો નીષ્ફળ થવો જોઇએ કારણકે વાદીનો દાવો એવો છે કે જે પ્રથમના દાવામાં પ્રતીવાદી તરીક હક બાબતના પોતાના ડીફેન્સના અભાવે તે બતાવી શકતો હતો—પુલંદર વી. જ્વાળાસીંગ (૧૮૯૮) ૨૦ અ ૫૧૬; નારાયણદત્ત વી. ભૈરો (૧૮૮૦) ૩ અ. ૧૮૯. પરંતુ રામચંદ વી. દુર્ગાપ્રસાદ (૧૯૦૪) ૨૬ અ. ૬૧. ના ફુલબેંચના ઠરાવમાં આ છેલ્લા બતાવેલા બે ઠરાવો રદ કરેલા છે. એકાદી હિંદુ વીધવાએ અમુક જમીનનો કબજા બાબત એક હુકમનામુ મેળવ્યું તેથી પાછળથી કુટંબના રીવાજ પ્રમાણે સ્ત્રીઓ બાતલ થાય છે માટે તે વીધવાનો વારસો લેવા નાહક થતો નથી. એવું ઠરાવાને દાવો કર્યો તો તે દાવો ચાલતો નથી દુર્ગાપ્રસાદ વી દુર્ગાકુવરી (૧૮૭૯) ૪. ક. ૧૯૦ તા. ૨૫ સપટેંબર સને ૧૮૯૩ ના રોજ એક ગીરો છોડાવાના દાવામાં કરેલા હુકમનામાથી એવું ઠરાવ્યું છે કે વાદીઓએ (ગીરો આપનારાઓએ) પ્રતીવાદી (ગીરો રાખનાર) ને રૂ ૮૨૦૦) તથા ખરચ આપવું અને ગીરો વાળી મીલકત છોડાવવી વાદીઓ આ રકમ આપી અને માર્ચ સને ૧૮૯૪ માં કબજો લીધો તે દરમીયાનમાં પ્રતીવાદીએ એક અપીલ કરી તેમાં તે હુકમનામામાં રૂ ૮૨૦૦) ને બદલે રૂ ૯૮૦૯) ઠરાવામાં આવ્યા તેથી તે હુકમનામામાં ફેરફાર કરવામાં આવેલું છે. બાકીના રૂપીયા ૧૬૦૯) તે વખતે આપેલા હતા ત્યાર પછી તે ગીરો રાખનારના વારસ વકીલોએ ગીરોવાળી મીલકતની ઉપજ પોતાને કબજો મળ્યો તે તારીખથી અપીલ કોર્ટના હુકમ પ્રમાણે તમામ રકમ ભરી તે તારીખ સુધીની લેવાને દાવો કર્યો. ઠરાવ્યું છે કે તે બાબત રેસજ્યુડીકેટા છે માટે તે દાવો ચાલતો નથી કારણ કે પ્રથમના દાવામાં જે ગીરોનો વ્યવ્હાર બાબત તકરાર હતી તે ગીરોમાંથી પ્રત્યક્ષ રીતે તે સવાલ ઉત્પન થાય છે વીનાયક વી. દત્તાત્રય (૧૯૦૨ ૨૬ મું. ૬૬૧. એક દાવો સને ૧૮૭૯ મા એક સગીર ઉપર કરવામાં આવેલો તેનુ વાદીએ તથા મુકદ્દમા પુરતા વાલીએ સમાધાન કરેલું હતુ અને કબુલતથી વાદીના લાભમાં હુકમનામુ કરાવેલું હતુ. સને ૧૮૮૨ માં તે સગીરે તે કબુલતથી કરાવેલું હુકમનામુ પોતાના ઇષ્ટ મીત્રની મારફતે રદ કરવાને દાવો કર્યો એવા કારણથી કે મુકદ્દમા પુરતા વાલીની સાથે કપટ કરીને તે હુકમનામુ મેળવેલું છે. તે દાવો કહાડી નાંખવામાં આવ્યો. સને ૧૮૮૪ માં અસલ દાવામાં એક અરજી કરવામાં આવેલી તેથી એવી હરકત લેવામાં આવી હતી કે તે સમાધાન કોર્ટની મંજુરી વીના કરેલું છે પણ તે નીશફળ થયેલી હતી. હાલ તે સગીર પાકી વયનો થયેલો છે તેથી તે કબુલતથી થયેલું હુકમનામુ રદ કરાવવાને તેણે દાવો કર્યો એવા કારણથી કે તે સમાધાન કોર્ટે મન્જુર કરેલું નહોતું. ઠરાવ્યું છે કે (૧) તે કબુલતના હુકમનામાથી ખરી રીતે તે સમાધાન મંજુર થયેલું નથી. અને સને ૮૮૪ માં તે અરજી કાહાડી નાંખવાના હુકમથી તે દાવો ચાલવાને હરકત નથી; (૨) સને ૧૮૮૨ ના દાવામાં થયેલા હુકમનામાથી તે દાવાને હરકત છે કારણકે તે મંજુરીની ખામી વીષે તે દાવામાં હુમલાનુ એક કારણ કરી શકાત અને તે કરવું જોઇતુ હતુ—અરૂણ ચેલમ વી. મેયાપા (૧૮૯૮) ૨૧ મ. ૯૧; પરંતુ જુઓ વીરાના વી. મનુકુમાર (૧૯૦૪) ૨૭ મ. ૧૦૨ પ્રીવી કાઉન્સીલની રૂબરૂ અપીલવાળા તરફથી એવું કેહવામાં આવેલું હતુ કે નીચેની ત્રણે કોર્ટોએ જે એવું કહેલું છે કે અમુક વખત તેણે પ્રથમના કજીઆમાં બતાવેલું, નહોતુ તે ભુલ ભરેલું છે પણ ખરી રીતે તે બતાવેલું હતુ તેમ છતાં તે બાબત વ્યવસ્થા કરેલી નથી તેથી તે હુકમનામુ બરોબર નથી. ઠરાવ્યું છે કે તે હુકમનામુ તે ફેંસલા પ્રમાણે ના હોવાતો તે દુરસ્ત કરી શકાતુ હતુ અથવા તે ઉપર અપીલ કરી શકાતી હતી તેથી તે ફેંસલો અમ

હુકમનામું બેઉ બરાબર નહોતાં માટે તેમાંથી એકકે ઇલાજ પસંદ કરેલો ન હોયતો તે નામદાર સાહેબો તે હુકમનામાં પાછળ જઇ શકતા નથી—શ્રી ગોપાળ વી. પીર્થીસીંગ (૧૯૦૨) ૬ ક. વી. નોટ ૮૮૦; લા. રી. ૨૯. ઇ. અ. ૧૧૮.

સહ પ્રતીવાદીઓ—જ્યારે વાદીને યોગ્ય દાદ આપવા સારૂ પ્રતીવાદીયો વચ્ચે ઇનસાફ કરી ફૈસલો કરવાની જરૂર હોય ત્યારે તેવો ફૈસલો થવો જોઇએ (કોટીંગ હેમ વી. શરયુસબરીના અર્લ (૧૮૪૩–૪) ૩ હેર. ૬૨૭), અને આવી હકીકત હોયતો, તે પ્રતીવાદીઓની તેમજ વાદીઓ અને પ્રતીવાદીયોની વચ્ચે તે ફૈસલો રેસજ્યુડીકેટા થાય છે. પરંતુ આવો અસર ઊતપન્ન કરવાને સારૂ પ્રતીવાદીયો વચ્ચે એક બીજા વીરૂધના હીત હોવાં જોઇએ અને તે ફૈસલાથી પ્રતીવાદીયોના ખરા હક અને બંધનો અરસ પરસ ના હોય તે નક્કી થવાં જોઇએ (રામચંદ્ર વી. નારાયણ (૧૮૮૭) ૧૧ મુ. ૨૧૬. અહમદ અલ્લી વી. નજબતખાંન (૧૮૯૬) ૧૮ અલ્હા. ૬૫; મગનીરામ વી. મેદીહુશનખાંન (૧૯૦૪) ૮ ક. વી. નો. ૩ ; ૩૧ ક. ૯૫; યશફ સાહેબ વી. દુરગા (૧૯૦૭) ૩૦ મ. ૪૪૭). દાવાનો અથવા પક્ષકારોના હકનો નીર્ણય કરવાને સહ પ્રતીવાદીઓ વચ્ચે ઠરાવ હોય તો તે જરૂરનો નથી, માટે તે રેસજ્યુડીકેટા નથી (બાપુ વી. ભવાની (૧૮૯૮) ૨૨ મુ. ૨૪૫; વળી જુઓ રામાનુજા વી. નારાયણ (૧૮૯૫) ૧૮ મ. ૩૭૪; રાજનારાયણ વી. ખોબદારી રાય (૧૯૦૧) ૫ ક. વી. નો. ૭૨૪; અહમતકુઆઇ વી. વીશ્વનાથ આયર (૧૯૦૩) ૨૬ મ. ૮૩૭). જરૂર વીનાનો એક ફૈસલો હોય તો તે પ્રતીવાદીયોની વચ્ચે રેસજ્યુડીકેટા થતો નથી. (છાજુ વી. ઊમરાવસીંગ (૧૯૦૦) ૨૨ અલ્હા. ૩૮૬; બાલમભટ વી. નારાયણભટ (૧૯૦૧) ૨૫ મુ. ૭૪).

વાદીનો દાવો તદન નીશ્ફળ થએલો હોય તો, આવો કોઇ ફૈસલો થઇ શકતો નથી. (કેવન વી. આર્દ્ડ (૧૮૭૭) ૬ સી. ડી. પા. ૪૧, ૪૨. તે પ્રમાણે જુઓ બ્રજ બીહારી વી. કેદારનાથ (૧૮૮૬) ૧૨ ક. ૫૮૦, અને તેમાં બતાવેલા ઠરાવો; ભગવત વી. તેજકુવર (૧૮૮૬) ૮ અલ્હા. ૯૧; (બાશોરૂપ વી. ગોરાચંદ (૧૮૮૩) ૯ ક. ૧૨૦ નો ઠરાવ શક ભરેલો આધાર છે). સુરેંદ્રનાથ વી. બ્રજનાથ (૧૮૮૬) ૧૩ ક. ૩૫૨; ગોબીંદચંદ્ર વી. શ્રી ગોબીંદ (૧૮૯૭) ૨૪ ક. ૩૩૦; અને ખેલત વી. કીશન (૧૮૭૧) ૧૬ વી. રી. ૧૨૮, જો કે પહેલા દાવામાં વાદીના લાભમાં હુકમનામું કરેલુ હતુ તો પણ તે પ્રતીવાદીયોની વચ્ચે રેસજ્યુડીકેટા થતુ નથી, એવુ ઠરાવેલુ છે, તો પણ તે જુઓ શાદલખાંન વી. અમીનુલ્લાખાંન (૧૮૮૨) ૪ અલ્હા. ૯૨; ભગવંત વી. તેજકુવર (૧૮૮૬) ૮ અલ્હા. ૯૧ ના ઠરાવનો મુકાબલો કરો. તેમાં એક ખ ની મુસલમાંન વિધવા હતી તેથી તેણીએ પોતાના દીકરા કને પ્રતીવાદી કરીને ખ ની મીલકતમાંના હીસ્સા બાબત દાવો કરયો હતો. ક એ વાદીના દાવાને ટેકો આપ્યો હતો. તે શીવાયના પ્રતીવાદીયોએ વાદીયણનુ ખ સાથે લગ્ન થયાની હકીકત ઇનકારે કરી હતી. તે દાવામાં વાદીયણનું હુકમનામું કરવામાં આવ્યુ હતુ, એવુ ઠરાવીને કે ખ. ની વિધવા વાદીયણ છે. ત્યાર પછીના એક દાવો ક. એ પ્રથમના દાવાના પોતાના જે સહ પ્રતીવાદીયો હતા તેમના ઊપર દાવો કરયો. ઠરાવ્યું છે કે ખ. ની વિધવા અ. છે કીંવા નહી એ સવાલ બાબત રેસ જ્યુડીકેટા છે તેવીજ રીતે વેંકાયા વી. નરસાંમા (૧૮૮૮) ૧૧ મ. ૨૦૪ નો ઠરાવ છે; જુઓ ચંદુ વી. કુન હમદ (૧૮૯૧) ૧૪ મ. ૩૨૪; માધવી વી. કેલુ (૧૮૯૨) ૧૫ મ. ૨૬૪ વહેંચણના હુકમના હેતુ વીશે, જુઓ ખુરશેદ વી. નબી (૧૮૭૮) ૩ ક. ૫૫૧ અને હીકમત અલી વી. વલીઊનીશા (૧૮૯૦) ૧૨ અ. ૫૦૬).

પ્રથમના દાવામાં જે શખસના લાભમાં હુકમનામું કરેલુ તેની તરફથી દાવો રાખનાર

તમામ પક્ષકારો વચ્ચે રેશજ્યુડીકેટાની તકરાર નથી. (અશગરેજી વી. મહમદ ચેદી હુશન (૧૯૦૨) ૭ ક. વી. નો. ૪૮૨)

સહવાદીયો.—તા. ૮ ફેબ્રુઆરી સને ૧૮૮૯ ના રોજ એક રજીસ્ટર કરાવેલા વેચાણ ખતની રૂઇએ પ્રતીવાદીએ જે જમીન પોતાના કબજામાં ન્હોતી તે જમીન વાદીને વેચાણ આપેલી હતી અને વેચાણની કીમત આપવામાં આવી હતી. વાદી અને પ્રતીવાદીએ કબજા બાબત દાવો કરયો પણ તે નીશફળ ગયો એવા કારણથી કે તે વેચનારનો કાંઇ હક નથી. માટે વાદીએ તા. ૭ ફેબ્રુઆરી સને ૧૮૯૫ ના રોજ તે વેચાણની કીમતનાં નાંણા વ્યાજ સાથે લેવાને તથા પ્રથમના દાવામાં જે ખર્ચ તેણે કરેલુ તેની રકમ લેવાને દાવો કરયો. ઠરાવ્યું છે કે પ્રતીવાદીનો જે હક કહેવામાં આવેલો છે તે હકનો પુરાવ આપવાને હક થતો નથી, કારણ કે તે વીશે રેસજ્યુડીકેટાની હરકત નડે છે (કીશ્નાન વી. કનાંન (૧૮૯૮) ૨૧ મ. ૮).

ખુલાસો ૫.—સને ૧૮૮૨ ના એકટ ૧૪ માં તેવોજ ખુલાશો નંબર ૩ નો છે તે પ્રમાણેના નીચેના ફૈસલાઓ હજુ ઊપયોગમાં આવી શકે છે.

લતીફુનીશા વી. લકીમોની (૧૮૬૪) માર્શ. ૯૩) ના કામમાં પહેલો દાવો જમીનના કબજા બાબત તથા વાદીનો કબજો લેઇ લીધો તે તારીખથી એટલે ૧૨૫૩ ની શાલથી વાશીલત લેવા બાબતનો હતો. તેમાં કબજા બાબત તથા દાવા અરજી ફાઇલ કરયા તારીખથી વાસીલાત બાબતનુ હુકમનામુ આવ્યું. ૧૨૫૩ ની સાલથી દાવા અરજી ફાઇલ કરી તે સુધી વશીલાત લેવાને બીજો દાવો કરવામાં આવ્યો, તેમાં ઠરાવ્યું છે કે તેમાં તે બીજો દાવો રેસજ્યુડીકેટાની હરકતથી ચાલતો નથી એવુ ઠરાવેલુ છે. અ. એ મીલકતનો કબજો લેવા દાવો કરેલો તેમાં જો કે તેણે એક ત્રતીયાંસ બાબત બીજો દાવો કરવાની પરવાનગી સાથે એક ત્રતીઆંશ હક પોતાનો છે એવુ સાબેત કરેલુ હતુ તો પણ તેનો દાવો કાહાડી નાખેલો હતો. તેમાં ઠરાવ્યું છે કે તે પરવાનગી અમલમાં લાવવા લાયક નથી અને એક ત્રતીયાંસ બાબત તે ઠરાવથી રેસજ્યુડીકેટા થાય છે (સુખલાલ વી. ભીખી (૧૮૮૯) ૧૧ અ. ૧૮૭). કબજા બાબત તથા દાવાની તારીખ સુધીની ફકત દરમીયાન ઊપજ બાબતના દાવાથી તે દાવાની તારીખ પછીની દરમીયાન ઊપજ જે થાય તે બાબત પાછળથી દાવો કરવામાં આવે તેને અટકાવ થતો નથી એવુ ઠરાવેલુ છે. (મનમોહન વી. સેક્રટરી ઓફ સ્ટેટ (૧૮૯૦) ૧૭ ક. ૭૬૮, ના ઠરાવમાં હેઝ વી. પદમાનંદ (૧૯૦૫) ૩૨ ક. ૧૧૮; અને જુઓ રામભદ્ર વી. જગનનાથ (૧૮૯૧) ૧૪ મ. ૩૨૮; અને ભીવરાવ વી. સીતારાંમ (૧૮૯૫) ૧૯ મુ. ૫૩૨). સ્થાવર મીલકતનો કબજો લેવાને તથા દાવો કરતા પહેલાની તથા ત પછીની દરમીયાન ઊપજ લેવાને એકાદો દાવો કરેલો હોય તેમાં હવે પછીની દરમીયાન ઊપજ વીશે માત્ર ઠરાવ કરેલો ના હોય તો સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની કલમ ૧૩ ના ખુલાસ ૩ પ્રમાણે પ્રથમનો દાવો દાખલ કરયા પછી જે દરમીયાન ઊપજ લેહણી થએલી તે બાબત પાછળથી કરેલા દાવાને અટકાવ થતો નથી (રામ દયાળ વી. મદન મોહન (૧૮૯૯) ૨૧ અ. ૪૨૫).

કબજા તથા દરમીયાન ઊપજ બાબત એક દાવો દાખલ કરવામાં આવ્યો હતો. તેમાં ફકત કબજા બાબત હુકમનામુ કરવામાં આવ્યું હતુ. તેથી તેની તે દરમીયાન ઉપજ તથા ત્યાર પછીની મુદતની દરમીયાન ઊપજ બાબત બીજો દાવો કરવામાં આવ્યો. તેમાં ઠરાવ્યું છે કે તે દાવો દાખલ કરતા પહેલાંની દરમીયાન ઊપજ બાબતનો દાવો ચાલવાને હરકત છે.

(જીવનદાસ વી. દુરગાપ્રસાદ (૧૮૯૪) ૨૧ ક. ૨૫૨; કાન્હુ વી લછમનસીંગ (૧૯૦૧) ૨૫ મુ. ૧૧૫). અ. એ હવે પછીની ખોરાકી પોશાકી લેવાને દાવો કરયો. પરંતુ એક સમાધાન ની રૂહએ થએલા હુકમનામામાં તે કયારે આવી તે બાબતની તારીખ બતાવેલી ન્હોતી અને તેથી તે બજી શકતુ ન્હોતું. તેમાં ઠરાવ્યું છે કે બીજો દાવો ચાલતો નથી. (વેંકટ વી. આલનામા (૧૮૮૯) ૧૨ મ. ૧૮૯, દીનો બંધો વી. ક્રીસ્તો મોતી (૧૮૭૭) ૨ ક. ૧૫૨; એચરજી વી. પુંજાજી, ૧૮૯૦) ૧૪ મુ. ૩૧; આ છેલ્લા ઠરાવના સબંધમાં જુઓ ફાતમાબાઈ વી. આશાબાઇ (૧૮૮૯) ૧૩ મુ. ૨૪૨) એક હુકમનામાની બજાવણીમાં અમુક મીલકત વેચાવવા બાબત અ. એ દાવો કરયો. તે દાવો ફરીથી નવેસર દાવો કરવાની પરવાનગી લીધા વીના તેણે પાછો ખેંચી લીધો. પછી તેણે તેની તે મીલકત એક બીજા હુકમનામાની બજાવણીમાં વેચાવવા બાબત તેણે ફરીથી દાવો કરયો. તેમાં ઠરાવ્યું છે કે તે બીજો દાવો ચાલવાને હરકત નથી, કારણકે જે હુકમનામાથી મળેલી દાદ સ્પષ્ટ રીતે અપાવેલી નાહોય તે હુકમનામાનેજ ફક્ત ખુલાસો ૩ જો લાગુ થાય છે (કામીનીકાંત વી. રામનાથ (૧૮૯૪) ૨૧ ક. ૨૬૫). પ્રથમના પંત્યાળાના દાવામાં અમુક ભાગીદારો પક્ષકારો હતા તેથી તેમણે એવુ કહીને દાવો કરયો છે કે પ્રથમના પંત્યાળાના દાવામાં પંત્યાળાનો હીસાબ એક અમીન નક્કી કરેલો છે અને તેમાં તમામ પક્ષકારો લહેણું તથા દેવુ તેમાં નક્કી કરેલુ છે. માટે તે અમીનના કરેલા હીસાબ પ્રમાણે પોતાનુ જે લેહણું નીકળતુ હતુ તે લેવાને તેઓએ દાવો કરેલો છે, તેમાં ઠરાવ્યુ છે કે સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની ક. ૧૩ ના ખુલાસા ૨ અથવા ૩ પ્રમાણે તે દાવો ચાલવાને હરકત નથી (ધનીરામ શાહા વી. ભાગીરથ શેઠ (૧૮૯૫) ૨૨ ક. ૬૯૨) એક હુકમનામાથી દરમીયાન ઊપજ સાથે જમીનનો કબજો વાદીને અપાવવામાં આવેલો છે. ત્યાર પછી બજાવણી વાદીએ તે જમીન અને દરમીયાન ઊપજ લેવાને વાદીએ દરખાસ્ત કરી. કોર્ટે તે જમીન વાદીને સોપવાનો હુકમ કરયો, પણ દરમીયાન ઉપજ વીશે કાંઈ હુકમ કર્યો નહીં. ત્યાર પછી દરમીયાન ઊપજ વીશે વાદીએ એક બીજી દરખાસ્ત કરી. તેમાં ઠરાવ્યું છે તે દરખાસ્ત ચાલવાને હરકત નથી (નીત્યાનંદ વી. ગણપતી વાસુદેવ (૧૯૦૧) ૨૪ મ. ૬૮૧)

આખરનો ફેંસલો— અમુક ઇસ્યુ વીશેના અસલ કોર્ટના ફેંસલા ઊપર જ્યારે અપીલ કરવામાં આવે છે ત્યારે તે ફેંસલો રેસજ્યુડીકેટા રહેતો નથી અને તે વીશે ઇનસાફમાં છે એમ અદબદ રહે છે, અને જો અપીલ કોર્ટને ઇસ્યુનો નીર્ણય કરવાને ના કહે અને તે કામનો નીકાલ બીજા કારણો ઊપરથી કરેતો જાણે તે ફેંસલો અપીલ કોર્ટે ફેરવલો હોય અને તેથી હવે પછીના દાવાને જેવો હરકત કાંઈ થાય તે કરતાં વધારે તે ઇસ્યુ ઊપરનો અસલ કોર્ટનો ફેંસલો થતો નથી.

અ અને બ. વચેનો ઝાડ કાપ્યા બાબતના નુકશાનનો પહેલો દાવો કાહાડી નાંખેલો હતો એવા કારણથી કે (૧) તે જમીન અ ની નથી અને (૨) બ. એ તે ઝાડ કાપ્યાં નથી. અ. એ અપીલ કરી. પરંતુ તેની અપીલ કાહાડી નાંખવામાં આવી એવા કારણથી કે બ. એ તે ઝાડ કાપેલાં હતાં એવુ તે શાબેત કરી શકયો નથી. ઠરાવ્યુ છે કે અ. વી. બ નો જે જમીન ઊપર તે ઝાડ ઊભા હતા તે જમીનના કબજા બાબત પાછળથી કરેલા દાવાને "રેશજ્યુડીકેટા" ની હરકત થતી નથી (નીલવરૂ વી નીલવરૂ (૧૮૮૨) ૬ મુ. ૧૧૦; અને જુઓ બાલકીશન વી. કીશનલાલ (૧૮૮૯) ૧૧ અલ્હા. ૧૪૮; તેવાજ ઠરાવ બાબત જુઓ ગંગાબીશન વી રઘુનાથ (૧૮૮૧) ૭ ક. ૩૮૧; ઇમામુદીન વી. ફતે અલી (૧૮૭૪) ૩ ક. લા. રી. ૪૪૭; ચંદ્રકુમાર વી. શીબોસુંદ્રી (૧૮૮૨) ૧૧ ક. લા. રી.

૨૨; ધુરફકરી વી. પરમેશ્વર (૧૯૦૭) ૫ ક. લા. જે. ૬૫૩; વળી જુઓ વોટસન વી. રાજ શાહીના કલેકટરના કામમાં બતાવેલા ઠરાવો (૧૮૬૯) ૧૩ મુ. ઈ. અ. ૧૬૦; ૧૨ વી. રી. પી. સી. ૪૩).

ખુલાસો ૬—"સાર્વજનીક હક" એવા શબ્દો દાખલ કરેલા છે તેથી તે શબ્દો જે દાવા સાર્વજનીક અપકૃત્યના કામોમાં દાદ મળવાને કલમ ૯૧ મી પ્રમાણે લાવી શકાય છે તેને આ ખુલાશો લાગુ થાય છે એવુ જણાય છે કલમ ૯૧ મી શાથે આ વધારો કરવાથી. જે શખશોનુ સાર્વજનીક હીત હોય તે તમામ શખસોને દેખીતી રીતે બંધન કાર્ક થાય તેવુ હુકમનામુ મેળવવાને બને શકે તેવુ કરેલુ છે, અને આવા દાવામાં કબુલાત નથી હુકમનામુ કરાવવામાં આવેતો, જેનકીન્શ વી. રોબર્ટશન (લા. રી. ૧. એચ. એલ ક. ૧૧૭ જુઓ પાછળ "કબુલતથી કરાવેલા હુકમનામા" વીશેની નોટ) ના કામના ફેશલાને હિંદુસ્થાન માંહેની કોર્ટો બેશક ફરીથી વીચાર કરશે અને ન્યાયની રૂઇના વીચાર કર્યા વીના આવુ હુકમનામુ કરવામાં આવેલુ હોયતો તે સર્વ લોકોને બંધન કાર્ક થાય કે નહી એ વીશે નીર્ણય કરશે

સરખા રીતે ખાંનગી હક ઉપર રાખેલો દાવો—આવા પ્રકારના દાવાઓમાં ઓ. ૧, રૂલ ૮ પ્રમાણે કોર્ટના પરવાનગી મેળવવી જોઇએ, કારણકે તેથી અમુક કામનો આ ખુલાસામાં સમાશ થાય છે કીંવા નહી તે વીશે આ ફકત આ અજમાશથી નકી થાય છે (કાળીશંકર વી. ગોપાળચંદ્ર (૧૮૮૧) ૬ ક. ૪૯; થાનાકોટી વી. મનીઆપા (૧૮૮૫) ૮ મ. ૪૯૬; જુઓ ઓફીનાલી સાહેબનો દીવાની કાયદો ૬ આવૃતી પા. ૮૫ જુઓ ઓ. ૨, રૂલ ૮ ની નોટ, અને ઇગ્લાંન્ડમા આવા દાવા બાબતના દાખલાઓ વીશે કાકર્બન વી. થોમસન ૧૬ વેસી ૩૨૧). એકાદા સાધારણ હક અથવા રીવાજ ઉપરથી કેટલાક શખસો એકાદા ઇઝમેંટ અથવા બીજા હક વીશે દાવો રાખતા હોય તેને તે ખુલાસો લાગુ થાય છે, પણ એકાદો શખશ પોતાના મકાન અને ઇમારત બાબત જે ભોગવટાના હકનો દાવો રાખતો હોય તેને તે ખુલાશો લાગુ થતો નથી (ફીલ્ડશ એવીડંન્શ ૬ આવૃતી. ૫૭૭). પાણીના રસ્તા વીશેના એકાદા દાવાને તે લાગુ થતો નથી (કાળીશંકર વી. ગોપાળચંદ્ર (૧૮૮૧) ૬ ક. ૪૯) અથવા એકાદી મીલકતમાં કેટલાક શહ હીસ્સેદારોમાંના એક હીસ્સેદાર ઉપરના હુકમનામાને લાગુ થતો નથી (હાઝીર વી. સોનામણી (૧૮૮૧) ૬ ક. ૩૧ પણ જુઓ ચંદા વી. કુનહમદ (૧૮૯૧) ૧૪ મ. ૩૩૪; નો ઠરાવ શોભા સુંદર વી. કુનલદેવલા (૧૯૦૫) ૨૮ મ. ૪૫૭; અને લછાના વી. સરવથ (૧૮૯૫) ૧૮ મ. ૧૬૪). નેમાધવન વી. કેશવન (૧૧ મ. ૧૯૧ મલબાર તારવાડના કારનાવાનના કબજા વીશે જુઓ વાસુદેવ વી. નારાયણ (૧૮૮૩) ૬ મ. ૧૨૧; શ્રીદેવી વી. કેલુ (૧૮૮૭) ૧૦ મ. ૭૯; થાનાકોટી વી. મહીઆપા (૧૮૮૫) ૮ મ. ૪૯૬; સુબ્રમનીયન વી. ગોપાળ (૧૮૭૬) ૧૦ મ. ૨૨૩; શંકરન વી. કેસવાંન (૧૮૯૨) ૧૫ મ. ૬) ના કામમાં અમુક ટ્રસ્ટની મીલકતના જુદા જુદા ટ્રસ્ટીયોએ ઊત્તરોતર દાવા કરવામાં આવેલા હતા તેમાં તે લાગુ કરેલો છે.

વધારે ફરિયાદ માંડવાને પ્રતિબંધ.

૧૨. જ્યારે દાવાના કોઇપણ ચોક્કસ કારણના સંબંધમાં જાસ્તી ફરિયાદ માંડવાનો વાદીને કાનુનો ઉપરથી પ્રતિબંધ હોય ત્યારે, આ કાયદો લાગુ હોય એવી કોઇપણ કોર્ટમાં એવા દાવાના કારણના સંબંધમાં ફરિયાદ માંડવાનો તેને હક્ક પ્રાપ્ત થશે નહિ.

ટીકા—આગળ ઓરડર ૨ માં સને ૧૮૮૨ ના એક્ટ ૧૪ ની ક. ૪૨ થી ૪૫ સુ-

ધીની કલમોના ઠરાવો ફરીથી ઠરાવેલા છે તેનો અમલ કરવાને આ કલમ દાખલ કરેલી જણાય છે. તેથી વાદીને પોતાનો તમામ પોતાના દાવામા બતાવવાને અવશ્યનુ છે એવુ ઠરાવેલુ છે, અને કોર્ટની પરવાનગી પ્રથમ મેળવ્યા વીના અમુક દાવાના કારણો એકઠા સામેલ કરવાને વાદીને મનાઇ કરેલી છે. આ ઠરાવો આ એકટના પૃશીષ્ટમાં પાછા લાવવામાં આવેલા છે, માટે તેનો યોગ્ય અમલ કરવા સારૂ આ ખરી રીતનો અને નક્કી ઠરાવ કરવાની જરૂર છે એવો વીચાર કરેલો છે. જુઓ પાછળ પાને "રૂલ" શબ્દની વાખ્યા.

પરરાજ્યના ફેસલા ક્યારે નિરૂત્તર નથી.

૧૩. પરરાજ્યના જે કોઇ ફેસલાથી કોઇ બાબતનો નિકાલ એકજ હક્કથી વાદ ચલાવનાર તેના તેજ પક્ષકારોની દરમ્યાન અથવા જે પક્ષકારોની તરફથી તેઓ કે તેઓમાંનો કોઇ પોતાને હક મળેલો કહે તો હોય તેમની દરમ્યાન પ્રત્યક્ષ થઈ ગયો હોય તે ફેસલો તે બાબતના સંબંધમાં નિરૂત્તર થશે એમ સમજવું;પણ નીચેને પ્રસંગે તેમ થશે નહિ,એટલે:—

(અ) તે ફેસલો યોગ્ય અધિકારવાળી કોર્ટે કહ્યો નહિ હોય ત્યારે;

(બ) તે ફેસલો કામના ગુણદોષ તપાસીને આપ્યો નહિ હોય ત્યારે;

(ક) કામના કાગળ જોતાંજ એમ જણાય કે દેશદેશના અરસપરસ વ્યવહારના કાયદા (ઇન્ટરનેશનલ લૉ) ની ભૂલ ભરેલી સમજથી અથવા બ્રિટિશ ઇંડિયાનો કાયદો જે મુકદમામાં લાગુ પડતો હોય તેમાં તે લાગુ પાડવાની ના કહીને તે ફેસલો કરેલો હોય ત્યારે;

(ડ) તે ફેસલો જે કામમાં મેળવ્યો હોય તે કામ વાસ્તવિક ન્યાયથી ઉલટું હોય ત્યારે.

(ઇ) તે કપટથી મેળવેલો હોય ત્યારે;

(ફ) બ્રિટિશ ઈંડિયામાં અમલમાં હોય એવો કોઈ કાયદો તોડીને તેને આધારે કરેલો દાવો તેમાં સાબિત ઠરાવ્યો હોય ત્યારે.

ટીકા—સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની કલમ ૧૪. આ કલમમાં ઇંગ્રેજી લોનો નીયમ ઠરાવેલો છે (જુઓ સ્ટોરીઝ કોનફ્લીકટ ઓફ્લોઝ; ૨ સ્મીથ લીડીંગ કેસીસમાં કટંગસટનના ડચેસના કામની નોટ તથા વેસ્ટ લેકનો પ્રાઇવેટ ઇન્ટરનેશનલ લૉ). અને તે જુની કલમ માં ફેરફાર કરીને આ કાયદા સંગ્રહ કરનારાઓએ તેમાં વધારો કરેલો છે.

"પરરાજ્યનો ફેંસલો" અને પરરાજ્યની કોર્ટ તે શબ્દોની વાખ્યા રકમ ૨ માં કરેલી છે.

આ કલમથી નક્કી ઠરાવેલુ છે કે જે બાબતો બતાવેલી છે તે શીવાય એકાદો પરરાજ્યનો ફેંસલો નીશ્ચયકારક છે.

યોગ્ય હકુમત.—એકાદી દાખલા વાળી નકલ રજુ કરવાથી પરરાજ્યની કોર્ટની યોગ્યતા વીષે અનુમાન થાય છે એવું રકમ ૧૪ માં ઠરાવ્યું છે મદ્રાસના કેટલાક કામોમા ઠરાવ્યું છે કે પ્રતીવાદીઓએ પરરાજ્યની કોર્ટમાં પોતાના લાભમાં ફૈસલો લીધેલો હોય તો પછી હકુમતની બાબી વીષે તકરાર કરવાને પ્રતીબંધ થાય છે (કાનદોથ વી. નીલંન ચીરાઇલ (૧૮૭૪) ૮ મ હા. કો. ૧૪; નીલાથાંબી વી. પરણુસામી (૧૮૭૯) ૨ મ. ૪૦૦; કંદાસામી વી. મોઇદીન સાહેબ (૧૮૭૯) ૨ મ. ૩૩૭; કામીઆગામ વી. ચાકોલીંગા (૧૮૮૩) ૭ મ. ૧૦૫; સામારાયર વી. આનામલાઈ (૧૮૮૩) ૭ મ. ૧૬૪; ફાઝલ વી. ગફાર (૧૮૯૨)

૧૫ મ. ૮૨, પણ જુઓ પેરી અને કંપની વી. આપામાંમી (૧૮૭૯) ૨ મ. ૪૦૦ ના કામમાં પરરાજ્યની કોર્ટમાં પ્રતીવાદીએ હકુમત વીષે સામી તકરાર કરી હતી). પરંતુ આ ફેંસલાઓ જે હકીકત વીષે આપવામાં આવેલા છે તે ખાસ હકીકતના ખુલાસા તરીકે બેશક ગણુવા જોઇએ અને જે એવો સામાન્ય નીયમ છે કે એકાદી કોર્ટ ખરી રીતે જે હકુમત ભોગવતી નથી તે હકુમત તે કોર્ટને પક્ષકારોની કબુલતથી આપી શકાતી નથી તેવા સામાન્ય નીયમ વીરૂદ્ધ ગણુવા નહિ જોઇએ. વડોદરાની કોર્ટમાં એક કબુલતથી ફૈસલો કરવામાં આવેલો હોય તેથી મુંબાઇની દીવાની કોર્ટોમાં એકાદો દાવો ચાલવાને અટકાવ થતો નથી કારણુ કે તે પરરાજ્યની કોર્ટ યોગ્ય હકુમત વાળી નથી (લક્ષ્મી શંકર વી પીશુરામ (૧૯૦૦) ૨૪ મું. ૭૭).

ગુણ દોષ ઉપર આપેલો નહિ તેઃ—ઇંગ્લાંડમાં યોગ્ય હકુમતવાળી એકાદી પરરાજ્યની કોઇના ફૈંસલાની રૂઇએ જ્યારે એક દાવો કરવામાં આવે અને તે ફૈંસલો કપટથી મેળવેલો ના હોય તો તે ફૈંસલો બરોબર છે એમ અનુમાન કરવુ જોઇએ; અને તેવોજ પરીણામ આ કલમથી બ્રીટીશ ઇંડીઆમાં બને છે. વાસ્તવીક ન્યાય વીષે ઇંગ્રેજી વીચારો વીરૂદ્ધ તે પ્રોસીડીંગ ઉપરથી કાંઇ હરકત થતી ન હોય ત્યાં સુધી કાંઈ ગેરશીરસ્તે થયા વીષે હરકત લઇ શકતી નથી (પેમ્બરટન વી. હયુઝ (૧૮૯૯) ૧ મ. ૮૭૧. જુઓ વેસ્ટ લેઇક ભાગ ૧૭ કલમ ૩૨૭ अ)

સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની કલમ ૧૪ પ્રમાણે કેટલીક એશીઆટીક અને આફ્રીકન કોર્ટોના ફેંસલાના ગુણદોષ વીષે તપાસ કરવાને હિંદુસ્થાનમાં કોર્ટોને ફુલ અખત્યાર આપેલો હતો પરંતુ તે ઠરાવ આ કાયદામાં છોડી દીધેલો છે (મોરાદાબાદના કલેકટર વી. હરબનસીંગ (૧૮૯૯) ૨૧. અ. ૧૭). વીષેષ ઠરાવ ब થી પરરાજ્યની કોર્ટની રૂબરૂ ચાલેલી તજવીજ ફરીથી શરૂ કરવાને મંજુરી આપેલી નથી તેમ જે કારણો પરરાજ્યની કોર્ટમાં બતાવી શકાતા હતાં પણુ બતાવેલાં ના હોય તે કારણથી તે ફેંસલા વીષે વાંધો લઇ શકાતો નથી (ગુડારા કેનૈડુ વી. મારન દુગાલા (૧૯૦૭) ૩૦ મ. ૨૯૮) પરંતુ પરરાજ્યની કોર્ટની હકુમતની સ્થળ સીમાની અંદર દાવો કરતી વખતે દાવાનુ કારણ ઉત્પન થયેલુ ના હોય તેમ પ્રતીવાદી રેહતો ના હોય તો ફૈંસલો અટકાવ કરતો નથી (હીરે વી. પોતાથ (૧૮૭૯) ૪. મ. ૩૫૯; નાલુ કરૂપા વી. મહમદ ઈબ્રુનાંન (૧૮૯૭) ૨૦ મ. ૧૧૨; મથાપા વી. ચેલાપા (૧૮૭૬) ૧ મ. ૧૯૬. જુઓ વેસ્ટ લેઇકનો ઇન્ટરનેશનલ લોની કલમ ૩૨૧–૩૨૨ અને ફીગ્સટનનાં ડચેસના કામની નોટ ૨ સ્મીથલીડીંગ કેસીસમાં) એકાદી બ્રીટીશ રૈયતની ગેરહાજરીમાં તેના વીરૂદ્ધ પરરાજ્યની કોર્ટે એક ફૈંસલો કરેલો હોય અને તે કોર્ટને તાબે થયેલો ના હોય તો તેથી એક દાવો કરવાને પુષ્ટી થતી નથી (શીવરામ ચેતી વી. ઇબ્રાહિમ સાહેબ; (૧૮૯૫) ૧૮ મ. ૩૨૭; અને કશ્રીઅન વી. ડીબેની (૧૮૯૯) ૨૬ ક. ૯૩૧; ૩ ક. વી. નોટ ૬૧૪).

સને ૧૮૮૨ ના એકટ ૧૪ પ્રમાણે થયેલા નીચેના ફૈંસલાઓ બતાવા લાયક છેઃ—

બ્રીટીશ ઇંડીઆ અંદરની જમીનને એકાદી પરરાજ્યની કોર્ટના હુકમનાંમાથી અસર થઈ શકતો નથી (પલાની વી. સુબ્રમન્યન (૧૮૯૧) ૧૯ મ. ૨૫૭. પરરાજ્યના સરકારે સરકાર તરફથી એકાદ " એકટ " કરેલું હોય તો તે પરરાજ્યના ફેંસલા બરોબર નથી (ગોવરધન બાલજી વી. ગીરધર લાલજી (૧૮૯૩) ૧૭ મું. ૬૨૦. ફ્રેન્ચના મુલકમાં નાદારી વીષે ફૈંસલો કરવામાં આવેલો હોય તેના અસર વીષે જુઓ મરૂગેસા વી. અનામલાઇ (૧૯૦૦) ૨૩ મ. ૪૫૮).

આ દેશમાં દાવો દાખલ કરતી વખતે એક પરરાજ્યની કોર્ટમાં એક દાવો ચાલુ હોય તેટલીજ હકીકતથી કાંઇ અટકાવ થતો નથી (દેલટા ૧ પી. ડી. ૩૫૩; સીલ વી. ચાતરજી (૧૮૪૭-૪૮) ૧ ટેલર ૪૧૮). ફક્ત નમુના તરીકે એક પરરાજ્યનો ફેંસલો હોય તેથી આ દેશમાં ગુણદોષ ઉપર એકાદા દાવાને અટકાવ થતો નથી (દેલટા ૧ પી. ડી. ૩૫૩). પરરાજ્યના ફેંસલાની રૂઇએ કરેલા દાવામાં તે ફેંસલા ઉપરથી જણાતુ હોય તે કરતાં કાંઇ વધારે વાદી વસુલ કરી શકતો નથી અને જ્યારે તે ફેંસલામાં વ્યાજ કાંઈ નાહોય તો ઈંગ્રેજી ફેંસલાની રકમ ઉપરના વ્યાજ બાબત બાબત પ્રતીવાદીને તે જવાબદાર ઠરાવી શકતો નથી (સૈયદ મોઝીન વી. રોબીનસન (૧૯૦૧) ૨૮ ક. ૬૪૧; ૫૬ વી. નોટ. ૭૪૧). બ્રીટીશ ઇંડીઆમાં થયેલા એક હુકમનામાની રૂઇએ એકાદી પરરાજ્યની કોર્ટમાં ફેંસલો કરવામાં આવેલો હોય તેથી અસલ હુકમનામુ બજાવવાને હરકત થતી નથી (ફકીરૂદીન મહમદ વી. ઓફીસીઅલ ટ્રસ્ટી (૧૮૮૧) ૭ ક. ૮૨). જ્યારે એકાદ પરરાજ્યના ફેંસલા ઉપરથી દાવો કરેલો હોય અને તે ફેંસલો નાણાની નક્કી કરેલી રકમ બાબત ન હોય તો તે ફેંસલો એક દાવાનો આધાર થઇ શકતો નથી (સ્મીથ વી. કોઇચો (૧૮૯૯) ૨૨. મ. ૩૮૨).

લવાદના એકટની કલમ ૧૨ (૫૨-૫૩ વીક, બાબ ૪૯) પ્રમાણેનો એક હુકમ ઈંગ્લાંડમાં કરેલા લવાદનો ઠરાવનો અમલ કરવાને કરેલો હોય તે એવો ફેંસલો નથી કે જેથી પરરાજ્યના ફેંસલા તરીકે તે ફેંસલાની રૂઇએ આ દેશમાં એકાદી કોર્ટમાં દાવો દાખલ કરી શકાય (દીપનારાયણસીંગ વી. હાયડર્ટ (૧૯૦૪) ૩૧ ક. ૨૭૪; ૮ ક. વી. નોટ ૨૦૭).

ઈંગ્લાંડમાં રજીસ્ટર થયેલી એક કમ્પની અને તે ચેન્સરી કોર્ટની હકુમત પ્રમાણે સમેટવામાં આવતી હોય તેથી તે કંપનીના એક કોન્ટ્રી બ્યુટર તરીકે ચેન્સરી કોર્ટે એક કોલનો હુકમ કરેલો હોયતો તે હિંદુસ્થાનમાં કોર્ટો પરાજ્યના ફેંસલા તરીકે ગણે છે માટે તે હુકમ કરવાને તે કોર્ટને હકુમત નહોતી અથવા પ્રતીવાદીને ખબર નહોતી અથવા તે હુકમ આખરી હોય તેવો નથી એવું બતાવામાં ના આવે તો એવા હુકમની રૂઇએ એક પ્રતીવાદી ઉપર દાવો કરવામાં આવેલો હોય તેથી પ્રતીવાદીને પોતાની જવાબદારી વીષે તકરાર કરવાની પરવાનગી આપવામાં આવતી નથી (લંડન મુંબાઇ અને મેડીટરેનીઅન બેંક વી. હોરમસજી (૧૮૭૧) ૮ મું. હા. કો રી. ૨૦૦).

પરદેશના કાયદા વી. ફોજદારી ગુન્હા કરવામાં આવેલા હોય તેનું સમાધાન કરવાના કરારોના અસલ વીષે જુઓ સુબ્બાયા પીલાઇ વી. સુબ્બાયા (૧૮૬૮-૬૯) ૪ મ. હા. કો રી. ૧૪). પરદેશમાં કામ ચલાવાની રીતી ગેર શીરસ્તે હતી તે વીષે અથવા મુદત બાબત જુઓ નીલાતાંબી મુદાલીઅર વી પીલાઈ (૧૮૭૮) ૨ મ. ૪૦૦

મુદત—પરાજ્યના ફેંસલાઓની રૂઇએ કરેલા દાવાઓની મુદત વીષે જુઓ સને ૧૮૭૭ ના એકટ ૧૫ ના પ્રશીષ્ટ ૨ ની આર્ટીકલ ૧૧૭; હીરામણી વી. પ્રમોથોનાથ (૧૮૬૭) ૮. વી. રી. ૩૨). અને બોલો રામ ગુઇ વી. કામીનીદાસી (૧૮૬૫) ૪. વી. રી. ૧૦૮).

૧૪. પરરાજ્યના ફેંસલાની સહી સીકાવાળી નકલ બાબત અનુમાન પરરાજ્યના ફેંસલા દેખાતી હોય એવો કોઇ દસ્તાવેજ હાજર કરવામાં આવે ત્યારે, લેખ ઉપરથી વિરૂદ્ધ પ્રકારે નજરે ન આવે તો, તે ફેંસલો યોગ્ય હકુમતવાળી કોર્ટે કહ્યો હતો એવું અનુમાન કોર્ટે કરવું. પરંતુ કોર્ટને હકુમત ન હોતી એ વાત સાબિત કરીને તે અનુમાન રદ થઇ શકશે.

ટીકા.—સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની કલમ ૧૩ નો ખુલાસો ૬ ફરીથી આ

કલમમાં બતાવેલો છે તે જેમ પુરાવાનો નીયમ છે તેમ કામ ચલાવાની રીતીનો એક નીયમ નથી. હવે ખુલ્લુ કરવામાં આવેલું છે કે પરરાજ્યના ફેંસલાની દાખલા વાળી નકલ પુરાવામાં યોગ્ય રીતે રજુ કરી શકાય છે.

ફરિયાદ કરવાની જગા વિષે.

૧૫ પ્રત્યેક ફરિયાદ,તેનો ઇનસાફ કરવાને સૌથી નીચેના દરજ્જાની જે કોર્ટને અખ્ત્યાર હોય તે કોર્ટમાં કરવી. કઇ કોર્ટમાં ફરિયાદ કરવી તે.

ટીકા.—સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની કલમ ૧૫. આ કલમ હાયકોર્ટ તથા પ્રોવીન્શીઅલ સ્મોલ કોઝ કોર્ટોને લાગુ થાય છે.

હિંદુસ્થાનના જુદા જુદા પ્રતોમાં દીવાની કોર્ટો સબંધી મુખ્ય એકટો નીચે મુજબ છે—

બંગાળા સંયુકત પ્રાંતો (આગ્રા) આસામ	સને ૧૮૮૭ ના એકટ ૧૨
મુંબાઇ.	સને ૧૮૬૯ ના એકટ ૧૪
મદ્રાસ.	સને ૧૮૭૩ ના એકટ ૩
પંજાબ.	સને ૧૮૮૪ ના એકટ ૧૮
મધ્ય પ્રાંતો.	સને ૧૯૦૪ ના એકટ ૨
આઉધ.	સને ૧૮૭૫ ના એકટ ૧૩
જહાંસી.	સને ૧૮૬૭ ના એકટ ૧૮
બર્મા.	સને ૧૯૦૦ ના એકટ ૬

અજમેર અને મારવાડમાં સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની કલમ ૧૫ રદ કરેલી છે—જુઓ અજમેરની કોર્ટોના કાયદા (સને ૧૮૦૦ ના ૧) ની કલમ ૨ અને પ્રશીષ્ઠ અને સહરકુ કલમ ૩ (જુઓ આગળ કલમ ૧૫૮).

અજમેરમાં સને ૧૮૭૦ ના એકટ ૧ અજમેરની કોર્ટો સબંધી છે તેની કલમ ૨૫ થી ઉતરતા દરજ્જાની ત્રણ કોર્ટોની વચ્ચે દીવાની ન્યાયનું કામ વ્હેંચી આપવાને કમીશનર હુકમ કરી શકે છે. લોઅર બર્મામાં સાંની કોર્ટોના એકટની કલમ ૩૧ (૨) થી ડીવીઝનલ કોર્ટ અને ડીસ્ટ્રીકટ કોર્ટ લખેલો હુકમ કરીને કોઈ કામ અથવા કોઇ વર્ગના કામો જે તે કોર્ટોમાં દાખલ થઇ શકતાં હોય અથવા તે કોર્ટની તાબાની કોઇ કોર્ટમાં દાખલ થઇ શકતાં હોય તે કામ અથવા કામો કોઇ એડીશનલ જડજે અથવા પોતાની કોર્ટ અથવા તાબાની કોર્ટના એડીશનલ જડજે ચુકવવા એવું ફરમાવી શકે છે તેવોજ અખત્યાર મધ્ય પ્રાંતોની કોર્ટોના એકટ સને ૧૯૦૪ ના ૨ ની કલમ ૧૫ થી અને પંજાબની કોર્ટોના એકટ સને ૧૮૮૪ ના ૧૮ આની કલમ ૩૫ થી આપવામાં આવેલો છે. કુર્ગમાં જુદી જુદી કોર્ટોની અસલ હકુમત વીષે કુર્ગની કોર્ટોના સને ૧૯૦૧ ના કાયદા ૧ લી કલમ ૮ જુઓ.

સૌથીજ ઉતરતા દરજ્જાની યોગ્ય કોર્ટ—આનો હેતુ એકાદી જે કોર્ટને કાયદો લાગુ થાય છે તે છે. (મીરખાંન વી. કેહરસા (૧૮૯૦) ૧૪ મ. ૧૪૫). દાવાએ ખરો આંક અથવા દાવો અગાઉ દાવાવાળી બાબત વાદીએ જે બતાવેલી હોય તે ઉપરથી પ્રથમ કુર્શનીક રીતે હકુમતનો નીર્ણય થાય છે. તે નીર્ણયથી હકુમત ઠરાવાથી હકુમત શરૂ થાય છે પછી દાવાનું ગમે તે પરીણામ થાય (લક્ષ્મણ ભાટકર વી. બાબાજી (૧૮૮૫) ૮ મું. ૩૧). એકાદો અમુક દાવો સાંભળવાને એક કોર્ટ મુખત્યાર હોય તો તેમાં હરેક સવાલ જે ઉત્પન્ન થાય પછી તે મુદતનો હોય અથવા બીજી કોઇ બાબતનો હોય તો તેનો ફેંસલો કરવાને તે કોર્ટ મુખત્યાર છે. જો તે કોર્ટ તેવા સવાલનો ફેંસલો બરોબર કરે નહિ તેથી તે કોર્ટ પો-

તાની હકુમત ખોટી નથી અને તેમનું હુકમનામું જો કે બરોબર ના હોય એમ બની શકે તો પણ તે નીરઅર્થક નથી (નથુરામ વી. કલ્યાણદાસ (૧૯૦૪) ૨૬ અ. ૫૨૨).

કેવી રીતે નીર્ણય થયેલો.—જે કામમાં કરજ નુકશાન અથવા દાવાવાળી મીલકતની કીંમત રૂ ૧૦૦) કરતાં વધારે ન હોય તો લેટર્સ પેટન્ટની કલમ ૧૨ હાઇકોર્ટની હકુમત નથી અને એવું ઠરાવેલું છે કે દાવો શુદ્ધ બુદ્ધીથી કરેલા જેવો હોય તેથી તે ઉપરથી હકુમતનો નીર્ણય થાય છે. અને હુકમનામા ઉપરથી થતો નથી (શીખરચંદ વી. સુરીંગમલ (૧૮૬૨–૬૩) ૧. હાઇડ. ૨૭૨; મોહાબારસીંગ વી. બેહારીલાલ (૧૮૯૧) ૧૩ અ ૩૨૦). પરંતુ એકાદો સખ્સ જે રકમ વસુલ કરી શકતો ના હોય તે રકમ પોતાના દાવામાં વધારીને આવા દાવામાં કોર્ટને હકુમત આપી શકતો નથી (બોનોમાલી નોન વી. કેમ્પબેલ (૧૮૭૩) ૧૯ વી. રી. ૨૦; પરંતુ જુઓ દામોદર વી. ત્રીંબક (૧૮૭૦) ૧૦ મું ૩૭૦; લક્ષ્મણ ભાકર વી. બાબાજી (૧૮૮૪) ૮ મું. ૩૧), અથવા જે રકમો વીશે તેણે તે કામો કરેલો ના હોય તેવી રકમો ઉમેરીને કોર્ટને હકુમત આપી શકતો નથી (મુતુ વી. વીરાપાચેતી (૧૮૭૨) ૧૭ વી. રી. ૨૪૩). પરંતુ એકાદો ના મંજુર કરવામાં આવે તો જો દાવાનો આંક શુદ્ધ બુદ્ધીથી બાંધેલો હોય અને અપીલની હકુમતમાં ફેરફાર થાય તેવો તથી અશર થએલો ના હોય (રાજેદ્રલાલ વી. શાંમાચર્ણ (૧૮૮૦) ૫ ક ૧૮૮; કોંદાજી વી. બના (૮૮૩) ૭ મુ ૪૪૮) અથવા તે દાવાનો ગુણ દોશ ઊપર નીકાલ કરવામાં હરકત કાંઈ અસર થતો ના હોય તો, જે કોર્ટમાં તે દાવો કરેલો હોય તે કોર્ટની હકુમત જતી નથી (હમીદુનીશા વી. ગોપાળચંદ્ર (૧૮૯૭) ૨૪ ક. ૬૬૧).

અસલ દાવામાં જે નાણાં સબંધી આંક બાંધેલો હોય તે આંક ઉપરથી ત્યાર પછી કેટલીક વખતે તે કામ ચાલે તેમાં અવલથી તે આખર સુધી કોર્ટોની હકુમત મુકરર થાય છે અને જે બાબત તકરારમાં રહેલી હોય તેની કીમતના આંક ઊપરથી તે મુકરર થતી નથી. (માહાબીરસીંગ વી. બેહારીલાલ (૧૮૯૧) ૧૩ અલ્હા. ૩૨૦, અને બતાવેલા ઠરાવો; બૈદનાથ વી. મખનલાલ (૧૮૯૦) ૧૭ ક. ૬૮૦; મથુસાંમા પીલાઇ વી. મથુચીદંમબર (૧૮૭૩) ૭ મ. હા. કો. ૩૫૬; કલીચંદ વી. નીરબાનસીંગ (૧૮૭૨) ૧૮ વી. રી. ૨૭૨; નઝરહુસેન વી. કેસરીમલ (૧૮૯૦) ૧૨ અ. ૫૮૧) તેમ હુકમનામુ થયા પછી જે વ્યાજ ચડે તેથી પૈસા બાબતની હદ કરતાં લહેણી રકમ વધારે થાય તે કારણથી બજાવણીમાં હકુમત જતી નથી (શાંમરાવ વી. નીલોજી (૧૮૮૬) ૧૦ મુ. ૨૦૦ વળી જુઓ ગોપાનાથ ચોબે વી. ભગવત્ત પ્રસાદ (૧૮૮૪) ૧૦ ક. ૬૯૭ પાનુ ૭૦૭). જો કે જમીનની વધારે હોય તો પણ જો તે જમીન એક મુનસીફની સ્થળ શીમાની અંદર હોય તો તે જમીન ઊપર રૂ. ૧૦૦૦) કરતાં વધારેની જવાબદારીના હોય તો તે નાંણા બાબતના દાવા વીશે તે મુનસીફની હકુમત છે (જાનકીદાસ વી. બદ્રીનાથ (૮૭૯) ૨ અ. ૬૯૮; ગોબાંદસીંગ વી. કલુ ૧૮૭૯) ૨ અ. ૭૭૮; બાહાદુર વી. નવાબખાન (૧૮૮૦) ૩ અ. ૮૨૨; મધુસુદન વી. રખલ (૧૮૮૮) ૧૫ ક ૧૦૪; દુરગાપ્રસાદ વી. સચલાકુંવર, (૧૮૮૭) ૯ અ. ૧૪૦; તો પણ જુઓ કીશ્નામા ચારીઅર વી. શ્રીનીવાસ (૧૮૮૨) ૪ મ. ૩૩૯; આનાજી વી. રામા કૃષ્ણ (૧૮૮૭) ૧૦ મ. ૧૫૨). એક મંદીરમાં ચાર પગાર લેઇને કામ કરવા બાબતનો હક ઠરાવવાના દાવામાં એવું માલુમ પડયુ કે તે ચારે કામની એકઠી કીમત મુનશીફની હકુમત કરતા વધારે છે. તેમાં ઠરાવ્યુ છે કે તે મુનશીફને તે દાવો સાંભળવાને હકુમત નથી (શાંમરાવ વી. સુબા (૧૮૮૭) ૧૦ મ. ૩૭૧). દાવા અરજીમાં દાવાનો આંક બાંધેલો હોય તે

વધારવાની પરવાનગી આપવી ના જોઇએ (અરોગ્ય ઊદાયન વી. આપાચીરોથન (૧૯૦૨) ૨૫ મ. ૫૪૩). જો દાવા અરજી એવી રીતે દુરસ્ત કરવામાં આવે છે કે તેથી અસલ આંકમાં વધારો થાય તો તેથી હકુમત રેહે નહી (ચંદુ વી. કાંબી (૧૮૮૬) ૯ મ. ૨૦૮).

ડીસ્ટ્રીક્ટ કોર્ટ—તપાસ કરવાને મુખત્યાર છે જીલ્લાની અંદર કોપીરાઇટના હકનો ભંગ કર્યા બાબતના દાવા કરવામાં આવે તે ડીસ્ટ્રીકટ જડજની કોર્ટમાં કરવા જોઇએ (હમીદુલ્લા વી. મહમદ (૧૮૮૧) ૬ ક. ૪૫૯; ૭ ક. લા. રી. ૪૭૧; લેડગાર્ડ વી. બુલ (૧૮૮૫) લા. રી. ૧૩ ઇ. અ. ૧૩૪; ૯ અ. ૧૯૧); અને તેથી મદ્રાસમાં એક જમીનદાર કરતાં મને કાહાડી મુકવાનો દાવો (વેકટનરસીંહ વી. સુર્યનારાયણ (૧૮૮૯) ૧૨ મ. ૧૮૮; મુંબાઇમાં મ્યુનીસીપાલીટી ઊપરના દાવાઓ (અહમદાબાદ મ્યુનીસીપાલીટી વી. જમાલ (૧૮૭૯) ૩ મુ. ૧૪૬; અને જુઓ મુશામીયાં ગુલામ (૧૮૮૩) ૭ મુ. ૧૦૦), અથવા સરકાર ઊપરના અથવા તેમના કોઇ અમલદારોના હોદ્દાને લીધે તે અમલદાર ઊપરના દાવા (ગોપી વી. શેશો (૧૮૮૮) ૧૨ મુ. ૬૫૮) ડીસ્ટ્રીકટ જડજની કોર્ટમાં કરવા જોઇએ.

સ્થાનીક હકુમત—સને ૧૮૭૧ ના એકટ ૬ પ્રમાણે જીલ્લા જડજ પોતાના તાબાના અમલદારોને સોંપી શકે છે અને તે અમલદારોને તે ઊપરાંત સધારણ કાંઇ હકુમત નથી (અભયચર્ણ કુંદુ વી. ગોલામઅલી (૧૮૮૧) ૭ ક. ૪૧૦ સને ૧૮૮૭ ના એકટ ૧૨ ની ક. ૧૩ નો આ હેતુ નથી દબીનાચર્ણ વી. બોલાશચંદ્ર ૧૮૯૧) ૧૮ ક. ૫૨૬). હુકમનામુ કરવામાં આવે તે વખતે જે કોર્ટની જે મીલકત બાબત સ્થાનીક હકુમત ના હોય તે કોર્ટની તે મીલકત વેચવાની તે હુકમનામાની બજાવણીમાં હકુમત તે વેચવાનો હુકમ કરતી વખતે ના હોય તો તે કોર્ટનો હકુમત બજાવણીમાં નથી (પ્રેમચંદ વી. મોખુદા (૧૮૯૦) ૧૭ ક ૬૯૯). હકુમતના કારણસર ઓ. ૨૧ રૂ. ૮૯ પ્રમાણેનો દાવો તે એક નવેસર દાવો છે, માટે અસલ દાવાની તારીખ અને જે કોર્ટને અસલ દાવાની વ્યવસ્થા કરે તેની વચમાં હકુમતના કારણસર દાવાનો આંક બાંધવાની રીતી રીશેના કાયદામાં ફેરફાર થાય તે કારણથી દાવાવાળી બાબત તે કોર્ટની હકુમત બંધ થાય તો તે દાવાની તપાસ ચલાવી શકતી નથી (મુતામલ વી. ચીનાના (૧૮૮૨) ૪ મ. ૨૨૦).

દાવાનો આંક—સને ૧૮૮૭ ના એકટ ૧૨ ના બાબ ૩ પ્રમાણે હકુમત જડજોને તથા સબોર્ડીનેટ જડજોને આ કલમના ઠરાવની સરત સાથે તમામ અસલ દાવા સબંધી તે આપેલી છે; જે દાવામાં દાવાવાળી બાબતનો આંક એક હજાર રૂપીઆ કરતાં વધારે ના હોય તો તે તમામ દાવાની હકુમત મુનસીફની છે અને જે દાવામાં પાંચહજાર કરતાં વધારે દાવાનો આંક નાહોય તો, તે દાવામાં અપીલ જીલ્લા જડજને થાય છે (નોગેંદ્રચંદ્ર મીત્ર વી. કીશનસુંદ્રી (૧૮૭૩) ૧૯ વી. રી. ૧૩૩, ૧૩૭–૮ ના કામના ઠરાવનો મુકાબલો કરો) સ્ટેંપ ડ્યુટીના કારણસર એકાદા દાવાનો આંક અને કોર્ટની હકુમતના કારણસર જે દાવાવાળી બાબતનો નીર્ણય કરવાનો તેનો આંક જુદો જુદો હોઇ શકે છે માટે રૂ ૫૦૦૦) કરતાં વધારે કીંમતની મીલકતના દાવામાં હુકમનામા ઉપર એક જડજને અપીલ કરવામાં આવે તો, જો કે સ્ટેંપ ડ્યુટીના કારણસર દાવાનો આંક રૂ ૫૦૦૦) કરતાં કમી હોય અને પહેલી અપીલ પક્ષકારોની કબુલતથી સાંભળેલી હોય તોપણ તે સ્પેશીયલ અપીલમાં રદ કરી શકાય છે (આખીલચંદ્ર વી. મોહીની મોહન (૧૮૭૫) ૪ ક. લા. રી. ૪૯૧). પરંતુ હાલ સને ૧૮૮૭ ના (દાવાના આંક સબંધીના) ના એકટ ૭ ની

ક. ૮ માં ઠરાવ્યું છે કે સને ૧૮૭૦ ના કોર્ટ ફી એકટના પેરેગ્રાફ ૫, ૬ અને ૯ રકમ (૬) માં જે દાવા બતાવેલા છે તે શીવાયના દાવા (એટલે જમીન અને મકાનોના કબજા બાબતના, અગ્રક્રીયાધીકાર બાબતના, એકાદુ ગીરો છોડાવવાનો અથવા તે છોડાવવાનો હક બંધ કરવાનો દાવો અને લવાદના ઠરાવનો વીશેષ રીતે અમલ કરવાના દાવા) માં દાવા પ્રમાણે કોર્ટફી આપવાની છે, કારણ કે કોર્ટફી ગણવાના કારણુસર જે આંક નક્કી કરવાનો છે અને હકુમતના કારણુસર જે આંક નક્કી કરવાનો છે તે તેનો તેજ છે. આ કલમ જેમ અસલ કોર્ટને લાગુ થાય છે તેમ અપીલ કોર્ટોને લાગુ થાય છે, માટે સને ૧૮૮૭ ના એકટ ૭ ની ક. ૮ માં બતાવેલા પ્રકારના દાવામાં કોર્ટફી ગણવાને સારૂ આંક રૂ ૬૬૪) નો વાદીએ બાંધેલો હતો અને હકુમત સારૂ રૂ ૧૪૦૦૦) નો આંક બાંધેલો હતો. તેમાં ઠરાવ્યું છે કે અસલકોર્ટના હુકમના ઉપર-ડીસ્ટ્રીકટ કોર્ટમાં અપીલ ચાલે છે અને હાયકોર્ટમાં ચાલતી નથી (વરૂદાલક્ષ્મી વી. મેનીગવરી (૧૮૯૪) ૧૮ મુ. ૨૦૭ જુઓ ભગવંતરાય વી. મેહેતા બજુરાવ (૧૮૯૪) ૧૮ મુ. ૪૦; ગોલાબસીંગજી વી. લક્ષ્મણસીંગજી (૧૮૯૪) ૧૮ મુ ૧૦૦)

દાવાના પ્રકાર સબંધી હકુમતના સવાલો હોય અથવા દાવાની નાંણા સબંધી હદ બાબતના સવાલો હોય તેમાં દાવા અરજીમાં જે હકીકત કહેલી હોય તે હકીકત પ્રમાણે ચાલવાનું છે, વાદીએ દાવાનો આંક બાંધેલો હોય તે, અને ડીફેંસમાં તકરારમાં બતાવેલો હોય તે પ્રમાણે નહી, ફકત અસલ કોર્ટના કારણુસર લાગુ થાય છે, એટલુંજ નહી પણ અપીલના કારણુસર તમામ કજીયામાં અવલથી આખર સુધી લાગુ થાય છે (જગલાલ વી. હરનારણસીંગ (૧૮૮૮) ૧૦ અ. ૫૨૪. વળી જુઓ ચંદ્રકુમાર વી. બકરઅલી (૧૮૬૮) ૯ વી. રી. ૫૯૮; દાલગ્લેશ વી. જીબનમાહાતો (૧૮૭૬) ૨૫ વી. રી. ૨૩૦ તેવીજ રીતે માહાબીરસીંગ વી. બીહારીલાલ (૧૮૯૧) ૧૩ અ. ૩૨૦) વળી જુઓ નીલમોનીસીંગ વી. જગબંધુરાય (૧૮૯૬) ૨૩ ક. ૫૩૬). પરંતુ જ્યારે વાદી પોતાના દાવાની રકમ આશરે અથવા ચાલે તેવી મુકરર કરે અને દાવો ચાલતાની દરમીયાંનમાં મારા દાવાની રકમ નક્કી કરવી જોઇએ ત્યારે દાવાની જે રકમ કોર્ટ તેની લહેણી ઠરાવે તે અપીલને સારૂ નીર્ણય કરવાને માટે અસલ દાવાની કીંમતનો આંક ગણવો જોઇએ (ગુલાબખાંન વી. અબદુલવાહેબ (૧૯૦૪) ૩૧ ક. ૩૬૫; ૮ ક. વી. નો. ૨૩૩).—

હીસાબ—હીસાબ બાબતના દાવામાં વાદીએ જે દાદ માગેલી હોય તેની કીંમત તે કેટલી રકમની આંકે છે તે વાદીએ બતાવવી જોઇએ. પણ તેની નજરમાં યોગ્ય જણાય તેવી ઠરાવવાને તેને છુટ છે. (ગોવનદાસ વી. ડાહ્યાભાઇ (૧૮૮૫) ૯ મુ. ૨૨) માટે દાવા અરજી દાવાની રકમ આશરેથી દાવાઅરજીમાં બતાવેલી હોય તે રૂ ૫૧૦) હોય તો હકુમતના કારણુસર દાવાવાળી બાબતની કીંમત તેમાં નકી થવી જોઇએ (ખુશાલચંદ વી. નગીનદાસ (૧૮૮૮) ૧૨ મુ. ૬૭૫) અને એકાદા હીસાબ બાબત દાવાનો આંક કોર્ટની હકુમત રહે નહી તેવો વધારવાની પરવાનગી આપવી ના જોઇએ (આરોગ્ય ઊદાયન વી. અપાચીસૈયન (૧૯૦૨) ૨૫ મ. ૫૪૬). દાવાનો આંક બાંધવાના સને ૧૮૮૭ ના એકટ ૭ માંની ક. ૮ પ્રમાણે હીસાબ લેવાના દાવામાં કોર્ટ ફી સ્ટાંપ અને હકુમત એ બંને વીશે વાદીએ બાંધેલા દાવાના આંકની રકમ ઉપરથી નક્કી કરવાનું છે (બાઇ અંબા વી. પ્રાણજીવનદાસ (૧૮૯૫) ૧૯ મુ. ૧૯૮ વળી જુઓ ભગવંતરાય વી. મહેતા બજુરાવ (૧૮૯૪) ૧૮ મુ. ૪૦, અને

ગુલાબખાંન વી. અબદુલખાંન (૧૯૦૪) ૩૧ ક. વી. નો. ૨૩૩).

દત્તવિધાનનો દાવો—એક દત્તવીધાન રદ કરવાના દાવાની હકુમત કારણુસર જે મીલકત જો તે દતવીધાન કરવામાં આવે તો એક સખસની પાસેથી બીજા સખસ પાસે જે મીલકત જઇ શકે તે મીલકતની કીંમત નથી પણ વાદીએ પોતાના દાવાની અરજીમાં જે આંક બાંધેલો હોય તે છે. (શીવદેની વી. તુળશીરામ (૧૮૯૩) ૧૫ અ ૩૭૮). એકાદુ દતવીધાન રદ કરાવાને એક પાછળથી થનાર વારસ દાવો કરે તે વીષે હકુમતનો નીર્ણય કરવાને સારૂ દત્ત લીધેલા છોકરાને તે દતવીધાન નાબુદ ઠરાવાથી જે નુકશાન તે નુકશાન તે દાવાવાળી બાબતનો કીંમતનો આંક બાંધવાને એક આધાર તરીકે છે. (કેશવ વી. લક્ષ્મીનારાયણ (૧૮૮૩) ૬ મ. ૧૯૨).

વહીવટબાબતનો દાવો.—વાદીએ બીજા કલાસના સબોર્ડીનેટ જડજની કોર્ટમાં એક વહીવટ બાબતનો દાવો ફાઇલ કર્યો તેમાં જે દાદ માગેલી હતી તેનું આંક રૂ ૧૩૦) નો બાંધેલો હતો. તે સબોર્ડીનેટ જડજના અભીપ્રાયમાં આવ્યું કે તે દાવા વાળી મીલકત એક લાખ રૂપીઆ કરતાં વધારે કીંમતની છે અને જવાબદારી રૂ ૫૭૨૯) ની છે અને પ્રતીવાદીને રૂ ૧૫૧૯૯) નું તે મીલકતનું દેવું છે તેમણે એક શરૂઆતનું હુકમનામુ કર્યું અને એવું ઠરમાવ્યું કે બે અઠવાડીઆ અંદર પ્રતીવાદીએ આ રકમ કોર્ટમાં ભરવી. આ હુકમ ઉપર પ્રતીવાદીએ ડીસ્ટ્રીકટ કોર્ટમાં અપીલ કરી ડીસ્ટ્રીકટ જડજે હાયકોર્ટમાં તે અપીલ આપવાને તે પાછી આપી એવા કારણથી કે તકરારી બાબત રૂ ૫૦૦૦) કરતાં વધારેની છે. તેમાં તે ડીસ્ટ્રીકટ જડજ હુકમ ફેરવીને ઠરાવ્યું છે કે તે અપીલ ડીસ્ટ્રીકટ જડજને કરાય છે (શેઠ કાવસજી વી. દીનશાજી (૧૮૯૮) ૨૨ મું ૯૬૩).

મીલકત બીજાને આપવી તે—એક હિંદુ વીધવાએ મીલકત બીજાને આપેલી તેથી તે આપેલું અમારી વીરૂદ્ધ નાબુદ છે એવું ઠરાવાને પાછળથી થનાર વારસોએ દાવો કર્યો હોયતો તે દરેક મીલકત બીજાને આપ્યા બાબત રૂ ૧૦) ની કોર્ટ ફી ભરવી જોઇએ. (દીવા ચીલાઇ વી. પોનાથલ (૧૮૯૫) ૧૮ મ. ૪૫૯ જુઓ મોતીસીંગ વી. કાઉસીલા (૧૮૯૪) ૧૬ અ ૩૦૮ પા. ૩૧૧).

અભાવે દાદ—બે દાદોમાંની જે વધારે મોટી દાદ હોય તે, ઉપરથી સ્ટેમ્પ બાબતનો નીર્ણય કરવાનો છે (કાશીનાથ વી. ગોવીંદ (૧૮૯૧) ૧૫ મું ૮૨).

હક ઠરાવાનું હુકમનામું.—એકાદો હક ઠરાવાનુ હુકમનામુ કરાવાના દાવામાં હકુમતના કારણુસર દાવાનો આંક જો દાવો જે મીલકત વીષે હક ઠરાવાને વાદી માગતો હોય તે મીલકતના કબજા બાબત દાવો હોયતો હક ઠરાવાનું હુકમનામુ જે હોય છે તેવું તે માની લેવું જોઇએ (ગણપતી વી. ચાથુ (૧૮૮૯) ૧૨ મ. ૨૨૩). આવો એકાદો દાવો છેવટની દાદ સાથે કરેલો હોયતો તે માગેલી દાદનો દાવાનો આંક બાંધવો તે વાદીને માટે છે અને કોર્ટને માટે નથી. પરંતુ તે હુકમનામાના જે ભાગમાં હક ઠરાવાનુ હુકમનામુ કરવાને ના કહેલી હોય અને તે ભાગ ઉપર વાદી ફકત અપીલ કરતો હોયતો કોર્ટ ફી એકટની આર્ટીકલ ૧૭ ની રકમ (૩) પ્રમાણે અપીલની યાદ દાસ્ત ઉપર રૂ ૧૦) ની ફી કરતાં વધારે આપવાને તે જવાબદાર નથી (ગીરજાનંદ વી. સૈલાજાનંદ (૧૮૯૬) ૨૨ ક. ૬૪૫).

પટે રાખનાર પાસેથી કબજો છોડાવો તે—એક મુકરર કરેલા દરથી એક પટે રાખનાર હોય તેની પાસેથી કબજો છોડાવાનો દાવો તે જમીનના કબજા બાબતનો દાવો છે માટે કોર્ટ ફી અને હકુમતના કારણુસર તે દાવાનો આંક તે દાવા વાળી બાબતની કીંમત

છે એટલે પટે રાખનારના હકની કીંમત છે અને તે જમીનની કીંમત નથી તેમ ફકત એક વરસની સાંથની રકમ નથી (રામસજ્ય વી. ગીરનંદન (૧૮૯૩) ૧૫ અ. ૬૩).

એકાદા દસ્તાવેજ રદ કરવાને.—જુઓ કાનારન વી. કોમાપન (૧૮૯૧) ૧૪ મ. ૧૬૯). આવા દાવામાં જે દસ્તાવેજ નાબુદ ઠરાવાને માગેલો હોય તે દસ્તાવેજમાં વાદીનું જે હીત હોય તે હીતની કીંમતનો આંક છે (પારાથઇ વી. સનકુમણી (૧૮૯૨) ૧૫ મ. ૨૯૪; કાળી ચરણ વી. અજુધ્યા (૧૮૭૯) ૨ અ. ૧૪૮). એક ખત રદ કરાવા માટેના દાવાની બાબતનો આંક મુદ્દલ રકમ હોય તે પ્રમાણેજ નકકી કરવો જોઇએ અને તે મુદ્દલ રકમ ઉપર જે બ્યાજ સાથેની રકમ નથી (ગુલાબરાય વી. ભંગનીલાલ (૧૮૮૪) ૬ અ. ૭૩)

વ્હેંચણ—અમુક મીલકતની વ્હેંચણ કરાવાના દાવામાં જે મીલકતની વ્હેંચણ કરવાની હતી તે તમામ મીલકતની કીંમત રૂ ૫૦૦૦) કરતાં વધારેની હતી. વાદીએ પોતાના હિસ્સાનો આંક રૂ. ૨૫૦) નો બતાવ્યો અને તે રકમ ઉપર કોર્ટ ફી ભરી. તે દાવો પેહલા વર્ગના સબોર્ડીનેટ જડજની કોર્ટમાં ફાઇલ કરેલો હતો. ઠરાવ્યું છે કે તે દાવાવાળી મીલકતની કીંમત રૂ. ૨૫૦) કરતાં વધારે ઠરાવી શકાતી નથી માટે તે દાવો બીજા વર્ગના સબોર્ડીનેટ જડજની કોર્ટમાં ફાઇલ કરવો જોઇતો હતો (મોતીભાઈ વી. હરીદાસ (૧૮૯૮) ૨૨ મું. ૩૧૫. વળી જુઓ ચક્રાપાણી વી. નરસીંગ (૧૮૯૬) ૧૯ મ. ૫૬; ચીતા સાંમી વી. કરૂપ (૧૮૯૮) ૨૧ મ. ૨૩૪). વાદીએ સબોર્ડીનેટ કોર્ટમાં એક તારવાડનો હું એક અંગભુત છું એવું ઠરાવાને દાવો કર્યો એવુ કહીને કે પ્રતીવાદીના તારવાડનો હુ કરનાવાન છું પણ તેમાં છેવટની કાંઇ દાદ માગેલી નહોતી. તે કારવાડ રૂ ૨૬૦૦૦) કરતાં વધારે કીંમતનું છે પરંતુ દરેક અંગભુતનો સરખો ભાગ ગણુતો ફાળા પડતો હિસ્સો રૂ. ૯૦૦) કરતાં ઓછો થાય છે. ઠરાવ્યું છે કે તમામ અંગભુતોની કબુલત વીના તે તારવાડની મીલકત વ્હેંચણ કરવા લાયક નથી માટે તેની કુલ કીંમત તે દાવાને યોગ્ય આંક છે (બૈદનાથ વી. મખનલાલ (૧૮૯૦) ૧૭ ક. ૬૮૦; હીકમતઅલી વી. વલ્લી ઉનીસા (૧૮૯૦) ૧૨ અ. ૫૦૬; ક્રીષ્ણસાંમી વી. કંકરસબાઇ (૧૮૯૧) ૧૪ મ. ૧૮૩; નારાયાનન વી નારાયાવન (૧૮૯૨) ૧૫ મ. ૬૯; ઇબ્રાયન વી. કોમા મોતી (૧૮૯૨) ૧૫ મ. ૫૦૧).

પંત્યાળાનો દાવો:—પંત્યાળાની લેણદેણની બાબતના દાવામાં વાદીએ દાવાનો આંક રૂ. ૬૦૦) નો બાંધેલો હતો સબોર્ડીનેટ જડજે વાદીના લાભમાં રૂ. ૩૦૮૩૦) નુ હુકમનામુ કર્યું. ઠરાવ્યું છે કે સને ૧૮૬૯ ના એકટ ૧૪ ની કલમ ૨૬ પ્રમાણે હાઇકોર્ટમાં અપીલ ચાલે છે (ઇબ્રાહિમજી વી. બંજનજી (૧૮૯૬) ૨૦ મુ. ૨૬૫).

ગીરો છોડાવ્વાનો દાવો:—કબજા સાથેના ગીરો રાખનાર ઉપર ગીરો છોડાવાનો દાવો કરેલો તેમાં ગીરો રાખનારે ઠરાવ પ્રમાણે સાંથ આપેલી નથી અને તેમાં વાદીએ હિસાબ લેવાને માગેલુ છે તેથી તે લેતાં ચડેલી સાંથ ગીરોની રકમમાંથી બાદ કરવી જોઇએ એમ માગેલુ છે, તેમાં ઠરાવ્યું છે કે તે ગીરો જે મુદ્દલ રકમને માટે હોય તે મુદ્દલ રકમ પ્રમાણે કોર્ટ ફી ગણવી જોઇએ (ઇચારણ વી. આપુ પાતર (૧૮૯૬) ૧૯ મ. ૧૬. અમાનત બેગમ વી. જાજન (૧૮૯૬) ૮ અ. ૪૩૮; રૂપચંદ વી. બળવંત (૧૮૮૭) ૧૧ મુ. ૫૯૧; રામચંદ્ર વી. જનાર્દન (૧૮૯૦) ૧૪ મુ. ૧૯; અમ્રીત વી. નારૂ (૧૮૮૯) ૧૩ મુ. ૪૮૯; સખારામ વી. શ્રીપતી (૧૮૯૨) ૧૬ મુ. ૧૮૩; વાસુદેવ વી. માધવ (૧૮૯૩) ૧૬ મ. ૩૨૬; કોના વી. કરૂણાકર (૧૮૯૩) ૧૬ મ. ૩૨૮).

લગ્નના હક પાછા મેળવવા તે:—લગ્નના હક પાછા મેળવાના દાવાનો આંક બાંધી

શકાય તેવુ નથી માટે હકુમતના કારણુસર આવા દાવામાં નાણાનો ખાસ આંક બતાવી શ-કાતો નથી. માટે લગ્નના હક પાછા મેળવાનો દાવો એક મુનસફને તપાસવા લાયક નથી પણ તે ડીસ્ટ્રીકટ કોર્ટમાં અથવા સબાર્ડીનેટ જડજની કોર્ટમાં દાખલ કરવો જોઇએ (અબલે મુનીસા વી. મહમદ હાતીમ (૧૯૦૮) ૮ ક. વી. નોટ ૭૦૫; ૩૧ ક. ૮૪૯). પરંતુ એક અલ્હાબાદના કામમાં કરેલા ઠરાવથી આ જુદો છે. તે કામમાં એવુ કહેવામાં આવેલુ હતું કે એકાદો અરજદાર જો અઘટીત હેતુથી પોતાની કીંમત બતાવતો ના હોય તો તે પોતાના દાવાની કીંમત બતાવી શકે છે (ઝાહીર વી. ખુરશીદ (૧૯૦૭) અ. વી નોટ. ૯૯).

રજીસ્ટર કરવાનો અમલ કરવાને જુઓ રામકીષ્ણામા વી. બગામા (૧૮૯૦) ૧૩ મ. ૫૬).

વેચાણ:—એકાદો હિસ્સેદાર એક વેચાણ રદ કરવાને દાવો કરે તે સબંધી જુઓ અનોદાપ્રસાદ વી. અર્સકીત (૧૮૭૪) ૨૧ વી. રી. ૬૮). એક ગીરો રાખનારે અસલ ગીરો આપનારના વારસો ઉપર પોતાનુ લ્હેણું ફકત ગીરોવાળી મીલકતનુ નહિં પણ તે વારસ પાસે અસલ ગીરો આપનારનુ જે દેવુ આપવાને જવાબદાર હોય તેવી જે મીલકત હોય તે તમામ બીજી મીલકત પણ વેચાવાને એક દાવો દાખલ કરેલો હતો તો તે દાવો અર્થાત રીતે નાંણા સબંધીનો છે તેથી તે બાબતના દાવાનો આંક મુદલ લેણા ઉપરથી બાંધવાનો નથી પણ વ્યાજ સુદ્ધાં તેજ તમામ રકમ થાય તે પ્રમાણે બાંધવાનો છે (કાશીનાથ વી. ગણુપતરાવ (૧૮૯૪) ૧૮ મુ. ૬૯૬).

ટ્રસ્ટની મીલકત.—અમુક ટ્રસ્ટફંડના વહીવટમાંથી પ્રતીવાદીને ખશેડવાને એક દાવો કરવામાં આવેતો તેમાં દાવાનો આંક વાદીનુ હીત તે દાવા વાળી બાબતમાં હોય તે પ્રમાણે બાંધવાનો છે. માટે તે દાવાવાળી બાબતના પ્રમાણુમાં દાવા અરજી ઉપર સ્ટેંપ જોઇએ છે. (ડેલ રૂશબનુ વી. આશગરઅલી (૧૮૭૫) ૧૫ બં. લા. રી. ૧૬૭; ઊમરાવ મીરજા વી. જોન્શ (૧૮૮૪) ૧૦ ક. ૫૯૯; શેનાચેલા વી. માંણેક (૧૮૮૫) ૮ મ. ૫૧૬. પરંતુ જુઓ ઠાકરી વી. બ્રમનારાયણ (૧૮૯૭ ૧૯ અલ્હા. ૬૦ ના કામમાં એવુ ઠરાવેલુ છે કે જે કામમાં વાદીઓ ટ્રસ્ટી તરીકે પોતાને નીમવાને અરજ કરેતો આવા દાવાનો નાંણાની કીમત પ્રમાણે આંક ગણી શકાતો નથી)

વધારાની કોર્ટ ફી.—સને ૧૮૭૦ ના એકટની ૭ ક. ૧૦ ની રકમ ૨ પ્રમાણે જે કોર્ટ વધારાની કોર્ટ ફી આપવાનો હુકમ કરેલો હોય તે કોર્ટ જે મુદત તે બાબત ઠરાવેલી હોય તે પુરી થતા પહેલા અથવા પછી તે મુદત વધારવાને તે કોર્ટ મુખત્યાર છે (ચુનીલાલ વી. અજુધ્યા પ્રસાદ (૧૮૯૭) ૧૯ અલ્હા. ૨૪૦) જુઓ કલમ ૫૩, ૫૪ ની નોટ.

અપીલ—કયા વર્ગનો દાવો છે તે વીશેનો જે ફેંસલો હોય તે ફેંસલા ઊપર અ-પીલ ચાલે છે તોપણ તે વર્ગના દાવાના આંક બાબતના ઠરાવ ઊપર અપીલ ચાલતી નથી. નીચેની કોર્ટે એક એવો ફેંસલો કરેલો હતો કે વેચાણના કરારનો વીશેષ રીતે અમલ કરાવવાનો દાવો છે અને અવેજના નાંણા તે દાવાનો આંક બાંધવાનો છે તો તે ફેંસલા ઊપર અપીલ ચાલે છે (દાદા વી. નાગેશ (૧૮૯૯ ૨૩ મુ. ૪૮૬).

કાંઈ કીમત નહી તે.—જેમ એક સગીર દીકરાનો કબજો લેવાના દાવાની કાંઇ કીમત આંકી શકાતી નથી તેમ દાવાવાળી બાબતની કાંઇ નાંણા તરીકે કીમત ના હોયતો દાવા અરજીમાં જે રકમ બતાવી દાદ માગેલી હોય તે રકમ પ્રમાણે સ્ટેંપ ફી ગણવી જો-

ઇએ (ક્રીશ્ન વી, રીડ (૧૮૮૬) ૯ મ. ૩૧); પરંતુ હકુમતનો આધાર એકલી તે બાબત ના હોય, માટે તેમાં જો મીલકતના વહીવટની બાબત રહેલી હોયતો, તે મીલકતની કીમત ઊપરથી હકુમત નક્કી થાય છે (ક્રીશ્ના વી. રામન (૧૮૮૮) ૧૧ મ. ૨૬૬). એક કારનાવાંનને ખશેડવાનો દાવો હોય (નામબીયર વી. નામબીયર (૧૮૪૨) ૪ મ. ૧૪૬; નારન ગોલી વી. નારન જોલી (૧૮૮૨) ૪ મ. ૩૧૪; કુનહાંન વી. શંકર (૧૮૯૧); ૧૪ મ. ૭૮; ક્રીશ્ન વી. રમાન (૧૮૮૮) ૧૧ મ. ૨૬૬), અથવા લગનના હક પાછા મેળવવા બાબતનો હોય (ગોલામ રહેમાન વી. ફાતમા (૧૮૮૭) ૧૩ ક. ૨૩૨; મૌલા નેવાઝ વી. સજી દુનીસા (૧૮૯૧) ૧૮ ક. ૩૭૮. વળી જુઓ મુલ્લા આજીમ (૧૮૮૦) ૧૪ ક. ૩૫૧. જુઓ સને ૧૮૮૭ ના એકટ ૭ ની ક. ૯) તો તે દાવાનો આંક બંધાય તેવુ નથી.

દાખલ કરવામાં આવશે.—આ કલમ ફકત કામ ચલાવવાની રીતી શબંધી છે અને તેમાં કોર્ટોના રીવાજ બરોબર ઠરાવ્યોં છે, પણ બીજી રીતે કોઇ કોર્ટની હકુમત હોય તે તેથી લેઈ લેવામાં આવી નથી. માટે એક સબોર્ડીનેટ જડજે આ કલમ વીરૂધ એક દાવો સાંભળ્યો હતો, તેમાં હાયકોર્ટે ઠરાવ્યુ છે કે તે માત્ર ગેર શીરસ્તે કરેલુ થાય છે તેથી અપીલ વાળાને કાંઇ હરકત થતી નથી, માટે કેઈ કોર્ટમાં તે દાવો કરવો જોઇતો હતો તેનો નીર્ણય કરવાના હેતુથી દાવાના આંકના શવાલની તપાશ કરવાને ના કહેલી હતી (માત્રા મંડળ વી. હરી મોહન (૧૮૯૦) ૧૭ ક. ૧૫૫; ક્રીશ્ન સામી વી. કંકાશબાઇ (૧૮૯૧) ૧૪ મ. ૧૮૩). માટે પહેલી અપીલ કોર્ટે એક દાવો કાહાડી નાખેલો હતો, એવા કારણથી કે દાવા વાળી બાબત એક હજાર રૂપીયા કરતાં ઓછી છે તેથી તે દાવો મુનશીફની કોર્ટમાં કરવો જોઇતો હતો તેથી શબોર્ડીનેટ જડજે તે દાવાની તપાશ કરેલી છે તે હકુમત વીના કરેલુ છે. તેમાં હાયકોર્ટે ઠરાવ્યું છે કે સને ૧૮૭૧ ના એકટ ૬ ની ક. ૧૯ પ્રમાણે તે સબોર્ડીનેટ જડજને હરકોઇ કીમતના દાવા સાંભળવાનો અખત્યાર હતો, માટે જો તેમના અભીપ્રાયમાં એવુ આવ્યુ હોય કે તે દાવાવાળી બાબત એક હજાર રૂપીયાની અંદરની છે તો તે દાવો તેમણે મુનસીફ તરફ મોકલવો જોઇતો હતો તો પણ તેમણે તે દાવાની તપાશ કરેલી છે તે ફકત હકીકતથી સ્પેશીયલ અપીલમાં એક ભુલનુ કારણ નથી (સરીઊલ્લા સરકાર વી. બેગમ બીબી (૧૮૭૬) ૨૫ વી. રી. ૨૧૯). તેથી એવુ ઠરાવેલુ છે કે એક હજાર કરતાં ઓછી રકમનુ હુકમનામુ એક સબોર્ડીનેટ જડજ કરે પણ તે દાવો એક મુનસફે તપાસ કરવા લાયક હતો તે કારણથી તે દાવો કાહાડી નાંખવાનુ કારણ થતુ નથી; પણ જો વાદીએ ઊતરતા દરજ્જાની કોર્ટમાં દાવો કરયો હોત અને તેને જે ખર્ચ અપાવવામાં આવે તે કરતાં વધારે ખર્ચ અપાવવુ ના જોઇએ (જયકીશન વી. ટર્નબુલ (૧૮૭૫) ૨૪ વી. રી. ૧૩૭) અને જુઓ માહાશુલાખાંન વી. રામલાલ (૧૮૭૧) ૬ ક. ૬; નીધીલાલ વી. મઝાર હુસન (૧૮૮૫) ૭ અ. ૨૩૦; ક્રીશ્ન શામી વી કંકાશબાઇ (૧૮૯૧) ૧૪ મ. ૧૮૩; તોપણ જુઓ રામાચા વી. સુબરાયદુ (૧૮૯૦) ૧૩ મ. ૨૫; વેલાયુદમ વી. અરૂણુ ચેલા (૧૮૯૦) ૧૩ મ. ૨૭૩; ગૌરચંદ્ર વી.વીક્રમદેવ (૧૯૦૦) ૨૩ મ. ૩૬૭. અને સને ૧૮૮૭ ના એકટ ૭ ની કલમ ૧૧ નો મુકાબલો કરો). એક ગીરોની રૂઇએ કરેલા દાવામાં એક ડીસ્ટ્રીકટ મુનસફની નાણા સબંધી હકુમતની મર્યાદા કરતાં દાવાવાળા રકમ વધારે હતી અને તે દાવો એક સબોર્ડીનેટ જડજની કોર્ટમાં ફાઇલ કરેલો હતો તે એમ માલુમ પહેલુ હતુ કે પક્ષકારોની વચ્ચે જે હકો વીષે હાલ તકરાર છે તે હકો સબંધી પ્રથમના એક દાવામાં એક ડીસ્ટ્રીકટ મુનસફે ફેંસલો કરેલો છે અને હાલનો દાવો ઘણે ભાગે વ્યાજનો છે.

સબોર્ડીનેટ જડજે વ્યાજના દાવા બાબત ઇસ્યુઓ કાહડીને આરંભના ઇસ્યુ તરીકે તપાસ કરીને ઠરાવ્યુ છે કે તે દાવો એક ડીસ્ટ્રીકટ મુનસફની નાણા સબંધી હકુમતની અંદર છે અને એક ચઢતા દરજ્જાની કોર્ટમાં તે દાવો ફાઇલ કરવાના હેતુથી તે વધારે કરેલો છે અને તેથી રેસજ્યુડીકેટાની તકરાર દુર કરેલી છે માટે તેમણે યોગ્ય કોર્ટમાં તે દાવા અરજી આપવાને સારૂ તે પાછી આપેલી ઠરાવ્યું છે કે તે કામ ચલાવાની રીતી બરોબર નથી અને તે તમામ દાવાની તપાસ કરવી જોઇતી હતી (કોટી વી. મનજીયા (૧૮૯૮) ૨૧ મ. ૨૭૧). એકાદી દીવાની કોર્ટની અસલ અથવા અપીલ બાજુની નાણા સબંધી હકુમત તે વીષે સાધારણ રીતે કેહતાં વાદીએ પોતાના દાવાની અરજીમાં જે આંક બતાવેલો હોય તે પ્રમાણે ચાલવાનુ છે અને દાવા અરજીમાં બતાવેલો આંક લક્ષમાં રાખતો જો એકાદો દાવો હકુમતની અંદર હોય તો કોર્ટની નજરમાં એમ આવે કે પોતાની હકુમત કરતાં વધારે રકમનુ હુકમનામુ વાદીને કરી આપવુ જોઇએ છે તેથી તે કોર્ટની હકુમત જતી નથી. સને ૧૮૮૭ ના એક્ટ ૧૨ માં એવુ કાંઇ નથી કે એકાદો દાવો સાંભળવાની હકુમતની મર્યાદા એક દીવાની કોર્ટ જે રકમ વીષે હુકમનામુ કરે તે રકમ સુધીનીજ છે (માધોદાસ વી. રામજી પાટક (૧૮૯૪) ૧૬ અ. ૨૮૬).

સબોર્ડીનેટ જડજ:—સને ૧૮૬૯ ના એકટ ૧૪ ની કલમ ૨૩–૨૪ પ્રમાણે મુંબાઇમાં નીમેલા એક સબોર્ડીનેટ જડજની બાબતમાં જુઓ શ્રીસીથેશ્વર વી. હરીહર (૧૮૮૮) ૧૨ મુ. ૧૫૫). જ્યારે પહેલા વર્ગના સબોર્ડીનેટ જડજની કોર્ટમાં દાવો દાખલ કરેલો હોય ત્યારે દક્ષણના ખેડુતોના બચાવના એકટ (સને ૧૮૭૮ ના ૧૭) ની કલમ ૪ પ્રમાણે એકાદો દાવો બીજા વર્ગના જોઇંટ સબોર્ડીનેટ જડજને તપાસવાની હકુમત છે (માનાજી વી. નારાયણરાવ (૧૮૯૫) ૧૯ મું ૪૬). એકાદો જે દાવો એક મુનસીફ તપાસી શકે તેવો હોય અને તે દાવાની તપાસ એક સબોર્ડીનેટ જડજે કરેલી હોય તો તે હકુમત વીના વર્તેલા છે નહિં એમ ઠરાવેલુ છે. (નીધીલાલ વી. મઝહાર હુસેન (૧૮૮૫) ૭ અ. ૨૩૦).

ઓછો આંક:—જો એકાદા દાવામાં ઓછો આંક બાંધેલો હોય અને જે કોર્ટમાં તે કરવામાં આવેલો હોય તે કોર્ટ બરોબર ના હોય તો જો હરકત લેનારને વ્યાજબી રાહે પ્રતીબંધ થયેલો ના હોય અથવા તે હરકત લેવામાં તેણે વાર લગાડેલી ના હોય તો તે પ્રમાણે નથી (રસીકચંદ્ર વી. રામલાલ (૧૮૭૪) ૨૨ વી. રી. ૩૦૧). વાદીએ એક સબોર્ડીનેટ જડજની રૂબરૂ નાદારીમાં દાવો કરવાને અરજ કરી તેમાં આંક વધારે બાંધેલો છે એવી તકરાર કરવામાં આવી તેથા તે દાવાનો આંક વધારે બાંધેલો છે એવુ ઠરાવીને તે સબોર્ડીનેટ જડજે દાવો સાંભળવાને ના કહી. ત્યાર પછી તેણે મુનસફની રૂબરૂ એક હુકમનામુ મેળવ્યું અને પ્રતીવાદીએ અપીલ કરીને તે દાવાના આંક વીષે હરકત લીધી તેથી મુનસફની તે તપાસવાની યોગ્યતા ઉપરાંતનો તે દાવો છે એમ ઠરાવી તે દાવો કહાડી નાંખ્યો. ઠરાવ્યું છે કે આ ફેંસલો બરોબર નથી, તે પ્રતીવાદી ફરી જઇને મુનસીફની હકુમત વીષે હરકત લઇ શકતો નથી કારણ કે તેની સામી તકરાર ઉપરથી અસલ અરજી રદ કરેલી હતી (બદમો મોઇ વી. આનંદચંદ્ર (૧૮૭૪) ૨૨ વી. રી. ૧૨૦; પરંતુ જુઓ અખીલચંદ્ર વી મોહીની મોહન (૧૮૭૯) ૪ ક. લા. રી. ૪૯૧; શ્રી સીધેશ્વર વી. હરીહર (૧૮૮૮) ૧૨ મું. ૧૫૫). વાદીનો દાવો એક મુનસીફે પોતાની હકુમત ઉપગનો છે એમ ઠરાવીને કાહાડી નાંખ્યો. તેણે અપીલ કરી. અપીલ કોર્ટે તે મુનસીફનો ફેંસલો ફેરાવીને તે દાવાની તપાસ કરવાને તેમને હુકમ કર્યો; તેમણે તે પ્રમાણે કરીને તે દાવો કાહાડી નાંખ્યો; પરંતુ અપીલ કરવા ઉપરથી

વાદીએ એક હુકમનામુ મેળવ્યું. સ્પેશીઅલ અપીલમાં પ્રતીવાદીએ ફરીથી તે સવાલ ઉઠાવ્યો પરંતુ એવું ઠરાવ્યું છે કે તે પ્રમાણે કરવાનો તેનો હક નથી. કોર્ટે ઠરાવ્યું છે કે તે કામ ચાલતાં આ વખતે હકુમત વીષેની હરકત લઇ શકાતી નથી; તે અપીલવાળાનો તારીખ ૧૪ જુન સને ૧૮૭૨ ના રોજ કરેલા હુકમ ઉપર સ્પેશીઅલ અપીલમાં અહિંઆં આવવાનો હક હતો. હકુમતના આ સવાલનો ગુણ દોષ સાથે સબંધ નથી અને એકાદો દાવો કેવા રૂપમાં કરવો જોઇએ તે સબંધીજ માત્ર છે (કૈલાશચંદ્ર વી. અશરફ (૧૮૭૪) ૨૨ વી. રી. ૧૦૧; અને જુઓ દતુ વી. કસાઇ (૧૮૮૪) ૮ મું. ૫૩૫ જુઓ આગળ હકુમત અને સને ૧૮૮૭ ના એકટ ૭ થી તેમાં કરેલો ફેરફાર તથા કલમ ૯૫ ની નોટ).

ખર્ચ—જ્યારે એક દાવો હકુમતની ખામીને લીધે કાહાડી નાંખેલો હોય અથવા દાવા અરજી પાછી આવેલી હોય તો પ્રતીવાદીનો પોતાનું ખર્ચ મળવાનો હક થાય છે. (મોર્શીંગગન વી મઝારી (૧૮૮૭) ૧૨ ક. ૨૭૧).

સ્મોલકોઝ કોર્ટ—મુનસીફની કોર્ટ—જ્યારે એકાદા મુનસીફને સને ૧૮૭૧ ના એકટ ૬ પ્રમાણે રૂ. ૫૦ સુધીનો અખત્યાર આપેલો હોય અને તેજ જગોએ સને ૧૮૬૫ ના એકટ ૧૧ પ્રમાણે રૂ ૫૦૦) સુધીની હકુમતવાળી એકાદી સ્મોલકોઝ કોર્ટ હોય તો જો ૫૦) રૂ કરતાં વધારે રકમનો સ્મોલકોઝ કોર્ટને તપાસવા લાયક દાવો ના હોય તો તે દાવો મુનસીફની કોર્ટમાંજ કરેલો જોઇએ (દ્વારકનાથ દત વી. ભથુ (૧૮૭૪) ૨૨ વી. રી ૪૫૭). માટે જુદી જુદી પૈસા બાબતની હકુમત સાથે બે કોર્ટો હોય અને તે કોર્ટને તે કામની તપાસ કરવાને હકુમત હોય તો ઉતરતી મર્યાદાવાળી કોર્ટમાં તે દાવો દાખલ કરવો જોઇએ. (મોહનીઅલ વી. વીરા (૧૮૮૮) ૧૨ મું. ૧૬૯). સને ૧૮૧૬ ના કાયદા ૬ પ્રમાણે મદ્રાસમાં ગામના મુનસીફો દસ રૂપીયા કરતાં વધારે નહિં તેવા દાવાની તપાસ કરવાને ઠાવેલા છે તે મુનસીફોને આ નીયમ લાગુ થતો નથી અને આવા કામોમાં સ્મોલકોઝ કોર્ટોને તથા મુનસીફોને એક સરખી હકુમત છે તેથી એક કોર્ટ બીજી કોર્ટને બાતલ કરી શકતી નથી (પરશુરામ પીલે વી. રામસામી (૧૮૬૯) ૫ મ. હા. કો. ૪૫). હાલના કાયદા વીષે જુઓ સને ૧૮૮૭ એકટ ૯ ની કલમ ૧૬ અને ૨૩. સને ૧૮૮૯ ના એકટ ૧ ની કલમ ૧૩ ના વીષેશ ઠરાવ ૩ માં "જમીન" એવો શબ્દ છે તેમાં એકાદા મકાનથી ઢંકાયલી જમીન આવી જાય છે, અને પ્રતીવાદીએ એક લખેલો કરાર કરીને સહી કરેલી ના હોય તો ઘરના ભાડાનો દાવો ગામના મુનસીફની કોર્ટમાં ચાલવા લાયક નથી (નારાયણ નમા વી. કામક્ષમા (૧૮૯૭) ૨૦ મ. ૨૧).

સ્માલકોઝ કોર્ટોની હકુમત—સામાન્ય.—જાતને ઇજા કર્યાથી નુકશાની બાબતના દાવામાં પરીણામે ખરી રીતે નાણાં સબંધી નુકશાન થયેલું હોય તો જે નુકશાન વીષે સ્માલકોઝ કોર્ટ તપાસ કરી શકતી ના હોય તે નુકસાનના તે દાવાના એક બીજા ભાગના દાવામાં સામેલ થવાનો તે સખસનો હક છે (માનસીંગલાલન વી. થેરામ (૧૮૭૪) ૨૧ વી. રી. ૩૯૫); પરંતુ હાલના કાયદા વીષે જુઓ સને ૧૮૮૭ ના એકટ ૯ ની કલમ ૧૫ અને જીવરામ વી. ભોલા (૧૮૮૮) ૧૦ અ. ૪૯ ના ઠરાવનો મુકાબલો કરો. તમામ પ્રતીવાદીઓ ઉપર એક સ્માલકોઝ કોર્ટને દાવો સાંભળવાની હકુમત ના હોય તો તે કોર્ટને તે દાવો તપાસવા લાયક નથી (પરસોતમ વી. પ્રેમાહરજી (૧૮૯૮) ૨૧ મું. ૧૨૧). ઓરડર ૨૧ રૂલ ૫૮ પ્રમાણે અમુક જપ્ત કરેલી જંગમ મીલકત ઉપરનો વાદીનો દાવો અપાવામાં આવેલો નહિં હતો તો પણ તે મીલકતનો કબજો લેવાને સ્માલકોઝ કોર્ટમાં તે દાવો કરી શકે છે. જો કે તેમાં હુકમનામુ રૂપમાં દેખીતું હક ઠરાવ્યાનું થાય છે તો પણ વાસ્તવીક

રીતે તે દાવો માલ સબંધીનો છે. વાદી સ્મોલકોઝ કોર્ટની હકુમતની અંદર આવે તે પ્રમાણે દાવો કરવાને પોતાના દાવાનો ભાગ છોડી દઈ શકે છે (રઘુનાથ વી. સારો શકામા (૧૯૦૦) ૨૩ મું. ૨૬૬). વાદીએ પોતાની જમીનના માલેક પાસેથી જે રકમ વાદીના ઢોર અટકાવીને પોતાની પાસે નીકળતા લેણા કરતાં વધારે વસુલ કરેલી તે લેવાને દાવો કર્યો તેમાં ઠરાવ્યું છે કે તે દાવો સ્માલકાઝ કોર્ટને તપાસવા લાયક છે (કરૂપાના વી. રમાસામી (૧૮૯૮) ૨૧ મ ૨૩૯). જમીનનો કબજો તથા ભોગવટા કર્યો બાબત નુકશાનીનો દાવો સ્માલકાઝ કોર્ટને તપાસવા લાયક છે (વીરાપીલાઇ વી. રંગાસામી (૧૮૯૯) ૨૨ મ. ૧૪૮). એક મંદીરના વહીવટદારે પોતાની પુર્વે થયેલા સખસે કસુર કરેલી તેથી તે મંદીરને નુકશાન થયેલું તે નુકશાન બાબતનો દાવો કર્યો છે તો તે દાવો સ્માલકોઝ કોર્ટને તપાસવા લાયક નથી (ક્રીષ્ણાયર વી. સુદરાજ (૧૮૯૩) ૨૧ મ. ૨૪૫). અમુક બક્ષીસની સરતો પ્રમાણે વ્હેંચણુ કરવા લાયક મીલકતમાંનો એક હિસ્સો લેવાને એક મુસલમાન દાવો કરેતો તે સ્માલકાઝ કોર્ટને તપાસવા લાયક નથી. (મીરઅલી વી. મહમદ હુસેન (૧૮૯૨) ૧૪ અ. ૪૧૩).

પ્રોવીન્શીઅલ સ્મોલકોઝ કોર્ટ.—સને ૧૮૮૭ ના એક્ટ ૯ પ્રમાણે તે એક્ટના બીજા પ્રશીષ્ટથી બાતલ કરેલા ન હોય તેવા તમામ દીવાની પ્રકારના દાવા તપાસવાને સ્મોલકોઝ કોર્ટને અખત્યાર છે, માટે તે દાવા અરજીમાં દાવાના પ્રકારનુ વર્ણન કરેલું હોય તે પ્રમાણે હકુમતના સવાલનો નીર્ણય થાય છે અને ડીફેન્સ જે પ્રકારનો હોય તે ઉપરથી થતો નથી (બાપુજી વી કુંવરજી (૧૮૯૨) ૧૫. મું. ૪૦૦) એક ઓઇલ મીલને નુકશાન થવાથી કંમ્પને સેશન બાબતનો દાવો સ્માલકોઝ કોર્ટમાં ચાલે છે (બનવારીલાલ વી. સેક્રેટરી ઓફસ્ટેટ (૧૯૦૦) ૧૭ ક. ૨૯૦; તેવીજ રીતે જમીનના કબજા ભોગવટા બાબત નુકશાનનો દાવો ચાલે છે (મખનલાલ વી. ગરી બુલ્લા (૧૮૯૦) ૧૭ ક. ૫૪૧); અથવા જબરાઇથી ચાર કાપીને લઇ જવાથી થયેલા નુકશાંન બાબતનો દાવો ચાલે છે (ક્રીષ્ણા પ્રસાદ વી. મૈઝુદ્દીન (૧૮૯૦) ૧૭ ક. ૭૦૭); અથવા વાદી અને પ્રતીવાદીની મઝીઆરી મીલકતનુ એક નાળું દુરસ્ત ઠરાવાનું ખર્ચ લેવાનો દાવો ચાલે છે (પીશર વી. મદુરાના કલેક્ટર (૧૮૯૨) ૧૫ મ. ૧૫૫) પરંતુ દરમીયાન ઉપજ બાબતનો દાવો ચાલતો નથી (શ્રીરામ વી. કાળીદાસ (૧૮૯૧) ૧૮ ક ૩૧૬, તોપણ આ ઠરાવ કુંજ બીહારી વી. માધબચંદ્ર (૧૮૯૬) ૨૩ ક. ૮૮૪ ના કામના ફુલબેંચના ઠરાવથી રદ કરેલો છે); અથવા એક્ઝીક્યુટરોએ પોતાની પાસે આપવાને જોઇતી મીલકત છે અથવા તેઓએ તે આપવાને કબુલ કરેલું છે એવું કેહવામાં આવેલું ન હોયતો મૃત્યુપત્ર લીખા પીંતદાન લેવાનો દાવો ચાલતો નથી (અખઇ કુમાર વી. કૈલાસચંદ્ર (૧૮૯૦) ૧૭ ક. ૩૮૭); અથવા હકની રૂઇએ ઉભો પાક લેવાના હક ઠરાવવાનો દાવો ચાલતો નથી (દખાયની વી. દોલગોવીંદ (૧૮૯૪) ૨૧ ક. ૪૩૦); અથવા ફાળો લેવાનો દાવો ચાલતો નથી (ભાતુસીંગ વી. રામા માહતન (૧૮૯૬) ૨૩ ક. ૧૮૯), અથવા "જુદી" જે ફાવતી શરતોથી એક સાંથ થાય છે તે લેવાનો દાવો ચાલતો નથી (વ્યંકટગીરી વી. વ્યંકટરાવ (૧૮૯૮) ૨૧ મ. ૨૪૩). અથવા એક પંત્તાળામાંથી નીકળી ગયેલો ભાગીદાર હોય તે નીકળી જવાના અવેજમાં જે ભાગીદારો જારી રહ્યા હોય તેમણે નાંણા આપવાને કબુલ કરેલું છે એમ કહીને તે નીકળી ગયેલો ભાગીદાર તે નાંણા બાબત દાવો કરે તે ચાલતો નથી (ફ્રેઝીલ વી. ચંગામલ (૧૮૯૭) ૧૯. અ. ૫૧૩). એક લખેલા કરારની રૂઇએ ચઢેલી ખોરાકી પોશાકી લેણી થયેલી હોયતો તે બા-

બતનો દાવો સ્માલકાઝ કોર્ટમાં ચાલતો નથી. (સાંમીનાથ વી. મંગળ થામલ (૧૮૯૭) ૨૦ મ. ૨૯) ઈનામી ગામોની ઉપજમાંનો અમુક હિસ્સો લેવાને રૂ ૧૩૦) ની રકમનો દાવો કરવામા આવેલો તો તે સ્માલકાઝ કોર્ટમાં ચાલે છે (દામોદર વી. ચીંતામણ (૧૮૯૩) ૧૭ મું. ૪૨). પ્રતીવાદીના બાપે રૂ ૧૫૦) આપવાને કરાર કરેલો તેમાં રૂ ૫૦) વાદીની માની ખોરાકી પોશાકી બાબતના છે અને બાકીની રકમ એક મંદીરના ખર્ચ બાબતની છે તેથી તે કરારની રૂઇએ રૂ ૪૦૦) ચઢેલા કેહવામાં આવેલા છે. તે લેવાને વાદીઓએ પુનાની સ્મોલકોઝ કોર્ટમાં દાવો કર્યો. તે જડજે તે દાવો કહાડી નાંખ્યો એવું ઠરાવીને કે તે વંશપરંપરાના એલાઉન્સ બાબતનો દાવો છે તેથી તે સ્થાવર મીલકત સંબંધીનો દાવો થાય છે. કલમ ૨૫ પ્રમાણે હાઇકોર્ટને અરજી કરતાં હાઇકોર્ટે ઠરાવેલું છે કે તે દાવો સ્થાવર મીલકતના કબજા બાબતનો નથી અથવા તેવી મીલકતમાંનું હીત લેવાનો દાવો નથી માટે સ્માલ કાઝ કોર્ટને હકુમત છે (વીશ્નુ ગણેશ વી. યશવંતરાવ (૧૮૯૭) ૨૧ મુ. ૩૮૭). મદ્રાસના સને ૧૮૬૫ ના સાંથ વસુલ કરવાના એકટની કલમ ૧૫ પ્રમાણે અમુક મીલકત જપ્ત કરેલી હતી તે જપ્તી રદ કરવામાં આવી અને તે મીલકત માલેકોને પાછી સોંપવાનો હુકમ કરવામાં આવ્યો હતો. તે હુકમનો અમલ કરવામાં આવ્યો નહિં તેથી ગેર કાયદે મીલકત રાખ્યા બાબત તે મીલકતની કીંમત બાબત તે માલેકોએ સ્માલકાઝ કોર્ટમાં દાવા દાખલ કર્યા. તેમાં ઠરાવ્યું છે કે સને ૧૮૮૭ ના એકટ ૯ ના પ્રસીષ્ટ ૨ ની આર્ટીકલ ૩૫ (જ) પ્રમાણે સ્માલકાઝ કોર્ટની હકુમતમાંથી તે દાવા બાતલ કરેલા નથી (ચકધા રૂડુ વી. વ્યંકટ રામાયા (૧૮૯૯) ૨૨ મ. ૪૫૭).

પ્રેસીડન્સી સ્મોલ કોઝ કોર્ટ—સને ૧૮૮૨ ના એકટ ૧૫ ની કલમ ૧૮ પ્રમાણે આ કોર્ટને જે હકુમત આપેલી છે છે તેને ૫૧ વીક, બાબ. ૪, કલમ ૭ થી હરકત થયેલી નથી (એટસ વી. બ્લેકેટ) (૧૮૯૧) ૧૮ ક. ૧૪૪; વોલીસ વી. બેલી (૧૮૯૧) ૧૮ ક. ૩૭૨) જે પ્રકારનો દાવો રજુ કરવામાં આવેલો હોય તે ઉપરથી હકુમતનો નીર્ણય થાય છે અને ડીફેન્સ ઉપરથી થતો નથી (બાપુજી વી. કુંવરજી (૧૮૯૧) ૧૫ મું. ૪૦૦. એક કામની હકીકત લખી મોકલવા વીષે જુઓ રાલી બ્રધરસ વી. ગોકળભાઇ (૧૮૯૧) ૧૫ મું. ૩૭૬. ખર્ચ વીષે જુઓ ઇસ્માઇલ અરીફ વી. લેસ્લી (૧૮૯૭) ૨૪ ક. ૩૯૯) પર રાજ્યનો એકાદો સખસ મુંબાઇમાં એક મુનીમ મારફતે રોજગાર કરતો હોય પણ તે મુંબાઇમાં રેહતો ના હોય તો પણ તે પરરાજ્યના સખસ ઉપરના દાવાની તપાસ કરવાને મુંબાઈમાં સ્માલ કાઝકોર્ટને હકુમત છે (ગીરધર વી કાસીગર (૧૮૯૩) ૧૭ મું. ૬૬૨. પરંતુ જુઓ અનામલાઇ વી. મરૂસા (૧૯૦૩) ૭. વી. નોટ ૭૫૪; લા. રી. ૩૦. ઇ. અ. ૨૨૦; અને તાડેપાલી વી. સયેપ (૧૯૦૬) ૨૯ મ. ૬૯, ૨૭૯). એક કરારમાં બે માસે વ્હાણમાં માલ ચઢાવામાં આવે તે લેવો પણ પ્રતીવાદીએ તે લેવાને અથવા તે માલ ચઢાવ્યા બાબત તે કરાર પ્રમાણે નાંણાં આપવાને ના કહી તેથી બે વખત કરાર તોડવાથી જે નુકશાન થયલું તેની કુલ રકમ રૂ ૨૦૦૦) કરતાં વધારે થયેલી હતી પરંતુ જો તે દાવા જુદા જુદા કરવામાં (આવે તો તે રકમ કરતાં ઓછા થતા હતા. તે કરારમાં ઠરાવ્યું હતુ કે દરેક વખતે માલ ચઢાવામાં આવે તે એક જુદા કરાર તરીકે ગણવો. ઠરાવ્યુ છે કે દરેક વખત માલ ચઢાવ્યા સબંધીમાં થયેલું નુકશાન લેવાને જુદા દાવા કરવાનો વાદીનો હક થાય છે માટે પ્રેસીડન્સી સ્મોલ કોઝ કોર્ટને હકુમત છે. (વોકટ વી સબજ્યુ સાહેબ (૧૮૯૬)૧૯ મ. ૩૦૪).

મદ્રાસ શહેરની દીવાની કોર્ટ—એક પક્ષકારના ઉપર મદ્રાસની સ્માલકાઝ કોર્ટ

હુકમનામુ કરેલું તેથી તે પક્ષકારની મીલકત તરીકે એક મકાન જપ્ત કરીને વેચાવામાં આવેલું હતું. તે મીલકત વેચાવામાં આવી અને મદ્રાસ શેહરની દીવાની કોર્ટમાં તે વેચાણની કીંમત ભરવામાં આવી સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની કલમ ૩૧૦ અ, પ્રમાણે તે વેચાણ રદ કરવામાં આવ્યું હતું, તે વેચાણની કીંમતનો ભાગ તેના તેજ પ્રતીવાદી ઉપર તે સ્માલ-કાઝ કોર્ટે પાછળથી હુકમનામાં કરેલા તેની બજાવણીમાં જપ્ત કરવામાં આવ્યો હતો તેથી તે જપ્તીની રૂઇએ તે વેચાણથી કીંમતનો ભાગ કોર્ટમાં આપવામાં આવ્યો હતો. તેથી જુદા જુદા જે સખસોને તેમાંથી જે ભાગ મળેલાં તે સખસો પાસેથી તે વેચાણના નાંણા પાછા લેવાને ખરીદદારે એક દરખાસ્ત કરેલી હતી ઠરાવ્યુ છે કે તે શહેરની દીવાની કોર્ટને તે દરખાસ્ત સાંભળવાની હકુમત હતી (વીરાસામી વી. લીધાધર (૧૮૯૮) ૨૧ મ. ૩૯૮).

કેન્ટોનમેંટ મેજીસ્ટ્રેટની કોર્ટ—જુઓ સુંદીરદાસ વી. મોહનદાસ (૧૮૯૫) ૯ મું. ૪૫૪)

કોર્ટ ઓફ્ રીકવેસ્ટ—શેર અલ્લી વી. પ્રેન્ડરગાસ્ટ (૧૮૮૬) ૧૩ ક. ૧૪૩)

રેવન્યુ કોર્ટો—વાવવ્ય બાજુ,—એક પટે રાખનારે એક જમીનનો કબજો લેવાને પોતાની જમીનના માલેક ઉપર દાવો કરવો હોય તો રેવન્યુ કોર્ટોમાં કરવો જોઇએ (મુઆ-ઝીમ અલ્લી વી. શીવપ્રસાદ (૧૮૭૪) ૭ અ. હા. કો. ૨૫૯; ચીદુ વી. નરપત (૧૮૮૬) ૮ અ. ૬૨). અને એક પટે રાખનારના કબજો છોડાવાના દાવામાં જો દરમીયાન ઉપજનો દાવો એકઠો કરેલો હોય તો દીવાની કોર્ટને હકુમત મળતી નથી (રામઓતર વી. તાલીમંદી (૧૮૭૪) ૭ અ. હા. કો. ૪૯); પરંતુ એકાદો કબજો લેવાનો દાવો એવું કહીને કરેલો હોય કે વાદીઓ કબજા વાળી રૈયત છે અને દરમીયાન ઉપજ વીષે બીજા સખસ ઉપર વીરૂદ્ધ હક બતાવીને કરેલો હોય તો તે દાવાની તપાસ કરવાને દીવાની કોર્ટને અટકાવ કરેલો નથી (માતા પ્રસાદ વી. જાંનકી (૧૮૭૪) ૭. અ. ૨૨૬; રઘોબર મીસર વી. સીતળ ૭ અ. હા. કો. ૨૨૮); અથવા સર જમીનનો કબજો લેવાને દાવો એવા કારણથી કરેલો હોય કે પ્રતીવાદીઓ એ કાંઇ પણ હક વાંના કબજો લીધેલો છે તો તેની તપાસ કરવાને આ એકટ-થી અટકાવ કરેલો નથી (ગીસા વી. દીદારી (૧૮૭૪) ૭. અ. હા. કો. ૨૫૭). અથવા એક ભઝીઆરા માલેકે એક બીજા માલેક ઉપર દાવો કરેલો હોય તો તેની તપાસ કરવાને અટકાવ કરેલો નથી (બીરબલ વી ટીકારામ (૧૮૮૨) ૪. અ. ૧૧); તોપણ એક પટે રાખનાર તે મરજીમાં આવે ત્યાં સુધી પટે લેનાર છે એવું ફક્ત ઠરાવાની દાદ કોઇ કોર્ટમાં મેળવી શકાતી નથી (બનારસના મહારાજા વી. એંગન (૧૮૮૫) ૭ અ. ૧૧૨) તેમ જે સખસો પટે રાખનારા કબુલ થયેલા છે તે સખસોના મર્તબાનો નીર્ણય કરવાને દાવો ચાલતો નથી (મહેશ્વરાય વી. ચંદ્ર (૧૮૯૧) ૧૩ અ. ૧૭; સકીના વી. સ્વાર્થરાય (૧૮૯૩) ૧૫ અ. ૧૧૫); એક લંબરદાર અને તેના સહિસ્સેદારોની વચમાં જમીનની ઉપજ સંબંધીનો એ-કાદો દાવો રેવન્યુ કોર્ટો સાંભળી શકતી નથી (ગંગાપ્રસાદ વી. ચંદ્રાવતી (૧૮૮૫) ૭ અ. ૨૫૬ અને જુઓ અતુસીંગ વી અજુધ્યા (૧૮૭૧) ૯ અ. ૨૪૯); તેમ જમીન ઉપર સર જમીન તરીકેનો હક ઠરાવાનો દાવો રેવન્યુ કોર્ટો સાંભળી શકતી નથી (કૈલાશરપાંડે વી. ગીરધારી (૧૮૮૫) ૭ અ. ૩૫૮; અને જુઓ શીવદીશીત વી. રામેશ્વર (૧૮૮૫) ૭ અ. ૧૮૮; માધુસીંગ વી. અજુધ્યા (૧૮૮૮) ૧૫ ઇ. અ. ૭૭; ૧૫ ક. ૫૧૫; મહાદેવસીંગ વી. બચુસીંગ (૧૮૮૯) ૧૧ અ. ૨૨૪); તેમ જમીનના માલેક તરીકે એકાદો સખસ દાવો રાખતો હોય તેના ઉપર સાંથ લેવાના હકનો નીર્ણય કરવાને દાવો ચાલતો નથી (ગોવીંદરામ

વી. નારાયણદાસ (૧૮૮૭) ૯ અ. ૩૫૪; અને જુઓ મીરજાઆનંદ વી. માનસુમ (૧૮૯૧) ૧૩ અ. ૩૬૪); તેમ એકાદા પટે રાખનારને પોતાના કબજાની જમીન જે પ્રકારની હોય તેમાં ફેરફાર કરતાં અટકાવાને દાવો ચાલતો નથી; (ગંગાધર વી. ઝાહુરીયા (૧૮૮૬) ૮ અ. ૪૪૦ અને જુઓ મઝરૂદ્દ વી. અલ્લી ઇફતકર (૧૮૮૮) ૧૦ અ. ૬૩૪); તેમ ઝાડ ખશેડવાનો દાવો ચાલતો નથી (પ્રસનોમાઈ વી. માનસ (૧૮૯૮) ૯ અ. ૩૫).

જમીનમાં હક ઠરાવાને જે પક્ષકારો તકરાર કરતા હોય તે પક્ષકારોનો હક સેટલમેંટ ઓફીસર નક્કી કરી શકતા નથી (તોતારામ વી. હરકીશન (૧૮૮૫) ૭ અ. ૨૨૪); એકાદા જે કામમાં કેટલાક પ્રતીવાદીઓમાંના કેટલાક સહિસ્સેદાર હોય અને બીજાઓએ કબજા સાથેના ગીરો રાખનાર હોય અને તે પ્રતીવાદીઓ વીરૂધ માલેકોને જમીનનુ ચઢેલું મહેસુલ આપવાનું હોય તે બાબતનો એક દાવો લંબરદારે કરેલો હોય તો તેમાં ઠરાવ્યું છે કે આવો દાવો સને ૧૮૮૧ ના વાવ્ય પ્રાંતના સાંથના એકટની કલમ ૯૩ ના હેતુ પ્રમાણેનો છે. અને તે તમામ પ્રતીવાદીઓ ઉપરના દાવા તરીકે રેવન્યુ કોર્ટને તપાસવા લાયક છે (લછમન વી. ગાઝી (૧૮૯૩) ૧૫ અ. ૧૩૭). વાદી પોતે કબજા સાથેના પટે રાખનાર છે તેમ છતાં તેમની જમીનના માલેકોએ તે દાવાવાળી જમીનનો પટો કરી આપેલો તો પણ ખોટી રીતે કબજો લઇ લીધો છે એવું તેણે કહીને જમીનના માલેક અને તેમની પાસેથી પટે રાખનારા ઉપર કબજા બાબતનો તથા નુકશાની બાબતનો દાવો કર્યો; ઠરાવ્યું છે કે આવા દાવો ફકત એકાદી રેવન્યુ કોર્ટને તપાસવા લાયક છે (તારાપત વી. રામરતન (૧૮૯૩) ૧૫ અ. ૩૮૭). એકાદી જમીનના કબજેદારને વાવેતર જમીનના પટે રાખનાર પાસેથી કબજો છોડાવાની મરજી થવાનું કારણ હોય તેનો તે એક પટે રાખનાર પાસેથી કબજો છોડાવાને કામ ચલાવવાની જે રીતે પસંદ કરવામાં આવે તે સાથે કાંઇ સબંધ નથી. જ્યારે સને ૧૮૮૧ ના વાયવ્ય પ્રાંતના સાંથના એકટની કલમ ૩૬ માં ઠરાવેલી કામ ચલાવવાની રીતી ઉપયોગમાં આવે તેવી હોય તો તે રીતી પ્રમાણે જમીનના કબજેદારે ચાલવું જોઇએ અને જમીનના કબજેદારે પોતાનો હક પટે રાખનારે ઇનકાર કરેલો છે તેથી દાવાનું કારણ બતાવેલું હોય તો તે કબજેદારને દીવાની કોર્ટમાં કબજો છોડાવાનો દાવો કરવાનો હક મળતો નથી (રામસુખ વી. ગોકળચંદ (૧૮૯૯) ૨૧ અ. ૧૪૩). સ. પ. વીગેરે જમીનદારો છે તેથી તેમણે પ્રવેશ કરનાર તરીકે અ. ક વીગેરે છે તેમની પાસેથી અમુક જમીન કે જે વાદીની જમીનદારીનો ભાગ કે કહેવામાં આવેલો છે તેનો કબજો છોડાવવાને દાવો કર્યો પ્રતીવાદીઓએ તકરાર કરી છે કે એક સ. ગ. એ દાવાવાળી જમીનના મુકરર દરથી પટે રાખનાર છે. તેની પાસેથી કબજા સાથે એક ગીરો કરી આપવામાં આવેલુ છે અને તે ગીરોની રૂઇએ અમે ગીરો રાખનાર તરીકે તે કબજો રાખેલી છે. તેમાં એવું માલુમ પડયુ કે સ. ગ. કબજા સાથેનો પટે રાખનાર મુકરર દરથી નહોતો પરંતુ તે દાવો દાખલ કરતાં પહેલાં વારસ વીના મરણ પામેલો છે. ઠરાવ્યું છે કે ઉપરની હકીકતથી કરેલો દાવો એકાદી દીવાની કોર્ટને તપાસવા લાયક છે (માહબીર વી. શીવપ્રસાદ (૧૮૯૪) ૧૬ અ. ૩૨૫); વળી જુઓ અલતાફઅલ્લી વી. લલતાપ્રસાદ (૧૮૯૭) ૧૯ અ. ૪૯૬).

બંગાળા:—સને ૧૮૬૯ ના એકટ ૮ થી બંગાળાના ઘણાખરા ભાગમાંથી રેવન્યુકોર્ટો કાહડી નાખેલી છે અને સાંથના દાવાની તપાસ સાધારણ દીવાની કોર્ટોને સોંપેલી છે. સને ૧૮૮૫ ના એકટ ૮ થી હાલ તે વીષે નીયમો બાંધેલા છે. હકુમતનો આ સવાલ કવચીત જ ઉત્પન્ન થઇ શકે છે. માટે એવુ ઠરાવેલુ છે કે સને ૧૮૬૯ ના એકટ ૮ પ્રમાણે એકાદો દાવો ખોટી રીતે દાખલ કરેલો હોય પણ જો સામાન્ય ક્રમ ચલાવાની રીતી પ્રમાણે જો તે

કોર્ટ દાદ આપી શકતી હોય તો તે દાવો કહાડી નાખવામાં તે કોર્ટ વ્યાજબી કરતી નથી. (જલાલુદીન વી. બર્ન (૧૮૭૨) ૨૨ વી. રી. ૯૯; ગોબીંદ માહાતુન વી. રાયખેલવાન (૧૮૭૪) ૨૨ વી. રી. ૪૬૮); જો જરૂર હોય તો તે કોર્ટે દાવા અરજી દુરસ્ત કરવાને પરવાનગી આપવી જોઇએ (ગોવીંન્દ્રચંદ્ર વી. વૈકુંઠનાથ (૧૮૭૩) ૧૯ વી. રી. ૧૬૧). સાંથના કાયદા પ્રમાણે સાંથ વધારવાનો જે દાવો તપાસ કરવા લાયક નથી તે સાધારણ કામ ચલાવવાની રીતી પ્રમાણે લાવી શકાય છે (પોરેશ નારાયણ વી. વોટસન (૧૮૭૮) ૩ ક. લા. રી. ૫૪૩).

હકુમતની હરકતો કેવી રીતે ઉઠાવવી:—એકાદી જે કોર્ટને હકુમત ન હોય તો તે કોર્ટ એક કામની તપાસ કરી શકતી નથી; જો તે તપાસ કરે તો એક ખાનગી લવાદ કરતાં કાંઇ વધારે નથી (લાલમોની ડોસી વી. જદુનાથ શાહુ ૧ ઇંડિ. જ (એન. એસ) ૩૧૯), અને પ્રતીવાદી હકુમતને તાબે થાય તેથી અપીલ કોર્ટની તે ફેંસલો રદ કરવાની જે હકુમત છે તે જતી નથી (લેગર્ડ વી. બુલ (૧૮૮૫) લા. રી. ૧૩. ઇ. અ. ૧૩૪; ૯. અ. ૧૯૧; (૧૮૮૭) ભોપેન્દ્રનાથ વી. કાળી પ્રસોનો (૧૮૭૫) ૨૪ વી. રી. ૨૦૫; મુંબાઇ સરકાર વી. રમળસીંગજી (૧૮૭૨) ૯ મુ. હા. કો. ૨૪૨; આકીલચંદ્ર વી. મોહીની મોહન (૧૮૭૯) ૪ ક. લા. રી. ૪૯૧; અને જુઓ ફોસ્ટર વી. યુશરવુડ ૧૮૭૮) ૩ એકસ. ડી ૧; અકલે માનીસા વી. મહમદ હાતમ (૧૯૦૪) ૩૧ ક. ૮૪૯; ૮ ક વી. નોટ. ૭૦૫), પરંતુ એવુ ઠગવેલુ છે કે ઇગ્લાંડમાં કબુલતથી એકાદા જડજ અખત્યાર ઉપરાંત કામ કરે તો અપીલ ચાલતી નથી (વાઇટ વી. બકલે (૧૮૬૬–૯) લા રી. ૧. એચ. એલ. એસ. સી. ૭૦). તો પણ તે ફેંસલાથી જે સખસ નીશફળ થયેલો તે પેહલી અપીલમાં જીતે તો બીજી અપીલમાં હરકત લઈ શકતો નથી (બીકેટ વી. મોરીસ (૧૮૬૬–૯) લા. રી. ૧. એચ. એલ. એસ. સી. ૪૭). ઇંડીયામાં જ્યાં એકાદી અપીલ ચાલતી હોય ત્યાં હકુમતના સવાલ વીષે અપીલો હમેશાં કરવાની પરવાનગી આપવામાં આવે છે (નારોહરી વી. અનપૂર્ણાબાઇ (૧૮૮૭) ૧૧ મુ ૧૬૦; બેગર્ડ વી. બુલ. (૧૮૮૫) લા. રી. ૧૩ ઇ. અ. ૧૩૪; (૧૮૮૭) ૯. અ. ૧૯૧; મીનાક્ષી વી. સુબ્રમન્ય (૧૮૮૪) લા. રી. ૧૪. ઇ. અ. ૧૬૯; ૧૧ મ. ૨૬; બીશનમન વી. લેંડમોર્ટગેજ બેંક ૧૧ ક. ૨૪૪; લા. રી. ૧૨. અ. ૭). કામ ચાલતાં છેવટ સુધી જો હરકત લેવામાં આવેલી ના હોય અને હકુમત વીષે શક ભરેલું હોય તો પણ તે દાવો ચલાવી અને તેનો ફેંસલો કરવો તે યોગ્ય રીતી છે (બગરામ વી. મોઝીઝ (૧૮૫૨–૩) ૧. હાઇડ. ૨૮૪. જુઓ અબદુલા વી. અસરફઅલી (૧૯૦૭) ૭. ક. લા. જે. ૧૫૨).

રેગ્યુલર અપીલ:—અપીલના કારણોમાં જ્યારે અસલ કોર્ટની હકુમત વીશે કાંઇ હરકત લેવામાં આવેલી ન્હોતી અને તે સવાલ વીશે તકરાર સાંભળવાને પહેલી અપીલ કોર્ટે ના કહેલી હતી. તેમાં ઠરાવ્યું છે કે તે હરકતનો વીચાર કરીને તે બાબત નીર્ણય કરવો જોઇતો હતો (મોતીલાલ રાંમદાસ વી. જમનાદાસ (૧૮૬૪) ૨ મુ. હા. કો. ૪૦). જો તે ફકત ગેરશીરસ્તે હોય તો તેમ થતુ નથી, અને જ્યારે એકાદા જડજ હકુમત વીના ચાલેલા હોય તો, પ્રીવી કૌંશીલના નામદાર સાહેબો જો કે હિંદુસ્થાનમાં અસલ કોર્ટમાં અથવા અપીલ કોર્ટમાં તે હરકત ઊઠાવેલી ના હોય તો પણ, તે હુકમનામુ રદ કરેલુ છે (રામકીશન વી. દીપા (૧૮૯૧) ૧૨ અ. ૫૮૦, હરનારાયણ વી. ભગવંત કુવર (૧૮૯૧) ૧૩ અ. ૩૦૦; લા. રી. ૧૮. ઇ. અ. ૫૫).

કબુલાતઃ—જ્યારે એક કોર્ટની હકુમત ના હોય ત્યારે પક્ષકારોની કોઇ કબુલતથી હકુમત તે કોર્ટને આપી શકાતી નથી. (અખીલચંદ્ર વી. મોહીની મોહન (૧૮૮૦) ૫ ક. ૪૮૯. વળી જુઓ મુંબાઇ સરકાર વી. રમળસીંગજી) (૧૮૭૨) ૯ મુ. હા. કો. ૨૪૨; અને ભુપેંદ્રનાથ વી. કાવીપ્રસંનો (૧૮૯૫) ૨૪ વી. રી. ૨૦૫; બાબુજી વી. લક્ષ્મીબાઇ (૧૮૮૫) ૯ મુ. ૨૬૬; અકલે મોનીસા વી. મહમદ હાતમ (૧૯૦૪) ૩૧ ક. ૮૪૯; ૮ ક વી. નો ૭ ૫). પરંતુ પ્રેસીડંસી સ્માલકાજ કોર્ટ એક્ટ (સને ૧૮૮૨ ના ૧૫) ની ક. ૨૦ થી એવુ ઠરાવેલુ છે કે "એકાદો દાવો અથવા દાવાળી બાબત બે હજાર રૂપીયા કરતા વધારે રકમની ના હોયતો તે દાવો સ્માલકાજ કોર્ટને તપાસવા લાયક છે, માટે તે દાવાના પક્ષકારોએ લખેલો કરાર કરેલો હોય તે સ્માલકાજ કોર્ટને તે દાવાની તપાસ કરવાની હકુમતો પછી તે દાવો અથવા દાવાવાળી બાબત બે હજાર રૂપીયા કરતાં વધારેની હોય તો પણ તે દાવાની તપાશ કરવાને તે કોર્ટને હકુમત મળે છે"—

છોડી દેવામાં આવે તે—હકુમત છોડી દેઇ શકાતી નથી (મીનાક્ષી વી. સુબ્રમન્ય (૧૮૮૪) લા. રી. ૧૪ ઇ. અ. ૧૬૦; ૧૧ મ. ૨૪; શાંકુમણી વી. છકોરન (૧૮૯૦) ૧૩ મ. ૨૧૧, ગેર શીરસ્તે થએલી બાબત છોડી દીધી શાથી થાય છે તે વીશે જુઓ લેગર્ડ વી. બેલ (૧૮૮૫) લા. રી. ૧૩ ઇ. અ. ૧૩૪; (૧૮૮૭) ૯ અ. ૧૯૧). એકાદી કોર્ટની હકુમતને તાબે એક પ્રતીવાદી ના હોય અને તેણે પોતાના ઊપરના પ્રથગના દાવામાં પોતાનો હક છોડી દીધો હોય તો તેથી જે એક દાવામાં તે એવી તકરાર કરેકે તે હકુમતના તાબામાં હું નથી તો તે દાવો સાંભળવાને કોર્ટને હકુમત આપવામાં આવતી નથી (બીરચંદ્ર માંણુક વી. નોબો દીપચંદ્ર (૧૮૮૩) ૯ ક. ૫૩૫; શામારેંદ્ર ચ. દેબ બારમન વી. બીરેંદ્ર કીશોર દેબ બારમન (૧૯૦૮) ૨ ક. વી. નો. ૭૭૭ (એફ. બી)

હકુમત વીશે હરકત, તે ક્યારે લેઇ શકાય છે.—કામના કાગળો જોતાંજ હકુમતનુ બળવાંન પણુ દેખીતુ હોયતો, તે હકુમત વીશેની હરકત કાંમ ચાલતાં હરકોઇ વખતે લેઇ શકાય છે (સીધેશ્વર વી. હરીહર (૧૮૮૮) ૧૨ મુ. ૧૫૫ નીધીલાલ વી. મઝાર હુશન (૧૮૮૫) ૭ અ ૨૩૦; નોબીન કીશન વી. શીવ પ્રસાદ (૧૮૬૭) ૭ વી. રી. ૪૯૯; આનંદી કુંવર વી. ટાકુર પાંડે (૧૮૬૫) ૪ વી. રી; પ્રચુરણુ ૨૧; સરતીબર વી મેકેનઝી (૧૮૬૫) ૫૨ વી. રી; એક્ટ ૧૦, ૭૬). આવી એકાદી હરકત બીજી અપીલમાં પણુ પહેલ વહેલી લેઇ શકાય છે (ન્યા મુલ્લા વી. નાના વલદ (૧૮૮૯) ૧૩ મુ. ૪૨૪; વીલાય દમ વી. અરૂના ચેલા (૧૮૯૦) ૧૩ મ. ૨૭૩), અથવા હાયકોર્ટે કામ પાછુ મોકલ્યા પછી બીજી અપીલમાં પણ લેઇ શકાય છે (કેશવ વી. વીનાયક (૧૮૯૫) ૨૩ મું. ૨૨). પક્ષકારોની કબુલત અથવા પ્લીડીંગ ઊપરથી જો હકુમતની ખાંમીની તકરાર ખુલ્લી રીતે ઊતપન્ન થએલી ના હોય અને નીચેની કોર્ટોમાં તે તકરાર કરેલી ના હોય તો, સ્પેશીયલ અપીલમાં તે તકરાર સાંભળવામાં આવતી નથી) ન્યામુડી જોરદાર વી. મોનકીફ (૧૮૬૯) ૧૨ વી. રી. ૧૪૦; ૩ બં. લા. રી. ૨૮૩; અને જુઓ મી. જ. બોવીલના વીચારો રીવેલ. વી. બ્લેક (૧૮૭૧–૨) લા. રી. ૭ સી. પી. ૩૦૦ ના ઠરાવમાં); પરંતુ જો કામના કાગળો જોતાંજ તે માલુમ પડતી હોયતો કોર્ટ તે લક્ષમાં લેવી જોઇએ લાડલે વી. રાજી રેખીયા (૧૮૮૯) ૧૩ મું. ૬૫૦; મનીક્ષ વી. સુબ્રમન્ય. સદરહુ; વળી ચંદી ચરણુ વી. એદલજી (૧૮૮૨) ૮ ક. ૬૭૮. જો એક પક્ષકાર હકુમત વીરૂધ તકરાર કરેતો, તે છોડીને જવાને બંધાએલો નથી. તે સામી તકરારની સાથે તે કામ ચલાવી શકે છે હેમલીન વી. બીટલી (૧૮૮૦–૧) ૬ ક્યુ. બી. ડી. ૬૩; લેગર્ડ વી. રદરહુ).

ક્યારે તે લેઇ શકાતી નથી.—બજાવણીના કામમાં તકરારમાં કેટલાક વરસ થયા પછી તે કામ થયેલી ભુલો દુરસ્ત કરાવાને માટે એક દાવો કરવામાં આવેલો તેમાં અસલ કોર્ટે તે કામ ચલાવાને કોર્ટની હકુમત વીષેનો ઇસ્યુ કહાડવાને ના કહેલી છે તે વ્યાજબી છે એવું ઠરાવેલું છે. નીહોરારાય વી. રાધા પ્રસાદ (૧૮૭૯) ૪ ક. લા. રી. ૩૫૩; વળી જુઓ મદન મોહન વી. બરોડા સુંદરી (૧૮૮૧) ૮ ક. લા. રી. ૨૬૧; રાધા ગોબીંદ વી. ઊમા સુંદરી (૧૮૭૫) ૨૪ વી. રી. ૩૬૩; કૈલાસ ચંદ્ર વી. અશરફ અલ્લી (૧૮૭૪) ૨૨ વી. રી. ૧૦૧; રાજનારાયણ વી. રોશાનમલ (૧૮૭૪) ૨૨ વી. રી. ૧૨૬; ઊમા સુંદરી વી. બીપીન બીહારી (૧૮૭૦) ૧૩ ક. વી. રી. ૨૯૨; વેંકટ વીરા રાઘવ વી. ક્રીશ્ન સામી (૧૮૮૩) ૬ મ. ૩૪૪).

ખર્ચ—જ્યારે હકુમતની તકરાર સ્પેશીઅલ અપીલમાં મંજુર રાખેલી હોય ત્યારે ખર્ચ બાબત જુઓ અફતા ફ્રુદ્દીન વી. મોહીની મોહનદાસ (૧૮૭૧) ૧૫ વી. રી ૪૮.—

હુકમનું રૂપ.—જ્યારે હકુમત વીષેની હરકત લેવામાં આવેલી હોય અને તે કામની શરૂઆત વખતે મંજુર રાખેલી હોય ત્યારે દાવા અરજી યોગ્ય કોર્ટમાં આપવા સારૂ પાછી આપવી જોઇએ. (ખુશાલચંદ વી. પામર (૧૮૬૬) ૧. આ. ૨૮૦; અને મુંબાઇમાં કામ ચાલતાની દરમીયાનમાં હરકોઇ વખતે આ નીયમ છે પ્રભાકર ભટ વી. વીશ્વંભર (૧૮૮૪) ૮ મું. ૩૧૩, સ્પેશીઅલ અપીલમાં પણ બાબાજી વી. લક્ષ્મીબાઈ (૧૮૮૫) ૯ મું. ૨૬૬) બંગાળામાં એક સરખો રીવાજ નથી (જયનાદરાય વી. લાલબહાદુરસીંગ (૧૮૮૨) ૮ ક. ૧૨૬). મદ્રાસમાં કોર્ટ તે દાવો અથવા અપીલ કહાડી નાંખે છે અથવા દાવા અરજી પાછી આપે છે (સોનાચેલા વી. માણેકીયા (૧૮૮૫) ૮ મ. ૫૧૬; પરંતુ જુઓ મતીરૂલાન્દી વી. કોટાયન (૧૮૮૭) ૧૦ મ. ૨૧૧). લેગર્ડ વી. બુલનો ઠરાવ આગળ બતાવેલો છે તેમાં પ્રીવીકાઉંસીલના નામદાર સાહેબોએ કહ્યું છે કે "વાદીને પોતાનો દાવો કહાડી નંખાવાને અથવા નવો દાવો કરવાની પરવાનગી સાથે તે પાછું ખેંચી લેવાને ઇલાજ આપવો જોઇતો હતો."

હકુમત નાહં તે—હકુમત વીષે લેગર્ડ વી. બુલ (લા. રી. ૧૩ ઇ. અ. ૧૩૪ આ ઠરાવ પ્રમાણે મીનાક્ષી વી. સુબ્રમન્ય (૧૮૮૯) લા. રી. ૧૪ ઇ. અ. ૧૬૦ ના કામમાં ચાલવામાં આવેલું છે અને તે મંજુર રાખેલો છે; (૧૮૮૮) ૧૧ મ. ૨૬ વળી જુઓ વીષ્નુ સખારામ વી. ક્રીષ્ણરાવ (૧૮૮૭) ૧૧ મું ૧૫૩; નારોહરી વી. અનપુર્ણા બાઈ (૧૮૮૭) ૧૧ મું. ૧૬૦; લાડલી વી. રાજેરેખીયા (૧૮૮૯) ૧૩ મું. ૬૫૦). પેટન્ટ એક્ટ પ્રમાણે આ એક કામ છે અને તે ડીસ્ટ્રીકટ કોર્ટમાં દાખલ કરવું જોઇતું હતું. તે દાવો સબોર્ડીનેટ જડજની કોર્ટમાં દાખલ કરેલો હતો અને પ્રતીવાદીએ તકરાર કરી કે તે કોર્ટને હકુમત નથી અને જો કે પાછળથી તેણે ડીસ્ટ્રીકટ કોર્ટમાં તે કામ લઇ જવાને કબુલત આપેલી હતી તો પણ તે હકુમત વીષેની હરકત તેણે પાછી ખેંચી લીધેલી નહોતી. નામદાર સાહેબોએ કહ્યું છે કે તે દાવો અયોગ્ય કોર્ટની રૂબરૂ સાંભળવાને દાખલ કરેલો છે અને તે ટ્રાન્સફર કરવાનો હુકમ પણ અયોગ્ય રીતે કરેલો છે. ડીસ્ટ્રીકટ જડજ જો તે દાવો યોગ્ય રીતે કરેલો હોત તો સંપુર્ણ યોગ્ય રીતે તે દાવો સાંભળવાને અને તેની તપાસ કરવાને મુખત્યાર હતા. માટે નામદાર સાહેબોને એવો કાંઇ શક પડેલો નથી કે દાવો દાખલ કરવામાં ગેર શીરસ્તે થયેલું હોય તે વીષે હરકત લેવાને એકાદા પ્રતીવાદીને પોતાની વર્તણુક ઉપરથી હરકત થઈ શકે છે. દાવાવાળી બાબત વીષે એકાદા જડજને કાંઇ હકુમત રહેલી ના હોય તો પક્ષકારો પોતાની અરસપરસ કબુલતથી તે દાવો ન્યાયની રૂઇના પ્રોસેસ તરીકે કરી શકતા નથી

તો પણ તેઓ તે જડજને પોતાના પંચ તરીકે નીમી શકે છે અને જ્યારે તે કામ તેમને સોંપેલું હોય ત્યારે ગુણદોષ ઉપર તે જડજ જે ફેંસલો કરે તેથી તેઓ બંધાયલા છે. પરંતુ કેટલાક આધારો છે તે ઉપરથી નક્કી ઠરેલું છે કે એકાદા કામમાં જડજ તપાસ કરવાને મુખત્યાર હોય તેથી પક્ષકારો હરકત લીધા વીના ઇસ્યુ કઢાવીને ગુણ દોષ ઉપર તપાસ કરાવે તો શરૂ કામમાં ગેરશીરસ્તે થયેલું છે એવી જો હરકત પ્રતીવાદીએ તે વખતેજ લીધેલી હોય તો તે દાવો કહાડી નાંખવામાં આવે પણ તે લીધેલી નહીં માટે તે કારણથી હકુમત વીષે પાછળથી પ્રતીવાદી તકરાર કરી શકતો નથી. તે કામ ખરી રીતે આ આધારોમાં આવી જતું નથી કારણ કે પ્રતીવાદીની તકરાર ગુણ દોષ ઉપર ઇસ્યુ કાઢતાં પહેલાં કહી બતાવામાં આવેલી છે અને તે તકરાર ઉપર આધાર રાખીને તેણે તે કામની તપાસ વીષે હરકત લીધી છે. અને સનંદના બળવાન પણા વીષે પોતાની હરકતો બંધ રાખેલી છે. તે ઉપરથી નામદાર સાહેબોએ ઠરાવ્યું છે કે જીલ્લા જડજ તપાસે એવું પ્રતીવાદીએ કબુલ કરેલું નથી તેથી તે દાવો કહાડી નાંખવામાં આવ્યો.

કુટુંબની સ્થાવર જંગમ મીલકતની વહેંચણ કરવાને વાદીએ પ્રતીવાદી ઊપર દાવો કર્યો. તે જંગમ મીલકત કોર્ટની હકુમત છે, પણ તમામ સ્થાવર મીલકત તે કોર્ટની હકુમત બાહાર છે. ઠરાવ્યું છે કે તે કોર્ટને તે દાવો સાંભળવાની હકુમત નથી (જેરામ વી. આતમારામ (૧૮૮૦) ૪ મુ. ૪૮૨). અમુક મીલકત એક મજીઆરા કુટુંબની છે, એવુ કહીને તે મીલકતની વહેંચણ કરવા સારૂ વાદીએ દાવો કરયો. તે મીલકતમાં એક ઘર મુંબાઈ મધેનુ અને થાણા જીલ્લામાં વાલવામાં અમુક ખેતરો છે. તમામ પક્ષકારો મુંબાઇના રેહેનારા છે. ઠરાવ્યુ છે કે વાળવા મધેની મીલકત બાબત કોર્ટને હકુમત નથી, પણ મુંબાઇ માંહેની મીલકત બાબત તે દાવો ચાલી શકે છે (બાલારામ વી. રામચંદ્ર (૧૮૯૮) ૨૨ મુ. ૯૨૨). હાયકોર્ટની હકુમત બાહાર કુટુંબની મીલકતમાં જમીન છે તેમાંના તથા તે હકુમત અંદરની જગમ મીલકત છે તેમાંના પોતાના હીસ્સા બાબત વાદીઓ એક દાવો કરયો હતો. તેમાં ઠરાવ્યું છે કે તે જમીનના દાવા વીશે હાયકોર્ટની હકુમત નથી (શેસગીરા વી. રામસવ (૧૮૯૬) ૧૯ મ. ૪૪૮ જે કામમાં કોર્ટ થોડીક બાબત હકુમત હોય તે વીશે જુઓ લે શાલીના કામને ઠરાવ (૧૮૭૨) ૯ બં. લા. રી. ૧૭૧ પા. ૧૭૫; ૧૮ વી. રી. ૨૬૯; જુઓ શ્રીનાથ વી. કાળીદાસ (૧૮૮૦) ૫ ક. ૮૨; પણ જુઓ હોલકર વી. દાદાભાઇ (૧૮૯૦) ૧૪ મુ. ૩૫૩; પંચાનન વી. શીબચંદ્ર (૧૮૬૮) ૧૪ ક. ૮૩૫.

અભાવે દાદ:—વાદીએ જુદી જુદી દાદો મળવાને દાવો કરેલો હતો પણ તેમાંની કેટલીક દાદો બાબત તેનો હક ન્હોતો તો, તે બાબત હકુમતનો આધાર બીજી દાદો ઊપર રહેલો છે. (નંદકુમાર વી. ઇશન (૧૮૬૮) ૧ બં. લા. રી. ૯૧). લક્ષ્મણ વી. બાબાજી (૧૮૮૪) ૮ મુ. ૩૧).

હકુમતનો અમલ કરવામાં ગેરશીરસ્તે:—સદાશીવ પીલાઇ વી. રામલીંગા પીલાઇ (૧૮૭૫) ૧૫ બં. લા. રી. ૩૮૩; ૨૪ વી. રી. ૧૯૩; લા. રી. ૨ ઇ. અ. ૨૧૯; તે પ્રમાણે કામીમુદી વી. ફોજદાર (૧૯૦૬) ૪ ક. લા. જ. ૩૧૧; ના ઠરાવમાં ચાલવામાં આવેલુ છે; ૪ ક. લા. જે. ૩૧૧; (૧૯૦૬) ૧૦ ક. વી. નો ૮૫૦) ના કામમાં એક હુકમ નામાતી રૂઇએ દરમીયાન ઊપજના એક સવાલ વીશે નામદાર સાહેબોએ નીચે પ્રમાણે ઠરાવ્યું છે:—નામદાર સાહેબોના અભીપ્રાયમાં આવે છે કે મદ્રાસમાં સને ૧૮૬૧ ના એકટ ની કલમ ૧૧ મી હાલ ચાલુ છે તેનો જે અર્થ થાય છે તે છતાં બજાવણીમાં કામ ચલાવી તે અપીલવાળાની જમીનની પાછળની દરમીયાન ઊપજનો અમલ કરવા લાયક છે તેથી પાછ-

ળની દરમીયાન ઊપજનો આ દાવામાં હીસાબ આપવાને અપીલનો પ્રતીવાદી બંધાએલો છે. તેઊ સાહેબોના વીચારમાં આવે છે કે તે કલમના પાછલા ભાગના હેતુ પ્રમાણે આ જવાબદારીથી તે હીસાબ આપવાનો સવાલ તે હુકમનામાની બજાવણી સબંધીનો થાય છે; પણ જો તેમ થતો પણ, તેઊ સાહેબની નજરમાં આવે છે કે પ્રતીવાદીના સામાન્ય નીયમો પ્રમાણે પ્રતીવાદી જે એવુ કહે કે તકરારી દરમીયાન ઊપજ તે હુકમનામા પ્રમાણે આપવા લાયક નથી તે હાલ સાંભળી શકાતુ નથી. તે બાબત અહિંયાંની કોર્ટને સામાન્ય હકુમત છે, પછી અમુક કામ ચલાવીને તે હકુમતનો અમલ કરવામાં આવે તેથી ગેરશીરસ્તે થએલુ હોય તો પણ, ચીંતા નથી. સબબ થોડી મુદત ઊપજના પીશાની વી. જીબરાલ્ટરના એટરની જનરલ (૧૮૭૩–૪) લા. રી. ૫. પી. સી. ૫૧૬; વળી જુઓ બ્રુક વી. વીગ (૧૮૭૮) ૮ સી. ડી ૫૧૦; ફકરૂદીન મહમદ વી. ઓફીસીઅલ ટ્રસ્ટી (૧૮૮૦) લા. રી. ૮ ઇ. અ. ૧૯૭; (૧૮૮૨) ૮ ક. ૧૭૮; ખેમાગવાલા વી. બદલુખાંન (૧૮૮૦) ૬ ક. ૨૫૧; દીનોનાથ વી. ગુરૂચરણ (૧૮૭૪) ૧૪ બં. લા. રી. ૨૮૭; વળી જુઓ વીશ્નુ વી. ક્રીશ્નરાવ (૧૮૮૭) ૧૪ ક. ૧૮) ના કામમાં તે કમીટીએ જે નીયમ ઠરાવીને તેનો અમલ કરેલો છે તેમાં તે કામનો સમાસ થાય છે, એવુ જણાય છે. તે કામમાં પક્ષકારોએ એવો કરાર કર્યો હતો કે સામાન્ય નીયમો વીરૂધ તદ્દન જે આધાર છે તે પ્રમાણે કામ ચલાવીને તેઓ વચેના સવાલોની સુનાવણી કરીને નીર્ણય કરવો જોઇએ. વળી રેવા માહાતન વી. રામકીશન (૧૮૮૫) લા. રી. ૧૩ ઇ. અ. ૧૦૬; (૧૮૮૭) ૧૧ મુ. ૧૫૩) ના કામમાં હાયકોર્ટે ઠરાવ્યું છે કે આ કાયદાની ક. ૪૧૬ (ઓ. ૧૪, રૂલ ૧, ૨) પ્રમાણે જે બજાવણીનુ કામ ચાલેલુ ના હોય તે રદ બાતલ છે. નામદાર સાહેબોએ તે ફેંસલો રદ કરતાં કહ્યું છે કેઃ–"બજાવણીમાં થયેલા લીલામમાંથી એકાદો ખરીદ કરનાર હોય તે સાધારણ કામમાં જે ફેંસલાની રૂઇએ બજાવણી કરવામાં આવેલી હોય તે ફેંસલા પ્રમાણે પુરૂ પાડવામાં આવેલું છે કે નહિં એ વીષે તપાસ કરવાને બંધાયલો છે તે કરતાં એકાદા હુકમનામાના દેણદારને વધારે રકમનુ સામુ હુકમનામુ છે કે નહિં એ વીષે તપાસ કરવાને તે કાંઇ વધારે બંધાયલો નથી. જો કોર્ટની હકુમત હોય તો એકાદો ખરીદદાર જે હુકમનામાના આધારથી બજાવણી કરવામાં આવે તે હુકમનામાના ખરાપણા વીષે તજવીજ કરવાને બંધાયલો છે તે કરતાં એકાદા હુકમના ખરાપણા વીષે તપાસ કરવાને કાંઇ વધારે બંધાયલો નથી." માટે એવું ઠરાવેલું છે કે ઓર્ડર ૪૧ રૂલ ૨૬ (સને ૧૮૮૨ ના એકટ ૧૪) માં ફરમાવ્યા પ્રમાણે નવો પુરાવ દાખલ કરવાના કારણો કામમાં લખવામાં આવેલાં નાહોય તો તે માત્ર ગેર શી રીરસ્તે છે. અને તેથી હકુમતને હરકત નથી થતી. (ગંગા ગોવીંદ વી. ૨૪ પ્રગણાના કલેકટર (૧૮૬૭) ૧૧ મુ. અ. ૩૪૫; ૭ વી. રી. પી. સી. ૨૧); માટે મૈસોરના જ્યુડીશીઅલ કમીશનરે એક વકીલને સાંભળ્યા વીના તેને વકીલના "રૂલ" ઉપરથી કાહડી નાખ્યો તેથી તે એકટમાં જો કે એવું ઠરાવેલું છે કે "આગળ હરકાંઇ બતાવામાં આવેલું છે તે છતાં એકાદા વકીલને પોતાનો બચાવ કરવાને લાગ આપવામાં આવેલો ન હોય તો કોઇ વકીલને સસપેન્ડ અથવા બરતરફ કરવો ના જોઇએ તોપણ તે કમીશનરે તેવો હુકમ કરેલો છે તેથી તે હુકમ ફકત ગેર શીરસ્તે કરેલો હોવાથી રદ કરવામાં આવેલો છે. (સોથકળ કીષ્નરાવના કામમાં (૧૮૮૬) લા. રી. ૧૪ ઇ અ. ૧૫૪); સને ૧૮૫૯ ના એકટ ૮ ની તેવીજ કલમમાં વીરૂદ્ધ એક મુનસફને તપાસવા લાયકનો દાવો સબોર્ડીનેટ જડજની કોર્ટમાં કરવામાં આવેલો હતો, તેમાં ઠરાવ્યું છે કે તે કોર્ટને સીવીલ કોર્ટોના એ-

કટથી તે કામની તપાસ કરવાને અખત્યાર છે અને એકટ ૮ ફકત કામ ચલાવાની રીતી બાબતનો છે તેથી તેમાં જે મનાઇ કરેલી છે તે મનાઇથી આ અખત્યારને હરકત થયેલી નથી. (રસીકચંદ્ર વી. રામલાલ (૧૮૭૪) ૨૨. વી. રી. ૩૫૧. જુઓ નીધીલાલ વી. મઝ હારહુસેન (૧૮૮૫) ૭ અ. ૨૩૦ અને દેલના કામમાં લોર્ડ જસ્ટીસ જેમ્સના વીચારો (૬ કયું. બી. ડી. ૩૭૬ પા ૪૫૧)

તેહવારોનો દીવસ.—એક ખરા તેહવારને દીવસે એક પક્ષકાર હાજર થાય અને સામી તકરાર શીવાય એક ન્યાસની રૂઇએ કામમાં ભાગમાં લે તો તેવા કામની સુનાવણી જે જડજ નીર્ણય કરે તે જડજની હકુમત વીષે ફતેહ ભરેલી રીતે તે પક્ષકાર તકરાર કરી શકતો નથી. (રામદાસ વી. ઓફીશલ લીકવીડેટર (૧૮૭૧) ૮ અ. ૩૬૬). વળી જુઓ સને ૧૮૮૭ ના એકટ ૧૨ ની કલમ ૧૫ ની રકમ ૧૩ માં ઠરાવ્યું છે કે એક ખરા તેહવારને દીવસે એક દીવાની કોર્ટે એકાદુ ન્યાયનું કામ કરેલું હોય તો તે દીવસે કર્યાના કારણથી તે રદ થતું નથી.

અમલદાર નીમાએલો નહી તે—હકુમત વીશે હરકત લેવામાં આવે, એવા કારણથી કે એકાદા જે અમલદારના કૃત વીશે વાંધો ઉઠાવવામાં આવેલો છે, પરંતુ તે અમલદાર યોગ્ય રીતે નીમાએલો નથી. અથવા ના લાયક ઠરેલો છે જુઓ. ગ્લીન વી. બોનાન્ડ (ટેલર અને બેલ. પાનુ ૨ ૫; ૨૨૪) અને તેમાં બતાવેલા ઠરાવો. ન્યાયાધીશોએ ઇન્સાફ પ્રમાણે વર્તણુક ચલાવીને જે કૃત્ય કરેલાં હોય તે એકે કામમાં નાબુદ છે એવો વીચાર કરવામાં આવેલો નથી (માર્ગેટ પાયર કંપની વી. હેનામ ૩ બી. અને એલ્ડ ૨૬૬). એક જડજને હાયકોર્ટના જડજનું કામ કરવાને નીમવામાં આવેલા હોય તો તે જડજની નીમનોકના બળવાનપણા વીશે (માહારાણી કેશરે હિંદ વી. ગંગારામ (૧૮૯૪) ૧૬ અલ્હા. ૧૩૬. બળવંતસીંગ વી રાણી કીશોર (૧૮૯૮) ૨૦ અલ્હા. ૨૯૭; લા. રી. ૨૫ ઇ અ. ૫૪)

જ્યાં ફરિયાદનો વિષય હોય ત્યાં ફરિયાદ કરવી.

૧૬. કોઇપણ કાયદામાં પૈસાની અથવા બીજી મર્યાદા ફરમાવેલી હોય તે ઉપર નજર રાખીને—

(અ) ભાડું, ગણોત અથવા ઉપજ સાથે અથવા તે વગર સ્થાવર મિલકત પાછી લેવાની દરેક ફરિયાદ,

(બ) સ્થાવરમિલકતની વેહેંચણ કરવાની દરેક ફરિયાદ,

(ક) ગીરો મુકેલી અથવા બોજો નાંખેલી સ્થાવરમિલકતની બાબતમાં તે ઉપરનો ગીરો છોડવવાનો હકક બંધ કરવાની, તે વેચવાની અથવા તે ઉપરનો ગીરો હકક છોડવવાની દરેક ફરિયાદ,

(ડ) સ્થાવરમિલકતમાંનો અથવા તે ઉપરનો બીજો કોઇ હકક અથવા સંબંધ નકકી કરવાની દરેક ફરિયાદ,

(ઇ) સ્થાવરમિલકતને કરેલી નુકસાનીનો બદલો લેવા બાબતની દરેક ફરિયાદ,

(ફ) ખરેખર કબજ કરેલી કે ટાંચ મારેલી જંગમ મિલકત પાછી લેવાની દરેક ફરિયાદ,

એ ફરિયાદો, જે કોર્ટની હકુમતની સ્થાનિકહદમાં તે મિલકત હોય, તે કોર્ટમાં કરવી:

પરંતુ પ્રતિવાદીના કબજામાં હોય અથવા તેની વતી બીજાના કબજામાં હોય તેવી સ્થાવર મિલકતસંબંધી કંઇ દાદ મેળવવાની, અથવા તે સ્થાવરમિલકતને કરેલી નુકસાનીનો બદલો લેવાની ફરિયાદ કરવાની હોય તે, જો માગેલી દાદ કોર્ટના હુકમ પ્રમાણે પ્રતિવાદી જાતે વર્તવાથી તમામ મળી શકે એમ હોય તો, જે કોર્ટની હકુમતની સ્થાનિકહદ્દમાં તે મિલકત હોય તે કોર્ટમાં અથવા જે કોર્ટની હકુમતની સ્થાનિકહદ્દમાં તે પ્રતિવાદી ખરેખર ને આપ ખુશીથી રહેતો હોય કે ધંધો ચલાવતો હોય કે કમાઇને વાસ્તે જતે કામ કરતો હોય તે કોર્ટમાં કરી શકાય.

ખુલાસો.—આ કલમમાં "મિલકત" એનો અર્થ બ્રિટિશઇંડિયામાં હોય તે મિલકત એવો સમજવો.

ટીકા.—સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની ક. ૧૬.—આ કલમ પ્રોવીનશીઅલ સ્મોલ કાઝ કોર્ટોને તથા હાયકોર્ટોને લાગુ થાય છે, પરંતુ હાઇકોર્ટની અસલ બાજુમાં તે લાગુ થતી નથી. જુઓ કલમ ૧૨૦ આગળ.

"ભાડુ અથવા ઉપજ સાથે અથવા તે વીના" એ શબ્દો સને ૧૮૮૨ ના એકટ ૧૪ પ્રમાણે જમીનની સાથે ભાડુ લેવાના દાવામાં કાંઇ મુશકેલી પડી હોય તો તે દુર કરવાને પેટા કલમ (અ) માં વધારેલા છે.

સ્થાવર મીલકત.—સને ૧૮૬૬ ના "ચારટર" ની કલમ ૧૨ પ્રમાણે જમીન અથવા બીજી સ્થાવર મીલકત હાયકોર્ટની અસલ બાજુની સ્થાનીક હકુમતની અંદર હોય તે બાબતના દાવા વીશે હાયકોર્ટને હકુમત છે અને નીચે બતાવેલા તેવા દાવા છે એવું આ કલમ પ્રમાણે ઠરાવેલુંછે. જમીનનુ ગીરો છોડાવવાનો હકબંધ કરવા અથવા ગીરો છોડાવવાના દાવા જે ગીરો રાખનાર ગીરો છોડાવવાનો હક બંધ કરે ત્યાર પછી તે જમીન રીસીવરના કબજામાં હોય અને તે રીસીવરના ઊપર કરવામાં આવે તે (જગદંબા વી. પદ્દોમણી (૧૮૭૫) ૧૫ બં. લા. રી. ૩૧૮), હીસાબ લેવાને તથા ગીરો છોડાવવાને માગેલુ હોયતે (દીનોનાથ વી. હોગ (૧૮૬૨–૩) ૧ હાઇડ ૧૪૧), હકુમત બાહારનાની જમીન વેચવાના કરારનો વીશેષ રીતે અમલ કરવા બાબતના (હંશરાજ વી. રણછોડદાસ (૧૯૦૫) ૭ મુ. લા. રી. ૩૧૯) અ. એ પોતાની તરફથી તથા બ. ની તરફથી એક ટ્રસ્ટનો દસ્તાવેજ લખી આપેલો તેંના ઠરાવોનો અમલ કરવાને તથા કલકતા બાહારની જમીન વેચવાની ફરજ પાડવાને ટ્રસ્ટીયો ઊપરનો દાવો, તેમાં બ. એ પોતાની તરફથી કામ કરવાનો અ. નો અખત્યાર ઇનકાર કરેલો છે (દીલ્હી બેંક વી. વર્ડી (૧૮૭૬) ૧ ક. ૨૪૯; (૧૮૭૬) ૨૫ વી. રી ૨૭૨ નો ખુલાશો કેલી વી. ફ્રેઝર (૧૮૭૭) ૨ ક. પા. ૪૫૭ મે કરેલો છે); અમુક લાઇન બાહાર જીલ્લાની અંદર એક ખાંણુ ઊપર કામ કરતા સખસોને અટકાવવાનો દાવો (ઇ. ઇ. રે. કંપની વી. બંગાલા કોલ કંપની (૧૮૭૬) ૧ ક. ૯૫); જમીનનુ ગીરો લખી આપવા બાબત વીશેષ રીતે અમલ કરવા બાબતનો દાવો (શ્રીનાથ વી. કાળીદાશ (૧૮૮૦) ૫ ક. ૮૨; વીઠ્ઠલ–હોલકર વી. દાદાભાઇ (૧૮૯૦) ૧૪ મુ. ૩૫૩, સોરાબજી કરસેટજી વી. રતનજી (૧૮૯૮) ૨૨ મુ. ૭૦૧), અથવા વહેંચણ બાબતનો દાવો (જેરામ વી. આતમારામ (૧૮૮૦) ૪ મુ. ૪૮૨). "સ્થાવર મીલકતમાં હીત" એ શબ્દોમાં જમીન અને મકાંનો તથા બીજી જે વસ્તુઓ જાતે ખશેડવા લાયક નથી તે ફકત આવી જાય છે એટલુજ નહી પણ જે વંશ પરંપરાના હકો સ્થાવર મીલકતમાંથી અથવા તેવી મીલકત સબંધી ઊતપન્ન થાય છે તે પણ સ્થાવર મીલકતમાં હીતના કહેવામાં આવે છે જેમકે સર્વેનો હક, રસ્તાનો અને બીજી ઊપજનો હક એટલે ભાડુ.

જમીનની જામીની વાળા પેનશનો તથા વાર્ષાસનો (થાંણાના કલેકટર વી. ક્રીશ્નનાથ (૧૮૮૧) ૫ મુ. ૩૨૨). ગીરો આપનારનો ગીરો છોડાવવાનો હક તે સ્થાવર મીલકત છે, કારણ કે કલમ ૨૬૬ (આ કાયદાની કલમ ૬૦) પ્રમાણે જપ્ત કરાવીને વેચાવી શકાય છે (પરશરામ વી. ગોવીંદ ગણેશ. જમીન ઊપરનુ ઊભુ ઝાડ તે સ્થાવર મીલકત છે (સખારામ મુળશેઠ વી. વીશ્રરામ (૧૮૯૫) ૧૯ મુ. ૨૦૭; પાંડુરંગ વી. ભીમરાવ (૧૮૯૮) ૨૨ મુ. ૬૧૦. વળી જુઓ બાપુ વી. ધોંડી. (૧૮૯૨) ૧૬ મુ. ૩૫૩; તોફેલ અહમદ વી. રાણી માહાધબ (૧૮૭૫) ૨૪ વી. રી. ૩૯૪; સીની ચેતીયાર વી. શાંથા નાથન (૧૮૯૭) ૨૦ મ. ૫૮; ક્રીશ્નરાવ વી. બાબાજી (૧૯૦૦) ૨૪ મુ. ૩૧). તે પ્રમાણે ઊભો પાક પણ છે (ચેદાલાલ વી. મુળચંદ (૧૮૯૨) ૧૪ અ. ૩૦; મદાયા વી. વેંકટ (૧૮૮૮) ૧ મ. ૧૯૩; ગંગાપ્રશાદ વી. નારાયણ (૧૮૯૪) ૧૫ અ. ૩૯૪. પરંતુ જુઓ સુરતલાલ મંડળ વી. ઊમર હાજી (૧૮૯૫) ૨૨ ક. ૮૮૭), અને મંગન જાહા વી. દોલહીન ગોલાબ (૧૮૯૮) ૨૫ ક. ૬૯૩; (૧૮૯૮) ૨ ક. વી. નો. ૨૬૫); અને નેવાં સાંચેલાં ઝુપડાં (રાજચંદ્ર વી. ધરમચંદ્ર (૧૮૬૮) ૧૦ વી. રી. ૪૧૬; નટુમીયાં વો. નંદરાંણી (૧૮૭૨) ૧૭ વી. રી. ૩૦૯; રોહી નીકાંત વી. માહાભારથ (૧૮૬૮) ૧૦ વી. રી. ૨૫૮); પરંતુ પ્રેસીડંસી સ્માલકોઝ કોર્ટ એકટ (સને ૧૮૮૨ ના ૧૫) ની ક ૨૮ પ્રમાણે બજાવણીના તમામ કારણોસર નળીયાં શાંચેલાં ઝુપડાં જંગમ મીલકત છે (દીનોનાથ વી. નરચંદ્ર (૧૮૯૯) ૨૬ ક. ૭૭૮; (૧૮૯૯) ૩. વી. નો. ૫૯૦; તે પ્રમાણે ગનપથી વી ઠાકર દયાળ (૧૯૦૭) ૩૪ ક. ૮૨૩ ના ઠરાવમાં ચાલવામાં આવેલુ છે. વળી જુઓ કાશીચંદ્ર વી. જદુનાથ (૧૮૬૮) ૧૦ વી. રી. ૨૯). પરંતુ આથી ફકત એટલુ થાય છે કે હુકમનામાના દેંણદાર અને લેંણદારની વચમાં તે બજાવણીના કારણશર તે જંગમ મીલકત ગણવામાં આવે છે. (દીનોનાથ બાતી- યાબજા વી. અધરચંદ્ર શેઠ (૧૯૦૦) ૪ ક. વી. નો. ૪૭૦).

મદ્રાસમાં એવુ ઠરાવેલુ છે કે એક હુકમનામાની રૂઇએ દરમીયાન ઊપજ બાબતનો હક તે સ્થાવર મીલકત નથી (સાંમીનાથ વી. માનીકશાંમી (૧૮૯૯) ૨૨ મ. ૩૫૬).

વીશેષ ન્યાયના એકટની કલમ ૯:—એક "ખળ" ની જમીન વાદીના તાબાની ના હોય તે ખળમાંથી માછલાં પકડવાના હકનો કબજો લેવાનો દાવાનો વીશેષ ન્યાયના એકટ (૧૮૭૭ ના) ની કલમ ૯ ના ઠરાવમાં શમાસ થતો નથી (ફદુઝાલા વી. ગૌર મોહન (૧૮૯૨) ૧૯ ક. ૫૪૪; નટબર પારૂ વી. કુબીર પારૂ (૧૮૯૧) ૧૮ ક. ૮૦) તેમ રસ્તાના હક બાબતના દાવાનો પણ તેમાં સમાસ થતો નથી (મંગળદાસ વી. જીવણરામ ૨૩ મુ. ૬૭૩). એક હોડી ફેરવવાનો હક તે વીશેષ ન્યાયના એકટની ક. ૯ ના હેતુ પ્રમાણે સ્થાવર મીલકત અથવા સ્થાવર મીલકતમાંનુ હીત છે (ક્રીશ્ન વી. એકીલુદા (૧૮૯૦) ૧૩ મ. ૫૪).

સ્થાવર મીલકતમાં હીત:—નીચે બતાવેલા દાવાઓ સ્થાવર મીલકત સબંધી હીતના છે એવુ ઠરાવેલુ છે:–એક પાણીના રસ્તાનો કબજો લેવાનો તથા તે ખુલ્લો કરવાનો દાવો તે સ્થાવર મીલકત સબંધી હીતનો દાવો છે (ઊદયશરી વી. હરો કીશોરદત્ત (૧૮૬૫) ૪ વી. રી. ૧૦૭; કાંઇક તેવા શબ્દોના અર્થ વીશે જુઓ–ઈંદરકુમારી વી. જયપાળ કનવર્ટ લા. રી. ૧૫ ઇ. અ. ૧૨૭ પા. ૧૪૮; (૧૮૮૭) ૧૪ ક. ૨૯૦; આનંદકુંવર વી. કોર્ટઓફ વોર્ડસ (૧૮૮૧) લા. રી. ૮ ઈ. અ. ૧૪ પા. ૨૨; ૬ ક. ૭૬૪). જમીન વેચવાના કરાર પ્રમાણે વેચાણની કીમત આપેલી નહી તે કીમત બાબતનો દાવો (આતુરી વી. કોટાન (૧૯૦૫) ૨૮ મ. ૨૨૭) અને તેવીજ રીતે કરજ બાબત અમુક ગીરો મુકેલી જમીન

જવાબદાર છે એવુ ઠરાવવાનો દાવો છે (રામલાલ વી. ચીતરો કુમારી (૧૮૭૧) ૧૫ વી. રી. ૨૭૭). એક સાદા કરારની જવાબદારી તરીકે તથા સ્થાવર મીલકતના એક ગીરોની જામી-નીવાળા એક કરજ તરીકે મુદ્દલ તથા વ્યાજ લેવાને દાવો કરવામાં આવેલો હોય તેછે (કીશ્ન-રાવ વી. હચાપા (૧૮૬૪) ૨ મ. હા. કો. ૩૦૭; જુનેશ્વર વી. મહાબીર (૧૮૭૫) લા. રી. ૩. ઇ. અ. ૧; ૧. ક. ૧૬૩; ૨૫ વી. રી. ૮૪). તેવી રીતે જમીન ગીરો આપેલી છે અ-થવા તે જમીન ઉપર કરજની જવાબદારી ઠરાવેલી છે તેમ છતાં પાછળથી વ્યવસ્થા કરેલી છે તો પણ તે બજાવણીમાં વેચાવા લાયક છે એવુ ઠરાવવાનો દાવો (સર્વાન હુસેન વી. ગો-લામ મહમદ (૧૮૬૮) ૯ વી. રી. ૧૭૦ ; નાણાની એક રકમ લેવાને દાવો કરેલો તેમાં વાદીએ તે કરજ લેનારની જાતથી તથા સાંનમાં મુકેલી મીલકતથી હુકમનામાનો અમલ કરવો જોઇએ એવુ માગેલું હતું (મનોલાલ વી પીગ (૧૮૬૮) ૧૦ વી. રી. ૩૭૯). અને તેમજ જે સાંથ લેણી થયેલી નહિં પણ લેણી થવાની હતી તે વીષે વાદીને એસાઇનમેંટ કરી આપવામાં આવેલું. તેનો અમલ કરવાનો દાવો હાલ, એક તરફી; મીટીગ્સના કામમાં (૧૮૭૮–૯) ૧૦. સી. ડી. ૬૧૫). નીઝામના મુલકમાંના બે ગામોની ઊપજ ઊપરની જ-વાબદારી વાળાં વર્ષાશન હતાં અને તેજ મુલકમાં ઔરંગાબાદમાં ટેસરી ઑફીસરો પ્રતીવાદી-ઓને આપતા હતા તો તે સ્થાવર મીલકત છે અને તે દાવાનો નીર્ણય નીઝામના રાજ્યમાં જે કાયદો ચાલુ હોય તે પ્રમાણે કરવું જોઇએ. પ્રતીવાદી ઇંગ્રેજ સરકારના મુલકમાં આવીને રહેલો હોય તેટલીજ હકીકત ઉપરથી ઇંગ્રેજી કોટમાં વાદીઓ હક ઠરાવાને અથવા તે એલા-વન્સ પાછું લેવાને દાવો કરી શકતા નથી (કેશવ વી વીનાયક (૧૮૯૯) ૨૩ મુ. ૨૨)

એકાદા ઇઝમેંટ બાબતનો દાવો તે જમીન ઉપરના હીત સબંધીનો છે (દેવ શરણુ વી. મહમદ ઇસ્માઇલ (૧૮૭૫) ૨૧ વી. રી. ૩૦૦. તેજ પ્રમાણે જળકર પાર્બતીનાથ વી. મધો પારો (૧૮૭૮) ૩ ક. ૨૭૬). એક ખતથી જમીન ઉપરનુ ઉપર દળ સાંનમાં લખી આપવામાં આવેલું હતું તેથી સ્થાવર મીલકતમાં હીત ઉત્પન થાય છે. (નારાયણુ વી. રામા સ્વામી (૧૮૭૫) ૮ મ હા. કો. ૧૦૦). એકાદા સરંજામના કબજા તથા વહિવટનો હક તે સ્થાવર મીલકતમાં એક હિત છે (નારાયણુ જગન્નાથ વી. વાસુદેવ વીશ્નુ (૧૮૯૧) ૧૫ મુ. ૨૪૭). એક વીધવાને પોતાની ધણીની જમીનમાંથી આમદાની મળતી હોય તે બાબતનુ તેણીનુ હયાતી સુધીનુ હિત તે એક સ્થાવર મીલકત છે (નાથા વી ધનબાઇજી (૧૮૯૯) ૨૩ મુ. ૧૧).

એક જમીન ઉપર વાદીનો ગીરો હક સબંધ હતો અને તે જમીન મેળવાના એકટ પ્રમાણે લેવામાં આવેલી હતી તેથી તે વેચાણની કીંમત લેવાનો દાવો રકમ (૬) પ્રમાણે નથી (વ્યંકટ વી. કીશ્નસ્વામી (૧૮૮૩) ૬ મ. ૩૪૪). જમીન ખરીદ કરવાના કરારનો અમલ કરવાને અથવા તે અભાવે નુકશાન લેવાને દાવો કરવામાં આવે તે પણ તેવો દાવો નથી (લેંડમોરટગેજ બેંક વી. સદરૂદીન અહમદ (૧૮૯૨) ૧૯ ક. ૩૫૮ મા જગદીશ વી. શત્રુ-ધન (૧૯૦૬) ૩૩ ક. ૧૦૬૫ નો ઠરાવ બતાવેલો છે) રેવન્યુ રજીસ્ટરમાં એકાદો હક દાખલ કરાવો તે સ્થાવર મીલકત ઉપરનુ હીત નથી. (ભાખાજી બાજી વી. પાંડુ (૧૮૯૫) ૧૯ મું. ૪૩).

ગામની જમીનનો પાક ઉપર "બાલુટા" લેવા લાયક છે તે લેવાનો દાવો તે જમીન સબંધી હીતનો દાવો નથી (નારૂ વી. નારો (૧૮૭૯) ૩ મું ૨૮); તેમ એક વંશ પરં-પરાના કામના નફા તરીકે રીવાજ પ્રમાણે લેણા થયેલા નાણાની રકમ લેવાનો દાવો તે પણ નથી (રથના મુદાલીયર વી, તીરૂવ્યંકટ (૧૮૯૯) ૨૨ મ. ૩૫૧ તો પણ જુઓ અપાન

વી. નાગીયા (૧૮૮૨) ૬ મું. ૫૧૨). એક પટો આપવાનો એકાદો કરાર કરવામાં આવે તેથી સ્થાવર મીલકતનું હીત ઉત્પન કર્યું કહી શકાતું નથી (લાલારામ વી. ચોબેન (૧૮૭૪) ૨૨ વી. રી. ૨૮૭) એકાદા સરંજામના કબજા તથા વહીવટનો હક તે સ્થાવર મીલકતમાં હીત છે (નારાયણ જગન્નાથ વી. વાસુદેવ વીશ્નુ ૧૫ મું. ૨૪૭). " સાયર " તે સ્થાવર મીલકતમાંનું હીત નથી (સરેન્દ્ર વી. કે દ્વારનાથ (૧૮૯૨) ૧૯ ક ૮).

મીલકત જ્યાં હોય તે—એક ગીરો અને નાણા બાબતના ખતની રૂઇએ મીલકત જે ડીસ્ટ્રીકટમાં હતી તે શીવાયના બીજા ડીસ્ટ્રીકટમા દાવો કરવામાં આવ્યો તો તે કોર્ટને પૈસા બાબતના હુકમનામા શીવાય બીજુ હુકમનામુ કરવાની હકુમત નથી અને જે જીલ્લામાં તે મીલકત હોય તે જીલ્લાની કોર્ટને માટે ગીરો વાળી મીલકત ઉપર તે હુકનામુ બજાવાને માટે રહે છે. (મહમદ ખલીલ વી. સોનાકુંવર (૧૮૭૫) ૨૩ વી. રી. ૧૨૩ વળી જુઓ બળદેવદાસ વી. મુળકુંવર ૨ અ. હા. કો. ૧૯ અને ગેમાથમ અલામેલુ વી. કમાંન્ડર ક્રીશ્નામા ચાલું (૧૯૦૪) ૨૭ મ. ૧૧૮. માટે તે કલમાં વર્ણન કરેલી કોર્ટ શીવાયની બીજી કોર્ટે એકાદુ ગીરોનો હુકમનામુ કરેલું હોય તો તે ફકત પૈસા બાબતના હુકમનામા તરીકે ગણી શકાય છે ગદરીલાલ વી. જગન્નાથ (૧૮૮૬) ૮. અ. ૧૧૭; અને જુઓ પ્રેમચંદ વી. મખોદા ૧૭ ક, ૬૯૯)

ગીરોની જવાબદારી.—એકાદી કોર્ટને પોતાની હકુમતની અંદર ગીરો વાળી મીલકત હોય તે બાબત હુકમનામુ કરવાનો અખત્યાર છે તો પણ જે ગીરો છોડાવા માંગેલુ હોય તે ગીરોમાં તે હકુમત બહારની મીલકત આવી જતી હોય તેની હરકત નથી (ગીરધારી વી. શીવરાજ (૧૮૭૭) ૧ અ. ૪૩૧; અને જુઓ બુલાખીલાલ વી. ઠાકુરપર્તામ (૧૮૮૦) ૫ ક. ૯૨૮) પરંતુ પોતાની હકુમત બહાર તમામ મીલકત હોય તો તે મીલકત ઉપર તે કોર્ટ જવાબદારી ઠરાવી શકતી નથી જો તે ઠરાવે તો એક પૈસા બાબતના હુકમનામાની રૂઇએ એકાદો ખરીદદાર થાય તેના કરતાં આવા એક હુકમનામાની રૂઇએ જો એકાદો ખરીદદાર થાય તે વધારે સારી સ્થીતીમાં આવતો નથી (ગદરીલાલ વી. જગન્નાથ (૧૮૮૬) ૮. અ. ૧૧૭). એક ગીરો રાખનારે ગીરો આપનારની જાતથી તેમજ ગીરો વાળી મીલકત વેચાવીને ગીરો વાળું લેણું લેવાને દાવો કરે તો તે સને ૧૮૮૨ ના એકટ ૧૦ ની કલમ ૧૬ ની રકમ (ક. ડ) પ્રમાણેનો એક દાવો છે અને તે દાવો જે કોર્ટની સ્થાનીક હકુમતની અંદર તે ગીરો વાળી મીલકત હોય તે કોર્ટમાં ફકત દાખલ કરી શકાય છે. (વીઠ્ઠલરાવ વી. વાઘોજી (૧૮૯૩) ૧૭ મું. ૫૭૦; અહમદી બેગમ વી. દેવાપ્રસાદ ૧૮ વી. રી. ૨૮૭; મહમદ ખલીલ વી. સોના કુંવર (૧૮૭૫) ૨૩ વી. રી. ૧૨૩; રામલાલ વી. ચીત્રકુંમારી (૧૮૭૧) ૧૫ વી. રી. ૨૭૭).

સ્થાવર મીલકત નહિ તે—હુકમ પ્રમાણે ચાલીને દાદ આપવી તે—ચાર્ટર પ્રમાણે જીલ્લાની અંદર ગીરો છોડાવવાનો હક બંધ કરવાને અથવા ગીરો છોડાવાના દાવા જમીન બાબતના દાવા તરીકે બાતલ કરેલો છે (જુઓ સદરહુ બતાવેલા ઠરાવે.) અને ફકત તે સખસ વીરૂદ્ધ મર્યાદાવાળી દાદ આપી શકાય છે. કલકતામાં રહેનાર એક સખરના કબજામાં જીલ્લા અંદરની અમુક જમીન છે અને તે અમુક ટ્રસ્ટ સાથેની છે એવું ઠરાવાનો દાવો તે જમીન બાબતનો દાવો નથી અને તેની તપાસ કલકત્તામા થઈ શકે છે (બાગરામ વી. મોઝીઝ (૧૮૬૨–૩) એક હાઇડ ૨૮૪ તેમ જીલ્લાની અંદરની જમીન એક દેવને અર્પણ કરેલી હોય તેમા કોઇ જમીનનો કબજો લેવાને દાવો કરેલો ના હોય પણ તે દેવના સશીબેતો તરીકે કામ કરવાને પક્ષકારોના હકનો અમલ કરવાને દાવો કરેલો

હોય તો તે પણ નથી (જગદંબા વી પદ્મણી (૧૮૭૫) ૧૨ બં. લા. રી. ૩૧૮, તેમ કલકત્તાની બહારની જમીન વેચવાના એકાદા કરારનો વીશેશ રીતે અમલ કરવાનો દાવો પણ નથી (રામઘોનશાહ વી. નબુમણી ડોસી, બર્ક ૨૧૮; હોલ કરવી. દાદાભાઇ (૧૮૯૦) ૧૪ મું. ૩૫૩; પરંતુ જુઓ શ્રીનાથરાય વી. કાળીદાસ (૧૮૮૦) ૧૫ ક. ૮૨); તેમ હાવરામાં એકાદુ અપકૃત્ય અટકાવાને સારૂ તાકીદ હુકમ બાબતનો દાવો પણ નથી (રાજમોહન બોઝ વી. ઇસ્ટ ઇંડીયા રેલ્વે ૧૦ બ. લા. રી. ૨૪૧) તેમ જો કે જમીન ઉપરના હક વીષે તકરાર હોય તો પણ એક સહિસ્સદારે સાથ લીધી હોય તેથી તેની પાસેથી બીજા ભાગીદાર પોતાનો હિસ્સો લેવાને દાવો કરે તે પણ નથી (ચીંતામણ નારાયણ વી. માધવરાવ ૬ મું. હા. કો. ૨૯), તેમ એક ખતની રૂઇએ ગીરેવાળી મીલકત વેચવાને માગવામાં આવે તે દાવો પણ નથી (યંકોબા વી. રામબાજી ૯ મું. હા. કો. ૧૨ પા. ૧૩, હોલકર વી. દાદાભાઈ (૧૮૯૦) ૧૪ મુ. ૩૫૩); તેમ કલકત્તા બહારની જમીન સંબંધી કલકત્તામાં ભાગીદારી કરવામાં આવેલી હોય તે સંબંધીની તકરાર ઉપરથી લવાદનો કરેલો ઠરાવ ફાઇલ કરવાનો દાવો પણ નથી. (કેલ વી ફ્રેઝર (૧૮૭૮) ૨ ક. ૪૪૫) તેમ હકના દસ્તાવેજો લેવાનો દાવો પણ નથી (જગન્નાથદાસ વી. બ્રીજનાથ (૧૮૭૯) ૪ ક. ૩૨૨; ૩ ક. લાં. રી. ૩૭૫); તેમ કોર્ટની હકુમત બહારની જમીન વાદીના કબજામાં હતી તે જમીનમાં પ્રવેશ કર્યાનો તથા તાકીદ હુકમ બાબતનો દાવો પણ નથી (ક્રીસ્ય વી. વોટસન (૧૮૯૩) ૨૦ ક. ૬૮૯). સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની કલમ ૧૬ ના વીશેષ ઠરાવ પ્રમાણે પ્રતીવાદીએ જાતે હુકમનામા પ્રમાણે ચાલીને ફકત દાદ મેળવાને માગવાની જરૂર છે એટલું જ નહિં પણ તે પ્રતીવાદી જે કોર્ટમાં દાવો ફાઇલ કરવામાં આવતો હોય તે કોર્ટની હકુમતની અંદર રહેવો જોઇએ (ઇઝાક વી. ખતીજા (૧૮૯૯) ૨૩ મું. ૭૫૬).

એક હિંદુ વીધવા તરીકે કલકતામાંની મીલકતના હકના દસ્તાવેજ બાબત દાવો કરેલો હતો તો તેની તપાસ કરવાને સદર દીવાની અદાલતે ના કહેલી છે (બસંત કુમારી વી. કમળકુમારી ૭ સ. ડ અ સેલ ૧૫૮ પરંતુ જુઓ જગન્નાથ દોસ વી. બ્રીજનાથ દોસ ૪ ક. ૩૨૨; ૩ ક. લા. રી. ૩૭૫).

બ્રીટીશ ઇંડીયાની બહારની અમુક ઇનામી જમીનમાંથી મળતી આમદાની પ્રતીવાદીએ નાસીકની કોર્ટની હકુમત અંદર લીધેલી હતી તેમાંનામાંનો એક હિસ્સા બાબત પોતાનો હક ઠરાવાને વાદીએ બ્રીટીશ ઇંડીયામાં નાશકની કોર્ટમાં દાવો કર્યો. ઠરાવ્યું છે કે તે કોર્ટની હકુમતની અંદરનો તે દાવો છે કારણ કે તે સ્થાવર મીલકત સબંધી નથી (કાશીનાથ વી. અનંત ૨૪ મું. ૪૦૭).

જે સખસના વીરૂદ્ધ દાદ માંગવામાં આવે તે સખસ કોર્ટની હકુમતની અંદર રેહતો હોય તો જાત બાબતમાં કોર્ટને વર્તવાના અખત્યાર છે તેનો આ કલમથી નીર્ણય થાય છે; જે કામોમાં તમામ દાદ એકાદો સખસ જાતે હુકમ પ્રમાણે ચાલે તો તેથી મેળવી શકાય તેવું હોય તેજ બાબતમાં તે હકુમત છે અને ઇંગ્રેજી કોર્ટો તે હકુમતની બહારની જમીન સબંધી હકુમતની અંદર રેહનાર સખસો વચ્ચે કાંઇ પણ હકની તપાસ કરવાનો દાવો રાખે છે તેટલે સંપુર્ણ દરજ્જે સુધી તે હકુમત જતી નથી. માટે આપણી કોર્ટો પોતાની સ્થાનીક હકુમત બહારની મીલકતનું ગીરો છોડાવાના હક બંધ કરવાના અથવાં તે મીલકત વેચવાના દાવા સાંભળી શકે કે નહિં તે શક ભરેલું છે (પંગા વી. ઇંડ. લા. રી. (૧૮૭૪) ૧૮ એક ૧૧૮; અને આ કાંમ સંબંધી ઇસ્ટ ઇંડીયા રેલ્વે કંપની વી. બંગાળા કોલ કંપની (૧૮૭૬) ૧ ક. ૯૫ નો ઠરાવ છે; દીલ્હીએંક વી. વર્ડી (૧૮૭૬) ૧ ક. ૨૪૯; લેંગડન ડેલકોટન રપી

નીંગ કંપનીના કામમાં ૮ સી. ડી. ૧૫૦; હોલકર વી. દાદાભાઇ (૧૮૯૦) ૧૪ મું. ૩૫૩).

ખરી રીતે ખુશીથી રહેવુ તે—કલકત્તા, મદ્રાસ અને મુબાઇમાં રહેનાર તમામ અને એકાદા સખસ ઉપરના તમામ અને તમામ રીતના દાવાની તપાસ કરવાને ત્યાંની સુપ્રીમ કોર્ટોને અખત્યાર આપેલો છે. "રહેવાશી" એ શબ્દ ફકત હકુમતના કારણુસર છે (રામનારાયણ ટાકર વી. મેદરેહલા નરસીંહ ૧ મોર, ૩૭૧). અને તેમાં એકાદા સખસનો ધંધો હમેશાં કલકત્તામાં હોય પણ કલકત્તા બહાર તે રેહતો હોય પણ તે સવારમા આવતો હોય અને સાંજરે પાછો જતો હોય તેનો તે રેહવાશી શબ્દમાં સમાસ થાય છે; પરંતુ જ્યારે આ બધાની સાથે તે વારંવાર કલકત્તામાં પોતાના બાપના મકાનમાં સુઇ રેહતો હોય તો જુદી રીતે છે (હેબરઅલી વી. ભેસન ૧ મોર ૩૭૧), અથવા જો કે આખો દીવસ કલકત્તામાં ધંધો ચલાવતો હોય અને પોતાનો ગુજારો પેદા કરતો હોય તો પણ હકુમતના નહિં આવવાને સારૂ તે ઇપાલીમાં સુતો હોય તો પણ જુદી રીતે છે. (માર્ટીને ડેલ વી. ટોનાન, ૧ મોર. ૩૭૧; ભાનુ વી. હુસેનઅલ્લી ૧ મોર ૩૭૧).

કેટલી મુદત:—એકાદા સખસને રેહેવાશી ઠરાવાને કાંઇ લાંબી મુદતની જરૂર નથી (માદુવીશે નાથ વી. બાલુગણા શેઠ ૧ મોર ૩૭૦) અને એકાદો માણુસ કલકત્તામાં કોઇ નકકી હેતુ વીના આવેલો હોય પણ ત્યાં સુઇ રહેલો હોય અને કલકત્તામાં જ્યારે તે હોય તે દાવા અરજી ફાઇલ કરેલી હોય તો તે કોર્ટની હકુમતની તાબે છે એવું ઠરાવેલું છે (પંચાનન બાંઝ વી. ડેવીઅત (૧ મોર. ૩૭૧). મુંબાઇની કોર્ટે ઠરાવ્યું છે કે કરાર કરતી વખતે અથવા દાવાની શરૂઆત વખતે રેહવાનું ઠેકાણું હોય તે બસ છે. (માદુવીશે નાથ વી. બાલુગણાંશેઠ સદરહુ.

પુરાવ—એકાદા ખતમાં તે લખી આપનાર કલકત્તાનો છે એવો મજકુર લખ્યો હોય હોય તો તે એક રેહવાશી છે એવો પ્રથમ દર્શનીક પુરાવ થાય છે (રામરામ દત વી. રામ નારાયણ ૧ મોર ૩૬૯).

ખુશીથી:—પરંતુ તે રહેવાનું ઠેકાણું બુદ્ધિ પુર્વક હોવું જોઇએ (માદુવીશેનાથ વી. બાલુ ગુણા શેઠ, સદરહુ) એકાદા સખસને વ્યાજબી કારણ શીવાય તુરંગમાં રાખવામાં આવેલો હતો અને તેને એક દાવામાં કામ ચલાવાની ખાંમીના કારણથી છોડી દેવામાં આવેલો હતો તેમાં તેને જીલ્લાની અંદરથી હુકમથી આણેલો હતો તો તે એક રહેવાશી નથી એવું ગણવામાં આવેલું છે (દુહાંમ વી. મેન્ડસ ૧ મોર. ૩૭૦) જો એને ખોટી વર્તણુંક ચલાવ્યા બાબત ગુન્હેગાર ઠરાવ્યાથી જાણે તેને કેદમાં રાખવામાં આવલો હોય તે પ્રમાણે તેને કાયદેસર કેદ રાખેલો હોય તો તે પ્રમાણે નથી (કાળી પ્રસાદ દત વી. પ્રાણુકીશન હાલદાર ૧ મોર. ૩૭૦) આગળ સને ૧૮૧૦ માં સદર દીવાની અદાલતે ઠરાવ્યું છે કે એકાદો રાજ પ્રકરણી કેદીએ પરદેશમાં કરેલા કરજ બાબત જે દીવાની કોર્ટની હકુમતની અંદર તે રહેતો હોય તે કોર્ટની હકુમતને તે કેદી જવાબદાર છે. (હારકાલસ વી. ઝુલાલ (૧૭૯૨ ૧૮૧૧) ૧ સ. દ. અ રી. ૩૦૬) પણ તેથી મદ્રાસ કોર્ટ આગળ ગયેલી છે અને બીજાના ઇજાકારક કૃત્યથી જે સખસોને પ્રેસીડન્સીમાં ન્યાય માગવાની ફરજ પડે છે અને તે સખસો સાર્વજનીક કારણુસર ત્યાં આવતો હોય પણ બીજા કોઇ કારણુસર ત્યાં રહેતા ના હોય તો તે સખસોને હકુમતમાંથી માફી આપેલી છે. (નાગાપાચેતી વી. રાચુમા ૧ સ્પ્ર. ૧૫૨) ૧ મોર. ૩૭૦) બુજંગરાવ વી. ચતુરાવ ૧ સ્ટ્ર. ૨૧૦) ૧ મોર ૩૭૦)

રેહઠાણ—હાઇકોર્ટની ચાર્ટર—દાવો કરેલી કરતી વખતે હાઇકોર્ટની સાધારણ હકુમતની અંદર જો પ્રતીવાદી રહેતો હોય તો હાઇકોર્ટને પોતાના ચાર્ટર પ્રમાણે હકુમત છે. એકાદા

સખશનું કલકત્તાની બહાર કાયમ રહેવુ થતું હોય અને તે દાવો ચલાવાને સારૂ કલકતામાં આવતો હોય તેથી તે કલકત્તામાં રેહતો નથી. ઈમ્રીતલાલ વી. ફીડ (૧૮૬૪) ૨ હાઇડ ૧૧૭) ના કામમાં જસ્ટીસ લેવીંજ સાહેબે કહયું છે કેઃ—" અમારી નજરમાં આવે છે કે ઇંગ્રેજીમાં રેહવુ એ શબ્દ "રીસાઇડ" વાપરવામાં આવે છે તે કરતાં રેહવુ એ શબ્દને બદલે "ડવેલ" કહેવામાં આવે છે તેનો વધારે બહોળો અર્થ છે તેટલે ફકત થોડી મુદતને સારૂ રહેવા વીરૂદ્ધ એક કાયમ રહેવામાં આવે તે છે. એકાદો મુસાફર એક હોટેલમાં ઊતરે તેથી તે એક રીતે ત્યાં રહે છે એમ કહેવાય પરંતુ જે જગોએ સાધારણ રીતે કાયમ રેહતો હોય તે જગોએ હકુમત મળે તે પ્રમાણે "ડવેલ" જે હેતુથી વાપરવામાં આવે છે તે રીતે તે શબ્દ વાપરીને એકાદો માણસ રહે છે એમ ફકત કહી શકાય છે." માટે મુંબાઇ સ્ટાફ ખાતાનો એક અમલદાર પ્રતીવાદીની નોકરી સીંધમાં હોય તે દસ દીવસ રજા ઉપર મુંબાઇમાં આવેલો હોય તે દરમીયાનમાં તેના ઉપર એક દાવા અરજી ફાઇલ કરવામાં આવે અને તેના ઉપર સમન્સ બજાવવામાં આવે તો ઠરાવ્યું છે કે થોડાક દીવસને સારૂ ટુંક મુદતનુ રેહવુ થાય તેથી તે ચાર્ટરના હેતુ પ્રમાણે રહેવુ થતુ નથી. (કાવસજી ફરામજી વી. વેલેસ. (૧૮૬૨) ૧ મું. હા. કો. ૧૧૩; શ્રી ગોસ્વામી વી. શ્રી ગોવર્ધન (૧૮૯૦) ૧૪ મુ. ૫૪૧ પા. ૫૪૭. વળી અપીલમાં (સને ૧૮૮૭) ૧૧ મુ. ૨૯૦ અને ૨૯૪. પરંતુ આ કાયદામાં "ડવેલ" અને "રીસાઇડ" એ શબ્દો ઇંગ્રજીમાં વાપરેલા છે તેના અર્થ વીષે જુઓ મહમદ શરી વી. લાલદીન (૧૮૭૫) ૩ મુ. ૨૨૭; રામચંદ્ર વી. કેશવ (૧૮૮૫) ૬ મુ. ૧૦૦; ઇવરેટ વી. ફેર (૧૮૮૫) ૮ મ. ૨૦૫ આ ફેસલાઓ પરીણામે એવા જણાય છે જો એકાદા સખસનુ કાયમ રેહઠાણ હોય તો જે જગાએ થોડી મુદતના કારણસર તે રેહતો હોય તો તે જગાએ ચાર્ટરમાં જે હેતુથી "ડવેલ" શબ્દ વાપરેલો છે તે પ્રમાણે તે રહેતો નથી પરંતુ જો તેની કાયમ રેહઠાણ ન હોય તો તેમ નથી. માટે પ્રતીવાદીનુ માર્ચથી અકટોબર સુધી મસુરીમાં એક મકાન હોય અને ત્યાં પોતાની સ્ત્રી અને છોકરીને મુકીને મેદાનમાં સરતની માટીંગોમાં જતાં હોય અને માર્ચમાં કલકતે ફકત ખુશીના કારણસર થોડી મુદત સારૂ જતો હોય તો તે કલકતે રહેતો હોય તે દરમીયાનમાં ફાઇલ કરેલા દાવામાં જવાબ આપવાને તે લાયક થાય છે; તે મસુરીમાં રહે છે એમ કહી શકાતું નથી કારણકે શીયાળાના મહીનામાં તે કોઇ દીવસ ત્યાં રેહતો નથી અને જો કે તેણે પોતાના છોકરાંને માટે એક એસ્ટા બ્લીરામેંટ ત્યાં રાખેલું હોય પરંતુ દાવો કરતી વખતે તેનુ પોતાનુ મકાન નહોતુ (મોરીસ વી. ઓંબ ગાર્ટન બર્ક. ૧૨૮; કોરીટન ૧૫૨). એકાદો પક્ષકાર વારા ફરતી જીલ્લા અંદર અને કલકત્તામાં પોતાનો વખત ગાળતો હતો અને દાવા અરજી ફાઇલ કરતા પેહલો કેટલાક દીવસ અને દાવા અરજી ફાઇલ જે તારીખે તે તારીખે તે કલકતામાં રહેતો હતો તો હકુમતના કારણસર તે કલકતામાં રહે છે એમ કહેવામાં આવે છે (નીશાદીની ડોસી વી કાળીક્રીસ્ટો ગોસ, કોરીટન ૨૪).

બીજા એકટોમાં "ડવેલ" એવો શબ્દ વાપરેલો છે પણ તેનો તેજ અર્થ કરેલો છે. માટે એક ઓફીસર શાહજાંનપુરમાં એક વતનમાં હતો અને તેની ફર્લોની બે વરસની રજા ગેઝીટમાં આવેલી હતી. પણ મીરતમાં થોડા દીવસને સારૂં સરતની મીટીંગમાં આવેલો હતો. તેમાં ઠરાવ્યું છે કે જો તેણે ફર્લોની રજાનો ઉપયોગ કરેલો ના હોય અને મીરતમાં રજા ઉપર હોયતો તેથી તે મીરતની સ્માલકાઝ કોર્ટની હકુમત અંદર રહેતો નથી જો તેણે ફર્લોની રજાનો ઉપયોગ કરેલો હોયતો તેણે પોતાનું કાયમ રહેઠાણ શાહાજાનપુરમાં રાખેલુ હતું અને થોડા દીવસ સારૂ ફકત મીરતમાં ગયેલો હતો. પરંતુ તેણે ફર્લોની રજાનો ઉપયોગ કરીને શાહાજાનપુરમાં રેહવાની અથવા બીજી જગ્યાએ રહેવાની કાયમ જગ્યા રાખેલી ના હોયતો તે

સરતો પુરી થયા પછી તે છોડીને જવાના ઇરાદાથી તે સરતની મીટીંગમાં હાજર થાય છે તેથી તે હકુમતની અંદર રહેતો હતો એમ થાય છે (મેહચું. વી. તલો (૧૮૭૨) ૪ અ. હા. કો. ૨૫) એટિ વી. સ્કીનર (૧૮૮૧) ૩ અ. ૯૧; લા. રી ૭. ઇ અ. ૧૯૬; ૭ ક. લા. રી. ૨૯૫) ના કામમાં દાવો કરતી વખતે શાહરામપુર જીલ્લામાં મસુરીમાં સ્કીનર ખરી રીતે રહેતો હતો. ત્યાં તે ઉનાળામાં રહેતો હતો અને શીયાળામાં તમામ મઝીયારી એસ્ટેટમાં મુસાફરી કરતો હતો. કોઇક વખતે હાંસીમાં કોઈ વખત દીલ્હીમાં અને કોઇક વખત બીલાસપુર તે એસ્ટેટના ખર્ચથી મકાન રાખવામાં આવેલા ત્યાં તે રહેતો હતો. નીર્ણય કરવાનો સવાલ એવો ઉત્પન થયો હતો કે સ્કીનર બીલાસપુર રહયો છે કે નહિં ? નામદાર સાહેબોએ ઠરાવ્યું છે કે તે ફકત વહીવટદાર નહોતો પણ થોડોક માલેક હતો અને ત્યાં રેહવાનું ઠેકાણું હતું કે જે તેની પુર્વે થઇ ગયેલા સખસના હેતુ પ્રમાણે કુટુંબને રેહવાની મુખ્ય જગો હતી અને તેમાં તે એ સ્ટેટનો હીસાબ સ્કીનર રાખતો હતો તેથી સને ૧૮૫૯ ના એકટ ૮ ની કલમ ૫ ના હેતુ પ્રમાણે એ ત્યાં રેહતો હતો. (જ્ઞાનેંદ્ર વી. જટેન્દ્ર (૧૮૭૩–૪) લા. રી. ઇ. અ. ૩૮૭; ૧૪ બં. લા. રી. ૬૦) જ્યારે એકાદો સખસ એક જગોએ રેહતો હોય ત્યારે તેનું માત્ર થોડી મુદતની હાજરી અથવા હકુમતની અંદર થોડી મુદતને સારૂં રેહવાના ઇરાદા શીવાય રેહવામાં આવતું હોયતો તેથી સ્મૉલકોઝ કોર્ટ એકટના હેતુ પ્રમાણે રહેઠાણુ નથી (સાંમીનાથ પીલૈ વી. વરીસાઇ મહમદ રાવતાન (૧૮૬૫) ૨ મ. હાકો. ૩૦૪; માધાદાસ વી. સીતારાંમ (૧૮૭૧) ૩. અ. હાકો. ૧૨૧). એકાદો નોકર જેનુ મકાન નદીયામાં હતું અને તે પોતાના શેઠની સાથે મોંગીરમાં રેહતો હતો અને જલદીથી પોતાને ઘેર પાછા આવવાનો તે જો ઇરાદો નહોતો. તે મોંગીરમાં રહે છે અને નદીયામાં રેહતો નથી (પોરગાશા પારે વી. હચીમ (૧૮૬૭ ૭ વી. રી. ૪૧૭; વળી જુઓ ગેદુ વી. ગોવીંદ (૧૮૭૩) ૧૦ મુ. હાકો. ૪૦૯, અને ફાતમા વી. સકીના (૧૮૭૬) ૧ અ. ૫૧ તેમાં ઠરાવેલું છે કે એકાદા માણસની ઓરત અને કુટુંબનું કાયમ અને મુકરર ઘર હતું અને ત્યાં પાછા જવાનો તેનો હમેશાં ઇરાદો હતો. તો તેથી તેની રહેવાની જગા થાય છે). જે સખસોને કેદમાં રાખેલા હોય તે સખસો તે પોતાના ઘરમાં રહે છે કે નહિં એ વીષે કહી સકવાને સારૂં તે પોતાની કેદ પુરી થયે રહેવાની પોતાની પ્રથમની જગોએ પાછા આવવાનો તેઓનો કાંઇ ઇરાદો છે કે નહિં તે ઉપર આધાર છે (બટલર વી. એબલવાઇટ (૧૮૫૯) ૨૮ લા. જે (સી. પી) ૨૯૨; જુઓ એડમ્સ વી. ગ્રેટવેસ્ટર્ન રેલ્વે કંપની જી. એચ અને એન ૪૦૪ ના કામમાં સંગ્રહ કરેલા ઠરાવો). એકાદા સખસની રેહવાની કાયમ જગા ના હોય અને જ્યાં થોડી મુદતને સારૂં રેહતો હોય ત્યાં તે રહે છે. (અલેકઝાન્ડર વી. જોન્સ (૧૮૬૫–૬) લા. રી. ૧ એક. ૧૩૩). એક નોટ લેનારે નોટ કરી આપનાર ઉપર દાવો કર્યો. અને તે નોટ તા. ૨૭ સપ્ટેમ્બર સને ૧૮૬૦ ને રોજ મદ્રાસમાંની લખી આપેલી હતી. તેમાં ઠરાવ્યું છે કે આ ઉપરથી પ્રથમ દર્શનીક તરીકે હાઇકોર્ટની હકુમતની અંદર તે રેહ છે તે વીષેનો આ પુરાવ થાય છે. (વીન્ટર વી. રાઉન્ડ (૧૮૬૨–૩) ૧ મ. હાકો. ૨૦૨ નો ઠરાવ રાજેન્દ્રરાવ વી. શામરાવ (૧૮૬૨–૩ ૧. મ. હાકો. ૪૩૬ માં ખુલાસો બતાવેલો છે.

રહેવું—આ એકટમાં "ડવેલ" શબ્દને બદલે "રીસાઇડ" વાપરેલો છે માટે એ રીસાઇડ શબ્દનો હેતુ શો છે તે એક હકીકતનો સવાલ છે. માટે તેનો આધાર દરેક કામની હકીકત ઉપર છે. "ડવેલ" અને "રીસાઇડ" એ શબ્દોથી એકજ વીચાર બતાવી આપવામાં આવે છે. (મહમદ શરી વી. લાલદીન (૧૮૭૯) ૩ મું. ૨૨); શ્રી ગોસ્વાંમી વી શ્રી. ગોવઇન (૧૮૯૦) ૧૪ મું ૫૯૧, વળી જુઓ ઇપરેટ વી. ક્રેર (૧૮૮૫) ૮ મ. ૨૦૫). અને

તે ખુલાસા ઉપરથી જણાય છે કે સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની કલમ ૩૭ ની રકમ (અ) માં "રીસાઇડ" શબ્દ તેના કરતાં આ કલમમાં વધારે બહોળો અર્થ કરવો જોઇએ જુઓ (એર્ડર ૩ રૂલ ૨ રામચંદ્ર વી. કેશવ (૧૮૮૨) ૬ મું. ૧૦૦).

વાલી અને સગીર.—એક યુરોપીયન ગુજરી ગએલો તે પુનામાં રેહેતો હતો તેની વિધવા પણ પુનામાં રહેતી હતી તેથી તેણીએ પોતાનાં ત્રણ સગીર છોકરાં (જેમાંના બે પોતાની સાથે રેહેતાં અને ત્રીજી છોકરી શોળ વર્ષની વયની હતી તે ઇંગ્લાન્ડમાં રેહેતી હતી તેથી તેમાં એ પોતાના સગીર ત્રણે છોકરાની વાલી પોતાને નીમવાને તથા તે છોકરાના મરનાર બાપની મીલકતમાંથી તેઓને હીશાબે મને વસુલ મળવું જોઇએ અને અરજીનું ખર્ચ મુંબાઈમાં એડમીનીસ્ટ્રેટર જનરલની પાસે ત્રણે છોકરાંના હીસ્સા છે તેમાંથી મળવું જોઇએ, એવી અરજ કરેલી હતી. તેથી તે અરજીમાં માગ્યા પ્રમાણે મુંબઇની હાઇકોર્ટે હુકમ કરેલો છે (મીકીલતના કામમાં (૧૮૯૭) ૨૧ મું. ૧૩૭).

પત્યાળુ.—કરાર એકટની ક. ૨૬૫ નો ઠરાવ છે તોપણ જે કોર્ટની હકુમત અંદર પ્રતીવાદી રેહેતો હોય તે કોર્ટમાં પંત્યાળુ સમેટવાનો દાવો લાવી શકાય છે. (રોમા સાંમી વી. થેરૂ. વેંગડશામી (૧૮૭૬) ૧ મા ૩૪૦)

સાંથ.—ગવાલીયર મધેની વાવેતર કરવાની જમીન સબંધી જે સાંથ લેહેણી થએલી તે લેવાને એક પટો લખી આપનારે તે પટો આપનાર ઉપર દાવો કરયો તેમા વાદી ગવાલીયર સ્થાનની રૈયત હતો, પરંતુ પ્રતીવાદી જાંહાંસી જીલ્લાની દીવાની કોર્ટમાં તે દાવો યોગ્ય રીતે કરેલો છે (ભુજબળ વી. નાંનેજી (૧૮૯૭) ૧૯ અ. ૪૫૦)

નાદારી.—કોઇ હાઇકોર્ટની હકુમતની અંદર એકાદો સખસ રહેતો હોય ત્યારે ૧૧ અગેર વીક. બાબ. ૨૧ ની કલમ ૫ થી નાદારીમાં હકુમત આપવામાં આવે છે. એક અરજદાર કાનપુરમાં કેટલીક મુદતથી રહેતો હતો અને તે ત્યાંથી તે પોતાની ઓરતને મુકીને આવ્યો અને આઠ દાહાડા એક હોટેલમાં રહીને તેણે પોતાની અરજી કરી. તેમાં ઠરાવ્યું છે કે તે અરજદાર તે અરજી ફાઇલ કરવા આવેલો હતો અને રેહેવા આવલો નથી. (પછી તેણે એવું કહેલું છે કે કલકત્તામાં મને છોડયા પછી મારે રહેવાનો ઇરાદો છે. તોપણ) તે કોર્ટની હકુમત નથી. (ટેટકીન્સના કામમાં (૧૮૬૮) ૧. બ. લા. રી. આં. ૮૪; વળી જુઓ માનરીંગ વી. મેનીંગ (૧૮૬૯–૭૨) લા. રી. ૨ પી અને ડી. ૨૨૩) અને એકાદા સખસનુ કુટુંબનું રેહવાનું મકાન ભાગલપુરમાં હતું પણ તે એક હુકમનામાની બજાવણીમાં વેચવામાં આવેલું હતું તેથી તે જીલ્લામાં પોતાનું કુટુંબ છોડીને કલકતા આવીને એક ભાડાના મકાનમાં મે માસથી સપ્ટેંબર માસ સુધી રહયો. પછી તેણે નાદારીમાં અરજી ચલાવવાને સારૂં નાણાં મેળવવાને તે છોડયું અને તે અરજી તેણે જુલાઇ મહિનામાં ફાઇલ કરી તેમાં ઠરાવ્યું છે કે જો કે તે નવેંબરમાં પાછો આવ્યો અને આગળની માફક રહયો તો પણ તે હકુમતની અંદર રહેતો નથી એવું ઠરાવેલું છે. (રામપાળસીંગના કામમાં (૧૮૮૧) ૮ ક. લા. રી. ૧૪). હરખચંદ કોલીચાના કામમાં (૧૮૮૦) ૫ ક. ૬૦૫). એક નાદાર ગુમાસ્તો રાખીને કલકતામાં પોતાનો ધંધો ચલાવતો હતો તેની તે કલકતામાં રેહ છે એવું ઠરાવેલું છે (જુઓ કેસવજી વી. ખીમજી (૧૮૮૮) ૧૨ મું. ૫૦૭); પરંતુ નાદારના એકટ ની કલમ ૫ ના હેતુ પ્રમાણે રહેઠાણ કાયમનું હોવું જોઇએ એવી જરૂર નથી. તે કલમનો હેતુ શુદ્ધબુદ્ધીથી જે સખસો પોતાની અરજીઓ ફાઇલ કરતી વખતે તે કોર્ટની હકુમતની અંદર રેહતા હોય તે સખસો તે તે એકટનો ફાયદો આપવાનો છે. (ડાયોમેટના કાંમ (૧૮૮૪) ૨૧ ક. ૬૩૪).

રોજગાર ચલાવવો.—ચીનામલ વી. તલકાનંતામલ (૧૮૬૬–૭) ૩ મ. હા. કો. ૧૪૬) ના કામમાં એવું ઠરાવેલું છે કે જીલ્લાની અંદર રહેનારો એક વેપારી હમેશાં મદ્રાસ માં એક પક્ષકાર પોતાની તરફ જુદા જુદા સખસો માલ મોકલે તે વેચવાને સારૂ સાધારણ આડતીયા તરીકે કામ કરતો હતો તેને મદ્રાસ હમેશાં અનાજ વેચવાને મોકલતો હતો તેથી જો કે તે કોઇ વખતે માલની સાથે આવતો હતો તો પણ તે હાઇકોર્ટની હકુમતની અંદર રોજગાર ચલાવતો હતો તેમ થતું નથી. ચીફ જસ્ટીસ સ્કોટલેંડ સાહેબે કહ્યું છે કેઃ— સુબારાય મુદાલી વી. સરકારના કામમાં (૧૮૬૨–૩) ૧ મ. હા. કો. ૨૮૬ કોર્ટના ફેંસલામાં અવલોકન કરવામાં આવ્યું છે તે પ્રમાણે " રોજગાર ચલાવો " એ શબ્દો તેનીના ઘણાજ સામાન્ય અર્થ પ્રમાણે સમજવાનો છે એવો ઇરાદો રાખી શકાતો નથી. તે ઠરાવના બીજા શબ્દોનો બરોબર અમલ કરતાં અમારી નજરમાં આવે છે કે દાવો શરૂ થતી વખતે પ્રતીવાદીએ કોર્ટની સ્થાનીક હુકુમતની અંદર ધંધો ચલાવવો જોઇએ એવી તે કલમ પ્રમાણે જરૂર છે. માટે મીચેલ વી. હેન્ડર (૧૮૫૪) ૨૩ લા. જે કયુ. ડી. ૨૭૩)ના કામના ઠરાવ પ્રમાણે રીતીસર જાતે સ્વતંત્ર રીતે ધંધો કરતો જોઇએ અથવા એકાદી ઑફીસમાં અથવા ધંધો કરવાની બીજી મુકરર જગ્યાએ કરતો જોઈએ (જુઓ રોલ્ફ વી. લીરમોન્ય. ૧૪ કયુ. બી. ૧૨૬) તે જાતે અથવા કલાર્કની મારફતે અથવા તે પ્રતીવાદીએ પોતાના રાખેલા નોકરોની મારફતે કરતો હોય અને પોતાની નીગેહબાની નીચે કરતો હોય અને તે પોતાના નામથી અથવા ભાગીદારોના નાંમથી કરતો હોય એવું હોવું જોઇએ. અહિંઆ તે પ્રતીવાદીની રોજગાર કરવાની કોઇ જગો મદ્રાસમાં નથી અને તે વેચાણ નારાયણે પોતાના સ્વતંત્ર ધંધા તરીકે અથવા ખરીદદાર પાસેથી કમીશન લઇને દલાલ તરીકે કરેલાં છે. કોરબેટ વી. જનરલ સ્ટીમને વીગેશન કંપની (૪ હલ અને નોર ૪૮૨; (૧૮૫૯) ૨૮ લા. જે એકસ ૨૧૪) અને માઇનર વી. લંડન અને વાય્ય પ્રાંત રેલ્વે કંપની (૧ સી. બી. એન. એસ. ૩૨૫. તે પ્રમાણે ચંદીચરણ વી. એદલજી (૧૮૮૨) ૮ ક. ૬૭૮ ના કામમાં ચાલવામાં આવ્યું છે). ના કામમાં એવું ઠરાવ્યું છે કે કાઉન્ટી કોર્ટના એકટના હેતુ પ્રમાણે પ્રતીવાદીઓ તે કામોમાં જે જગાએ પોતાની તરફથી જનરલ એજંટો રાખેલા હતા તે જગોએ ધંધો કરતા નથી અને આ કામમાં અમારી નજરમાં આવે છે કે વેચવાને માટે જે પાડી મોકલવામાં આવી હતી તે સબંધી તે કલમના હેતુ પ્રમાણે ફકત નારાયણ રોજગાર ચલાવતો હતો એમ કહી શકાય છે. સબબ આ કારણોથી અમારા અભીપ્રાયમાં આવે છે કે તે દાવો સાંભળવાને કોર્ટને હકુમત નથી."

એવું ઠરાવ્યું છે કે એક પરચુરણ વેપારી તરીકે રોજગાર ચલાવાની અજમાશ તે વેચાણ છે અને વીલાયતી માલનો પરચુરણ વેપારી આગળના સ્ટેશનમાં રહીને કાંમ ધંધો કરતો હતો તેથી તે મુંબાઇની હાઇકોર્ટની હકુમત અંદર એવી હકીકતથી કરતો નથી કે તે મુંબાઇમાં માલ ખરીદી તે પોતાના ધંધામાંના ઉપયોગને સારૂં મોકલવાને મુંબાઇમાં તેનો એક એજંટ છે. (ફ્રામજી કાવસજી વી. હોરમસજી (૧૮૬૨) ૧ મું. હાકો ૨૨૦); અને એકાદી ઇંગ્રેજી પેઢી મુંબાઇમાં એક પેઢીને કમીશન એજંટ તરીકે રાખે તેથી સ્થાનીક હકુમતની અંદર તે ઇંગ્રેજી પેઢી ધંધો રોજગાર કરે છે એમ થતું નથી (ખીમજી ચતુરભુજ વી. ફોરબસ (૧૮૭૧) ૮ મું. હાકો. ૧૦૨; અને જુઓ કેસવજી વી ખીમજી ૧૨ મું. ૫૦૦). વળી તેજ પ્રમાંણે એક સખશ એકાદી જગાએ કમીશન એજંટની મારફતે રોજગાર કરતો હોય એટલે તેને ફકત માલ મોકલતો હોય તેથી તે કમીશન એજંટ જ્યાં રહેતો હોય ત્યાંની કોર્ટની સ્થાનીક હકુમતની અંદર તે રોજગાર ધંધો કરે છે એમ થતું

નથી (ગોપી મોહન વી. પ્રતાપચંદ્ર (૧૮૬૯) ૧૧ વી. રી ૫૪૦); અને આમા-રીતે એવો ઇરાદો રાખી શકાતો નથી કે એક શખસ દુર જગાએ રહેતો હોય અને ત્યાં જાતે પોતાનો ધંધો ચલાવતો હોય તે, સ્થાનીક હકુમતની અંદર એક ગુમાસ્તો; કલાર્ક, અથવા એજંટ રાખીને ધંધો કરે તેથી અથવા ફકત પ્રસંગોપાત ત્યાં આવતો હોય તેથી દાવાનું કારણ કેઈ જગાએ ઊતપન્ન થયુ છે તે ઊપર લક્ષ આપ્યા વીના વાદી પોતાનો કુલ અખત્યાર વાપરીને તેના ઊપર હાયકોર્ટમાં દાવો કરી શકે (સુબારાયા વી. સરકાર (૧૮૯૨–૩) ૧ મ. હા. કો. ૨૮૬). તોપણ, આ ઠરાવનો સદરહુ બનાવેલા મીનામલના કામના ઠરાવ સાથે મુકાબલો કરતાં એવુ જણાય છે કે ચીફ જસ્ટીશ સ્કોટલેંડ સાહેબે પોતાનો અભીપ્રાય કાંઇક દુરસ્ત કરેલો છે; અને મદ્રાસમાં એવુ નક્કી ઠરાવેલુ છે કે હકુમતના કારણસર એકાદા સ-ખસે જાતે કામ રોજગાર ચલાવવો જોઇએ, તેવી જરૂર નથી (મુથાયા વી. એલન (૧૮૮૨) ૪ મ. ૨૦૯; ચંદીચર્ણ વી. એદલજી (૧૮૮૨) ૮ ક. ૬૭૮ ના ઠરાવનો મુકાબલો કરો. તેમ પ્રતીવાદી એક ઇંગ્રેજી રૈયત હોય ત્યારે મુંબાઇમાં તેમ થતુ નથી કેશવજી વી ખીમજી (૧૮૮૮) ૧૨ મુ. ૫૦૭). ખરી રીતે રહેવાશીની સાથે વહેપાર કરવાના કારણથી અર્થાથે રીતે રહેવાશી હોવાથી શુપ્રીમ કોર્ટની હકુમત હતી. તે ઠરાવો મોર્લીની ડાયજેસ્ટમાં, મોર્ટનના રીપોર્ટોમાં અને સુરતી ૩ ઇંડીયન અપીલોમાં માલુમ પડે છે. દલાલોની મારફતે કામ ધંધો કરવામાં આવે તેથી તે હકુમત બાબત આધાર થવાને બસ નથી. (શ કરદોશ વી માંણીક-રાંમ, ફુલટન ૩૪૪). એક શખશની કાંઇ રીતીશર ઓફીસ નથી પણ દર અઠવાડીયામાં એક અથવા બે વખતે જીલ્લાની અંદરથી કલકતામાં પોતાના મીત્રના ઘેર આવે અને કામ ધંધો કરનાર લોકોને મળે અને કલકતામાં માલની હોડીઓ બાબત કરાર બ સાથે કરે તો તેથી તે કલકત્તામાં રોજગાર ચલાવે છે (ગ્રીશચંદ્ર બેનરજી વી. કોલીન્સ (૧૮૬૪) ૨ હાઇડ ૭૯). અને તેમજ પરરાજ્યના વાહાણનો એકાદો નાખુદા આ બંદરમાં વહેપાર કરતો હોય તેને માટે છે (માહારાણી વી. સ્માલકાજ કોર્ટના જડજે સ્ટેલર અને બેલ ૭. જુઓ વળી ઓ. ૫, રૂલ. ૧૩).

જમીનદારીનો ધંધો તે આ કલમના હેતુના પ્રકારનો ધંધો નથી તેમ નજરાંણો અ-થવા અર્પણ લેવામાં આવે તે તેવો ધંધો નથી (નનામો (૧૮૭૫) ૩ વી. રી. ૨૯૩; શ્રી ગોસ્વામી વી. શ્રી ગોવરધન (૧૮૯૦) ૧૪ મુ. ૫૪૧ પા. ૫૫૩) "કામ ધંધો ચલાવવો" એવા શબ્દો છે તેનો ઇરાદો જે એકાદા ધંધા સબંધી એક માણસ કરજો કાહાડે અને જે સખશો તેની સાથે વ્યવ્હાર કરે તે સખસો તેના ઊપર દાવા કરે તો તે જવાબદાર થવો જોઇએ તે સબંધી છે. (ગોસ્વામી શ્રી વી. શ્રી ગોવરધન લાલજી (૧૮૯૪) ૧૮ મુ. ૨૯૪).

ફાયદા સારૂ જાતે કાંમ કરવું તેઃ—આ શબ્દો જે શખસો સ્થાનીક હકુમતની બાહાર રેહેતો હોય પણ તે હકુમતની અંદર ધંધો કરતા હોય તે શખસો સબંધી કોર્ટોને હકુમત આપવાને વાપરેલા છે. એક શખસ કલકતાની બાહાર ધુશેરીમાં રહેતો હતો તેને ક-લકતે કરારો કરવાને સારૂ હમેશાં જાથુ આવવાની ટેવ હતી માટે એક કંટ્રાકટરનો ધંધો ચલાવવાને સારૂ તે ધંધો સ્થાનીક હકુમત અંદર ફાયદા સારૂ કરે છે (ગ્રીશચંદ્ર બેનરજી વી. કોલીન્સ (૧૮૬૪) ૨ હાઇડ. ૭૯). હાયકોર્ટના એડવોકેટ તરીકે તે જો કે સ્થાનીક હકુ-મત બાહાર રહેતા હોય પણ હાયકોર્ટમાં કામ કરવાને તૈયાર રહેતો હોય અને જ્યાં હાજર થવાને તેમને રોકેલા હોય ત્યાં તે જતા હોય તો તે સ્થાનીક હકુમતની અંદર ફાયદા સારૂ કામ ધંધો કરે છે (રાયનારાયણદાસ વી. ન્યુટન ૧૮૭૩). ૬ બ. હા. કો. ૪૩; શ્રી ગો-

સ્વામી વી. શ્રી ગોવરધન (૧૮૯૦) ૧૪ મુ. ૫૪૧. પા. ૫૫૩).

સરકારઃ—આ કલમના હેતુ પ્રમાણે ફાયદા સારૂ કામ ધંધો કરે છે અથવા કામ કરે છે એમ કહી શકાતુ નથી, માટે સરકાર ઉપર જ્યાં દાવાનુ કારણ ઉતપન થતુ હોય ત્યાંજ ફકત દાવો કરી શકાય છે (રંડલ વી સેક્રટરી ઓફ સ્ટેટ (૧૮૬૨–૬૩) ૧ હાઇડ ૩૭; સુબારીયા મુદાલી વી. સરકાર (૧૮૬૨–૩) ૧ મ. હા કો ૨૮૬; દયા નારાયણ વી. સેક્રટરી ઓફ સ્ટેટ (૧૮૮૭) ૧૪ ક. ૨૫૬).

૧૭. જ્યારે જુદી જુદી કોર્ટોની હકુમતમાં આવેલી સ્થાવરમિલકત બાબત અથવા સ્થાવરમિલકતને કરેલી નુકસાનીનો બદલો લેવાબાબત દાદ મળવાની ફરિયાદ હોય ત્યારે, તે ફરિયાદ હોય ત્યારે, તે ફરિયાદ,જે કોઇપણ કોર્ટની હકુમતની સ્થાનિક હદ્દમાં તે મિલકતનો કંઇપણ ભાગ આવેલો હોય તે કોર્ટનાં થઇ શકે;

(જુદી જુદી કોર્ટોની હકુમતમાં આવેલી સ્થાવરમિલકતબાબતની ફરિયાદ.)

પરંતુ ફરિયાદના વિષયની કિંમત બાબતનો તમામ દાવો તે કોર્ટ સાંભળી શકે એવો હોવો જોઇયે.

ટીકાઃ—સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની ક. ૧૯ મી. આ કલમ પ્રોવીનસીઅલ સ્માલકોઝ કોર્ટોને તથા હાયકોર્ટોને લાગુ થાય છે પરંતુ હાયકોર્ટની અસલ દીવાની હકુમતને લાગુ થતી નથી, જુઓ ક. ૧૨૦ અને તે જાહાંસીમાં ચાલુ નથી.

બજાવણીના કામોઃ—સને ૧૮૮૨ ના એકટ ૧૪ પ્રમાણે વેચાણ ઠરાવેલુ છે કોર્ટની હકુમતની અંદર ગીરોવાળી મીલકતનો એક ભાગ હોય તો પણ તમામ ગીરોવાળી મીલકત વેચવાનો હુકમ કરવાને તે કોર્ટ મુખત્યાર છે (સરૂપચંદ્ર વી. અમીરૂન નીસા (૧૮૮૨) ૮ ક ૭૦૩. વળી જુઓ કાવીપ્રસનો વી. દીનોનાથ (૧૮૭૩) ૧૯ વી. રી. ૪૩૪; રાંમલાલ વી. બાળાસુંદ્રી (૧૮૮૬) ૧૨ ક. ૩૦૭; ગંગા નારાયણ વી. આનંદા મોઈ (૧૮૮૨) ૧૨ ક. લા. રી. ૪૦૪; અને શીબ નારાયણસીંગ વી ગોબીંદદાસ (૧૮૭૫) ૨૩ વી. રી. ૧૫૪).

વળી સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની ક. ૧૯ પ્રમાણે જે અખત્યાર આપેલો છે તેમાં એક ગીરોમાં જે મીલકત ગણવામાં આવેલી હોય પણ તે જુદા જુદા જીલ્લાની અંદર હોય તે મીલકતનું વેચાણ કરવાનો હુકમ કરવાનો અખત્યાર આવી ગએલો છે (મેસેક વી. સ્ટીલ (૧૮૮૭) ૧૪ ક. ૬૬૧), અને મીલકતનો એક ભાગ કોર્ટની સ્થાનીક હકુમતની અંદર હોય કીંવા નહી પણ તે મીલકત વેચાવીને કોર્ટનો પોતાના હુકમનામાનો અમલ કરવાનો કોર્ટનો અખત્યાર છે (ગોપી મોહન વી. દયબાકી (૧૮૯૨) ૧૯ ક. ૧૩; તીનકોરી વી. શીબચંદ્ર (૧૮૯૪) ૨૧ ક. ૬૩૯; જગનનાથ વી દીપરાણી (૧૮૯૫) ૨૨ ક. ૮૭૧. પરંતુ વીરૂધના જુઓ અનોકુળચંદ્ર વી. હરીનાથ (૧૮૭૮) ૨ ક. લા. રી. ૩૩૪; અને નવાબ અલ્લી વી. અઝીર મહમદ (૧૮૭૫) ૨૩ વી રી. ૨૩૩; અને જુઓ પ્રેમચંદ વી. મોખોદા (૧૮૯૦) ૧૭ ક. ૬૯૯ ના કામનો ફુલબેંચનો ઠરાવ. તેમાં એવુ ઠરાવેલુ છે કે જો વેચાણ પહેલાં ગીરોવાળી મીલકત સરકારના હુકમથી એક બીજી કોર્ટની હકુમતમાં મોકલવામાં આવેલી હોય તો તે હકુમત વીનાનુ વેચાણ ઠરાવી તે રદ કરવુ જોઇએ. આ ઠરાવ પ્રમાણે દેબીનાચરણ વી. બીલાશચંદ્ર (૧૮૯૧) ૧૮ ક. ૫૨૮ ના કામમાં ચાલવામાં આવેલુ છે).

જુદી જુદી કોર્ટોઃ—જે મીલકતમાંની થોડીક મીલકત કોર્ટની હકુમત અંદર હોય અને થોડીક તે હકુમત બાહાર હોય તે મીલકતની વહેંચણ કરવાના દાવામાં તે હકુમત અ

દરની જે મીલકત હતી તે બાબતનો દાવો પાછો ખેંચી લેવામાં આવ્યો હતો. તેમાં ઠરાવ્યું છે કે કોર્ટ પોતાની હકુમત બાહારની મીલકતની વહેંચણુ કરી શકે છે (ખતીજા વી. ઇસ-માયલ (૧૮૮૯) ૧૨ મ. ૩૮૦).

જે મીલકતમાંનો એક ભાગ કલકતામાં છે અને બીજો ભાગ જીલ્લાની અંદર છે તે મીલકતનુ ગીરો છોડાવવાનો હક બંધ કરવાના દાવા (ખેતર મોહનદાસ વી. ચંદ્રમણી, કો-રીટન ૧૨૫). જુદા જુદા જીલ્લાની અંદરની જમીન ઉપર હુકમનામાનો દેણદારનો હક ઠરાવીને તે જમીન વેચવા બાબતના (અશરફ હુસન વી. લેઝારસ (સ. દી. ન. વ. ૧૮૬૧ પા. ૫૮૮) નો સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની તેવી મળતી કલમ ૧૯૦ મી છે તેમાં સમાસ થાય છે એવુ ઠરાવેલુ છે.

૧૮. (૧) ફલાણી સ્થાવરમિલકત બે અથવા વધારે કોર્ટોમાંની કઇ કોર્ટની હકુમતની સ્થાનિક હદ્દમાં છે એ વાત અનિશ્ચિત હોવાનું જ્યારે કહેવામાં આવે ત્યારે, જો સદરહુ કોર્ટમાંની કોઇપણ કોર્ટની એવી ખાત્રી થાય કે એ કહેવામાં આવેલા અનિશ્ચતપણા વિશે કાંઈ આધાર છે, તો

કોર્ટોની હકુમતની સ્થાનિક હદ અનિશ્ચિત હોય ત્યારે, ફરિયાદ કઇ જગા એ કરવી.

તે મતલબનો મજકુર નોંધવાનો તથા ત્યાર પછી સદરહુ મિલકત સંબંધી કોઇ પણ ફરિયાદ દાખલ કરવાનો તથા તેનો નિકાલ કરવાનો તે કોર્ટને અધિકાર છે; અને સદરહુ ફરિયાદમાં તે કોર્ટનું હુકમનામું તે મિલકત તેની હકુમતની સ્થાનિક હદ્દમાં હોય તો જેવી રીતે અમલમાં આવે તેવી રીતે અમલમાં આવશે:

પરંતુ સદરહુ ફરિયાદ એવી હોવી જોઇયે કે બન્ને તેનો પ્રકાર તથા કિંમત જોતાં તેના સંબંધમાં સદરહુ કોર્ટ હકુમત ચલાવવાને યોગ્ય હોય.

(૨) જ્યારે પેટા (૧) પ્રમાણે મજકુર નોંધવામાં આવ્યો ન હોય, અને સદરહુ મિલકત જ્યાં આવેલી છે તે ઠેકાણે હકુમત ધારણ નહિ કરનારી કોર્ટે તે મિલકત સંબંધી ફરિયાદમાં હુકમનામું અથવા હુકમ કર્યો છે એવી હરકત અપીલ અથવા રિવિઝન કોર્ટ રૂબરૂ લેવામાં આવી હોય ત્યારે, જો સદરહુ અપીલ અથવા રિવિઝન કોર્ટના અભિપ્રાયમાં એમ આવે કે સદરહુ ફરિયાદ કરતી વખતે સદરહુ મિલકતના સંબંધમાં કંઇ કોર્ટને હકુમત છે તે બાબત અનિશ્ચિતપણું હોવાનો કાંઇપણ વાજબી સબબ ન હતો, અને તેથી કરીને અન્યાય થયો નથી તો તે કોર્ટે સદરહુ હરકત ચાલવા દેવી નહિ.

ટીકા:—સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની ક. ૧૬ અ. આ કલમ હાયકોર્ટોને તથા પ્રોવીશીયલ સ્માલકોજ કોર્ટોને લાગુ થાય છે.

ઇનશાફ નીશફળ થાય તે:—અપીલ ઉપરથી હકુમત વીશે જે શાંકીત હરકત લેવામાં આવેલી હોય તેની આ કલમમાં છેલ્લી લીટી વધારવાથી વધારો મર્યાદા રાખેલી છે, અને તે કલમ હાલ હુકમ તરીકેની છે; માટે જો ઇનશાફ નીશફળ થએલો નહી હોય તો કાંઇ હરકત મંજુર રાખવામાં આવતી નથી.

સને ૧૮૮૨ ના એકટ ૧૪ પ્રમાણે એવુ ઠરાવેલુ છે કે પાછલા પકડવાના હકની સાંથ બાબતનો દાવો તે આ કલમના શબ્દોના હેતુ પ્રમાણે સ્થાવર મીલકત બાબતનો દાવો છે. એક પાછલા પકડવાના હકની સાંથ બાબતનો દાવો અમુક કોર્ટમાં લાવવામાં આવેલો હતો,

અને તે દાવો સાંભળવાની તે કોર્ટની હકુમત વીશે વ્યાજબી શકે શક રાખવાને કારણુ હતું. તેમાં એવી હરકત લેવામાં આવી કે હકુમતની ખામીના કારણુથી તે દાવો નીશફળ થવો જોઇએ. ઠરાવ્યું છે કે સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની ક. ૧૬ અ. પ્રમાણે જે સરતોની જરૂર છે તે શરતો પુરી પાડવામાં આવેલી છે, માટે હકુમત બાબતની હરકત સાંભળવી ના જોઇએ. (શીયુ હાળદાર વી. ગોવીસુંદ્રી દાસીયા (૧૮૯૭) ૨૪ ક. ૪૪૯; ૨ ક. વી. નો. ૧૬૯).

૧૯. જ્યારે જાતને અથવા જંગમ માલ મિલકતને કરેલી નુકસાનીના બદલાને વાસ્તે ફરિયાદ હોય ત્યારે, જો તે નુકશાન એક કોર્ટની હકુમતની સ્થાનિકહદમાં કર્યું હોય અને પ્રતિવાદી બીજી કોર્ટની હકુમતની સ્થાનિકહદમાં રહેતો હોય કે ધંધો ચલાવતો હોય કે કમાઇને વાસ્તે જાતે કામ કરતો હોય, તો વાદી તે કોર્ટો પૈકી પોતાની નજરમાં આવે તે કોર્ટમાં ફરિયાદ કરી શકે.

જાતને અથવા જંગમ માલ મિલકતને કરેલી નુકસાનીનો બદલો લેવાની ફરિયાદો.

દૃષ્ટાંત.

(અ) આ દિલ્હીનો રહેનાર છે, તે બંને કલકત્તામાં મારે છે, તો અ ના ઉપર બ દિલ્હીમાં અથવા કલકત્તામાં ફરિયાદ કરી શકે.

(બ) અ દિલ્હીનો રહેનાર છે, તે બ ની આબરૂને હાની પોંચે એવો મજકુર કલકત્તામાં પ્રસિદ્ધ કરે છે. અ ના ઉપર બ કલકત્તામાં અથવા દિલ્હીમાં ફરિયાદ કરી શકે.

ટીકા—સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની ક. ૧૮. આ કલમ હાયકોર્ટોને તથા પ્રોવીનસીઅલ સ્મોલકાઝ કોર્ટોને લાગુ થાય છે.

૨૦. ઉપર કહેલી મર્યાદા ઉપર નજર રાખીને, દરેક ફરિયાદ એવી કોર્ટમાં કરવી કે જેની હકુમતની સ્થાનિક હદમાં—

બીજી ફરિયાદો જ્યાં પ્રતિવાદીઓ રહેતા હોય અથવા દાવાનું કારણ ઉત્પન્ન થયું હોય ત્યાં કરવી.

(અ) ફરિયાદ શરૂ થતી વખતે પ્રતિવાદી અથવા જો પ્રતિવાદી એક કરતાં વધારે હોય તો દરેક પ્રતિવાદી ખરેખરા અને આપ ખુશીથી રહેતા હોય અથવા ધંધો ચલાવતા હોય, અથવા કમાઇને વાસ્તે જાતે કામ કરતા હોય; અથવા

(બ) ફરિયાદ શરૂ થતી વખતે જો એક કરતાં વધારે પ્રતિવાદીઓ હોય તો તે પૈકી કોઈ પ્રતિવાદી ખરેખરો અને આપ ખુશીથી રહેતો હોય, અથવા ધંધો ચલાવતો હોય, અથવા કમાઇને વાસ્તે જાતે કામ કરતો હોય; પરંતુ આવે પ્રસંગે કોર્ટની પરવાનગી મેળવવી જોઇયે, અથવા જે પ્રતિવાદીઓ ઉપર કહ્યા પ્રમાણે રહેતા ન હોય કે ધંધો ચલાવતા ન હોય, કે કમાઇને વાસ્તે જાતે કામ કરતા ન હોય તેમની તે ફરિયાદ માંડવામાં માન્યતા હોવી જોઇએ; અથવા

(ક) દાવાનું કારણ સર્વતઃ અથવા અંતશઃ ઉત્પન્ન થયું હોય.

ખુલાસો ૧ લો—જ્યારે, કોઈપણ માણસનું કાયમનું રહેવાનું ઘર એક ઠેકાણે હોય, અને માત્ર કંઇ હંગામી કામ સારૂ તેનો બીજે ઠેકાણે પણ મુકામ હોય, ત્યારે તેનો હંગામી મુકામ હોય ત્યાં કંઈ દાવાનું કારણ ઉત્પન્ન થાય તે બાબતમાં, તે બંને ઠેકાણે રહે છે એમ ગણવું.

ખુલાસો ૨ જો.—કોઈ કારપોરેશન બ્રિટિશ ઇંડિયામાંની પોતાંની એકની એક અથવા મુખ્ય ઑફિસમાં ધંધો ચલાવે છે એમ ગણવું, અથવા જે ઠેકાણે તેના તાબાની ઓફિસ પણ હોય તે ઠેકાણે ઉત્પન્ન થતા દાવાના કારણની બાબતમાં તે તેવે ઠેકાણે ધંધો ચલાવે છે એમ ગણવું.

દૃષ્ટાંતો.

(અ) અ કલકત્તામાં વેપાર કરે છે. બ દિલ્હીમાં ધંધો ચલાવે છે. બ પોતાના કલકત્તાના આડતીયાની મારફતે અની પાસેથી માલ ખરીદ કરેછે, અને તે માલ ઈસ્ટઇંડિયા રેલવે કંપનીને સ્વાધીન કરવાને અ ને કહે છે; અ તે પ્રમાણે કલકત્તામાં માલ સ્વાધીન કરે છે અ માલની કિંમતને વાસ્તે બ ના ઉપર જ્યાં દાવાનું કારણ બન્યું છે ત્યાં, એટલે, કલકત્તામાં, અથવા જ્યાં બ ધંધો ચલાવે છે ત્યાં, એટલે, દિલ્હીમાં ફરીયાદ કરી શકે.

(બ) અ સિમલામાં, બ કલકત્તામાં અને ક દિલ્હીમાં રહે છે. અ. બ. ક. બનારસમાં એકઠા થયા, અને ત્યાં બ અને ક એ, જ્યારે ધણી માગે ત્યારે એકમતે દેવા એવી વાયદાચિઠ્ઠી (પ્રામિસરીનોટ) લખી આપીને તે અ ને સ્વાધીન કરી. અ જ્યાં દાવાનું કારણ બન્યું ત્યાં, એટલે, બનારસમાં બ અને ક ના ઉપર ફરીયાદ માંડી શકે. વળી તે જ્યાં બ રહે છે, ત્યાં એટલે, કલકત્તામાં, અથવા જ્યાં ક રહે છે ત્યાં, એટલે, દીલ્હીમાં તેમના ઉપર ફરીયાદ માંડી શકે. પરંતુ તે બન્ને પ્રસંગે, તે ઠેકાણે તે રહેનારો પ્રતીવાદી હરકત લે તો કોર્ટની રજા વગર ફરીયાદ ચલાવી શકાય નહિ.

ટીકા—સને ૧૮૮૨ ના એકટ ૧૪ની કલમ ૧૭ આ કલમ પ્રોવીન્શીઅલ સ્મોલકોઝ કોર્ટ અને હાઇકોર્ટને લાગુ છે પરંતુ હાઇકોર્ટની અસલ દીવાની હકુમતને લાગુ નથી. રકમ ૧૨૦ દ્રષ્ટાંત અવીન્ટર વી. વૅ. (૧૮૯૨–૩) ૧ મ. હા. કો. ૨૦૦) અને દ્રષ્ટાંત (બ) ડીસોઝા વી. કોલ્સ (૧૮૬૭) ૩ મ. હા. કો. ૩૫૭) ના કામોના ઠરાવોમાંથી લેવામાં આવેલો છે.

દાવાનું કારણ.—આ શબ્દોના અર્થ વીષે અમે ઇંગ્રેજી ઠરાવો જોઇ શકીએ છીએ ("દાવાનું કારણ" એ શબ્દો સને ૧૮૮૨ ના એકટ ૧૪ માં વાપરેલા છે. તેનો અર્થ ઇંગ્રેજી ફેંસલાઓમાં જે કરેલો છે તેજ છે એવું મુરતી વી. ભોળારાંમ (૧૮૯૪) ૧૬ અ. ૧૬૫ ના કામમાં ઠરાવેલું છે; સાલીમી વી. મહમદ (૧૮૯૬) ૧૮ અ. ૧૩૧, બાકે બીહારીલાલ વી. પોખરાંમ (૧૯૦૩) ૨૫ અ. ૪૮ અને રાંમપ્રસાદ વી. સાચીદાસ (૧૯૦૧–૨) ૬ ક. વી. નોટ ૫૮૫; અને વળી જુઓ હરમંચ વી. હરીચરણ (૧૮૯૫) ૨૨ ક. ૮૪૦; હરચંદ્ર વી. સુરધણી (૧૮૬૩–૭) બં. લા. રી. એફ. બી. ૯૯૦; અને નુરદીન વી. અલાવુદીન (૧૮૮૯) ૧૨ મ. ૧૩૬), તેમાં અમને એવું જણાય છે કે વાદીને જીતવાનો હક થવાને સારૂ જે જે હકીકત સાબેત કરવાની અગત્ય છે. તે દરેક હકીકત અને જે

દરેક હકીકત વીષે પ્રતીવાદીનો સાંમો જવાબ આપવાનો હક થાય તે તેમાં આવી જાય છે એવું ઠરાવેલું છે (કુક વી ગીલ (૧૮૭૨-૩) લા. રી. ૮. સી. પી. ૧૧૬; અને દીપ નારાયણસીંગ વી. ડાયેટર્ટ (૧૯૦૪) ૩૧ ક. ૨૮૧; ૮ ક. વી. નોટ ૨૦૭ ના ઠરાવમાં તે વાખ્યા પ્રમાણે ચાલવામાં આવ્યું છે તેમાં દરેક હકીકત સાબેત કરવાને જે પુરાવની જરૂર છે તેનો દરેક ભગ બતાવેલો નથી પરંતુ ફેંસલા મેળવવાને સારૂ જે હકીકત સાબેત કરવાની જરૂર છે તે દરેક હકીકત બતાવેલી છે (રીડ વી. બ્રાઉન (૧૮૮૯) લા. રી. ૨૨. ક્યું બી. ડી પા ૧૩૧)

ચદકુંવર વી. પરતાપસીંગ (૧૮૮૭-૮) લા રી. ૧૫. ઇ. અ. ૧૫૬; ૧૬ ક. ૯૮. વળી જુઓ શંકર બક્ષ વી. દયાશંકર (૮૮૭-૮) લા. રી. ૧૫. ઇ. અ. ૬૬; ૧૫ ક.૪૨૨) ના કામમાં લોર્ડ વોટસન સાહેબે કહ્યું છે કે " દાવાના કારણને પ્રતીવાદી જે ડીફેન્સ આપે તે સાથે કાંઇ સબંધ નથી તેમ વાદીએ જે દાદ માગેલી છે તે દાદના પ્રકાર ઉપર તેનો આધાર નથી તે દાવાનું કારણ અથવા બીજા શબ્દોમાં જે હકીકતથી વાદી પોતાના લાભમાં ઠરાવ કરાવાને કોર્ટ પાસે માગતો હોય તે હકીકત તરીકે દાવા અરજીમાં જે કારણો બતાવેલા હોય તે બાબત તે બીલકુલ છે." " દાદ ને દાવાના કારણ બરોબર નથી કારણ કે દાવાના કારણમાં જે હકીકતના આધારથી વાદી કોર્ટમાં આવતો હોય તે હકીકતમાં સમાય તેવી તમામ દાદ આવી જાય છે (સરસતી વી કુંજ બીહારીલાલ (૧૮૮૩) ૫ અ. ૩૪૫).

સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની કલમ ૧૭ ના ખુલાસા ૩ મા કરારના કામોમાં "દાવાનું કારણ" એ શબ્દોની વાખ્યા કરેલી છે. અને ઠરાવ્યું છે કે કરાર જે જગાએ થયેલો હોય, જે જગાએ તેનો અમલ કરવાનો હોય અથવા જે જગાએ તેનો અમલ પુર્ણ થયેલો હોય અથવા જે જગાએ નાણાં સ્પષ્ટ અથવા ગર્ભીત રીતે આપવા લાયક હોય તે જગાએ દાવાનું કારણ ઉત્પન થાય છે. આ તમામ જગાઓ પેટા કલમ (ક) માં અથવા "થોડુક ઉત્પન થતું હોય" એ શબ્દો વધારીને હાલના દાવામાં આવી ગયેલી છે.

આ રકમનો અર્થ કરવામાં સને ૧૮૮૨ ના એકટ ૧૪ પ્રમાણે થયેલા નીચેના ફેંસલાઓ ઉપયોગના થાય છેઃ—

જે કામમાં પત્યાળાનો ધંધો આગ્રા અને રતલામમાં ચાલતો હતો અને આગ્રા મધ્યે ચોપડામાં બાકી કાહાડી આપવામાં આવી હતી તેથી ઠરાવ્યું છે કે દાવાનું કારણ આગ્રામાં ઉત્પન થયેલું છે (લક્ષ્મીચંદ વી. જોરાવર મન (૧૮૫૯-૬૧) ૮ મુર. ઇ. અ. ૯૧. જુઓ ઓર્ડ વી. સ્કીનર (૧૮૭૮) ૭ ઇ. અ. ૧૯૬; ૩. અ. ૯૧).

अ એ **ब** ને માદનાપુરમાં **क** ના લાભમા એક કલકતાની પેઢી ઉપર ચેક આપ્યો **क** એ પરૂલીયામાં **ब** ને નાણાં આપ્યાં અને કલકત્તામાં તે ચેક બતાવામાં આવ્યો તે શીકારવામાં આવ્યો નહિ માટે **क** એ **अ** ઉપર દાવો કરેલો છે તે પરૂલીયામાં યોગ્ય રીતે દાખલ કરેલો છે એવું ઠરાવેલું છે (સીતારામ વી. થોમસન (૧૯૦૫) ૩૨ ક, ૮૮૪).

એક દાવાનુ કારણ થવાને સારૂ એકાદા હકનો ભંગ થવો જોઇએ (નુરદીન વી. અલાવુદીન (૧૮૮૯) ૧૨ મ. ૧૩૪ . જે કામમાં દાવાનુ કારણ મુંબાઇમાં થવામાં આવેલું હોય અને તેનો અમલ પણ મુંબાઇમાં કરવાનો ઇરાદો રાખેલો હોય તો કારવારમાં વાદી રહેતો હોય તેથી કારવારની કોર્ટની હકુમત નથી (દાદાભાઇ વી. સલદાહા (૧૮૯૪) ૧૮ મુ. ૪૭). તે હકુમતની અંદર કાંઇક કરવાનો પક્ષકારોના હેતુ હોવો જોઇએ (ઊમા વી. દ્વારકા (૧૯૦૫) ૧ ક. લા. જે ૨૧૩). એકાદી જગાએ વસુલ આપવાનો કરાર કરયા પછી ફકત એક ગોઠવણ કરેલી હોય તેથી દાવાનુ કારણ ઊતપન્ન થયું છે, એવુ ઠરાવી

શકાતુ નથી (શેશગી વી. નવાબ અશકર (૧૯૦૭) ૩૦ મ. ૪૩૮) નીઝામના મુલુકમાં આશતામાં એક મંદીરના તાબાની બ્રીટીશ ઇંડીયામાં અમુક મીલકત છે તેની આમદાનીનો એક કુટુંબ વહીવટ કરતુ હતુ અને તે આમદાની લેતુ હતુ અને તે કુટુંબનો વાદી એક અંગભુત હતો. તે આમદાનીમાંનો ભાગ ધર્મ સબંધી ઉપયોગમાં વાપરવામાં આવતો હતો અને એક ભાગથી તે કુટુંબનો નીર્વાહ ચાલતો હતો. વાદીએ આમદાનીની વહેંચણ કરાવીને તે આમદાનીમાંનો પોતાનો હીસ્સો લેવાને તથા તેનો કામ કરવાનો વારો આવે ત્યારે તે ધર્મ સબંધી પુજા કરતાં પ્રતીવાદી હરકત કરે નહી એવો તાકીદ હુકમ કાહાડવાને દાવો કર્યો હતો તે પ્રતીવાદી (તેનોભાઇ) આશતામાં રહેતો હતો. તેમાં ઠરાવ્યું છે કે તે કામ કરવાનો હુકમ મળે તે સાથે તે આમદાનીમાંથી હીસ્સો લેવાનો હક મળે છે, માટે જે દાદ માગેલી છે તે કોર્ટ અપાવી શકતી નથી, કારણ કે તે મંદીર બ્રીટીશ ઇંડીયાની બાહાર છે તેથી તે મંદીરમાં કામ કરવાનો વારો આવે ત્યારે બ્રીટીશ ઇંડીયા માંહેની કોર્ટો તે કામ વાદીના કબજામાં આપી પોતાના હુકમનામાની બજાવણી કરી શકતા નથી (ત્રીબક વી. લક્ષ્મણ (૧૮૯૬) ૨૦ મું. ૪૯૫). તેના તેજ પ્રતીવાદીઓ ઉપર તેના તેજ હકથી બે જીલ્લાની અંદર જમીનના જુદા જુદા ભાગો હતા તેનો કબજો લેવાને અમુક વાદીયોએ દાવો રાખ્યો હતો એવુ કહીને કે અ. જીલ્લાની અંદર જે જમીનના ભાગનો કબજો છોડાવવાને અને બ. જીલ્લામાંની તમામ જમીનનો કબજો છોડાવવાનો દાવો એક દીવશે રાખ્યો હતો અને એક બાજે દીવશે અ. જીલ્લામાંની બાકીની મીલકતનો કબજો છોડાવવાનો દાવો રાખ્યો હતો. તેમાં ઠરાવ્યું છે કે તે બેઉ જીલ્લા અંદરની તમામ મીલકત લેવાનો વાદી એક દાવો લાવી શકતો હતો અને આવો દાવો અ જીલ્લામાંહેની એક કોર્ટમાં યોગ્ય રીતે લાવવામાં આવેલો છે (હરચંદ્ર વી. લાલ બહાદુર (૧૮૯૪) ૧૬ અ. ૩૫૯). એક જીલ્લાની અંદર મીલકત ગુમ થયેલી હોય અને તે એક બાજા જીલ્લામાંથી જડેલી હોય તો જે જીલ્લામાં તે જડેલી હોય તે જીલ્લામાં કબજો લેવાનો દાવો કરવો જોઇએ (રામ પરતાપ વી. ભોલાબત્તી (૧૮૬૮) ૯ વી. રી. ૫૮૬).

લગનના હકકો—એક ધણી લગનના હક પાછા મળવાને દાવો કરે તેમાં દાવાના કારણમાં ધણીની કબુલત વીના ધણીઆંણી તે ધણીના ઘેરથી ગેરહાજર રહેલી જોઇએ, માટે તેના મકાનમાં તે દાવાનુ કારણ ઉત્પન્ન થએલુ છે એમ સમજવુ જોઇએ (લલીતગર વી. સુરજ (૧૮૯૫) ૧૯ મુ. ૩૧૬).

છેડા છુટકો—હિંદુસ્થાનના છેડા છુટકો કરવાના એકટ (સને ૧૮૬૯ ના ૪ થા) ની કલમ ૨ પ્રમાણે જીલ્લા કોર્ટની એવી ખાત્રી થાય કે જે વ્યભીચાર બાબત આરોપ રાખેલો છે તે વ્યભીચાર હિંદુસ્થાનમાં કરવામાં આવેલો છે તો કેઇ જગાએ તે પક્ષકારોનુ લગન થએલુ હતુ તે વીશેના પુરાવમાં પેઠા વીના તે જીલ્લાકોર્ટને તે લગન તુટેલુ છે, એવુ હુકમનામુ કરવાની હકુમત છે (કાઇટ વી. કાઇટ (૧૮૯૬) ૨૦ મુ. ૩૬૨).

મેહેરનુ લહેણુ—એક મરનાર મુસલમાનની મીલકતમાંથી મેહેરનુ લહેણુ લેવાનો એ કાદો દાવો તે એક કરારના રૂઠનો છે અને હકુમત વીશે સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની ક. ૧૭ માં જે ઠરાવો છે તે, તે દાવાને લાગુ થાય છે (સંકરદયાળ વી. મહમદ મજતબા (૧૮૯૬) ૧૮ અલહા. ૪૦૦) અને જો કે પ્રતીવાદી બ.જી એક જગાએ રહેતો હતો અને કામ કરતો હતો તો પણ જે જગાએ લગન થએલુ તે જગાએ તે દાવો કરેલો હતો તે બરોબર છે એવુ ઠરાવેલુ છે (ઝમીરાન વી. ફતેઅલ્લી (૧૯૦૫) ૩૨ ક. ૧૪૬).–

સામેલ કરવુ તે—એક પ્રતીવાદી ઊપરના એક દાવામાં દાવાના બે કારણો સામેલ કરવાનો હક તો તે જે કોર્ટને દાવા અરજી આપવામાં આવેલી હોય તે કોર્ટને તે દાવાના બેઊ કારણો બાબત હકુમતના હોય તો, અમલ કરી શકાતો નથી (ખીમજી વી. પરશોતમ (૧૮૮૪) ૭ મ. ૧૭૧)

મૃત્યુપત્ર લેખાર્પીત દાંન (**"લીગસી"**)—મૃત્યુપત્ર લેખાર્પીત દાંન જે શખશને આપેલુ હોય તે શખશ રહેતો હોય ત્યાંની હકુમતમાં તે બાબતનો દાવો કરવો ના જોઇએ, પણ જે હકુમતની અંદર વારસ રહેતો હોય તે હકુમતની અંદર તે કરવો જોઇએ (આશુતોશ વી. હરીચર્ણ (૧૮૭૧) ૧૬ વી. રી. ૩૦૫).–

પ્રોબેટ.—સને ૧૮૮૧ ના એકટ ૫ ની ક. ૫૬ પ્રમાણે જો વશીયત કરનારની પાસે પોતાના મોત વખતે એક જીલ્લા જડજની હકુમત અંદર જંગમ અથવા સ્થાવર મીલકત હોય અને તે બ્રીટીશ રઇયતના હોય અને બ્રીટીશ ઇંડીયાની બહાર તેણે વીલ કરેલુ હોય તો તે જીલ્લા જડજની તે વીલનુ પ્રોબેટ આપવાની હકુમત છે. હિંદુસ્થાનમાં એકાદા કામ બાબત સરખી હકુમતની અંદરના હોય કે જેથી પ્રોબેટ બાબત એક અરજી કરી શકાય તો એકાદા જડજને જે કુલ અખત્યાર છે તે અખત્યાર તે કામમાં ક ૫૬ થી લાગુ થતો નથી (ભારો વી. લક્ષ્મીબાઇ (૧૮૯૬) ૨૦ મુ. ૬૦૭)

સગીરને ખસેડવામાં આવે તે.—જુઓ (શારતચંદ્ર વી. ફોરમેંન (૧૮૯૦) ૧૨ અ. ૨૧૩).

બંગાળામાં સાંથના દાવા.—સને ૧૮૮૫ ના એકટ ૮ ની ક. ૧૪૪ જુઓ (ખીમજી વી. પરશોતમ (૧૮૮૪) ૭ મ. ૧૭૧). જો કે પટે આપેલી જમીનનો કબજો લેવાનો દાવો રૂ. ૪૦૦૦) નો હોવાથી એક સબોર્ડીનેટ જડજની કોર્ટમાં થાય છે તો પણ, તે પટાની જમીનની લહેણી સાંથ બાબતનો દાવો રૂ ૧૦૦૦) કરતાં વધારે ના હોય તો, તે મુનસીફની કોર્ટમાં તપાસવા લાયક છે (ફજલુર રહીમ વી. દવારકાનાથ (૧૯૦૫) ૭ ક. વી. નો. ૪૦૨; ૩૦ ક. ૪૫૩).

દેશી સ્વસ્થાનમાં રહીશ થવુ તે—નંબર ૧ નો પ્રતીવાદી કોચીનના સ્વસ્થાનનો રહીશ થયેલો હતો તેથી તેણે વાદીના તારવાડના મરનાર કારનાવનનું લેણું વસુલ કરવાને રેસીડંટ સાહેબ પાસેથી સરટીફીકેટ મેળવેલું હતું. નંબર ૧ ના પ્રતીવાદીની પેઠે વાદીયણ તેજ સ્વસ્થાનનો રહીશ હતો તેથી વાદીએ મરનાર કરનાવનની મીલકતના સરકારી પ્રોમીસરી નોટો ઉપર વ્યાજ લેણું થયેલું તે લેવાનો હક ઠરાવવાને બ્રીટીશ સરકારના તાબાના કોચીનમાં દાવો કર્યો. ઠરાવ્યું છે કે તે દાવો ચાલતો નથી અને અપીલવાળાએ દેશી કોચીનની કોર્ટમાં દાવો કરીને પોતાનો પ્રતીનીધી તરીકેનો હક ઠરાવો જોઇએ અને પછી એક સરટીફીકેટ માટે રેસીડંટને અરજ કરવી જોઇએ અથવા નં. ૧ ના પ્રતીવાદીને એક પક્ષકારમાં સામેલ કરીને હિંદુસ્થાન સરકાર ઉપર દાવો કરવો જોઇએ. (અમુની વી ક્રીશ્ના (૧૮૯૩) ૧૬ મ. ૪૯૫) આ કલમના હેતુ પ્રમાણે એક મઝીઆરા કુટુંબનો વહીવટદાર તે દરેક અંગભુતનો એજંટ નથી (અનામલાઇ વી. મરૂગેસા (૧૯૦૨–૩) લા. રી. ૩૦ ઈ અ. ૨૨૦; ૨૬ મ. ૫૪૪; ૭ ક. વી નોટ ૭૫૪, પરરાજ્યનો એકાદો સખસ રહીશ થયેલો ના હોય તો તેના ઉપર હુકમનામું કરવાને ઇંગ્રેજી કોર્ટોને અખત્યાર છે પરંતુ જે કોર્ટ ફેંસલો આપે તે કોર્ટની હકુમતની અંદર દાવાનું કારણ ઉત્પન્ન થયેલું હોવું જોઇએ (રામભટ વી. શંકર બસવંત (૧૯૦૧) ૨૫ મું ૫૨૮). મરૂગેસાચેતી વી. અનામલાઇ ચેતી (૧૯૦૦) ૨૩ મ. ૪૫૮ ના કામમાં એવી તકરાર કરવામાં આવી હતી કે રહયા શીવાય અથવા રહીશ

થયા શીવાય કોઇ પરરાજ્યનો સખસ હકુમતમાં આવતો નથી અને ઇન્ટર નેશનલ લૉ ના નીયમ વીરૂધ હીંદુસ્થાનના કાયદા કરનારાઓને કાયદો ઠરાવવાને અખત્યાર નથી તે બાબત વળી પ્રીવીકાઉંસીલના નામદાર સાહેબોની રૂબરૂ જ્યારે આ કામ અપીલમાં તેમની રૂબરૂ હતું ત્યારે તકરાર કરવામાં આવી હતી. પણ નામદાર સાહેબે તેનો ફેંસલો કર્યો નથી (અનામલાઇ વી. મરૂગેસા (સદરહુ; તે પ્રમાણે તેડપાલી વી. સૈયદમીર ગુલામ (૧૯૦૬) ૨૯ મ. ૬૯; ૨૩૯ ના કામમાં ચાલવામાં આવેલું છે).

વાદીનો કોર્ટ પસંદ કરવાનો હક છે.— કેટલીક કોર્ટમાંની એક કોર્ટમાં જે કામમાં દાવો દાખલ કરી શકાતો હોય તે કામમાં કાયદાનો એક સામાન્ય નીયમ છે કે વાદી એક કેવી રીતે દાવો લાવવો તે પસંદ કરી શકે છે. માટે એક વાદીએ એક કરારની રૂઇએ જ્યાં નાણાં વસુલ આપવાનાં હતાં તે જગાએ હુકમતવાળી ડીસ્ટ્રીકટ મુનસીફની કોર્ટમાં દાવો કર્યો કારણ કે તે જગાએ હકુમતવાળી સ્માલકોઝ કોર્ટની હતી. તેમાં ઠરાવ્યું છે કે જે જગાએ કરાર કરવામાં આવેલો તે જગાએ હકુમત વાળી સ્માલકાઝ કોર્ટ તે દાવાની તારીખે હોય તેથી ડીસ્ટ્રીકટ મુનસફની હકુમત બાતલ થતી નથી (રત્નાગીરી વી. વાવા રવુધાન (૧૮૯૬) ૧૯ મ. ૪૭૭).

પુરાવાનો બોજો.—જ્યારે પ્રતીવાદી હકુમતની અંદર ના હોય ત્યારે વાદીએ બતાવવું જોઇએ કે દાવો શરૂ થતી વખતે હકુમતની અંદર પ્રતીવાદી ખરી રીતે અને બુદ્ધી પુર્વક રેહતો હતો અથવા ફાયદાને સારૂ જાતે કામ ધંધો કરતો હતો (મધુસુધન વી. કોચરન (૧૮૮૦) ૬ ક. લા. રી. ૪૧૭).

વાંધો નહિં લેવાથી થતી કબુલાત.—જો પ્રતીવાદીઓ સ્થાનીક હકુમતની અંદર રેહતા ના હોય અને સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની કલમ ૨૦ પ્રમાણે અરજ કરે નહિં તો તેથી તેઓએ કબુલ કરેલું છે એમ ઠરાવવામાં આવે છે (વીરરાઘવ વી કૃષ્ણાસ્વામી (૧૮૮૩) ૬. મ. ૩૪૪ પા. ૩૪૯; બાલાજી વી લક્ષ્મીબાઇ (૧૮૮૫) ૯ મું. ૨૬૬ ના ઠરાવનો મુકાબલો કરો).

હાઇકોર્ટ—આ કલમ હાઇકોર્ટની અસલ બાજુને લાગુ થતી નથી (જુઓ કલમ ૧૨૦) તે કોર્ટ પોતાના ચાર્ટર પ્રમાણે ચાલે છે અને તે ચાર્ટર પ્રમાણે "દાવાનું કારણ" એ શબ્દોનો હેતુ તમામ દાવાનું કારણ થાય છે અને તેનો એક મુદ્દાનો ભાગ થતો નથી. સબબ કરારની રૂઇના એક કામમાં કરાર અને તેનો ભંગ એ એકે આવી જાય છે (રામ પરતાબ વી. પ્રેમસુખ (૧૮૯૧) ૧૫ મું ૯૩; અને કાળીદાસ વી. શંભુનાથ (૧૮૮૨) ૮ ક. ૪૮૩ ના કામમાં બતાવેલા ઠરાવો જુઓ.) તો પણ તે દાવાના કારણનો ફક્ત ભાગ હકુમતની અંદર ઉત્પન થતો હોય અને પ્રથમ પરવાનગી મેળવેલી હોય તો હાઇકોર્ટની અસલ બાજુમાં તે દાવો લાવી શકાય છે. (ધનજીશાહ વી. ફોર્ડ (૧૮૮૭) ૧૦ મું. ૬૪૯; દયાનારાયણ વી. સેક્રેટરી ઓફસ્ટેટ (૧૮૮૭) ૧૪ ક. ૨૫૬; મુળચંદ વી. સગનચંદ (૧૮૭૬) ૧ મું. ૨૩; પરંતુ જુઓ મહમદ અબદુલકાદર વી ઇસ્ટ ઇંડીયા રેલ્વે (૧૮૭૬) ૧ મ. ૩૭૫ મદ્રાસ સબંધીમાં, અને ડોબસન વી. બેંગાલ સ્પીનીંગ એન્ડ વીવીંગ કંપની (૧૮૯૭) ૨૧ મું ૧૨૬ તે મુંબાઇ સંબંધી છે)

રજા—રજા આપવાનો એકાદો હુકમ તે કામ ચલાવાની રીતે બાબત નીયમ બાંધવાનો ફકત રીતીસર હુકમ નથી; પરંતુ હકુમત થતાં પેહલાં એક શરત તરીકેનો છે અને તે હુકમ ઉપર અપીલ ચાલે છે. તે પ્રધાનીક કૃત્ય નથી (ડીસોઝા વી. કોલ્સ (૧૮૬૬–૭) ૩ મ. હા. કો. ૩૮૪) હાજી ઇસ્માઇલ વી. હાજી મહમદ (૧૮૭૪) ૧૩ બં. હા. રી. ૯૧).

રજા સ્પષ્ટ રીતે માગીને મેળવવી જોઇએ અને વાદીને એક નાહાર તરીકે દાવો કરવા પરવાનગી આપવામાં આવેલી હતી તેથી તે રજાનુ અનુમાન કરવુ નહિં જોઇએ (જેઠમ વી. આત્મારામ (૧૮૮૦) ૪ મું. ૪૮૨). દાવો દાખલ કર્યા પછી ચાર્ટર પ્રમાણે રજા આપી શકાતી નથી અને દાવા અરજી ઉપરથી દાવાનુ કારણ જણાતુ હોય તે સબંધી માત્ર હોય છે. તેથી વાસ્તવીક રીતે એક જુદા દાવાના કારણ બાબત હકુમત આપી શકાતી નથી અને સાધારણ કામની માફક તે દાવા અરજી દુરસ્ત કરી શકાતી નથી (રામપરતાબ વી. પ્રેમસુખ (૧૮૯૧) ૧૫ મું. ૯૩; હાજી ઇસ્માઇલ વી. હાજી મહમદ (૧૮૭૪) ૧૩ બં. લા. રી. ૯૧). પણ થોડી મુદત ઉપર મુંબાઇમાં ઠરાવામાં આવ્યું છે કે આ કલમ પ્રમાણે (૧૮૮૨ ના એક્ટ ૧૪ ની કલમ ૧૭ (સી) રજા જો કે દાવો દાખલ કર્યા પછી મેળવેલી હોય તો પણ તે બરોબર છે (નારાયણ વી. સેક્રેટરી ઓફ સ્ટેટ (૧૯૦૬) ૩૦ મું. ૩૭૦; ૮ મું. લા. રી. ૫૪૩).

વારસ વકીલનો દાવો:—જો કે એવુ કહેવામાં આવેલુ છે કે કોર્ટને હકુમત આપવા સારૂ જે હકીકત ઊપરથી દાવાનુ કારણ બનતુ હોય તે તમામ હકીકત તે હકુમતની અંદર બનવી જોઇએ, તો પણ આ બાબત એવો જે ખુલાસો છે કે એકાદો દાવો એક સખસ ઊપર વારસ વકીલ તરીકે તે શખસના પોતાના કૃત્યથી થએલા દાવાના કારણ ઉપરથી કરવામાં આવે તેમાં અને તે શખસ જેની જગાએ આવેલો હોય તેના કૃત્યથી થએલા દાવાના કારણ ઉપરથી કરવામાં આવે તે વચે સ્પષ્ટ ભેદ છે તે શરત સાથે માનવી જોઇએ. પાછલા પ્રકારના દાવામાં મરનાર શખશના ઉપર જે દાવાનુ કારણ જે કોર્ટની હકુમત અંદર ઉતપન્ન થએલુ હોય તે કોર્ટમાં વારસ વકીલ તરીકે તે સખસ ઊપર દાવો કરવો જોઇએ (લેડ વી. પારબતીદાસી ૨ હાઇડ ૧૮).

પરરાજ્યનુ હુકમનામુ:—ચેનશરી કોર્ટે એવો હુકમ કરેલો હતો કે કોન્ટ્રીબ્યુટરીઓએ તે હુકમ બજાવવામાં આવે ત્યારથી ચાર દીવસની અંદર નાણાં ભરવા તેથી તે હુકમ ની રૂઇએ મુંબાઇમાં દાવો કરવામાં આવ્યો હતો. ઠરાવ્યું છે કે દાવાનું કારણ સંપુર્ણ થવાને તે હુકમની બજાવણીની જરૂર નથી; અને તે દાવાના કારણ પૈકી કાંઇ બાબત હાયકોર્ટના હકુમત અંદર ઊતપન્ન થએલી નથી, માટે તે દાવો ચાલે નહી (લંડન બેંક વી. બડી બીબી (૧૮૮૧) ૫ મું. ૪૨. વળી જુઓ સેવકીંગ વી. ફુક (૧૮૬૮) ૯ વી. રી. ૨૧૫).

બદનક્ષી:—જુઓ ગેફ્ર્ટ વી રૂકચંદ (૧૮૮૯) ૧૩ મુ. ૧૭૮).

હુંડીયો, પ્રોમીશરી નોટો, ખતો.—સ્થાનીક હકુમત બાહાર પ્રતીવાદીએ હુંડીયો લખેલી પણ તેણે કલકતે મોકલી હતી અને ત્યાં વાદીએ તે સ્વીકારીને નાણાં આપેલાં હતાં તેથી તે નાણાં લેવાના દાવામાં ઠરાવ્યું છે કે તમામ દાવાનુ કારણ કલકતામાં ઊતપન્ન થએલુ છે (જોનમલ વી. મનુલાલ (૧૮૬૬) ૧ ઇ. જ્યુ. (એન. એસ.) ૨ ૯). માટે અપર પ્રોવીન્સના એક રહેનાર શખશે કલકતામાં અ તરફ રૂ વેચવાને મોકલેલુ અને તે ઉપર કલકતામાં નાણાં આપવાની હુંડીયો લખેલી હતી તે પ્રથમ વેચવામાં આવેલી ત્યાર પછી વાદીના ગુમાસ્તાએ કલકતામાં તે સ્વીકારીને નાણાં આપેલાં હતાં. તે ઉપરથી અ. એ તે હુંડીયોના આધારથી નહી પણ હીસાબની બાકી બાબત દાવો કર્યો તેમાં ઠરાવ્યું છે કે તે હુંડીયોનાં નાણાં કલકતામાં આપવાનાં હતાં અને તેનો ત્યાં દેખાડ કરેલો હતો તે ઊપરથી તે નાણાં આપવાના ગર્ભીત કરારના આધારથી જવાબદારી ઊતપન્ન થએલી છે, માટે તમામ દાવાનુ કારણ કલકતામાં ઊતપન્ન થએલુ છે (ધનરાજ વી. ગોબીંદરામ (૧૮૬૮) ૧ બં. લા. રી. ૭૬).

એકાદી પ્રોમીશરી નોટનાં નાણું જે સખસને આપવા જોગ હોય તે શખશ કલકતામાં રહેતો હોય અને તે પ્રોમીશરી નોટ ત્યાં કરી આપેલી હોય; (રામગોપાળ વી. બ્લાકવાયર (૧૮૫૮) ૧ બં. લા. રી. ૭૫) અથવા હકુમત અંદર આપવા જોગ હોય અને તે હકુમતની અંદર આપેલી હોય (ઇશર ચંદ્રસેન વી. ડીકુઝ (૧૮૬૬) ૧ હ જયુ (એન. એસ. ૨૩૩) તો તે પ્રોમીશરી નોટની રૂઇએ કરેલા દાવામાં હાયકોર્ટની હકુમત છે, અને જો કે તે નોટ ખરી રીતે તે હકુમત બાહાર કરવામાં આવેલી હોય તો કરી આપ્યા તરીકે હકુમતની અંદર તે ઉપર સહી કરવામાં આવેલી હોય અને આપેલી હોય તો પ્રથમ દર્શનીક રીતે હકુમત છે. (વીંટર વી. ગૈન્ડ (૧૮૬૨-૩) ૧ મ. હા. કો. ૨૦૨, માં મીનાક્ષી વી. માટ્ટલ (૧૯૦૫) ૨૮ મ. ૧૯). પણ જો એક ખત સ્થાનીક હકુમત બાહાર લખેલુ હોય અને તે દસ્તાવેજ સાધારણ રીતનો ઠરાવ હોય અને નાણાં વસુલ આપવાની ખાસ જગા બતાવેલી ના હોય તો તે મતથી (રાજંદ્રરાવ વી. સામરાવ (૧૮૬૨-૩) ૧ મ. હા. કો. ૪૩૬; ના કામમાં ડેનશરના કામમાં ૬ ટી. આર. ૨૪૨ ના ઠરાવ પ્રમાણે ચાલવામાં આવેલુ છે). આ કામમાં જડજે વાઇલ્ડ વી. શેરીદાંન (૨૧ લા. જ. કયુ. બી. ૨૬૦) ના ઠરાવ પ્રમાણે ચાલીને ઠરાવ્યું છે કે જો તે કરાર મદ્રાસમાં કરેલો ના હોત તો હાયકોર્ટને તે હકુમત મળત નહી. પણ પાછળના એક કામમાં એવુ ઠરાવેલુ છે કે તે કરારમાં કાંઇ ઠરાવ ના હોય તો તે કરારનો અમલ કેઇ જગાએ કરવો જોઇએ તે બાબત નીર્ણય કરવામાં પક્ષકારોના ઇરાદા પ્રમાણે કોર્ટે ચાલવુ જોઇએ (ધનજીશા વી. ફોર્ડ (૧૮૮૭) ૧૧ મુ. ૬૪૯; વળી જુઓ દરાગ વી. પરશોતમ (૧૮૮૨) ૪ મ. ૩૭૨). એક પ્રોમીશરી નોટ કલકતામાં આપવા જોગની કલકતા બાહાર લખી આપેલી હતી તેની રૂઇએ વાદીએ દાવો કર્યો. પણ તે દાવો દાખલ કરતા પહેલાં દાવો કરવાની રજા લેવામાં આવેલી ન્હોતી. તેમાં ઠરાવ્યું છે કે હાઇકોર્ટની હકુમત નથી (મથુર મોહનરાય વી. જદુમની દાશી (૧૮૭૨) ૧૦ બં. લા. રી, ૧૨૨; હરજીવંનદાસ વી. ભગવાંનદાસ (૧૮૭૧) ૭ બં. લા. રી. ૧૦૨; ૫૩૫), પરતુ ફડચો થયા પછી મુંબાઇમાં આપવાનો કરાર થએલો હતો અને દાવો કરવાની પરવાનગી મેળવેલી હતી તેમાં ઠરાવ્યું છે કે કોર્ટને હકુમત છે (પ્રાગદાસ વી. દોલતરામ (૧૮૮૭) ૧૧ મું. ૨૫૭). કલકતાની બહાર એક સખસ રેહતો હોય અને કામ ધંધો કરતો હોય અને તે સખસે કપટ અથવા ગુન્હો કરીને વાદી પાસેથી માલ સાંનમાં લીધેલો તે માલ તેની પાસેથી લેવાનો દાવો કરવાને મંજુરી મેળવવી જોઇએ. પણ તે ગુન્હો અથવા કપટ ફક્ત હકુમતની અંદર થવું જોઇએ (કાર્તીક ચરણ વી. ગોપાળ ક્રીસ્ટો (૧૮૭૮) ૩ ક. ૨૬૪).

હુકમનામુ: કપટ.—જો કે તમામ પ્રતીવાદીઓ હકુમતની બહાર રહેતા હોય તો પણ કપટના કારણથી હાઇકોર્ટનુ કબુલતથી મેળવેલું હુકમનામું રદ કરવાનો દાવો, કરવાની પ્રથમ મંજુરી મેળવ્યા શીવાય ચાલી શકે છે (સોલોમન વી. અબદુલ આઝીઝ (૧૮૭૯) ૪ ક. લા. રી. ૩૬૬). એકાદુ હુકમનામુ કોઈ બીજી સરસ હકુમતની કોર્ટે કરેલું હોય અને તેમાં દાવાનું કારણ તમામ ઉત્પન્ન થયેલું હોય અથવા થોડુંક સાધારણ અસલ દીવાની સ્થાનીક હકુમતની અંદર થયું હોય તો પ્રથમ કોર્ટની રજા લઇને તે હુકમનામુ કપટના કારણથી રદ કરવાનો દાવો સાંભળવાને હાઇકોર્ટની અસલ બાજુની હકુમત છે. (નંદલાલ બોઝ વી. નીસ્તરીની દાસી (૧૯૦૩) ૭ ક. વી. નોટ ૩૫૩).

વેચેલો માલ.—એક માલ વેચીને સ્વાધીન કરેલો તે બાબતના દાવામાં પ્રતીવાદી હાઇકોર્ટની સ્થાનીક હકુમત અંદર રેહતો ના હોય તો દાવાનું કારણ એટલે માલ સ્વાધીન કરવાનું વેચાણ તે હકુમતની અંદર બનેલું જોઇએ. માટે **અ** એ **બ** ઉપર માલ બાબત દા-

વો કર્યો. તે મદ્રાસમાં વેચવામાં આવેલો હતો તેથી થોડોક દરીયા માર્ગે મોકલ્યો હતો અને થોડોક **અ** ના જોખમથી ટપાલ ઓફીસની મારફતે **બ** ને મોકલ્યો હતો અને તે **બ** સ્થાનીક હકુમતની બહાર રહેતો હતો. તેમાં ઠરાવ્યું છે કે જ્યાં સુધી તે મોકલનારના જોખમથી તે માલ હતો ત્યાં સુધી જે સખસને મોકલેલો તે સખસને સ્વાધીન કર્યો થઇ સકતું નથી અને દાવાનું કારણ સ્થાનીક હકુમતની અંદર ઉત્પન્ન થતું નથી. (વીન્ટર વી. વે (૧૮૬૨-૩) ૧૫ હા. કો. ૨૦૦; જો તે પ્રતીવાદીના જોખમથી મોકલેલો હોય તો તેમ નથી–ડીસોઝા વી. કોલ્સ (૧૮૬૬) ૩ મ. હા. કો. ૩૮૪ પા. ૪૦૫-૬).

દ્વેષ બુદ્ધીથી ફોજદારી ફર્યાદ ચલાવવી તે:—દ્વેષ બુદ્ધીથી ફોજદારી ફર્યાદ ચલાવવા બાબતના દાવામાં વાદીએ કહેલું છે કે મુરાદાબાદના માજીસ્ટ્રેટની રૂબરૂ પ્રતીવાદીએ મારા ઉપર ફોજદારી કામ ચલાવેલું છે અને તે મેજીસ્ટ્રેટ પાસે વારંટ કઢાવીને તે વારંટથી કલકતામાં મને પકડાવેલો છે. તેમાં ઠરાવ્યું છે કે તમામ દાવાનું કારણ મોરાદાબાદનું ઉત્પન્ન થયેલું નથી, દાવાના કારણનો જે ભાગ કલકતામાં ઊત્પન્ન થયેલો છે અને જેથી હાયકોર્ટમાં કોર્ટની રજાથી દાવો લાવવાને વાદીનો હક થાય છે. (લડલી વી. જોન્સન (૧૮૭૦) ૬ બ. લા. રી. ૧૪૧. જુઓ મુસા ટેકલ વી. મણીલાલ (૧૯૦૫) ૨૯ મું. ૩૬૯; ૭ મું. ૨૦).

ભાગીદારી.—વાદી મદ્રાસમાં રેહે છે તેથી તેણે બીમલી પટ્ટમમાં રહેનાર પ્રતીવાદી સાથે એક કરાર કર્યો કે બીમલીપટ્ટમમાં જે કાંઇ માલ તે વહાણ ઉપર ચઢાવે અને તે પોતાનું જોખમ રાખે તો તે પ્રતીવાદીને નીમે ભાગ લેવાનો હક થાય પ્રતીવાદીએ બીમલીપટ્ટમમાં તે જોખમ રાખવું પસંદ કર્યું. પછી જે નુકશાન થયેલું તે બાબતના દાવામાં ઠરાવ્યું છે કે હાઇકોર્ટની હકુમત નથી. (ડીસોઝા વી. કોલ્સ (૧૮૬૬) ૩ મં. હા. કો. ૩૮૪) તેજ પ્રમાણે હૈદરાબાદની નજીક બકારામમાં એક ચામડાનું કારખાનું ચલાવવાને પંત્યાળા બાબત નીઝામના મુલકમાં સીકંદરાબાદમાં વાદી તથા પ્રતીવાદીએ એક લખેલો કરાર કરીને સહીઓ કરી હતી, અને તે કરારના ઠરાવ પ્રમાણે તે ચામડાં મદ્રાસમાં વાદી તરફ વેચાણ કરવાને તથા ઇંગ્લાંડ ચઢાવવાને મોકલવામાં આવતાં અને મદ્રાસમાં વાદી ઉપર તે માલ સબંધી જે હુંડીઓ લખવામાં આવતી હતી અને જેનાં નાણાં વાદીએ આપેલાં હતાં તથા પંત્યાળાના વ્યહવારનો હીસાબ દરેક આઠ દીવસમાં એક વખત વાદીને મોકલવામાં આવતો હતો, તેમાં ઠરાવ્યું છે કે સ્થાનીક હકુમતની અંદર દાવાનું કારણ ઉત્પન્ન થયેલું નથી (બાવામીયાં વી. ખાજેમીયાં (૧૮૬૮) ૪ મ. હા. કો. ૨૪૮).

એકાદો દસ્તાવેજ રદ કરાવવો તે.—મુંબાઇમાં રહેનાર **દ** ઉપર વાદીએ દાવો કરેલો હતો, પણ તે **દ** પોતાના ગુમાસ્તાની મારફતે કલકતામાં રોજગાર ધંધો ચલાવતો હતો અને બીજાઓ મુંબાઇમાં રહેતા હતા તેથી કલકતામાં અમુક મીલકતમાં પોતાના હીત વીષે એક ફારગતી લખી આપેલી તે રદ કરાવવાને તે દાવામાં માગેલું હતું એવું કહીને કે **દ** એ મને ખોટું સમજાવીને તે મારી પાસેથી લખાવી લીધેલી છે; ઠરાવ્યું છે કે તે દાવાના કારણમાં ફારગતીથી મુંબાઇ મધ્યેની મીલકત જે અસર થાય છે માટે તમામ દાવાનું કારણ કલકતામાં ઉત્પન્ન થતું નથી. (હાજીઇસ્માઇલ વી. હાજીમહમદ (૧૮૭૮) ૧૩ બં. લા. રી. ૯૧).

વહીવટ પત્ર—જો મરનારનું મરતી વખતે જે જીલ્લામાં કાયમ રહેવાની જગો ના હોય અથવા કાંઈ મીલકત ના હોય તો તે જીલ્લાના જડજ વહીવટ પત્ર આપી શકતા નથી (ફરદુનજી અરદેશરજી વી. નવાજબાઈ (૧૮૯૩) ૧૭ મું. ૬૮૯).

વધારાની મુલકી હકુમત.—પાણીના નીશાનની નીચે અને ત્યાંથી ત્રણ માઇલની અંદર જે કામોમાં દાવાનુ કારણ ઉત્પન્ન થતું હોય તે વીષે જુઓ બેલન મયાચા વી. નાણું (૧૮૭૮) ૨ મું. ૧૯).

૨૧. ફરિયાદ કરવાની જગા સંબંધી કોઇપણ હરકત અવલ કોર્ટમાં બનતી પહેલી તકે અને જે બાબતમાં મુદ્દા ઠરાવવામાં આવતા હોય તે દરેક બાબતમાં મુદ્દા ઠરાવવામાં આવે ત્યારે અથવા તે પહેલાં લેવામાં આવી ન હોય અને એથી અન્યાય થયો ન હોય તો, તે હરકત કોઇપણ અપીલ કોર્ટે અથવા રિવિઝન કોર્ટે લેવા દેવી નહિ.

હકુમત બાબત હરકત.

ટીકા.—દાવો કરવાની જગા વીષે તમામ અજ્ઞાનતા ભરેલી હરકતો આ કલમથી બાતલ કરેલી છે. જે કોર્ટને કોઇ દાવાની તપાસ કરવાને હકુમતની ખામી હોય તેમ છતાં તે કોર્ટમાં તે દાવાની સુનાવણી કરવાથી ઇનસાફમાં નીશફળ થવામાં આવેલુ ના હોય તો આ કારણથી હરકતો લેવા દેવાને અપીલ તથા ફરી તપાસની કોર્ટોને હાલ મનાઈ કરેલી છે.

૨૨. જ્યારે કોઇપણ ફરિયાદ બે અથવા વધારે કોર્ટોમાંની કોઇપણ એક કોર્ટમાં માંડી શકાય એમ હોય અને તે એવી કોર્ટોમાંની એકાદી કોર્ટમાં માંડી હોય ત્યારે, કોઇપણ પ્રતીવાદી બીજા પક્ષકારોને નોટીસ આપ્યા પછી, બની શકે તેટલી વહેલામાં વહેલી જોગવાઇએ અને મુદ્દા ઠરાવવામાં આવતા હોય તે દરેક બાબતમાં એવા મુદ્દા ઠરાવવામાં આવે ત્યારે અથવા તે પહેલાં, સદરહુ ફરિયાદ બીજી કોઇ કોર્ટમાં મોકલવા માટે અરજ કરી શકે; અને જે કોર્ટને એવી અરજ કરી હોય તે કોર્ટે, સદરહુ બીજા પક્ષકારો કંઇ હરકત લે તો તેનો વિચાર કર્યા પછી, હકુમતવાળી કોર્ટોપૈકી કંઇ કોર્ટમાં તે ફરિયાદ ચલાવવી એનો નિર્ણય કરવો.

એક કરતાં વધારે કોર્ટોમાં માંડી શકાય એવી ફરિયાદો બીજી કોર્ટમાં મોકલવાનો અધિકાર.

ટીકા.—સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની કલમ ૨૦ અને ૨૨ આ કલમ હાયકોર્ટોને લાગુ થાય છે.

આ કલમમાં સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની કલમ ૨૨ નો ઠરાવ સુગમતા ભરેલા રૂપમાં બતાવેલો છે. અને કલમ ૨૦ જે તદન છોડી દીધી છે તેની જગાએ તે કલમ કરવાનો ઈરાદો રાખેલો છે. આ કલમ પ્રમાણે જે અરજી કરવાની તે જુના રીવાજ પ્રમાણે અરજી અને એફીડેવીટ કરીને કરવી જોઇએ.

નોટીસ.—"બીજા પક્ષકારો" ને નોટીસ આપવી જોઇએ (ખતીજા વી. તારકચંદ્ર (૧૮૮૩) ૯ ક. ૯૮૦) માટે જો એક પ્રતીવાદી ફકત અરજ કરતો હોયતો બીજા પ્રતીવાદી ઉપર નોટીસ બજાવાને તે બંધાયલો છે, અને કેટલાક પ્રતીવાદીઓમાંના એક પ્રતીવાદીએ બીજા જે પ્રતીવાદીઓ અરજ કરતા ના હોય તેઓને નોટીસ આપ્યા વીના એક અરજી કરેલી હોયતો નોટીસ આપતા સુધી તે અરજી રેહવા દેવી જોઇએ. એકાદી અરજી એક પ્રતીવાદી ઈનકાર કરે તેથી બીજા પ્રતીવાદીને પાછળથી તેવી અરજી કરવાને સમન્સ બજાવેલો હોય તેના હકને હરકત થાય છે (ઓકીનીલીનો દીવાની કાયદો, ૬ આ. પા. ૧૧૭). લખેલી હકીકતમાં હરકત લેવામાં આવે તો બસ છે.

૨૩. (૧) જ્યારે હકુમતવાળી એવી અનેક કોર્ટો એકજ અપીલ કોર્ટોના તાબામાં હોય ત્યારે, ૨૨ મી કલમ મુજબની અરજી તે અપીલ કોર્ટને કરવી.

કંઇ કોર્ટને અરજી કરી શકાય.

(૨) જ્યારે એવી કોર્ટો જુદી જુદી અપીલ કોર્ટોના પણ એકજ હાઈ કોર્ટના તાબામાં હોય, ત્યારે સદરહુ અરજી સદરહુ હાઇ કોર્ટને કરવી.

(૩) જ્યારે એવી કોર્ટો જુદી જુદી હાઈ કોર્ટોના તાબામાં હોય ત્યારે, જે કોર્ટમાં ફરિયાદ આણી હોય તે કોર્ટ જે હાઈ કોર્ટની હકુમતની સ્થાનિક હદમાં હોય ને હાઈ કોર્ટને સદરહુ અરજી કરવી.

ટીકા.—સને ૧૮૮૨ ના એક્ટ ૧૪ ની કલમ ૨૩ અને ૨૪. આ કલમ હાઇકોર્ટને લાગુ થાય છે પેટા કલમો ૨ અને ૩ જહાંસી હુકડીને લાગુ થતી નથી જુઓ સ્કીનર વી. ઓર્ડના કામનો ઠરાવ (૧૮૭૮–૮૦) ૨ અ. ૨૪૧; લા. રી. ૬. ઇ. અ. ૧૨૬.

જુના રીવાજ પ્રમાણે આવી અરજીઓ હાયકોર્ટમાં કરવામાં આવતી હતી તે જીલ્લા કોર્ટની મારફતે મોકલવામાં આવતી હતી પરંતુ આ કાયદાના સંગ્રહ કરનારાઓએ સલાહ ભરેલી રીતે તેમાં ફેરફાર કરેલો છે.

૨૪. (૧) પક્ષકારો પૈકી કોઈની અરજી ઉપરથી બીજી કોર્ટમાં ફરિયાદો તથા પક્ષકારોને નોટીસ આપીને તથા તેમનામાંથી જેમને મોકલવાનો તથા તે પાછી કંઈ જણાવવાનું હોય તેમનું સાંભળીને અથવા પોતાનીજ ખેંચી લેવાનો સામાન્ય મેળે તેવી નોટીસ આપ્યા શિવાય, હાઈ કોર્ટ અથવા ડિસ્ટ્રિ. અધિકાર કટ કોર્ટ, ફરિયાદ ચાલતાં ગમે તે વખતે,—

(અ) પોતાની આગળ ચાલતી કોઇપણ ફરિયાદ અથવા અપીલ અથવા બીજું કામ, પોતાના તાબાની અને એવી ફરિયાદ અથવા અપીલ અથવા કામ નો ઇન્સાફ કરવાનો અથવા નિકાલ કરવાનો અધિકાર હોય તે કોર્ટમાં ઇનસાફ અથવા નિકાલ થવા સારૂ મોકલવાને, અથવા

(બ) પોતપોતાના તાબાની કોઇ કોર્ટમાં ચાલતી કોઈપણ ફરિયાદ અથવા અપીલ અથવા બીજું કામ કાઢી લઈને—

(૧) તેનો પોતેજ ઈનસાફ અથવા નિકાલ કરવાને, અથવા

(૨) પોતાના તાબાની અને એવી ફરિયાદ અથવા અપીલ અથવા કામનો ઇનસાફ અથવા નિકાલ કરવાનો અધિકાર હોય તેવી કોઇપણ કોર્ટમાં ઇનસાફ અથવા નિકાલ કરવા સારૂ તે મોકલવાને, અથવા

(૩) જે કોર્ટમાંથી તે પાછું ખેંચી લેવામાં આવ્યું હોય તે કોર્ટમાં તેનો ઈનસાફ અથવા નિકાલ થવા સારૂ પાછું મોકલવાને,

મુખત્યાર છે.

(૨) જ્યારે કોઇપણ ફરિયાદ અથવા કામ પેટા કલમ (૧) ની રૂયે બીજી કોર્ટમાં મોકલવામાં આવ્યું હોય અથવા બીજી કોર્ટમાંથી પાછું ખેંચી લેવામાં આવ્યું હોય ત્યારે, તે ફરિયાદનો ત્યાર પછી ઇનસાફ કરનારી કોર્ટ, મોકલવાનો હુકમ કર્યો હોય તે પ્રસંગે તે હુકમમાં જે વિશેષ ફરમાન કર્યું હોય તેને પાત્ર, તેનો ફરી ઈનસાફ કરવાને અથવા જેટલું કામ ચાલ્યા પછી તે મોકલવામાં આવી હોય અથવા પાછી ખેંચી લેવામાં આવી હોય તેટલા કામ પછી આગળ કામ ચલાવવાને મુખત્યાર છે.

(૩) આ કલમનાં કારણસારૂ, એડિશનલ અને આસિસ્ટંટ જડજોની કોર્ટો, ડિસ્ટ્રિક્ટકોર્ટના તાબાની કોર્ટો છે એમ ગણવું.

(૪) આ કલમ પ્રમાણે સ્મૅાલકાઝ કોર્ટમાંથી મોકલાવેલી અથવા કાઢી કાઢી લીધેલી કોઈ ફરિયાદનો ઇનસાફ કરનારી કોર્ટ, તે ફરિયાદની બાબતમાં, સ્મૅાલકાઝ કોર્ટ છે એમ ગણવું.

ટીકા.—સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની કલમ ૨૫ આ કલમ હાયકોર્ટને તથા પ્રોવીન્શીઅલ સ્મોલકોઝ કોર્ટને લાગુ થાય છે.

એક અથવા બે બાબતો વધારીને આ કલમમાં સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની કલમ ૨૫ મીનો ઠરાવ ફરીથી બતાવેલો છે.

હરકોઇ વખત:—આ શબ્દોથી તે બાબત એક બીજા વીરૂદ્ધ ફેંસલાઓ થયેલા તે રહેતા નથી અને એવી સફાઇ થયેલી છે કે એકાદા દાવાની થોડીક સુનાવણી થયેલી હોય તો પણ તે દાવો બીજી કોર્ટમાં મોકલી શકાય છે.

એકાદા કામની થોડી સુનાવણી કરેલી હોય અને તે ટ્રાન્સફર કરવામાં આવે તો પહેલી કોર્ટમાં લીધેલા પુરાવ ઉપરથી તેનો ફેંસલો થઇ શકતો નથી (બધુનાયક વી. લખીકુંવર (૧૮૮૫) ૭ અ. ૩૪૨; બીધામોઇ દેખીયા વી. મહારાજ સુરજકાંત (૧૯૦૫) ૯ ક. વી. નોટ ૭૦૫; પરંતુ જુઓ રખીલચંદ્ર તેવારી વી. સેક્રેટરી ઓફસ્ટેટ (૧૯૦૬) ૧૦ વી નોટ ૮૪૧ જો કે સબજજની કોર્ટમાં કામની થોડીક સુનાવણી થયેલી હોય તો પણ તે કામ ડીસ્ટ્રીકટ જડજની ફાઇલ ઉપર લાવી શકાય છે—માહદેવપ્રસાદ શાહુ વી. ગનાધરપ્રસાદ શાહુ (૧૯૦૫) ૧૦ ક. વી. નોટ ૧૨). પરંતુ ઓડને ૧૮ રૂલ ૪ માં આવીજ બાબત ઠરાવેલી છે. તથા સદરહુ પેટા કલમ ૨ જુઓ.

ફરીથી ટ્રાન્સફર કરવું તે:—જુના કાયદા પ્રમાણે વાવ્ય પ્રાંતમાં એકાદા જીલ્લા જડજે પોતાની ફાઇલ ઉપર એક વખતે એક કામ ટ્રાંશફર કરેલુ હોયતો તે પાછુ ટ્રાંશફર કરી શકતા નથી માટે આ નવો ઠરાવ કરેલો જણાય છે (અમીર બેગમ વી. પ્રલ્હાદદાશ (૧૮૯૧) ૨૪ અ. ૩૦૪; નંદનપ્રશાદ વી. કેની (૧૯૦૨) ૨૪ અ. ૩૫૬; પરંતુ જુઓ ગપાલાલ વી. મથુરાદાશ (૧૯૦૩) ૨૫ અલ્હા. ૧૮૩; રાંમચારીયરરાય વી. બીધાતારાય, (૧૯૦૬) ૧૦ વી. નો ૯૦૨).

હાયકોર્ટના હુકમથી તાબાની કોર્ટમાંથી એક દાવો જીલ્લા જડજની કોર્ટમાં ટ્રાંશફર કરેલો હોયતો, તે દાવો તે તાબાની કોર્ટમાં ફરીથી ટ્રાંશફર કરવાને આ કલમથી અનુમાન કરવા પ્રમાણે તે જીલ્લા જડજને અખત્યાર નથી (ફાતમા વી. અબદુલ વી. અબદુલ મજીદ (૧૮૯૨) ૧૪ અલ્હા. ૫૩૧; સીતારામ વી. નાની (૧૮૯૯) ૨૧ અલ્હા. ૨૩૦ પરંતુ એકાદા યોગ્ય કામમાં આવો હુકમ કરવાને તેમની હકુમત રહેલી હોય, ગુરદેવ વી. ચંદ્રીકાળી (૧૯૦૭) ૬ ક. લા. જ. ૬૧૧). તેમ એક જીલ્લા જડજે પોતાની ફાઇલ ઉપર જે દાવો ટ્રાંશફર કરેલો હોય તે ફરીથી ટ્રાંશફર કરવાને હાયકોર્ટ કોઇ દીવસ ઘણી તૈયાર રહેશે નહી (મહમદ સફદાર વી. પુર્ણચંદ (૧૮૯૮) ૨૦ અલ્હા ૩૯૫; ક્રીશ્ન વેલજી વી. ભાંણુ મંશારાંમ (૧૮૯૪) ૧૮ મુ. ૬૧).

મુખત્યાર:—આ કલમનો હેતુ દાવાળી બાબત અને દાવાના આંક એ બેઉ સબંધી હકુમતવાળી એવો છે તેથી આ કલમના કારણસર આ શબ્દની હાલ સંપુર્ણ વાખ્યા કરેલી છે (નીધીલાલ વી. મઝાહાર હુસન (૧૮૮૫) ૭ અલ્હા. ૨૩૯).

હકુમત:—જો અસલ કોર્ટને દાવો સાંભળવાની હકુમત ના હોય તો, એકાદી બીજી જે કોર્ટને હકુમત હોય તે કોર્ટ તરફ તે કામ મોકલવાથી આ ખામી દુરસ્ત થતી નથી (પાચાઓની વી. ઇલાહી બક્ષ (૧૮૮૧–૨) ૪ અલ્હા ૪૭૮); માટે ટ્રાંશફરનો કાંઇ હુકમ કરવો જોઇએ નહી (પીયારીલાલ વી. કમાલ કીશોર (૧૮૮૧) ૬ ક. ૩૦; લેગર્ડ વી બુલ (૧૮૮૫–૬) લા. રી. ૧૩ ઇ. અ. ૧૩૪; ૯ અલ્હા ૧૯૧; સાંકુમણી વી. ઇકોરાન (૧૮૯૦) ૧૩ મ. ૨૧૧; માહારાણી કેસરેહિંદ વી. મંગળ (૧૮૮૬) ૧૦ મુ. ૨૭૪), પણ પક્ષકારોની કબુલત હોવી ના જોઇએ (પેતમન વી. બુલ (૧૮૮૩) ૫ અ. ૩૭૭; તો પણ જુઓ લેગર્ડ વી બુલ સદરહુ (૧૮૮૫–૬) લા. રી. ૧૩ ઇ. અ. ૧૩૪, ૯ અલ્હા ૧૯૧; જીવણુ વી. મગદમ (૧૮૮૩) ૭ મુ. ૪૮૭) પણ તે કબુલત એવી હોવી જોઇએ કે ખરી રીતે પ્રતીવાદીએ તમામ હરકત છોડી દીધી છે એવુ કોર્ટ અનુમાન કરે અને તેણે એક બીજી કોર્ટમાં તે કામની ગુણદોષ ઉપર તપાસ કરાવવાને કરાર કરેલો હોય (લેગર્ડ વી. બુલ. સબબ એકાદી અપીલ અયોગ્ય રીતે એક જીલ્લા જડજને આપવામાં આવેલી હોય તો તે અપીલ હાયકોર્ટ પોતાની ફાઇલિ ઉપર ટ્રાન્સફર કરે તો, તેની સુનાવણી કરવાને તેમને હકુમત નથી (રામનારાયણ વી પરમેશ્વર નારાયણ (૧૮૯૮) ૨૫ ક. ૩૯). એક ગીરો ખતની રૂઇએ વેચાણનુ હુકમનામુ કરવાની અરજ કરી દાવો કરેલો હતો તે દાવો ૨ જા સબોર્ડીનેટ જડજની કોર્ટમાંથી ૩ જા સબ જડજની કોર્ટમાં તપાસ થવા સારૂ ટ્રાંશફર કરેલો હતો. તેથી આ પાછલી કોર્ટે તે દાવાનુ હુકમનામુ કરીને વેચાણનો હુકમ કરેલો હતો. ત્યાર પછી હકુમતની ખાંમીના કારણથી તે વેચાણ રદ કરવાને એક અરજી કરવામાં આવી હતી. ઠરાવ્યુ છે કે જે કોર્ટે તે હુકમનામુ અને વેચાણનો હુકમ કરેલો છે તે કોર્ટને તે વેચાણ કરવાની હકુમત હતી (જગરનાથ શાહી વી. દીપરાણી કુંવર (૧૮૯૫) ૨૨ ક. ૮૭૧).–

નોટીસ પ્રશ્ન:—એક પક્ષકારની અરજી ઉપરથી બીજા પક્ષકારોને નોટીસ આપ્યા વીના બળવાન ટ્રાંશફર કરી શકાય છે કીંવા નહી મદ્રાસના એક કામમાં ઠરાવ્યું છે કે સને ૧૮૮૨ ના એકટ ૧૪ મા ની ક. ૨૫ પ્રમાણે નોટીસની ખામીથી તે ટ્રાંશફર નીરર્થક થતુ નથી. (સાંકુમણી વી. ઇકોરન (૧૮૯૦) ૧૩ મ. ૨૧૧. સગીર–જ્યારે મુકરદમા પુરતો વાલી નીમેલો ના હોય ત્યારે એકાદા ઇષ્ટ મીત્રની અરજી વીશે જુઓ જોતેંદ્રનાથ વી. રાજકીસ્તો (૧૮૮૯) ૧૬ ક. ૭૭૧).

એકાદી જે કોર્ટ એક કામની તપાસ કરવાની હકુમત હતી તે કોર્ટમાંથી તે કામ ટ્રાંશફર કરવાને હાયકોર્ટે ના કહેલી હતી, કારણકે તે હકુમત વાળી કોર્ટના જડજને કાંઈ અરજી કરવામાં આવેલી નથી તેમ વાદીને કાંઇ નોટીસ પણ આપેલી નથી (કીરતોદાસ કંદુ વી. ઇશરચંદ્ર (૧૮૬૯) ૧૧ વી. રી. ૧૮૯).

હાયકોર્ટ:—કીલેવીલીયમમાં હાયકોર્ટના સને ૧૮૬૫ ના લેટર્સ પેટંટની ક. ૧૩ મી તે કોર્ટને જે કામમાં પક્ષકારોએ કબુલ કરેલુ હોયતો તે કામ ટ્રાંશફર કરવાનો હુકમ કરવાને અખત્યાર આપ્યો છે અથવા ઇનશાફના કારણસર તેવો અખત્યાર તે કોર્ટને આપેલો છે અને જો કાંઇ કબુલત ના હોય તો જે કોર્ટમાં તે અસલ તપાશવામાં આવે તે કોર્ટ તપાશ કરશે તો તે તપાશ સંતોષ કારક થશે નહી તેવી અઘવડ થશે એવુ બતાવવુ જોઇએ.

ઝડપ અને સોંઘાઇથી ચાલે તે કારણસર (જોતેંદ્રનાથ વી. રાજકીસ્તો (૧૮૮૯) ૧૬ ક. ૭૧૧). અથવા સુગમતા અને ખર્ચ બચાવવા સારૂ (હરેંદ્રલાલ વી. સર્વમંગળ (૧૮૯૭) ૨૪ ક. ૧૮૩; વળી જુઓ ખતીજા બીબી વી. તારકચંદ્ર (૧૮૮૩) ૯ ક. ૯૮૦) અથવા

પક્ષકારોની કબુલ નથી (પેન વી. બંગાળાના એડવોકેટ જનરલ (૧૮૮૦) ૫ ક. ૭૬૬) એકાદો દાવો ટ્રાંસફર કરી શકાય છે.

હાયકોર્ટમાં તે કામ તપાસવામાં આવેતો થોડુ ખર્ચ થશે એટલી માત્ર હકીકત ઊપરથી ચાલીને તે હકીકત ટ્રાંસફર કરવાનો હુકમ કરવો તે બસ નથી (એમુ દેરામખાંન વી. નોબીનમણી ડોસી (૧૮૬૬) ૧ ઈ. જ્યુ. એન. એસ. ૩૯૬). પરંતુ ટ્રાંસફર કરવાની અરજ ઊપરથી એવુ જણાય કે પક્ષકારો તથા શાક્ષીયો કલકતામાં રહે છે તેથી ત્યાંહાં તે દાવાની તપાશ વધારે શોધી પડશે અને તે અરજ ઊપરથી તે પક્ષકારો હાજર થએલા તેથી તેમણે કબુલ કરેલુ છે તો એકાદુ ટ્રાંસફર કરવાનો હુકમ કરવામાં આવે છે (પેન વી. એડમીની સ્ટ્રેટર જનરલ (૧૮૮૦) ૫ ક. ૭૬૬; અને જુઓ જોતેંદ્રનાથ વી. રાજ ક્રીસ્તો (૧૮૮૯) ૧૬ ક. ૭૭૧).

એક કામમાં એવુ માલુમ પડેલુ કે તેમાં ઈંગ્રેજી "લા" ના સવાલો રહેલા છે. શાક્ષીયો વીશેષે કરીને બ્રીટીશ રૈયત છે અને વાદી હાયકોર્ટોનો એક અમલદાર છે અને કલકતામાં રહે છે તો તે કોર્ટે હાયકોર્ટની અસલ હકુમત તરફ તપાશ કરવા સારૂ તે કામ ટ્રાંસફર કરવાનો હુકમ કરેલો હતો (ડૉસ્ટેટ વી. વાઈઝ (૧૮૬૬) ૧ બ જ્યુ. એન. એસ. ૨૨૭; પરંતુ જુઓ કોરજન વો. કોરજન (૧૮૭૧-૨) ૯ બં. લા. રી. ૧૦). ઇનસાફના કારણસર એકાદો દાવો ટ્રાંસફર કરવાની જરૂર પડી શકે છે (કપીલનાથ વી. સરકાર (૧૮૭૨) ૧૦ બં. લા. રી. ૧૬૮).

આ કલમ પ્રમાણે ટ્રાંસફર કરેલા કામની તપાશ વીશે ટ્રાંસફરનો હુકમ ખોટો વીચાર કરવાના આધારથી કરેલો છે તે કાંઇ હરકત નથી (રાંમબક્ષ વી. ગીરધારીલાલ (૧૮૬૬) ૧ આગ્રા ૧૭૮). આ કલમ પ્રમાણે પ્રેસીડંસી સ્માલકોઝ કોર્ટમાંથી એક કામ ઢાકાના સીનીયર સબોર્ડીનેટ જડજની કોર્ટમાં કલકતા હાયકોર્ટે મોકલેલુ હતુ (કદમબીની વી. મદન મોહન (૧૮૯૮-૯) ૩ ક. વી. નો. ૨૪૭).

બજાવણીના કામઃ—સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની આવીજ કલમ બજાવણીના તથા નાદારીના કામોને લાગુ છે એવુ ઠરાવેલુ છે, પણ નાદારીનુ કામ એકાદા લેણદારની અરજ ઊપરથી ટ્રાંસફર કરી શકાય છે (નશરવાંનજી વી. ખરસેદજી (૧૮૯૮) ૨૨ મુ. ૭૭૮ બાલાજી વી. રણછોડદાશ (૧૮૮૧) ૫ મુ. ૬૮૦. વળી જુઓ ક્રીશ્ન વેલજી વી. ભાંણુ મંનશારાંમ (૧૮૯૪) ૧૮ મુ. ૬૧). અને તે કામો સ્પષ્ટ રીતે આ કલમમાં આવી જાય છે.

સબોર્ડીનેટ કોર્ટઃ—સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની આવીજ કલમથી એકાદા જીલ્લા જડજ પોતાની રૂબરૂ એક દાવો ચાલતો હોય તે સબોર્ડીનેટ કોર્ટ તરફ મોકલી શકતા નથી (સખારામ વી. ગંગારામ (૧૮૮૯) ૧૩ મુ. ૬૫૪). પરંતુ તેણે પોતાની કોર્ટથી કરેલા હુકમનામાની બજાવણીનો નીકાલ કરવાને તે બજાવણી સબોર્ડીનેટ જડજની કોર્ટમાં મોકલવાને મુખત્યાર છે (બીશેનમન વી લેંન્ડ મોર્ટગેજ બેંક (૧૮૮૪-૫) લા. રી. ૧૨ ઈ. અ. પા. ૧૧; ૧૧ ક. ૨૪૪. સને ૧૮૮૭ ના એકટ ૧૨ ની. ક. ૨૩ ની પેટા કલમ ૨, રકમ (ડ) પ્રમાણે એક પ્રોબેટના કામની તપાશ કરવા સારૂ એક સબોર્ડીનેટ જડજ તરફ તે કામ મોકલી શકે છે–કુંજ બીહારી વી હેમચંદ્ર (૧૮૯૮) ૨૫ ક. ૩૪૦).

સ્માલકોઝ કોર્ટઃ—કલમ ૨૪ મીના છેલ્લી રકમમાં "સ્માલકોઝ કોર્ટ" એવા શબ્દો છે તે જે કોર્ટમાં યોગ્ય રીતે બરોબર તેવી કહેવામાં આવતી હોય તે કોર્ટ છે અને તેમાં જે કોર્ટને સ્માલકોઝનો અખત્યાર આપેલો હોય તેનો સમાશ થતો નથી (રાંમચંદ્ર વી. ગણેશ (૧૮૯૯) ૨૩ મુ. ૩૮૨ પણ જુઓ મંગળસેન વી. રૂપચંદ (૧૮૯૧) ૧૩ અ. ૩૨૪)

એકાદા સબોર્ડીનેટ જડજને સ્માલકોઝનો અખત્યાર આપેલો હોય અને તેમણે સ્માલકોઝને સાંભળવા લાયક દાવાની તપાસ જો કે રેગ્યુલર કામ ચલાવવાની રીતી પ્રમાણે કરેલી હોય તો પણ તેમાં અપીલ થતી નથી. (શંકરભાઇ વી. સોમાભાઇ (૧૯૦૧) ૨૫ મુ.૪૧૭. પંજાબ વીશે જુઓ સને ૧૮૮૪ ના એકટ ૧૩ ની ક. ૩૪ (૨). મધ્યપ્રાંતો બાબત જુઓ સને ૧૯૦૪ ના એકટ ૨ ની ક. ૧૮ (૨). અને બરમા બાબત સને ૧૯૦૦ ના એકટ ૬ ની ક. ૩૧ (૩).

રીવાજ:—સને ૧૮૮૨ ના એકટ ૬ પ્રમાણે કંપનીયો સમેટવાના કામને આ લાગુ થાય છે (વેસ્ટ હોપ ટાઉનટી કંપની (૧૮૮૭) ૯ અલ્હાબાદ.:૧૮૦). સને ૧૮૧૬ ના કાયદા ૪ થા પ્રમાણે એકાદા ગામના મુનસીફ એક કામની તપાસ કરતા હોય તેમના ટ્રાંશફર કરવાના અખત્યાર વીશે જુઓ લક્ષ્માકા વી. બાલી (૧૮૮૫) ૮ મ. ૫૦૦). ના કામનો ઠરાવ.

પંજાબ:—કમીશનર તથા ડીપુટી કમીશનર એક જીલ્લા કોર્ટનો અખત્યાર વાપરી શકે છે, અને તે અખત્યાર એકાદા સબોર્ડીનેટ જડજને આપી શકાય છે, સને ૧૮૮૪ ના એકટ ૧૮ ની ક. ૩૪ અને ૩૮.

લોઅર બરમામાં એક ડીવીઝનલ કોર્ટ પોતાના તાબાની કોર્ટો સબંધી, જેમ જીલ્લા કોર્ટોને પાછા ખેંચી લેવા, તપાસ કરવા અને ટ્રાંશફર કરવા સબંધી ક. ૨૪ મી થી જે અખત્યાર આપેલો છે તેમ તે અખત્યાર વાપરી શકે છે; જુઓ સને ૧૯૦૦ ના એકટ ૬ ની ક. ૩૧ (૧). ટ્રાંશફર કરવાના અખત્યાર બાબત ક. ૩૧ ની રકમ (૧) થી (૪).

મધ્ય પ્રાંતો:—આવોજ અખત્યાર સને ૧૯૦૪ ના એકટ ૨ ની ક. ૧૮ (૧) પ્રમાણે મધ્ય પ્રાંતોમાં ડીવીઝનલ કોર્ટને આપેલો છે.

૨૫. (૧) જ્યાં એકજ જડજ અધ્યક્ષસ્થાને બેસતો હોય એવી હાઈકોર્ટમાં ચાલતી કોઇપણ ફરિયાદ, અપીલ અથવા બીજા કામનો કોઈપણ પક્ષકાર એવી હરકત લે કે એવા જડજે તે ફરિયાદ અથવા અપીલ અથવા બીજું કામ સાંભળવું નહિ એને સદરહુ જડજની એવી ખાતરી થાય કે સદરહુ હરકત માટે વાજબી સબબ છે ત્યારે, તેણે ગવર્નર જનરલ ઇન્ કૌંસિલને રીપોર્ટ કરવો, અને તે એવી ફરિયાદ, અપીલ અથવા બીજું કામ, ઇંડિયા ગેઝીટમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને બીજી કોઇપણ હૈ કોર્ટમાં મોકલવાને મુખત્યાર છે.

ફરિયાદ બીજી કોર્ટમાં મોકલવાનો ગવર્નર જનરલ ઇન કૌંસિલનો અધિકાર.

(૨) એવી કોઇપણ ફરિયાદ, અપીલ અથવા બીજું કામ જે કોર્ટમાં પ્રથમ માંડયું હોય તે કોર્ટે એવે પ્રસંગે જે કાયદો લાગુ કરવો જોઇતો હતો તેજ કાયદો એવી રીતે મોકલાવેલી ફરિયાદ અપીલ અથવા બીજા કામને લાગુ પડશે.

ટીકા:—આ કલમ હાયકોર્ટોને લાગુ થાય છે.

આ કલમ તદન નવી છે અને તે સને ૧૮૯૮ ના ફો. કા. ચ. રી. ના કાયદાના એકટ ૫ ની ક. ૫૨૭ ના અનવયે કરેલી છે.

ફરિયાદો માંડવા વિશે

૨૬. પ્રત્યેક ફરિયાદ, ફરિયાદઅરજી આપીને અથવા ઠરાવવામાં આવે તેવી બીજી રીતે માંડવી.

ફરિયાદો માંડવા વિશે.

ટીકા:—સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની ક. ૪૮.

આ કલમ હાયકોર્ટોને તથા પ્રોવીનસીઅલ સ્મોલકોઝ કોર્ટોને લાગુ છે.

દાવા દાખલ કરવા સબંધીના, સમન્સ કાહાડવા તથા તે બજાવવા સબંધીના, પક્ષકારો હાજર થવા બાબત, અને દાવાની સુનાવણી સબંધીના ઠરાવો મુખ્યત્યે કરીને આ કાયદાના પહેલા પૃશીષ્ટમાં રૂલોમાં બતાવ્યા છે. ફક્ત અવશ્યતા ઠરાવો ક. ૨૬ થી ક. ૩૫ સુધીમાં છે.

એકાદા દાવામાં દાવા અરજી અવશ્યની છેઃ—કાયદા પ્રમાણે દાવા અરજી એટલે એક ખાનગી અરજી કોર્ટમાં આપવામાં આવે છે તેમાં તે શખશ પોતાના દાવાનુ કારણ, બતાવીને પોતાનો દાવો લખીને બતાવવામાં આવે છે તે છે. તેનો અર્થ અવશ્યે કરીને યોગ્ય રીતે સ્ટેંપ લગાવેલી દાવા અરજી થતો નથી (એસન વી. પાથુમા (૧૮૯૯) ૨૨ મ. ૪૯૫: જસ્ટીસ સુબ્રમાન્ય આયર સાહેબ.)

એકાદો દાવો તે દાવા અરજીથી શરૂ થવો જોઇએ અને એવી રીતે કામ ચલાવવુ જોઇએ કે જેથી અંતે હુકમનામુ અથવા હુકમનામા સરખો બળવાન હુકમ કરવામાં આવે, પણ જો તે દાવો દાવા અરજીથી શરૂ થએલો ના હોય તો તેટલાજ ફકત કારણથી તે એક દાવો છે એમ સમજી શકાતુ નથી, આવી રીતે કામ ચલાવવામાં આવે એટલે જેમકે બજાવણીમાં ચાલેલુ કામ તે ખરેખરી રીતે એક દાવામાં કામ છે (વેંકટ ચંદ્રાપા વી. વેંકટ રામા (૧૮૯૯) ૨૨ મ. ૨૫૮. પાછળ "સ્યુટ" (દાવો) જુઓ). તે આપવાની વખત તથા રીતી અને જગા વીશે જુઓ આગળ ઓરડર ૪.

બીજી ઠરાવવામાં આવી તેવી રીતે—એટલે આ કાયદા પ્રમાણે રૂલોથી ઠરાવેલી હોય તે છે. ઓરડર ૪ રૂલ ૧ માં ઠરાવ્યું છે કે દરેક દાવો દાવા અરજી આપીને દાખલ કરશે માટે જો તે દાખલ કરવાની કાંઇક બીજી રીતી દાખલ કરવામાં ના આવે તો ત્યાં સુધી દરેક દાવા અરજી અવસ્યની રહે છે.

સમન કરવા તથા (દસ્તાવેજોની) શોધ લાવવા વિશેઃ

૨૭. ફરિયાદ યોગ્ય રીતે માંડવામાં આવે તે પ્રસંગે, **પ્રતિવાદીને હાજર થઇને દાવાનો જવાબ આપવાનો સમન કાઢવાનો તથા તે ઠરાવેલી રીતે બજાવવાનો અધિકાર છે.** — પ્રતિવાદીને સમન.

ટીકા—સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની ક. ૬૪ આ કલમ હાયકોર્ટને તથા પ્રોવીંન શીયલ સ્માલકોઝ કોર્ટને લાગુ થાય છે.

યોગ્ય રીતે દાખલ કરેલો—એટલે આ કાયદાના પૃશીષ્ટ ૧ માં જે રૂલો પ્રમાણે ઓરડર ૫ મામાં સમન્સ કાહાડવાની તથા તે બજાવવાની બાબતની વ્યવસ્થા કરેલી છે, અને તે ઓરડરના રૂલો ઉપરની ટીકામાં આ બાબતના ઠરાવોનો સંગ્રહ કરેલો છેઃ જુઓ વા. ૨.

૨૮. (૧) **બીજા પ્રાંતમાં બજાવવાસારૂ મોકલવાનો સમન, સદરહુ પ્રાંતમાં અમલમાં હોય એવી કાનુનોમાં ઠરાવવામાં આવે તે કોર્ટને તથા તે રીતે મોકલવાનો અધિકાર છે.** — પ્રતિવાદી બીજા પ્રાંતમાં રહેતો હોય ત્યારે, તેના ઉપર સમન બજાવવાનુ.

(૨) **જે કોર્ટને એવો સમન મોકલવામાં આવે તે કોર્ટે, સમન પોંચે એટલે, જાણે પોતેજ તે સમન કાઢયો હોય તેવીરીતે તજવીજ કરવી, અને પછી તેના સંબંધમાં કાંઈ કામ ચાલ્યુ હોય તો તેના લખાણ સહિત તે સમન જે કોર્ટે કાઢયો હોય તે કોર્ટમાં પાછો મોકલવો.**

ટીકા—સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની ક. ૮૫ આ કલમ હાયકોર્ટ અને પ્રોવીન શીયલ સ્માલકોઝ કોર્ટને લાગુ થાય છે.

આ કલમમાં સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની ક. ૮૫ નો ઠરાવ ફરીથી બતાવ્યો છે. અને ઠરાવ્યું છે કે જે કોર્ટમાં સમન્સ આવે તે કોર્ટ પોતાના નીયમો પ્રમાણે તે બજાવવો અને તે બાબત ચાલેલા કામના કાગળો સાથે તે પાછો મોકલવો. ઓરડર ૫, રૂલ ૨૧ માં આવો સમન્સ ટપાલ મારફતે મોકલવો એવું ઠરાવ્યું છે અને જુના કાયદા પ્રમાણે કરેલા ઠરાવો તે રૂલની ટીકામાં સંગ્રહ કરેલા છે.

૨૯. બ્રિટિશ ઇંડિયાની હદ બહારની કોઈપણ દિવાની કે મુલકી કોર્ટે કાઢેલા સમન બ્રિટિશ ઈંડિયામાંની કોર્ટમાં મોકલવાનો અને બ્રિટિશ ઈંડિયાની કોર્ટે કહાડેલા સમન પ્રમાણે તે બજાવવાનો અખત્યાર છે.

પરરાજ્યના સમન બજાવવાનું.

પણ એવું ઠરાવ્યું છે કે, એવા સમન કાઢનારી કોર્ટો ગવરનર જનરલ ઇંન કૌન્સિલના હુકમથી સ્થાપેલી અથવા ચાલુ રાખેલી હોવી જોઇએ, અથવા ગવર્નર જનરલ ઇન કૌન્સિલે, ઈંડિયા ગ્યાઝેટમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને આ કલમના ઠરાવ સદરહુ પ્રકારની કોર્ટોને લાગુ છે એમ જાહેર કરેલુ હોવું જાઇએ.

ટીકા—સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની કલમ ક. ૬૫૦ અ

આવી કોર્ટોની યાદ બાબત જુઓ તા ૨૯ માર્ચ સને ૧૮૮૯ ના રોજની નંબર ૧૩૬૧–૧ ની જાહેર ખબર તથા તા. ૨ જુલાઇ સને ૧૮૯૦ ના રોજની નંબર ૨૧૭૯–૧ ની જાહેર ખબર જે દેશી સ્વસ્થાનોમાં ઇંગ્રેજી એકટોના ઠરાવો ચાલુ છે. તે બાબત મેક ફર્શનનો વોલ્યુમ દક્ષણ હિંદુસ્થાન (હૈદ્રાબાદ) બાબતનો છે તેના પાને ૬૯૩ થી ૬૯૬ સુધીમાં છાપેલી છે આવૃતી ૧૮૯૯.

સીલોનની કોર્ટોને તે કલમ લાગુ કરવાનુ ઠરાવ્યાની જાહેર ખબર વીશે જુઓ તા ૨૩ માર્ચ સને ૧૮૯૯ ના રોજની નંબર ૪૫૩ જે સને ૧૮૯૯ ના હિદુસ્થાનના ગેઝીટને પાને ૧૮૮ ભાગ ૧ લો આ કલમ દક્ષણ હિંદુસ્થાનમાંહેના કેટલાક દેશી સ્વસ્થાનોને લાગુ કરેલી છે (સને ૧૯૦૧ ના હિંદુસ્થાના ગેઝીટનો ભાગ ૧ પાનુ ૫૬૨; સદરહુ સને ૧૯૦૨ ભાગ ૧, પાનુ ૧૭૧) અને ટ્રાવનકોરની હાયકોર્ટને લાગુ કરેલી છે (સદરહુ પાનુ ૭૭૭).—નોટ, લેજીસલેટ વી ખાતાની.

જે કોર્ટોને આ કલમ લાગુ કરેલી છે તે કોર્ટોની યાદ વીશે જુઓ જાહેર ખબર નંબર ૮૬૮ તા. ૧૩ માર્ચ સને ૧૮૮૫ ના રોજની નંબર ૧૭૨૧—૧ તા. ૨૦ મે સને ૧૮૮૫, નંબર ૨૨૬૬–૧ તા. ૧૦ જુલાઇ સને ૧૮૮૫; નંબર. ૨૩૬૧–૧ તા. ૧૭ જુલાઇ સને ૧૮૮૫ ના રોજની મેકફર્શનના પશ્ચમ હિંદુસ્થાનના વાલ્યુમમાં જે દેશી સ્વસ્થાનોમાં જે ઇંગ્રેજી એકટોના ઠરાવો ચાલુ છે તેની યાદ આવૃતી ૧૮૯૫ ત્યાર પછીની જાહેર ખબરો બાબત જુઓ સને ૧૮૯૫ નુ હિંદુસ્થાનનુ ગેઝીટ ભાગ ૧ લાનુ પાનુ ૫૬૧; સને ૧૮૯૬ ના ભાગ ૧ નુ પાનુ ૮૫૫; સને ૧૮૯૭ ના ભાગ ૧ નુ પાનુ ૮૬૨ અને ૧૦૬૧; ૧૯૦૧, ભાગ ૧ પાનુ ૪૪૯, સદરહુ પા. ૫૮૨ આ કલમ પ્રમાણે એવુ ઠરાવેલુ છે કે મા ઇસોર સ્વસ્થાન અને મધ્ય હિદુસ્થાનની એજંશી નીચેના અમુક સ્વસ્થાનોની કોઇ કોર્ટના સમન્સો બજાવવા સારૂ બ્રીટીસઇંડીયા અંદરની કોર્ટમાં મોકલી શકાય છે. જુઓ મેકર્ફસનના દક્ષણ હિદુસ્તાન, મદ્રાસ અને મઇસોરનુ ઇંગ્રેજી એકટોના ઠરાવો દેશી સ્વસ્થાનો માં ચાલુ

છે તે બાબતના વાલ્યુમનુ જનરલ એ પેનડીકસ સને ૧૮૯૯ ની આવૃતી તથા હિંદુસ્થાન ગેઝીટ ના ભાગ ૧ પાંનુ ૧૮૧ સને ૧૮૯૬ અને ૧૮૯૮ ના ભાગ ૧ નુ પાંનુ ૧૦૮૫-નોટ. લેજીસ્લેટીવ ખાતુ.

૩૦. ઠરાવવામાં આવે તેવી શરતોને તથા મર્યાદાને પાત્ર, કોર્ટ ગમે તે વખતે, પોતાની મેળે અથવા કોઇપણ પક્ષકારની અરજી ઉપરથી નીચે પ્રમાણે કરવાને મુખત્યાર છે, એટલે,— શોધ લાવવાનો તથા તેવીજ બીજી બાબતો કરવાનો હુકમ કરવાનો અધિકાર.

(અ) સવાલનામું આપવા તથા તેનો જવાબ દેવા સંબંધી. દસ્તાવેજો તથા હકીકતો કબુલ કરવા સંબંધી, તથા પુરાવા તરીકે રજુ કરી શકાય એવા દસ્તાવેજો અથવા બીજી મહત્વની વસ્તુની શોધ લાવવા સંબંધી, તથા તે જોવા, હાજર કરવા, અટકાવી રાખવા તથા પાછા આપવા સંબંધી સઘળી બાબતોમા જરૂરના અથવા યોગ્ય હોય તેવા હુકમ કરવાને;

(બ) જે શખસોને જબાની આપવા અથવા દસ્તાવેજો રજુ કરવા અથવા ઉપર કહેલા પ્રકારની બીજી વસ્તુઓ રજુ કરવા હાજર થવાની જરૂર હોય તે શખશોને સમન કરવાને;

(ક) કોઈપણ હકીકત સોગનનામું આપીને શાબિત કરવાનું ફરમાવવાને મુખત્યાર છે.

૩૧. કલમો ૨૭, ૨૮ તથાં ૨૯ ના ઠરાવો, સાક્ષી આપવાના સમનને અથવા દસ્તાવેજ અથવા બીજી મહત્વની વસ્તુઓ રજુ કરવાના સમનને લાગુ પડશે. શાક્ષીઓને સમન કરવા.

૩૨. ૩૦ મી કલમની રૂયે જેના ઉપર સમન કાઢયો હોય તે શખસને હાજર થવાનું ફરમાવવાને અને તે કારણ સારૂ નીચે પ્રમાણે કરવાને કોઇપણ કોર્ટ મુખત્યાર છે, એટલે,— કશુર માટે શિક્ષા.

(અ) તેને પકડવાનું વારંટ કાઢવાને,

(બ) તેની મિલકત જપ્ત કરીને વેચવાને, અને

(ક) તેને વત્તામાં વત્તા ૫૦૦ સુધીનો દંડ કરવાને,

(ડ) હાજર રહેવા સારૂ જામીન આપવાનું ફરમાવવાને અને તે હાજર ન થાય તો તેને દિવાની તુરંગમાં મોકલવાને

ટીકા—આ ત્રણે કલમો હાયકોર્ટને અને પ્રોવીનશીઅલ સ્માલકોજ કોર્ટને લાગુ થાય છે અને તે કલમો આ બાબત જે રૂલો આગળ ઓરડર. ૧૧, ૧૩, ૧૬ અને ૧૯ માં બતાવેલાં છે તે મંજુર રાખવાને સારૂ દાખલ કરેલી છે

ફેંસલા અને હુકમનામાં વિશે.

૩૩. કોર્ટે મુકદમાની સુનાવણી થયા પછી, ફેસલો કહી સંભળાવવો, અને એવા ફેસલાને અનુસરીને હુકમનામું હોવું જોઇયે. ફેસલો તથા હુકમનામું

ટીકા—સને ૧૮૮૨ના એકટ ૧૪ ની કલમ ૧૯૮. આ કલમ પ્રોવીન્સીઅલ સ્મોલ કોઝ કોર્ટને લાગુ થાય છે પણ સનંદી હાઇ કોર્ટો અથવા પંજાબની ચીફ કોર્ટને અથવા શાવ્યપ્રાંતના જ્યુડીશીઅલ કમીશનર જે લાગુ થતી નથી તેમજ સરહદના પ્રાંતો પોતાની દીવાની હકુમતનો અમલ કરે તેમને લાગુ થતી નથી.

કામની સુનાવણી થયેલી તે—સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની કલમ ૧૯૮ની ભાષા દુરસ્ત કરેલી છે, પરંતુ આ કાયદામાં તે વીષે ખુલ્લો ઠરાવ કરેલો છે કે યોગ્ય સુનાવણી કર્યા પછી ફકત ફેંસલો આપી શકાય છે. લગ્ન તોડયા બાબતનું એકાદુ હુકમનામુ ફકત કબુલત ઉપરથી અને પુરાવ લીધા વીના થઇ શકતુ નથી (બાઇ કંકુ વી. શીવતોયા (૧૮૯૩) ૧૭ મું. ૬૨૪). કામ પાછુ મોકલવામાં આવેલું પણ થોડોક પુરાવ લીધેલો હોય તે ઉપરથી જડજના મનમાં જે સમજ થયેલી હોય તે સમજ કામમાં લખેલી હોય તે હિંદુસ્થાનમાં ફેંસલો નથી એવું ઠરાવલું છે. (બલોરામ વી. ઇશરચંદ્ર (૧૮૭૫) ૨૩ વી. રી. ૭૭)

હુકમનામુ કરવાનુ તે.—સને ૧૮૮૨ના એકટ ૧૪ માં આ બાબત ગફલતથી રહી ગયેલી હતી તે અંહિયાં દુરસ્ત કરેલી છે (રણજીત સીંગ વી. ઇલાહિ બક્ષ (૧૮૮૩) ૫- અ. ૫૨૬). ઓર્ડર ૨૦ માં ફેંસલા તથા હુકમનામામાં કેવી રીતે ચાલવું એ વીષેના ઠરાવો નો સંગ્રહ કરેલો છે તેથી તે ઓર્ડર ૨૦ ને માટે આ કલમથી રસ્તો થયેલો છે.

વ્યાજ વિશે.

૩૪. (૧) જ્યારે અને જેટલે સુધી હુકમનામું પૈસા આપવા બાબતનું હોય ત્યારે અને તેટલે સુધી કોર્ટે જે મુદ્દલ રકમ અપાવવાનો ઠરાવ કર્યો હોય તેનું ફરિયાદ માંડયા પહેલાની કંઇપણ મુદતનું વ્યાજ અપાવ્યા ઉપરાંત, ફરિયાદની તારીખથી તે હુકમનામાની તારીખ સુધીનું પોતાને વાજબી લાગે તે દરથી તે મુદ્દલ રકમ ઉપર વ્યાજ અપાવવાનો હુકમનામામાં હુકમ કરવાને કોર્ટ મુખત્યાર છે, વળી તેની સાથે આ પ્રમાણે કુલ રકમ ઠરાવવામાં આવે તેનું હુકમનામાની તારીખથી વસુલની તારીખ સુધીનું અથવા તેનાથી પહેલાની કોર્ટને યોગ્ય લાગે તે તારીખ સુધીનું, કોર્ટ વાજબી ધારે તે દરથી વ્યાજ અપાવવાનો હુકમનામામાં હુકમ કરવાને પણ કોર્ટ મુખત્યાર છે. વ્યાજ.

(૨) ઉપર કહ્યા પ્રમાણેની કુલ રકમનું હુકમનામાની તારીખથી વસુલની તારીખ સુધીનું અથવા તેનાથી પહેલાની બીજી કોઇ તારીખ સુધીનું વધારે વ્યાજ આપવા સંબંધી જ્યારે સદરહુ પ્રકારના હુકમનામામા ઠરાવ ન હોય, ત્યારે, તે કોર્ટે એવું વ્યાજ અપાવ્યું નથી એમ સમજવું, અને તેને માટે જુદી ફરિયાદ ચાલશે નહિ.

ટીકા—સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની કલમ ૨૪૯; આ કલમ હાઇકોર્ટ તથા પ્રોવીન્શીઅલ સ્મોલકોઝ કોર્ટને લાગુ થાય છે.

નાણાં વસુલ આપવાં તે.—સને ૧૮૮૨ના એકટ ૧૪ ની આવીજ કલમને બીજી કલમો પ્રમાણે આ શબ્દોના અર્થ વીષે એક બીજા વીરૂધ્ધ ઠરાવો થયેલા છે. અને થોડીક મુદત ઉપર મદ્રાસના ફેંસલાથી એટલે સુધી ઠરાવ્યું છે કે ફકત વેચાણ બાબતનું હુકમનામુ તે આ કલમો ના હેતુ પ્રમાણે નાણાં વસુલ આપવાનું એક હુકમનામુ છે. (વેધીનાદ સાંમી વી. સોમા સુંદરમ (૧૯૦૫) ૨૮ મ. ૪૭૩. જુઓ આગળ કલમ ૭૩, નાણાં વસુલ આપવાં તે).

આ કલમના પેહલા મુસદ્દામાં ખુલ્લુ બતાવેલું હતું કે આ કાયદાના સંગ્રહ કરનારા ઓનો ઇરાદો ગીરોના હુકમનામાનો તેમાં સમાસ થાય છે. એવો રાખેલો નથી. આખર ના મુસદ્દામાં તે વધારાના શબ્દો ફરથી કહાડી નાખ્યા અને આ કલમ વાસ્તવીક રીતે આગળના કાયદાની કલમ ૨૮૯ ના જેવીજ છે પરંતુ સીલેક્ટ કમીટીએ પહેલા મુસદ્દાના સ્પષ્ટ શબ્દો છોડી દેવાનો પોતાનો મુખ્ય હેતુ એવો બતાવેલો છે કે નાણાં વસુલ આપવાનાં હુકમનામામાં એકાદા ગીરોનો અથવા જવાબદારીના અમલ કરવામાં વેચાણનાં હુકમનામાનો સવાલ થતો નથી તે સ્પષ્ટ બતાવવાનું છે. (જુઓ બીજી સીલેક્ટ કમીટીના રીપોર્ટ). તો પણ બીજા તમામ હુકમનામાંથી તે હુકમનામાના દેણદારે નાણાં વસુલ આપવાના હુકમ શીવાય બીજી દાદ અપાવેલી હોય તો પણ તે બીજી તમામ હુકમનામાને તે લાગુ થાય છે.

કબુલ કરેલો દર—કબુલ કરેલા દરનું વ્યાજ ચક્રવૃદ્ધી હોય તોપણ કપટનું કારણ ના હોય (કુંન્દનલાલ વી. અમીર હસનખાન ૧૧. મુંર. ઇ. અ. ૧૨૦) અથવા સમજ વગરનો વ્યવહાર નહોય (કામીની સુંદરી વી. કાળી પ્રસન્નો ૧૨. ઇ. અ. ૨૧૫, ૧૨ ક. ૯૨૫) તો દાવાની તારીખ સુધી અપાવવું જોઇએ. (મગનેરામ વી. (મોત્તા ૨ ક. ૫૬૯) રામેશ્વર કુંવર વી. મેદીહુશેન ૨૫ ઇ. અ. ૧૭૯; ૨૬ ક. ૩૯ અને જુઓ સુર્યનારાયણ વી જોગેન્દ્ર નારાયણ ૨૦ ક. ૩૬૦; બાળગોવીંદદાસ વી. નારાયણલાલ ૧૫ અ. ૩૩૯; ૨૦ ઇ. અ. ૧૧૬; ચતુરભાઇ વી. હરભનજી ૨૦ મું. ૭૪૪; જોગેન્દ્રનાથ વી. મેથાના ૬. ક. વી. નોટ ૭૬૯; માર્શરીલ્ડ વી. હરીંગ્સ ૩૪. સી. ડી. ૭૨૧; નહાદાજી વી. જ્યોતી ૧૭ મું. ૪૨૫, બંધારૂ વી. આરીયાના ૩ મ. ૧૨૫; ગંગાપ્રસાદ વી. લેંડ મોર્ટગેજ બેંક ૨૧. ઈ. અ. ૧; ૨૧ ક. ૩૬૬; લેંડ મોર્ટગેજ વી. સુરન્નેપ્રકાસ ૨૫ વી. રી. ૩૨૩; અલુપ્રસાદ વી સુખન ૩. અ. ૬૧૦. તેજપાળ વી. કેસરીસીંગ ૨ અ. ૬૨૧; મથુરાપ્રસાદ વી. દુર્જનસીંગ ૨. અ. ૬૩૯; બેનીપ્રસાદ વી. રેવતલાલ. ૨૪ ક. ૭૪૫; આપારાવ વી. સુર્યનારાયણ ૧૦ મ. ૨૦૩; શામચરણ મીસર વી. ચુનીલાલ ૨૬ ક. ૨૩૮). પરંતુ કોઇ દીવસ એવું નક્કી ઠરાવેલુ નથી કે હુકમનામાવાળા નાણાં ખરી રીતે વસુલ થયાની તારીખ સુધી ગીરોવાળા દરથી વ્યાજ કોર્ટે હંમેશાં અપાવવું જોઈએ. (રાણી એસકુવર વી. રાધશામ કીષ્ણુન (૧૯૦૭) ૧૧ ક. વી. નોટ ૨૪૯; કુંવર લછમન વી. પરભુલાલ (૧૮૭૩–૪) ૧૨ બં. લા. રી. ૪૭૭; કીશ્નકુમાર વી બ્રજનાથરાય (૧૯૦૨–૩) ક. વી. નોટ ૮૭૬; માધોસીંગ વી. કાશીરામ (૧૮૮૭) ૯ અ. ૨૨૮; લાલી વી. રામપ્રસાદ (૧૮૮૭) ૯. અ. ૭૪).

પેનલ્ટી.—વધારે દરનું સાદુ અથવા ચક્રવૃદ્ધી વ્યાજ હોવાથી તે પેનલ્ટી થતું નથી (પ્રાગકાપરી વી. શ્યામલાલ (૧૯૦૪) ૩૧ ક. ૧૩૮ વળી જુઓ ઊમેશચંદ્ર વી. ગોપાળલાલ (૧૯૦૪) ૩૦ ક. ૨૩૩). જે તારીખે કસુર કરવામાં આવે તે તારીખથી ચડતા દરનું વ્યાજ લેવાનો એક કરાર કરેલો હોય પણ તે સાથે વ્યાજનું વ્યાજ લેવાનું ના હોય તો તે કાંઈ પેનલ્ટી નથી. (મેદીનરોશ વી. કો. (૧૮૮૩) ૯ ક ૬૩૯; દીપનારાયણ વી. દીપન (૧૮૮૬) ૮ અલ્હા. ૧૮૫; બાળકીશન વી. રણબાહાદુર (૧૮૮૪) ૧૦૨. ૩૦૫; બસાવાયા વી. સુબરાજુ (૧૮૮૮) ૧૧ મ. ૨૯૪; બીહારીલાલ વી. તેજનારાયણ (૧૮૮૪) ૧૦ ક. ૭૬૪; જગનાધમ વી. રઘુનાથ (૧૮૮૬) ૯ મ. ૨૭૬; છબનાથ વી. કામના (૧૮૮૫) ૭ અલ્હા. ૩૩૩, સાલીશચંદ્ર વી. હેમચંદ્ર (૧૯૦૨) ૨૯ ક. ૮૨૩; શંકરનારાયણ વધીયાર વી. શંકરનારાયણ આચર (૧૯૦૨) ૨૫ મ. ૩૪૩; ગંગાદયાળ વી. બધુલાલ (૧૯૦૩) ૨૫ અ. ૨૬; દુલ્લાદાસ વી. લક્ષ્મણદાસ (૧૮૯૦) ૧૪ મુ ૨૨૦. મથુરાપ્રસાદ વી. લુગન (૧૮૮૩) ૯ ક. ૬૧૫; સનગત વી. બેજનાથ (૧૮૮૬) ૧૩ ક.

૧૬૪; કાળાચંદ વી. શીબચંદ્ર (૧૮૯૨) ૧૯ ક. ૩૯૨; ગોપાલક વી. વેંકટ રથનામ (૧૮૯૫) ૧૮ મ. ૧૭૫; ખાલીલલ રહેમાન વી. ગોબીંદપ્રસાદ (૧૮૯૩) ૨૦ ક. ૩૪૮; રામેશ્વરપ્રસાદ વી. શામકીશન (૧૯૦૨) ૨૯ ક. ૪૩), જો કાંઈ રકમનું નામ પાડેલું ના હોય તોપણ તે ખતમાં કસુર વીના વ્યાજ બાબત ઠરાવ ના હોય તો તે રકમ એકદમ નક્કી કરવા લાયક (બેદનાથદાસ વી. શામનંદદાસ (૧૮૯૫) ૨૨ ક. ૧૪૩ અરજનબીબી. વી. અશગરઅલ્લી (૧૮૮૬) ૧૩ ક. ૨૧૦; પણ જુઓ—નનજાપા વી. નનજાપા (૧૮૮૯) ૧૨ મ. ૧૬૧; ચુઆરમલ વી. મીર (૧૮૭૯) ૨ અલ્હા. ૭૧૫; પાનાનાગજી વી. ગોવીંદ (૧૮૭૩) ૧૦ મું. હા. રી. ૩૮૨; ગોપાળ રામચંદ્ર વી. ગંગારામ (૧૮૯૦) ૧૪ મુ. ૭૨ પા. ૭૭; દાઉદભાઇ વી. દાઉદભાઇ (૧૮૯૦) ૧૪ મુ. ૧૧૩; સજાજી વી. મારૂતી (૧૮૯૦) ૧૪ મુ. ૨૭૪; અબદુમગએ વી. નંદલાલ, (૧૯૦૩) ૩૦ ક. ૧૫; ૭ ક. વી. નો ૧૫૨).

ખતની તારીખથી હલકા દરના વ્યાજને બદલે ચડતા દરજના વ્યાજનો કરાર હોય તો તેથી તેને પેનલ્ટી તરીકે ગણી શકાતુ નથી પણ તે લખેલા કરારના બીજા ભાગ પ્રમાણે તેનો અર્થ પક્ષકારોએ બતાવેલા ઇરાદા પ્રમાણે કરવો જોઇએ (નારાયણ શામી વી. નારાયણરાવ (૧૮૯૪) ૧૭ મ. ૬૨; બાંકે બીહારી વી. સુંદરલાલ (૧૮૯૩) ૧૫ અલ્હા. ૨૩૨). માટે આ સવાલ વીશે એક બાજુ તરફ મદ્રાસ અને અલ્હાબાદ હાયકોર્ટોના વચમાં એક બીજા વીરૂધ ઠરાવ થએલા છે અને બીજી બાજુ તરફ કલકતા અને મુંબાઇની હાયકોર્ટોના ઠરાવો છે. વળી કલકતા અને મુંબાઇ હાયકોર્ટોએ ઠરાવ્યું છે કે સને ૧૮૫૫ ના એકટ ૨૮ ની ક. ૨ નો ઠરાવ છે તેમ છતાં કસુર કરવાની તારીખથી ચડતા દરના વ્યાજ બાબતનો ઠરાવ કરેલો છે તે વ્યાજ તરીકે કબુલ કરેલો છે કે પેનલ્ટી તરીકે કબુલ કરેલો છે અને વ્યાજબી દાદ મળવાનો પ્રતીવાદીનો હક છે કીંવા નહી તે વીશેનો નીર્ણય કરવાને એકાદી કોર્ટ મુખત્યાર છે (પરધાન ભુખણલાલ વી. નરસીંગદયાળ (૧૮૯૯) ૨૬ ક. ૩૦૦ ૩ ક. વી. નો ૧૭૫; મનુ બેપારી વી. દુરગાચરણ શાહા (૧૮૯૮) ૨ ક. વી. નો. ૨૩૪; ઊમરખાન વી. સાલેખાન (૧૮૯૩) ૧૭ મુ. ૧૦૬; અને દીનોનાથ વી. નીબારન (૧૯૦૦) ૨૭ ક. ૪૨૧; ૪ ક. વી નો. ૧૨૨. પણ હાલ હિંદુસ્થાનના કરાર એકટ ની ક. ૭૪ મી સને ૧૮૯૯ ના એકટ ૬ ની ક. ૪ થી દુરસ્ત કરેલી છે તે પ્રમાણે એવું ઠરાવ્યું છે કે જો એ કાદા કરારમાં એક પેનલ્ટી તરીકેનો ઠરાવ હોય અને કરારનો ભંગ કરવામાં આવેલો હોય અને તે કરારની સાથે એવો ખુલાસો જોડેલો હોય કે કસુરની તારીખથી ચડતા દરના વ્યાજ બાબતનો ઠરાવ તે પેનલ્ટી તરીકે થઇ શકે છે તો પેનલ્ટી સુધી ફકત વ્યાજબી કંપેનશેશન અપાવી શકાય છે. જુઓ આનંદામા લાહચેતી વી. ભરભદ્રમચેતી (૧૯૦૩) ૨૬ મ ૧૧૧). એક ખતમાં એવો ઠરાવ હોય કે કસુર કરવામાં આવે તો, દર સેંકડે દર વર્ષે ૨૪ ટકા પ્રમાણેનુ વ્યાજ ખતની તારીખથી લેવામા આવશે તો તે એક પેનલ્ટી છે અને તે લેઇ શકાતુ નથી (ત્રીંબક તુકારામ વી. ભાગચંદ (૧૯૦૩) ૨૭ મુ. ૧૧ એક કામમાં વ્યાજનુ વ્યાજ લેવાનો ઠરાવ તે સમજ વીનાનો છે તે કારણથી તે અપાવેલુ નથી, જુઓ શ્રીપારામ વી. સામીયુદીન (૧૯૦૩) ૨૫ અ. ૨૮૪)

એક હફતા બંદી હુકમનામામાં એવી સરત હતી કે હરકોઇ એ હફતા પડે તો તમામ લહેણી રકમ તથા વ્યાજ એકદમ વસુલ કરવું તો તે એક પેનલ્ટી નથી (રણબાહાદુર વી. રામનારાયણ (૧૮૮૦) ૭ ક. લા. રી. ૮૨ અને જુઓ બકારાયા વી. સંકામા (૧૮૯૯) ૨૨ મ. ૪૫૩. પેનલ્ટીનો નીયમ હુકમનામામાં જે ઠરાવ હોય તેને લાગુ થતો નથી શીરેકુલી વી. માહાબલ્ય (૧૮૮૬) ૧૦ મુ. ૪૩૫. કબુલતના હુકમનામા બાબત જુઓ બાલકીશન

વી. રણબાહાદુર (૧૮૮૪) ૧૦ ક. ૩૦૫; નનજાપા વી. નનજાપા (૧૮૮૯) ૧૨ મ. ૧૬૧; સજાજી વી. મારૂતી (૧૮૯૦) ૧૪ મુ. ૨૭૪).

મુદ્દલ કરતાં વ્યાજ વધારે હોય તે.—દામદુપટ.—મદ્રાસમાં હિંદુઓની વ્યાજની મુદ્દલ કરતાં વધારે રકમ હોય તે વસુલ કરી શકાતી નથી (કાકરલાપુડી વી. અપાલાપાડી (૧૮૬૨) ૧ મ. હા. કો. ૫) અથવા મુંબાઇમાં (ગણપત વી. આદરજી (૧૮૭૯) ૩ મુ. ૩૧૨), અથવા કલકતામાં (નોર્મન વી. રોમેશ (૧૮૮૦) ૧૪ ક. ૭૮૧) પણ પ્રતીવાદી હિંદુ ના હોય એવુ ના હોય (નાનચંદ વી. બાપુસાહેબ (૧૮૭૯) ૩ મુ. ૧૩૧; દાઊદ વી. વલભદાસ (૧૮૯૪) ૧૮ મુ. ૨૨૭; દગડુશા વી. રામચંદ્ર (૧૮૯૬) ૨૦ મુ. ૬૧૧; શંકર વી. મુકતા (૧૮૯૮) ૨૨ મુ. ૫૧૩) અથવા પક્ષકારોમાંનો એક પક્ષકાર હિંદુ ના હોય એમના હોય (વુમાચર્ણ વી. શ્રીબારીનાથ (૧૮૯૬) ૧ ક. વી. નો. ૧૭૮) નો મુદ્દલની રકમ કરતાં વ્યાજની રકમ વધારે લેઈ શકાતી નથી. જુલમી દરના વ્યાજ બાબતના કાયદા રદ કરીને સને ૧૮૫૫ નો એકટ ૨૮ મો છે તેથી હિંદુશાસ્ત્રનો આ નીયમ રદ કરેલો નથી (રામલાલ વી. હરણચંદ્ર (૧૮૬૯) ૩ બં લા. રી. આ. દી. ૧૩૦; ૧૨ વી. રી. અ. દી. ૯; હમકામાંનજી વી. મેમન આયબ (૧૮૭૦) ૭ મુ હા. કો. ૧૯; ખુશાલચંદ વી. ઈબ્રાહીમ (૧૮૬૫) ૩ મુ. ૨૩; કેદાર વી આત્મારામ ભટ (૧૮૬૫) ૩ મુ. ૧૧; રામકોનાથ વી રોમેશચંદ્ર (૧૮૮૭) ૧૪ ક. ૭૮૧) અથવા કરાર એકટ (સને ૧૮૭૨ ના ૮ મા) થી તે રદ થએલો નથી (રામકોનોય વી. જોહરલાલ (૧૮૮૦) ૫ ક. ૮૭૨) અથવા મુદતના (સને ૧૮૭૭ ના ૧૫) એકટથી તે રદ થએલો નથી (હરીબાહાદાજી વી. બાલમભટ (૧૮૮૫) ૯ મુ. ૨૩૩). જુના દેવાનો નીકાલ કરીને એક ખત લખી આપેલુ હોય તો દામદુપટના દરના કારણશર મુદ્દલ રકમ તે ખતની રકમ છે અને પાછલા ખતથી જે રકમ ખરી રીતે ધીરવામાં આવેલી હોય તે રકમમાંથી વસુલ આપ્યા વીનાની જે રકમ બાકી રહેલી હોય તે નથી (શુકલાલ વી. બાપુ સખારામ (૧૯૦૦) ૨૪ મુ. ૩૦૫). જે રકમ બજાવણીમાં વસુલ કરવા લાયક હોય તેને આ નીયમ લાગુ થતો નથી (બાલક્રીશ્ન વી. ગોપાળ રઘુનાથ (૧૮૭૮) ૧ મુ. ૭૩) અથવા જ્યારે દેણદારે પોતાનો હક એકાદો જે સખશ હિંદુ ના હોય તેને અસાઈન કરેલો હોય તો આ નીયમ લાગુ થતો નથી (અલીસાહેબ વી. સાબજી (૧૮૯૭) જ્યારે એકાદો અસલ લેણદાર મુસલમાન હોય તો પછી તે પોતાનો હક એક હિંદુને અશાઇન કરે તેને તે નીયમ લાગુ થતો નથી. (હરીલાલ વી. નાગર જેરામ (૧૮૯૭) ૨૧ મુ. ૩૮). વ્યાજમાં દાણા આપવાના હોય તો પણ તે નીયમ લાગુ થાય છે. (આનંદરાવ વી. દુરગાબાઇ (૧૮૯૮) ૨૨ મુ. ૭૬૧). જે ગીરોમાં સાંથ અને નશનો હીસાબ લેવાનો ના હોય તે ગીરોને તે નીયમ લાગુ થાય છે (બાળક્રીશ્ન વી. હરી (૧૮૯૧) ૧૫ મુ. ૮૪; વળી જુઓ ઉમેસચંદ્ર વી. ઝાહુર (૧૮૯૮–૯૯) લા. રી. ૧૭ ઇ. અ. ૨૦૧ પા. ૨૧૩; ૧૮ ક. ૧૬૪; ગણપત વી. આદરજી (૧૮૭૯) ૩ મુ ૩૧૨; સુંદરબાઈ વી. જયવંત (૧૯૦૦) ૨૪ મુ. ૧૧૪. કલકતા બાહાર બંગાળામાં તેમ નથી—દીનદયાળ વી. કૈલાશચંદ્ર (૧૮૭૫) ૨૪ વી. રી. ૧૦૬; સુર્યનારાયણ વી. શ્રીધરીલાલ (૧૮૮૩) ૯ ક. ૮૨૫; હેતનારાયણ વી. રામદીન (૧૮૮૩) ૯ ક. ૮૭૧; પ્રાણક્રીશ્ન વી. જદુનાબ (૧૮૯૮) ૨ ક. વી. નો. ૬૦૩ અને વાવ્ય પ્રાંતમાં કુમાર લછમન વી. પરભુલાલ (૧૮૭૩) ૬ અ હા. કો. ૩૫૯). જે વખતે હુકમનામુ આખરનુ થયુ તે વખતે દામ દુપટનો નીયમ લાગુ ના હોય તો તે લાગુ થતો નથી (લાલબેહારી વી. થાકોમોની (૧૮૯૬) ૨૩ ક. ૮૯૯; કનાઇલાલ વી. આનંદલાલ (૧૮૯૬) ૨૩ ક. ૯૦૩, નોટ; ભગુબનચંદ્ર વી. પ્રાણકુમારી (૧૮૯૬) ૨૩ ક. ૯૦૬ નોટ).

કોર્ટે કોઇ હીસાબ લેવાને ફરમાવેલું હોય અને તે હીસાબમાં મુદ્દલ જેટલી વ્યાજની રકમ અપાવેલી હોય તો તેમાં જ્યારે દામ દુપટનો નીયમ એક વખત લાગુ કરેલો હોય ત્યારે તેવો નીયમ લાગુ કરવાથી ગીરો છોડાવવાને માટે છ મહીનાની મુદ્દત અપાવેલી હોય તો તે ફક્ત છ મહીનાની મુદ્દતનું વ્યાજ વધારે અપાવવું બંધ થાય છે. એટલુંજ નહિ પણ મુદ્દતનં કાંઇપણ મર્યાદા વીના ત્યાર પછીનું વ્યાજ પણ અપાવવું અટકે છે. જે ગીરોની શરતોથી ગીરો આપનાર અને ગીરો રાખનારની વચમાં ચાલુ હીસાબ રાખવાની જરૂર પડેલી હોય અને પછી તે હીસાબ ગમે તે સ્થીતીનો હોય તો તેવાં તમામ ગીરોમાંથી દામ દુપટનો અમલ બાતલ કરેલો છે. રામકનાહિ વી. કાળીચરણ (૧૮૯૦) ૨૧ ક. ૮૪૦). વળી જુઓ રામચંદ વી. ધીમરાવ રાવજી (૧૮૭૬) ૧ મું. ૫૭૭). જે ગીરોની શરતોથી ગીરો આપનાર અને ગીરો રાખનારની વચમાં ચાલુ હીસાબ રાખવાની જરૂર પડેલી હોય અને પછી તે હીસાબ ગમે તે સ્થીતીનો હોય તો તેવાં તમામ ગીરોમાંથી દામ દુપટનો અમલ બાતલ કરેલો છે (ગોપાળચંદ્ર વી. ગંગારામ આનન શેઠ (૧૮૯૬) ૨૫ મું. ૭૨૧–તેથી ગણેશ ધરણીધર વી કેશવરાવ (૧૮૯૧) ૧૫ મું. ૬૨૫ નો ઠરાવ રદ કરેલો છે. જે કામમાં ગીરોની સરતો પ્રમાણે હીસાબ આપવાને જવાબદારી હોય તે કામમાં દામ દુપટનો નીયમ લાગુ થતો નથી ગોપાળ વી. ગંગારામના કામમાં કાયદાનો નીયમ ઠરાવેલો છે તેથી જે કામોમાં દાવાની તારીખે ગીરો આપનાર અને ગીરો લેનારની વચ્ચે હીસાબ રાખવો જોઇએ છીએ તે કામો સબંધીજ છે એમ નથી. જુના કાયદાની કલમ ૨૮૯ થી કોર્ટ જે કુલ અખત્યાર આપેલો છે. તેનો દામ દુપટનો નીયમ જોયા વીના અમલ કરી શકાય છે– ઘોંડશેઠ વી. રાવજી (૧૮૯૮) ૨૨ મું. ૮૬; જે કામમાં ગીરો રાખનારને કબજો આપેલો હોય અને તેથી લીધેલી ઉપજનો વ્યાજની બાબતમાં હીસાબ આપવાને તે જવાબદાર હોય તો તે નીયમ લાગુ થતો નથી–સુંદરરાક વી. જયવંત (૧૯૦૦) ૨૪ મું. ૧૪૪; નથુભાઇ વી. મુળચંદ (૧૮૬૨-૩) ૫ મું. હા. કો. ૧૯૬).

દાવો કર્યા પછી:—નાણાં સબંધીના સાધારણ દાવામાં દાવા અરજી પછીનું અને હુકમનામુ થતાં પહેલાનુ વ્યાજ કેટલા દરથી અપાવવું તે કોર્ટના કુલ અખત્યારમાં છે, પછી ઠરાવેલો દર હોય કીંવા નહિ અને તે ખત ગીરોનુ હોય તો પણ ચીંતા નથી; પરંતુ ગીરો છોડાવવાનો હક બંધ કરવાને સને ૧૮૮૨ ના એકટ ૪ ની કલમ ૮૫–૬ પ્રમાણેનો દાવો હોય તે વેચાણ કરવાનું હોય તો ઠરાવેલો દર અનાવવો જોઇએ (મગનીરામ વી. દોલતરાય (૧૮૮૬) ૧૨ ક. ૫૬૯) અને તેવીજ રીતે મુંબાઇમાં ગીરો છોડાવાનો દાવો ન હોય તો (દાઉદભાઇ વી. દાઉદભાઇ (૧૮૯૦) ૧૪ મું ૧૧૩). તે દર કોર્ટના અખત્યાર પ્રમાણે છે (કાર્વેલો વી. નુરબીબી (૧૮૭૯) ૩ મું. ૨૦૨); પરંતુ મદ્રાસમાં ઠરાવેલા દર પ્રમાણે હુકમનામું થતા સુધી તે અપાવવું જોઇએ (બંદારૂ વી. અતે ચાયામા (૧૮૭૯) ૩ મ. ૧૨૫; રામચંદ્ર વી. દેવું (૧૮૮૯) ૧૨ મ. ૪૮૫. આ બાબત વીષે જુઓ ઉમેશચંદ્ર વી. ઝાહુર (૧૮૮૯–૦) લા. રી. ૧૭ ઇ. અ. ૨૦૧; ૧૮ ક. ૧૬૪).

હુકમનામા પછી.—જો હુકમનામામાં વ્યાજ અપાવેલું ના હોય તો તે અપાવેલું નથી એમ માનવાનું છે. હુકમનામુ થયા પછી કરાર બંધ પડે છે અને તે કરારનો તે હુકમનામામાં સમાસ થઇ જાય છે અને જે રીતી અને કોર્ટના રીવાજ પ્રમાણે લેણદાર લેણા વીષે પોતાના હુકમનામાંની નીર્ણયતા મળે તે પ્રમાણે ફકત તે વ્યાજ વાદી લઇ શકે છે. (રાસચેસર શર્મા વી. કાલે કાંત (૧૮૬૯) ૧૧ વી. રી. ૪૫૫). જે રકમનુ હુકમનામુ કરેલું હોય તે રકમ ઉપર વ્યાજ એટલે મુદ્દલ, વ્યાજ અને ખર્ચ વીષે એવા કારણથી

હરકત લઈ શકાતી નથી કે તે વ્યાજનું વ્યાજ છે. (જદુનાથરાય વી. દ્વારકાનાથ (૧૮૬૪) ૧ વી. રી. પ્ર. ૧૫ આ બાબત વીષે જુઓ ફેલીગસનુ એક તરફી કામ, ૨૫ સી. ડી. ૩૩૮). હુકમનામામાં વ્યાજ બતાવેલું ન હોય તો બજાવનારી કોર્ટ તે અપાવી શકતી નથી (લીલાનંદ વી. જયમંગળ (૧૮૭૧) ૧૫ વી. રી. ૩૩૫; બીલાનંદ વી. રામનારાયણ (૧૮૭૧) ૧૫. વી. રી. ૪૧૫; નુબો કીશોર વી. આનન્દ મોહન (૧૮૭૨) ૧૭ વી. રી. ૧૯; જીવણલાલ વી. દુર્ગાદત (૧૮૭૩) ૨૦ વી. રી. ૪૭૭; મહમદ યાકુબ વી. મહમદ ઝાહુરાત (૧૮૭૪) ૨૨ વી. રી. ૫૩૩; ઇનાયત અલ્લી વી. મહમદ (૧૮૭૪) ૨૨. વી. રી. ૫૩૪).

જ્યારે એક હકુમનામામાં વ્યાજ દરનો બતાવેલો નહોય ત્યારે હમેશની રીતી પ્રમાણે કોર્ટનો જે દર હોય તે દરથી વ્યાજ લેવાનો ફક્ત હુકમનામાવાળાનો હક થાય છે. (સુભદ્રા વી. શીવચરણ (૧૮૬૭) ૭ વી. રી. ૩૭૫; અબદુલા વી. રીસત હુસેન (૧૮૭૨) ૧૭ વી. રી. ૪૧૪; લાલન મણી વી. બીહારીલાલ (૧૮૭૧) ૭ બં. લા. રી. ૩૦).

વેપાર સબંધી રીવાજ.—વ્યાજ આપવાનો કાંઇ સ્પષ્ટ ઠરાવ ના હોય તો જેમ મુંબાઇમાં તમામ ચોપડેથી લેણું નીકળતું હોય તે ઉપર દર સેંકડે ૯ ટકા આપવામાં આવે છે તેવો કાંઇ વ્યાપારનો રીવાજ હોય તો તે પ્રમાણે વ્યાજ અપાવી શકાય છે. (રામલાલ વી. દુલ્લભદાસ પેરી ૨૨૦; (૧૮૪૯–૫૪) ૫ મુર. ઈ. અ. ૧૩૬). પણ કલકતામાં તેમ નથી (જયનારાયણ વી. કાશી ચોધરી (૧૮૭૧) ૧૬. વી. રી. ૧૪૮; જગમોહન ગોઝ વી. કેસરીચંદ (૧૮૬૧–૩) ૯ મુર. ઇ. અ. ૨૬૦. તોપણ જુઓ જગમોહન વી. માણેકચંદ (૧૮૫૭–૬૦) ૭ મુર. ઇ. અ. ૨૬૮, વેપારનો રીવાજ સાબીત કરવાને કેવા પ્રકારનો પુખ્ત પુરાવ ગણવામાં આવે છે તે વીષે મુશીદાબાદમાં અગીઆર દીવસે દેખાડ કરવાની હુંડીઓ ઉપરના વ્યાજ વીષે ધનપત સીંગ વી. જગત ઇંદર (૧૮૬૫) ૪ વી. રી. ૮૫). રીવાજની સાબેતી ના હોય તો જે તારીખે નાણાં ધીરવામા આવેલાં હોય તે તારીખનું વ્યાજ તેમજ જે તારીખે વસુલ આપેલાં હોય તે તારીખનુ વ્યાજ મળવાનું ગીરો રાખનારનો હક થતો નથી (રાખુલ પ્રસતી વી. ભોળની શાહુ (૧૯ ૩–૪) ૮ ક. વી. નોટ ૨૧૬).

જે તારીખે લેણુ થાય તે તારીખ પછીનુ વ્યાજ, કરાર ના હોય તો.—વસુલ થતા સુધી વ્યાજનો દર ઠરાવેલો ના હોય પરંતુ અમુક તારીખ સુધીનો ઠરાવેલો હોય અને ઠરાવેલી તારીખે જો નાંણું વસુલ આપવામાં ના આવે તો તે તારીખથી મુદ્દલ અને વ્યાજ એક લેણુ થાય છે માટે કાયદાની મદદથી જ્યારે તે વસુલ કરવામાં આવે ત્યારે કોર્ટ પોતાની મરજીમાં આવે તો છ દીવસની અંદર જે સરતનો ભંગ કરવામાં આવે તે બાબત વધારાની પેનલ્ટી ઠરાવી શકે છે. (ગુદરી કુવર વી. જુબાનેશરી (૧૮૯૨) ૧૯. ક. ૧૯; બીક્રમાજીત તેવારી વી. દુર્ગાદયાલ ૨૧ ક. ૨૭૪; મથુરાદાસ વી. નારીન્દર ૪૧૯. અ. ૩૯; લા. રી. ૨૩ ઇ. અ. ૧૩૮; ૧ વી. નોટ ૫૨; મોતીસીંગ વી. રામોહારીસીંગ ૨૪ ક. ૬૯૯; ૧ વી. નોટ ૪૩૭; ગનતાયા વી. પેપાયા રકમ. ૫૩૪, અફઝલા બાલા વી. સુરેન્દ્રનાથ ૨૪ ક. ૭૬૬; ૧ ક. વી. નોટ ૫૫૦; તે કામમાં વીરૂદ્ધ મતલબનો અમો લખરામ વી. લછમી નારાયણ ૧૯ અ. ૧૭૪ નો ઠરાવ છે તેથી જુદા પડવામાં આવ્યું છે, સરલાદાસી વી. જોગેન્દ્ર નારાયણ ૨૩ ક. ૨૪૬; પેડા વી ગંગા ૨૦ મ. ૧૪૯ નીત્યાનદ વી. રાધાશરણ ૨૦ મ. ૩૭૧) બીન્દસરી નાયક વી. ગંગાશરણ શાહુ ૨૦ અ. ૧૭૧; લા. રી. ૨૫ ઇ. અ ૯; જીવામા વી. આપાલું ૨૨ મ. ૩૨૯); અને નુકશાનના સવાલ તરીકે ગણવું જોઇએ (જવાળીપ્રસાદ વી. ખમાનસીંગ ૨ અ. ૬૧૭ મનસાબ અલ્લી વી. ગુલાબચંદ. ૧૦ અ

૮૫; તારાચંદ વી. નાફરઅલ્લી ૧ ક. લા. રી. ૨૩૬; બીશનદયાળ વી ઉદીત ૮ અ. ૪૮૬) આ બાબત એકાદા સાધારણ ખત અને ગીરો ખતની વચમા કઇ તફાવત નથી (નીવાશરામ વી. ઊદીત નારાયણ (૧૮૯૧) ૧૩ અ ૩૩૦, વેચનાર અને ખરીદ કરનાર વાશે જુઓ રૌથીયા વી. રસ્તમજાહા (૧૮૯૦) ૧૩ મ. ૧૫૮) રકમ જે તારીખ લેહણી થાય તે તારીખ પછી જો દેંણદાર તેના તેજ દરનુ વ્યાજ આપે ગયો હોય તો લેંણદારને જે નુકશાન સોસવું પડે તે બાબતમાં તે વ્યાજ તે નુકશાનીનુ એક વ્યાજમાં ધોરણ છે એવુ ઠરાવવાના ટેકામાં આ બાબત પુરાવ છે (મહમદહુસન વી. ટકીરૂદીન (૧૮૭૧) ૧૫ વી. રી. ૨૮૪) પરંતુ જો કાંઇ મુકરર કરેલો દર ના હોય અને જે દર બાબતનો કરાર હોય તે જુલમી હોય તો નાંણા જે તારીખે લેહેણા થાય તે તારીખ પછી કોઇ ફકત વ્યાજબી દર અપાવવો જોઇએ (મોઇઝુદી. અરજદારના કામમાં (૧૮૭૦) ૧૪ વી. રી. ૪૫૦ મથુરાદાસ વી. નારીંદર (૧૮૯૭) ૧૯ અ. ૩૯, સદરહુ; મોતીસીંગ વી. રામોહારીસીંગ (૧૮૯૭) ૨૪ ક. ૬૯૯; ૧૬ વી. નો ૪૩૭; સરાલાદાસી વી. જોગેંદ્ર નારાયણ (૧૮૯૮) ૨૫ ક. ૨૪૬; સુબરાયા વી. પનુસાંમી (૧૮૯૮) ૨૧ મ. ૩૬૪ પરંતુ રીઆસત હુસન વી. જશવંતરાય (૧૮૭૧) ૧૫ વી. રી. ૩૯૬ અને છાજમલદાસ વી. બ્રીજ ભુખણલાલ (૧૮૯૫) ૧૭ અ. ૫૧૧; લા. રી. ૨૨ ઇ. અ. ૧૯૦ તેમાં તે ખતમાં જે દર ઠરાવ્યો છે તે એટલે દરસેંકડે ૫) ટકા પ્રમાણેનું સાદુ વ્યાજ અપાવેલું છે. હુકમનામાથી ગીરો છોડાવવાની જે તારીખ ઠરાવેલી હોય તે તારીખ પછી કરારવાળા દરનું વ્યાજ અપાવવાને કોર્ટ બધાએલી નથી. (સાંમીનાથન વી. સ્વામી આપા (૧૯૦૬) ૨૯ મ. ૧૭૦ ગીરોનું હુકમનાંમુ જે કોર્ટથી કરવામાં આવે તે કોર્ટ વસુલ આપવાની જે જે તારીખ મુકરર કરેલી હોય તે તારીખ પછી તે વસુલ થતા સુધી વ્યાજ અપાવવાને મુખત્યાર છે. ભરતપુરના મહારાજા વી. રનોદે (૧૯૦૦–૧) ૫ ક. વી. નો ૧૩૭ લા. રી. ૨૮ ઇ. અ ૩૫) કુલ અખત્યાર વાપરવાને સારામાં સારો આધાર સને ૧૮૮૨ ના એકટ ૪ થાની ક. ૮૬ માં છે. કારણકે ગીરોમાં જે દર બાબત ઠરાવેલું હોય તે દર બાબત જો કાંઇ બળવાન કાયદેસર હરકત લેઇ શકાતી ના હોયનો વસુલ થતા સુધી તે દરના વ્યાજ સાથે ગીરોનું હુકમનામું કોર્ટેએ કરવાની જરૂર છે (કાંમેશ્વર કુંવર વી. મહમદ મેહેદી હુસન (૧૮૯૯) ૨૬ ક. ૩૯; બાકર સાજદ વી. ઊદીત નારાયણ (૧૮૯૪) ૨૧ અ. ૩૬૧; વળી જુઓ હિંદુસ્તાનની કમરશીઅલ બેંક વી. અની દુલાયા (૧૯૦૦) ૨૩ મ. ૬૩૭). એક ગીરો ખતમાં અમુક દરનું વ્યાજ દરવર્ષે આપવું એવો ઠરાવ હતો અને મુદ્દલ નાણા આપવાની કાંઇ મુદતની મર્યાદા ઠરાવેલી ન્હોતી અને તે રકમ લેહણી જે તારીખે થઈ તે તારીખ પછી કેટલાક વર્ષ સુધી વ્યાજ આપેલું છે એવું પુરાવ ઉપરથી માલુમ પડેલુ હતું. તેમાં ઠરાવ્યું છે કે તે વ્યાજની મીલકત જવાબદારી છે (વીઠોબા વી. વીશેશ્વર (૧૮૯૫) ૨૨ મું. ૧૦૭; રાંમારેદી વી. આપાનું રેદી (૧૮૯૫) ૧૮ મ. ૨૪૮; ક્રીશ્નારેડી વી. વરદરાજુલુ રેદી (૧૮૯૫) ૧૮ મ. ૩૩૮ નોટ) પરંતુ ગીરોના એક ખતની રૂઇએ કરેલા દાવામાં ચડેલા દાહાડાના વ્યાજનું નુકશાની તરીકેનુ હુકમનામું કરેલું હતુ તો આવું નુકશાન આપવાને ગીરોવાળી મીલકતની જવાબદારી થતી નથી (રીબીરામ વી. શીવપ્રસન (૧૮૯૬) ૧૮ અલ્હા ૩૧૬; બદાબોબી વી. સાંમી પીલાઇ (૧૮૯૫) ૧૮ મ. ૨૫૭) જ્યારે ચઢેલા રોજનું વ્યાજ અપાવેલું હોય ત્યારે તે વ્યાજની બાબતમાં પૈસા બાબતનું હુકમનામું છે, માટે પૈસા બાબતનાં હુકમનામા જે રીતે બજાવવામાં આવે છે તે રીતે તે બજાવવાનુ છે (નારીંદ્ર વી. બાદીમ હુશન (૧૮૯૫) ૧૭ અ. ૫૮૧)

લખેલી નોટીસ—સને ૧૮૩૯ ના એકટ ૩૨ જુઓ આ એક એકટ શક્તીવાન કરનારો છે અને તે એકટ થતાં પહેલાં બીજા જે કામોમાં વ્યાજ અપાવામાં આવતું હતું તે કામોમાં વ્યાજ અપાવવાને કોર્ટને અટકાવ કરેલો નથી. (ગુલામ અહમદશાહ વી. બીહારીલાલ માર્શ ૨૩૯), જેમકે ફાળો લેવા બાબતના દાવામાં જો વાદીએ પોતાના હક બાબતમાં કસુર કરેલી ન હોય તો તે હમેશાં અપાવામાં આવે છે. (બસ્તુચંદ્ર વી. ઘેરમોની (૧૮૭૩) ૧૯ વી. રી. ૯૮; નકીત બીશ્વાસ વી. પ્રસન્નોમોઈ (૧૮૭૨) ૧૭ વી. રી. ૧૭૯) જે વ્યાજ બાબત તકરાર હોય અને તે બાબત દાવો ચાલી શકે તેવો હોય તો તેથી વ્યાજથી જે કાંઇ હક ઉત્પન થતો નથી. બમારોઝ વી. રંગાસ્વારો (૧૮૪૯-૫૭ ૬ મુર ઈ. અ. ૨૩૨ ના કામમાં ઠરાવેલું છે કે તે એકટનો અમલ તે એકટ થતાં પેહલાની બાબતમાં થાય છે અને જો કે ખતમાં વ્યાજ વીષે કાંઇ ઠરાવ કરેલો નથી. તો પણ વ્યાજ અપાવાને તેથી અખત્યાર આપેલો છે. 'આ એકટ પ્રમાણે વ્યાજ નુંકશાંન તરીકે અપાવામાં આવે છે કારણ કે દેણદાર તે આપવાને ખોટી રીતે ના કહે છે. (રાજનારાયણ વી. યુનીવરસલ લાઇફ એસ્યુ અરન્સ કંપની (૧૮૮૧) ૭ ક. ૫૯૪) તેથી વ્યાજનું વ્યાજ અપાવાને અખત્યાર આપેલો છે કે નહિ તે શક ભરેલું છે. (માર્શલ વી. બેંગાલ સ્પીનીંગ કંપની (૧૮૯૬-૭) ૧ ક. વી. નોટ. ૨૧૯).

તે એકટ મુકરર કરેલી રકમના લેણાને લાગુ થાય છે પણ નક્કી બાકીઓ કહાડી લેતા હોય તો તેને લાગુ થતો નથી (હીલ વી. ઝાઉથ સ્ટાફ્રર્ડશાયર રેલ્વે કંપની લા. રી. (૧૮૭૪) ૧૮ એક ૧૫૪), કેટલી રકમ અને કેઇ મુદતનું લેણું થશે એવાં સરતી લેણાંને તે એકટ લાગુ થતો નથી (જગમોહનગાઝી વી. માણેકચંદ (૧૮૫૭-૬૦) ૭ મુર. ઈ. અ. ૨૬૩), તેમ પક્ષકારોએ વ્યાજની રકમ વીષે કરાર કરીને નીયમ કરેલો હોય તો તેને તે લાગુ થતો નથી કારણ કે તેવી બાબતમાં મુદ્દલ પ્રમાણે વ્યાજ આપવા લાયક થાય છે. (બનવારીલાલ વી. મહેશ્વરસીંગ માર્શ ૫૪૪) પરંતુ જે કામોમાં અમુક મુદત અથવા હકીકત સબંધી તારીખ નક્કી કરેલી હોય અને તે તારીખ પાછળથી નક્કી કરાય તેવી હોય અને વસુલ આપવાનો દીવસ દસ્તાવેજમાં બતાવાની જરૂર ના હોય તો તે કામોને તે લાગુ થાય છે (ડનકોમ વી. ધી બ્રીટન કલબ અને નોર્થ ફ્રોક હોટલ કંપની લા. રી. ૧૦ ક્યુ બી. ૩૭૧; તે પ્રમાણે લંડન, ચેથામ અને ડોવર રેલ્વે વી. સાઉથ ઇસ્ટર્ન રેલ્વે (૧૮૯૨) ૧ ચ. ૧૪૧ ના કામમાં ચાલવામાં આવેલું છે; વળી જુઓ સુરજનારાયણ વી. પ્રતાપનારાયણ (૧૮૯૯) ૨૬ ક. ૯૫૫; તો પણ બીજી બાજુ તરફ એવું ઠરાવેલું છે કે માગે તારે આપીએ તેવી શરતની નોટ હોય તો તેમાં તેનો સમાસ થતો નથી. હિંદુસ્થાન તથા ચીન બેંક વી. વીલસન (૧૮૬૮) ૧ બં. લા. રી. ૪૧)

એક્રાદો સમન્સ તે કલમના હેતુ પ્રમાણે ઉઘરાણી છે (એલીસનનું એક તરફી કાંમ લા. રી. (૧૮૭૨-૩) ૧૫ એક ૩૯૪) અને જ્યાં પ્રથમ ઉઘરાણી કરેલી નહોય ત્યાં ફક્ત દાવાની તારીખથી વ્યાજ અપાવી શકાય છે અને તેવે પ્રસંગે રકમ વીષે જડજનો ફુલ અખત્યાર છે. (પતાશીડાબેન વી. હરદેવ નારાયણ (૧૮૭૬) ૨૪ વી. રી. ૪૫૭; સુરેન્દ્રકુમાર વી. કુંજબીહારી (૧૯૦૦) ૨૭ ક. ૮૧૪; ૪ ક. વી. નોટ ૮૧૮; કમાલમલ વી. નીરૂમીરા (૧૮૯૭) ૨૦ મ. ૪૮૧; વળી જુઓ અબદુલ કરીમ વી. મીયાંજાંન (૧૮૬૬) ૬. વી. રી. ૨૮૮ મગનીરામ વા. દોલત (૧૮૮૬) ૧૨ ક. ૫૬૯)

વ્યાજ ક્યારે વ્યાજબી હોય છે.— બજાવણીમાં એકાદી રકમ લેવામાં વાદીને

સામી હરકત કરવામાં આવી હોય ત્યારે વ્યાજ અપાવામાં આવે છે (પાર્બતીચરણ સુર વી. પ્રમોર્થા નાથ ગોઝ વી. રી. (૧૮૬૪) પા. ૧૭૪) અથવા ખરી રીતે જે નાણાંનું વ્યાજ ઉપજાવવા તેવું હોય તે નાણા મળવાને અટકાવ કરેલો હોય ત્યારે (મીલર વી. બાર્લો (૧૮૭૧-૨) ૧૪ મુર. ઇ. અ. ૨૩૩), ત્યારે વસુલ આપ્યા પછી ગીરો રાખનારે કબજો રાખેલો હોય તો તેની પાસેથી આપેલી પટની સાંથ બાબત ગીરો રાખનારને વ્યાજ અપાવવામાં આવે છે. (બ્રજનાથ સીંગ વી. ભાગવતી દાસી (૧૮૬૪) ૧ વી. રી. ૧૩૩, ઇશરીસીંગ વી. શીવસહાય સ. દી. વા. પ્રાં (૧૮૬૪) પા. ૪૩૮); અને વેચાણના અખત્યારની રૂઇએ તેણે મીલકત વેચેલી હોય તો વધારાની જે ઉપજેલી રકમ હોય તે વીષે વ્યાજ અપાવામાં આવે છે. અબદુલ રેહમાન વી. નુરમહમદ (૧૮૯૨) ૧૬ મું ૧૪૧) પણ જે નાંણાં માગેલાં ના હોય અને એજંટે રાખેલાં હોય તો તે એજંટ પાસેથી અપાવામાં આવતું નથી (ટર્નર વી. બર્કીનશૉ (સને ૧૮૬૬-૭) લા. રી. ૨ મ. એમ. ૪૮૮). એકાદા હુકમનાંમા વીરૂદ્ધ લીધેલી સાંથ ઉપર વ્યાજ અપાવામાં આવે છે. તારામણી વી. મેકીન ટોશ (૧૮૬૮) ૯ વી. રી. ૨૭૨); જે નાણાં અનામત મુકવાને હુકમ કરેલો હોય અને તે અનામત મુકેલાં ના હોય તો તે હુકમની તારીખથી વ્યાજ અપાવવામાં આવે છે રામદાસ વી. પ્રસન્નો મોઇ (૮૭૧) ૧૬ વી. રી. ૨૯૭) સરકારી પ્રોમીસરી નોટો અઘટીત રીતે રાખેલી હોય તો તે ઉપર વ્યાજ અપાવામાં આવે છે (તારકનાથ મુકરજી વી. ગૌરીચરણ (૧૮૬૫) ૩ વી. રી. ૧૪૭); અને દસ્તાવેજમાં વ્યાજ વીષે કાંઇ કહેલું ના હોય તો પણ વ્યાજે છે એમ પક્ષકારોએ ગણેલું હોય તો જે પક્ષકારે તે આપેલું હોય તે પક્ષકાર તે લેણું થયાની બાબત ઇનકાર કરે તો તે કરવાને તેને પ્રતીબંધ છે. માટે દસ્તાવેજમાં વ્યાજ વીષે કાંઇ કહેલું ના હોય તો પણ વ્યાજ અપાવામાં આવે છે (ગંગાપુલ વી. ગોપાળ ઉપાધ્યા (૧૮૬૪) ૧ વી. રી. ૧૩૬) બીજી બાજુ તરફ એક હુકમનામાની રૂઇએ વ્યાજ લેવાનો એકાદા સખસનો હક થતો હોય તો તે હકતેથી વસુલ લેવાને કબુલ કરે તેથી તે વ્યાજ ખોતો નથી (મહાનંદ મજમુદાર વી. પ્રતાપચંદ (૧૮૬૬) ૬ વા. પ્રા. ૧૨૧); અને દર સેંકડે ૬ ટકા વ્યાજ આપવાનો કરાર હોય તેમ છતાં પાછળથી અ એ દર સેંકડે ૮ ટકા આપવાનો કરાર કર્યો હોય અને પોતાની ખુશીથી ૫ ટકાને બદલે ૮ ટકા ઉઘરાવેલા હોય તો તેમાં ઠરાવ્યું છે કે ૮ ટકા લેવાને અમલ કરી શકાતો નથી કારણ કે તે કરાર અવેજ વીનાનો છે (ગથરીક વી. લીસ્ટર (૧૮૬૬-૭) ૧૧ મુર. ઇ. અ. ૧૨૯; ૬ વી. રી; ૫૯; પરંતુ જુઓ સીવ ગુલામ વી. બેનીપ્રસાદ (૧૮૭૯) ૪ ક. લા. રી. ૨૯).

વસુલ આપવા માંડવું.—થોડુંક વસુલ આપવા માંડેલું હોય તેથી વ્યાજ બંધ થતુ નથી (કનૈયાસીંગ વી. તુલ્હનસીંગ (૧૮૬૭) ૭ વી. રી. ૨૦) તેમ આખરનો ઠરાવ વાદી પાછો ખેંચી લઇ શકતો ના હોય તો તે પાછળનો ઠરાવ થયેલો હોય ત્યાં સુધી જામીની તરીકે જે વસુલ કોર્ટમાં ભરેલું હોય તેથી વ્યાજ બંધ થતુ નથી (બારોનું કામ લા. રં. ૪ ચ. એમ ૭૮૪; હાલના કાયદા વીષે જુઓ ઓર્ડર ૨૪ રૂલ ૧. ૪) તેમ કોર્ટમાં ભર્યા શીવાય એક ભાગ આપવા માંડેલો હોય તેથી વ્યાજ બંધ પડતું નથી (અબદુલ રેહમાન વી. નુરમહમદ (૧૮૯૨) ૧૬ મું. ૧૪૧; ચંદ્રકાંત વી. જદુનાથ (૧૮૭૭-૮) ૧ ક. લા. રી. ૪૭૦ હુકમનામુ થયા પછી વ્યાજ બંધ થાય તે પ્રમાણે તેવી રીતે આપવા માંડેલુ બસ થાય છે તે વીષે જુઓ એડમીની સ્ટ્રેટર જનરલ વી. મીરજા અહમદ (૧૮૮૩) ૮ ક. ૩૩ અને જગત વી. નાગપાટ (૧૯૦૭) ૫ ક. લા. જે ૨૭૦).

ખુલાસો—દર સેંકડે ૫ ટકા વ્યાજ સાથે નાંણા વસુલ આપવાની એક નોટ લખી

આપેલી હોય પણ દર સેંકડે અથવા દર મહીને તેટલા દરનું વ્યાજ આપવું તેવું કાંઇ બતાવેલું ના હોય તો તે પક્ષકારો વચ્ચે આગળ લેણદેણ થયેલી હોય તેથી તથા રીવાજથી તે અંદેશાનો ખુલાસો થઇ શકે છે. (મહમદ સમસુદીન વી. અબદુલ હક વી. રી. (૧૮૬૪) પા. ૩૭૯).

એક કાયમ: મુકરરી પટાવાળા પટે રાખનારે ચઢેલી સાંથ ઉપર દર સેંકડે બાર ટકા કરતાં વધારે વ્યાજ આપવાને કરાર કરેલો હતો તો તે કરારનો કાયદા પ્રમાણે અમલ થાય છે (માતંગીની વી. મકરૂરા (૧૯૦૦–૧) ૫ ક. વી. નોટ ૪૩૮ ના ઠરાવથી બસંતકુમાર વી. પ્રમોથનાથ (૧૮૯૯) ૨૬ ક. ૧૩૦ નો ઠરાવ રદ થયેલો છે; ૩ ક. વી. નોટ ૩૬) ચઢતા દરથી ચઢેલી સાંથનું હુકમનામું જે દાવામાં કરી આપેલું હોય તો તે દાવામાં તે સાંથ જ્યારથી લેણી થયેલી હોય ત્યારથી વ્યાજ અપાવાનું છે. (અશાનઉલ્લા વી. કાજી અપ્તાબુદીન (૧૮૭૯) ૪ ક. ૫૯૪; દયા મોઇ વી. ભોળનાથ બં. લા. રી. સદરહુ વા. ૫૯૨; પરંતુ જુઓ વીરૂધ્ધ રાજમોહન વી. આનંદ ચંદ્ર (૧૮૯૮) ૧૦ વી. રી. ૧૬૬)

સાંથ:—ચઢેલી સાંથના હુકમનામાની બજાવણીમાં જમીન ઉપરનો હક ખરીદ કરનાર કસુર કરનાર પટે આપનારે લખી આપેલી કબુલતમાં જે દરનું વ્યાજ આપવાને કબુલ કરેલું હોય તે દરનું વ્યાજ આપવાને જવાબદાર નથી પણ બંગાળાની સાંથના એકટની કલમ ૬૭ માં જે દર બતાવેલ છે તે દરનું વ્યાજ આપવાને તે જવાબદાર છે (આલીમ વી. સાતીસચંદ્ર (૧૮૯૭) ૨૪ ક. ૩૭; કાળીનાથ વી. ત્રૈલોકય (૧૮૮૯) ૨૬ ક. ૩૧૫; ૩ ક. વી. નોટ ૧૯૪; વળી જુઓ બંગાળાના એડમીની સ્ટ્રેટર જનરલ વી. અશરફઅલ્લી (૧૯૦૧) ૨૮ ક. ૨૨૭; અને અલ્લીમહમદ વી. ભાગબતી દેબીયા (૧૮૯૭–૮) ૨ ક. વી. નોટ. ૫૨૫). સને ૧૮૮૫ ના એકટ ૮ પ્રમાણે વરસની આખરથી દર સેકડે ૧૨ ટકા પ્રમાણે વ્યાજ સાથે ચઢેલી સાંથ આપવાની જવાબદારી થાય છે અને તે દર સને ૧૯૦૭ ના એકટ ૧ ની કલમ ૬૭ થી બદલીને સેંકડે ૧૨૧ા ૨ ટકા ઠરાવેલા છે. તેટલી મુદત બાબત વ્યાજ વીષે દાવો નહિં રાખ્યાથી વ્યાજ લેવાનો હક જતો નથી (રતીકાંત ઓઝ વી. ગંગાધર બીશ્વાસ (૧૮૬૨–૪) વી. રી. એક. બી. ૧૩ અથવા જારી કેટલાક વરસો બાબત તે માગેલું ના હોય તો પણ તે લેવાનો હક જતો નથી (જોડારીલાલ વી. બલ્લભલાલ (૧૮૮૦) ૫ ક. ૧૦૨).

વ્યાજ અપાવામાં આવેલું નહિં તે:—ખાસ રીતે એક ખત રજીષ્ટર કરાવામાં આવેલું હોય અને તેમાં લેણું લેવાની તારીખ પછી વ્યાજ ચઢતું છે એવું સ્પષ્ટ રીતે કહેલું ન હોય અને તેથી તેનો હુકમનામા તરીકે અમલ કરવાનો હોય તો તે ખત ઉપર વ્યાજ અપાવામાં આવતું નથી (કાળુરામ વી. દુર્ગાનાથ (૧૮૯૮) ૧૦ વી. રી. ૧૭૫) તેમ પેહલા અને બીજા વેચાણની વચમાં જે કીંમતનો ગાળો હોય તે ગાળા ઉપર આગળના કાયદા પ્રમાણે કસુર કરનાર ખરીદદાર પાસેથી તે લઇ શકાતું નથી (સુરજબક્ષ વી. શ્રીકીશન (૧૮૮૮) ૨ વી. રી. ૫૦૦); તેમ એકાદ હુકમનામુ જે કામમાં કરવામાં આવેલું હોય તે કામમાં દાવો અઘટીત અથવા હેરાન કરવામાં આવે તેવો ન હોય અને પાછળથી તે હુકમનામુ ફેરાવેલું હોય તો તે હુકમનામા પ્રમાણે અનામત મુકેલા નાણા ઉપર વ્યાજ અપાવામાં આવતું નથી. (અશરફ ઉનીસા વી. ખાનમજાન (૧૮૬૬) ૬ વી. રી. ૨૮૫).

એક કંપની સને ૧૮૬૬ ના એકટ ૧૦ પ્રમાણે રજીસ્ટર કરાવેલી હોય પણ તે કંપનીના ધારામાં વ્યાજ બતાવેલું હોય પણ કરજે લેનારે કાંઇ કરાર કરેલો ના હોય (તીપરા લોન ઓફીસ વી. ગોરચંદ (૧૮૭૮) ૨ ક. લા. રી. ૩૪૯); અથવા કોર્ટમાં નાણા ભરવા માંડેલા

માંડેલાં હોય (ગુદીજના કામા વી. ગરૂડ રેડી ૧ મ. હા. કો. ૧૨૪). અથવા જ્યારે હુકમનામાની રકમ કોર્ટમાં અનામત મુકેલી હોય અને તે હુકમનામા પેટે વસુલ કરીને કોર્ટે રાખેલી હોય તો તે ઉપર વ્યાજ અપાવાતું નથી. (પારસનાથ વી. ફીરટો મોહન (૧૮૬૫) ૩ બં. લા. રી. ૧૦૫); પરંતુ હુકમનામાવાળાને તે અનામત બાબત ખબર હોવી જોઇએ (કાળીદાસ વી. પુર્ણકુમારી (૧૮૭૧) ૧૬ વી. રી. ૩૦૪).

કોર્ટ ફીનો કરઃ—વસુલ આપતા સુધી વ્યાજ લેવાના દાવા બાબત કાંઇ વધારાની કોર્ટ ફીની જરૂર નથી. જેમ હવે પછીની દરમીયાન ઉપજ હોય છે તેજ પ્રમાણે તે છે. (વીઠ્ઠલ હરી વી. ગોવીંદ વાસુદેવ (૧૮૯૩) ૧૭ મુ. ૪૧).

ખરચ વિશે.

૩૫. (૧) ઠરાવવામાં આવે તેવી શરતો તથા મર્યાદાને ખરચ પાત્ર તથા વિદ્યમાનકાળે અમલમાં હોય એવા કોઇપણ કાયદાના ઠરાવોને પાત્ર, સઘળી ફરિયાદોનો તથા તેમને લગતો ખરચ અપાવવો તે કોર્ટની મરજી ઉપર છે, અને એવો ખરચ કોણે આપવો, કઇ મિલકતમાંથી આપવો અને કેટલો આપવો તે ઠરાવવાને અને તે કારણ સારૂ જરૂરના સઘળા હુકમ કરવાનો કોર્ટને પુર્ણ અધિકાર છે સદરહુ ફરિયાદનો ઇનસાફ કરવાની કોર્ટને હકુમત ન હોય એટલા ઉપરથી સદરહુ અધિકાર ચલાવવાને હરકત આવે છે એમ સમજવું નહીં.

(૨) જ્યારે (કોઇ ફરિયાદનો) ખરચ તેના નિકાલને અનુસરતી રીતે ન આપવાનું કોર્ટ ફરમાવે, ત્યારે તેણે પોતાનાં કારણ લખવાં.

(૩] ખરચ ઉપર દર વરસે દર સેંકડે છ ટકા સુધીના દરનું વ્યાજ અપાવવાને કોર્ટ મુખત્યાર છે, અને તે વ્યાજ ખરચમાં ઉમેરવું અને તે પ્રમાણે વસુલ કરવું.

ટીકાઃ—આ કલમ હાઇકોર્ટને લાગુ થાય છે.

આ કલમમાં સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની કલમ ૨૧૮–૨૨૨ અને સને ૧૮૯૦ ના જ્યુડીકેચર એકટની કલમ ૫ ના ઠરાવો એકઠા કરી પાકા બતાવેલા છે.

જેવી શરતો અને મર્યાદાઓ ઠરાવવામાં આવે તે વીગેરેઃ—એટલે કાયદા કરનારના કોઇ જુદા એકટથી અથવા આ કાયદાના ભાગ ૧૦ મા પ્રમાણે જે રૂલો કરેલાં છે અથવા કરવામાં આવે તે પ્રમાણે ઠરાવવામાં આવે તે છે. તે ભાગ પ્રમાણે હાયકોર્ટની રૂલ કમીટીયોને કામ ચલાવવાની રીતીની કાંઈ બાબતો વીશે રૂલો કરવાનો અખત્યાર છે, અને ખર્ચની વહેંચણી કરવાના દ્રષ્ટાંતો ઓરડર ૨૭. રૂલ ૧૬ (નાદારનું ખર્ચ) માં માલુમ પડે છે; ઓરડર ૧૧ રૂ. ૩ (સવાલ પત્રો) અને ઓ. ૧૨ રૂલ. ૧૯ (કબુલતો) માં પણ તે માલુમ પડે છે. ઇંગલાંન્ડમાં જ્યુડીકેચર એકટ પ્રમાણે બીજા રૂલો બાબત અને ખર્ચની ખુલ્લી રીતે વ્યવસ્થા કરવાને માટે જુઓ ઓ. ૧૪ રૂ. ૯, ઓરડર ૧૬ રૂ. ૫૪, ઓ. ૨૨ રૂ. ૭ અને ૮ અને ઓરડર ૪૫:—

કોર્ટના કુલ અખત્યારમાં:—આ શબ્દો ઇંગ્રેજી એકટમાંથી લેવામાં આવેલા છે અને કોર્ટની નજરમાં યોગ્ય આવે એવા શબ્દોની જગાએ વાપરેલા છે.

તે કુલ અખત્યાર ઘણો બોહોળો છેઃ—એકાદી કોર્ટ પક્ષકારો નક્કી કરેલા પ્રમાણમાં ખર્ચ આપે એવો હુકમ કરવાને મુખત્યાર છે, અથવા નક્કી કરેલા ખર્ચને બદલ એક મુકરર કરેલી રકમ ખર્ચને બદલે એક પક્ષકાર તે બીજા પક્ષકારને આપે એવો હુકમ

કરવાને મુખત્યાર છે (વીલમોટ વી. બારબર (૧૮૮૧) ૧૭ સી. ડી. પા. ૭૭૪; એડફોર્ડના મેયર વી. પીકલ્સ, (૧૮૯૪) ૩ ચે. ૫૩), અને હારેલા પક્ષકારને તેનુ તમામ ખર્ચ જીતેલો પક્ષકાર આપે એવો હુકમ કરવાને પણ કોર્ટ મુખત્યાર છે (હેરીશ વી. પેથીરીક (૧૮૭૮-૯) ૪ કયુ. બી. ડી. ૬૧૧. ફેન વી. ફેન. (૧૮૭૯-૮૦) ૧૩ સી. ડી. ૨૨૮, જુઓ "એન્યુઅલ પ્રેકટીશ" (૧૯૦૮) ૧. ૯૦૬).

કાંઇ સામાન્ય નીયમ પ્રમાણે ખર્ચ અપાવેલું છે કે નહી અથવા બીજી બાજુ તરફ અમુક હકીકત ઊપરથી કુલ અખત્યાર વાપરીને અપાવેલું છેકે નહી એ સવાલ અગત્યનો છે, કારણકે પાછળ બતાવેલી બાબત હોય તો અપીલ કોર્ટની ખાસ પરવાનગી વીના તે પાછલી બાબતમાં અપીલ ચાલતી નથી (જુઓ આગળ ક. ૯૬ (૪) અને સને ૧૮૭૩ ના જ્યુડીકેચર એકટની ક. ૪૯ ઇંગ્લાંન્ડમાં ખર્ચ બાબતનો હુકમ કુલ અખત્યાર ખોટા નીયમના આધારથી કરેલો ના હોય અથવા હકીકત વીશે ભુલથી કરેલો ના હોય તો રદ થતો નથી, ગીલબર્ટના કામમાં (૧૮૮૫) ૨૮ સી. ડી. ૫૪૯ અથવા જે કારણો જડજ જોઇ શકતા ના હોય તે કારણોથી જે નીર્ણય કરેલો હોય, સીવીલ સરવીશ સોસાઇટી વી. જી. એશ. નેવીગેશન કંપની (૧૯૦૩) ૨. કે. બી. ૭૦૬ ના કામના ઠરાવ પ્રમાણે કીંગ વી. ગીલર્ડ (૧૯૦૫) ૨. ચે. ૭ ના કામમાં ચાલવામાં આવેલું છે, અને અપીલ કોર્ટની એવી ખાત્રી થાય નહી કે જડજે પોતાની વીવેક બુદ્ધીનો અમલ કરેલો નથી તો, તેમણે વીવેક બુદ્ધી વાપરી છે એવુ અનુમાંન અપીલ કોર્ટ કરે છે, બ્યુ વી. બ્યુ (૧૮૯૯) ૨ ચે, ૪૬૭ જુઓ એન પ્રેકટીશ (૧૯૦૮) ૨, ૫૧૧ જો જડજે વીવેકબુદ્ધી વાપરેલી ના હોય અથવા જે કારણોને જોઇ શકતા ના હોય તે કારણોથી તે વાપરેલી હોય તો પરવાનગી વીના ઇંગ્લાંન્ડમાં અપીલ ચાલે છે. શીવીલ શરવીશ શોસાઇટી વી. જી. એશ. એન કંપની સદરહુ જુઓ આગળ ક. ૯૬ ની નોટ)

ખર્ચ બાબત અપીલ—સને ૧૮૮૨ ના એકટ ૧૪ પ્રમાણે જે કામમાં એક નીયમની બાબત રહેલી હોય તોજ ખર્ચ બાબત અપીલ ચાલે છે (સેક્રેટરી ઓફ સ્ટેટ વી. મારગમ હોસેન (૧૮૮૫) ૧૧ ક. ૩૫૯; મોર્શીંગન વી. મઝારી (૧૮૮૬) ૧૨ ક. ૨૭૧; બનવારીલાલ વી. દ્રુપનાથ (૧૮૮૬) ૧૨ ક. ૧૭૯) માટે હકુમત બાબતના અથવા કામના ગુણ દોષ સંબંધીના હુકમો ઉપર અપીલ ચાલવા લાયક હોય તો, તે હુકમનો જે ભાગ ખર્ચ સબંધી હોય તે ભાગ ઉપર અપીલ ચાલે છે (બાળકીશનદાસ વી. લછમીપત (૧૮૮૨) ૮ ક. ૯૧; અને જુઓ કામત વી. કામત (૧૮૮૪) ૮ મું ૩૬૮ કારવેલ્હો વી. નુરબીબી (૧૮૮૪) ૩ મું ૨૦૨) પછી અપીલનો જે ભાગ ખર્ચ સબંધી ના હોય તે સુનાવણી વખતે છોડી દીધેલો હોય તો પણ ખર્ચ બાબતના ભાગ ઉપર અપીલ ચાલે છે. (વાસુદેવ વી. બાવન (૧૮૯૨) ૧૬ મું. ૨૪૧; જુઓ હકશલી વી. વેસ્ટલંડન રેલવે (૧૮૮૬) ૧૭ કયુ. બી. ડી. ૪૭૩; ૧૪ એપ. કેશઝ ૨૬) હકીકત અને કાયદાની બાબતમાં ખોટું સમજવાથી ખર્ચ વીશે ભુલ ભરેલો હુકમ કરેલો હોય તો તે ઉપર અપીલ ચાલે છે. (રણછોડદાશ વી. બાઇ કાશી (૧૮૯૨) ૧૬ મુ. ૬૭૬ ખુશાલ વી. પુનમચંદ (૧૮૯૮) ૨૨ મું. ૧૬૪ ગીધારીલાલરાય વી. સુંદર (૧૮૬૨-૭) બં. લા. રી. સદરહુ વા. ૪૯૬; ૬ વી. રી. ૧૮૭; ડૌશેટ વી. વાઇઝ (૧૮૬૪) ૧ વી. રી. ૩૨૨ ભીમાચરણ વી. ગીશચંદ્ર (૧૮૭૬) ૨૫ વી. રી. ૨૨) આ ઠરાવો જે તરફના ઇંગ્રેજી ઠરાવો આગળ બતાવેલી નોટ ૩ માં બતાવેલા છે તે તરફના ઘણું કરીને છે ન્યાયની રૂઇએ અમલ કરવામાં આવે તો ખર્ચ બાબતનો કુલ અખત્યાર જો કે મોહોળો છે તો પણ ન્યાયની રૂઇનો કુલ અખત્યાર છે અને તેનો

અમલ મુકરર થએલા નીયમો પ્રમાણે કરવો જોઇએ, અને એકાદો પક્ષકાર એક કાયદેસર હકનો ફતેહ ભરેલી રીતે અમલ કરતો હોય અને કોઇ રીતે ખોટી વર્તણુંક ચલાવતો ના હોય તો હકથી તેનો ખર્ચ લેવાનો હક થાય છે (કુપર વી. વીટીંગ હેમ (૧૮૮૦) ૧૫ સી. ડી. ૫૦૧, સીવીલ શરવીશ કો. ઓપરેટીવ સોશાઇટી વી. જનરલ સ્ટીમ નેવીગેશન કંપની (૧૯૦૩) ૨ કે. બી. ૭૫૬ અને એન પ્રેકટીશ (૧૯૦૮) માં બતાવેલા ઠરાવો ઓ. ૬૫ રૂ. ૧). આ કુલ અખત્યાર વાપરવાને એક નીયમ પ્રમાણે પ્રીવીકૌંસીલે ઠરાવ્યું છે કે જીતેલા અપીલવાળાનો પોતાનું ખર્ચ મળવાનો હક છે (વીલસનના કામમાં ૧ સી. ડી. ૧૧૩ કાળી કીશ વી. સેક્રટરી ઓફસ્ટેટ લા. રી. (૧૮૮૭-૮) ૧૫ ઇ. અ. ૧૮૬; ૧૬ ઇ. અ. ૧૭૩).

ખર્ચ બાબત કુલ અખત્યાર વાપરવા વીશે હિંદુસ્થાન માંહેની કોર્ટોમાં થએલા નીચેના ઠરાવો ઉપયોગી દાખલાઓ છે

ખર્ચ અપાવેલુ તે.—એકાદા સખસને ખોટી રીતે પક્ષકાર કરેલો હોય તેને પોતાનુ ખર્ચ મળવું જોઇએ (બીશનદયાળ વી. અપર ઇન્ડીયાની બેંક (૧૮૯૧) ૧૩ અ. ૨૯૫) અને તેવીજ રીતે એકાદા જે પક્ષકારે વાદીના દાવા સાંમી તકરાર કરેલી ના હોય (સરકાર વી. સાલુલા (૧૮૬૫) ૩ વી. રી. ૨૩) અથવા દાવો રાખેલો ના હોય (રાતભક્ષ વી. નંદરાંમ (૧૮૬૯) ૧૧ વી. રી. ૪૮) અથવા તેનું દાવામાં કાંઇ હીત ના હોય અને જરૂર વીના તેને એક પક્ષકાર કરેલો હોય (ડાકાના કલેકટર વી. કમળાકાંત મુકરજી (૧૮૬૫) ૨ વી. રી. ૩૩) અને જો તે હાજર થયો ના હોત તો તેને નુકશાન વેઠવુ પડત (૨૪ પ્રગણાના કલેકટર વી વીલકીનશન (૧૮૬૯) ૧૨ વી. રી. ૪૪૪) તો તેને પોતાનુ ખર્ચ મળે છે. અને જો એકાદા શખશનો ખર્ચ મળવાનો હક થતો હોય તો કોનશલ જે રીતે કામમાં તકરાર કરતા હોય તે રીતથી અથવા કોનશલનો જે મળવાનો હક થતો હોય તે કરતાં તે વધારે દાવો રાખતા હોય તેથી (મોએટ વી. પીકરીંગ (૧૮૭૮) ૮ સી. ડી. ૩૭૨) તેણે તે ખોવુ ના જોઇએ. દાવો કરતા પહેલાં દાવા વાળાં નાણાં વાદીનાં દેવાં છે એવી પ્રતીવાદીની કબુલત હોય તો તેથી વાદીને પોતાના ખર્ચમાંથી બાતલ કરવાનુ કારણ થતુ નથી (કુપ્પ સ્વામી વી. કાળુ હસ્તીના જમીનદાર (૧૯૦૪) ૨૭ મ. ૩૪૧). એક કરાર તોડવાથી નુ શાંન ભેવાને તથા બાહાનીનાં નાંણા લેવાને દાવો કર્યો હતો તેમાં પ્રતીવાદીના ઉપર દાવાનુ ખર્ચ આપવાનો હુકમ કરેલો હતો, કારણ કે તેણે બાંહાનુ કોર્ટમાં ભરેલુ નથી અથવા રીતીસર આપવા માંડેલુ નથી (પીતાંબર વી. કાશીબાઇ (૧૮૮૭) ૧૧ મુ. ૨૭૨) અસલ કોર્ટમાં સરકારે પોતાનુ ખર્ચ મેળવ્યુ હતુ; સામા પક્ષકારે અપીલ કરી પણ સરકારને તે અપીલના પ્રતીવાદી કરેલા ન્હોતા. અપીલમાં અસલ કોર્ટનુ હુકમનામુ ફેરવવામાં આવ્યુ. તેમાં ઠરાવ્યુ છે કે તે અપીલમાં સરકારને પક્ષકાર કરેલા નથી માટે સરકારનો પોતાનુ અસલ કોર્ટનુ ખર્ચ વસુલ કરવાનો હક છે (સરકાર વી. લાલજીશાહુ (૧૮૬૮) ૧ બં. લા. રી. એશ. એન. ૨૩). એક ખતમાં વ્યાજના બે જુદા જુદા દર ઠરાવેલા હતા તે ખતની રૂઇએ કરેલા દાવામાં પ્રતીવાદીની નજરમાં દાવો કરતા પહેલાં જે પુકત કંપેનસેશન આપવાનુંજ આવેલુ તે વાદીને આપવા માંડેલુ હતુ તેથી વ્યાજ તથા ખર્ચમાંથી માફી મળવાને તેણે દાવો રાખ્યો હતો. ઠરાવ્યુ છે કે ખતમાં ઠરાવ્યા પ્રમાણે વ્યાજ પ્રતીવાદીએ આપવા માંડેલુ ન્હોતુ તેથી વાદીને પોતાનુ ખર્ચ મળવાનો હક થાય છે (વેન્ગીદેસ્વર વી ચેતુ એચન (૧૮૭૮-૮૧) ૩ મ. ૨૨૪).

એકાદો અરજદાર પોતાની અરજીમાં વાદીને ખસેડવાની બાબત શીવાય તમામ બાબતોમાં નીસફળ થએલો હતો તેમાં ઠરાવ્યુ છે કે તે વાદીને ખસેડવાનો હુકમ કરવામાં આવ્યો

ત્યાં સુધીનુ અને તે હુકમ સુધાંતનુ ખર્ચ મળવાનો તે અરજદારનો હક છે, કારણ, કે તેટલે સુધી તેણે સગીરના ફાયદા સારૂ કામ કરેલુ છે (ફકરૂદીન મહમદના કામમાં (૧૮૯૫) ૨૬ ક. ૧૩૩).

કોર્ટમાં વસુલ આપવુ તે.—હાયકોર્ટની અસલ બાજુમાં જ્યારે પ્રતીવાદીએ કોર્ટમાં નાંણા ભરેલાં હોય અને વાદી કોર્ટમાંથી લે તો પણ તે નાંણા ભરવામાં આવ્યાં તે પહેલાંનુ વાદીએ જે ખર્ચ કરેલુ હોય તે લેવાનો વાદીનો હક થાય છે (આરદેશર હીમજી વી. સોરાબજી (૧૮૬૨–૫) ૧ મુ. હા. કો. ૭૭). બંગાળાના સાંથના પટાના એકટ (સને ૧૮૮૫ ના ૮ મા) ની ક. ૬૧ પ્રમાણે પ્રતીવાદી સાંથ કોર્ટમાં અનામત આપે અને તે કજીયામાં તે ઠપકાને પાત્ર નથી એવુ જણાય તો તેનો પોતાનુ ખર્ચ મળવાનો હક છે (સ્ટોકર્ટ વી. ગુરૂદાસ (૧૮૯૪) ૨૧ ક. ૬૮૦)

સામાન્ય નિયમ:—સામાન્ય નીયમ એવો છે કે વાદીએ પોતાની દાવાની અરજીમાં જે રકમનો દાવો કરેલો હોય તે રકમ કરતાં ઓછી રકમને વસુલ કરેતો તે વસુલ કરેલી રકમ ઊપર ખર્ચ અપાવવુ જોઇએ અને દાવાવાળી રકમ ઊપર અપાવવુ ના જોઇએ (મદન મોહન વી. ગોકુળ (૧૮૬૩–૬) ૧૦ મુ. ઇ. અ. ૫૬૩; વેલુ પીલાઇ વી. ગોઝ મહમદ (૧૮૯૪) ૧૭ મ. ૨૯૬; વળી જુઓ બઇકુંઠનાથ વી. મહેશરી (૧૮૬૫) ૪ વી. રી. પ્ર. ૯) પણ જો એમ જણાતુ ના હોય કે વાદી વસુલ કરે તે કરતાં તેને પ્રતીવાદી તરફ જવાબદાર ઠરાવવાથી તે હુકમનામાના ફાયદામાંથી તે વાદી બાતલ થશે તો તે પ્રમાણે અપાવવાનુ છે (રામચંદ્ર વી. મેરીયટ (૧૮૭૧) ૧૫ વી. રી. ૪૬૫) પણ આ નીયમ હમેશને માટે નથી; અને વાદી મુખ્યત્વે કરીને પોતાના દાવામાં જીતે અને તે દાવો એક પ્રમાણીક હોય તો તેને તમામ ખર્ચ અપાવવુ જોઇએ (શીવદયાળ તેવારી વી. બીશોનાથ (૧૮૬૮) ૯. વી. રી. ૬૧, શીવપ્રસાદ વી. ગંગા મોતી (૧૮૭૧) ૧૬ વી. રી. ૨૫૧; પણ જુઓ હીરારામ વી. અશરફઅલી (૧૮૬૮) ૯ વી. રી. ૧૦૩; અને હરેંદર કીશોર વી. બંગાળાના રેવ્હેન્યુ ડેપ્યુટી રજીસ્ટ્રેટર જનરલ (૧૮૮૬) ૧૨ ક. ૩૫૭). જો એકાદો પ્રતીવાદી જીતેતો, તેનો પોતાનુ ખર્ચ મળવાનો હક થાય છે (મનોહર વી. રોમા નાથલા (૧૮૭૮) ૩ ક. ૪૮૪). પરંતુ જે સખસોને તેઓની કબુલત વીના અપીલ વખતે પક્ષકારો કરેલા હોય ફકત એટલાજ કારણથી કે તે દાવો લાવવામાં તેઓએ વાદીને ઉતેજન આપેલુ છે તો તે સખસો વીરૂધ તે પ્રતીવાદીનો પોતાનુ ખર્ચ મળવાનો હક થતો નથા (વોટસન અને કંપની વી. હરગોબીંદ (૧૮૭૪) ૨૨ વી. રી. ૩૫).

ખર્ચ અપાવવામાં ના આવે તેઃ—પણ એક પક્ષકારે પોતાની વર્તણુકથી તેના ઊપર દાવો કરવાને લલચાવેલો હોયતો (શ્રીનાથ વી. ગોલક (૧૮૭૧) ૧૫ વી. રી. ૩૪૮) અથવા સ્પેશીયલ અપીલ સુધી જે ડીક્રી ઊપરથી તે જીતે તેવો ડીક્રી તેણે કરેલો ના હોય (નોબીન કીશન વી. શીબ પ્રસાદ (૧૮૬૭) ૭ વી. રી. ૪૫૦), અથવા તમામ પુરાવ લેવામાં આવે ત્યાં સુધી તે "રેશજ્યુડીકેટા" ની તકરાર કરે નહી (રણુ બાહાદુર વી. લછોકુંવર (૧૮૮૧) ૬ ક. ૪૦૬; અને જુઓ આખીલચંદ્ર વી. મોહીની મોહન (૧૮૭૯) ૪ ક. લા. રી. ૪૫૧) તો તેને પોતાનુ ખર્ચ મળતુ નથી. એક પક્ષકાર દ્વેશ બુદ્ધીથી કૃતઘી રીતે વર્તેલો હોયતો ખર્ચ અપાવવામાં આવતુ નથી (કાળીપ્રશાદ વી. રામપ્રસાદ (૧૮૭૨) ૧૮ વી. રી. ૧૪). એક દાવામાં વાદીએ લાંબી મુદત સુધી હેરાંન ભરેલી રીતે કજીયો ચલાવ્યા પછી ફકત નામનુ નુકશાન મેળવ્યુ હોય તો એવુ ઠરાવેલુ છે કે પ્રમાણમાં ખર્ચ અપાવવાના નીયમ પ્રમાણે ચાલવુ ના જોઇએ (મોસીહન વી. મનુગી (૧૮૭૫) ૨૪

વી. રી. ૬૯). જે શખશો તરફથી ક. ૩૦ (ઓ. ૧, રૂલ ૮) પ્રમાણે દાવો કરવામાં આવેલો હોય તે જે શખશોનુ હીત હોય પણ તેઓ દાવામાં સામેલ થતા ના હોય અથવા સામેલ થએલા ના હોય તો તેમની પાસેથી ખર્ચ અપાવવુ નહી જોઇએ (સાજેદર રાજ વી. બૈધનાથ દેબ (૧૮૯૬) ૧ ક. વી. નો. ૬૫). લીલામ રદ કરવાથી લીલામમાંથી ખરીદ કરનારે વેચાણની કીમત પાછી લેવાની અરજ કરવાને વાર લગાડેલી હોય તો ઠરાવ્યુ છે કે તેને કાંઇ ખર્ચ અપાવવુ ના જોઇએ (ગીરધારી વી. શીતળ પ્રસાદ (૧૮૮૯) ૧૧ અલ્હા. ૩૭૨).

એક વિધવાની મીલકતના વહીવટ પત્ર બાબત એક અરજદારના જાણવામાં હતુ કે દાવા છે તેમ છતાં તેણે તે છુપાવેલા હતા તેથી તેને તે અરજીનુ ખર્ચ તથા તે વિધવાના ધણીના સગાએ સામી હરકત લીધેલી તે હરકત બાબતનુ ખર્ચ આપવાનો હુકમ કરેલો હતો (જેકીશનદાસ વી. હરીકીશનદાસ (૧૮૭૮) ૨ મુ. ૯).

પક્ષકારોનો તકરાર કરવાનો જે હક થાય છે તે કરતાં ઘણી વધારે તકરાર તેઓ કરે તો ખર્ચ અપાવવામાં આવેલુ નથી (રામ કુમાર વી. કાળી કુમાર (૧૮૮૫-૬ લા. રી. ૧૩ ઇ. અ. ૧૧૬; (૧૮૮૭) ૧૪ ક. ૯૯); અથવા અપીલ વાળો પોતાની અપીલમાં થોડોક નીશફળ થએલો હોયતો તે અપાવેલુ નથી (રાજરૂપ કુઅર વી. અબુલ હોસેન (૧૮૭૯-૮૦) લા. રી. ૭ ઇ. અ. ૨૪૦; ૬ ક. ૩૯૪); અથવા પક્ષકારોએ જુઠા દસ્તાવેજોનો ઉપયોગ કરેલો તેથી તે અપાવેલુ નથી (રોડેશ્વર વી. મનરૂપ (૧૮૮૫-૮૬) લા. રી. ૧૩ ઇ. અ. ૩૧); તેમ નહી લગતી બાબતો દાખલ કરવામાં જે ખર્ચ થએલુ તે અપાવેલુ નથી (બાશન મનશીંગ વી. લેન્ડ મોર્ટ ગેજબેંક (૧૮૮૪-૮૫) લા. રી ૧૨ ઈ. અ, ૭; ૧૧ ક. ૨૪૪; પીતાપુરના રાજા વી. રાજા રાવબળી (૧૮૮૪-૫) લા. રી. ઇ. અ. ૨૨); તેમ જો અપીલના પ્રતીવાદી કપટ નો ગુન્હેગાર થએલો હોય તો તેને ખર્ચ મળવું જોઇએ નહી (ભુબનેશ્વરી વી. નીલ કોમળ (૧૮૮૪-૫) લા. રી. ૧૨ ઈ. અ. ૧૩૭; ૧૨ ક. ૧૮) અને જે કામમાં અપીલ કરવાથી ફેસલો જે કારણથી નીચેની કોર્ટ કરેલો તેથી જુદા કારણો ઉપર આધાર રાખી તે બાહાલ રાખેલો હોયતો તે અપીલ ખર્ચ વીના કાહાડી નાંખવામાં આવેલી છે (ફ્રાશર વી. કમળાનાયકર (૧૮૫૮ ૬૧) મું. ઇ. અ. ૧૭૦; ૩ વી. રી. સી. ૩૩; વળી જુઓ મરતુતજય ચકરબતી વી. કોકરેન (૧૮૬૭-૮) ૧૦ મુ. ઇ. અ. ૨૨૯).

એક હીસાબ બાબતના દાવામાં પ્રતીવાદી (એજંટે) એ પોતાની ભરૂસા ભરેલી સ્થિતી જુઠી રીતે ઇનકાર કરેલી હતી તેથી તે હીસાબના પરીણામ લક્ષમાં નહી લેતાં તમામ ખર્ચ આપવાને તેને હુકમ કરેલો હતો (હરીનાથ વી. ક્રીશ્ન કુમાર (૧૮૮૭) ૧૪ ક. ૧૪૭)

આગળ કહ્યા પ્રમાણે શરતો અને મર્યાદા સાથે એ વીશે જુઓ ઓ. ૧૧ રૂ. ૩ અને ઓ. ૨૪ રૂ. ૪.

તે અપાવવાનો સપુર્ણ અખત્યાર—જુના કાયદાની ક. ૧૨૩ અને ૩૭૯ એકાદા ગીરોની જામીનની રૂઇએ મુદ્દલ તથા બ્યાજ બાબત ગીરો આપનાર જાતે જવાબદાર ના હોય તો પણ ખર્ચ બાબત તેને ખર્ચ વીશેની જવાબ ઠરાવી શકાય છે (રતનશરશેન વી. જશોદા (૧૮૮૭) ૧૪ ક. ૧૮૫ દામોદરદાશ વી. બુધકુંવર (૧૮૮૦) ૧૦ અ. ૧૭૯) વાદીઓએ પ્રતીવાદી ઉપર પોતાની જુની બારીયોને હરકત કરતાં અટકાવવાને તથા નુકશાન લેવાને દાવો કરેલો હતો, તેથી પ્રતીવાદીએ રૂ. ૨૦૦) કોર્ટમાં ભરેલા હતા તેમાં કોર્ટના અભીપ્રાયમાં આવ્યું કે વાદીયોની બારીયો જુની છે અને જે નુકશાની આપેલી છે તે બસ નથી. માટે કોર્ટે હુકમ કર્યો કે રૂ. ૨૦૦) જે તારીખે કોર્ટમાં ભરયા તે તારીખ સુધીનુ વા-

દીનું તમામ ખર્ચ તથા ત્યાર પછીનું ત્રણ ચતુર્થાંસ ખર્ચ પ્રતીવાદીઓએ આપવું અને ત્યાર પછીનું પ્રતીવાદીનું એક ચતુર્થાંશ ખર્ચ વાદીઓએ આપવું. પ્રતીવાદીઓએ અપીલ કરી ઠરાવ્યું છે કે તે કોર્ટને તે પ્રમાણે ખર્ચ અપાવવાનો સંપુર્ણ કુલ અખત્યાર હતો માટે અપીલ કોર્ટ તેમાં હાથ ઘાલતા નથી (લક્ષમણ નાના પાટીલ વી. મોરોબા રામક્રીશ્ન (૧૮૯૭) ૨૧ મું. ૫૦૨)

કોણે આપવું—પક્ષકારોમાંના કયા પક્ષકારને શીર ખર્ચ નાંખવું તેનો નીર્ણય કરવાને કોર્ટ બંધાએલી છે. તે એવું ઠરાવી શકતી નથી પાછળથી એક દાવો કરવાનો છે તેનો જે પક્ષકાર હારે તેણે આપવું (કાશીચંદ્ર વી. બંગશી બદન (૧૮૭૫) ૨૩ ક. વી. રી. ૮૯ ફક્ત પક્ષકારોને સને ૧૮૮૨ ના એકટ ૧૪ પ્રમાણે જવાબદાર ઠરાવી શકાય છે, અને આ નીયમ બેશક આ કલમ પ્રમાણે બરોબર થશે. શાક્ષીયોને કોનશલની મારફતે હાજર થવાનુ ખર્ચ મળી શકતું નથી, ગ્રોન અને કંપનીના કામમાં (૧૮૮૭) ૧૪ ક. ૨૧૯ જયંતીચંદ્ર વી. આનદોલાલ (૧૮૭૦) ૧૪ ક. વી. રી. ૧ બેવીશ વી. ટરનર (૧૮૮૩) ૭ મું. ૪૮૬; રામનીધી વી. અજુધ્યારામ (૧૮૭૩) ૧૧ બં. લા. રી. અપી. ૩૭; વળી જુઓ પ્રાણકુમારા વી. અબીનાશ (૧૮૭૧) ૯ બં. લા. રી. ૨૧૦ પરંતુ જુઓ બધરટન વી. મેટ્રો પોલીટન રેલવે (૧૮૯૪) ૧ કયુ. બી. ૬૦૬) કેટલાક પક્ષકારો ઉપર એક દાવો કરવામાં આવેલો હતો તેમાં કેટલાકોએ દેવું અને ભાગીદારી કબુલ કરયું, પરંતુ બીજાઓ એને ઇનકાર કરેલુ હતું. તેમાં ઠરાવ્યું છે કે જે પ્રતીવાદીઓએ તે દાવામાં તકરાર કરેલી છે તે પ્રતીવાદીઓએ જે પ્રતીવાદીઓએ દાવો કબુલ કરેલો છે તે પ્રતીવાદીયોનું ખર્ચ આપવું (જગતચંદ્ર વી. રૂપચંદ્ર (૧૮૮૧) ૬ ક. ૮૧૧ વળી જુઓ રામચંદ્ર વી. માણકચંદ્ર (૧૮૮૧) ૭ ક.

કોણે અને શા પ્રમાણમાં ખર્ચ આપવું જોઇએ તે હુકમનામામાં ફરમાવવું જોઇએ. માટે તે કરવામાં આવેલું ના હોય તો, તે કાંઇ ફકત લખનારની ભુલ નથી, માટે ફરી તપાશ કરાવીને દુરસ્ત કરાવવી જોઇએ (રામશાદી વી. રૂપુ (૧૮૭૧) ૧૫ વી. રી. ૪૧૪ પરંતુ અરજદારે ઘણી લાંબી મુદત સુધી તેમાં વાર લગાડવી જોઇએ કેમકે સાડા ત્રણ વર્ષ સુધી બેશી રહેવું ના જોઇએ ઉદયનારાણ વી. જનાબઅલી ૧૮૭૨) ૧૭ વી. રી. ૩૫૮).

વહીવટના દાવા:—ઇંગ્રેજી નીયમ એવો છે કે ટ્રસ્ટીયો અને એકઝીકયુટરો ત્યાં સુધી ખોટી વર્તણુંકના કસુરવાન ના હોય ત્યાં સુધી તેઓનુ ખર્ચ મીલકતમાંથી મળવાનો તેઓનો હક છે, માટે આવી મોટી વર્તણુંક બતાવવામાં આવે નહી ત્યાં સુધી તેઓને પોતાના ખર્ચમાંથી બાતલ કરવાનો કોર્ટનો કુલ અખત્યાર નથી (જુઓ લવના કામમાં (૧૮૮૫) ૨૯ સી. ડી. ૩૪૮. એન્યુ પેકટીશ (૧૯૦૮) ૯૨૭, જોન્સના કામમાં (૧૮૫૭) ૨ ચ. ૧૯૦). પરંતુ જો તેઓ અઘટીત અને ગેરવ્યાજબી રીતે વર્તેલા હોય તો ટ્રસ્ટ ફંડમાંથી તેઓનુ ખર્ચ આપવાને કોર્ટ ના પાડે છે. (શેઠ ફીનશનના કામમાં ૨ ચે. ૧૯૦, ૩૨ ચે. ડી. ૬૭૪ વીગેરે) સામાન્ય ફંડની અથવા મીલકતની વ્યવસ્થા કરવા સબંધી વહીવટ કરવાના અને તેવાજ દાવામાં હિંદુસ્થાનમાં સને ૧૮૮૨ ના એકટ ૧૪ પ્રમાણે તેજ નીયમ મુજબ ચાલવામાં આવે છે એવુ જણાય છે.

વીલનો અર્થ—એકાદી વસીયતના અર્થ વીષે જ્યારે વ્યાજબી રાહે શક હોય ત્યારે એક વીલના અર્થનો નીર્ણય કરવાના દાવામાં વીશેષ રહેલી જાતીકી મીલકતમાંથી ખર્ચ હમેશા અપાવામાં આવે છે. (વીલકીનસન રલીન્ડગ્રેન, (૧૮૬૯–૭૦) લા. રી. ૫ ચ. એપ. ૫૭૦; કીરટોરોમાની વી. નારેન્દ્ર ક્રીશ્ન (૧૮૮૮–૯) લા. રી. ૧૬ ઇ. અ. ૨૯; ૧૬ ક.

૩૮૩; તારાચરણ વી. સુરેશચંદ્ર (૧૮૮૮–૮૯) લા. રી. ૧૬ ઇ. અ. ૧૬૬ પા. ૧૭૪; ૧૭ ક. ૧૨૩; ઇંદિર કુંવર વી. જેપાળ કુંવર (૧૮૮૮) ૧૫ ક. ૭૨૫); પણ વીલનો અર્થ એટલો બધો મુસ્કલ ના હોય કે તે કરવામાં કોર્ટની મદદની જરૂર પડે તો તે પ્રમાણે નથી. (નારાયણીદાસી વી. બં. એડમીનીસ્ટ્રેટર જનરલ (૧૮૯૪) ૨૧ ક. ૬૮૩); અથવા વાદીએ મીલકતનો કબજો એક સખસ પાસેથી છોડાવાને દાવો કરેલો અને એક વીલના અર્થનો પોતેજ વીચાર કરતો હતો તે વીચાર કોર્ટ કરશે કે નહિં એવું જોખમ પોતાને માથે રાખેલું હતું તો તેમાં પણ તે પ્રમાણે નથી (રામ જીવણલાલ વી. દુલ કુંવર (૧૮૯૭) ૨૪ ક. ૪૧૨;

કબુલતથી હુકમઃ—તેના અસર ખર્ચ બાબત–માલકસ વી. બ્રાઉટન (૧૮૮૬) ૧૩ ક. ૧૯૩).

ઓફીશીયલ લીકવીડેટરઃ—ક્રોન્ટ્રબ્યુટરીઓના લીસ્ટમાં અમુક શેરહોલ્ડરોને દાખલ કરવા સારૂ કંપનીના લીકવીડેશનમાં શુદ્ધબુદ્ધીથી એક અરજી ઓફીશીઅલ લીકવીડેટરે કરેલી તે નીષ્ફળ થયેલી હતી તેમાં કોર્ટે હુકમ કરેલો છે કે દરેક બાજુનું ખર્ચ પ્રથમ તે મીલકતમાંથી મળવું જોઇએ (વેસ્ટ હોપટાઉન ટી. કંપની (૧૮૮૯) ૧૧ અ. ૩૪૯).

છેવટ ફેંસલાના હુકમ ઉપર એકાદી અપીલ કરેલી હોય તેમાં હાજર થયાનું ખર્ચ ઓફીશીઅલ એસાઇની તે મળવાનો હક છે (હરૂન મહમદના કામમાં (૧૮૯૦) ૧૪ મું. ૧૮૯).

વ્હેંચણુઃ—વ્હેંચણ બાબતના તેમજ વ્હેંચણ કરવાના દાવાનું ખર્ચ દરેક પક્ષકારે આપવું જોઇએ. (શાંમસુંદરી વી. જાર્ડીન સ્કીનર અને કંપની (૧૮૬૯) ૩ બં. લા. રી. ૧૨૦; ૧૨ વી. રી. ૧૬૦).

પ્રોબેટઃ- એક વીલના એકઝીકયુટરે તે વીલનુ સરટીફીકેટ મેળવેલું હતુ પણ ત્યાર પછીનુ વીરૂદ્ધનુ વીલ હતું તેમાં એકઝીકયુટરે અરજ કરી અને તે બીજા વીલનુ પ્રોબેટ લીધું. ઠરાવ્યું છે કે તે બેઉ વીલના એકઝીકયુટરોનો પોતાનુ ખર્ચ તે મીલકતમાંથી વસુલ કરવાનો હક છે. પણ તે ખર્ચ વસુલ થાય તેટલી મીલકત ના હોય તો દરેક પક્ષકારે પોત પોતાનું ખર્ચ આપવું જોઇએ (તારામણી દાસીની મીલકતના કામમાં (૧૮૯૮) ૨૫ ક. ૫૫૩. વળી જુઓ બેચર અખા વી. ડીકુઝ (૧૮૯૫) ૧૯ મું. ૭૭૦). અપીલવાળાએ એક વીલનો એકઝીકયુટર જે અપીલનો પ્રતીવાદી હતો તેને તેના વસીયત કરનારનું વીલ સાબેત કરવાને તેને બોલાવ્યો હતો. ડીવીઝન કોર્ટ કોર્ટમાં તે વીલ રાખવું અને પ્રોબેટ લેવું એવો અપીલના પ્રતીવાદીને હુકમ કરેલો હતો પરંતુ અરજદારે નામે ખર્ચ આપવું એવું ફરમાવેલું હતું. અપીલ કરવાથી ઠરાવેલું છે કે પ્રોબેટના ખર્ચ બાબત જે ફંડ પ્રથમ જવાબદાર થાય છે તે વીષેશ રહેલી મીલકત છે. અને તેવી મીલકતનો ભાગ હજુ વ્હેંચ્યા વગરનો છે. માટે તે ભાગ આ કારણુસર પ્રથમ ઉપયોગમાં લેવો જોઇએ અને પછી અપીલવાળાએ અને અપીલના પ્રતીવાદીએ સરખે હીસ્સે તે આપવું જોઇએ (ડાબાભાઇ વી. દામોદરદાસ (૧૮૯૭) ૨૧ મું. ૭૫) એકાદુ પ્રોબેટ રદ કરવાને સારૂ ચાલેલા કામમાં નીચેની કોર્ટોમાં ખર્ચ અપાવા વિષે એક હુકમ કરવાને હાઇકોર્ટને સંપુર્ણ અખત્યાર છે પ્રતાપચંદ વી. કાલીભંજન (૧૮૯૯–૧૯૦૦) ૪ ક. વી. નોટ ૬૦૦). અને જેમ પરચુરણ કામમાં ખર્ચ ઠરાવામાં આવે છે તે પ્રમાણે ખર્ચ ઠરાવવું જોઇએ. (ગગબીની દાસી વી. પ્રતાપચંદ્ર શાહ (૧૮૯૯–૧૯૦૦) ૪ ક. વી. નોટ ૬૦૨).

ગીરો છોડાવુ તેઃ—ગીરો છોડાવાના દાવામાં આપવા માંડેલી રકમ લેવાને પ્રતીવાદીએ ના કહેલી હોય અથવા તે દાવો ચાલતાની દરમીયાનમાં તે ખોટી રીતે ચાલેલો ના હોય તો પ્રતીવાદીને પોતાનું ખર્ચ મળવું જોઇએ (ઘોડો વી. બાળકૃષ્ણ (૧૮૮૪) ૮ મું. ૧૯૦)

તે જેમ એટર્ની અને અસીલની વચમાં મળે છે તે પ્રમાણે મળવું જોઇએ (અભય ચરણ વી. દેવેન્દ્રનાથ (૧૮૮૧) ૮ ક. લા. રી. ૪૩૭).

પ્રતીનીધી—મીલકતના ફાયદા સારૂ શુદ્ધ બુદ્ધીથી એક દાવો દાખલ કરેલો હોયતો તે દાવાના ખર્ચ બાબત તે મીલકત જવાબદાર છે અને તે મીલકતનો વહીવટદાર જવાબદાર નથી (રામકીશોર વી. લખીદેબીયા (૧૮૬૪) ૧ વી. રી પ્રા. ૧; વી. પુલીઝ ટ્રસ્ટી વી. વેધામ (૧૮૮૫) ૨૮ સી. ડી. ૩૮. પા. ૪૧). પરંતુ સને ૧૮૫૮ ના એકટ ૪૦ પ્રમાણે એક સરટીફીકેટ બાબત એક મરનાર માલીકની વીધવાએ અરજ કરેલી અને તેણે કહેલું છે કે તેની તમામ મીલકત તેણીના કબજામાં છે અને તેણીની મીલકતમાં અમુક પરગણું છે એવું કહેલું છે તેમાં ઠરાવ્યું છે કે જો કે તે પરગણા બાબત સરટીફીકેટ મળવાને તેણીએ અરજ કરેલી નથી તોપણ તે પ્રગણા બાબત સરટીફીકેટ લેતાં એકાદોજ પક્ષકાર હરકત લઇ શકે તે પક્ષકારનુ ખર્ચ તેણીએ આપવું જોઇએ (ફેદા હુસેન વી. ખજુર ઉન્નીસા (૧૮૬૮) ૯ વી. રી. ૪૫૯). એકાદા સખસે મઝીઆરા હુકમનામાની રૂઇએ ખર્ચના પોતાના હીસ્સા કરતાં વધારે આપેલું હોય તો ફાળો લેવાનો દાવો ચાલે છે (ક્રીસ્તો કુંમાર વી. આનન્દમોઇ (૧૮૬૭) ૭ વી. રી. ૩૮૦).

ટ્રસ્ટી વીગેરે.—ટ્રસ્ટીઓ, એકઝીકયુટરો અને એડમીનીસ્ટ્રેટરોની જે કામમાં હેરાન થવા લાયક વર્તણુક હોય અથવા તેઓએ પોતાની કસુરથી અથવા ખોટી વર્તણુકથી તે દાવો દાખલ કરાવેલો હોય તે શીવાયના કાંમમાં તેઓનું ખર્ચ તે મીલકતમાંથી મળવાનો હક છે. અથવા તે ખર્ચ બાબત તે મીલકત ઉપર જવાબદારી ઠરાવાનો હક છે (સીમ્પસન વી. એ. ધર્સ્ટ લા. રી. ૫ ચ. એમ. ૧૯૩; ચેનલના કાંમમાં (૧૮૭૮) ૮. સી. ડી. ૪૯૨; વેનરાઇટના એક તરફી કાંમમાં (૧૮૮૧–૨) ૧૯ સી ડી. ૧૪૦ નો ઠરાવ ઓફીનીલી સીવીલ પ્રોસીજર કોડ આ. ૬ માં બતાવેલો છે). અને એક વેચાણ ખતમાં સામેલ થવાને એકાદો ટ્રસ્ટી ગેરવ્યાજબી રાહે વાર કરેતો તેને પોતાની ફરજ બજાવાને ફરજ પાડવાને સારૂ તેના ઉપર દાવો કરવામાં આવે તો તે દાવાનું ખર્ચ આપવાને તે જવાબદાર છે. (મેકરટીય વી. રીવેરીયો (૧૮૮૫) ૧૧ ક. ૫૨૮).

છેડા છુટકા—ન્યાયની રૂઇએ જુદા થવાને તથા છેડા છુટકા બાબતના દાવામાં ખર્ચ કીયા સખસે આપવું જોઇએ તે વીષે જુઓ (ફાઉલ વી. ફાઉલ (૧૮૭૯) ૪ ક. ૨૬૦; પરંતુ જુઓ નેટોલ વી. નેટોલ (૧૮૮૬) ૯ મ. ૧૨; પ્રોબી વી. પ્રોબી. (૧૮૮૦) ૫ ક. ૩૫૭; થોમસન વી. થોમસન (૧૮૮૭) ૧૪ ક. ૫૮૦). એક ધણીએ પોતાની ઓરત ઉપર છેડો છુટકો કરાવાને દાવો કરેલો હતો તેમાં તે ઓરતે જે ખર્ચ કરેલું હોય તે ધણી પાસે અપાવાનો તથા હવે પછીનું તેણીના ખર્ચ બાબત જામીન આપવાનો હુકમ કરવાને કોર્ટનો કુલ અખત્યાર છે. (મેયુ વી. મેયું (૧૮૯૫) ૧૯ મું. ૨૯૩). જે ઇંગ્રેજી લૉથી છેડા છુટકાના કામમાં ધણીઆણીની પાસે પુખ્ત જુદી મીલકત હોય તે શીવાય ધણીઆંણીનું ખર્ચ પ્રથમ દર્શનીક રીતે આપવાને ધણીને જવાબદાર ઠરાવવામાં આવે છે તે લૉ મુસલમાનોની વચ્ચે છેડા છુટકાના કામમાં લાગુ થતો નથી (એ. વી. બી (૧૮૯૭) ૨૧ મું. ૭૭). એક કાંમમાં ધણીએ લગ્ન તોડયા બાબતનો ખર્ચ સાથે હુકમ મેળવેલો પરંતુ અપીલના સહ પ્રતીવાદી વીરૂદ્ધ કાંઇ નુકશાંન માગેલું નહોતું તેમાં એટર્ની અને અસીલની વચમાં જેમ ખર્ચ અપાવામાં આવે છે તેમ અપાવેલું હતું (આઉથવેટ વી. આઉથવેટ (૧૯૦૧) ૨૮ ક.૮૪)

હકીકત પ્રમાણે આપાવામાં આવે તે:—આ વીષેનો હેતુ ફેંસલાના પરીણામ પ્રમાણે અપાવું થાય છે. (ગારનેટ વી. બ્રેડલો (૧૮૭૭–૮) ૩ એપ કેસીસ ૯૪૪; જુઓ

લુંડ વી. કેમ્પબેલ (૧૮૮૪–૫) ૧૪ કયુ બી. ડી. ૮૨૧; હોક વી. બીયર (૧૮૮૪–૫) ૨૪ કયું બી. ડી. ૮૪૧). અને જો પ્રતીવાદીનું કૃત્ય બરોબર ન હોય અને વાદીનું ખર્ચ મળી શકે તેવું કાંઇ ફળ ન હોય તો તેથી પ્રતીવાદીને તે આપવાની માફી થવી ન જોઇએ (અપમેન વી. ફોરેસ્ટર (૧૮૮૩) ૨૪ સી. ડી. ૨૩૧). "હકીકત એ શબ્દ છુટો વાંચવો જોઇએ અને અમુક ઇસ્યુઓ બાબતનું ખર્ચ જે પક્ષકાર તે ઇસ્યુ વીષે જીતેલો હોય તે પક્ષકારને અપાવું જોઇએ. પણ દાવાનું તમામ ખર્ચ ફેંસલા પ્રમાણે અપાવાનું છે (લુંડ વી. કેમ્પવેલ (૧૮૮૪–૫) ૧૪ કયું. બી. ડી. ૮૨૧; એબટ વી. જોન્ડ્રુસ (૧૮૮૧–૮૨) ૧૪ કયુ બી. ડી. ૬૪૮. માયર્સ વી. ડેફ્રીસ (૧૮૭૯–૮૦) ૫. એક્ ડી. ૧૮૦.

કોર્ટની હકુમત ઊપરાંતનો છે એમ ગણીને અમલ કોર્ટમાં એક દાવો કાહાડી નાંખવામાં આવ્યો હતો. અપીલમાં આ ફેંસલો ફેરવવામાં આવેલો અને દાવા અરજી પાછી આપેલી હતી. (ઠરાવ્યુ છે કે તે કારણથી હાયકોર્ટમાં કરેલી અપીલમાં પ્રતીવાદીનો પોતાનુ ખર્ચ લેવાનો હક (મોસીગાંન વી. મોઝારી (૧૮૮૬) ૧૨ ક. ૨૭૧) જો તે અપીલ કાહાડી નાંખેલી હોય તો, અપીલના પ્રતીવાદીને પોતાના ખર્ચમાંથી બાતલ કરવામાં આવે તે બશ છે, કારણ કે તે અપીલ આરંભની હરકતથી નાંખેલી હતી અને તે હરકતની અપીલ વાળાને ખબર ન્હોતી (ઇમતયાઝખાંનો વી. લતફુનીશા (૧૮૮૯) ૧૧ અ. ૩૨૮) જો એક પક્ષકાર વાસ્તવીક રીતે જીતે પણ જો કે જે બરાબર રૂપની દાદ તે માગતો હતો તે મળેલી ના હોય તો પણ તે પક્ષકારનો પોતાનુ ખર્ચ લેવાનો હક છે. (ઘનશામ વી. મોરોબા (૧૮૯૪) ૧૮ મું. ૪૭૪) જો કે અસલ કાંમમાં જે હકીકત બને તે પ્રમાણે ખર્ચ અપાવવામાં આવે છે તો પણ એકાદી અપીલનુ ખર્ચ અપાવવામાં આવે છે (મોહેંદ્રચંદ્ર ગાંગુલી વી. આશુતોશ ગાંગુલી (૧૮૯૩) ૨૦ ક. ૭૬૨)

કામમાં ખર્ચ.—આ શબ્દોનો હેતુ એવો નથી કે હકીકત પ્રમાણે ખર્ચ અપાવવુ, પણ તે ખર્ચ અપાવવુ, પણ તે ખર્ચની વ્યવસ્થા સુનાવણી વખતે કોર્ટ કરવાની છે (ટેંપલટન વી. લોરી (૧૯૦૧) ૨૫ મુ. ૨૩૦)

ખર્ચ; કેવી રીતે ગણવામાં આવે છે.—હાયકોર્ટમાંથી એક કામ પાછુ મોકલેલુ એવો હુકમ કરીને કે વાદી બેઊ સુનાવણીનુ ખર્ચ આપે તો, તે વાદીને દુરસ્ત કરવાની પરવાનગી આપવામાં આવે છે. તેમાં ઠરાવ્યુ છે. કે આ હુકમમાં દાવા અરજી બાબતનો સ્ટેંપ આવી ગએલો છે (માધબચંદ્ર વી રામલોચન (૧૮૭૦) ૧૪ વી. રી. ૧૪૩

વકીલની ફી.—વકીલ અને અસીલની વચમાં કાંઇ ખાંનગી ગોઠવણ હોય તે શીવાય વકીલની ફી નીયમો પ્રમાણે ગણવી જોઇએ (અમ્રીતનાથ જાહા વી. રઘુનાથ (૧૮૬૬) ૬ વી. રી. પ્રા. ૩૫. અને જુઓ રામચંદ્ર વી. ભગુભાઇ (૧૮૯૭) ૨૧ મુ. ૪૨)

બીજુ ખર્ચ.—તે રકમ વાદી જે દાવો પ્રતીવાદી પાસેથી મળવા રાખતો હોય તે દાવા ઊપર ગણવાની છે (કાશીનાથશેન વી. ચદ્રમણી (૧૮૬૮) ૯ વી. રી. ૨૮૯) અને જ્યારે એક દાવામાં જુદા પ્રતીવાદીયો પાસેથી જુદા જુદા દાવા માગેલા હોય તો જે ખર્ચ દરેકને અપાવવાનુ તે તેના ઊપર જે દાવો હોય તે પ્રમાણે અપાવવાનુ છે, પરંતુ તે નીયમોથી જે શખસોનુ જુદુ જુદુ હીત હોય તેઓને પોતાનો હક સંપુર્ણ કરવાને અને કબુલલતથી એક હુકમનામુ કરાવવાને તેઓને પ્રતીવાદીઓ કરવા બાબત કાંઇ ઠરાવ કરેલો નથી, માટે, તેઓને હાજર થવામાં જે ખર્ચ થાય તે સારૂ બશ થાય તેટલી રકમ ફક્ત કોર્ટે અપાવવી જોઇએ (રામપતી કુંઅર વી કાળીચર્ણસીંગ (૧૮૭૦) ૧૪ વી. રી. ૯૪). જ્યાં ખર્ચ બાબત કાંઈ નીયમ ના હોય અને સ્પષ્ટ કરાર ના હોય તો એકદા વકીલનો પોતાના

કામ અને મેહેનત બાબત વ્યાજબી મેહેનતાણુ ફકત લેવાનો હક છે (અમીરૂનીસા વી. ચેરમેન (૧૮૬૬) ૬ વી. રી. ૧૦૮)

જે ખર્ચ હારેલા વાદીને આપવાની જરૂર છે તે જાતના પક્ષકારે અવસ્યે કરીને કરેલુ હોય તે છે. જો પ્રતીવાદીએ અથવા તેના વકીલે વ્યાજબી તતપરતાથી તે ખર્ચ કરવુ પડત નહી એવુ બની શકે તો તે ખર્ચ જરૂરીયાત છે એમ સમજી શકાતુ નથી (સીનાપના વી. શરસુદામા (૧૮૯૫) ૧૮ મ. ૧૨૮.

એક ધર્માદા ટ્રસ્ટના ટ્રસ્ટીને તે સબંધીના દાવામાં ઠરાવેલા ખર્ચનુ બીલ મળી શકે છે અને તે ખર્ચ નક્કી કરવાનો હુકમ કરવાને હાયકોર્ટને અખત્યાર છે (જીજીભાઇ વી. બેરાંમજી (૧૮૯૪) ૧૮ મુ. ૧૮૯)

જીદુ ખર્ચ.—પક્ષકારોનાં જુદાં જુદાં હીત હોય તો, દરેકને જુદુ જુદુ ખર્ચ અપાવવુ જોઇએ (કોસેલ્લા કુંઅર વી. બીહારી (૧૮૬૯) ૧૨ વી. રી. ૭૦) માટે એક પ્રતીવાદીએ એવી તકરાર કરી હતી કે દાવા વાળી મીલકત સાથે મારે કાંઇ નીશબત નથી અને તેણે જુદો વકીલ કરીને ડીફેંસ તરફનુ કામ ચલાવીને તે હકીકત સાબેત કરી તેથી તેને તેનું ખર્ચ અપાવેલું છે(રાંમચંદ વી. મતીલાલ (૧૮૬૯) ૧૧ વી. રી. ૧૯) પણ જો પ્રતીવાદીયો જમીનદાર અને પટનીદાર હોય અને જમીનના કબજા બાબતનો દાવો હોત (ગોબીંદનાથ વી. લછમીકુમારી (૧૮૬૯) ૧૧ વી. રી. ૩૬) અથવા પ્રતીવાદીઓ ઊપર સાથે રહીને મીલકતનો ખોટો ઊપયોગ કરયાનો આરોપ રાખેલો હોય તો જુદુ જુદુ ખર્ચ અપાવવુ જોઇએ (નીલકંઠ શરમા વી. સુસેલા (૧૮૮૬) ૬ વી. રી. ૩૨૪)

અપાવેલું નહી તે—પરંતુ ડીફેંશ બધાનો એક સરખો હોય (ફ્રાંસીશકો ડી. એશીશ વી. ડોશ એન્જેશ (૧૮૭૨) ૧૭ વી. રી. ૧૧૮) અથવા જાણે મજીયારા કબજેદારો હોય તે પ્રમાણે તેઓનું હીત એકજ હોય (બ્રીંદ્રાબનચંદ્ર વી. રાંમકુવર (૧૮૬૪) ૧ વી. રી. ૧૩૯ અથવા એકાદાગીરો રાખનારના તેઓ પ્રતીનીધી હોય (શાહામખનલાલ વી. કીશનસીંગ (૧૮૬૭–૯) ૧૨ મું. ઇ. અ. ૧૫૭ પરંતુ જુઓ ભુપસીંગ વી. ઝેનુલાબદીન (૧૮૮૭) ૯ અ. ૨૦૫) અથવા તેઓ એકજ કુટુંબના અંગભુતો હોય અને એકજ જગાએ રહેતા હોય અને તેનો તેજ જવાબ આપતા હોય અને તેઓના એકઠા કૃત્યથી થએલા નુકશાંન બાબતનો દાવો હોય (કાસીનાથ રાય વી. હલોધર (૧૮૬૫) ૨ વી. રી. ૬૦) અથવા સહીયારા દાવાના કારણથી તેઓ સહી હીસ્સેદાર છતાં જુદા જુદા દાવા કરે અને તે દાવાઓની પહેલેથી એકઠી તપાસ ચાલેલી હોય (પ્યારી મોહન વી. મીરજા ગાઝી (૧૮૬૯) ૧૧ વી. રી ૨૭. [illegible]૦) તો, ફકત એક વડુ ખર્ચ અપાવવુ જોઇએ.

[illegible]માં—જ્યારે અપીલ કોર્ટ એકાદી અપીલમાં હુકમનામુ કરે અને પોતાની **અપીલ** [illegible] યારે તેમાં અસલ કોર્ટનુ ખર્ચ આવી જવુ જોઇએ (મહમદ વી. રાંમકોર્ટનુ ખર્ચ અપાવે [illegible] ૨૬૬; પ્રીવી કૌંસીલમાં અપીલ કરવાને પરવાંનગી મળવાની કાંત (૧૮૯૧) ૧૬ વી. રા. [illegible] બજાવણી નીચેની કોર્ટે કરવી જોઇએ. જોગેદ્ર વી. વાઝીઅરજી કાહાડી નાંખવાના હુકમની [illegible] યારે " હમેશની રીતી પ્રમાણે ખર્ચ અને વ્યાજ " હુનીસા (૧૯૦૭) ૪૪ ક. ૬૮૦) અને [illegible] જીતેલા પક્ષકારે દાવો શરૂ થયો ત્યારથી બાબતનુ હુકમનામુ કરવામાં આવે ત્યારે તેનો હેતુ [illegible] સુધીમાં જે ખર્ચ કરેલુ હોય તે તે આખરનુ હુકમનામુ જે તારીખે કરવામાં આવે તે તારી[illegible] અપાવવાનો છે (બ્રોટન ખર્ચ અને હુકમનામાની તારીખથી શેકડે ૭ ટકા (હાલ) વ્યાજ [illegible] (૧૮૮૦) ૬ ક. વી. પ્રલ્હાદ સેન (૧૮૭૩) ૧૯ વી. રી. ૧૫૨; માધબલાલ વી. નોયન [illegible] લા. રી. ૨૩૧). જ્યારે એકાદી અપીલ કોર્ટ નીચેના કોર્ટનુ હુકમનામુ રદ કરીને કામ પાછુ

મોકલે અને ખર્ચ બાબતના હુકમમાં પરીણામ ઊપર નજર રાખીને ખર્ચ અપાવવુ એવો ઠરાવ કરેલો હોય ત્યારે ઠરાવ્યુ છે કે તે પાછુ મોકલવાથી પરીણામે જીતેલા પક્ષકારના લાભમાં તદન ઠરાવ થાયતો જો કે તે કામ પાછુ મોકલ્યા પછી નીચેની કોર્ટના હુકમનામામાં તે પક્ષકારનો તકરારી ખર્ચ અલબત લેવાનો હક છે એવો કાંઇ ઠરાવ ના હોય તો પણ અલબત તે જીતેલા પક્ષકારનો તે ખર્ચ લેવાનો હક થાયછે (ફેનીભુષણ::વી. બામા સુંદ્રી (૧૯૦૦) ૪ ક. વી નો. ૩૪૩). જે હુકમનામાની રૂએ ખર્ચ વસુલ કરેલુ હોય તે હુકમનામુ અપીલમાં રદ્દ થએલુ હોયતો તે ખર્ચ વ્યાજ સાથે પાછુ આપવુ એવો ખુલ્લો હુકમ કરવાની જરૂર નથી (થેરાબઅલી વી. અબદુલ આઝીઝ (૧૮૭૯) ૫ ક. ૨૨૯; રોજર વી. કોમટોર ડી. એશ કોમટે ડી. પારીસ લા. રી. (૧૮૬૯–૭૧) ૩ પી. સી. ૪૬૫; ફોરેસ્ટર વી. સેક્રેટરી ઓફ્સ્ટેટ (૧૮૭૭) લા. રી. ૪ ઈ. અ. ૧૩૭; (૧૮૭૮) ૩ ક. ૧૬૧; વાટ કીન્સ વી, મહમદ ઝાહુ રૂદીન (૧૮૯૬) ૧ ક. વી. નો. ૧૯૭) એક હુકમનામાં ઊપરની અપીલમાં તે હુકમનામાંના આસાઇનીને તે અપીલનો પ્રતીવાદી કરેલો હોય અને તેણે તે અપીલને પુષ્ટી કરવાને ખરી રીતે કાંઈ ઈલાજ કરેલો ના હોય તો તેને ખર્ચ આપવાનો હુકમ કરવો જોઇએ નહી (રામજી મોરારજી વી. એલીસ (૧૮૯૬) ૨૦ મુ. ૧૬૭) કોર્ટની નજરમાં યોગ્ય લાગે તે પ્રમાણે ખર્ચ અપાવવાનો કોર્ટને અખત્યાર આપેલો છે તે અખત્યાર અપીલ કોર્ટના દાબવાળા અખત્યારની સાથે છે (તારા પ્રશનો વી. શાતીશ ચંદ્ર (૧૯૦૦) ૪ ક. વી નો ૯૦) જો એક અપીલના બીલકુલ ચાલે નહી તેવાં કારણો ચાલવા કારણ સાથે હક તરીકે જે આંક ઉપરથી અપીલ કરવાનો અખત્યાર થતો હોય તે આંક વીશેના નીયમમાં કામની હકીકત લાવવાને એકઠાં બતાવેલાં હોયતો આ બાબત ખર્ચના શવાલ સબંધી વીચારમાં લેઈ શકાય છે (હરો દુરગા વી. સરત સુંદ્રી (૧૮૮૨) ૮ ક. ૩૩૨).

મુદત.—અપીલ ઊપરથી ખર્ચ બાબત હાઇકોર્ટમાં એક હુકમ કરવામાં આવેલો હોય તો તેને ત્રણ વર્ષ પછી હરકત થાય છે. (હર બંસલાલ વી. શીવનારાયણ શીંગ (૧૮૭૪) ૨૧ વી. રી. ૩૫૧)

હુકમ.-સને ૧૮૮૨ના એકટ ૧૪ માની આવી કલમ પ્રમાણે ઠરાવ્યુ છે કે એક એટર્નીએ ખર્ચ બાબત પોતાના અશીલ ઊપર હુકમ કરાવેલો હોય તો તે એક હુકમનામુ અથવા હુકમ છે કે જે તે કાયદા પ્રમાણે બજાવી શકાય છે (પ્રેમજી વી. ત્રીકમદાસ (૧૮૯૩) ૧૭ મુ ૫૧૪)

જ્યારે દરમીયાન ચાલેલા કામના ખર્ચનો નીકાલ કરવામાં આવેલો હોય ત્યારે દાવાનુ શામાન્ય ખર્ચ અપાવવામાં આવે તેથી તે દરમીયાંન હુકમને હરકત થતી નથી (રાધા પ્રસાદ વી. રામ પ્રમેશ્વર લા. રી (૧૮૮૨–૮૩) ૧૦ ઇ. અ. ૧૧૩; ૯ ક. ૭૯૭)

દાવો.—જ્યારે અસલ કામમાં ખર્ચ અપાવવાનો કોર્ટને અખત્યાર હોય ત્યારે ખર્ચ બાબત દાવો ચાલતો નથી (માહારમ દાસ વી. અજુધ્યા (૧૮૮૬) ૮ અ. ૪૫૨. વળી જુઓ કબીર વી. માહાદુ (૧૮૭૮)

પ્રતીવાદીએ એક દાવામાં શાંમી તકરાર કરીને તે જીતેલો હોય તે ખર્ચ બાબત વાદી ઊપર પ્રતીવાદી દાવો કરી શકતો નથી. જ્યારે તે હુકમમાં એકાદો પક્ષકાર તે વસુલ કરવાનો અમલ કરી શકે છે એવુ હોયતોજ તે બાબત ફકત બજાવણીમાં તે થાય છે. રેફરંશ કરેલો કેશ ૩ મ. હા. કો. ૩૪૧.

શાલીસીટરોનો હક શબંધ—જુઓ દેવકા બાઇ વી. જેફરસન (૧૮૮૬) ૧૦ મુ. ૨૪૮)

વારસો.—કોર્ટના હુકમની રૂઈએ એકાદા શોલીસીટર પોતાના ઠરાવેલા ખર્ચનો અમલ વારસ અથવા કાયદેશર વારસ વકીલ વીરૂધ કરી શકતા નથી. એસર વી. રતન બાઈ (૧૮૯૨) ૧૬ મુ. ૧૫૨).

વેચાણ.—સને ૧૮૮૨ ના એકટ ૪ ની ક. ૮૮ મી પ્રમાણે એક હુકમનામુ લખવામાં આવેલુ તેમાં નીચે પ્રમાણે ઠરાવ હતો—"વળી એવો હુકમ કરવામાં આવે છે કે સદરહુ પ્રતીવાદીએ સદરહુ વાદીઓને આ કોર્ટમાં તેઓએ કરેલા ખર્ચના રૂ ૮૭૬–૮–૦ ની રકમ આપવી." આ ઉપરથી હુકમનામાના દેંણદારની જાતથી વસુલ કરવાનો હુકમ થતો નથી એવુ ઠરાવેલુ છે. (મેકબલશાતમા વી. લલતાપ્રસાદ (૧૮૯૮) ૨૦ અ. ૫૨૩).

સાંમો દાવો.—સને ૧૮૮૨ ના એકટ ૧૪ માની ક. ૨૨૧ માં ખર્ચ બાબત શેટાફ (સાંમો દાવો) કરવા વીશે ખાસ ઠરાવ કરેલો છે તે ફરીથી આ કલમમાં બતાવેલો નથી, પરંતુ ૧ લા પેરાના સામાન્ય શબ્દો યુક્ત રીતે એવા ઓહોળા જણાય છે કે જેમાં એકાદા યોગ્ય કામમાં કોર્ટને એવુ ઠરાવવાનો અખત્યાર આવે કે એક પક્ષકારે બીજા પક્ષકારને ખર્ચ આપવાનું હોય તો તે દાવામાં જે રકમ બીજા પક્ષકારની પહેલા પક્ષકાર પાશે લહેણી ઠરાવેલી હોય તે રકમને ખર્ચબાબત સેટ બતાવી શકાય તે આવી જાય છે.

નીચેના ઠરાવો લક્ષમાં લેવા લાયક છે.—બરોબર રીતે હુકમનામું લખેલું મેળવવામાં અપીલવાળા તરફથી કાંઈ કસુર કરવામાં આવેલી હોય અથવા ફેંસલામાં કાંઇ ખામી હોય તેથી તે બરોબર લખાયું ન હોય તો ખર્ચ અપાવવામાં આવતું નથી. માટે બજાવણીમાં સ્ટાંપનો દાવો રાખી શકાતો નથી (હરીપ્રસાદ વી. ફુલકીશોરી (૧૮૭૧) ૧૬ વી. રી. ૩૦૮). એકાદા ગીરો આપનારનો પોતાને જે ખર્ચ લેવાનું હોય તે વીષે ગીરો વાળા દેવામાં સરોપ બનાવાનો અથવા તેમાંથી કાપી લેવાનો હક છે (શીયા વી. બાલી (૧૮૯૩) ૧૭ મુ. ૩૨

સેટોફ.—સેટોફના કામોમાં ખર્ચ વીષે, જુઓ સ્ટુક વી. ટેયલર (૧૮૭૯–૮૦) ૫ કયુ. બી. ડી. ૫૮૬; ઐન્સ વી. બ્રોમલી (૧૮૮૦–૧) ૬ કયુ. બી. ડી. ૬૫૧; બ્રીજનાથદાસ વી. જગન્નાથદાસ (૧૮૭૯) ૪ ક. ૭૪૨; ઇશરી વી. ગોપાળ (૧૮૮૪) ૬ અ. ૩૫૧; ફી શરચંદ વી. માધવજી (૧૮૮૦) ૪ મુ. ૪૦૭).

બજાવણી.—દાવામાં ખર્ચની રકમ વીષે જે હરકત લેવાને પરવાનગી આપેલી ના હોય તે હરકત હુકમનામાંની બજાવણીમાં લઇ શકાતી નથી (હરીનાથ બેનરજી વી. દેઓચંદ્ર (૧૮૯૬) ૫ વી. રી. પ્ર. ૪). જો વ્યાજ હુકમનામામાં બતાવેલું ના હોય તો ખર્ચ ઉપર વ્યાજ બજાવણીમાં અપાવી શકાતું નથી (ફોરેસ્ટર વી. સેક્રેટરી ઓફ સ્ટેટ (૧૮૭૮) ૩ ક. ૧૬૧; લા. રી. ૪ ઇ. અ. ૧૩૭).

મામલતદાર.—જેમ મામલતદારે પોતાની કોર્ટમાં ખર્ચનું હુકમનામું કરેલું હોય અને તે સબંધી ખર્ચ વસુલ કરવાને મામલતદારને જે અખત્યાર છે તેજ અખત્યાર હાઇકોર્ટે કરેલા ખર્ચના હુકમનામા બાબત ખર્ચ વસુલ કરવા વીષે મામલતદારને છે. (નેમાવા વી. દેવાન્દ્રીય (૧૮૯૨) ૧૬ મુ. ૨૩૮).

ખર્ચ ઉપર વ્યાજ.—સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની કલમ ૨૨૨ માં ઠરાવેલું છે કે દાવા વાળી બાબત ઉપર ખર્ચ વ્યાજ સાથે અથવા વ્યાજ વીના ચઢાવી શકાય છે તેને બદલે આ કલમની છેલ્લી બે લીટીઓ બતાવેલી છે. તે અખત્યાર પ્રમાણે કોઇ કોઇ વખતે દાવાના પક્ષકાર શીવાયના સખસોને ખર્ચ બાબત જવાબદાર ઠરાવેલા છે. (જુઓ ખેતરપાળ વી. ખેલાલ ક્રીષ્ટો (૧૮૯૩) ૨૧ ક. ૯૦૪ વેચણના દાવા વીષે અને પટે આપનાર અને પટે લેનારને કેટલા પ્રમાણમાં ખર્ચ આપવું તે વીષે જુઓ ઢીલદાર વી. ભવાની (૧૯૦૭) ૩૪ ક. ૮૭૯; ૫ ક. લા. જે ૬૪૨).

જે નીયમ દરમીયાંન ઉપજ ઉપરના વ્યાજને લાગુ થાય છે તેજ નીયમ ખર્ચ ઉપરના વ્યાજને લાગુ થાય છે માટે હુકમનામાંથી સ્પષ્ટ રીતે જે વ્યાજ અપાવેલું ના હોય તે બજાવણીમાં અપાવી શકાતું નથી (પીલાઇ વી. પીલાઇ (૧૮૭૫) ૨૪ વી. રી. ૬૯૩; ૧૫ બં. લા. રી. ૩૮૩; લા. રી. ૨ ઇ અ. ૨૧૯); પછી તે પ્રીવીકાઉંસીલનું હુકમનામું હોય તો પણ હરકત નથી (ભોગા રઘબર વી. બીજા રાજસીંગ (૧૮૭૧) ૩ અ. હા. કો ૩૧૯; ફોરેસ્ટર વી. સેક્રેટરી ઓફ સ્ટેટ (૧૮૭૭) લા રી. ૪ ઇ. અ. ૧૩૭; ૩ ક. ૧૬૧); અને હુકમનામામાં ફકત મુદ્દલ રકમ ઉપર વ્યાજ અપાવેલું હોય પણ ખર્ચ ઉપર ન હોય તો ખર્ચ ઉપરનું વ્યાજ લેવાનો વાદીનો હક થતો નથી (અમીરૂન્નીસા વી. મહમદ મોઝુફ્ફર (૧૮૭૨) ૧૮ વી. રી. ૧૦૩; મહતાબ ચંદ્ર વી. રામલાલ (૧૮૭૮) ૩ ક. ૩૫૧; ગુરૂદાસ વી. સ્ટફન્સ (૧૮૭૪) ૨૧ વી. રી. ૧૯૫; મદન ઠાકુર વી. લોપેઝ (૧૮૭૨) ૯ બં. લા. રી. એપ. ૨૨; ૧૮ વી. રી. ૨૫૩; હુકમનામાં પછીના ખર્ચ ઉપરના વ્યાજ વીષે જુદો દાવો ચાલી શકેછે (પીલાઇ વી. પીલાઇ (૧૮૭૪) લા.રી. ૨ ઇ. અ. ૨૧૯). પરંતુ બજાવણીમાં સમાધાન તરીકે જો તે અપાવામાં આવેલું હોય તો અપીલ કોર્ટ તેમાં હાથ ઘાલતી નથી (શેઠ ગોકુળદાસ વી. મોરલી (૧૮૭૮) ૬ ક. ૬૦૨; લા. રી. ૫ ઇ. અ. ૭૮; વળી જુઓ ફોરેસ્ટર વી. સેક્રેટરી ઓફ સ્ટેટ (૧૮૭૦) લા. રી. ૪ ઇ. અ. ૧૩૭; આ કલમથી મીલકત તબદીલ કરવાના એકટના પ્રમાણે વ્યાજ અપાવા વીષે જે ખાસ ઠરાવો છે તેને હરકત થતી નથી—અમોલખરાંમ વી. લક્ષ્મીનારાયણ (૧૮૯૭) ૧૯ અ. ૧૭૪ પણ જુઓ અચલાબાલા વી. સુરેન્દ્રનાથ (૧૮૯૭) ૨૪ ક. ૭૮૬; અને સુબારાયા વી. પોનુંસામી (૧૮૯૮) ૨૧ મ. ૩૬૪).

ઇંગ્લાંડમાં જો કોઇ વીરૂદ્ધ હુકમ કરવામાં આવેલો ના હોય તો ફેંસલાની તારીખથી વ્યાજ ચઢે છે (ટેયલર વી. રો (૧૮૯૪) ૧ ચ. ૪૧૩; જુઓઃ—એન્યુઅલ પ્રેકટીસ (૧૯૦૮) ૯૩૧).

એકાદા કમીશનરનું વધારાનું ખર્ચ આપવાને એક હુકમ કરેલો હોય તેનો આ ઠરાવમાં સમાસ થતો નથી; તે દાવાના ખર્ચમાં ગણવું જોઇએ અને હુકમનામામાં દાખલ કરવું જોઇએ (તાધીન વી. સરદાર (૧૯૦૬) ૧૦ ક. વી. નોટ ૨૩૪).

ભાગ ૨ જો.

બજાવણી વિષે.

સામાન્ય.

૩૬. હુકમનામાંની બજાવણી સંબંધી આ કાયદાના હુકમને લાગુ પડવા ઠરાવો, લાગુ પડે ત્યાં સુધી, હુકમની બજાવણીને લાગુ પડે છે એમ સમજવું. બાબત.

ટીકા—બજાવણી સબંધીના ઠરાવનો જથો રૂલોમાં બતાવેલો છે. (જુઓ ઓર્ડર ૨૧ જેમાં ૧૦૩ રૂલોમાં તે તમામ ઠરાવો સાથે બતાવેલા છે). અને ફકત મુખ્ય ઠરાવો આ ભાગમાં માલુમ પડે છે. આ ઠરાવોથી જે કોર્ટો હુકમનામાં બજાવી શકે છે તે તે કોર્ટોની વ્યવસ્થા કરેલી છે. હુકમનામા બજાવનારી કોર્ટોએ જે સવાલોનો નીર્ણય કરવાનો છે તે બજાવણીની મુદત, બજાવણીમાં કામ ચલાવવાની રીતી, પકડવામાં આવે અને જપ્તી કર

વામાં આવે તે, તથા મીલકતની વ્હેંચણી કરવી. અને બજાવણીમાં સારી હરકત લેવી તે બાબતના છે.

હુકમો.—આ કલમના આધારથી બજાવવા લાયક હુકમો ઘણું કરીને થાય છે; જુઓ પાછળ કલમ ૨ માં હુકમનામા વાળાની વ્યાખ્યા.

૩૭. 'હુકમનામું કરનારી કોર્ટ' આ અથવા એવા જ અર્થના શબ્દો હુકમનામાંની બજવણીના સંબંધમાં વાપર્યા હોય ત્યારે, વિષય ઉપરથી અથવા આગલા પાછલાં સંબંધ ઉપરથી કાંઈપણ બાધ ના આવતો હોય તો, તેમાં—

'હુકમનામું કરનારી કોર્ટ' એ સંજ્ઞાની વ્યાખ્યા.

(અ) બજાવવાનું હુકમનામું અપીલ સંબંધી હકુમત ચલાવીને કરવામાં આવ્યું હોય ત્યારે, અવલ ઈનસાફ કરનારી કોર્ટનો, અને

(બ) અવલ ઈનસાફ કરનારી કોર્ટનું અસ્તિત્વ બંધ થયું હોય અથવા તે બજાવવાની તેની હકુમત બંધ થઇ હોય ત્યારે, જે ફરિયાદમાં હુકમનામું થયું હોય તે ફરિયાદ, એવું હુકમનામું બજાવવાની દરખાસ્ત કરતી વખતે થઇ હોત તો તેનો ઈનસાફ કરવાની હકુમત જે કોર્ટને હોત તે કોર્ટનો,

સમાવેશ થાયછે એમ સમજવું.

ટીકા.—જુઓ ૧૮૮૨ ના એકટ ૧૪ કલમ ૬૪૯ (૨). આ કલમ હાઈ કોર્ટ અને પ્રોવીન્શીઅલ સ્મોલકોઝ કોર્ટને લાગુ થાય છે. જુઓ કલમ ૪૨ (૨) જુઓ લોવર-બર્મા કોર્ટને લગતા ૧૯૦૦ ના એકટ ૬.

દીવાની કોડ.—એવું ઠરાવામાં આવ્યું હતુ કે બજાવણીનો બાબ નાદાર સંબંધીની જે કોર્ટો મીલકત વસુલ કરે છે તેમને લાગુ થાય છે (ભગવાનદાસના કામમાં (૧૮૮૪) ૮ મું. ૫૧૧).

"તે બનાવાની હકુમત રહેલી ના હોય અથવા રહેલી હોય તે" (હરો પ્રસાદ વી. જુપ્નદ્રા નારાયણ (૧૮૮૦) ૭ ક. લા. રી. ૭૯; ૬ ક. ૨૦૧; વિષ્નુ વી. ક્રીશ્નરાવ (૧૮૮૭) ૧૧ મું. ૧૫૩). તે પેરેગ્રાફના સામાન્ય ઠરાવો છે. અને જે કારણથી હકુમત રહેતી નથી તે કારણુ કેવું છે તે વીષે કાંઇ ભેદ બતાવામાં આવેલો નથી (ગાઉસખા વી. અબદુલ રોપખા (૧૮૯૩) ૧૭ મું. ૧૬૨). મેદ્રાસના એકટ ૩ ની કલમ ૨૮ થી એક મુનસફને ૨૦૦) રૂ ના આંક ના દાવા ચલાવાને એક સ્મોકોઝ કોર્ટના જડજનો અખત્યાર આપેલો હતો. હુકમનામામાં પછીથી પણ બજાવણી પહેલાં ગેઝેટમાં જાહેર ખબરથી તેની સ્મોલકાઝ કોર્ટના જડજ તરીકેની સતા પાછી ખેંચી લેવામાં આવી હતી. ઠરાવ્યું છે કે દરખાસ્તની તારીખે સ્મોલકોઝ કોર્ટની હકુમત જે કોર્ટને હોય તે કોર્ટમાં તે દરખાસ્ત કરવી જોઇએ (વાલુરનો જમીનદાર વી. આદીનારાયદુ (૧૮૯૬) ૧૯ મ. ૪૪૫).

જ્યાં ગીરોવાળી મીલકતનું હુકમનામું કરેલું હોય, અને બજાવણીની દરખાસ્ત કર્યા પહેલાં તે ગીરો મુકેલી મીલકત બીજા મુનસીફની હકુમતમાં ગયેલી હોય; ઠરાવ્યું કે તે દરખાસ્ત બેમાંથા ગમે તે કોર્ટને થઇ શકે છે (લછમન વી. મદન (૧૮૮૦) ૭ ક. લા. રી. ૫૨૧; ૬ ક ૫૧૩; અને જે કોર્ટ તરફ બજાવણી સારૂ હકુમત બંધ થયેલી હોય અને તે હુકમનામું મોકલેલું હોય તો તે પોતાની મેળે અથવા અરજ કરવા ઉપરથી જે કોર્ટને હકુ-

મત હોય તે કોર્ટ તરફ તે હુકમનામું મોકલે છે (ગીરન્દ્રચંદ્ર વી. જારાવા કુમારી (૧૮૯૩) ૨૦ ક. ૧૦૫). હારાના પહેલા મુનસીફની કોર્ટમાં **અ** એ **બ** ઉપર હુકમનામું મેળવ્યું. તે હુકમનામુ થયા પછી જે સ્થાનીક સ્થળમાં દાવાનું કારણ ઉત્પન્ન થયેલું અને હુકમનામાનો દેણદાર રહેતે. હતો તે સ્થાનીક હકુમત બીજા મુનસીફને આપેલી હતી તેથી તે હુકમનામુ બજાવવાને **અ** એ તે બીજા મુનસીફને દરખાસ્ત કરી. ઠરાવ્યું છે કે બીજા મુનસીફને હકુમત નથી અને તે હુકમનામુ બજાવવાને ફકત પહેલા મુનસીફને હકુમત છે (કાળીપાદો મુકરજી વી. દીનોનાથ મુકરજી (૧૮૯૮) ૨૫ ક. ૩૧૫. પરંતુ જાફર વી. કમલીની (૧૯૦૦) ૫ ક. વી. નોટ ૧૫૦; ૨૮ ક. ૨૩૮ ના કામમાં તેવીજ હકીકત હતી. તેમાં ઠરાવ્યું છે કે તે હુકમનામુ બેમાંથી હરકોઇ કોર્ટમાં બની શકે છે).

કઇ કોર્ટોથી હુકમનામાં બજી શકે તે વિશે.

૩૮. કોઇપણ હુકમનામું, જે કોર્ટે તે કર્યું હોય તે કોર્ટથી, અથવા જે કોર્ટને તે બજાવવા સારૂ મોકલ્યું હોય તે કોર્ટથી, બજી શકે.

કઈ કોર્ટથી હુકમનામું બજી શકે તે.

ટીકા—સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની કલમ ૨૨૩, ભાગ ૧.

૩૯. (૧) હુકમનામું કરનારી કોર્ટ, હુકમનામાવાળાની અરજ ઉપરથી, નીચે લખેલે પ્રસંગે, તે હુકમનામું બીજી કોર્ટને બજાવવા સારૂ મોકલવાને મુખ્ત્યાર છે.

હુકમનામુ બીજી કોર્ટમાં મોકલવા બાબત.

(અ) જેના ઉપર હુકમનામું થયું હોય તે શખસને બીજી કોર્ટની હકુમતની સ્થાનિક હદમાં ખરેખર અને આપખુશીથી રહેતો હોય કે ધંધો ચલાવતો હોય કે કમાઇને વાસ્તે જાતે કામ કરતો હોય તો, અથવા

(બ) હુકમનામું કરનારી કોર્ટની હકુમતની સ્થાનિક હદમાં, તે હુકમનામું પુરૂં થાય એટલી તે શખસની મિલકત ન હોય, અને તે બીજી કોર્ટની હકુમતની સ્થાનિક હદમાં તેની મિલકત હોય તો, અથવા

(ક) હુકમનામું કરનારી કોર્ટની હકુમતની સ્થાનિક હદની બહારની સ્થાવર મિલકત વેચવાને અથવા સ્વાધીન કરવાને હુકમનામામાં ફરમાવ્યું હોય તો, અથવા

(ડ) હુકમનામું કરનારી કોર્ટને બીજા કોઇ કારણથી એમ લાગે કે તે બીજી કોર્ટે હુકમનામું બજાવવું જોઇએ તો: આ કારણ કોર્ટે લખી રાખવું જોઇએ.

(૨) હુકમનામું કરનારી કોર્ટ પોતાને મનથી તે હુકમનામુ બજાવવા સારૂ પોતાના તાબાની કોઈ યોગ્ય અધિકારવાળી કોર્ટને મોકલવાને મુખ્ત્યાર છે.

ટીકા—સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની કલમ ૨૨૩ આ કલમ હાઇકોર્ટ અને પ્રોવીન્શીઅલ સ્મોલકોઝ કોર્ટને લાગુ છે.

હુકમનામાવાળાની દરખાસ્ત ઉપરથી થઈ શકે છે:—ઇંગ્રેજીમાં "મે" શબ્દ છે તે ઉપરથી એવું જણાય છે કે **અ** થી **ડ** સુધીની રકમોમાં જે કામ ચલાવાની રીતી બ-

તાવેલી છે તે સુગમતા ભરેલી માલમ પડે નહિં તો કોર્ટને પોતાનું હુકમનામું બજાવાનો અખત્યાર જે વાપરી શકે છે તે અખત્યાર વધારેલો છે. એવું રકમ ક ઉપરથી માલુમ પડે છે. (કાર્તીકનાથ વી. તીલકધારી (૧૮૮૮) ૧૫ ક. ૬૬૭; અને જુઓ મેસેઇક વી. સ્ટીલ (૧૮૮૭) ૧૪ ક. ૬૬૧). તે રકમના શબ્દો ઉપર બતાવે તેવા છે અને હુકમ તરીકેના ન-નથી (ગોપીમોહન વી. દયબાકીનંદન (૧૮૯૨) ૧૯ ક. ૧૩). દરેક કોર્ટ પોતાનું હુકમનામું જો બજાવી શકતી હોય તો તે બજાવાને બંધાએલી છે. ફકત તે હુકમનામુ પોતાની હકુમત અંદર બજાવી શકાતું ન હોય ત્યારે તે બજાવા સારૂ એક બીજી કોર્ટ તરફ મોકલી શકાય છે. આ બે બજાવણીઓની વચમાં કાંઈ કામ ચલાવાની રીતી નથી (બર્દવાનના મા-હારાજા વી. શીનારાયણુ (૧૮૬૮) ૯ વી. રી. ૩૪૬).

જે કોર્ટે હુકમનામુ કરેલું હોય તે કોર્ટ.—જો દાવાઓ વાળી બાબત કોર્ટની હકુમતની અંદર હોય તો બજાવણીની તમામ બાબતોમાં તે હકુમત જારી રહે છે. (શામરાવ વી. જીવોજી (૧૮૮૬) ૧૦ મુ. ૨૦૦).

જે કોર્ટે હુકમનામુ કરેલુ હોય તે કોર્ટની હકુમત બંધ થયેલી હોય તો બજાવણીની દરખાસ્ત તે કોર્ટમાં થઇ શકે છે અથવા જે દાવામાં તે હુકમનામુ કરેલુ હોય તે દાવો તે હુકમનાંમું બજાવવાની દરખાસ્ત કરવાની વખતે દાખલ કરવામાં આવે તો જે કોર્ટને તે દાવાની તપાસ કરવાને હકુમત હોય તે કોર્ટમાં થઇ શકે છે. (લછમનપાડે વી. મદન મોહન (૧૮૮૧) ૬ ક. ૫૧૩; જવાહાર વી. કામીની (૧૯૦૧) ૨૮ ક. ૨૩૮ ના કામમાં તે પ્રમાણે ચાલવામાં આવ્યું છે, ૫ ક. વી. નોટ ૧૫૦; અને જુઓ કાલી પદો વી. દીનોનાથ (૧૮૯૮) ૨૫ ક. ૩૧૫).

કસુરના કારણથી જે કોર્ટને બજાવણી સારૂ હુકમનામું મોકલેલું હોય તે કોર્ટે કસુરના કારણથી એકાદી બજાવણી કાહડી નાંખેલી હોય તો નવેસર તે બજાવાને જે કોર્ટને અરજ કરવાની તે અસલ હુકમનાંમું કરનારી કોર્ટને કરવાની છે. (ભુપસીંગ વી. શંકરદત (૧૮૬૬) ૬ વી. રી. ૪૭) માટે વળી એક બીજી કોર્ટ તરફ બજાવાને સારૂ એક હુકમનામું મોકલેલું હોય અને ત્યાર પછી એસાઇનમેંટથી તે હુકમનામું બીજાને આપેલુ હોય તો તે હુકમનામું લેનારે બજાવણી સારૂ તે હુકમનામું કરનારી કોર્ટને અરજ કરવી જોઇએ. (કાદીરબક્ષ વી. ઇલાહીબક્ષ (૧૮૭૯) ૨ અ. ૨૮૩. વળી જુઓ અમારચંદ્ર વી. ગુરૂપ્રસન્નો (૧૯૦૦) ૨૭ ક. ૪૮૮).

બ્રીટીશ ઇંડીયાની બહાર—જુઓ કલમ ૪૩ અને કસ્તુરચંદ વી. પરશુ (૧૮૮૮) ૧૨ મુ. ૨૩૬) ના કામના ઠરાવનો મુકાબલો કરો.

દરખાસ્ત કરવા ઉપરથી—દરખાસ્તની સાથે હુકમનામું અથવા તેની નકલ રજુ કરવી જોઇએ એવી જરૂર નથી. (ગંગા ગોવીંદ વી. મખન (૧૮૬૮) ૯ વી. રી. ૩૯૨; ખેતર મોહન વી. ઇશ્વર (૧૮૬૯) ૧૧ વી. રી. ૨૭૨; મધુડોસીયા વી. નોબીનચંદ્ર (૧૮૭૧) ૧૬ વી. રી. ૨૫).

હુકમનામું મોકલવાની અરજી તે કલમ ૨૩૦ (ઓર્ડર ૨૧ રૂલ ૧૦) ના હેતુ પ્રમાણે બજાવાની દરખાસ્ત નથી (નાલમાંનીસીંગ વી. બીરેશ્વર (૧૮૮૯) ૧૬ ક. ૭૪૫ સુજાહુસેન વી. મનોહરદાસ (૧૮૯૫) ૨૨ ક. ૯૨૧; પરંતુ જુઓ (૧૮૯૭) ૨૪ ક. ૨૪૭) તે બજા-વણીમાં મદદ કરવાનો એક ઇલાજ છે (કાલીન્સ વી. મૈલાબક્ષ (૧૮૭૯) ૨ અ. ૨૮૪; લછમન પડે વી. મદનમોહન (૧૮૮૧) ૬ ક. ૫૧૩; ચંદ્રનાથ વી. ગરૂ પ્રસન્નો (૧૮૯૫)

૨૨ ક. ૩૭૫ તેમજ વળી ફરીથી મોકલવાની અરજી—ચંદ્રનાથનાગ વી. ખુધરચંદ્રરાય (૧૮૯૮) ૨ ક વી. નોટ ૨૭૧).

કાયુ હુકમનામું બજાવી શકાય છે:—નીચેની કોર્ટનું હુકમનામું ફેરવવામાં આવેલુ હોય કીંવા નહી દુરસ્ત કરવામાં આવેલું અથવા બહાલ રાખવામા આવેલું હોય પણ અપીલ કોર્ટમાં થએલું હુકમનામું આખરનું હુકમનામું છે અને તેજ ફકત બજાવા લાયક છે. (રામચરણ વી. લખીકાંત (૧૮૭૧) ૭ બં. લા. રી. ૭૦૪; મહમદ સુલેમાન વી. મહમદ યાર (૧૮૮૯) ૧૧ અ. ૨૬૭) પણ જુઓ નોરંગરાય વી. લતીફચોધરી (૧૮૯૧) ૧૩ અ. ૩૫૪) હુકમનામાની તારીખથી મુદત શરૂ થાય છે. (સમલચંદ વી. વેલચંદ ગજર (૧૮૯૪) ૧૮ મું ૨૦૩; નાનચંદ વી. વીઠુ (૧૮૯૫) ૧૯ મું. ૨૫૮) અને જો તેમાં અસલ કોર્ટે ફેરફાર કરેલો હોય તો બજાવણી કહાડી શકાતી નથી (મહમદ સુલેમાન વી, ફાતમા (૧૮૮૯) ૧૧ અ. ૩૧૪ અને જેટલું હુકમનામું બહાલ રાખવાને ઇરાદો રાખેલો હોય અને બંધ રાખેલું હુકમનામું જોવું પડે નહિ તો તેવા ઇરાદાવાળું તેટલુ હુકમનામું લખવાની તમામ કામોમાં જરૂર છે (કીસ્તો કીંકર ગોસ વી. બરોડાકાંત (૧૮૭૨) ૧૦ બં. લા. રી. ૧૦૧) અને અપીલ કોર્ટના હુકનામાથી રૂપીયા ૧૯૫) ખર્ચના અપાવેલા હોય અને ખરી રીતે અસલ કોર્ટના હુકમનામાથી રૂ. ૧૬૧) ની રકમ જણાતી હોય તો તે છેલ્લું હુકમનામું બજાવવાનું છે (શીહરીતસીંગ વી. બ્રીજમેન (૧૮૭૨) ૪ અ. ૩૭૬; તો પણ જુઓ ચીર અજમુદીન વી. મથુરાદાસ (૧૮૭૪) ૧૧ મું હા. કો. ૨૦૬) પરંતુ અપીલનું હુકમનામુજ સંપુર્ણ ના હોય તો પ્રથમનું હુકમનામું જોવું જોઇએ. (શીહમાતસીંગ વી. બ્રીજમેન (૧૮૮૨) ૪ અ. ૩૭૬) માટે છેલ્લુ હુકમનામું એવું હોય કે નીચેની કોર્ટનો હુકમ બહાલ રાખેલો છે, અને અપીલ કહાડી નાંખેલી છે અને ખર્ચ અપીલવાળાએ આપવાનું છે તો પહેલા હુકમનામામાં બતાવામાં આવેલું હોય તે ખર્ચ વસુલ કરવાનું છે. (હીમાયત વી. જલદેવી (૧૮૮૩) ૫ અ. ૫૮૯; બીહારીલાલ વી. ખુબચંદ (૧૮૮૬) ૬ અ ૪૮. વળી જુઓ ગોવરધનદાસ વી. ગોપાળરામ (૮૮૫) ૭ અ. ૩૬૬) એકાદુ જે હુકમનામું કપટનું અને ફકત વીરૂદ્ધ નીરઅર્થક ઠરાવેલું હોય તો તે **અ** અને **બ** વચ્ચે કાયમ છે. અને તે બજાવવા લાયક છે. પશુપતીનાથ વી. નંદલાલ બોઝ (૧૯૦૩) ૩૦ ક. ૭૧૮).

હુકમનામાંથી ઉત્પન્ન થતી જવાબદારી:—જ્યારે એકાદા હુનમનામાંથી એક જવાબદારી ઉત્પન્ન થતી હોય અને તે આપવાને ઠરાવેલું હોય અને કસુર કરવામાં આવેલી હોય તો તેનો અમલ કરવાની યોગ્ય રીતે તે બજાવાને દરખાસ્ત કરાવાની નથી પણ હીસાબ લેવાને તથા વેચાણ કરવાને એક હુકમ બાબત અરજ કરવાની છે અથવા તે જવાબદારીનો અમલ કરવાને એકાદો દાવો દાખલ કરવાનો છે (ચંદ્રમણી દાસી વી. મહીલાલ મલીક (૧૯૦૮) ૨ વી. નોટ ૩૩; અભયશરી વી. ગૌરીશંકર પાંડે (૧૮૯૫) ૨૨ ક. ૮૫૪ અને માતંગીની વી. ચુનીમણી (૧૮૯૫) ૨૨ ક. ૯૦૩).

સ્પેશીઅલ અપીલો:—ક્રીસ્તો કીંકર ગોસ વી. બરોડાકાંત (૧૮૭૨) ૧૦. બં. લા. રી. ૧૦૧). ના કાંમમાં પ્રીવીકાઉંસીલના નામદાર સાહેબોએ એવી સુચના કરેલી છે કે એવાં કાંમ હોય છે કે જેમાં અપીલ કોર્ટે વિશેષે કરી સ્પેશીઅલ અપીલમાં ફકત અપીલ કહાડી નાંખવાનો ઠરાવ કરવાનું તથા એકાદુ જે હુકમનામુ ભુલ ભરેલું અથવા વાંધો લેવા લાયક હોય તે હુકમનામુ બહાલ રાખવામાં ન આવે તોપણ તે સ્પેશીઅલ અપીલ મર્યાદાવાળા પ્રકારની છે માટે તે તપાસી શકાય તેવી નથી. છેલ્લા હુકમનામાંથી પહેલા હુકમનામાંનો જે ભાગ હુકમ તરીકેનો છે તે બહાલ રાખીને પસંદ કરે તે કરતાં આ સુચનાથી કાંઇ

વધારે પસંદ કરેલી નથી. માટે આ દસ્તાવેજ જોવો જોઇએ અને તેનો હુકમ તરીકેનો જે ભાગ બહાલ રાખવામાં આવેલો હોય તે જાણે અપીલ કોર્ટનું હુકમનામુ હોય તે પ્રમાણે બજાવું જોઇએ (ગોવર્ધનદાસ વી. ગોપાળરામ (૧૮૮૫) ૭ અ. ૩૩૬. વળી જુઓ નુરઅલ્લી વી. કન્ડીમીયાં (૧૮૮૬) ૧૩ ક. ૧૩; મહમદ સુલેમાન વી. મહમદયાર (૧૮૮૯) ૧૧ અ. ૨૬૭; રામનારાયણ વી. લાલા રઘુનાથ (૧૮૯૫) ૨૨ ક. ૪૬૭; બીરતુ પ્રસાદ વી. ઇશાનચંદ્ર (૧૮૭૫) ૨૩ વી. રી. ૫૭).

પ્રીવીકાઉંસીલ:—જો કે માહારાણી ઇનકાઉંસીલના હુકમ ફકત નીચેની કોર્ટનું હુકમનામુ બહાલ રાખવાનો હોય તોપણ તે હુકમ બજાવો જોઇએ (લછમન પ્રસાદ વી. કીશન (૧૮૮૨) ૮ ક. ૨૧૮).

(અ) રહે છે:—જુઓ પાછળ કલમ ૨૦ ઉપરની નોટ. વાદીએ પોતાના દેણદારનો પગાર જપ્ત કરીને પોતાનું હુકમનામુ બજાવવાને માગેલું હોય અને તે દેણદાર અથવા તે પગાર આપનાર સ્થાનીક હકુમતની અંદર રહેતા ના હોય તો જપ્તીનો હુકમ નીરઅર્થક છે એવું ઠરાવેલું છે (રંગો વી. બાલકીષ્ણ (૧૮૮૮) ૧૨ મું. ૪૪).

(બ) સ્થાનીક હકુમતની અંદર મીલકત હોય નહિં તે:—આવા કામમાં કોર્ટ કામ ચલાવે તે પહેલાં તેમણે કાઇક રીતે સોગન ઉપરના પુરાવથી અથવા એફીડેવીટથી પોતાને ખાત્રી કરવાની છે કે આ હકીકત છે. માટે એક હુકમનામુ બજાવનારી કોર્ટ શીવાયની બીજી કોર્ટે તે હુકમનામુ બજાવેલું હોય તો ખરીદદારનો હક એવું બતાવીને દુર કરી શકાતો નથી કે જે કોર્ટે હુકમનામું કરેલું છે તે કોર્ટની હકુમત અંદર હુકમનામાંના દેણદારની મીલકત હતી કે જે જપ્ત કરીને વેચાવી શકાત (કાળી પ્રસન્નો ઘોઝ વી. દીનોનાથ (૧૮૭૩) ૧૧. બં. લા. રી. ૫૬; ૧૯ વી. રી. ૪૩૪). પરંતુ એકાદુ ગીરોનું હુકમનામુ યોગ્ય રીતે કર્યા પછી જમીન તમામ એક બીજી સ્થાનીક હકુમતની અંદર ગણેલી હોય તો તે હુકમનામુ કરનારી કોર્ટમાં અથવા દરખાસ્ત કરતી વખતે તે કોર્ટની હકુમતની અંદર તે મીલકત હોય તે કોર્ટમાં બજાવણી ચલાવી શકાય છે. (કાર્તીકનાથ વી. તીલકધારી (૧૮૮૮) ૧૫ ક. ૬૬૭; લછમન પાન્ડે વી. મદન મોહન (૧૮૮૧) ૬ ક. ૫૧૩; સરૂપચંદ્ર પી અમીરૂ નીસા (૧૮૮૨) ૮ ક. ૭૦૩; શીબનારાયણ વી. ગોવીંદદાસ (૧૮૭૫) ૨૩ વી. રી. ૧૫૪ અને જુઓ પ્રેમચંદદે વી. મખોદા (૧૮૯૦) ૧૭ ક. ૬૯૯; એમ કાલીપદો વી. દીનોનાથ (૧૮૯૮) ૨૫ ક. ૩૧૫ જુઓ પાછળ કલમ ૩૭).

એક ગીરોની રૂઇએ કરેલો દાવો એક મુનસફની જે કોર્ટ તપાસ કરવાને મુખત્યાર હતી તે કોર્ટમાં દાખલ કરેલો હતો પરંતુ તે ગીરોવાળી જમીન એક બીજા મુનસફની હકુમતમાં હતી. હકુમતની ખામી વીષે કાંઇ હરકત લેવામાં આવી નહિં તેથી તે જમીન વેચવાનું હુકમનામુ કરેલું હતું. બજાવણીમાં તે હરકત લેવામાં આવી તે ઉપરથી ઠરાવેલું છે કે તે હુકમનામુ નીરઅર્થક નથી અને હકુમતના કારણથી દાવાની અંદર કાંઇ હરકત લીધેલી નથી માટે તે બજાવણીમાં ચાલી શકતી નથી. મોમધામ અલાએલુ વી. કોમાંદર ક્રીષ્મા ગાઉ (૧૯૦૪) ૨૭ મ. ૧૧૮).

તદન બહાર ન હોય તે:—જુદા જુદા જીલ્લામાં જમીન હતી તે સંબંધીના ગીરોની રૂઇએ એક જીલ્લામાં હુકમનામુ કરવામાં આવ્યુ પણ તે ગીરો બીજા જીલ્લાની અંદર રજીસ્ટર કરાવેલું હતુ. તેમાં ઠરાવ્યુ છે કે જો કે આ પ્રમાણે ફકત નાણા સંબંધીના હુકમનામાની બાબતમાં આ પ્રમાણે થઇ શકે કીંવા નહી એ વીશે શક બતાવવામાં આવેલો

હતો, તોપણ તે હુકમનામુ કરનારી કોર્ટ તે મીલકત વેચી શકે છે (મેસેક વી. સ્ટીલ (૧૮૮૭) ૧૪ ક. ૬૬૧; તે પ્રમાણે કારતીકનાથ પાંડે વી. તીલકધારી (૧૮૮૮) ૧૫ ક. ૬૬૭ ના કામમાં ચાલવામાં આવ્યું છે)

આવા કામમાં તે કોર્ટ તે કામ એક બીજી કોર્ટમાં મોકલવાને રકમ (ક) પ્રમાણે બંધાએલી નથી, પણ તે મોકલવાને મુખત્યાર છે (ગોપી મોહન વી. દયબાકી (૧૮૯૫) ૧૯ ક ૧૩; જગર નાથ શાહી વી. દીપરાણી કુંઅર (૧૮૯૫) ૨૨ ક. ૮૭૫; રામલાલ મોઇત્ર વી. રામાસુંદ્રી (૧૮૮૯) ૧૨ ક. ૩૦૭). તેમાં ઠરાવ્યુ છે કે એકાદા નાણા શબંધીના હુકમનામામાં એકાદી જાગીર તેના તેજ જીલ્લામાં ત્રણ મુનસફીયોની અંદર હોય તો પણ તેમાંનો એક હીસ્શો વેચવાનો એક મુનસીફને અખત્યાર હતો ગીરોવાળી મીલકત વેચવા બાબત જે એકાદી કોર્ટ હુકમનામુ કરી શકે તે વેચી શકે છે, પછી તે મીલકતનો એક ભાગ તે કોર્ટની સ્થાનીક હકુમતની બાહાર હોય તેની ચીંતાનથી (તીનકોરી દેબીયા વી. શીબચંદ્રપાલ (૧૮૯૪) ૨૧ ક. ૬૩૯).

એક સરખી બજાવણી.—બરદ્વાન જીલ્લામાં એક હુકમનામુ કરવામાં આવેલુ તે જીલ્લામાં બની શકે ત્યાં સુધી તે હુકમનામું બજાવેલુ હતુ. પછી તે હુકમનામાવાળા એ બીજા ત્રણ જીલ્લામાં તે હુકમનામુ બજાવવાની દરખાસ્ત કરી એવુ માગેલ હતુ કે જે મીલકત બતાવવામાં આવેલી છે તે ત્યાંહાં જપ્ત કરવી જોઇએ, પણ અમુક એક જીલ્લામાં જે મીલકત છે તે પ્રથમ વેચવી જોઇએ; અને જો તે હુકમનામુ પુરેપુરૂ વસુલ થાય નહી તો, પછી બીજા જીલ્લા અંદરની મીલકત વેચવી જોઇએ. તે ઊપરથી કોર્ટે (હાલ ઓરડર. ૨૧. રૂલ ૬ પ્રમાણે જરૂર છે તે પ્રમાણે) આ જીલ્લાઓની કોર્ટોને જરૂરીયાત શર્ટીફીકેટો આપ્યાં અને તે મીલકત જપ્ત કરેલી હતી. પછી એવો શવાલ ઊતપન્ન થયો કે આવી જપ્તી બળવાન અને કાયદા પ્રમાણે છે કીંવા નહી અને તેની તપાસ કરવામાં આવી અને તેમાં પ્રીવીકૌંસીલે ઠરાવ્યુ છે કે તે જપ્તીયો બરોબર છે અને અને એકાદી કોર્ટ પોતાનો કુલ અખત્યાર વાપરતાં પોતાની નજરમાં યોગ્ય આવે તો તે પ્રમાણે તે કોર્ટ કરી શકે છે. નામદાર શાહેબોએ કહ્યુ છે કેઃ—"બેશક ઘણા કામોમાં તે અખત્યાર પ્રમાણે. ચાલવામાં ના આવે તો જુદી જુદી જગાઓ એ એક સરખી બજાવણી કરવાને તે હુકમનામુ મોકલવાને ના કહેવામાં આવે તેથી કોર્ટનો કુલ અખત્યાર બરોબર વાપરેલો થાય છે; અને જ્યારે તે અખત્યાર પ્રમાણે તે કોર્ટ ચાલે ત્યારે ઘણાક કામોમાં હુકમનામાવાળાઓ તમામ જપ્તીયો વાળી મીલકત એકદમ વેચાવવી નહી એવી તે હુકનામાવાળાઓને માટે શરત ઠરાવે તે બરોબર છે" (સરોડા પ્રશાદ વી. લછમીપત (૧૮૭૨) ૧૭ વી. રી. ૨૮૯; ૧૦ બં. લા. રી. ૨૧૪; ૧૪ મુ. ઇ. અ. ૫૨૯; ત્રીસ્તોકોશોર દત વી. રૂપલાલ (૧૮૮૨) ૮ ક. ૬૮૭)

પોતાની આયશથી.—આ કલમમાં બતાવેલા કારણોમાંના એક કારણથી હુકમનામાવાળો અરજ કરે તેથી અથવા કોર્ટ પોતાની ખાયશથી એકાદુ હુકમનામુ બજાવવા સારૂ એક બીજી કોર્ટ તરફ મોકલી શકાય છે; પણ પોતાની ખાયશથી તો ફક્ત તાબાની કોર્ટમાં તે મોકલી શકાય છે. કીશ વેલજી વી. ભાઊ મંનસારામ (૧૮૯૪) ૧૮ મુ. ૬૧) ના કામમાં જ્યારે એક સબોર્ડીનેટ જડજની સ્થાનીક હકુમત અંદર જપ્ત કરેલી મીલકત હોય ત્યારે તે સબોર્ડીનેટ જડજ પોતાની કોર્ટનુ હુકમનામુ સ્માલ કાઝ કોર્ટમાં પેટા કલમ ( ) પ્રમાણે મોકલી શકે કીંવા નહી એવીશે શક બતાવેલો છે.

એકાદી સ્માલકાજ કોર્ટ પોતાની હકુમત બાહારની જંગમ મીલકત ઉપર પોતાનું હુકમનામુ બજાવી શકતી નથી. આ કલમ પ્રમાણે તે હુકમનામુ તે કોર્ટે મોકલવુ જોઇએ (પારબતી ચરણુ વી. પાનાચંદ (૧૮૮૪) ૬ અ. ૨૪૩; મનસુક મોહન દાસ વી. શીવરામ દેવીસીંગ (૧૮૭૮) ૨ મુ. ૫૩૨; ગ્રીશચંદ્ર વી. ક્રીસ્તો ચંદ્ર (૧૮૭૨) ૧૮ વી. રી. ૧૨૩; પરંતુ જુઓ કોદુ મંડળ વી. સુશી શીખર (૧૮૭૧) ૧૬ વી. રી. ૨૨૭)

રીવાજ.—એક હુકમનામુ બીજી કોર્ટ તરફ બજાવવાને મોકલેલુ હોય તો તે હુકમનામાવાળાએ તે કોર્ટમાં બજાવવાની યોગ્ય દરખાસ્ત કરવાની જરૂર છે (ઓરડર ૨૧ રૂલ. ૧૦) એકાદ હુકમનામુ એક જીલ્લા કોર્ટમાં બજાવવા સારૂ મોકલવામાં આવે તેથી તે હુકમનામુ તે કોર્ટને મળે એટલે તે કોર્ટ પોતાના તાબાની હરકોઇ કોર્ટને તે બજાવવાને ફરમાવી શકે છે (ઓરડર. ૨૧ રૂલ ૮; આવા હુકમ ઉપર ડીસ્ટ્રીક્ટ જડજની પોતાની સહીની જરૂર છે એવુ નથી, (જોગેંદ્ર વી. મહેશચંદ્ર (૧૮૯૬) ૨૩ ક. ૪૮૦). જ્યારે બેઊ કોર્ટો તેના તેજ જીલ્લા અંદર હોય ત્યારે એક કોર્ટ પરભારૂ બીજી કોર્ટ તરફ મોકલી શકે છે (કેલુ વી. વીકીશ (૧૮૯૨) ૧૩ મ. ૩૪૫).

અપીલ.—એક હુકમનામુ ટ્રાંસફર કરવાની અરજી નામંજુર કરવાના હુકમ ઉપર અપીલ ચાલે છે (ભાબનીચરણુ વી. પ્રતાપચંદ્ર (૧૯૦૩-૪) ૮ ક. વી. નો. ૫૭૫).

મુદત.—આ કલમ પ્રમાણેની એકાદી અરજીને બજાવવાની દરખાસ્ત નથી (નીલમોનીસીંગ વી. બીરેશ્વર બેનરજી (૧૮૮૯) ૧૬ ક. ૭૪૪) પરંતુ હુકમનામુ અમલમાં રાખવાની તે એક અરજી છે (કાલીન્શા વી. મૌલાબક્ષ (૧૮૭૮) ૨ અલ્હાબાદ. ૨૮૪) તેથી તે બજાવણીમાં મદદ કરવાનો એક ઈલાજ છે (લછમન પાંડે વી. મદનમોહન શાહી (૧૮૮૧) ૬ ક. ૫૧૩; ગજબલભ વી. જયકીશન (૧૮૯૩) ૨૦ ક. ૨૯; ચંદ્રનાથ ગોસ્વામી વી. ગરૂપ્રસનો ઘોઝ (૧૮૯૫) ૨૨ ક. ૩૭૫; રામનાથસેન વી. ગૌરીશંકર ખત્રી (૧૮૯૮) ૨ ક. વી. નો. ૪૧૫). એક વકીલે પોતાના અસીલના મરણુ પછી તે અરજી કરેલી હોય તો તેથી મુદત જતી બચતી નથી (કાલુ વી. મહમદ (૧૮૮૫) ૭ અલ્હા. ૫૬૪). પરંતુ અસીલના મરણુની બાબત તે વકીલના જાણવામાં તે અરજી કરતી વખતે ના હોય તો તે અરજી કાયદા પ્રમાણે છે (અમીરૂનીશા વી. અહસુનાઅલ્લી (૧૮૮૩) ૧૨ ક. લા. રી. ૧૮). "જુઓ બજાવણીની મદદમાં ઈલાજ" આગળ; જુઓ ક. ૩૭ ઉપરની નોટ.

આંક: હકુમત:—ગમે તેટલી રકમનું હુકમનામું મોકલવામાં આવેલું હોય તો તે એકાદા મુનસીફ તે બજાવવાને મુખત્યાર છે અને પોતાની સામાન્ય હકુમતવાળુ હોવાની જરૂર નથી (નરસામા વી. વેંકટ કીશ્નાયા (૧૮૮૪) ૭ મ. ૩૫૭; શાંનમુગ પીલાઇ વી. રામનાથન ચેતી (૧૮૯૪) ૧૭ મ. ૩૦૫, તે પ્રમાણે નથી. દુરગાચરણુ વી. ઊમાતારા (૧૮૮૯) ૧૬ ક. ૪૫૭ વળી જુઓ સીધેશ્વર વી. હરીહર (૧૮૮૮) ૧૨ મુ. ૧૫૫; અને કેલુ વી. વીકીશ (૧૮૯૨) ૧૫ મ. ૩૪૫).

૪૦. જ્યારે હુકમનામું બીજા પ્રાંતમાંની કોર્ટમાં બજાવવાસારૂ મોકલવાનું હોય ત્યારે, એવા પ્રાંતમાં અમલમાં હોય તેવી કાનુનોમાં ઠરાવ્યા પ્રમાણેની કોર્ટમાં મોકલવું તથા ઠરાવેલી રીતે તે બજાવવું.

હુકમનામું બીજા પ્રાંતમાંની કોર્ટમાં મોકલવા બાબત.

ટીકા—આ નવી કલમ છે. આ કાયદા પ્રમાણેના કેશોમાં ફેરફાર કરવાનો અથવા વધારો કરવાનો હાયકોર્ટોને અખત્યાર આપેલો છે તે કારણથી આ કલમ દાખલ કરવાની જરૂર છે.

૪૧. બજાવણીસારૂ જે કોર્ટને હુકમનામું મોકલ્યું હોય તે કોર્ટે, તે બજાવ્યાની વાત, અથવા તે બજાવવાનું ન બને તો જે હકીકતોને લીધે તે બજાવવાનું ન બન્યું હોય તે હકીકતો, હુકમનામું કરનારી કોર્ટને લખી જણાવવી.

બજાવણીમાં થયેલું કામ લખી જણાવવું.

ટીકા—સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની ક. ૨૨૩ નો ચોથો પેરા. આ કલમ હુકમ તરીકેની છે. માટે બજાવનારી કોર્ટ પોતાના ચલાવેલા કામના કાગળો તે હુકમનામું કરનારી કોર્ટ તરફ મોકલવાને ના કહી શકતી નથી (હઇદુચંદ્ર વી. ગોપાળચંદ (૧૮૬૪) ૧૧ વી. રી. ૨૩૦ જુઓ નોટ આગળ.)

૪૨. જે કોર્ટને હુકમનામું બજાવવાસારૂ મોકલ્યું હોય તે કોર્ટને તે હુકમનામું બજાવવામાં, જાણે તે મોકલેલું હુકમનામું પોતેજ કર્યું હોય તો તે બજાવવામાં પોતાને જે અખત્યાર હોય તેજ અખ્ત્યાર ગણાશે. આવું હુકમનામું બજાવવામાં હરકત કરનારા અથવા હુકમ માનનારા સઘળા શખસોને તે કોર્ટ, જાણે તે હુકમનામું પોતેજ કર્યું હોય તે રીતે, શિક્ષા કરશે અને તે હુકમનામું બજાવવાનાં તે કોર્ટના હુકમોને, જાણે તે હુકમનામું પોતેજ કર્યું હોય તેવી રીતે, અપીલ સંબંધી નિયમો લાગુ પડશે.

બજાવવા સારૂ બીજી કોર્ટનું આવેલું હુકમનામું બજાવવાનો કોર્ટનો અખ્ત્યાર.

ટીકા—સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની ક ૨૨૮.

આ કલમ હાયકોર્ટ અને પ્રોવીનસીયલ સ્માલકાજ કોર્ટને લાગુ થાય છે.

બજાવનારી કોર્ટના અખત્યાર.—જે કોર્ટને હુકમનામુ મોકલવામાં આવેલુ હોય તે કોર્ટને તે હુકમનામુ બજાવવાની દરખાસ્ત રીતીસર કરવી જોઇએ (જુઓ ક. ૪૮-૫૦) અને તે કોર્ટે જાણે પોતે હુકમનામુ કરેલુ હોય તે પ્રમાણે તે બજાવવવાનુ કામ ચલાવવું જોઇએ.

બીજી કોર્ટોનાં હુકમનામાની બજાવણી સબંધી એકાદી કોર્ટનુ ન્યાયની રૂઇનુ કામ છે, તે પ્રધાનીક નથી અને તે બજાવણી કરવા સબંધીનુજ છે અને તે બજાવણીમાંથી જે કામ ઊતપન્ન થાય તે સંબંધીનુજ છે (ગોવીંદહરી જ્ઞાલેકર વી. શીદરામ (૧૮૭૦) ૭ મુ. હા. કો. અ. સી. જ ૩૭, જદુરાય વી. ફેરેલ (૧૮૭૦) ૬ બં. લા. રી. ૬૬). માટે જે કોર્ટ તરફ હુકમનામુ મોકલેલુ હોય તે કોર્ટે તે હુકમનામાના ઠરાવ પ્રમાણે તે બજાવવુ જોઇએ (કીરત કીશોર વી. રૂપલાલ (૧૮૮૨) ૮ ક. ૯૮૭). તે કોર્ટ તે હુકમનામાના કાયદેસર પણા વીશે કાંઇ વાંધો ઊઠાવી શકતી નથી. (કાશીપ્રસાદ વી. જમુના (૧૯૦૪) ૩૧ ક. ૯૨૨).

તે હુકમનામુ ખોટી રીતે કરવામાં આવેલુ છે, અથવા હકુમત વીના કરેલું છે. અથવા કપટથી મેળવેલુ છે એવા કારણથી બજાવવાને તે કોર્ટે ના કહેવી ના જોઇએ. (સુબ્રમનીયન વી. પંજામા (૧૮૮૨) ૪ મ. ૩૨૪; છોગાલાલ વી. ટુમેન (૧૮૮૩) ૭ મુ. ૪૮૧; કસ્તુર શેઠ. વી. રામા (૧૮૮૬) મુ ૬૫; પરવત વી. ડીગંબર ૩૩૦; તો પણ જુઓ ઓ. ૨૧, રૂ. ૭, અને મહમદ સુલેમાન વી. ફાતમા (૧૮૮૯) ૧૧ અલ્હા. ૩૧૪); (પરંતુ તે બજાવણી બંધ રાખવાને તે કોર્ટ મુખત્યાર છે); અથવા તે બરોબર નથી અથવા ખામી ભરેલુ છે (રાજેરાવ વી. નાનારાવ (૧૮૮૭) ૧૧ મુ. ૫૨૮; અબદુલ હુસન વી. સખીના બુ (૧૮૯૭) ૨૧ મુ. ૪૫૬), અથવા તે હુકમનામાંથી જે મીલકત વેચવાની ઠરાવી

છે તે મીલકત વેચવા લાયક નથી. (સદાશીવ લલીત વી. જયંતીબાઇ (૧૮૮૪) ૮ મુ. ૧૮૫; માંગીલાલ વી. કટવારી (૧૮૮૮) ૧૦ અલ્હા. ૧૩૦; બીશેશર વી. સુખદેવ (૧૮૮૮) ૧૦ અલ્હા. ૧૩૨; નોટ) એવા કારણુથી તે કોર્ટે તે બજાવવાની ના કહેવી જોઇએ, તેમ તે હુકમનામામાં ફેરફાર કરી શકતી નથી અથવા જુદો ઠરાવ કરી શકતી નથી અને તેના ઠરાવમાં વધારો કરી શકતી નથી (ફોરેસ્ટર વી. સેક્રેટરી ઓફસ્ટેટ (૧૮૭૮) ૩ ક. ૧૬૧; લા. રી ૪ ઇ. અ. ૧૩૭; પીલાઇ વી. પીલાઇ (૧૮૭૪–૭૫) લા. રી. ૨ ઇ. અ. ૨૧૯; હરોદુર્ગા વી. શરતસુંદરી (૧૮૮૧–૨) લા. રી. ૯ ઈં. અ. પા. ૧; ૮ ક. ૩૩૨; સુબ્રમનીયન વી. પંજામા (૧૮૮૨) ૪ મ. ૩૨૪; રાંમકૃપાળ વી. રાંમબેશંમ (૧૮૮૩) ૫ અલ્હા. ૫૩; અદવંતસીંગ વી ટોખાંન (૧૯૦૧) ૨૮ ક. ૩૫૩) તેમ તે હુકમનામાનો હેતુ વધારી શકતી નથી (મતીયા. વી. વીરામલ (૧૮૮૭) ૧૦ મ. ૨૮૩) તેમ તે ભુલ દુરસ્ત કરતી નથી (નીલ કોમળરાય વી. રોહીની (૧૮૭૦) ૧૩ વી. રી. ૩૩૦; રાવ ઊમરાવસીંગ વી. સતનલાલ (૧૮૬૯) ૧ અ. હા. કો. ૭૭); તેમ ગીરો છોડાવવાની મુદત વધારી શકતી નથી (ઇસ્તરમર વી. ચુડાસ્મા (૧૮૮૯) ૧૩ મુ. ૧૦૬; સુભાના વી. ક્રોશ (૧૮૯૧) ૧૫ મુ. ૬૪૪); તેમ હુકમનામામાં ઠરાવેલી મુદત પહેલાં તે બજાવી શકતી નથી (હાઇર દયાળ વી. છદાંમીલાલ (૧૮૮૫) ૭ અલ્હાબાદ ૧૯૪); તેમ તે હુકમનામાના ઠરાવ વીરૂધ્ધ હકુતેથી તે બજાવી શકતી નથી (શીવપ્રસાદ વી. શીવરાંમ (૧૮૭૦) ૨ અ. હા. કો. ૫૯); તેમ તે હુકમનામાની રૂએ જે બાકી નીકળતી હોય તે વીશેનુ સર્ટીફીકટ મેળવેલુ હોયતો તે બાકી બરોબર છે કીંવા નહી તે વીશે તે તજવીજ કરી શકતી નથી (કેશબચંદ્ર વી. ખેલતચંદ્ર (૧૮૬૮) ૯ વી. રી. ૩૬૧); તેમ હુકમનામાવાળાની જગાએ અશાઇનીને દાખલ કરી શકતી નથી (શીવનારાયણસીંગ વી. હરબંશલાલ (૧૮૭૦) ૫ બં. લા. રી. ૪૯૭; ૧૪ વી. રી. ૬૫; જુઓ ઓરડર ૨૧ રૂલ ૧૬) તેમ તે હુકમનામુ ચડાવી લેનાર નાંમ કાંમમાં દાખલ હોય અને જેણે બજાવણી કરાવેલી હોયતો તેના હક વીશે કાંઇ સવાલ સાંભળી શકતી નથી (રાંમચંદ્ર વી. મોહેંદ્રનાથ (૧૮૭૪) ૨૧ વી. રી. ૧૪૧); તેમ જે શખશ બજાવવાને માગતો હોય તેના હક વીશે પણુ કાંઇ સવાલ ઊઠાવી શકતી નથી (ધને શકુઅરી વી. ઊલફ્રત હુસન (૧૮૭૪) ૨૧ વી. રી. ૨૧૯); તેમ હુકમનામાના દેણદારની નાદાર ઠરાવવાની અરજી તે સાંભળી શકતી નથી (વેંકટ સામી વી. નારાયણુ રતનમ (૧૮૮૮) ૧૧ મ. ૩૦૧); તેમ ત્રીજા જીલ્લામાં બજાવવા સારૂ તે હુકમનામુ મોકલી શકતી નથી (ધનપતસીંગ વી. ગુમા શંકરી (૧૮૭૪) ૨૧ વી. રી. ૩૩૭; શીબનારાયણુ વી બીપીન બેહારી (૧૮૭૮) ૩ ક. ૫૧૨) તેમ એક કરતાં વધારે મુદતનુ જીનુ હુકમનાંમુ હોયતો, તે બજાવણી શા વાસ્તે કરવી ના જોઇએ, તેનું કારણુ બતાવવાની નોટીસ અરજ ઉપરથી પ્રતીવાદી ઊપર તે કોર્ટ કાહાડી શકતી નથી, કારણુકે આ તમામ કામોમાં તે દરખાસ્ત અસલ કોર્ટમાં કરવી જોઇએ અને આવી દરખાસ્ત કરવામાં આવે ત્યાં સુધી તે બજાવણીને કોર્ટ બંધ રાખવાની છે (લાડ કુંવરબાઇ વી. ગોહેલ વી. સરસંગજી (૧૮૭૦) ૭ મુ. હા. કો. અસલ સી. જ. ૧૫૨; જદુરાય વી. ફેરેલ (૧૮૭૦–૧) ૬ બં. લા. રી. એપ ૬૬; લુતફુલ્લા વી. કીરતચંદ (૧૮૭૩–૪) ૧૩ બં. લા. રી. એપ ૩૦; (૧૮૭૪) ૨૧ વી. રી. ૩૩૦; પરંતુ જુઓ નરસીંગ દયાળ વી. હરીહર (૧૮૮૦) ૫. ક. ૮૯૭); ઓરડર ૧૧ રૂ. ૨૬ અને શ્રી હરીમંડળ વી. મુરારી (૧૮૮૬) ૧૩ ક. ૨૫૭; પરંતુ હુકમનામાંની તારીખથી એક વર્ષની અંદર જો તે હુકમનાંમું મોકલેલું હોય પણુ જેટલી મુદત થઇ ગયા સુધી તે બજાવ્યા વીના રહેલું હોય તો કારણુ બતાવવાની નોટીસ દેણદાર ઉપર તે કહાડી શકે છે

(છગનલાલ વી. જમનાદાસ મંછારામ (૧૮૭૪) ૧૧ મુ. હા. કો. એ. સી. જે ૧૯,(જુઓ ઓરડર ૨૧ રૂલ ૨૬ પરંતુ જ્યાં સુધી તે કોર્ટમાં ઓરડર ૨૧ રૂલ ૬ માં બતાવેલા દસ્તાજો ફાઇલ કરેલા રહે ત્યાં સુધી તે બજાવણીનું કાંમ કાડી નાંખ્યાના હુકમની તે ફરી તપાસ કરી શકે છે. (બાગરામ વી. વાઇઝ (૧૮૬૪) ૧ બં. લા. રી. ૯૧; પરંતુ જુઓ બ્રજેંદ્ર નારાયણરાવ વી. બીનોદ રામશેન (૧૮૬૯) ૧૧ વી. રી. ૨૬૯ અથવા બજાવણીમાં ત્રીજા સખસની મીલકત કરેલી હોય તેથી દાવો તે ત્રીજા સખસે કરેલો હોય તેનો નીર્ણય તે કરી શકે છે. (ઇંદુચંદ્ર વી. ગોપાળચંદ્ર (૧૮૬૯) ૧૧. વી. રી. ૫૫૭; ૩ બં. લા. રી.૧૮૧ વીશ્નુ વી. નરસીંગરાવ (૧૮૮૨) ૬ મુ. ૫૮૪); દરખાસ્તને મુદતની હરકત છે કીંવા નહી તેંનો નીર્ણય તે કરી શકે છે (લીક વી. ડેનીયલ (૧૮૬૩–૭) બં. લા. રી. (એફ. બી., ૯૭૦; ૧૦ વી. રી. (એફ. બી.) ૧૦; બઝરબીબી વી. જેકશન (૧૮૬૬) ૫ વી રી. પ્ર. ૧૪; બૈકુંઠનાથ વી. જયગોપાળ (૧૮૬૭) ૭ વી. રી. ૧૯; નરસીંગદયાળ વી. હરીહર (૧૮૮૦) ૫ ક. ૮૯૭; છોટાલાલ વી. માણેકચંદ (૧૮૭૪–૭૫) ૭ અ. હા. કો. ૧૧૫; છોટાલાલ વી. પુરણમલ (૧૮૯૬) ૨૩ ક. ૩૯) પરંતુ બજાવણી ચાલતાની દરમીયાનમાં કોર્ટની રૂબરૂ જે હકીકત યોગ્ય રીતે હોય તે ઉપરથી સવાલ ઉતપન્ન થએલો જોઇએ અને તેને મુદતની હરકત નથી એવું તે મોકલનારી કોર્ટે ઠરાવેલું હોય નહી તો તે મોકલતા પહેલાં મુદતનો સવાલ ઊત્પન્ન થએલો હોય તેનો નીર્ણય તે કરી શકતા નથી (સમતદાસના કાંમમાં (૧૮૭૩–૭૪) ૧૩ બં. લા. રી. અ. પા. ૨૭; ૨૧ વી. રી. ૨૯૨; જુઓ વળી લત ફુલ્લા વી. કારનચંદ (૧૮૭૩–૪) ૧૪ બં. લા. રી. ૩૦; ૨૧ વી. રી. ૩૩૦ હુશન અહમદ વી. શાજુમહમદ (૧૮૯૧) ૧૫ મુ. ૨૮ અને જુઓ નરસીંગ દયાળ વી. હરીહર (૧૮૮૦) ૫ ક. ૮૯૭; શ્રી હરીમંડળ વી. મોરારી (૧૮૮૬) ૧૩ ક. ૨૫૭; રામરાય વી. દયાળશીંગ (૧૮૯૪) ૧૬ અ. ૩૯૦ જે કોર્ટે તરફ હુકમનામું બજાવેલુ હોય તે કોર્ટમાંથી બજાવણી પાછી ખેંચી લેવામાં આવે ત્યાં સુધી તે હુકમનામુ બજાવાની તે કોર્ટની હકુમત અધુર રહે છે અથવા તે હુકમનામું સંપુર્ણ રીતે બજાવામાં આવે અને તે હકીકત જે કોર્ટે હુકમનામું મોકલેલું હોય તે કોર્ટ તરફ સરટીફીકેટ લખી મોકલે ત્યાં સુધી અથવા પોતાની હકુમતની અંદર તે કોર્ટ બજાવી શકતી હોય ત્યાં સુધી તે બજાવે અને તે હુકમનામુ મોકલનારી કોર્ટ તરફ લખી મોકલે ત્યાં સુધી અથવા તે બજાવવામાં નીશફળ થયેલી હોય અને તે હકીકત તે મોકલનારી કોર્ટ તરફ લખી મોકલે ત્યાં સુધી અથવા તે બજાવવામાં નીશફળ થયેલી હોય અને તે હકીકત મોકલનારી કોર્ટ તરફ લખી મોકલે ત્યાં સુધી તે કોર્ટની હકુમત રહે છે. દરખાસ્તમાં રીતી વીરૂધ્ધ થયાના કારણથી એકાદી દરખાસ્ત કહાડી નાંખવામાં આવે તેટલી ફક્ત હકીકત ઉપરથી તે હુકમનામું બજાવાની તે કોર્ટની હુકુમત પુરી થઇ જતી નથી તેમ જે કોર્ટ તે હુકમનામુ બજાવાને સારૂ મોકલ્યું હોય તે કોર્ટ તરફ કાંઇ સરટીફીકેટ મોકલવાની તે કોર્ટને જરૂર છે એમ નથી (અબદા બેગમ વી. મુજફ્ફર હુસેન (૧૮૯૮) ૨૦ અ. ૧૨૯). આ ઠરાવો પ્રમાણે એકાદી કોર્ટ તરફ હુકમનામુ મોકલેલું હોય અને તે કોર્ટને કોર્ટે હુકમનાંમુ કરેલું હોય તે કોર્ટને એવું સરટીફીકેટ મોકલે કે બજાવણી નીશફળ થયેલી છે અને હુકમ નામાવાળાએ બજાવણી ચલાવામાં કસુર કરવાથી બજાવણીની દરખાસ્ત કહાડી નાંખેલી છે તો તે પછી બજાવણીની જુદી દરખાસ્ત લેવાને તે કોર્ટને અખત્યાર નથી. માટે તે હુકમનામાની વ્યવસ્થા કરવાને યોગ્ય કોર્ટ તે હુકમનામુ કરનારી કોર્ટ છે. (મથુરા નાથ વી. કૈલાશચંદ (૧૮૯૮–૯) ૩ ક. વી નોટ. ૨૧૧).

ચાલુ કાયદો.—બે કોર્ટોમાં મુદતના જુદા જુદા કાયદા હોય તો હુકમનામાની બજાવણીમાં કામ ચલાવા સબંધી જે કાયદો લાગુ થાય તે હુકમનામુ કરનારની કોર્ટનો કાયદો હોવો જોઇએ (ટીનકોરી ડોન વી. દેબીન્દ્રનાથ (૧૮૯૦) ૧૭ ક. ૪૯૧. તોપણ જુઓ હુકમચંદ વી. જ્ઞાનેન્દ્ર (૧૮૮૭) ૧૪ ક. ૫૭૦. અને જુના કાયદા બાબત જુઓ રીક વી. ડેનીઅલ (૧૮૬૩-૭) બં. લા. રી. (એપ. બી). ૯૭૦).

સ્વતંત્ર હુકુમત.—એકાદુ હુકમનામું બજાવાને સારૂ બીજા જીલ્લામાં મોકલેલું હોય અને તે જીલ્લા અંદરની તે બજાવવામાં એક ત્રીજા સખસની મીલકત જપ્ત કરેલી હોય તેથી તે બીજા સખસના દાવાનો નીર્ણય કરવાને તે કાંમના કાગળો મોકલનારી કોર્ટ મંગાવી શકતી નથી કારણ કે જે જીલ્લામાં તે હુકમનામુ બજાવામાં આવે તે જીલ્લામાં આવા દાવાનો ફેંસલો થવો જોઇએ (ઇંદરચંદ વી. ગોપાળચંદ્ર (૧૮૬૯) ૧૧ વી. રી ૫૫૭; ૩ બં. લા. રી. ૧૮૧). બીજી બાજુ તરફ અસલ કોર્ટમાં દેણદારે નાદાર થવાને અરજ કરેલી હોય અને તે વીષે બજાવનારી કોર્ટને સરટીફીકેટ મળેલું હોયતો તે બજાવનારી કોર્ટ તે અરજીનો ઇનસાફ થતા સુધી તે કાંમ બંધ રાખવું જોઇએ (વિષ્નુ વી. નરસીંગરાવ (૧૮૮૨) ૬ મું. ૫૮૪) જુઓ "પ્રેકટીસ" ઓર્ડર ૨૧ રૂલ ૨૫.

એક સરખી હુકુમત.—એક હુકમનામુ મોકલવામાં આવેલું હોય અને દેણદાર દરખાસ્ત અને મુદતની હરકત છે અને મને ઓર્ડર ૨૧ રૂલ ૨૦ પ્રમાણે નોટીસ મળેલી નથી એવી હરકત લેતો તે હુકમનામુ બજાવનારી કોર્ટ અથવા જો તે કોર્ટ ઓર્ડર ૨૧ રૂલ ૨૫ પ્રમાણે આગળ કામ ચલાવું બંધ રાખેતો અસલ કોર્ટ તે મુદતની હરકત વીષે તે દેણદાર તપાસ કરાવી શકે છે (શ્રીહરી મંડળ વી. મુરારી (૧૮૮૬) ૧૩ ક. ૨૨૭ વળી જુઓ ગાઝીદીન વી. ફકીરના કાંમમાં જસ્ટીસ મહમદના વીચાર (૧૮૮૫) ૭ અ ૭૩ પા. ૭૬; અને "બજાવણી બંધ રાખવી" ઓર્ડર ૨૧ રૂલ ૨૫.

બજાવણીમાં મદદ તરીકે ઇલાજ.—બજાવનારી કોર્ટને કામના કાગળો અસલ કોર્ટ તરફ પાછા મોકલવાને અરજી કરેલી હોય (કીશ્નાયર વી. વ્યંકાયર (૧૮૮૩) ૬ મ. ૮૧; લછમન પંડે વી. મદન મોહન (૧૮૮૧) ૬ ક. ૫૧૩; રાજબલ્લભ વી. જયકીશન (૧૮૯૩) ૨૯ ક. ૨૯. હુસેન બક્ષ વી. મડગ (૧૮૭૬-૮) ૧ અ. ૫૨૫; વાલ્યા વી. જગન્નાથ (૧૮૮૪) ૭ મ. ૩૦૭), અથવા હુકમનામાવાળાએ પોતાના હુકમનામાંની બજાવણીમાં ખરીદ કરેલી મીલકતનો કબજો મળવાને અરજ કરેલી હોયતો તે બજાવણીમાં મદદ તરીકેનો એક ઇલાજ છે (સરીયા તુલ્લા વી. રાજકુમારરાય (૧૯૦૦) ૨૭ ક. ૭૦૯). કમીશન લેવાને કરેલી અરજી તેમ હુકમનામા સાંમા વેચાણની કીંમતનો સટોપ કરવાની પરવાનગી મળવાની અરજી તે બજાવણીમાં મદદ તરીકેનો ઇલાજ છે (આનંદ મોહનરાય વી. હરાસુંદરી (૧૮૯૬) ૨૩ ક. ૧૯૬).

હુકમનામું કરનારી કોર્ટને સરટીફીકેટ મોકલવું તે.—જો હુકમનામાંવાળાને એવી જરૂર હોય કે સરટીફીકેટ પાછુ મોકલતાં પેહલાં અસલ જીલ્લામાં તે હુકમનામું બજાવાનું છે તો અસલ કોર્ટ તે કાંમના કાગળો મંગાવી શકે છે (અસુતોષદત વી. દુર્ગાચરણ ચેતરજી (૧૮૮૧) ૬ ક. ૫૦૪). બીજી બાજુ તરફ હુકમનામાંના દેણદારે બીજી કોર્ટ તરફ હુકમનામુ બજાવાને મોકલ્યા પછી પણ ખરી રીતે બજાવણી કરવાને દરખાસ્ત કરતાં પેહલાં કોર્ટની બહાર થોડુંક દેવું આપેલું હોય તો તમામ લેણું લેવાને બજાવણી કરવામાં આવેતો તે દેણદારનો જે કોર્ટ તરફ હુકમનામુ મોકલેલું હોય તે કોર્ટ પાસે તે વસુલ આપ્યાની હકીકત નોંધવાને સારૂ હુકમનામાવાળાને ફરજ પાડવાનો હુકમ કરાવાનો હક છે (રાજેન્દ્ર

નાથરાય વી. છનુમલ (૧૮૮૦) ૫ ક. ૪૪૮). જે કોર્ટ તરફ હુકમનામું મોકલવામાં આવેલું હોય તે કોર્ટને જરૂરીયાત સરટીફીકેટ અને તે હુકમનામું પાછુ મોકલવાને હુકમનામાવાળો અરજ કરી શકે છે. પરંતુ આ અરજી બજાવણીમાં મદદ તરીકેનો ઇલાજ નથી તેમ તેની પાસેથી કમીશન લેવાની અરજી પણ તેવો ઇલાજ નથી.) અઘોર કાળી દેબી. વી. પ્રસન્નો કુમાર બેનરજી (૧૮૯૫) ૨૨ ક. ૮૨૭).

અપીલ.—એકાદી કોર્ટ સ્માલકાઝ કોર્ટની હકુમતનો અમલ કરતી હતી તેથી તે કોર્ટમાં રૂ ૫૦૦) થી વધારે નહિં એવો દાવો કરવામાં આવેલો હતો. તે કોર્ટે એક હુકમ નામું કર્યું અને તે બજાવવા સારૂ મુનસફ તરફ મોકલ્યું તેથી તેમણે બજાવણીમાં એક હુકમ કર્યો કે જે હુકમ અપીલમાં બહાલ રહેલો હતો. ઠરાવ્યું છે કે (કલમ ૧૦૨) થી આવી જાતના દાવામાં તે ઠરાવ ઉપર દાબ રહે છે અને બીજી અપીલ ચાલતી નથી (કાંધાપ્રસાદ વી. લાલ બીહારી લાલ (૧૮૯૮) ૨૫ ક. ૮૭૨; હરખ વી. રાંમસ્વરૂપ (૧૮૯૦) ૧૨ અ. ૫૩૯).

૪૩. બજાવણી સંબંધી ઠરાવો લાગુ ન હોય એવા બ્રિટિશ હિંદુસ્તાનના કોઇ પણ ભાગમાં સ્થપાયલી દિવાની કોર્ટનું અથવા કોઇ પણ પરરાજ્યના અથવા સંસ્થાનના મુલકમાંની ગવર્નર જનરલ ઇન કૌંસિલના હુકમથી સ્થપાયલી અથવા ચાલુ રાખવામાં આવેલી કોઈ કોર્ટનું હુકમનામું, તે કરનારી કોર્ટની હકુમતમાં બજી શકે નહીં તો, આ કાયદામાં ઠરાવ્યું છે તે રીતે બ્રિટિશ ઇંડિયાની કોઇપણ કોર્ટની હકુમતમાં બજાવી શકાય.

આ ભાગ લાગુ ન હોય એવી જગામાંની અથવા પર મુલકમાંની બ્રિટિશ કોર્ટોએ કરેલા હુકમનામા બજાવવા બાબત.

ટીકા—સને ૧૮૮૨ ના એકટ ૧૦૦ ની કલમ ૨૨૯ આ કલમ હાઇકોર્ટ અને પ્રોવીન્સીઅલ સ્મોલકોઝ કોર્ટને લાગુ થાય છે.

આ ઠરાવ આ એકટથી બ્રીટીશઇંડીયા અંદરની જે દીવાની કોર્ટોને આ કાયદાની બજાવણીની કલમો લાગુ થતી નથી તે દીવાની કોર્ટોને લાગુ કરેલો છે.

આ કલમ પ્રમાણે હુકમનામું કરનારી કોર્ટ અથવા આ કલમમાં બતાવેલી એક અથવા બીજી કોર્ટ છે એવું આ કલમ પ્રમાણે અરજદારોએ બતાવવું જોઇએ. માટે એક કામમાં કુચબીહારની દીવાન આદાલ કરતી કોર્ટ તે ઇંગ્રેજ સરકારના મુલકમાં છે અથવા પરરાજ્યના સંસ્થાનમાં ગવરનર જનરલ સાહેબે સ્થાપેલી કોર્ટ છે એવું સાબીત થયેલું નહોતું તેથી ઠરાવેલું છે કે રાજશાહીના જડજને પોતાનું હુકમનામું બજાવવાની હકુમત નથી (જડાબચંદ્ર વી. દીનાનાથ (૧૮૬૯–૭૦) ૪ બં. લા. રી. ૧૩૪) કાશીમોહન બોરવા વી. બીશ્નુપ્રીય (૧૮૮૮) ૧૫ ક. ૩૫૬) ના કામમાં એવું ઠરાવ્યું છે કે ચીતાગોંગના ડુંગરના મુલકની દીવાની કોર્ટે એક હુકમનામું કરેલું અને તે મુલક એક શેડયુલવાળો જીલ્લો છે માટે ચીતાગોંગના જે જીલ્લામાં કાયદો ચાલુ છે તે જીલ્લાના મુનસીફ તે હુકમનામું બજાવી શકે છે. પરંતુ જુઓ કલમ ૮૯.

મુંબઇમાં દેશી સંસ્થાનોમાં દીવાની કોર્ટો—તા ૧૮ માર્ચ ૧૮૮૦ના રોજના મુંબઇ સરકારના ગેઝીટના ભાગ ૧ ને પા. ૨૫૦ મે પ્રસીદ્ધ કરેલી જાહેર ખબર જુઓ.

બનારસના મહારાજાના કુટુંબના કારોબારને આ ઠરાવ લાગુ થતો નથી (પ્રભા વી. શાળીગરામ (૧૯૦૭) ૩૪ ક. ૫૭૬) તેમ કોંધના સબજજની કોર્ટને આ ઠરાવ લાગુ થતો નથી (મહારાજા પ્રભુનારાયણ વી. સાળીગરામસીંગ (૧૯૦૬-૭) ૧૧ ક. વી. નોટ ૬૨૨)

૪૪. ગવનર જનરલ ઈન કૌન્સિલ, ઈંડીઆ ગેઝી- **ટમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને, મલીક મુઆઝમ સાથે દો- સ્તીમાં હોય તેવા કોઇ દેશી રાજાના અથવા સંસ્થાનના મુ- લકમાંની, અને ગવર્નર જનરલ ઇન્ કૌન્સિલના હુકમથી** દેશી સંસ્થાનોની કોર્ટોનાં હુકમનાંમા બજાવવા બાબત.

સ્થપાયલી અથવા ચાલુ રાખેલી ન હોય તેવી કોઇ દિવાની અથવા મુલકી કોર્ટોનાં હુકમનામાં અથવા એવા વર્ગનાં કોઇ પણ હુકમનામાં, જાણે તે બ્રિટિશ ઇન્ડીઆ- માંની કોર્ટોએ કર્યાં હોય તે રીતે, બ્રિટિશ ઇન્ડીઆમાં બજાવી શકાય એવું ઠરાવ- વાને મુખ્ત્યાર છે.

ટીકા—સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની કલમ ૨૨૯ (બ) આ કલમ હાઇકોર્ટ અને પ્રોવીન્શીયલ સ્મોલકોઝ કોર્ટને લાગુ થાય છે.

આવી જાહેર ખબરથી કરેલો ઠરાવ રદ કરવા વિષેનો ઠરાવ આ કલમમાં ફરીથી ક- રવામાં આવ્યો નથી. બ્રીટીશ ઇંડીયામાં દેશી સંસ્થાનોની કોર્ટોના હુકમનાંમા બજાવવા વી- ષેની જાહેર ખબરો બાબત જુઓ દેશી સંસ્થાનમાં મેકફરસનના બ્રીટીશ એકટોના ઠરાવો ચાલુ છે. તે સાથે જોડેલું જનરલ એપેન્ડીકસ અ. ૧૮૯૯ નોટ લેજીસ્લેટીવ ડીપાર્ટમેંટ.

કલમ ૨૨૯ (બ) પ્રમાણે કરેલા ઠરાવો જુઓ જાહેર ખબર નંબર ૪૦૫૫–૧ તા. ૧૦ ડીસેંબર સને ૧૮૮૫ ઇંડીયા ગેઝીટ સને ૧૮૮૫ ભાગ ૧ પાનુ ૬૬૭ નંબર ૨૩૩–૧ જે તા. ૨૫ નવેમ્બર સને ૧૮૮૧ (દેશી સંસ્થાનો દક્ષિણ હિંદુસ્થાન, મદ્રાસ અને માઇસોરમાં જે ચાલુ એકટો બ્રીટીશ સરકારના છે તે વીશેના મેકફર્સનના ગ્રંથની સને ૧૮૯૯ ની સા- લની આવૃતીના જનરલ એપેનડીકશનામાં છાપેલા છે) અને દેશી સંસ્થાનો (પશ્ચિમ હિંદુ- સ્થાન) જે બ્રીટીશ એકટોના ઠરાવો ચાલુ છે તેની મેકફર્સનની યાદીના પાંને ૩૭૮ થી ૩૮૧ સુધીમાં છાપેલી જાહેર ખબરો.

બજાવી શકાય છે—આ ઊપરથી હુકમનાંમુ બજાવવું તે કાયદેસર છે અને બની શકે તેવું છે એવો અર્થ આ ઉપરથી થાય છે, પરંતુ જે પરરાજ્યનું હુકમનાંમુ કપટથી કરાવેલું હોય અથવા હકુમત વીનાની કોર્ટે કરેલું હોય તો તે હુકમનાંમુ બજાવવાને બ્રીટીશ ઇંડીયાની અંદરની કોર્ટ બંધાએલી નથી (મુશા વી. પરમાનંદ (૧૮૯૧) ૧૫ મું ૨૧૬ સાંથના દાવા વીશે જુઓ હકમચંદ વી. ગ્યાનેંદ્ર (૧૮૮૭) ૧૪ ક. ૫૭૦; જે રીતે પરરા- જ્યનું હુકમનામું શાંબીત કરવામાં આવે છે તે વીશે ગજામહમદ વી. તારીનીચર્ણ (૧૮૮૭) ૧૪ ક. ૫૪૬, અને તે બજાવવામાં આવે છે. કંદાસાંમી વી. મોઇદીન (૧૮૭૮–૮૧) ૨ મ. ૩૩૭)

રકમ ૪૪ અને ૪૫ માં બતાવ્યા પ્રમાણે પ્રથમની એકાદી જાહેર ખબર ના હોય તો મેથુરભંજ જે એક ખંડણીયો મુલક બ્રીટીશ ઇંડીયાની બાહાર છે તેવા મુલકમાં બ્રીટીશ ઇંડીયા અંદરની કોર્ટ કોઇ હુકમનામુ બજાવવાને મોકલી શકતી નથી રતનમહત વી. ખાતુ શાહુ (૧૯૦૨) ૨૯૬. ૪૦૦ ૬ ક. વી. નો ૫૭૩ વળી જુઓ કસ્તુરચંદ વી. પર્શમાહાર (૧૮૮૮) ૧૨ મુ. ૨૩૦)

બ્રીટીશ ઇંડીયામાં મેળવેલા હુકમનાંમાની રૂઇએ પરરાજ્યમાં મેળવેલા ફેંસલાથી તે અસલ હુકમનાંમુ બજાવવાને અટકાવ થતો નથી (ફકરૂદીન મહમદ વી ઓફીસીઅલ ટ્રસ્ટી (૧૮૮૧) ૭ ક. ૮૨).

૪૫. આ ભાગની ઉપરની કલમોમાંના જે ઠરાવોમાં એક કોર્ટને હુકમનામું બીજી કોર્ટને બજાવવા સારૂ મોકલવાનો અધિકાર આપ્યો છે તે ઠરાવોથી, કોઇપણ પરરાજ્યના વા સંસ્થાનના મુલકોમાંની ગવર્નર જનરલ ઇન્ કૌસિલના હુકમથી સ્થપાયલી અથવા ચાલુ રાખવામાં આવેલી જે કોઇ પણ કોર્ટને ગવર્નર જનરલ ઈન્ કૌસિલે, ઇંડિયા ગેઝીટમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને, આ કલમ લાગુ પાડી હોય તે કોર્ટને હુકમનામું બજાવવા સારૂ મોકલવાનો અધિકાર બ્રિટિશ ઇંડિયામાંની કોઇ પણ કોર્ટને મળે છે એવો સદરહુ ઠરાવોનો અર્થ કરવો.

હુકમનામાં પરકા મુલકમાંની કોર્ટોમાં બજાવવા બાબત.

ટીકા—સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની ક. ૨૨૯ અ. આ કલમ હાયકોર્ટોને અને પ્રોવીન્સીયલ સ્માલકોઝ કોર્ટોને લાગુ છે.

૪૬. (૧) હુકમનામાવાળાની દરખાસ્ત ઉપરથી હુકમનામું કરનારી કોર્ટ પોતાને યોગ્ય ત્યારે, એવું હુકમનામું બજાવવાનો અધિકાર હોય તેવી બીજી કોઈ પણ કોર્ટ ઉપર પ્રીસેપ્ટ કાઢીને હુકમનામાના દેણદારની જે મિલકત સદરહુ પ્રીસેપ્ટમાં લખી હોય તે જપ્ત કરવાનું ફરમાવવાને મુખ્ત્યાર છે.

પ્રોસેપ્ટ.

(૨) જે કોર્ટ ઉપર પ્રીસેપ્ટ મોકલી હોય તે કોર્ટે સદરહુ મિલકત, હુકમનામાની બજાવણીમાં મિલકત જપ્ત કરવા સંબંધી જે રીત ઠરાવીછે તે રીતે, જપ્ત કરવા માંડવી.

પણ એવું ઠરાવ્યું છે કે પ્રીસેપ્ટ મુજબ ચલાવવાનું જપ્તીનું કામ, જપ્તીની મુદત હુકમનામું કરનારી કોર્ટના હુકમ ઉપરથી વધારી ન હોય તો અથવા એવી જપ્તીની મુદત પુરી થતાં પહેલાં જપ્તી કરનારી કોર્ટને હુકમનામું મોકલવામાં આવ્યું ન હોય અને હુકમનામાવાળાએ એવી મિલકત વેચવા માટે હુકમ મળવા સારૂ અરજી કરી ન હોય તો, બે મહિના કરતાં વધારે મુદત સુધી ચાલું રહેવું ન જોઇએ.

ટીકા—આ એક નવો ઠરાવ છે, તેનો વીચાર ઇંગલાંન્ડમાં જે રીવાજ ચાલુ છે તે ઊપરથી કરવામાં આવેલો છે. આ "પ્રીસેપ્ટ" (હુકમ) ને બજાવણીનો કાંઇ હુકમ કાહાડતા પહેલાં ઓરડર ૨૧ રૂ. ૧૨ પ્રમાણે ફાઇલ કરવો જોઇએ, તેમાં દાવો કેવો છે તે કામના કાગળો બતાવેલા હોય તે, જે ફેંશલાથી અથવા હુકમથી બજાવણી કરવાને ફરમાવેલુ હોય તે ફેંશલા અથવા હુકમની તારીખ, પક્ષકારોનાં નામ, કોના ઊપર બજાવણી કરવાની છે તે અને તે ઊપર જે પક્ષકાર તે કડાવે તે પક્ષકારે અથવા તેના એટરનીએ સહી કરવી જોઇએ. આ દસ્તાવેજ ફાઇલ કરવામાં આવે એટલે બજાવણીનો હુકમ કરવામાં આવે છે અને જે જીલ્લા અથવા પ્રગણામાં તે દેણદાર અથવા તેની મીલકત જપ્ત કરવાની હોય તે જીલ્લા અથવા પ્રગણાના શેરીફ અથવા બીજા અમલદાર તરફ તે મોકલવામાં આવે છે.

એપેનડીક્શ ઇ. નમુના નંબર. ૧—તેમાં પ્રેશેપ્ટનો નમુનો બતાવ્યો છે તે આ કલમ પ્રમાણે ઊપયોગમાં લેવાને ઇરાદો રાખેલો છે, અને નમુના નંબર. ૨ તે પ્રીસેપ્ટ ઊપરથી ચાલેલા કામમાં જે પરીણામ થએલો હોય તે બાબતનુ એક સર્ટીફીકટ છે. આ કલમમાં

પ્રકત જે કોર્ટમાં દાવો અથવા પ્રોશીડીંગ ચાલુ હોય તે કોર્ટની હકુમત બાહારની મીલકતની તે દરમીયાન જપ્તી કરવાને ઠરાવ કરેલો છે અને તેમાં સ્પષ્ટ ઠરાવ્યુ છે કે તે હુકમ કાહાડનારી કોર્ટ કાંઇ મુદ્દત વધારે નહી તો અથવા તે દરમીયાન હુકમનામુ ટ્રાંશફર કરેલુ ના હોય અને હુકમનામાવાળાએ વેચાણ કરવાને અરજ કરેલી ના હોય તો બે માસ પુરા થાય એટલે તે જપ્તી પણ રહેતી નથી

આ વીશેપ ઠરાવનો હેતુ એવો જણાય છે કે જે કોર્ટમાં હુકમનામુ મોકલેલુ હોય તે કોર્ટમાં તે દરમીયાન જપ્તી પુરી થતા પહેલાં હુકમનામાવાળો બજાવણી કરવાને દરખાસ્ત કરે તો તે મીલકત ફરીથી જપ્ત કરાવવાની જરૂર નથી; જો તે વાર લગાડે તો, ફરીથી જપ્ત કરવાની જરૂરી થાય છે.

હુકમનામું બજાવનારી કોર્ટે નિકાલ કરવાની તકરારો.

૪૭. (૧) જે ફરિયાદ ઉપરથી હુકમનામું થયું હોય હુકમનામું બજાવનારી હોય તે ફરિયાદના પક્ષકારો વચે અથવા તેમના વારસ વકીલો કોર્ટે નિકાલ કરવાની વચે હુકમનામું બજાવવા વિશે, અથવા તેમાંથી છુટા થવા તકરારો. વિશે અથવા તેની ભરપાઇ વિશે જે તકરારો ઉત્પન્ન થાય તે સઘળીનો નિર્ણય હુકમનામું બજાવનારી કોર્ટે કરવો. તેમને વાસ્તે જૂદી ફરિયાદ નહીં ચાલે.

(૨) કોર્ટને મુદ્દત સંબંધી અથવા હકુમત સંબંધી જે હરકત લેવામાં આવે તેને પાત્ર, આ કલમ મુજબ ચાલેલા કામને ફરિયાદ તરીકે ગણવાનો અથવા ચાલેલી ફરિયાદને કામ તરીકે ગણવાનો, અને જરૂર હોય તો કાંઇપણ વધારાની કોર્ટ ફી આપવાનું ફરમાવવાનો અધિકાર છે.

(૩) કોઇપણ શખસ પક્ષકારનો વારસ વકીલ છે કે નહિ એ વિશે કાંઇપણ તકરાર ઉત્પન્ન થાય ત્યારે, એવી તકરારનો નિર્ણય આ કલમનાં કારણસારૂ કોર્ટે કરવો જોઇયે.

ખુલાસો—આ કલમનાં કારણ સારૂ, જે વાદીની ફરિઆદ કાહાડી નાંખી હોય તે વાદી અને જે પ્રતિવાદી સામેની ફરિયાદ કાઢી નાંખી હોય તે પ્રતિવાદી ફરિયાદના પક્ષકાર છે.

ટીકા—સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની ક. ૨૪૪. આ કલમ હાયકોર્ટોને તથા પ્રોવીન્શીયલ સ્મોલકોઝ કોર્ટોને તથા સને ૧૮૬૬ ના એકટ ૨૦ ની ક. ૫૩ પ્રમાણે કરેલા હુકમનામાની બજાવણીને લાગુ થાય છે (શ્રીબલવ વી. બાબુરામ (૧૮૮૬) ૧૨ ક. ૫૧૧; ત્રીકમભટ વી. ફરનાન ડીંઝ (૧૮૮૧) ૫ મુ. ૬૭૩), પણ સને ૧૮૫૯ ના એકટ ૧૦ મા પ્રમાણે ચાલેલા કામને લાગુ થતી નથી (બજો વી બૃસીરૂનીસા (૧૮૮૮) ૧૫ ક. ૧૮૩)

સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની આવી કલમ પ્રમાણે ચાલેલુ કામ તે કલમ ૧૦ ના હેતુ પ્રમાણે એક દાવો નથી (વેંકટ વી. વેંકટરામ (૧૮૯૯) ૨૨ મ. ૨૫૬)

હુકમનામું બજાવનારી કોર્ટ.—તેમાં અશલ કોર્ટ અને જો કાંઇ કોર્ટમાં બજાવવા સારૂ હુકમનાંમુ મોકલેલુ હોય તે કોર્ટએ બેઊ કોર્ટો આવી જાય છે (ગાઝીદીન વી. ફકીર (૧૮૮૫) ૭ અલ્હા. ૭૩)

રેવન્યુ કોર્ટ.—આ કલમ એકાદી રેવન્યુ કોર્ટને લાગુ થતી નથી. માટે એક રેવન્યુ

કોર્ટનુ હુકમનાંમુ અપીલમાં ફેરવેલું હોય તેથી એકાદા સખસને નાંણા પાછાં લેવાનો હક થયો હોય તો તે શખસને ઇલાજ બજાવણીની દરખાસ્ત કરવાનો છે અથવા જુદો દાવો લાવવાનો એ બેઊ છે (માસીહ ઊલ્લાખાંન વી. મજીદુનીસા (૧૯૦૪) ૨૬ અલ્હા. ૪૯)

જુના કાયદાની ક. ૨૪૪ ના ઠરાવોની ઘણી તકરારો થયેલી છે તે ઉપરથી તેમાં ફેરફાર કરીને આ કલમનો ઠરાવ કરેલો છે

દરમીયાંન ઊપજ.- દરમીયાંન ઊપજની તથા વ્યાજની રકમ હુકમનામા પ્રમાણે કેટલી થાય છે તે વીશેના શવાલોનો હમેશાં સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની ક. ૨૪૪ મી પ્રમાણે નીર્ણય કરવામાં આવેલો છે, પણ તે સ્પષ્ટ રીતે આ કલમમાં બતાવેલો નથી, કારણ કે તે બાબતની જુની પેટા કલમ બીલકુલ છોડી દીધેલી છે. તે ફેરફાર કરવાનુ કારણ એછકે તે કાયદો સંગ્રહ કરનારાઓના અભીપ્રાયમાં એવુ આવેલુ છે કે આવા શવાલોનો નીર્ણય હુકમનામાથી થવો જોઇએ અને બજાવણીમાં થવો ના જોઇએ(જુઓ સ્પેશીયલ કમીટીનો રીપોર્ટ). આખરના હુકમનામા વીરૂદ્ધ આરંભના હુકમનામાનો ઠરાવ છે તેથી આ રીવાજ દાખલ કરવાને સહેલું પડે છે. વાદીનો હક ઠરાવા તથા કબજો અપાવાનો હુકમ આરંભના હુકમનામામાં દાખલ કરી શકાય છે. અને વળી તે હુકમનામામાં યોગ્ય હકીકત હોય તો દાવો દાખલ કર્યા તારીખ સુધીની વાદીની લેણી થયેલી દરમીયાંન ઉપજની રકમ ઠરાવી શકાય છે (જુઓ ઓર્ડર ૨૦ રૂલ ૧૨). આવું એકાદુ હુકમનામું અપીલ કરવા લાયક અને બજાવણી કરવા લાયક છે. જુઓ કલમ ૩૬ અને કલમ ૨ ની નોટ. (૨) અને (૩). જુઓ "હુકમનામુ" અને "હુકમનામાવાળો", તેથી કરીને દાવો દાખલ કર્યા પછીની દરમીયાંન ઉપજની રકમ વીષે તજવીજ કરવાથી તે કામમાં વાર લાગતી નથી. આ તજવીજમાં જે પરીણામ થાય તે અસલ દાવામાં આખરનું હુકમનામુ કરવામાં આવે તેમાં લખવાનો છે. સારાંશમાં તે કાયદાના સંગ્રહ કરનારાઓએ તે રીવાજ બતાવેલો જણાય છે. પરંતુ આ કલમ અને ઓર્ડર ૨૦ રૂલ ૧૨ ના શબ્દો ઘણા વધારે બારીકીથી જોતાં એવું જણાય છે કે જુનો રીવાજ જારી રાખવાને કાયદા કરનારાઓએ બીલકુલ અટકાવ કરેલો નથી.

ઓર્ડર ૨૦, રૂલ ૧૨ માં આગળના કાયદાની કલમ ૨૧૧ અને ૨૧૨ ના ઠરાવો પ્રમાણે કોર્ટના અખત્યારનો અગત્યનો ફેરફાર કર્યા શીવાય તે ઠરાવો દાખલ કરેલા છે અને આ કલમથી ઠરાવ્યું છે કે બજાવણી સબંધીના તમામ સવાલોનો નીર્ણય હુકમનામુ બજાવનારી કોર્ટે કરવાનો છે. માટે આ કલમના હેતુ પ્રમાણે બજાવણી સબંધી દરમીયાંન ઉપજ અને વ્યાજ કાંઇ સવાલ છે કે નહિં અને છે તો કયાં છે એ વીષેનો વીચાર કોર્ટે પોતે કરવાનો છે:—જુના કાયદા પ્રમાણે દરમીયાંન ઉપજ સબંધીના ફેંસલાઓ કલમ ૨ (૧૨) નીચે માલુમ પડે છે. જુઓ દરમીયાંન ઉપજ તથા ઓડર ૨૦, રૂલ ૧૨.

દાવાના પક્ષકારો.—તે ખુલાસા ઉપરથી એક બીજા વીરૂદ્ધ થયેલા ફેંસલાઓ રહેતા નથી અને એકાદો દાવો અથવા તેનો ભાગ કાહડી નાંખવાથી નીશબત રાખનારા પક્ષકારો આ કલમના હેતુ બહાર જતા નથી. તે સવાલ એકાદા દાવાના પક્ષકારો જે કામમાં દાખલ હોય તેમની વચમાં ઉત્પન થવો જોઇએ (મોહેન્દ્ર નારાયણ વી. ગોપાળ મંડળ (૧૮૯૦) ૧૭ ક. ૭૬૯ પા. ૭૭૭; રમણ વી. મપીલ નાયર (૧૮૯૧) ૧૪ મ. ૪૭૮) પછી તે ખરી રીતે ઉત્પન થયેલો હોય કે ખોટી રીતે ઉત્પન થયેલો હોય તેની ચીંતા નથી (ભગબતી વી. ભોની (૧૮૭૮) ૨ ક. લા. રી. ૫૦૫). પરંતુ જે કાંમમાં તેવી રીતે સવાલ ઉત્પન થાય તે સવાલ જરૂર વગરના પક્ષકારોને વધારવાથી દુર કરી શકતો નથી (કીરટો મોહીની વી. કાળી પ્રસન્નો (૧૮૮૨) ૮ ક. ૪૦૨); તેમ એકાદો હુકમનામાવાળો

ખરીદદાર થવાથી પક્ષકાર થતો બંધ થતો નથી. (ભત્યા વી. આપા સાંમી (૧૮૯૦) ૧૩ મ. ૫૦૪). જે વખતે દરમીયાન ગીરી કરનારા સખસોના દાવા વિષે ફેંસલા કર્યા વિના દાવાનો નીકાલ કરવામાં આવ્યો હોયતો તે દરમીયાન ગીરી કરનારા સખસો તે દાવાના પક્ષકાર નથી (કાળકા પ્રસાદ વી. વસંતરાંમ (૧૯૦૧) ૨૩ મ. ૬૪૬). વહેંચણ બાબતના એક દાવામાં સામા પક્ષકારોની માથે એક હીસ્સા બાબત દાવો રાખ્યો હતો. તે પક્ષકારોએ તે દાવાનું સમાધાન કર્યું અને તેણીની પીઠ પાછળ એક હુકમનામું કરવામાં આવ્યું તેથી અમુક મીલકતનો તેણીનો કબજો ગયેલો હતો. ઠરાવ્યું છે કે તેમા તે દાવાની પક્ષકાર હતી અને તેણીનીજ એવી હરકત છે કે તે હુકમનામુ મને બંધનકારક નથી અને મને કબજો પાછો અપાવો જોઇએ એવો તેણીનો દાવો છે તે વીષે આ કલમ પ્રમાણે ફેંસલો કરવો જોઇતો હતો (શંકરવદી વામલ વી. કુમાર સાંમી (૧૮૮૫) ૮ મ. ૪૭૩; જુઓ ગોર કીશોર વી. મહમદ હાસમ (૧૮૬૮) ૧૦ વી. રી. ૧૯૧; અને ગૌરી વી, વીગનેશ્વર (૧૮૯૩) ૧૭ મું ૪૯). એક હુકમનામાંની બજાવણીમાં થયેલી લીલાંમથી ખરીદ કરનાર એક પક્ષકાર નથી. વિશ્વનાથ વી. સુબ્બરાયા (૧૮૯૧) ૧૫ મું. ૨૯૦; હીરાલાલ વી. ગોર મોની (૧૮૮૬) ૧૩ ક. ૩૨૬; શીવરાંમ વી. જીવું (૧૮૮૯) ૧૩ મું. ૩૪ અને તેમાં બતાવેલા ઠરાવો, દાવા વાળી મીલકત દાવો ચાલતાંની દરમીયાંન ખરીદ કરનાર હોય તે પણ પક્ષકાર નથી (આગા સૈયદ અબદુલ વી. લોનાઇન (૧૮૬૯–૭૦) ૧૩ મુર. ઇ. અ. ૬૯) તેમ ગીરો રાખનારે પૈસા બાબતનું હુકમનામુ મેળવેલું હોય તેની બજાવણીમાં હુકમનાંમાના દેણદારના હકો વેચવામાં આવેલા હોય પણ ગીરોના બીજા સાથે વેચવામાં આવેલા હોય તેથી જે દાવામાં હુકમનામું કરવામાં આવેલું છે તે દાવામાં પક્ષકાર નથી (નારાયણ આચારજી વી. ગ્રેગરી (૧૮૬૭) ૮ વી. રી. ૩૦૪), તેમ એકાદો જે સખસ જો કે અસલ પ્રતીવાદી હોય પરંતુ તે હુકમનાંમાના અમલમાંથી છુટો કરેલો હોયતો તે પક્ષકાર નથી (ગોરકીશોર વી. મહમદ હાસીમ (૧૮૮૮) ૧૦ વી. રી. ૧૯૧; જ્યારે એક દરમીયાંન ગીરી કરનારને પ્રતીવાદી કરેલો હોય અને તેને હુકમનાંમાના અમલમાંથી છોડી દીધેલો હોય પણ અપીલ કોર્ટે ખર્ચ આપવાને તેને હુકમ કરેલો હોય તો તે સખસ હક તે દાવાનો પક્ષકાર જારી છે. (હરીકીશોર વી. કાળીકીશોર (૧૮૬૭) ૮ વી. રી. ૧૧૪) એક હુકમનાંમાના ખરીદદારની વચ્ચે અને તેને વેચાણ આપનારની વચ્ચેના સવાલની બાબતમાં તે ખરીદદાર તે દાવાનો પક્ષકાર નથી. (મહાબીરસીંગ વી. રામભગવાન (૧૮૮૫) ૧૧ ક. ૧૫૦ તેમ સ્પર્ધા કરનાર હુકમનાંમાવાળાઓ એક બીજા વીરૂદ્ધ તેની તેજ મીલકત જપ્ત કરાવાને માગતા હોય (અબઝલ ઉન્નીસા વી. પાર્વતી કુવર (૧૮૬૫) ૨ વી. રી. પ્રા ૪૨; રામચંદ્ર વી. મસટ હમીરન (૧૯૦૭) ૧૧ ક. વી. નોટ ૪૭૩). અથવા તે મીલકતની વહેંચણી વીષે તકરાર કરતા હોય (દીનદયાળ વી. રાધામદન (૧૮૬૮) ૯ વી. રી. ૨૨૩; સંજીવી વી. રામાસાંમી (૧૮૮૫) ૮ મ. ૪૯૪). તે પક્ષકાર નથી તેમ જપ્ત કરેલી મીલકતના વેચાંણ બાબત એક ત્રાહીત પક્ષકાર હરકત લેતો હોય તે પણ પક્ષકાર નથી (લછીપતસીંગ વી. લેખરાજ રાય (૧૮૬૫) ૨ વી. રી. પ્રા. ૩૬; રઘનાથદાસ વી. બદ્રીપ્રસાદ (૧૮૮૪) ૬ અ. ૨૧; શીવુ વી. મતુસાંમી (૧૮૮૭) ૧૦ મ. ૫૩) તેમ દાવો દાખલ કર્યા પછી પ્રતીવાદીએ ઉત્પન કરેલા હકની એક સખસ હક રાખતો હોય તે પક્ષકાર નથી (અમીરૂન્નીસા વી. અબેદુન્નીસા (૧૮૭૧) ૧૬ વી. રી. ૩૦૭) તેમ એકાદા કલેકટર ઓર્ડર ૩૩, રૂલ ૧૫ આગળ બતાવેલા છે તે પ્રમાણે કોર્ટ ફી માગતા હોય તો તે પક્ષકાર નથી. (રત્નાગીરીના કલેકટર વી. જનાર્દન (૧૮૮૨) ૬ મું. ૫૯૦; કેનેરાના કલેકટર વી.

ઠીક્ષાપા (૧૮૯૧) ૧૫ મું. ૭૭; અલ્હાબાદમાં તેમ નથી જાનકી વી. અલ્હાબાદના કલેકટર (૧૮૮૭) ૯ અ. ૬૪; સેક્રેટરી ઓફસ્ટેટ વી. ભગવતી (૧૮૯૧) ૧૩ અ. ૩૨૬) તેમ એક પક્ષકાર હાજર થવા સારૂ એકાદો સખસ જામીન થયેલો હોય તો તે સખસ દાવાનો પક્ષકાર નથી (સીકુરામ અગરવાળા વી. કમલાકાંત દે (૧૦૬૫) ૨ વી. રી. ૬૫) એક સગીર વાદીના ઇષ્ટ મીત્ર વીરૂદ્ધ એક દાવો કહાડી નાંખ્યાનું હુકમનાંમુ કરેલુ તેમાં સરકારની લેણી કોર્ટ ફી આપવાને એક હુકમ કરવામાં આવ્યો હતો તેમાં ઠરાવ્યું છે કે તે કલેકટર પક્ષકાર નથી અને ઓર્ડર ૩૩, રૂલ ૧૧ પ્રમાણેનો એક હુકમ એક ઇષ્ટ મીત્ર વીરૂદ્ધ કરેલો હોય તેનો અમલ કરવા ચાલેલા કાંમમાં આવો ઇષ્ટ મીત્ર તે દાવાનો પક્ષકાર નથી (ટ્રીચીના પોલીના કલેકટર વી. શીવરાંમ ક્રીશ્ન (૧૯૦૦) ૨૩ મ. ૭૩)

એકાદો પક્ષકાર બીજાની તરફથી પ્રતીનીધી તરીકે દાવો કરે તો તે કલમના હેતુ પ્રમાણે તે દાવાનો પક્ષકાર છે (વાહેદ અલ્લી વી. જુમાઇ (૧૮૭૨) ૧૧ બં. લા. રી. ૧૪૯; (૧૮૭૨) ૧૮ વી. રી. ૧૮૫; ઓસ્ટ મુન્નીસા વી. અમીરૂન્નીસા (૧૮૭૩) ૨૦ વી. રી. ૧૬૨; બદુરામાયા વી. વ્યંકાયા (૧૮૬૬) ૩ મ. હા. કો ૨૬૩; અને પેહલેથી દાવામાં કાયદેસર વારસ વકીલોને વધારવામાં આવેલા હોય અને જેઓને હુકમનાંમુ થયા પછી વધારવામાં આવેલાં હોય તેઓની વચમાં કાંઇ તફાવત નથી શેઠચંદ વી. દુર્ગા (૧૮૯૦) ૧૨ અ. ૩૧૩; વળી જુઓ અરૂંધતી વી. નાલેશા (૧૮૮૨) ૪ મ. ૩૫૧) અને તેમજ કરતાં પહેલાં તે હુકમનામાનો અથવા તેના કાંઇ ભાગનો યોગ્ય રીતે અમલ કરવા માટે એકાદો જે સખસ જામીન થયેલો હોય તે છે. (ગોરી લાલ વી. શીવનારાયણ (૧૮૬૭) ૮ વી. રી. ૨૪) સુલેમાન વી. શીવરામ (૧૮૮૮) ૧૨ મું. ૭૧)

હુકમનામાની બજાવણીમાં એક કાયદેસર વારસ વકીલ પોતાની મીલકત તરીકે હક રાખતો હોય તો તે તકરારનો આ કલમમાં સમાસ થાય છે અને ઓર્ડર ૨૧ રૂલ ૫૭ પ્રમાણેની તે તકરાર નથી. (શેઠચંદ વી. દુર્ગા (૧૮૯૦) ૧૨ અ. ૩૧૩; રાજરૂપસીંગ વી. રામગુલામરાય (૧૮૮૯) ૧૬ ક. ૧; કુચોલી વી. મેયન (૧૮૮૪) ૭ મ. ૨૫૫; રેવુની વી. કંજુ (૧૮૮૭) ૧૮ મ. ૧૧૭; નીબા વી. સીતારામ (૧૮૮૫) ૯ મું. ૪૫૮; પંચાનન વી. રેવીયા (૧૮૯૦) ૧૭ ક. ૭૧૧; સીતારામ વી. ભગવાન (૧૮૮૫) ૭ અ. ૭૩૩). પરંતુ હુકમનામાનો જે ભાગ બજાવવામાં આવેલો હોય તેથી તે હરકત લેનારને બંધન હોવું જોઇએ નહિં. (જંગીનાથ વી. કુંડો. (૧૮૮૯) ૧૧ અ. ૭૪; બક્ષીરામ વી. શીવપરગાસ (૧૮૮૬) ૧૨ ક. ૪૫૩; મંગેશર કુંવર વી. જમુના (૧૮૮૯) ૧૬ ક. ૬૦૩); પરંતુ એવું ઠરાવામાં આવ્યું છે કે એકાદો દેણદાર જો એવી હરકત લેતો હોય કે જપ્ત કરેલી મીલકત વકફ તરીકે મારા કબજામાં છે (નથમલ વી. તોજામલ (૧૮૮૫) ૭ અ. ૩૬) અથવા હરકોઇ હક તેનો જાતીકો ન હોય (રાંમગુલામ વી. હજારૂ કુંવર ૭ અ. ૫૪૭; સીતારામ વી. ભગવાનદાસ (૧૮૮૫) અ. ૭૩૩) આવો કબજો માલેક તરીકે નથી પણ ટ્રસ્ટી તરીકેનો છે. માંટે બજાવણીમાં કરેલા ફેંસલાથી તે લેવાએલા નથી (શંકર દયાળ વી. અમીર હૈદર (૧૮૭૯–૮૦) ૨ અ. ૭૫૨; રૂપલાલ વી. બકાની (૧૮૮૮) ૧૫ ક. ૪૩૭; અને શેઠચંદ વી. દુર્ગા (૧૮૯૦) ૧૨ અ. ૩૨૩–૩૨૪ ના કાંમમાં ચીફ જસ્ટીસ એજ સાહેબનો ફેંસલો જુઓ; ગોરમોની વી. જગત (૧૮૯૦) ૧૭ ક. ૫૭; વળી જુઓ પંચાનન વી. રેબીયા (૧૮૯૦) ૧૭ ક. ૭૧૧, અને એક દાવાના પક્ષકારની સ્થીતી અને જે હરકત ખરેખરી હોય અને ઓર્ડર ૨૧, રૂલ ૫૭ પ્રમાણે એક હરકત ફકત રૂપનીજ હોય.

એમ ના હોયતો તેવા એકાદા ત્રાહીત સખસની સ્થીતી વચે કાંઇ ભેદ નથી, રેવુની વી. કુંજુ (૧૮૮૭) ૧૦ મ. ૧૧૭. માટે એકાદા ગીરો રાખનારે ગીરો આપનાર અને ત્રીજો એક પક્ષકાર મીલકત ઉપર જે દાવો રાખતો હતો તેના ઉપર દાવો કર્યો. અને તેણે ગીરો આપનાર ઉપર પૈસા બાબતનું હુકમનાંમુ તથા તે મીલકત વેચવાનો હુકમ મેળવ્યો; તે વેચ્યા પછી તેણે બીજી મીલકત ઉપર કાંમ ચલાવ્યું પણ તેમાં ત્રાહિત પક્ષકારે પોતાની મીલકત તરીકે દાવો રાખ્યો હતો તેમાં ઠરાવ્યું છે કે ગીરોવાળી મીલકત શીવાય તે દાવાનો પક્ષકાર નથી અને તે દાવો ઓર્ડર ૨૧ રૂલ ૫૮ પ્રમાણેનો છે. જગીનાથ વી. ફંડુ (૧૮૮૯) ૧૧ અ. ૭૪. અને સાધારણ રીતે ઓર્ડર ૨૧ રૂલ ૫૮ પ્રમાણે એકાદી હરકત લીધેલી હોય અને હુકમનાંમાના દેણદારના વારસ વકીલે તે હરકત લેનારના વારસ વકીલ થતા હોયતો તે ઠરાવ આ કલમ પ્રમાણે નથી બાહેરીલાલ વી. ગૌરીશાહી (૧૮૮૬) ૮ અ. ૬૬૬). પક્ષકારોને અસલથી દાવામાં પક્ષકાર કરેલા હતા પણ હુકમનામાના અમલમાંથી તેઓને ખુલ્લી રીતે છોડી દીધેલા છે તેથી આ કલમના હેતુ પ્રમાણે તેઓને દાવાના પક્ષકાર નથી. હુકમનામાવાળાએ તેઓની મીલકત જપ્ત કરાવેલી તેથી તેઓની હરકતો ઓર્ડર ૨૧, રૂલ ૫૭ પ્રમાણેની હરકતો છે એમ ગણવું જોઇએ (મુકરા હુસેન વી. હરમતુ વીસા (૧૮૯૬) ૧૮ અ. ૫૨. પણ જુઓ કલમ ૨૪૮ રકમ (ક). ૧૮૮૨ના એકટ ૧૪ (ઓર્ડર ૨૧, રૂલ ૫૭) અને ઓર્ડર ૨૧ની રૂલ ૫૭ નીચેના ઠરાવો. મીલકત ઉપરના દાવા") વાદીના બાપ અને તેના મોટામાં મોટા ભાઈ ના વીરૂદ્ધ પ્રથમની વખતોએ હુકમનાંમાની બજાવણીનું કામ ચાલેલું પણ તેમાં વાદીઓ પક્ષકારો આગળના કાયદાની તેત્રીજ કલમના હેતુ પ્રમાણે પક્ષકારો નથી (કીશ્નજી વી. વીઠુલરાવ (૧૮૮૮) ૧૨ મું ૮૦)

પ્રતીનીધીઓ.—પેટા કલમ (૩) થી આ કલમ પ્રમાણે પ્રતીનીધીઓ વીષે જે સવાલો ઉત્પન થતા હોય તે સવાલોનો નીર્ણય કરવાન કોર્ટને ફરજ પાડેલી છે અને તે પક્ષકારોને જુદો દાવો કરવાને મોકલવાનું કોર્ટની મરજી ઉપર રાખેલું નથી. આ કલમથી આવા સવાલોનો નીર્ણય કરવાને અખત્યાર આપેલો છે. માટે હુકમનાંમા કરનારી કોર્ટનો હુકમનામાના દેણદારના કાયદેસર વારસ વકીલો ઉપર કલમ ૫૦ પ્રમાણે હુકમનાંમુ બજાવાને પરવાનગી આપવાનો જે અખત્યાર છે તેમાં કોઇ રીતે ઓછું થાય છે એમ સમજવું ન જોઇએ (સ્વામીનાથ વી. વેદનાથ (૧૯૦૫) ૨૮ મ. ૪૬૬). સને ૧૮૮૨ ના એકટ ૧૪ તે કલમના હેતુ સારૂ આ શબ્દનો અર્થ કરવામાં નીચે પ્રમાણેના ફેંસલાઓ ઉપયોગી થાય છે. (ઇશનચંદ્ર સરકાર વી. વેજમાધવ સરકાર (૧૮૯૭) ૨૪ ક. ૬૨ (ફૅક. બ); (૧૮૯૬) ૧ ક વી નો ૨૩૭; તે પ્રમાણે બાસુદેવ ગીરો વી. વ્રજમોહન જતના કામમાં ચાલવામ આવ્યું છ (૧૯૦૨–૩) ૭ ક. વી. નોટ ૫૪; અને કાહરી વી. ઠાકરદાર (૧૯૦૬) અ. વી. નોટ ૮૭. વળી જુઓ બદ્રીનારાયણ વી. જેકીશનદાસ (૧૮૯૪) ૧૬ અ. ૪૮૩; હારબક્ષ સરકાર વી. ફ્રાતીકનલી (૧૮૯૮–૯) ૩ ક. વી નોટ ૨૨૨; ૧૬ ક. ૨૫૦; તે પ્રમાણે સુરેંન્દ્ર વી. ગોપી (૧૯૦૫). ૩૨ ક. ૧૦૩૧ ના કામમાં ચાલવામાં આવેલું છે; (૧૯૦૫) ૯ ક. વી. નોટ ૮૨૪; અજગર વી. અસાબોદીન (૧૯૦૪) ૯ ક. વી. નોટ ૧૩૪; ગુલઝાઇલાલ વી. માધોરામ (૧૯૦૪) ૨૬ અ. ૧૪૭ આ ફુલબેંચના ઠરાવથી ગોર સુંદર વી. હેમચંદ્ર (૧૮૮૯) ૧૬ ક. ૩૫૫ નો ઠરાવ રદ કરેલો છે.)

જ્યારે હુકનામાના દેણદાર સંબંધી વારસ વકીલ (પ્રતીનીધી) એવો શબ્દ વાપરેલો હોય તો તેથી ફકત તેનો વારસ વકીલ છે એવો હેતુ નથી એટલે તેના વારસ એકઝીકયુટર અથવા એડમીનીસ્ટ્રેટર એવો હેતુ નથી પણ તેની તરફથી જે હીત રાખતા હોય તે પણ છે

તેમાં એક ખરીદ કરનાર તેવા હીત સંબંધી તે હુકમનામાંથી બંધાએલો હોય છે તે આવી જાય છે. જામીની વી. દેબી (૧૯૦૬) ૪ ક. લા. જે. ૧૫૨; અને જુઓ પીયારી વી. ચંદી (૧૯૦૭) ૫ ક. લા. જે. ૮૦; વળી બીસ્તુ નારાયણ વી. ગંગા (૧૮૯૯) ૧૧ વી. રી. ૩૫૮; અને ભવાનીશંકર વી. નારણશંકર (૧૮૯૯) ૨૩ મુ. ૫૩૬; એક અપીલના હુકમનામાના ગાંમીની વી. ધારીના (૧૯૦૬) ૩૩ ક. ૮૫૭; ૪ ક. લા. જે. ૧૫૨) એક હુકમનાંમુ ચઢાવી લેનાર પાસેથી પાછળથી ચડાવી લેનાર ઓરડર ૨૧ રૂ. ૧૬ (જુના કાયદાની ક. ૨૩૨) પ્રમાણે તેમાં આવી જાય છે એવું ઠરાવેલું છે. (ગંગાદાસ વી. તાકબઆલી (૧૯૦૦) ૨૭ ક. ૬૭૦). પરંતુ પાછળના એક કલકતાના કાંમમાં એક લીલાંમમાંથી ખરીદ કરનારનો અશાધની તે શબ્દના હેતુ બાહારનો છે એવુ ઠરાવેલુ છે (શ્રીનાથ પૌલ વી. રોમનાથ સંત્રા (૧૮૯૮-૯૯) ૩ ક. વી. નો. ૨૭૬. આ છેલા બે ઠરાવો બેસતા ઠરાવવાને મુશકલ છે).

ચડાવી આપવા લાયક કબજાવાળી જમીનનો ગીરો રાખનાર એક સાંથના હુકમનામાંની બજાવણીમાં પહેલાં દાવો રાખતો હોયતો તે એક પ્રતીનીધી છે (શ્રીમતી નીસા વી. રાધા ક. માંણીકીયા (૧૯૦૭) ૧૧ ક. વી. નોટ ૩૧૨).

જપ્તીથી થએલુ વેચાણ હુકમનામાની બજાવણીમાં કરવામાં આવેલુ તેમાંથી તે વખતે જે ખરીદ કરનાર હોય તે તેને વેચાંણુ આપનાર હુકમનાંમાના દેંણદારનો વારસ વકીલ છે (ગુરપ્રસાદ વી. રાંમલાલ (૧૮૯૯) ૨૧ અ. ૨૦; લાલજીમલ વી. નંદકીશોર (૧૮૯૭) ૧૯ અ. ૩૩૨). પરંતુ હુકમનામું થતા પહેલાં એકાદુ હીત થાય તો, તેનો માલેક એક પ્રતીનીધી નથી (કાંમેસ્વર પ્રસાદ વી. રણ બાહાદુર (૧૮૮૬) ૧૨ ક. ૪૫૮; રાશ બેહારી વી. કાશી મોઇ (૧૮૮૧) ૭ ક. ૪૦૩; જુઓ બંગશીદાર વી. કેદારનાથ મંડળ (૧૮૯૬) ૧ ક. વી. નો. ૧૧૪; અને કલુ વી. ભગબતી (૧૯૦૧-૨) ૬ ક. વી. નો. ૧૨૭; વીરૂધ પરમાનંદદાસ વી. વલભદાસ (૧૮૮૭) ૧૧ મુ. ૫૦૬; રાંમચંદ્ર વી, માહાદાજી (૧૮૮૫) ૯ મુ. ૧૪૧; તે પ્રમાંણે બેહારી વી. ગણુપત (૧૮૮૮) ૧૦ અલ્હા. ૧ ના કાંમમાં ચાલવામાં આવેલુ નથી). માટે એક એકઝીકયુટરે કોર્ટના એક હુકમથી વશીયત કરનારની ઉત્તર ક્રીયાના ખર્ચ માટે બ પાસેથી એક રકમ કરજે લીધી, પણ તે વીલ વારશે રદ કરાવેલુ હતુ માટે તે વારસ તે એકઝીકયુટરોનો પ્રતીનીધી નથી એવુ ઠરાવેલુ છે (ફેઇનદ્રો વી. જગદીસ્વરી (૧૮૮૭) ૧૪ ક. ૩૧૭). વાદીનુ હીત ખરીદ કરનાર કામમાં દાખલ થએલો ન્હોતો તેથી તે એક પ્રતીનીધી નથી (મહાબીરસીંગ વી. રામભગવાન (૧૮૮૫) ૧૧ ક. ૧૫૦; હાબોધર વી. હર ગોબીંદ (૧૮૮૬) ૧૨ ક. ૧૦૫; સંબાશીવ. વી. શ્રીનીવાસ (૧૮૮૯) ૧૨ મદ. ૫૧૧; કાંકીલાલ વી. જવાહીર (૧૮૮૩) ૫ અલ્હા. ૯૪; જગત નારાયણ વી. જગરૂપ (૧૮૮૩) ૫ અલ્હા. ૪૫૨; બેહારી વી. ગણપત; (૧૮૮૮) ૧૦ અ. ૧; પરંતુ જુઓ રાંમચંદ્ર વી. માહાદાજી (૧૮૮૫) ૯ મુ. ૧૪૧); તેમ લીલામમાંથી ખરીદ કરનાર પણ પ્રતીનીધી નથી (શીવરાંમ વી. જીવુ (૧૮૮૯) ૧૩ મુ. ૩૪; વીશ્વનાથ વી. સુબરાયા (૧૮૯૧) ૧૫ મુ. ૨૯૦; મગનલાલ વી. દેશાઇ મુળજી (૧૯૦૧) ૨૫ મુ. ૬૩૧ શેરીફે કરેલા લીલામમાંથી એક ખરીદ કરનારનુ હીત હુકમનામાના દેંણદાર વીરૂધનુ હોયતો, તે ખરીદ કરનાર તે દેંણદારનો પ્રતીનીધી નથી. રામનારાયણ વી. દવારકાનાથ (૧૯૦૦) ૨૭ ક. ૨૬૪; ૪ ક. વી. નોટ ૧૩; અને લીલાંમમાંથી ખરીદ કરનાર તે હુકમનાંમાવાળાનો પ્રતીનીધી છે. માંણકીયા રાજા ગોપાળ (૧૯૦૭) ૩૦ મ. ૫૦૭). પરંતુ એક સખસ એક હુકમનામુ જપ્ત કરાવેતો તે હુકમનામાવાળાનો પ્રતીનીધી છે. (પીયારી મોહન વી. રેમેશ (૧૮૮૮) ૧૫ ક. ૩૭૧;

પ્રમાણે કીશ્નાન વી. વેંકટ પાથી (૧૯૦૬) ૨૯ મ. ૭૧૮ ના કામમાં ચાલવામાં આવેલું છે; સાહા મનમલ વી. ફંગા સાબાપાથી (૧૮૯૩) ૧૬ મ. ૨૦). હુકમનામાના દેણદાર પાસેથી ખાનગી કરેલા વેચાણથી સ્થાવર મીલકતનો એક ખરીદ કરનાર જો તે હુકમનામું ફક્ત પૈસા બાબતનું હોય અને તેથી કાંઇ ખાસ મીલકત ઊપર જવાબદારી ઊતપન્ન કરેલી ના હોયતો તે ખરીદ કરનારને દેણદારનો પ્રતીનીધી નથી (માધોદાસ વી. રામજી પાટક (૧૮૯૪) ૧૬ અલ્હા. ૨૮૬; અને માહાબીર પ્રસાદ વી. વી. પરતાબચંદ (૧૯૦૦) ૨૨ અલ્હા. ૪૫૦. હુકમનામું થયા પછી હુકમનામાના દેણદાર પાસેથી ગીરો રાખનાર જુઓ પરમાનંદ વી. માહાબીર (૧૮૯૭) ૨૦ મ. ૩૭૮) અને તુફેલ વી. બીટોલા (૧૯૦૫) ૨૭ અલ્હા. ૪૭૦). ઓરડર. ૨૧ રૂલ. ૮૩ પ્રમાંણે કોર્ટના અનુમત સાથે ખુશીથી વેચનાર પાસેથી એક ખરીદ કરનાર તે હુકમનામાના દેણદારનો પ્રતીનીધી છે (ગોબરધનરાય વી. બીશનપ્રસાદ (૧૯૦૧) ૨૩ અલ્હા. ૧૧૬). પહેલા ગીરોની રૂએ દાવો ચાલતાની દરમીયાનમાં એક બીજો રાખનાર થએલો હોયતો તે ગીરો આપનારનો પ્રતીનીધી છે (શીવનારાયણ વી. ચુનીલાલ (૧૯૦૦) ૨૨ અલ્હા. ૨૪૩). ઓફીશીઅલ અશાઇની તે હુકમનામાના નાદાર દેણદારનો પ્રતીનીધી છે (મીલર વી. લખીમણી દેબી (૧૯૦૧) ૨૮ ક. ૪૧૯; ૫ ક. વી. ને. ૭૬૧ ને ઠરાવ કાશી પ્રસાદ વી. મીલર (૧૮૮૫) ૭ અલ્હા. ૨૫૨ ના ઠરાવથી જુદો છે). એક હુકમનામાના દેણદારે પોતાની મીલકત જપ્તીમાં રીસીવરના હવાલામાં હતી તે દરમીયાંન કરી આપેલા પટાથી પટે આપેલી હતી તે પટો કરાવી લેનાર પણ પ્રતીનીધી તે પ્રમાંણે છે (મેથીયુશન વી. ગોબરધન ત્રીબેદી (૧૯૦૧) ૨૮ ક. ૪૯૨; ૫ ક. વી. ને. ૬૫૪)

જે કાંમમાં એક કારતાવન ઊપર પ્રતીનીધી તરીકે એક હુકમનાંમું કરવામાં આવેલું હોય તે કાંમમાં એક તારવાડના અંગભુતોએ આ કલમ પ્રમાણે બજાવણીમાં કાંમ ચલાવવું જોઇએ (મરીવીટીલ વી. પાથરાંમ (૧૯૦૭) ૩૦ મ. ૨૨૫). એક દાવામાં એક મરનાર પક્ષકારનો એક શખસ વારસ વકીલ કહેવામાં આવેલો છે તે તેવો વારસ વકીલ છે કીંવા નહીં તે સવાલ અને તે મરનારની મીલકત વારસ પાસે છે તે મરનારની છે કે વારસની જુદી મીલકત છે એ સવાલોનો નીર્ણય આ કલમ (જુના કાયદાની ક. ૨૪૪) પ્રમાણે કરવાનો છે અને જુદા દાવામાં કરવાનો નથી (બેની પ્રશાદ વી. લખના (૧૮૯૯) ૨૧ અલાહાબાદ ૩૨૩). ખાસ ગીરોવાળી મીલકત વેચવાનું હુકમનાંમું જ્યારે બજાવવામાં આવેલું હોય તો જે સખસોને બજાવણીના કામમાં મરનાર હુકમનાંમાના દેણદારના કાયદેસર વારસો તરીકે પક્ષકાર કરેલા હોયતો, તે સખસો એવી તકરાર તે કામમાં કરી શકતા નથી કે તે ગીરો આપનાર તે ગીરો આપવાને મુખત્યાર નહોતો અને તે હુકમનાંમું કરવું જોઇતું નહોતું (શીલાધર વી. ચતુરભંજ (૧૮૯૯) ૨૧ અલ્હા. ૨૭૭; તે પ્રમાણે ખેતરપાળ વી. શ્યામ (૧૯૦૫) ૩૨ ક. ૨૬૫; અને કુંમારેટા વી. શાહાપાથી (૧૯૦૭) ૩૦ મ ૨૬).—

હુકમનામાની બજાવણી સબંધી:—ક. ૨૪૪ કરતાં આ કલમ વધારે ઓહોળી છે; પરંતુ કાયદા કરનારાઓનો જે એવો ઇરાદો છે કે બજાવણીમાં હુકમનામાથી અપાવેલી દરમીયાન ઊપજ અને બ્યાજ સબંધીના તમામ સવાલો વીચારમાંથી બાતલ કરવા તે ઇરાદાને બની શકે ત્યાં સુધી બેશક કોર્ટોએ અમલ કરવાનો છે. આગળના કાયદા પ્રમાણે એવું ઠરાવેલું છે કે એક હુકમનામાના એક અથવા બીજા પક્ષકારની દરખાસ્ત ઊપરથી તે કાયદા પ્રમાણે તે હુકમનાંમું બજાવવા લાયક હોયતો તેનો અમલ કરતાં જે સવાલો ઊતપન્ન થાય તે સવાલો સબંધીજ આ કલમને મળતી કલમ હતી (વાહેદઅલી વી. જમાલ (૧૮૭૬) ૧૧ બં. લો. રી. ૧૪૯).

"ઉતપન્ન થાય" તેનો હેતુ પ્રતક્ષ રીતે ઊતપન્ન થાય (રામબુલામ વી. દ્વારકારામ (૧૮૮૫) ૭ અલ્હા. ૧૭૪ જસ્ટીસ ડરહોઇટ સાહેબ; પરંતુ એટલુ મનમાં યાદ રાખવુ જોઈએ કે આ ઠરાવનો સબંધ અને હેતુ હાલના દાવામાં જે બાબતો વીશે ખરી રીતે તકરાર છે તે બાબત વધારે નવેસર કજીયો અટકાવવાનો છે (જુઓ નોટ (૨) આગળઃ-અને પ્રસનો કુમાર વી કાળીદાસ (૧૮૯૨) ૧૯ ક. ૬૮૩; ૧૯ ઇ. અ ૧૬૬, ના કામમાં પ્રીવી કૌંસીલના નામદાર સાહેબોએ સખારામ ગોબીંદ વી. દામોદર અખારામ (૧૮૮૫) ૯ મુ. ૪૮૮; અને કુરીયાલી વી. મેયન (૧૮૮૪) ૭ મ ૨૫૫ના ઠરાવો તે અપીલ કાહાડી નાંખતાં બતાવી કહ્યુ છે કેઃ-બજાવણીમાં લીલામમાં તમામ હરકતોનો જેમ બને તેમ સોંઘી રીતે અને ઝડપથી નીકાલ કરવો જોઇએ, તે ઘણીજ અગત્યની બાબત છે. નામદારો સાહેબોના અભીપ્રાયમાં ખુશીથી એવુ આવે છે કે હિંદુસ્તાન માંહેની કોર્ટોએ ક. ૨૪૪ મીના ભાષાનો સંકોચવાળો અર્થ કરેલો નથી, અમે જ્યારે જે દાવામાં હુકમનામુ કરવામાં આવેલુ તે દાવાના પક્ષકારો વચે બજાવણી છોડી દેવુ અથવા ભરપાયા હુકમનામાના થયા વીશેનો સવાલ ઊતપન્ન થએલો હોયતો ખરીદ કરનાર તે દાવામાં કાંઈ પક્ષકાર નથી તો પણ તેનુ પરીણામમાં હીત હોય તેથી આ કલમ (જુના કાયદાની ક. ૨૪૪) લાગુ કરવામાં કોઇ દીવશ અટકાવ થાય છે, એવુ ઠરાવેલુ નથી. આ કલમનો કજીઓ અટકાવવાને ઊદારતાથી અર્થ કરવો જોઇએ, પંચાનન વી. રેબીયાબીબી (૧૮૯૦) ૧૭ ક. ૭૧૧).

ઓસેમુનીશા વી. અમીરૂનીશા (૧૮૭૩) ૨૦ વી. રી. ૧૬૨) ના કામમાં બતાવવામાં આવેલુ છે તે પ્રમાણે આ ઠરાવનો હેતુ એવો છે કે " દાવાના પક્ષકારો કોર્ટની રૂબરૂ હોય છે, માટે હુકમનામાની બજાવણી સબંધીના તમામ શવાલોનો નીર્ણય:કરવો તે બરોબર છે, અને આવા સવાલોનો નીર્ણય કરવાને એક જુદા દાવાનુ ખર્ચ થવુ ના જોઇએ. કાયદા કરનારનો ઇરાદો જે હોય તેનો અમલ કરવાને આ ઠરાવનો ઘણોજ બાહોળો અર્થ કરવો જોઇએ (ઓસીમુનીશા વી. અમીરૂનીસા (૧૮૭૩) ૨૦ વી. રી. ૧૬૨) હુકમનામાથી જે હક અને જવાબદારીયો હોય તે વીશેના હરકોઇ સવાલો નવેસર દાવો કરી ઊઠાવવાનો હક પક્ષકારો પાસેથી આ કલમથી લેઈ લેવામાં આવેલો છે (કીશન વી. આનંદરામ (૧૮૭૩) ૧૦ મુ. હા. કો. ૪૨૩; રંગાન સહી વી. શાપાની (૧૮૬૯-૭૦) ૫ મ. હા. કો. ૩૭૫), ફકીરાપા વી. પાંડુરંગ આપા (૧૮૮૨) ૬ મુ. ૭. વળી જુઓ કીસ્તો ગોબીંદ વી. ગંગા પ્રસાદ (૧૮૭૬) ૨૫ વી રી. ૪૭૨; લલીત કુમાર વી. ઇશ્વરચંદ્ર (૧૮૮૧-૨) ૧૦ ક. લા. રી. ૨૫૮; નસરૂદીન વી. વેકટેશ (૧૮૮૧) ૫ મુ. ૩૮૨). માટે નીચેના તમામ સવાલો તે કલમના હેતુ પ્રમાણે છે;. મીલકતની જપ્તી અથવા તેના વેચાણ સબંધીના તમામ સવાલો (પોલકધારી રાય વી. રાધા પ્રસાદ (૧૮૮૨) ૮ ક. ૨૮: લા. રી. ૮ ઇ. અ. ૧૬૫; જોગ માયાદાસી વી. થાકોમોની દાસી (૧૮૯૭) ૨૪ ક. ૪૭૩), એકાદુ વેચાંણ બાહાલ રાખવાની ના કહયાનો હુકમ કરવામાં આવેલો એવા કારણથી કે જે વખતે તે વેચાણ મંજુર કરવાને આજ કરવામાં આવી તે વખતે હુકમનામુ હતુજ નહી (દયામોઇ દાસી વી.થાકોમોની દાસી (૧૮૯૭) ૨૫ ક. ૧૭૫), ૧ ક. વી. નો. ૬૫૬)' એક વહીવટ ના દાવામાં એક રીસીવર નીમવા અથવા ખશેડવા સબંધીના સવાલો (બીડીબાઇ વી. લીમજી (૧૮૮૧) ૫ મુ. ૪૫; અને જુઓ ગુરુ સબંધ વી. વીશ્વલીંગ (૧૮૯૦) ૧૩ મ. ૩૩૮); કલમ ૫૪૬ (ઓરડર ૪૧ રૂલ ૬) પ્રમાણે જામીન આપવા સબંધી તથા તેની રકમ સબંધી (ઇસ્વરગર વી. ચુડાસમા (૧૮૮૮) ૧૨ મું. ૩૦); હુકમનામું કરનારી કોર્ટે અથવા જે કોર્ટને તે મોકલેલુ હોય તે કોર્ટે બજાવણી બંધ

રાખવા સબંધી (હોતીલાલ વી. હરદેવ (૧૮૮૩) ૫ અ. ૨૧૨; ગામીદાન વી. ફકીર (૧૮-૮૫) ૭ અ. ૭૩; પણ જુઓ નીહાલચંદ વી. રામેશરી (૧૮૮૩ ૯ ક. ૨૧૪; તે પ્રમાણે (૧૮૮૮) ૧૯ અ. ૩૫૧ ના ઠરાવમાં ચાલવામાં આવેલુ નથી; (૧૮૮૬ ૧૩ ક. ૧૧૨); અથવા હુકમનામુ કરનારી કોર્ટે કરેલુ વેચાણુ (ક્રીસ્તો મોહીની વી. બમાચર્ણુ (૧૮૮૧) ૭ ક. ૭૩૩); બજાવણી બંધ રાખવાની ના કહેવાના હુકમો (મુસાજી વી. દામોદરદાસ (૧૮૮૮) ૧૨ મુ. ૨૭૫), અથવા સરટીફીકેટ એકટ પ્રમાણે સરટીફીકેટ વીના મરનાર હુકમનામા વાળાના કાયદેસર વારસને બજાવવાની પરવાનગી આપવાને ના કહેવામાં આવે (હોતી-લાલ વી. હરદેવ (૧૮૮૩) ૫ અલ્હા ૨૧૨); પછી વાદીનો ખાસ અથવા નીશાન તરીકે કબજો હક હોય કીંવા નહી (નાજીબન વી. ટકીખાંન (૧૮૮૩) ૧૨ ક. લા. રી. ૫૭૧; (૧૮૮૩) ૯ ક. ૮૭૨); અથવા જો કે જમીન કબુલતથી કરાવેલા હુકમનામા પ્રમાણે આપેલી છે તો પણ વધારે જમીન બાબત દાવો કરેલો છે તે લેવાનો તેનો હક છે કીંવા નહી (મોહી બુલ્લા વી. ઇમાંમી (૧૮૮૭) ૯ અલ્હા. ૨૨૯); અથવા જે જમીનનો કબજો લીધેલો છે તે જમીન તે હુકમનામામાં આવી ગએલી છે કે નહી (રઘુનાન વી. મુલનાઅમદ (૧૮૮૮) ૧૨ મુ. ૪૪૯; સાંથ બાબતનુ હુકમનામુ વેચાણુ કરાવીને બજાવવુ તે યોગ્ય છે કે શી રીતે તે વીશે અને વેચાણના જાહેરનાંમા દબાવી રાખવા વીશે જગનનાથ વી. વોટસન (૧૮૯૨) ૧૯ ક. ૩૪૧; કબજાવાળી જમીન વેચવા લાયક છે કીંવા નહી તેવીશે—ગા-દાર ખલીલ વી. કાસીમઅલી (૧૮૯૯–૧૯૦૦) ૪ ક. વી. નો. ૫૫૭; ૨૭ ક. ૪૧૫; માજદ, હુસન વી. રઘુબરચોધ્રી (૧૯૦૦) ૨૭ ક. ૧૮૭); અથવા રીવાજ પ્રમાણે કબ-જાના હકવાળી જમીન બીજાને આપવા લાયક ના હોય તે તમામ જમીનદારો એ નહી પણ જમીનદારોમાંના કેટલાક સહ હીસ્સેદારોએ હુકમનાંમુ મેળવેલુ તે હુકમનામાની બજાવણી-માં વેચાવી શકાય છે કીંવા નહી (દુરગાચરણુ વી. કાળી પ્રસન (૧૮૯૯) ૨૬ ક ૭૨૭; ૬. વી. નો. ૫૮૬; તે ઠરાવ પ્રમાણે મુરલા વી. બરુલા (૧૯૦૫) ૯ ક. વી. નો. ૯૭૨ ના કાંમમાં ચાલવામાં આવેલુ છે; દવારકાનાથ વી. તારાની (૧૯૦૭) ૩૪ ક. ૧૫૯); અથવા હુકમનામાવાળાએ કાંમ શરૂ કરેલુ છે કે હુકમનામાના દેંણદારે શરૂ કરેલુ છે (એરૂસાપા વી. કમર શીયલ બેંક (૧૯૦૦) ૨૩ મ. ૩૭૭); હુકમનામાના દેંણદારે એવી અરજી કરેલી કે મીલકતની કીમત વેચાંણના જાહેરનામામાં બતાવેલી છે તે જોઇએ તેટલી બતાવેલી નથી તે અરજી ના મંજુર કરવામાં આવે તે (ગંગા પ્રસાદ વી. રાજકુમા-ર સીંગ (૧૯૦૩) ૩૦ ક. ૬૧૭) અને હિંદુઓની વચમાં વહેંચણુના દાવામાં આ શીવાય-ના પક્ષકારોએ સમાધાંન કરેલુ તેથી મા પાસેથી કબજા ગએલો હતો તેથી તેંણીનો હર-કતનો આ કલમમાં સમાસ થાય છે. એવુ ઠરાવેલુ છે (શંકરા વાદીવ માલ વી. કુમારસ્વા-મીયા (૧૮૭૮–૮૧) ૩ મ. ૪૭૩). પ્રતીવાદીનો કબજાનો હક છે કીંવા નહી તે શવાલ (રાંમગોપાળ વી. પ્યાલી (૧૮૮૪) ૬ અલ્હા. ૪૪૮); અથવા વેચવા લાયક નહી તેવી જમીનના હક બાબત તેંનો હક છે કીંવા નહી (જાનકીસીંગ વી. અબલક (૧૮૮૪) ૬. અલ્હા. ૩૫૩; રામગોપાળ વી. પ્યાલીરામ (૧૮૮૪) ૬ અલ્હા. ૪૪૮; બસ્તીરામ વી. ફનુ (૧૮૮૬) ૮ અલ્હા. ૧૪૬), અથવા મુદત ગએલુ હુકમનામુ કપટથી બજાવેલુ છે કે નહી (નજાબન અલી વી. બસીરૂલ્લા (૧૮૭૩) ૨૦ વી. રી. ૫; ૧૧ બં. લા. રી. ૪૨; ઝમીર સરદાર વી. આસમુદીન સરદાર (૧૮૭૫) ૨૩ વી. રી. ૨૫૭; રંગજી વી. બાપુજી (૧૮૮૭) ૧૧ મુ. ૫૭) એ સવાલો છે. હુકમનામાના દેંણદારે હુકમનામાને મુદ-તની હરકત છે એવી અરજી કરેલી તે કસુરથી કાહાડી નાંખ્યાનો એક હુકમ (લાલ નારા-

પણ વી.: મહમદરયુદીન (૧૯૦૧) ૨૮ ક. ૮૧. પાં. ૮૩); મીલકત તબદીલનુ કરવાના એકટની ક. ૮૭ પ્રમાણેનો એક હુકમ (કેદારનાથ વી. લાલજી (૧૮૯૦) ૧૨ અ. ૬૧); તેજ એકટની ક. ૮૯ પ્રમાણેનો હુકમ (ઔઢ બેહારી વી. નાગેશર (૧૮૯૧) ૧૩ અલ્હા. ૨૭૮) જે મીલકતની બજાવણીમાં વ્યવસ્થા કરેલી તે સબંધીનો હુકમ (આપારાવ વી. વેંકીરામ નાયમ (૧૯૦૦) ૨૩ મ. ૫૫; આરગન વી. મેચહાલ (૧૯૦૬) અ. વી. ને. ૨૩૩); અથવા એક વેચાણ રદ કરવાનો હુકમ (મબા વી. શ્રીરામ (૧૯૦૨) ૨૪ અલ્હા. ૧૦૮; સોનુસીંગ વી. બેહારીસીંગ (૧૯૦૬) ૩૩ ક. ૨૮૩); અને એક ગીરોની રૂએ હુકમનામાવળાનુ લહેણુ કેટલુ છે તેનો હીસાબ લેઇને એક હુકમ કરીને ઠરાવ્યું છે કે મીલકત તબદીલ કરવાના એકટની કલમ ૮૮ પ્રમાણે તેની લહેણી રકમ કેટલી છે તે હુકમો તે કલમ પ્રમાણેના છે (આરીયન બેંક વી. રામાવેંકટ (૧૯૦૩) ૨૬ મ. ૨૩૭).એકાદા કરજ બાબત વડીલો પાર્જીત મીલકત જવાબદાર છે કીંવા નહી તેંનો નીર્ણય આ કલમ પ્રમાણે કરી શકાય છે. (અનહાર વી. શેબક (૧૯૦૭) ૩૪ ક. ૬૪૨; અને એક હિંદુએ અનીતીના કારણસર કરજ કરેલુ છે કે નહી તેંનો નીર્ણય પણ આ કલમ પ્રમાણે કરી શકાય છે, ચંદ્રપ્રશાદ વી. શામ કુંઅંરી (૧૯૦૬) ૩ ક. લા. જ. ૧૩૧ અને જુઓ અમર વી. શેબક (૧૯૦૭) ૫ ક. લા. જે. ૪૯૧). જ્યારે એક વેચાણ રદ કરવાને એક અરજી કરેલી હોય અને કપટ કહેવામાં આવેલુ હોયતો તે બાબતનો આ કલમમાં સમાશ થાય છે; નહીતો થતો નથી. (રાજનીકાંત વી. હોસીનુદીન (૧૮૯૮-૯) ૩ ક. વી. નો. ૨૩૮); પરંતુ ફકત કપટ કહેવામાં આવે પણ તે સાબેત કરવાને કાંઇ પ્રયત્ન કરવામાં ના આવેતો, આ કલમમાં તે કાંમનો સમાશ કરવાને બશ નથી (ઊમાકાંત. વી. દીનોનાથ (૧૯૦૦-૧) ૫ ક. વી. નો ૧૨૪; ૨૮ ક. ૪ પાંને ૭ મે રાજનીકાંત વી. હોસેનુદીન (૧૮૯૯-૧૯૦૦) ૪ ક. વી. નો. ૫૩૮ ના ઠરાવનો ખુલાશો કરેલો છે). એક હિંદુ દેવના શીબેત તરીકે હુકમનાંમાના દેણદારે જપ્ત કરેલી મીલકત ઉપર દાવો કરેલો હતો કારણકે હુકમનાંમુ તેના જાતીકા દેવાનું હતુ તેથી તેના ઉપર હતુ તો તે દાવાનો આ કલમમાં સમાસ થાય છે (બેગરાજ વી. કુંડાળી દેબીયા (૧૯૦૩-૪) ૮ ક. વી. નોટ ૩૫૩). એક હુકમનાંમાવાળા તરીકે એક ગીરો રાખનારે ગીરો આપનાર ઉપર હુકમનાંમુ મેળવેલુ તેમાં ગીરોવાળી મીલકત વેચાવામાં આવેલી તેથી ૧૮૮૨ ના એકટ ૪ ની કલમ ૯૯ ના વીરૂદ્ધ તે વેચાણ છે તે રદ કરવાને ગીરો આપનારાઓએ જુદો દાવો કરેલો હતો. ઠરાવ્યું છે કે જે દાવામાં તે વેચાણ કરેલુ છે, તે દાવાના પક્ષકારો વચ્ચે બજાવણી સંબંધીનો સવાલ ઉત્પન થયેલો છે. માટે તે બજાવણીના કાંમમાં તે સવાલ ઉઠાવવો જોઇએ અને તેની તપાસ કરવી જોઇએ મેયન વી. પાકુરાંમ (૧૮૯૯) ૨૨ મ. ૩૪૭; ને પ્રમાણે મુથા વી. કરપાન (૧૯૦૭) ૩૦ મ. ૩૧૩ જુઓ જોગેન્દ્રનાથ વી. ગોબીનચંદ્ર દત્ત (૧૯૦૮) ૧૨ ક. વી. નોટ ૩૧૦ અને સદરહુ ૩૦૮). હુકમનામાવાળાને હુકમનાંમુ બજાવનારી કોર્ટના અમલદારે કબજે અપાવેલો હોય પણ પોતાના હુકમનાંમાના ઠરાવ કરતાં વધારે જમીનનો અપાવેલો હોયતો તે વધારાની લીધેલી જમીનનો કબજો લેવાને કાંઇ જુદો દાવો ચાલતો નથી. જે કોર્ટને હુકમનાંમું બજાવાની હકુમત હોય તે કોર્ટમાં આવો દાવો દાખલ કરેલો હોય તો તે જમીન તે હુકમનામામાં આવી ગયેલી છે કે નહિ તેનો નીર્ણય કરવાની આ કલમ પ્રમાણેની તે એક અરજી છે એમ ગણવું જોઇએ (બીરૂમહાતા વી. શામચરણ ખવાસ (૧૮૯૫) ૨૨ ક. ૪૮૩; ઝમાનલાલ વી. કેવળરાંમ (૧૯૦૦) ૨૨ અ. ૧૨૧, જોગેન્દ્ર નારાયણ વી. સરનોમોઇ (૧૮૭૩-૪) ૧૨ બં. લા. રી. ૨૦૩ નોટ; (૧૮૭૦) ૧૪ વી. રી. ૩૯). પરંતુ હુકમનામાવાળાએ પોતા-

નાકુલથી કબજો લીધો હોય તો જુદો દાવો ચાલે છે (મદનમોહન વી. કનાઇદાસ (૧૮૭૩-૪) ૧૨ બં. લા. રી. ૨૦૧; શરસ સુંદરી વી. પરેશનારાયણ (૧૮૬૯) ૧૨ વી. રી. ૮૫) તેમજ એક હુકમનામાની રૂઇએ જે રકમ લેણી નીકળે તે કરતાં વધારે રકમ ભુલથી આપેલી હર્ત તો તે વધારાની રકમ લેવાનો દાવો ચાલેછે (આગ્રા સેવીંગ્સ બેંક વી. શ્રીરામ (૧૮૭૬-૮) ૧ અ. ૩૮૮). હુકમનામુ ટ્રાન્સફર કરી આપ્યાના તકરારી સવાલ વિષે હુકમનામુ બજાવનારી કોર્ટ તપાસ કરી શકે છે અને બજાવણી કામ ચાલુ હોય અને એક એસાઇનમેંટ કરી આપવામાં આવે તો તેથી લેનાર સખસે બજાવણી ચલાવવાને રીતીસર અરજી કરેલી ના હોય તો પણ તે બજાવણી ચલાવે છે એમ કોર્ટ કબુલ કરી શકે છે (દ્વારલક્ષ વી. ફાતીકઅલી (૧૮૯૮-૯) ૩ ક. વી નોટ ૨૨; ૨૬ ક. ૨૫૦) એક તરફી હુકમનામાની બજાવણીમાં મીલકત વેચવામાં આવેલી તે હુકમનામાવાળાએ પોતે ખરીદ કરેલી હતી, પણ ત્યાર પછી તે હુકમનાંમુ રદ કરવામાં આવ્યું હતુ તેથી તે વેચાણ રદ કરવાને એકાદી કોર્ટ મુખત્યાર છે (બેની પ્રસાદ વી. લોખીરાય (૧૮૯૮-૯) ૩. વી. નોટ ૬). એક તરફી હુકમનાંમાની બજાવણીમાં થયેલું લીલામ રદ કરવાને એવા કારણથી અરજી કરેલી કે તે એક તરફી હુકમનામુ રદ થયેલું છે માટે તે અરજી આ કલમ પ્રમાણે છે. (શેઠ ઉમેદમલ વી. શ્રીનાથરાય (૧૯૦૦) ૨૭ ક. ૮૧૦; ૪ ક. વી. નોટ ૬૯૨). જ્યારે હુકમનામાવાળાઓએ બજાવણીમાં પોતાનો વસુલ કરવાનો જે હક હતો તે કરતા વધારે વસુલ કરેલુ હોયતો ઠરાવ્યું છે કે હુકમનામાવાળા પાસેથી તે વધારે લેવાનો હુકમનામાના દેણદારો આ કલમ પ્રમાણે એક અરજી કરી તે વસુલ કરી શકે છે (ધનકુંવર વી. મહાતલસીંગ (૧૯૦૦) ૨૨ અ. ૭૯ ; અને જુઓ હરનામ વી. મહમદ (૧૯૦૫) અ. વી. નોટ ૬૩).

જ્યારે બજાવણીના કામમાં કોર્ટે એવો હુકમ કરેલો હોય કે હુકમનાંમુ પુરૂ થઇ ગયેલું છે તો ૧૮૮૨ ના એકટ ૧૪ના આવી મળતી કલમ પ્રમાણે અરજી કરીને તે કામમાં ફરીથી તપાસ કરવાને પરવાનગી આપેલીછે એવા કારણથી કે તે હુકમનામાવાળાએ લેણી રકમ નક્કી કરતાં ગણત્રીમાં ભુલ કરેલી છે (નીલરતન ખાસનો બીસ વી. રામરતન ચેતરજી (૧૯૦૦-૧) ૫ ક. વી. નોટ ૬૨૭). એક હુકમનામુ ભરપાયા કર્યા વિષેના સવાલની કોર્ટ વ્યવસ્થા કરે તો તે હુકમનામુ બજાવે છે એમ કહી શકાય છે પછી બજાવણી સારૂ રીતીસર દરખાસ્ત કરેલી ન હોય તેથી હરકત થતી નથી (રાણી કમાલશરી વી. સુખનસીંગ (૧૯૦૨-૩) ૭ ક. વી. નોટ. ૧૭૨).

ચાલુ હુકમનાંમુ:—એકાદા હુકમનામા અથવા ફેંસલાની રૂઇએ અઘટીત રીતે નાણું વસુલ કરેલાં હોય અને તે હુકમનાંમુ અથવા ફેંસલો ચાલુ હોય તો નવો દાવો કરી તે નાણાં પાછાં લઇ શકાતા નથી પરંતુ કાયદાનો આ નીયમનો આધાર એવા કારણ ઉપર છે કે અસલ હુકમનાંમુ અથવા ફેંસલો ફેરવવામાં આવેલો ના હોય અથવા પાછળથી ચાલેલા કોર્ટ કામથી રદ થયેલો ના હોય તો તે હુકમનાંમુ અથવા ફેંસલો કાયમ અને બળવાન છે એમ સમજવું જોઇએ (પરતાપસીંગ વી. બેનીરામ (૧૮૦૯-૮૦) ૨ અ. ૬૧) જો તે ફેરવેલો હોય અથવા રદ થયેલો હોય તો તેના આધારથી જે નાણાં વસુલ કરેલાં ના હોય તે નકી પાછાં આપવાં જોઇએ માટે સંક્ષેપ કામ ચલાવીને અથવા નવો દાવો કરીને તે પાછો લઇ શકાય છે. (કલ્યાણ કસ્તુરમ વી. બેના વેદેશ્વર (૧૮૯૮) ૧૧ મ. ૨૬૧; સુકુંદલાલ વી. મહમદ (૧૮૮૭) ૧૪ ક. ૪૮૪. અને જુઓ શાંમ પ્રસાદ વી. હરો પ્રસાદ (૧૮૬૩-૭) ૧૮ મુર. ઇ. અ. ૩૦૭; ૩ વી. રી. પી. સી. ૧૧; અને લી ચરણદત્ત વી. નેગેશ્વરણદત્ત (૧૮૭૭-૮) ૧ ક. લા. રી. ૫ તે.

માં દાવો ચાલવાને પરવાનગી આપેલી હતી તેવાજ એક કાંમમાં મીલકત પાછી અપાવેલી હતી, મહમદ ઇલાઇ વી કાળી મોહન (૧૮૮૦) ૫ ક. ૫૮૯; વળી જુઓ નારાયણ વી. નારાયણ (૧૮૯૦) ૧૩ મું. ૪૩૭; અને વાઘેલા વી. મસલુદીન (૧૮૮૯) ૧૩ મું. ૩૩૦ ના ઠરાવનો મુકાબલો કરો).

કબજો ગયેલો હોય તે—જો એકાદા પક્ષકારનો હુકમનામાનુ રૂપ બતાવીને મીલક્તનો ખોટી રીતે કબજો લઇ લેવામાં આવેલો હોયતો બજાવણીના પ્રોસેસ શીવાય બીજો કાંઇ તેનો ઇલાજ નથી. (મતુવેલું પીલાઇ વી. વીથલીંગા (૧૮૬૯-૭૦) ૫ મ. હા. કો. ૧૮૫; કટામાનાં ચીયર વી. બોથા ગુરૂસાંમી (૧૮૭૦-૧) ૬ મ. હા. કો. ૨૯૩; અને જુઓ મીરતના કલેકટર વી. કાળકા પ્રસાદ (૧૯૦૬) ૨૮ અ. ૬૬૫) વળી તેમજ બજાવણીના કાંમમાં હુકમનાંમાના દેણદારે એવી ફરીઆદ કરેલી કે હુકમનાંમાવાળાને અપાવેલો છે અને હુકમનાંમુ બજાવનારી કોર્ટે મારી હરકત ના' મંજુર કરેલી છે. તેથી તે જમીનનો કબજો લેવાને હુકમનાંમાનો દેણદાર જુદો દાવો લાવી શકતાં નથી (જોગેન્દ્ર નારાયણ વી. સરનોમોઇ (૧૮૭૦) ૧૪ વી. રી. ૩૯; કીશન સુદર વી. પ્રસન્નોનાથ (૧૮૬૪) વી. રી. ૨૦૮; પ્રાંણનાથરાય વી. પ્રીયનાથરાય ૮ વી. રી. ૩૯૮; ૧૧ વી. રી. ૫૧૬; ૧૪ વી. રી ૪૦) એક દેણદાર અને બીજા દેણદારોની વચ્ચે એક દાવામાં સમાધાન કરવામાં આવેલું તેની રૂઇએ પ્રથમના હુકમનાંમા સબધી વધારાની લીલામમાં ઉપજેલી રકમ લેવાને તે દેણદારે દાવો કરેલો હતો તેમાં ઠરાવ્યું છે કે આ બાબત હુકમનાંમુ બજાવનારી કોર્ટે નીર્ણય કરવો જોઇએ (વીલાયત હુસેન વી. વલ્લી મહમદ (૧૮૭૫) ૨૩ વી. રી. ૨૦૭)

કલમના હેતુ પ્રમાણે નહિ તે—હુકમનાંમુ બજાવનારી કોર્ટ હુકમનાંમા પેહલાની બાબત જોઇ શકતી નથી (આપારાવ વી. ક્રીશ્ન આયંગર (૧૯૦૨) ૨૫ મ. ૫૩૭; રામપાલ વી. રામબરન (૧૮૮૩) ૫ અ. ૫૩; વિનોદલાલ વી. બજેન્દ્ર કુમાર (૧૯૦૨) ૨૯ ક. ૮૧૦ છોટી નારાયણસીંગ વી. રામેશ્વર કુંવર (૧૯૦૧-) ૬ ક. વી. નોટ ૭૯૬; હસનઅલ્લી વી. ગાઝીઅલ્લીમીર (૧૯૦૪) ૩૧ ક. ૧૭૯; રાશબીહારી વી. જયનન્દ (૧૯૦૬) ૪ ક, લા. જે. ૪૭૫)

જે એક હુકમનાંમાની બજાવણી કરવાને માગેલું હોય તે હુકમનાંમાના બળવાનપણા વીષે આ કલમ પ્રમાણે બજાવણીના કામમાં તકરાર કરી શકાતી નથી (ચીન્તામણ વી. ચીન્તામણ (૧૮૯૮) ૨૨ મું ૪૭૫); તેમ તેના હેતુ રદ કરવાને કાંઇ કોશીશ કરેલી હોય તેની વ્યવસ્થા થઇ શકતી નથી (ખેતરપાળ વી. શાંમ (૧૯૦૫) ૩૨ ક. ૨૬૫); તેમ હુકમનાંમુ થતાં પહેલાંજ સવાલો ઉત્પન થયેલા હોય તેમાંની એકેની વ્યવસ્થા કરી શકાતી નથી (છોટી નારાયણસીંગ વી. રામેશ્વર કુંવર (૧૯૦૧-૨) ૬ ક. વી. નોટ ૭૯૯; ક્રીશ્નરાય વી. જવાહિરસીંગ (૧૮૯૩) ૨૦ ક. ૨૬૦) જ્યારે એકાદા હુકમનાંમાના ઠરાવો અનીશ્ચીત હોય તો તે ઠરાવોનો હેતુ નક્કી કરવાને પુરાવ લઇને બજાવનારી કોર્ટ તજવીજ કરવાને મુખત્યાર નથી (તયારચંદ વી. ગોબીનચંદ્ર (૧૮૯૪) ૧૮ ક. ૧૯૦૨)

કપટ અથવા સાજસથી મેળવેલા હુકમનાંમા વિષેનો કાંઇ સવાલ તે કલમના હેતુ પ્રમાણે નથી (સુદીન્દ્ર વી. બુદન (૧૮૮૬) ૯ મ. ૮૦) તેમ એક સગીરની સાથે કરેલો કરાર મંજુરીની ખામીના કારણથી નીરઅર્થક નથી કે કેમ તે સવાલ તે કલમ પ્રમાણે નથી (આરૂનચેલન વી. કુરૂગાપા (૧૮૮૯) ૧૨ મ. ૫૦૩ જુઓ "કપટ" આગળ) એકાદુ હુકમનાંમુ કરવાને જે સખસે કબુલ કરેલું તે સખસને તે પ્રમાણે કરવાનો અખત્યાર છે કીંવા નહિં એ વિષેનો સવાલ બજાવણીમાં ઉઠાવી શકાતો નથી (ધનીરાંમ વી. લછમેશ્વર (૧૮૯૬

૨૪ ક. ૬૩૯) એકાદા હુકમનાંમાનો ફેંસલો કરવામાં આવેલો હોય અને તે ઓર્ડર ૨૦ રૂલ ૧ પ્રમાણે નાખાવેલો ના હોય તો આ કલમ પ્રમાણે તે ધ્યાનમાં લઇ શકાતો નથી (રામ દયાળ બેનરજી વી. રામ હરીપાળ (૧૮૯૩) ૨૦ ક. ૩૨) ઓર્ડર ૨૧ રૂલ ૯૪ પ્રમાણેનો એકાદો હુકમ આ કલમ પ્રમાણે નથી માટે તે ઉપર અપીલ ચાલતી નથી (ગુલામ શેબી-યર વી. દ્વારકા પ્રસાદ (૧૮૯૬) ૧૮ અ. ૩૬; ભીમલદાસ વી. ગણેશ કુંવર (૧૮૯૬-૭) ૧ ક. વી. નોટ ૬૫૮; વીરૂદ્ધ, મત્યા વી. આપાસાંમી (૧૮૯૦) ૧૩ મ. ૫૦૪) બંગાળાના સાંથના એકટની કલમ ૧૭૪ પ્રમાણેનો એક હુકમ આ કલમ પ્રમાણેનો નથી માટે તે અ-પીલ કરવા લાયક નથી (કીશોરી મોહન વી. બરોડામણી (૧૮૯૬-૭) ૧ ક. વી. નોટ ૩૦; સુભનારાયણ વી. ગોરક પ્રસાદ (૧૮૯૮-૯) ૩ ક. વી. નોટ ૩૪૪) એકાદા હુકમનાંમાની બજાવણીમાં વેચેલી જમીનનો રકમો ઓછો થવાના કારણથી તે સ્થાવર મીલકતનું વેચાણ રદ્દ કરવાને અથવા તે બાબત કંપેન્સેશન લેવાને એક ખરીદદાર અરજી કરે તો તેવા કાય-દાના કોઇ ઠરાવ પ્રમાણે મંજુર રાખવામાં આવતી નથી અને તે ખરીદદાર આ કલમ પ્રમાણે આપી શકતો નથી. કારણકે તે અરજીમાં તેનું હીત તે હુકમનામાના દેણદારના હીતથી વીરૂદ્ધ છે (રામનારાયણ વી.દ્વારકાનાથ (૧૮૯૯-૧૯૦૦) ૪ ક. વી. નોટ ૧૩) આ કલમમાં બતાવેલા અમુક સવાલોના નીર્ણય કરવાને એકાદ દાવો કરવામાં આવે તો તે દાવાને આ કલમથી અટકાવ થાય છે પરંતુ તે સવાલોમાં કોઇ ઇસ્યુ રહેલો હોય જેમકે એકાદો કબજો બીજાને આપવા લાયક છે કે નહિં તો તે સવાલની તપાસ કરવાને અટકાવ થતો નથી પણ તેના ઉપર કરેલા દાવામાં પ્રતીવાદીની ખાએશથી તે ઇસ્યુ ઉત્પન થયેલો જોઇએ કારણ કે તે કલમ ૧૧ થી જુદી છે (ભીમરઅલ્લી વી. ગોપીકાંતશાહ (૧૮૯૭) ૨૪ ક. ૩૫૫; ૧ ક. વી. નોટ ૩૯૬ દુર્ગા ચરણ વી. કરામત ખાંન (૧૯૦૨-૩) ૭ ક. વી. નોટ ૬૦)

હુકમનાંમુ થયા પછી તે બજાવું નહિ તવો એક કરાર કરેલો તે ઉપરથી તકરાર થ-યેલી તેનો આ કલમમાં સમાસ થતો નથી (મુકદ વી. હરીદાસ (૧૮૯૩) ૧૭ મું. ૨૩); તેમ ગીરોનું હુકમનામું થયા પછી ગીરોવાળી મીલકતનું વેચાણ કરવા સારૂ નક્કી હુકમ કરવામાં આવે તે વિષેના ઉત્પન થતા સવાલોનો પણ તેમાં સમાસ થતો નથી (અકીકુન્નીસા વી. રૂપલાલ (૧૮૯૮) ૨૫ ક. ૧૩૩ ના ઠરાવમાં આ બાબત વિષેના એક બીજા વિરૂદ્ધ ના ઠરાવનો વીચાર કરેલો છે, જુઓ વળી રણુબીર વી. દૃગપાળ (૧૮૯૪) ૧૬ અ. ૨૩). વાદી અને પ્રતીવાદીઓ વચ્ચે થયેલા સમાધાન ઉપરથી એક હુકમનાંમુ કરેલું હોય તેથી તે વાદી અને બીજા પ્રતીવાદીઓની વચમાં બજાવણીમાં જે તકરારો ઉત્પન થાય તેનો આ આ કલમમાં સમાસ થતો નથી (જેથા વેદન વી. કુચ (૧૯૦૭) ૩૦ મ. ૭૨)

હુકમનાંમુ વસુલ થયેલું તે—જો હુકમનાંમુ સંપુર્ણ રીતે વસુલ થયેલુ અને બજાવણીનું કામ બંધ થયેલું હોય તો આ કલમ પ્રમાણે કાંઇ હુકમ કરી શકાતો નથી અને રેગ્યુલર દાવો ચાલે છે. (જગતચંદ્ર વી. શીબચંદ્ર (૧૮૭૧) ૧૬ વી. રી. ૨૬૯; રામ-નંદન ચેતી વી. કનાપુચેતી (૧૮૭૦-૧) ૧૬ મ. હા. કો. ૩૦૪; તે પ્રમાણે ફકરૂદીન વી. ઓફીશીઅલ ટ્રસ્ટી (૧૮૯૪) ૧૦ ક. ૫૩૮ ના કામમાં ચાલવામાં આવેલું છે. વળી જુઓ મહમદહોસેન વી. કોહલ (૧૮૮૧) ૭ ક. ૯૧; રાશબીહારી મંડળ વી. રખલ ચરણ મંડળ (૧૮૯૬-૭) ૧ ક. વી. નોટ ૭૦૮)

એક હુકમનાંમાની રૂઇએ નાણાંની એક રકમ લેણી નીકળતી હતી અને તે હુકમનાંમુ વસુલ આપેલું હતું તેમાં ઠરાવ્યું છે કે તે રકમ વિષે હરકત લેવાનો ફકત ઇલાજ ફરી ત-પાસ કરવાનો છે (ફકરૂદીન વી. ઓફીશીઅલ ટસ્ટી (૧૮૮૪) ૧૦ ક. ૫૩૮) અને પૈસા

બાબતના હુકમનામાનો દસ આની હીસ્સો દેણદારો તરફથી બેનામી વેચેલો હતો પરંતુ બાકીના લેણદારોએ તમામ હુકમનામુ જામીન આપીને બજાવ્યુ તેથી જે દેણદારોએ તે ખરીદ કરેલો હતો તેઓને પોતાના હિસ્સા બાબત દાવો કરવાને પરવાનગી આપેલી હતી કારણકે તે હુકમનામુ પુરૂ થયેલું હતું (હરગોવીંદ વી. ક્ષરી (૧૮૮૮) ૧૫ ક. ૧૮૭; વળી જુઓ મોહેન્દ્ર નારાયણ વી. ગોપાળ (૧૮૯૦) ૧૭ ક. ૭૫૯

લગ્નના હક પાછા મળવાનું એકાદુ હુકમનાંમુ બજાવેલું ના હોય પરંતુ તે હુકમનાંમુ થયા પછી વહુ પોતાના ધણીને ઘેર આવે અને ફરીથી તેને છોડીને નાશી જાય તો આ કલમથી બીજો દાવો કરવાને હરકત નથી (કેશવલાલ વી. પાર્વતી (૧૮૯૪) ૧૮ મું ૩૨૭) સાર્વજનીક લેણું વસુલ કરવાના એકટ પ્રમાણે બજાવણીના ચાલેલા કાંમને આ કલમ લાગુ થતી નથી (રામરૂપ શાહી વી. ખુશાલમીસર (૧૯૦૧-૨) ૬ ક. વી. નોટ ૬૩૦ માટે આ એકટ પ્રમાણે ગેરશીરસ્તે થયેલું લીલામ રદ કરવાના દાવાને આ કલમથી હરકત થતી નથી (રામતારક વી. મસાહેબઅલ્લી (૧૯૦૧-૨) ૬ ક. વી. નોટ ૨૪૬; પણ જુઓ હરી વી. ચંદ્ર (૧૯૦૭) ૩૪ ક. ૭૮૭; બરહમદેવ વી. બીબીરસુલ (૧૯૦૫) ૨૨ ક. ૬૬૧; ૧ ક. લા. જે. ૨૬૦; ઉમેદઅલ્લી વી. રાજલક્ષ્મી (૧૯૦૬) ૩૩ ક. ૮૪; વળી જુઓ (૧૯૦૫) ૧ ક. લા. જે ૫૪૨ અને ૨ ક. લા. જે ૫૦૪). એકાદા જે પક્ષકારના ઉપર જે દાવા વિષે બજાવણીમાં એક ટ્રસ્ટી તરીકે મીલકત જપ્ત કરાવી શકે તે દાવા સંબંધી જાતથી લેવાનું હુકમનામું થયેલું હતું તે સંબંધી કરેલા એક હુકમને તે લાગુ થતી નથી (રાંમનાથન વી. લેવાઇ (૧૯૦૦) ૨૩ મ. ૧૯૫; ભજહારી પાલ વી. રાંમલાલદાસ (૧૯૦૧-૨) ૬ ક. વી. નોટ ૬૩).

બજાવણી પછી.—એવું ઠરાવ્યું છે કે બજાવણી કર્યા પછીની તેમજ તે કરતાં પહેલાંની તકરારોને આ કલમ લાગુ થાય છે (જાંનપોરના કલેકટર વી. વીઠ્ઠલદાસ (૧૯૦૨) ૨૪ અ. ૨૯૧; ઇમદાદ અલ્લી વી. જગન અલ્લી (૧૮૯૫) ૧૭ અ. ૪૭૮; પરતુ જુઓ રામએબાર વી. બેકા (૧૮૯૫) ૭ અ. ૬૪૧; મથુરામન વી. એટાપાસાંમી (૧૮૯૯) ૨૨ મ. ૩૭૨), પરંતુ હુકમનામું થયા પછીની બનેલી હકીકતના કારણથી એકાદુ હુકમનામું બજાવાય નહિં તેવું થયેલુ હોય તો તે હુકમનામામાં કોર્ટ ફેરફાર કરી શકતી નથી (અહમદ વી. ઇસાબીન (૧૮૯૪) ૧૮ મું ૪૯૫; અને જુઓ દેબીદાસ વી. ઇરીઝહુસેન (૧૯૦૬) ૨૮ અ. ૭૨; (૧૯૦૫) અ. વી. નોટ ૧૯૧). એક લીલામ મંજુર કરવાથી આ કલમ પ્રમાણે એકાદ હુકમનામાનો દેણદાર એકાદી અરજી કરે તેને અટકાવ થતો નથી એવું ઠરાવેલું છે (દુર્ગાચરણ વી. કાળી પ્રસન્ન (૧૮૯૯) ૨૬ ક. ૭૨૭).

ફરી તપાસ.—બજાવણીનું કાંમ કાહાડી નાંખ્યાના હુકમની તપાસ કર્યાની અરજી તે આ કલમના હેતુ પ્રમાણે નથી. (પદ્માનંદસીંગ વી. દુર્ગાપ્રસાદ (૧૮૯૯) ૪ ક. વી. નોટ ૩૯).

એવું કબુલ કરવામાં આવેલુ હોય કે હુકમનામું, જપ્તી અને લીલામ રીતીસર કરેલાં હતાં માટે કલમ ૩૧૮ (ઓર્ડર ૨૧, રૂલ ૯૫ પ્રમાણે એ હુકમનામાના દેણદારો વચ્ચે ઉત્પન થયેલી તકરારની આ કલમ પ્રમાણે વ્યવસ્થા કરી શકાતી નથી (કસ્તુર વી. ગયા (૧૯૦૭) ૨૯ અ. ૨૦૭).

કપટ.—કપટના કારણથી એક હુકમનામું રદ કરાવાનો અને તે હુકમનાંમા પ્રમાણે થયેલુ લીલામ રદ કરાવાનો જુદો દાવો ચાલવા લાયક છે. (મોતીલાલ વી. રસીકચંદ્ર (૧૮૯૬) ૨૬ ક. ૩૨૬; રામનારાયણ તેવારી વી. શીત્ર ભંજન (૧૯૦૦) ૨૭ ક. ૧૯૭), પણ લીલામ મંજુર થયા પછી અને ત્રીજા સખસે ખરીદ કર્યા છતાં તે લીલામ રદ કરવાને અરજીઓ

કરવામાં આવેલી તેનો આ કલમમાં સમાસ થાય છે માટે તેથી તે કારણસર કરેલા દાવાને અટકાવ થાય છે એમ હાલ ગણવું જોઇએ (પોસાના કુવર વી. કાળીદાસ (૧૮૯૨) ૧૯ ક. ૬૮૩; ૧૯ ઇ. અ. ૧૬૬, મતલબે મોહીન્દ્ર નારાયણ વી. ગોપાળ મંડળ (૧૮૯૦) ૧૭ ક. ૭૬૯ ના કામનો ઠરાવ રદ થાય છે; તે પ્રમાણે ભુવન મોહનપાળ વી. નંદલાલ દે (૧૮૯૮) ૨૬ ક. ૩૨૪ ના કામમાં ચાલવામાં આવેલુ છે અને જુઓ ગયા પ્રસાદ વી. ૨ણુધીરસીંગ (૧૯૦૭) ૨૮ અ. ૬૮૧; (૧૯૦૬) અ. વી. નોટ ૨૦૬ વળી જુઓ મોતીલાલ વી. રસીકચંદ્ર (૧૮૯૯) ૨૬ ક. ૩૨૬; ૩ ક. વી. નોટ ૩૯૫: મથુરદાસ વી. લક્ષ્મણરામ (૧૯૦૨) ૨૪ અ. ૨૭૯; દયામાઇ વી. સંતચંદ્ર (૧૮૯૮) ૨૫ ક. ૧૭૫; કેશબચંદ્ર વી. દુર્ગાતારીણી (૧૮૯૬–૭) ૧ ક. વી. નોટ ૧૪૦; ભુવનમોહન વી. પ્યારીમોહન (૧૮૯૮–૯) ૩ ક. વી. નોટ ૮૦; હીરાલાલ વી. ચંદ્રકાંત (૧૮૯૮-૯) ૩ ક. વી. નોટ ૪૦૩; ૨૬ ક. ૫૩૯; કોકીલસીંગ વી. અદેલસીંગ (૧૯૦૪) ૩૧ ક. ૩૮૫; વીરૂદ્ધ, જગન્નાથ વી. વોટસન ચેંક કો. (૧૮૯૨) ૧૯ ક. ૩૪૧; અબદુલ મુદાર પી. મહમદ વી. મહમદ ગાઝી (૧૮૯૦) ૨૧ ક. ૬૦૫; પ્રણનાથ વી. મહેશ્ચંદ્ર (૧૮૯૭) ૨૪ ક. ૫૪૬).

બીજા શબ્દોમાં એ કેહવાયેલું કપટ બજાવણીના કામમાં હોય તો કામ ચલાવાની રીતી આ કલમ પ્રમાણે છે; જો તે હુકમનામામાં હોય તો જુદો દાવો કરવાનો છે (દેઅીન્દ્ર વી. પ્રસન્ન (૧૯૦૫) ૫ ક. લા. જે ૩૨૮). જ્યારે કોર્ટ અખત્યારની બાબતમાં કપટ થયેલુ હોય ત્યારે હુકમનામાના દેણદારે લીલામ વિષે હરકત લેવાનો પોતાનો હક છોડી દીધેલો હોય ત્યારે કોર્ટ પાસે તે લીલામ રદ કરવાનું માગવામાં આવે તો તેથી તે કોર્ટને અસર થાય છે કે નહિં તે વિષે શક ભરેલું છે (ધનકધારી વી. નાથમા (૧૯ ૦૭) ૧૧ ક. વી. નોટ ૮૪૮); અને હુકમનામાવાળો બજાવણીનું કામ પાછુ ખેંચી લેવાને કપટથી લલચાવેલો હતો કે નહિં (પ્રોજપે વી. કનાડે (૧૮૮૨) ૬ મું. ૧૪૮; સખારામ વી. દામોદર (૧૮૮૫) ૯ મું ૪૬૪; બીહારીલાલ વી. કેદારનાથ (૧૮૯૧) ૧૮ ક. ૪૬૯; અથવા એક દેણદારે એક લેણદાર પાસે વસુલ આપેલી નહિં તેવી એક રકમ એક લેણદાર પાસે નોંધાવીને બીજા લેણદારોને છેતરવાને તેણે પ્રયત્ન કર્યો હતો (તારકચંદ્ર વી. દેવેન્દ્રનાથ (૧૮૮૩) ૧૨ ક. ૫૬૬). અથવા એક હુકમનામું બજાવવું નહિં એવો કરાર કર્યા છતાં તે વીરૂદ્ધ હુકમનામાવાળાએ તે હુકમનામું કપટથી બજાવ્યું (બળદેવલાલ વી. આણંદી (૧૮૮૪) ૧૦ ક. ૪૧૦). અથવા કોઇ કપટ ભરેલી રીતે તે પ્રમાણે કરેલું (વીરરાવળ વી. વ્યંકટાચાર્ય (૧૮૮૦) ૫ મ. ૨૧૭; રૂખીની બલ્લભ વી. વ્રજનાથ (૧૮૮૦) ૫ ક. ૩૦૮; સુબ્રાજીરામ વી. શ્રીનીવાસ (૧૮૭૮–૮૧) ૨ મ. ૨૬૪; પરંતુ જુઓ ગંગાનારાયણ વી. તીલકરામ (૧૮૮૭–૮૮) લા. રી. ૧૫ ઇ. અ. ૧૧૯), તો તે બાબત આ કલમ પ્રમાણે નીર્ણય કરવો જોઇએ.

લીલામમાંથી ખરીદ કરનાર વીરૂદ્ધ એકાદુ કપટ કેહવામાં આવેલું હોય અને હુકમનામાવાળા વીરૂદ્ધ કહેલુ ના હોયતો તેનો નીર્ણય આ કલમ પ્રમાણે થવો જોઇએ (આધારમલ વી. મનમથનાથ (૧૯૦૧–૨) ૬ ક. વી. નોટ ૨૭૯). તેવીજ રીતે હુકમનામાવાળા વીરૂદ્ધ અને લીલામથી ખરીદ કરનાર વીરૂદ્ધ નહિ એવું કપટ કહેલું હોય તો તે પ્રમાણે થવું જોઇએ (ખીરોન સ્કદરી વી. જનેન્દ્રનાથ (૧૯૦૧–૨) ૬ ક. વી. નોટ ૨૮૩). એક પક્ષકારે અથવા તેના પ્રતીનીધીએ લીલામથી ખરીદ કરનાર ઉપર દાવો કરેલો હતો તેનો હેતુ જે સવાલ બજાવણીમાં યોગ્ય રીતે ઉત્પન્ન થયો હતો તેનો નીર્ણય કરવાનો હતો તેથી તે દાવો ચાલવાને હરકત છે—ધનીરામ વી. ચતુરભુજ (૧૯૦૦) ૨૨ અ. ૮૬. એક બીજી કોર્ટનુ

હુકમનામુ કપટ ભરેલું છે એમ ઠરાવીને તે હુકમનામુ રદ કરવાને એકાદી કોર્ટ મુખત્યાર નથી પણ વેચાણને લીધે વાદીએ જે જમીન ખોએલી હોય તે સંબંધી તે કોર્ટ દાદ આપી શકે છે. (કેદારનાથ વી. પ્રસન્ન કુમાર (૧૯૦૦-૧) ૫ ક. વી. નોટ. ૫૫૯).

રેગ્યુલર દાવો ચાલે નહિં તે:—કલમ ૨૪૪ પ્રમાણેના રીવાજમાં જે મુખ્ય મુશ્કેલીઓ પડે છે તેમાંની એક એવા સવાલ વીષે છે કે કોઈ અમુક કાંમમાં દાદ માગવી તે બજાવણીના કાંમમાં આ ઠરાવ પ્રમાણે માગવી જોઇએ અથવા જુદો દાવો કરીને માગવી જોઇએ તે છે. આ કલમ ફરીથી કાયદામાં ઠરાવેલી છે તે એટલે બધે સુધી કોઇ રીતે ઠરાવેલી નથી કે જેથી આ હમેશ વખતે વખતે પડતી મુશ્કેલીનો નીર્ણય થાય આ કલમ પ્રમાણે એકાદી અરજી ફકત દાવાના પક્ષકારો અથવા તેઓના પ્રતીનીધીઓ કરી શકે છે· એ બાબત મનમાં યાદ રાખતાં આ બાબત વિષે જે કાંઇ હકીકત ઉત્પન થાય તેને પેહલી અજમાયશ એવી લાગુ કરવાની છે કે જે સખસો દાદ માગે છે અને જેને પ્રતીવાદીઓ કરવાને દરખાસ્ત કરેલી છે તેઓ હાલના દાવાના પક્ષકારો અથવા તેઓના પ્રતીનીધીઓ છે કીંવા નહિં. આ સબંધમાં યાદ રાખવું કે કોઇ ત્રીજા પક્ષકારને ફેંસલાથી અસર થતો હોય તેથી આ કલમના ઠરાવ બહાર તે બાબત લઇ જાય નહિં. (પ્રસન્ન કુમાર વી. કાળીદાસ (૧૮૯૧-૨) લા. રી. ૧૯ ઇ. અ. ૧૬૬). જો તેઓ ના હોયતો આ કલમ પ્રમાણે ઇલાજ છે. આ આરંભના સવાલ બાબત રીપોર્ટ થયેલા ફેસલાઓની યાદ પાછળ બતાવેલી છે.

બીજો સવાલ એ છે કે તે દાવો બજાવણી છુટા થવું અથવાં હુકમનાંમાના ભરપાયા કરવા સંબધીનો છે કે નહિં જો તે ના હોયતો આ કલમ પ્રમાણે ઇલાજ રહી શકતો નથી. આ બાબત વીષે વીચાર કરતાં પ્રીવીકાઉંસીલે ઠરાવેલા સામાન્ય નીયમો અને પાછળ બતાવેલા ફેસલાઓ ઉપરથી સલાહ લેવી જોઇએ.

ખુલ્લુ જણાય છે આ સવાલોમાંના એક અથવા બીજાનો જવાબ કાંઇ બતાવેલી તકરાર આ કલમમાંથી બાતલ કરવાને ના પાડ્યાનો છે.

કલમ ૨૪૪ (જુના કાયદાની) પ્રમાણે ફેંસલાઓની હાલ જે સ્થીતી છે તે ઉપરથી આવી જાતના ગ્રંથકર્તાને જે સામાન્ય નીયમો તે ઉપરથી નક્કી ઠરાવેલા જણાય છે તે ઉપર બતાવ્યા શીવાયના બીજા સામાન્ય નીયમો એવું ઠરાવવું ભયંકર છે. કાયદાનું કાંમ કરનારાઓને સરસમાં સરસ મદદ ઘણુ કરીને રીપોર્ટ થયેલા ફેસલાઓ કે જેના નીચે બે ભાગ કરેલા છે તે ફેંસલાઓની મથાળાની નોટ તો સારાંશ બતાવી આપી શકાય છે:—

આ કલમ પક્ષકારોની વચ્ચે એકાદી તકરાર એક હુકમનાંમાની બજાવણી સબંધીમાં તે બજાવણી કરતાં પેહલાં ઉત્પન થાયને તેને લાગુ થાય છે તેમજ બજાવણી કર્યા પછીની તકરાર ઉત્પન થાય તેને પણ લાગુ થાય છે (ઇમદાદ અલ્લી વી. જગનલાલ (૧૮૯૫) ૧૭ અ. ૪૭૮, મધુસુધન વી. ગોવીંદ પ્રીય (૧૯૦૦) ૨૭ ક. ૩૪; ૪ ક. વી. નોટ ૪૧૭). એકાદા જે કાંમમાં હુકમનાંમાના દેણદારની અરજ ઉપરથી બજાવણીમાં કરેલું લીલામ રદ કરેલું હોયતો કબજો લેવાને પાછળથી તેણે કરેલો દાવો ચાલક લાયક નથી એવું ઠરાવેલું છે. (વીર રાઘવ વી. વ્યંકટ (૧૮૯૩) ૧૬ મ. ૨૮૭). બજાવણીમાં હુકમનામાના દેણદારની વડીલો પાર્જીત મીલકત વેચવા લાયક નથી એવી હરકત આ કલમ પ્રમાણે લઇ શકાય છે અને જુદો દાવો કરવાની જરૂર નથી (ક્રીશ્નામા વી. અરૂણ ચેલમ (૧૮૯૩) ૧૬ મ. ૪૪૭ અને જુઓ પાછળ બતાવેલા ફેંસલા). તકરારી મીલકત હુકમનાંમાના દેણદારની છે અથવા તેના મીલકતના તાબાની છે કે નહિં એવો જ્યારે સવાલ હોય અને તે

સવાલ દાવાના પક્ષકારો અથવા તેઓના પ્રતીનીધીઓની વચમાં બજાવણીના કામમાં ઉઠાવેલો હોયતો તે મીલકત સબંધી કેવા કારણથી હકુમત લેવામાં આવી છે તે વિષે ચીંતા નથી. તે સવાલનો બજાવણીમાં નીર્ણય કરવાનો છે અને આ કલમથી જુદો દાવો ચાલવાને અટકાવ થાય છે (ઉપેન્દ્ર વી. રંગનાથ (૧૮૯૪) ૧૭ મ. ૩૦૨ વળી જુઓ ત્રીબંકરામરાવ વી. ગોવીંદ (૧૮૯૫) ૧૯ મુ. ૩૨૮).

એક હુકમનાંમુ પાછળથી ફેરવવામાં આવેલુ હતુ અથવા રદ કરેલુ હતુ. પણ તે હુકમનાંમા ઉપરથી જે નાંણાં વસુલ કરેલાં તે લેવાનો રેગ્યુલર દાવો ચાલતો નથી (શીવદયાળ વી. ભવાંની (૧૯૦૭) ૨૯ અલ્હાબાદ ૩૪૮. તે બાબત બજાવણીમાં તે પાછા લેવાને દરખાસ્ત કરવી તે યોગ્ય ઇલાજ છે; સારત વી. ભગવાંન (૧૯૦૩) ૨૫ અલ્હા. ૪૪૧). બજાવણીમાં વેચાએલી મીલકતની વેચાંણની કીમત ખરીદ કરનાર પાસેથી લેવાનો હુકમનામાવાળાનો દાવો ચાલતો નથી (રહીમુદીન વી. રામલાલ (૧૯૦૫) ૨૭ અ. ૧૫૩, તેમ મીલકત લેવાનો પણ દાવો ચાલતો નથી. કાટીયાટ વી. રમણ (૧૯૦૩) ૨૬ મ. ૫૦૧). એક સમાધાન તથા વેચાણ રદ કરવાનો જુદો દાવો (આધારસીંગ વી. શીવપ્રસાદ (૧૯૦૨) ૨૪ અ. ૨૦૯) કપટના કારણથી અથવા બીજી રીતે ચાલતો નથી (દુરગાકુવર વી. બળવંત સીંગ (૧૯૦૧) ૨૩ અ. ૪૭૮, અને જુઓ પાછળ "કપટ" બાબતની નોટ). તેમ એક ગીરો રાખનારનો ગીરો છોડાવવાનો હક બંધ કરવાનો દાવો ચાલતો નથી (બંસીધર વી. ગમાપ્રશાદ (૧૯૦૨) ૨૪ અલ્હાબાદ ૧૭૯) કોર્ટની બાહાર એક કરાર કરીને હુકમનાંમુ ભરપાયા કરેલુ હોય અને તે કોર્ટમાં નોધાવેલુ ના હોયતો તે હુકમનાંમાવાળાને પોતાનુ તે હુકમનામુ બજાવતાં અટકાવવાનો રેગ્યુલર દાવો ચાલતો નથી (આમીઝન વી. માતકલાલ (૧૮૯૦) ૨૧ ક. ૪૩૭) વાદીએ ગીરોના દાવામાં ગીરો આપનારનો ગીરો મુકવાનો હક ઇનકાર કરેલો હતો તેથી તેણે પોતાનો ડીફેંશ પાછો ખેંચી લીધો હતો અને તે વાદીની રૂબરૂમાં ગીરોનુ હુકમનાંમુ કરેલુ હતુ તેની બજાવણીમાં અમુક મીલકત વેચવામાં આવેલી તેનો કબજો લેવાનો દાવો ચાલતો નથી (રામચંદ્ર વી. રણજીતસીંગ (૧૯૦૦) ૨૭ ક. ૨૪૨ ૪ ક. વી. નો. ૪૦૫) અથવા એક હુકમનામાની બજાવણીમાં જે જમીન જપ્ત કરાવેલી તે જમીન ઊપર કરેલો સુધારો તે મરનાર દેંણદારનો છે કે તેનાજે વારસ વકીલના કબજામાં તે આવેલી તેના પોતાના હકનો છે તે વીશે નીર્ણય કરાવવાનો દાવો ચાલતો નથી (વેંગાપાયન વી. કરીમ પનાકલ પારવતી (૧૯૦૩) ૨૬ મ. ૫૦૧). પ્રતીવાદીયોના કારનાવાંન ઊપરના હુકમનાંમાની બજાવણીમાં અમુક તારવાડની મીલકત જપ્ત કરવામાં આવેલી હતી. પ્રતીવાદીએ હરકત લેવાથી તે મીલકત ઊપરની જપ્તી ઊઠાવવામાં આવેલી હતી. ઠરાવ્યુ છે છે કે તે ખશેડવાનો હુકમ રદ કરવાનો દાવો ચાલવાને હરકત છે (કલાલકુટી વી. ઇચ્છાઇ (૧૯૦૧) ૨૪ મ. ૬૫૮). જુના કાયદાની ક. ૩૨૦ પ્રમાણે કલેકટરે વેચાણ કરેલુ હતુ, તેથી તે વેચાણ રદ કરવાનો દાવો એવા કારણથી કે કરવામાં આવે કે તે મીલકત વડીલો પાર્જીત છે તેથી કલેકટર તે વેચાણ કાયદેશર રીતે કરી શકતા નથી (દોલતસીંગ વી. જુગલ કીશોર (૧૯૦૦) ૨૨ અલ્હાબાદ ૧૦૮). કોર્ટે કરેલા લીલામમાંથી ખરીદ કરેલી મીલકતનો કબજો લેવાને હુકમનામાવાળાના વારસ વકીલના અશાઇનીએ કરેલી અરજી તે આ કલમ પ્રમાણે કરેલી જોઇએ, તેઓ જુદો દાવો ચલાવી શકતા નથી. (સાંધુ વી. હુશન (૧૯૦૫) ૨૮ મ. ૮૭). તેમ એકાદો જામીન હુકમનામાવાળા ઊપર એવો દાવો લાવી શકતો નથી. તે હુકમનામાના એક ભાગ બાબત તે હુકમનાંમુ મારા ઊપર બજાવવાનો તે હુકમનામાવાળાનો હક નથી એવુ ઠરાવી આપો (લીંગરેડી વી. હુસન (૧૯૦૫) ૨૮ મ. ૧૧૭).—

રેગ્યુલર દાવા ચાલે તે—

હુકમનામું કરતા પહેલાની કરારો—એકાદા હુકમનાંમાથી અપાવેલા ખર્ચ વિષેના કરારોના બળવાંનપણા વિષે બજાવણીના કામમાં નીર્ણય કરવામાં આવેલો છે (લાલદાશ વી. કીશોરદાસ (૧૮૯૮) ૨૨ મું. ૪૬૩; તે બાનોદલાલ વી. બજેન્દ્ર (૧૯૦૨) ૨૯ ક. ૮૧૦ ના કામમાં જુદો પાડેલો છે) પરંતુ આવી તજવીજ કરવાથી તે હુકમનાંમા બાબત વાંધો લેવાનો હેતુ છે તે કારણથી આ રીવાજ વિષે હરકત લેવામાં આવી છે અને તેથી જુદી રીતે ચાલવામાં આવેલું છે. (હસનઅલ્લી વી. ગાઝીઅલ્લીમીર (૧૯૦૪) ૩૧ ક. ૧૭૯ વળી જુઓ પોનામ બાલા વી. શીવગનામ (૧૮૯૪) ૧૮ મ. ૩૪૩; લા. રી, ૨૧ ઇ. અ. ૭૧) આ છેલ્લા ઠરાવમાં એવું કહેવામાં આવ્યું હોય તો આ કલમ (જુના કાયદાની કલમ ૨૪૪) પ્રમાણે આ કામોની ફકત તપાસ કરી શકાય છે.

હુકમનાંમુ રદ કરવું તે—એકાદુ હુકમનાંમુ બજાવવામાં આવી ગયેલું હોય અને પછી તે અપીલમાં રદ કરવામાં આવે અથવા ફેરાવામાં આવે તો ઠરાવ્યુ છે કે વેચાણની કીંમત પાછી લેવાને સારૂ એક નવો દાવો ચાલવા લાયક છે (હીરાલાલ વી. ગોરમોની (૧૮૮૬) ૧૩ ક. ૩૨૬) અથવા બજાવણીના કામમાં ઉપયોગમાં લીધેલી મીલકતની કીંમત બાબતનો દાવો ચાલવા લાયક છે કે હુકમનાંમુ રહેલું નથી અને તે કારણથી તે કલમ (જુના કાયદાની કલમ ૨૪૪) લાગુ થતી નથી. આ ફેંસલાઓનો અલ્હાબાદ હાઇકોર્ટનો ઠરાવ (કસ્તુર વી. ગયા (૧૯૦૭) ૨૯ અ. ૨૦૭ નો ઠરાવ પ્રત્યક્ષ રીતે વીરૂદ્ધ છે તેનો મુકાબલો કરો.

વેચાણ રદ કરવું તે—ગેરશીરસ્તે થયાના કારણથી એકાદુ વેચાણ રદ કરવામાં આવ્યું હોય તો તે વેચાણમાંથી ખરીદ કરનાર વેચાણની કીંમત લેવાનો દાવો ચલાવી શકે છે (જ્યોતીંદ્ર મોહન ટાગોર વી. મહમદની ચોધરી (૧૯૦૫) ૩૩ ક. ૩૫૨)

કપટ—કપટના કારણથી એકાદુ હુકમનાંમુ રદ કરવાનો દાવો ચાલે છે (ખગેન્દ્રનાથ વી. પ્રાણનાથ (૧૯૦૨) ૬ ક. વી. નોટ ૪૭૩) અને દાવાનું આ કારણ તે બજાવણીમાં લીલામ બાબત જે હરકતો લેવામાં આવે છે તેથી જુદું છે. જુઓ આગળ કપટની બાબતમાં.

સમાધાન—એકાદા કરારાથી કબજો લેવાના દાવાનું સમાધાન કરેલું હતુ તેથી તે કરારના ઠરાવો પ્રમાણે એક કબુલત લખી આપવાને સારૂ પાછળથી કરેલો દાવો ચાલવા લાયક છે એવું ઠરાવેલું છે (ચુનીલાલ વી. હીરાલાલ (૧૯૦૩) ૭ ક. વી. નોટ ૧૫૮) અને એકાદુ હુકમનાંમુ બજાવવું નહિ તે વિષેના કરાર તોડયાનો દાવો ચાલે છે. (હનમંત વી. સુભાભટ (૧૮૯૯) ૨૩ મુ. ૨૩૭) અથવા કલમ ૨૫૮ (ઓર્ડર ૨૧ રૂલ ૨) પ્રમાણે કોર્ટની બહાર કરેલા ફેંસલા જેનો કોર્ટ ધ્યાંનમાં લઇ શકતી નથી તે સાબીત કરવાનો (ઇશ્વરચંદ્ર વી. હરીશ્ચંદ્ર (૧૮૯૮) ૨૫ ક. ૭૧૮; ૨ ક. નોટ ૨૪૭) અથવા એકાદા હુકમનાંમાની રૂઇએ લખી આપેલા દસ્તાવેજની રૂઇએ દાવો ચાલે છે (આતંગીની વી. ચુનીમોની (૧૮૯૫) ૨૨ ક. ૯૦૩)

એકાદા સખસે હુકમનાંમાના દેણદારની ઉશ્કેરણીથી હુકમનાંમાવાળાને કબજો લેતાં હરકત કરેલી તેથી તે સખસ વીરૂદ્ધ કરેલા હુકમથી તું એકાદો દાવો ચાલવાને હરકત થતી નથી (ખીશનદયાળસીંગ વી. સામંદસીંગ (૧૮૯૭–૮) ૨ ક. વી. નોટ ૩૧૧) એક પ્રતીવાદીના નામ ઉપર એક હુકમનાંમુ ખરીદ કરવામાં આવેલું તેથી તેણે પોતાના નામથી ખોટી રીતે બજાવણી કરેલી હતી પણ તે હુકમનાંમુ વાદી તે પોતાના ફાયદાસારૂ ખરીદ કરેલું હતુ અને પ્રતીવાદી.

ફક્ત વાદીનો બેનામીદાર હતો એવું ઠરાવાનો દાવો કરવામાં આવેલો હોય તો તેને આ કલમથી હરકત થતી નથી (ગોર મોહન વી. દીનોનાથ કરમાકર (૧૮૯૭ ૮) ૨ ક. વી. નોટ ૩૫ ક. ૪૯) એક હુકમનામાની બજાવણીમાં થયેલા લીલામમાંથી એક મીલકતનો એક હિસ્સો વાદીએ ખરીદ કરેલો તેથી તેની ખાહેશથી વ્હેંચણનો દાવો કરવામાં આવેલો છે કારણકે વાદીને કેટલાક હુકમનામાના દેણદારોએ કબજો લેતાં હરકત કરેલી છે તો તે દાવો ચાલે છે (નાગમથુ વી. સત્તારીમથુ (૧૮૯૨) ૧૫ મ. ૨૨૯) દીકરાઓના કબજામાં વડીલો પારજીત મીલકત હોય તો તે મીલકત તેઓના બાપનું દેવું આપવા સારૂ જવાબદાર છે એક એક ઠરાવના દાવાને આ કલમથી હરકત થતી નથી (રામાયા વી. વ્યંકટ રત્નમ (૧૮૯૪) ૧૭ મ. ૧૨૨ અરૂણચંદ્રા વી. શીવગીર જમીનદાર (૧૮૯૪) ૭ મ. ૩૨૮) હુકમનામાના બે દેણદારોમાંના એક દેણદારને તમામ હુકમનામું વસુલ આપવાની ફરજ પડેલી હતી તેથી તે એક દેણદાર દાવા બાબત બીજા સહ દેણદાર ઉપર દાવો કરે તેથી તે દાવાને આ કલમથી હરકત થતી નથી (રામ શરણ વી. જોનકીપાડે (૧૮૯૬) ૧૮ ક. ૧૦૭) તેમ મઝીઆરા કુંટુંબના અવિભક્ત અંગભુતનો હિસ્સો કોર્ટે કરેલા લીલામમાંથી ખરીદ કરનારે કબજા બાબતનો દાવો કરેલો હોય તેને હરકત થતી નથી (તેલુમલાઇ વી. શ્રીનીવાસ (૧૯૦૬) ૨૯ મ. ૨૯૪)

હુકમનામાની બજાવણીમાં એકાદો ઇસ્યુ ઉત્પન્ન થતો હોય પણ તે કઢાવેલો ના હોય અને આ કલમ પ્રમાણે તેનો નીર્ણય કરેલો ના હોય તો પાછળથી એકાદા જુદા કરેલા દાવામાં પ્રતીવાદી તે ઇસ્યું કઢાવી શકે છે (જેબકમાલ વી. જહાનબી (૧૮૯૯) ૨૬ ક. ૫૦૬; દુર્ગાચરણ વી. કમેતખાન (૧૯૦૩) ૭ ક. વી. નોટ ૬૦૭). ૧૮૯૫ ના બગાળાના એક્ટ ૧ ની કલમ ૨૧ પ્રમાણે એટલે ૧૮૯૭ ના બંગાળાના એક્ટ ૧ થી તે દુરસ્ત થયો તે પહેલાં સાર્વજનીક લેણું વસુલ કરવાના એક્ટ પ્રમાણે કલેક્ટરે આપેલા સર્ટીફીકેટની બજાવણીમાં કરેલું લીલામ રદ કરવાનો રેગ્યુલર દાવો ચાલી શકે છે. (રઘુબન્સ વી. ફુલ કુમારી (૧૯૦૬) ૩૨ ક. ૧૧૩૦; જાનકીદાસ વી. રામગોલામ શાહુ (૧૯૦૧–૨) ૬ ક. વી. નો ૩૩૧; ૨૮ ક. ૮૧૩ અને જુઓ જેઠાવદન વી. કીચા (૧૯૦૭) ૩૦ મ. ૭૨).

નીશાન તરીકેનો કબજો.—એકાદો સખસ નીશાન તરીકેનો કબજો ભુલથી લેતો ખાસ કબજો લેવાને દાવો ચાલે છે (શામચરણ વી. માધબચંદ્ર (૧૮૮૫) ૧૧ ક. ૯૩; તે પ્રમાણે હસનેરાજા વી. કૈલાસચંદ્ર (૧૯૦૨–૩) ૭ ક. વી. નોટના કામમાં ચાલવામાં આવેલું છે; પરંતુ જ્યારે તે જાણી જોઇને કબજો લે ત્યારે તે દાવો ચાલતો નથી, કીરતો ગોવીંદ વી. ગંગાપ્રસાદ (૧૮૭૬) ૨૫ વી. રી. ૩૭૨).

ગીરો.—**અ** એ એક ગીરો ખતની રૂહએ એક વીધવા ઉપર એક હુકમનામું મેળવેલું તેથી તેણે તેણીના કાયદેસર વારસ તરીકે પાછળથી થનાર વારસ **બ** ઉપર તે હુકમનામુ બજાવાની દરખાસ્ત કરી તેમાં **બ** એ તેણીનો વારસ છું એ બાબત ઇનકાર કરી અને જડજે તે બાબતનો નીર્ણય કરવાને બદલે **બ** ને તે કામમાં દાખલ કર્યો અને એવું ફરમાવ્યું કે તે તકરારનો નીર્ણય એક રેગ્યુલર દાવામાં થવો જોઇએ; ઠરાવ્યું છે કે **બ** તે હુકમ નામાથી ફક્ત તે વીધવાની મીલકત બંધનમાં છે એવું ઠરાવાનો દાવો કરી શકે છે (કનૈયાલાલખાં વી. સશીભુષણ (૧૮૮૧) ૬ ક. ૭૭૭; તે પ્રમાણે ગોરમુની વી. જગત (૧૮૯૦) ૧૭ ક. ૫૭ કામમાં ચાલવામાં આવેલું છે તો પણ જુઓ પંચાતજ વી. રેબીયા (૧૮૯૦) ૧૭ ક. ૭૧૧ ગીરો છોડાવવા બાબત જુઓ વીરૂદ્ધ નીયમો રામોની વી. બ્રહ્મ (૧૮૯૨) ૧૫ મ. ૩૬૬ ના કામમાં બતાવેલા છે તે). એક મુસલમાન સ્ત્રીના બે વારસો જો ત્રીજી

વારસ તેણીની બેન હતી તેણીને બાતલ કરીને તેણીએ મરતી વખતે અમુક સ્થાવર મીલકત મુકેલી તેનો કબજો લીધો. તેઓએ પોતાની મીલકત ગીરો આપી. તે ગીરો રાખનારે એક દાવો કરી તેને વેચવા બાબતનું હુકમનામુ મેળવ્યું તે હુકમનામું થયા પછી તે ગીરો આપનારાઓમાંનો એક મણુ પામ્યો અને તેના વારસ તરીકે તેની બેનને તે કામમાં દાખલ કરેલી હતી. તે મીલકત વેચવામાં આવી અને પાછળથી ગીરો વાળો મીલકતમાંનો પોતાનો હિસ્સો લેવાને લીલામાંથી ખરીદ કરનાર ઉપર તેઓની બેને દાવો કર્યો. ઠરાવ્યું છે જુના કાયદાની કલમ ૨૪૪ લાગુ થતી નથી અને દાવો ચાલવા લાયક છે (સાંનવાળદાસ વી. બીસમીલ્લા (૧૮૯૭) ૧૯ અ. ૪૮૦; તે પ્રમાણે ખેતરપાળ વી. શાંમકુમારેટા (૧૯૦૫) ૩૨ ક. ૨૯૫ અને કુમારેટા વી. સાબાપાથી (૧૯૦૭) ૩૦ મ. ૨૬ ના કામોમાં ચલવામાં આવ્યુ છે પણ જુઓ અનુ વી. દેવીદાસ (૧૯૦૪) ૨૬ મ. ૧૫૨ અને તેવાજ કામો બાબત વાસુદેવ વી. વીશ્રરાજ (૧૮૯૬) ૧૯ મ. ૩૩૧; હરપ્રસાદ વી. શીવરામ (૧૮૯૮) ૨૦ અ. ૫૦૬). એક બીજા ગીરો રાખનાર કે જે ગીરો છોડવાના હક બંધ કરવાના દાવાનો પક્ષકાર હતો તો તેણે બીજા હકના બોજા રાખનાર ઉપર પોતાના હકનો અમલ કરવાને જુદો દાવો કરવો જોઇએ (ગોપી વી. બન્સીધર (૧૯૦૫) ૨ ક. જે ૩૯ ક. વી. નોટ ૫૦૭). એકાદ ગીરો રાખનારે પોતાના ગીરોની રૂઇએ દાવો કર્યો તેમાં ગીરો દસ્તાવેજમાં અમુક જે મીલકત આવેલી નહિં તે મીલકત પોતાની દાવા અરજીમાં બતાવેલી તેમાં ઠરાવ્યું છે કે આ પ્રમાણે ખોટી રીતે બતાવેલી મીલકત લેવાને પાછળથી દાવો કરવાને આ કલમથી પ્રતીવાદીને હરકત થતી નથી (રામચંદ્ર વી. કાન્ડ્રો (૧૯૦૦) ૨૨ અ. ૪૪૨).

એક ગીરો છોડાવાના હુકમનામામાં ઠરાવ્યું હતુ કે જો ઠરાવેલી મુદતની અંદર વસુલ આપવામાં આવે નહિં તો તે ફેંસલો બંધ પડેલો ગણવાનો છે અને વાદીએ ઠરાવેલી મુદતની અંદર વસુલ આપેલુ નહિ તેથી ઠરાવ્યું છે કે ગીરો છોડાવાનો બીજો દાવો ચાલવાને હરકત નથી (સીતારામ વી. માધોલાલ (૧૯૦૨) ૨૪ અ. ૨૪૪). વાદીના ઉપર તેની ખાંનગી સ્થાતી તરીકે પૈસા બાબતનુ હુકમનામુ થયેલું તે બજાવવામાં ટ્રસ્ટ વાળી મીલકતનું વેચાણ રદ કરવાનો દાવો ચાલે છે (રામકીષ્ણ વી. પદ્માચરણ દેબ (૧૯૦૧-૨) ૬ ક. વી. નોટ ૬૬૩; તે પ્રમાણે અમરચંદ વી. મણી ગોપાળ (૧૯૦૮) ૧૨ ક. વી. નોટ ૩૦૮ ના કાંમમાં ચાલવામાં આવેલું છે).

પ્રવેશ બાબત નુકશાંન—હુકમનામાના દેણદારોએ અથવા ત્રાહિત સખસોએ મીલકતને નુકશાન કરેલું હોયતો તે બાબત લીલામથી ખરીદ કરનારનો દાવો ચાલે છે. આવો દાવાનો બજાવણીના કામમાં અમલ કરી શકાતો નથી. (કોલીનટેવીટા વી. કોલીનટેવીટા (૧૯૦૮) ૩૧ મ ૩૭; જુઓ કાશે કીશોર વી. નુરખાંન (૧૮૬૭) ૭ વી. રી. ૪૫).

હક ઠરાવાનુ હુકમનામું.—દાવાનો પ્રકાર અથવા જે બાબત ફરીયાદ કરવામાં આવેલી હોય તે બાબત એવી હોય કે તેનો નીર્ણય બજાવણીમાં થઇ શકતો ના હોય અથવા તેનો અમલ કરવામાં પ્રત્યક્ષ રીતે તેનો સબંધ ના હોયતો તે બાબત દાવો ચાલે છે. માટે જો એકાદુ હુકમનામુ હક ઠરાવાનું હોય અને બજાવણીમાં અમલમાં આવી શકે તેવું ના હોયતો તેનો અમલ એક રેગ્યુલર દાવાથી કરી શકાય છે (જગરનાથ વી. બાળગોવીંદ વા. પ્રાં ભા ૫. પા ૫૯ આ ૧૮૬૯; પા. ૧૫૪ આ. ૧૮૭૩; (૧૮૬૯) ૧ અ. હા કો ૧ ૫). પરંતુ એકાદુ હુકમનામુ ફક્ત હક ઠરાવેલું ના હોયતો આ કલમ પ્રમાણે તેનો અમલ કરી શકાય છે (માધવરાવ વી. રામરાવ (૧૮૯૮) ૨૨ મું. ૨૫૭).

હકુમત.—જે કોર્ટને હુકમનામુ બજાવવાની હકુમત હોય તે કોર્ટમાં એક દાવો દાખલ કરેલો હોયતો દાવા અરજી આ કલમ પ્રમાણે એક અરજી તરીકે ગણી શકાય છે અને તે દાવો હકુમતની ખામીના કારણથી નીસ્ફળ થવાની જરૂર નથી (પાસુપાથી વી. કોથોડા (૧૯૦૫) ૨૦ મ. ૬૫; પરંતુ જુઓ બીરમાતા વી. શાંમ સીખાસવા (૧૯૦૫) ૨૨ ક. ૪૮૩; જમાનલાલ વી. કેવળરામ (૧૯૦૦) ૨૨ અ. ૧૨૧; અને પેટા કલમ ૨ થી મુદતની હરકત શીવાય આ બાબતમાં આ કોર્ટ કુલ અખત્યાર આપે છે).

પ્રતીબંધ.—જો ચલાવેલું કામ ગેરશીરસ્તે હોયતો એકાદુ વેચાણુ બંધ રાખવાની અરજી તે હુકમનામાના દેણદારને પ્રતીબંધ તરીકેની છે એમ ગણી શકાતું નથી (મીનાકુંવારી વી. જગત (૧૮૮૪) ૧૦ ક. ૧૯૬; લા. રી. ૧૦ ઈ. અ. ૧૧૯), અને કામ ચાલતુ બંધ રાખવાનો હુકમથી પાછળથી અસલ કોર્ટમાં મુદતની તકરાર કરવાને દેણદારને અટકાવ થતો નથી (શ્રીહરી મંડળ વી. મુરાર (૧૮૮૬) ૧૩ ક. ૨૫૭).

અપીલ.—કલમ ૨૪૪ પ્રમાણેના હુકમો જો આખર ના હોયતો અપીલ કરવા લાયક છે (ન્યાલચંદ વી. રામેશરી (૧૮૮૩) ૯ ક. ૨૧૪), પણ દરમીયાન હુકમો નથી. (બી હારીલાલ વી. કેદારનાથ (૧૮૯૧) ૧૮ ક. ૪૬૯).

આ કાયદા પ્રમાણે "હુકમનામુ" એ શબ્દની વાખ્યા કરેલી છે. (કલમ) (૨) પાછળ જુઓ). તેમાં જે ઠરાવો ઉપર અપીલ ચાલે છે તે ઠરાવો શીવાય કલમ ૪૭ ના હેતુ પ્રમાણે હરકોઈ સવાલના નીર્ણયનો સમાસ આવી જાય છે.

હુકમો ઉપર.—કલમ ૧૦૪ અને ઓર્ડર ૪૨ પ્રમાણે ઓર્ડર ૨૧ રૂલ ૭૧ પ્રમાણે હુકમનામાવાળાને માગણી કરવાની પરવાનગી આપવામાં આવે તે બાબતના હુકમો ઉપર અપીલ ચાલે છે અથવા ઓર્ડર ૨૧ રૂલ ૯૨ પ્રમાણે સ્થાવર મીલકતનુ વેચાણુ રદ કરવાને અથવા રદ કરવાનુ ના કહ્યા બાબતના હુકમ ઉપર અપીલ ચાલે છે.

આ કલમ પ્રમાણે ચાલેલા કામોમા બીજા ફેંસલાઓ ઉપર હુકમનામા પ્રમાણે અપીલ ચાલવા લાયક છે, પણ તે બીજી રીતે તે વાખ્યા પ્રમાણે ના હોવો જોઇએ. આગળ જેવો નીયમ હતો તે પ્રમાણે તે આખરના હોવાની જરૂર નથી, પણ તેથી પક્ષકારોના હકનો નીશ્ચય કાંઇ નીર્ણય કરેલો જોઇએ. હુકમનામુ થયા પછી એક વહેંચણી કરવાને એક કમીશનર નીમવાનો એક હુકમ તે જુના કાયદા પ્રમાણે અપીલ કરવા લાયક ન્હોતો (જગદીશ્વરી વી કૈલાશચંદ્ર (૧૮૯૭) ૨૪ ક. ૭૨૫), અને આ કાયદા પ્રમાણે તે હુકમનામા તરીકે ગણાવામાં ઘણુ કરે તે નીશફળ થશે.

કલમના હેતુ પ્રમાણેના હુકમો જોઇએ.—આ બાબત વીશે ઘણાખરા રીપોર્ટ થએલા ઠરાવ અપીલના સવાલ બાબતના છે. અપીલનો હક મળવા સારૂ આ કલમના હેતુમાં હુકમોનો સમાશ કરવાને હમેશાં પ્રયત્ન કરવામાં આવે છે (ઓકીનીલી સી. પ્રો. કોડ ૬ આવૃતી પા. ૪૩૬). એકાદુ વેચાણનુ સર્ટીફીકેટ દુરસ્ત કરવાનો (બુન્જાહાશય વી. રામકુંવર (૧૮૯૫) ૨ ક. ૫૨૯; ૩ ક. વી. નો ૩૭૪) અથવા દુરસ્ત કરવાને ના કહેવાના હુકમો (સદુકુંવર વી. બનાઇધર (૧૯૦૧) ૨૩ અ. ૪૭૬) અપીલ કરવા લાયક નથી ગીરોના નાંણા આપવાની મુદત વધારવાને સને ૧૮૮૨ ના એકટ ૪ ની ક. ૮૭ પ્રમાણેનો હકુમતે અપીલ કરવા લાયક છે (રહીમા વી. નેપાળરાય (૧૮૯૨) ૧૪ અ. ૫૨૦) ગીરો છોડાવાની એકાદા હુકમનામામાં મુદત ઠરાવેલી હોય તે વધારવાની ના કેહવાનો હુકમ આ કલમ પ્રમાણે અપીલ કરવા લાયક છે. (રંગો વી. ભીખશેઠી (૧૯૦૨) ૨૬ મું. ૧૨૧)

તેમજ લીલામના જાહેરનામામાં મીલકતની જે કીંમત બતાવેલી છે તે બીલકુલ જોઈએ તેટલી નથી એવી એકાદા હુકમનાંમાના દેણદારની હરકત નામંજુર કરવામાં આવી હોય તે છે (ગંગાપ્રસાદ વી. રાજકુમારસીંગ (૧૯૦૩) ૩૦ ક. ૬૧૭; ફુલચંદ વી. નરસીંગ પ્રસાદ (૧૯૦૧) ૨૮ ક. ૭૩; મુરલીધર વી. આણંદરાવ (૧૯૦૧) ૨૫ મું. ૪૧૮ પરંતુ જુઓ મગનલાલ વી. ડોશીમુળજી (૧૯૦૧) ૨૫ મું. ૬૩૧) જો કે એકાદુ કામ એક બીજી કલમ પ્રમાણે છે એમ બતાવેલું હોય તો પણ તે કામ આ કલમ પ્રમાણેનુ હોઈ શકે છે અને અપીલ ચાલે છે (રામનારાયણ શાહુ વી. બંદીપ્રસાદ (૧૯૦૪) ૩૧ ક. ૭૩૭) એક હુકમનાંમાની બજાવણીમાં વેચાયલી જમીન ઉપરના એક મકાનનો કબજો અપાવ્યાના હુકમ ઉપર અપીલ ચાલતી નથી. (રામઆધાર વી. નારાયણદાસ (૧૯૦૨) ૨૪ અ. ૫૧૯) વીશેષ ન્યાયના એકટની કલમ ૯ પ્રમાણેના હુકમનાંમાની બજાવણીમાં એક હુકમ કરેલો તે ઉપર અપીલ ચાલતી નથી (સગઝા વી. ગુલામ મોઈદીન બીયારી (૧૯૦૩) ૨૬ મ. ૪૭૮) એકાદુ લીલામ કરવામાં આવશે એવો હુકમ અપીલ કરવા લાયક છે શીવસાંચી વી રત્નસાંચી (૧૯૦૦) ૨૩ મ. ૫૬૮) એકાદા જમીનદારની ફી અનામત મુકવાની તથા વેચાણ મંજુર રાખવાની તથા વેચાણનું સરટીફીકેટ આપવાનો હુકમ આ કલમ પ્રમાણે છે અને તે ઉપર અપીલ અને બીજી અપીલ ચાલે છે. (ક્રીષ્ણચંદ્ર વી. અનુકુળચંદ્ર (૧૯૦૧) ૬ ક. વી. નોટ ૧૯૦).

બીજી અપીલ—કલમ ૧૦૦ ના ઠરાવની સરત સાથે આ કલમ પ્રમાણેના હુકમો ઉપર બીજી અપીલ ચાલે છે.

બંગાળના સાંથના એકટની કલમ ૧૭૩ પ્રમાણે એકાદુ વેચાણ રદ કરવાની અરજીમાં હુકમનામાના દેણદાર તરફથી લીલામમાંથી ખરીદ કરનાર બેનામીદાર હોય તો તે અરજી ઉપર કરેલા હુકમ ઉપર હાઈકોર્ટમાં બીજી અપીલ ચાલે છે કારણકે આ કલમ જુના કાયદાની કલમ ૨૪૪) પ્રમાણેનો એક હુકમ છે (ચંદ્રમણી વી. સંતોમણી (૧૮૯૭) ૨૪ ક. ૭૦૭ ૧ ક. વી. નોટ ૫૩૪) તેજ પ્રમાણે જ્યારે કાયમ જમીન ઉપરના હકનું વેચાણ મંજુર કર્યા પછી હુકમનામાનો દેણદાર ખરીદદારને કબજો આપવામાં એવા કારણથી હરકત કરતો હોય કે બંગાળના સાંથના એકટની કલમ ૧૩ પ્રમાણે જમીનના માલેકની ફી આપવામાં આવેલી નથી તેથી તે વેચાણ નાબુદ છે. ત્યારે બીજી અપીલ ચાલે છે. (મોહીનચંદ્ર વી. રામલોચન (૧૯૦૨–૩) ૭ ક. વી. નોટ ૫૯૧) જ્યારે હુકમનામાના દેણદાર હુકમનામાવાળા તરફથી અથવા લીલામમાથી ખરીદ કરનાર તરફથી કપટ થયાનું કહેતો હોય ત્યારે એકાદા હુકમનામાની બજાવણીમાં વેચાણ રદ કરવા બાબતના કામમાં લીલામમાંથી ખરીદ કરનારનો બીજી અપીલ કરવાનો હક છે, કારણકે તે કામ આ કલમ (જુના કાયદાની કલમ ૨૪૪) પ્રમાણે છે. (જમાઈચંદ વી. દીનોનાથ (૧૮૯૭–૮) ૨ ક. વી. નોટ ૬૯) આ પ્રમાણે ભુવન મોહન (૧૮૯૮–૯) ૩ વી. નોટ ૮૦) હીરાલાલ વી. ચંદ્રકાન્ત (૧૮૯૯) ૨૬ ક. ૫૩૯ ૩ ક. વી. નોટ ૪૦૩ ના કામમાં ચાલવામાં આવેલું છે; તેમાં પાછલા કામમાં એવું ઠરાવ્યું છે કે જો કે લીલામમાંથી ખરીદ કરનાર દાવાનો પક્ષકાર નથી તોપણ એક હુકમનામાની બજાવણીમાં થયેલું લીલામ રદ કરવાના હુકમ ઉપર બીજી અપીલ કરવાનો તે ખરીદદારનો હક છે. અને તેમાં ફીનુખાન વી. કોળઝમોલા (૧૮૯૬–૭) ૧ ક. વી. નોટ ૨૪૦ ના કામનો વીરૂદ્ધ મતલબનો ઠરાવ નામંજુર કરવામાં આવેલો છે) પરંતુ ફક્ત કહેવામાં આવેલું હોય પણ તે સાબીત કરવાને કાંઈ કોશીશ કરેલી ના હોય તો તે ઉપર અપીલ ચાલતી નથી (ઉમાકા વી. દીનોનાથ (૧૯૦૧) ૨૮ ક. ૪; ૫ ક. વી. નોટ ૧૨૪)

મુદ્દત— સને ૧૮૭૭ ના મુદ્દત એકટ ૧૫ નાના દરાવો હુકમનામાની બજાવણી સંબંધીના કેટલાક સવાલો વિષે છે તે લક્ષમાં રાખવું જોઇએ જુઓ તે એકટનું પરીશિષ્ટ ૨ આર્ટીકલ ૧૬૫, ૧૬૬, ૧૬૭ ૧૭૨ ૧૭૩ અ અને ૧૭૪.

હુકમનામાવાળાનું અને લીલામમાંથી ખરીદ કરનારનું કપટ છે એવા કારણથી એક વેચાણ રદ કરવાને અરજી કરેલી હોય તો તેનો મુદ્દતના એકટની આર્ટીકલ ૧૭૮ માં સમાસ થાય છે (ભુવન મોહન વી. પ્યારી મોહન (૧૮૯૮–૯) ૩ ક. વી. નોટ ૮૦). જે કામમાં દાવા અરજી આ કલમ (જુના કાયદાની કલમ ૨૪૪ પ્રમાણેની એક અરજી ગણવામાં આવી હોય તો તેને મુદતના એકટના પ્રસીષ્ટ ૨ની આર્ટીકલ ૧૭૮ લાગુ થાયછે (લાલમનદાસ વી. જગન્નાથ (૧૯૦૦) ૨૨ અ. ૩૭૬).

બજાવણીની મુદ્દત વિશે.

કેટલીક બાબતોમાં બજાવણી કરવાનો પ્રતિબંધ.

(૧) જ્યારે મનાઇ હુકમ આપવાનું ન હોય એવું હુકમનામું બજાવવાને દરખાસ્ત કરી હોય ત્યારે, નીચેની તારીખથી એટલે—

(૧) જેની બજાવણી કરવા માગી હોય તે હુકમનામાની તારીખથી, અથવા

(૨) હુકમનામામાં અથવા ત્યાર પછીના કોઈ હુકમના એમ ફરમાવ્યું હોય કે ફલાણી તારીખે અથવા ફલાણી તેને તેજ પાછી આવનારી મુદતે કાંઇ પૈસાનું ભરણું કરવું અથવા કંઇ મિલકત સ્વાધીન કરવી, ત્યારે દરખાસ્ત કરનાર જે પૈસાને અથવા મિલકતને વાસ્તેહુકમનામુંઅમલમાં લાવવા માગતો હોય તે પૈસાનું ભરણું કરવાને અથવા તે મિલકત સ્વાધીન કરવાને ચુકયાની તારીખથી,

બાર વરસ થઈ ગયા કેડે નવી દરખાસ્ત ઉપરથી તેજ હુકમનામું બજાવવાનો હુકમ કરવો નહિ.

(૨) આ કલમના કોઈપણ મજકુર ઉપરથી—

(અ) સદરહુ બાર વરસ વીતી ગયા પછી રજુ કરેલી દરખાસ્તની તારીખ પહેલાનાં લાગલાંજ બાર વરસમાં કોઇપણ વખતે હુકમનામાના દેણદારે દગાથી અથવા બળજોરીથી હુકમનામાની બજાવણી થવા દીધી ન હોય, ત્યારે સદરહુ દરખાસ્ત ઉપરથી હુકમનામાની બજાવણી કરવાનો હુકમ કરવાને કોર્ટને અટકાવ થશે એમ સમજવું નહીં; અથવા

(બ) સને ૧૮૭૭ ના હિંદુસ્તાનના મુદત બાબતના આકટના બીજા પરિશિષ્ટની ૧૮૦ મી આર્ટીકલનો અમલ થતો બંધ પડે છે અથવા તેમાં બીજી રીતે બાધ આવે છે એમ સમજવું નહિ.

ટીકા:—સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની કલમ ૨૩૦ નો ૩ અને ૪ પેરા.

તાકીદ હુકમ ના હોય તે:—જે હુકમનામાંથી તાકીદ હુકમ આપવામાં આવેલો ના હોય તે શીવાયના તમામ પ્રકારના હુકમનામાનો આ કલમમાં સમાસ થાય છે. આ ઉપરથી નાણા આપવા બાબત અથવા બીજી મીલકત આપવા બાબતના હુકમનામાના ઠરાવના

બરાબર હેતુ વિષે સને ૧૮૮૨ ના એક્ટ ૧૪ પ્રમાણે પ્રસંગે પ્રસંગે જે તકરાર ઉત્પન્ન થતી હતી તે નાકળી ગયેલી છે (જુઓ ઓકીનીલી સી. પ્રો. કોડ. ૬ આ. પા. ૩૮૯).

બજાવણીની દરખાસ્તઃ—આ ઉપરથી ઓર્ડર ૨૧ રૂલ ૧૧ (જુના કાયદાની કલમ ૨૩૫) પ્રમાણેની એકાદી દરખાસ્ત અથવા બીજી રીતની જે અરજીથી બજાવણીનુ કામ શરૂ થાય છે તે છે. અને તેમાં બજાવણીનું કામ ચાલતાની દરમીયાનમાં લગતી બાબતની અરજી આપેલી હોય તેનો સમાસ થતો નથી (ચંદ્રકુમાર વી. ભગવતી (૧૮૭૮) ૩ ક. ૨૩૫). જેમકે જમી કાહડવી (પ્રભાકરરાવ વી. પોટાના (૧૮૭૮) ૨ મ. ૧). એકાદા દાવામાં પ્રથમ ઇલાજ લેવામાં આવે તેથી બજાવણીને તદન જુદુ પ્રોસીડીંગ છે (દેબ નારાયણદત વી. નારેન્દ્ર કીષ્ણુ (૧૮૮૯) ૧૬ ક. ૨૭૯; ઇશ્વરદાસ વી. ધનજીશાહ (૧૮૯૨) ૧૬ મું. ૬૪૪).

બજાવણીમાં મદદ તરીકે ઇલાજોઃ—હુકમનામુ થયા પછીની નીચેની અરજીઓ અને ઇલાજો તે બજાવણીમાં મદદ તરીકે ઇલાજ છે એમ થતું નથી એવું ઠ રાવેલું છેઃ —

એક હુકમનામાવાળાએ પોતાની પાસેથી કમીશન લેવાની કરેલી અરજી તેમ હુકમનાંમા વીરૂદ્ધ વેચાણની કીંમતનો સેટાફ કરવાની પરવાનગી આપવાની તેણે કરેલી અરજી તે બજાવણીમાં મદદ તરીકેનો ઇલાજ નથી (આનંદ વી. હરસુંદરી ૧૮૯૬) ૨૩ ક. ૧૯૬; પાર્બતીદે વી શામસુંદરરાય (૧૮૯૭–૮) ૨ ક. વી. નોટ ૧૩૪; અઘોર કાળી વી. પ્રસન્નો કુંમાર (૧૮૯૫ ૨૨ ક. ૮૨૭; બજાવણી સારૂ દરખાસ્ત કરવાના ઇરાદાથી એક હુકમનામાની નકલ લેવાની અરજી (ગોપી લાંધુ વી. દૌંબરૂ (૧૮૮૮) ૧૧ મ. ૩૩૬). ખુટતી પ્રોસેસ ફી આપવાની મુદત સારૂ અરજી (કાર્તીકનાથ વી જગન્નાથ (૧૯૦૦) ૨૭ ક ૨૮૫; દ્વારકાનાથ વી. આણંદરાવ (૧૮૯૬) ૨૦ મું. ૧૭૫; ત્રીંબક વી. કાશીનાથ (૧૮૯૮) ૨૨ મું. ૭૨૨; ઠાકુરરામ વી. કટવારૂરામ (૧૯૦૦) ૨૨ અ. ૩૫૮) બજાવણીમાં જપ્ત કરેલી મીલકતની યાદ બાબત (રંગ આયર વી. બાલારામ સામી (૧૮૯૮) ૨૧ મ. ૪૦૦). પ્રથમની દરખાસ્ત સાથે હુકમનામાની નકલ ફાઇલ કરેલી તે પાછી મળવા બાબતની (રાજારામ વી. બેનરજી (૧૮૯૯) ૨૩ મું. ૩૧૧; અઘોર કાળી વી પ્રસન્નો કુમાર (૧૮૯૫) ૨૨ ક. ૮૨૭); એકાદુ હુકમનામુ દુરસ્ત કરવા બાબતની અરજી હુકમનામાની બજાવણીમાં મદદ કર્યા તરીકેની નથી (દયાકીશન વી. નાની (૧૮૯૮) ૨૦ અ. ૩૦૪), તેમ આવી દુરસ્ત કરવાની અરજી મંજુર કરવામાં આવે તે (કાળુરાય વી. ફાઇમન (૧૮૯૧) ૧૧ અ. ૧૨૪). એકાદ વેચાણ બંધ રાખવાની અને બજાવણીનું કામ ફાઇલ ઉપરથી કહાડી નાંખવાની અરજી (અબદુલ હુસેન વી ફાઝીશન (૧૯૦૩) ૨૮ ક. ૨૫૫). વેચાણ મંજુર રાખવા બાબત (ઉમેશચંદ્રદાસ વી. શીવનારાયણ મંડળ (૧૯૦૪–૫) ૯ ક. વી. નોટ ૧૯૩), બજાવણીનુ કામ ચાલતાની દરમીયાનમાં કરેલા હુકમ ઉપરની એક અપીલ પણ તેવી નથી (નંદકીશોર વી. સીપાઇસીંગ (૧૯૦૪) ૨૬ અ. ૬૦૮). જે જામીન વ્યાજ અથવા ખર્ચ આપવાને જવાબદાર થયેલો ના હોય તેના ઉપર અપાવેલી મુદ્દલ રકમ અને ખર્ચ ઉપર વ્યાજ બાબત એક હુકમનામુ બજાવાની દરખાસ્ત તે અસલ દેણદારના વીરૂદ્ધ તે હુકમ તાજો રહે તે પ્રમાણેની દરખાસ્ત નથી કે જેથી બજાવણીમાં ઇલાજ કરેલો થાય (કુસાજી વી. વીનાયક (૧૮૯૯) ૨૩ મું. ૪૭૮). તેમ હુકમનામાનુ દેવું આપવાને સારૂ મુદત આપવાને કરેલી અરજી (એરો વી. જવેરચંદ (૧૮૯૬) ૧૯ મ. ૬૭). એકાદા રીસીવરે વસુલ કરેલાં નાણાં કોર્ટ બહાર આપવામાં આવે તે (આપાસાંમી નાયકણુ વી. જોકા નાયકણુ (૧૮૯૯) ૨૨ મ. ૪૦૮), શીબલાલ વી. રાધાકીશન (૧૮૮૫ ૭ અ. ૮૯૮), ના કા-

મમાં બતાવેલી હકીકત પ્રમાણે બીજાના હુકમનામાની બજાવણીમાં હરકત લેવા બાબતની અરજીમાં એવું ઠરાવ્યું છે કે હુકમનામાવાળાએ પોતાની તરફથી પ્રત્યક્ષ અને સ્વતંત્ર રીતે બજાવણી સારૂ દરખાસ્ત કરવી જોઇએ; કલમ ૨૫૮ (ઓર્ડર ૨૧ રૂલ ૨) પ્રમાણે હુકમ-નામાના દેણદારની અરજ વીરૂદ્ધ ફક્ત હુકમનામાવાળાએ સામી તકરાર કરવાની અરજી કરે તે (અકબર વી હાળીકીષ્ન નંદી (૧૮૯૯–૧૯૦૦) ૪ ક. વી. નોટ ૧૫૨); હુકમનામા-થી જે આપી શકાતું નથી તે બાબતની દરખાસ્ત (પેડરીનોર વી. લીલાચંદ (૧૮૮૯) ૧૩ મું. ૨૩૭); કાયદેસર વારસનુ નામ કામમાં દાખલ કરેલું ના હોય અને તેણે બજાવણી બાબત કરેલી દરખાસ્ત તે પણ તેવો ઇલાજ નથી (ગંગા પ્રસાદ વી. દેવી સુંદરી (૧૮૮૫) ૧૧ ક. ૨૨૭; માધવ પ્રસાદ વી. કેશવ પ્રસાદ (૧૮૯૭) ૧૯ અ. ૩૩૭); હુકમનામાના દેણદારમાંના કેટલાક દેણદાર ઉપર હુકમનામું બજાવાની દરખાસ્ત કરેલી હોય તેથી બીજા દેણદાર વીરૂદ્ધ હુકમનામુ તાજુ રાખવાનો અસર થતો નથી (હરેન્દ્રલાલ વી. શાંમલાલ (૧૯૦૦ ૨૭ ક. ૨૧૦).

બજાવણીમાં મદદ તરીકેના ઇલાજ નીચે પ્રમાણે છે:—

બજાવણીમાં મદદ તરીકે ઇલાજ કરવાને સારૂ એકાદી અરજી મુખજુબાનીથી થઇ શકે છે (ત્રીંબક વી. કાસીનાથ (૧૮૯૮) ૨૨ મુ. ૭૨૨ વળી જુઓ માણુકલાલ વી. નાસીયા (૧૮૯૧) ૧૫ મુ ૪૦૫)

હુકમનામાના લેણદારે હુકમનામુ કરનારી કોર્ટને એવી અરજી કરેલી હોય કે જમીનના રેવન્યુ રજીસ્ટરની નકલ ઉપરથી તે પોતાનુ હુકમનામુ બજાવી શકે તે માટે કલેકટરની ઓ-ફીસમાંથી તે નકલ મળી શકે તે બાબત જરૂરીયાત સર્ટીફીકેટ આપવુ જોઇએ (કતાહી વી. સેશગીરી (૧૮૮૨) ૫ મ. ૧૪૧), હુકમનામાનુ લહેણુ જપ્ત કરવાની દરખાસ્ત જો કે પ્રોસેસ ખર્ચ નહી ભરવાથી કાહાડી નાંખેલી હોય તો પણ; (કેરાલાવરમા વી. રાંગારાંમ (૧૮૯૩) ૧૬ મ. ૪૫૨) હુકમનામુ વસુલ કરવામાં ઊપજેલાં નાણાં આપવાની એક વિનંતી, (કુરમયા વી. ક્રીશ્નમાયા (૧૮૯૧) ૧૭ મ. ૧૬૫; હેમચંદ્ર વી. બ્રજસુંદરી (૧૮૮૨) ૮ ક. ૮૯; ફાજલ ઇમાંમ વી. મેનાસીંગ (૧૮૮૪) ૧૦ ક. ૫૪૯), લીલામમાંથી ખરીદ કરેલી મીલકતનો કબજો અપાવવા બાબતની અરજી) મોતીલાલ વી. મકુદસીંગ (૧૮૯૭) ૧૯ અ. ૪૯૭; સારેતુલ્લા વી. રાજકુમાર (૧૯૦૦) ૪ ક. વી. નો ૬૮૧; ૨૭ ક. ૭૦૯; વળી જુઓ લક્ષ્માનંન વી. કમામલ (૧૯૦૧); ૨૪ મ. ૧૮૫; એકાદા હુકમ-નામાના ભાગની બજાવણી સારૂ કરેલી દરખાસ્ત જો કે કાયદા પ્રમાણે ના હોય તો પણ, (દલીચંદ્ર વી. શીવકોર (૧૮૯૧) ૧૫ મુ. ૧૪૨; કાળીદાસ માનચંદ્ર વી. વરજવા રંગજી (૧૮૯૧) ૧૫ મુ. ૨૪૫); હુકમનામાના દેણદારની જંગમ મીલકતના લીલામ માગણી કરવાની પરવાનગી મળવા બાબતની અરજી (વીનાયકરાવ વી. વીનાયક ક્રીશ્ન (૧૮૯૭) ૨૧ મુ. ૩૩૧; જુઓ વીરૂદ્ધ, રઘુનંદન વી. કાલીદત (૧૮૯૬) ૨૩ ક. ૬૯૦); હુકમનામાવા-ળાના હીસાબે કોર્ટમાં ભરેલાં નાંણા આપવાની અરજી (બાબુચંદ વી. મુગટરાવ (૧૮૯૮) ૨૨ મુ. ૩૪૦);

એકાદા જપ્ત થએલા હુકમનામાની બજાવણીની દરખાસ્ત અને હુકમનામાવાળા એ પોતે પોતાના હુકમનામાની બજાવણીમાં જે હુકમનામુ જપ્ત કરાવેલુ હોય તે બજાવવાની દરખાસ્ત (આધારચંદ વી. લાલમોહન (૧૮૯૭) ૨૪ ક. ૭૭૮; ૧ ક. વી. નો ૬૭૬); મરનાર હુકમનામાવાળાના દીકરાએ કામમાં પક્ષકાર તરીકે પોતાને દાખલ કરવાની તથા બજા-વણીનુ કામ જારી રાખવાની પરવાનગી મળવા બાબતની અરજી, અને હુકમનામાના દેંણદા-રના કાયદેસર વારસ વકીલ ઊપરને હુકમનામુ શા વાસ્તે બજાવવુ નહી તેનું કારણ બતાવ-

વાની નોટીસ કાહાડવાની અરજી (કેસવલાલ વી. પીતાંબરદાસ (૧૮૯૫) ૧૯ મુ. ૨૬૧; અધરચંદ્ર વી. લાલમોહન (૧૮૯૭) ૨૪ ક. ૭૭૮; ૧ ક વી. ૬૭૬); એકાદી દરખાસ્ત કરવાનો જે સખસનો હક હોય તે સખશે કરેલી પણુ તેમાં જે સખસના ઊપર હુકમનામુ બજાવવાને માગેલુ હતુ તેનું નામ ભુલથી મરનાર હુકમનામાના દેંણદારનુ બતાવેલુ હતુ (સાંમીયા વી. ચોકલીંગ (૧૮૯૪) ૧૭ મ. ૭૬); તેનુ તેજ હુકમનામુ નવેસર બજાવવાની દરખાસ્ત કરવાની પરવાનગી સાથે બજાવણીની દરખાસ્ત કાહાડી નાખવાની અરજી (રામનારાયણુ વી. બખતુ કુંઅર ((૧૮૯૪) ૧૬ અલ્હા. ૭૫; જુઓ વીરૂધ તારકચંદ્ર વી. ગયાનાદસુંદ્રી (૧૮૯૬) ૨૩ ક. ૮૧૭); એક હુકમનામુ બજાવવા શારૂ એક બાજી કોર્ટ તરફ મોકલવાની અરજી (ચંદ્રનાથ વી. ગુરૂપ્રસન (૧૮૯૫) ૨૨ ક. ૩૭૫, અથવા તે પાછુ મોકલવાની અરજી, ચંદ્રનાથના વી. ભુળાચંદ્રરાય (૧૮૯૮) ૨ ક. વી નો. ૨૭૧); કોર્ટની બાહાર આપેલુ વસુલ નોંધવાની અરજી (ધનશ્યાંમ વી. મુખ (૧૮૮૦) ૩ અલ્હા. ૩૨૦; સીતળાદીન વી. શીવપ્રસાદ (૧૮૮૨) ૪ અલ્હા. ૬૦; સજાનસીંગ વી. હીરાસીંગ (૧૮૯૦) ૧૨ અલ્હા. ૩૯૯; મહમદહુસેન વી. રામસરૂપ (૧૮૮૯) ૯ અ. ૯; વળી જુઓ તારીનીદાસ વી. બીસ્તુલાલ (૧૮૮૬) ૧૨ ક. ૬૦૮; વાસી ઈલાંમ વી. પુનીતસીંગ (૧૮૯૩) ૨૦ ક. ૬૯૬); દક્ષણના ખેડુતોના બચાવના એક્ટની ક. ૪૪ પ્રમાણે દાખલ કરેલા એકાદા કરાર મુજબ ગીરોવાળી મીલકત વેચાવીને બજાવણી કરવાની દરખાસ્ત (ભગવાન વી. ગનુ (૧૮૯૯) ૨૩ મુ. ૬૪૪); જપ્ત કરેલી મીલકત વેચવા બાબતની અરજી (માંણુકલાલ વી. નાસીયા (૧૮૯૧) ૧૫ મુ. ૪૦૫); દાવેદારના ગીરોના બોજા સાથે જપ્ત કરેલી મીલકત વેચવાની પરવાનગી મળવાની અરજી (લાલરેડી વી. કાળાચંદ (૧૮૮૮) ૧૫ ક. ૩૬૩); સાંનવાળી મીલકત વેચવા બાબત હુકમનામુ ચડાવી લેનારની દરખાસ્ત (અબદુલ મજીદ વી. મહમદ ફેઝુલા (૧૮૯૧) ૧૩ અલ્હા. ૮૯); હુકમનામાના દેંણદારની પોતાની મીલકતનુ લીલામ રદ કરવાની અરજી રદ કરી તે લીલામ મંજુર કરવાની અરજી (ગોબીંદપ્રસાદ વી. રંગલાલ (૧૮૯૪) ૨૧ ક. ૨૩); એક બજાવણીનુ કામ કાહાડી નાંખ્યાના હુકમની ફરી તપાશ કરવાની તથા તે કામ પાછુ ફાઈલ ઊપર લેવાની અરજી (કારતીકનાથ વી. જગરનાથ (૧૯૦૦) ૨૭ ક. ૨૮૫). સરકારના એક ખાતાના હવાલામાં નાણાની રકમછે તે મંગાવી અરજદારને આપવી જોઇએ તેવી અરજી (વેંકટ રામનામ વી. પરશોતમ (૧૯૦૧) ૨૪ મ. ૧૮૮); અને હુકમનાંમાની થોડીક બજાવણી કરવાની દરખાસ્ત (નેપાલચંદ્ર વી. અમ્રતલાલ (૧૮૫૯) ૨૬ ક. ૮૮૮) એ તમામ અરજીયો બજાવણીમાં મદદ તરીકના ઇલાજ લેવા બાબતની છે. (જુના કાયદાની ક. ૨૪૮) ઓરડર ૨૧. રૂલ ૨૧ પ્રમાણેની એકાદી દરખાસ્ત તે જો કે બજાવણીની દરખાસ્ત તરીકે ગણુવાને ખામી ભરેલી હોય તો પણુ તે બજાવણીમાં મદદ તરીકે ઇલાજ બાબતની અરજી છે અને તેથી હુકમનામુ તાજુ રાખવામાં આવે છે (ગોપાલચંદમાંના વી. ગોસાંઇદાશ કાલે (૧૮૯૮ ૨૫ ક. ૫૯૪; ધનકુળસીંગ વી. ઠાકરસીંગ (૧૮૯૩) ૧૫ અલ્હા. ૮૪). તેના તેજ રૂલ પ્રમાણે એક નોટીસ કાહાડવા બાબતની અરજી તે બજાવણીમાં મદદ તરીકનો એક ઇલાજ છે (કેશવલાલ બેહાર વી. પીતાંબરદાસ (૧૮૯૫) ૧૯ મુ. ૨૬૧)

દરખાસ્તનો નમુનો—જુઓ ઓરડર ૨૧ રૂલ ૧૦ અને ૨૫ અને તે ઊપરની નોટઃ—

મુદત.—બજાવણી તે એક હુકમનામાનો અમલ કરવા બાબતનુ એક કામ છે તે તદન વીશેષણુ તરીકના કાયદાના મથાળા નીચે આવે છે, માટે દરખાસ્ત કરતી વખતે મુદત બે જે કાયદો ચાલુ હોય તે પ્રમાણે તે દરખાસ્ત બાબત ચાલવુ જોઇએ (પાસુપતી વી. પાસુપતી (૧૮૭૬) ૧ મ. ૫૨).

દાવામાં આખરના હુકમનામાની તારીખથી મુદત શરૂ થાય છે (બાદીયુનીસ વી. શમશુદીન (૧૮૯૫) ૧૭ અલ્હા. ૧૦૩; ગોપાળચંદ્ર વી. દાસકોલે (૧૮૯૮) ૨ ક. વી. નો. ૫૫૬; મહમદ વી. મોહીની (૧૯૦૭) ૩૧ ક. ૮૭૪). સને ૧૮૮૨ ના એકટ ૪ ની કલમ ૮૮ પ્રમાણે ના વેચાણ બાબત હુકમનામાની બજાવણીની મુદત વેચાણનો હુકમ નક્કી કરવામા આવે ત તારીખથી શરૂ થાય છે કારણ કે તે હુકમ થીત્રાય તે હુકમનામુ બજી શકતું નથી; અને તે હુકમનામાની તારીખથી શરૂ થતી નથી (મહાવીર પ્રસાદ વી. સીતળસીંગ (૧૮૯૭) ૧૯ અ. ૫૨૦) સને ૧૮૮૨ ના એકટ ૪ ની કલમ ૮૮ અને ૯૦ પ્રમાણે જ્યારે એક મીશ્ર હુકમનામું કરેલું હોય અને ગીરો વાળી મીલકત વેચ્યા પછી બાકીના રકમ વસુલ કરવા સારૂ હુકમનામાવાળો તે બજાવે ત્યારે આ કલમનો ઠરાવ લાગુ થાય છે અને હુકમનામાના દેણદારનો જાત અને બીજી મીલકત ઉપર તે કામ ચલાવવું શરૂ કરેલું હોય ત્યારથી બાર વરસ પુરા થયા પછી બજાવણીનો દરખાસ્ત ચલતી નથી (ચંદી ચરણરાય વી. અંબીકાચરણદત (૧૯૦૪) ૩૧ ક. ૭૯૧) એકાદુ એક તરફી હુકમનામુ રદ કરવાની અરજી નામંજુર કરેલી હોય તો તે એક તરફી હુકમનામુ બજાવવા સબંધી મુદત તે હુકમનામાની તારીખથી શરૂ થાય છે (જીવાજી વી. રામચંદ્ર (૧૮૯૨) ૧૬ મું. ૧૨૨) જ્યારે એકાદુ હુકમનામુ બજાવવા લાયક ન હોય અને દુરસ્ત કરાવવાનું હોય તો તે દુરસ્ત કર્યાની તારીખથી મુદત શરૂ થાય છે (મહમદ સુલેમાન વી. મહમદયાર (૧૮૯૫ ૧૭ અ. ૩૯) વળી તેજ પ્રમાણે બજાવણીની દરખાસ્તની બાબતમાં તે દરખાસ્ત કર્યાની તારીખથી શરૂ થાય છે અને સુનાવણી કર્યાની તારીખથી થતી નથી (ફકીર મહમદ વી. ગુલામ હુસેન (૧૮૭૬) ૧ અ. ૫૮૦; સરતકુમારી વી. જગતચંદ્ર (૧૮૯૬) ૧ ક. વી. નોટ ૨૯૦ ત્રીબંક વી. કાશીનાથ (૧૮૯૮) ૨૨ મું. ૭૨૨) વીશેષ ઠરાવમાં 'દરખાસ્તની તારીખ પહેલાં તરત" એવા શબ્દો છે તે દરખાસ્તની તારીખથી તરત પહેલાના બાર વરસ સબંધી છે. માટે આવાં બાર વરસની અંદર કોઇ વખતે કપટ કરેલું હોય તો હુકમનામાવાળાને શરૂ કરવાની નવી મુદત મળે છે (અલીઆલમ વી. દુમારત (૧૮૯૬–૭) ૧ વી. નોટ ૧૬૨) સ્થાવર મીલકતના કબજા બાબતનું હુકમનામું હોય પરંતુ હુકમનામાનો દેણદાર દર વરસે હુકમનામાવાળાને અમુક વર્ષાસન આપવામાં કસુર કરતાં બજાવણી કરવી એવો ઠરાવ હતો ઠરાવ્યુ છે કે પહેલી કસુર કરવામાં આવે એટલે હુકમનામાવાળાને એકદમ તમામ હુકમનામુ બજાવવાની ફરજ નથી પણ હરકોઇ પાછળથી કસુર કરવામાં આવે એટલે તે બજાવી શકે છે (મહમદ ઇસ્લામ વી. મહમદહુસેન (૧૮૯૪) ૧૬ અ. ૨૩૭ વળી જુઓ કપુઅમાલ વી. સ્વામીનાથ (૧૮૯૫) ૧૮ મ. ૪૮૨)

સગીર—જ્યારે એક હુકમનામુ બજાવવાની દરખાસ્ત કરવાનો એક સખસનો હક થતો હોય અને તે, તે વખતે સગીર હોય ત્યારે મુદતના એકટની કલમ ૭ પ્રમાણે હુકમનામાની બજાવણીની મુદતનો બચાવ કરેલો છે, અને તેના વાલીએ તેની તરફથી દરખાસ્ત કરેલી હોય તો પણ મુદતની માફી આપેલી છે (નોરેન્દ્રનાથ વી. ભુપેન્દ્ર નારાયણ (૧૮૯૬) ૨૩ ક. ૩૭૪. વળી જુઓ સુરજકુમાર વી. અરૂણચંદ્ર (૧૯૦૧ ૧૯૦૧) ૨૮ ક. ૪૬૫; ઝમીર હસન વી. સુંદર (૧૯૦૦) ૨૨ અ ૧૯૯). એક સગીર તરફથી એક અરજી ફાઇલ કરવામાં આવેલી તેમાં હુકમનામાની રકમની જવાબદારી કબુલ કરીને તે પેટે વસુલ આપેલુ કબુલ કર્યું હતુ તેથી બજાવણીની મુદતનો અટકાવ થાય છે. (નોરેન્દ્રનાથ વી. ભુપેન્દ્ર નારાયણ (૧૮૯૬) ૨૩ ક. ૩૭૪).

કોર્ટ બંધ હોય તેઃ—અમુક દીવસે પક્ષકારો કાંઇ કરતાં પોતાના કૃત્યથી અટકેલા ન હોય પણ કોર્ટના પોતાના કૃત્યથી અટકેલા હોય તો તે પક્ષકારોનો પહેલ વેહલા લાગે તે કરવાનો હક છે (પ્યારી મોહન વી. આનંદ ચરણ (૧૮૯૧) ૧૮ ક. ૬૩૧; રામશાહી વી. ગયા (૧૮૮૫) ૭ અ. ૧૦૭; સંભાશીવ વી. રામસામી (૧૮૯૯) ૨૨ મ. ૧૭૯૦ જુઓ સને ૧૮૮૭ એકટ ૧૫ ની કલમ ૫).

વ્હેંચણ- વ્હેંચણ બાબતના એક હુકમનામાંથી તમામ પક્ષકારોના હક નકી થાય છે માટે એકાદો પક્ષકાર બજાવણી બાબત દરખાસ્ત કરે તો બીજા પક્ષકારને દરખાસ્ત ક-કરવાની જરૂર નથી (ખુરસદહુસેન વી, નબીરૂતમા (૧૮૭૮) ૩ ક. ૫૫૧; તો પણ જુઓ હીકમઅલી વી વલીઉનીસા (૧૮૯૦) ૧૨ અ. ૫૪૬) પરંતુ મુદતની બાબતમાં તે મજીઆરા હુકમનામા તરીકે ગણવું જોઇએ (મોહનચંદ્ર વી. મહેશચંદ્ર (૧૮૮૩) ૯ ક. ૫૬૮)

સાંથનુ હુકમનામું—એકાદુ સાંથનું હુકમનામું તે હુકમનામાના દેણદાર ઉપર જાતે બજી શકે છે ભવાનીચરણ વી. પ્રતાપચંદ્ર (૧૯૦૩-૪) ૮ ક. વી. નોટ ૩૭૫)

કહાડી નાંખવામાં આવે તો—જે હુકમનામાવાળાની બજાવણીની દરખાસ્ત મીલકત જપ્ત કર્યા પછી કહાડી નાખેલો હોય તે હુકમનામાવાળો ફરીથી દરખાસ્ત કરી શકે છે (લક્ષ્મીનરસીંહ વી. આચાન (૧૮૯૨) ૧૫ મ. ૨૪૦; ચીન્તામણ વી. બાળ શાસ્રી (૧૮૯૨) ૧૬ મુ. ૨૪૯; ધોખળસીંગ વી. ૯કરસીંગ (૧૮૯૩) ૧૫ અ. ૮૪; એકાદી દરખાસ્ત કહાડી નાખ્યાના અસર વિષે જુઓ બરાડાસુંદરી વી. ફગ્યુસન (૧૮૮૫) ૧૧ ક. લા. રી. ૧૭; બીશ્વાસુનન વી. બીનેંદ્રા (૧૮૮૪) ૮ ક. ૪૧૬; શામસીંગ વી. બૈદનાથ (૧૮૮૩) ૧૩ ક. લા. રી. ૧૭૬; રઘુબંસગીર વી. શીવશરણ (૧૮૮૩) ૫ અ. ૨૪૩; બ્યંકટરાવ વી. બીજયસીંગ (૧૮૮૬) ૧૦ મું. ૧૦૮). દીવાની કાયદા ઉપરથીજ અને મુદતના એકટ ઉપરથી ખુલ્લુ છે કે બજાવણી બાબત ઉત્તરોતર દરખાસ્તો કરવાનો હેતુ રાખેલો છે-માટે બજાવણીની પેહલી દરખાસ્ત ફરીથી કરવાની સ્પષ્ટ પરવાનગી આપ્યા શીવાય કહાડી નાંખેલી હોય તોપણ હુકમનામાવાળો ફરીથી દરખાસ્ત કરી શકે છે અને તેની પેહલી દરખાસ્ત ઉપરથી મુદત શરૂ થાય છે (ઠાકર પ્રસાદ વી. ફકીરૂલ્લા (૧૮૯૪-૫) લા. રી. ૨૨ ઈ. અ. ૪૪; જીતમલ વી. જવાળા પ્રસાદ (૧૮૯૯) ૨૧. અ. ૧૫૫; વીરૂદ્ધ-પેકુ વી. પીરથપાલ (૧૮૯૩) ૧૫ અ. ૪૯). બજાવણીની એક દરખાસ્ત કહાડી નાંખ્યાનો હુકમ કરેલો પણ તે દરખાસ્ત પ્રમાણે કરેલી અરજી ચાલુ રાખવામાં આવેલી હતી તો તે હુકમ કાયદા પ્રમાણે નથી. (રામનીવાસ વી. રામચરણ (૧૮૯૬) ૧૮ મ. ૪૯). બજાવણીની દરખાસ્ત કહાડી નાંખ્યાના હુકમ ઉપર અપીલ કરવી નકામી છે માટે તે કહાડી નાંખવી જોઇએ (રતનજી વી. હરીહરદત (૧૮૯૫) ૧૭ અ. ૨૪૩).

દાલાજો.—જો એકાદી કોર્ટ મુદતના સવાલનો નીર્ણય કરવાનું રેહવા દે અથવા હુકમનામાના દેણદારની વીરૂદ્ધ નીર્ણય કરે અને તેના અભીપ્રાય ખોટી રીતે તે નીર્ણય કરેલો છે એવું આવેતો તે અપીલ અથવા ફરી તપાસની અરજી કરી શકે છે અને તે દરખાસ્તની નોટીસ તેના ઉપર કહાડેલી હોય કીંવા નહિં તેની ચીંતા નથી (રામુરાય વી. દયાળસીંગ (૧૮૯૪) ૧૬ અ. ૩૯૯).

બજાવણીનો અટકાવ.—જ્યારે બજાવણીનું કામ કોર્ટે બંધ રાખેલુ હોય અને તે જે કાંઈ બાબત હુકમનામાવાળો જવાબદાર હોય તેવી કોઇ બાબતથી તે બંધ રાખેલુ ના હોયતો તે કામની ફરી તપાસ કરવાની અરજીની મુદત જતી નથી (લક્ષ્મીચંદ વી.

બાલમદાસ (૧૮૯૫) ૧૭ અ. ૪૨૫.—તાકીદ હુકમ પુરો થયા પછી એક દરખાસ્ત કરવામાં આવે તે વિષે જુઓ કલ્યાણ ભાઇ વી. ઘનશામલાલ (૧૮૮૧) ૫ મું. ૨૯; કીષ્ણાજી વી. આણુદરાવ (૧૮૮૩) ૭ મું. ૨૯૮; બત્તીબેગમ વી. ન્યાલચંદ (૧૮૮૩) ૫ અ. ૪૪૯; લત્‍ફુલ હક વી. શંભુદીન (૧૮૮૯) ૮ ક. ૨૪૮). વળી તેજ પ્રમાણે હુકમનામાના દેણદાર તરફથી હરકતો લેવામાં આવેલી હોય તે કારણથી અથવા કોર્ટે કરેલા ઇલાજ ઉપરથી અથવા બીજા જે કારણ બાબત હુકમનામાવાળો જવાબદાર ન હોય તેવા બીજા કારણથી બજાવણી બંધ રાખેલી તો આ કલમ પ્રમાણે ઠરાવેલી મુદતની અંદર તે કામ સંપુર્ણ આખરનુ કરી શકાતુ નથી (રહીમ અલ્લી વી. ફુલચંદ (૧૮૯૬) ૧૮ અ. ૪૮૨; સસીગરના વી. અરૂલાનંદમ (૧૮૯૮) ૨૧ મ. ૨૬૧. પરંતુ જુઓ હરસ્વરૂપ વી. બાળગોવીંદ (૧૮૯૬) ૧૮ અ. ૯). ઓર્ડર ૨૧ રૂલ ૧૭ પ્રમાણે લીધેલી હરકતથી તથા રેગ્યુર દાવાથી ઠરાવેલી મુદત ઉપરાંત બજાવણીનુ કામ બંધ રાખેલું હોય તો તે કામની ફરી તપાસની અરજીને મુદતની હરકત એમ ઠરાવેલુ છે (દેસરાજસીંગ વી. કરીમખાન (૧૮૯૭) ૧૯ અ. ૭૧). વળી તેજ પ્રમાણે ઓર્ડર ૨૧ રૂલ ૯૮ પ્રમાણે કામ ચલાવાથી તે ચાલતુ કામ બંધ રાખેલું હોય તો છે (શીવરામ વી. સરસ્વતીબાઇ (૧૮૯૬) ૨૦ મું. ૧૭૫. તો પણ નીચેના કામોમાં મુદત ગયા પછી બજાવણીની દરખાસ્તો સબંધી મુદતના એકટની સખતાઇ કોર્ટોએ કમી કરેલી છે તે બજાવણીની નવી દરખાસ્તો તરીકે નહિં પરંતુ આગળ ચાલેલા કામો જારી રાખવા કરેલી દરખાસ્તો તરીકે છે—પ્યારૂ બુહીબી બધારીણી વી. નઝીરહુસેન (૧૮૭૫) ૨૩ વી. રી. ૧૮૩; પારસરામ વી. ગાર્ડનર (૧૮૭૬–૭) ૧ અ. ૩૫૫; ઇસુરીદાસી વી. અબદુલ ખલક (૧૮૭૯) ૪ ક. ૪૧૫; બસંતલાલ વી. બટુલ (૧૮૮૪) ૬ અ. ૨૩; હરીચરણ બોઝ વી. સુબેદાર (૧૮૮૬) ૧૨ ક. ૧૬૧; ચંદ્રપ્રધાન વી. ગોપીમોહનશાહ (૧૮૮૭) ૧૪ ક. ૩૮૫; બઇકાંતનાથ મીત્ર વી. અગહારનાથ બોઝ (૧૮૯૪) ૨૧ ક. ૩૮૭ પણ જુઓ રામસુંદર સપ્યાળ વી. ગોપીસુર મુસ્તફી. (૧૮૭૮) ૩ ક. ૧૧૬.

હુકમનામાવાળાને નવો દાવો કરવાને રાખેલો હોય અસલ હુકમનામુ બજાવાની એકાદી અરજ તે દાવો કરતા પેહલાં કહાડી નાંખેલી હોય તેથી ત્રણ વરસ કરતાં વધારે મુદત થયા પછી તે હુકમનામુ થઇ શકતું નથી (સુર્યનારાયણ વી. ગરૂપદા (૧૮૯૮) ૨૧ મ. ૨૫૭). ગીરો છોડાવાનો દાવો.—જુઓ નારાયણ વી. આણંદરાવ ૨૬ મું. ૪૮૦ શમુની વી. બ્રહ્મ ૧૫ મ. ૩૬૬]

અપીલનું હુકમનામું—અસલ હુકમનામા તમામ ઉપર નહિં પણ તેના થોડાક ભાગ ઉપર અપીલ કરેલી હોય તો પણ અપીલના હુકમનામાની તારીખથી મુદત શરૂ થાય છે (અબ્દુલ રેહમાન વી. એદીનસાહબા (૧૮૯૮) ૨૨ મું. ૫૦૦ વળી જુઓ ગોપાળચંદ્ર વી. ગોશાઇદાસકાળે (૧૮૯૮) ૨૫ ક ૫૯૪; ૨ ક. વી. નોટ ૫૫૬; ક્રીસ્તોચરણ વી. રાધાચરણ (૧૮૯૨) ૧૯ ક. ૭૫૦; હરકાંત વી. બ્રીજમોહન (૧૮૯૬) ૨૩ ક. ૮૭૬; નંદલાલ વી. રાયજયકીશન (૧૮૮૯) ૧૬ ક. ૫૯૮; નરસીંગ વી. માધોદાસ (૧૮૮૨) ૪ અ. ૨૭૪; વુરલહસેન વી. મહમદહસન (૧૮૮૬) ૮ અ. ૫૭૩; બસંતલાલ વી. નાજુન્નીસા (૧૮૮૪) ૬ અ. ૧૪૩; ઇનામઅલ્લી વી. દસાંધીરામ (૧૮૭૬–૮) ૧ અ. ૫૦૮; વજીરમાહતન વી. લલીતસીંગ (૧૮૮૩) ૯ ક. ૧૦૦; વીરરાઘવ વી. પનામલ (૧૮૯૯) ૨૨ મ. ૬૦ મથુ વી. ચેલાપા (૧૮૮૯) ૧૨ મ. ૪૭૯; તો પણ તે કામનો ઠરાવ અર્થાત રીતે કીષ્ણામા વી. મંગામલ (૧૯૦૩) ૨૬ મ. ૯૧ ના કામના હાઇકોર્ટના તાજા ફેંસલાથી રદ થયેલો છે.) પણ અપીલના ઉપર જોઇતો સ્ટેંપ નથી એવા કારણથી તે અપીલ રદ કરેલી

હોય તો જે હુકમનામા ઉપર અપીલ કરેલી હોય તે હુકમનામાની તારીખથી મુદત શરૂ થાય છે (દીનાતઉલ્લા વી. વજીદઅલ્લી (૧૮૮૪) ૬ અ. ૪૩૮).

અપીલ એ શબ્દમાં પ્રીવીકાઉંસીલમાં કરવાની અપીલનો સમાસ થાય છે. અને જ્યુડીશીઅલ કમીટીના હુકમની તારીખથી મુદતથી શરૂ થાય છે (ગોપાળશાહુ વી. જયરામ (૧૮૮૧) ૭ ક. ૬૨૦; નરસીંહ વી. નારાયણ (૧૮૭૯-૮૦) ૨ અ. ૭૬૩; ક્રીષ્ણામા વી. મંગામલ (૧૯૦૩) ૨૬ મ. ૯૧)

મુદતનો એકટ—કલમ ૧૩--કલમ ૧૩ થી જે મુદતની અંદર પ્રતીવાદી બ્રીટીશ ઇંડીયામાંથી ગેરહાજર રહેલો હોય તે મુદત બાતલ કરવામાં આવેલી છે તે બજાવણીના કામને લાગુ થતું નથી (હસનખાન વી. ગંગારામ (૧૮૮૦-૧) ૩ અ. ૧૮૫)

કલમ ૧૯—તે એકટની કલમ ૧૯ કલકતામાં બજાવણીની દરખાસ્તોને લાગુ થાય છે (તોરી મહમદ વી. મહમદ (૧૮૦૩) ૯ ક. ૭૩૦; ભગબતી ચરણ વી. આસુતોષ ચક્રોપાધ્યાય (૧૯૦૩-૪) ૮ ક. વી. નોટ ૪૭૦; અલ્હાબાદમાં રામહીતરાય વી. સતગર (૧૮૮૦-૧) ૩ અ. ૨૪૭; હીંગનલાલ વી. મંછારામ (૧૮૯૬) ૧૮ અ. ૩૮૪;. પણ મદ્રાસમાં નહિ--રામા વી. વ્યંકટેશ (૧૮૮૨) ૫ મ. ૧૭૧).

અમુક તારીખ—એકાદા હુકમનામામાં દર વરસે અથવા દરમાસે વસુલ આપવાનો ઠરાવ કરેલો હોય તો આ કલમના હેતુ પ્રમાણે અમુક તારીખે વસુલ આપવાને હુકમનામામાં ઠરાવેલું છે એમ નથી (યસુફખાન વી. સરદારખાન (૧૮૮૪) ૭ મ. ૮૩; સભાનાથ વી. લક્ષ્મી (૧૮૮૪) ૭ મ. ૮૦) પરંતુ અર્થ કરવા ઉપરથી જો તે તારીખ નકી કરેલી હોય તો તે બસ છે (કાવેરી વી. વ્યંકામા (૧૮૯૧) ૧૪ મ. ૩૯૬ લક્ષ્મીબાઇ વી. માધવરાવ (૧૮૮૮) ૧૨ મું. ૬૫) અને એક દેણદારને પકડવામાં આવવાથી વસુલ આપવાને પંદર દીવસ મળવાને અરજી કરેલી અને અરજી કબુલ કરીને "તે અરજી ફાઇલ કરવી" એવો હુકમ કરેલો હતો. તેમાં ઠરાવ્યું છે કે પંદર દીવસની આખરે તે આપવાનો હુકમ નથી (જગબંધુદાસ વી. હોરીરાઉત (૧૮૮૯) ૧૬ ક. ૧૬; બાળચંદ વી. ભગુ (૧૮૮૨) ૪ અ. ૧૫૫; તોપણ જુઓ જ્યોતીશાહુ વી. ભુવનગીર (૧૮૮૫) ૧૧ ક. ૧૪૩ જુઓ હકતો ઓર્ડર ૨૦ રૂલ ૧૧; સબ્સ્ટેન્શીયલ કંપલાયન્સ)

કપટ—પકડવામાં અટકાવ કરવાથી ભગુ જેઠા વી. માલેક (૧૮૮૫) ૯ મું ૩૧૮; વીસાલોઅ વી. શીવશંકર (૧૮૮૨) ૪ મ. ૨૯૨ અથવા પકડવા ન દેવામાં આવે તેથી જેછતી રીતે કપટ થાય છે એવું જણાય છે. (પટકારા વી. રંગાસામી (૧૮૮૩) ૬ મ. ૩૬૫ એકાદો હુકમનામાનો દેણદાર જાણતો હોય કે મારી જંગમ મીલકત જપ્ત કરવાને વારંટ નીકળેલું તેથી તે પોતાના ઘર ઉપર તાળુ વાસે અને તેથી જંગમ જપ્ત કરતાં અટકાવે તો તેના તે કૃત્યથી કપટ થાય છે એવું ઠરાવેલું છે તે કલમમાં જે વિશેષ ઠરાવ છે તેનો ફાયદો મેળવવા સારૂ હુકમનામાના લેણદારે હુકમનામાના દેણદારનું કપટ એવું જારી રહેલું હતું કે હરકોઇ વખતે તે હુકમનામું બજાવવામાં અટકાવ થાય તેવું હતું એમ સાબીત કરવાની જરૂર નથી (વ્યંકાયા વી. રાઘવ (૧૮૯૯) ૧૫ અ. ૧૯૮)

"એક હુકમનામું બજાવવાની દરખાસ્ત" એ શબ્દોનો હેતુ એકાદુ હુકમનામું બજાવવાની હરકોઇ દરખાસ્ત છે. તેજપેરેગ્રાફની રકમ (૧) અથવા (૨) માં બતાવેલી વખતમાંની હરકોઇ વખતથી બાર વરસ પુરાં થતાં પહેલાં છેલ્લી દરખાસ્ત કરેલી હોય તેનેજ લાગુ છે એમ નથી (તીલેશરરાય વી. પારબતી (૧૮૯૩) ૧૫ અ. ૧૯૮).

રેસજ્યુડીકેટા.—બજાવણીમાં એકાદી કોર્ટનો ઠરાવ તે પક્ષકારોની વચમાં રેસજ્યુડીકેટા છે (મગળપ્રસાદ વી. ગીરજા કાંત (૧૮૯૨) ૮ ક. ૫૧; લા. રી. ૮ ઇ. અ. ૧૨૩; રામકીપાળ વી. રૂપ કુંવરી (૧૮૮૪) ૬ અ. ૨૬૯. લા. રી. ૧૧. ઇ. અ. ૩૭; કાનજીમલ વી. કનૈયા (૧૮૮૫) ૭ અ. ૩૭૩; બેનીરામ વી. નાતુ (૧૮૮૩-૪) લા. રી ૧૧ ઇ. અ. ૧૮૧; ફતેહનારાયણ વી. ચંદ્રબતી (૧૮૯૩) ૨૮ ક. ૫૫૧; પણ જુઓ રૂપ કુંવરી વી. રામકીપાળ (૧૮૮૦-૧) ૩ અ. ૧૪૧). અને એકાદી કોર્ટે એકાદી દરખાસ્ત ચાલવાને હરકત છે એવું ઠરાવીને રદ કરેલી હોય તો પાછળથી કોઇ દરખાસ્ત મંજુર રાખી શકાતી નથી (એંડલી કરીમ વી. રોમેશચંદ્ર (૧૮૮૨) ૧૧ ક. લા. રી. ૧૪૫; ૯ ક. ૬૫; જુઓ વળી ભુવન વી. જોબરાજસીંગ (૧૮૮૨) ૧૧ ક. લા. રી. ૨૭૭). મુદત ગયા પછી બજાવણીની એક દરખાસ્ત આપેલી હોય તેથી તેને મુદતની હરકત હોય અને જો કે પ્રથમ તે મંજુર રાખવામાં આવેલી હોય તો પણ પાછળથી કસુર કારણથી કાહડી નાખેલી હોય તો બીજી દરખાસ્ત ચાલતી નથી (ભગવાન વી. ઘોંડી (૧૮૯૮) ૨૨ મું. ૮૩). બીજી બાજુ તરફ બજાવણીનો હુકમ કરેલો હોય તો પાછળથી દરખાસ્તમાં પહેલી દરખાસ્તના પરીણામ વિષે દેણદાર પાસે મુકી શકતો નથી (વલીચંદ્ર વી. શીવકોર (૧૮૯૧) ૧૫ મું. ૨૪૨; મંજુરનાથ વી. વ્યંકટેશ (૧૮૮૨) ૬ મું. ૫૪; હરોસુંદરી વી. જગબતુ (૧૮૮૧) ૬ ક. ૨૩૩. પણ જુઓ દીનકર વી. હરી (૧૮૯૦) ૧૪ મું. ૨૦૬).

એક હુકમનામાના દેણદારે હુકમનામાના ભાગની બજાવણી બાબત પ્રથમ હુકમ કરેલો તે ઉપર અપીલ કરેલી નહિં અને તે હુકમના બળવાન પણા વીષે તેણે તકરાર કરેલી નહી તેથી તે હુકમનામા બાકીના ભાગની પાછળથી કરેલી બજાવણીમાં તે એવી તકરાર કરી શકતો નથી કે પહેલી દરખાસ્ત કાયદા પ્રમાણે નહોતી માટે પાછળની દરખાસ્તને મુદતની હરકત છે (નેપાળચંદ્ર વી. અમ્રીતલાલ (૧૮૯૯) ૨૬ ક. ૮૮૮).

દીલ્હી અને લંડનબેંક. વી ઓર્ચર્ડ (૧૮૭૮) ૩ ક. ૪૭; લા. રી ૪ ઇ. અ ૧૨૭ અને જુઓ મંજુનાથ વી. વ્યંકટેશ (૧૮૮૨) ૬ મું. ૫૪) ના કામમાં ઠરાવ્યું છે કે કમીશનરની જરૂરીયાત મંજુરી મેળવેલી નહોતી તેથી બજાવાને ના કહયાનો હુકમ રેસજ્યુડીકેટા નથી અને આ ઉપર આધાર રાખીને એવું ઠરાવ્યું છે કે બજાવાની દરખાસ્ત ના મંજુર કર્યાનો હુકમ તે ફલના હેતુ પ્રમાણે ઠરાવ નથી (હરોસુંદરી વી. જગોબંધુ (૧૮૮૧) ૬ ક. ૨૮૩; અને જુઓ ગોરમુની વી. જગત (૧૮૯૦) ૧૭ ક. ૫૭ પા. ૬૩). બજાવાની એકાદી દરખાસ્ત હુકમનામા ઉપર બીજી અપીલ ચાલતાની દરમીયાનમાં ચલાવામાં આવેલીના હોય તેથી બીજી અપીલ કહાડી નાખ્યા પછી બીજી દરખાસ્ત કરવાને હરકત થતી નથી એવું ઠરાવેલું છે (નાનચંદ વી. વીઠુ (૧૮૯૫] ૧૯ મું. ૨૫૮). બેઉ દરખાસ્તોમા જે દાદ બાબત દાવો રાખેલો તે જુદી જુદી હોય તો તે રેસજ્યુડીકેટા નથી (કપુઅમાલ વી. સાંમીનાથ (૧૮૯૫) ૧૮ મ. ૪૮૨).

અર્થ.—બજાવણીના કામમાં એક હુકમનામાનો અર્થ કરવામાં આવે તેથી પાછળથી દાવો ચાલવાને હરકત થાય છે (કાળીમંડળ વી. કેદાર નાથ (૧૮૯૦) ૬ ક. લા. રી. ૨૧૫; મંગરપ્રસાદદીક્ષીત વી. ગીરજાકાંત (૧૮૮૦-૮૧) લા. રી. ૮. ઇ. અ. ૧૨૩; ૮ ક ૫૧. પણ જુઓ ઇશ્વરદાસ વી. ડોસીબાઇ (૧૮૮૩) ૭ મું. ૩૧૬). અને જોકે એકાદી કોર્ટનો તકરાર વીનાના હુકમ ફકત કરેલો હોય તે અવશ્યે કરીને રેસજ્યુડીકેટા નથી તો પણ એકાદા દસ્તાવેજનો અર્થ લાંબી મુદત સુધી ચાલેલો હોય તે સેહલાઇથી રદ કરવો ન જોઇએ

(ગોપાળહનમંત વી. કોંદો (૧૮૮૫) ૯ મું. ૩૨૯). જો કે એકાદા હુકમનામામાં શબ્દોથી અમુક દાદ અપાવેલી ન હોય પરંતુ તે ઉપરથી કરેલા હુકમોમાં તે દાદ અપાવેલી છે એવો અર્થ કરેલો હોયતો પાછળથી દરખાસ્ત ઉપરથી તે હુકમો ભુલ ભરેલા છે એવું ગણવાને અને તે હુકમનામાનો બીજો અર્થ કરવાને કોર્ટ મુખત્યાર નથી (વ્યંકટ નરસીંગ વી. ૫પામા (૧૮૯૬) ૧૯ મ. ૬૪ જુઓ કલમ ૧૧ ની નોટ).

સમાધાન.—એકાદા સમાધાનનો હેતુ હુકમનામું બંધ કરવાનો છે માટે નવો દાવો કરીને ફક્ત તેનો અમલ કરી શકાય છે અને પ્રથમના હુકમનામાની બજાવણી બાબત દરખાસ્ત કરીને કરી શકાતો નથી (હરી વી. કીષ્ણાજી અનંત (૧૮૯૫) ૧૯ મું. ૫૪૬).

અપીલ.—બજાવણી કરવાની ના કહયાનો હુકમ તે એક હુકમનામુ છે માટે તે કોર્ટે યોગ્ય રીતે કુલ અખત્યાર વાપરેલો છે કે નહિં તેનો નીર્ણય કરવાને અપીલ ચાલે છે. ચેના વી. ઘેલાભાઇ (૧૮૮૩) ૭ મું. ૪૦૧. અને જુઓ કલમ ૨. જુઓ "હુકમનામું."

હાઇ કોર્ટ.—પેટા કલમ (બ) થી હાલ ખુલ્લી રીતે સને ૧૮૭૭ ના એક્ટ ૧૫ ના પ્રશીષ્ટ ૨ આર્ટીકલ ૧૮૦ ના ઠરાવનો બચાવ કરેલો છે; અને દેખીતી રીતે હાઇકોર્ટે કરેલા હુકમનામાઓને તે લાગુ થતો નથી (મયાભાઇ વી. ત્રીભોવનદાસ (૧૮૮૨) ૬ મુ. ૨૫૮; ગણપતી વી. બાલાસુંદર (૧૮૮૪) ૭ મ. ૫૪૧). અથવા કાઉંસીલના કરેલા હુકમને લાગુ નથી (ફતેહનારાયણ વી. ચંદ્રબતી (૧૮૯૩) ૨૦ ક. ૫૫૧). અથવા ૧૧ અને ૧૨ વી ક. બાબ. ૨૧ ની કલમ ૮૬ પ્રમાણે કરેલા હુકમને લાગુ નથી. પરંતુ અપીલ કરવા ઉપરથી હાઇકોર્ટે એક હુકમનામું કરે તેથી તે હાઇકોર્ટનું હુકમનામું જે કોર્ટને બજાવવાનું હોય તે કોર્ટને પોતાનુ હુકમનામું બજાવામાં જે નીયમો પ્રમાણે ચાલવાનુ છે તે નીયમો પ્રમાણે ચાલવાનુ છે (ક્રીસ્તો કીંકર વી. બરોડાકાંત (૧૮૭૨) ૧૦ બ. લા. રી. ૧૦૧, ૧૪ મુ. ૨. ઈ. અ ૪૬૫).

દીવાની કાયદા પ્રમાણે બજાવણી વીષે કરેલો એક હુકમ નોટીસ આપીને કરેલો હોય તો હાઇકોર્ટની અસલ બાજુમાં ફેંસલો તાજો રાખવાને તેનો તેજ હેતુ છે (અસુતોષદત વી. દુર્ગા (૧૮૭૧) ૮ ક. લા. રી. ૨૩; ૬ ક. ૫૦૪; ફતેહ નારાયણ વી. ચંદ્રબતી (૧૮૯૩) ૨૦ ક. ૫૫૧; સુજા હુસેન વી. મનોહરદાસ (૧૮૯૭ ૨૪ ક. ૨૪૪. તોપણ જુઓ તીનકોરીદાન વી. દેવેન્દ્ર (૧૮૯૦) ૧૭ ક. ૪૯૧ અને મનોહરદાસ વી. ફતેહચંદ (૧૯૦૩) ૭ ક. વી. નોટ ૭૫૩; ૩૦ ક. ૯૭૯).

હુકમનામું ચઢાવી લેનાર તથા કાયદેસર વારસ વકીલ વિશે.

મુળ હુકમનામાવાળા ઉપર હુકમનામાનો દે· (હુકમનામું) ચઢાવી ણદાર જે કંઈ હકક (ઇકવીટીઝ) (હોય તો તે) અમલમાં લેનાર. લાવત તેને પાત્ર, હુકમનામું લેનારને તે હુકમનામું મળ્યું છે એમ ગણાશે,

સને ૧૮૮૨ ના એક્ટ ૧૪ ની કલમ ૨૩૩.

ટીકા.—આ કલમ હાઇકોર્ટ તથા પ્રોવીન્શીઅલ સ્મોલકોઝ કોર્ટને લાગુ છે.

બજાવણીમાં હુકમનામું ચઢવી લેનાર તે અસલ હુકમનામાવાળા વીરૂદ્ધ જે વ્યાજબી હકોનો અમલ કરી શકાય છે તે હકોનો તે ચઢાવી લેનાર પણ જવાબદાર છે તેથી જે તારીખે તેણે તે ખરીદ કરેલું હોય તે તારીખે સામુ હુકમનામું કાયમ હોય તેનો સેટાપ કરવાને હુકમનામાના દેણદારનો જે હક છે તે હકની તે જવાબદારી સાથે હુકમનામુ લે છે અને

તેની તેજ કોર્ટમાં તે પ્રમાણે થાય છે : કાયમઅલી વી. લખીકાંત (૧૮૬૮) ૧૦ વી. રી. ૩૨; ૧ બં. લા. રી ૨૭; દુર્ગાચરણ વી. દેવનાથ (૧૮૭૨) ૧૮ વી. રી. ૪૪૨; ઉપેન્દ્રમોહન વી. પુર્ણાચંદ્ર (૧૮૭૩) ૧૯ વી. રી. ૮૫; રામચંદ્ર વી. મહેન્દ્રનાથ (૧૮૭૪) ૨૧ વી. રી. ૧૧૬). અને જે કામમાં એસાઇનમેંટ કપટ ભરેલું હોય તો તેથી સેટાફ કરવાના હકને હરકત થતી નથી (તાલબ હુસેન વી. વોકર (૧૮૬૭, ૭ વી. રી. ૮૭૦).

જમે કરેલું લેણું.—અમુક સખસ ઉપર **અ** એ હુકમનામું મેળવેલું અને તે સખસે ત્યારે પછી તે હુકમનામું રદ કરાવેલું અને દાવાની ફરી સુનાવણી કરાવી ત્યારે ફરીથી **અ** ના લાભમાં હુકમનામુ થયું તેમાં **અ** એ પોતાનો હક **બ** ને આપેલો હતો તે ઉપરથી **ડ** નું **અ** પાસે લેણું હતું તે બાબતનાં તે હુકમનામુ **ડ** એ જમે કરાવ્યું; ઠરાવ્યું છે કે **બ** કરતાં **ડ** નો પ્રથમ દાવો છે (ગીરીશચંદ્ર વી. અભયચરણ (૧૮૮૦) ૬ ક. લા રી. ૪૫૮).

નોટીસ સાથેના એસાઇની.—એકાદા હુકમનામાવાળા વીરૂદ્ધ એકાદો બ્યાજબી હક હોય તો નોટીસ સાથેના તેના એસાઇની વીરૂદ્ધ અમલ થાય છે (ક્રીસ્તો રમાની વી. કેદારનાથ (૧૮૮૯) ૧૬ ક. ૬૧૯. વળી જુઓ સીતુપંડ્યારામ વી. સાથોજીરાવ (૧૯૦૩) ૨૬ મ ૪૭૮).

પૈસા બાબતના હુકમનામાની બજાવણીમાં તે હુકમનામાનો અસાઇની હુકમનામાના દેણદારે પ્રથમ જે મીલકત એસાઇન કરનારને ગીરો આપેલી તે વેચાવી શકે છે અને મીલકત તબદીલ કરવાના એકટની કલમ ૯૯ થી કાંઇ અટકાવ થતો નથી (બેંકબાલ વી. મણીલાલ (૧૯૦૫) ૨૦ અ. ૪૫૦).

૫૦. (૧) હુકમનામાની પુરેપુરી ભરપાઇ થાય ત્યાર પહેલાં હુકમનામાનો દેણદાર ગુજરી જાય ત્યારે, મૈયતના કાયદેસર વારસ વકીલ ઉપર તે બજાવવા સારૂ હુકમનામાનો માલેક હુકમનામું કરનારી કોર્ટને દરખાસ્ત કરવાને મુખત્યાર છે.

કાયદેસર વારસ વકીલ.

(૨) જ્યારે એવા કાયદેસર વારસ વકીલની ઉપર હુકમનામું બજાવ્યું હોય ત્યારે, તે વારસ વકીલના હાથમાં આવેલી મૈયતની જેટલી મિલકત યોગ્ય વ્યવસ્થા કરી નહીં હોય, તેટલી મિલકત પુરતોજ તે જવાબદાર થશે ; અને આ જવાબદારી નક્કી કરવા સારૂ હુકમનામું બજાવનારી કોર્ટ, પોતાને મનથી અથવા હુકમનામાવાળાની અરજ ઉપરથી, પોતાને યોગ્ય લાગે તેવો હિસાબ એવા કાયદેસર વારસ વકીલ પાસે હાજર કરાવવાને મુખત્યાર છે.

સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની કલમ ૨૩૪.

ટીકા—આ કલમ હાઇકોર્ટ અને પ્રોવીન્સીઅલ સ્મોલકોઝ કોર્ટને લાગુ છે (જુઓ સને ૧૮૭૭ નો અજમેરન કાયદો ૨ ની કલમ ૨૯).

હુકમનામું કરનારી કોર્ટ:—સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની કલમ ૨૩૪ પ્રમાણે એવું ઠરાવેલુ છે કે એકાદા હુકમનામાના દેણદારના કાયદેસર વારસ ઉપર એકાદુ હુકમનામું બજાવાની દરખાસ્ત તે બજાવણી સારૂ જે કોર્ટ તરફ તે હુકમનામું મોકલેલુ હોય તે કોર્ટને પણ કરી શકાય છે (શાંનલાલ પાળ વી. મધુસુધન સરકાર (૧૮૯૫) ૨૨ ક. ૫૫૮. પરંતુ જુઓ હીરાચંદ વી. કસ્તુરચંદ (૧૮૯૪) ૧૮ મું. ૨૨૪).

આ કલમ પ્રમાણેના પ્રોસીડીંગ:—જ્યારે કાયદેસર વારસને કામમાં દાખલ કરવામાં આવે ત્યારે કલમ ૪૭ ના હેતુ પ્રમાણે તે દાવાનો એક પક્ષકાર થાય છે. (કુર્યાલી વી. એવન (૧૮૯૪) ૭ મ. ૨૫૫; ચુનીલાલ બોઝ વી. બીબી (૧૯૦૩) ૩૮ ક. ૧૦૪૪).

ખરા બંગાળમાં વારસો હોય તો હીંદુ વારસો જપ્ત કરેલી મીલકત ઉપર જે દાવા કરે તે તમામ દાવા જો ટ્રસ્ટી તરીકે કબજે રાખવાના ન હોય તો તેની તે પ્રમાણે વ્યવસ્થા કરવામાં આવે છે (પંચાનન વી. રેબીયા (૧૮૯૦) ૧૭ ક. ૭૧૧; રૂપલાલ વી. એકાની (૧૮૮૮) ૧૫ ક. ૪૩૭). અને વાવ્યપ્રાંત અને બીહારમાં હુકમનામાંથી મજીઆરૂ કુટુંબ બંધનમાં આવે છે તેથી ત્યાંના કામોને તેજ નીયમ લાગુ થાય છે એમ જણાય છે (રાજરૂપ વી. રામ ગોલામ (૧૮૮૯) ૧૬ ક. ૧). અથવા એકાદી વીધવા ઉપરનુ હુકમનામું હોય અને તેમાં તેણીને તથા તેણીના વારસોને દાખલ કરેલા હોય (મંગેશર કુંવર વી. જમુના (૧૮૮૯) ૧૬ ક. ૬૦૩; રઘુબર દયાળ વી. હમીદ (૧૮૯૦) ૧૨ અ. ૭૩). અથવા તે હુકમનામું વારસો ઉપર મેળવેલુ હોય (મુળમંત્રી વી. અસ્ફાક (૧૮૮૭):૯ અ. ૬૦૬). તો તેને તેજ નીયમો લાગુ થાય છે એવું જણાય છે.

બજાવણીના કામમાં એકાદ કરનાવનના ઉપર કરેલુ હુકમનામુ અને તેના વારસોને દાખલ કરેલા હોય તો તેજ નીયમ લાગુ થાય છે (રાવુની વી. કંજુ (૧૮૮૭) ૧૦ મ. ૧૧૭ અને એક હિંદુ વીધવાના પાછળથી થનાર વારસો વિષે જુઓ ચીન્તામણી વી. મહેશચંદ્ર (૧૮૯૬) ૨૩ ક. ૪૫૪).

ત્રીજા પક્ષકારના કબજામાં મીલકત:—જ્યાં સુધી કામમાં કાયદેસર વારસ દાખલ હોય ત્યાં સુધી મીલકતનો કબજો એકાદા સખસની પાસે છે એટલા માત્ર કારણથી તેને કામમાં દાખલ કરી શકાતો નથી. પરંતુ બજાવણીમાં દેણદારની આવી મીલકત તે સખસના કબજામાં હોય તે હુકમનામાનો લેણદાર કાયદેસર વારસની મારફતે લઇ શકે છે (નાદીર હુસેન વો. બીશનચંદ (૧૮૭૮-૯) ૩ ક. લા. રી. ૪૩૭; વળી જુઓ ઓરીએંટલ બેંક વી. ગોવીંદલાલ (૧૮૮૪) ૧૦ ક. ૭૧૩ પરંતુ એકાદા વારસ અથવા વસીયત લેનાર પાંસેથી ખરીદ કરનાર જો એવુ જાણતો હોય કે વસુલ થયા વિનાનુ લેણું છે અને તે વારસ અથવા વસીયત લેનારને તે ખરીદ કરનારે વેચાણની કીંમત આપેલી હોય અને તે દેવું આપવામાં ઉપયોગમાં લેવાને તેનો ઇરાદો ના હોય (મીનદરચંદ્ર વી. એકીનટોશ (૧૮૭૯) ૪ ક. ૮૯૭). અથવા દેવુ આપવાને મીલકત ના હોય (નરસીંગદાસ વી. નજમુદીન (૧૮૮૨) ૮ ક. ૨૦). તો દાવો કરીને તે મીલકત પોતાના કબજામાં લઇ શકે છે અને अ એ क ના વારસ તરીકે क ની વીધવા ઉપર તેની મીલકતમાં ફેરફાર કર્યા બાબત એક હુકમનામું મેળવેલુ અને ड એ क ની વીધવા સાથી સાજસથી મળી જઇ અથવા તેણીની કબુલત વીના તે મીલકત વેચી અને કીંમત પોતાની પાસે રાખી હોય તો તેને જવાબદાર ઠરાવવામાં આવેલો છે. (ગુરૂદાસ વી. રામનારાયણ (૧૮૮૩-૪) લા. રી. ૧૧. ઇ. અ. ૫૯).

વારસોએ મીલકત વેચેલી તે:—મુસલમાન અને હિંદુની બાબતમા જો વારસે વારસામાં લીધેલી મીલકત શુદ્ધ બુદ્ધીથી ખરીદ કરનારને વેચાણ આપેલી હોય તો લેણદાર તે મીલકત ખરીદ કરનાર પાસેથી લઇ શકતો નથી પરંતુ તે લીધેલી મીલકત બાબત હીસાબ આપવાને તે વારસ જવાબદાર છે ભઝાયત હુસન વી. દુલીચંદ (૧૮૭૯) ૪ ક. ૪૦૨; લા. રી. ૫. ઇ. અ. ૨૧૧; વળી જુઓ યાસીનખાન વી. મહમદ યારખાન ૧૯ અ. ૫૦૪).

અને તેવીજ રીતે એકાદા મુસલમાનનો એકઝીકયુટર સ્થાવર મીલકતની બાબતમાં તેજ મર્યાદાની સાથે મરનારનુ દેવુ આપવાને તે મરનારની મીલકત વેચી શકે છે (કાળીનારાયણ વી. રામકુંવર (૧૮૬૪) વી. રી. પા. ૫૯; વાહિદુન્નીસા વી. સુબરતન (૧૮૭૦–૧) ૬ બં. લા. રી. ૫૪; અને જુઓ ગ્રીનદરચંદ્ર વી. મેકીનટોશ (૧૮૭૯) ૪. ક. ૩૨૯).

જો હુકમનામાનો દેણદાર મરણ પામે તો--જુઓ નોટ દાવો ચાલતાની દરમીયાન મરનાર પક્ષકાર ઉપર હુકમનામુ ઓર્ડર ૨૦ રુલ ૬.

અલ્હાબાદમાં એવું ઠરાવ્યું છે કે જપ્ત કરેલી જે મીલકતનું વેચાણ અસલ દેણદારના મરણ પછી અને તેના વારસને કામમાં દાખલ કરતાં પહેલાં કરેલુ હોય તે વેચાણ આ કલમથી રદ બાતલ થતું નથી (સ્ટોવલ વી. અજુધ્યા (૧૮૮૪) ૬ અ. ૨૫૫) પરંતુ મદ્રાસમાં વીરૂદ્ધ એવુ છે કે હુકમનામાનો દેણદાર મરણ પામે એટલે તેના કાયદેસર વારસને દાખલ કર્યા શીવાય તેની મીલકત વેચવામાં આવેલી હોય તો તે વેચાણ બરોબર નથી. (કીષ્ણાયા વી. મનીસા (૧૮૯૨) ૧૫ મ. ૩૯૯ અને ગુન્સ વી. એડમીનીસ્ટ્રેટર જનરલ (૧૮૯૯) ૨૨ મ. ૧૧૯ પા. ૧૨૫ હુકમનામાના દેણદારની હયાતીમાં જપ્ત કરેલી મીલકત વેચવાને એકાદો લેણદાર માગતો હોયતો તેને લાગુ થતુ નથી (શીવપ્રસાદ વી. હીરાલાલ (૧૮૯૦) ૧૨ અ. ૪૪૦) અથવા કબજો લેવાને જે હુકમનામાવાળો પ્રયત્ન કરતો હોય અને કબજા બાબતનો હુકમ પ્રતીવાદીની હયાતીમાં કરેલો હોયતો તેને તે લાગુ થતો નથી (બાપાકા વી. ફકીરા (૧૮૮૯) ૧૨ મ. ૨૧૧. એક પ્રતીવાદી ઉપર એવો તાકીદ હુકમ લેવામાં આવ્યો હતો કે તે પ્રતીવાદીએ અમુક બારીઓમાં આવતી હવા, અવજાલાને હરકત કરવી નહિતો તે પ્રતીવાદીના મરણ પછી તેના કાયદેસર વારસ તરીકે તેનો દીકરા ઉપર અમલ કરી શકાય છે (સાકરલાલ વી. પાર્વતીબાઇ (૧૯૦૨) ૨૬ મું. ૨૮૩). જો મરનાર હુકમનામાનો દેણદારનો કાયદેસર વારસ બજાવણી તેના ઉપર કહાડી શકાય તે પહેલાં મરણ પામેલો હોય તો તેના કાયદેસર વારસના કબજામાં જેટલે દરજ્જે અસલ હુકમનામાની દેણદારની મીલકત આવેલી હોય તેટલે દરજ્જે તે વારસ ઉપર તે હુકમનામું બજાવી શકાય છે (જાફરી વી. સેના (૧૯૦૦) ૨૨. અ. ૩૬૭).

કાયદેસર પ્રતીનીધી.—આ શબ્દની હાલ પાછળ ક. ૨ (૧૧) માં વાખ્યા કરેલી છે તેથી જુના કાયદાની આવી મળતી કલમના શબ્દોનો અર્થ કરવામાં જે શક પડેલા તેની સફાઇ કરેલી છે.

પુરાવનો બોજો--એક મરનાર હુકમનામાના દેણદારના કાયદેસર વારશ ઉપર એક હુકમનામું બજાવવામાં મરનાર દેણદારની મીલકત તરીકે તેના વારશના કબજામાં છે તે અમુક ખાસ મીલકત જપ્ત કરેલી હોય અને તે હુકમનામાના દેણદારો તે મીલકત અમારી પોતાની છે એવો દાવો રાખતા હોય તો, પુરાવનો બોજો તે હુકમનામાવાળા ઉપર છે (અબદુલ રેહમાન વી. મહમદ આઝીમ (૧૮૯૯) ૪ ક. વી. નોટ ૧૫૧)

હિંદુ વીધવા--એક હુકમનામામાં એક હિંદુ વિધવા વારસ તરીકે પ્રતીવાદી હોય તો તેના ધણીના વારસો તેંણીના કાયદેસર પ્રતીનીધી છે (રામકીશોર વી. કાળીકાંતો (૧૮૮૯) ૬ ક. ૪૧૯ હરીશરણ વી. ભુબનેસ્વરી (૧૮૮૯) ૧૬ ક. ૪૦ જુઓ ક. ૨, ૧૧ અને કુટંબની મીલકતના કબજા બાબત તેંણી દાવો કરે અને ખર્ચ તેણીને શીર નાંખેલું હોય તો તેમાં તેજ નીયમ લાગુ થાય છે રામકીશોર વી. કાળીકાંતો ૬ ક. ૪૭૯ પણ તે વિ-

ધવા ઊપર માત્ર જાતીકા પૈસા બાબતના હુકમનામામાં છેલ્લા સંપુર્ણ માલેકનો વારસને તેણીનો વારસ વકીલ નથી (કામેશ્વર વી. રણબાહાદુર (૧૮૮૬) ૧૨ ક. ૪૫૮. અને જુઓ હરીસરણ વી. ભુબનેશ્વરી (૧૮૮૯) ૧૬ ક. ૪૦).—

મજીયારૂકુટંબ.—મીતાક્ષરાના નીયમ પ્રમાણે રહેનાર એક હિંદુ કુટંબની મજીયારી વડીલોપાર્જીત મીલકતની બાબતમાં બાપના મરણ પછી તેના દીકરાની મીલકત તે બાપના કરજ બાબત જવાબદાર છે, પરંતુ તે કરજ કાયદા વીરૂધનુ અથવા અનીતીના કારણથી કરેલુ ના જોઇએ (ગીરધારીલાલ વી. કાંતુ (૧૮૭૪) ૨૨ વી. રી. ૫૬; ૧૪ બં. લા. રી. ૪૮૭; લા. રી. ૧ ઇં. અ. ૩૨૧) પણ આ પ્રમાણે રેગ્યુલર દાવો કરીને કરી શકાય છે અને જો એકાદો સખસ એક હિંદુ ઉપર હુકમનામું મેળવે અને બાપનુ હીત તેંની હયાતીમાં જપ્ત કરેલુ ના હોય તો, તેના મરણ પછી હયાત હોવાના હકથી તેના દીકરાને મળે છે અને તેંની મીલકત રહેતી નથી; માટે તે હુકમનામાવાળો તે હુકમનામાનો અમલ કરી શકતો નથી, પણ તેંણે દાવો કરવો જાઇએ (કરમાતક વી. આનંદકરી (૧૮૮૨) ૫ મ. ૨૩૨; શીવગીરીના જમીનદાર વી. અલવાર આયનગર (૧૮૭૮–૮૧) ૧૩ મ. ૪૨ ના ઠરાવ પ્રમાણે ચાલવામાં આવેલુ છે. અરૂણ ચેલા વી. શીવગીરી જમીનદાર (૧૮૮૮) ૭ મ. ૩૨૮; વેંકટરામા વી. સેથીવીલુ (૧૮૯૦) ૧૩ મ. ૨૬૫; નરૂસાયત વી. પોનુસામી (૧૮૯૩) ૧૬ મ. ૯૯; રામાયા વી. વેંકટરામ (૧૮૯૪) ૧૭ મ. ૧૨૨; લછ્મીનારાયણ વી. કાંજીલાલ (૧૮૬૪) ૧૬ અલહા. ૪૪૯; અને જુઓ જગન્નાથ પ્રસાદ વી. સીતારામ (૧૮૮૯) ૧૧ અલ્હા. ૩૦૨; કારણ કે પાછળ હયાત રહેલો સખશ તે મરનાર અંગભુતના જાતીકા દેવાનો અને બંધનોનો જવાબદાર નથી (માધોપ્રસાદ વી. મહેરબાન (૧૮૯૧) ૧૮ ક. ૧૫૭ પાંનુ ૧૬૩; (૧૮૮૯–૯૦) લા. રી. ૧૭ ઇં. અ. ૧૯૪), અને તેથી કરીને બાપનુ દેવુ આપવાનુ બંધન તે હુકમનામા ઉપરથી અથવા કામ ચલાવવાની રીતી ઊપરથી ઊતપતી થતુ નથી પણ હિંદુશાસ્ત્ર ઊપરથી ઊત્પતી થાય છે (અરીઆપુત્ર વી. દોરાસોમી (૧૮૮૮) ૧૧ મ. ૪૧૩). મજીયારી વડીલો પાર્જીતમાં મીતાક્ષરા પ્રમાણેના કુટંબમાં બાપ મરણ પામે ત્યારે બાપનુ હીત તે દીકરાના કબજાની મીલકત નથી, માટે દીકરા વીરૂધ તેના બાપના કાયદેસર વારસ નહી કે કામ ચલાવી શકાતુ નથી. જો તે બાપના મરણ પછી લેણદારની મરજી દીકરા વીરૂધ કામ ચલાવવાની હોયતો તેણે જુદો દાવો લાવી ને તે પ્રમાણે કરવુ જોઇએ (જગાલાલ ચોધરી વી. આધબેહારી (૧૯૦૧-૨) ૬ ક. વી. નો. ૨૨૩; કાળકીશ્ન વી. રઘુનાથદેબ (૧૯૦૪) ૩૧ ક. ૨૨૪ પરંતુ જુઓ રામદાશ વી. બ્રજબેહારી (૧૯૦૧–૨) ૬ ક. વી. નોટ ૮૭૯, ના ફેંસલાથી છેલ્લા બતાવેલા કામમાં જુદા પડવામાં આવ્યું છે પરંતુ હુકમનામું થયા પછી જપ્તી અને લીલામ હુકમ કરવામાં આવેલો હોય અથવા મીલકત શાંનમાં આપેલી ગણી વેચવાનો હુકમ કરેલો હોય તો બજાવણી નીકળી શકે છે (શીવગીરી જમીનદાર વી. નીરૂવેનગાદા (૧૮૮૪) ૭ મ. ૩૩૯) અને જુદો દાવો ચાલતો નથી (કુરીઆમી વી. મેયન (૧૮૮૪) ૭ મ. ૨૫૫) અને એક હુકમનામું ખોરાકી પોશાકી બાબત બાપ ઉપર થએલુ હોય અને તેના ઉપર વહીવટદાર તરીકે દાવો કરવામાં આવેલો હતો, એવું માલુમ પડતુ ના હોય તો, ઠરાવ્યું છે કે દીકરાઓના કબજામાં મરનારનીજ મીલકત હોય તે ઉપર તે હુકમનામું બજાવી શકાય છે, પણ તેમાં બાપની બાપનુ મજીયારી મીલકતમાં જે હીત હતું તે આવી જતુ નથી (કારપાકામબાલ વી. ગણપથી (૧૮૮૨) ૫ મ. ૨૩૪)

એક મજીયારા કુટંબમાંની વિધવાએ પોતાના ધણીના ભાઇ ઉપર ખોરાકી પોશાકીનું હુકમનામું મેળવ્યું, પણ તે હુકમનામામાં તે કુટુંબના આગેવાન અથવા તે કુટબના પ્રતીનીધી તરીકે તેના ઉપર કરવામાં આવેલું છે, એવું બતાવવામાં આવેલું નથી. પછી તે હુકમનામાના દેંણદારના વારશ ઉપર બજાવવામાં આવ્યું. તેમાં ઠરાવ્યું છે કે તે કુટંબની મીલકત તે બાબત જવાબદાર નથી. (ભતીયા વી. વીરમમલ (૧૮૮૭) ૧૦ મ. ૨૮૩). પરંતુ હવે મુંબાઇની હાઇકોર્ટે ઠરાવ્યું છે કે એક અવિભક્ત હિંદુ કુટબમાં બાપ ઉપર હુકમનામું કરવામાં આવેલું હોય અને તે ગુજરી જાયતો તેના દીકરાના કબજામાં જેટલે દરજજે વડીલોપાર્જીત મીલકત આવેલી હોય તેટલે દરજ્જે તે હુકમનામું તે દીકરાના ઉપર બજી શકે છે. પછી તે હુકમનામાવાળુ તે બાપેજ પોતાના કારણસારૂ કહાડેલું હોય તેની ચીંતા નથી, પણ તે કારણ કાયદા વીરૂદ્ધનું અથવા અનીતીનું હોવું ન જોઇએ. જો એકાદા દીકરાના ઉપર તેના બાપના વારસ તરીકે હુકમનામુ બજાવવાને માગેલું હોય અને તેથી તે દીકરો એવી હરકત લેઇ શકે છે (ઊમેદ હઠીસંગ વી. ગમાન બાઈજી (૧૮૯૬) ૨૦ મુ. ૩૮૫. વળી જુઓ જગાબાઇ વી. ભુખણદાસ (૧૮૮૭) ૧૧ મુ. ૩૭; અરીયાબદ્ર વી દોરાશાંમી (૧૮૮૮) ૧૧ મ. ૪૧૩; અને લછમીનારાયણ વી. કુંજીલાલ (૧૮૯૪) ૧૬ અલ્હા ૪૪૯; તેમાં પાછલાં બે કામોના ઠરાવોથી ઊમેદ હઠીસીંગ વી. ગગાન ભાઇજીના કામમાં જુદા પાડવામાં આવેલું છે.

કાયદેસર પ્રતીનીધીઃ તેમની જરૂર નથી.—દાવો જેમ બંધ પડે છે તેમ બજાવણીનાં કામ પડતાં નથી (ગુલાબદાસ વી. લક્ષ્મણ નરહર (૧૮૭૯) ૩ મું. ૨૨૧), પરંતુ મીલકત તરફથી કામમાં કોઇ દાખલ થાય નહી ત્યાં સુધી બજાવી કાહાડી શકાતી નથી (લેખરાજ વી. બચારાંમ (૧૮૬૭) ૭ વી. રી. ૫૨), પણ સ્થાવર મીલકત જમ કરયા પછી હુકમનામાનો દેંણદાર મર્ણ પામેતો તેના કાયદેસર વારસને પક્ષકાર કરયા વીના તે મીલકત વેચાવી શકાય છે) શીવપ્રસાદ વી. હીરાલાલ (૧૮૯૦) ૧૨ અલ્લાહાબાદ. ૪૪૦, તેમાં રાંમા સાંમી વી. ભાગીરથી (૧૮૮૩) ૬ મ. ૧૮૦ ના ઠરાવ પ્રમાણે ચાલવામાં આવેલું નથી). દીવાની કાયદાનો એવો હેતુ નથી કે અપીલમાં હુકમનામું થયા પછી હુકમનામાના દેંણદારના વારસ વકીલને કામમાં દાખલ કરવાનો છે (હીરાચંદ વી. કસ્તુરચંદ (૧૮૯૪) ૧૮ મું. ૨૨૪).

રીવાજ.—જ્યારે આ કલમ પ્રમાણે એક દરખાસ્ત કરવામાં આવે ત્યારે પ્રથમતો તે હુકમનામું શા વાસ્તે બજાવવુ ના જોઇએ તેનું કારણ બતાવવાની નોટીસ તેમાં બતાવેલા સખસ ઊપર કાયદેશર વારશ તરીકેની કોર્ટે કાહાડવી જોઇએ; પરંતુ પ્રથમની દરખાસ્ત ઊપરથી જો કોર્ટે તેના ઊપર બજાવણી કરેલી હોયતો કોઇ નોટીસની જરૂર નથી—ઓરડર. ૨૧. રૂલ ૨૧ (માહાતાબચંદ વી. પ્યારી ડોશી (૧૮૬૬) ૬ વી. રી. પ્રા. ૬૧; પરોહીતલાલ વી. શબીરાંન (૧૮૬૭) ૭ વી. રી. ૩૬૮). જો કોર્ટની નજરમાં એવુ આવે કે તેજ કાયદેસર વારસ વકીલ છે તો પછી તેની પાસે મીલકત છે કીંવા નહી એ સવાલની તપાસ કરયા વીના કોર્ટ તેનું નામ કામમાં દાખલ કરી શકે છે (હીરાલાલ મુકરજીના કામમાં (૧૮૭૦–૭૧) ૬ બં. લા. રી. ૧૦૦; (૧૮૭૦) ૨૪ વી રી. ૪૩૧: અવલખાદર વી. અંધુ (૧૮૬૪–૬૫) ૨ મ. હા. કો. ૪૨૩; વાહેદ અલ્લી વી. જમાઇ (૧૮૭૨–૭૩) ૧૧ બં. લા. રી. ૧૪૯; ૧૮ વી. રી. ૧૮૫; અને લલુ વી. ત્રીભોવીંદ (૧૮૮૯) ૧૩ મું. ૬૫૩; પણ જુઓ ધરણીધર વી. આગ્રા બેંક (૧૮૮૦) ૫ ક. ૮૬ પાનુ ૯૧). જે સખસના ઊપર બજાવણી માગેલી હોય તે સખશ મરનાર હુકમનામાના દેંણદારનો કાયદેસર વારશ વ-

કીલ છે કે નહી એ સવાલનો નીર્ણય તે હુકમનામું કરનારી કોર્ટે કરવાનો છે, પરંતુ તે સંખસ કેટલે દરજ્જે જવાબદાર છે તે વીશે તે હુકમનામું બજાવનારી કોર્ટે ઠરાવવાનુ છે (શેઠ શાપુરજી વી. શંકરદત્ત (૧૮૯૫) ૧૭ અ. ૪૩૧).

તેના કબજામાં આવેલી તે.—પ્રથમ મરનારની મીલકતનો હુકમનામાવાળાએ સોધ કરવાનો છે; અને જો તેવી કાંઇ મીલકત માલુમ પડી શકે નહિંતો મરનારની કેટલીક મીલકત તેના વારસના કબજામાં આવેલી હતી એવું તેને સાબીત કરવાનુ છે અને જો તે સાબીત કરેલું હોય તો તે વારસે તે મીલકતની યોગ્ય રીતે વ્યવસ્થા કરેલી છે એવું બતાવાનો બોજો તે વારસને શીર છે અને જો તે સાબીત કરવામાં તે નીસફળ જાય તો જેટલી મીલકત લીધેલી હોય તેટલે દરજ્જે તે જાતે જવાબદાર થાય છે (૨૬ નારાયણરાય વી. નીત્યાનંદ (૧૮૬૭) ૮ વી. રી. ૧૯૫; વાહિદ અલ્લી વી. જુમાહ (૧૮૭૨-૭) ૧૧ બં લા. રી. ૧૪૯); પછી જો કે તેણે એવી તકરાર કરી હોય કે દેણદાર ફકત એનાંમી કબજેદાર હતો તો પણ તેથી હરકત થતી નથી (દુર્ગા સુંદરી વી. સુરજેમણી (૧૮૬૭) ૮ વી. રી. ૧૦૧). પરંતુ તેની જવાબદારી તેથી કાંઇ વધારે નથી (ખુશરોબાઇ વી. હોરમસશા (૧૮૮૭) ૧૧ મું. ૭૨૭). માટે એકાદા વારસે મરનારની મીલકત પોતાની પાસે આવેલી તેની પુરેપુરી રકમ વસુલ આપેલી હોય તો જો કે હુકમનામાવાળો એવું સાબીત કરે કે મરનારની અસલ જે મીલકત હતી તે તેના કબજામાં આવેલી હતી તોપણ તે કાંઇ વધારે જવાબદાર થતો નથી એવું ઠરાવેલું છે (રામગુલામ કોબે વી. આયમા (૧૮૬૯) ૧૨ વી રી. ૧૭૭). દરમીયાન ઉપજનો હિસાબ આપવા બાબતમાં બાકી વસુલ કરીને અથવા મરનારની મીલકતમાંથી તેની પાસે જે નાણાં આપેલાં હોય તે નાણા ઉપરના વ્યાજમાંથી થયેલી હોયતો તે તમામ હિસાબમાં લાવવું જોઇએ. જો આવો હિસાબ આપવામાં આવેલાં ના હોયતો કોર્ટે ઠરાવ્યું છે કે તેના કબજામાં જે મીલકત આવેલી છે અને જેનો તેણે હીસાબ આપેલો નથી તેટલે દરજ્જે તે હુકમનામું બજાવી શકાય છે (આસીમુન્નીસા વી. અમીરુન્નીસા (૧૮૭૧) ૧૫ વી. રી. ૨૮૫). એક મલબાર તારવાડના કરનાવાનની જગોએ આવેલા સખસના કબજામાં તારવાડની મીલકત આવેલી તે મરનારની મીલકત તે સખસના કબજામાં છે એમ નથી અને એકાદા અવિભક્ત હિંદુ કુટુંબમાં મરનાર બાપનો હિસ્સો પાછળ હયાત રહયાના કારણથી દીકરાઓને મળે તો તે બાપ ઉપરના હુકમનામા વીરૂદ્ધનુ હુકમનામું પુરૂ કરવાને તે દીકરાઓના કબજામાં મીલકત છે એમ નથી (રવીવમાં વી. કુમાન (૧૮૮૨) ૫ મ. ૨૨૩. જુઓ ઓર્ડર ૨૨, રૂલ ૪ નીચેની નોટ અને જુઓ " મજીઆરૂં કુટુંબ).

મુદત:—એક હુકમનામાના દેણદારના વારસ વકીલોમાંના એકના ઉપર બજાવણીની દરખાસ્ત કરવામાં આવેલી હોય તેથી એક બીજા વારસની વીરૂદ્ધની મુદતનો બચાવ થાય છે. (રામાનુજ વી. હિંગુલાલ (૧૮૭૮-૮૧) ૩ અ. ૫૧૭; ક્રીષ્ણાજી વી. મુરારાવ (૧૮૮૮) ૧૨ મુ. ૪૮).

અપીલ—બજાવણીમાં કાયદેસર વારસ કોણ છે તેનો નીર્ણય કર્યાના હુકમ ઉપર અપીલ ચાલે છે (જુઓ પાછળ કલમ ૪૭). અથવા રેગ્યુલર દાવો કરીને તે હુકમ રદ કરાવી શકાય છે (અબીદુન્નીસા વી. અમીરુન્નીસા (૧૮૭૭) લા. રી. ૪ ઇ. અ. ૬૬; ૨ ક. ૩૨૭). અથવા જો તે દાવાને હરકત હોય તો બજાવણી બંધ રાખવાને તાકીદ હુકમ કહડાવી શકાય છે (ધરણીધર વી. આગાબેક (૧૮૮૦) ૫ ક. ૮૬).

ખર્ચ:—એકાદો પ્રતીવાદી એવુ બતાવી શકેલો હોય કે હું કાયદેસર વારસ નથી પણ

તેને ખર્ચ અપાવેલું ન હોય તો ઠરાવ્યું છે કે જુના કાયદા પ્રમાણે કલમ ૨૪૪ (કલમ ૨૪૭). મુજબ તે અપીલ કરી શકે છે (બીશનદયાળ વી. બેંક ઓફ અપર ઇંડીયા (૧૮૯૧) ૧૩ અ. ૨૯૦).

મીલકત ઉપરના દાવા:—એકાદો સખસ એવું કેહતો હોય કે એક હુકમનામાની બજાવણીમાં જે મીલકત જપ્ત કરેલી છે તે મારી પોતાની મીલકત તરીકે મારા કબજામાં છે અને મરનાર હુકમનામાના દેણદારના કાયદેસર વારસ તરીકે મારા કબજામાં નથી. તો તે બાબતનો બજાવણીનું કામ ચાલતાની દરમીયાનમાં નીર્ણય કરવો જોઇએ અને પક્ષકારોને રેગ્યુલર દાવાને માટે મોકલવા ન જોઇએ (રોડચંદ વી. દુગાદે (૧૮૮૦) ૧૨ અ. ૩૧૩; રાજરૂપસીંગ વી. રામગોલામ (૧૮૮૯) ૧૬ ક. ૧ પા. ૮; મંગેશર કુંવર વી. જયના (૧૮૮૯) ૧૬ ક. ૬૦૩; પંચાનન વી. રેબીયા (૧૮૯૦) ૧૭ ક. ૭૧૧; નીંબા હરીશેટ વી. સીતારામ (૧૮૮૫) ૯ મું. ૪૫૮. જુઓ સૈયર વ્રી. ભજન (૧૯૦૬) અ. વી. નોટ ૧૫૭; રામ ઇદામતી વી. જોગેશર (૧૯૦૬) અ. વી. નોટ ૧૫૮). એકાદો સખસ જો કે પાછળથી થનાર વારસ હતો તો પણ એક હુકમનામાની દેણદાર એક હીંદુ વિધવાનો હું વારસ નથી એવું તેણે કહેલું તેમ છતાં તે સખસની હરકતો સાંભળવાને જરૂર ના કહી અને તેને કામમાં દાખલ કરેલો હતો; તેમાં ઠરાવ્યું છે કે તે હુકમનામામાં ફક્ત તે વીધવાનુ હિત આવી ગયેલું છે એવું પાછળથી એક રેગ્યુલર દાવામાં બતાવવાને તેને અટકાવ થતો નથી (કનૈલાલ વી. સશીભુષણ (૧૮૮૧) ૬ ક. ૭૭૭, અને જુઓ રાજરૂપસીંગ વી. રામગોલામ (૧૮૮૯) ૧૬ ક. ૧ પા. ૮ જુઓ કલમ ૪૭ નીચેની નોટ).

ઓફીશીઅલ એસાઇનીઃ—એક હુકમનામાના દેણદારની મીલકત ઓફીશીઅલ એસાઇનીને આપવી એવો હુકમ કરવામાં આવેલો હોય તેથી તે નાદાર નો તે મીલકત ઉપર જે હક હોય તે કરતાં વધારે હક તે ઓફીશીઅલ એસાઇનીને આપવામાં આવેલો નથી. જે વખતે તે "વેસ્ટીંગ ઓર્ડર" કરવામાં આવ્યો તે વખતે એક હુકમનામાની બજાવણીમાં તે નાદારની અમુક મીલકત જપ્ત થયેલી હતી તેથી તે વેચવાનો હુકમ કરવામાં આવે તો તે "વેસ્ટીંગ ઓર્ડર" થયાં છતાં તે હુકમ કાયદેસર છે અને વેચાણ બળવાન છે (આનંદચંદ્ર પાળ વી. પંચીલાલ શર્મા (૧૮૭૦) ૫. બં. લા. રી. ૬૯૧; અને જુઓ પીરાક વી. મદન ગોપાળ (૧૯૦૧-૨) ૬ ક. વી. નોટ ૫૭૭. હુકમનામું થતા પહેલાની એકાદી જપ્તી વીષે જુઓ શીબકીસ્ટો વી. અલર (૧૮૮૪) ૧૮ ક. ૧૫૧; સદાયાપા વી. પનામા (૧૮૮૫) ૮ મ. ૫૫૪).

જવાબ.—એકાદા કાયદેસર વારસ વકીલ જે જવાબ આપી શકે તેના નમુના વિષે જુઓ ઓર્ડર ૨૨. રૂલ ૭ (ગોરમુની વી. જગત (૧૮૯૦) ૧૭ ક. ૫૭; મુળચંદ વી. છગન (૧૮૮૬) ૧૦ મું. ૭૪).

બજાવણીમાં કામ ચલાવવાની રીત વિશે.

૫૧. ઠરાવમાં આવે તેવી શરતો તથા મર્યાદાને પાત્ર, કોર્ટ હુકમનામાવાળાની દરખાસ્ત ઉપરથી તે હુકનામું નીચે પ્રમાણે બજાવવાનો હુકમ કરવાને મુખત્યાર છે, એટલે—

બજાવણી કરાવવા ના કોર્ટનો અધિકાર.

(અ) જે કોઇ મિલકત સ્વાધીન કરવાનું હુકમનામામાં સ્પષ્ટ કર્યું હોય તે મિલકત સ્વાધીન કરીને,

(બ) કોઇપણ મિલકત જપ્ત કરીને વેચીને અથવા જપ્ત કર્યા વગર વેચીને,

(ક) પકડીને તથા તુરંગમાં કેદ કરીને,

(ડ) વસુલદાર નીમીને, અથવા

(ઇ) આપેલી દાદના પ્રકાર પ્રમાણે જે બીજી રીત કરવી જોઇયે તે રીતે.

ટીકા.–ઠરાવામાં આવે તે પ્રમાણે.—આ કાયદાના ભાગ ૨ માં જે રૂલો છે તે રૂલો પ્રમાણે જે ઠરાવેલુ હોય તે છે.

આ કલમથી બજાવણી સબંધી કોર્ટના અખત્યાર સામાન્ય રીતે બતાવેલા છે અને આ કલમ પ્રમાણે જે રૂલો કરેલા છે તે રૂલો પ્રમાણે નીર્ણય કરવાને વીગત રાખેલી છે. જુઓ ઓર્ડર ૨૧ આગળ.

તરત બજાવણી.—હાલ તરત બજાવણી કરવાનો અખત્યાર સામાન્ય રીતે શબ્દોમાં છે અને તમામ વર્ગના દાવાને તે લાગુ થાય છે; માટે તે વીષે કોઈ મર્યાદાનો શોધ તે રૂલોમાં કરવો જોઇએ.

કાયદેસર વારસ વકીલ ઉપર હુકમનામાની બજાવણી.

૫૨. (૧) કોઇ મૈયત શખસના કાયદેસર વારસ વકીલ તરીકે કોઇ પક્ષકાર ઉપર હુકમનામું થયું હોય અને તે હુકમનામું મૈયતની મિલકતમાંથી પૈસા આપવા એવું હોય, ત્યારે એવી કોઇપણ મિલકત જપ્ત કરી તથા વેચીને તે બજાવી સકાય.

(૨) એવી મિલકત હુકમનામાના દેણદારના કબજામાં રહી ન હોય અને મૈયતની જે મિલકત પોતાના (હુકમનામાના દેણદારના) કબજામાં આવેલી શાબિત થાય તે મિલકત પોતે બરાબર રીતે કામે લગાડી છે એમ તે કોર્ટની ખાત્રી ન કરે ત્યારે, જાણે તેની જાત ઉપરજ તે હુકમનામું થયું તે રીતે, જેટલી મિલકતના સંબંધમાં તે સદરહુ પ્રમાણે કોર્ટની ખાત્રી કરી ન શકયો હોય તેટલી મિલકત પુરતું, તે હુકમનામું તેના ઉપર બજાવી શકાય.

ટીકા—સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની કલમ ૨૫૨ આ કલમ હાઇ કોર્ટ તથા પ્રોવીન્શીઅલ સ્મોલ કોઝ કોર્ટને લાગુ થાય છે. જુઓ સને ૧૮૭૭ ના કાયદા ૨ ની કલમ ૨૯.

આ કલમ અસલ દેણદારની જગોએ હુકમાનું થતાં પેહલાં એકાદા પક્ષકારને દાખલ કરેલો હોય તે સબંધ પ્રથમ છે પણ બજાવણીના કામમાં એકાદા જે સખસને પક્ષકાર કરેલો હોય તેને પણ એક સરખી રીતે લાગુ થાય છે. (જુઓ કલમ ૧૪૧; અને જાફરહુસેન વી. હીંગનજાત (૧૮૬૭) ૮ વી. રી. ૧૬૧); પણ એક દાવો કરીને એક માણસ ઉપર હુકમનામું મેળવેલું હોય અને તે દાવા અરજી પ્રાઇલ કરતાં પેહલાં તે માણસ ગુજરી ગયેલો હોયતો તે મરનારના કાયદેસર વારસ વકીલ ઉપર બજાવણી કહાડવાને પરવાંનગી આપવામાં આવતી નથી (ગીરીન્દ્રનાથ ટાગોર અરજદાર (૧૮૭૪) ૧૪ બં. લા. રી. ૩૩૪, નોટ) પ્રતીવાદીઓ કાયદેસર વારસ વકીલો છે તેવા કારણથી દાવો કરેલો ન હોય પણ મરનારની મીલકત તેઓના કબજામાં છે એવા કારણથી દાવો કરેલો હોયતો તે મરનારના દેણદારના વારસ વકીલ તરીકે તે પક્ષકારો ઉપર કોર્ટ હુકમનામુ કરતા નથી (હીરાલાલ વી. દીગંબરી-કલુની (૧૮૭૦) ૧૪ વી. રી. ૪૩૧; ૬ બં. લા. રી. ૧૮૦).

કાયદેસર વારસ વકીલો.—આ શબ્દમાં એકાદા વશીયત કર્યા વીનાના સખસના વારસનો સમાસ થાય છે (શ્રીન્દરચંદ્ર ગોઝ વી. મેહીનટોશ (૧૮૭૯) ૪ ક. લા. રી. ૨૧૦ જુઓ કલમ ૨ (૧૧) પાછળ).

જે પક્ષકારના ઉપર હુકમનામું કરવામાં આવેલું હોય તે મરનાર દેણદારની મીલકત જે કાયદેસર વારસે વારસમાં લીધેલી હોય તે પક્ષકાર હોવાની જરૂર છે (બસવંતઆપા વી. રાણુ (૧૮૮૫) ૯ મું. ૮૯; સુખ વી. રેનીક (૧૮૮૨) ૪ અ. ૧૯૨); પણ જો તે વારસ-વકીલે એક બીજા સખશને વારસ વકીલ તરીકે બતાવેલો હોય અને તે હુકમનામા વિષે તકરાર કરવાને તેને અટકાવ થયેલો હોય એવું ના હોયતો તે પ્રમાણે છે (બસવંતઆપા વી રાણુ (૧૮૮૫) ૯ મું. ૮૯; સુબાના વી. વ્યંકટકીષ્નાન (૧૮૮૮) ૧૧ મ. ૪૦૮). બે હીંદુભાઇઓ જુદા હતા તેથી એક ભાઇ એક વિધવા મુકીને મરણ પામેલો તેથી તે ભાઇના વારસ તરીકે બીજા ભાઇને વારસ વકીલ તરીકે ગણીને તેના ઉપર હુકમનામું કરવામાં આવ્યું હતું તેમાં ઠરાવ્યું છે કે તે વીધવાના કબજામાં મરનારની જે મીલકત હોય તે ઉપર બજા વણી કરી શકાતી કારણ કે તે વીધવા કાયદેસર વારસ વકીલ હતી અને તે ભાઇ નહોતો (નાથાહરી વી. જમની (૧૮૭૧) ૮ મું. હાઇકોર્ટ. ૩૭). અને મીતાક્ષરા પ્રમાણેના એક મ-જીઆરા કુટુંબના એક મરનાર અંગભુતની વારસ વકીલ તરીકે તેની વીધવા ઉપર હુકમનામું કરવામાં આવેલું હતું તેમાં ઠરાવ્યું છે કે મરનારની મીલકત પાછળ હયાત રહેલા તે કુટુંબ-ના બીજા અંગભુતો મળેલીછે માટે તે મરનારની મીલકત ઉપર બજાવણી કરી શકાતી નથી (સદાબર્તપ્રસાદ વી ફુલબાશ કુંવર (૧૮૬૯) ૩ બં. લા. રી. ૩૧, વળી જુઓ બસવંતઆપા વી. રાણુ (૧૮૮૫) ૯ મું. ૮૯). એક હિંદુ નાદારના મરણ પછી તેની વધવા આ કલમના-હેતુ પ્રમાણે કાયદેસર વારસ થઇ શકે છે માટે ઓફીશીયલએસાઇને મીલકત સોંપ્યાનો એક વેસ્ટીંગ ઓર્ડર કરેલો હોય તેથી વારસ વકીલ તરીકે તેણીના કબજાને કોઇ રીતે હરકત થતી નથી. (ચાંદમલ વી. સુંદરી ડોશી (૧૮૯૫) ૨૨ ક. ૨૫૯. કેટલાક વારસ વકીલો—હિંદુ અને મુસલમાન ધર્મ શાસ્ત્રની વચમાં જે ભેદ છે તે વીષે જુઓ—જગ્ગધારીલાલ વી. રઘુવીર (૧૮૯૩) ૯ ક. ૫૦૮).

જવાબદારી.—વારસ વકીલના કબજામાં મરનારની મીલકત હોય તે ઉપર હુકમ-નામું પ્રથમ બજાવવું જોઇએ અથવા બજાવાને પ્રયત્ન કરવો જોઇએ (શર્ફન વી. સારનના કલેકટર (૧૮૬૮) ૧૦ વી. રી. ૧૯૯). તે વારસ વકીલની ખાનગી મીલકત જ્યાંસુધી બ-જાવણીના કામમાં એવુ બતાવવામાં આવે નહી કે તેંણે મરનારની મીલકતની યોગ્ય વ્યવ-સ્થા કરેલી છે તે બતાવી શકે નહી અને તેણે તે લીધી છે ત્યાં સુધી જપ્તને વેચાવી શકા તી નથી (વાહેદઅલ્લી વી. જુલાઇ (૧૮૭૨) ૧૮૫; ઇંદ્રિનારાયણ વી. ક્રીસ્તોચંદ્ર (૧૮૭૦) ૧૪ વી. રી. ૩૬૨); અમીરૂનીશા વી. મીરમહમદ (૧૮૭૩) ૨૦ વી. રી. ૨૮૦; મુક્તાકેશી-દેબીયા વી. વુમાચરણ (૧૮૬૯) ૧૨ વી. રી. ૨૩૩), તેંણે તમામ મીલકત પોતાને વાર-સામાં મળેલી હોય તેની યાદ દાખલ કરીને કેવી રીતે ઉપયોગ કરેલો છે તે સાબેત કરવુ જોઇએ (જુગલ કીશોર વી. કાળીચરણ (૧૮૭૬) ૨૫ વી. રી. ૨૨૪); જો તેંણે મીલકત લીધી છે એવુ શાબેત થએલુ હોય, અથવા તેંણે તે મીલકત લીધી છે એવુ કબુલ કરેલુ હોય અને તે ગર્ભીત રીતે પણ કબુલ કરી શકે છે જેમકે તે હુકમનામાની રકમ આપવાને તે મુદત માગે તો તે મીલકત લીધી છે એવું કબુલ કરેલું થાય છે (છોટા શાહિ વી. ગોર મુની (૧૮૭૪) ૨૧ વી. રી. ૧૧૭). અને તેની કીંમત બાબત જવાબ દેવાને તે નીશફળ થાય તો જપ્તી અને લીલામ કરાવીને અથવા કેદ કરીને બજાવણી કરી શકાય છે અને તે સાધારણ દેણદારની માફક તે કરી શકાય છે (વાહેદ અલ્લી જુમાઇ (૧૮૭૨) ૧૮ વી. રી. ૧૮૫; માહતબચંદ વી. મનમોહીની ડોસી (૧૮૬૯) ૧૨ વી. રી. ૫૧૭), પછી જે લેણા

બાબત હુકમનામું થયેલું હોય તે લેણું દેણદારના મરતા પેહલાં અથવા પછી લેણું થયેલું હોય તેની ચીંતા નથી (મુકતા કેશી દેબીયા વી. વુમાચરણ (૧૮૬૯) ૧૨ વી. રી. ૨૩૩), અને મરનારની મીલકત જેટલી તેના કબજામાં આવેલી હોય અને યોગ્ય રીતે તેની વ્યવસ્થા કરેલી ન હોય તેટલી મીલકતની રકમ વીપેજ તેની જવાબદારી થાય છે (સાંગલી વીરપાંડે વી. અલવાર (૧૮૭૮-૮૧) ૩ મ. ૪૨).

વારસ તરીકે તેણે જે મીલકત લીધેલી હોય તે મીલકતની પુરેપૂરી રકમ આપવાને ફકત તે બંધાયલો છે અને જો તે પ્રમાણે તેણે બરોબર કરેલું હોય તો પછી તે મીલકત અસલ મરનાર હુકમનામાના દેણદારની હોય અને તે તેના કબજામાં હોય તો પણ તે હુકમનામું બજાવી શકાતું નથી. જો એકાદા સખસ ઉપર વારસ વકીલ તરીકે એક હુકમનામું કરવામાં આવેલું હોય તે વસુલ આપવાને નાણાં આપે તો જ્યાં સુધી વીરૂદ્ધ સાબેત કરવામાં આવે નહિં ત્યાં સુધી તે એક કાયદેસર અને વ્યાજબી અનુમાન છે. કે તેણે તે સ્થીતીમાં વસુલ આપેલું છે કારણ કે તે સ્થીતીમાંજ તે આપવાને જવાબદાર હતો એટલે વારસ વકીલ તરીકે આપવાને જવાબદાર હતો. (રામગોલાંમ વી. આયમા બેગમ (૧૮૬૯) ૧૨ વી. રી. ૧૭૭. વળી જુઓ જાફરહુસેન વી. હીંગીન (૧૮૬૭) ૮ વી રી. ૧૬૧). એકાદા પક્ષકાર ઉપર મરનારના વારસ તરીકે મરનારની મીલકત તેના કબજામાં છે તેથી દાવો કરેલો હોય અને એવું સાબીત થાય કે તેને તે દેવું આવે એટલી પુષ્ત મીલકત મળેલી છે તો તેની જાત ઉપર હુકમનામું થાય છે (નાથુરામ શીવીજી વી. કુટી હાજી (૧૮૯૭) ૨૦ મ. ૪૪૬).

જાતીકા—એકાદ મરનાર હુકમનામાના દેણદાર ઉપર અમુક હુકમનામાં જાતના ઉપરના હુકમનાંમા છે જેમકે અમુક મુદતમાં હિસાબ આપવો અને તે આપવાને ના કહે અથવા તે આપવામાં કસુર કરે તો અમુક રકમ આપવી એવું હુકમનામું કરવામાં આવેલું હોય તો તે જાત ઉપરનું હુકમનામું છે અને તે હિસાબ આપવાની મુદત પુરી થઇ ગયા પછી તે હુકમનામાનો દેણદાર હયાત હોય અને તે વખતે અથવા પાછળથી કોઇ કામ તેના ઉપર ચલાવામાં આવેલું ના હોય તો તેના વારસ વકીલ ઉપર તે હુકમનામું બજાવી શકાતુ નથી (બીધુ મુખી ડોસી વી. બીજય કેશવ (૧૮૬૯) ૧૨ વી. રી. ૪૯૫).

કોના પાસેથી ખરીદ કરેલું તે.—મરનાર હુકમનામાના દેણદારનો કાયદેસર વારસ પોતાના કબજામાં વારસ તરીકે જે મીલકત આવેલી હોય તે મીલકત બાબત જવાબદાર નથી પણ તેની કીંમત બાબત જવાબદાર છે. તે આવી કોઇ મીલકત એકાદા ત્રીજા પક્ષકારને વેચી શકે છે અને એકાદા જે સખસે શુદ્ધ બુદ્ધીથી અને કીમતી અવેજ આપીને તે ખરીદ કરેલી હોય તો તે સખસ પાસેથી એકાદો લેણદાર લઇ શકતો નથી કાયદેસર વારસને જેટલી મીલકત તેણે લીધી હોય તે દરજ્જે તે કરજ બાબત હુકમનામાવાળો ફકત તેને જવાબદાર ઠરાવી શકે છે (અનપુર્ણા વી. ગંગાનારાયણ (૧૮૬૫) ૧૨ વી. રી. ૨૯૬; લેંડ મોરટગેજબેંક વી. બીધાધારી (૧૮૮૦) ૭ ક. લા. રી. ૪૬૦; લેંડમોરટગેજબેંક વી. રાયલછમીપત (૧૮૮૧) ૮ ક. ૪૪૭) પરંતુ ચાલતા મુકરદમાની દરમીયાનમાં અથવા લેણદારની નોટીસ છતાં જો તે ખરીદદાર હોય તો તે વેચાણ તે માગણીની જવાબદારીના બોજા સાથે છે (બઝાયત હુસેન વી. દુલીચંદ (૧૮૭૯) ૪ ક. ૪૦૨; લા. રી. ૫ ઇ અ. ૨૧૧; નરસીંગદાર વી. નીઝામુદીન (૧૮૮૨) ૮ ક. ૨૦; રામધન વી. મહેશચંદ્ર (૧૮૮૩) ૯ ક. ૪૦૬)

હુકમનામાના બળવાનપણા વિષે વાંધા ઉઠાવાનો હક—મરનાર હુકમનામાના દેણદારની મીલકત વેચાવવા લાયક છે એવુ હુકમનામાથી ઠરાવેલું હતું અને તેના

દીકરાઓને તે કામમાં તેના વારસ વકીલ તરીકે દાખલ કરેલા હતા, માટે તે દીકરાઓનો તે હુકમનામાની બજાવણી વખતે તમામ કામ પાછું શરૂ કરીને તે દેવું કેવા પ્રકારનું છે તેની તપાશ કરાવવાનો હક નથી (શીવશાહી વી. રામભંજન (૧૮૭૫) ૨૩ વી. રી. ૧૨૭ બરદુ વી. રામપરમેશર (૧૮૭૫) ૨૪ વી. રી. ૩૬૪)

હુકમનામાના લેણદારો—એકાદા જે સખસે આ કલમ પ્રમાણે હુકમનામું મેળવેલું હોય તો તે સખશ બીજા પક્ષકારોનું લહેણું છે તે કબુલ કરેલું હોય પણ તેઓએ હુકમનામા મેળવેલાં ના હોય તેથી તેઓને બાતલ કરીને મરનારની તમામ મીલકતમાંથી પોતાનું હુકમનામું વસુલ કરે તેમાં તે સખસને હિંદુસ્તાનના વારસાના એકટની ક. ૨૮૨ મી થી અટકાવ થતો નથી (નીલકોમળશા વી. રીડ (૧૮૭૨) ૧૭ વી. રી. ૫૧૩)

હુકમનામાના દેણદારના કબજામાં આવી મીલકત હોય નહી તે—આ શબ્દો કાયદેસર વારસ વકીલોના કબજામાં જે મીલકત રહે છે તે સબંધીજ છે, માટે જો તે મીલકત અયોગ્ય રીતે બીજાને તે આપેલી હોય તો, તેની પાસેથી લેણદારે તે એક રેગ્યુલર દાવો કરીને લેવી જોઇએ (ગ્રીનચંદ્ર વી. મેકીનટોશ (૧૮૭૯) ૪ ક. લા. રી. ૨૧૦)

મીલકત. ચાકરીઆત જમીન ઉપરનો હક—બાપના ઊપરના હુકમનામાની બજાવણીમાં ઘાટવાળી જમીન વારસામાં દીકરાને મળેલી હોય તે જમીન જપ્ત કરવા લાયક નથી (નીલમોનીસીંગ વી. બાદરનાથ (૧૮૮૧–૨) લા. રી. ૯ ઇ. અ. ૧૦૪; ૫ ક. ૩૮૯; કસ્તુરકુમારી વી. બીનોદરામ (૧૮૬૫) ૪ વી. રી. પ્રા. ૫; બીનોદરામ વી. સેંટલ પ્રગણાના ડીપુટી કમીશનર (૧૮૬૬) ૬ વી. રી. ૧૨૯; ૭ વી. રી. ૧૭૮; બાલીદોબે વી. ગનીદેવ (૧૮૮૩) ૯ ક. ૩૮૮; ખરકપોરમાં તેમ નથી. આનંદરાય વી. કાળીપ્રસાદ (૧૮૮૪) ૧૦ ક. ૬૭૭; (૧૮૮૮) ૧૫ ક. ૪૭૧; રાજકેશ્વરદેવ વી. બંસીધર (૧૮૯૬) ૨૩ ક. ૮૭૩; વળી જુઓ રાધાબાઈ વી. અનંતરાવ (૧૮૮૫) ૯ મું. ૧૯૮).

ધણીનુ અને બાપનુ કરજઃ—તો પણ કેટલાંક કામોમાં મરનાર પાસેના લહેણાનુ હુકમનામું વારસ વકીલ ઉપર કરેલુ હોય તે હુકમનામું મરનારની જે મીલકત તે વારસ શીવાયના બીજા કોઈ સખશને મળેલી હોય પણ તે વારસના કબજામાં હોય તેના ઉપર બજાવી શકાય છે. માટે એક હિંદુ પોતાની વિધવા અને સગીર દીકરાને મુકીને ગુજરી ગએલો હતો અને તે હિંદુએ એક ખતની રૂઇએ દેવુ મુકેલુ હતુ, તેથી તે ખતની રૂઇએ તે વિધવા ઉપર એક હુકમનામું મેળવવામાં આવેલુ હતુ કારણકે વાદીએ કહેલુ હતુ કે તે વિધવા તે સગીર દીકરાની વાલી છે. તેમાં ઠરાવ્યું છે કે આ હુકમનામાની બજાવણીમાં તે દેણદારનો હક તથા હીત વેચાવવામાં આવેલુ છે તેથી તે દેણદારનો હક તથા હીત વેચવામાં આવેલો છે અને તે વિધવાનુ કાંઇ વેચવામાં આવેલુ નથી, કારણકે તેણીનુ કોઇ છેજ નહી. (ધ્રશાનચંદ્ર વી. બક્ષઅલી (૧૮૬૪) માર્શ ૬૧૪; તેનો ખુલાસો બાઇજનદુબે વી. બ્રીજભુખણ (૧૮૭૬) ૧ ક. ૧૩૩ ના ઠરાવમાં કરેલો છે; લા. રી. ૨ ઇ. અ. ૨૭૫; સ્કોટીસચંદ્ર વી. નીલકોમળ (૧૮૮૫) ૧૧ ક. ૪૫; હરીશરણ વી. ભુબનેશ્વરી (૧૮૮૯) ૧૬ ક. ૪૦; જુગલકીશોર વી. જોતીન્દ્ર મોહન (૧૮૮૩–૮૪) લા. રી. ૧૧ ઇ. અ. ૬૬). પરંતુ જ્યારે જાત ઉપરનુ હુકમનામુ હોય તો તે હુકમનામાની તથા બજાવણીના કામની પછાડી, તે વેચાણ તેણીના મર્યાદાવાળી, હીત સબંધીજ નથી એવુ બતાવવાને, તે ખરીદ કરનાર જઇ શકતો નથી (રાધા મોહન વી. સોથીભુશન (૧૮૭૮–૭૯) ૩ ક. લા. રી. ૫૩૦) અને તે હુકમનામામાં બાપનુ દેવુ છે એવું વર્ણન કરેલુ નથી પણ તે પ્રતિવાદીએ આપવાનુ છે અને

દાવા અરજીમાં આનંદરાવ મોહન શરમારાય ગુજરી ગએલા છે તેની વિધવા અને સગીર દીકરો બંધુ તથા બેપીનચંદરાય નીમા એવુ વર્ણન તે વિધવાનુ કરેલુ હતુ. તેમાં ઠરાવ્યું છે કે તે બજાવણીમાં થએલા લીલામથી તે સગીરનુ હીત ગએલુ નથી અથવા તેઓના વારસ તરીકે તે વિધવાને તે મીલકત મેળવવામાં કાંઇ પ્રતીબંધ થએલો નથી. (અલકમોની દેખી વી. મૈની માહાધબ (૧૮૭૮-૭૯) ૩ ક. લા. રી. ૪૭૩). એક વિધવાના ધણીએ દેવું મુકેલુ હતુ તેથી તેના સગીર દીકરાની વાલી તરીકે તે વિધવા ઉપર દાવો કરવામાં આવ્યો હતો અને કબજાવાળી તે વારસ વકીલ છે અને પોતાના ધણીની મીલકતની દેખીતી માલક છે એમ ગણીને હુકમનામુ કરવામાં આવેલુ હતુ. તેમાં ઠરાવ્યું છે કે તે હુકમનામાથી નામનું ને વાદીના હીતનુ વેચાણ કરવામાં આવેલુ છે તેથી તે મરનારનુ હીત વેચેલુ થાય છે (કોર્ટઓફ વોર્ડસ વી. રામપુનસીંગ (૧૮૭૧-૭૨) ૧૪ મુ. ઇ. ૬૦૫; ૧૦ બં. લા. રી. ૨૯૪; ૧૭ વી. રી. ૪૫૯; વળી જુઓ નોરેંદ્રનાથ પાહારી વી. ભુપેંદ્ર નારાયણરાય (૧૮૯૬) ૨૩ ક. ૩૫૧) પણ એક હિંદુ એક વિધવા તથા સગીર દીકરાને મુકીને ગુજરી ગએલો હતો અને તે વિધવાના સગીર દીકરાની વાલી તરીકે નહી પણ તે વિધવાનાજ ઉપર દાવો જારી કરેલો હતો અને તે વિધવા ગુજરી ગયા પછી પ્રતીવાદીની બહેન કે જેને મુકરદમા પુરતી ને સગીરની વાલી અથવા તે સગીરની મીલકતની વહીવટદાર નીમાએલી હતી તેના ઉપરને દાવો જારી રાખેલો હતો. તેમાં ઠરાવ્યું છે કે તે હુકમનામું તે સગીરને બંધનકાર્ક નથી. (જેઠા નાયક વી. વેંકટ આપા (૧૮૮૧) ૫ મું ૧૪).

બંગાળામાં વારસ વિધવા હોય છે, માટે તેણીના ઉપર થએલુ હુકમનામું તેણીની પાછળ થનાર વારસોને બંધનકાર્ક છે કીંવા નહી તેનો નીર્ણય કરવામાં એટલી અજમાશ લાગુ કરવાની છે કે તે વિધવાની જાત ઉપર દાવાનુ કારણ ઉપરથી તેણીના ઉપર તે દાવો કરેલો હતો કે નહી તે અથવા તે પાછળના વારસોની મીલકતને હરકત થાય તેવા કારણથી કરેલો હતો કે નહી તે અજમાશ છે. (જોતેંદ્ર મોહન વી. જુગલ કીશોર (૧૮૮૧) ૭ ક. ૩૫૭; ગેડગેપા વી. આપાજી (૧૮૭૯), ૩ મું. ૨૧૭; રામાસાંમી વી. સેલાતામલ (૧૮૮૨) ૪ મ. ૩૭૫; નારણ મઇયા વી. વારસેવા કારંતા (૧૮૯૪) ૧૭ મ. ૨૦૮; અભેરતી રામકુમાર મીતર વી. ઇછામોઇ (૧૮૮૧) ૯ ક. ૩૯; ક્રીસ્તો ગોબીંદ વી. હેમચંદ્ર (૧૮૮૯) ૧૬ ક. ૫૧૧; સોતીશચંદ્ર વી. નીલકામળ (૧૮૮૫) ૧૧ ક. ૪૫; હરીમોહન વી. ગણેશચંદ્ર (૧૮૮૪) ૧૦ ક. ૮૨૩). અને તે સવાલનો તે હુકમનામા અને લીલામના કામના કાગળો ઉપરથી નીર્ણય કરવો જોઇએ (રાધામોહન વી. સોશીભુશન (૧૮૭૮-૭૯) ૩ ક. ૫૩૦; તે ઠરાવો એક સરખા નથી. માટે છેવટ બતાવેલા કેટલાક ઠરાવોમાં ઇસિનચંદ્ર મીત્ર વી. માર્શ ૬૧૪ ના ઠરાવ પ્રમાણે ચાલવામાં આવ્યું છે એમ જણાય છે પણ ખરી રીતે તે પ્રમાણે છે કે નહી એ શક ભરેલુ છે; તે ઠરાવ પ્રથમ નોટમાં બતાવેલા ઠરાવોના તથા સાંમા સાંમી ચેતી વી. સાલુકાઇ (૧૮૫૪-૯૫) ૮ મ. હા. કો. ૧૮૬ ના ઠરાવ વીરૂધ નકી છે. વળી જુઓ ૧૧ મ. ૪૦૮, ૯ મુ. ૮૬).

મુસલમાન.—એક વારસ ઉપર હુકમનામું કરેલુ હોય તો તે બાકીના વારસોને બંધન કારક નથી (સીતાનાથદાસ વી. લછમીપત (૧૮૮૨) ૧૧ ક. લા. રી. ૨૯૮). માટે એક મુસલમાન, એક વિધવા અને બે દીકરીઓ મુકીને મરણ પામેલો હતો અને જે દેવું થોડુંક તેની દીકરીએ કરેલુ અને થોડુંક તેના બાપે કરેલું તે બાબત તે કરનાર બાપની વારસ તરીકે તે દીકરી ઉપર હુકમનામું મેળવવામાં આવ્યું હતું તેમાં ઠરાવ્યું છે કે તે હુકમનામાથી જે લીલામ કરેલું છે તેથી જે દીકરીના ઉપર હુકમનામું થયેલું છે તે ફકત દીકરીનોજ

હિસ્સો વેચવામાં આવેલો થાય છે (હેન્દ્રી વી. મતીલાલદાર (૧૮૭૭) ૨ ક. ૩૯૫; અને જુઓ લછમીપત વી. લેંડમોર્ટગેજ કંપની (૧૮૭૭) ૧૪ ક. ૪૬૪). એક મુસલમાન એક વીધવા અને એક સગીર દીકરી મુકીને મરી ગયેલો હતો તેથી તે વીધવા ઉપર તેણીના ધણીએ કરેલા કરજ બાબત હુકમનામું કરવામાં આવેલું હતું. તેમાં એકે તે બાબત પ્રત્યક્ષ રીતે કોર્ટની રૂબરૂ નહોતી તો પણ ઠરાવામાં આવેલું છે કે તે હુકમનામાંથી તે દીકરી બંધાયલી નથી (હમીરસીંગ વી. ઝાકીયા (૧૮૭૬–૮) ૧ અ. ૫૭; જાફરી વી. અમીરમહમદ (૧૮૮૫) ૭ અ. ૮૨૨; પણ જુઓ ખુરસત વી. કેસો (૧૮૮૮) ૧૨ મું. ૧૦૧. વળી આ બાબત વિષે જુઓ શાંમકુંવરરાય વી. જતન (૧૮૭૦) ૧૪ વી. રી. ૪૪૮; રાજકીસ્તોસીંગ વી. બંગશીમોહન (૧૮૭૦) ૧૪ વી. રી. ૪૪૮) તેમજ વળી કબુલતથી એક મુસલમાનના દેવા બાબત કેટલાક તેના વારસો ઉપર હુકમનામું કરેલું હોય તો તે હુકમનામાથી બંધાયલા છે (આસાએથમનેસા વી. લછમીપતસીંગ (૧૮૭૯) ૪ ક. ૧૪૩; જટાધારીલાલ વી. રઘુવીર (૧૮૮૩) ૯ ક. ૫૦૮ ના કામમાં તેનો ખુલાસો કરેલો છે; અબદુલા વી. અબદુલા (૧૮૮૧) ૫ મું. ૮; તોપણ જુઓ મોતીજાંન વી. અસરીજાંન (૧૮૮૧–૨) ૧૮ ક. લા. રી. ૩૪૭; ૮ ક. ૩૭૦; તે પ્રમાણે અમીરદુલહીન વી. બૈજનાથ (૧૮૯૪) ૨૧ ક. ૩૧૧ ના કામમાં ચાલવામાં આવેલું છે; હવલવા વી. ભીમજી (૧૮૯૬' ૨૦ મું. ૩૩૮; ખુર્સેત વી. કેસો (૧૮૮૮) ૧૨ મું. ૧૦૧ અને જાફરી વી. અમીર મહમદ (૧૮૮૫) ૭ મ. ૮૨૨ ના ઠરાવનો મુકાબલો કરો; તે પ્રમાણે મહમદઆવેશ વી. હરશારી (૧૮૮૫) ૭ અ. ૭૧૬ ના કામમાં ચાલવામાં આવેલું છે; વળી જુઓ દલુમલ વી. હરીદાસ (૧૯૦૧) ૨૩ મ. ૨૬૩).

અપીલ.—સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની કલમ ૨૫૩ પ્રમાણે એક વારસ વકીલ વીરૂદ્ધ કરેલા હુકમો ઉપર અપીલ ચાલે છે (આ કલમને મળતી તે કલમ છે ૩ અને તેથી આ કાયદા પ્રમાણે તે ચાલે છે એમ જણાય છે. જુઓ કલમ ૨ (૨) અને ૯૬.

વડીલોપાર્જીત મિલકતની જવાબદારી.

૫૩. ૫૦ મી તથા ૫૨ મી કલમોના કારણ સારૂ, છોકરાના અથવા બીજા વારસના હાથમાંની મૈયત વડીલનું કરજ આપવાને હિંદુ કાયદા પ્રમાણે જવાબદાર હોય અને જેના સંબંધમાં હુકમનામું થયું હોય તે મિલકત મૈયતની મિલકતજ છે અને તે તેના છોકરાના અથવા વારસના હાથમાં તેના કાયદેસર વારસ વકીલ તરીકે આવેલી છે એમ સમજવું.

ટીકા.—આ નવી કલમનો હેતુ હુકમનામાવાળાઓ હિંદુશાસ્ત્ર પ્રમાણેના સવાલોની બજાવણીમાં તપાસ કરાવી શકે અને નવેસર દાવો દાખલ કરી ચલાવામાં ખર્ચ અને વાર લાગે તો તેઓને માટે બચાવાનો છે. અલબત દીકરો અથવા બીજો વારસ એક જુદા દાવામાં તમામ અથવા જે કાંઈ ડીફેન્સ આપી શકતો હોય તો તે આપી શકે છે અને વાસ્તવીક રીતે હિંદુશાસ્ત્રથી જે જવાબદારી ઠરાવેલી છે તે શીવાય બીજી કાંઈ જવાબદારી આ કલમથી. ઠરાવેલી નથી. તે કલમથી ન્યાયની રૂઇના અભીપ્રાયે એક બીજા વીરૂદ્ધ છે તે રહેતા નથી, જુઓ પાછળ કલમ ૫૦. (ઉમેદહઠીસીંગ વી. ગમાનભાઇજી (૧૮૯૫) ૨૦ મું. ૩૮૫; જગાલાલચોધરી વી. આઉધબેહારીસીંગ (૧૯૦૦) ૬ ક. વી. નોટ ૨૨૩).

ઇસ્ટેટની વેંહેંચણ કરવાનું અથવા હિસ્સા જુદા પાડવાનું.

૫૪. (૧ જેના ઉપર સરકારને ધારો આપવા માટે આકાર બેસાડેલો હોય એવી અવિભક્ત ઈસ્ટેટની વેંહેંચણ બાબત અથવા એવી ઇસ્ટેટમાંના કોઇ હિસ્સાનો જુદો કબજો લે-

વા બાબત સદરહુ હુકમનામું હોય ત્યારે, તે ઇસ્ટેટની વેંહેંચણ કરવાનું અથવા તે હિસ્સો જુદો પાડવાનું કામ, એવી ઇસ્ટેટની વેંહેંચણ બાબત અથવા તેમના હિસ્સાનો જુદો કબજો લેવા બાબત કોઇપણ કાયદો વિદ્યમાનકાળે અમલમાં હોય તો તે કાયદા પ્રમાણે કલેકટરે અથવા તેના તાબામાંના જે કોઇપણ ગેઝીટેડ અમલદારને આ અર્થે તેણે નીમી આપ્યો હોય તેણે કરવું જોઇયે.

ટીકા.—સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની કલમ ૨૬૫ આ કલમ હાઇકોર્ટને લાગુ છે.

મીલકત.—આ શબ્દ તેના સાધારણ અર્થ પ્રમાણે વાંચવો જોઇએ (સેક્રેટરી ઓફ સ્ટેટ વી. નંદલાલ (૧૮૮૪) ૧૦ ક. ૪૩૫), તેમાં મદ્રાસમાં રૈયત વારી કબજાતી જમીન આવતી નથી (જુઓ ખુલાસો તેમ એકાદા માહલનો અમુક નક્કી કરેલા ભાગનો હિસ્સો આવતો નથી (રામદયાળ વી. મેગુલાલ (૧૮૮૪) ૬ અ. ૪૫૨; અને જુઓ નારાયણ વી. વીઠુ (૧૮૮૪) ૮ મું. ૫૩૭; તે કામમાં ઠરાવ્યુ છે કે કુટંબની મીલકતની વ્હેંચણ બાબતના હુકમનામાનો અથવા હિસ્સાનો જુદો કબજો લેવા બાબતના હુકમનામાનો જુના કાયદાની આવી મળતી કલમનો હેતુ નથી).

કલેકટર.—મહેસુલ આપનારી જાગીરની વ્હેંચણ કલેકટરે કરવી જોઇએ (રામજોય ગોઝ વી. રામરંજન (૧૮૮૧) ૮ ક. લા. રી. ૩૬૭); અને પક્ષકારોને પોત પોતાના હિસ્સાના કબજા આપવાને પણ તેમણે કરવું જોઇએ (પરભુદાસ વી. શંકરભાઇ (૧૮૮૭) ૧૧ મું. ૬૬૨). માટે તે બજાવણીમાં દીવાની કોર્ટ હાથ ઘાલી શકતી નથી. (દત્તાતય વી. માધાજી (૧૮૯૨) ૧૬ મું. ૫૨૮; પરસોતમ વી. બાળ ક્રીષ્ન (૧૯૦૪) ૨૮ મું. ૨૩૮; પરંતુ જુઓ ગાનોજી વી. ધોંડુ (૧૮૯૦) ૧૪ મું. ૪૫૦). પરંતુ વાદી મેહસુલ બાબત પોતાની મજીયારી જવાબદારીમાં હરકત કરવાને માગતો ના હોય અને મેહસુલ જુદુ કહાડી આપવાને માગતો ના હોય તો આ કલમ લાગુ થતી નથી. (ચંદ્રનાથ વી. હરનારાયણ (૧૮૮૧) ૭ ક. ૧૫૩; જગદીશરી દેબીયા વી. કૈલાસચંદ્ર ભાદુરી (૧૮૯૭) ૨૪ ક. ૭૨૫; ૧ ક. વી. નોટ ૩૭૪). કેટલાક વરસોને માટે સરકારે જમીનનો પટો કરી આપેલો અથવા "શેરી" જમીનનો પટો કરી આપેલો હોય તેથી વ્હેંચણ બાબતના સાધારણ હિંદુશાસ્ત્રના નીયમમાંથી તે જમીન બાતલ થતી નથી (દત્તાતય વીઠ્ઠલ વી. માધાજી પરશરામ (૧૮૯૨) ૧૬ મું ૫૨૮; એકાદી મીલકતની વ્હેંચણ બાબતનું હુકમનામું આ કલમ પ્રમાણે બજાવણી કરવા સારૂં જીલ્લા કોર્ટે કલેકટર તરફ મોકલેલું હોય તો તે હુકમનામું કરનારી કોર્ટનો કલેકટરે તે મીલકતની કરેલી વ્હેંચણી બાબતમાં હરકતો સાંભળીને તેનો નીર્ણય કરવાનો જે ન્યાયની રૂઇએ અખત્યાર છે તે જતો નથી. (ચીના સીતાયા વી. ક્રીષ્ણા વનામ (૧૮૯૬) ૧૯ મ. ૪૩૫). એક વ્હેંચણ કરવાનો હક એક હુકમનામાથી ઠરાવેલો હોય અને તે પ્રમાણે તેનો અમલ પક્ષકારોએ કરેલો ના હોય અને તે હુકમનામા પ્રમાણે વ્હેંચણ પક્ષકારોને કરાવવી હોય પણ તે હુકમનામાની મુદત ગયેલી હોય તેથી અથવા બીજી રીતે તે અમલમાં લાવવા લાયક રહેલું ના હોય તો તે પક્ષકારો અથવા તેમાંના કોઇ તે મજીયારી મીલકતમાં પોતાનું હિત હજુ જારી રાખતો હોય તો વ્હેંચણ બાબત નવેસર દાવો કરવાને તે મુખત્યાર છે (નસરતુલ્લા વી મજીબુલ્લા (૧૮૯૧) ૧૩ અ. ૩૦૯, અને કસુરના કારણથી તેવીજ રીતે વ્હેંચણ બાબતનો દાવો કહાડી નાંખેલો હોય તે બાબત બીશેશ્દાસ વી. રામપ્રસાદ (૧૯૦૬) અ. વી. નોટ ૧૪૨; અને મેદાન વી. બૈકુંઠ (૧૯૦૬) ૧૦ અ. વી. નોટ ૮૩૮). વ્હેંચણ બાબતના હુકમનામામાં દરેક સખસનો હક નક્કી કરેલો હોય છે અને એક પક્ષકારે

બજાવવાને દરખાસ્ત કરેલી હોય તે બીજો પક્ષકાર જારી રાખી શકે છે (ખુરસત વી. નબી ફાતમા (૧૮૭૮) ૩ ક. ૫૫૧; તોપણ જુઓ મોહનચંદ્ર વી. મહેશચંદ્ર (૧૮૮૩) ૯ ક. ૫૬૮; અદેશો રાખવામાં આવેલો છે—હકીમત અલ્લી વી. વલીનીસા (૧૮૯૦) ૧૨ અ. ૫૦૬. એકાદી વ્હેંચણુનો જે કોર્ટ અમલ કરતી હોય તે કોર્ટ હુકમનામાંથી જુદી રીતે ચાલી શકે છે કે નહિ. એ વીષે જુઓ રાજકુમારી દાસી. વી. ગોપાળચંદ્ર (૧૮૭૮) ૩ ક. ૫૧૪).

વાવ્ય પ્રાંતમાં એક મજીઆરી જમીનદારીમાંના હીસ્સાની વ્હેચણુ અને કબજા બાબત બાબત એક સહિસ્સેદારે દાવો કરવો હોય તો તે દીવાની કોર્ટમાં લાવી શકતો નથી. ઇઝરાખલ વી. કનાહિ (૧૮૮૮) ૧૦ અ. ૫).

એક હુકમનામું જ્યાં સુધી અપીલમાં હોય ત્યાં સુધી તેનો જુદા પાડયા તરીકેનો અમલ થતો નથી પક્ષકારોની વચ્ચે એક વ્હેંચણુનો દાવો હોય અને તેમાંનો એક પક્ષકાર બીજાની પેટામાં હીતનું માલેકપણું રાખતો હોય તો તે દાવો ચાલવા લાયક છે (હેમદી વી. રમાની કાંત (૧૮૯૦) ૨૪ ક. ૫૭૫; ૧ ક. વી. નો ૮૦૦) પરંતુ જુઓ મુકંદલાલ વી. લ્હેરા (૧૮૯૩) ૨૦ ક ૩૭૯; તે પ્રમાણે રાધા વી. બીપ્રો (૧૯૦૫) ૧ ક લા. જ ૪૦ ના કામમાં ચાલવામાં આવેલું છે) વ્હેંચણુ બાબતનુ એક હુકમનામું હોય અને તે ઉપર જ્યાં સુધી અપીલ ચાલુ હોય ત્યાં સુધી તેનો જુદા પાડયા તરીકેનો અમલ થતો નથી (સખારામ વી. હરીકીષ્ણુ (૧૮૮૨) ૬ મું. ૧૧૩).

પકડવા તથા કેદ કરવા વિશે

૫૫. (૧) હુકમનામું બજાવવામાં હુકમનામા- પકડવા તથા કેદ કરવા વિશે. ના દેણુદારને કોઇપણુ દિવસે અને કોઇપણુ કલાકે પકડી શકાય, અને પકડયા પછી બને તેટલો જલદી કોર્ટની રૂબરૂ તેને આણુવો. અને કેદ કરવાનો હુકમ કરનારી કોર્ટ જે ડિસ્ટ્રિકટમાં હોય તે ડિસ્ટ્રિકટની દિવાની તુરંગમાં તેને કેદ કરી શકાય, અથવા તેવી દિવાની તુરંગમાં જોઇએ તેવી સગવડ ન મળે તો, તે ડિસ્ટ્રકટની કોર્ટો જે શખસોને કેદ કરવાનો હુકમ કરે તેમને કેદમાં રાખવા સારૂ સ્થાનિક સરકાર જે કોઈ બીજી જગા નીમે ત્યાં કેદ કરી શકાય,

(અ) પરંતુ એવું ઠરાવવામાં આવ્યું છે કે, આ કલમ પ્રમાણે પકડવા સારૂ સૂર્યાસ્ત પછી અને સૂર્યોદય પેહેલાં કોઇ રહેવાના ઘરમાં પેસવું નહીં.

(બ) વળી એવું ઠરાવ્યું છે કે કોઇપણુ રહેવાના ઘરમાં હુકમનામાનો દેણુદાર રહેતો હોય અને તે તે ઘરમાં જવાની ના કહે અથવા તેમાં પેસવાને હરકત કરે તે શિવાયને પ્રસંગે એવા રહેવાના ઘરનો કોઇપણુ બાહારનો દરવાજો ફોડવો નહીં; પણુ પકડવાનો અખત્યાર મળેલો અમલદાર કોઈ રહેવાના ઘરમાં યોગ્ય રીતે દાખલ થયો હોય તો પછી જે ઓરડામાં હુકમનામાનો દેણુદાર મળશે એવું માનવાનું તેને કારણુ હોય તે ઓરડાનાં બારણાં તોડીને ઉઘાડવાને તે મુખ્ત્યાર છે.

(ક) વળી એવું પણુ ઠરાવવામાં આવ્યું છે કે, તે ઓરડામાં હુકમનામાની દેણુદાર નહીં હોય તેવી કોઈ સ્ત્રી ખરેખર રહેતી હોય અને દેશરિવાજ પ્રમાણે લોકોમાં બહાર ન દેખાતી હોય તો, તે પકડવાનો અખત્યાર મળેલા અમલદારે તેને ખબર આપવી કે તમને ત્યાંથી જવાની છુટ છે, અને તે સ્ત્રીને

જવાને યોગ્ય વખત આપ્યા પછી તથા જતા રહેવાને યોગ્ય સુગમતા આપ્યા પછી, પકડવા સારૂ તે ઓરડામાં જવાને તે મુખ્ત્યાર છે;

(ડ) વળી એવું પણ ઠરાવ્યું છે કે જે હુકમનામું બજાવવામાં હુકમનામાના દેણુદારને પકડયો હોય તે હુકમનામું પૈસા આપવા બાબતનું હોય અને હુકમનામાનો દેણુદાર પોતાને પકડનાર અમલદારને પકડવાનું ખરચ તથા હુકમનામાની રકમ આપે, ત્યારે તે અમલદારે તેને એકદમ છોડી મુકવો.

(૨) સ્થાનિક સરકાર, સ્થાનિક સરકારી ગેઝીટમાં જાહેરનામું આપીને, એવું જાહેર કરવાને મુખ્યાર છે કે જે કોઇ શખસને અથવા જે કોઇ વર્ગના શખસોને એકદમ કેદ કરવાથી લોકોમાં બ્હીક પ્રસરશે અથવા તેમને અગવડ થશે તે શખસ અથવા તે વર્ગના શખસો, આ અર્થે સ્થાનિક સરકારે જે રીત ઠરાવી હોય તે રીત શિવાય બીજી રીતે હુકમનામાની બજાવણીમાં પકડાવાને પાત્ર નથી.

(૩) પૈસા આપવા બાબતનું હુકમનામું બજાવવામાં આ કલમ પ્રમાણે હુકમનામાના દેણુદારને પકડીને કોર્ટની રૂબરૂ આણ્યો હોય, ત્યારે કોર્ટે તેને ખબર આપવી કે, નાદાર કરવા સારૂ અરજ કરવાને તને અખ્ત્યાર છે, અને જો તારી અરજીના મજકુર બાબત કપટ બુદ્ધિનું કંઇ કૃત્ય:તે નહીં કર્યું હોય, અને વિદ્યમાનકાળે અમલમાં હોય એવા નાદારીના કાયદાના ઠરાવો પ્રમાણે તુ અમલ કરશે, તો તારો છુટકો થશે.

(૪) જ્યારે હુકમનામાનો દેણુદાર નાદાર કરવા સારૂ અરજ કરવાનો પોતાનો ઇરાદો જણાવે, અને એક મહિનાની અંદર એવી અરજ કરીશ એવી અને તે દરખાસ્તને લગતા અથવા જેની બજાવણીમાં તેને પકડયો હોય તે હુકમનામાને લગતા કોઇપિણ કામમાં બોલાવશો ત્યારે હાજર થઇશ એવી કોર્ટને ખાત્રી લાયક જામીનગીરી આપે ત્યારે, કોર્ટે તેને કેદમાંથી છુટો કરવો; અને એ રીતે અરજ કરવામાં અથવા હાજર થવામાં તે કસૂર કરે તો, જામીનગીરીની રકમ વસૂલ કરવાનું ફરમાવવાને અથવા તે હુકમનામાની બજાવણીમાં તેને દિવાની તુરંગમાં મોકલવાને કોર્ટ મુખ્ત્યાર છે.

ટીકા-બીજો વિશેષ ઠરાવ.—આ કલમથી કાયદામાં ફેરફાર કરેલો છે અને બજાવણીમાં હેરાન કરવામાં આવે તે પ્રમાણે સામી હરકત લેતાં અટકાવ કરવાનો એક પ્રયત્ન છે; માટે તે બજાવણીમાં સામી હરકત લેવાને હુકમનામાનો દેણુદાર પ્રયત્ન કરે તો, બાહારના બારણાંથી તે હુકમનામાનાં દેણુદારનુ કાંઇ વધારે વાર રક્ષણુ થતુ નથી.

પેટા કલમ (૨).—રેલવેના નોકરો અને બીજાઓને એ એક સર્વે લોકોને ધાસ્તી થાય તેવુ હોય અથવા તેઓને અવવડ પડતી હોય તો તેઓની બાબતનો આ પેટા કલમમાં સમાસ કરવાનો ઇરાદો રાખેલો છે.

આ કલમ હાયકોર્ટ તથા પ્રોવીનશીયલ સ્મોલકોઝ કોર્ટને લાગુ થાય છે. અજમેર અને મારવાડમાં હુકમનામાના દેણુદારને કેદ કરવાની દરખાસ્ત નામંજુર કરવાના અખત્યાર વીશે

જુઓ સને ૧૮૭૭ ના અજમેરની કોર્ટોના (સને ૧૮૭૭ ના ૧) કાયદાની ક. ૩૧ આ કલમ સ્મોલ કોઝ કોર્ટના દેણુદારોને લાગુ થાય છે (મોઇદીન વી. સુંદરમુરથીયા (૧૮૭૮–૮૧) ૨. મ. ૯).

જાત ઊપર હુકમનામું.—એક સાંન ખતની રૂઇના હુકમનામામાં લહેણુ સાંનવાળી મીલકતથી અને હુકમનામાના દેણુદારની જાત લેવાને પરવાનગી આપેલી હોય અને તે મલકત ઊપર પ્રથમ બજાવણી કરવી. એવી તેમાં કાંઇ શરત ના હોય તો, હુકમનામાના દેણુદારની જાત ઊપર અથવા મીલકત ઊપર એટલે હુકમનામાવાળાની નજરમાં સરશ લાગે તે ઊપર પોતાના હુકમનામાની બજાવણી કરવાને અટકાવવામાં આવે તેવો વ્યાજબી પણાનો કાંઇ નીયમ નથી (જોહારી મલ વી. સંનલાલ (૧૮૮૭) ૯ અલ્હા. ૪૮૪) પરંતુ જ્યારે તે હુકમનામામાં સાંનવાળી મીલકતથી વસુલ કરવાને ફકત ઠરાવેલુ હોય તો તે હુકમનામા દેણુ દારની જાત ઉપર તે હુકમનામું બજાવી શકાતુ નથી (બુદન વી. રામચંદ્ર (૧૮૨૭) ૧૧ મુ. ૫૩૭).

કોઇ બીજી જગા.—બર્મામાં આવી જગાઓ બાબતની યાદ વીશે જુઓ જાહેર ખબર નંબર. ૨૧૭, બર્માગેઝીટ ૧૮૯૭ ભાગ ૧ લો પાંનુ ૨૫૬; અને મદ્રાશમાં જુઓ કોર્ટ જોર્જગેઝીટ સને ૧૯૦૩ ભાગ ૧ લો. પાંનુ ૬૪૬.

એક હુકમનામાની બજાવણીમાં.—બજાવણીમાં અથવા બીજી રીતે આ કાયદા પ્રમાણે પકડવામાં આવેલા તમામ સખસોને આ કલમ અને ૫૭ તથા ૫૯ લાગુ થાય છે જુઓ આગળ કલમ ૧૩૪.

તે કલમનો હેતુ—સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની આવીજ કલમ પ્રમાણે એક ખતમાં કોર્ટની રૂબરૂ હુકમનામાના દેણુદારને રજુ કરવા તથા તે દેણુદાર નાદાર ઠરાવવાને અરજ કરે તે હમેશની રીતી પ્રમાણે જે ઠરાવ હોય છે તે શીવાય હુકમનામાના દેણુદારની નાદાર ઠરાવવાની અરજી રદ કરવામાં આવેતો, શુ થવુ જોઇએ તે વીશે તેમાં કાંઇ ઠરાવ હોયતો, તેમાં ઠરાવ્યુ છે કે પાછલો ઠરાવ તે કલમના હેતુ જેવો નથી અને તે પ્રમાણે તેનો અમલ કરી શકાતો નથી (જાનકીદાશ વી. રામપરતાબ (૧૮૯૪) ૧૬ અ. ૩૭).

બજાવણીમાં મદદ તરીકેનો ઈલાજ.—એક મરનાર હુકમનામાના લેણુદારના વારસોએ હુકમનામા દેણુદારને પકડવાની દરખાસ્ત કરી હોયતો, તે બજાવણીમાં મદદ તરીકેનો ઇલાજ છે. પછી તે દરખાસ્ત વખતે સને ૧૮૮૯ ના એકટ ૭ પ્રમાણે સરટીફીકટ તેઓએ પોતાના નામ કામમાં દાખલ કરવાને અરજ કરેલી ના હોયતો પણ ચીંતા નથી (હારીમુદીન-ચોધ્રી વી. અબદુલ આઝીઝ (૧૮૯૩) ૨૦ ક. ૭૫૫).

છોડી દેવામાં આવશે—એક સખસને પકડીને કોર્ટની રૂબરૂ રજુ કરવામાં આવે એટલે તે જો જામીન આપીને શેડયુલ ફાઇલ કરવાનો ઇરાદો બતાવે (પીનસેંટનુ એક તરફી કામ (૧૮૮૫) ૮ મ. ૨૭૬; હેસ્ટીના કામમાં (૧૮૮૫) ૧૧ ક. ૪૫૧) પણ જો તેને કેદમાં મોકલવામાં આવે તો તેને ફકત કલમ ૫૮ પ્રમાણે છોડી શકાય છે (કવારનના કામમાં (૧૮૮૫) ૮ મ. ૫૦૩)

પકડાવવાની જવાબદારી—જે સખશો પુરૂશ અથવા સ્ત્રી હોય તેને ક. ૧૩૨–૧૩૩ પ્રમાણે કોર્ટમાં હાજર થવાની માફી આપેલી હોયતો બજાવણીમાં (ક. ૧૩૨) પકડાવવા લાયક કલમ ૫૬ પ્રમાણે છે (બર્દવાંનની મહારાણી વી. બરાડાસુંદ્રી (૧૮૯૮) ૧ બં. લા. રી. ૩૧; રાજચંદ્ર વી. શામાસુંદ્રી (૧૮૭૯) ૪ ક. ૫૮૩) રવીવારને દીવશે એકા-

દી જીલ્લા અંદરની કોર્ટના દાવાની હુકમ પ્રમાણે એક શખસને પકડવામાં આવેલો હોય તો તે કાયદેશર છે (૧૮૮૨) ૪ મ. હા. કો ૬૨).

ગેરકાયદે પકડવા બાબત જવાબદારી—હુકમનામાના દેણદારને પકડનાર અમલદારની કસુર બાબત જવાબદારી વીશે (કસ્તુરચંદ વી. રાવજી સદાશીવ (૧૮૮૦) ૪ મું. ૬૫) અથવા યોગ્ય જામીન નહી લીધા બાબત (નાગોમાહાદેવ વી. નારાયણ (૧૮૮૦) ૪ મું. ૪૬૫) એકાદા હુકમનામા પ્રમાણે પકડવા બાબત નુકશાની કયારે લેઈ શકાય છે તે બાબત જુઓ (રાજચંદ્ર વી. શામાસુંદી (૧૮૭૯) ૪ ક. ૫૮૩).

જો એકાદા અમલદારની પાસે વારંટ ના હોય:તેમ છતાં તે પકડે તો તે કાયદેસર નથી (કેશરેહિંદ વી. અમરનાથ (૧૮૮૩) ૫ અલ્હા. ૩૧૮);

જામીનનું મુકત થવું તે—હુકમનામાનો દેણદાર ગુજરી જાય એટલે જામીનનું બંધન છુટી જાય છે (ક્રીશ્નાનનાયર વી. ઇટીજાનનાયર (૧૯૦૧) ૨૪ મ. ૬૩૭) અને જો બજાવણીનું કામ પડતું મુકવા દેવામાં આવે છે અને તે કહાડી નાંખવામાં આવે છે તો (લાલજી વી. ઓદય (૧૮૮૭) ૧૪ ક. ૭૫૭) તે પ્રમાણે છે.

જો દેણદારનાદારીની અરજી કાબલ કરે તો જામીન મુકત થાય છે (કૈલાશચંદ્ર વી. ક્રીસ્તોફીરીઠી (૧૮૮૮) ૧૫ ક. ૧૭૧; રમજાહાન વી. જીરાર્ડ (૧૮૯૧) ૧૩ અલ્હા ૧૦૦; દ્વારકાદાસ વી. ઇસાબાઇ (૧૮૯૫) ૧૯ મું. ૨૧૦; બનામલ વી. જમનાદાસ (૧૮૯૩) ૧૫ અલ્હા ૧૮૩; ઈમિણીચમની વી. લાલજીરામ:(૧૯૦૧) ૨૪ મ. ૫૬૨; ક્રીશ્નાયર વી. ક્રીશ્નસામીઆયર (૧૯૦૩) ૨૬ મ. ૨૫૮).

ચડાવી લેનાર—એકાદુ હુકમનામું ચડાવી લેનારનું ચડાવી લેવું કબુલ થએલું હોય તો તે કલમ પ્રમાણે જમીન ઉપર પોતાનું હુકમનામું બજાવવાનો તે ચડાવી લેનારનો હક છે તેમજ હુકમનામાના દેણદાર ઉપર તે બજાવવાનો તેનો હક છે (માથથકનાહી વી. સેદીનડેવાઇડ (૧૯૦૩) ૨૬ મ. ૨૫૮).

નાદાર દેવાદાર—નાદાર દેવાદાર બાબતની કલમોનો એકાદા શખસે ફાયદો લીધો હોય પણ તેને મુકત કરેલો ના હોય તો જે દેવું શેડયુલમાં બતાવેલું ના હોય તો ફકત તેની મીલકત રીસીવરના કબજામાં હોવાના કારણથી તેનું હુકમનામાની બજાવણીમાં તે પકડાવવામાંથી રક્ષણ થતુ નથી (પનાલાલ વી. કનહીયા (૧૮૮૯) ૧૬ ક, ૮૫) એક હુકમ નામાના દેણદારને પકડવામાં આવેલો હતો તેથી તેણે એવા જામીન આપ્યા કે એક માસની અંદર નાદાર ઠરાવવાને અરજી કરીશ તેથી તેને છોડી દેવામાં આવ્યો હતો. મહીનો થઇ ગયો અને તેણે અરજી કરવાને કસુર કરી. તેને ફરીથી પકડવામાં આવ્યો નહોતો, અને તેણે ત્યાર પછીની તારીખે નાદાર ઠરાવવાને અરજી કરી તેમાં ઠરાવ્યું છે કે તે પ્રમાણે કરવાનો તેનો હક છે. (અલાગઆપા વી. સારથામ્બલ (૧૯૦૨) ૨૫ મ. ૭૩૪).

રીવીઝન—એક જામીનને મુકત કરવાની અરજીના મંજુર કરયાના હુકમ અપીલ કરવા લાયક નથી, માટે ક. ૧૧૫ પ્રમાણે તે બાબત ફરી વીચાર કરી શકાય છે (બાનનમલ વી. જમનાદાસ (૧૮૯૦)

૫૬. આ ભાગમાં ગમે તે મજકુર હોય તોપણ, પૈસા આપવાનું હુકમનામું બજાવવામાં સ્ત્રીને પકડવાનો અથવા દિવાની તુરંગમાં અટકાયતમાં રાખવાનો કોર્ટે હુકમ કરવો નહિ.

પૈસા આપવાનુ હુકમનામું બજાવવામાં સ્ત્રીને પકડવાની અથવા અટકાયતમાં રાખવાની મના.

ટીકાઃ—સને ૧૮૬૨ ના એકટ ૧૪ ની ક. ૨૪૫ અ. આ કલમ હાયકોર્ટને અને પ્રોવીનશીયલ સ્મોલકોઝ કોર્ટને લાગુ છે. તે કલમ પ્રથમ સને ૧૮૮૮ ના એકટ ૬ થી દાખલ કરેલી હતી.

નાંણા વસુલ આપવાં તેઃ—જુઓ પાછળ ક. ૩૪.

૫૭. હુકમનામાના દેણદારની પદવી, જાત તથા તેના દેશ રીવાજ પ્રમાણે ખોરાકીને સારૂ, આપવાની માસિક રકમના ચઢતા ઉતરતા દર વખતે વખતે ઠરાવવાને સ્થાનિક સરકાર મુખ્ત્યાર છે.

ખોરાકીનો દર.

ટીકાઃ—સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની ક. ૩૩૮, ૩૩૯, અને ૩૪૦.

આ કલમ હાયકોર્ટને તથા પ્રોવીનશીઅલ સ્મોલકોઝ કોર્ટને લાગુ થાય છે.

આવી જાહેર ખબરોથી જે "સ્કેલ" ઠરાવેલો છે તે વીશે જુઓ બર્મા રૂલ્સ મેન્યુઅલ આવૃતી ૧૮૯૭, પા. ૧૧૫; વાવ્ય પ્રાંતો અને ઔઢના સ્થાનીક રૂલો અને હુકમો, આવૃતી ૧૮૯૪ પાંનુ ૧૧૩; સ્થાનીક રૂલો અને હુકમોની મદ્રાસની યાદ આવૃતી ૧૮૯૮, વા. ૧. પાનુ ૧૯૫).

ખોરાકીના પૈસા અગાઉથી ભરવા જોઇએ. જો તેઃઅગાઉથી ભરેલા ના હોય તો પકડવામાં આવે અમથા તુરંગમાં મોકલવામાં આવે તે ગેરકાયદે છે. માટે તે ભરેલા છે એ વીશે કોર્ટના અમલદારે જોવાનુ છે અને કેદીઓ જોવાનુ નથી (થામસનના કામમાં બર્ક ૪૨૧).

તા. ૩૦ સપટેંબરના રોજ લેંણદારે ૩૦ દીવસની ખોરાકી ભરેલી તેથી સપટેંબર માસના ચાર આના જેલર પાસે બાકી રહેલા હતા. તેમાં ઠરાવ્યુ છે કે આ કલમ પ્રમાણે તેથી બરોબર ચાલવામાં આવ્યું છે, કારણકે જે રકમ ભરેલી છે તે અકટોંબર માસને માટે જોઇએ તેટલી છે (હળધરદે વી. અંબીકાચર્ણુ (૧૮૭૦) ૫ બં. લા. રી. એપ. ૮૦) પરંતુ એકકે દીને તા. ૪ અગસ્ટના રોજ પકડવામાં આવેલો હતો અને તેજ દીવશે સાંજરે તેને કેદમાં મોકલેલો હતો પણ ફકત ૨૭ દીવશની ખોરાકીના પૈસા ભરેલા હતા. તેમાં ઠરાવ્યું છે કે જો કે ૨૮ દીવસની ખોરાકી પુરી કરવાને એક રકમ બીજે દીવશેજ ભરેલી હતી તો પણ, આ કલમના ઠરાવ પ્રમાણે ચાલવામાં આવેલુ છે એમ થતુ નથી (દત્ત વી. કોનીલીયસ (૧૮૭૦) ૬ બં. લા. રી. એપ. ૭૯);

આ કલમ પ્રમાણે ખોરાકીના પૈસા બાબત એકાદા હુકમની જરૂર છે, એવુ જણાય છે. (આગા અલીખાંન વી. જયદયાળ પરશાદ, બર્ક ૫૨; શંભુચંદ્ર હાલદારના કામમાં, બર્ક ૫૯). દરેક જુડીશીઅલ અમલદાર જેના હુકમથી કોઇ કેદીને કેદમાં રાખેલો હોય તેમ છતાં પણ જો ઠરાવેલી માશીક ખોરાકીનો હફતો મહીનાના છેલ્લે દીવશે અનામત મુકેલો ના હોય તો, તે જુડીશીઅલ અમલદારે તે કેદીને છોડી દેવાને જેલર ઉપર તરત હુકમ મોકલવો જોઇએ (ક. સીવીલ. સી. નંબર ૨ સને (૧૮૭૮)

૫૮. (૧) હુકમનામું બજાવવામાં જે દરેક સખસને દિવાની તુરંગમાં અટકાવી રાખ્યો હોય તેને—

અટકાવી રાખવો તે તથા છોડી મુકવો તે

(અ) પચાસ રૂપીઆ કરતાં વત્તી રકમ આપવાનું હુકમનામું હોય, ત્યારે છ માસની મુદત સુધી, અને

(બ) બીજે કોઇપણ પ્રસંગે, છ અઠવાડીઆની મુદતસુધી,

એવી રીતે અટકાયતમાં રાખવો:

પણ એવું ઠરાવ્યું છે કે નીચેની બાબતમાં, પ્રસંગપ્રમાણે, છ માસની અથવા છ અઠવાડીઆની સદરહુ મુદત વિત્યા પેહેલાં, તેને એવી અટકાયતમાંથી છોડી મુકવો જોઇએ :—

(૧) તેને અટકાયતમાં રાખવા વિશેના વારંટમાં કહેલી રકમ જે અમલદારને સ્વાધીન દિવાની તુરંગ હોય તેને ભરે ત્યારે; અથવા

(૨) તેની સામેનું હુકમનામું બીજીરીતે પુરેપુરૂં ભરપાઈથાય ત્યારે; અથવા

(૩) જે શખસની દરખાસ્તથી તેને એવી અટકાયતમાં રાખ્યો હોય તે શખસની અરજ ઉપરથી; અથવા

(૪) જે શખસની દરખાસ્ત ઉપરથી તેને એવી અટકાયતમાં રાખ્યો હોય તે શખસ ખોરાકીની રકંમ ભરવાનું ચુકે ત્યારે;

વળી એવું પણ ઠરાવ્યું છે કે રકમ (૨) અથવા રકમ (૩) ની રૂએ એવી અટકાયતમાંથી કોર્ટના હુકમ વગર તેને છોડી મુકવો નહીં.

(૨) આ કલમ પ્રમાણે હુકમનામાના દેણદારને અટકાયતમાંથી છોડી મુકયો એટલાજ કારણ ઉપરથી તે પોતાના કરજમાંથી છુટો થતો નથી, પરંતુ જે હુકમનામું બજાવવામાં તેને દિવાની તુરંગમાં અટકાવી રાખ્યો હોય તે હુકમનામા ઉપરથી ફરી પકડાવાને તે પાત્ર થશે નહીં.

સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની કલમ ૩૪૧ અને ૩૪૨.

ટીકા—આ કલમ હાઇકોર્ટ તથા પ્રોવીન્શીઅલ સ્મોલકોઝ કોર્ટને લાગુ છે તેમાં જુના કાયદાની કલમ ૩૪૧ અને ૩૪૨ ની ભાષા જો કે ફેરફાર કરેલો છે તો પણ તેની તેજ મતલબનો ઠરાવ જણાય છે

આ ઠરાવથી છ અઠવાડીયાં અથવા છ માસની મુદત જે પ્રમાણે હકીકત હોય તે પ્રમાણે કેદને માટે સાધારણ ઠરાવેલી છે. અને એક વખતે લેણદારને કેદમાં મોકલમાં આવ્યો એટલે પેટા કલમ ૧ થી ૪ સુધીમાં બતાવેલાં કારણમાંના એક અથવા બીજા કારણથી તે ફકત છુટી શકે છે.

મુદત—જુના કાયદામાં જડજને પોતાના કુલ અખત્યાર છે તે પ્રમાણે વધારેમાં વધારે કેદની મુદત કેટલી ઠરાવવી એ વિષે અખત્યાર આપેલો નહોતો (સુબાધી વી. સીંગી (૧૮૯૦) ૧૩ મ. ૧૪૧; સજાનબીબી વી સાગરમંડળ (૧૯૦૦) ૫ ક. વી. નોટ ૧૪૫). અને આ કલમમાં તે બાબતના કાયદામાં કાંઇ ફેરફાર કરેલો જણાતો નથી.

ઓર્ડર ૩૮, રૂલ ૪ પ્રમાણે એકાદા સખસને કેદ કરેલો હોય અને તે હુકનામું થયા પછી કેદમાં રહેતો હોયતો છ માસ ગણવામાં તે ગણવું જોઇએ (ધનશામદાસ વી. જુહારીમલ (૧૮૮૩) ૭ મું. ૪૩૧).

કેદ તે મુદત જારી રહેલો હોય અથવા ફકત વખતે વખતે રહેલો હોય પણ તે મુદત પુરી થાય એટલે કેદીનો છુટવાનો હક થાય છે (ખોદાબક્ષ વી. શકરૂલા (૧૮૭૦) ૫ અ. હા. કો. ૨૨૦).

તીરસ્કાર.—કોર્ટનો તીરસ્કાર કર્યા બાબતની કેદને વિષે આ કલમ લાગુ થતી નથી (મોટીન વી. લોરીન્સ (૧૮૭૯) ૪ ક. ૬૫૫).

તે કાયદાથી પકડવામાં આવે અને તુરંગમાં કેદ કરવામાં આવે એ વચ્ચેના ભેદને

સાચવી રાખેલો છે; અને ખરી રીતે કેદ રેહવાથીજ ફકત વધારે થતા હુકમથી માફી મળે છે (ચેગાલરાયચો વી. સુબીયા (૧૮૭૦–૧) ૬ મ. હા. કો ૮૪; સુબા વી. વ્યંકટ (૧૮૮૫) ૮ મ. ૨૧); અથવા કેદમાં મોકલવાનું વારંટ થયા પછી જો છોડવામાં આવે (ટીમાપા વી. મનેશ્વર (૧૮૮૫) ૯ મું. ૧૮૧), પણ હુકમનામાના લેણદાર તરફથી કાંઈ અરજી અ. થવા અરજ થયા વીના પ્રતીવાદીને ફરીથી પકડવાને જડજના અખત્યારમાં નથી (શીવરામ વી. રહેમતુલ્લા (૧૮૭૧) ૧૫ વી. રી. ૬૮).

એક હુકમનામાની બજાવણીમાં હુકમનામાના દેણદારને પકડીને કેદમાં મોકલેલો હતો. તેણે તે હુકમનામાનો ફેસલો કરી અને હુકમનામાવાળા સાથે સમાધાન કર્યું અને તે ઉપર થી હુકમનામાવાળાએ તે ફેસલાના ઠરાવો કોર્ટમાં નોંધાવ્યા વીના તે દેણદારને છોડવાને અરજી કરી તેથી તેને છોડી દેવામાં આવ્યો ત્યાર પછી તે હુકમનામાવાળાએ પોતાનું હુક મનામું બજાવવાને ફરીથી દરખાસ્ત કરી. તેમાં તેને એવી હરકત લેવામાં આવી કે તે બાબ- તનો ફેંસલો થયેલો છે. પણ તે બાબત તજવીજ કરવામાં આવી નહિં કારણ કે કોર્ટ બહાર તેમાં થયેલું હતું. તો પણ હાઇ કોર્ટે ઠરાવ્યું છે કે તે દેણદારને છોડવાને તેણે શા કારણથી અરજી કરેલી હતી તે બતાવવાને હુકમનામાવાળો બંધાયલો હતો અને જો પુખ્ત કારણો બતાવેલાં ના હોયતો તેનું હુકમનામું પુરૂ થઇ ગયેલું છે એમ માનવું જોઇએ. તે ઉપરથી આ બતાવવાને સારૂં તે હુકમનામાવાળાને લાગ આપવાને તે કાંમ પાછુ મોકલેલું હતુ (ચંગો વી. કાળુરાંમ (૧૮૬૭) ૪ મું હાઇ કોર્ટ. એ. સી. ૧).

કેદ રાખવાથી હુકમનામું પુરૂં થતુ નથી અને દેણદાર તે બાબત નાદાર એવુ ઠરાવરાવી શકે છે (રઘુભાઇ રામચંદ્રના કામમાં (૧૮૬૩) ૬ મું. હા. કો ૮૫). તે દેણદારની મીલકત જપ્તીથી લીલામને પાત્ર રહે છે (જાનકીસીંગરાય વી. કાળુમંડળ (૧૮૬૩–૭) બં. લા. રી. (એફ બી) ૮૯). એક હુકમનામાની દેણદારને એક વખત છોડી દેવામાં આવે એટલે તેના તેજ હુકમનામાથી તેને ફરીથી પકડી શકાતો નથી (સેક્રેટરી ઓફસ્ટેટ વી. જુઠા (૧૮૮૬) ૧૨ ક. ૬૫૨; બોલાઇચંદ દતના કામમાં (૧૮૯૩) ૨૮ ક. ૮૩૪). પણ પહેલી વખતે પક- ડવામાં આવેલો હોયતો તેથી તે કેદ થયેલો હોવો જોઇએ (રાજેન્દ્રનારાયણરાય વી. ચંદ્રમોહન અસર (૧૮૯૬) ૨૩ ક. ૧૨૮)

જો કેદમાં મોકલતાં પહેલાં તેને છોડી દેવામાં આવેલો હોય (અબીબુલ્લ વી. રામશાહજ (૧૯૦૪) ૨૬ અ. ૩૧૭) અથવા કાયદાના કોઇ બીજા ઠરાવ પ્રમાણે જેમકે હિંદુસ્તાનના ના- દાર દેવાદારના એકટની કલમ ૧૩ પ્રમાણે કેદ કર્યા પછી તેને છોડી દેવામાં આવેલો હોયતો તેને ફરીથી પકડી શકાય છે (શાંમજી વી. પુંજા (૧૯૦૨) ૨૬ મું. ૬૫૨).

જ્યારે જેલર પાસે વારંટ ના હોય ત્યારે પ્રતીવાદીને કોર્ટ છોડીદેછે (શાહ સાહેબના કાંમમાં, ૧ ઈ. જયુ. એન એસ. ૧૯); પણ વારંટ ફકત રીતીસર ના હોય તો તે છોડી- દેતા નથી (ભોળાનાથ મલીકના કાંમમાં બર્ક ૯૬. કલકત્તામાં સ્મોલકોઝ કોર્ટના વારંટ ઉપર રીટર્ન કરેલુ તેના મતલબ વીષે જુઓ અમ્રીતલાલ દેના કાંમમાં (૧૮૭૬) ૧ ક. ७८; ગણે- શ સુંદરી દેબીના કાંમમાં (૧૮૭૦) ૫ બં. લા. રી. ૪૧૮; સુરેન્દ્ર નાથના કાંમમાં (૧૮૮૦) ૫. ક. ૧૮૬).

હફતા—એક હુકમનામું હફતેથી આપવાનું હોય તેથી દરેક હફતો ભરવામાં કસુર કરવાથી તે દેણદારને કેદ કરી શકાતો નથી (દામોદર વી. મલહરી (૧૮૮૩) ७ મું ૧૮૬).

મુદત—આ કલમનો ભંગ કરીને એકાદા દેણદાર પકડવાની દરખાસ્ત કરવામાં આવે તેથી મુદતના એકટના પરિશીષ્ટ ૨ ની કલમ ૧७૯ (૪) પ્રમાણે મુદત નવી શરૂ થાય તેવો હક આપવામાં આવતો નથી (ચાતર વી. નેવલસીંગ (૧૮૯૦) ૧૨ અ. ૬૪).

મંદવાડના સબબથી છોડી મુકવો તે.

૫૯. (૧) હુકમનામાને દેણદારને પકડવાનું વારંટ કાઢયાપછી કોઇપણ વખતે કોર્ટ, તેને ભારે મંદવાડ થયાના સબબથી, તે વારંટ રદ્દ કરવાને મુખ્ત્યાર છે.

(૨) હુકમનામાને દેણદારને પકડવામાં આવ્યો હોય ત્યારે, તેને દિવાની તુરંગમાં રાખવા જેવી તેની તબીયત નથી એમ કોર્ટને લાગે તો તેને છોડી મુકવાને કોર્ટ મુખત્યાર છે.

(૩) જ્યારે હુકમનામાના દેણદારને દિવાની તુરંગમાં મોકલવામાં આવ્યો હોય ત્યારે, તેને—

(અ) ફેડતો અથવા ચેપીરોગ ચાલુ છે એ સબબથી સ્થાનિક સરકાર, અથવા

(બ) તેને કંઇપણ ભારે મંદવાડ હોવાના સબબથી કેદમાં મોકલનાર કોર્ટ અથવા જે કોઇપણ કોર્ટના તાબામાં સદરહુ કોર્ટ હોય તે કોર્ટ,

તે તુરંગમાંથી છોડી દેવાને મુખ્ત્યાર છે.

(૪) આ કલમ પ્રમાણે છોડી મુકેલા હુકમનામાના દેણદારને ફરીથી પકડવાનો અધિકાર છે, પરંતુ તેને દિવાની તુરંગમાં અટકાવી રાખવાની એકંદર મુદત કલમ ૫૮ માં ઠરાવેલી છે તે કરતાં વધી જવી નહિ જોઇએ.

સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની કલમ ૬૫૩. (૩) અને (૪).

ટીકા.—આ કલમમાં "હોય" એવો શબ્દ છે તે નવો છે અને અનુમાન પ્રમાણે જે કામોમાં હુકમનામાનો દેણદાર દરદનો ચેપ લાગેલા સખસના સબંધમાં આવેલો હોય એવા કામોનો સમાસ કરવાને દાખલ કરેલો છે.

જપ્તી વિશે.

હુકમનામું બજાવવામાં જપ્ત કરીને વેચવાને પાત્ર થઇ શકે તે મિલકત.

૬૦. (૧) હુકમનામું બજાવવામાં નીચેની મિલકત જપ્ત કરીને વેચવાને પાત્ર છે, તે એકે:—જે હુકમનામાના દેણદારની માલકીની હોય અથવા જેની અથવા જેના ઉત્પન્નની વ્યવસ્થા કરવાની સત્તા તેને હોય અને તે સત્તા પોતાને માટે વાપરી શકે તે જમીન, ઘર અથવા બીજી ઇમારતો, માલ, પૈસા, બેંકનોટ, ચેક, બીલ ઑફ એકસ્ચેંજ, હુંડી, વાયદાચીઠ્ઠી (પ્રામિસરી નોટ), સરકારી સિકયુરીટી, કરજ, કોરપોરેશનના શેર, તથા હવે પછી ઠરાવ્યું છે તે શિવાય વેચાય એવી બીજી બધી સ્થાવર અથવા જંગમ મિલકત; પછી તે ગમે તો હુકમનામાના દેણદારના નામ ઉપર હોય કે તેને માટે અથવા તેની વતી સોંપી દીધાને લીધે બીજા શખસની પાસે હોય:

પરંતુ નીચેનાં વાનાં સદરહુ જપ્તી કે વેચાણને પાત્ર થશે નહીં, (તે એકે):—

(અ) હુકમનામાનો દેણદાર, તેની સ્ત્રી તથા છોકરાં, એઓનાં જરૂરીઆત પેહેરવામાં વસ્ત્ર, રાંધવાનાં વાસણ તથા પથારીનું સાહિત્ય, અને ધર્મસંબધી રીવાજને અનુસરીને કોઈ સ્ત્રી પોતાના જે દાગીના તજી શકે નહીં તે દાગીના;

(બ) કારીગરોનાં ઓજાર અને હુકમનામાંનો દેણદાર ખેડુત હોય ત્યારે તેના ખેતીવાડીનાં હથીઆર, તથા ખેડુત તરીકે તેને પોતાની ઉપજવિકા મેળવવા માટે જે ઢોર તથા અનાજના બી કોર્ટની નજરમાં જરૂર જણાય તે ઢોર તથા અનાજના બી, અને ખેતીના ઉપજનો અથવા કોઇપણ જાતની ખેતીના ઉપજનો જેટલો ભાગ જવાબદારીને પાત્ર નથી એમ તરત હેઠળની કલમના ઠરાવોની રૂએ ઠરાવ્યું હોય તેટલો ભાગ;

(ક) ખેડુતની માલકીનાં અને ખેડુત તરીકે તેના પોતાના તાબામાં હોય તેવાં તેનાં ઘર અને બીજી ઇમારતો (તથા તેના સામાન તથા ગભાણુસુદ્ધાં તથા તેને વગતી અને તેના ઉપભોગ માટે જરૂરની હોય એવી જમીન સુદ્ધાં);

(ડ) હિસાબના ચોપડા;

(ઇ) નુકસાનીને વાસ્તે ફરિયાદ કરવાનો હક્ક;

(ફ) જાતીકી નોકરીનો કંઇ હક્ક;

(ગ) સરકારી પેન્શનરોને આપેલી અથવા આ બાબત ગર્વનર જનરલ ઇન્ કોંસિલે ઈંડિયા ગેઝીટમાં જાહેર કરેલા કોઈપણ સર્વિસ ફેમીપેન્શન ફંડમાંથી આપવાની નેમણુક તથા ગ્રાચ્યુઈટી તથા રાજકીય પેનશન;

(હ) જ્યારે કોઈ સરકારી અમલદાર અથવા રેલવે કંપનીનો અથવા સ્થાનિક અધિકારીનો નોકર રજા ઉપર ગેરહાજર હોય ત્યારે (તેના પગાર કરતાં ઓછી રકમનું તેને મળતું) સઘળું અલાવન્સ;

(આઇ) રકમ (હ) માં લખેલા પ્રકારના કોઈપણ સરકારી અમલદાર અથવા નોકર કામગીરી ઉપર હોય ત્યારે તેનો નીચેની હદ સુધીનો પગાર અથવા પગાર જેટલું અલાવન્સ, એટલે—

(૧) પગાર દરમાસે વીસ રૂપિયાથી વધારે ન હોય ત્યારે, તે આખો પગાર

(૨) પગાર દર માસે વીસ રૂપિયાથી વધારે અને ચાલીસ રૂપિયાથી વધારે ન હોય ત્યારે, દર માસે વીસ રૂપિયા; અને

(૩) બીજે કોઇપણ પ્રસંગે, પગારનો નીમે ભાગ;

(જે) જે લોકોને હિંદુસ્તાનની આર્ટીકલ ઓફ વાર લાગુ પડે છે તેમનો પગાર તથા અલાવન્સ;

(કે) જે કોઇપણ ફંડને સને ૧૮૯૭ ને પ્રોવિડન્ટ ફંડો બાબતનો આકટ વિદ્યમાનકાળે લાગુ હોય તે ફંડમાંની અથવા તેમાંથી મળતી જે સઘળી ફરજીયાત થાપણો તથા બીજી રકમો જપ્તીને પાત્ર નથી એમ સદરહુ આકટમાં ઠરાવ્યું હોય તેટલે સુધી તે સઘળી થાપણો તથા રકમો;

(લ) મજુરોનો તથા ઘરના નોકરોનો ઐનજીનસી અથવા રોકડો આપવાને મુસારો;

(મ) જીવતો રહેવાથી ઉત્તરાધીકાર મળવવાની ઉમેદ હોય તે, અથવા બીજા કેવળ અવલંબી કે શકય હોય તેવો હક્ક અથવા સંબંધ;

(ન) ભવિષ્યની ખોરાકી પોશાકીનો હક્ક;

(ઓ) સને ૧૮૬૧ તથા સને ૧૮૯૨ ના ઇંડિયન કૌન્સિલો બાબતના આકટોની રૂયે જે કોઇ અલાવન્સ હુકમનામાની બજાવણીમાં જપ્ત થવાને અથવા વેચવાને પાત્ર નથી એમ ઠરાવ્યું હોય તે અલાવન્સ, અને

(પી) હુકમનામાનો દેણદાર જમીન મેહેસુલ આપવાને પાત્ર હોય ત્યારે, એવા મેહેસુલની ચઢેલી બાકી વસુલ કરવા સારૂ જે કોઈ પણ જંગમ મિલકત વિદ્યમાનકાળે અમલમાં હોય એવા કાયદાની રૂયે વેચાણમાંથી બાતલ કરી હોય તે મિલકત.

ખુલાસો:—(ગ), (હ), (આઇ), (જે), (લ), તથા (ઓ) એ રકમોમાં કહેલાં વાનાં, તે ખરેખર આપવાને પાત્ર થાય તે પહેલાં અથવા પછી પણ જપ્તી કે વેચાણને પાત્ર થશે નહીં.

(૨) આ કલમમાંહેના કોઇપણ મજકુર ઉપરથી—

(અ) ભાડાને વાસ્તે થએલું હુકમનામું બજાવવામાં ઘર અથવા બીજી ઇમારતો (તથા તેનો સામાન તથા ગભાણ તથા તેમના ભોગવટા સારૂ જરૂરની હોય તેવી જમીનો) જપ્તી કે વેચાણમાંથી બાતલ થાય છે એમ સમજવું નહીં, અથવા

(બ) લશ્કરના આકટના અથવા તેના જેવા વિદ્યમાનકાળે અમલમાં હોય એવા બીજા કોઇપણ કાયદાના ઠરાવોને બાધ આવે છે એમ સમજવું નહિ.

ટીકા.—સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની કલમ ૨૬૬. આ કલમ હાઇકોર્ટને લાગુ છે અને વળી સ્થાવર મીલકત શીવાયની બાબત પ્રોવીન્શીઅલ સ્મોલકોઝ કોર્ટને લાગુ છે. આઉધ વિષે જુઓ સને ૧૮૭૬ ના એકટ ૧૪ ની કલમ ૨૦ અજમેર વિષે જુઓ ૧૮૭૭ નો રેગ્યુલેશન ૧ ની કલમ ૨૬ વળી જુઓ હિંદુસ્થાનના દરીયાના સને ૧૮૮૭ ના એકટ ૧૪ ની કલમ ૮૧; અને સને ૧૮૮૧ ના આર્મી એકટ, ૪૪ અને ૪૫ વીક, બાબ ૫૮, કલમ ૧૫૧.

મીલકતની ઉપજ.—જ્યારે એકાદો પક્ષકાર મીલકત જપ્ત કરાવે ત્યારે તે મીલકતની ઉપજ પણ જપ્તી થાય છે. પરંતુ જો તે અસલ માલેકનો કબજો રેહવાદે અને ઉપજ ભોગવવા દેતો તે માલેકને તે મળે એટલે તે જપ્તીની રૂએ હુકમનામાના દેવા વિષે ખાસ રીતે જવાબદાર થતી બંધ પડે છે (રામકુમાર વી. ગોવીંદનાથ (૧૮૬૯) ૧૨ વી. રી. ૪૭૧).

વ્યવસ્થા કરવાનો અખત્યાર.--ટપાલ ઓફીસમાં એક કવરમાં નોટો હોયતો

જે સખસનું શરનામું તે કવર ઉપર હોય તે સખસ વ્યવસ્થા કરવાનો અખત્યાર છે (નરસીમહુલ્લુ વી. આધાપા (૧૮૯૦) ૧૩ મ. ૨૪૨); પરંતુ એકાદા ધર્માદા બક્ષીસના ટ્રસ્ટીનો તે મીલકતની વ્યવસ્થા કરવા અખત્યાર નથી (બીશનચંદ વી. નાદીર હુસેન (૧૮૮૮) લા. રી. ૧૫. ઈ. અ. ૧; (૧૮૮૮) ૧૫ ક. ૩૨૯). માલ ખરીદ કરનારાઓને જે નાણાં હરાજી કરનારને આપવાનાં હોય તો તે હરાજી કરનારના લેણદારો તે નાણાં જપ્ત કરાવી શકતા નથી કારણ કે તે માલ તેને સોંપેલો હોય છે. પણ તે હુકમનામાના દેણદારનો પોતાના ફાયદા સારૂ જે રકમની વ્યવસ્થા કરવાનો પોતાના ફાયદા સારૂ અખત્યાર હોય તે રકમ જપ્ત કરાવી શકે છે. (સ્મીથ વી. અલ્હાબાદ બેંક (૧૯૦૧) ૨૩ અ. ૧૩૫).

બીજાને આપવા લાયક નહિં તે.—અને એકાદી વીધવાને તેણીની ખોરાકી પોશાકી સારૂ જમીન આપેલી હોય એવી સરતથી કે તેણીએ બીજાને આપવી નહિં અથવા તે ઉપર જવાબદારી ઠરાવી નહિં તો તેના ઉપયોગમાં તેણીનું કોઇ વેચવા લાયક હીત નથી એવું ઠરાવેલું છે (દીવાજી વી. આપાજી (૧૮૮૬) ૧૦ મું. ૩૪૨). પરંતુ જુઓ બસીધર વી. ગુલાબ કુંવરના કામમાં એક હિંદુ વીધવાને પોતાની ખોરાકી પોશાકી બદલ ગામો આપેલાં હતાં તો તે જપ્ત થઇ શકે નહિં એ સવાલનો ફેંસલો કર્યા વિના રાખેલું છે. સ્થાવર મીલકત એક હીંદુ વીધવાને ખોરાકી પોશાકી તરીકે તેણીના કુટુંબના અંગતોએ આપેલી હોયતો તેની આમદાની તે વીધવા ઉપરના હુકમનામાની બજાવણીમાં જપ્ત કરી વેચાવા લાયક નથી. (૧૮૯૩) ૧૫ અ. ૩૬૧). પણ મીલકત એવી સરતથી વસીયત કરેલી હોય કે તે અવીભાજ્ય રાખવી તો દેણદારનો તેમાંના હિસ્સો જપ્ત કરવાને પરવાનગી આપેલી છે (નારાયનન વી. કનાન (૧૮૮૪) ૭ મ. ૩૧૫). એક પરણેલી સ્ત્રીની મીલકતની આમદાની મર્યાદા સાથેની હોય તે જપ્ત કરવા લાયકની નથી (ગોંડેન વી. વ્યંકટેશ (૧૯૦૬) ૩૦ મ. ૩૭૮).

તેના પોતાના કાયદા સારૂં.—એક હિંદુ કુટુંબના બાપ વીરૂદ્ધ તેના દીકરાઓના હિત સબંધીના દાવામાં જપ્તી કરાવાને આ શબ્દોથી અટકાવ થતો નથી (જગાભાઇ વી. વ્રીજ ભુખણદાસ (૧૮૮૭) ૧૧ મું. ૩૭).

બીજી વેચવા લાયક મીલકત.—કોર્ટનું એકાદ હુકમનામું હોયતો, તે આ કલમ પ્રમાણે મીલકત છે (ધોલામમહમદ વી ઇંદ્રચંદજાહરી (૧૮૭૧) ૭ બં. લા. રી. ૩૧૮, વીરૂધ તીરૂવેંગાડા વી. વીપીલીંગા (૧૮૮૩) ૬ મ. ૪૧૮ અને જુઓ ઓરડર. ૨૧, રૂલ ૫૩ નીચેની નોટ, આગળ) પણ હીસાબના ચોપડા તે મીલકત નથી (પેસ્તનજી ખરસેદજી શરોફના કામમાં (૧૮૬૫–૭) ૩ મ. હા. કો. ૪૨), તો પણ લેણદારને નીશ્ફળ કરવાને હુકમનામાનો દેણદાર પોતાના હીસાબના ચોપડા ઉઠાવવાને યત્ન કરેતો કોર્ટ તેની પાસે તે ચોપડા રજુ કરાવી કોર્ટના હવાલામાં મુકવાની જરૂર પાડે છે (અજુધ્યાપ્રસાદ વી. મીડલટન (૧૮૭૧) ૩ અ. હા. કો. ૩૩૪; ભોજારખબર વી. ભોજારાજ (૧૮૭૧) ૩ અ. હા. ૩૧૯). જે એકાદા પટાથી વેચાણ અથવા બક્ષીસ આપી મીલકત બીજાને આપવાની મનાઇ કરેલી હોય તે એક હુકમનામાની બજાવણીમાં વેચી શકાય છે (ગોલકનાથ વી. મથુરાનાથ (૧૮૯૩) ૨૦ ક. ૨૭૩). બારવર્ષ કરતાં વધારે મુદતથી એક હુકમનામાના દેણદારના કબજામાં મીલકત હતી તેથી વીરૂધ કબજો થવાના કારણથી તેનો હક થએલો હતો, માટે તે જપ્ત કરવા લાયક છે (સુજાહુસન વી. મનોહરદાસ (૧૮૯૭) ૨૪ ક. ૨૪૪). તેમજ વળી તેની મીલકત બાબત જોક હાલનો દાવો હોય તે પણ છે (રામચંદ્ર વી. નંદલાલ (૧૮૭૩) ૧૯

વી. રી. ૧૩૨); એકાદા મકાનમાં બીજી મીલકત બાકીની હકવાળી થએલી હોય તે આ કલમ પ્રમાણે જપ્ત કરી વેચવા લાયક છે (આનાજીદતાત્રય વી. ચંદ્રબાઇ (૧૮૯૩) ૧૭ મું. ૫૦૩). ભાલા તથા કટારો તે મીલકતછે એકાદા નાઝીર પોતાનું કામ કરવામાં હથીઆરો વેચાવી શકે છે. (વાલાહીરાજી વી. હીરા (૧૮૮૫) ૯ મું. ૫૧૮). એકાદા શેટલમેંટ પ્રમાણે ટ્રસ્ટ ફંડો હતા તેનો ઓફીશીઅલ ટ્રસ્ટી એક ટ્રસ્ટી હતો તેથી તે ફંડમાં હયાતી સુધીનો હક જપ્ત કરાવી શકાય છે (અબદુલલતીફ વી. દોત્રે (૧૮૮૯) ૧૨ મ. ૨૫૦).

મીલકતના ભાગો.—એકાદી ઇમારતના બારણાં અને બારીયો ગીરો આપનાર ઉપરના હુકમનામામાં જુદાં જપ્ત કરાવી વેચાવી શકાતાં નથી (પીરૂબેપારી વી. રેનોમેફરાશ (૧૮૮૫) ૧૧ ક. ૧૬૪. વળી જુઓ માહારાણી કેસરે હિંદ વી. ઇબ્રાહીમ (૧૮૯૦) ૧૩ મ. ૫૧૮; પરશોતમ વી. બેલારીની મ્યુનીસીપલ કૌંસીલ (૧૮૯૧) ૧૪ મ. ૪૬૭). એકાદો જમીન ઉપરનો હક વેચવા લાયક હોય તેનો એક ભાગ ચડેલી સાંથ બાબત વેચાવી શકાતો નથી (રેલી વી. હરેચંદ્ર (૧૮૮૨-૩) ૧૨ ક. લા. રી. ૩૩૮). એક ભાગના ગીરોમાં એક હુકમનામું મેળવવામાં આવેલુ તેની બજાવણીમાં એકાદા ભાગની જપ્તી કાયદેસર નથી. એકાદા ભાગનો ભાગ વેચાવી શકાતો નથી (નરભેરામ વી. ભરૂચના કલેકટર (૧૮૯૮) ૨૨ મું. ૭૩૭).

ગીરો છોડાવવાનો હક.—ગીરો આપનાર ઉપરના હુકમનામાની બજાવણીમાં ગીરોવાળી મીલકતનો ગીરો છોડાવવાનો હક વેચાવી શકાય છે (ગોસાઇમનરાજ વી. દીનદયાળ (૧૮૭૩) ૨૦ વી. રી. ૨૦; સરસવાટીદેબી. વી. નાબાદ વીપ. (૧૮૭૦) ૫ બં. લા. રી. ૩૮૦ પરશરામ. વી. ગોવીંદ ગણેશ. (૧૮૭૧) ૨૧ મુ. ૨૨૬) પણ તે સખસને જપ્ત કરી વેચાવવાને દરખાસ્ત કરતો હોય તે વળી ગીરો રાખનાર નાહોયતો તે પ્રમાણે કરી શકતો નથી (ભગોબતીડોસી વી. શામચર્ણ (૧૮૭૬) ૧ ક. ૩૩૭; ડોશીબાઇ વી. ઇશ્વરદાસ (૧૮૯૧); ૧૫ મું. ૨૨૨; લા. રી. ૧૮ ઇ. અ.૨૨; કામીનીદેબી વી. રામલોચન સરકાર (૧૮૭૦) ૫ બં. લા. રી. ૪૫૦; પણ જુઓ ખુચંદ વી. કલ્યાણદ (૧૮૭૬-૭૮) સા ૧ અ. ૨૪૦). એક દેણદારે પોતાનું કામ કરવાની જામીની તરીકે જે નાણાં અથવા બીજી સીકયુરીટીઓ અનામત મુકેલી હોય તેમાં તેનું હીત વેચવા લાયક છે (કરૂપાન વી સુબ્રમાંન્ય (૧૮૮૬) ૯ મ. ૨૦૩).

ભાગીદારી.—એક ભાગીદારીના દાવામાં હીસાબ લવાદને આપવામાં આવેલો હતો. તેમાં ઠરાવ્યુ છે કે લવાદનો ફેંસલો થતાં પહેલાં તે ફેંસલાની રૂઇનો દાવો તે જપ્ત કરી શકાય તેવી મીલકત નથી (તફ્ફુઝુલ હોસેન વી. રઘુનાથ (૧૮૭૧-૭૨) ૧૪ મુ. ઇ. બ. ૪૦). એક પંત્યાળાના ધંધામાંની મીલકતમાં હુકમનામાના દેણદારનો હીસ્સો હુકમનામાવાળા સાથે હતો. તે ધંધો બંધ કરી સમેટવાના હુકમનામાની રૂઇએ તે ધંધો કોર્ટના રીસીવર પાસે હતો. માટે તે હીસ્સો જપ્ત કરાવી શકાતો નથી (એબટ વી. એબટ અને કંપ (૧૮૭૦) ૫ બં. લા. રી. ૩૮૨. કરીમભાઇ વી. કોનશરવેટર ઓફ ફોરેસ્ટસ (૧૮૮૦) ૪ મુ. ૨૨૨); તેમ વહેંચણ કરયા વીનાની મીલકતમાંનો હીસ્સો જપ્ત કરાવી શકતો નથી (દવારકા મોહન વી. લખીમણી (૧૮૮૭) ૧૪ ક. ૩૮૪; મદ્રાસમાં તેમ નથી—પરવથીસામ. વી. બાપાના (૧૮૯૦) ૧૩ મ. ૪૪૭; વળી જુઓ બેનબ્રીજના કામમાં ૮ સી. ડી. ૨૧૮; તફ્ફુઝુલ હોસન વી. રઘુનાથ (૧૮૭૧-૨) ૧૪ મુ. ઇ. અ. ૪૦ પાંનુ ૫૧); પણ એક હુકમનામાના દેણદારને એક બીજા શખસ સાથે ભાગીદારી હતી તેમાં જપ્તી વખતે તે એકલાનોજ કબજામાં તે ભાગીદારી વાળો અમુક માલ હતો તે એક હુકમનામાવાળાએ જપ્ત કરાવેલો હતો. તેમાં ઠરાવ્યુ છે

કે તેવી જપ્ત ફકત હુકમનામાના દેણુદારના હીસ્સાનીજ થવી જોઇએ, અને નામનો કબજો લેઇને નહી પણ મનાઇ હુકમથી કરવી જોઇએ (થામાસીંગ વી. કાળીદાસરાય (૧૮૭૦) ૫ બં. લા. રી. ૩૮૬). પંત્યાળાના ધંધામાં એક ભાગીયાનો ભાગ તે વેચવા લાયક મીલકત છે (જગતચંદ્ર વી. ઇસ્વરચંદ્ર (૧૮૯૩) ૨૦ ક. ૬૯૩).

રીસીવર.—હાયકોર્ટના રીસીવરના કબજામાં મીલકત હોય તે જીલ્લા અંદર જપ્ત કરાવીને ઊપર કાંમ ચલાવી શકાતુ નથી (હેમચંદ્ર વી. પ્રાંણકીસ્તો (૧૮૭૬) ૧ ક ૪૦૩).

ભાડુઆતનુ હીત.—વાદીએ પોતાની જમીન ઊપર માટીનુ ઘર છાજના છાપરા વાળુ બાંધી ચાલીશ વર્ષ સુધી રહેવાની બ ને પરવાનગી આપી હતી. તેમાં ઠરાવ્યુ કે તે ઘર અને જમીનમાં બ નું વેચવા લાયક હીત છે (દુરગાપ્રસાદ મીસર વી. બ્રીંદાબનસુકલ (૧૮૭૧) ૪ બં. લા. રી. ૧૫૯; (૧૮૭૧) ૧૫ વી. રી. ૨૭૪). જો ભાડુઆતનો મીલકતમાં વંશપરંપરાનુ હીત હોયતો તે જપ્ત કરાવી શકાય છે (રામેસર વી. ગોલાંમીશાહુ (૧૮૭૫) ૨૪ વી. રી. ૩૦૯). રીવાજ અથવા શીરસ્તા મુજબ એક કબજાના હકવાળી જમીન દીવાની કાયદા પ્રમાણે હુકમનામાની બજાવણીમાં વેચાવી શકાતી નથી (દુરગાચરણ વી. કાળીપ્રસન (૧૮૯૮–૯) ૩ ક. વી. નો. ૫૮૬; (૧૮૯૯) ૨૬ ક. ૭૨૭; ત્રીરાંમ અલ્લી વી. ગોપીકાનાથ (૧૮૯૭) ૨૫ ક. ૩૫૫; (૧૮૯૬) ૧ ક. વી. નો. ૩૯૬).

વેચેલો માલ.—અ. એ બ. તરફથી અમુક પરશબંદી નાંખવાનો કરાર કરેલો હતો, તેથી રૂ ૧૦૦) ની કીમતના એડવાન્સ લેઇને તેણે તે જગોએ પથર ગાડામાં ભરી આંણ્યા તેથી ઠરાવ્યુ છે કે તે સામાન બ નો ખરીદ કરનાર તરીકે થએલો હતો માટે અના ઊપરના હુકમનામાની બજાવણીમાં તે જપ્ત કરાવી શકતો નથી (રેફરંસ (૧૮૭૦) ૨ અલ્હા. હા. કો. ૩૩૭).

હિંદુ કુટંબ—મીતાક્ષરાના નીયમ પ્રમાણેના એક હિંદુ કુટંબના અવીભકત અંગભુતનુ હીત જપ્ત કરવા લાયક છે; માટે ખરીદારે વહેંચણુ બાબત દાવો કરવો જોઇએ (જાવીદરસીંગ વી. રામલાલ (૧૮૭૯) ૪ ક. ૭૨૩; દીનદયાળ વી. જગદીપનારાયણ, લા રી. ૪ ઈં. અ. ૨૪૭; (૧૮૭૮) ક. ૧૯૮; ગાયનારાયણ નવનીતલાલ (૧૮૭૯) ૪ ક, ૮૦૯. આવી જપ્તીના હેતુ વીશે જુઓ માધોપ્રસાદ વી. મહેરબાન લા. રી. (૧૮૮૯–૯૦) ૧૭ ઇ. અ. ૧૯૪. પાંનુ ૧૯૬; (૧૮૯૧) ૧૮ ક. ૧૫૭). તેમાં અનીશ્વીત હક.–તમામ જવાબદારીયો પતાવી અને સંપુર્ણ વહીવટ થયા પછી બ. ની બાકી રહેલી સ્થાવર અને જંગમમીલકતમાં અ.નું ફકત હયાતી સુધીનુ હીત હતુ. તેમાં ઠરાવ્યુ છે કે બજાવણીમાં તેનુ હીત વેચાવી શકાતુ નથી (ટોકાઇશેરાબ વી. બેગલર (૧૮૪૯–૫૭)૬ મુ. ઇ. અ ૫૧૦).

પટે રાખનારનાં ઝાડ:—માલકીનો હક નીકળી ગએલા પટે રાખનારની વાબ્ય પ્રાંતમાં જમીનમાં ઝાડ ઊગેલાં તે વેચી શકાતાં નથી (જુગલ વી. દેવકી (૧૮૮૭) ૯ અ. ૮૮).

નાદાર દેવાદાર:—નાદાર દેવાદારના એકટની ક. ૭ પ્રમાણે એક "વેસ્ટીંગ ઓરડર" થયા પછી તે દેંણદારની પ્રથમની મીલકતમાં તેનુ કાંઇ વેચવા લાયક હીત નથી (દીનોબંધુ વી. શુશી મોહન (૧૮૮૨–૩) ૧૨ ક. લા. રી. ૬૦). હુકમનામાવાળાને વસુલ આપતા પહેલાં નાદારી ઠરાવરાવવામાં આવે તો ઓરીશીઅલ અસાઇની ઉપર જપ્તીના હુકમથી કાંઇ હક હુકમનામાવાળાને આપવામાં આવતો નથી (જીતમલ વી. રામચંદ (૧૯૦૫) ૭ મું. લા. રી. ૪૮૮).

મીલકત તબદીલ કરવાનો એકટ:—કઇ મીલકત બીજાને આપી શકાય છે તે વીશે જુઓ સનં ૧૮૮૨ ના એકટ ૪ ની ક. ૬. જમીન ચડારી આપવાના કરારનો વીશેષ રીતે અમલ કરાવવાના દાવાનો હક જપ્ત કરવા લાયક છે (રૂદ્રપ્રકાશ વી. કીશ્ન મોહન (૧૮૮૭) ૧૪ ક. ૨૪૧).

ધર્માદા ટ્રસ્ટ:—એક ધર્માદા ટ્રસ્ટનો વહીવટ કરવાનો હક (આમતચેસ વી. અચોલાથીલ (૧૮૮૨) ૫ મ. ૮૯), અથવા ધર્મ સબંધી કામ (કુપા ગુરૂકળ વી. દોરાસાંમી ગુરૂકળ (૧૮૮૩) ૬ મ. ૭૬); અથવા એક મંદીરમાં પુજા ચાલતી હોય તે વખતે કામ કરવાનો હક (દુરગા બીબી વી. ચંચળરામ (૧૮૮૨) ૪ અ. ૮૧; તેમાં રાજાવરમા વી. રવીવરમા (૧૮૭૭) લા. રી. ૪ ઇ. અ. ૭૬; જુઓ ખેતરચંદ્ર વી. હરીદાસ (૧૮૯૦) ૧૭ ક. ૫૫૭). વેચવા લાયક નથી; તેમ ટ્રસ્ટવાળી મીલકતનો કાંઇ ભાગ ટ્રસ્ટી પાસેથી લેઇ શકાતો નથી (ઓશનચંદ વી. નાદીર હુસન (૧૮૮૮) ૧૫ ક. ૩૨૯; (૧૮૮૭–૮) લા. રી. ૧૫ ઈ. અ. ૧ વળી જુઓ મહીપતસંગ વી. શેખ એતબારી (૧૮૭૩) ૧૯ વી. રી. ૨૨૬). આચાર્યનુ કામ પગાર સાથેનુ હોય છે જપ્ત કરાવેલું હોય તો તે ખાનગી વેચાણથી અથવા એકાદા હુકમનામાની બજાવણીમાં થતા લીલામથી બીજાને આપી સકાતુ નથી (માલીકદાસી વી. રતનમણી ચક્રવર્તી (૧૮૯૬) ૧ ક. વી. નો. ૪૯૩). હવે પછી એક હિંદુ દેવને ભેટ આપવામાં આવે તે અને તે લેવાનો હક વેચવા લાયક નથી (શાઇ લોજાનંદ વી. પીયારી ચર્ણદે (૧૯૦૨) ૨૯ ક. ૪૭૦; (૧૯૦૨) ૬ ક. વી. નો. ૭૨૮. જુઓ " જાતીકી ચાકરીનો કંઇ હક " જુઓ આગળ.)

કોર્ટના અભીપ્રાયમાં આવે તે ઢોર:—કોર્ટે જે જનાવરો જરૂરીયાતના ઠરાવેલાં હોય તેની બારી છે (બાબીર મહમદ વી. દુરગા ચરણ (૧૮૮૨–૮૩) ૧૩ ક. લા. રો. ૨૦૦; (૧૮૮૪) ૧૦ ક. ૩૯)

જરૂરીઆત પહેરવાની વસ્તુઓ—એકાદા ઝનાના અંદરની મીલકત જપ્તી કરવાને બારી આપવામાં આવે, તેવુ કાયદામાં કાંઇ નથી (દુરગા ચરણ વી. હરી મોહન (૧૮૬૯) ૧૭ વી. રી ૮૬) પણ એક સ્ત્રીના ધણી ઉપર થએલા હુકમનામાની બજાવણીમાં તે સ્ત્રીના સ્ત્રી ધન પૈકીના જે દાગીના તેણીની જાતે પહેરેલા હોય તે લેઇ શકાતા નથી. હિંદુશાસ્ત્ર પ્રમાણે અમુક પ્રસંગોએ ધણી તે લેઈ શકે છે, પણ તે તેનો જાતીકો હક છે (તુકારામ વી. ગનાજી (૧૮૭૧) ૮ મુ. હા. કો. અ. સી. જે ૧૨૯). સને ૧૮૮૨ના એકટ ૧૪ પ્રમાણે ગળે પેહેરવા જેવી સાધારણ જણસો એકાદી સ્ત્રીના કરજ બાબત જપ્ત કરી શકાતી નથી (અપાના વી. રાગામા (૧૮૮૫) ૯ મું. ૧૦૬) અને પેટા કલમ (અ)માં ધર્મ પ્રમાણે રીવાજ મુજબ જાતીકા દાગીના હોય તે સ્પષ્ટ રીતે બાતલ કરેલા છે.

ઘરનો સામાન.—એક ખેડુતના કબજામાં ખેડુતની સ્થીતીમાં એક મકાન હોય તેવો તેનો અર્થ થાય છે (બાઇ હાંસા વી. અબદલ્લા (૧૯૦૫) ૭ મુ. લા. રી. ૬૮૪) જે મીલકત ખાસ રીતે ગીરો આપેલી હોય તે જો કે એકાદા ખેડુતનો પોતાના અથવા પોતાના કબજાના ઘરનો સામાન હોય તો પણ તે વેચવાને આ ઠરાવથી મનાઇ કરેલી નથી (ભગવાન દાસ વી. હઠીભાઇ (૧૮૮૦) ૪ મું. ૨૫) એક સાધારણ પૈસા બાબતના હુકમનામા કરતાં ભાડાના હુકમનામાનો પ્રથમ હક છે, માટે જે ઘરના ભાડાનુ હુકમ હોય તે ઘર ઉપર તે જો બજાવવામાં આવે તો તે હુકમનામાનો પ્રથમ હક છે (માણેકલાલ વી. લખા ૧૮૮૦) ૪ મુ. ૪૨૯). જે ઘરમ એકાદો ખેડુત રેહેતો હોય અથવા તેના મર્ણ પછી તેના વારસ

વકીલ રેહેતા હોય તેને માફી લાગુ થાય છે અને વધારે લાગુ થતી નથી. (રાધાકીશન વી. બળવંત (૧૮૮૩) ૭ મુ; ૫૩૦), પણ ખરી રીતે ખેડુત સબંધીજ છે (જીવણ ભગા વી. હીરા (૧૮૮૮) ૧૨ મુ. ૩૬૩). અને આ મતલબની તકરાર બજાવણીમાં કરીને સાબેત કરવી જોઇએ (પાંડુરંગ બાલાજી વી. કીશાજી ગોવીંદ (૧૯૦૪) ૨૮ મું ૧૨૫). ભાગદારી એક્ટ (મુંબાઇના સને ૧૮૬૨ ના એક્ટ ૫) ના ઠરાવ પ્રમાણે એકાદા ભાગદારી ગામમાં એકાદા "ભાગ" ના ધરતું ઉપર છ જમીમાંથી માફી કરેલું છે (ભરૂચના કલેકટર વી. વેંણીલાલ કેશવભાઇ (૧૮૯૭) ૨૧ મુ. ૫૮૮. એની વાડીની ઉપજ—જુઓ કલમ ૬૧ આગળ).

નુકશાની બાબત દાવો કરવાનો હક—સામાન્ય રીતે ઠરાવવામાં આવેલું છે કે એકાદો દાવો કરવાનો અથવા અપીલ કરવાનો હક જપ્ત કરાવી વેચાવી શકાતો નથી (બીપ્રો પ્રતાપ વી. દેવનારાયણ (૧૮૬૫) ૩ વી. રી. પ્રા ૧૬; આરાટુન વી. પનાલાલ (૧૮૭૦) ૧૪ વી. રી. ૧૫૨; તફામુલહુસેન વી. રઘુનાથ (૧૮૭૧) ૭ બં. લા. રી. ૧૮૬; ૧૪ મું. ઇ. અ. ૪૦; સ્યામચંદ વી. લેન્ડ મોર્ટગેજ કંપની (૧૮૭૩–૪) ૧૨ ક. લા. રી. ૪૪૦; (૧૮૮૩) ૯ ક. ૬૯૫). પરંતુ જો એક હુકમનામુ કરેલું હોય તો તે હુકમનામાવાળાનું દેવુ વસુલ આપવાને જપ્ત કરાવી વેચાવી શકાય છે. (ગોપાળ મહમદ વી ઇંદ્રચંદ જોહરી (૧૮૭૧) ૧૫ વી. રી. ૩૪; ૭ બં. લા. રી. ૩૧૮). "નુકશાની" માં દરમીયાંન ઉપજ આવી જાય છે. (શાંનચંદ વી. લેન્ડ મોર્ટગેજ કંપની (૧૮૮૩) ૯ ક. ૬૯૭).

જમીન લેવા બાબત કંપેનસેશન—સાર્વજનીક કારણથી લીધેલી જમીન બાબત કંપેનસેશન તરીકે જે નાંણા કલેકટરના કબજામાં હોય તે એકાદા ગીરોના હુકમનામાની બજાવણીમાં જપ્ત કરી શકાતાં નથી. આવા કંપેનસેશન બાબતનો દાવો કલેકટરની રૂબરૂ કરવો જોઇએ. (બસામલ વી. તાજમલહુશન (૧૮૯૪) ૬ અલ્હાબાદ ૭૮).

લહેણું—લહેણું એક નકી નાણાંનું બંધન છે તેથી તે બાબત સામાન્ય રીતે કહેતાં દાવો ચાલે છે. (વેબસ્ટર વી. વેબસ્ટર (૧૮૬૧) ૩૧ બીવ, ૩૯૩) અને ઘણું કરીને ઇંગ્લાન્ડમાં જુડીકેચર એક્ટ થયો ત્યારથી નીયમ છે તે પ્રમાણે કાયદેશર લહેણું અને વ્યાજની હકનું લહેણું એ વચે આ દેશમાં કાંઇ તફાવત નથી (વેબ વી. સ્ટનટન (૧૮૮૨–૩) ૧૧ કયુ. બી. ડી. ૫૧૮). પરંતુ તે રકમ નકી કરેલી હોવી જોઇએ માટે તે હુકમનામાનું લહેણું થાય તે પ્રમાણે ફેંસલો આપેલો ના હોય તો નકી ફરમાવ્યા વીનાની નુકશાની તે ઠરાવ થયા પછી એક લહેણું થતુ નથી (રેંડાલ વી. લીથગો (૧૮૮૩–૮૪) ૧૨ કયુ. બી. ડી. ૫૨૫; જોન્શ વી. થોમશન (૧૮૫૮) લા. જે. રી. ૨૩૪ અને "નુકશાની બાબત દાવો કરવાના હક" ના મથાળા નીચેના ઠરાવો ઉપર જુઓ.

બે જાતનાં લહેણાં હોય છે એટલે એક હાલ વસુલ કરવા લાયક અને બીજી હવે પછી વસુલ કરવા લાયક છે. ઇંગલાંન્ડમાં તેને "દેવું છે અને દેવું થાય છે" એવું કહેવામાં આવે છે (ટપ વી. હેન્સ (૧૮૭૪–૫)લા રી. ૧૩ કયુ.બી. ૫૯૧) સને ૧૮૫૯નો એક્ટ ૮ મો કરતાં પહેલાંથી આ વીભાગ જાણવામાં હતા અને ઘણું કરીને તે કાયદામાં માલુમ પડેછે, તફઝુલહુશેન વી. રઘુનાથ (૧૮૭૧) ૭ બં. લા. રી. ૧૮૬) ના કામમાં પ્રીવીકૌંસીલના નામદાર સાહેબોએ સને ૧૮૫૯ ના એક્ટ ૮ મા પહેલાં જે કાયદો હતો તે બાબત કહેલું છે કેઃ—"ખુલ્લું જણાય છે કે ફકત આશાવાળી બાબત અથવા ફકત દાવો કરવાનો હક જપ્ત કરી શકાતો નથી; જપ્તાનો અમલ જપ્તી વખતેજ થવો જોઇએ, અને મીલકતની હવે પછીની જે સ્થીતીમાં પરીણામે દાવો થાય તેવી ધાગ્ણા થવી ના જોઇએ. માટે **અ** ની જમીન **બ** ના કબજામાં

એવી શરત સાથે હોય કે ब પોતાની મરજીમાં આવે તો, નક્કી કરેલી કીમત અથવા રકમ માટે તે લેતો તે જમીન જપ્ત થાય છે અને કીમત જપ્ત થતી નથી. એકાદ લહેણુ જો કે હવે પછીની તારીખે વસુલ કરવા લાયક હોય તે જપ્ત કરી શકાય છે પણ જે પગાર, મુસારો અથવા નાણાં સબંધી દાવો લહેણો થવાનો હોય તે જપ્ત કરી શકાતાં નથી." એકાદુ લેહેણુ કબુલ કરેલું હોય પણ તેની જામીની બાબત જે હવાલો આપેલો હોય તે રજીસ્ટર કરાવવામાં નહી આવવાથી તે વસુલ કરવા લાયક ના હોય તો તે આ કલમના હેતુ પ્રમાણે છે. એકાદુ લહેણુ થએલું હોય પણ તે લેવા જોગ થયેલું ના હોય તે સબંધી મનાઇ હુકમ નીકળી શકે છે (માહારાણી દંબાર વી. રાયશાંમ (૧૯૦૫) ૯ ક. વી. નો. ૭૦૩). સરકારી પગાર હાલ જુદા આધાર ઉપર છે, પરંતુ બીજી બાબતોમાં કાયદાનુ આવર્ણન તે ઇંગલાન્ડના કાયદાને મળતુ છે. ત્યાંહાં જે પગાર લહેણો હજુ થયેલો ના હોય અથવા મુસારો, ભાડુ અથવા વર્ષાશન લહેણુ થએલુ ના હોય તે લહેણુ નથી (હાલ વી. પ્રીચેટ (૧૮૭૮) ૩ કયુ. બી. ડી. ૨૧૫; કેબ વી. સ્ટોનટન સદરહુ). જો તેમ ના હોય તો જો તે રકમ દેવી હોય (મીચેલ વી. લી (૧૮૬૬–૭) લા. રી. ૨ કયુ. બી. ૨૫૯) એકાદા સખસને દેવુ હોય તે આપવાને ના કહી શકતો ના હોય તો તે એક લહેણુ છે (બુથ વી. ટ્રેલ. (૧૮૮૩–૪) ૧૨ કયુ. બી. ડી. ૮ પા. ૧૦)

એકાદી વસ્તુનો આશરો અથવા કીમત કરવા લાયક ના હોય તે જેમકે રામનાથના તમામ દાવા તેના તમામ દેંણદારો ઉપરના તે જપ્ત કરી શકાતા નથી (નફઝુલહુસન વી. રઘનાથ (૧૮૭૧) ૭ બં. લા. રી. ૧૮૬). માટે अ એ કીમતની અવેજ લેઇને ब. સાથે કરાર કરેલો કે તેના ઉપર હુકમનામું છે તે હુ વસુલ આપીશ અને તે કરારનો અમલ કરવાને બદલે તેણે તે હુકમનામું ખરીદ કર્યું અને બજાવીને ब. ની મીલકત જપ્ત કરાવી, તેમાં ઠરાવ્યુ છે કે ब. નો હક ખરીદ કરનારનો તે કરારની રૂહએ તે કરારનો દયા બાબત દાદ મળવાનો હક નથી (મહમદદાદી વી. શીવ શેવક (૧૮૭૩–૪) ૬ અ. હા કો. ૯૫)

જે દાવા વીશે બ્રીટીશઇંડીયાની કોઈ કોર્ટની હકુમત ના હોય તે આ કલમ પ્રમાણે જપ્ત કરવા લાયક લહેણુ નથી (ધનશાંમલાલ વી. ભણશાલી (૧૮૮૧) ૫ મું. ૨૪૯)

એક રેલ્વે કંપનીએ अ ને ગ્રેચ્યુઇટી આપવાને મંજુરી આપેલી હતી; તે નાંણા પે માસ્તરની પાસે હતાં; તેમાં ઠરાવ્યું છે કે તે જપ્ત થઇ શકતાં નથી કારણકે તે બક્ષીસ સંપુર્ણ થયેલું નહતુ. અને તેથી કાંઇ લેહણું થયેલું નહોતું. (જાનકીદાસ ઇ. આઇ. રેલવે કંપની (૧૮૮૪) ૬ અ. ૬૩૪)

હુકમનામાનો લેણદાર જપ્તી કરાવતો હોય તો તેથી એક એસાનની નથી માટે દેણદારના સામા જે કાંઈ વ્યાજમી તે પોતે જવાબદાર છે. (મેરજી વી. રામજી (૧૮૭૧) ૮ મું. હા. કો. ૧૬૯).

એકાદી સરકારી પ્રોમીસરી નોટ ઉપર ચઢેલું વ્યાજ બાકી હોય પણ તે દસ્તાવેજના ઠરાવ પ્રમાણે કોરો શેરો કરીને તે લાવનારને આપવા જોગ છે એવું લખેલું હોય તેથી તે જપ્ત કરવા લાયક લેણું છે કે નહિ એ વિષે સદેહ નથી બેલાક વી. બેટ ૧ ટે અને બેલ ૩૧૩). એકાદા એજંટને અથવા ખરીદ કરનારને તેના મુખ્યનું અથવા વેચાણ આપનારનું કાંઇ પૈસા બાબતનું દેવું હોય તો તે મુખ્ય અથવા વેચાણ આપનાર ઉપરના હુકમનામાની બજાવણીમાં તે મુખ્યનું અથવા વેચાણ આપનારનું પોતાના એજંટ અથવા ખરીદ કરનાર પાસે જે કાંઇ લેણું હોય તે જપ્ત કરી વેચાવી શકાય છે. અને તે જપ્ત કરી વેચાણ

કરતા પેહલાં મુખ્યનું કેટલી રકમનું લેણું છે તે નક્કી કરવાની જરૂર નથી (માધોદાસ વી. રામજીપાટક (૧૮૯૪) ૧૬ અ. ૨૮૬) પરંતુ સ્થાવર મીલકત વેચાણ આપનારનો હક અથવા હિત વેચાણની કીંમતમાં હોય છે પણ તેમાં એવો કરાર કરેલો હોય છે કે વેચાણ ખત લખી આપવામાં આવશે એટલે કીમત આપવામાં આવશે તો જ્યાં સુધી તે લખી આપવામાં આવેલું ના હોય ત્યાં સુધી તે હક અથવા હિત લેણું થતું નથી પણ હક અથવા હિત માત્ર બની શકે તેવું થાય છે તેથી તે જપ્ત કરવા લાયક નથી (અમાદુદીન વી. માજીલીસરાય (૧૮૮૦-૧) ૩ અ. ૧૨).

સફીલદારીના હકની કીંમત.—એક અગ્રક્રીયા ધીકાર બાબતના એક હુકમનામાવાળાએ વિષેની કીંમત કોર્ટમાં ભરેલી હતી. તેથી તે ભરેલાં નાણા જપ્ત કરવાને હુકમનામાવાળાના દેણદારે દરખાસ્ત કરેલી હતી તેથી તે કોર્ટે તેનો એક ભાગ પાછો ખેંચી લેવાને પરવાનગી આપેલી હતી. અગ્રક્રીયા અધીકારનું હુકમનામું અમલમાં બહાલ રહ્યું તેથી તે અગ્રક્રીયાધીકારવાળાએ તે મીલકતનો કબજો લેવાને દરખાસ્ત કરી; તેમાં ઠરાવ્યું છે કે તે હુકમનામાવાળાનો કબજો લેવાનો હક છે અને તે અગ્રક્રીયા અધીકારના હુકમનામાની રૂઇએ જે સખસને તે કીંમતનો કાંઇ ભાગ લેવાને હક હૈય તે સખસ શીવાય કોઇ બીજા કોઇને આપવાને મુખત્યાર નથી (આબદાસ સાલમ વી. વીલાયતઅલી (૧૮૯૭) ૧૯ અ. ૨૫૬).

જાતે ચાકરી કરવાનો હક.—મર્થ મહાઅમાત્રી અથવા કારકીયા વખતે કામ કરવાનો હક જપ્ત કરાવી શકાતો નથી કારણ કે તે વસ્તુ સ્પર્શ થાય નહિ તેવી છે અને અવિભાજ્ય છે અને બીજાને આપવા લાયક નથી (ઝેમન વી. દીનોનાથ (૧૮૭૧) ૧૬ વી. રી. ૧૭૧). તેમ અપાધીકપના વૃતી નાસીકમાં ગોદાવરીની છે તે પણ જપ્ત કરી શકાતી નથી (ગણેશરામચંદ્ર વી. શંકર (૧૮૮૬) ૧૦ મું. ૩૯૫; ગોવીંદ લક્ષ્મણ વી. રામકૃષ્ણ (૧૮૮૮) ૧૨ મું. ૩૬૬). એકાદી વૃતી તે જાતે ચાકરી કરવાનો હક છે માટે એકાદા હુકમનામાની બજાવણીમાં તે વેચી શકાતો નથી પછી જો કે ખાનગી રાહે તે બીજાને આપવાને બીલકુલ મનાઇ છે તેમ નથી તેની ચીંતા નથી. (રાજારામ વી. ગણેશ (૧૮૯૯) ૨૩ મું. ૧૩૧). પરંતુ એક દીવાની કોર્ટના હુકમનામામાં સ્પષ્ટ ઠરાવેલું હોય કે એકાદા સખસનો હક વેચવામાં આવશે તો એકાદી વૃતી વેચી શકાય છે (સદાશીવ વી- જયન્તી (૧૮૮૪) ૮ મુ. ૧૮૫). તેવીજ રીતે એકાદા હિંદુદેવના શીબેતનો ચાકરી કરવાનો તથા મહેનતાણું લેવાનો હક જપ્તીને પાત્ર નથી (દુખોમીસર વી શ્રીનીવાસમીસર ૧૮૭૦) ૫ બં. લા. રી ૬૧૭; કાળીચરણ વી. બંગશીમોહન (૧૮૭૧) ૧૫ વી રી. ૩૯૯; ૬ બં. લા. રી. ૭૨૭; જગરનાથરાય વી. કીશનપ્રસાદ (૧૮૬૭) ૭ વી રી. ૨૬૬; મંછારામ વી. પ્રાણશંકર (૧૮૮૨) ૬ મું. ૩૦૦; નરસીંહ વી. અનંત (૧૮૮૨) ૪ મ. ૩૯૧; કપા વી. દોરીમાંમી (૧૮૮૨) ૬ મ. ૭૬; ખેતરચંદ્ર વી. હરીદાસ (૧૮૯૦) ૧૭ ક. ૫૫૭ ના કામના ઠરાવનો મુકાબલો કરો; અને જો તે વેચવામાં આવેતો ત્યાર પછી જે શીબેત થાય તેના વીરૂદ્ધ ખરીદદારને કાંઇ હિત મળતું નથી (ત્રીંબક વી. નારાયણ (૧૮૮૩) ૭ મું ૧૮૮; પરંતુ સ્થાવર મીલકતની ઉપજથી તેને વસુલ આપવામાં આવેલું હોય અને તે દેવની પુજા બાબત બંદોબસ્ત કરતાં કાંઈ વધારો હોયતો તે હક જપ્ત કરી શકાય છે (આસુતોષદત્ત વી. દુર્ગાચરણ ચેતરજી (૧૮૭૮-૯ લા. રી. ૬ ઇ. અ. ૧૮૨; લાટલી કર વી. વામસે (૧૮૮૨) ૬ મું. ૫૯૬); પણ જે દાવામાં તમામ હિત રાખનારા સખસો પક્ષકારો હોય તે દાવામાં તે હીત કેટલું છે તેનો નીર્ણય થયેલો હોવો જોઇએ (બીશનચંદ વી. નાદીર હુસેન (૧૮૮૭-૮) લા. રી. ૧૫ ઇ. અ ૧; ૧૫ ક.

૩૨૯); પરંતુ દેખીતી રીતે તે ખરીદદારને તે જમીનમાં પેસવાનો હક થતો નથી (શીખચંદ દાસ વી. બેનરજી ૧ બોલનોઈસ ૭૩; જગત સુંદરીડાસી વી. એસોક; ૧ બુલનોઈસ ૨૭૯).

ઘાટવાળી જમીનનો હક.—એક ઘાટવાળના બાપના દેવા બાબત તે ઘાટવાળના કબજા જે ઘાટવાળી જમીનનો હોય તે જવાબદાર નથી. જુઓ " ચાકરીયાત જમીનનો હક " આગળ એકાદા ઘાટવાળની હવે પછીની સાંથ અને ઉપજ જે લેણી થાય તે તેના ઉપરના હુકમનામાની બજાવણીમાં જપ્ત કરી શકાતુ નથી (ઉદેકુમારી વી. હરીરામ (૧૯૦૧) ૨૮ ક. ૪૮૩).

પગાર વીગરે.—આ ઠરાવમાં રાજપ્રકરણી પ્રકારના જે પેનશનો સરકાર પરભાર્યા આપેછે તેનો સમાસ થાય છે (બીરાંબરનાથ વી. મમાદઅલ્લી (૧૮૮૯–૯૦) લા. રી. ૧૭ ઇ. અ. ૧૮૧; (૧૮૯૧) ૧૮ ક. ૨૧૬; મથુસામીનૈડુ વી. રાજકુમાર અલાજીઆ માનાવાલા (૧૯૦૩) ૨૬ મ. ૪૨૩). સરકારના લશ્કરી અને સીવીલ પેન્શનરોને જે પગાર આપવામાં આવે છે તથા મૈસુરના કુટંબના અંગભુતોને જે પોલીટીકલ પેન્શન સરકાર આપે છે તે જપ્ત કરી શકાતો નથી (મહમદ વી. મહમદ (૧૮૬૭) ૭ વી. રી. ૧૨૯; તેમ આઝીમુદૌલા કર્નાટકની નવાબના વંશજોને જે પેન્શન આપવામાં આવે છે તે જપ્ત કરી શકાતો નથી (મહમદ અબદલ વી. કમાંડર રામાસાંમી (૧૮૬૮–૯) ૪ મ. હા. કો. ૨૭૭).તેમાં એકાદા મરનાર જમીનદારની ચોમીયા પેન્શનની ચઢેલી બાકી લેણી થયેલી હોય તે જપ્ત કરવા લાયક નથી. (રેફરન્સ (૧૮૬૯–૭૦) ૫ મ. હા. કો ૩૭૧); તેમને વળી ઠરાવામાં આવેલુછે કે મુંબાઇના સને ૧૮૪૩ ના એકટ ૧૧ પ્રમાણે જે એલાવન્સ મુકરર કરેલું હોય તે કલેકટરના અથવા બીજા આપનાર અમલદારના કબજામાં જપ્ત કરી શકાતું નથી પણ તે વંશપરંપરાના અમલદારને પોતાને આપવામાં આવે એટલે તે કાંઇપણ ખાસ રક્ષણમાંથી બાતલ થાય છે (ગણુપતલાલ વી. સંપતરાંમ (૧૮૭૩) ૧૮ મું. હા. કો. ૪૦૦).

સરકારી પેન્સન—એકાદા સખસનો ફક્ત ગ્રેચ્યુઇટી લેવાનો હક હોય તો તેનો આ માફીમાં સમાસ થાય છે (બાવનદાસ વી. મુળચંદ (૧૮૮૪) ૬ અ. ૧૭૩) તે પેન્શન સાથે કાંઇ વધારે મહેરબાની દાખલ આપવામાં આવે તે જપ્ત કરવા લાયક નથી (મહમદ ખાસીમ વી કાલીઅર (૧૮૬૨) ૫ મ. ૨૭૨).

એકાદો પેન્શનર મર્ણ પામે તેથી તેના મરતી વખતે આપ્યા વગરના પેન્શનની જે બાકી હોય તે જપ્તીને પાત્ર નથી (વાલીયા થાંમરાતી વી. અનુજાની કનુની (૧૯૦૩) ૨૬મ. ૬૯) માફી જમીન અઘટતી રીતે પાછી લેવાથી તે ઇનામીદારને જે કાંઇ નુકશાન થયેલું તે બાબત દરવરસે સરકાર કંપેનસેશન તરીકે જે રકમ આપતા હોય તે પેન્શન નથી માટે તે જપ્ત કરી શકાય છે (જીબનક્રીષ્ણ વી. શ્રીપતીચરણદે (૧૯૦૩–૪) ૮ ક. વી. નોટ૬૬૫ વળી જુઓ પેન્શન એકટ ૭૧) ના એકટ ૨૩ ની કલમ ૧૧) એક જમીનદારી આપેલી હોય પણ તે સરકાર મહેસુલની માફી સાથે આપેલી ના હોય તો તે પેન્સન નથી અને તે આ કલમથી બાજાને આપવાને મનાઇ કરેલી નથી (લછમીનારાયણ વી. મકુદસીંગ (૧૯૦૪) ૨૬ અ. ૬૧૭) એકાદો તોડાગ્રાસ હક સને ૧૮૭૧ ના પેન્શન એકટની કલમ ૨ પ્રમાણે જમીનાંથી માફી કરેલો નથી ભૈરવચંદ્ર વી. સેક્રેટરી ઓફ સ્ટેટ વી. ખેમચંદ (૧૮૮૦) ૪ મું. ૪૮૦)

ખાનગી પેન્સનો—તે લેણા તરીકે જપ્ત કરી શકાય છે; પરંતુ જે રકમો જપ્તી કરેલી હોય તે અધુરી હોવી ન જોઇએ પણ ચઢેલી અને નકી થયેલી હોવી જોઇએ તફઝલહુસેન વી. રઘનાથ, બં. લા. રી. ૧૮૬) ૧૪ મુંર. ઇ. અ. ૪૦; ભૈરવચંદ્ર વી. મા-

ધવચંદ્ર ૬ ક. લા. રી. ૧૯) જ્યારે એકાદા સખસે હાલના આપવાના અને થોડાક વેચનારને વારશીક રકમ આપવાના અવેજમાં કોર્ટ ઓફ્વોર્ડસને મીલકત સોંપેલી હોય તો તે વેચનારના ઉપરના હુકમનામાની બજાવણીમાં તે વારશીક રકમ જપ્ત કરવા લાયક છે (હરશંકર વી. બૈજનાથદાસ (૧૯૦૧) ૨૩ અ. ૧૬૪)

સરકારી નોકરનો અથવા રેલ્વેના નોકરનો પગાર—તે પહેલેથી કરી શકાયછે (ભૈરવચંદ વી માધવચંદ્ર (૧૮૮૦)૬ ક. લા. રી. ૧૯) અને તે ખરા પગારના નીચે ભાગ જેટલે કરી શકાય છે. (બીયર્ડ વી. ઇગરટન (૧૮૮૩) ૬ મ. ૧૭૯) કરેલી નોકરી બાબત એક ટેલીગ્રાફ અમલદારનો પગાર લેણો થયેલો હોય તો તે એક લેણું છે તે જપ્ત કરાવી શકાય છે (હુસન બામજી વી. હીકરન (૧૮૭૨) ૧૮ વી. રી. ૧૨૪) એકાદા ખાનગી નોકરનો ગુસારો લેણો થાય અને તેથી લેણું થાય તે પહેલાં તે તમામ અથવા થોડો જપ્ત કરી શકાતો નથી આયાવાયર વી. વીરાસ્વામી (૧૮૯૮) ૨૧ મ. ૩૯૩) આ એકટના ખાસ ઠરાવ શીવાય ફક્ત કરેલી નોકરી બાબતજ નહિં પણ હવે પછીની નોકરીના બદલામાં સરકારે પોતાના નોકરોને કાંઇ નાંણા આપેલા હોય તો તે જપ્ત કરાવી શકાતાં નથી (માટે સરકારી અમલદારનો પગાર જપ્ત કરવા લાયક નથી (રાજબલ્લભ સીલ વી. મેકેન્ઝી (૧૮૪૫) ફૂલટન ૮૨) તેમ નીમે પગાર પણ જપ્તી કરી શકાતો નથી કારણકે તે નાણાં કેટલેક દરજ્જે હવે પછીની નોકરી બાબત લેવામાં આવે છે; પરંતુ કરેલી નોકરી સબંધીમાં ફક્ત જે નાંણા ખરી રીતે લેણાં થયેલાં હોય જેમકે એક પેન્સન લેણું થયેલું હોય તો તે જપ્તીને પાત્ર છે (ડેન્ટ વી. ડેન્ટ ૧૮૬૫) લા. રી. ૧ પી. એ. ૩૬૬ પેન્શન મળવાને સારૂ હુકમના નમુના બાબત જુઓ પીલકોક વી. ટેરલ (૧૮૭૮) લા. રી. ૩ એકસ ડી. ૩૨૩)

એકાદો ખોટ તે સરકારી અમલદાર નથી તેમ જમીન ઉપર આકાર તે વસુલ કરે તે ઉપર દર સેંકડે જે ટકા તેને મળે છે તે પગાર નથી (રાવજી વી. સયાજીરાવ (૧૮૮૯) ૧૩ મું. ૬૭૩) રેલ્વેના નોકર નાદાર થવાને પોતાની અરજી દાખલ કરેલી હોય તો તે પછી તેના પગાર ઉપરની જપ્તી બંધ પડે છે. અને વેરન્ટીંગ ઓર્ડર કર્યાની નોટીસ આપવામાં આવે એટલે તે પાછી ખેંચી લેવી જોઇએ. (ડોનોગના કામમાં (૧૮૯૫) ૧૯ મું. ૨૩૨) પગાર, પેન્શન વીગેરે આ કલમની પેટા રકમ(ગ)માં માફી ઠરાવેલી છે તે ખોરાકી પોશાકી બાબતના જે હુકમનામા હાલ માફી પેન્શન અને એલાવન્સના નીમે ભાગ જેટલાં બજાવી શકે છે તે હુકમનામાને લાગુ થતી નથી.

હિંદુસ્થાનના આર્ટીકલ્સ ઓફ્વોર.—હીંદુસ્થાનના આર્ટીકલ્સ ઓફ વોર (સને ૧૮૬૯ ના એકટ ૫) સને ૧૮૯૪ ના એકટ ૧૨ થી દુરસ્ત થયેલો છે તે ફક્ત સોલજર ને તથા ફક્ત દેશી ફોજના બીજા પાછળ રેહનારા નોકરોને લાગુ થાય છે. આ આર્ટીકલ ઓફ્વોરની કલમ ૧૮૨–અને ૧૮૩ તેમજ આ કલમનો વીશેશ ઠરાવથી તે પ્રમાણે ચાલનારા સખસોનો પગાર અને એલાવન્સ તેમ હિંદુસ્થાનમાં જરૂરના કામ સારૂ તૈયાર રાખેલા સખસો જ્યારે ખરી નોકરી ઉપર હોય ત્યારે તેઓનો પગાર અને એલાવન્સ જપ્તીમાંથી તદન માફી કરેલો છે.

લશ્કરી અમલદારો—આર્મી એકટ (૪૪ અને ૪૫ વીક. બાબ ૫૮) ની કલમ ૧૩૬ અને ૧૪૪ થી સોલજરના પગારનો આગળ જપ્તીમાંથી બચાવ થતો હતો. પરંતુ કલમ ૧૩૬ સને ૧૮૯૫ ના આર્મી મેન્યુઅલ એકટથી દુરસ્ત કરેલી છે તેમાં હાલ ઠરાવેલું છે કે નામદાર શેહનશાહના રેગ્યુલર લશ્કરના એકાદા અમલદાર તથા સોલજરનો પગાર આ એકટથી અથવા કોઈ એકટથી અથવા જે વખતે જે રોયલ વારંટ ચાલુ હોય

અથવા ગવરનર જનરલ ઇનકાંઉસીલે કોઇ કાયદો મંજુર કરેલો હોય તે કાયદાથી જે કાપી લેવાનો અખત્યાર આપેલો હોય તે શીવાય બીજુ કાંઇ કાપી લીધા વીના આપવો જોઇએ આ સુધારો કરવાથી કલમ ૬૦ (૧) પ્રમાણે લશ્કરી અમલદારના પગારનો નામે ભાગ જપ્તીને પાત્ર કર્યાનો અસર થાય છે (વોટસન વી. લોઇડ (૧૯૦૧) ૨૫ મ. ૪૦૨) પરંતુ એકાદા સોલજરને આ ઉપરથી કાંઇ હરકત થતી નથી કારણ કે તે સરકારી અમલદાર નથી. જુઓ આર્મી એકટની કલમ ૧૪૪ નો વીશેષ ઠરાવ તેમાં ઠરાવ્યું છે કે (કલકતા ટ્રેઇડસ એસોસીએશન વી. રાયલેંડ (૧૮૯૭) ૨૪ ક. ૧૦૧; ૧ ક. વી. નોટ ૧૩૮) હીંદુસ્થાનનાસ્ટાફખાતાનો એકાદો અમલદાર તે એક સરકારી અમલદાર છે માટે તેના ઉપરના હુકમનામાની બજાવણીમાં તેનો પગાર કરવા લાયક છે પરંતુ હીંદુસ્થાન સરકાર તરફથી તેને જેટલો પગાર મળતો હોય તેટલા પગાર સબંધીજ તે જપ્તીનો અમલ કરવો જોઇએ. આ બાબત બરોબર છે. પરંતુ વધારે એવું ઠરાવેલું છે કે રેગ્યુલર લશ્કરના એકાદા અમલદારનો પગાર જપ્તીને પાત્ર નથીસદરહુ બતાવેલા કારણોથી આ બરોબર નથી વળી જુઓ ઓર્ડર૨૭,રૂલ ૮

મજુરો.—મજુરો પોતાની હમેશની રોટલી જાતે હાથ મેહનત કરી કમાય છે અથવા જેમાં થોડીક અથવા બીલકુલ નહિ તેવી યુકતી, અક્કલ અથવા પ્રથમની કેળવણી જોઇએ તેવા ધંધો કરી કમાય છે (જેચંદ ખુશાલ વી. અબા (૧૮૭૧) ૫ મું. ૧૩૨ જુઓ ૩૩ અને ૩૪ વીક બાબ ૩૦ (મુસારાની જપ્તી કહાડી નાખ્યા બાબતનો એકટ, ૧૮૭૦)

ઘરનો નોકર.—જુઓ ધનો સરંગ વી. ઉપેન્દ્ર મોહન (૧૮૭૧) ૮ બં. લા. રી.૨૪૪)

વારસાની આશા હોય તે.—આ ઠરાવમાં એક હિંદુભાઇનોફકત હયાતી સુધીનું હીત હોય અને તે મર્ણ પામે ત્યાર પછી જે વારસ થવાનો હોય તેના હકનો (રામચંદ્ર વી. ધર્મો નારાયણ (૧૮૭૧); ૧૫ વી. રી. (એફ. બી); ૧૭ બં. લા. રી. ૩૪૧ ક. કોરાજ કુવર વી. કોમળ કુંવર (૧૮૮૭) ૬ વી. રી. ૩૪); અથવા તેના બાપના મર્ણ પછી જે વારસ થવાનો હોય તેના હકનો (ગોર શરણ વી. રામ શરણ (૧૮૬૭) ૮ વી. રી ૨૫૩), અને વસીયત કરનારની મીલકતનો સંપુર્ણ હક થયા પછી બાકીની મીલકતમાં એકાદા હુકમનામાના દેણદારનું હયાતી સુધીનું જે હીત હોય તેનો (ટુકાઇ શેરબ વી. બેગલર (૧૮૪૯-૫૦) ૬ મુ ર. ઇ. અ. ૫૨૦; (૧૮૬૫) ૪ વી. રી. પી. ઇ. ૮૭), સમાસ થાય છે. પરંતુ જે મુસલમાનો એકાદા સેટલમેંટના દસ્તાવેજથી એક ઘણી તકરારી જમીન પોતાની ઓરતને એવી સરતથી આપે કે જો તેનાથી તેણીને છોકરૂં થાય તો તે બક્ષીસ મકરરી તરીકે તે લે અને જો ન થાય તો હયાતી સુધી મકરરી તરીકે તેણીને મળે બાકીનું રહે તે દીકરાઓને મળે તેનો સમાસ થતો નથી (ઉમેશચંદ્ર વી. ઝાહુર ફાતીમા (૧૮૮૯-૯૦) લા. રી. ૧૭ ઇ. અ. ૨૦૧). અથવા મીતાક્ષરાના નીયમ પ્રમાણે એકાદા દીકરાનો જન્મ થાય ત્યારથી પોતાના બાપ સાથે મજીઆરો હક થાય છે તેનો હક સમાસ થતો નથી. (તફઝલ હુસેન વી. રઘનાથ (૧૮૭૧) ૭ બં. લા. રી. ૧૮૬ પા. ૧૯૬). અથવા તે નીયમ પ્રમાણે દીકરાના દીકરાના હકનો સમાસ થતો નથી (જુગલ કીશોર વી. શીવશાહિ (૧૮૮૩) ૫ અ. ૪૩૦. આવી જપ્તીને રૂઇએ થયેલા એક લીલામમાંથી એકાદા ખરીદ કરનારના હક વિષે, મજીઆરા કુટુંબના એકાદા હિંદુ અંગભુતની બાબતમાં જુઓ દીનદયાળ વી. જગદીપ નારાયણ (૧૮૭૭) લા. રી. ૪ ઇ. અ. ૨૮૭; ૩ ક, ૧૯૮; જુઓ આનંદબાઈ વી. રાજારામ (૧૮૯૮) ૨૨ મું. ૯૮૪). મદ્રાસમાં એકાદા હિંદુ કુટુંબની મજીઆરી મીલકતમાં એકાદા અવિભકત અંગભુતનું હીત તેના જાતીકા દેવા બાબત જપ્ત કરવામાં આવે

છે. અને તે જપ્તીની દરમીયાનમાં જો તે ગુજરી જાય તો હુકમનામાના લેણદારના ફાયદામાં એક બળવાન જવાબદારી ઉત્પન થાય છે તેથી પાછળ હયાત રહયાના હકથી બીજા સહી-સ્સેદારોને ઉત્પન થતો હક અટકે છે (બેલાકીષ્ણુ વી. લક્ષ્મણ (૧૮૮૨) ૪ મ. ૩૦૨). એકાદી હીંદુ વીધવાને તેણીની ખોરાકી પોશાકી બાબત એક જમીનનો કડકો જે સખસ બક્ષીસ આપે તેનો પાછળથી વારસ થવાનો હક હોય તેથી તે જમીન ઉપર તેનો હક થાય છે અને તેવા હક તરીકે તે વેચાવા લાયક છે (કાયવેન વી. સરૂપચંદ (૧૮૮૮) ૧૦ અ. ૪૬૨. હવે પછીના હીત બાબત જુઓ-હમાદુ દીનખાંન વી. મજબીબરાય (૧૮૮૦-૧) ૩ અ. ૧૨).

અગ્રક્રીયાધીકાર વાળો:—એકાદો જીતેલા અગ્રક્રીયાધીકારવાળાએ તે હકવાળી કીંમત આપેલી ના હોય તો રકમ (મ) થી તે અધીકારવાળાનું હીત જપ્તીમાંથી બચે છે (ગોરખસીંગ વી. સીબ ગોપાળ (૧૯૦૬) ૨૮ અ. ૩૮૩; (૧૯૦૬) અ વી. નોટ ૬૫).

હવે પછીની ખોરાકી પોશાકીનો હક:—જો કે હવે પછીની ખોરાકી પોશાકીનો માત્ર હક જપ્ત કરી શકાતો નથી (દલુત કુવર વી. સંગમસીંગ (૧૮૬૭) ૭ વી. રી. ૩૧૧; મોનેશ્વર વી. નંદીશન પ્રતાપ (૧૮૭૫) ૨૩ વી. રી. ૪૨૭; હરીદાસ વી. બરોડા કીશોર ૪ ક વી. નોટ ૮૭; ૨૭ ક. ૩૮) તો પણ ચઢેલી ખોરાકી પોશાકી જપ્ત કરી શકાય છે. (કાશીસુરી દેબીયા વી. ગ્રીષચંદ્ર (૧૮૬૬) ૬ વી. રી. ૪; અને અસુતોષદત વી. દુર્ગાચરણ (૧૮૭૮-૯) લા. રી. ૬ ઇ. અ. ૧૮૨ પા. ૧૮૩ ના ઠરાવમાં સરબાર્નસપીકોક સાહેબે જે વીચાર બતાવેલો છે તે જુઓ; હવમોબત્તી દેબીયા વી. કરૂણામોઇ (૧૮૬૭) ૮ વી. રી. ૪૧). અને એકાદી મીલકત ઉપર વારસીક રકમ આપવાની જવાબદારી હોય તે જે સખસે તે મીલકત પોતાના આપનાર પાસેથી વારસામાં લીધેલી હોય અને તેણે તે વારસીક રકમ આપવા જોગ કરી હોય તો તે સખસનુ લેણું થયેલું દેવું આપવામાં જપ્ત કરી શકાય છે. (મહાતબચંદ વી. ધનકુમારી (૧૮૭૨) ૧૭ વી. રી. ૨૫૪). તેગજ વળી તે આપનારની મીલકતમાંથી રીતીસર ખોરાકી પોશાકી એક દસ્તાવેજથી આપવાની હોય અને જો તે ન આપવામાં આવે તો કોર્ટમાં વસુલ કરવા લાયક હોય તો તેવું એલાવન્સ જપ્ત કરી શકાય તેવી મીલકત છે (ઇનાયત હુસેન વી. નજીબુન્નીસા (૧૮૬૯) ૧૧ વી. રી. ૧૩૮. પરંતુ જુઓ કુમારી દેબીયા વી. ગ્રીપચંદ્ર લાહુરી (માર્શ ૨૦૦) વળી જુઓ કોલામત વી. લખી (૧૮૮૪) ૧૮ ક. ૫૨૧). તેજ પ્રમાણે વીલથી વારશીક રકમ આપવાની હોય ને જપ્ત કરી શકાય છે (ગોપાળલાલ સીલ વી. માસેડન (૧૯૦૬) ૧૦ વી. નોટ ૧૧૦૨).

માલીકાના હક.—હમેશને માટે માલીકાના હક આપવા લાયક હોય તેની જપ્તી કાંઇ ખાસ રકમ લેણી થઈ હોય અથવા લેણી થવાનો સંભવ હોય તે સબંધી ફકત બરોબર છે (નીલકંઠ વી. હરોસુંદરી (૧૮૭૮) ૪ ક. ૪૧૪).

વેચવા લાયક નહિ તેવી મીલકત.—જો કે એકાદો જુદો દાવો કર્યા વિના મીલકત વેચવા લાયક ન હોય તો પણ તે મીલકત જપ્ત કરી શકાય છે (ચંદ્રનાથદે વી. બરોડા સુંદરી (૧૮૯૫) ૨૨ ક. ૮૧૩; ગવરીશંકર પાંડે વી. અભયશરીદેવી. (૧૮૯૬-૭) ૧ ક. વી. નોટ ૪૪).

પ્રથમની જપ્તી: પુરાવનો બોજો.—એક હુકમનામાના એસાઇનમેંટની તારીખે જો હુકમનામાના દેણદારની મીલકત તે હુકમનામાની બજાવણીમાં જપ્ત કરેલી હોય તો નવેસર જપ્તી કરવાને તે હુકમનામાના અસાઇનીને દરખાસ્ત કર્યાની જરૂર નથી. જ્યારે હુકમનામાવાળો અથવા) તેનો અસાઇની તે હુકમનામાની રૂઇએ પ્રથમ જપ્તી થયેલી મીલકત

તે મીલકત જપ્ત કરાવાને દરખાસ્ત કરે અને જો સવાલ ઉઠાવવામાં આવે તો બીજી દરખાસ્ત પેહલી જપ્તી હજુ કાયમ છે તે કારણથી જરૂરની નથી એવું બતાવાનો બોજો તે હુકમનામાવાળા અથવા તેના એસાઇનીને શીર છે. જો તે પુરાવ ન હોય તો કોર્ટ એવો અનુમાન કરી શકે છે કે બીજી જપ્તી કરવાને દરખાસ્ત કરતાં પેહલાં પ્રથમની જપ્તી બંધ પડેલી છે (સુલેમાન વી. અબ્દુલા (૧૮૮૪) ૧૬ અ. ૧૩૩).

૬૧. સ્થાનિક સરકાર ગવર્નર જનરલ ઈન કૌન્સિલની અગાઉથી મંજુરી લઈને તથા સ્થાનિક સરકારી ગેઝેટમાં સામાન્ય અથવા વિશેષ હુકમ પ્રસિદ્ધ કરીને એવું ઠરાવવાને મુખ્ત્યાર છે કે ખેતીવાડીની ઉપજનો જે ભાગ અથવા ખેતીવાડીની કોઇપણ વર્ગની ઉપજનો જે ભાગ જમીનનું યોગ્યરીતે વાવેતર કરવામાટે અને હુકમનામાના દેણદારના તથા તેના કુટુંબના ગુજરાનમાટે આવતી કાપણીસુધી બંદોબસ્ત કરવાસારૂ જરૂરનો હોય એમ સ્થાનિક સરકારને દેખાય તે ભાગ, સઘળા ખેડુતોની અથવા કોઈપણ વર્ગના ખેડુતોની બાબતમાં હુકમનામાની બજાવણીમાં જપ્ત કરવાને અથવા વેચાવાને પાત્ર થશે નહિ.

ખેતીવાડીનું ઉત્પન્ન જપ્તીમાંથી અંશતઃ બાતલ કરવા બાબત.

ટીકા—આ નવો ઠરાવ છે અને તે મારી જે ઉપજ સાનમાં લખી આપેલી હોય તે ઉપજને લાગુ કરવાનો ઇરાદો રાખેલો છે. (બીજી કમીટીનો રીપોર્ટ જુઓ)

૬૨. (૧) જંગમ મિલકત પકડવાનું ફરમાવ્યું હોય અથવા સત્તા આપી હોય તેવી આ કાયદા પ્રમાણે આપેલી કોઈ પ્રોસેસ બજાવનાર શખસે સૂર્યાસ્ત પછી સૂર્યોદય પેહેલાં કોઈપણ રહેવાના ઘરમાં પેસવું નહીં.

રેહેવાના ઘરમાંની મિલકત પકડવા બાબત.

(૨) કોઈપણ રહેવાના ઘરમાં હુકમનામાનો દેણદાર રહેતો હોય અને તે એવા ઘરમાં આવવાની ના કહે અથવા તેમાં પેસવાની કોઈપણ રીતે ના કહે તે શિવાયને પ્રસંગે એવા ઘરનો કોઇપણ બહારનો દરવાજો ફોડવો નહિ; પણ એવી કોઇપણ પ્રોસેસ બજાવનારો અમલદાર એવા રેહેવાના ઘરમાં યોગ્યરીતે દાખલ થયો હોય, ત્યારે જે ઓરડામાં તેવી મિલકત છે એમ માનવાનું તેને કારણ હોય તે ઓરડાનું બારણું ફોડવાને તે મુખત્યાર છે.

(૩) જ્યારે દેશરિવાજ પ્રમાણે લોકોમાં બહાર ન દેખાતી હોય એવી સ્ત્રી જો એવા ઘરના કોઈ ઓરડામાં ખરેખર રીતે હોય, ત્યારે પ્રોસેસ બજાવનાર શખશે તે સ્ત્રીને ખબર આપવી કે, તમને ત્યાંથી જવાની છુટ છે, અને તે સ્ત્રીને જવાને યોગ્ય વખત આપ્યા પછી તથા જતા રહેવાને બધી યોગ્ય સુગમતા આપ્યા પછી તે મિલકત પકડવાને વાસ્તે તે ઓરડામાં જવાને તે મુખત્યાર છે, પરંતુ તેણે તે મિલકત છાનોમાની ખસે નહીં એટલા માટે, આ ઠરાવોથી વિરૂદ્ધ ન હોય એવી બધી સાવચેતી રાખવી.

ટીકા.—સને ૧૮૮૨ ના એક્ટ ૧૪ ની ક. ૨૭૧.

આ કલમ હા. કો. અને પ્રોવીનશીઅલ સ્માલકાજ કોર્ટને લાગુ છે.

ગર્ભીત રીતે એવુ જણાય છે કે એકાદા હુકમનામાના દેણદારના પોતાના ઘરનુ આગલુ બારણુ તોડીને ખુલ્લુ કરવાનો અખત્યાર દાખલ કરયો છે, પરતુ એકાદા ત્રાહીત સખસના ઘરમાં દેણદાર માલુમ પડે તો આ નવો હક તેને લાગુ પડે એટલે બધે સુધી તેવો અખત્યાર આપ્યો નથી.

પ્રવેશ.—એક હુકમનામાનો લેણદાર જે મીલકત પોતાના હુકમનામાના દેણદારની ના હોય અને તે જપ્તી કરાવે તો તે પ્રવેશ કરે છે અને તે જપ્તીની તારીખે તે મીલકતની જે કીમત હોય તે પ્રમાણે તે બાબત તે નુકશાનનો તે જવાબદાર થાય છે (કીશોરી મોહન વી. હરસુખદાસ (લા. રી. (૧૮૯૦) ૧૭ ઈ અ. ૧૭; ૧૭ ક. ૪૩૬); પછી જો કે તેણે કાંઇ હેતુ વીના અને ભુલથી કરેલુ હોય તો પણ ચીંતા નથી (દામોદર વી. લલુ (૧૮૭૧) ૮ મુ. હા. કો. અ. સી. જે ૧૭૭; અને વના જગતનાથજી વી. હાતા દીપાજી (૧૮૭૪) ૧૧ મુ. હા. કો. ૪૬; અને કથાઇ પ્રશાદ વી. હીરાચદ (૧૮૭૦) ૫ બ. લા. રી. એમ. ૭૧; તે હુકમનામાવાળો તથા ખરીદ કરનાર બેઉ નુકશાંન ભરી આપવાને જવાબદાર છે, એવુ ઠરાવ્યુ છે). દરેક જે સખસ એક પ્રવેશ કરવાને ફરમાવે, હુકમ કરે અથવા તે કરાવે તો તે એક અપકૃત્ય કરનાર તરીકે અને પ્રવેશ કરનાર તરીકે જવાબદાર છે, અને એકાદી પદ્દતી પ્રમાણે કોર્ટના અખત્યારનો જે અમલદાર અમલ કરતો હોય તે અમલદાર વીરૂધ કાંઇ ઇલાજ બીલકુલ ચાલે નહી એવુ થાયતો તે હુકમનામાવાળાના પોતાના કૃત્ય માટે, અથવા તે હુકમનામું બજાવવામાં તેના એજટોના કૃત્યો બાબતની જવાબદારી વીશેનો નીયમ નરમ કરવાને ખાસ જરૂર છે (સુબજાન વી. સરીયા તુલ્લા (૧૮૬૯) ૧૨ વી. રી. ૩૮૯; ૩ બં લા. રી. ૪૧૪; ગોમા માહાદુ વી. ગોકળદાસ (૧૮૭૯) ૩ મુ. ૭૪; વળી જુઓ રાજ બલબ ગોપ વી. ઇશનચંદ્ર (૧૮૬૭) વી રી. ૩૫૫; તે ઠરાવ જુદો પાડીને તેનો ખુલાસો કરેલો છે). એક વારંટથી **અ** નો માલ જપ્ત કરવાનો અખત્યાર આપેલો હતો, જો હુકમનામાવાળો કોર્ટના અમલદારને બતાવે અને **અ** ના માલ તરીકે **બ.** નો મલ જપ્ત કરાવે અને ખશેડાવે તો તે એક અપકૃત્ય કરનાર છે અને તે વારંટ પ્રમાણે તેણે વ્યાજબી કામ ચલાવ્યુ છે એવુ તે બતાવી શકતો નથી. **બ.** નો માલ જપ્તઠરાવીને તેના કબજામાંથી લેવરાવવામાં આવે તો તેણે **બ.** ના કબજામાં પ્રવેશ કરાવ્યો થાય છે." એકાદો માણસ પોતાના નફા અને ફાયદા સારૂ ખોટી રીતે અને કાયદાના ઠરાવ શીવાય એક બીજા શખસની જમીનમાં પ્રવેશ કરે, તેનો માલ લેઇ જાય, અથવા તેનો માલ પકડાવીને અને તેના કબજામાંથી લેઇ લેવરાવે તો પછી જો કે તે પ્રમાણીકપણાથી અથવા ભુલથી વર્તતો હોય તોપણ, તે જવાબદાર છે. દાવાના એકાદા પક્ષકારના હુકમથી એકાદો અમલદાર જે સખસ બરોબર ના હોય અને ત્રાહીત હોય તેનો માલ તે બજાવણીમાં લેતો તે પક્ષકાર જવાબદાર છે; અને તેવીજ રીતે તેનો એટરની અથવા એજંટ પોતાના અસીલ એક હુકમનામાનુ ફળ મેળવી શકે તે સારૂ જરૂરીયાત ઇલાજ લેવામાં ગફલતથી અથવા અજ્ઞાનતાથી કોર્ટના અમલદાર પાસે એક ત્રાહીત શખસની જાત અથવા મીલકત પકડાવરાવે તો. તે જવાબદાર છે. (ગોમા વી. ગોકળદાસ (૧૮૭૯) ૩ મું. ૭૪.)

મુદત—નુકશાન બાબતના દાવામાં જપ્તીની તારીખથી મુદત શરૂ થાય છે. (ગોલા વી. ગોકળદાસ (૧૮૭૯) ૩ મુ, ૭૪; મુદ વીરાપા વી. ફકીર આપા (૧૮૮૩) ૭ મુ. ૪૨૭).

પડદાનસીન—આ કલમ પડદાનશીન સ્ત્રીને પકડવાની બાબતને લાગુ થતી નથી. (કાદમબીની ડોસી વી. કૈલાસ કામીની ડોસી (૧૮૮૧) ૭. ક. ૧૯ જુઓ ક. ૫૫ અને ૧૩૨.

૬૩. (૧) કોર્ટની સંભાળમાં ન હોય એવી મિલકત એક કરતાં વધારે કોર્ટોના હુકમનામાની બજાવણીમાં જપ્ત થઈ હોય ત્યારે, તે કોર્ટોમાં સૌથી ઉંચા દરજ્જાની જે કોર્ટ હોય તે કોર્ટે અથવા તે કોર્ટોના દરજ્જામાં કઇ તફાવત ન હોય ત્યારે જે કોર્ટના હુકમનામાની રૂયે તે મિલકત ઉપર પ્રથમ જપ્તી થઇ હોય તે કોર્ટે તે મિલકત લેવી અથવા વસુલ કરવી જોઇયે અને તે ઉપરના કોઈ દાવાનો તથા તેની જપ્તીમાં લીધેલી હરકતનો નિર્ણય કરવો.

અનેક કોર્ટોનાં હુકમનામાં બજાવવામાં જપ્ત થયેલી મિલકત.

(૨) એવાં હુકમનામાંનું એક હુકમનામું બજાવનારી કોર્ટે ચલાવેલું કોઇ પણ કામ આ કલમમાંના કોઈપણ મજકુર ઉપરથી ગેરકાયદેસર થાય છે એમ સમજવું નહીં.

સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની ક. ૨૮૫.

ટીકા.—આ કલમ હાયકોર્ટને તથા પ્રોવીનશીયલ સ્મોલકોઝ કોર્ટને લાગુ છે.

પેટા કલમ (૨) માં નવો ઠરાવ કરેલો છે તેનો હેતુ આગળના કાયદાની આવીજ કલમ પ્રમાણે કેટલીક મુશકેલીઓ પડાતવામાં આવની હતી તેની સફાઇ કરવાનો જણાય છે. પેટા કલમ (૧) ના ઠરાવનો ભંગ કરવાથી ઊતરતા દરજ્જાની કોર્ટનું ચલાવેલું કામ હવે રદ થતું નથી. (ચીરંનજી વી. જવાહીર (૧૯૦૪) ૨૬ અ. ૫૩૮; કનાહાયન વી. હાકુરી (૧૮૯૯) ૨૨ મ. ૨૯૫; ભગવાન વી. ચંદ્ર (૧૯૦૫) ૧ કં. લા. જ. ૫૭; હરપ્રસાદ વી. જગનલાલ (૧૯૦૫) ૨૭ અ. ૫૬). પરંતુ બે જુદી જુદી કોર્ટોએ કરેલા લીલામમાંથી બે નીરપરાધી ખરીદ કરનારાઓના હકોનો કેવી રીતે નીર્ણય કરવો તેની સફાઇ નથી. જુના કાયદા પ્રમાણે ચડતા દરજ્જાની કોર્ટે કરેલા લીલામમાંથી જે ખરીદ કરનાર હોય તેનો વધારે સારો હક હતો. (અબદુલકરીમ વી. ઠાકોરદાસ (૧૮૯૮) ૨૨ મુ. ૮૮. જુઓ ઓ-કીનીલી સી. પ્રો. કોડ, ૬ આવૃતી, ૫૧૯, ૫૨૦ મે બતાવેલા ઠરાવો) પરંતુ હવે ઉતરતા દરજ્જાની કોર્ટે ચલાવેલા કામના પેટા કલમ (૧) ના ઠરાવ તોડવાથી જે પરીણામ થાય તેમાંથી બચાવ કરેલો છે.

આ કલમ લાગુ થાય તે—મીલકતના લીલામ તથા તે સ્વાધીન કરવા બાબતની કાયદાની કલમોનો આ કલમ સાથે કાંઈ સબંધ નથી (ચુનીલાલ વી. દેબીપ્રસાદ (૧૮૮૦-૮૧) ૩ અલ્હાબાદ ૩૫૬) અને તે સ્થાવર મીલકત સબંધી છે કે નહી તે શક ભરેલુ છે. (અભયચર્ણ વી. ઘોલામઅલ્લી (૧૮૮૧ ૭ ક. ૪૧૦. તે સબંધી છે—ચુનીલાલ વી. દેબી પ્રસાદ (૧૮૮૦-૧) ૩. અ. ૩૫૬; મનુ કરૂપાન વી મનુરામ લીંગા (૧૮૮૪) ૭ મ. ૪૭). જ્યારે રેવન્યુ અને દીવાની કોર્ટની વચમાં વીરૂધતા હોય ત્યારે તે લાગુ થતી નથી; માટે પહેલું લીલામ જે કોર્ટે કરેલું હોય તેથી સારો હક વેચાણ આપવામાં આવે છે. (રઘુબર દયાળ વી બાંકેલાલ (૧૯૦૦) ૨૨. અ. ૧૮૨).

રીવાજ—સને ૧૮૮૨ ના એકટ ૧૪ પ્રમાણે નીચેના ઠરાવો છે તે આ કલમ પ્રમાણે આધાર તરીકે ઉપયોગમાં આવી શકે છે.

આ કલમમાં જે કોર્ટ બતાવેલા છે તેનોજ ફક્ત જપ્તીમાં લીધેલી હરકતોનો ફેંસલો કરવાનો મીલકત ઉપર કરેલા દાવાઓનો નીર્ણય કરવાનો, તે વેચવાનો હુકમ કરવાનો અને લીલામમાંથી ઊપજેલી રકમ લેવાનો અને ક. ૭૩ પ્રમાણે તેની વહેંચણી બાબત બંદો-

બસ્ત કરવાનો અખત્યાર છે. (બદરી વી. શરમલાલ (૧૮૮ર) ૪ અ. ૩૫૯; જુઓ કલમ ૭૩ નીચેની નોટ). જ્યારે ભુલથી નીચેની કોર્ટમાં મીલકત વેચવામાં આવેલી હોય તો તે મીલકત ફરીથી વેચવી ન જોઇએ, પણ ઉપલી કોર્ટે તે લીલામ પસંદ રાખવું જોઇએ. અને જે ઉપજેલું હોય તે વહેંચી આપવું જોઇએ. (બાયકાંતનાથ વી રાજેન્દ્ર (૧૮૮૬) ૧૨ ક. ૩૩૩; ભગવાનચંદ્ર વી. ચંદ્રમલ (૧૯૦૫) ૧ ક. લા જ ૯૭).

મુનસીફની કોર્ટ—વાવ્ય પ્રાંત વાવ્ય પ્રાંતમાં આ કલમના કારચુસર સ્માલકોઝ કોર્ટ કરતાં મુનસીફની કોર્ટ ચડતા દરજ્જાની ગણવી જોઇએ (બાલુરામ વી. રઘુબર દયાળ (૧૮૯૪) ૧૬ અ. ૧૧).

૬૪. જ્યારે જપ્તી કરી હોય ત્યારે, જપ્ત કરેલી મિલકત અથવા તેમાંનો કાંઇપણ હિતસંબંધ ખાનગી આપી દેશે અથવા સ્વાધીન કરશે તો અને હુકમનામાના દેણદારને એવી જપ્તી વિરૂદ્ધ કાંઈ લેહેણું અથવા ડિવિડેન્ટ અથવા બીજા પૈસા સ્વાધીન કરશે તો તે વ્યવહારને, જપ્તી ઉપરથી અમલમાં લાવી શકાય એવા બધા દાવાની સામે નિરર્થક ગણાશે.

જપ્તી પછી મિલકત ખાનગી રીતે આપી દેવાનો વ્યવહાર નિરર્થક થવાનો.

ખુલાસો:—આ કલમનાં કારણો સારૂ, જપ્તી ઉપરથી અમલમાં લાવી શકાય એવા દાવાની અંદર અવેજ ફાળે પડતો વેહેચવા બાબતના દાવાનો સમાસ થાય છે.

સને ૧૮૮ર ના એકટ ૧૪ ની કલમ ર૭૬.

આ કલમ હાયકોર્ટને તથા પ્રોવીનશીયલ સ્મોલકોઝ કોર્ટને લાગુ થાય છે.

જપ્તીનો અસર—બજાવણીમાં હુકમનામાના દેણદારની મીલકત વેચાવવામાં આવે ત્યાં સુધી માલકીનો હક તેનો રહે છે) વાઘજી વી. ધારીયા (૧૮૭૯) ૩ મુ ૫૮) અને જપ્તીથી તે જપ્તી કરાવનાર લેણદારના ફાયદામાં અને બીજા લેણદારો વીરૂદ્ધ કાંઇ હીત અથવા જવાબદારી ઉત્પન્ન થતી નથી (શુભળચંદ્ર વી. રશીકલાલ (૧૮૮૮) ૧૫ ક. ર૦ર) જપ્તીથી મીલકત બીજાને આપવી અટકે છે, પણ તેથી કાંઇ હક આપવામાં આવતો નથી (મોતીલાલ વી. કરાબુલદીન (૧૮૯૮) ર૫ ક. ૧૭૯; ૧ વી. નો ૬૩૯; પીકોક વી. મદન ગોપાળ (૧૯૦૧–ર) ૬ ક. વી નો ૫૭૭; ક્રીશ્નસ્વામી વી. ઓફીશીઅલ અસાઇની મદ્રાસ (૧૯૦૩) ર૬ મ. ૬૭૩; અને જુઓ ક. ૭૩); પરંતુ એકગીરોની હુકમ પ્રમાણે જપ્તી સાથે વધારામાં વેચાણનો હુકમ કરવાથી તે મીલકત ઉપર બળવાન જવાબદારી ઉત્પન્ન થાય છે (સુરજબંસી વી. શીવપ્રસાદ (૧૮૮૦) ૫ ક. ૧૪૮) અને એક મજીયારા કુટુંબના એકાદા અંગભુતનું હીત એક લેણદારે જપ્ત કરાવેલું હોય તેથી વહેંચણને ટેકો મળે છે. (લછુપ્રસાદ વી. મહેરબાન લા. રી. (૧૮૮૯–૯૦) ૧૭ ઇ. અ. ૧૯૪ પા. ૧૯૬; (૧૮૯૧) ૧૮ ક. ૧૫૭ પાનુ ૧૬૧) એકાદા જપ્તી કરાવનાર લેંણદારનો પોતે જપ્ત કરાવેલી મીલકત ગીરોથી છોડાવવાનો હક છે (સને ૧૮૮રના એકટ ૪ ની ક. ૯૧) અને લેણદારો સાથે કપટ કરીને દેણદારના વીલનુ જે પ્રોબેટ મેળવેલું હોય તો, તે પ્રોબેટ સામી હરકત લેઇ શકે છે (નીલમોનીસીંગ વી. ઉમાનાથ (૧૮૮૪) ૧૦ ક. ૧૯; કીશનદાઇ વી સતચંદ્રનાથ (૧૯૦૧) ર૮ ક. ૪૪૧)

વધારે—પ્રશ્ન જો જપ્તી કરી તે વખત અને લીલામ કરવી. વખત વચમાં જે મુદત ગએલી તેમાં હુકમનામાના દેણદારનું હીત વધેલું હોય તો તે હીત વેચાણ આવેછે કે નહી?

ઊમેશચંદ્ર વી. ઝાહર (૧૮૯૧) ૧૮ ક. ૧૬૪ પા. ૧૭૬; લા. રી. ૧૭ ઇ. અ. ૨૦૧, અને મહમદ વી. કુતબહુસન (૧૮૮૭) ૯ અ. ૧૩૬

દેણુદારનુ મોત—જો જપ્તી કર્યા પછી હુકમનામાનો દેણદાર ગુજરી જાય તો કામમાં તેના વારસ વકીલને દાખલ કર્યા શીવાય તેની મીલકત વેચી શકાય છે (શીવપ્રસાદ વી. હીરાલાલ (૧૮૯૦) ૧૨ અ. ૧૪૦; અને જુઓ મીનાકુંવરી વી. જગત (૧૮૮૪) ૧૦ ક. ૧૯૬ પાનુ ૨૦૬; લા. રી. ૧૦ ઇ. અ. ૧૧૯; અને સુરેદ્ર કેશબ વી. દુરગાસુંદ્રી (૧૮૯૧-૨) લા. રી. ૧૯ ઇ. અ. ૧૦૮; ૧૯ ક. ૫૧૩ ના કામના ઠરાવનો રાધાપ્રસાદ વી. લાલસાહીબ (૧૮૯૧) ૧૩ અ. ૫૩ પાનુ ૬૫ ના ઠરાવ સાથે મુકાબલો કરો; લા. રી. ૧૭ ઇ. અ. ૧૫૦)

સાંથ: સહ હીસ્સેદાર—એક અપુર્ણ સહહીસ્સેદારે મળેલી સાંથ બાબત એક હુકનામું મેળવેલું તેની બજાવણીમાં એક જમીન ઉપરનો હક જપ્ત કરવામાં આવેલો હતો તે જપ્તી બંગાળાની સાંથના એકટની ક. ૧૭૦ ના હેતુ પ્રમાણેની જપ્તી નથી. (બેની માહાધબ વી. જાઅદઅલી (૧૮૯૦) ૧૭ ક. ૩૯૦)

હક સંબંધ—આ કલમ પ્રમાણે હુકમનામાના લેણદારે જે હક સબંધ મેળવેલો છે અને ઓરડર ૨૧ રૂલ. ૮૨ પ્રમાણે એક સર્ટીફીકટ આપ્યા પછી ગીરો કરી આપવાથી હરકત થતી નથી ગુરૂ સામી વી. વેંકટ સામી (૧૮૯૧) ૧૪ મ. ૨૭૭)

જપ્તી કરેલી હોય તે—જો કે પક્ષકારો જાણતા હોય કે હુકમનામાનો દેણદાર તે મીલકત ઉપર હુકમનામું બજાવવાનો છે તો પણ શુધ બુદ્ધી અને કીમતી અવેજ લેઇ તે મીલકત જપ્તી કરતા પહેલાં બીજાને આપેલી હોય તો તે બરોબર છે (ફેગ્રેડો વી મહમદ મદેશર ૧૮૭૧) ૧૫ વી. રી. ૭૫ રામબરન વી. જાનકીશાહુ (૧૮૭૪) ૨૨ વી રી ૪૭૩); અને એકાદો દેણદાર જપ્તી કરતા પહેલા પોતાના ઉપર હુકમનામું વસુલ આપ્યા વીનાનુ કાયમ હોય તો પણ અમુક લેણદારનો અથવા લેણદારોના અમુક વર્ગનો બીજા લેણદારો કરતાં પ્રથમ હક ગણે તેથી જો કે જે બજાવણીની ધારણા કરેલી હોય તે બજાવણીનો અમલ નીશ્ફળ થતો હોય તો પણ તે પ્રમાણે કરી શકે છે (સ્ટીવનસન વી. બોલગાર્ડનર (૧૮૬૮) ૩ આગ્રા. ૧૦૪; દુરગા તેવારી વી. નેપાળ (૧૮૯૦) ૨ અ. હા. કો. ૨૨૪; ખેતામલ વી. ચુનીલાલ (૧૮૭૯-૮૦) ૩ અ. ૧૭૩; રાજન હરજી વી. અરદેશર (૧૮૮૦) ૪ મું. ૭૦ જુઓ શીવપ્રશાદ વી. મીલર (૧૮૭૯-૮૦) ૨ અલ્હા. ૪૭૪; તો પણ જુઓ સને ૧૮૮૨ ના એકટ ૪ ની ક. ૫૩). તે બાબત મુખ્ય ફેંસલો પદમની વી. રાય મથુરાનાથ (૧૮૭૩) ૨૦ વી. રી. ૧૩૩; ૧૨ બં. લા. રી ૪૧૧) ના કામનો છે, તેમાં પ્રીવીકાઉંસીલના નામદાર સાહેબોએ એક નક્કી થએલા પ્રમાણે કહેલુ છે કે જો એકાદી જપ્તી કાયમ રીતે કાહાડી નાંખેલી હોય અને નવેસર જપ્તી કરવાની જરૂર હોય તો તે બેઉ જપ્તીઓની વચ્ચેના મુદતમાં એક વેચાણ ખત લખી આપેલુ હોય તો તે બળવાન છે, પરંતુ આથી થતા પરીણામ તરીકે એવો વીચાર કરવામાં આવ્યો છે કે પ્રથમની જપ્તી હોય તે દરમીયાનમાં એક વેચાણ ખત લખી આપવામાં આવેલું હોય તો તે બજાવણી કરનાર લેણદારના અને તેની તરફથી દાવો રાખનાર તમામ સખ્સ વીરૂધ બળવાન છે કીંવા રદ બાતલ થતું પડે છે એ શક ભરેલુ છે. એક "જરીપેશગી" પટો અને સાધારણ ખેતીવાડી સબંધીનો પટો હુકમનામાના દેણદારે જપ્તીની દરમીયાનમાં કરી આપેલો હોય તો, તે આ કલમમાં જે મનાઇ છે તેથી નીરર્થક છે (દેબીપ્રશાદ વી. બળદેવ (૧૮૯૬) ૧૮ અ. ૧૨૩). હુકમ-

નામું થતા પહેલાં અથવા તે થયા પછી કરેલી જપ્તીનો અસર તેનો તેજ છે, પણ તે હુકમનામું કરતા પહેલાંની જપ્તીની બાબતમાં તે જપ્તી જો વાદીની ખાયશ ઉપરથી કરેલી હોય છે તે વાદીના લાભમાં તે હુકમનામું કરવામાં આવે છે (ગનુસીંગ વી. જંગીલાલ (૧૮૯૪) ૨૬ ક. ૫૩૧). એક હિંદુ વિધવાના ધણીએ મુકેલી સ્થાવર મીલકતની ઉપજમા તે વિધવાનુ જે પોતાનુ હયાતી સુધીનુ હીત હતુ તે ઓરડર ૨૧ રૂલ. ૫૩ પ્રમાણે તે મીલકત જપ્ત કરાવ્યા પછી તેણીએ બીજાને આપેલું હતું તો તે નાબુદ છે (નાથા વી ધનબાઇજી (૧૮૯૯) ૨૩ મુ. ૧). જે બજાવણી કરાવનાર લેણદારને ફકત જે વ્યવહારો હરકત કાર્ક હોય છે તે નીરર્થક ઠરાવવાનો આ કલમનો હેતુ છે (દીનોબંધુશા વી. જોગમાયાદાસી (૧૯૦૨) ૨૯ ક. ૧૫૪; ૬ ક. વી. નો. ૨૦૯; લા રી. ૨૯ ઇ. અ. ૯). જપ્ત કરેલી મીલકત ખાનગી રાહે એવી હકીકતથી બીજાને આપેલી હોય કે જપ્ત કરાવનાર લેણદારના હકને કોઇ રીતે હરકત થાય નહીતો તેથી આ ઠરાવથી તેવી રીતે આપવાને અટકાવ થતો નથી (અબદલરોશીદ વી. ગપોલાલ (૧૮૯૮) ૨૦ અ. ૪૨૧) એક પક્ષકાર એક હુકમનામાનુ કામ ચલાવતો હોય તેને બીજી બજાવણી કરવાની ફરજ પાડેલી તેથી તેનો હક બીજી જપ્તીની તારીખથી થાય છે એવુ અનુમાન કરેલુ છે (કીશનલાલ વી. ચાતરસીંગ (૧૯૦૧) ૨૩ અ. ૧૧૪

વેચાણ રદ કરવામાં આવે તે.—કામ ચલાવવામાં ગેરશીરસ્તે થયાના કારણથી એકાદુ બજાવણીમાં થએલુ લીલામ રદ કરવામાં આવેલુ હોય તોપણ જપ્તી કાયમ રહે છે તેથી તે હુકમનામાવાળો તે મીલકત ફરીથી વેચાવી શકે છે (ગોસાઇમનરાજ વી. દીનદયાળ (૧૮૭૩) ૨૯ વી. રી. ૨૦)

હુકમનામાના દેણદારનુ મર્ણ—હુકમનામાના દેણદારના મર્ણથી જપ્તી બંધ પડતી નથી (શીવપ્રસાદ વી. હીરાલાલ (૧૮૯૦) ૧૨ અ. ૪૪૦; માધોપ્રસાદ વી. મેહેરબાન (૧૮૮૯–૯૦) લા. રી. ૧૭ ઇ. અ. ૧૯૪; પા. ૧૯૭; ૧૮ ક. ૧૫૭); પછી જો કે તે મીલકત મીતાક્ષરાના નીયમ પ્રમાણેના મજીયારા કુટંબના જે સખસો પાછળ હયાત હોય તે સખસોને મળે છે તો પણ હરકત નથી (બેનીપ્રસાદ વી. પારબતી કુવર (૧૮૯૩) ૨૦ ક. ૮૯૫)

જપ્તી—તે કલમ પ્રમાણે ફકત જપ્તી કરેલી હોવી જોઇએ, એવી જરૂર છે; આગળના કાયદા પ્રમાણે "ખરી રીતે મીલકતનો કબજો લેવાની" અથવા લખેલો હુકમ યોગ્ય રીતે જણાવવાની જરૂર હતી" આ શબ્દો છોડી દીધા છે તેમ છતાં અનુમાન કરવા પ્રમાણે તે જપ્તી હયાત છે એ વીશે કાંઇક પુરાવ કોર્ટ પાસે હોવો જોઇએ આગળના કાયદા પ્રમાણે પાછળથી મીલકત બીજાને આપવામાં આવેલી તે નાબુદ ઠરાવવાના કારણસર એકાદી જપ્તી ઊપર આધાર રાખી શકાય તે પહેલાં એવુ બતાવવાનુ છે કે લખેલો હુકમ કાહાડીને પ્રસીધ કરેલો છે તેથી તે યોગ્ય રીતે કરેલી છે (દવારકાનાથ વી. રામચંદ્ર (૧૮૭૦) ૧૩ વી. રી. ૧૩૬).

હયાત હુકમનામું.—જપ્તીને ટેકો આપવાસારૂ એકાદુ હુકમનામું હયાતીમાં જોઇએ (જગતનારાયણ વી. તુળશીરામ (૧૮૬૮) ૧ બં. લા. રી. ૭૧); જો જપ્તીની તારીખે જો તે હુકમનામું રદ થએલુ હોય તો તે જપ્તી રદ બાતલ છે, અને તેના તેજ ઠરાવનુ એક નવુ હુકમનામું થવાથી તે જપ્તી બળવાન થતી નથી (ચેતીઆવીલ વી. કનહીકારૂ (૧૯૦૬) ૨૯ મ. ૧૭૫).

હરકત લેવાની વખત અને રીતી.—યોગ્ય રીતે રીતીસર ચાલવામાં આવેલુ નથી એવા કારણથી હરકત લેવામાં આવતી હોયતો તે હરકત લેનાર પક્ષકારે શાબીત કરવું જોઇએ, અને તે હરકત પહેલ વહેલી પ્રીવી કૌંસીલની રૂબરૂ લેઇ શકાતી નથી (રામકીશ વી. સરફુનીસા (૧૮૮૧) ૬ ક. ૧૨૯).

જપ્તી છતાં અમલ કરવા લાયક.—જપ્તી કરાવનાર લેણદાર અથવા જે શખસો જપ્તીની રૂઇએ મેળવી શકે તેમના વીરૂદ્ધ ફકત મીલકત બીજાને આપવામાં આવેલી હોયતો તે આપવું રદ બાતલ છે અને તમામ દુનીયા વીરૂદ્ધ નથી આનન્દલાલ વી. જલોધર (૧૮૭૨) ૧૦ બં. લા. રી. ૧૩૪; ૧૭ વી રી. ૩૧૩; (૧૪ મુર. ઈ. અ. ૫૪૩; બાલમુકુંદ વી. રામહીત (૧૮૭૦) ૧૩ વી. રી ૧૩૪) અને તે હુકમનામાની બજાવણી સારૂ જરૂર હોય તેટલે સુધીજ ફકત તે રદ બાતલ છે (દીનેન્દ્રનાથ વી. રામકુંમાર (૧૮૮૧) ૭ ક. ૧૦૭; લા. રી. ૮ ઇ. અ. ૬૫), માટે જો તે હુકમનામું પાછળથી વસુલ આપેલું હોયતો તે મીલકત બીજાને આપ્યાની બાબત તે દેણદારને બંધનકારક છે (ઉમેશચંદ્ર વી. રાજવલ્લભ (૧૮૮૧-૨) ૧૮ ક. લા. રી. ૨૦૦; ૮ ક. ૨૭૯). માટે તે મીલકતનું ખાંનગી વેચાણ કરીને જે રકમ ઉપજેલી તેમાંથી દેણદારે એક હફતો નહિં ભરવાથી મીલકત જપ્ત કરેલી હતી, તેમાં ઠરાવ્યું છે કે જે હફતો હજુ લેણો થયેલો નથી તે ફકતો વસુલ કરવાને સારૂ કોર્ટ કાંઇ જપ્તી જારી રાખી શકતા નથી અને તે મીલકત બીજાને આપેલી છે તે બરોબર છે. (રામધન વી. કૈલાસનાથ (૧૮૬૯) ૧૨ વી. રી. ૪૫૭; ૪ બં. લા. રી. ૨૦) તેજ પ્રમાણે તે લેણદારને વેચાણ કરી આપેલું હોય (અના વંદ્રાવન વી. આયાસામી (૧૮૭૦-૧) ૬ મ. હા. કો. ૬૫), અથવા જપ્ત કરેલી મીલકત ગીરી અથવા વેચાણ હુકમનામા દેણદાર સારૂ આપવાને કરેલી હોય તો તે નીરઅર્થક નથી (બાલાજી રામચંદ્ર વી. ગજાનન બાબાજી (૧૮૭૯) ૧૧ મુ. હા. કો. ૧૫૯; બળદેવસીંગ વી. કનાહા (૧૮૬૫) ૧ અ. હા. કો. ૨૫; દીનન્દ્રનાથ વી. રામકુમાર (૧૮૮૧) ૭ ક. ૧૦૭). પરંતુ આ તમામ ફેંસલાઓ હવે આ કલમના ખુલાસાને તાબે થવા જોઇએ કારણ કે તેમાં સ્પષ્ટ રીતે આગળ કલમ ૭૩ પ્રમાણે પાછળના બજાવનાર લેણદારોના દાવાનો તેથી સમાસ કરેલો છે (સોરાબજી વી. ગોવીંદ (૧૮૯૨) ૧૬ મું. ૯૧ ના કામનોફેંસલો આ ઉપરથી મંજુર થાય છે).

ગીરો રાખનારે ખરીદ કરેલું તે.—જો એકાદો ગીરો રાખનાર ખાનગીરીતે ખરીદ કરે અને પાછળથી લીલામમાંથી ખરીદ કરનાર વીરૂદ્ધ તે ગીરો રાખનારનું લીધેલું વેચાણ જો નીરઅર્થક હોયતો તે પાછો પોતાના ગીરો ઉપર આધાર રાખી શકે છે. (ગોપાળશાહુ વી. ગંગાપ્રસાદ (૧૮૮૨) ૮ ક. ૫૩૦).

જપ્તી જારી હોય તે દરમીયાંનમાં મીલકત બીજાને આપવાથી તે જપ્તી ખસેડવામાં આવે તેનો અસર.—જો એકાદુ હુકમનામું કાયમ હોય (જગત નારાયણ વી. તુળશીરામ (૧૮૬૮) ૧૦ વી. રી. ૯૯; ૧ બં. લા. રી. ૭૧; નુબરાજ વી. બહુરીયા (૧૮૮૦) ૭ ક. લા. રી. ૪૨૪ પા. ૪૨૬), તો તે જપ્તી ખસેડવાથી જપ્તીની દરમીયાનમાં મીલકત બીજાને આપેલી તેથી તે આપવું બળવાન થતું નથી કારણ કે તેનો પેહલાની બાબતમાં અમલ થઇ શકતો નથી (માહતબચંદ વી. સરનોમોઇ (૧૮૭૧) ૧૫ વી. રી. ૨૨૨; ૧૨ બં. લા રી. ૪૧૪, નોટ; ઇંદ્રજીતકુંવર વી. લછમનસીંગ (૧૮૭૫) ૨૪ વી. રી. ૫૬; રામચગણ વી. જમ્બુ (૧૮૭૦) ૧૪ વી. રી. ૨૫; અને જુઓ પદ્મણીદાસી ી રાય મથુરાનાથ (૧૮૭૩) ૨૦ વી. રી. ૧૩૩; ૧૨ બં. લા. રી. ૪૧૧ નો ફેંસલો પ્રીવીકાઉંસીલના નામદાર સાહેબોને કરેલો છે અને તે ઉપર બતાવેલો છે). પરંતુ એક જપ્તી હતી અને તે દરમીયાંનમાં એક "કાનમ" લખી આપવામાં આવેલું હતું પણ જે હુકમનામાની બજાવણીમાં તે મીલકત જપ્ત કરેલી હતી તે હુકમનામું વસુલ થયાથી પાછળથી તે જપ્તી ખસેડવામાં

આવી હતી માટે તે લખી આપેલું "કાનમ" બળવાન ઠરાવેલું છે. (કુનહીમુસા વી. મકી (૧૯૦૦) ૨૩ મ. ૪૭૮) એક મુસલમાને પોતાના વીલથી પોતાની તમામ મીલકતનો ત્રીજો એક ત્રાહીત સખસને વસીયત કરેલો હતો અને તે વસીયત આપવાને તેના વારસો એ તે વસીયત આપ્યા પછી વસીયતવાળી મીલકત વસીયત કરનારના વારસોના ઉપરના હુકમનામાની બજાવણીમાં જપ્ત થયા પછી કબુલત આપેલી હતી તેથી આ કલમ પ્રમાણે બીજાને મીલકત આપવાને મનાઇ કરેલી છે તેવી રીતે તે આપેલી થતી નથી (દોલતરામ વી. અબ્દુલ કાદમ (૧૯૦૨) ૨૬ મું. ૪૯૭).

કબજા બાબત દાવો કરે તે સબંધી છે (ખાયરાત અલ્લી વી. સોયફુલ્લા (૧૮૬૭) ૮ વી. રી. ૧૩૦). સર્ટીફીકટવાળા ખરીદદારે કબજાવાળા પક્ષકાર ઉપર દાવો કરેલો હોય અને જો તે સર્ટીફીકટવાળો ખરીદદાર બેનામીદાર હોય અથવા એક એજંટ હોય અને ખરા ખરીદદારે તે મીલકતનો કબજો પ્રમાણીક રીતે મેળવેલો હોય તો તે બેનામીદાર અથવા એજંટ તે ખરીદદાર પાસેથી કબજો છોડાવી શકતો નથી (બહુંશકુંવર વી. બહુરીલાલ (૧૮૭૧-૭૨) ૧૪ મું. ઇ. અ. ૪૯૬; (૧૮૭૨) ૧૮ વી. રી. ૧૫૭; ૧૦ બં. લા. રી. ૧૫૯; કરામુદીન વી. ન્યામત (૧૮૯૨) ૧૯ ક. ૧૯૯; લખી નારાયણરાવ વી. કાળીપદો (૧૮૭૪-૫) લા. રી. ૨ ઇ. અ. ૧૫૪; (૧૮૭૫) ૨૩ વી. રી. ૩૫૮; મથુરાનાથ વી. રાયકોમળડોસી (૧૮૭૫) ૨૪ વી. રી. ૨૭૮; અને પ્રતીવાદી એવી તકરાર કરી શકે છે કે હું પોતે ખરીદદારછું અને વાદી મારો બેનામીદાર છે. જુઓ ધાઝીયુદીન વી. બીશનદયાળ (૧૯૦૫) ૨૭ અ. ૪૪૩; (૧૯૦૫) અ. વી. નોટ ૩૯; વીરૂપના જોમીલાલ વી. હંસકુંવર (૧૮૬૮) ૧૦ વી. રી. ૧૬૭; જાન મહમદ વી. ઇલાહીબક્ષ (૧૮૭૬) ૧ અ. ૨૯૦) વળી મહેસુલની ચડેલી બાકી સારૂ કરેલા લીલામમાંથી વાદી કરનાર હોય તો પ્રતીવાદીને એવી તકરાર કરવાને અટકાવ કરેલો નથી કે મારે માટે તે બેનામી ખરીદ કરેલી છે (સુબારાયર વી. આસીરવાથા (૧૮૯૭) ૨૦ મ. ૪૫૪; બીજબીહારી વી. વાજેદહુશન (૧૮૭૦) ૧૪ વી. રી. ૩૭૨; તીરૂમલાયા વી. સ્વામીનાયકર (૧૮૯૫) ૧૮ મ. ૪૬૯) એક હુકમનામાની બજાવણીમાં લીલામમાંથી વાદીએ અમુક મીલકત પ્રતીવાદીના નામથી ખરીદ કરી અને બીન હરકતે આઠ વર્ષ સુધી જારી કબજે રાખી પછી તેણે પોતાનો હક ઠરાવવાને અને તે કબજામાં હરકત કરવામાં આવે નહી એવો તાકીદ હુકમ કાહાડવાને પ્રતીવાદી ઉપર દાવો કર્યો. ઠરાવ્યું છે કે તે દાવો ચાલવા લાયક છે (શાસ્ત્રીચરણનંદી વી. અનુપુણી (૧૮૯૬) ૨૩ ક. ૬૯૯) એક મજીયારા હુકમનામાવાળાએ ખરીદ કરેલું હોય તો બીજો મજીયારો હુકમનામાવાળો એવું ઠરાવવાને દાવો કરે કે તે મજીયારી ખરીદ કરેલી છે તો તે દાવાને આ કલમથી અટકાવ થતો નથી (અકેબાર વી. તાપસી (૧૯૦૭) ૨૯ અ. ૫૫૭)

આ કલમનો હેતુ બજાવણીમાં થએલા લીલામમાંથી ખરીદ કરનાર અને જે સખસ એવો દાવો રાખતો હોય તે સર્ટીફીકટવાળા ખરીદદારે મારે વાસ્તે બેનામી ખરીદ કરેલું છે તે શખસની વચેની તકરારોનો અટકાવ કરવાનો છે. જો કે તે દાવેદારનો પ્રથમ કબજો થએલો હોય તો પણ ચીંતા નથી (બેકટચંદ્ર વી. બેમામોહ (૧૮૬૮) ૯ વી. રી. ૩૬૦) પણ જો સર્ટીફીકટવાળો ખરીદદાર એવું કબુલ કરે કે એક બીજાને મેં ખરીદ કરેલી છે તો તે સખસે એકાદો જે સખસ સર્ટીફીકટવાળો ખરીદદાર ના હોય તેના સામે અથવા તેની તરફ દાવો રાખનાર સામે તે લીધેલા વેચાણ ઉપર પોતાનો હક શા વાસ્તે ના રાખે તેનું કાંઈ કારણ નથી (શરો સતી દાસી વી. ગોપીસુંદ્રી (૧૮૬૩) માર્ચ ૪૨૩) વાદીના બેનામીદારે ખરીદ કરેલી મીલકતનો કબજો લેવાનો દાવો તે બેનામીદાર ઉપર (તે તેણે કબુલ કરેલો હતો) તથા જે સખસનો કબજો હતો તેના ઉપર કરેલો હતો, તેમાં ઠરાવ્યું છે કે આ કલમ પ્રમાણે તે દાવાને અટકાવ કરેલો નથી (અરજનમલીક વી. ફારતુલ્લા (૧૮૮૧) ૯ ક. લા. રી. ૨૯૫) અને તેજ પ્રમાણે જો બેનામીદાર હાજર થાય નહી અથવા દાવા વીશે તકરાર કરે નહીતો તે દાવો ચાલે છે (રામક્રીશ્નાપા વી. આદીનારાયણ (૧૮૮૫) ૮ મ.૫૧૧) કોર્ટથી થએલા લીલામમાં વાદી તરફથી પ્રતીવાદી અમુક જમીન ખરીદ કરવામાં બેનામી વર્તેલો હતો અને વાદી તરફથી કીમતનો ભાગ આપેલો હતો અને વાદીનો કબજો રહેવા દીધો હતો એવી સમજુતથી કે તે વેચાણની બાકીની કીમત ભરી દેવામાં આવે એટલે

પ્રતીવાદીએ તે મીલકત ચડાવી આપવી પ્રતીવાદીએ વાદી પાસેથી કબજે લેવાયો તેથી વાદીએ તે જમીન લેવાને દાવો કર્યો. તે દાવો ચાલવા લાયક છે એવું ઠરાવેલું છે (મનાપા વી. શુરઆપા (૧૮૮૮) ૧૨ મ. ૨૩૪) જો એકાદા હિંદુ ગણીયારા કુટંબના અંગભુતે કુટંબની પુંજીથી પોતાના નામથી મીલકત મેળવેલી હોય તો કાયદા પ્રમાણે તે કુટંબના બીજા અંગભુતેનો તે મીલકત મજીયારી મીલકત પૈકીની ગણવાનો હક છે તેથી હરકત થતી નથી (બોધસીંગ વી. ગણેશચંદ્ર (૧૮૭૩) ૧૯ વી. રી ૩૫૬)

ત્રીજા સખસના દાવા—પેટા કલમ ૨ મા જે નવી લીટીઓ વધારેલી છે તેથી ખુલ્લુ કરેલું છે કે ત્રીજા સખસોનો વેચેલી મીલકતના ખરા માલેક ઉપર પોતાના દાવા પ્રસીધ્ધ કરવાનો તથા સર્ટીફીકટવાળો ખરીદ કરનાર તે મીલકતનો કાયદો લે તેવો માલક નથી એવું નક્કી બતાવવાનો દાવો કરવાનો હકછે(જુઓ અનકવેનેનટેડ સરડીશ બેંક વી. અબદુલ બારી (૧૮૯૬)૧૮ અ. ૪૬૧ અને ઓકીની સી. સી. પ્રો. કોડ ૬ ટ્ટી આવૃતી પાનુ ૫૮૩, ૫૮૪; શીબતાકુંવર વી. બાગોલી (૧૮૯૯) ૨૧ અ. ૧૯૬; દુખોદા સુંદ્રી વી શ્રીમંત જોરદાર (૧૮૯૯) ૨૬ ક. ૫૫૦; ૩ ક. વી. નો ૬૫૭).

૬૭. કોઈ સ્થાનિક હદમાં જમીનના કોઇ જાતના હક્ક સંબંધ એવા અનિશ્ચિત અથવા અનિર્ણીત હોય કે કિંમત ઠરાવવી અશક્ય થાય, એવું સ્થાનિક સરકારની નજરમાં આવે ત્યારે, સ્થાનિક સરકાર ગવનર જનરલ ઈન કૌન્સિલની અગાઉથી મંજુરી લઈને, સ્થાનિક સરકારી ગેઝીટમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને તેવી સ્થાનિક હદમાં, પૈસા આપવા બાબતમાં હુકમનામાં બજાવવામાં જમીનમાંના કોઇપણ વર્ગના હક્ક વેચવાની બાબતમાં શરતો નાંખીને વખતે વખતે નિયમ કરવાને મુખત્યાર છે.

પૈસા આપવા સંબંધી હુકમનામાં બજાવવામાં જમીનના વેચાણ બાબત નિયમો ઘડવાનો સ્થાનિક સરકારનો અધિકાર.

સને ૧૮૮૨ ના એક્ટ ૧૪ ની ક. ૩૨૭.

ટીકા—રૂલો. સને ૧૮૮૨ ના એકટ ૧૪ પ્રમાણે કરેલી રૂલો. જુઓ કલકત્તા ગેઝીટ તા. ૧૦ જુલાઈ સને ૧૮૯૮ ના રોજનુ ભાગ ૧ પાનુ ૭૩૬; તા. ૭ જુલાઈ સને ૧૮૮૦ ભાગ ૧ પાનુ ૩. પંજાબની જાહેર ખબર નંબર ૩૮૫૯ તા, ૩ અકટોબર સને ૧૮૭૭; કુર્ગ બાબત જુઓ મૈસોર ગેઝીટ તા. ૧૪ જુન સને ૧૮૭૯, ભાગ ૧ લો પાનુ ૨૦૦.

નાણા વસુલ લેવાં તે—જુઓ ક. ૩૪ નીચેની નોટ.

સ્થાવર મીલકત સામાં હુકમનામા બજાવવાનો અધિકાર કલેક્ટરને સોંપવા બાબત.

૬૮. ગવર્નર જનરલ ઈન કૌન્સિલની અગાઉથી મંજુરી લઈને સ્થાનિક સરકારી ગેઝીટમાં જાહેર ખબર આપીને નીચે પ્રમાણે ઠરાવ કરવાને સ્થાનિક સરકાર મુખત્યાર છે, એટલે:—કોઈપણ સ્થાનિક હદમાં, કોર્ટે કંઈ સ્થાવર મિલકત વેચવાનો હુકમ કર્યો હોય તેવાં કામોમાં હુકમનામાંની બજાવણીનું કામ, અથવા કોઇ વિશેષ જાતના તેવાં હુકમનામાંની બજાવણીનું કામ, અથવા કોઈ વિશેષ જાતની સ્થાવર મિલકત કે સ્થાવર મિલકત-

અમુક હુકમનામાં કલેક્ટર તરફ બજાવવા સારૂ મોકલવા બાબત કાનુનો કરવાનો અધિકાર.

માંનો હક્ક સંબંધ વેચવાનું જે હુકમનામામાં ફરમાવ્યું હોય તે હુકમનામાંની બજાવણીનું કામ,—કલેક્ટરને મોકલવું.

સને ૧૮૮૨ ના એક્ટ ૧૪ ની ક. ૩૨૦.

જ્યારે આ કલમ પ્રમાણે એકાદો ઠરાવ કરવામાં આવ્યો હોય ત્યારે તેવાં હુકમનામાની બજાવણી કરવાની દીવાની કોર્ટની હકુમત બંધ પડે છે (શુકદેવરાય વી. શીવ ગોલામ (૧૮૮૨) ૪ આ. ૩૮૨). કલેક્ટરના અખત્યાર બાબત વા. ૨ પરીશીષ્ટ ૩ ની નોટ જુઓ.

૬૯. ઉપરની છેલ્લી કલમની રૂયે હુકમનામાની બજાવણી જે કામમાં મોકલી હોય તે સઘળાં કામોને ત્રીજા પરિશિષ્ટના ઠરાવ લાગુ પડશે.

ત્રીજા પારશિષ્ટના ઠરાવલાગુ પડશે.

ટીકા—આ ઠરાવ ક. ૭૦ પ્રમાણે સ્થાનીક સરકારે જે ટીકા કરવાની છે તેને આ ઠરાવો લાગુ થાય છે.

૭૦. (૧) સ્થાનિક સરકાર ઉપરના ઠરાવોને અનુસરતી હોય એવી કાનુનો નીચેની બાબતો સારૂ કરવાને મુખત્યાર છે, એટલે:—

કામ ચલાવવા બાબતની કાનુનો.

(અ) કોર્ટમાંથી કલેક્ટરને ત્યાં હુકમનામું મોકલવા બાબત, તથા તે બજાવવામાં કલેક્ટરની અને તેના તાબાના માણસોની કામ ચલાવવાની રીત નિયમસર કરવા બાબત, તથા કલેક્ટરની પાસેથી કોર્ટને હુકમનામું પાછું મોકલવા બાબત;

(બ) એવું હુકમનામું કલેક્ટર તરફ બજાવવા માટે મોકલવામાં આવ્યું ન હોત તો તે બજાવવામાં કોર્ટ જે અધિકાર ચલાવી શકત તે સર્વે અથવા તેમાંના કોઇપણ અધિકાર કલેક્ટરને અથવા કલેક્ટરના તાબાના કોઇપણ ગેઝેટેડ અમલદારને આપવા બાબત;

(ક) સદરહુ હુકમનામું કલેક્ટર તરફ મોકલવામાં આવ્યું ન હોય તો, તે કોર્ટે કરેલા હુકમ ઉપર અથવા તેવા હુકમના સંબંધમાં આપીલ કર્યા ઉપરથી થયેલા હુકમ ઉપર આ કાયદાની રૂયે અથવા વિદ્યમાનકાળે અમલમાં હોય એવા બીજા કાયદાની રૂયે જેવી રીતે અપીલ કોર્ટને અપીલ થઇ શક્ત તથા રિવિજન (તપાસણી) કોર્ટથી તે હુકમની જેવી રીતે તપાસણી થઇ શકત તેવીજ રીતે બનતાં સુધી કલેક્ટરે અથવા કલેક્ટરના તાબાના કોઇપણ ગેઝેટેડ અમલદારે કરેલા હુકમ ઉપર, અથવા એવા હુકમના સંબંધમાં અપીલ કર્યાથી થયેલા હુકમ ઉપર, વરિષ્ટ મુલકી અધિકારીઓને અપીલ કરવાની તથા તે અધિકારીઓથી તે હુકમોની તપાસણી થવાની સત્તા છે એવું ઠરાવવા બાબત;

(૨) પેટા કલમ (૧) નીરૂયે કરેલી કાનુનો ઉપરથી કલેક્ટરને અથવા કલેક્ટરના તાબાના કોઇપણ ગેઝેટેડ અમલ-

દિવાની કોર્ટની હકુમતને પ્રતિબંધ આ-

દારને અથવા અપીલ સાંભળનાર અથવા તપાસણી કરનાર અ વે છે.
ધિકારીને આપેલો અખત્યાર, સદરહુ કોર્ટથી અથવા સદરહુ
કોર્ટના હુકમનામા અથવા હુકમના સંબંધમાં અપીલ સાંભળવાની કે તપાસણી કરવાની જે હકુમત જે કોર્ટને હોય તે હકુમત ચલાવતાં તે કોર્ટથી ચલાવી શકાશે નહીં.

સને ૧૮૮૨ ના એક્ટ ૧૪ ની ક. ૩૨૦

ટીકા——સને ૧૮૮૨ ના એકટ ૧૪ પ્રમાણે ઠરાવેલું છે કે કલેકટરના હુકમો ઉપર અપીલો કરવા સારૂ રૂલો કરવાને સ્થાનીક સરકારનો અખત્યાર હતો (ટાકદાસ વી. બળદેવદાસ (૧૮૯૨) ૧૨ અલ્હાબાદ ૫૬૪.)

કલેકટરનો અખત્યારઃ—મુંબાઇમાં મંજુર થયા પછી તે સર્ટીફીકટ બાબત ના કહી શકતા નથી. (લલુ વી. ભાવલા (૧૮૬૭) ૧૨ મુ. ૪૭૮) તેમ તેઓ લીલામ રદ કરી શકતા નથી અથવા હુકમનામામાં ગીરો છોડાવવાને જે મુદત આવેલી હોય તે મુદત તેઓ વધારી શકતા નથી (ગણુપતરામ વી. ઇઝાક (૧૮૯૧) ૧૫ મુ. ૩૨૨. વળી જુઓ બાઈ અમથી વી. માધવ; (૧૮૯૧) ૧૫ મું ૬૯૪.

આ કલમ પ્રમાણે જ્યારે બજાવણી સારૂ એક હુકમનામુ કલેકટર તરફ મોકલેલુ હોય તો તે હુકમનામાની બજાવણીમાં જે કાંઇ નાણાં વસુલ થાય તે જે દીવાની કોર્ટે પોતાની તરફ તે હુકમનામું બજાવવા સારૂ મોકલેલુ હોય તે દીવાની કોર્ટ તે નાણાંની વ્યવસ્થા કરે તે સારૂ કલેકટર પોતાના કબજામાં રાખે છે અને દીવાની કોર્ટ તરફથી જે હુકમ થએલો હોય તે વીરૂધ તે નાણાં વહેચી આપવાને તેઓ મુખત્યાર નથી (ટેપસરીલાલ વી. દેવકીનંદન (૧૮૯૮) ૧૯ અલ્હાબાદ ૧ જ્યારે પૈસા બાબતનુ હુકમનામું આ બાબ પ્રમાણે બજાવવા સારૂ કલેકટર તરફ મોકલેલુ હોય ત્યારે જે મીલકત વેચવાનુ જાહેરનામું કરેલુ હોય તે મીલકતમા જે પક્ષકારો હીત રાખતા હોય તે પક્ષકારો હીત રાખતા હોય તે પક્ષકારોની તે વેચાણ બાબત પરીશીષ્ટ ૩ ટીકા ૩ પ્રમાણે હરકત સાંભળવાને કલેકટને અખત્યાર આપેલો નથી તેમ તે મીલકત અથવા તેનો ભાગ યોગ્ય રીતે જપ્ત કરેલો છે કે નહી તેનો નીર્ણય કરવાને કલેકટરની ફરજ પૈકી કાંઇ નથી (ઓકરસીંગ વી. મોહનકુંવર (૧૮૯૮) ૨૦ અ. ૪૨૮) એકાદા જે કલેકટર તરફ હુકમનામું બજાવવાને સારૂ આ કલમ પ્રમાણે મોકલેલું હોય ત્યારે તે કલેકટરને હુકમનામાના દેણદાર પાસેથી તે હુકમનામાની રકમ લેવાનો તથા લીલામ રદ કરવાનો અખત્યાર નથી. સરકારે આ કલમ પ્રમાણે જે રૂલો. કરેલી છે તેથી તે વેચાણ સાબેત કરવાને દીવાનીરાહે દાવો કરવાનો એકાદ પક્ષકારનો હક હોય તેમાં કોઇ રીતે તેમાં તે વચમાં આવતાં નથી (મથુરદાસ વી. પનહાલાલ (૧૮૯૫) ૧૯ મુ. ૨૧૬; નારાયણ વી. રસુલખાંન (૧૮૯૯) ૨૩ મુ. ૫૩૧). જ્યારે આ કલમ પ્રમાણે એકાદુ હુકમનામું કલેકટર તરફ મોકલેલું હોય ત્યારે ઓરડર ૨૧ રૂલ ૨ પ્રમાણે એકાદી દરખાસ્ત કરવાની તે કલેકટરને કરવાની છે અને તે બાબત કલેકટર યોગ્ય કોર્ટ છે. (મહમદ સેપ વી. પ્રાગશાહુ (૧૮૯૪) ૧૬ અલ્હા. ૨૨૮.)

વડીલો પાર્જીત મીલકત—જ્યારે જે મીલકત વેચવાની હોય તેમાંનો એકાદો ભાગ વડીલો પાર્જીત મીલકતનો હોય તો તે જે ભાગની વડીલો પાર્જીત મીલકત હોય તે સબંધી ફક્ત હુકમનામું બજાવવા સારૂ કલેકટર તરફ મોકલવું જોઇએ. (અહમદ ધાનસખાંન વી. સાલનાપ્રસાદ (૧૯૦૬) ૨૮ અલ્હા. ૬૩૧; (૧૯૦૬) અલ્હા. વી. નો. ૧૪૩). જો એકાદુ

ગામ વડીલો પાર્જીત મીલકતની જમીન હોય તો તેમાં જે વધારો થએલો હોય તે પણ વડીલો પાર્જીત છે. (રામપ્રસાદ વી. રાધાપ્રસાદ (૧૮૮૫) ૭ અલ્હા. ૪૦૨).

રેગ્યુલર દાવો.—એક હુકમનામુ આ કલમ પ્રમાણે કલેક્ટર તરફ મોકલેલું તે હુકમનામુ બજાવનાર કલેક્ટરે વડીલો પાર્જીત મીલકતનું વેચાણ કર્યું તેમાં વાદીઓ હુકમનામાવાળાઓ લીલામમાંથી ખરીદદાર થએલા હતા. તે હુકમનામાના દેણદારો પ્રતીવાદીઓની અરજ ઉપરથી કલેક્ટરે તે લીલામ રદ કર્યું. તે ઉપરથી વાદીઓ, હુકમનામાવાળાઓ જે લીલામમાંથી ખરીદ કરનારા હતા તેમણે તે લીલામ બળવાન છે, માટે કલેક્ટરનો તે લીલામ રદ કરવાનો હુકમ અમલમાં આવે તેવો નથી એવું ઠરાવવાને દાવો કર્યો. ઠરાવ્યુ છે કે આવો દાવો ચાલવા લાયક છે (શામબીહારી વી. રૂપકીશોર (૧૮૯૮) ૨૦ અલ્હા. ૩૭૯). પણ લીલામ રદ કરવાને કલેક્ટરે જે હુકમ કરેલો હોય તે રદ કરવાનો દાવો ક. ૪૭ પ્રમાણે ચાલતો નથી એવા કારણથી કે તે મીલકત વડીલો પાર્જીત નથી માટે તે કલેક્ટર કાયદેસર રીતે વેચી શકતા નથી (દોલત વી. જુગલ કીશોર (૧૯૦૦) ૨૨ અલ્હા. ૧૦૮) જ્યારે એકાદ કલેક્ટર તરફ હુકમનામું બજાવાને આ કલમ પ્રમાણે મોકલેલું હોય ત્યારે હુકમનામાના દેણદાર પાસેથી હુકમનામાની રકમ લઇને લીલામ તેવું રદ કરે કે જે કરવાનો તેમને અધીકાર નહોતો, તેમાં ઠરાવ્યું છે કે તેમનો હુકમ રદ કરવાને તથા તે વેચાણ મંજુર કરવાને દાવો ચાલે છે (મથુરાદાસ વી. પનાલાલ (૧૮૯૫) ૧૯ મું. ૨૧૬). તેવીજ રીતે કલેક્ટરનો રદ કર્યાનો હુકમ રદ કરાવાને તથા લીલામ મંજુર કરવાને દાવો ચાલવા લાયક છે. (મથુરાદાસ વી. જમનાપ્રસાદ (૧૯૦૩) ૨૫ અ. ૩૫૫). વડીલો પાર્જીત મીલકત વેચવાનું હુકમનામું બજાવાને કલેક્ટર તરફ મોકલેલું હતું. પછી હુકમનામાના દેણદારે ખાનગી રાહે તે મીલકત વેચી તેથી ખરીદદારે હુકમનામાવાળાને કીંમત આપી અને તે આપ્યાની બાબત દીવાની કોર્ટમાં નોંધાવી. કલેક્ટર આ બાબતથી અજાણ્યા હોવાથી તેમણે તે મીલકત વેચી ઠરાવ્યું છે કે પેહલા ખરીદદારોનો ઇલાજ બજાવણીમાં અરજી કરવાનો છે અને દાવો કરવાનો નથી અને તે અરજી દીવાની કોર્ટમાં કરવાની છે (સાધો ચોધરી વી. અભેનંદન (૧૯૦૪) ૨૬ અ. ૧૦૧).

રૂલો.—મુંબાઇમાં આવી રૂલો ઠરાવ્યા બાબતની જાહેર ખબર જુઓ સ્થાનીક રૂલો તથા હુકમોની યાદ આ. ૧૮૯૬ વા. પા. ૩૯૮–૪૦૬; બર્મા, જુઓ બર્મા રૂલ. મેન્યુઅલ, આ. ૧૮૭૯ પા. ૧૧૦–૧૧૧; વાય્યપ્રાંત અને આઉધ, જુઓ વાય્યપ્રાંત અને આઉધની સ્થાનીક રૂલો અને હુકમોની યાદ આ. ૧૮૯૪ પા. ૧૧૧–૧૧૨; મધ્યપ્રાંતો, જુઓ, મધ્યપ્રાંતનુ ગેઝીટ, ૧૯૦૪ ભા. ૩ પા. ૨૧૮.

૭૧. ૬૮ મી કલમ પ્રમાણે કલેક્ટર તરફ મોકલેલું હુકમનામું બજાવવામાં કલેક્ટર તથા તેના તાબાના માણસો ન્યાયખાતાનું કામ ચલાવે છે એમ સમજવું. — કલેક્ટર ન્યાયખાતાનું કામ ચલાવે છે એમ સમજવું.

સને ૧૮૮૨ ના એક્ટ ૧૪ ની કલમ ૩૨૦ નો ૫ મો પેરો.

ટીકા.--જ્યારે કલેક્ટર આ બાબ પ્રમાણે કામ કરતા હોય ત્યારે તેઓને ન્યાયાધીકારીઓના રક્ષણ બાબત સને ૧૮૫૦ના એક્ટ ૧૮ ના હેતુમાં તેઓને લાવવા સારૂ સને ૧૮૮૨ ના એક્ટ ૧૪ માં આવો ઠરાવ છે એવું ઠરાવામાં આવ્યું છે કે કોર્ટના પ્રાધાનીક અમલદારો તરીકે કલેક્ટરો વર્તેલા છે માટે તે કોર્ટ ફરી તપાસ તેમના કામની કરી શકે છે (લલ્લુ વી.

ભાઉલાલ (૧૮૮૦) ૧૧ મું ૪૭૮). પરંતુ આ કલમમાં જે ફેરફાર કરેલો છે તેથી તે ફેંસલો રદ કર્યાનું જણાય છે.

૭૨. (૧) જે સ્થાનિક હદ્દમાં કલમ ૬૮ પ્રમાણે પ્રસિદ્ધ કરેલો ઠરાવ વિદ્યમાનકાળે અમલમાં ન હોય તેવી સ્થાનિક હદ્દમાં જપ્ત કરેલી મિલકત જમીન અથવા જમીનમાંનો કંઈ હિસ્સો હોય, અને કલેકટર કોર્ટને એવું જણાવે કે, તે જમીન અથવા હિસ્સાનુ જાહેર વેચાણ હરકત ભરેલું છે, તથા તે જમીન કે હિસ્સો કાઇ થોડી વખત કોઇને આપવાથી, યોગ્ય મુદતમાં હુકમનામું પુરૂં થાય તેમ છે, ત્યારે તે જમીન અથવા હિસ્સો વેચવાનું કામ ચલાવ્યાને બદલે, કલેકટરે ભલામણ કરી હોય તે રીતે હુકમનામું થાય તેવો બંદોબસ્ત કરવાનો કલેકટરને અખ્ત્યાર આપવાને કોર્ટ મુખ્ત્યાર છે.

જમીનનું વેચાણ બંધ રાખવાનો અખ્ત્યાર કોર્ટ કલેકટરને ક્યારે આપે.

(૨) આવે દરેક પ્રસંગે કલમો ૬૯ થી ૭૧ સુધીના ઠરાવો તથા તેમની રૂયે કરેલી કાનુનોના ઠરાવો લાગુ પડી શકે તેટલા લાગુ પડે છે એમ સમજવું.

સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની કલમ ૩૨૬ આ કલમ હાઇકોર્ટને લાગુ થાય છે.

ટીકા.—આ કલમ જમીન અથવા હીસ્સાનું વેચાણ કરવાને એકાદા કરારમાં ખાસ ઠરાવ કરેલો હોય તે પ્રમાણે તે વેચવાનું હુકમનામું હોય તેને લાગુ થતી નથી (ભગવાન પ્રસાદ વી. શીવશાહી (૧૮૭૯–૮૦) ૨૨ મું ૮૫૬).

કોર્ટ અખત્યાર આપવાને મુખત્યાર છે—કોર્ટનો ફક્ત અખત્યાર છે માટે આખરનો હુકમ કરતા પહેલાં કોર્ટે પક્ષકારની લીધેલી કાંઇ હરકત હોય તે સાંભળવી જોઇએ (હરોપ્રસાદ વી. કાળીપ્રસાદ (૧૮૮૩) ૯ ક. ૨૯૦).

આ કલમ પ્રમાણે એકાદી કોઇ ફક્ત રેહમીયત આપી શકે છે તે હુકમનામાનો દેણદાર થોડી મુદતને સારૂ મીલકત બીજાને આપીને અથવા પોતાના હીસ્સાનો વહીવટ કરીને હુકમનામું વસુલ આપવાને સારૂ તેને વ્યાજબી મુદત આપવાની છે; હુકમનામામાં જે હક બતાવેલા ના હોય તો તે હક્કતેથી આપવાની પરવાનગી આપવાને કોર્ટને તેથી અખત્યાર નથી શીવપ્રસાદ વી. શીવચરણ (૧૮૭૦) ૨ અ. હા. કો. ૫૯) અને તે દેણદારે પોતાની જમીનનો કબજો પોતાને માટે અથવા પોતાના સગીર દીકરાના વાલી તરીકે રાખવો એવી પરવાનગી આપવાને કોર્ટને અખત્યાર નથી (કાશીલાલ વી. અમીરજાન (૧૮૭૦) ૨ અ. હા. કો. ૨૪૭), અને એકાદા કલેકટરની નજરમાં એવું આવે કે હુકમનામાના દેણદારની જમીનની લીલામમાંથી માફી કરવી જોઇએ અને બાર વરસ સુધીના હક્કતેથી આપવાને હુકમનામાના દેણદારને પરવાનગી આપવી જોઇએ, તેમાં ઠરાવ્યું છે કે તે ગોઠવણને ટેકો મળી શકતો નથી. (મથુરા પ્રસાદ વી. રામપ્રસાદ (૧૮૭૪) ૬ અ. હા. કો. ૩૯; હરોપ્રસાદ વી. કાળીપ્રસાદ (૧૮૮૩) ૯ ક. ૨૯૦).

ખાસ રીતે અમલ કરવો તે—કલેકટરના વહીવટ નીચેની જમીન વેચવાનું તે માલેક વીરૂદ્ધ હુકમનામું કરી શકાતું નથી (શેઠ જવદયાળ વી. રામશાહી (૧૮૯૦) ૧૭ ક. ૪૩૨).

મુદત—કલેકટરના વહીવટનો મુદતની બાબતમાં જે અસર થાય છે તે વીશે જુઓ ગીરધરદાસ વી. હરશંકર (૧૮૯૮) ૨૦ અ. ૩૮૩).

બજાવણીમાં હરકત થાય તે વિશે.

૭૩. (૧) જ્યારે કોર્ટની પાસે વસુલ થયેલો અવેજ હોય અને તે અવેજ એવી રીતે વસુલ થતાં પેહેલાં એક કરતાં વધારે શખસોએ તેજ હુકમનામાના દેણદારની ઉપર પૈસા આપવા બાબતનાં હુકમનામાં બજાવવાને દરખાસ્તો કરી હોય, અને તે હુકમનામાં પુરાં થયાં ન હોય ત્યારે, વસુલ કરવાનું ખરચ બાદ કરીને બાકીનો અવેજ ફાળે પડતો તે બધા શખસોને વેહેંચી આપવો.

બજાવણીના વેચાણમાં જે ઉપજે તે હુકમનામાવાળાઓમાં ફાળે પડતું વેહેંચી આપવું.

પરંતુ એવું ઠરાવ્યું છે કે:—

(અ) ગીરો હક્ક અથવા બીજો બોજો કાયમ રાખીને કંઇ મિલકત વેચાઇ હોય ત્યારે, તે વેચાણથી કંઇ વધારો રહે તેમાંથી હિસ્સો લેવાનો ગીરોદારને અથવા જેનો બોજો હોય તેને હક્ક રહેશે નહીં;

(બ) હુકમનામું બજાવવામાં વેચવાને પાત્ર જે મિલકત હોય તેના ઉપર ગીરો હક્ક અથવા બીજો બોજો હોય ત્યારે, ગીરો રાખનારની અથવા બોજાવાળાની સંમતિથી, ગીરો હક્ક અથવા બોજો રાખ્યાશિવાય તે મિલકત વેચવાનો, અને વેચેલી મિલકત ઉપર ગીરો રાખનારનો અથવા બોજાવાળાનો જે હક્ક હોય તેજ હક્ક તેને વેચાણમાંથી ઉપજેલી રકમ ઉપર આપવાનો, હુકમ કરવાને કોર્ટ મુખ્ત્યાર છે;

(ક) કોઇપણ સ્થાવર મિલકત ઉપરનો બોજો કાઢી નાખવા માટે તેનું વેચાણ જે હુકમનામામાં ફરમાવ્યું હોય તે હુકમનામાની બજાવણીમાં તે મિલકત વેચી હોય, ત્યારે વેચાણની ઉપજ હેઠળ લખેલી બાબતમાં વાપરવી:—

પેહેલી.—વેચાણનો ખરચ આપવામાં:

બીજી.—હુકમનામાની રૂયે જે લેહેણું હોય તે આપવામાં;

ત્રીજી.—ત્યાર પછીના કાંઈ બોજા હોય તો, તે બાબત જે મુદ્દલ તથા વ્યાજ દેવું હોય તે આપવામાં; અને

ચોથી.—હુકમનામાના દેણદારની વિરૂદ્ધ પૈસા આપવા બાબતનાં હુકમનામાના જે ધારણ કરનારાઓએ સદરહુ મિલકતનું વેચાણ થયાની અગાઉ પોતાના હુકમનામામાં બજાવવા સારૂ સદરહુ વેચાણ ફરમાવનારૂં હુકમનામું જે કોર્ટે કર્યું હોય તે કોર્ટને દરખાસ્ત કરી હોય અને જે હુકમનામામાં હુકમનામાંની ભરપાઇ થઇ ન હોય, તેમને ફાળે પડતી વેહેંચી આપવામાં.

(૨) આ કલમની રૂએ ફાળે પડતો વહેંચી આપવા આપવા જોગ સદરહુ સઘળો અવેજ અથવા તેનો કંઇ ભાગ લેવાને જે શખસ હક્કદાર ન હોય તેને તે આપવામાં આવે ત્યારે, તે અવેજ પાછો ભરવાની તે શખસને જરૂર પાડવાસારૂ તે શખસ ઉપર કોઈપણ હક્કદાર શખસ ફરિયાદ કરી શકે.

(૩) આ કલમમાં કહેલી કોઇ વાતથી સરકારના કોઈપણ હક્કને બાધ આવે છે એમ સમજવું નહિ.

સને ૧૮૮૨ ના એક્ટ ૧૪ ની કલમ ૨૯૫ આ કલમ હાઇકોર્ટ તથા પ્રોવીન્શીઅલ સ્મોલકોઝ કોર્ટને લાગુ થાય છે જુઓ કલમ ૬૬ નીચેની નોટ.

કલમ લાગુ કરવી તે—આ કલમનો મતલબ એકાદા કરાર ઉપરથી પક્ષકારોના જે હક ઉત્પન્ન થતા હોય તેમાં ફેરફાર કરવાનો અથવા તેથી મર્યાદા રાખવાનો નથી પરંતુ એકજ આધારનાં હરીફાઈ કરતા હુકમનામાવાળાઓની વચમાંના સવાલોનો ફક્ત નીર્ણય કરવાનો છે અને તેમની બાબતમાં બજાવણીમાં વચેલી મીલકતની જે ઉપજ આવેલી હોય તે કેવી રીતે વ્હેંચી આપવી તે રીતનો નીર્ણય કરવાને બીજી રીતે કાંઇ નીયમ નથી (હસુનારા વી. જાદવદુનીસા (૧૮૭૯) ૪ ક. ૨૯), અને દીવાની કાયદા શીવાય કરારથી જે હકો નીર્ણય રાખેલા તે હકોમાં ફેરફાર કરવાનો અથવા તેની મર્યાદા રાખવાનો કોઇ દીવસ ઇરાદો રાખેલો નથી (રાજચંદ્ર વી. હરમોહન (૧૮૭૫) ૨૪ વી. રી. ૫૮). તે ફક્ત એક કામ ચલાવાની રીતીનો નીયમ છે અને પક્ષકારોના વ્યાજબી હકોનો નીર્ણય કરવાને રેગ્યુલર દાવો ચાલે છે. (જાનકી વલ્લભ વી. જેરૂદીન (૧૮૮૪) ૧૦ ક. ૫૭૬; શાહીરામ વી શીવલાલ (૧૮૮૫) ૭ અ. ૩૭૮). તેના તેજ હુકમનામાના દેણદાર ઉપર હુકમનામાવાળાઓના હુકમનામા હોય અને તેઓએ તેના ઉરના પોતાના હુકમનામા બજાવાને તેજ કોર્ટમાં દરખાસ્તો કરેલી હોય તેનેજ ફકત આ કલમ લાગુ થાય છે (ગોપીનાથ વી. અછાબી (૧૮૮૧) ૯ ક. લા. રી. ૩૫૫; ૭ ક. ૫૫૩) શંભુ વી. લકીનાથ (લુ૮૮૩) ૯ ક. ૯૨૦; ક્રીષ્ણુશંકર વી. ચંદ્રશંકર (૧૮૮૧) ૫ મું. ૧૯૮; દતાત્રય વી. રહીમતુલ્લા (૧૮૯૪) ૧૮ મું. ૪૫૬; સ્મોલ કોઝ કોર્ટના અને સબોર્ડીનેટ જડજની કોર્ટના જડજ જો કે એકના એક હોય પણુ કોર્ટો એકની એક નથી હીમા બેંક વી. હર્ટ (૧૮૮૧ ૩ અ. ૭૧૦; મુંબાઇમાં તેઓ છે ભગવાન દયાળજી વી. બાલું. (૧૮૮૪) ૮ મું. ૨૩૦ મલહારી વી. નર્સો ક્રીષ્ણુ (૧૮૮૫) ૯ મું. ૧૭૪; ક્રીષ્ણુ વેલજી વી. ભાઉ મંછારામ (૧૮૯૪) ૧૮ મુ. ૬૧; અને મદ્રાસ કેલુવા વી. ક્રીષ્ણુ (૧૮૯૨) ૧૫ મુ. ૩૪૫; પરંતુ જુઓ પીતાંબર વી. ઘોડું (૧૮૮૮)૧૨ મું ૪૮૬), પછી તે તમામ હુકમનામાવાળાઓએ જપ્તી કરાવેલી ના હોય (મેવલાલપુરી વી. શીવપ્રસાદ (૧૮૮૧) ૭ ક. ૩૪) અને વસુલ થતાં પહેલાં કેટલીક દરખાસ્તો ચાલુ હોય (તીરૂચીતેબલા વી. શેશાયગંર (૧૮૮૨) ૪ મ. ૩૮૩; વીશ્વનાથ વી. વીરચંદ (૧૮૮૨) ૬ મું. ૧૬); અને રકમ ઉપજેલી હોય (બીરાનચંદ્ર વી. મનમોહીની (૧૮૬૭) ૮ વી. રી ૫૦૧); અને તે એક ન્યાયની રૂએ એક હુકમથી ઉપજેલી હોય (આનંદલાલ વી. જળોધરશાહ (૧૮૭૨) ૧૭ વી. રી. ૩૧૩) તે બજાવણીમાં વેચાણથી અથવા બીજી રીતે ઉપજેલી હોય અને ખરી રીતે કોર્ટમાં હોય અથવા ઓર્ડર ૨૧ રૂલ ૭૨ પ્રમાણે તેના સામો સ્ટોફ કરેલો હોય (તેપાનીદી વી. મથુરાલાલ (૧૮૮૬) ૧૨ ક. ૪૫૯; મેડન વી. ચપાની (૧૮૯૮) ૧૧ મ. ૩૫૬); પછી તે વેચાણ કાયમ કરેલું ન હોય (વીશ્વનાથ વી. વીરચંદ (૧૮૮૨) ૬ મું. ૧૬); અને તે વસુલ કરતા પહેલાં તેની તેજ કોર્ટમાં બીજા સખસો બજાવણી ચલાવતા હોય (ક્રીષ્ણુશંકર

વી. ચંદ્રશંકર (૧૮૮૧) ૫ મું. ૧૯૮) અને કોઇ બીજી જપ્તી કરવામાં આવેલી હોયતો તે રેહતી નથી માટે તે કોઇ બીજી જપ્તી પ્રમાણે બીજાું લીલામ થતું નથી (કાશીનાથ વી. સદાનંદ (૧૮૮૬) ૧૨ ક. ૩૧૭) વીરરાઘવ વી. પરશુરામ (૧૮૯૨) ૧૫ મ. ૩૭૨) આ કલમ પ્રમાણેનો એકાદો હુકમ હોય તેથી જપ્તી થતી નથી. બાગાદીન વી. ખુશાલી (૧૮૮૫) ૭ અ. ૭૦૨); દુર્ગાચરણ વી. મનમોહીની (૧૮૮૮) ૧૫ ક. ૭૭૧) અને દરખાસ્ત કરનાર શીવાય બીજા લેણદારે મીલકત જપ્ત કરાવી હોય તો તે દરખાસ્તથી હુકમનામાનો દેણદાર જપ્તી કરાવનાર લેણદારના ફાયદા સારૂ જપ્ત કરેલી મીલકત ખાનગી રાહે વેચે તો તે વેચવામાં અટકાવ થતો નથી (મનોહર વી. રામઉતર (૧૯૦૩) ૨૩ અ. ૪૩૧૭; પરંતુ એકાદું લેણું જપ્તી કરવામાં આવેલું હોય) તો તેનું વ્યાજબી રાહે એસાઇનમેંટ કરેલું તે બીજા જે લેણદારે પાછળથી આ કલમ પ્રમાણે હુકમ કરાવેલો હોય તે લેણદારના વીરૂદ્ધ બળવાન છે (સોરાબજી વી. ગોવીંદ (૧૮૯૨) ૧૬ મું. ૯૧).

ફાળા પડતી વ્હેંચણીના સવાલમાં હુકમનામાનો જે ભાગ વસુલ થયા વીનાનો હોય તે લક્ષમાં લેવાનો છે માટે તેની હુકમનામાની જે રકમ વસુલ થઇ ગયેલી હોય તેના પ્રમાણમાં હુકમનામાવાળાને માટે કાંઇ રકમ કોરાણે શા માટે રાખવી જોઇએ તેનું કાંઈ કારણ નથી. (સરતચંદ્ર કુંદુ વી. દયાળરાવસીલ (૧૮૯૯) ૩ ક. વી. નોટ ૩૬૮) આ કલમમાં એકાદા હુકમનામાવાળાનો ઉપજેલી રકમમાંથી ભાગ લેવાનો હક થવાને સારૂં પોતાના હુકમ નામાની બજાવણીમાં રકમ ઉપજાવતા પહેલાં જે કોર્ટમાં તે ઉપજેલી રકમ હોય તે કોર્ટને તેણે દરખાસ્ત કરેલી હોવી જોઇએ એવી જરૂર છે એમ ઠરાવ્યું છે. એકાદા હુકમનામાવાળાએ બીજી કોર્ટમાં મીલકત માત્ર જપ્ત કરાવેલી હોય તો વેચાણથી ઉપજેલી રકમમાંથી લાભ લેવાનું કાંઈ હીત નથી તેમ કાંઇ હક નથી (બીજવસીંગ વી. હુકમચંદ (૧૯૦૨) ૬ ક. વી. નોટ ૨૨૩) એકાદીને કોર્ટ તરફ બજાવણી સારૂ હુકમનામું મોકલેલું હોય તે કોર્ટને આ કલમ પ્રમાણે દરખાસ્ત સાંભળવાનો અખત્યાર નથી. (કામેશર વી. ઠાકરપ્રસાદ (૧૯૦૩) ૨૫ અ. ૪૪૩) એકાદા મુનસફની કોર્ટ હુકમનામાની બજાવણીમાં મીલકત વેચવામાં આવેલી હોય અને તે લીલામથી રકમ ઉપજતાં પહેલાં સબાર્ડીનેટ જડજની કોર્ટમાં એક હુકમનામાવાળાએ ફેંસલો કરતાં પહેલાં તેની તે મીલકત જપ્તી કરાવેલી અને તે પોતાનું હુકમનામુ બજાવાને સબોર્ડીનેટ જડજને દરખાસ્ત આપે તો લીલામમાંથી ઉપજેલી રકમની ફાળા પડતી વેંચણી કરવા સબંધીના સવાલોનો નીર્ણય કરવાની જે કોર્ટની ફકત હકુમત છે તે સબોર્ડીનેટ જડજની કોર્ટની હકુમત છે (ભગવાનચંદ્ર વી. ચંદ્રમાળા (૧૯૦૨) ૨૯ ક. ૭૭૩; (૧૯૦૨) ૬ ક. વી. નોટ ૬૭).

આ કલમ બીજા હુકમનામાવાળાઓ સાથે એક સરખી રીતે જે સખસ બજાવણીનું કામ શરૂ કરે તેને લાગુ થાય છે; તે દરખાસ્તની નોટીસ બીજા હુકમનમાવાળાઓને આપવાની જરૂર નથી (ચુનીલાલ વી. જુગલકીશોર (૧૯૦૫) ૨૭ અ. ૧૩૨). જો કે કલમ ૩૯ પ્રમાણે હુકમનામું ટ્રાન્સફર કરેલું હોય તો પણ આ કલમ લાગુ થાય છે) બૈજનાથ વી. હોલોવે (૧૯૦૫) ૧ ક. લા. જે ૩૧૫).

રેગ્યુલર દાવો.—દાવાનું કારણ:—નાણાં આપવામાં આવે ત્યાં સુધી દાવાનું કારણ ઉત્પન્ન થતું નથી (હાર્ટ વી. તારાપ્રસન્ન (૧૮૮૫) ૧૧ ક. ૭૧૮). પેહલા ગીરો રાખનારના હુકમનામાની બજાવણીમાં ત્રીજા ગીરો રાખનારના એસાઇનીને વેચાણની ઉપજેલી વધારાની રકમ આપવા સારૂ આ કલમ પ્રમાણે એકાદો હુકમ કરેલો હોય તો ગીરો આ-

પનાર પાસેથી ગીરો છોડાવાનો એકાદા ખદીદદારનો હક હોય તેની ખાએશથી તે ઉપજેલી વધારાની રકમ બાબત દાવો કરવાને અટકાવ થાય છે (હરદારસીંગ વી. ભવાનીપ્રસાદ (૧૮૯૮) ૨ ક. વી. નોટ ૪૨૯).

હકુમત.—આ કલમ પ્રમાણે જે રકમ અપાવેલી હોય તે પાછી લેવાના દાવાની સ્મોલકોઝ કોર્ટ તપાસ કરી શકતી નથી ; શાહીરામ વી. શીવલાલ (૧૮૮૫) ૭ અ. ૩૭૮; વળી જુઓ ગ્રીષચંદ્ર વી. દુર્ગાદાસ (૧૮૮૦) ૫ ક. ૪૫૪; તે તપાસ કરી શકે છે—હરીહર વી. સુબ્રમન્ય (૧૮૮૬) ૯ મ. ૨૫૦. પણ જુઓ માતાપ્રસાદ વી. ગૌરી (૧૮૭૯) ૩ અ. ૫૯, તેમાં ઠરાવેલું છે કે આવો દાવો સ્માલકોઝ કોર્ટમાં તપાસવા લાયક પ્રકારનો છે).

રેસજ્યુડીકેટા નહિં તે.—આ કલમથી પક્ષકારોના હક તે વખતે જણાતા હોય તે પ્રમાણે લીલાંમમાંથી ઉપજેલી રકમની વ્હેંચણી કરી શકાય છે પણ તેની વ્હેંચણીથી તેઓ હકનો નીશ્ચય કારક ઠરાવ કરેલો હોય એવું ગણ્યા શીવાય તે વ્હેંચણી થઇ શકે છે (શંકર સ્વરૂપ વી. મેજોબાલ (૧૯૦૧) ૨૩ અ. ૩૧૩; લા. રી. ૨૮ ઇ. અ. ૨૦૩, (૧૯૦૧) ૫ ક. વી. નોટ ૬૪૯).

મુદત.—જો વ્હેંચણી કરનાર કોર્ટની હકુમત હોય તો તે હુકમની તારીખથી એક વરસની અંદર રેગ્યુલર દાવો લાવવો જોઈએ (ગૌરીપ્રસાદ વી. રામરતન (૧૮૮૬) ૧૩ ક. ૧૫૯; તો પણ જુઓ તેપોનીધી વી. મથુરાલાલ (૧૮૮૬) ૧૨ ક. ૪૯૯; તે પ્રમાણે મદ્રાસમાં નથી—શીવરામ વી. સુબ્રમન્ય (૧૮૮૬) ૯ મ. ૫૭; અથવા મુંબાઇમાં નથી—વીશ્નુ વી. અચ્યુત (૧૮૯૧) ૧૫ મું. ૪૩૮; શંકર સરૂપ વી. મેજોમલ (૧૯૦૧) ૨૩ અ. ૩૧૩; લા. રી. ૨૮ ઇ. અ. ૨૦૩; (૧૯૦૧) ૫ ક. વી. નોટ ૬૪૯; જો કોર્ટની હકુમત ના હોય તો તેમ નથી—રામકીષ્ણ વી. ભવાની (૧૮૭૬) ૧ અ. ૩૩૩).

પક્ષકારો.—વ્હેંચણીના તમામ પક્ષકારોને દાવાના પક્ષકાર કરવા જોઇએ (ગૌરીપ્રસાદ વી. રામરતન (૧૮૮૬) ૧૩ ક. ૧૫૯; બ્રજેકાંત વી. બેની (૧૮૭૫) ૨૩ વી. રી. ૪૩૪);

તેના તે હુકમનામાનો દેણદાર.—એક હુકમનામું અ. ઊપર છે, અને બીજુ હુકમનામું અ. તથા બ. ઊપર છે, અને તે હુકમનામાવાળાઓએ અ. ઉપર બજાવવાને દરખાસ્ત કરી હોય તો તેને આ કલમ લાગુ થાય છે. (શંભુનાથ વી. લખીનાથ (૧૮૮૩) ૯ ક. ૯૨૦; ગ્રેંટ વી. સુબ્રમનીયમ (૧૮૯૯) ૨૨ મ. ૨૪૧, અને જુઓ છોટાલાલ વી. નબીબાઇ (૧૯૦૫) ૨૯ મુ. ૫૨૮; ૭ મું. લા. રી. ૬૭), અને જો એકાદ પૈસા બાબતનું હુકમનામું બ. ૫. અને ૨. ઊપર હોય અને હ. નુ પૈસા બાબતનું હુકમનામું બ. ઊપર તથા ૫. ૨. અને ક્ષ. ઊપર મીલકત વેચાવીને સાંનનો અમલ કરવાનુ હોય અને મજીયારી મીલકત વેચાવીને તે બજાવેલુ હોય અને તે બજાવણી બ. ઉપર કડાવેલી હોય તો તેજ નીયમ લાગુ થાય છે (દીલ્હી બેંક વી. અનકવેનેંનટેડ સરવીસ બેંક (૧૮૮૮) ૧૦ અલ્હા.૩૫); પણ જો એક લેણદારનું હુકમનામું અ. અને બ. ઊપર થએલું હોય અને મજીયારી મીલકતનુ વેચાણુ કરાવીને તે બજાવેલું હોય, પણ ક. નુ હુકમનામું એકલા અ. ઉપર હોય તો તેમ નથી (દેવકીનંદન વી. હાર્ટ (૧૮૮૬) ૧૨ ક. ૨૯૪, થી રદ કરેલા છે. ગણેશદાસ વી. શીવલક્ષ્મણુ (૧૯૦૩) ૭ વી. નો. ૪૧૭; ૩૦ ક. ૩૯૩; છત્રપતસીંગ વી. જાદુકુળપ્રસાદ (૧૮૯૩) ૨૦ ક. ૬૭૩; પરંતુ શરતચંદ્ર કુંડુ વી. દયાળચંદ સીલ (૧૮૯૯) ૩ ક. વી. નો. ૩૬૮). એક હુકમનામું અ. અને બ. ની જાત ઉપર હતું. અને એક બીજુ હુકમનામું અ. ની જાત ઉપર તથા બ. ઉપર વારસ વકીલ તરીકેનું હતું

તેનો તે કલમમાં સમાસ થાય છે (હાર્ટ વી. તારાપ્રસન (૧૮૮૫) ૧૧ ક. ૭૧૮; વળી જુઓ તીબાજી તુલસીરામ વી. વાડીયા વેંકટી (૧૮૯૨) ૧૬ મુ. ૬૮૩); અને ગોવીંદ આબાજી વી. મોહીનીરાજ વીનાયક (૧૯૦૧) ૨૫ મુ ૪૯૪ અને જુઓ ગોટીલાલ વી. બીરબાહાદુરશાહી (૧૯૦૫) ૨૭ અ. ૧૫૮). અ. એ એક હુકમનામું ક્ષ. ય. અને ઝ. ઉપર મેળવેલું અને બ. એ ફક્ત ક્ષ. અને ય. ઉપર મેળવેલું હતું. તેમાં ઠરાવ્યુંછે કે તે કામનો આ ઠરાવમાં સમાસ થાય છે. (ગણેશદાસ વી. શીવલક્ષ્મણ (૧૯૦૩) ૭ ક. વી. નો ૪૧૪; ૩૦ ક. ૫૮૩; જુઓ બીઠલદાસ વી. નંદકીશોર (૧૯૦૧) ૨૩ અ. ૧૦૬). એક હુકમનામાના લેણદારનું હુકમનામું એક બાપ ઉપર હતુ અને એક બીજાનુ તે બાપ અને દીકરા ઉપર હુકમનામું હતું, પરંતુ જે મીલકતની કીમત ઉપજેલી હતી તે જે અવિભક્ત કુટંબના તે બાપ દીકરો અંગભુતો હતા તે કુટંબની વડીલોપાર્જીત મીલકત હતી, ઠરાવ્યું છે કે તે હુકમનામા તેના તેજ હુકમનામાના દેણદાર ઉપર ાં છે (રામનાથન ચેતીઆર વી. સુબ્રમન્ય શાસ્ત્રીયલ (૧૯૦૩) ૨૬ મ. ૧૭૯).

નાણાં વસુલ આપવા બાબતના હુકમનામા—(જુઓ પાછળ ક. ૩૪). દરમીયાન ઉપજનું હુકમનામું તે પૈસા બાબતનું હુકમનામું છે (વીરરાઘવ વી. વરદા (૧૮૮૨) ૫ મ. ૧૨૩). દરેક જે હુકમનામાથી નાંણા આપવાના હોય, પછી તેથી બીજી દાદ અપાવેલી હોય તો પણ તે પૈસા સબંધી પૈસા બાબતનું હુકમનામું છે (હાર્ટ વી. તારાપ્રશન ૧૧ ક. ૭૧૮; પણ જુઓ ફાજલ હવાલદાર વી. ક્રીશ્નબંધુ રોય (૧૮૯૮) ૨૫ ક. ૫૮૦; ૨ ક. વી. નો. ૧૧૮ ના કામમાં એવું ઠરાવેલુ છે કે જે હુકમનામામાં હુકમનામાવાળી રકમ શાંનવાળી મીલકતથી વસુલ કરવાને ઠરાવેલું હોય, અને તે જોઇએ તેટલી ના હોય તો પ્રતીવાદીને જાતે જવાબદાર ઠરાવેલો હોય તો તે ગીરોનું હુકમનામું છે અને પૈસા આપવા બાબતનું હુકમનામુ નથી. વળી જુઓ કારતીકનાથ વી. જગનાથરામ (૧૯૦૦) ૨૭ ક. ૨૮૫; અને જદુનાથ વી. જગમોહનદાસ (૧૯૦૩) ૨૫ અલ્હા. ૫૪૧). અ. તથા બ. ઉપરનું એક હુકમનામું તે બ. ની બાબતમાં તેઓની મીલકત વેચાવીને શાંનવાળી મીલકત વેચાવીને શાનનો અમલ કરવા બાબતનું હુકમનામું છે, પણ તેમાં અ. ની ખાસ અમુક મીલકત વેચવાનો ઠરાવ નથી, માટે તેની બાબતમાં તે પૈસા બાબતનું હુકમનામું છે (દીલ્હી બેંક વી. અનકવેનંન ટેક સરવીશ બેંક (૧૮૮૦) ૧૦ અ. ૩૫; અને જુઓ ગુરશાહી વી. રામદયાલ (૧૮૭૫) ૭ અ. હા. કો. ૯૧; જગતનારાયણ વી. ધંડલી (૧૮૮૩), ૫ અ. ૫૬૬). નાદાર દેવાદારના એકટની ક. ૮૬ પ્રમાણેનો એક ફેંસલો તે એક પૈસા બાબતનું હુકમનામું છે (ભગવાનદાસના કામમાં (૧૮૮૪) ૮ મુ. ૫૧૧) એક ગીરો રાખનારાએ લેણું ગીરોવાળી મીલકત વેચાવીને વસુલ કરવાનું મેળવેલુ હતુ તો તે પોતાનો હક સબંધી છોડી દે અને આ કલમ પ્રમાણે કામ ચલાવી શકે છે (ફકીરબક્ષ વી. ચતુરધારી (૧૮૭૦) ૧૪ વી. રી. ૨૦૯; રાધાકાંત વી. સદાપુત (૧૮૭૪) ૨૧ વી. રી. ૮૬), અને ગીરોવાળી મીલકત ઉપર પહેલુ કામ ચલાવવાને તેને ફરજ પાડવામાં આવતી નથી (હાર્ટ વી. તારાપ્રસન (૧૮૮૫) ૧૧ ક ૭૧૮; કાળીપ્રસાદ વી. રાયકીશોરી (૧૮૭૩) ૧૯ વી. રી. ૨૮૧. પણ જુઓ દીલ્હી બેંક વી. અનકવેંનંનટેડ સરવીસ બેંક (૧૮૮૮) ૧૦ અલ્હા. ૩૫). મદ્રાસમાં એવુ ઠરાવેલુ છે કે પૈસા આપવાને કસુર કરવામાં આવે તો, ગીરોવાળી મીલકત વેચાવવી એવો જે હુકમનામામાં ઠરાવ હોય તે હુકમનામું પૈસા બંબતનું છે (વૈધીનાથ સામી વી. સોમસુંદ્રમ (૧૯૦૫) ૨૮ મ. ૪૭૩).

શુધ બુદ્ધી—જે સખસો શુધ બુદ્ધીવાળા હુકમનામાવાળા ના હોય તે સખસોને કોર્ટે બાતલ કરવા જોઇએ (સુંદરદાસના કાંમમાં (૧૮૮૫) ૧૧ ક. ૪૨; છગનલાલ વી. ઇઝરાઇલી (૧૮૮૯) ૧૩ મુ. ૧૫૪). આ કલમ પ્રમાણે એક હુકમ કરવામાં આવે તે પછી વહેંચણી કરતા અવલ કોઇ પણ હુકમનામાવાળો એવુ ઠરાવવાને દાવો કરી શકે છે કે એક બીજુ હુકમનામું સાજસનુ છે (ત્રઇલોક્ય વી, પુલીન (૧૯૦૬) ૩ ક. લા. જે. ૩૮૫)

કોર્ટના કબજામાં ઊપજેલી રકમ.—આ શબ્દો "બજાવણીમાં વસુલ થએલા" એ શબ્દોની જગાએ દાખલ કરેલા છે, તે બાબત ન્યાયની રૂઇના કેટલાક ફેંસલાઓ જોવામાં આવ્યા છે (મણીલાલ વી. નાનાભાઇ (૧૯૦૪) ૨૮ મું. ૨૬૪; ફીંક વી. બાહાદુરસીંગ (૧૮૯૯) ૨૬ ક. ૭૭૨; ૪ ક. વી. નો. ૨૭). તેનો અર્થ અનુમાન પ્રમાણે વહેંચણી કરવામાં ઊપયોગમાં આવે તેવી મીલકત છે, અને ઓ. ૨૧ રૂ. ૮૩ પ્રમાણે એક ખરીદદારે મુકેલી અનામતનો તેમાં સમાસ થતો નથી (હાફીઝ મહમદ વી. દામોદર (૧૮૯૧) ૧૮ ક. ૨૪૨) તેમ જપ્તી કરયા પછી પણ લીલામ કરતા પહેલાં હુકમનામાના લેંણદારોમાંના એક લેંણદાર માટે કોર્ટમાં નાણાં ભરેલાં હોય તેનો તેમાં સમાસ થતો નથી (ગોપાળદાઇ વી. ચુની (૧૮૮૬) ૮ અ. ૬૭) અથવા તેઓના વારસ વકીલોમાંના એકને માટે કોર્ટમાં ભરેલા હોય તો તેંનો તેમાં સમાસ થતો નથી (શીવબક્ષ વી. શીવચંદ્ર (૧૮૮૬) ૧૩ ક. ૨૨૫); તેમ હુકમનાંમાના દેંણદારને પકડેલો હોય અને તેણે નાણાં આપેલાં હોય તો તેંનો તેમાં સમાસ થતો નથી (પરશોતમદાસ વી. મહનંત સુરજભારથી (૧૮૮૨) ૬ મું. ૫૮૮). તેમ ખાનગી વેચાણમાંથી ટ્રસ્ટીઓએ જે રકમો ઊપજાવેલી હોય તેનો તેમાં સમાસ થતો થતો નથી પછી કોર્ટે તે બાબત મંજુરી આપી હોય તો પણ તેનો સમાસ થતો નથી (પ્રસનોમોઇદાસી વી. શ્રીનાથરાય (૧૮૯૪) ૨૧ ક. ૮૦૯. વીબુધપ્રીય વી. યુશફ સાહેબ (૧૯૦૫) ૨૮ મ. ૩૮૦ ના કામમાં મંજુર રાખેલો છે અને વેસ્ટ એકટ વી. બીવન (૧૮૯૧) ૧ કયુ. બી. ૭૭૪ ના કાંમના ઠરાવનો મુકાબલો કરો) ઓ. ૨૧ રૂ. ૪૬ પ્રમાણે એક લહેણુ જપ્ત કરેલુ હતુ અને આ કલમના હેતુ પ્રમાણે તે શેરીફને આપવામાં આવેલુ હતુ (સોરાબજી વી. ગોવીંદ (૧૮૯૨) ૧૬ મું. ૯૧) અને તેવીજ રીતે લીલામ મંજુર કરતા પહેલાં વેચાણની કીમત તરીકે જે રકમો કોર્ટમાં ભરવામાં આવે તે છે. (વીશ્વનાથ વી. વીરચંદ (૧૮૮૨) ૬ મું. ૧૬; બીશનચંદ્ર વી. મનમોહીની (૧૮૬૭) ૮ વી. રી. ૫૦૧).

વ્યાજ.—ગીરો રાખનારે વ્યાજ બદલે સાથ લીધેલી તે આ કલમ પ્રમાણે નથી. (શીવરામ વી. સુબ્રમન્ય (૧૮૮૬) ૯ મ. ૫૭),

ફેંસલો થતા પહેલાં જપ્તી.—તેથી કાંઇ જવાબદારી ઊતપન થતી નથી, માટે તે જપ્તી કરાવનાર પક્ષકાર પોતાનુ હુકમનામું મેળવે તે પહેલાં એક બીજુ હુકમનામું થએલુ તો આ કલમ લાગુ થાય છે અને હુકમનામાના પહેલાં એક લીલામ કરવામાં (જેમકે બગડી જાય તેવા માલનુ) આવે તો તે જપ્તી કરાવનાર પક્ષકારનો કાંઇ પ્રથમ હક થતો નથી. (શીવદત વી. શ્રીકાંતો મેઇતી (૧૯૦૬) ૩૩ ક. ૬૩૯; ૧૦ ક. વી. નો. ૬૩૪). ઓરડર ૩૮. રૂલ. ૧૨ થી હુકમનામાવાળાએ જપ્ત કરાવેલી મીલકતની વહેંચણીમાંથી હીસ્સો લેવાને તે તેને અખત્યાર આપવામાં આવ્યો નથી. ફરીથી જપ્તી કરવાની જરૂર નથી. પણ બજાવણીની દરખાસ્ત અવશ્યની છે (પાલનજી વી. જોરડન (૧૮૮૮) ૧૨ મુ. ૪૦૦) હુકમનામું કરતા પહેલાં એક લહેણુ જપ્ત કરયા પછી તે જપ્તીની જવાબદારી સાથે દેંણદારે તે એક વ્યાજબી રીતનુ અસાઇનમેંટ કરી આપ્યું. ઠરાવ્યુ છે તેનુ લહેણુ શેરીફને વસુલ

આપવામાં આવ્યુ તે તારીખ પહેલાં આ કલમ પ્રમાણે બીજા જે લેંણુદારોએ બજાવણીની દરખાસ્તો કરેલી હોય તેમના વીરૂધ અસાઇનમેંટ બરોબર નથી (સોરાબજી વી. ગોવીંદ (૧૮૯૨) ૧૬ મું. ૯૧). જપ્તી કરયા પછી નાદાર થવામાં આવે તેંનો કાંઇ અસર થતો નથી (વીરરાઘવ વી. પરશુરામ (૧૮૯૨) ૧૫ મ. ૩૭૨).

આવી ઉપજ આવતા પહેલાં.—રીસીવરે સાંથ વસુલ કરતા પહેલાં જે લેંણુદારોએ બજાવણી બાબત દરખાસ્તો કરેલી હતી તેઓ એકલાનોજ ભાગ લેવાનો હક છે અને પાછળથી જેઓએ જપ્તી કરાવેલી છે તેઓનો હક નથી (ફીંક વી. માહારાજ બાહાદુર (૧૮૮૯) ૨૬ ક. ૭૭૨; ૪ ક. વી. નો. ૨૭).

ફાળા પડતુ.—તે વસુલ કરવાનુ ખર્ચ બાદ કરતાં જે વધારો રહે તે તમામ સખશોએ એક સરખી રીતે વહેંચી લેવાનો છે. વખતે સરકારના લહેણા શીવાય કોઇનો પ્રથમ હક નથી (સેક્રેટરી ઓફ સ્ટેટ વી. મુંબાઇ લેંડીંગ કંપની (૧૮૬૮) ૫ મુ. હા. કો. ૫૩), અથવા જે મકાન અથવા ઇમારત બાબત ભાડું લહેણું હતુ તે ભાડું લેવાનો કાંઇ પ્રથમ હક નથી (માણુકલાલ વી. લાખા (૧૮૮૦) ૪ મું. ૪૨૫ વળી જુઓ સુખળચંદ્ર વી. રસીકલાલ (૧૮૮૮) ૧૫ ક. ૨૦૨) વેસ્ટીમ ઓરડર થતા પહેલાં જમ કરેલી મીલકત સબંધી ઓફીશીઅલ અશાઇની કરતાં એક હુકમનામાના લેણુદારનો પ્રથમ હક નથી (પીકોક વી. મદનગોપાળ (૧૯૦૨) ૬ ક. વી. નોટ ૫૭૭; તેથી મીલર વી. લાખી મોતી (૧૯૦૧) ૫ ક. વી નો. ૭૬૧ નો ઠરાવ રદ થએલો છે).

જે કોર્ટે આ કલમ પ્રમાણે એકાદો હુકમ કરેલો હોય તે કોર્ટને ઓફીશીઅલ અશાઇની વેસ્ટીંગ ઓરડર કરતા પહેલાંની મુદત બાબતજ તે હુકમ ગણુવો જોઇએ. (હોવેટસન વી. ડેરંટ (૧૯૦૦) ૨૭ ક. ૩૫૧; ૪ ક વી. નોટ ૬૧૦)

નક્કી કરયા વીનાની દરમીયાન ઉપજ બાબતના હુકમનામાવાળાએ બજાવણીની દરખાસ્ત કરેલી હોય તો, તેનો હીસ્સો લેવાનો હક થાય છે (વીરરાઘવ વી. વરદા (૧૮૮૨)૫ મ. ૧૨૩; પણુ જુઓ બીંકા બીબી વી. લાલા (૧૮૭૪) ૨૧ વી. રી. ૬૬) વાદી અને પ્રતીવાદીએ તેની તેજ મીલકત ઉપર અને તે ગીરો ઉપર જે વસુલ કરયા વીનાની બાકી રહેલી તે સબંધી ગીરોના હુકમનામા મેળવ્યાં હતાં. પ્રતીવાદીએ હુકમનામાના દેણુદારની બીજી મીલકત જપ્ત કરાવીને વેચાવી. વાદીએ ગીરોવાળી ઇમારતો વેચાવી. તેથી પોતાની લહેણાની રકમ વસુલ થઇ નહી. પછી તેણે પ્રતીવાદીની સાથે ફાળા પડતી વહેંચણી કરવાને અરજ કરી. આ દરખાસ્તના મંજુર કરવામાં આવી તેથી આ કલમ પ્રમાણે જે રકમ તેને આપવા જોગ થા થાત તે રકમ લેવાને તેણે દાવો કરયો; ઠરાવ્યું છે કે વાદીનુ પૈસા બાબતનું છે અને તેનો તે વસુલ કરવાનો હક છે (કોમામી કાયર વી. પાકર (૧૮૯૭) ૨૦ મ. ૧૦૭; પણુ જુઓ કારતક વી. જગરનાથરામ (૧૯૦૦) ૨૭ ક. ૨૮૫; અને જદુનાથ પ્રસાદ વી. જગમોહનદાસ (૧૯૦૩) ૨૫ અલ્હા. ૫૪૧) જો એક ગીરો રાખનારને ગીરો આપેલી મીલકતના એક હીસ્સાની ઉપજેલી રકમના વધારામાંથી કાંઇ નાણાં મળે અને જે ગીરો આપનારાનો તે હીસ્સો હતો અને જેના ઉપર હુકમનામું મેળવેલું તેની બજાવણીમાં તે વેચવામાં આવેલી હતી, તે ગીરો આપનાર પાસેથી પ્રથમ ગીરો લેવામાં આવેલું હતુ તેની રૂઇએ તે હુકમનામું કરવામાં આવ્યું હતુ. તો તે નાણા પોતાની શીક્યુરીટીને લીધે જો તે બંધાએલો છે અને બીજી રીતે બંધાએલો નથી જો કે તેને તે ગીરો આપનારાઓ પોતાની પાસેવું બીજું લહેણું વસુલ આપવાને આપે તો પણુ કાંઇ ચીંતા નથી (બંગારામ

વી. જયબલવ નારાયણુ (૧૯૦૩) ૩૦ ક. ૯૫૩) એક મુશલમાન વિધવાએ પોતાના મરનાર ધણીના બીજા વારસ ઉપર મેહેર લેવાને હુકમનામું મેળવેલું હતુ તો તેના ધણીના બીજા જાતીકા દેવા બાબત તે વારસ ઉપર એક બીજુ હુકમ થએલું હતુ તે કરતાં તે વિધવાના હુકમનામાનો પ્રથમ હક નથી (ભોલાનાથ વી. મગબુલુનીસા (૧૯૦૪) ૨૬ અ. ૨૮)

એક હુકમનામાના લેણદારની ખાયશથી હુકમનામાના દેણદારની મીલકત બે જથે વેચવામાં આવી હતી. પહેલા જથાની ઉપજેલી રકમ કોર્ટમાં રજુ થઇ તે પહેલાં અને બીજા જથાની ઉપજ તે પ્રમાણે ભરવામાં આવી તે પહેલાં અરજદારે (વળી તે એક બજાવનાર લેણદાર છે) આ કલમ પ્રમાણે દરખાસ્ત કરી. તેમાં ઠરાવ્યું છે બેઊ જથાની મીલકતની ઉપજેલી રકમ ફાળા પડતી વહેંચણીમાંથી ભાગ લેવાનો તેનો હક થાય છે (રામનાથ નીચેનીયાર વી. સુબમન્ય શાસ્ત્રીયલ (૧૯૦૩) ૨૬ મ. ૧૭૯).

કાયદેસર વારસ વકીલ—મરનાર હુકમનામાના દેણદારે પોતાની જગાએ પુર્વે થઇ ગએલા શખસ વીરૂદ્ધ જો હુકમનામું ખરીદ કરેલુ હોય તો તે પસંદ કરવા લાયક છે (મનમોહન વી. વીજબાઇ (૧૮૮૯) ૧૩ મું. ૧૭૧).

ગીરોના બોજા સાથે વેચેલી—પહેલાં પેરાની રકમ (અ) અને (બ) નો ઠરાવ ફકત પૈસા બાબતના હુકમનામા સબંધી છે અને જ્યારે એક ગીરો રાખનારના ગીરોના બોજા સાથે મીલકત વેચેલી હોય ત્યારે તેની ઉપજેલી રકમના વધારામાંથી તે ગીરો રાખનાર કાંઇ હીસ્સો લેવાને લાયક નથી એવુ ઠરાવેલુ છે (ફ્રોઅસ્રી વી. ગ્રેગરી. (૧૮૬૬) ૬ વી. રી. પ્રા. ૧૩), પણુ જો તે હક સબંધના બોજા શીવાય તે મીલકત વેચાવવાને કબુલ કરે તો તેમ નથી (ફકીરબક્ષ વી. ચતુરધારી (૧૮૭૦) ૧૪ વી. રી. ૨૦૯; ૧૨. બં. લા. રી. ૫૧૩; પરમેશરીદાસી વી. નોવીનચંદ્ર (૧૮૭૫) ૨૪ વી. રી. ૩૦૫). અને જો મીલકત ગીરોના હુકમનામાથી વેચવામાં આવે તો, એકાદો પ્રથમનો જવાબદારીનો બોજો લક્ષમાં રાખવામાં આવતો નથી (જગતનારાયણુ વી. ધંધે (૧૮૮૩) ૫ અ ૫૬૬). આ કલમ જે કાંમોમાં મીલકત ગીરોના બોજા સાથે વેચવામાં આવે તે સબંધી છે, અને જે કાંમોમાં જણુાવવામાં આવેલા નહી તેવા ગીરોના બોજા સાથે મીલકત વેચવામાં આવેલી હોય તે કાંમો સબંધી નથી (જયચંદ્ર ગોઝ વી. રામનારાયણુ પટેદર (૧૮૭૪) ૨૧ વી. રી. ૪૩; ફકીરબક્ષ વી. ચતુરધારી (૧૮૭૦) ૧૪ વી. રી. ૨૦૯; નગીનદાસ વી. બાલા લદેર ૫ મું. ૪૭૭; ટેપોનીધી વી. મથુરાલાલ (૧૮૮૬) ૧૨ ક. ૪૯૯. વળી જુઓ જાનકી બલબ વી. જોહીરૂદીન (૧૮૮૪) ૧૦ ક. ૫૬૭ તેમાં રકમ (બ) પ્રમાણે કાંઇ હુકમ કરવામાં આવેલો નથી). જે ગીરો કહેવામાં આવેલુ હોય તે ગીરોના ગુણદોશ વીશે તપાસ કરવાને કોર્ટને હકુમત નથી (પરશોતમ વી. ધોંડુ (૧૮૮૨) ૬ મું ૫૮૨, વીશ્નુ દીક્ષીત વી. નરસીંગરાવ (૧૮૮૨) ૬ મુ. ૫૮૪).

પ્રતીબંધ.—જે કાંમમાં મીલકત ગીરોના બોજા સાથે વેચવામાં આવેલી હોય તે કાંમમાં ગીરો રાખનારનો ભાગ લેવાનો હક થતો નથી, અને જો ખરીદ કરનાર ગીરોના નાણું આપી દેતો, તે ખરીદદારને કાંઇ રહેમીયત કરવી જોઇએ કીંવા નહી તે શક ભરેલુ છે (ટેપોનીદી વી. મથુરાલાલ (૧૮૮૬) ૧૨ ક. ૪૯૯). પરંતુ હુકમનામાવાળો એકાદા ગીરો બાબત જાણતો હોય તેમના જાહેરનામામાં તે હકીકત બધી દબાવી રાખે અને બોજા વીનાની મીલકત તરીકે વેચાવે અને જાણે તે ગીરો આપ્યા વીનાની મીલકત હોય તે પ્રમાણે તેંની પુરેપુરી કીમત લેતો ગીરો રાખનારનો તે ગીરોનાં નાણાં વસુલ ક-

રવાને ઘણુ કરીને દાવો સારી રીતે ચાલે છે (ડૌગ્લાસ વી. બનારસના કલેકટર (૧૮૪૯–૫૪) ૩ મું. ઇ. અ. ૨૫૬). પરંતુ અમુક મીલકત ગીરો આપેલી છે તેની ખબર વીના હુકમનામાવાળો હુકમનામાની બજાવણીમાં હુકમનામાના દેંણદારનો હક સબંધ વેચાવે તો ઠરાવ્યુ છે કે તે હુકમનામાવાળા વીરૂધ મીલકત ઉપરનો તમામ સ્વતંત્ર હક ખરીદદારને મળે છે, માટે તે અથવા ગીરો ખતના હુકમનામાનો અમલની તેની તે મીલકત વેચાવીને તે ગીરોનુ લહેણુ વસુલ કરી શકે છે, કારણ કે તે વેચાણ આપનારે તે જવાબદારી દબાવી રાખી હતી અને તેથી પહેલા ખરીદદારને તે ખરીદ કરવાને લલચાવેલો હતો (દુલબ સરકાર વી. ક્રીસ્તો કુમાર (૧૮૬૯) ૧૨ વી. રી. ૩૦૩; ૩ બં લા. રી. ૪૦૭). એક ખતની રૂઇએ હક્તા સબંધી એક ગીરો રાખનાર હુકમનામું મેળવેલું હતું તે બાબતમાં પ્રીવીકૌંશીલના નામદાર સાહેબોની નજરમાં એવુ આવેલુ જણાય છે કે એક હુકમનામાના ગીરોના બોજા સાથે બીજા હુકમનામાથી તે મીલકત વેચવી નહિ જોઇએ (ડોસીબાઇ વી. ઇશ્વરદાસ (૧૮૯૧) ૧૫ મુ. ૨૨૨; લા. રી. ૧૮ ઇ. અ. ૨૨. અને જુઓ બાલમદાસ વી. અમરાજ (૧૮૯૦) બોજો.—જુઓ મીથુલાલ વી. કીશનલાલ (૧૮૯૦) ૧૨ અલ્હા. ૫૪૬). એક ક્રાંધા ખતની રૂઇના દાવામાં માગ્યા પ્રમાણે વાદીએ હુકમનામું મેળવીને અને તમામ હુકમનામાના લેણદારોને પુરેપુરાં નાંણા આપીને વેચાણમાંથી ઉપજેલી રકમનો વધારો લીધો તેમાં ઠરાવ્યુ છે કે તે પ્રમાણે કરવાથી તેણે પોતાનો ગીરો રાખનાર તરીકેનો હક છોડી દીધો નથી. (બોલાકી વી. ચોધ્રી બંગસી (૧૮૬૭) ૭ વી. રી. ૩૦૯).

વેચાણમાંથી ઉપજેલી રકમ.—લીલામ મંજુર થતા પહેલાં વેચાણની કીમતના નાંણા હુકમનાંમાવાળાને લેવા દેવાને કોર્ટ મુખત્યાર છે (વીશ્વનાથ વી. વીરચંદ (૧૮૮૨) ૬ મુ. ૧૬; જોગેંદ્રનાથ વી. ગોવીંદ (૧૮૮૬), ૧૨ ક. ૨૫૨. તોપણ જુઓ મહમદ અલ્લી વી. દામોદર (૧૮૯૧) ૧૮ ક. ૨૪૨).

વેચાણમાંથી ઉપજેલી રકમમાંનો વધારો.—જ્યારે આવી રકમ કોર્ટમાં અનામત રાખેલી હોય તો તે જેના નામ ઉપર તે અનામત હોય તે પક્ષકારને અથવા તેના એજંટને જડજે તે રકમ આપવી જોઇએ (પોદાબતી ડોસીયાના કાંમમાં (૧૮૬૯) ૧૨ વી. રી. ૩૫૨). હાઇકોર્ટમાં હુકમનામાના દેંણદારના ઉપરના બીજા હુકમનામાની બજાવણીમાં તે દેણદારની મીલકત વેચવામાં આવેલી હતી પણ સ્માલકોજ કોર્ટમાં એક સખસે હુકમનામું કરાવેલુ તે હુકમનામાવાળાએ પોતાનુ હુકમનામું હાયકોર્ટમાં ટ્રાંસફર કરાવેલુ ન્હોતુ તેથી ઠરાવેલુ છે કે તે હુકમનામાવાળાનો તે વેચાણમાંથી ઉપજેલી રકમની ફાળા પડતી વહેંચણમાંથી હીસ્શો લેવાનો હક નથી (નીંબાજી તુળશીરામ વી. વાડીયા વેંકાટી ૧૬ મુ. ૬૮૩; આનંદન આપા વી. ભીમરાવ આનાજી (૧૮૯૫) ૧૯ મુ. ૫૪૩; અને વીરૂધ. હરભગતદાસ વી. આનંદરામ (૧૮૯૭) ૨ ક. વી. રી. ૧૨૬. પણ તે વીરૂધની હકીકત હોય તે બાબત જુઓ જયનારાયણ મેત્રરાજ વી. ઇસ્માઇલ કરમઅલ્લી (૧૮૯૬) ૨૦ મુ. ૩૭૭).

બજાવણીની મદદમાં ઇલાજ.—આ કલમ પ્રમાણે એકાદા હુકમનામાવાળાનો નાંણા મળવાનો હક હોય તે હુકમનામાવાળો તે નાંણા લેવાને એક અરજી કરે તો તે બજાવણીની મદદમાં એક ઇલાજ છે (અંજનાથ વી. ઘનશામદાસ (૧૯૦૪) ૮ ક. વી. નો ૩૮૨).—

અપીલ.—સને ૧૮૮૨ ના એક્ટ ૧૪ ની આવીજ કલમ પ્રમાણેના એકાદા હુકમ ઉપર અપીલ ચાલતી નથી (કાશીરામ વી. મણીરામ ૧૪ અ. ૨૧૦; ગોગારામ વી. કારતકચંદ્ર ૯ વી. રી. ૫૧૪; ફરી તપાસ બાબત જુઓ ૪ મ. ૩૮૩; ૧૩ ક. ૨૨૫; વીગરે)

ભરેલાં નાંણા પાછાં આપવાં તે.—જુઓ ગોગારામ વી. કારતીકચંદ્ર (૧૮૯૮) ૯ વી. રી. ૫૧૪.—

બજાવણીમાં હરકત થાય તે વિશે.

૭૪. જ્યારે કોર્ટની ખાત્રી થાય કે સ્થાવર મિલકત કબજામાં લેવાનું હુકમનામું ધારણ કરનારને અથવા એકાદ હુકમનામાની બજાવણીમાં વેચાયલી સ્થાવર મિલકત ખરીદ કરનારને તે મિલકત કબજામાં લેવામાં તે હુકમનામાના દેણદારે અથવા હુકમનામાના દેણદારની વતી કોઇ બીજા શખસે હરકત કરી છે અથવા અટકાવ કર્યો છે અને તે હરકત અથવા અટકાવ કંઇ વાજબી કારણવગર કર્યો હતો ત્યારે, તે હુકમનાવાળાની અથવા ખરીદદારની અરજ ઉપરથી, તે દેણદારને અથવા તે બીજા શખસને એવા ગુન્હાઆટે ત્રીસ દિવસ સુધીની દિવાની તરંગમાં અટકાવી રાખવાનો હુકમ કરવાને તથા વળી મિલકતનો કબજો તે હુકમનામાવાળાને અથવા ખરીદદારને આપવો એવું ફરમાવવાને કોર્ટ મુખત્યાર છે.

બજાવણીમાં હરકત થાય તે વિશે.

સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની ક. ૩૩૦.

ટીકા.—આ કલમ હાયકોર્ટ તથા જંગમ મીલકત સબંધી પ્રોવીનશીયલ સ્મોલકોજ કોર્ટને લાગુ થાય છે

ભાગ ૩ જો.

પ્રસંગોપાત ઉત્પન્ન થનારાં કામો વિશે.

કમિશન વિશે.

૭૫. ઠરાવવામાં આવે તેવી શરતો તથા મર્યાદાને પાત્ર, કોર્ટ નીચેના કામ સારૂ કમિશન કાઢવાને મુખત્યાર છે:—

કમિશન કાઢવાની કોર્ટની સત્તા.

(અ) કોઇપણ શખસોની જબાની લેવાને;

(બ) સ્થાનિક તપાસ કરવાને;

(ક) હિસાબ તપાસવા અથવા નકી કરવાને, અથવા

(ડ) હિસ્સા પાડવાને.

સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની કલમ ૩૮૩ થી ૩૯૬ સુધીમાં

ટીકા.—વીગતવાર બતાવેલું છે તે પ્રમાણે આ કલમમાં કોર્ટનો સામાન્ય અખત્યાર ફકત રૂપરેખામાં બતાવેલો છે. તે કલમોના ઠરાવો સંપુર્ણ રીતે ઓર્ડર ૨૬ પ્રમાણેના નીયમોમાં બતાવેલો છે અને તેની ટીકામાં આ બાબત સબંધીની ઠરાવોનો સંગ્રહ કરેલો માલુમ પડશે.

૭૬ (૧) કમિશન કાઢનારી કોર્ટ જે પ્રાંતમાં આવેલી હોય તે શિવાયના પ્રાંતમાં આવેલી હૈ કોર્ટ શિવાયની બીજી જે કોઇપણ કોર્ટની હકુમતની જગામાં જે શખસની જબાની લેવાની હોય તે શખસ રહેતો હોય તે કોર્ટ ઉપર કમિશન મોકલવાનો અખત્યાર છે.

બીજી કોઇ કોર્ટને કમિશન.

(૨) પેટા કલમ (૧) ના રૂયે કોઈ શખસની જબાની લેવાનું કમિશન જે કોર્ટને મળ્યું હોય તે પ્રત્યેક કોર્ટે તે કમિશનને અનુસરીને તે શખસની જબાની

લેવી અથવા લેવડાવવી, અને સદરહુ કમિશન બરાબર રીતે બજાવ્યા પછી તે કમિશન મુજબ લીધેલા પુરાવા સુધાંત તે જે કોર્ટમાંથી નિકળ્યું હોય તે કોર્ટમાં પાછું મોકલવું, પરંતુ કમિશન કાઢવાના હુકમમાં બીજી રીતે ફરમાવ્યું હોય ત્યારે એવા હુકમની શરતોને અનુસરીને તે પાછું મોકલવું.

સને ૧૮૮૨ ના એક્ટ ૧૪ ની કલમ ૩૮૬.

ટીકા.—કેટલીક હાઇકોર્ટો પાછળથી સ્વતંત્ર રીતે કાંઇ ફેરફાર કરે તે ઉપરથી જે જે કાંઇ મુશ્કેલી ઉત્પન થાય તે દુર કરવાને સારૂ આ કાયદાની અંદર આ સામાન્ય ઠરાવની જરૂર છે એવું વીચારવામાં આવે છે. આ કલમના ઠરાવો ઓર્ડર ૨૬, રૂલ ૪ માં વધારે વીગતવાર ફરીથી માલુમ પડે છે.

૭૭. બ્રિટિશ ઇંડિયામાં ન હોય એવી કોઇપણ જગામાં રહેનારા શાહેદની જબાની લેવા સારૂ કમિશન કાઢવાને બદલે વિનંતીપત્ર લખવાનો કોર્ટને અધિકાર છે. **વિનંતીપત્ર.**

ટીકા.—આર, એસ, ઓ, ૩૭ રૂલ, ૬ અ પ્રમાણે ઇંગ્રેજી રીવાજ પ્રમાણે ચાલીને આ કલમથી એક નવો અખત્યાર આપેલો છે. ઈંગ્લાંડમાં એવું ઠરાવ્યું છે કે જે કાંમમાં પુરાવ અગત્યનો હોય અને પ્રત્યંતરી પુરાવ તરીકે સમાંતરજ ના હોય તે કાંમમાં માત્ર વીનંતી પત્ર લખવા જોઇએ દસ્તાવેજને તપાસવાને તે ફક્ત મેળવવા સારૂ ઇંગ્લાંડમા વીનંતી પત્ર લખવામાં આવતાં નથી અને આ કલમ બ્રીટીશ ઇંડીયાની બાહાર એકલા સાક્ષીને તપાસવા સબંધીજ ફક્ત છે ઇંગ્રેજી નમુના અને રીવાજ બાબત સામાન્ય રીતે જુઓ ઓ. ૩૭. રૂ. ૬ અ એન. પ્રેપ (૧૯૦૮) ૫૦૬.

૭૮. શાહેદોની જબાની લેવાના કમિશન બજાવવા તથા પાછા મોકલવા બાબતના ઠરાવો નીચે કહેલી કોર્ટોએ કાઢેલા કમિશનને લાગુ પડશે— **પરરાજ્યની કોર્ટોએ કાઢેલા કમિશન.**

(અ) જે કોર્ટો બ્રિટિશ ઇંડિયાની હદની બહાર હોય, અને જે મલીક મુઆઝમના અથવા ગવર્નર જનરલ ઇન્ કોન્સિલના હુકમથી સ્થાપેલી હોય અથવા ચાલુ હોય તે કોર્ટોએ, અથવા

(બ) બ્રિટિશ ઇંડિયા શિવાયના બ્રિટિશ શહેનશાહાતના કોઇપણ ભાગમાં આવેલી કોર્ટોએ, અથવા

(ક) મલીક મુઆઝમની સાથે તે વખતે દોસ્તીમાં હોય એવા કોઇ પરરાજ્યની કોર્ટોએ.

સને ૧૮૮૨ ના એક્ટ ૧૪ ની કલમ ૩૮૭.

ટીકા.—આ કલમ હાઇકોર્ટ તથા પ્રોવીન્શીઅલ સ્મોલકોઝ કોર્ટને લાગુ છે.

તે ઠરાવો અનુમાન પ્રમાણે પાછળી કલમોને લાગુ છે પણ તે પ્રમાણે જે નીયમો કરેલા હોય તેનો સમાસ કરવાને ઇરાદો રાખેલો છે એમ બની શકે તેવું છે.

આ કલમ સાક્ષીને તપાસવા બાબતજ કમીશન સબંધી છે.

ભાગ ૪ થો.

ખાસ પ્રસંગોની ફરિયાદો વિશે.

સરકારે અથવા સરકારના ઉપર કરવાના અથવા સરકારી અમલદારોએ અથવા તેમના ઉપર હુદ્દાની રૂયે કરવાની ફરિયાદો વિશે.

૭૯. (૧) સરકારે કરવાની ફરિયાદો હિંદુસ્તાનના સ્ટેટ સેક્રેટરી ઇન્ કૌન્સિલના નામથી કરવી, અને સરકાર ઉપરની ફરિયાદો હિંદુસ્તાનના સ્ટેટ સેક્રેટરી ઇન્ કૌન્સિલ ઉપર કરવી.

સરકારે અથવા સરકાર ઉપર કરવાની ફરિયાદો.

(૨) આ કલમના કોઈપણ મજકુર ઉપરથી, સને ૧૮૧૩ ના ઇસ્ટ ઇંડિયા કંપનીના આકટની ૧૧૧ મી કલમમાં કહેલો અધિકાર ચલાવીને અડવોકેટ જનરલે આપવાની કોઈપણ માહિત મર્યાદિત થાય છે અથવા તેને બીજી રીતે બાધ આવે છે એમ સમજવું નહિ.

સને ૧૮૮૨ ના એક્ટ ૧૪ ની કલમ ૪૧૬.

ટીકા—આ કલમ હાઇકોર્ટ અને પ્રોવીન્શીયલ સ્મોલકોઝ કોર્ટને લાગુ થાય છે.

નોટીસ—જુઓ કલમ ૮૦.

દાવાનું રૂપ—"સેક્રેટરી ઓફસ્ટેટ"ના ઉપરદાવો ચાલી શકતો નથી. માટે "હિંદુસ્તાન બાબતના સેક્રેટરી ઓફ સ્ટેટ ઇન કાઉંસીલ"ના ઉપર દાવો કરવો જોઇએ (પીએન્ડ ઓ. એસ એડ. કો. વી. સેક્રેટરી ઓફ સ્ટેટ બર્ક ૧૬૬ (૧૮૬૮) ૫ મુ. હાઇકોર્ટ એપ ૧; નોબીનચંદ્રદે વી. સેક્રેટરી ઓફસ્ટેટ (૧૮૭૬) ૧ ક. ૧૧ પા. ૧૪; (૧૮૭૫) ૨૪ વી. રી. ૩૦૯; ૨૧ અને ૨૨ વીક. બાબ ૧૦૬ કલમ ૬૫) આ ભુલ પ્રત્યક્ષ રીતે છોડી દઇ શકાય છે માટે "સરકાર તરફથી એજંટ ઠુધી ગવર્નર જનરલ તરીકે અ ના ઉપર દાવો કરેલો હતો તેથી તેમણે સરકાર તરફથી સરકારી વકીલ મારફતે તે દાવામાં બચાવ આપ્યો, તેમાં ઠરાવ્યું છે કે વાસ્તવીક મીલકત રીતે તે સરકાર ઉપરનો દાવો છે (રૂપન તેવારી વી. બકલ (૧૮૬૮) ૧૦ વી. રી. ૧૪૨ અને વળી જુઓ મોરાદાબાદની મ્યુનીસીપલ કમીટી વી. ચાત્રી (૧૮૭૬) ૧ અ. ૩૬૯)

જે કામમાં દાવાનું કારણ ઉત્પન થયેલુ હોય તે કામમાંથી સેક્રેટરી ઓફસ્ટેટ ઉપર દાવો કરવો જોઇએ (સુબ્બાયા મુદાલી વી. સરકાર અને કનલીફ (૧૮૬૨–૩) ૧ મ. હા.કો. ૨૮૬) રંડલ વી. સેક્રેટરી ઓફસ્ટેટ (૧૮૬૨) ૧ રાઇડ ૩૭ વળી જુઓ હીઅર્સે વી. સેક્રેટરી ઓફસ્ટેટ (૧૮૭૪) ૬ અ. હા.કો. ૪૭; દયાનારાયણ વી. સેક્રેટરી ઓફસ્ટેટ (૧૮૮૭) ૧૪ ક ૨૫૬); જયુડીશીઅલ અમલદારોના રક્ષણ સારૂ સને ૧૮૫૦ પા. એક્ટ ૧૮ છે તેનો ફાયદો લેવાને તેઉ દાવો રાખી શકતા નથી (વીજય વી. સેક્રેટરી ઓફસ્ટેટ (૧૮૮૪) ૭ મ. ૪૬૬)

હિંદુસ્તાન સરકાર તે એક કોરપોરેશન નથી (દયાનારાયણ વી. સેક્રેટરી ઓફસ્ટેટ (૧૮૮૭) ૧૪ ક. ૨૫૬.

દુરસ્ત કરવું તે—એક દાવો ખોટી રીતે એક મેજીસ્ટ્રેટ ઉપર કરેલો હતો તેથી રેગ્યુલર અપીલમા મુંબાઈ હાઇકોર્ટે તે મેજીસ્ટ્રેટનુ નામ કહાડી નાખીને "હિંદુસ્તાનના ધી સેક્રેટરી ઓફસ્ટેટ ઇન કાઉંસીલ"ને દાખલ કરવાને પરવાનગી આપેલી હતી (નીલકંઠ આપા-

ચલ કાલા વી. સોલાપુરના મેજીસ્ટ્રેટ (૧૮૮૨) ૬ મું. ૬૭૦; બાલારામ વી. ઘગતપુરીના મેજીસ્ટ્રેટ (૧૮૮૨) ૬ મું. ૬૭૩; ચુનીલાલ વી. રામકીશન (૧૮૮૮) ૧૫ ક. ૪૬૦ના કામના ઠરાવનો મુકાબલ કરો. જુઓ 'પ્રેકટીસ"

દાવો ચાલશે નહિ—હકની સાબેતી શીવાય સ્થાવર મીલકતના કબજા બાબત ઉપર દાવો ચાલતો નથી. (સને ૧૮૭૭ ના એક્ટ ૧ ની કલમ ૯) અથવા પરરાજ્યના સ્વસ્થાનો સાથે તેમને વ્યવહાર ચાલેલો હોય તે બાબત દાવો ચાલતો નથી (સેક્રેટરી ઓફ સ્ટેટ વી. કામાચીબાઇ સાહેબ (૧૮૫૭–૬૦) ૭ મુર ઇ. અ. ૪૭૬; (૧૮૬૫) ૪ વી. રી. પી. સી. ૪૨; દાસ સેક્રેટરી ઓફ સ્ટેટ લા. રી. ૧૯ એફ ૫૦૯); અથવા સરકાર તરીકે હમેશાં કહેવાતા અખત્યારનો અમલ કરવામાં કાંઇ કૃત્ય કરેલું હોય અથવા કરાર કરેલો હોય એટલે રાજા અથવા રાજાએ અખત્યાર આપેલો કોઇ ખાનગી સખસ શીવાય જે અખત્યારથી તે કરેલું હોય તો તે વીષે દાવો ચાલતો નથી તેવા અખત્યારથી તે કરેલું હોય તો તે વીષે દાવો ચાલતો નથી પી. મેંડ આ એસ. એંડ કંપની વી. સેક્રેટરી ઓફસ્ટેટ બર્ક ૧૬૬; (૧૮૬૭) ૪ મું. હા. કો. એપ. ૧) જેમકે એક દેશના સરકાર તરીકે ધારણા કરીને એકાદી જાગીર પાછી (ઇસ્ટ ઇંડીયા કંપની વી. સૈયદ અલ્લી (૧૮૫૭–૬૦) ૭ મુર. ઇ.અ. ૫૯૫ ભગવાનસીંગ વી. સેક્રેટરી ઓફસ્ટેટ (૧૮૭૪–૫) લા. રી. ૨ ઇ. અ.૩૮) અથવા એકાદા રાજાનો મુલક જપ્ત કરવામાં આવ્યો હોય (સાલીગરામ વી. સેક્રેટરી ઓફસ્ટેટ (૧૮૭૩–૪) ૧૨ બં. લા. રી. ૧૬૭; (૧૮૭૨) ૧૦ વી. રી. ૩૮૯; લા. રી. ઇ. અ. વા. ૧૧૯) અથવા તાજા જીતેલા દેશના રહેવાશીની મીલકત જપ્ત કરવા બાબત (એલફીન્સટન વી. બદ્રીચંદ ૧ નેપ ૩૧૬) અથવા દુસ્મનાઇ રાખતા અમલદારો અને સોલજરોએ કરેલા કાંઇ કૃત્ય બાબત; અથવા કોઇ વહાણના અમલદારોએ એક દુસ્મનની મીલકત છે એમ ધારી તે ઇનામ તરીકે મીલકત પકડી લીધી હોય તો તેમના તે કૃત્ય બાબત અથવા કોઇ લશ્કરી અથવા વહાણના અમલદાર અથવા કોઇ સોલજર અથવા ખલાસી લશ્કરી તથા વહાણના કામ ઉપર હોય તે દરમીયાનમાં તેમણે કરેલા કોઇ કૃત્ય બાબત અથવા ન્યાયની રૂઇના કામનો અમલ કરતાં સરકારના કાંઇ અમલદારો અથવા નોકરોના કૃત્ય બાબત (સને ૧૮૨૨ ના કાયદા ૧૧ પી. ઓ. અને એસ એંડ કંપની વી. સેક્રેટરી ઓફસ્ટેટ (૧૮૬૭–૮) ૫ મું હા. કો. એપ ૧ બર્ક ૧૬૬) અથવા જકાત ઠરાવીને વસુલ કરવા સારૂ નીમેલા અમલદારોના કૃત્ય બાબત (નોબીનચંદ્ર દે વી. સેક્રેટરી ઓફ સ્ટેટ (૧૮૭૬) ૧ ક. ૧૧; (૧૮૭૫) ૨૪ વી. રી. ૩૦૯; પણ જુઓ સેક્રેટરી ઓફસ્ટેટ વી. હરીભાણજી (૧૮૮૨) ૫ મ. ૨૭૩; વીજય વી. સેક્રેટરી ઓફસ્ટેટ (૧૮૮૪) ૭ મ. ૪૬૬પા. ૪૭૨, ૪૭૮) ના. દાવા ચાલતા નથી.

કલેકટરે ખોટી રીતે નાણા વસુલ કરેલાં છે તે નાણા બાબત ડીસ્ટ્રીકટ બોર્ડના પ્રેસીડેંટ ઉપર ફકત એવા કારણથી દાવો ચાલતો નથી કે તે નાણા આખરે ડીસ્ટીકટ બોર્ડને આપેલાં છે હરીશચંદ્રદેવું વી. ગનજામ ડીસ્ટીકટ બોર્ડના પ્રેસીડટ (૧૯૦૫) ૨૪ મ. ૧૧૪)

દાવો ચાલશે—સેટલમેંટ સબંધી અમલદારોના કૃત્યો બાબત ધી સેક્રટરી ઓફસ્ટેટ જવાબદાર છે એવું ઠરાવેલું છે ઝહુરૂદીન વી. ગોરકપુરના કલેકટર (૧૮૬૯–૭૦) ૪ બં. લા. રી. (પી. સી.) ૩૬); કસ્ટમ કલેકટરે આ માલ ઉપર ગેરકાયદે જકાત વસુલ કરેલું તે બાબત (હરીભાણજી વી. સેક્રેટરી ઓફસ્ટેટ (૧૮૮૨) ૪ મ. ૩૪૪) અને પત્તરના વેચાણ સબંધી તેઓ જવાબદાર છે (રંડલ વી. સેક્રેટરી ઓફસ્ટેટ (૧૮૬૨) ૧ હાઇડ ૩૭)

સરકાર તરફથી કાંઇ પણ અખત્યાર ખાનગી સખસોને આપ્યા વીના તે ખાનગી સખસો જે કામ માથે રાખી ચલાવી શકે તેવું હોય તેવાં કામ ચલાવવાને સરકારી નોકરોએ જે કૃત્યો કરેલાં હોય તે બાબત સેક્રેટરી ઓફસ્ટેટ જવાબદાર છે (પી. અને ઓ. કંપની વી. સેક્રેટરી ઓફસ્ટેટ બર્ક ૧૬૭; (૧૮૬૭–૬૮) ૫ મું. હા. કો. અ. ૧); તે જ્યારે પોતાના અખત્યાર પ્રમાણે પોતાની ફરજ પ્રમાણે કરતા હોય ત્યારે; અથવા જો તેઓએ તે અખત્યાર કરતાં વધારે કરેલું હોય, અને જ્યારે સરકારે હકીકત અથવા કાયદાની બાબતમાં પ્રતક્ષ રીતે અથવા ગર્ભીત રીતે તે વધારે કરવા બાબત મંજુર રાખેલી હોય ત્યારે તેણે જવાબદાર છે (મછલીપટણના કલેક્ટર વી. કેવેલીવેંકટ (૧૮૫૯–૬૧) ૮ મું. ઇ. અ. ૫૦૦. ૨ વી રી. પી. સી. ૬૧; સેક્રેટરી ઓફ સ્ટેટ વી. શીવસીંગ (૧૮૮૦) ૨ અલ્હા ૭૫૬) માટે સરકારી મજુરોએ લેહણાની ચીમનીની નર્વાયો જે કીદરપોર ગોદીમાંથી નદીમાં આગબોટ ઉપર લેઇ જતાં પડવા દીધી અને તે પડવાથી જે અવાજ થયો તેથી એક ઘોડો ભડકયો તેથી તેના ધક્કો અને તેને ઇજા થઇ હતી તે બાબત સેક્રેટરી ઓફસ્ટેટ ઉપર દાવો કરી શકાય એવું ઠરાવેલું છે. (પી. અને ઓ. કંપની વી. સેક્રેટરી આફસ્ટેટ બર્ક ૧૬૭; (૧૮૬૭–૮) ૫ મું. હા. કો. એપ ૧); અને તેવીજ રીતે સરકારી બળદની ટ્રેનમાં માલ લેઇ જતાં કસુર કરવાના કારણથી તેમના ઉપર દાવો કરી શકાય છે. (બારેલીના પોરટ માસ્તર વી. અર્લ (૧૮૭૧) ૩ અ. હા. કો. ૧૯૫) અને તેમજ વળી જો મ્યુનીસીપલ કાયદા પ્રમાણે કામ કરેછે એવું બતાવી એક મ્યુનીસીપલ કમીશનરને ખોટી રીતે ખશેડે તો તેમના ઉપર દાવો કરી શકાય છે (વીજય વી. સેક્રેટરી ઓફસ્ટેટ (૧૮૮૪) ૭ મ. ૪૬૬) પણ પબલીકવર્કશ ખાતાના એક અમલદારે પોતાના અખત્યાર ઉપરાંત એક કરાર કરેલો હતો. તેમાં ઠરાવ્યું છે કે સરકાર તેથી બંધાએલા નથી (બીરકીશોર વી. બંગાળા સરકાર (૧૮૭૦) ૧૭ વી. રી. ૪૯૭)

સરકારનું કૃત્ય નહી તે.—એક સ્વતંત્ર સ્વસ્થાનના રાજ્યમાં જમીનનો જાહાગીર તરીકે કબજો હતો. અને તે મુલક ઇસ્ટ ઇન્ડીયા કંપની જીત્યો ત્યારે તેજ સ્થીતીમાં તે કંપની તરફ રહી ઠરાવ્યું છે કે તે જાગીરદારના મર્ણ પછી તે જમીનનો હક જપ્ત તથા તે સબંધી હથીયારો અને ખજાનો જપ્ત કરવામાં આવ્યો તે સરકારનું કૃત્ય નથી. પ્રીવીકૌંસીલના નામદાર સાહેબોએ કહ્યું છે કે:—"આ કામમાં તે વખત સુધી એક બીજા સરકારનો સ્વછંદી અખત્યાર હતો તે અખત્યારથી તે જપ્ત કરવામાં આવેલું હતું, માટે તે સરકારનું કૃત્ય નથી; જમીનનો હક નક્કી કરવામાં આવેલો કહેવામાં આવેલો તે ઉપરથી અમુક જમીનના હક પ્રમાણે અગાઉથી જમીન સરકાર પાસેથી કબજે લીધી હતી તે જમીન પાછી લેવામાં આવેલી છે. તે કબજો કાયદેસર હક બતાવી લીધેલો છે; તે હક નીરસંશય રીતે તે પાછી લેવાનો અને સરકાર મહેસુલ બાબત રાખવાનો અથવા તે ઉપર સરકાર મહેસુલ ઠરાવવાનો જે જમીનના હકનો નીર્ણય કરવા ઉપરથી ખાશ માફી મળતી હતી તે જમીનના હકનો નીર્ણય કરીને સરકારનો અખત્યાર છે. જો તે જમીનનો હક ભરી રાખવાથી અથવા બીજા કારણથી સરકારનો હક નહી ગણગારતાં એક હક બાબત દાવો રાખેલો હોય તો તે દાવો સરકાર અને સરકાર અને સરકારની રૈયત વચે બીજા કોઇ હક ઉતપન્ન થતા હોય તે પ્રમાણે પ્રથમ દર્શનીક રીતે હિંદુસ્થાનની મ્યુનીસીપલ કોર્ટોએ તપાસ કરવા લાયક છે (ફોરેસ્ટર વી. સેક્રટરી ઓફસ્ટેટ (૧૮૭૩–૪) ૧૨ બં. લા. રી. ૧૨૦; (૧૮૭૨) ૧૮ વી. રી. પી. સી. ૩૪૯; લા. રી. ઇ. અ. સુપ. વા. ૧૦, વળી જુઓ નીઝીયારામ રાજુ વી. સેક્રટરી ઓફસ્ટેટ (૧૮૮૨) ૫ મ. ૯૧; હરી વી. અજમુદીન (૧૮૮૭) ૧૧ મું. ૨૭૫).

સરકારે અમુક બંડ ખોરોની મીલકત જપ્ત કરી અને વધારેમાં વધારે માગણી કરે

તેને હરાજીમાં વેચાણુ આપવાને મુકી અને તેમાં ખરીદ કરનારને હરકત કરવાને કાંઇ હક રાખેલો નહોતો. સરકારે તે હક વેચાણુ પુરૂ કરવાને ના કહી. તેથી વીષેશ રીતે અમલ કરવાના દાવામાં એવી બચાવ તરફથી તકરાર કરવામાં આવી કે તે સરકારનું કૃત્ય છે. પ્રીવી કૌસીલના નામદાર સાહેબો એ કહ્યું છે કે:— "એવું કહેવામાં આવેલું છે કે આ દાવો અપીલનો પ્રતીવાદી કરી શકતો નથી, કારણુ કે જે કરવામાં આવેલું છે તે સરકારનું કૃત્ય છે અને તે બાબત કાંઇ વાંધો લેઈ શકાતો નથી. નામદાર સાહેબોના સમજવામાં છે તે પ્રમાણે સરકારનું કૃત્ય એટલે સરકારની ફરજ સાથે જે કાંઇ બાબતનો સબંધ હોય તે છે. દાખલા તરીકે ધારો કે બંડ ખોરની મીલકત જપ્ત કરેલી હોય તેની યોગ્યતા બાબત કાંઇ સવાલ ઉત્પન થયેલો હોય તો તે એક સરકારનું કૃત્ય થાય છે. ઘણું કરીને તે જપ્ત કરેલી મીલકત વેચવાને સરકારનો નીર્ણય સરકારના એક કૃત્ય તરીકે ગણી શકાય છે. પરંતુ તે વેચાણુમાં સરકાર જેમ એકાદો સખસ પોતાની મીલકત લીલામ કરીને વેચે અને જ્યારે તે મીલકત માગણીમાં આપવામાં આવે તેમ વેચનાર અને ખરીદ કરનારનો સબંધ સરકાર અને વધારેમાં વધારે માગણી કરનારની વચમાં થાય છે. (શાવલાલ બહોરા વી. મહમદ (૧૮૭૦) ૧૩ વી. રી. પી સી. ૪ આ ઠરાવના નોબીનચંદ્ર દે વી. સેક્રેટરી ઓફસ્ટેટ (૧૮૭૫) ૧ ક. ૧૧ (૧૮૭૫) ૨૪ વી. રી. ૩૬૯ ના ઠરાવો સાથે મુકાબલો કરો. તેઓનું એક સરખું સમાધાન કરવાને કેટલીક મુસ્કેલી છે તેથી મદ્રાસની હાઇકોર્ટ પાછલા ઠરાવ પ્રમાણે ચાલવાને ના કહેલી છે—સેક્રેટરી ઓફસ્ટેટ વી. હરી ભાણુજી (૧૮૮૨) ૫ મ. ૨૭૩ વળી જુઓ કીરાનચંદ વી. સેક્રેટરી ઓફસ્ટેટ (૧૮૮૧) ૩ અ. ૮૨૯) અને એક મરનાર સરકાર સબંધીના કેદીની મીલકતનો હીસાબ આપવાને ઇસ્ટ ઇંડીયા કંપની પાસે માગ્યું ત્યારે તેમણે એવો જવાબ આપ્યો હતો કે અમે તે સરકાર તરીકે તેની વ્યવસ્થા કરેલી છે પરંતુ તેમનો તે જવાબ રદ કરવામાં આવેલો હતો (ઇસાદાબાઇ. વી. ઇસ્ટ ઇન્ડીયા કંપની (૧૮૫૦) ૧ ટે. અને બેલ ૨૯૦) અને તે ભેદ એવો છે કે સરકાર એક મ્યુનીસીપલ કાયદા પ્રમાણે અમુક કૃત્યો કર્યાનું બતાવે ત્યારે તે કૃત્યો બાબત સરકાર જવાબદાર છે. પરંતુ જે કૃત્યો સરકારના પોતાનો અખત્યાર વાપરીને કરેલો હોય અને તે મ્યુનીસીપલ કાયદા પ્રમાણે વ્યાજબી છે એમ જણાતું ન હોય તે બાબત સરકાર જવાબદાર નથી (સેક્રેટરી ઓફ ટેટ વી. હરી ભાણુજી (૧૮૮૨) ૫ મ. ૨૭૩) વળી જુઓ વેકર વી. લેર્ડ (૧૮૯૦) એપ. કેસીસ ૪૯૧) એકાદો સેટલમેંટ રદ કરીને કબજો લેવાનો દાવો સરકાર ઉપર ચાલે છે. પણ તેમાં સરકાર પક્ષકાર હોવા જોઇએ (મહમદ ઇઝરાઇલ વી. વાઇઝ (૧૮૭૪) ૨૧ વી. રી. ૩૨૭; ક્રીષ્ણુલાલ વી. ભૈરવચંદ્ર (૧૮૭૪) ૨૨ વી. રી. ૫૦; પરંતુ જુઓ ક્રીષ્ણુચંદ્ર વી. હરીશ્ચંદ્ર (૧૮૭૧) ૮ બં. લા. રી. ૫૨૪); તે એવું ઠરાવાને ચાલે છે કે અમુક જમીન આકાર આપવાને જવાબદાર નથી કારણુ કે કાયમ ઠરાવ વાળી જાગીરમાં તે આવી ગયેલી છે; સેક્રેટરી ઓફ સ્ટેટ વી. ફામીદનીસા (૧૮૯૦) ૧૭ ક ૫૯૦; લા. રી ૧૭ ઇ અ. ૪૦); વધારે દરથી મહેસુલ આપવાના હુકમ વીષે તકરાર કરવાને ચાલે છે (કેવળરામ વી સરકાર (૧૮૬૬) ૫ વી. રી. ૪૭). લીલામના એકાદા કરારનો વીશેષ રીતે અમલ કરવાને ચાલે છે (રંડલ વી સેક્રેટરી ઓફ સ્ટેટ (૧૮૬૨) ૧ હાઇડ ૩૭); એકાદા નોકરને ખોટી રીતે કહાડી મુકયા બાબત નુકસાનીનો દાવો ચાલે છે (હયુઝ વી સેક્રેટરી ઓફ સ્ટેટ (૧૮૭૧) ૭ બં. લા. રી. ૬૮૮) અથવા કરારનો કાંઇ બીજો ભંગ કર્યો હોય તો તે બાબત ચાલે છે (રોસ જોન્સન વી. સેક્રેટરી ઓફ સ્ટેટ (૧૮૫૪) ૨ હાઇડ. ૧૫૩), પણ એકાદા મેજી-

સ્ટેટ પાસેથી એકાદી સરકારી હોડી લઇ જવાથી નુકસાન બાબતનો દાવો ચાલતો નથી (પબનાના કલેકટર વી રામનાથ ટાગોર (૧૮૬૭) ૭ વી. રી. ૧૫૧; બં. લા. રી. સુપ. વા. ૬૩૦), તેમ એકાદા પેન્શન બાબત ચાલતો નથી.

સને ૧૮૭૧ ના એકટ ૨૩ ની કલમ ૪—પ્રને ૧૮૪૭ ના એકટ ૯ પ્રમાણે રેવન્યુ અધીકારી જે ઇલાજ લીધેલો હોય તે આખરનો છે અને તે વીષે વાંધો લઇ શકાતો નથી; પરંતુ તેથી જે કાંઇ સેટલમેંટ થાય તે પ્રમાણે મીલકત કબજે રાખવાનો મારો હક છે. તે દીવાની કોર્ટની રૂબરૂ બનાવવાને એકાદા માલેકને અટકાવ થતો નથી (નારાયણચંદ્ર ચોધરી વા. ટેલર (૧૮૭૯) ૪ ક ૧૦૩). અને આકાર ઠરાવેલી જમીન તે કાયમ ઠરાવ કરેલી જાગીરમાંનો ભાગ છે એવું ઠરાવવાનો દાવો ચાલે છે (સેક્રેટરી ઑફ સ્ટેટ વી. રામ ઉગરા (૧૮૮૫) ૭ અ. ૧૪૦).

રીવાજ—જે દાવામાં સરકારને પક્ષકાર કરેલા હોય તે દાવામાં સરકારનું એકાદા કૃત્ય વીષે પ્રત્યક્ષ રીતે અથવા આડી રીતે વાંધો લેવાને તકરાર ઉત્પન કરવી જોઇએ (અમજાદ-અલી વી. મહમદીબેગમ (૧૮૬૬-૭) ૧૧ મુર. ઇ. અ. ૫૧૭; (૧૮૬૮) ૧૦ વી. રી. પી. સી. ૨૫). દાવાવાળી જમીન ચોકીદારી અથવા ઘાટવાળી છે એવું કેહવામાં આવ્યું હોયતો સરકારને પક્ષકાર કરવા જોઇએ (બીરભુમના કલેકટર વી. મુકતાકેસીદમે એસ. ડી. ત. ૪. જુલાઇ. ૧૮૬૦). માટે એકાદો ચર પ્રતીવાદીને પટે આપેલો હોય અને તે ચરનો કબ-જો લેવાને દાવો કરવામાં આવેતો સરકાર એક જરૂરીઆત પક્ષકાર છે એમ ઠરાવેલું છે (કેનન વી. બીશેનાથ અધીકારી (૧૮૭૯-૮૦) ૫ ક. લા. રી. ૧૫૪).

૮૦. હિંદુસ્તાનના સ્ટેટ સેક્રેટરી ઇન્ કૌન્સિલ ઉપર નોટીસ.
અથવા કોઈ સરકારી અમલદાર ઉપર તેણે પોતાના હોદ્દાની રૂએ
કંઇ કૃત્ય કર્યાનું કેહેવાનુ હોય તે કૃત્યના સંબધમાં કોઇપણ જાતની ફરિયાદ કરવી હોય તો, તેને લખેલી નોટીસ આપ્યા પછી લાગલા બે માસ વીતે ત્યાંસુધી ફરિયાદ માંડી શકાશે નહીં. તે નોટીસમાં દાવાનુ કારણ, તથા વાદીનુ નામ વર્ણન તથા રહે-વાનું ઠેકાણું તથા જે દાદ તે માંગતો હોય તે દાદ જણાવવી; અને તે નોટીસ આ-પવાની તે, સદરહુ સ્ટેટ સેક્રેટરી ઇન્ કૌન્સિલ ઉપરની હોય તો, સ્થાનિક સરકારના સેક્રેટરીને સ્વાધીન કરવી અથવા તેની આફિસમાં મુકી આવવી, કે તે ડિસ્ટ્રિકટના કલેકટરને સ્વાધીન કરવી અથવા તેની આફિસમાં મુકી આવવી; અને જો તે સરકારી અમલદાર ઉપરની હોય તો, તે અમલદારને સ્વાધીન કરવી અથવા તેની આફિસમાં મુકી આવવી; અને તેવી નોટીસ સદરહુ પ્રમાણે કરી છે અથવા મુકેલી છે એ મજકુર ફરિયાદ અરજીમાં લખવો જોઇએ.

સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની કલમ ૪૨૪.

ટીકા.—આ કલમ હાયકોર્ટ તથા પ્રોવીન્શીઅલ સ્મોલકોઝ કોર્ટને લાગુ છે.

પંજાબના સાંથ બાબતના એકટ (સને ૧૮૮૭ ના ૧૬ ની કલમ ૭૭ માં જે વર્ગના દાવા બતાવેલા છે તે દાવા આ કલમના અમલમાંથી માફી કરેલા છે. જુઓ તે એકટની કલમ ૯૪ આ કલમની બાધા અવશ્ય છે અને સ્વતંત્ર રીતની છે તેથી તે કલમના ઠરાવ પ્રમાણે ચાલ્યા વીના દાખલ કરેલો એક દાવો સાંભળવાને કોર્ટને અટકાવ કરેલો છે આવી હકીકતથી કોર્ટ કામ ચલાવું બંધરાખીને વાદીને જરૂરીયાત નોટીસ બજાવવાને પરવાનગી

આપી શકતી નથી પરંતુ ઓર્ડર ૭, રૂલ ૧૧ પ્રમાણે દાવા અરજી ના મંજુર કરવાનો ફક્ત કોર્ટનો ઇલાજ છે (બચુસીંગ વી. સેક્રેટરી ઓફસ્ટેટ (૧૯૦૩) ૨૫. અ. ૧૮૭). પણ એવું કેહવામાં આવેલું છે કે નોટીસનો હક છોડી દઈ શકાય છે અથવા તે ડીફેન્સ બીલકુલ ઉત્પન કરવાને પ્રતીવાદીને પ્રતીબંધ થઇ શકે છે (મનીન્દ્રા વી. સેક્રેટરી ઓફસ્ટેટ (૧૯૦૭) ૫ ક. લા. જે પા. ૧૬૮).

સરકારી હોદ્દાની રૂઇએ કરેલું કૃત્ય.—વાદીને સરટીફીકેટો આપવાનો ત્રણ આમલતદારોનો હક નથી એવુ કલેકટરની નજરમાં આવવાથી તેમણે તે સરટીફીકેટોનો નાશ કરેલો છે. તેમાં એવુ ઠરાવેલુ છે કે તે, તેમણે પોતાના સરકારી હોદ્દાની રૂઇએ કરેલુ છે (સ્વામીરાયાર્ચ વી. મારવાડના કલેકટર (૧૮૮૧) ૧૫ મુ. ૪૪૧). કોર્ટઓફવોર્ડસના અ-અખત્યારનો એક સગીર હતો અને તે સગીર ઉપર તેના બાપના દેવા બાબત દાવો કરવામાં આવ્યો હતો, તેમાં કલેકટરને મુકરદમા પુરતા તે દાવામાં તે સગીરના વાલી નીમેલા હતા; ઠરાવ્યુ છે કે તેમાં નોટીસની જરૂર નથી (અનથરામન વી. રામાસાંમી (૧૮૮૮) ૧૧ મ. ૩૧૭). વાદીએ પ્રતીવાદી એક સરકારી અમલદાર હતો, તેના ઊપર ખોટી રીતે પકડયા બાબત તથા પ્રવેશ કરયા બાબતનુ નુકશાન લેવાને દાવો કરયો, તેમાં ઠરાવ્યુ છે કે પહેલુ કૃત્ય તેમણે પોતાના હોદ્દાને લીધે કરેલુ છે અને પાછલુ કૃત્ય તે પ્રમાણેનુ છે કીંવા નહી એ શક ભરેલુ છે, પણ દાવા અરજીમાં તે બેઉ કૃત્યો મીશ્ર કરેલાં છે, અને બેઉ કૃત્યો બાબત નુકશાનીનો દાવો કરેલો છે તો તે દાવો કહાડી નાખેલો છે તે બરોબર છે, કારણ કે બે માશની નોટીસ આપવામાં આવી નથી; અને હાયકોર્ટને અપીલ કરવાથી ફક્ત પ્રવેશ બાબત નુકશાની માગવાને દાવો કરવામાં આવે એવી રીતે દાવા અરજી દરસ્ત કરવાની પરવાનગી આપી શકાતી નથી (જોગેંદ્રનાથરાય વી. પ્રાઇશ (૧૮૯૭) ૨૧ ક. ૫૮૪) કલમ ૮૦ મીમાં ઠરાવેલી નોટીસ આપેલી ના હોયતો સેક્રટરી ઓફસ્ટેટ ઊપર કોઇ દાવો ચાલતો નથી (સેક્રટરી ઓફસ્ટેટ વી. રાજલખી દેબી (૧૮૯૮) ૨૫ ક. ૨૩૯). બંગાળાના સને ૧૮૭૧ના એક્ટ ૯ પ્રમાણે એક જકાત કલેકટરે ગેર કાયદે નાંણા લીધેલાં કહેવામાં આવેલાં છે તે પાછાં લેવાના દાવામાં નોટીસની જરૂર છે, એવુ ઠરાવેલુ છે (રામપીતમ વી. શુબળ ચંદ્ર (૧૮૮૯) ૧૫ ક. ૨૫૯).

પક્ષકારો વધારવા તે.—એવુ ઠરાવેલુ છે કે એક દાવામાં સેક્રટરી ઓફ સ્ટેટને પક્ષકાર તરીકે વધારવાને આ કલમથી કોર્ટને અટકાવ થતો નથી (બાળમુકુંદ વી. જુરજુષન (૧૮૮૩) ૯ ક. ૨૭૧) પણ એક રેવન્યુ વેચાણ રદ કરવાના દાવામાં તેઉ જરૂરીયાત પક્ષકાર નથી (બાલક્રીશ્નદાશ વી. સીંપશન (૧૮૯૮) ૨૫ ક. ૮૩૩; લા. રી. ૨૫ ઇ. અ. ૧૫૧; ૨ ક. વી. નો. ૫૧૩).

નોટીસની કયારે જરૂર છે.—એકાદા સરકારી અમલદારે પોતાની ફરજ બજાવતાં ગફલતથી કાંઈ અપકૃત્ય તેમણે કરેલુ હોય તથી તેમના ઊપર નુકશાનીનો દાવો કરવામાં આવે તો તે કાંમોમાં ફક્ત નોટીસ મળવાનો તેઓનો હક છે. (શહેનશા બેગમ વી. ફરગ્યુશન (૧૮૮૧) ૭ ક. ૪૯૯; તે પ્રમાણે રંક્ષુબંસ વી ફુલકુંવારી (૧૯૦૫) ૩૨ ક. ૧૧૩૦); ચંદ્રશીખર વી. અભયચર્ણ (૧૮૮૧) ૬ ક. ૮; જોહરમલ વી અહમદનગરની મ્યુનીસીપાલીટી (૧૮૮૨) ૬ મું. ૫૮૦; સરદારસીંગજી વી. ગણપતસીંગજી (૧૮૯૦) ૧૪ મું. ૩૯૫; ભાણુબાલાપા વી. નાના (૧૮૮૯) ૧૩ મુ. ૩૪૫; આનાજી વી. સુબ્રમન્ય (૧૮૯૦) ૧૩ મ. ૪૪૨; જોશી કાળીદાસ વી. ડાકોર મ્યુનીસીપાલીટી (૧૮૮૩) ૭ મુ. ૩૯૯; ફક્ષોવર વી. લોકલબોર્ડ (૧૮૭૭) ૫ સી. ડી. ૩૪૭; મોરાદાબાદની મ્યુનીસીપલ કમીટી વી. ચાત્રીસીંગ

(૧૮૭૬) ૧ અ. ૨૬૯; અમીર સાહેબ વી. વેંકટરામ (૧૮૯૩), ૧૬ મ. ૨૯૬; તાલુક બોર્ડના પ્રેસીડંટ શીવગંગા વી. નારાયનન (૧૮૯૩) ૧૬ મ. ૩૧૭; તોપણ જુઓ બીરજ મોહનસીંગ વી. અલ્હાબાદના કલેકટર (૧૮૮૨) ૪ અ. ૧૦૨; રણછોડ વી. ડાકોર મ્યુનીસીપાલીટી (૧૮૮૪) ૮ મુ. ૪૨૧). જેમકે જપ્તી લેતાં માલ પકડવામાં આવેલો હોય તે બાબત એક પોલીસ અમલદાર ઊપર દાવો કરવામાં આવે (બખ્તવાર વી. અબદુલ (૧૯૦૭) ૨૯ અલ્હાબાદ ૫૬૭; અ. વી. નો. ૧૭૦). જ્યારે તેવા કામ સબંધી દાવો ના હોય ત્યારે નોટીસની જરૂર નથી (રાજમલ માણુકચંદ વી. હનમંત આંનીઆબા (૧૮૯૬) ૨૦ મુ. ૬૯૭; માણુકલાલ વી. મુંબાઇના મ્યુનીસીપલ કમીશનર (૧૮૯૫) ૧૯ મુ. ૪૦૭). વાદીના જાણવામાં નહી એવી હકીકત ઊપરથી જે માલુમ પડેલુ કહેવામાં આવેલુ હોય તેથી દુરસ્ત કરવાની જરૂર પડેલી હોય તો, સેક્રટરી ઓફસ્ટેટની બીજી બે માસની નોટીસ આપવાની જરૂર નથી, અને સરકારના કાંમ શીવાય કાંઇ કાંમ એકાદા સરકારી અમલદારે કરેલુ ના હોય અને તેના ઉપર સેક્રટરી ઓફસ્ટેટની સાથે દાવો કરેલો હોય અને તેના ઉપર જુદી દાદ માગેલી ના હોય તો તેમને નોટીસ આપવાની જરૂર નથી (ઇઝરા વી. સેક્રટરી ઓફ સ્ટેટ (૧૯૦૩) ૩૦ ક. ૩૬; ૭ ક. વી. નો. ૨૪૯).

નોટીસ આપ્યા પછી વાદીનું મરણ—આ કલમ પ્રમાણે જે નોટીસ બજાવવાની છે તેનો ફાયદો દાવો દાખલ કરતા પહેલાં જે શખસ ગુજરી ગએલો તેના વારસ વકીલનો ફાયદો જતો નથી અને નવી નોટીસ આપ્યા વીના દાવો કરવાનો તેનો હક છે. (બચુસીંગ વી. સેક્રેટરી ઓફ સ્ટેટ (૧૯૦૩) ૨૫ અલ્હા. ૧૮૭; વળી જુઓ પટેલ પાનાચંદ વી. અહમદાબાદ મ્યુનીસીપાલીટી (૧૮૯૮) ૨૨ મું. ૨૩૦; રણછોડદાસ વી. મુંબાઇના મ્યુનીસીપલ કમીશનર (૧૯૦૧) ૨૫ મું. ૩૮૭). જે દાદ માગેલી હોય ત્યારે કાંઇ નોટીસની જરૂર નથી. (ફ્લોવર વી. લોકલ બોર્ડ (૧૮૭૭) ૫ સી. ડી. ૩૪૭). પરંતુ કામની હકીકત પ્રમાણે જ્યારે સેક્રેટરી ઓફ સ્ટેટ ઉપર તાકીદ હુકમ બાબત દાવો રાખી શકાતો ના હોય ત્યારે તે ફક્ત તાકીદ હુકમનો ઇલાજ માગે છે તે કારણથી તે કલમ પ્રમાણે જે નોટીસ આપવાની જરૂર છે તે દુર થતી નથી (હરી પાંડુરંગ વી. સેક્રેટરી ઓફ સ્ટેટ (૧૯૦૩) ૨૭ મું. ૪૨૪ જુઓ પા. ૪૫૦). જ્યારે એમ માલુમ પડેલું હોય કે એક પોલીસ અમલદારે શુદ્ધ બુદ્ધીથી કાંઈ કરેલું નથી પણ તેમણે પોતાના હોદ્દાનો ગેર કાયદે અને નીર્દય કામ કરવાને દવેશ બુદ્ધીથી અને કારણ વીના પોતાના હોદ્દાનો ફાયદો લીધેલો છે તો કાંઇ નોટીસની જરૂર નથી એમ ઠરાવેલું છે (મહમદ સાદીક વી. પનાલાલ (૧૯૦૪) ૨૬ અલ્હા. ૨૨૦).

નોટીસનો નમુનો—જે હુકમ બાબત ફરીયાદ કરેલી હોય તે હુકમ બાબત હરકત લેઇને તે વીશે ફરી વીચાર કરવાનું માગેલું હોય તો, તે બસ નથી (અભયનાથ બોઝ વી. કીશનગઢ મ્યુનીસીપાલીટી (૧૮૬૭) ૭ વી. રી. ૯૨).

તેમાં દાવાનું કારણ બતાવવું જોઇએ પણ દાવાનું રૂપ બતાવવાનું નથી (સેબીન વી. ડીબર્ગ, ૨ કેમ્પ ૧૯૬); અને જે દાદ માગતો હોય તે બતાવવાની છે અને તપાસ વખતે દાવાનું બીજું કાંઇ કારણ ઉત્પન કરી શકાતું નથી (અલમાન વી. કલકત્તા જસ્ટીસ (૧૮૭૧) ૮ બં. લા. રી. ૨૬૫). સારાંશમાં તે કલમ પ્રમાણે જે વાદી થવાનો ઈરાદો રાખતો હોય તેણે વાસ્તવીક રીતે ફરીયાદના કારણની તે અમલદારને ખબર આપવામાં આવે કે જેથી

કરીને દાવો કરવાનું કારણ છે કે નહિ તે જોઇ શકે. (જોન્સ વી. બર્ડ (૧૮૮૨) ૫ બી. અને એલ્ડ,૮૩૭;પાર્બતીચરણ વી. નોબીનચંદ્ર (૧૮૮૩) ૩૩ ક. લા. રી.૧૯૫); માટે તેણે જોઇતી રીતે ફરીયાદનાં કારણ ખુલ્લી રીતે બતાવવાં જોઇએ (સ્મીથ અને કંપની વી. વેસ્ટ ડર્બી લોકલ બોર્ડ (૧૮૭૮) ૪ સી. પી. ડી. ૪૨૩). છેવટે જે એક પક્ષકાર દાવો કરવાને ઇરાદો રાખતો હોય તેનું નામ અને રેહેવાની જગા તે નોટીસમાં બતાવવી જોઇએ (દ્વારકાનાથ ગુપ્તો વી. કલકત્તાનું કોરપોરેશન (૧૯૦૧) ૧૮ ક. ૯૧. વળી આ વીષે જુઓ જેમ્સ વી. સ્વીફ્ટ (૧૮૨૫) ૪ બી. અને સી. ૬૮૧; અને વળી ઇલસ મદ્રાસના મ્યુનસીપાલ. કમીશનરો (૧૮૯૧) ૧૪ મ. ૩૮૬). ત્રણ વાદીઓમાંથી ફક્ત બે વાદીઓએ નોટીસ આપેલી હોય તે કારણથી તે નોટીસ નાબુદ થતી નથી. (સેક્રેટરી ઓફ સ્ટેટ વી. પીરૂમલ પીલાઇ (૧૮૯૧) ૨૪ મ. ૨૭૯).

જે દાવો દાખલ કરવાને ઇરાદો રાખેલો હોય તે દાવાનો પ્રકાર સામાન્ય રીતે એકાદી નોટીસથી પક્ષકારોને જણાવવામાં આવે તો તેથી વાસ્તવીક રીતે તે નોટીસનો હેતુ આ કલમ પ્રમાણે પુરો પાડયો થાય છે. (જાંહગીર ખરસેતજી વી. સેક્રેટરી ઓફ સ્ટેટ (૧૯૦૩) ૨૭ મું. ૧૮૯).

બજાવણી—સરકારી અમલદારની બાબતમાં તે નોટીસ તેમની જાત ઉપર બજાવી જોઇએ અગર તેમની ઓફીસમાં મુકવી જોઇએ. તે નોટીસની તારીખ અને દાવો કર્યાની તારીખ એ બેઉ તારીખો બે માસ ગણવામાં બાતલ કરવી જોઇએ. (યંગ વી. હીગન (૧૮૪૦) ૬. એમ. અને ડબલ્યુ. ૪૯).

સરકારી અમલદાર—એકાદા સગીરની મીલકતનો વહીવટ કરવાને એક કલેકટરને નીમેલા હોય તો આ કલમના હેતુ પ્રમાણે તે એક સરકારી અમલદાર છે (નરસીંગરાવ વી. લક્ષ્મણરાવ (૧૮૭૬) ૧ મું. ૩૧૮) અથવા કોર્ટ ઓફ વોર્ડસના એજંટ તરીક કામ કરતો હોય તે આ કલમના હેતુ પ્રમાણે સરકાર. અમલદાર છે. (બીજનોરના કલેકટર વી. મનુવર (૧૮૮૧) ૩ અ ૨૦). તેજ પ્રમાણે એડમીનીસ્ટ્રેટર જનરલ છે. (ભોળારામ વી. એડમીની સ્ટ્રેટર જનરલ (૧૯૦૪) ૮. ક. વી નોટ ૯૧૩). એક સગીરનો મુકરદમા પુરતો વાલી એક નાઝીરને નીમેલો હોય તો તે સરકારી અમલદાર નથી. (મોહન ઇશ્વર વી. હકુરૂપા (૧૮૮૦) ૪ મું ૬૩૮; જાદવ મુળજી વી. છગન (૧૮૮૧) ૫ મું. ૩૦૬) તેમ કલેકટર નથી—અનાથરમન વી. રામસામી (૧૮૮૮) ૧૧ મ. ૩૧૭; અને જુઓ ભગુ બાલાપા વી. નાના (૧૮૮૯) ૧૩ મું. ૩૪૩). પાછળ કલમ ૨ માં સરકારી અમલદારના મથાળા નીચેના ફેંસલા જુઓ.

દાવા અરજીમાં બતાવેલી હકીકત.—આ કલમના ભાગમાં એકાદી નોટીસ ઠરાવેલી રીતે મુકેલી હોય અથવા આપેલી હોય તે ભાગ તે કલમના પહેલા ભાગથી જુદો ગણી શકાય છે. જ્યારે નોટીસ આપેલી ના હોય ત્યારેજ દાવો કહાડી નાંખવા લાયક છે. જો ઠરાવેલી રીતે નોટીસ આપેલી હોય તો તે દાવો ચાલી શકે છે અને તે હકીકત બતાવવાને સારૂ દાવા અરજી પાછળથી દુરસ્ત કરી શકાય છે. (ભોળારામ વી. એડમીનીસ્ટ્રેટર જનરલ (૧૯૦૪) ૮ ક. વી. નોટ. ૯૧૩).

બીજી અપીલ—નોટીસની ખાંમી વીષે સ્પેશીઅલ અપીલમાં પહેલ વહેલી તકરાર કરી શકાતી નથી. (અલ્હાબાદની મ્યુનીસીપલ કમીટી વી. છત્રીસીંગ (૧૮૭૬) ૧ અ. ૨૬૯; તાલુક બોર્ડના પ્રેસીડંટ, શીવગંગા વી. નારાયનન (૧૮૯૩) ૧૬ મ. ૭૩૧).

૮૧. કોઈ સરકારી અમલદારે પોતાના હોદ્દાની રૂએ કાંઈ કૃત્ય કર્યાનું કહેવાતું હોય એવા કૃત્યના સંબંધમાં તે અમલદાર ઉપર કોઇપણ ફરિયાદ માંડી હોય તેમાં— (સરકારી અમલદારને) પકડવાની તથા તેણે જાતે હાજર થવાની માફી.

(અ) હુકમનામું બજાવવામાં પ્રતિવાદીને પકડવામાં આવે અથવા તેની મિલકત જપ્ત થાય તે શિવાય બીજી રીતે પકડવાને અથવા તેની મિલકત જપ્ત થવાને પાત્ર થશે નહિ, અને

(બ) કોર્ટની એવી ખાત્રી થાય કે, સરકારી કામને હરકત થયા વગર પ્રતિવાદી નોકરી ઉપરથી ગેરહાજર રહી શકતો નથી તો, જાતે હાજર થવાનું કોર્ટે તેને માફ કરવું.

સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની કલમ ૪૨૫ અને ૪૨૮.

ટીકા—આ કલમ હાઈ કોર્ટ તથા પ્રોવીન્શીઅલ સ્મોલ કોઝ કોર્ટને લાગુ છે.

સરકારે પ્રતીવાદી ઉપર કરેલા દાવાનો ડીફેન્સ ઓર્ડર ૧૭, રૂલ ૮ પ્રમાણે માથે રાખેલો હોવ કીંવા નહીં પણ તે પ્રતીવાદીને તેનું તેજ રક્ષણ આપવાને આ કલમ દાખલ કરેલી છે. દરેક કામમાં તેને પહેલેથી પકડવાની અને તેની પહેલેથી મીલકત જપ્તી કરવાની માફી આપેલી છે.

તેમને હાજર થવાની ફરજ પાડવાને અથવા ફરજ નહિં પાડવાને કોર્ટનો સંપુર્ણ રીતે કુલ અખત્યાર રાખેલો છે.

૮૨. (૧) હિંદુસ્તાનના સ્ટેટ સેક્રેટરી ઇન્ કોન્સિલ ઉપર અથવા ઉપર કહેલા પ્રકારના કંઇ કૃત્ય સંબંધી સરકારી અમલદાર ઉપર હુકમનામું થાય તો, કંઈ મુદતમાં તે હુકમનામું પુરૂં કરવું એ વાત હુકમનામામાં દર્શાવવી; અને તે દર્શાવેલી મુદતમાં હુકમનામું પુરૂં કરવામાં ન આવે તો, સ્થાનિક સરકારનો હુકમ મળવાસારૂ તે બાબતનો કોર્ટે રિપોર્ટ કરવો, હુકમનામાની બજાવણી.

(૨) આવું કોઇ હુકમનામું સદરહુ રિપોર્ટની તારીખથી ત્રણ માસની મુદત સુધીમાં પુરૂં ન થાય તો, પછી તે બજાવવાનો હુકમ કરવો-

સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની કલમ ૪૨૯.

ટીકા.—આ કલમ હાઇ કોર્ટ તથા પ્રોવીન્શીઅલ સ્મોલ કોઝ કોર્ટને લાગુ છે.

ત્રણ મહીના પહેલાં અને તે હુકમનામામાં બતાવેલી મુદત પુરી થતા સુધી બજાવણી કહાડવાની નથી.

પરરાજયના લોકો કરે તે ફરિયાદ વિશે, તથા પરદેશી અને દેશી રાજયકર્તાઓ કરે તે અથવા તેમના ઉપર થાય તે ફરિયાદો વિશે.

૮૩. (૧) ગવર્નર જનરલ ઈન્ કૌન્સિલની પરવાનગીથી બ્રિટિશ ઇંડિયામાં રહેતો દુશ્મનીમાં હોય એવો પરરાજ્યનો કોઈ માણસ અને મિત્રાચારીમાં હોય એવો પરરાજ્ય પરરાજ્યના લોકો ફરિયાદ ક્યારે કરી શકે.

નો માણસ, જાણે તે મલીક મુઆઝમની રૈયત હોય તે પ્રમાણે, બ્રિટિશ ઇંડિયાની કોર્ટમાં ફરિયાદ કરવાને મુખ્ત્યાર છે.

(૨) દુશ્મનીમાં હોય એવો પરરાજ્યનો કોઇપણ માણસ એવી પરવાનગી વગર બ્રિટિશ ઇંડિયામાં રહેતો હોય અથવા પારકા દેશમાં રહેતો હોય તેણે એવી કોર્ટમાં ફરિયાદ કરવી નહિ.

ખુલાસો.—ગ્રેટબ્રિટન તથા આયર્લાંડના સંયુક્ત રાજ્ય સાથે જે પરરાજ્ય લઢાઈ ચલાવતું હોય તેના મુલકમાં રહેતો હોય, અને તે મુલકમાં વેપાર ધંધો ચલાવવા સારૂ મલીક મુઆઝમના એકાદા સ્ટેટ સેક્રેટરીની સહીનો અથવા હિંદુસ્તાન સરકારના કોઇ સેક્રેટરીની સહીનો પરવાનો લીધા વગર તે દેશમાં વેપાર ધંધો ચલાવતો હોય તે શખસ, પેટા કલમ (૨) નાં કારણસારૂ, દુશમનીમાં હોય એવો પરરાજ્યનો પારકા દેશમાં રહેનારો શખસ ગણાશે.

સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની કલમ ૪૩૦.

ટીકા.—આ કલમ હાઇ કોર્ટ તથા પ્રોવીન્શીઅલ સ્મોલ કોઝ કોર્ટને લાગુ છે.

૮૪. (૧) પરદેશી રાજ્ય બ્રિટિશ ઇંડિયાની કોર્ટમાં ફરિયાદ કરવાને મુખ્ત્યાર છે: પરદેશી રાજ્ય ક્યારે ફરિયાદો કરી શકે.

પણ એવું ઠરાવ્યું છે કે મલીક મુઆઝમે અથવા ગવર્નર જનરલ ઇન્ કૌન્સિલે તે રાજ્ય કબુલ કરેલું હોવું જોઇયે.

વળી એવું ઠરાવ્યું છે કે એવા પરદેશી રાજ્યના મુખ્યને અથવા એવા રાજ્યના કોઈપણ અમલદારને તેના હુદ્દાની રૂયે પ્રાપ્ત થયેલો ખાનગી હક્ક અમલમાં લાવવાનો સદરહુ ફરિયાદનો હેતુ હોવો જોઇએ:

(૨) મલીક મુઆઝમે અથવા ગવર્નર જનરલ ઈન કૌન્સિલે પરદેશી રાજ્ય કબુલ કર્યું છે અથવા નથી એ વાત દરેક કોર્ટે ન્યાયાધિકારની રૂએ ધ્યાનમાં લેવી જોઇએ.

સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની કલમ ૪૩૧.

ટીકા.—આ કલમ હાઇ કોર્ટ તથા પ્રોવીન્શીઅલ કોઝ હાઇ કોર્ટને લાગુ છે.

પરદેશી સખસ—એકાદા પરદેશી સખસનો ઇંગ્રેજી મુલકમાં પેસવાના હક વીષે જુઓ. (મસગ્રુવ વી. ચંન ટીયેંગ (૧૮૯૧) એક કેસીસ ૨૭૨).

જો પરરાજ્યનું સ્વસ્થાન કબુલ કરવામાં આવેલું હોય તો તે દાવો કરવાના હક વીષે નીશ્ચય કારક છે. આધારોમાં જે બાબતો બતાવેલી છે તે બાબતજ પરરાજ્યનું સ્વસ્થાન છે અને કાંઇ બીજી બાબત તે દાવો કરી શકતું નથી; તે રાજ્યનો હક તોડવાથી દાવાનું કારણ બનતું નથી (ઓસ્ટ્રીયાના શહેનશાહ વી. ડેરગીફ ૬૨૮).

ખાંનગી હકો.—એકાદા સ્વસ્થાનના જે ખાંનગી હકોનો ઇનસાફની કોર્ટ મારફતે અમલ થવો જોઇએ તે છે. અને તેના રાજ પ્રકરણી હકથી જુદા છે. (હેજન મણીક વી. બરસાંગ (૧૮૮૫) ૧૧ ક. ૧૭).

ગેરહાજર પરરાજ્યના સખસો જે મુલકી કાયદાના કરનારની સત્તાને તાબે નથી અથવા તે માન્ય કરતા નથી તેવા ગેરહાજર સખસોની વીરૂદ્ધ કોઇ પરરાજ્યની કોર્ટે હકુમત આપવી જોઇએ તેવી હકુમત કોઈ મુલકી કાયદાથી આપી શકાતી નથી. તમામ જાત સંબંધી દાવામાં જે દેશમાં પ્રતીવાદી રેહતો હોય તે દેશની કોર્ટોની મદદ લેવી જોઇએ. અને જે દેશમાં દાવાનુ કારણ ઉત્પન થયું હોય તે દેશની કોર્ટોની મદદ લેવાની નથી. ફરીદકોટનો એકાદો સખસ ટ્રેઝરર થયેલો હતો તેના ઉપર પૈસા બાબતનું એકતરફી હુકમનામું ફરીદકોટની એક કોર્ટે કરેલું હતું પરંતું દાવાની તારીખે તે ટ્રેઝરર નહોતો અને તે ઝીંદનો રેહવાશી હતો તેથી તે સ્વસ્થાનની રૈયત હતો. ઠરાવ્યું કે ઇન્ટર નેશનલો પ્રમાણે આવાં હુકમનામા નીરઅર્થક અને બ્રીટીશ ઇંડીયાની કોર્ટમાં તેનો અમલ થઇ શકતો નથી (ગુરૂચાળસીંગ વી. ફરીદકોટના રાજા (૧૮૯૫) ૨૨ ક. ૨૨૨; લા. રી. ૨૧ ઇ. અ. ૧૭૧). પણ જે જગાની પરરાજ્યની કોર્ટે ફેંસલો આપેલો હોય તે જગાના સરકારનો પ્રતીવાદી રૈયત છે અને અને જે જગાએ તે ફેંસલો કરતી વખતે તે રહે છે તે જગાના સરકારની તે રૈયત છે માટે તે હુકમનામું નીરઅર્થક ગણી શકાતું નથી (મોઝીમ હુસેન વી. રીફેલ રોબીન્સન (૧૯૦૧) ૨૮ ક. ૬૪૧; ૫ ક. વી. નોટ ૭૪૧).

રીવાજ.—પરરાજ્યના સ્વસ્થાનોને ફકત કોર્ટના નીયમો પ્રમાણે અને રીવાજના નીયમો પ્રમાણે દાદ મળી શકે છે. અને તેમાં જે સરતો છે તેમાંનો એક એવી છે કે એકાદા સખસની માફક તેમણે શોધ કરવા દેવો જોઇએ એકાદું પરરાજ્યનું સ્વસ્થાન વાદી હોય તો પ્રતીવાદીએ તે સ્વસ્થાનને અરજ કરવી જોઇએ કે કોની પાસે શોધ કરવો તે વીષે કોઇ સખસનું નાંમ બતાવું જોઇએ અને જો તે ના કહે તો જાંણે એક સાધારણ સખસનું કાંમ હોય અને શોધ કરવા દેવાની ના કેહવામાં આવેલી હોય તે પ્રમાણે તે દાવાની વ્યવસ્થા કોર્ટ વ્યાજબી રાહે કરે છે. (અમેરીકાના સંયુક્ત સ્વસ્થાનો વી. વેગનર, લા. રી. ૨ ચ. એમ. ૫૯૦; પીરૂનું પ્રજા સત્તાક રાજ્ય વી. વેગનીલન (૧૮૭૫) લા. રી. ૨૦. એક, ૧૪૦)

૮૫. (૧) કોઈ શત્તાધિકારી રાજાના અથવા રાજ્ય ચલાવનાર રજવાડાના કહેવાથી અથવા એવા રાજા અથવા રજવાડા તરફથી કામ કરવાને સરકારની નજરમાં યોગ્ય આવે એ વા કોઇપણ સખસના કહેવાથી તેની વતી કોઈ ફરિયાદ ચલાવવા સારૂ અથવા તેનો જવાબ કરવા સારૂ સરકારના હુકમથી મુદ્દામ નીમેલા શખશો કબુલ કરેલા મુખ્ત્યારો ગણાશે, અને આ

રાજા અથવા રજવાડા તરફથી ફરિયાદ ચલાવવા અથવા તેનો જવાબ કરવાને સરકારે મુદ્દામ નીમેલા શખસો.

કાયદા પ્રમાણે હાજર થવાનું, કામ કરવાનું અને અરજો કરવાનું કામ તે રાજાની અથવા રજવાડાની વતી તેઓ કરી શકશે; પછી તે રાજા અથવા રજવાડા બ્રિટિશ સરકાર સાથે ગમે તો તાબેદારીનાં અથવા બીજી રીતની દોસ્તીમાં હોય, અને તે ગમે તો બ્રિટિશ ઇંડિયામાં અથવા તેની બહાર રહેતા હોય.

(૨) આ કલમ પ્રમાણે કરવાનો નિમણુંક, કોઇ એક દર્શાવેલી ફરિયાદને માટે અથવા કેટલીક દર્શાવેલી ફરિયાદોને માટે, અથવા વખતે વખત સદરહુ રાજા અથવા રજવાડા તરફથી જે ફરિયાદો કરવી પડે અથવા જે ફરિયાદો સામુ બચાવ કરવો પડે તે સર્વ ફરિયાદોને માટે કરવાનો અધિકાર છે.

(૩) આ કલમ પ્રમાણે નિમાયલો કોઈ શખસ જાણે સદરહુ પ્રકારની ફરિયાદ અથવા ફરિયાદોમાં પોતેજ એક પક્ષકાર હોય તેમ સદરહુ ફરિયાદ અથવા ફરિયાદોમાં હાજર થવા માટે, અરજો કરવા માટે, તથા કામ કરવા માટે બીજા શખસોને અખ્ત્યાર આપવા અથવા નિમવા મુખ્ત્યાર છે.

સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની કલમ ૪૩૨.

ટીકા.—આ કલમ હાઇકોર્ટ તથા પ્રોવીન્શીઅલ સ્મોલકોઝ કોર્ટને લાગુ છે.

એકાદા પોલીટીકલ એજંટને જો ખાસ રીતે નીમેલા ના હોય તો એકાદા રાજા તરફથી તે દાવો કરી શકતા નથી. (વ્યંકટરાવ વી. માધવરાવ (૧૮૮૭) ૧૧ મું. ૫૩).

આ ઠરાવથી એકાદા સ્વતંત્ર રાજા પોતાના નામથી અને આ કલમ પ્રમાણે નીમેલા સખસ શીવાયના એકાદા કબુલ કરેલા એજંટના મારફતે તેમાં અટકાવ થઇ શકતા નથી. (ભરતપુરના મહારાજા વી. કચેરૂ (૧૮૯૭) ૧૯ અ. ૫૧૦). સને ૧૮૮૧ ના એકટ ૧૨ ના ઠરાવ પ્રમાણે રેવન્યુ કોર્ટમાં જે દાવા ફાઇલ કરેલા હોય તે દાવાને આ કલમ લાગુ થાય છે. આ કલમ પ્રમાણે સરકારે ખાસ રીતે નીમેલો નહીં એવા એકાદ સખસે એક રાજ કરનાર ચીફની તરફથી રેવન્યુ કોર્ટમાં ફાઇલ કરેલી એક દાવા અરજી ઉપર સહી કરેલી હતી પરંતુ તે સખસને તે દાવાની મુદત પુરી થતા પેહલાં તે પ્રમાણે નીમેલો હતો માટે તમામ કારણુસર તે બળવાન દાવા અરજી છે એમ ગણી શકાય છે (રેવાના માહરાજા વી. સ્વાંમી શરણ (૧૯૦૩) ૨૦ અ. ૬૩૫).

સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની આવી કલમથી આપેલા અખત્યાર પ્રમાણે જાહેર ખબર કરેલી છે તે મુજબ મુંબાઇમાં સ્થાનીક રૂલો તથા ઓર્ડરોનું મુંબાઇનું લીસ્ટ છે તેનું પા. ૪૦૮ જુઓ.

૮૬. (૧) સદરહુ પ્રકારના કોઈ રાજા અથવા રજવાડા ઉપર અને પરદેશી સંસ્થાનના કોઈ એલચી અથવા વકીલ ઉપર કોઈપણ યોગ્ય હકુમતવાળી કોર્ટમાં હિંદુસ્થાન સરકારના એક સેક્રેટરીની સહીથી ગવર્નર જનરલ ઇન કૌંસિલની સંમત્તિનો દાખલો આણીને ફરિયાદ કરી શકાય પણ એવા સંમત્તિના દાખલા વગર ફરિયાદ કરી શકાય નહિ.

રાજા, રજવાડા, એલચીઓ તથા વકીલો ઉપરની ફરિયાદો.

(૨) સદરહુ સંમત્તિ કોઈ દર્શાવેલી ફરિયાદ માટે અથવા કેટલીક દર્શાવેલી ફરિયાદો માટે અથવા કોઇ દર્શાવેલા વર્ગ અથવા વર્ગોની સઘળી ફરિયાદો માટે આપી શકાય, અને તે સંમત્તિમાં, કોઈ ફરિયાદ અથવા કોઈ વર્ગની ફરિયાદોના સબંધમાં સદરહુ રાજા, રજવાડા એલચી અથવા વકીલ ઉપર કઈ કોર્ટમાં ફરિયાદ ચલાવાય, તે નિર્દિષ્ટ કરવામાં આવે; પણ નિચે પ્રમાણે હકીકત છે એમ સરકારને ન દેખાય તો તે સંમત્તિ આપવી નહિ, એટલે :—

(અ) તે રાજા, રજવાડા, એલચી અથવા વકીલ ઉપર ફરિયાદ કરવા ઇચ્છનાર શખસ ઉપર તે રાજા, સરદાર, એલચી અથવા વકીલે તે કોર્ટમાં ફરિયાદ માંડી છે, અથવા

(બ) તે કોર્ટની હકુમતની સ્થાનિક હદ્દમાં તે રાજા, રજવાડો, એલચી અથ

વા વકીલ પોતે અથવા બીજાની મારફતે વેપાર છે, અથવા

(ક) તે રાજા, રજવાડો, એલચી, અથવા વકીલના કબજામાં સદરહુ હદની અંદર આવેલી કોઇ સ્થાવર મિલકત છે અને એવા કબજા સબંધી અથવા તે મિલકત ઉપર જે નાણાનો બોજો હોય તે નાણાં સંબંધી તેના ઉપર ફરિયાદ કરવાની છે.

(૩) તેવા કોઈ રાજા, રજવાડા, એલચી અથવા વકીલને આ કાયદા પ્રમાણે પકડવામાં આવશે નહીં, અને સદરહુ કહ્યા પ્રમાણે દાખલા સુધાંની ગવર્નર જનરલ ઇન કૌંસિલની સંમતિ શિવાય તેવા કોઈપણ રાજાની, રજવાડાની, એલચીની, અથવા વકીલની મિલકત ઉપર કોઇ હુકમનામું બજાવવામાં આવશે નહીં.

(૪) ગવર્નર જનરલ ઇન કૌંસિલ ઇંડિયા ગેઝીટમાં જાહેર ખબર આપીને તે જાહેર ખબરમાં કહેલા રાજા, રજવાડા, એલચી અથવા વકીલના સંબંધી જે જે કામો ઉપરની પેટા કલમો પ્રમાણે અનુક્રમે ગવર્નર જનરલ ઇન્ કૌન્સિલને તથા હિંદુસ્તાન સરકારના કોઇ એક સેક્રેટરીને સોંપવામાં આવ્યા છે તે તે કામો ગવર્નર જનરલ ઇન્ કૌંસિલના નિબંધને પાત્ર રહિને, કોઇ સ્થાનિક સરકારને તથા તે સરકારના કોઇપણ સેક્રેટરીને કરવાનો અધિકાર આપવાને મુખત્યાર છે.

(૫) સ્થાવર મિલકતના ભાડુત તરીકે કોઇપણ શખસ, સદરહુ મિલકત જે રાજા, રજવાડા, એલચી અથવા વકીલ પાસેથી તે ધારણ કરતો હશે અથવા ધારણ કરવાનો દાવો કરતો હશે તે રાજા, રજવાડા, એલચી અથવા વકીલ ઉપર આ કલમમાં કહેલી છે એવી સંમતિ શિવાય ફરિયાદ કરવાને મુખ્ત્યાર છે.

સને ૧૮૮૨ ના એક્ટ ૧૪ ની કલમ ૪૮૩.

ટીકા.—આ કલમ હાઇકોર્ટ તથા પ્રોવાન્શીઅલ સ્મોલકોઝ કોર્ટને લાગુ છે.

સરકારને એવું જણાય છે.—પેટા કલમ (૨) મા આ શબ્દો દાખલ કરેલા છે તે આ બાબત વીષે સરકારનો ઠરાવ આખરનો છે અને તે વીષે કોર્ટમાં વાંધો લેવા લાયક નથી તેની સફાઇ કરવાને દાખલ કરેલા છે. (ચંદુલાલ વી. અવાદબીન ઉમર (૧૮૭૭) ૨૧ મું. ૩૫૧)

ટીપેરાના રાજા તે બ્રીટીશ ઇંડીયા અંદરની જમીન સબંધી બ્રીટીશ ઇંડીયાની કોર્ટોને તાબે છે, આ કલમમાં જે બાબતો બતાવેલી છે તે શીવાય તે બીજી રીતે નથી (બીરચંદ્ર વી. ઇશાનચંદ્ર (૧૮૭૯) ૩ ક. લા. રી. ૪૧૭; વળી જુઓ રાજકુમાર નોબોદીપચંદ્ર ની. વીરચંદ્ર (૧૮૭૬) ૨૫ વી. રી. ૪૦૪); અને તે પોતાના કબુલ કરેલા એજંટની મારફતે પોતાના નામથી એકાદો દાવો દાખલ કરી શકે છે (બીરચંદ્ર વી. ઇશાનચંદ્ર (૧૮૮૪) ૧૦ ક. ૧૩૬; જુઓ વળી બીરચંદ્ર વી. રાજકુમાર (૧૮૮૩) ૯ ક. ૫૩૫; મહારાજા ઓફ ભરતપુર વી. કાચેરૂ (૧૮૯૭) ૧૯ અ. ૫૧૦ ચેરાપુંજીના રાજા વીષે જુઓ હેજનમાનીક વી. બરસીંગ (૧૮૮૫) ૧૧ ક. ૧૭ આ કલમમાં પાટડીનો દેસાઇ મુખ્ય રાજા છે. કંભાઇ વી. હેમતસંગજી (૧૮૮૪) ૮ મું. ૪૧૫).

એકાદા જે રાજાનો આ કલમમાં સમાસ થાય છે તેના ઉપર જાણે તે ખાનગી

સખસ હોય તે પ્રમાણે એક જમીનદાર તરીકે તેના ઉપર દાવો કરી શકાતો નથી (રાઘો કીશોરના મહારાજા વી. ગોવીંદ (૧૯૦૫) ૨ ક. લા. જે ૧૬૩) પેટા કલમ ૨ પ્રમાણેની સરત ખરી રીતે ના હોય તો એકાદો દાવો પરવાનગી સાથે પણ ચાલવા લાયક નથી (જેપુરના મહારાજા વી. લાલજી (૧૯૦૭) ૨૯ અ. ૩૭૯; અ. વી. નોટ ૯૫).

સ્થાવર મીલકત.—ખોરાકી પોશાકીની જવાબદારી એકાદી મીલકત ઉપર છે એવું ઠરાવાનો દાવો તે સ્થાવર મીલકતનો દાવો નથી. (બીરચંદ્ર વી. રાજકુમાર (૧૮૮૩) ૯ ક. ૫૩૫; મહાલક્ષ્મમ વી. વ્યંકટ રત્નમ (૧૮૮૩) ૬ મ. ૩ પા. ૮૭ ના ઠરાવનો મુકાબલો કરો).

સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની કલમ ૪૩૪.

૮૭. કોઇ સત્તાધિકારી રાજા અથવા રાજ્ય ચલાવનાર રજવાડા પોતાના રાજયના નામથી ફરિયાદ કરવાને મુખ્ત્યાર છે અને તેના ઉપરની ફરિયાદ તે નામથી કરવી; *(રાજા તથા રજવાડા સંબંધી ફરિયાદો ક્યા નામથી કરવી.)*

પરંતુ ઉપરની કલમમાં કહેલી સંમતિ આપતી વખતે, સદરહુ કોઇપણ રાજા અથવા રજવાડા ઉપર કોઇ એજંટના નામથી અથવા બીજા કોઇ નામથી ફરિયાદ કરવી એમ હુકમ કરવા, પ્રસંગ પ્રમાણે, ગવર્નર જનરલ ઇન કૌંશિલ અથવા સ્થાનિક સરકાર મુખ્ત્યાર છે.

ટીકા—આ કલમ હાયકોર્ટ તથા પ્રોવીન્શીઅલ સ્મોલકોઝ કોર્ટને લાગુ છે.

વર્ણન.—આ દેશ જે નામથી અમુક સ્વસ્થાનને કબુલ કરતો હોય તે નામથી તે સ્વસ્થાને દાવો કરવો જોઇએ. એકાદા રાજ્યના રાજાને લોકોના સાર્વજનીક તમામ હક અને હીત મળેલા હોય છે. માટે તેવા હક અને હીત તરફથી તે રાજા છે; પ્રજા સતાક રાજ્યમાં તે સ્વસ્થાનની મીલકત છે. માટે આગલી બાબતમાં દાવો "ઓસ્ટ્રીયાના શેહનશાહ વી. એ" અથવા "સ્પેનના રાજા વી. બ" એ નામથી દાવો થવો જોઇએ. પાછલી બાબતમાં સ્વસ્થાનનું નામ વાપરવું જોઇએ અને દાવા અરજીમાં તેનું વર્ણન "અમેરીકાનાં સંયુકત સ્વસ્થાનો વી. અ" એ પ્રમાણે કરવું જોઇએ. (અમેરીકાનાં સંયુકત સ્વસ્થાનો વી. વેગનર લા. રી ૨ અ. એપ. ૫૯૨).

ઇન્ટરપ્લીડર (વિરૂદ્ધ હકકોનો નિર્ણય કરવાની તિરાહિત કરે તે ફરિયાદ) વિશે.

૮૮. જ્યારે કાંઇ કરજ, પૈસાની રકમ અથવા બીજી જંગમ અથવા સ્થાવર મિલકતમાં જે શખસ ખરચ અથવા બોજા શિવાય બીજા કાંઇપણ સંબંધ માટે હક્ક કહેતે ન હોય અને જે તે કરજ, પૈસાની રકમ અથવા જંગમ અથવા સ્થાવર મિલકત ખરા હકદારને આપવાને અથવા સ્વાધીન કરવાને તૈયાર હોય, તેની પાસેથી તે કરજ વિગરે લેવાનો બે અથવા વધારે શખસો એક બીજાને વિરોધ આવે એવી રીતે હકક કરતાં હોય ત્યારે તે કરજ, વિગેરે કોને આપવું અથવા સ્વાધીન કરવું એ બાબત અને પોતાને નુકસાન થાય તે લેવા બાબત બધા હક્કદાર ઉપર ઇન્ટરપ્લીડરની ફરિયાદ કરવાને તે શખસ મુખત્યાર છે; *(ઇન્ટરપ્લીડર ફરિયાદ ક્યારે થઇ શકે.)*

પરંતુ, જે ફરિયાદમાં બધા પક્ષકારોના હક્કોનો બરાબર રીતે નિર્ણય

થઇ શકે તેવી કોઇ ફરિયાદ ચાલુ હોય તો, એવી ઈન્ટરપ્લીડરની કોઇપણ ફરિયાદ કરવી નહીં.

સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની ક. ૪૭૦.

ટીકા—આ કલમ હા. કો. અને પ્રોવીનશીયલ સ્મોલ કોઝ કોર્ટને લાગુ થાય છે.

સને ૧૮૮૨ ના એકટ ૧૪ માની આવી કલમમાં ઇંગ્રેજીમાં "સ્ટેક હોલડર" શબ્દ હતો તે આ કલમ ફરીથી લખતી વખતે તેમાંથી કહાડી નાંખેલો છે, પણ આ કલમનો હેતુ તે કલમના જેવોજ છે. "વસુલ અથવા મીલકત" એ શબ્દોને બદલે "લેહેણું, નાણાની રકમ" વીગેરે શબ્દો આ કલમમાં દાખલ કરેલા છે તેથી વળી આ કલમનો અર્થ કરવાને સહેલાઇ પડે તેવું છે. જુના કાયદાના ઠરાવો આ કાયદાના પહેલા પૃથીષ્ટમાં ઓરડર ૩૫ મામાં વીગતવાર બતાવેલા છે. ઇંગલાન્ડ અને હિંદુસ્થાન માંહેના નીચેના ઠરાવો હજુ ઊપયોગી થઇ શકે તેવા છે:—

એકાદા હક સબંધનો હક તે મીલકતમાંનુ હીત નથી (એટનબોરો વી. સેંટ કેથરીનની ડોકકંપની (૧૮૭૮) ૩. શી. પી. ડી. ૪૫૦).

જ્યાર બે અથવા વધારે શખશો શુધ બુદ્ધીથી પોતાના દાવા રાખતા હોય ત્યારે એકાદો "ઇંટરપ્લીડર" નો દાવો કરી શકાય છે (નવીહેમબર્ગ અને બ્રાઝીલીયન રેલવે કંપની, વી. નો (૧૮૭૫) પાંનુ. ૨૩૯), પણ તેઓના દાવા તેના તેજ દરજ્જે તેની તેજ મીલકત ઊપર હોયતો તે દાવો કરી શકાય છે (હોગર્ટ વી. કટસ ક્ર અને ૫. ૧૫૧; (તોપણ આ ઠરાવ હિંદુસ્થાનમાં મંજુર રાખવામાં આવેલો નથી—સેક્રટરી ઓફસ્ટેટ વી. મીરમહમદ (૧૮૬૨—૩) ૧ મ. હા. કો. ૩૬૧;મેનોલ વી. શંઘાઇબેંક (૧૮૯૦) ૧૪ મું. ૪૯૮; જુઓ વળી એટનબોરો વી. સેંટકેથરાઇનની ડોક કંપની (૧૮૭૮) ૩ સી. પી. ડી. ૪૫૦). એકાદા જે શખશનો કબજો હોય (બરનેટ વી. એંડરશન (૧૮૧૬) ૧ મ. ૪૦૫) પણ તે પોતે કાંઇ હીત રાખતો ના હોય, પણ તે એકસ્ટેક "હોલડર" અથવા ત્રાહીત શખશ હોય (પ્રુડેનશીયલ એશ્યુરંસકંપની વી. થોમસ (૧૮૬૭) કે જેથી કરીને તેની અને દાવેદારોની વચમાં કાંઇ શવાલ ઊત્પન્ન થઇ શકતો ના હોય (બીગનલ્ડ વી. ઓલ્ડલેંડ (૧૮૪૦) ૧૧ સીમ. ૨૩) અને જો કે દાવેદારો ના હકની અસલ ઊત્પતી એકની એકજ હોય અથવા એક બીજાથી જુદી હોય તો પણ તે ખરા માલેકને આપવાને તૈયાર (ટેનર વી. યુરોપીયન બેંક લા. રી. ૧ એક્ષ્સ ૨૬૧) અથવા તેઓના દાવાનો વાસ્તવીક રીતે આધાર હોય કીંવા નહી (ઇ. અને ડબલ્યુ. ઈંડીયા ડોક કંપની વી. લીટલડેલ (૧૮૪૮) ૭ હેર. ૫૭) તેંના ઊપર તે દાવો ચાલે છે. સ્ટેક હોલ્ડર ઊપર દાવો થવો જોઇએ તેવી કાંઇ જરૂર નથી (ન્યુહેમબર્ગ અને બ્રાઝીલીયન રેલવે વી. નો. (૧૮૭૫) પા. ૨૩૯). એજંટો અથવા દલાલોના તેના તેજ માલ ઊપરના કમીશન અથવા દલાલીના જુદા જુદા દાવાને તેને તેજ લહેણુ લેવાના દાવા નથી. તેથી તે આ કલમના શબ્દોમાં આવતા નથી, કારણ કે તે દાવા તદન જુદા છે (ગ્રીટારેક્સ વી. શેકલ (૧૮૯૫) ૨ કયુ. બી. ૨૪૯. એકાદી શરતમાં એક સ્ટેક હોલડરની બાબતમાં ઇંટરપ્લીડર વીશે જુઓ શુલબ્રેડ વી. રોબર્ટસ (૧૯૦૦) ૨ કયુ. બી. ૪૯૭).

બ. ઊપરના હુકમનામાની બજાવણીમાં બેલીફ. અ. એ અમુક માલ જપ્ત કરેલો હતો, પણ "પ્રોટેસ્ટ" સાથે ક. એ વારંટમાં બતાવેલી રકમ ભરવાથી તે માલ જપ્તીમાંથી મોકળો કરવામાં આવ્યો. અ. એ તે નાંણા ઓફીસમાં આપ્યાં; ઠરાવ્યુ છે કે ક. નો ઈંટરપ્લીડરનો દાવો કરવાનો ઇલાજ નથી પણ લીધેલાં નાંણા બાબત દાવો કરવાનો છે (કોહન

વી. મલીક ૧ ગેસપર ૧૩૯). પણ જ્યારે બેલીફે હુકમનામાના દેણદારનો અમુક માલ જપ્ત કરેલો હોય પણ તે ગીરો રાખનારના કબજામાં હોય તો ઠરાવવામાં આવ્યું છે કે ગીરો રાખનારનો તે જપ્તી ખશેડીને તે માલ લેવાનો હક છે એવું ઠરાવવાનો દાવો ઇંટર " તરીકેનો છે (ભીખજી ગોવીંદજી વી. મનોહરદાસ (૧૮૭૦) ૫ બ. હા. રી. એપ. ૩૧; ૧૪ વી. રી. ૩૦૩). એક સદાનંદરામ શરમલ રહેવાશી હીઝારનો હતો તેણે અમુક માલના ૬૦૦ કોથળા મુંબાઇના એક ખીમજી કાહાનજી ઊપર મોકલેલા તે મુંબાઈ લેઇ જવાને વાદીયોને સોંપેલા હતા. તે માલ રસ્તામાં હતો તે માલ મોકલનાર સદાનંદે ખીમજી કાહાનજીને બદલે પોતાના એજંટ રામગોપાળ ફુલચંદને આપવાનો વાદીયોને હુકમ કરેલો હતો. તેથી વાદીયો પાસેથી તે માલ લેવાનો રામગોપાળે વીનંતી કરી તે માલ આપી શકાય તે પહેલાં સેસુન અને કંપનીની પહેડીએ તે માલ ઉપર દાવો રાખ્યો હતો, એવું કહીને કે ખીમજી કાહાનજીએ તે માલ કીંમતી અવેજ લેઇને અમને આપેલો છે, તે ઉપરથી વાદીયોએ "ઇન્ટર પ્લીડરનો દાવો કરયો, તેમાં ઠરાવ્યું છે વાદીયોએ તે દાવો કરેલો છે તે બરોબર છે, માટે તેઓનો પોતાનું ખર્ચ મળવાનો હક થાય તેવો દાવો છે (મુંબાઈ અને વડોદરા રેલવે કંપની વી. સેસુન (૧૮૯૪) ૧૮ મું. ૨૩૧). એકાદો પક્ષકાર માત્ર સ્ટેક હોલડરની સ્થીતીમાં હોય અને તેને દાવામાં પ્રતીવાદી કરેલો હોયતો તેણે તે નાણું કોર્ટમાં ભરવાં અને મારી જગાએ જે પક્ષકારો ખરી રીતે હીતવાળા છે તેમને પ્રતીવાદીઓમાં દાખલ કરવા જોઇએ, એવું તે માગે તે યોગ્ય ઇલાજ છે (આશારામ બરટો વી. કમર શીયલ ટાન્સપોર્ટ એસોશીએશન ૨ ઇ. જ્યુ. એન. એસ. ૧૧૩)

ભાગ ૫ મો.

વિશેષ કામો વિશે.

લવાદી ઉપર સોંપવાનું.

૮૯. (૧) સને ૧૮૯૯ ના હિંદુસ્તાનના લવાદી બાબતના આકટ ઉપરથી અથવા વિદ્યમાનકાળે અમલમાં હોય એવો બીજા કોઇ કાયદા ઉપરથી બીજી રીતે ઠરાવ્યું છે તે બાદ કરીને ફરીઆદમાં હુકમ કરીને અથવા બીજી રીતે, લવાદી ઉપર સોંપવાના સઘળા લેખને તથા તે મુજબ ચલાવેલાં સઘળાં કામને બીજા પરિશિષ્ટમાં લખેલા ઠરાવો લાગુ પડશે. લવાદી ઉપર સોંપવાનું.

(૨) સદરહુ બીજા પરિશિષ્ટના ઠરાવો આ કાયદો શરૂ થયો તે વખતે ચાલુ હોય તે લવાદીને લાગુ પડશે નહિ. પણ આ કાયદો શરૂ થાય તે પહેલાં કરેલા કરાર અથવા લખાણ મુજબની સદરહુ તારીખ પછીની લવાદીને લાગુ પડશે.

સને ૧૮૮૨ ના એકટ ૧૪ નો ભાગ ૫.

ટીકા—આ કલમ હાઇકોર્ટ તથા પ્રોવીન્શીઅલ સ્મોલકોઝ કોર્ટને લાગુ છે.

સને ૧૮૮૨ ના એકટ ૧૪ માં લવાદી સબંધી જે ઠરાવો છે તે પાંછા આ કાયદાના બીજા પરીશીષ્ટમાં દાખલ કરેલા છે અને આ કલમથી તે પરીશીષ્ટ ફકત મંજુર કરવાના ઉપયોગમાં આવે છે. આ ઠરાવ એક નવા સમાઇક લવાદનો એકટ દાખલ કરવાની તૈયારી તરીકે ઘણું કરીને છે. જે લવાદીની બાબતો ચાલું હોય તે આ કલમમાંથી બાતલ કરેલી

છે પણ પ્રરીશીષ્ટ ૨ કલમ ૩ પ્રમાણેના હુકમ કર્યા પછી જે કાંઈ ઇલાજ લેવામાં આવે છે. તે સબંધી ફકત તે છે. (જુઓ સ્પેશીઅલ કમીટીનો રીપોર્ટ).

વિશેષ હકીકત (કેસ) વિશે.

૯૦. જયારે કોઈપણ શખશો કોર્ટના અભિપ્રાયસારૂ કોઇપણ હકીકત લખવાની લેખી કબુલત કરે ત્યારે, કોર્ટે તે હકીકતોનો ઠરાવેલી રીતે ઇનસાફ કરીને નિર્ણય કરવો. — કોર્ટના અભિપ્રાયસારૂ હકીકત (કેસ) લખી મોકલવાનો અખત્યાર.

સને ૧૮૮૨ ના એકટ ૧૪ નો બાબ ૩૮

ટીકા—આ કલમ હાઇકોર્ટ તથા પ્રોવીન્શીઅલ સ્મોલકોઝ કોર્ટને લાગુ છે.

ઠરાવેલી રીતી—એટલે આ કાયદાના પહેલા પ્રશીષ્ટમાં જે રૂલો છે તેથી ઠરાવેલી હોય તે ઓર્ડર ૩૫ માં જુના કાયદાના બાબ ૩૮ ના ઠરાવો ફરીથી દાખલ કરેલા છે.

સાર્વજનીક બાબતો સંબંધી ફરિયાદો વિશે.

૯૧. (૧) લોકોપકાર કૃત્યની બાબતમાં એડવોકેટ જનરલ અથવા જે બે અથવા વધારે શખસોએ એડવોકેટ જનરલની લેખી સંમત્ત લીધી હોય તે શખસો વિષેષ નુકશાન થયું ન હોય તો પણ, જ્ઞાપીત કરાવવા સારૂ તથા તાકીદનો હુકમ મળવાસારૂ અથવા તે કૃત્યની હકીકતને યોગ્ય હોય એવી બીજી દાદ મળવાસારૂ ફરિયાદ માંડવાને મુખ્ત્યાર છે. — લોકોપકારક કૃત્ય વિશે.

(૨) આ કલમમાંના કોઈપણ ઠરાવ ઉપરથી, ફરીઆદ કરવાનો જે કોઈ હક તે કલમના ઠરાવથી સ્વતંત્ર હશે તે હક મર્યાદિત થાય છે અથવા તેને બીજી રીતે બાધ આવે છે એમ સમજવું નહિ.

ટીકા—આ કલમ હાઇકોર્ટને લાગુ છે પણ પ્રોવીન્શીઅલ સ્મોલકોઝ કોર્ટને લાગુ નથી.

ખાસ નુકશાન થયા શીવાય સાર્વજનીક અપકૃત્ય વીરૂદ્ધ દાદ મળવાને એકાદો દાવો કરી શકાય તે સારૂ આ નવો ઠરાવ દાખલ કરેલો છે. આ બાબત વીષે તથા ખાનગી સખસોના સાર્વજનીક અપકૃત્ય બંધ કરવાના હક વીષે ઇંગ્લાંડમાં જે કાયદો છે તે વીષે જુઓ સ્મ. એલ. સી. ૧૧ મી આવૃતી ૧૮૭ (કમ્પબેલ વી. લોખ્ડ (૧૯૦૧) ૨ ચ. ૫૧૮) સાર્વજનીક અપકૃત્યોના ઘણાજ સાધારણ રૂપો તે ઘણું કરીને ધોરી રસ્તામાં હરકતો થાય તે અને દુખકારક વહેપારો છે; તે ખાંનગી મીલકતને નુકશાન કરવું અજવાળા અથવા રસ્તાના હકને હરકત કરવી વીગરે જેવાં ખાનગી અપકૃત્યો છે તેથી જુદાં છે (જુઓ બ્લેકસ્ટનની ટીકા ૨૧૬ એકાદા કોર પોરેશનની અથવા ધોરી રસ્તાના અધીકારીની જવાબદારી વીષે જુઓ થામસન વી. બ્રીટન (૧૮૯૪) ૧ કયુ, બી ૩૩૨ અને તેમાં બતાવેલા ઠરાવો; વ્હીલર વી. બીંગહેમ (૧૯૦૧) ૧ કે. બી. ૪૫)

૯૨. (૧) ધર્માદાય અથવા ધર્મસંબંધી સાર્વજનિક કામ સારૂ ગર્ભિત રીતે ઉત્પન્ન થએલો કંઇ જુમ્મો (ટ્રસ્ટ) તોડયો છે એમ કહેવામાં આવતું હોય ત્યારે, અથવા તેવા કોઇ જુમ્માનો (ટ્રસ્ટનો) વહીવટ કરવા સારૂ કોર્ટના હુકમની જરૂર જણાય ત્યારે, આડવોકેટ જનરલ અથવા ટ્રસ્ટમાં જેમનો સંબંધ હોય અને — સાર્વજનિક ધર્માદાય.

જેમણે આડવોકેટ જનરલની લખેલી સંમતી મેળવા હોય તેવા બે અથવા વધારે શખસો, ટ્રસ્ટનો વિષય બધો અથવા થોડો ઘણો જે અવલ હકુમતની મુખ્ય દિવાની કોર્ટની અથવા આ અર્થે સ્થાનિક સરકારે અધિકાર આપેલી બીજી કોઈપણ કોર્ટની હકુમતની સ્થાનિક હદમાં હોય તે મુખ્ય દિવાની કોર્ટમાં અથવા તે બીજી કોર્ટમાં નીચે પ્રમાણેનું હુકમનામું મેળવવા સારૂ તકરારી અથવા બીજા પ્રકારની ફરિયાદ કરવાને મુખ્ત્યાર છે, એટલે :—

(અ) કોઇપણ ટ્રસ્ટીને કહાડી મુકવાનું;

(બ) એકાદો નવો ટ્રસ્ટી નિમવાનું;

(ક) ટ્રસ્ટીને કોઇપણ મિલકત પ્રાપ્ત થવાનું;

(ડ) હિસાબ તથા ચોકસી કરવાનું;

(ઇ) ટ્રસ્ટની મિલકતનો કેટલો હિસ્સો અથવા કેટલો હિતસંબંધ તે ટ્રસ્ટનો અમુક હેતુ પાર પાડવા સારૂ આપવો તે ઠરાવવાનું;

(ફ) ટ્રસ્ટની બધી મિલકત અથવા તેનો કોઈપણ ભાગ ભાડે આપવાનો, વેચવાનો ઘરાણે મુકવાનો, અથવા બદલવાનો અખ્ત્યાર આપવાનું;

(ગ) યોજના કરી આપવાનું; અથવા

(હ) કામના સ્વરૂપ પ્રમાણે જોઇયે તેવી જાસ્તી અથવા બીજી કંઇ દાદ આપવાનું.

(૨) સને ૧૮૬૩ ના ધર્મસંબંધી દેણગી બાબતના આકટની ૧૪ મી કલમમાં ઠરાવ્યું છે તે બાદ કરાને, પેટા કલમ (૧) માં લખેલી દાદમાંની કોઈ પણ ફરીયાદમાં માગી હોય તે ફરીઆદ, સદરહુ પેટા કલમના ઠરાવોને અનુસર્યા શિવાય બીજી રીતે, તે પેટા કલમમાં લખેલા કોઈ પણ ટ્રસ્ટના સંબંધમાં માંગવી નહિ.

ટીકા—સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની કલમ ૫૩૯ આ કલમ હાઇકોર્ટને લાગુ છે.

સાર્વજનીક કારણો—કલમ ૫૩૯ નો ઠરાવ ફરીથી લખવામાં આ કલમમાં ફેરફાર કરેલો છે, પરતુ આ શબ્દોના ખુલાસા માટ નીચેના ઠરાવો લગતા થઈ શકે છે. એકાદા જાતીકા હકનો ભંગ દુરસ્ત કરવા બાબતનો દાવો આ કલમના હેતુ પ્રમાણે નથી (બદ્રીદાસ વી. ચુનીલાલ (૧૯૦૬) ૩૩ ક. ૭૮૯ તે પ્રમાણે રામદાસ વી. બદ્રી (૧૯૦૭) ૨૯ અ. ૨૭ ના કામમાં ચાલવામાં આવેલું છે; (૧૯૦૬ અ. વી. નોટ ૨૬૦) એકાદું મંદીર બાંધીને તે ચલાવામાં અથવા ઠરાવેલા કામોનો અમલ કરવામાં સાર્વજનિક લોકોનો તેમ તે લોકોમાંના કોઇભાગનો કાંઇ હક ના હોય તેથી અસલ આપનાર અને લેનાર અને તેઓના વંશજો એકલાને ફાયદો થવાનો હોય તો ગુરૂ પુજા વખતે માણસોને જમાડવામાં આવતા હોય અને ઉન્હાળામાં એકાદી પાંણીની પરબ ચલાવવામાં આવતી હોય તો તેથી તે બક્ષીસ સાર્વજનીક થતુ નથી (સથાપાયર વી. પીરીયા સાંમી (૧૮૯૧) ૧૪ મ. ૧ પા. ૭). જ્યારે અમુક કેટલાક લોકો હમેશાં એક મંદીરનો ઉપયોગ કરતાં હોય અને તે મંદીર સાથે જો-

ડેલી એક ધર્મશાળા હોય અને તે મંદીરના કાંમને માટે જોઇતું ન હોય તેવું વધારાનું ફંડ મુસાફરોને જમાડવામાં અને એક સદાવ્રત ચલાવામાં વાપરવામાં આવતું હોય તો ઠરાવ્યું છે કે તે સ્થાપનારનો ઇરાદો તે મીલકત સાર્વજનીક, ધર્મ સંબંધી અને પુન્યના કારણુસર વાપરવાનો હેતુ છે (જુગલ કીશોર વી. લક્ષ્મણદાસ (૧૮૯૯) ૨૩ મું. ૬૩૯). અને એકાદા દેવ પુરાતની સાર્વજનીક પુજાને માટે કાયમ રીતે સ્થાપેલા હોય અને તેમને જે ભેટ મુકવામાં આવતી હોય તે થોડી અથવા ઘણી કાયમ રૂપની હોય તો તે ગાદી નીભાવવાને સારૂ મદદ કરવાને તે ભેટ લેવાનો ઇરાદો છે અને તે આચાર્યની જાતીકી મીલકત થતી નથી (ગીરજાનંદ વી. સીલજાનંદ (૧૮૯૬) ૨૩ ક ૬૪૫). પણ જમીનના માલેકે ફકત એક મંદીર બાંધેલું હોય અને તે જમીનમાં ઘણાં ઝાડ રોપેલાં હોય તેથી કાંઈ વધારે પુરાવ શીવાય તે પરમેશ્વરને અર્પણ કરેલું છે એમ માલુમ પડતુ નથી અને તે જમીન સંબંધી ખાંનગી હક બંધ થતો નથી (દાખનીદીન વી. રહીમુન્નીસા (૧૮૯૪) ૧૬ અ. ૪૧૨ ત્રણ.—"સાર્વજનીક ધર્માદા કારણો" તે શબ્દો એક મંદીરના દેવસ્થાનને અથવા દેવને લાગુ થાય છે કે નહિં—રાધાબાઇ વી. ચીમનાજી ૩ મું. ૨૭. વળી જુઓ ગણેશ ધરણીધર વી. કેશવરાવ (૧૮૯૧) ૧૫ મું. ૬૩૫). જે સાર્વજનીક ટ્રસ્ટ કેહવામાં આવેલો છે તે હયાત છે એવું પ્રતીવાદીઓએ કબુલ કરવું જોઇએ એમ અવશ્ય નથી. (શૈલાજનંદ વી. ઉમેશચંદ્ર (૧૯૦૫) ૨ ક. લા. જે ૪૬૦; બદસીગ વી. નીરાદબરન (૧૯૦૫) ૨ ક લા. જે. ૪૩૧).

જે ટ્રસ્ટનો કારોબાર ચલાવવાને સારૂ ઠરાવ કરવાની જરૂર પડે તેવો ટ્રસ્ટ છે એવું આ કલમથી પેહલેથી ધારવામાં આવ્યું છે. જે દાવામાં વાદીનો હેતુ અમુક મીલકત અર્પણ કરેલી છે એવું ઠરાવાનો હોય તે દાવાને આ કલમ લાગુ થઇ શકતી નથી (જમાલુદીન વી. મુજતબા હુસેન (૧૯૦૩) ૨૫ અ. ૬૩૧).

તે કલમ તકરારી અને બીન તકરારી બેઉ કામોને ખુલ્લી રીતે લાગુ કરેલી છે (મોહીયુદીન વી. સજીયુદીન (૧૮૯૩) ૨૦ ક. ૮૧૦, તેમાં આ બાબતની તકરાર કલમ ૫૨૯ પ્રમાણે કરવામાં આવેલી છે) આ કલમમાં બતાવેલા કારણુસર તે કલમનો ઠરાવ કરતાં પેહલાં કામ ચલાવવાનો જે સખસોનો હક નહોતો અથવા હતો એમ માનવામાં નહોતું તે સખસોને તે લાગુ કરવાનો ઇરાદો રાખેલો છે (નેલાઇ આપા'વી. થંનામા (૧૮૯૮) ૨૧ મ. ૪૦૬. જુઓ પા. ૪૦૯). તે કલમનો હેતુ પ્રમાણે એવી સાર્વજનીક પ્રકારની તકરાર હોવી જોઇએ કે જો સાર્વજનીક હક ઠરાવાને દાવો કરવાનો હોય તો તે કોણે કરવો એ વીષેનો નીર્ણય કરવાને એડવોકેટ જનરલની દરમીયાનગીરીની જરૂર છે. (મનીજાંન વી. ખાદમ હુસન (૧૯૦૧) ૯ ક. વી. નોટ ૧૫૧).

ચીંમવાડ સ્વસ્થાન કરીને એક ધર્માદા અરપણ કરેલું સંસ્થાન છે તેના અમુક ટ્રસ્ટીઓએ તે સસ્થાનના વહીવટ બાબત બે હરીફાઇ કરનાર દાવેદારોની વચમાં એક સમાધાન થયેલું તે રદ કરવાને અને તેમાંના એકને તે સમાધાનથી જે મીલકત અપાવેલી હતી તે લેવાને દાવો કરવામાં આવ્યો હતો. ઠરાવ્યું છે કે સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની આ કલમને મળતી કલમમાં તે દાવાનો સમાસ થતો નથી (ધુંડીરાજ વી. ગણેશ (૧૮૯૪) ૧૮ મું ૭૨૧). એક સાર્વજનીક ધર્માદાના ટ્રસ્ટીઓને ખસેડવાને તથા તેમની પાસેથી હીસાબ લેવાને અને તેઓની કસુરથી તે ધર્માદાને જે નુકશાન થયેલું તે ભરવાને એક દાવો કરેલો હતો તો તેનો આ કલમના હેતુમાં સમાસ થાય છે માટે મુખ્ય દીવાની કોર્ટમાં એટલે હાઇકોર્ટની અસલ બાજુમાં અથવા જીલ્લા કોર્ટમાં તે કરવો જોઇએ. (હુસેન મીના વી.

ખેરાના કલેકટર (૧૮૯૭) ૨૧ મું. ૪૮ વળી જુઓ મનોહર વી. કેશવરામ (૧૮૮૮) ૧૨ મું. ૨૬૭, નોટ એકાદી એક મંદીર અને તેના ફંડના વહીવટ બાબતની સ્કીમ કરી શકાય તે પેહલાં તે ટ્રસ્ટવાળી મીલકતનો હીસાબ લેવો જોઇએ—છોટાલાલ વી. મનોહર ગણેશ—(૧૮૯૯) ૪ ક. વી. નોટ ૨૩; લા. રી. ૨૬ ઇ. અ. ૧૯૯; (૧૯૦૦) ૨૪ મું. ૫૦; તે ૧૨ મું. ૨૪૧ માં બહાલ રાખેલો છે). વાદીઓ વહીવટનો હક પોતાનો છે અને પોતે વાપરે છે એવું ઠરાવાને સારૂ દાવો કરે તો તેનો આ કલમમાં સમાસ થતો નથી (નવરોજજી વી. દસ્તુર ખરસેતજી (૧૯૦૪) ૨૮ મું. ૨૦). પ્રતીવાદીઓ એકાદા મંદીરના કાયદેસર ટ્રસ્ટીઓ નથી અને તેથી ટ્રસ્ટીના જગા ખાલી છે માટે નવા ટ્રસ્ટીઓ નીમવા સારૂ કરેલો દાવો આ કલમ પ્રમાણે છે (નેતીરામ વી. વ્યંકટ ચાર્લુ (૧૯૦૩) ૨૬ મ. ૪૫૦) પરંતુ બે ખાંનગી સખસો વકફ મીલકત બાબતની મુતવલ્લી તરીકેના હકનો દાવો રાખતા હોયતો તેઓની વચ્ચેના દાવાને તે કલમ લાગુ થતી નથી (ગેવન્સ વી. જમુદીન (૧૯૦૮) ૮ મું. લા. રી. ૭૫૧)

લખેલી કબુલત.—એક વાદીએ શરૂ કરેલો દાવો બીજા એકને તે દુરસ્ત કરી વધારવાથી તે બરોબર છે એમ થઇ શકતુ નથી (ડોવંશ વી. જમુદીન (૧૯૦૬) ૩૦ મું. ૬૦૩; ૮ મું. લા. રી. ૭૫૧). એક ટ્રસ્ટી બીજા ટ્રસ્ટી ઊપર વીશ્વાસઘાત કરયા બાબત દાવો કરે તો તે દાવાને મંજુરીની જરૂર છે (ત્રીકમદાસ વી. ખીમજી (૧૮૯૨) ૧૬ મું. ૬૨૬; પરંતુ જુઓ ઓગસ્ટાઇન વી. મેડલીકોટ (૧૮૯૨) ૧૫ મ. ૨૪૧). જે દાવો કરેલો હોય તે મંજુરી કરેલો હોવો જોઇએ (શ્રીનીવાસ વી. વેંકટ (૧૮૮૮) ૧૧ મ. ૧૪૮) અ. એક દાવો કરેલો હતો અને તેંણે કબુલત મેળવેલી હતી. બ. નુ નાંમ વધારવામાં આવેલુ હતું અને ત્યાર પછી તેણે કલેકટરની કબુલત મેળવેલી હતી. ઠરાવ્યુ છે, તે કબુલત પાછળની હકીકત સબંધી છે, માટે તે બરોબર છે (રામાયાનગર વી. ક્રીશ્નાયાનગર (૧૮૮૭) ૧૦ મ. ૧૮૫) એક સાર્વજનીક ધર્માદા ટ્રસ્ટનાં પાંચ ટ્રસ્ટીયો પૈકી બે ટ્રસ્ટીયો હીસાબ બાબત તથા બીજી દાદો મળવા બાબત બાકીના ત્રણ ટ્રસ્ટીયો ઊપર દાવો કરયો. ઠરાવ્યુ છે કે એડવોકેટ જનરલની તે દાવો કરવા બાબત કબુલત મેળવેલી નથી, માટે તે દાવો કહાડી નાંખવો જોઇએ (ત્રીકમદાશ વી. ખીમજી (૧૮૯૨) ૧૬ મું. ૬૨૬). જ્યારે એકાદો દાવો કરવાને આ કલમ પ્રમાણે મંજુરી આપેલી હોય તો જે બાબત તે મંજુરીમાં આવેલી હોય તેજ બાબત તે દાવો કરેલો જોઇએ. તે દાવો કરવાનો હેતુ વધારીને તે મંજુરીના ઠરાવોમાં જે દાદો આવેલી હોય તે શીવાયની બીજી દાદો અપાવવાને કોર્ટ મુખત્યાર નથી (હુસન મીયાંન વી. ખેડાના કલેકટર (૧૮૯૭) ૨૧ મું. ૨૫૭). લખેલી કબુલત બે અથવા વધારે સખસોને ખાશ પરવાનગી આપેલી હોય તે છે અને તે દાવો કરતા પહેલાં એક શરત તરીકેની છે (ગોપાળદે વી. કનોદે (૧૯૦૪) ૨૬ અલ્હા. ૧૬૨).

કોર્ટની મંજુરી.—જુઓ આગળ ઓરડર ૧ રૂ. ૮ ની નોટ અને તે રૂલના ઠરાવ પ્રમાણે ચાલવામાં નહી આવવાથી આ કલમ પ્રમાણે એકાદો દાવો ખોટો નથી. મોહીયુદીન વી. સૈફુદીન (૧૮૯૩) ૨૦ ક. ૮૧૬) ના કામમાં એવું કહેવામાં આવેલું છે કે મુસલમાનની મસજીદમાં અથવા ધર્માદા બક્ષીશ કરેલી જગામાં દરેક પુજા કરનારનો હક તે બીજા પુજા કરનારના હકથી જુદો છે. જ્યારે વાદીયો ફકત ફાયદો લેનારા ના હોય પણ મુતવલીયોના કુટંબના અંગભુતો હોય અને હાલતો મુતવલી મર્ણ પામે એટલે વારસાને લીધે તેઓના ઊપર મુતવલીનું કામ પડે તો તેઓનો વકફ મીલકત બીજાને આપ્યાની બાબત રદ

કરવાનો દાવો કરવાનો હક છે (કાઝીહસન વી. સગન બાળકીશ (૧૯૦૦) ૨૪ મું. ૧૭૦)

ટ્રસ્ટીઓને ખશેડવા તથા નીમવા તે.—એકાદા ટ્રસ્ટીને ખશેડવાના સ્પષ્ટ અખત્યારથી આ કલમ પ્રમાણે વારંવાર ઊત્પન્ન થતો એક સવાલનો છુટ્યુ હોય છે તેનો ફડચો થાય છે (સાજેદર વી. બૈજનાથ (૧૮૯૩) ૨૦ ક. ૩૯૭ સાજેદર વી. ગોર મોહન (૧૮૯૭) ૨૪ ક. ૪૧૮; ગીરધારીલાલ વી. રામલાલ (૧૮૯૯) ૨૧ અ. ૨૦૦) સાર્વજનીક હિંદુ મંદીરોના વહીવટદારોની વ્યવસ્થા કરવાને કોર્ટોને હકુમત છે. અને જો જરૂર હોય તો ધર્માદા બક્ષીશના સારા માટે વહીવટદાર તરીકેના તેમના હોદ્દામાંથી તેઓને ખશેડવાની તેઓની હકુમત છે. તો પણ એવો કાંઇ શખત નીયમ નથી કે એકાદા ગાદીનો દરેક વહીવટદાર જે હું માલેક છું એવી પોતાની મેળે મગરૂરી કરતો હોય તેને પોતાના ટ્રસ્ટમાંથી ખશેડવો: દરેક કામનો ફેંશલો તેની હકીકત પ્રમાણે કરવો જોઇએ (દામોદરભટજી વી. ભોગીલાલ (૧૮૯૮) ૨૨ મું. ૪૯૩, તે પ્રમાણે પ્રાયદાશ વી. તીરૂમલ (૧૯૦૫) ૨૮ મ. ૩૧૯ ના કામમા ચાલવામાં આવેલુ છે, (૧૯૦૭) ૧૧ ક. વી. નો. ૪૪૨) એક દેવસ્થાનના વંશ પરંપરાના ટ્રસ્ટીએ પોતાની ખરી કાયદેસર રથીતી વીશે ભુલ કરેલી હોય તો તેને વહીવટદાર તરીકેના તેના કામ ઊપરથી ખશેડવાને કારણ થતુ નથી. એક દેવસ્થાનના વહીવટમાં ગરબડ અને ગફલત ભરેલો માલુમ પડે પણ તે કપટ ભરેલો અને અપ્રમાણીક ના હોય તો કોર્ટ તે વહીવટદારને ખશેડવાની ના કહેલી છે, પણ તે ટ્રસ્ટના વહિવટની એક રીતી ઘડી કાહાડેલી હતી (આનાજી વી. નારાયણ (૧૮૮૭) ૨૧ મું. ૫૫૬), કમીટીને હીસાબ આપવામાં એકાદા ટ્રસ્ટી તરફથી નીશફળ થવામાં આવે તો કાયદા પ્રમાણે તેની ફરજો ઠરાવેલી છે તેમાંની ઘણીજ અગત્યની ફરજનો ભંગ કરેલો થાય છે,માટે તેને બ્યાજબી રાહે કાહાડી મુકવાને તે બશ છે (અનંત નાગયણ વી. કુતાલમ (૧૮૯૯) ૨૨ મ. ૪૮૧) એક દેવસ્થાન કમીટીના પાંચ અંગભુતોમાંના ત્રણ અંગભુતો એ એક ધર્મ કર્તાને કાહાડી મુકેલો હોય તો, તે કાયદેસર નથી (થાજા દાવર્ય પીલાઇ વી. સુબાયર (૧૯૦૦) ૨૩ મ. ૪૮૩) ટ્રસ્ટીયોને ખશેડવા શારૂ યોગ્ય રીતે વહીવટની રીતી દુરસ્ત કરવી તે છે અને તેમાં જો જરૂર પડે તો ટ્રસ્ટીને ખશેડવો એવો ઠરાવ હોવો જોઇએ અને જુદો દાવો દાખલ કરવાની નથી (દામોદરભટજી વી. ભોગીલાલ (૧૯૦૦) ૨૪ મું. ૪૫). મુંબાઇમાં એક મશજીદનો નાઝીર તે મુસલમાનની શરેહે પ્રમાણે એક સાર્વજનીક અમલદાર છે તેથી તે લોકોને હીશાબ આપવાને જવાબદાર છે (મુંબાઇના એડવોકેટ જનરલ વી. અબદુલ કાદીર (૧૮૯૪) ૧૮ મું. ૪૦૧). એકાદા દેવસ્થાન કમીટીના એક અંગભુતની સમજમાં એકાદી ભુલ થએલી હોય તેથી તેને ના લાયક ગણવાને બસ થતુ નથી (તીરૂવેંગદાશ વી. શ્રીનીવાસ (૧૮૯૯) ૨૨ મ. ૩૬૧).

જે શખસોનું હીત હોય તે.—" હીત " શબ્દના પહેલા " પ્રતક્ષ " શબ્દ હતો સને ૧૮૮૮ ના એકટ ૭ માની ક. ૪૪ મી થી રદ કરેલો છે. આ કલમ પ્રમાણે જે હીતથી દાવો કરી શકે તે હીત હાલ હોવું જોઇએ, અને ફકત શરતી હોવું ના જોઇએ; વહીવટદારીનો વારશો મળી શકે તેવું માત્ર હોય તેથી દાવો કરવાનો હક આપવાને બશ નથી (મોહીરૂદી વી. સૈયદૂદીન (૧૮૯૩) ૨૦ ક. ૮૧૦).

સને ૧૮૭૭ ના કાયદા પ્રમાણે એવું ઠરાવેલું હતુ કે ગામમાં રહેનાર સખસો યાત્રાળુને ગાદી પાસે લેઇ જાય અને તેમની તરફથી દેવની પુજા કરતા હોય તો તેઓનો દાવો કરવાનું પુરતુ હીત છે (મનોહર ગણેશ વી. લક્ષ્મીરામ (૧૮૮૮) ૧૨ મું. ૨૪૭; સ્મો. ક.(૧૯૦૦)

૨૪ મું ૫૦ (૧૮૯૮–૯૯) લા. રી. ૨૬ ઘ અ. ૧૫૯; ૪ ક વી. નો ૨૩), અને તેજ પ્રમાણે આ કાયદા પ્રમાણે હરકોઇ શખશ એકાદુ ધર્માદા ચલાવનો હોય તેનો હક છે (સુબાયા વી ફીશ્ર (૧૮૯૧) ૪ મ. ૧૮૬) એક મંદીરનો પીરજાન અને પાંચ પુજારીયો એકાદા મંદીરનો અર્થાથ ટ્રસ્ટી હોય તેને ખોટી વર્તણુક બાબત ખશેડવાને દાવો લાવી સકે છે (જુગલકીશોર) વી. લક્ષમણદાસ (૧૮૯૯) ૨૩ મું. ૬૫૯).

આ કલમ હુકમ પ્રમાણેની છે (તીકમદાસ વી. ખીમજી (૧૮૯૨) ૧૬ મું. ૬૨૬; જાન અલ્લી વી. રામનાથ (૧૮૮૨) ૮ ક. ૩૨; લતીફુનીસા વી. નાઝીરન (૧૮૮૫)૧૧ ક. ૩૩) તે બાબત શક પડતો બતાવવામાં આવેલો તેની સફાઇ કરવાને પેટા કલમ (૨) વધારેલી છે (જુઓ સ્પેશીયલ કમીટીનો રીપોર્ટ) અને જે ધર્માદા ઉપયોગમાં ખાનગી શખશોનો દાવો કરવાનો હક તે કાયદા પ્રમાણે રદ કરેલો છે તે ધર્માદા ઉપયોગ સાથે જે ખાસ બાબતેનો સબંધ હોયછે તેને હરકત તેથી થતી નથી અને દેવના પુંજારી અથવા શેવક જેવા કોઇ શખસનું ધર્માદા અર્પણ પ્રમાણે બરોબર ચલાવવાનું હીત હોય છે તે શખશનો ટ્રસ્ટવાળી મીલકતનો બરોબર વહીવટ કરાવવા વીશ્વાશઘાત જે થએલો હોય તે દુરસ્ત કરાવવાને સારૂ પોતાના હકથી દાવો કરી શકે છે (ઠાકરસી વી. હરભમ (૧૮૮૪) ૮ મું. ૪૩૩; ચીંતામણ વી. ધોંડો; (૧૮૯૦) ૧૫ મું. ૬૧૨ પા ૬૨૩; ઝાફરયાબ વી બખતવાર (૧૮૮૩) ૫ અ. ૪૯૭; નેલાઇઆપા વી. થાનગામા (૧૮૯૮) ૨૧ મ. ૪૦૬; પરંતુ જુઓ જાનઅલ્લી વી. રામનાથ (૧૮૮૨) ૮ ક. ૩૩; લતીફુનુસા વી. નઝીરન (૧૮૮૫) ૧૧ ક. ૩૩; ત્રીકમદાસ વી. ખીમજી (૧૮૯૨) ૧૬ મું. ૬૨૬) અને તેજ પ્રમાણે મીલકત અર્પણ કરનાર સખશનો વારસ વકીલ કરી શકે છે (બ્રજો સોહનદાસ વી. હરીલાલ (૧૮૮૦) ૫ ક. ૭૦૦; ગજપત વી. ભગવાન (૧૮૯૨) ૧૫ મ. ૪૪) અને એડવોકેટ જનરલને પક્ષકાર કરવાની જરૂર નથી (લક્ષ્મણદાસ વી. ગણપતરાવ (૧૮૮૪) ૮ મું. ૩૬૫) તેમજ એકાદો પુંજારી બંદગીના કારણ સર એકાદી મરજીદનો ઉપયોગ કરવાનો પોતાનો હક ઠરાવાને દાવો કરી શકે છે. (જવારા વી. અકબર હુસેન (૧૮૮૫) ૭ અ. ૧૭૯) અથવા એકાદા મંદીરના ઉપયોગ કરવાના પોતાનો હક ઠરાવાને દાવો કરી શકે છે (વ્યંકટ વી સુબારાયાદુ (૧૮૯૦) ૧૩ મ. ૨૯૩) પણ એકાદા પ્રવેશ કરનારના કબજામાંથી તે મીલકત લેઇ શકતો નથી (રઘુબાળ દયાળ વી. કેશો (૧૮૮૯) ૧૧ અ. ૧૮; સૈયદ અમીન વી. ઇબ્રાહીમ (૧૮૮૨) ૪ મ. હા. કો. ૧૧૨; સથાપાયર વી પરીયા સાંમી (૧૮૯૧) ૧૪ મ. ૧ પા. ૧૪) વહીવટદાર તરીકે જે સખસો ટ્રસ્ટવાળી મીલકત લેવાને માગતા હોય તેને તે લાગુ થતી નથી (વીશ્વનાથ વી. રામભટ (૧૮૯૧) ૧૫ મું. ૧૪૮; ઓગરટાઇન વી. મેડલીકોટ (૧૮૯૨) ૧૫ મ. ૨૪૧, પણ જુઓ ત્રીકમદાસ વી. ખીમજી (૧૮૯૨) ૧૬ મું. ૬૨૬) અમુક દરગાહનો સહટ્રસ્ટી થવાને તથા વહીવટમાં ભાગ લેવાનો તથા તેની ઉપજમાંથી ભાગ લેવાનો હક છે. એવો એક વાદીએ દાવો રાખ્યો હતો તેમાં સરકાર તરફથી અમુક રોકડ મળતી હતી તેણે પ્રતીવાદીઓ ઉપર હીસાબ લેવાને તથા પોતાનો હીસ્સો લેવાને દાવો કર્યો ઠરાવ્યું છે કે તે દાવાનો સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની કલમ ૫૩૯ ના હેતુમાં સમાસ થતો નથી અને તે કલમ પ્રમાણે મંજુરીની જરૂર નથી (મીયાં વલ્લી વી. બાવામાંતી (૧૮૯૮) ૨૨ મું. ૪૯૬) તેમ જે સખસોનું પોતાનું કબ્રસ્તાન ના હોય તો તે સખસોના ઉપયોગ સારૂ એક જમીનનો ટુકડો કબરસ્થાન માટે અર્પણ કરેલો તે તેમના ઉપયોગને છે તેવું ઠરાવાને તથા મુલત્વી નીમવાને અને તે કબરસ્તાનના વહીવટની રીતી ઠરાવાનો દાવો ચાલતો નથી (મહમદ અબદુલ્લા વી. કલુ (૧૮૯૯) ૨૧ અ. ૧૭૭).

હિસાબ અને તજવીજો—એકાદ રીતી નક્કી કરવામાં ટ્રસ્ટવાળી મીલકતનો પ્રથમ હીસાબ લેવાનો છે (જુઓ લોડમેકનાટનનો ઠરાવ છોટાલાલ વી. મનોહર જીતાંગેકર (૧૮૯૦) ૪ ક. વી. નોટ ૨૩ ના કામમાં)

પ્લીડીંગ—પેટા કલમ (૧) માં બતાવેલી એક કરતાં વધારે દાદો મળવાને અરજ કરવી જોઇએ માટે જો તે પ્રમાણે ન કરવામાં આવે અને ફકત હક ઠરાવવાનો દાવો કરેલો હોય તો તે ચાલી શકે નહીં. (શ્રીનીવાસ વી. શ્રીનીવાસ (૧૮૯૩) ૧૬ મ. ૩૧ શ્રીનીવાસ સ્વામી વી. રામાનુજા (૧૮૯૯) ૨૨ મ. ૧૧૭) અને તેવીજ રીતે બજાવણીની દરખાસ્તમાં કોર્ટની મદદ કેવી રીતે માગેલી છે તે બતાવવું જોઇએ (સખારામચંદ વી. બેલાભાઇ (૧૮૯૫) ૧૯ મું. ૩૪)

હુકમનામું—આ કલમ પ્રમાણે એક હુકમનામામાં એક મંદીરના વહીવટમાં અમુક કૃત્યો પ્રતીવાદીઓએ કરવાં એવા હુકમ કરેલાં હોય તો તેટલે સુધી પ્રતીવાદીને કેદ કરીને કેદ અથવા પ્રતીવાદીને પકડીને અથવા તેઓની મીલકત જપ્ત કરીને અથવા તે બેઉ નાના કરીને તેનો અમલ કરી શકાય છે (દામોદર ભટ વી. ભોગીલાલ (૧૯૦૦) ૨૪ મું. ૪૫). રકમ ૨ પ્રમાણે નીમેલા નવા ટ્રસ્ટીઓનો હુકમનામાંથી દાવાના પ્રતીવાદીઓનો ટ્રસ્ટના વહીવટ કરવાના હક બાબતના ઠરાવેલી છે તેથી તેમની પાસેથી મંદીરની મીલકતનો કબજો માગવાનો હક થાય છે અને જો તેવો કબજો આપવામાં ના આવે તો તેઓનો તેમની પાસેથી મંદીરનો તથા તેના બક્ષીસનો કબજો છોડવાને દાવો લાવવાનો તેઓનો હક થાય છે (નેતીરામ વી વ્યંકટ ચાલું ૨૬ મ. ૪૫૦). આ કલમ પ્રમાણે કરેલું હુકમનામું બજાવવાનો જે સખસો કામમાં પક્ષકાર ન હોય તે સખસોના દાવા વીષે (જુઓ રાઘવ વી. રાજરત્નમ ૧૪ મ. ૫૭.

સને ૧૮૬૩ નો ધર્માદા અર્પણનો એક્ટ.—આ એક્ટની કલમ ૧૪ નો ઠરાવ પેટા કલમ (૨) થી ખુલ્લી રીતે બચાવેલો છે. સને ૧૮૬૩ ના અક્ટ ૨૦ ની કલમ ૧૪ ૧૫, ૧૮ થી ધર્માદા સ્થાનકમાં કોઇ સખસનું હીત હોય તે સખસ ટ્રસ્ટનો ભંગ કર્યા બાબત તે સાથે સબંધ રાખનાર અમલદારો ઉપર દાવો કરી શકે છે (લતીફુન્નીસા વી. હમીરૂન (૧૮૮૫) ૧૧ ક. ૩૩; વળી જુઓ બળવંતરાવ વી. પુર્ણમલ (૧૮૯૪) ૬ અ. ૧; લા. રી. ૧૯ ઇ. અ. ૯૦; અથવા ફરજમાં કસુર કરવા બાબત કનીઝ ફાતમા વી. શાહેબજાંન (૧૮૯૭) ૮ વી. રી. ૩૧૩). પરંતુ તે એક્ટ જે ખાસ અમલદારો પોતાના કામ ઉપર હોય તેઓનેજ ફકત લાગુ થાય છે (સભાપાથી વી. સબીયા (૧૮૭૮) ૨ મ. ૫૮; અને જુઓ સાથાપાયર વી. પીરીયા સામી (૧૮૯૧) ૧૪ મ. ૭; પ્રતાપચંદ્ર વી. બ્રજનાથ (૧૮૯૨) ૧૯ ક. ૨૭૫), એકબાજુ તરફ જે કામોમાં તે કામ વંશપરંપરાનું ન હોય તે કામો સબંધીજ તે એક્ટનો હેતુ નથી (નેટસા વી. ગણપતી (૧૮૯૧) ૧૫ મ. ૧૦૩); બીજી બાજુ તરફ મેનેજીંગ કમીટીએ પોતાના વહીવટદાર ઉપર એક દાવો કરેલો હોય તેને તે લાગુ થતી નથી (પન્નાલલરાય વી. રામગોપાળ (૧૮૮૨) ૧૧ ક. લા. રી. ૩૩૩; ૯ ક. ૧૩૩) તેમ અમુક અર્પણુ કરેલી મીલકત નક્કી કરાવાને એક પંચના અંગભુતો દાવો કરે તેને લાગુ થતી નથી (પંચકોરીમલ વી. ચમરૂલાલ (૧૮૭૮) ૨ ક. લા. રી. ૧૨૧; ૩ ક. ૫૬૩) તેમ ધર્માદા સ્થાનકના એક અમલદાર ખોટી રીતે કહાડી મુકયા બાબત દાવો કરે તેને તે લાગુ થતી નથી (સૈયદ અમીન વી. ઈમામ (૧૮૮૨) ૪ મ. હા. કો. ૧૧૨) તેમ તમામ હીતવાળા સખસો દાવો કરતા હોય તો તેને લાગુ થતી નથી (સાથા પાયર વી. પીરીયા સામી (૧૮૯૧) ૧૪ મ.

કામ પાછુ મોકલવાનો ભુલ ભરેલો હુકમ કરવાથી જો કાંમના ગુણ દોષને અશર થતો ના હોય તો તે ખામી દુરસ્ત કરવામાં આ કલમ લાગુ થાય છે (મહેશચંદ્ર દાસ વી. જમીરૂદીન મોલ્લા (૧૯૦૦) ૫ ક. વી. નો. ૫૦૯; ૨૮ ક. ૩૨૪)

કુલ અખત્યાર—એક હકતુ હુકમનામું કરીને માગેલી દાદ અપાવવાની બાબત કોર્ટના કુલ અખત્યાર પૈકીની હોય અને તે બાબતની હરકત ગુણદોષને લગતી ના હોય અને તે હરકત અસલ કોર્ટમાં લીધેલી ના હોય તો અપીલ કોર્ટે તે હુકમનામું રદ કરવું ના જોઇએ (સંતકુમાર વી દેવશરણ (૧૮૮૬) ૮ અ. ૩૬૫).

દાવાનું રૂપ—જ્યારે એકાદા " કારપોરેટ " સમુદાય ઉપર દાવો કરેલો હોય તે કોરપોરેશન તરીકે નહી અને તે ઉપર હુકમનામું કરેલુ ના હોય પણ એક એજન્ટ ઉપર કરેલુ હોય તો તે ભુલથી કાંમના ગુણદોષને હરકત થાય છે, એવુ ઠરાવેલુ છે (નબીનચંદ્ર પાલ વી. સ્ટીફનશન (૧૮૭૧) ૧૫ વી. રી. ૫૩૪) અને એક સખસે બીજા એક સખસ તરફથી

દાવો કરેલો હોય તેથી અસલ કોર્ટમાં હરકત લેવામાં આવેલી હોય તો અપીલ કરવાથી તે દાવો કાહાડી નાંખવામાં આવે છે. અને મુખ્યના અખત્યાર વીના વાદીએ દાવો કરેલો હોય અને અસલ કોર્ટમાં કાંઇ હરકત લીધેલી ના હોય તો ઠરાવ્યું છે કે તે હરકત અપીલમાં અથવા સ્પેશીયલ અપીલમાં લેઇ શકાય છે અને સ્પેશીયલ અપીલમાં યોગ્ય મુખત્યારનામું રજુ કરવાથી તે ખામી દુરસ્ત થઈ શકતી નથી (શીવરામ વીઠલ વી. ભાગીરથીબાઇ (૧૮૬૯) ૬ મુ. હા. કો. એ. સી. જે ૨૦) પણ જે કામમાં અપીલમાં એવી હરકત લેવામાં આવેલી કે વાદીના ઇષ્ટમીત્રને યોગ્ય રીતે નીમેલો નથી તો તે કામમાં તે હરકત નામંજુર કરવામાં આવેલી છે (હરદેનારણ વી. રૂદ્રપ્રકાશ (૧૮૮૩) લાં. રી. ૧૧ ઇ. અ. ૨૬; ૧૦ ક. ૬૨૬; વેકંટરાવ વી. માધવરાવ (૧૮૮૭) ૧૧ મુ. ૫૩; તો પણ જુઓ પરમેશર વી. બેલા (૧૮૮૭) ૯ અ. ૫૦૮, એવું ઠરાવેલું છે કે એક દસ્તાવેજ રજીષ્ટર કરાવેલો નથી એવી હરકત રેગ્યુલર અપીલમાં લેઇ શકાય છે. બસાવા વી દાલદાપા (૧૮૭૮) ૨ મુ. ૪૮૯; શરફદાઅલ્લી વી. લછમનદાસ (૧૮૮૬) ૨ અલહા. ૫૧૪; જમાતુલ ફાતીમા વી. ધનુ (૧૮૭૩) ૧૯ વી. રી. ૨૨; પણ જુઓ વીરૂધ ગ્રાંશચંદ્ર વી. અમીનાખાતન (૧૮૬૯) ૩ બં. લા. રી. એપ. ૧૨૫. જુઓ પ્રભાકર ભટ વી. વીશ્વંભર (૧૮૮૪) ૮ મુ. ૩૧૩)

અસલ કોર્ટની હકુમતની ઉપરાંતની કીમતનો દાવો છે તે કારણથી દાવો રદ કરેલો હોય તો યોગ્ય કોર્ટમાં આપવા સારૂ દાવા અરજી પાછી આપવી જોઇએ (એદુ વી. હેફાઝતહુસન (૧૮૭૦) ૧૩ વી. રી. ૩૫૮; ભદ્દેશ્વર વી. ગૌરીકાંત (૧૮૮૨) ૮ ક. ૮૩૪; રાંમગુટી વી ગુણોમની (૧૮૬૯) ૧૧ વી. રી. ૧૭૭).

અપીલમાનાં હુકમનામા ઉપરની અપીલો વિશે.

૧૦૦. (૧) આ કાયદાના મુખ્ય ભાગમાં અથવા વિધમાનકાળે અમલમાં હોય એવા બીજા કોઇ કાયદામાં બીજી રીતે ખાસ ઠરાવ્યું ન હોય તો, હે કોર્ટના તાબાની કોઇ કોર્ટે અપીલમાં કરેલાં સઘળાં હુકમનામા ઉપર નીચેનાં કારણો પૈકી કોઇપણ કારણને લીધે તે હે કોર્ટને અપીલ ચાલશે, તે કારણ એ કે— **બીજી અપીલ.**

(અ) કોઈ કાયદાથી અથવા જે રિવાજ કાયદા જેટલો બળવાન હોય તે રિવાજથી ફેસલો ઉલટો હોય;

ટીકા—'બતાવેલુ એ શબ્દ નકામો ગણીને છોડી દીધો છે. જુઓ નીરથસીંગ વી. ભીખાસીંગ (૧૮૮૫) ૭ અ ૬૫૩, રાંમગોપાળ વી. શાંમશખેતન (૧૮૯૩) ૨૦ ક. ૯૩; લા. રી. ૧૯ ઇ. અ. ૨૨૮).

સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની ક. ૫૮૪. આ કલમ હાયકોર્ટને લાગુ છે. (એંન્ડામન અને નીકલસ ટાપુ બાબત જુઓ સને ૧૮૮૪ નો કાયદો ૧ ની ક. ૪ અને સાંથળ પ્રગણા વીશે શરબોજીન વી. ગણેશ (૧૮૮૪) ૧૦ ક. ૭૬૬. છેલ્લો પેરેગ્રાફ સને ૧૮૮૮ ના એકટ ૭ ની ક. ૫૪ થી દાખલ કરેલો છે).

બીજી રીતે ઠરાવેલું હોય તે શીવાય.—સને ૧૮૮૨ ના એકટ ૧૪ માની ક. ૫૮૪ નો ફરીથી મુસદો કરવામાં "સ્પષ્ટ રીતે" એવો શબ્દ દાખલ કરેલો છે, અને બીજી અપીલોને અટકાવ થાય તેવા કાંઇ નીયમો કરી શકાતા નથી એવુ ખુલ્લુ ઠરાવેલુ છે.

જમીન મેળવવાના એકટની ક ૩૯ મી પ્રમાણે હુકમનામાં ઉપર સ્પેશીયલ અપીલ ચાલે છે (અમાબાઇ વી. અન્નપુણા (૧૮૮૩) ૧૨ ક. ૪૦૯; (૧૮૮૩) ૯ ક. ૮૩૮; સેક્રટરી ઓફ સ્ટેટ વી. શામ બાહાદુર (૧૮૮૪) ૧૦ ક. ૭૬૯) અને દક્ષણ માહારાષ્ટ્ર દેશમાં પોલીટીકલ એજટના ફેસલા ઉપર (નાલેલા વી. ફકીરઆપા (૧૮૬૯) ૬ મુ. હા. એ સી. જે. ૭૫), સને ૧૮૮૨ ના મદ્રાસના જંગલના એકટની કલમ ૧૦ પ્રમાણે જીલ્લા કોર્ટે કરેલો ફેંસલા ઉપર (કા રાજુ વી. સેક્રેટરી ઓફ સ્ટેટ (૧૮૮૮) ૧૧ મ. ૩૦૯), (સને ૧૮૮૮ ના મુંબાઇના એકટ ૬) ગુજરાતના તાલુકદારોના એકટ પ્રમાણે તાલુકદારી સેટલમેંટ ઓફીસરે કરેલા ફેંસલા ઉપર અપીલમાં જીલ્લા કોર્ટે કરેલા ફેંસલા ઉપર (જાંમસંગ દેવાભાઇ વી. ગેયાભાઇ કીકાભાઇ (૧૮૯૨) ૧૬ મું. ૪૦૮). સને ૧૮૭૪ ના એકટ ૧ ની કલમ ૮૭ પ્રમાણે એકાદા દરમીયાનગીરી કરનાર સખસના સાંથ વસુલ કરવાના હક વીષે અપીલ ઉપરથી જ્યુડીશીઅલ કમીશનરે કરેલા ફેસલા ઉપર અપીલ ચાલે છે (લાલ ભીમસીંગ વી ગુમાન ધાજુ (૧૮૯૭) ૧ ક. વી. નોટ ૩૪૧).

સાંથના દાવા:—(બંગાળા બાબત જુઓ સને ૧૮૮૫ ના એકટ ૮ ની કલમ ૧૫૩; અને પ્રસન્નકુમાર વી. શ્રીનાથદાસ (૧૮૮૮) ૧૧ ક. ૨૩૧; મહેશચંદ્ર વી. ઉમા તારા (૧૮૮૯) ૧૬ ક. ૬૩૮).—બંગાળાના સાંથના એકટની કલમ ૧૭૩ અને જુના કાયદાની ૩૧૧ પ્રમાણે એક લીલામ રદ કરવાની અરજીમાં હુકમનામાના દેણદાર તરફથી લીલામમાંથી ખરીદ કરનાર બે નામીદાર હોય તો તે અરજી ઉપર કરેલા હુકમ ઉપર હાઇ કોર્ટમા અપીલ ચાલે છે (ચંદમણી વી. શાંતોમણી (૧૮૯૭) ૨૪ ક. ૭૦૭; ૧ ક. વી. નોટ ૫૩૪). પણ સાથનો ઠરાવ કર્યા સબંધી બંગાળાના સાંથના એકટ પ્રમાણે એક સ્પેશીઅલ જડજે કરેલા હુકમનામા ઉપર અપીલ ચાલતી નથી (શીવબતે વી. નીરપાળ (૧૮૮૯) ૧૬ ક. ૫૯૬); અથવા આ એકટની કલમ ૧૦૪ પ્રમાણે રેવન્યુ અમલદારે સાંથનો ઠરાવ કરેલો હોય તે ઉપર અપીલ ચાલતી નથી (અચામીયાં વી. દુર્ગાચરણ લા (૧૮૯૮) ૨૫ ક. ૧૪૬; (૧૮૯૮) ૨ ક. વી. નોટ ૧૨૭; તે પ્રમાણે રાણીશ્વર વી. જુનેશ્વર (૧૯૦૬) ૪. ક. લા. જે. ૧૩૮ ના કામમાં ચાલવામાં આવેલું છે). અથવા બંગાળાના સર્વે એકટ (સને ૧૮૭૫ ના ૫) ના ભાગ ૫ પ્રમાણે સેટલમેંટ ઓફીસરે એક સીમાડાની તકરારની તપાસ કરી ફેસલો કરેલો તો તે ઉપર અપીલ ચાલતી નથી એવા કારણથી સ્પેશીઅલ જડજે એક અપીલ કહાડી નાખેલી તે હુકમ ઉપર અપીલ ચાલતી નથી (ઇર્શાદઅલી વી. કાન્તાપ્રસાદ (૧૮૯૪) ૨૧ ક. ૯૩૫); પરંતુ તેમણે માપના ચાલુ ધોરણ, પટે રાખનારના કબજાના જમીનના રકબા અને વધારાની જમીન બાબત સાથ આપવાની પટે રાખનારાઓની જવાબદારી સબધી ફેંસલો કરેલો હોય તે ઉપર બાજી અપીલ ચાલે છે (મથુરા મોહન લાહીરા વી ઉમાસુંદરી (૧૮૯૮) ૨૫ ક. ૩૪; પરંતુ જુઓ નરહરી વી હરીચરણ (૧૮૯૯) ૨૬ ક. ૫૫૬. જુઓ સને ૧૮૮૫ ના એકટ ૮ ની કલમ ૧૦૮ હ (૩) ૧૦૯ અ; અને બંગાળાની સાથના એકટની કલમ ૧૮૬ પ્રમાણેના ઠરાવો ઇશરાદઅલી વી. કાન્તાપ્રસાદ (૧૮૯૪) ૨૧ ક. ૯૩૫; ડેગુ કાઝી વી. પોઢજન કીશોરી (૧૮૯૭) ૨૪ ક. ૪૬૨; (૧૮૯૭) ૧ ક. વી નોટ ૨૯૪).

બંગાળાની સાંથના એકટમાં ઠરાવ્યા પ્રમાણે જમીનના માલેકની ફી ડીપોઝીટ કરવાને તથા લીલામ મંજુર કરવાને તથા વેચાણનું સરટીફીકેટ આપવાને કરેલી અરજી ઉપર કરેલા

હુકમ ઉપર બીજી અપીલ ચાલે છે (ક્રીષ્ણચંદ્ર વી. અનુકુળ (૧૯૦૧) ૬. ક. વી નોટ ૧૯૦); સને ૧૮૫૯ ના એકટ ૧૦ પ્રમાણે ચઢેલી સાંથ બાબતના દાવાની તપાસ એક ડેપ્યુટી કલેકટરે કરેલી અને તેમાં જીલ્લા જડજે ફેંસલો કરેલો હોય તો તે ઉપર અપીલ ચાલે છે (સાદી નાયક વી. સેહાન નાદેક (૧૯૦૧) ૨૮ ક. ૫૩૨) (૧૯૦૦-૧) ૫ ક. વી. નોટ ૨૭૯). સને ૧૮૮૫ ના એકટ ૮ ની કલમ ૧૮૬ પ્રમાણે વાદીએ સાંથ કેટલી આપવા લાયક છે તે બાબત ફેંસલો કરેલો હોય તે સ્પેશીઅલ જડજ ફેરવે અથવા બહાલ રાખે તો એ ઉપર અપીલ ચાલે છે. કારણ કે તે એકટની કલમ ૧૦૯ અ પ્રમાણે સાંથ ઠરાવ્યાનો તે ફેંસલો નથી (રમણીપ્રસાદ વી. અહાદઆ ગોસાઇ (૧૯૦૪) ૩૧ ક. ૩૮૦)

પંજાબની ચીફ કોર્ટ—અપીલ કોર્ટના ફેંસલા ઉપર ચીફ કોર્ટને અપીલ કરવાની મર્યાદા રાખેલી નથી કારણ કે તેવી અપીલો આ કલમ પ્રમાણે છે પરંતુ પુરાવા વીષે વ્યવસ્થા કરી શકાય છે અને હકીકતના સવાલોનો નિર્ણય કરવા લાયક છે (ખુશાલાલ વી ભગવાનદાસ (૧૮૮૯) ૧૮ ક. ૩૦૨) જુઓ પાછળ કલમ ૪.

છોટા નાગપુરની જમીનના માલેક અને પટે રાખનારાઓના એકટ પ્રમાણે દાવા—સને ૧૮૭૯ ના એકટ ૧ પ્રમાણે ઉત્પન્ન થતા ચઢેલી સાંથ બાબતના દાવામાં હાઇ કોર્ટમાં બીજી અપીલ ચાલતી નથી (ખેદન મોહાત વી. બુધન મોહાત (૧૯૦૦) ૪ ક. વી નોટ ૩૩૩; (૧૯૦૦) ૨૭ ક. ૫૦૮). આ એકટ સને ૧૯૦૩ ના એકટ ૫ ની કલમ ૪૪ થી હાલ દુરસ્ત કરેલો છે તેથી આ એકટ પ્રમાણે જ્યુડીશીઅલ કમીશનરે અપીલમાં કરેલા કોઇ હુકમનામા ઉપર બીજી અપીલ ચાલે એવું ઠરાવેલું છે તોપણ બજાવણીમાં કરેલા હુકમ ઉપર બીજી અપીલ નથી (પ્રશ્વરલાલ વી. જગુ શાહુ. (૧૯૦૫) ૩૩ ક. ૩૭૮; ૧૦ ક. વી. નોટ ૭૮૪)

સને ૧૮૮૯ ના વારસાના સરટીફીકેટ એકટ ૭ પ્રમાણેનો હુકમ—વારસાના સરટીફીકેટ એકટ પ્રમાણે કરેલા એકાદા હુકમ ઉપર બીજી અપીલ ચાલતી નથી. (સુબ્બરાવ વી પાલનંદી (૧૮૯૮) ૧૧ મ. ૧૬.)

થયેલી હોય—સને ૧૮૮૨ ના એકટ ૧૪ માં એક ફેંસલો કરીને એવું હતું કે "થયા હોય" એટલે "ના થયા હોય નહિં" એવો અર્થ થાય છે અને તે કાંઇક થઇ શકે એમ થતો નથી એ ફેંસલાને લીધે હોય એવો શબ્દ દાખલ કરેલો છે (રામચંદ્ર ચોધરી વી. કાશીમોહન (૧૮૮૪) ૨૧ વી. રી ૫૭).

ઠરાવ—ઠરાવ એ શબ્દનો અર્થ હુકમનામું અને ફેંસલો થાય છે અને ફકત ફેંસલાથી નહિ ખુલાસા કરેલુ હુકમનામુ થતો નથી. (ઇંદ્રજીત કુંવરી વી. ચુંકવારી (૧૮૬૪) બ. લા. રી. એપ બી ૧).

રીવાજ—સ્પેશીઅલ અપીલમાં કોર્ટની હકુમત તે અપીલ ઊપરથી કાયદાના જે સવાલો ઉત્પન્ન થાય તેનો નીર્ણય કરવા સંબંધીજ છે (ક્રિશનચંદ્રસીંગ વી. શામાચરણ (૧૮૬૬) ૧૧. ઇ. અ ૭) પક્ષકારોની કબુલત સાથે પણ તે હકીકતનો નીર્ણય કરી શકતી નથી. (કાદંબીની દાસી વી દુર્ગાચરણ માર્શ ૪); તેમ કામમાં પુરાવ ઉપરથી હકીકતનું કાંઇ અનુમાન થતું નથી (દ્વારકાદાસ લલ્લુભાઈ વી. મહમદઅલ્લી (૧૮૬૫) ૩ મું. હા કો. એ સી. જે પા. ૫ પણ જુઓ આગળ કલમ ૧૦૩). તેમ તમામ બતાવેલા કારણો સાથે તે મળતી આવતી ન હોય અથવા ટેકો આપી શકતી ન હોય તો નીચેની કોર્ટના ફેંસલામાં તે હાથ ઘાલી શકતી નથી (રમીઝુદીન વી. જયમલ (૧૮૭૧) ૧૫ વી. રી. ૩૦૩). તેમ પુરાવને કેટ

લું વજન આપવું જોઇએ તે વીષે કાંઇ નીયમ ઠરાવેલો નથી (ઉમથ ફાતીમા વી. મુન્ને ગોપાળ (૧૮૭૦) ૧૩ વી. રી. ૫૦ અથવા એકાદા સાક્ષીને માનવા વીષે કાંઈ નીયમ ઠરાવેલા નથી (પતાશીકુંવર વી. શીવપ્રસાદ (૧૮૭૫) ૨૪ વી. રી ૬૧). પણ કામનો નીકાલ કરવાને જો નીચેની કોર્ટનો ઠરાવ જરૂર વીનાનો હોય તો કોર્ટ કામમાંથી તે કહાડી નાંખી શકે છે (નંદલાલ વી. ભોનો માલી (૧૮૮૫) ૧૧ ક ૫૪૪) અને જો કાયદાની ભુલના આધારથી જો તે થએલો હોય તો તે ફેરવવાને કોર્ટને અખત્યાર આપેલો છે [જગન્નાથ દેબ વી. મહમદ મોકીમ (૧૮૭૨) ૧૭ વી. રી. ૧૬૧; બેહારીલાલ વી. શ્રી રામ (૧૮૭૩) ૨૦ વી. રી. ૨૫૯; ચંદ્રમણી વી. અભયચરણ (૧૮૭૫) ૨૪ વી. રી. ૨૮૫; હંસકુંવર વી. શીવગોવીંદ (૧૮૭૫) ૨૪ વી. રી ૪૩૧; સરણા મોઇ. વી લછમીપત (૧૮૬૮) ૯ વી. રી. ૩૩૮; રોહીલાલ વી. દીનદયાળ (૧૮૭૪) ૨૫ વી. રી. ૨૫૭; ગુરૂદાસ વી. શંભુનાથ (૧૮૭૯) ૩ બં. લા. રી. ૨૫૮; મહમદ હઝયાદી શાહ વી. શરી મુલ્લા (૧૮૭૧) ૮ બં. લા. રી. ૨૬); અને એક પક્ષકારની હકીકતને ટેકો આપવાને કામમાં કાંઇ કાયદેસર પુરાવ ન હોય તો તે કામનું તે સંપુર્ણ ફેંસલો કરે છે. (તેજ પ્રતાપસીંગ વી. ચંપકળી (૧૮૮૬) ૧૨ ક. ૯૬); અથવા કામનો નીકાલ કરવાને બાકીની હકીકત બસ છે એવું નીચેની કોર્ટે ઠરાવેલું હોય (શાહજગન વી. મકસુદ અલ્લી (૧૮૬૬) ૬ વી. રી. ૯૭; જુઓ. આગળ કલમ ૧૦૩; વેગનાકર વી, વાડેકર (૧૮૬૭–૬૮) ૫ મું. હા. કો. એ. સી ૧૯૪; મોહનચંદ્ર વી. ફીજ (૧૮૬૩) માર્સ ૩૮૧; જયરામરાય વી. ઉમરાવરાય (૧૮૬૯) ૧૨ વી. રી. ૪૩૧); પણ કાયદાની અથવા કામ ચલાવવાની રીતીની મુદ્દામ ભુલના બીજા કામોમાં હકીકતનો નીર્ણય કરવાને કોર્ટ શકતીવાન હોય તેથી કોર્ટે તે ભુલ દુરસ્ત કરવાને અથવા ફરી તપાસ કરવાને તે કામ પાછુ મોકલવું જોઇએ (નવાબખાંન વી. રઘુનાથદાસ (૧૮૭૩) ૨૦ વી. રી. ૪૭૪). જો પ્રશ્ન બરોબર રીતે કહાડેલા ન હોય તો યોગ્ય પ્રશ્ન કાહાડીને તપાસ થવા સારૂ તે કામ મોકલી શકે છે (શાહકુંદનલાલ વી. મખનલાલ (૧૮૬૭) ૧ વા. પ્રા. ૨૪૭; ગોલખચંદ્ર વી. અનંત કીશોર ૨૫ વી. રી. ૩૮) અથવા જો તજવીજ જોઇએ તેટલી થયેલી ન હોય તો તે તજવીજ પુરી કરી કરવાને નીચેની કોર્ટને હુકમ કરી શકે છે (સાગરચંદ્ર વી. મહામાયા (૧૮૭૬) ૨૫ વી રી. ૨૫); અથવા ફરીથી તપાસ કરવાનો હુકમ કરી શકે છે (ચંદ્રરણી ડોસી વી. મધુદે (૧૮૭૫) ૨૩ વી. રી. ૧૬૬). અને આ છેલ્લી કામ ચલાવાની રીતી છે તે કાયદાની અથવા કામ ચલાવાની રીતીની મુદ્દામ ભુલ નીચેની કોર્ટે કરેલી હોય તે બાબત સાધારણ છે (ચારૂ વી. ઝોબેદા ખાતુન (૧૮૭૬) ૨૫ વી. રી. ૫૪; કીસ્તો ગોવીંદ કુંવર વી. ગંગાપ્રસાદ (૧૮૭૬) ૨૩ વી. રી. ૨૬૬; ગોલખનાથ વી. કીર્તીચંદ્ર (૧૮૮૯) ૧૬ ક. ૬૪૫; રામકુંમાર વી. કાળીકુંમાર (૧૮૬૮) ૧૦ વી. રી ૨૭૯). કેટલા કારણોથી સબોર્ડીનેટ જડજે વીરૂધ નીશ્ચય કરેલો તે કારણોનો વીચાર કરયા વીના જીલ્લા જડજે અભિપ્રાય બતાવીને કામમાં લખેલો હતો. તેમાં ઠરાવ્યું છે કે તે જીલ્લા જડજનો ઠરાવ કબુલ કરવો જોઇતો નથી (બાપુ માધવ વી. વેંકટેશ (૧૮૯૨) ૧૬ મું. ૫૪૦; વળી જુઓ ગોબરધન વી. સાધુ (૧૮૬૪) ૧ વી. રી. ૨૪૪). જો દાવા અરજી ઊપરથી દાવાનુ કારણ માલુમ પડતું ના હોય તો તે દાવા અરજી રદ કરવાનો હુકમ કરવો અને તે દાવો કાહાડી નંખાય નહીં એ યોગ્ય હુકમ છે (ગંગાનારાયણ વી. તીલકરામ (૧૮૮૭–૮) લા. રી. ૧૫ ઇ. આ. ૧૧૯; ૧૫ ક. ૫૩૩).

હાયકોર્ટ કામ મંગાવીને અને તેનો ફેંશલો રેગ્યુલર અપીલમાં કરેલો હોય તેથી તે

હુકમનામાની બજાવણીમાં અપીલની જે સાધારણ રીતી છે તેને હરકત થતી નથી, અને એકાદા પક્ષકારને સ્પેશિયલ કરવાનો હક હોય તેમ છતાં રેગ્યુલર અપીલ કરવાને શકતીવાન થાય છે (રામાનુ ગ્રામાહાય વી. વૈજનાથલાલ (૧૮૭૧) ૧૫ વી. રી. ૧૬૪) અપીલના હુકમનામા ઊપર અપીલની યાદ દારત દાખલ કરવાને જે જડજને આપવામાં આવે તે જડજનો આ કલમમાં બતાવેલાં કારણોમાંનું કોઈ કારણ છે કે નહી અને તે કામને લાગુ થાય છે કે નહી તેનો વીચાર કરવાનો હક છે, અને જો તે કારણો ના હોય તો તેમનો તે અપીલ સંક્ષેપ રીતે રદ કરવાનો હક છે (ઇદ્રપ્રસાદ વી. વૈજનાથ (૧૮૯૩) ૧૬ મ. ૩૧૭) ખોટી રીતે પક્ષકારોનું વર્ણન કરવાના અથવા તેઓની ખામીના કારણથી કાંઇ હરકત બીજી અપીલમાં પહેલ વહેલી લેવાને પરવાનગી આપી શકાતી નથી (શીવ ગંગા તાલુકા બોર્ડ વી. નારાયનન (૧૮૯૩) ૧૬ મ. ૩૧૭) દાવો મુનસીફની નાણાં સંબંધી હકુમત ઉપરાંતનો છે તે તકરારથી અપીલવાળાને હરકત થએલી છે, એવું જો જણાતુ ના હોય તો, બીજી અપીલમાં તે તકરાર ઊઠાવવાને પરવાનગી આપવી નહી જોઇએ (મથુસામી વી. નાલ દુલાનાથ (૧૮૯૫) ૧૮ મ ૪૧૮) જ્યારે એકાદો હુકમનામાનો દેણદાર એક બજાવણીમાં થએલું લીલામ રદ કરવાને અરજ કરે અને હુકમનામાવાળા તરફનું અથવા લીલાંમમાંથી ખરીદ કરનાર તરફનુ કપટ કેહેતા તો જો કે ત સવાલ હુકમનામાના દેણદાર અને લીલાંમમાંથી ખરાદ કરનારની વચમાં છે તો પણ તે અરજી જુના કાયદા ની ક. ૨૪૪ (ક. ૪૭) પ્રમાણેનો છે. આવા કામમાં બીજી અપીલ ચાલે છે, અને આરટીકલ ૧૭૮ પ્રમાણે મુદત ૩ વર્ષની છે (નેમાઇચંદ કાંજી વી. દીનાનાથ કાંજી (૧૮૯૮) ૨ ક. વી. નો. ૬૯૧) જે સખસોને અસલ દાવામા સામેલ કરેલા હોય તે શખશોને બીજી અપીલમાં કામમાં દાખલ કરવાને કોર્ટ મુખત્વાર છે (પાયામાયામીલ આપુ વી કોત્તામલ અમીના (૧૮૯૬) ૧૯ મ ૧૫૧; પણ જુઓ વીરૂદ્ધ, ચુનાલાલ વી. બાલરામ (૧૮૯૪) ૧૬ અ. ૫.)

સ્ટેંપ વીનાનો દસ્તાવેજ.—એક દસ્તાવેજ ઊપર યોગ્ય સ્ટેંપ ના હોય તેથી પહેલી અપીલની સુનાવણી વખતે સ્ટેપ અને પેનલ્ટી આપવા માંડેલી હતી, પણ તે લેવાને ના કહેલી હતાં એવો કાંઇ પુરાવ ના હોય તો તે સ્ટેંપ અને પેનલ્ટી આપવામાં આવે તેથી બીજી અપીલમાં તે દસ્તાવેજ દાખલ કરવામાં આવતો નથી (લક્ષ્મણદાશ વી. રામ ભાઊ (૧૮૯૬) ૨૦ મુ ૭૫૧)

મુદત—જુઓ " મુદત " ઓરડર ૪૧, રૂલ. ૧.

અપીલ બાબુમાં હુકમનામાની તારીખથી નેવુ દીવશ અને અસલ બાજુમાં હુકમનામાની તારીખથી વીશ દીવશ છે—સને ૧૮૭૭ ના એકટ ૧૫ ના પૃશીષ્ટ ૨ ની આરટીકલ ૧૫૬, ૧૫૭; યુકત કારણથી તે મુદત કોર્ટ વધારી શકે છે (પ્લેએસ્ટ વી. કુતુબહુસન (૧૮૬૬) ૧ આગ્રા ૧૦૦; કાશીનાથ વી. માયનુદીન (૧૮૬૪) વી. રી. ૧૪૬; સને ૧૮૭૭ ના એકટ ૧૫ ની ક. ૫)

લેટર્સપેટંટ—મુદત થઇ ગયા પછી એક અપીલ દાખલ કરવાને સારૂ બે જડજોનો અભીપ્રાય જુદો જુદો થાય તો, લેટર્સપેટંટ પ્રમાણે અપીલ ચાલે છે (હુસેની વી. મુઝફ્ફર નગરના કલેકટર (૧૮૮૭) ૯ અ. ૬૫૫).

સ્પેશિયલ અપીલ.—મુદત વીતી ગયા પછી નીચેની અપીલ કોર્ટે જે કારણથી અપીલ દાખલ કરેલી હોય તે કારણ હાય કોર્ટ સ્પેશિયલ અપીલમાં જોઇ શકે છે (ચંદ્રદાસ વી. બોશુનલાલ (૧૮૮૨) ૧૧ ક. લા. રી. ૧૭૭; ૮ ક. ૨૫૧; મોરીબેવા વી. સુરે-

દ્રનાથ (૧૮૬૮) ૨ બ. લા. રી. એ. સી. ૧૮૪, નોટ; ૧૦ વી રી ૧૭૮ પણ જો તે કોર્ટે પોતાનો કુલ અખત્યારનો મજબુત અને વ્યાજબી રીતે અમલ કરેલો હોય રામેશ્વરડજી વી. લાલુ (૧૮૮૨) ૬ મુ. ૩૦૪; ફાતીમા બેગમ વી. હંસી (૧૮૮૭) ૯ અલ્લાહાબાદ ૨૪૪); પણ કોર્ટના ઠરાવને ટેકો મળવાને જોઈતા કાયદેશર સાધન શીવાય તોરથ અથવા સ્વચ્છંદી રીતે અમલ કરેલો ના હોય તો (પારવતી વી. ગણપતી (૧૮૯૯) ૨૩ મુ ૫૧૩; તુળશાકુંવર વી. ગજરાજસીંગ (૧૯૦૩) ૨૫ અલ્લા. ૭૧; હામીદઅલ્લી વી. ગયાદીન (૧૯૦૪) ૨૬ અ. ૩૨૭).

એક જડજ—એક અપીલ દાખલ કરવાને એક જડજે હુકમ કરેલો હોય તો બે જડજોની રૂબરૂ સુનાવણી વખતે તે હુકમ બાબત વાંધો લેવા લાયક છે (ફુબેતાહી વી. ગણેશીલાલ (૧૮૭૬) ૧ અ. ૩૪; હુસેની વી. માઝુ ફરંગરના કલેક્ટર (૧૮૮૭) ૯ અ. ૧૧); અને જો તે અપીલ એક તરફી દાખલ કરેલી હોય તો અપીલના પ્રતીવાદી હમેશાં મુદતનો સવાલ ઊઠાવી શકે છે (મોશાઊલ્લા વી. અહમદઊલ્લા (૧૮૮૬) ૧૩ ક. ૭૮; મેનકા ત્રાયુડુ વી. નગાડુ (૧૮૮૬) ૯ મ. ૪૫૦).

કોણ અપીલ કરી શકે અને કોણ ના કરી શકે.—એમાદા સખશનુ એક દાવામાં કાંઇ હીત ના હોય તો તે સ્પેશીયલ અપીલ દાખલ કરી શકતો નથી. એક હિંદુ વિધવા અમુક મીલકત મારી નીરાળી મીલકત છે એવો દાવો રાખતી હતી તેથી તેણીએ તથા તેણીના દીકરાઓએ તે મીલકત ઊપર તેણીનો હક કાયમ ઠરાવવાને દાવો કર્યો, અને બેઉ કોર્ટોએ ઠરાવ્યુ કે તે મીલકત મજીયારી છે અને તેણીની જુદી મીલકત નથી એવુ ઠરાવ્યુ. તેમાં ઠરાવ્યુ છે કે તે ઠરાવથી દીકરાઓને કાંઇ હરકત થઇ શકતી નથી, માટે તે દીકરાઓ અપીલ કરી શકતા નથી (દરગા પ્રસાદ વી. રાધામોહન (૧૮૭૧) ૧૫ વી. રી. ૫૩૬). અ. ઊપર સાથ બાબતનો એક દાવો કરેલો હતો તેમાં તેણે તકરાર કરેલી કે તે બ. ને તે ચડાની આપેલી છે તેથી બ. ને પક્ષકાર કરેલો હતો; રેગ્યુલર અપીલમાં કોર્ટે અ ઊપર હુકમનામુ કરયુ અને બ. ઊપરથી દાવો કાહાડી નાંખ્યો તેમાં બ ને અપીલ કરવાની પરવાંનગી આપવામાં આવેલી નથી (ઊગતી ચોધ્રણ વી. રીરામતુલ્લા (૧૮૭૨) ૧૭ વી. રી. ૨૧૯) પણ તે હુકમનામાથી આવો એક પક્ષકાર નારાજી થએલો હોય તો તે હકીકત જુદી છે (ક્રીશ્ન વી. મહેશ (૧૯૦૫ ૯ ક. વી. નો. ૫૮૪). જે પક્ષકારોએ અસલ કોર્ટના ફેંસલા ઊપર અપીલ કરેલી ના હોય તો તે પક્ષકારો અસલ કોર્ટના ફેંશલાથી અમને હરકત થએલી છે એવાં કારણથી નીચેની અપીલ કોર્ટના ફેંસલા ઊપર સ્પેશીયલ અપીલ કરી શકતા નથી (બેકુંટરામ વી. પુણ્યચંદ્ર વી. રી. ૧૬૪; એક્ટ ૧૦, ૯૭). લીલાંમમાંથી ખરીદ કરનાર જો કે તે દાવાનો પક્ષકાર ના હોય તો પણ, એક હુકમનામાની બજાવણીમાં લીલાંમ રદ કરયાના હુકમ ઊપર બાજી અપીલ કરવાનો તે હુકમનામાવાળાનો તેમજ લીલાંમમાંથી ખરીદ કરનારનો હક છે (હીરાલાલ વી. ચંદ્રકાંત (૧૮૯૮-૯૯) ૩ ક. વી. નો. ૧૫૧; જુઓ વિરૂધ, કીતુખાન વી. કોબામમોલ્લા (૧૮૯૬-૭) ૧ ક. વી નો. ૨૦૦).

હુકમનામું.—જુના કાયદા પ્રમાણે ફકત હુકમનામાં ઊપર અપીલ ચાલતી હતી (કૈલાશચંદ્ર વી. રામલાલ (૧૮૮૧) ૬ ક. ૨૦૬; નંયામતખાંન વી. ફકરુદીયા (૧૮૮૧) ૬ ક. ૩૨૩) અને આ કાયદા પ્રમાણે આ ઠરાવો એક સરખી રીતે ચાલે છે (જુઓ હુકમનામાની વાખ્યા પાછળ).

અપીલ ચાલે છે.—ભુલ.—ભુલને કાયદાની ભુલ હેવી જોઇએ, અને હકીકતની ભુલ નહી જોઇએ (મીરમહમદહોસેન વી. ફોર્બસ (૧૮૭૪–૫) લા. રી. ૨ ઇ. અ. ૧) તો પણ જો કે હકીકતનો એકાદો દેખીતો ઠરાવ કાયદાના ભુલ ભરેલા અનુમાનમાંથી થએલો હોય તેનો ચીંતા નથી (શીરાજી વી. ચીતા (૧૮૬૩–૬) ૧૦ મુ ઇ. અ. ૧૫૧; અને જુઓ શેપહર્ડ વી. હેંડરસન (૧૮૮૧) ૭ એપ. કેસશ. પા. ૬૪; એલીયટ વી. ટરકોન્ડ (૧૮૮૧) ૭ એપ. કેશઝ પા. ૮૫). પુરાવામાં નવાનુ અથવા નહી માનવાનુ (મુખ્ય કારણુ ના હોય (અમીરૂન વી. ચેરાગ અલ્લી (૧૮૭૫) ૨૪ વી. રી. ૩૪૩) અથવા કોઈ અમુક શાક્ષીગોના ભરૂશાને હરકત ના થાય તેવા સામાન્ય કારણો સાક્ષીગોને નહી માનવાને મુખ્ય કારણુ ના હોય (શીવપ્રસન વી. બનપાડે (૧૮૭૫) ૨૪ વી. રી. ૨૫૧) જેમકે એક સાક્ષીને માનવામાં આવે નહી કારણકે તે એક નાયબ પટવારી છે. (મેકેનગી વી. જવાહીર મહાતુંન (૧૮૭૬) ૨૫ વી. રી. ૧૩૭) અથવા પુરાવનો યોગ્ય વીચાર કરવાની ખામી અને તે કામમાં નહી લગતી બાબનો દાખલ કરવાથી (સુરજકાંત વી. ખુદાનારાયણ (૧૮૭૪) ૨૨ વી. રી. ૯; કુલીપનારીન વી. રમનસીંગ (૧૮૭૪) ૨૨ વી. રી. ૨૭૮); અથવા પુરાવની વ્યવસ્થા અવ્યટીત રીતીએ કરેલી હોય (રામદાસ વી. માનમાહાની (૧૮૭૧) ૭ બં. લા. રી. એપ. ૪; શીઓસુંદ્રી વી. ચંદ્રકાંત (૧૮૭૪) ૨૧ વી. રી ૨૧૭; અમીરએપારી વી. હરીમોહન (૧૮૭૫) ૨૩ વી. રી. ૮૭; પણ મોહન માહાતુન વી. ઊમાતમ (૧૮૭૨) ૧૮ વી. રી. ૪૯૯ ના દાખ્તનો મુકાબલો કરો); અથવા પુરાવની વ્યવસ્થા ગેરશીરસ્તે કરેલી હોય (રૂપનારાયણી વી. રેસલતેવારી (૧૮૭૫) ૨૪ વી. રી. ૧૧૯) અથવા ગુણ દોષ ઉપર કામના ફેંસલાને હરકત થાય તેવી રીતે પુરાવ અયોગ્ય રીતે ના મંજુર કરેલો હોય (હરીચંદ્ર વી. ગોવીંદચંદ્ર (૧૮૭૨) ૧૭ વી. રી. ૨૫૩; જુઓહસન વી. નાકછડી (૧૯૦૬) ૩૨ ક. ૨૦૦); અથવા તમામ પુરાવ ઉપર ફેંસલાનો આધાર રાખેલો ના હોય (શનંધાબન વી. શરતચંદ્ર (૧૮૭૫) ૨૩ વી. રી. ૧૦૦; અબદુલ રહેમાન વી સોફીમીકાહેરા (૧૮૭૫) ૨૪ વી. રી. ૨૯૩; મોહનસીંગ વી. જગબતી (૧૮૭૫) ૨૪ વી. રી. ૨૯૭); અથવા ગુજારેલા દસ્તાવેજ પુરાવનો યોગ્ય અમલ કરવામાં આવેલો ના હોય (શામનારાયણુ વી. કાર્ટઓરવાર્ડેશ (૧૮૭૩) ૨૦ વી. રી. ૧૯૭) અથવા તેની અગત્યની સ્થીતીનો વીચાર કરવો રહી ગએલો હોય (આપાકાલગા વી. મણુ (૧૮૯૨ ૧૬ મું. ૪૭૭) જેમકે વધારે સારો પુરાવ નહી છતાં એક ગોળ માપણીનો નકશો સ્વીકારવાને ના કહેલી હોય (ગજહુ વી. કોટીદાર (૧૯૦૭) ૧૧ ક. વી. નો. ૨૩૦ અથવા સેટલમેંટ પ્રોશીડીંગનો પુરાવ બાબત કરેલો હોય અને રસ્તાના જકાતના પત્રકો લક્ષમાં લીધેલાં ના હોય, મોહીની વી. કાવીતારા (૧૯૦૭) ૧૧ વી. નો. ૧૦૨૮) અથવા ફકત એક દસ્તાવેજનો દેખાવ માલુમ પડવાથી મુખ જુબાનીનો પુરાવ રદ ગણેલો હોય તેથી (લાલાજીહા વી. તુલેમમાતુલ (૧૮૭૪) ૨૧ વી. રી. ૪૩૬); અથવા અઘટીત દાખલ કરેલા દસ્તાવેજથી મુખજુબાનીના પુરાવમાં ચાલવાની પરવાનગી આપવાથી (બઇદનાથ વી. રથીકલાલ (૧૮૬૮) ૯ વી. રી. ૨૭૪; પુર્ણચંદ્ર વી. ગ્રોશચંદ્ર (૧૮૬૮) ૯ વી રી. ૪૫૦); અથવા એકાદા દસ્તાવેજનો ખોટો અર્થ કરવાથી (કાળીચર્ણ વી. ચંદીચર્ણ (૧૮૬૮) ૯ વી. રી. ૩૬૬; નોબત વી. ચતુરધારી (૧૮૭૩) ૧૯ વી. રી. ૨૨૨; અમ્રતલાલ વી. મહમદઝમાહ (૧૮૭૨) ૧૮ વી. રી. ૪૪૭) અથવા બીજા દસ્તાવેજો ઉપરથી અનુમાન કરીને એકાદા વેચાણના સર્ટીફીકેટના હેતુની મર્યાદા રાખવાથી (મુખ્ય હરકરાજ

વી. રામલાલ (૧૮૭૦) ૧૪ વી. રી. ૪૩૫); અથવા પુરાવનો હેતુ ખોટો સમજાવવાથી (રામપ્રસાદદતરા વી. રાજકુઅર (૧૮૭૯–૮૦) ૫ ક. લા. રી. ૯૪); જેમકે એક જડજે એવું ઠરાવેલું કે જો એક ગામ વેચેલું ના હોય તો તે ગીરો આપેલું હોવુંજ જોઇએ. (શીવાજી વી. નાના (૧૮૬૩) ૧૦ મું. હા. અ. ૧૫૧; પા. ૧૬૪) અથવા વાદીને અ. એ ટેકો આપેલો ના હોયતો તેનો કાંઇ હક થઇ શકે નહી (રામધન વી. રામનારાયણ (૧૧૬૭) ૧૧ વી. રા. ૩૧૧); અથવા કાયદો સરખો બળવાન રીવાજ છે કીંવા નહી. (કાકરલાલ વી. રાજીવંદટ (૧૯૦૬) ૨૯ મ. ૨૪) અથવા દસ્તાવેજો ઈનકાર કરેલો ના હોય (કીરતીબાશમાઇતી વી. રામધન (૧૮૬૭) બ. લા. રી. (એપ બો) ૬૫૮); અથવા તે વીશે હરકત લીધેલી ના હોય (નારણભાઇ વી. નારોશંકર (૧૮૮૦) ૪ મું. હા. કો. એ. શી. પા. ૧૦૧); ત દાખલ કરવામાં આવે છે; અથવા એક શખસ એક ધંધાની પહેલું ચલાવતો હોય પણ દુનીયાને તે એકલો ચલાવે છે એવું જણાતું હોયતો તેની સાથે પત્યાળામાં તે પહેડાના બાજુ કોઈ હોઇ શકે નહી તો અપીલ ચાલછે (સુબળચંદ્ર વી. કૈલાશચંદ્ર (૧૮૭૦) ૧૪ વી. રી. ૩૨) તે અપીલ ચાલે છે. અને બીજા દરજ્જાનો પુરાવ ખોટી રીતે દાખલ કરેલો હોય (લછમનસીંગ વી. પના (૧૮૮૮–૮૯) લા. રી. ૧૬ ૪. અ. ૧૨૫; ચન્દ્રકાંત વી. સૌદામાની (૧૮૬૮) ૯ વી. રી. ૫૧૭) અથવા કાંઇ પુરાવ વીના એકાદી હકીકત વીશે ઠરાવ કરવામાં આવે અથવા જે ઊપરથી વાજબી રીતે નાશ્ચય થઇ શકે (હેમંત કુમારી વી. બ્રજેંદ્ર કીશોર (૧૮૯૦) ૧૭ ક. ૮૭૫; લા. રી. ૧૭ ઇ. અ. ૬૫; તો પણ જુઓ વીરભદ્રાપા વી. મહતાબા (૧૮૯૦) ૧૫ મુ. ૬૭૦) અથવા પક્ષકારોએ બતાવેલી નહી તેવી અથવા પુરાવથી ખાત્રી થાળી નહી તેવી હકીકતથી (શીવબશાલા વી. સાંગોપા (૧૮૦૫) ૨૯ મુ. ૩૧) અથવા રજીસ્ટર કરવ્યા વીનાનો દસ્તાવેજ દાખલ કરવાથી (બસાવા વી. કાળકાપા (૧૮૭૮) ૨ મું. ૪૮૯; રામાપા વી. ભીમાના (૧૮૮૩) ૭ મુ. ૧૨૩); અથવા દાવા અરજી સાથે દાખલ કરેલો દસ્તાવેજ હતો પણ સાબેત કરેલો નહી અથવા દાખલ કરેલા દસ્તાવેજોના યાદમાં દાખલ કરેલો નહી તેવા દસ્તાવેજને પુરાવ તરીકે ગણવાની (હાંમુમહેતા વી. દયાકુમારી (૧૮૭૬) ૨૫ વી. રી. ૧૪૬). અથવા અમુક પુરાવ રજુ કરેલો નથી એવુ ધારીને શરૂ કરવાથી (હરગોબીંદ વી. જયરાય (૧૮૭૫) ૨૪ વી. રી. ૧૪૬) અથવા ફકત એક બાજુનો પુરાવ જોવાથી (દેવશરણપુરી વી. મહમદ ઇસ્માઇલ (૧૮૭૫) ૨૪ વી. રી. ૩૦૦) અથવા પુરાવ બાલકુલ લક્ષમાં નહી રાખવાથી (હીરાલાલ વી. કાળીદાસ (૧૮૭૫) ૨૩ વી. રી. ૩૦૦) અથવા પુરાવ બીલકુલ લક્ષમાં નહી રાખવાથી (હીરાલાલ વી. કાળીદાસ (૧૮૭૫) ૨૩ વી. રી. ૬૫ આનંદચંદ વી. રતનેશ્વર (૧૮૭૬) ૨૫ વી. રી. ૫૦) અથવા પુરાવનો એક ભાગ કાયદેસર નથી એવી ભુલ ભરેલી સમજથી તે બાતલ કરીને હકીકતના સવાલ બાબત ફેંસલો કરવામાં આવે તેથી (મથુરા વી. રામરમીયા (૧૮૯૯) ૧૧ વી. રી. ૪૨૨) અથવા પક્ષકારોની સ્થીતી વીશે ખોટુ સમજવાથી અપીલ ચાલે છે (દુરગાચરણ વી. શામનંદ (૧૮૬૯) ૧૨ વી. રી. ૩૭૬). એક જડજ એક વેચાણ મંજુર કરવાને ના કહયાનો હુકમ એવા કારણથી કરે કે તે વેચાણ મંજુર કરવાને અરજ કરવામાં આવી તે વખતે હુકમનામું હતુંજ નહી તેથી તે હુકમ ક. ૨૪૪ (ક. ૪૭) પ્રમાણેનો છે, માટે તે ઊપર અપીલ ચાલે છે (દયામોઇ વી. શારતચંદ્ર (૧૮૯૮) ૨૫ ક. ૧૭૫; ૧ ક. વી. નો ૬૫૬); કપટના કારણથી વેચાણ રદ કરવા સંબંધી કરેલા હુકમ ઉપર, (કાહીલશીંગ વી. એદલસીંગ (૧૯૦૪) ૩૧ ક. ૩૮૫); અથવા યોગ્ય કોર્ટમાં આપવા સારૂ દાવા અરજી પાછી આપવાના હુકમ ઉપર (કલ્યાંણદાસ વી. નવલસીંગ (૧૯૦૪) ૩૧ ક. ૩૮૫); અથવા

નીચેની અપીલ કોર્ટે ભુલથી અપીલ કાહાડી નાંખ્યાનો હુકમ કરેલો હે એવા કારણથી કે તે અપીલ ચાલતી નથી તો તે ઉપર અપીલ ચાલે છે. (મથુરા મોહનલાલ વી. અમીરૂદાન (૧૯૦૩) ૮ ક. વી. નો. ૬૪) એકાદા પક્ષકારની અરજી ઉપરથી અથવા બીજી રીતે કોર્ટની નજરમાં સ્થાનક તપાસ કરવાને એકાદુ કમીશન કાહાડવાની જરૂર છે તો તે કમીશનને કોર્ટની રૂબરૂ તે અપીલની સુનાવણી ચાલતાં પહેલાં પાછું આવવું જોઈએ. જ્યારે તે કોર્ટ કમીશન પાછું આવવાની રાહ જોયા વીના તે અપીલની સુનાવણી ચલાવે તો તે કોર્ટની કામ ચલાવવાની રીતીમાં વાસ્તવીક રીતની ભુલ અથવા ખામી છે (માધોસીંગ વી. કાશીસીંગ (૧૮૯૪) ૧ ક. અલ્હા ૩૪૨).

ખામી—એક કામનો એક તરફી ફેંસલો કર્યા પછી કેટલીક મુદતે તે કામની ફરી સુનાવણી દાખલ કરવામાં આવે (રંગલાલ મીસર વી. ચેકન મીસર (૧૮૭૭) ૨ ક. ૧૧૪); દાવામાં અગત્યની હકીકતનો એકાદો સવાલ હોય તેને લગતી મુદામ હકીકત ઉપરથી ઠરાવ કરવો રહી ગએલો હોય (દીનાનાથ વી. હરીદાસ (૧૮૮૫) ૧૧ ક. ૪૯૯); અગત્યના ઇસ્યુનો ઠરાવ કરવો રહી ગએલો હોય (રામકોર વી. ગંગારામ (૧૮૯૨) ૧૬ મુ ૫૪૫; ગોપાળરાય વી. ટીકેલરાય (૧૮૬૭) ૮ વી. રી. ૩૩૩); જો કે મુદતની તકરાર કરેલી ના હોય તો પણ તે મુદતના સવાલ વીશે ઠરાવ કરવો રહેલો હોય (સાલુજી ઇશરાજી વી કાળુ-શંગજી (૧૮૬૪) ૨ મુ. હા. કો. ૧૬૨); કારણો બતાવ્યા વીના હકીકત બાબત ઠરાવ કરેલો હોય (નીંગાપા વી. શીવાપા (૧૮૯૫) ૧૯ મું ૩૨૩; કાંમત વી. કાંમત (૧૮૮૪) ૮ મુ. ૩૬૮) જે ઇસ્યુ કડાવેલો ના હોય તે ઇસ્યુની તપાસ કરવામાં આવે (રામસુંદર વી. કાળીપ્રસાદ (૧૮૭૩) ૧૯ વો. રી. ૨૭૬ પાલનીયાદી વી. મનસાંમી (૧૮૬૫) ૨ મ. હા. કો. ૪૪૧) અથવા ઇસ્યુ કાહાડયા વીના એકાદા કામની તપાશ કરવામાં આવે (રેવનપ્રસાદ વી. જાનકી (૧૮૬૬) ૧૧ મું. ઇ. અ. ૨૭; શીવશાહી વી. બેચનસીંગ (૧૮૭૪) ૨૨ વી. રી. ૩૧; ચંદ્રમણી વી. મધુદે (૧૮૭૫) ૨૩ વી. રી. ૧૬૬) પણ પક્ષકારોની વચે શો સવાલ છે તે તેઓ જાણ્યા વીના તેઓ તપાસ કરાવે (મીતના વી. ફાજલરબ (૧૮૭૦) ૧૩ મું. ઇ. અ ૫૮૩) એકાદો સાક્ષી તપાસવાને કમીશન કાહાડવાની એવા કારણથી ના કહેવામાં આવે કે તે અગત્યનો નથી (ઝોતીસીંગ વો. ગોપાળસીંગ (૧૮૭૫) ૧૩ વી. રી ૪૫૭; નીચેની અપીલ કોર્ટમાં એક વાદીને લીલામ કાયમ ઠરાવવાનો દાવો ફેરાવીને કબજો લેવાનો દાવો કરવાની પરવાનગી આપવામાં આવે (તેરીયતપતસીંગ વી. સુંદરસાનદાસ (૧૮૭૯) ૪ ક. ૪૬); બેઉ કોર્ટોમાં જે પ્રતીવાદી હકુમતના સવાલની તકરાર કરવામાં જીતેલો હોય પણ તેનું ખર્ચ અપાવવાની ના કહેવામાં આવે (મોશીગન વી. મોઝારી (૧૮૮૬) ૧૨ ક. ૨૭૧) એક સં-હવાદીને વધારવામાં આવે (ગુગલીશાહુ વી. પ્રેમલાલ (૧૮૮૧) ૭ ક. ૧૪૮); એક કામ ગેરશીરસ્તે પાછું મોકલવામાં આવે (નાહાનાભાઈ વી. રામશેઠ (૧૮૬૯) ૬ મું હા. કો. એ સી. ૧૫૬; રામકાત વી. ગણેશી (૧૮૬૬) ૬ વી. રી. ૪૭; પણ જુઓ વીરૂદ્ધ નવ-કોરી વી. મુકતા (૧૮૬૫) ૨ ક. વી. રી. ૧૮૧; જગોબંધુ વી. શ્રી નારાયણ (૧૮૭૩) ૨૦ વી. રી. ૧૮૮; ગંગામણી વી. ઈશર ૧૭ વી. રી. ૪૬૫); સાબેતીની જરૂર હોય તેમ છતાં યોગ્ય તજવીજ અથવા સાબીતી વીના ફરી તપાસ કરવાને કબુલ કરવામાં આવે (ભાયરબચંદ્ર વી. માધબરામ (૧૮૭૩) ૨૦ વી. રી. ૮૪; કોસીમુદીન વી. હીરન (૧૮૭૫) ૨૪ વી. રી. ૧૮૬; ચંદીચરણ વી. લુદતરામ (૧૮૭૬) ૨૫ વી. રી. ૩૨૮; રાજનીચરણ વી. પ્રતાપચંદ (૧૮૭૫) ૨૩ વી. રી. ૨૭૫; જો પુરાવ લીધેલો હોય તો તેમ નથી, શાહેબજાન

વી. સફદરઅલ્લી (૧૮૭૪) ૨૨ વી. રી. ૨૮૮; વળી જુઓ ગુલામહુસેન વી. અખરકુમાર (૧૮૯૫) ૩ વી. રી. એકટ ૧૦, ૧૬૪) શાહેદો રજુ કરેલા તે તપાસવામાં આવેલા નહી (મણીલાલ વી. ખીરોદદાશી (૧૮૯૩) ૨૦ ક. ૭૪૦) તે કારણો સ્પેશીઅલ અપીલ કરવાને સબળ કારણો છે એમ ગણવામાં આવેલું છે. બે જુદા દાવાનાં કારણોથી બે વાદીઓને ખોટી રીતે સામેલ કરવાના કારણથી દાવા અરજી ખડવા બાબતની હરકત બીજી અપીલમાં લઇ શકાય છે (મહીમાચંદ્ર વી. અતુલચંદ્ર (૧૮૯૭) ૨૪ ક. ૫૪૦) જ્યારે નીચેની અપીલ કોર્ટે એક અપીલનો એક તરફી સુનાવણી કરેલી અને જે અપીલના પ્રતીવાદી ઉપર નોટીસ બજેલી નહોતી અને તે અપીલના પ્રતીવાદીની ગેરહાજરીમાં અસલ કોર્ટનું હુકમનામું ફેરાવવામાં આવેલું તેની ખબર સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની કલમ ૫૬૦ ઓરડર ૨૧ રૂ. ૨૧ અને મુદતના એકટના પૃશીષ્ટ ૨ ની આ. ૧૬૯ પ્રમાણે ફરી સુનાવણીની અરજીની મુદત વીતી ગયા પછી સુધી પ્રતીવાદીને નહોતી તેમાં ઠરાવેલું છે કે બીજી અપીલમાં હાયકોર્ટને તેમાં હાથ ઘાલવાનો અખત્યાર છે (બાલાજીરાવ વી. સીયાબાઇ (૧૮૯૭) ૧૯ મ ૪૧૪)

ખર્ચ—જુઓ પાછળ ક. ૩૫ નીચેની નોટ

હકીકતનો ઠરાવ—હકીકતના ઠરાવમાં ગમે તેવી ભારે અને માફ લાયક નહી તેવી ભુલ થએલી હોય તો પણ તે કારણથી અપીલ ચાલતી નથી (ગોલકનાથ વી. કીરતીચંદ (૧૮૮૯) ૧૬ ક. ૬૪૫ ના ઠરાવનો મુકાબલો કરો) પણ તે ઠરાવ ઉપરથી જે નીશ્ચયો થતા હોય તે વીશે વાંધો લેવાને અપીલ ચાલે છે (રામગોપાળ વી. સામમખેતન (૧૮૯૨) લા. રી. ૧૯ ઇ. અ. ૨૨૮; ૨૦ ક. ૯૩ લછમેશરસીકા વી. મનોવરહોસેન (૧૮૯૧–૨) લા રી ૧૯ ઇ અ. ૪૮; ૧૬ ક. ૨૫૩) નીચેની અપીલ કોર્ટે હકીકતનાં જે અનુમાનો કરેલાં હોય તેમાં હયકોર્ટે હાથ ઘાલવો નહી જોઇએ (હમીર મહમદ વી. ફુલમહમદ (૧૮૭૩) ૧૯ વી. રી. ૩૧૧; વુમામોઇ વી. કનકચંદ્ર (૧૮૭૨)૧૭ વી.રી.૪૧૮;મહમદમતુસા વી. મહમદ અસુનલા (૧૮૭૨) ૧૭ વી. રી. ૩૪૯; કાળીદાસ વી ખેત્રો (૧૮૭૨) ૧૭ વી. રી ૪૭૨) જો કામ ચલાવવાની રીતીમાં કાંઇ ભુલ અથવા ખાંમી ના હોય અને પહેલો અપીલ કોર્ટની રૂબરૂ ઠરાવવાનો પુષ્ટીમાં યોગ્ય પુરાવ વીચાર કરવાનો હોય તો તે કોર્ટના આખરનો છે, માટે પુરાવ નીચેની કોર્ટે ખોટા સમજેલી છે, બીજો પુરાવ ગણગારેલો નથી અથવા તેની પુકત તુલ્યના કરેલી નથી કે જે કરવાને તેનો હક નહોતો, તેથી તેવા કારણથી અપીલ ચાલતી નથી (રાધા પ્રસાદ વી. બાલ કુંવર (૧૮૭૨) ૧૭ ક. ૭૨૬; પરતાચંદ્ર વી. મોહેંદ્ર નાથ (૧૮૯૦) ૧૭ ક. ૨૯૧; લા. રી. ૧૬ ઇ. અ. ૨૩૩; તે પ્રમાણે શીવબસાપા વી. શાંગાપા (૧૯૦૫) ૨૯ મુ. ૧ ના કામમાં ચાલવામાં આવેલુ છે; દુરગા ચોધ્રણ વી. જવાહીર (૧૮૯૦) લા. રી. ૧૭ ઇ. અ. ૧૨૨: (૧૮૯૧) ૧૮ ક. ૨૩; (નવાથસીંગ વી. ભીખીસીંગ (૧૮૮૫) ૭ અ. ૬૪૯ અને ફાતમા બેગમ વી. મયેમદ અનસુર (૧૮૮૩) ૯ ક. ૩૦૯ ના ઠરાવ રદ કરેલા છે); લછમનસીંગ વી. પના (૧૮૮૯) લા. રી. ૧૬ ઇ. અ. ૧૨૫; લા. રી. ૧૬, ૭૫૩; ફાજલ કરીમ વી. મૌલાબક્ષ (૧૮૯૧) લા રી. ૧૮ ઇ. અ. ૬૭; ૧૮ ક. ૪૪૮; રામરતન વી. નંદુ (૧૮૯૨) ૧૯ ક ૨૪૯; લા. રી. ૧૯ ઇ. અ ૧; કાંમેરવર પ્રશાદ વી. અમાંત તુલ્લા (૧૮૯૯) ૨૬ ક. ૫૩; ૨ ક. વી. નો ૬૪૯ શીરીનબાઇ વી. ખરશેદજી (૧૮૯૯) ૨૨ મુ. ૪૩૦; બાલકીશ્ન વી. ગોવીંદ (૧૯૦૨) ૨૬ મુ. ૬૧૭). પણ ઠરાવ બાબતના કારણો બતાવેલા ના હોય તો તે મુબાઇમાં બંધનકારક નથી (પરશોતમ વી. દુરગાજી (૧૮૯૦) ૧૪ મુ. ૪૫૨; નીંગાપા

વી. શીવાપા (૧૮૯૫) ૧૯ મુ. ૩૨૩). એકાદો રીવાજ છે, (શેખઅલી વી. ગોપાળદાસ (૧૮૯૦) ૧૩ વી. રી. ૪૨૦; હરીહર વી. જદુનાથ (૧૮૬૮) ૧૦ વી. રી. ૧૫૩; વાપરનો હક છે (વઝીરૂદીન વી. શીવચંદ (૧૮૬૯) ૧૧ વી. ૨૮૫; મહમદઅલી વી. જુગલરામ (૧૮૭૦) ૫ બં. લા. રી. એપ. ૮૪; ૧૪ વી. રી. ૧૨૪); શુધબુદ્ધી હતી (ભુબનમોહન વી. સૌદામીની (૧૮૭૦) ૫ બં. લા. રી. એપ. ૫૯) નોટીસનું વ્યાજબીપણું છે (બાધુમુખી વી. કેરીયુ તુલ્લા (૧૮૮૬) ૧૨ ક. ૯૩); એક નકી કરેલા દરથા સાંથ આપવાનો ગર્ભીત કરાર છે (સીરાપારાપુ વી. મલીકા અરજુન (૧૮૯૪) ૧૭ ક. ૪૩) તે સવાલો હકીકતના છે અને તેવીજ રીતે જે નુકશાનની રકમ અપાવવાની તે પણ છે (બેનીમાહાધબ વી. ભોળાનાથ (૧૮૬૮) ૧૦ વી. રી. ૧૬૪; વળી જુઓ જોહીરૂદીન વી. દેબીપ્રસાદ (૧૮૭૦) ૧૩ વી. રી. ૨૨); અને તેવીજ રીતે એકાદા દસ્તાવેજ અથવા જુબાનીનો અર્થ છે (હીબતઅલ્લી વી. ન્યાયતુલ્લા (૧૮૭૫) ૨૩ વી. રી. ૨૫૦; ચટની વી. બ્રેજી તેલગ કંપની ૧ કયુ. બી (૧૮૯૬) ૭૯) પણ તેનો અર્થ એટલે તેનો કાયદેસર હેતુની બાબતને એક કાયદાની બાબત છે (સદરહુ અને જુઓ નોબતસીંગ વી. ચતુરધારી (૧૮૭૩) ૧૯ વી. રી. ૨૨૩; પણ જુબદ્રપ્રસાદ વી. બૈજનાથ (૧૮૯૩) ૧૫ અ. ૩૬૭ પા. ૩૭૧) જુદા જુદા કારણોથી હકીકત વીષે એક સરખા ઠરાવો કરેલા હોય તેથી તે ઠરાવોના વજનમાં કાંઇ કમી થઇ શકતું નથી (નીલમોની વી. કીર્તીચંદ્ર (૧૮૯૩) ૨૦ ક. ૮૪૭; લા. રી. ૨૦ ઇ. અ. ૯૫) એકાદા વેચાણના સરટીફીકેટની રૂઇએ દાવા વાળી મીલકત મળેલી છે કે નહિ એ સવાલ હકીકતનો છે (વાહીદુન્નીસા વી. બીપીન બીહારી (૧૮૯૬-૭) ૧ ક. વી. નોટ ૨૧૭). એક સીમાડાની લાઇન વીષેના ઠરાવની ફરી તપાસ કરવાને આ કલમ પ્રમાણે હાઇકોર્ટને હકુમત નથી (લખી નારાયણ વી. જદુનાથ (૧૮૯૩-૪) લા. રી. ૨૧ ઇ. અ. ૩૯; ૨૧ ક. ૫૦૪); અને એકાદું ગળીનું કારખાનું બાંધવાથી તે જમીન ખેતીવાડીને માટે ના લાયક થશે કે નહિ તે સવાલ હકીકતનો છે (હરી વી. સુરેન્દ્ર (૧૯૦૭) ૧૧ ક. વી. નોટ ૭૯૪; ૬ ક. લા. જે ૭૯૪). બીજી અપીલમાં હાઇકોર્ટે નીચેની કોર્ટોનાં હુકમનામા રદ કર્યા કારણ કે તે કોર્ટોમાં જે અમુક ઇસ્યુ ઉત્પન થયેલા હતા તેનો વીચાર કરવામાં આવેલો નહોતો માટે તે કામ પાછું મોકલેલું હતું. નાચેની અપીલ કોર્ટે આ આગળ તપાસેલા ઇસ્યુ વીષે પુરાવ લઇને તે પુરાવ ઉપરથી હકીકત બાબત ઠરાવ કર્યા. ઠરાવ્યું છે કે નીચેની અપીલ કોર્ટે તે કામની તપાસ અસલ કામ તરીકે કરેલી નથી પણ એક અપીલ તરીકે કરેલી છે. માટે હાઇકોર્ટને બીજી અપીલ કરવાથી તે હકીકતમાં પેસવાને અટકાવ થયેલો છે અને તે મર્યાદા અસલ કોર્ટમાં પુરાવ જ્યારે લીધો હોય ત્યારે ફક્ત તે કામો બાબતજ છે એમ નથી (બેનીપ્રસાદ વી. નંદલાલ (૧૮૯૭) ૨૪ ક. ૮૯). બે સહિઓમાં ઘણોજ તફાવત હતો તેથી તે બે સહિઓ વચ્ચે મુકાબલો કરીને તે ઉપર રાખીને નીચેની અપીલ કોર્ટે ભુલ ભરેલો નીશ્ચય કરેલો છે તેથી હાઇકોર્ટે તે કોર્ટનો ફેંસલો ફેરાવ્યો અને ફરી તપાસ કરવા સારૂ તે કામ પાછું મોકલ્યું (ફુદી બીબી વી. ગોવીંદચંદ્ર (૧૮૭૪) ૨૨ વી. રી. ૨૭૨) જ્યારે એકાદા જડજના ફેંસલાનો આધાર પુરાવ ઉપર હોય નહિ તેમ કબુલતો ઉપર હોય નહિ ત્યારે તે ફેંસલો બીજી અપીલમાં બંધનકારક નથી (વિશ્વનાથ વી. ઘોંડાપા (૧૮૯૩) ૧૭ મું. ૪૭૫) પ્રતીવાદીની હકીકતના વીરૂદ્ધની જે હકીકત હોય તે પ્રતીવાદીના લાભની હકીકત ધારીને ભુલ ભરેલા નીશ્ચય નીચેની અપીલ કોર્ટે કરેલા હોય તો હાઇકોર્ટે તેમાં હાથ ઘાલી શકે છે (સર્બેશ્વર વી. છોટા

અરી ગુલ્લા (૧૮૭૧) ૮ બં. લા. રી. એપ. ૭૮; ૧૭ વી. રી. ૨૧૩; વળી જુઓ પુનાચંદ્ર વી. ચંદ્રકુમાર (૧૮૭૫) ૨૪ વી. રી. ૧૭૧) કાયદા પ્રમાણે અથવા કારણોથી ખાલી થયેલ નહિ તેવા પુરાવ ઉપરથી નીચેની અપીલ કોર્ટે નીશ્ચય કરે અને કામમાં એક અગાઉના ઇસ્યુ વીષે તપાસ કરવાને નીકળી જાય તો બીજી અપીલ ચાલે છે. (મહારામ શીખ વી. નાગેરીદાસ (૧૮૭૧) ૭ બં. લા. રી. એપ ૧૭; વળી જુઓ હરોપ્રસાદ વી. ઉમાતારા (૧૮૮૧) ૭ ક. ૨૬૩) વાદીની વર્તણુક ઉપરથી વાંધો લીધા વીના તે ચુપ રહેલો હતો એવા ભુલ ભરેલા વીચારના આધારથી હકીકતનો એક ઠરાવ કરેલો હોય તો તે રદ કરી શકાય છે અને નવેસર ઠરાવ કરવાને કામ પાછું મોકલવામાં આવે છે (રામભટ વી. બાલાભટ (૧૮૯૪) ૧૮ મું. ૨૫૫) જ્યારે નહિ લગતી બાબત ઉપર મુખ્યત્વે કરીને આધાર રાખીને એકાદો રીવાજ છે એવું ઠરાવેલું હોય તો તે કામ ફરી તપાસ કરવા સારૂં પાછું મોકલવુંજ જોઇએ (પાલકધારી વી. મેનર્સ (૧૮૯૬) ૨૩ ક. ૧૭૯) પુરાવ શો છે તેનો ખોટો વીચાર કરવા ઉપર આધાર રાખીને નીચેની અપીલ કોર્ટે એક ઇસ્યુનો ઠરાવ કરેલો તો તે ઇસ્યુ વિષે કાયદેસર ઠરાવ તરીકે બીજી અપીલમાં કબુલ કરી શકાતો નથી (ગોવીંદ વી. વીઠ્ઠલ (૧૮૯૬) ૨૦ મું. ૭૫૩) હકીકતના ઠરાવ ઉપરથી કરેલા એક અનુમાનના મજબુતપણા વીષે વાંધો લેવાને બીજી અપીલમાં કોર્ટ મુખત્યાર છે (ક્રીષ્ણ કીશોર વી. મીર મહમદ અલ્લી (૧૮૯૮—૯૯) ૩૬ વી. નોટ ૨૫૫)

હકીકત અને કાયદાના મીશ્ર સવાલો.—કબજો છોડાવવાના દાવામાં મીલકત ઉપર વાદીના હક વીષે પુરાવમાં વાપરના કૃત્યોનો પુરાવ હતો તે ઉપરથી કોર્ટ પાસે એવું માગવામાં આવેલું હતું કે પ્રતીવાદી પોતાના વધારે સારા હકની સાબેતી બતાવે નહિ તો માલેકપણાનું અનુમાન કરવું જોઇએ. પુરાવ ઉપરથી જીલ્લા જડજે ઠરાવ્યું કે વાદીનો હક સાબેત થયેલો નથી. ઠરાવ્યું છે કે આ ઠરાવ એક કાયદા તથા હકીકતનો મીશ્ર છે. માટે બીજી અપીલમાં હાઇકોર્ટ તેમાં હાથ ઘાલી શકતા નથી. હકીકત ઉપરથી નીચેની કોર્ટે ઠરાવેલું હોય તે ઉપરથી કાયદેસર અનુમાન કરવાનું એ નક્કી છે માટે બીજી અપીલમાં નીચેની અપીલ કોર્ટે ભુલ ભરેલા નીશ્ચય કરેલા હોય તે હાઇકોર્ટ દુરસ્ત કરી શકે છે. તો પણ જ્યારે આવી હકીકત ઉપરથી જે કાયદેસર અનુમાન કરવાનું તે શક ભરેલું હોય તો નીચેની કોર્ટના ઠરાવમાં હાઇકોર્ટ બીજી અપીલમાં હાથ ઘાલી શકતા નથી (રાજારામ વી. ગણેશ હરી (૧૮૯૭) ૨૧ મું. ૯૧). ફકત હકીકત વીષે કરેલા ઠરાવ ઉપરથી યોગ્ય રીતે કાયદેસર નીશ્ચય કરવાના તે ઉપર તે ઠરાવ જ્યારે કાયદા અને હકીકતનો મીશ્ર હોય અને આધાર રાખતો હોય ત્યારે વીરૂદ્ધ કબજાના ઠરાવ ઉપર બીજી અપીલ ચાલતી નથી (લછમેશ્વરસીંગ વી. મનોવર હુસેન (૧૮૯૧–૨) લા. રી. ૧૯ ઇ. અ. ૪૮; ૧૯ ક. ૨૫૩) એક હુકમનામાની બજાવણીમાં શી બાબત ખરી રીતે વ્યવ્હાર કરેલો છે અને શું આપેલું છે તે સવાલ કાયદા અને હકીકતનો મીશ્ર છે તેથી તે વીષે અસલ અપીલ કોર્ટે જે ઠરાવ કરેલો હોય તેથી બીજી અપીલમાં હાઇકોર્ટ બંધાયલી નથી (જ્ઞાનમલ વી. મથુ સામી (૧૮૯૦) ૧૩ મ. ૪૭) ઇશરચંદ્ર સંત્રા વી. સાતીશચંદ્ર ગીરી (૧૯૦૨) ૭ ક. વી. નોટ ૧૨૬) ના કામમાં હાઇકોર્ટ બીજી અપીલમાં હાથ ઘાલેલો હતો કારણ કે પુરાવના અગત્યના ભાગનો નીચેની અપીલ કોર્ટે વીચાર કરેલો નહોતો અને એવું ઠરાવેલું છે કે પુરાવના ભુલ ભરેલા વીચારમાં કાયદાની ભુલ આવી જાય છે.

કાયદાનો સવાલ—એકાદા દસ્તાવેજના શબ્દો ઉપરથી જે યોગ્ય અનુમાન કરવાનું

તે કાયદાનો એક સવાલ છે અને તેનો વીચાર બીજી અપીલમાં કરી શકાય છે (ચોકલીંગમ વી. મેયંદી ચેતીયર (૧૮૯૬) ૧૯ મ. ૪૮૫ પણ જુઓ રૂદ્રપ્રસાદ વી. બૈજનાથ (૧૮૯૩) ૧૫ અ. ૩૬૭ પા. ૩૭૧) પરંતુ જ્યારે દસ્તાવેજોના અર્થ વીષે પ્રશ્ન ન હોય અને ફક્ત સવાલ પુરાવ તરીકે તેના અસર વીષે હોય તો તેમાં કાયદાનો સવાલ રહેલો નથી (લછમણલાલ વી. કનૈયાલાલ (૧૮૯૪) લા. રી. ૨૨ ઇં. અ. ૫૧; ૨૨ ક. ૬૦૯) જે હુકમનામા ઉપર અપીલ કરેલી હોય તેનો આધાર પુરાવના કાયદાનો ખોટો વીચાર કર્યા ઉપર હોય અથવા ખાસ રીવાજ કેવી રીતે સાબીત કરવો જોઇએ એ બાબત પ્રીવીકાઉંસીલ અને હાઇકોર્ટના જે ઠરાવો છે તેનો ખોટો વીચાર કરેલો હોય તે ઉપર હોય તો હાઇકોર્ટ બીજી અપીલમાં હાથ ઘાલે છે (દેશાઇ રણછોડદાસ વી. રાવળ નથુભાઇ (૧૮૯૭) ૨૧ મું. ૧૧૦) કાયદાના ભુલ ભરેલા વીચાર ઉપર આધાર રાખીને નીચેની અપીલ કોર્ટે એકાદો નીશ્ચય કરે તો બીજી અપીલમાં તે ફેંસલા વીષે વાંધો લઇ શકાય છે (દર્શનચંદ્ર વી. બીશુસરદાર (૧૮૯૭) ૨૪ ક. ૮૨૫; ૧ ક. વી. નોટ ૬૬૫) તેમજ વળી નીચેની અપીલ કોર્ટ જે પુરાવ ઉપરથી હકીકતનો યોગ્ય રીતે નીશ્ચય કરી શકે તેવો પુરાવ હોય નહિં તો તે ફેંસલા વીષે બીજી અપીલમાં વાંધો લઇ શકાય છે (શીવબસાવા વી. સાંગાપા (૧૯૦૪) ૮ ક. વી. નોટ ૮૬૫).

અમીના બીજા રીપોર્ટની દરકાર ન રાખવી તે કાંઇ કામ ચલાવાની રીતીની ખામીની વાસ્તવીક ભુલ નથી અને તેથી કાયદાની ભુલ થતી નથી (લક્ષ્મીનારાયણ વી. જદુનાથ (૧૮૯૩) લા. રી. ૨૧ ઇ. અ. ૩૯, ૨૨ ક. ૬૦૯) આવી ભુલ કામના ફેંસલાને અસર ન કરતી ન હોય તો કાયદો લાગુ કરવાની ભુલ ઉપરથી થયેલા હુકમનામામાં સ્પેશીઅલ અપીલમાં કોર્ટ હાથ ઘાલતા નથી (કરીમખાંન વી. મોહબઝ વી. રી. એફ. બા. ૧૬; અકબર અલ્લી વી. હુસનઅલ્લી (૧૮૬૬) ૫ વી. રી. મીસ. ૨૯).

કામ ચલાવાની રીતી.—પુરાવ નહિં છતાં અસલકોર્ટે ઠરાવેલું કે નીચેની કોર્ટે મંજુર રાખેલું સમાધાન તે અમુક બાબતના ફાયદા સારૂં નથી. તેમાં ઠરાવ્યું છે કે પહેલી અપીલ કોર્ટની કામ ચલાવાની રીતીમાં આ વાસ્તવીક રીતની ભુલ અથવા ખામી છે, માટે બીજી અપીલમાં નીચેની કોર્ટનું હુકમનામું હાઇકોર્ટે પાછું બહાલ રાખેલું છે તે બરોબર છે. (હેમતકુમારી વી. બ્રજેંદ્રકીશોર (૧૮૮૯-૯૦) લા. રી. ૧૭ ઇ. અ. ૬૫; ૧૭ ક. ૮૭૫ તેના તેજ સખસ ઉપર તે પોતેજ પક્ષકારોની વચે તેની તેજ બાબત સબંધી અપીલોમાં નીચેની અપીલ કોર્ટ જુદા જુદા હુકમનામા કરે તો જુદી જુદી બીજી અપીલો દાખલ કરવી જોઇએ (ચાયુ વી. કુનાહમદ (૧૮૮૮) ૧૧ મ. ૨૮૦) સ્પેશીઅલ અપીલ કરવા ઉપરથી હાઇકોર્ટના અભીપ્રાયમાં આવ્યું હતું કે સાક્ષીઓ ઉપર ભરૂસો રાખવાથી મુનસીફ હુકમનામું જીલ્લા જડજે ફેરવેલું છે તેથી આવા ફેંસલા ફેરવાનો ફેંસલો જે સરતોથી થવો જોઇએ તે સરતો પુરી પડતી નથી તેથી તે કામ પોતાની રૂબરૂ મંગાવ્યું અને એક રેગ્યુલર અપીલ તરીકે તે કામની પોતે સુનાવણી કરી હતી (પરમેશ્વર વી. બીજલાલ (૧૮૯૦) ૧૭ ક. ૨૫૬) તેમજ વળી પક્ષકારોએ કઢાવેલા નહિં તેવા પ્રશ્ન ઉપર નીચેની અપીલ કોર્ટ એકાદા દાવાનો નીકાલ કરે અને તે વીષે કાંઇ પુરાવ હોય નહિં તો તેજ પ્રમાણે થાય છે (શીવબસાપા વી. શંગાપા (૧૯૦૪) ૮ ક. વી. નોટ ૮૬૫; લા. રી. ૩૧ ઇ. અ. ૧૫૪)

બીજી અપીલમાં નીચેની અપીલ કોર્ટ હકીકતની વ્યવસ્થા કરવામાં જે રીતી પ્રમાણે

ચાલવામાં આવેલું છે તે બરોબર છે કે નહિ અને હકીકત ઉપરથી જે કોર્ટે હકીકતનું અથવા કાયદાનું અનુમાન કરેલું છે તે પોતાની ખાત્રી થાય તેવું સારા આધારવાળું છે કે નહિ એ વીષે વીચાર કરવાને હાઇકોર્ટને અખત્યાર છે (પ્રતાપ નારાયણસીંગ વી. રઘુનારાયણ હઝરી (૧૯૦૧) ૬ ક. વી. નોટ ૧૮૧) ભુપતરાય વી. કળીરાય (૧૯૦૨) ૬ ક. વી. નોટ ૩૫૭) ના કામમાં નીચેની અપીલ કોર્ટનો ફેંસલો રદ કરવામાં આવ્યો હતો. કારણકે કાયદા પ્રમાણે કામની તમામ હકીકત અને બીનાનો વીચાર કરવો જોઇએ પણ તે પ્રમાણે તે કામની તપાસ કરવામાં તે કોર્ટે કામ ચલાવાની રીતી પસંદ કરેલી નથી.

ચાલતી નથી.—એકાદા કુલ અખત્યારનો કાયદેસર અમલ કરવાથી સ્પેશીઅલ અપીલ ચાલતી નથી (ગોપાળ ખંડોરાવ વી. દેવકી નંદન (૧૮૭૪) ૬ અ. હા કો. ૧૭૩). જેમ કે અમુક આપેલા પુરાવ ઉપર કેટલો ભરૂંસો રાખવાનો હક થાય છે તેનો નીર્ણય કરવામાં આવે (મથુરા વી. માધસીંગ (૧૮૭૦) ૨ અ. હા. કો ૨૦૭); અથવા વધારેનો પુરાવ લેવાને ના કહેવામાં આવે (કલ્પોસીંગ વી. ઠાકુરસીંગ (૧૮૭૧) ૧૫ વી રી. ૪૨૯; ગોલામ મકદમ વી હાફીઝુન્નીસા (૧૮૬૭) ૭ વી રી. ૪૮૯; મહેશચંદ્ર વી. સોશી મુખી (૧૮૬૬) ૬ વી. રી. ૧૯૬; રામ પીયારી. વી. કલુ (૧૯૦૧) ૨૩ અ. ૧૨૧); અથવા તે દાખલ કરવામાં આવે (રાધાનાથદાસ વી. ખેલકચંદ્ર (૧૮૭૨) ૧૭ વી. રી. ૫૫૮; પરંતુ જુઓ હાફીસ અબદુલકરીમ વી. શ્રી કીશન (૧૮૮૫) ૧૧ ક. ૧૩૯); અથવા સગીર બ તરફથી અ ને અપીલ કરવાની પરવાનગી આપવાને તે અ નાની ઉમરનો નથી તે કારણથી ના કહેવામાં આવે (શામાચરણ વી. તારકનાથ (૧૮૬૯) ૩ બં. લા. રી. એપ ૧૫); અથવા અપીલ પાછી ખેંચી લેવાની દાદ નથી આપવાને ના કહેવામાં આવે તે વીષેના હુકમ ઉપર (રાજ કીશન વી. રાજ કીશન (૧૮૬૬) ૬ વી રી, એકટ ૧૦, ૨૪); અથવા પાછી ખેંચી લીધેલી અપીલ ફરી ફાઇલ ઉપર લેવાને ના કહેવામાં આવે (મધુમતી દેબીયા વી. ધનપતસીંગ (૧૮૭૦) ૧૩ વી. રી. ૧૬૭); અથવા પક્ષકારે પોતાની તરફનું કામ બંધ કર્યા પછી વધારે પુરાવ આપવાની પરવાનગી આપવાને ના કેહવામાં આવે (રાખલદાસ વી. પ્રતાપચંદ્ર (૧૮૬૯) ૧૨ વી. રી ૫૫); અથવા ખર્ચ આપવાની ના કહેવામાં આવે (ઉમાચરણ વી. ગીરશ્ચંદ્ર (૧૮૭૬) ૨૫ વી. રી. ૨૨; ફતીકપારૂઇ વી. મોહેંદ્રનાથ (૧૮૭૬) ૧ ક. ૩૮૫; ૨૫ વી. રી. ૨૨૬; અમુંખાત વી. કનૈયાલાલ (૧૮૬૭) ૭ વી. રી. ૨૦૮; બારપ્રસાદ વી. દુર્ગાપ્રસાદ વી. રી. (૧૮૬૪) ૨૧૫; દૌલતરામ વી. દુર્ગાપ્રસાદ (૧૮૯૩) ૧૫ અ. ૩૩૩); અથવા પક્ષકારો વધારવામાં આવે (ગયારામ વી. ઇશરચંદ્ર (૧૮૬૫) ૨ વી. રી. ૧૫૮); અથવા તે વધારવાની ના કહેવામાં આવે જગદંબા વી. હરણચંદ્ર (૧૮૬૮) ૧૦ વી. રી. ૧૮૯; ૬ બં. લા રી. પ૨૬, નોટ; પુરણમંગળ વી શ્રાંમચંદ (૧૮૬૪) ૧ વી. રી. ૨૨૮); અથવા એકાદા હુકમનામા ઉપર વ્યાજ આપવામાં આવે અથવા આપવામાં ના આવે (પારસનાથ વી. કીસ્તો મોહન (૧૮૬૯) ૩ બં. લા. રી. એપ. ૧૦૫; ૧૨ વી. રી. ૫૦); અથવા વાદીના ઉપર સાક્ષી તરીકે સમન કાહડવાને ના કહેવામાં આવે (ઇંદ્રિલોચન વી. શ્રીષચંદ્ર (૧૮૬૮) ૧૦ વી. રી ૧૩૪); અથવા મુદ્દાના સવાલનો જવાબ આપવાને વાદીએ ના કેહવાથી દાવો કહાડી નાંખવામાં આવે (જયેષ્ટારામજી વી. આવા કર મોલાન દગાલી (૧૮૬૬-૭) ૩ મ. હા. કો. ૨૯૯); અથવા એકાદા પક્ષકારને જાતે હાજર થવાને કોર્ટે હુકમ કરેલો હોય પણ તે હાજર નહિં થવાથી એકાદા દાવાનું હુકમનામું કરવામાં આવે (નારણદાસ વી મહાતબચંદ્ર (૧૮૬૮) ૧૦ વી. રી. ૧૭૪; પરંતુ જુઓ કીસ્તો કુમાર વી. ગોવીંદ કુમાર વી. રી. (૧૮૬૪) ૧૩૩); અથવા સત્તા ના

કબુલ કરનાર સાક્ષીને દંડ કરવાને ના કહેવામાં આવે (પ્રાંણુ ક્રીસ્ટો વી. કાળીદાસ (૧૮૬૭) ૭ વી. રી ૪૬૦); અથવા મુદત ગયા પછી અપીલ દાખલ કરવાની ના કહેવામાં આવે (રઘુનાથસીંગ વી. રાયમોહનલાલ (૧૮૬૭) ૭ વી. રી. ૨૯૬; ફુલહારી વી. બીશેશરપ્રસાદ (૧૮૬૮) ૩ આ. ૩૦૧. પરંતુ જુઓ ગોપીનાથ રાય વી. ગોપીનાથ ચાતરજી (૧૮૬૫) ૬ વી. રી. પ્રા. ૧૦૬; ગંગાદાસ વી. રામ જોય (૧૮૮૬) ૧૨ ક. ૩૦); તે ઉપર અપીલ ચાલતી નથી, તેમ આ કાયદામાં ઠરાવેલી રીતે નીચેની કોર્ટે પોતાના ફેંસલાના કારણો લખેલાં ન હોય તેટલા ફકત કારણથી અપીલ ચાલતી નથી (બીશ્વનાથ વી. બૈદેનાથ ૧૨ ક ૧૯૯; ભગવતસીંગજી વી. પરતાપસીંગજી (૧૮૬૭) ૪ મું. હા. કો. ૧૦૫); તેમ બતાવેલા કારણોના વજન સબંધી કારણથી અપીલ ચાલતી નથી (દુરગાચરણ વી. રામાનંદ (૧૮૬૯) ૧૨ વી. રી. ૩૭૬), તેમ બે સાક્ષીયોની શાહેદીની મુકાબલે બુજ થતી હોય તે ઊપર, (મે. કેનઝી વી. જવાહીર માહાતન (૧૮૭૬) ૨૫ વી. રી. ૧૩૭) તેમ પુરાવનુ વજન કરવા બાબત (બુડીબાહાદુર વી. પ્રાગસીંગ (૧૮૭૨) ૧૭ વી. રી. ૩૧૪); તેમ એક પક્ષકારના સાક્ષીયોને માંનવા બાબત જે ખોટુ કારણ બતાવેલુ હોય તે બાબત (શીવગોલામ વી. માહાદેવલાલ (૧૮૭૨) ૧૮ વી. રી. ૧૧૦); તેમ દસ્તાવેજી પુરાવ રદ કર્યાના બતાવેલા કારણ બાબત (મણીદત વી. કેંપબેલ (૧૮૬૯) ૧૧ વી. રી. ૨૭૮; પણ જુઓ સરસતી વી. અંબોકાનંદ (૧૮૭૫) ૨૪ વી. રી. ૧૯૨); તેમ એક દસ્તાવેજ કબુલ થએલુ છે તે પ્રમાણે ૧૦૦ વર્ષનો જુનો હતો તેના યોગ્ય કબજા બાબત કાંઇ ઠરાવ કરેલો ના હોય તો તે બાબત (બદીયુદીન વી. ગોલાંમપરી (૧૮૭૨) ૧૭ વી. રી. ૨૭૯); તેમ સાક્ષીયોને માંનવા માટેના કારણો બતાવેલાં ના હોય તે બાબત (શમશરૂદી વી. જાનમહમદ (૧૮૭૪) ૨૧ વી. રી. ૨૬૦); અને અશલ કોર્ટે તેઓને માંનેલા ના હોય (લખીમણી વી. રાજકીશોર વી. રાજકીશોર (૧૮૬૫) ૪ વી. રી. ૧૦૬; મકદુમુનીશા વી. મોખીસીંગ(૧૮૭૫) ૨૪ વી રી. ૨૯૬); તેમ વધારાનો પુરાવ લીધા બાબત (હાફીઝ અબદુલકરીમ વી. શ્રીકીશન (૧૮૮૫) ૧૧ ક. ૧૩૯; વળી જુઓ પ્રાણનાથ વી. રામકુમાર (૧૮૭૮) ૨ ક લા. રી. ૩૩); તેમ એક શાક્ષી હીતવાળો છે તે કારણથી તેને નહી માનવા બાબત તેમ કોર્ટના કુલ અખત્યાર પેકીના બીજા કોઇ કારણ બાબત (દ્વારકાનાથ વી. મદનમોહન (૧૮૬૬) ૬ વી. રી. ૨૯૨); જેમકે એકાદી સ્થાનીક તપાશ કરવાને હુકમ કરવામાં અથવા ના કરવામાં આવે (હરીલાલ વી. ગંગાધર (૧૮૬૨) વી. રી. (એફ. બી) ૧૯; મેકડોનલ્ડ વી. મનારરાય (૧૮૬૩–૭) બં. લા. રી. (એફ. બી) ૩૫૮; (૧૮૬૫) ૩ વી. રી. એકટ ૧૦, ૧૫૩; ગ્રાહામ વી. લોપેઝ (૧૮૬૪) ૧ વી. રી. ૧૪૧, બૈકુંઠનાથ વી. પીયારી મણી (૧૮૬૪) ૧ વી. રી. ૨૪૯; રાજ કીશન વી. હરોમોહન (૧૮૬૬) ૫ વી રી. ૨૪૮; રાયબેહારી વી. સાહેબરાય (૧૮૬૯) ૧૨ વી. રી. ૭૬); અથવા એકાદી દાવા અરજી દુરસ્ત કરવાને ના કહ્યા બાબત (વોટશન અને કંપની વી. નીધુ (૧૮૬૮) ૧૦ વી. રી. ૮૭ અને જુઓ બારકર વી ફરલોગ ૨ ચ. (૧૮૯૧) ૧૭૨); તેમ પુરાવમાં એકાદા દસ્તાવેજના ખરાપણા બાબતના ઠરાવ ઉપર (ભગવાનચંદ્ર વી. દુખીના દેબીયા (૧૮૬૭) ૮ વી રી ૩૫૬) પણ તે ઠરાવ ભુલ ભરેલા અનુમાનથી કરેલો ના હોય તો (અકજુબીબી વી. કુંજુબેહારી (૧૮૭૩) ૯ વી. રી. ૨૮૮; ગોપાળ વી. તનકારી (૧૮૭૩) ૧૯ વી. રી. ૩૪૯; મહેર વી. કેરામતઅલ્લી (૧૮૭૪) ૨૨ વી. રી. ૪૦૨); તેમ અપીલમાં હુકમનામું કરવામાં આવ્યું તે પછી જડજે પોતાની જગા ખાલી કરી ત્યાં

સુધી ફેંસલો લખેલો નહી તે બાબત (ભગવત સંગજી વી. પરતાપસંગજી) (૧૮૬૭) ૪ સુ. હા. કો. ૧૦૫; તેમ જે પક્ષકારોના વતણુંક ઉપર પુરાવ તરીકે ભરૂશો રાખેલો હોય તે ઉપરથી અનુમાન કરેલુ ના હોય તે બાબત (ર વી. પંચાનન (૧૮૭૬, ૨૫ વી. રી. ૫૦૩); તેમ એક બાબત તકરાર ઉઠાવેલી છતાં તે બાબત નીર્ણય કરેલો ના હોય તે બાબત (વાઘજી વી. હરીલાલ (૧૮૭૧) ૧૬ વી. રી. ૧૫૦); તેમ જે કામમાં નીચેની કોર્ટમાં અપીલ ચાલતી ના હોય તે કામમાં (હરદયાળસીંગ વી. કનહયાલાલ (૧૮૭૩) ૧૯ વી. રી. ૨૪૭. ચીંવાંબરપીલાઇ વી. કમાંન (૧૮૬૨–૬૩) ૧ મ. હા. કો. ૧૮૯; ગંગાચરણ વી. શાસ્ત્રીમંડળ (૧૯૦૨) ૬ ક. વી. નો ૬૧૪) તેમ ગુણુ દોશ ઉપરથી નીચેની અપીલ કોર્ટે જે કામમાં અપીલ ચાલતી ના હોય તે કામમાં અપીલ કાહાડી નાંખેલી તે બાબત (ગેલાંમઇશાક વી. હાયદરમુલ્લા, વી. રી. (એફ. બી) ૪૬) તેમ એક સબોર્ડીનેટ જડજે પોતાનુ હુકમનામું બજાવવાને હકુમત નથી એમ ઠરાવેલું માત્ર એમ કારણથી કે હુકમનામાની રકમ વ્યાજ સાથે તેમની નાણા સંબંધી હકુમત છે તે કરતાં વધારે છે તો તે બાબત (શ્રાપરાવ વી. નીલોજી (૧૮૮૬) ૧૦ મું ૨૦૦); તેમ જે દસ્તાવેજો દાખલ કર્યા બાબત (માકબળ અહમદ વી. ઇફતીકાદુનીશા (૧૮૭૫) ૭. અ. હા. કો. ૧૨૪; હરચંદ્ર ગોઝ વી. વુમાશુદ્રી ડોસી (૧૮૭૫) ૨૩ વી. રી. ૧૭૦. અને જુઓ ગુરપદાપા વી નારોના કામના ઠરાવ (૧૮૮૯)૩ મું. ૪૯૩); અથવા સ્પેટસ્યુટી તથા પેનલ્ટી આપવા છતાં પણ એક દસ્તાવેજ દાખલ કરવાને ના કહેલી હોય (ગંભીરમલ વી. છોજમલ (૧૮૭૩) ૧૦ મુ હા ૪૦૬) તેમ જરૂરીયાત સ્ટેંપ આપ્યા વીના ગુમ થએલા દસ્તાવેજનો બીજા દરજ્જાનો પુરાવ આપવાને પરવાનગી આપેલી હોય તે બાબત (હરણુચંદ્ર વી. રશીકચંદ્ર (૧૮૭૩) ૨૦ વી. રી. ૬૩); કામના કાગળો મંગાવવા યોગ્ય છે. કીંવા નહી તે વીશે ફેંશલો આપવો સુનાવણી અને અરજી ફરીથી તાજી કરવામાં ત્યાં સુધી બંધ રાખેલો તેથી કામના મંગાવેલા નહી તે બાબત (ચંદીચર્ણ વી. દુરગાપ્રસાદ (૧૮૮૨) ૨ ક. લા. રી. ૮૧); અથવા નીચેની કોર્ટમાં કાંઇ દરખાસ્ત કરેલી ના હોય તો પણ એક શાક્ષીને તપાશવો જોઇતો હતો, (સમશેખર વી. સુભદ્રામાજી (૧૮૮૨) ૬ મું. ૫૨૪; ગુલામ વી. બદરૂદીન (૧૮૮૯) ૧૩ મું. ૩૩૬; હકુમત સંબંધી નહી તેવા આંક બાંધવામાં ચુક કરેલી હોય તે બાબત (કીસ્તોર્ણ વી. દ્વારકાનાથ (૧૮૬૮) ૧૦ વી. રી. ૩૨; પણ જુઓ ગોવીંદમેનન વી. કરૂણાકર (૧૯૦૧) ૨૪ મ. ૪૩); અથવા અમીનના રીપોર્ટ ઉપર જડજે અભીપ્રાય લખેલો ના હોય તો તે બાબત બંધુ શુકલની વી. જયપ્રકાશસીંગ વી. રી (૧૮૬૪) પા. ૩૬૭); અથવા તે રીપોર્ટ ભરૂસો રાખવા લાયક નથી અને નકશો મોટો છે એવું ઠરાવેલું હોયતો (શીવદયાળ વી. હોડજકીનશન (૧૮૭૫) ૨૪ વી. રી. ૩૪૨); પ્રતીવાદીએ લખેલી હકીકત હરકત વીના જે વખતે ફાઇલ કરી તે વખતે દાવા અરજી ઉપર પ્રતીજ્ઞા કરેલી નથી તે કારણથી સ્પેશીયલ અપીલ ચાલતી નથી કારણ કે તે વખતે પહેલી તે તકરાર કરવામાં આવેલી ન્હોતી (શ્રાંમાશુંદ્રી વી. ઝહીમુદીન (૧૮૭૫) ૨૪ વી. રી. ૭૧); તેમ હીસાબમાં ભુલ બાબત (રામકંથરાય વી. કાળીમોહન (૧૮૭૪) ૨૨ વી. રી. ૩૧૦; પ્રસનોકુમાર વી. ચેતનચર્ણ (૧૮૭૬) ૨૫ વી. રી. ૭૪) તેમ ઠરાવેલી તારીખ પહેલાં જો પક્ષકારો હાજર હોય તો એકાદા કામની સુનાવણી કરવા બાબત (હકીમુનીશા વી. મકદુનમ (૧૮૬૪) ૧ વી. રી. ૨૪૬) તેમ ઘણું કરીને આત્મની કાંઇ ભુલ ના હોય તો (ચમરૂસીંગ વી. તોટારાય (૧૮૭૩) ૯ વી. રી. ૪૩૦), અથવા તે બાબત નીચેની કોર્ટમાં અપીલ કરેલો ના હોય તો (આથમબીતતેવારી વી. ભગવત પાંડે (૧૮૬૯) ૧ અ. હા. કો. ૧૬૧); જેમકે અગત્યનો નહીં તેવો પુરાવ દાખલ કરવામાં આવે તો (વેટશન અને કંપ-

ની વી. ગોપીશુંદ્રી ડોશી (૧૮૭૫ ૨૪ વી રી. ૩૯૨) અપીલ ચાલતી નથી. એક હુકમનામાની બજાવણીમાં તે હુકમનામાના દેણદારની મીલકત વેચવામાં આવેલી તે હુકમનામાવાળાએ ખરીદ કરેલી તેથી તે દેણદારે તે વેચાણ રદ કરવાને અરજ કરી, એવા કારણથી કે જે શખસની ખાયશથી બજાવણી ચલાવેલી છે તેને કામમાં અઘટીત રીતે દાખલ કરેલો છે. અશલ કોર્ટતે અરજી નામંજુર કરી અને અરજદારની કરેલી અપીલ કાહાડી નાંખવામાં આવી તેમાં ઠરાવ્યું છે કે હાયકોર્ટમાં બીજી અપીલ ચાલતી નથી (દૈવનાયાગમ વી. રંગાશામી (૧૮૯૬) ૧૯ મ. ૨૯) જે અપીલ ઉપર બીજી અપીલ કરેલી છે તે અપીલમાં એક પ કાર ન્હોતો તેથી તે પક્ષકારનું હુકમનામું રદ કરવાને અપીલ ચાલતી નથી (રામકરૂપ વી. શ્રીદેવી (૧૮૯૩) ૬ મ. ૨૯૦. અપીલ કોર્ટે અપીલની યાદદાસ્ત યોગ્ય કોર્ટમાં આપવા પાછી આપવાનો હુકમ કરેલો તે ઉપર અપીલ ચાલતી નથી (રઘુનાથ ચરણ વી. શામકુંવરી (૧૯૦૪) ૩૧ ક. ૩૪૪). મુદતની અંદર અપીલ નહી કરવાની માફી કરવા બાબત અપીલવાળાની તકરાર નામંજુર અપીલ કોર્ટે કરેલી હોય તો તે ઉપર બીજી અપીલ ચાલતી નથી, કારણ કે તે હકીકતનો વીચાર કરીને ન્યાયની રૂઇએ કુલ અખત્યાર તેમાં વાપરેલો છે (તુલસીકુંવર વી. ગજરાજસીંગ (૧૯૦૩) ૨૫ અ. ૭૧).

અપીલનું હુકમનામું એક તરફી કરેલું તે—જુઓ અજુધ્યાપ્રશાદ વી. બાળમુકુંદ (૧૮૮૬) ૮ અલ્હા. ૩૫૪; અને વળી શવીકોશોર વી. ધનનજય (૧૮૭૮) ૩ ક. ૨૨૮; મારૂતી વી. વીઠુ (૧૮૯૨) ૧૬ મુ. ૧૭.

અપીલનાં કારણો—જુઓ "અપીલની યાદદાસ્ત" ઓરડર ૪૧ રૂ ૩. અને ઓરડર ૪૧, રૂલ ૨ ઉપરની નોટ.

અપીલની યાદદાસ્ત સાથે અસલ કોર્ટના હુકમનામાની જરૂર નથી (પીરાથી વી. વેંકટરામાયન (૧૮૮૨) ૪. મ. ૪૧૯).

એકાદો વકીલ પોતાની અપીલનો દાખલો આપી શકતો નથી (ઠાકુરદાસ મુકરજી વી. અમીરમંડળ (૧૮૭૦) ૧૪ વી. રી. ૧૬૮)

સને ૧૮૬૦ ના એકટ ૨૭ પ્રમાણે સર્ટીફીકેટ મેળવવાને વાદીઓના માગવાથી કામ બંધ રાખેલું હતું પણ તેઓને લાગતો ઉપયોગ કરવામાં નીશફળ થએલા હતા. તેથી તે દાવો કહાડી નાંખવામાં આવ્યો અને તે ઠરાવમાં હાથ ધાલવાને હાઇકોર્ટે ના કહેલી છે (બતાસી વી. મહેશ (૧૮૭૩) ૫ અલ્હા. ૫૫૫]

સ્પેશીયલ અપીલના કારણો સંપુર્ણ હોવાં જોઇએ (રામકીસ્તો વી. ગજચંદ્ર (૧૮૬૯) ૧૧ વી. રી ૨૪૬), અને ખાસ હોવાં જોઇએ, અને તેમાં કાયદાની જે ભુલ હોય તે સ્પષ્ટ રીતે બતાવવી જોઇએ અથવા કાયદા પ્રમાણે વાસ્તવીક ભુલ અથવા ખાંમી અથવા તેવું કામ ચલાવવાની રીતીમાં અથવા તજવીજમાં બતાવેલું જોઇએ; અને તે પાછલી બાબતમાં હોય તો અપીલના કારણો જોતાંજ તે માલુમ પડે એમ બતાવવું જોઇએ કે તે કામના ગુણ દોષને તે ધારેલી ભુલ અથવા ખાંમી કેવી રીતે લગતી છે તે બતાવવી ને તે ફેંસલામાં ધણું કરીને ભુલ અથવા ખાંમી ઉત્પન્ન થએલી છે (નંદકીશોર વી. રામકલપોરાય (૧૮૭૧) ૧૫ વી. રી ૮).

અપીલના કારણો બાબત સામાન્ય નીયમ એ છે કે જે હકીકત અથવા દસ્તાવેજો પ્લીડીંગસમાં બતાવેલા ના હોય અથવા કહેવામાં આવેલા હોય તે હકીકત અથવા દસ્તાવેજ ઉપરથી એકાદા પક્ષકારને દાદ મળવાનો હક થતો નથી. (મહમદ ઝાહુર વી. રતીકુંવર

(૧૮૬૬–૭) ૧૧ મુ. હ. અ. ૪૭૫, અથવા પ્લીડીંગસને અનુશરતા ના હોય તે ઉપર તેનો દાદ મળવાનો હક થતો નથી (ઈશાનચંદ્ર વી. રામાચર્ણુ (૧૮૬૬–૭) ૧૧ મું. હ. અ ૭); તેમ નીચેની કોર્ટની હકુમતને લાગતી તદ્દન કાયદાની બાબત અને કામમા જે પુરાવ હોય તે શીવાય કોઇ બીજા પુરાવનો વીચાર કરયા વીના નીર્ણય કરવા લાયક હોય તે શીવાય જે કોઇ કારણનો કોઇ દીવસ નીચેની કોર્ટમાં વીચાર થએલો ના હોય અથવા તેની તપાસ કરેલી ના હોય (શ્રીમતી ડોશી વી. લાલનમણી (૧૮૬૭–૬૮) ૧૨ મું. હ. અ. ૪૭૫; પ્રતાબચંદ વી. ગોપાલપરના કલેકટર (૧૮૭૪) ૨૨ વી. ૨૧૬); તે કારણથી તેનો દાદ મળવાનો હક થતો નથી (ફકીરચંદ વી. આનંદચંદ્ર (૧૮૮૭) ૧૪ ક. ૫૮૬), પરંતુ અપીલના કારણોમાં મુદતની તકરાર બતાવેલી ના હોય તો, તે મંજુર રાખવી અથવા ના રાખવી તે કોર્ટના કુલ અખત્યારમાં છે (બાલારામ વી. મંગળદાસ (૧૯૦૭) ૧૧ ક. વી. નો. ૯૫૯) અને જાણે અમુક હકીકત કબુલ કરેલી હોય તે પ્રમાણે નીચેની કોર્ટોમાં જે પક્ષકારોએ એકાદો ચાલવા દીધો હોય તો પાછળથી તેઓ સ્પેશીયલ અપીલમાં તે વીશે વાંધો લેઇ શકતા નથી અને ગર્ભીત કબુલતમાંથી પાછા હઠી શકતા નથી (મહીમાચંદ્ર રાય વી. રામકીશોર આચારજી (૧૮૭૫) ૧૫ બં. લા. રી. ૧૫૫; દેવાજી ગોયાજી વી. ગોદાભાઇ ગોદભાઇ (૧૮૬૪–૫) ૨ મુ. હા. કો. ૨૮; ગંગાપુલઓઝા વી. ગોપાળ ઉપાધ્યા (૧૮૬૪) ૧ વી. રી ૧૩૬) અને અશલ કોર્ટમાં દાવાના રૂપ બાબત હરકત લેવાને બદલે તેઓએ અમુક ઇસ્યુ તેઓએ કજીયો ચલાવેલો હોય તો આ સ્થીતીમાંથી સ્પેશીયલ અપીલમાં તેઓ પાછા હઠી શકતા નથી (બક્ષઅલી વી. જયનત (૧૮૬૯) ૧૧ વી. રો. ૨૪૮; કાળીકુમાર વી. બ્રમોમોઇ (૧૮૬૪) ૧ વી. રી. ૨૩; સુદુખીના વી. રાજમોહન (૧૮૬૯) ૧૧ વી. રો. ૩૫૦; તો પણ જુઓ લછમણપ્રસાદ વી. બહાદુરસીંગ (૧૮૭૯–૮૦) ૨ અ. ૮૮૪) તો પણ ગુણ દોષ ઉપર તપાસ કરવાને દાવો અસલ કોર્ટ તરફ પાછો મોકલ્યો હોય તો અપીલવાળો ત્યાં તે પ્રમાણે કરી શકે છે. (દુરગારામરોય વી. નરોસીંગ (૧૮૬૯) ૧૧ વી. રી. ૧૩૪)

સ્પેશીયલ અપીલમાં પહેલી ઉઠાવેલી તે—પક્ષકારોને સ્પેશીયલ અપીલમાં નવી હકીકત બતાવવાની પરવાનગી આપવી ના જોઇએ (મદારી વી. માલકા (૧૮૮૪) ૬ અલ્હા ૪૨૮) પણ ઘણી ખાસ હકીકત હોય તો તે શીવાય પરવાનગી આપવી નહી જોઇએ (ઓસમાનસીંગ વી. ચમન માહાતુન (૧૮૭૧) ૧૫ વી રી. ૮૭) નીચેની કોર્ટમાં જે ઇસ્યુ કહાડાવેલા હોય તે ઇસ્યુ બાબત દરેક પક્ષકાર પુરાવમાં પડેલો હોય છે, માટે પુરાવનો બોજો એક અથવા બીજા પક્ષકાર ઉપર છે તે બાબતનો કાંઇ સવાલ સ્પેશીઅલ અપીલમાં ઉઠાવી શકાતો નથી (હરી મોહન વી. આગસર બેદારી (૧૮૭૫) ૨૩ વી. રી. ૩૨૪; ગુલામ વી. બદ્રુદીન (૧૮૮૯) ૧૩ મ. ૩૩૬); અશલકોર્ટ એક પક્ષકારના સાક્ષીયોને પક્ષકાર તકરાર ઉઠાવી શકતો નથી (અનુરૂપચંદ્ર વી. હીરામણી ડોશી (૧૮૬૯) ૧૧ વી. રી. ૪૧૮) તેવીજ રીતે એજંટ તરીકે દાવો કરવાને વાદીની યોગ્યતા (સુરેન્દ્રનાથરોય વી. રઘુબરદયાળ (૧૮૭૧) ૧૫ વી. રી. ૩૯૨), વાદી તરીકે (ચમન વી. ગુલાબરાય (૧૮૭૦) ૨ અ. હા. કો. ૮૯) અથવા સહહીસ્સેદાર તરીકે (નાનુરોય વી. જુમકલાલદોશ (૧૮૭૨) ૧૮ વી. રી. ૩૯૨) દાવાનો અંક, અથવા પ્રતીવાદીનું રહેવાનુ ઠેકાણું અથવા બીજી કોઇ હકીકત હકુમત બાબત જરૂરની છે. કીંવા નહીં (ત્રીલોચનદાશ વી. ગગનચંદ્ર (૧૮૭૫) ૨૪ વી. રી. ૪૧૩) (પણ જુઓ રામતારક કરાની વી. દીનાનાથ મંડળ (૧૮૭૧) ૭ બં. લા. રી. ૧૮૪; ૨૪ વી. રી. ૪૧૪; કોર્ટ ઓફ વોર્ડસ વી. રૂપ મુંજરીકુંઅર (૧૮૭૬) ૨૫ વી. રી. ૨૬૦;

રામાનંદરાય વી. અરનો કાલી દેબીયા (૧૮૬૫) ૨ વી. રી. ૨૫૭). વાદી વધારાની દાદ માગી શકે કીંવા નહી અને તેમને હક ઠરાવવાનું મળવું જોઇએ કીંવા નહી (છોસું વી. ઊમા (૧૮૯૧) ૧૪ મ. ૪૬) અથવા પ્રતીવાદીયો કરારમાં ત્રાહીત સખસો હોય તેથી વીશેષ રીતે અમલ કરવાના દાવામાં પક્ષકાર કરી શકાતા ના હોય કે શી રીતે (ડાહ્યુ વી. માધવરાય (૧૮૯૪) ૧૮ મું ૧૧૦) આ શવાલોમાંના કોઇ પણ સવાલનો કોર્ટની રૂબરૂ કામના કાગળો ઉપરથી નીર્ણય થઈ શકતો ના હોય તો સ્પેશીયલ અપીલમાં પહેલા વહેલા ઉઠાડવાની પરવાનગી આપવી ના જોઇએ (કનાઈલાલ વી. સુરજકુંવર (૧૮૯૯) ૨૧ અલ્હા ૪૪૬) એકાદો દાવો કરવાની નાલાયકાઇ (રાધાકીશન વી. બખતાવરલાલ (૧૮૬૬) ૧આગ્રા ૧) અથવા એકાદો દસ્તાવેજ દાખલ કરવા લાયક નહી તે (ઊમાતુલ ફાતમા વી. ધનુસીંગ (૧૮૭૩) ૧૯ વી. રી. ૨૨; પણ જુઓ જયગોપાળ વી. થાકોમની (૧૮૬૯) ૧૧ વી. રી ૩૮૧), અથવા હમેશ સોગન આપવામાં આવે છે તે શીવાય બીજા સોગન આપવાની લ. વાદોની ના લાયકાઇ (વર્ગીઊલા વી. ગુલામઅલી (૧૮૭૬–૭) ૧ અ. ૫૩૫) અથવા કાંઇ કાયદા બાબત દાવાના મુળને લગતી હોય (બાપુજી વી ઊમેદભાઇ ૧૮૭૧) ૮ મું. હા કો. એ. સી. જે. ૨૪૫; મોહન ઇસ્વર વી. હકુરૂપા (૧૮૮૦) ૪ મું. ૬૩૮; ન્યામતુલ્લા વી નાના (૧૮૮૯) ૧૩ મું. ૪૨૪) અથવા દાવાનુ કારણ થએલું નથી (જાનઅલી વી. અબદુ રહેમાન (૧૮૭૦) ૧૪ વી. રી ૪૨૦; પારબતી ચર્ણુ વી, કાળીનાથ (૧૮૭૦) ૬ બં. લા. રી. એપ ૭૩) અમ્રીતા વી. નુરૂ (૧૮૮૯) ૧૩ મું. ૪૮૯) અને પ્લીડીંગ્શ ઉપરથી જે બાબત દેખીતી રીતે ઉત્પન થતી હોય (મહમદ ઇસ્માએલ વી. ચાતરસીંગ (૧૮૮૨) ૪ અ. ૬૯) અથવા એક પટે રાખનાર પાસેથી કબજો છોડાવવાના દાવામાં નોટીસની ખામી (અબદુલા વી. સુબારાયર (૧૮૭૮–૮૧) ૨ મ. ૩૬૪; વીઠુ વી. ધોંડી (૧૮૯૧) ૧૫ મું ૪૦૭; પણજુઓ રામનફર વી. ધોળગોવીંદ(૧૮૭૮)૧ ક. લા. રી. ૪૨૧; (તોપણ નોટીસના બળવાનપણા વીશે બીજી અપીલમાં પહેલ વહેલો વાધો લઇ શકાય છે. ગૌરીશંકર શાહા વી. નાનાબતી હોશન (૧૮૯૬–૭) ૧ ક. વી. નો. ૧૭૧) મહમદ વી. ગણુપતી (૧૮૯૦) ૧૩ મ ૨૭૭ પા. ૨૮૦) અથવા નીચેની કોર્ટો તમામ કામનો ખોટો વીચાર કરેલો હોય (કાળી મોહન વી. કાળીક્રીસ્તો (૧૮૬૯) ૧૧ વી. રી. ૧૮૩; ૨ બં. લા. રી. એપ. ૩૯) નારાયણુ વી. મણી (૧૮૮૭) ૧૦ મ. ૩૬૩); તો તે બાબત સ્પેશીયલ કરવાથી તકરાર કરી શકાય છે, પણ મુદત બાબત તકરાર (શીવાપા વી. શેડનાગાયા (૧૮૮૭) ૧૧ મું. ૧૧૪) સુનાવણી વખતે મુખ જુબાનીથી નીચેની અપીલ કોર્ટમાં અપીલના પ્રતીવાદીના અપીલ આપ્યા બાબત ઊઠાવી શકાતી નથી (અહમદ અલી વી. વારીસ હુસન (૧૮૯૩) ૧૫ અ. ૧૨૩) તેમ અપીલની યાદદાસ્તમાં કોઇ તકરાર લીધી ના હોય જેમકે તે અપીલ ઊપર નીચેની કોર્ટમાં મુદતની અંદર ખુટનો સ્ટેંપ આપેલો નથી (રામકીશન વી. દીપા ઊપાધીયા(૧૮૯૧) ૧૩ અ. ૫૮૦) તેમ પક્ષકારોને સામેલ કરેલા નથી (મોઇદીન કુટી વી. ક્રીશ્નાન (૧૮૮૭) ૧૦ મ. ૩૨૨) તેમ ખોટી રીતે દાખલ કરયા બાબત (દરશન વી સામીનાથ બીબી (૧૮૬૪) ૧ વી. રી. ૧૧૪, મૌલા વી. ગુલઝારસીંગ (૧૮૯૪) ૧૬ અ. ૧૩૦; (તારીની ચર્ણુ વી. હંસમેન (૧૮૭૩) ૨૦ વી. રી. ૨૪૦ ના ઠરાવનો મુકાબલો કરો); ગલુકી વી. નારાયણુ ૩ મ. ૩૫૯; નઝમુદીન અહમદ વી. ઝહુરન (૧૮૬૮) ૧૦ વી. રી. ૪૫; રામદયાળ વી. રામદુયાળ (૧૮૬૯) ૧૧ વી. રી. ૨૭૩; તીલકચંદ્ર વી. મદન મોહન (૧૮૬૯) ૧૨ વી. ૫૦૪) તેમ પક્ષકારોની જે ખામીથી કામના ગુણુ દોષને હરકત ના

હોય (બૈદનાથ વી. ગીરીશચંદ્ર (૧૮૭૮) ૩ ક. ૨૬; જો તે બીલકુલ હરકત કાંઈ હોય તો તેમ નથી ગુલામ કાદીર વી. મુસ્તફીમખાન (૧૮૯૬) ૧૮ અ. ૧૦૯ ; તેમ નીચેની કોર્ટમાં લીધેલા પુરાવ શીવાય બીજો પુરાવ દાખલ કરવા બાબત કાંઈ હરકત લીધેલી હોય બાપા વી. બાજી (૧૮૯૦) ૧૪ મું ૩૭૨; વળી જુઓ વઝીર જમાદાર વી. નુરઅલી (૧૮૬૯) ૧૦ વી. રી. ૩૩; લક્ષ્મણ વી. અમ્રીત ગોપાળ (૧૯૦૦) ૨૪ મુ. ૫૯૧) તેમ પુરાવમાં કામ લખી લેવાના રીતી બાબત કાંઈ હરકત હોય (લાલ મહમદ વી. પીરનઝર (૧૮૭૨) ૧૮ વી. રી. ૧૧૨) તેમ પુરાવ ઘણોજ સારો નથી એવી કાંઈ હરકત હોય (અવધ બેહારી વી. રામરાજ (૧૮૭૨) ૧૮ વી. રી. ૧૦૫) તેમ એક હુકમનામાની બજાવણીમાં પકડવા બાબત કાંઈ હરકત હોય (દવારકાનાથ વી. અમોદા ચર્ણ (૧૮૬૦) ૮ વી. રી. ૩૧૮) તેમ એક હુકમનામાના એક ભાગની બજાવણી કરી શકાતી નથી એવી હરકત લીધી હોય (ગુડરસા હોય વા ધનસર (૧૮૮૦) ૭ ક. લા. રી. ૧૫૭) તેમ એક વીશેશ રીતે એકાદા કરારનો અમલ કરવાનો દાવો લાવવામાં વાર થએલી છે એવી હરકત લેઈ શકાતી નથી (મુકુંદલાલ વી. છોટેલાલ (૧૮૮૪) ૧૦ ક. ૧૦૬૧) એવી તકરાર સ્પેશીયલ અપીલમાં કરવામાં આવી હતી કે તે બાબતના નીર્ણય કલમ ૪૭ (જુના કાયદાની ક ૨૪૪) પ્રમાણે કરવો જોઈતો હતો માટે રેગ્યુલર દાવો ચાલતો નથી. ઠરાવ્યું છે કે જે જડજે તે કામની તપાસ કરેલી છે તે જડજ જો તે બાબત તે ઠરાવ પ્રમાણે તકરાર કરવામાં આવી હોત તો તેની તપાસ કરત અને હકુમતના સવાલ ઊત્પન્ન થાત નહી. (અઝામુદીન વી. રામનથ (૧૮૮૫) ૧૪ ક. ૬૦૫) જુઓ " અપીલ કોર્ટની ફરજ, " ઓરડર ૪૦, રૂ. ૩૧ વાદીના હક રેવન્યુ રજીસ્ટરમા નોંધાવવાનો હક છે, એવું ઠરાવવાને દાવો કરવામાં આવ્યો હતો, તમા એવી હરકત લવામા આવી હતી કે વાદીએ પ્રથમ કલેકટર પાસે પોતાનુ નામ રજીસ્ટરમા દાખલ કરવાન માગલુ નથી, પણ તે હરકત પહેલ વહેલી બીજી અપીલમા લેવામા આવી છે, માટ તે ના મન્જુર કરેલી હતી (ભીખાજી હાજી વી. પાંડુ (૧૮૯૫) ૧૯ મું. ૪૩) ઠરાવો ઊપરથી કાયદાનો એક સવાલ ઊત્પન્ન થએલો છે અને તે ઠરાવ બાહારના હકીકતથી તેને અસર થએલો નથી; માટે બીજી અપીલમાં તે સવાલ પહેલો વહેલો ઊઠાવી શકાય છે (નાગેશ વી. ગરૂરાવ (૧૮૯૩) ૧૭ મું. ૩૦૩), પરંતુ તપાસમાં અવલથી તે આખર સુધી જે હક નક્કી બતાવવામાં આવેલો છે તેથી એકાદો નવા પ્રકારનો હક જો બતાવવામાં આવે તો તે વીશે તકરાર કરી શકાતી નથી (રાચાચાર્યા વી. શાંતા યોગ આપા (૧૮૯૪) ૧૮ મુ. ૬૭૯) વાદીએ જીલ્લા કોર્ટમાં અપીલમાં અપીલનું એવું કારણ બતાવેલું નથી કે યોગ્ય મુદત પછી એ એક તરફી હુકમનામું નીચેની કોર્ટે તાજુ કરેલુ છે, માટે સ્પેશીયલ અપીલમા તે અપીલ કરવાનું કારણ બતાવવાને પરવાનગી આપેલી નથી (બેરાખાચાયા વી. જટા સરદાર (૧૮૭૧) ૮ બં. લા. રી. ૯૮; ૧૫ વી. રી. ૩૧૫), પરંતુ આ બાબત કુલ અખતયાર પૈકીની છે, માટે તે બાબત તકરાર કરવાને કોર્ટ પરવાનગી આપવાને મુખત્યાર છે. (માધોપ્રસાદ વી. ગજાધર (૧૮૮૪ લા રી. ૧૧ ઈ. અ. ૧૮૬) તકરાર હકીકતની બાબતમાં વધારાનો પુરાવ લેવો પડે તેવું ના હોય તો બીજી અપીલમાં પહેલ વહેલી કાયદાના સવાલની તકરાર કરી શકાય છે (ગાનદાપા વી. ગીરી માલાપા (૧૮૯૫) ૧૯ મું. ૩૩૧). હાયકોર્ટે પ્રથમ કામ પાછું મોકલ્યુ તે વખતે એકાદા કાયદાના સવાલો કરેલ ના હોય તો પણ, સ્પેશીયલ અપીલમાં જો તે તકરાર કરવામાં આવે તો તે લક્ષમાં લેવાને હાયકોર્ટ બંધાએલી છે (દારી-

આ દેબીય વી. નીલમણીસીંગ (૧૮૭૧) ૧૫ વી. રી ૧૮૦; પણ જુઓ જવહીરલાલ વી. કોર્ટ ઓફ વૉર્ડસ (૧૮૭૨) ૧૭ વી રી. ૨૧૪) છોટા નાગપુરની ઓજા વાળી જાગીરના એકટ પ્રમાણે હકુમતની તકરાર કરવામાં આવી હતી અને તે વીશે બીજી અપીલમાં પહેલ વહેલી તે તકરાર કરવાને પરવાનગી આપેલી હતી (અજોધ્યા વી. કેશવ (૧૯૦૭) ૧૧ ક. વી. નો. ૧૧૨૭) એક કાયદા અને હકીકતની હરકત જો નીચેની કોર્ટમાં લેવામાં આવેલી ના હોય તો તે બીજી અપીલમાં સાંભળી શકાતી નથી (વશનજી હરીભાઇ વી. લલુ આખુ (૧૮૮૫) ૯ મું. ૨૮૫; અને જુઓ ઊમરાવ વી. મહમદ રેજાખાં (૧૯૦૦) ૨૭ ક. ૨૦૫, ૪ ક. વી નો. ૭૯) પરંતુ એકાદી તકરાર જો કે દાવા અરજીમાં બતાવેલી ના હોય તો પણ તે તકરારના ટેકામાં જે જરૂરીયાત હકીકત હોય તે તમામ હકીકત જો દાવા અરજીમાં બતાવેલી હોય તો તે તકરાર લેઇ શકાય છે (જદુનાથ વી. કાળી કીસ્નો (૧૮૭૪) ૨૨ વી. રી. ૭૩) એકાદી દાવા અરજીમાં કપટ બાબત મોઘમ કહેવામાં આવેલું હોય પણ કપટના ખાશ દાખલાઓ બતાવેલા ના હોય તો તે દાવા અરજી સ્પેશીઅલ અપીલમાં દુરસ્ત કરી શકાતી નથી (કીશાજી વી. વામનજી (૧૮૯૪) ૧૮ મું. ૧૪૪)

દાવાનો પ્રકાર બદલવો તે.—જુઓ "અપીલ કોર્ટની ફરજ" ઓરડર ૪૦ ૨. ૩૧ નીચેની કોર્ટમાં જે તકરાર રદ કરવામાં આવેલી હોય તે તકરાર પ્રતક્ષ રીતે કપટથી બતાવવાને અપીલવાળાને પરવાનગી આપવી નહી જોઇએ (સત્યભામાં વી. કીશચંદ્ર (૧૮૮૧) ૬ ક. ૫૫) તેમ જે તકરાર અપીલવાળો રદ કરી શકે તેવું હોય પણ તે તકરારને પુષ્ટી કરવાને કેટલોક પુરાવ હોય તો પણ નીચેની કોર્ટમાં જો તે કરવામાં આવેલી ના હોય તો તે તકરાર કરવાની પરવાનગી આપવી નહી જોઇએ (ફર્યેનો એક તરફી ઠરાવ ૧૫ સી. ડી. ૪૧૯) તેમ નવી હકીકત બતાવવાની પરવાનગી આપવામાં આવતી નથી (મહારી વી. માલકી (૧૮૮૪) ૬ અલ્હા. ૪૨૮; કનઈયા વી માહીનલાલ (૧૮૮૮) ૧૦ અ. ૪૨૫; મહમદ વી. સીતારામયર (૧૮૯૨) ૧૫ મ. ૫૦; શીવનારાયણ વી. ભગવાન દત (૧૮૬૯) ૧૧ વી. રી. ૧૦; ૨ બં. લા. રી. એપ. ૧૫; સેક્રટરી ઓફસ્ટેટ વી. નનજી (૧૮૮૨) ૫ મ. ૧૬૩; જમશેદજી વી. લક્ષ્મીરામ (૧૮૮૯) ૧૩ મું. ૩૨૩) તેમ તેને સ્પેશીયલ અપીલમાં પોતાનો દાવો બદલવાની પરવાનગી આપવામાં આવતી નથી (ગોપાળ વી. હનમત (૧૮૮૨) ૬ મું. ૧૦૭) જેમકે એક "બેનામી"ના આધારથી દાવો કરેલો હોય તે અવેજની ખામી બાબતનો કરવામાં આવે (પુરીયા ગદત વી. અજો કુંવર (૧૮૬૮) ૯ વી. રી ૫૦૩); "મોરાસી" ઊપરથી કરેલા દાવાને કબજાના હકનો દાવો કરવામાં આવે (સુરજો કુમાર વી. ગંગાધરરાય (૧૮૬૯) ૧૨ વી. રી. ૮૦); જાતીકી મેળવેલી મીલકતનો દાવો હોય તેને મજીયારી મીલકતમાંના હીસ્સા બાબતનો દાવો કરવામાં આવે (હેમાનગીની વી. પીતાંબરદે (૧૮૬૬) ૫ વી. રી. ૧૯૭) અથવા માલેક પાશેથી મીલકત ખરીદ કરેલી તે બાબતના દાવાને તે મીલકતની વહેંચણ કરવાનો દાવો કરવામાં આવે (મતુશાંમી વી. રામ કીશ (૧૮૮૯) ૧૨ મ. ૨૯૨) અથવા અ. ના વારસ તરીકેનો દાવો હોય તેને બ. ના વારસ તરીકેનો દાવો કરવામાં આવે (દીપા નાથ વી. સરોડા (૧૮૬૪) ૧ વી. રી. ૨૮૩); એક વાદીનો બાપ એક હિંદુ હતો તેણે અનીતીના કારજમરજાને મીલકત આપ્યા બાબતના દાવાને મીતાક્ષરાના નીયમ પ્રમાણે મજીયારા માલેક તરીકેનો દાવો કરવામાં આવે (ચાંનદાસ નારાયણસીંગ વી. ભગવાંનદત (૧૮૬૮) ૨ બં. લા. રી. એપ. ૧૫), "દીન મોહાર" (મહેર)

ના આધારથી કરેલા દાવાને વારસાની રૂઇએ દાવો કરવામાં આવે (અંબીકા ચરણ વી. નાદીર હુશન (૧૮૬૯) ૧૧ વી. રી. એ. સી. ૨૫૮) તેમ કબજો કાયમ ઠરાવવાના દાવાને કબજો લેવાનો દાવો કરવામાં આવે (તેરીયટપતસીંગ વી. સુદરશનદાસ (૧૮૭૯) ૪ ક. ૪૬); તેમ ખાસ હકની રૂઇએ કબજો લેવાના દાવાને બાર વર્ષના વીરૂધ કબજાના આધારથી દાવો કરવામાં આવે (ક્રીશ્ન ચરણ વી. પ્રતાપચંદ્ર (૧૮૮૧) ૭ ક. ૫૬૦) અથવા કબજા બાબતના દાવાને કબજાવાળી રૈયત તરીકે દાવો કરવામાં આવે (ખીંદાબનચંદ્ર વી. ધનનજય (૧૮૮૦) ૫ ક. ૨૪૬) પણ કબજો છોડાવવાનો દાવો કરેલો હોય તે ગીરો છોડાવવાનો દાવો થાય તેવી રીતે તેમાં ફેરફાર કરી શકાય છે (શંકાના કાલાના વી. વીરૂપક્ષપ (૧૮૮૩) ૭ મુ. ૧૪૬). અને એકાદા દાવામાં તકરાર એવા કારણથી કરેલી હોયકે અ એ બ પાશેથી બ. નો હક ખરીદ કરેલો છે કે નહી તો તે તકરાર સ્પેશીયલમાં કરવાને પરવાનગી આપેલી નથી (અહમદ વી. શોના ઊલ્લા (૧૮૬૭) ૮ વી. રી. ૫) અને આ એવા ઓહોળા કારણથી ઠરાવેલુ છે કે જે કારણો નીચેની કોર્ટોમાં બતાવેલાં ના હોય તે કારણોથી એકાદા કામનો ફેંસલો કરવો નહી જોઇએ (શીબશાહી વી. નરસીંગ લાલ (૧૮૭૪) ૨૨ વી. રી. ૩૫૨; બંસીલાલ વી. ઔલાદ અસન સદરહુ (૧૮૭૪) ૫૫૨; જગદીપ નારાયણ વી. દીનદયાળ (૧૮૭૩) ૨૯ વી. રી. ૧૭૪; મીરબાહાદુર અલ્લી વી. શનીચર (૧૮૬૬) ૬ વી. રી. ૧૫૭). અને તમામ જે કામોમાં જે ઇસ્યુ કડાવવા માગેલાં હોય તે પુરાવના સબંધમાં હોવાં જોઇએ અથવા ખુલાશો કરવા લાયક હોવાં જોઇએ તે કામોમાં તે સ્પેશીયલ અપીલમાં પહેલવહેલાં શરૂ કરી શકતાં નથી (જાન અલી વી. અબદુરરહેમાન (૧૮૭૦) ૧૪ વી. રી. ૪૨૧).

પાછું મોકલવુ તે.—કામપાછુ મોકલતા પહેલાં કોર્ટને એવુ જોવાનો અખત્યાર આપેલો છે કે જડજે ઠરાવ કરેલો છે તેથી વીરૂધ ઠરાવ કરવાને કામમાં કાંઈ પુરાવ છે કે નહી (રામ પ્રસાદ વી. રાજંદર (૧૮૬૬) ૬ વી. રી. ૨૬૬; જગદીપ નારાયણ વી. દીનદયાળ (૧૮૭૩) ૨૦ વી. રી. ૧૭૪).

કામ પાછુ મોકલવાથી કરેલા ફેંસલાની પછવાડી નીચેની કોર્ટે અથવા હાય કોર્ટે જઇ શકતી નથી અને તેમાં ફરી તપાસમાં ફેરફાર કરવામાં ના આવેતો, તે ફેંસલો આખરનો છે (રામ કુંવર બાઇ વી. દામોદર (૧૮૬૯) ૬ મુ. હા. કો. એ. સી. જે. ૧૪૬; નરસીંગ વી. એંદર શન (૧ ૭૩) ૧૯ વી. રી. ૧૨૫; અને જુઓ દશાધી વી. જદુમણી (૧૮૮૨) ૫ મ. ૧૯૩; પણ જુઓ દેવ કીશન વી. બંસી (૧૮૮૪) ૮ અલ્હા. ૧૭૨). બીજી અપીલમાં ઇસ્યુ મોકલેલા તે ઊપરના ઠરાવો વીશે પહેલી અપીલ પ્રમાણે પુરાવ ઊપરથી તકરાર કરી શકાતી નથી, પણ આ ઠરાવો બાબતની હરકતો જે હદની અંદર બીજી અપીલમાં અશલ તકરારો રાખેલી હોય તેજ હદની અંદર હોવી જોઇએ (બાલ કીશન વી. જશોદાકુંવર (૧૮૮૩) ૭ અલ્હા. ૭૬૫).

કામ પાછું મોકલ્યાના હુકમ ઉપર એકાદા પક્ષકારને અપીલ કરવી રહી ગઇ હોય તો તે કામ પાછું મોકલ્યા પછીના ફેંશલા ઉપરની સ્પેશીયલ અપીલમાં જ્યારે તે કામ આવે ત્યારે તેના કાયદેશરપણા વીશે વાંધો લેવાને અટકાવ થતો નથી (મગારામ ઓઝા. વી. નીલમણી (૧૮૭૪) ૨૧ વી. રી. ૩૨૬; ૧૪ બં. લા. રી. ૧૯૮; વળી જુઓ કાંતો પ્રસાદ વી. જગતચંદ્ર (૧૮૯૬) ૨૩ ક. ૩૩૫; અને ગૌરીશંકર વી. કરીમા (૧૮૯૩) ૧૫ અલ્હા. ૪૧૩).

જ્યારે ફકત એક ઇસ્યુની તપાસ કરવાને કામ પાછું મોકલવામ આવે છે ત્યારે તે કામ ફરીથી શરૂ કરવાને તે હુકમથીજ અટકાવ કરવામાં આવે છે (મોલતાનઅલી વી. શી વબક્ષ (૧૮૬૩) માર્શ ૬૦૩; પોરીજાન વી. બૈકુંઠચંદ્ર (૧૮૬૮) ૯ વી. રી. ૮૦).

અશલ કોર્ટને દાવાને મુદતની હરકત છે એવું ઠરાવેલું હતું આ ફેંશલો રેગ્યુલર અપીલ કરવાથી રદ કરેલો હતો અને કામના ગુણદોષ વીશે તપાસ કરવાને તે કામ પાછું મોકલ્યું હતું અસલ કોર્ટે દાવાનુ હુકમનામું કરયું પણ અપીલ કોર્ટે તે દાવો કહાડી નાંખ્યો હતો. સ્પેશીયલ અપીલમા એવું ઠરાવેલું છે કે અપીલ કોર્ટના પહેલા ફેંસલા ઉપર મુદતના સવાલ વીશે પ્રતીવાદી અપીલ કરી શકતો હતો તોપણ વાદીની સ્પેશીયલ અપીલ ઉપરથી સાંમી અપીલમાં તો હરકત તે લઇ શકે છે (મીરજા હીમત બાહાદુરના કામમાં બ. લા.રી. (એફ. બી) ૪૬૯; અને જુઓ દશરાથી વી. જદુમણી (૧૮૮૨) ૫ મ ૧૯૩)

સ્પેશીઅલ અપીલમાં એક ફેંસલો મોઘમ બહાલ રાખેલો હોય તેથી અપીલવાળાએ જે તકરારો ઉઠાવી હોય તે સંબંધીજ ફકત તે બહાલ રાખેલો થઇ શકે છે અને અપીલ રદ કરવાથી નીચેની કોર્ટે લગતી રીતે હકીકત અથવા કાયદાના બીજા ઠરાવો કરેલા હોય તે અવશ્યે કરીને બહાલ રાખેલા છે તેમ નથી (અહમદહુસેન વી. બંદી (૧૮૭૧) ૧૫ વી. રી. ૯૨), નીચેની કોર્ટે મુદતના ઇસ્યુ વીષે પ્રતીવાદી વીરૂદ્ધ ઠરાવ કરેલો છે પણ બીજા ઇસ્યુ વીષે પ્રતીવાદીના લાભમાં ઠરાવ કરેલો છે અને હાઇકોર્ટે મુદતના ઇસ્યુ વીષે કાંઇ ફેંસલો આપ્યા વીના તે કામ પાછું મોકલ્યું હતું માટે ઠરાવેલું છે કે જ્યારે સ્પેશીઅલ અપીલમાં પાછું તે કામ આવે ત્યારે કોર્ટ મુદતના સવાલ વીષે તપાસ કરી શકે છે (ફુલકુમારી વી. વણુકરપ્રસાદ (૧૮૬૭) ૭ વી. રી. ૬૭). નીચેના અપીલ કોર્ટે જ્યારે એકાદો ઠરાવ કરવાનો ઇસ્યુ ખોટો ઘડી કહાડેલો હોય પણ પોતાના ફેંસલા ઉપરથી એવું માલુમ પડતું હોય કે જો ખરો ઇસ્યુ કહાડવામાં આવ્યો હોત તો જે બાબત ઠરાવ કરવાનો હતો તે બાબત ઠરાવ કરેલો છે. માટે બીજી અપીલમાં તે ઇસ્યુ વિષે નવેસર ઠરાવ કરવાને કામ પાછું મોકલવાને હાઇ કોર્ટે ના કહેલી છે (વિશ્નુ રામચંદ્ર વી ગણેશ (૧૮૯૭) ૨૧ મું. ૩૨૫).

જડજની ભુલ—સ્પેશીઅલ અપીલમાં જ્યારે એવું કહેવામાં આવેલું હોય કે નીચેની કોર્ટે સાક્ષીઓ તપાસવાને ના કહેલી હતી તો તે સાક્ષીઓ તપાસવાને વકીલે મુખજુબાનીથી અરજ કરેલી હતી તે અરજ નામંજુર કરેલી હતી તે મતલબના એફીડેવીટ રજુ કરવામાં આવે તે બસ નથી. વકીલોનો સામાન્ય રીવાજ સાક્ષીઓ તપાસવાની અરજ કરવાને દરખાસ્ત આપવાનો છે (રામેશર ભટાચારજી વી. શીવનારાયણ (૧૮૭૦) ૪ વી રી. ૪૧૯; રાજલખી દેબીયા વી. ગોકુળચંદ્ર (૧૮૬૯–૭૦) ૧૩ મુર. ઈ. અ. ૨૨૫–૬).

જ્યારે એકાદો જડજ એમ કહે કે દાવાના પક્ષકારોમાંના એક પક્ષકારે અમારી રૂબરૂ કબુલત કરેલી છે તો તે કહેવામાં તે જડજ ખરા છે કે ખોટા એ વીષેની તપાસ સ્પેશીઅલ અપીલમાં હાઇકોર્ટ કરી શકતી નથી (બૈકુંઠનાથ ગુપ્તો વી પ્રસન્નો મોઇ (૧૮૬૬) ૫ વી. રી. ૧૯૬).

બીજી અપીલ કોર્ટની હકુમતની મર્યાદા—એકદા કામને જો હાઇ કોર્ટ પોતાની રૂબરૂ એક રેગ્યુલર અપીલ તરીકે ગણે અને પુરાવમાં પેસે તો તેઓના હકુમતની કાયદા પ્રમાણે મર્યાદા છે તેથી તેઓએ વધારે કરેલું થાય છે (લખી નારાયણ વી જદુનાથ (૧૮૯૩–૪) લા રી. ૨૧ ક. ૪૫૨૧ ક. ૫૦૪).

કોર્ટ ફી—એક સાત ખતની રૂઇએ દાવો કરવામાં આવેલો તેમાં અસલ કોર્ટે ઠરા-

વેલું હતું કે તે ખત અને દેવું લેણું પહેલાં પ્રતીવાદીને બંધનકારક છે પણ બીજા પ્રતીવાદીને બંધનકારક નથી. તેથી વાદીએ તે બીજા પ્રતીવાદી વિરૂદ્ધ બીજી અપીલ કરી ઠરાવ્યું છે કે તે બીજી અપીલમાં જે કોર્ટ ફી આપવાની છે તે જે લેણું વસુલ કરવાને માગવામાં આવેલું હોય તે લેણાની રકમ ઉપર ગણવી જોઇએ રામાશામી વી સુબાસામી (૧૮૯૦) ૧૩ મ. ૫૦૮) હાઇકોર્ટમાં બીજી અપીલમાં એવું માલુમ પડેલું હતું કે અપીલનો પ્રતીવાદી જ્યારે નીચેની અપીલ કોર્ટમાં અપીલવાળો હતો ત્યારે તેણે તે કોર્ટમાં પોતાની અપીલની યાદદાસ્ત ઉપર જોઇતી કોર્ટ ફી આપેલી નથી અને હાઇકોર્ટમાં તેને તે આપવાને કહ્યા છતાં તે અપીલની સુનાવણીના તારીખ સુધી તે ખુટતી ફી આપેલી ન્હેતી, તેમાં ઠરાવ્યું છે કે નીચેના અપીલ કોર્ટ તરફ તે અપીલના પ્રતીવાદીની અપીલ કહાડી નાંખવી એ યોગ્ય કામ ચલાવવાની રીતી નથી, પણ તે વધારાની ફી જે તેની પાસે લેણી થતી હતી તે આપી શકે તેટલી મુદ્દત સુધી જો હાઇકોર્ટનું હુકમનામું તે અપીલના પ્રતીવાદીના લાભમાં હોય તો તે કહાડવું બંધ રાખવું (નારાયણસીંગ વી. ચતુરભુજસીગ (૧૮૯૮) ૨૦ અ. ૩૬૨ વળી જુઓ વલાખલ અમલ વી. વીથીલીંગ (૧૯૦૧) ૨૪ મ. ૩૩૧).

અપીલની અરજી ઉપર જોઇતો સ્ટેમ્પ નથી તેથી તે અપીલની અરજી રદ કર્યાનો જીલ્લા જડજના હુકમ ઉપર હાઇ કોર્ટમાં અપીલ ચાલતી નથી (વ્યંકટરાય વી રંગાયા (૧૮૯૮) ૨૧ મ. ૧૫૨).

૧૦૧ કલમ ૧૦૦ માં ઠરાવ્યાં છે તે શિવાયનાં બીજા કાંઇ પણ કારણસર બીજી અપીલ ચાલશે નહીં.

બીજા કારણસર બીજી અપીલ નહી ચાલે.

સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની કલમ ૫૮૫;

ટીકા—આ કલમ હાઇકોર્ટને લાગુ છે. કુર્ગની બાબતમાં જુઓ સને ૯ ના કાયદા ૧, કલમ ૧૧ અને ૧૨.

૧૦૨ સ્મોલકોઝ કોર્ટો જેનો ઇન્સાફ કરી શકે એવા પ્રકારની કોઈપણ ફરિયાદમાં, અસલ ફરિયાદના વિષયની રકમ અથવા કિંમત પાંચસો રૂપિયા કરતાં વધારે ન હોય ત્યારે બીજી અપીલ ચાલશે નહીં.

કેટલીક ફરીયાદોમાં બીજી અપીલ નથી.

સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની કલમ ૫૮૬

ટીકા—આ કલમ હાઇકોર્ટને લાગુછે (સને ૧૮૬૧ ના એકટ ૨૩ ની કલમ ૨૭ આ કલમ હાઇકોર્ટને લાગુ થાય છે. એન્ડામન એનનીકોબારના ટાપુઓમા તે ચાલુ નથી સને ૧૮૮૪ ના કાયદા ૧ ની કલમ ૪ અને કુર્ગમાં તે દુરસ્ત કરેલો છે, સને ૧૯૦૧ ના કાયદા ૧ થી કલમ ૧૨).

અપીલમાં રીવાજ—જો અપીલમાં એમ જણાય કે જે જગોએ દાવો કરવામાં આવેલો હતો તે જગોએ સ્મોલકોઝ કોર્ટ છે અને તે દાવો એક સાધારણ કોર્ટમાં દાખલ કરેલો હતો તેથી હકુમત વીનાનું ગણીને તે ચાલેલું કામ રદ કરવામાં આવેલુ હતુ અને દાવા અરજી પાછી આપેલી હતી (કલ્યાણ દયાળ વી. કલ્યાણ (૧૮૮૫) ૯મું ૨૫૯).

શરૂ કરવાનો હક—અપીલવાળાના હક વિષે તકરાર હોય તો પણ અપીલવાળો શરૂ કરે છે (રૂસ્તમજી વી. કશવજી નાયક (૧૮૮૪) ૮ મું ૨૮૭),

સ્મોલકોઝ કોર્ટે તપાસવા લાયક—પ્રોવીન્શીઅલ સ્મોલકોઝ કોર્ટો સંબંધી હાલ જે કાયદો ચાલુ છે તે સને ૧૮૮૭ના એક્ટ ૯ મો છે.

જો કે સ્થાવર મીલકત ના હક સંબધીના સવાલ ઉઠેલો હોય અને તેની તપાસ કરેલી હોય તોપણ સ્મોલકોઝ કોર્ટને તપાસવા લાયક દાવામાં સ્પેશીઅલ અપીલ ચાલતી નથી (મહેશ મહાતો વી. પીરૂ (૮૭૯) ૨ ક. ૪૭૦; શંકરલાલ રામકાળી (૧૮૭૨) ૧૮ વી. રી. ૧૦૪; પરંતુ જુઓ પાચુ વી. ગુરૂ ચરણ (૧૮૭૧) ૧૫ વી. રી. ૫૫૬; લખી નારાયણી વી. ગોરાચંદ (૧૮૮૩) ૯ ક. ૧૧૬; માનાપા વી. મે કાર્યો (૧૮૭૮–૮૧) ૩ મ. ૧૯૨).

ફકત હકનો સવાલ ઉત્પન થતો હોય તેથી સ્મોલ કોઝ કોર્ટને તપાસવા લાયક દાવો હોય તેમાં અટકાવ થતો નથી અથવા બીજી અપીલનો હક આપવામાં આવતો નથી. ફકત નફાના હિસાબને માટે અભાવે માગવામાં આવે તથા સ્મોલ કોઝ કોર્ટને તપાસવા લાયક દાવો તે એક જુદા પ્રકારનો દાવો તે એક જુદા પ્રકારનો દાવો થઇ શકતો નથી નારાયણ વી. બાલાજી (૮૯૭) ૨૧ મું ૨૪૮ જુઓ વીનાયક વી. કૃષ્ણરાવ (૧૯૦૧) ૨૫ મું. ૬૨૫); અને એકાદો હક ઠરાવાને જરૂર વીનાની વધારાની દાદ માગેલી હોય તેથી સ્મોલ. કોઝ કોર્ટને તપાસવા લાયક પ્રકારનો દાવો છે તેમાં અટકાવ થતો નથી (રામ ચંદીયાર વી. તુરૂલ્લા (૧૯૦૭) ૩૦ મ. ૧૦૧).

દાવાના પ્રકાર ઉપરથી અપીલનો નીર્ણય થાય છે અને જે કોર્ટમાં તપાસ કરવામાં આવેલી હોય તે ઉપરથી થતો નથી (કલ્યાણ દયાળ વી. કલ્યાણ (૧૮૮૫) ૯ મું. ૨૫૯; મહાદેવ વી. બુધાધરામ (૧૯૦૫) ૨૭ અ. ૩૫૮) માટે જો એકાદો દાવો સ્મોલ કોઝ કોર્ટના પ્રકારનો હોય તેથી જો કે ખાસ કારણથી તે દાવાની સ્મોલકોઝ કોઝ કોર્ટમાં તપાસ કરી શકાતી નહોય અથવા કરેલી ન હોય તો પણ અપીલ ચાલતી નથી (સદરહુ મુસામીયા વી. સૈયદ ગેલામ (૧૮૮૩) ૭ મું. ૧૦૦; હરખ વી. રામસરૂપ (૧૮૯૦) ૧૨ અ. ૫૭૯; મુતક રૂપન વી. સેલન (૧૮૯૨) ૧૫ મ. ૯૮; અનામલા વી. સુબ્રમયન (૧૮૯૨) ૧૫ મ. ૨૯૮) સ્મોલ કોઝ કોર્ટને તપાશવા લાયક દાવો હોય તે જે કોર્ટને તપાશવા લાયક દાવો હોય તે જે કોર્ટમાં સને ૧૮૭૭ ના એક્ટ ની કલમ ૨૩ પ્રમાણે દાખલ કરેલા હતો, રેગ્યુલર બાજુમાં આપવા શારૂ તે કોર્ટે તે દાવા અરજી પાછી આપેલી એવા કારણથી કે તે દાવામાં હકના સવાલ રહેલા છે, માટે તે પાછી આપવાથી આ કલમના હેતુ પ્રમાણે તે દાવો શ્મોલકોઝ કોર્ટ લાયક હોય તે બીજા પ્રકારનો થતો નથી (મતુકા રૂપન વી. સેલન (૧૮૯૨) ૧૫ મ. ૯૮; કાળી કીશ્ન વી. ઇઝાતુનીસા (૧૮૯૭) ૨૪ ક. ૫૫૭ સદાશંકર વી. બીજ મોહન (૧૮૯૮) ૨૦ અલ્હા ૪૮૦) એક હુકમનામાની બજાવણીમાં તે હુકમનામાના દેણદારોની મીલકત તરીકે વેચવામ આવેલી મીલ. કતની કીમત જે નાણા આપેલા તે નાણાં હુકમનામાવાળા પાસેથી લેવાને એક દાવો કરવામાં આવેલો હતો, એવા કારણથી કે હુકમનામાના દેણદારોનું તે મીલકતમાં કાંઈ હીત નથી તેથી તે દાવો શ્મોલકોઝ કોર્ટને તપાસવા લાયક છે (મકદરામ વી. બોધકીશન (૧૮૯૮) ૨૦ અલ્હા. ૮૦; પણ જુઓ વીરૂધ કીશ્ન કામીની વી. ગોપી મોહન (૧૮૮૮) ૧૧ મ. ૨૫૯)

અપીલ ચાલતી નથી—જો પક્ષકારો મજીયારી મીલકતના હીસ્સેદારો ના હોય તો, હિંદુસ્થાનના કરાર એક્ટના ક. ૬૯ પ્રમાણે ફાળો લેવાના દાવામાં સ્પેશીયલ અપીલ ચાલતી નથી (ભાનાવાલા વી. શીવકોલંન્ડો (૧૮૬૯) ૧૨ મ. ૩૪૯; પણ જુઓ વીરૂધ, પચાયા પાંના વી. નારાયણ (૧૮૮૮) ૧૫ ક. ૬૫૨); તેમ રૂ. ૫૦૦) કરતાં ઓછી રકમનું ખત

સને ૧૮૬૬ ના એકટ ૨૦ પ્રમાણે ખાસ રીતે રજીસ્ટર કરાવેલું હોય તો તે ખતની રૂએ કરેલા દાવામા સ્પેશીયલ અપીલ ચાલતી નથી (શ્રીધુલો વી. બાબુરામ (૧૮૮૫) ૧૨ મ. ૧૬૯); તેમ રૂ. ૫૦૦) કરતાં વધારે નહી તેવા ભાડા બાબતના દાવામાં સ્પેશીયલ અપીલ ચાલતી નથી (રંગરાય વી. હોલોવે (૧૮૯૯) ૨૬ ક, ૮૪૨), તેમ નુકશાન જંગમ મીલકત અથવા સ્થાવર મીલકતનું હોય પણ રૂ. ૫૦૦) અંદરના નુકશાન બાબતમાં તે ચાલતી નથી (માનંદલાલ વી. રંગલાલ (૧૮૬૯) ૧૧ વી. રી. ૩૬૮; ગોપીનાથ વી. જોર્જ (૧૮૬૬) ૬ વી. રી. ૭; લકાદેખાયા વી. મલીક વી. રી. (૧૮૬૪), ૨૩૭) તેમ એક હુકમનામું જોઇતી નહી તેવી ઓછી કીમતથી વેચેલુ હોય તો, તે બાબતના દાવામાં સ્પેશીયલ અપીલ ચાલતી નથી (ક્રીશ્નમોના વી. બાશંભર (૧૮૬૬) ૫ વી. રી. ૨૧૫); તેમ એક મકાનનો સામાન રોકયાથી થએલા નુકશાન બાબતમાં તે ચાલતી નથી (કેશબ વી. પ્રમોમોહ (૧૮૬૪) ૧ વી. રી. ૩૫); તેમ એક જપ્ત થએલી મીલકતનો દાવેદાર હારેલો તેથી તેણે આપેલા એવા કારણુથી કે બજાવણીમા જે લીલામ થાય તેમાંથી તેના હીસ્સાનો બચાવ થાય માટે તે આપેલા નાણા બાબતના દાવામાં સ્પેશીયલ અપીલ ચાલતી નથી (પુરશુતમ વી ગૌરસુંદર (૧૮૭૨) ૧૮ વી. રી. ૨૮૩; વળી જુઓ ક્રીશ્નકીશોર વી. બીરેશર (૧૮૭૯) ૪ ક. ૫૯૫); તેમ નાણા બાબત નહી પણ એક ગીરો છોડાવવાના દાવામાં તે ચાલતી નથી (ખલીલમહમદ વી. ફરજમઅલી (૧૮૬૯) ૧૨ વી. રી. ૨૬૯); તેમ કલેકટર પાસેથી “મલીદાના” વસુલ કરેલું તમાંથી હીસ્સો લેવા બાબતમાં તે ચાલતી નથી (રાશમોતી વી. મહમદ હાફીસુલ્લા (૧૮૬૯) ૩ બં. લા. રી. એપ. ૯૬; ૧૨ વી. રી. ૨૯); તેમ એક હીસાબની રૂઇએ વાદીન મીલકત અપાવવાના દાવામાં તે ચાલતી નથી (બળદેવ વી. રામશરણ (૧૮૭૬) ૨૫ વી. રી. ૨૩૪); તેમ ભાડુ દેવુ હતુ તેના કરતાં વધારે નાણા આપેલાં તેથી તે વધારાના નાણા લેવાના દાવામાં તે ચાલતી નથી (શીબશાહાય વી. બીરચંદ્ર (૧૮૬૮-૬૯) ૨ બં. લા. રી. અ. બા. ૧૭૨; ૧૧ વી. રી. ૧૭૨; ૧૧ વી. રી. ૩૦); તેમ જમીનની ઉપજમાથી હીસ્સો લેવાના દાવામાં તે ચાલતી નથી (જયનારાયણ વી. મદુસુદન (૧૮૬૫) ૨ વી. રી. ૧૩૪) તેમ એક પટે રાખનારે મહેસુલ વધારે આપેલું હોય તે બાબતના દાવામાં સ્પેશીયલ અપીલ ચાલતી નથી (વાઈટ વી. ત્રીપુરાશંકર (૧૮૬૪) વી. રી. ૨૯૭); તેમ કોર્ટમાથી ચોરાએલા નાંણા નાઝીર પાસે હોય તે લેવાના સરકાર ઉપના દાવામાં તે ચાલતી નથી (ટીપરાહના કલેકટર વી. મારીગુનનીશા (૧૮૬૯-૭૦) ૪ બં. લા. રી. અપ. ૪૬); તેમ એક ઝુંપડાના સાંમન અથવા તેની કીમત બાબતના દાવામાં તે ચાલતી નથી (કાશીચંદ્ર વી. જદુનાથ (૧૮૬૮) ૧૦ વી. રી. ૨૯); તેમ વાદીનો એક હોડીમાં હક ઠરાવીને તે હોડીના હીસ્સા બાબતના દાવામાં તે ચાલતી નથી (મહમદ આઝીમ વી. મહમદ સાંમી (૧૮૭૪) ૨૧ વી. રી. ૪૧૩); તેમ પાકનો ખોટો ઉપયોગ કરવાથી તે પાકની કીમતનો રૂ. ૫૦૦) અંદરનો દાવો હોય તો, તેમા તે ચાલતી નથી (હેદાએતુલ્લા વી. કાંદુ (૧૮૬૭) ૭ વી. રી. ૭૩); રામદયાળ વી. હરોસુંદરી (૧૦ વી. રી. ૨૭૨; શીબદીન વી. બક્ષીરામ વી. રી. (૧૮૬૪) પ્રા. ૩) તેમ રૂ. ૨૦૦) ની કીમતની જંગમ મીલકત વાદીના ધરડા પાસેથી લીધેલી તેથી તે મીલકત બાબત વાદીએ વારસ તરીકે દાવો કરેલો હોય તેમાં તે ચાલતી નથી (કપાલીભેવા વી. કેશરામકુચ (૧૮૬૯) ૧૧ વી. રી. ૯૫; ૨ બં. લા. રી. એપ. ૨૩); તેમ એક ન્યાતના કેટલાક સખસોએ બીજા સખસો પાસેથી ન્યાતના વાસણ ન્યાતના ગોરને અપાવવા બાબતના દાવામાં તે ચાલતી નથી (કલ્યાંણદયાળ

વી. કલ્યાણ (૧૮૮૫) ૯ મુ ૨૫૯); તેમ ઘાસ કાપીને લેઇ જવામાં આવેલી છે એવું કહીને તે ઘાસ કીમત લેવાના દાવામાં તે ચાલતી નથી (કીશ્નપ્રસાદ વી. મૈજુદીન (૧૮૭૦) ૧૭ ક. ૭૦૭; પરંતુ જુઓ દીવાનરાય વી. સુંદરતેવારી (૧૮૭૭) ૨૪ ક. ૧૬૩); તેમ નાણું હતાં તે લીધેલાં બાબતના દાવામાં તે ચાલતી નથી (મહમદી બેગમ વી. આબાશઅલી (૧૮૮૫) ૫ અ. ૫૩૧; લછમન વી. છમીલાલ (૧૮૮૨) ૪ અ ૬; કાનપુરના કલેકટર વી. કેદારી (૧૮૮૨) ૪ અલ્હા. ૧૯; કલ્યાણસીંગ વી. ચુનીલાલ (૧૮૮૪) ૬ અ. ૧૦; વળી જુઓ જુગલકીશોર વી. રઘુનાથ (૧૮૭૩) ૧૦ વી. રી. ૪); તેમ સહવાદીએ વસુલ કરેલા નાંણામાંથી હીસ્સા બાબતમાં તે ચાલતી નથી (દેબીદાસ વી. લછમનસીંગ (૧૮૮૫) ૭ અ. ૮૮૬; અને જુઓ અસ્માનસીંગ વી. દુરગારાય (૧૮૮૧) ૬ ક. ૨૮૪) તેથી એક સહહીસ્સેદાર પોતાના હીસ્સાના રૂ. ૫૦૦) કરતાં વધારે નહી તે લેવા વસુલ કરનાર સખસો લેવા દાવો કરે તેમાં તે ચાલતી નથી (અલીઅહમદ વી. ઊત્તરાજરામ (૧૮૬૮) ૧૦ વી. રી. ૭૯); તેમ દરમીયાંન ઊપજ બાબતના દાવામાં તે ચાલતી નથી (કુંજબેહારીસીંગ વી. માધબચંદ્રગોઝ (૧૮૯૬) ૨૩ ક. ૮૮૪ (શ્રીરામ સામંત વી. કાળીદાસદે (૧૮૯૧) ૧૮ ક. ૩૧૬ નો ઠરાવ રદ કરેલો છે); શેશગીની આયર વી. મરદથમલ (૧૮૯૯) ૨૨ મ. ૧૯૬; રામપીયારો વી. દીનોનાથ (૧૮૬૮) ૧૦ વી. રી. ૩૭૫; ૨ બં. લા. રી. એન. એસ. ૧૩; કાકાજી સખારામ વી. ગોબીંદ ગણેશ (૧૮૮૪) ૮ મુ. હા. કો. એ. સી. ૯૬; સુબરાવ વી. સીતારામાયા (૧૯૦૧) ૨૪ મ. ૧૧૮; પણ જુઓ વીરૂપ, એનટોન વી. માહાદેવ, (૧૯૦૧) ૨૫ મું. ૮૫; સવારીમથુ વી. એર્પદ્દસુ (૧૯૦૩) ૨૫ મ. ૧૦૩). તેમ જમીનના કબજેદારો પાસેથી પ્રતીવાદીઓએ તે કબજેદારો વાદી પાસેથી પટે ગમનારા હતા તેમ છતાં નાંણા લીધેલાં તેનાં કંપેન્સેશન બાબતના દાવામાં જો કે સને ૧૮૮૭ ના એકટ ૯ ની કલમ ૨૩ પ્રમાણે તે દાવામાં હકનો સવાલ રહેલો છે તે કારણથી દીવાની કોર્ટમાં દાખલ કરવાને દાવા અરજી પાછી આપેલી હોય તો પણ તેમાં સ્પેશીઅલ અપીલ ચાલતી નથી (કાળીક્રીષ્ણ ટાગોર વી. ઇઝાતાન્નીસા ખાતન (૧૮૭૭) ૨૪ ક. ૫૫૭); તેમ હીસાબ લેવાના દાવામાં અભાવે નુકશાની બાબત દાદ માગેલી હોય તેમાં પણ સ્પેશીઅલ અપીલ ચાલતી નથી (હરેનારાયણ વી. જયદુર્ગા (૧૮૭૮) ૨ ક લા. રી ૧૭; રાશબેહારી પાલ વી. શ્રીધરમેતાલ (૧૮૮૧) ૬ ક. વી. નોટ ૬૮૭); તેમ જો કે એકાદા દાવામાં હકનો સવાલ ઉત્પન્ન કરવામાં આવેલો હોય તો પણ તે સ્માલકોઝ કોર્ટને તપાસવા લાયક હોય તો તેમાં તે ચાલતી નથી (વિનાયક વી. ક્રીષ્ણરાવ (૧૯૦૧) ૨૫ મું ૬૨૫); તેમ મકાનના ભાડા શીવાયના ભાડા બાબતના દાવામાં દાવાનો આંક પાંચસે રૂપીયા કરતાં વધારે ન હોય તો તેમાં તે ચાલતી નથી સૌઉંદરામ આયર વી. સેનીયા નાયકણ (૧૯૦૦) ૨૩ મ. ૫૪૭); તેમ મુચલકાની શરતોનો અમલ કરવા બાબતના દાવામાં ચાલતી નથી (હરીશ્ચંદ્રદેવ વી. નારાયણ (૧૯૦૧) ૨૪ મ. ૫૦૮) જો પક્ષકારો હકુમતને તાબે થએલા હોય તો તેમાંનો એક પક્ષકાર બીજી અપીલમાં હકુમતની ખાંમીની તકરાર કરી શકતો નથી (સુરેશચંદ્ર મંત્રી વી. ક્રીસ્તો રંનાગીની દાસી (૧૮૯૪) ૨૧ ક ૨૪૯. પરમેશ્વર વી. વિશ્નુ (૧૯૦૪) ૨૭ મ ૪૭૮); કાનુબદી અને કરનારનું મેહનતાણાં બાબત સ્થાવર મીલકત ઉપર જવાબદારી નથી તેમ તેમાં તે વીષે કાંઇ હીત નથી. માટે આવા મહેનતાણાંની ચઢેલી બાકી બાબતના દાવામાં બીજી અપીલ ચાલતી નથી (મુલાપુદી વી. વ્યંકટ નરસીંહ (૧૮૯૬) ૧૯ મ. ૩૨૯) રૂ. ૫૦૦) થી વધારેનો દાવો નહિ તેવો દાવો એક કોર્ટ સ્મોલકોઝ કોર્ટની હકુમતનો અમલ કરતી

હતી તે કોર્ટમાં કરવામાં આવેલો હતો તે કોર્ટે એક હુકમનામું કર્યું અને મુનસફ તરફ તે બજાવાને મોકલ્યું. મુનસફે બજાવણીમાં એક હુકમ કર્યો હતો તે અપીલમાં બહાલ રાખવામાં આવ્યો હતો. ઠરાવ્યું છે કે તેમાં બીજી અપીલ ચાલતી નથી (કાંધાપ્રસાદ વી. લાલ બેહારીલાલ (૧૮૯૮) ૨૫ ક. ૮૭૨; હરખ વી. રામસરૂપ (૧૮૯૦) ૧૦ અ ૫૯૭ અને જુઓ શામચરણમીત્ર વી દેબીન્દ્ર (૧૯૦૦) ૨૭ ક. ૪૮૪ તે પ્રમાણે નારાયણ વી. નગીનદાસ (૧૯૦૬) ૩૦ મું. ૧૧૩ ના કામમાં ચાલવામાં આવેલું છે; ૭ મું. લા રી ૬૪૧) ફોજદારી કામ ચલાવવાની રીતીના કાયદાની કલમ ૫૧૭ પ્રમાણે એક મેજીસ્ટ્રેટ ખોટી રીતે નાણાં આપેલાં તે લેવાનો દાવો તે સ્મોલકોઝ કોર્ટને તપાસવા લાયક છે અને તે દાવા વાળી રકમ રૂ. ૫૦૦) કરતાં ઓછી હોય તો બીજી અપીલ ચાલતી નથી (મોતીલાલ ગોઝ વી. સેક્રેટરી ઓફસ્ટેટ (૧૯૦૫) ૯ ક. વી નોટ ૪૯૫) ૧ ક. લા. જો ૩૫૫) વાદી તરફથી પ્રતીવાદીની પાસેથી ચોપડાનો કબજો લેવાને તથા તેણે વસુલ કરેલાં નાણાં લેવાને દાવો કરવામાં આવેલો હતો તો તે સ્મોલકોઝ કોર્ટના પ્રકારનો છે (હંસરાજ વી. રાની (૧૯૦૫) ૨૭ અ. ૨૦૦).

અપીલ ચાલે છે.—રૂ. ૫૦૦) કરતાં ઓછી રકમના ગીરો ખતની રૂએ કરેલા હુકમનામા ઉપર સ્પેશીઅલ અપીલ ચાલે છે. પણ ને મીલકત તે હુકમનામાંથી જવાબદાર ઠરાવેલી જોઇએ (ત્રીપુર સુંદરી વી. કૈલાસચંદ્ર બોઝ (૧૮૭૧) ૧૫ વી. રી ૨૬૫) અથવા સ્થાવર મીલકતથી એકાદ લેણું લેવાના દાવામાં તે ચાલે છે (આત્મારામ વી. સદાશીવ (૧૮૬૪–૬) ૨ મું. હા. કો ૧) અથવા અમુક પાક સાનમાં લખી આપીને તે સાન ખત રજીસ્ટર કરાવેલું હતું તેથી તે ખતના એમાફનીએ તે સાનનો અમલ કરવાને દાવો કરેલો હતો તો તેમાં તે ચાલે છે (કાળકાપ્રસાદ વી. ચંદનસીંગ (૧૮૮૮) ૧૦ અ. ૨૦) "માલીકી" ના એલાવન્સની ચઢેલી બાકી લેવાના દાવામાં બીજી અપીલ ચાલે છે (ચુરામન વી. બાશ્રી (૧૮૮૭) ૯ અ. ૫૯૧) પણ અમે એક ખતની રૂએ રૂ ૫૦૦) બાબત દાવો કર્યો અને તેમાં કબુલાતથી હુકમનામું કરાવ્યું અને હુકમનામાવાળાએ તે નાણાંને બદલે ૧૨ વીઘાં જમીન લીધી તેમાં ઠરાવ્યું છે કે આ ઉપરથી અપીલ ચાલે તે પ્રમાણે દાવાના પ્રકારમાં ફેરફાર થતો નથી (તાલનબીબી વી તેનું બીબી (૧૮૭૧) ૧૫ વી રી. ૬૫) રૂ ૫૦૦) કરતાં ઓછી કીંમત ના છ હુકમનામાનો કબજો લેવાનો દાવો તે હુકમનામા બજાવાના હક સાથેનો કરેલો હતો. તેમાં તે બાબતનું હુકમનામું થયેલું તો તેમાં સ્પેશીઅલ અપીલ ચાલે છે (બાલમદાસ વી. દ્વારકાદાસ (૧૮૭૫) ૭ અ. હા. કો. ૮૮; દેવકીનંદન વી. મધુમતી (૧૮૭૫) ૨૪ વી. રી. ૪૭૮; ૧ ક. ૧૨૩); અને એક બાબત લખી આપેલા ખતની રૂએ વાદીએ તે બાપ અને દીકરાઓ ઉપર દાવો કર્યો હતો તો તેમાં અપીલ ચાલવા દીધેલી છે (નરસીંગ વી. સુબ (૧૮૦૯) ૧૨ મ ૧૩૯)

વારેતાર બાબતની સાંથની એકાદી પહોંચ કબજે રાખવાથી નુકશાની બાબતનો દાવો તે કલમના હેતુ પ્રમાણે નથી (સોલેદગીર વી. પાટુલામ (૧૮૭૫) ૨૩ વી રી. ૩૦૪) ચોકીદારીના હકની ચઢેલી બાકી બાબતના દાવામા સ્પેશીઅલ અપીલ ચાલે છે (અસાનુલ્લા વી તીર્થબાસીની (૧૮૯૫) ૨૨ ક. ૬૮૦) વાદીઓ શીવાય બીજા સખસોની પાસે સાંથ લેણી થયેલી તે બાબત પ્રતીવાદીઓએ પાક જપ્ત કરેલો તે જપ્તીમાંથી છોડાવાને માટે નાણાં આપેલાં તે લેવાને અને તે જપ્તીને લીધે થયેલું નુકશાન લેવાને દાવો કરેલો હતો તો તેમાં તે ચાલે છે (દીવાનરાય વી સુંદરનેવારી (૧૮૯૭) ૨૪ ક. ૧૬૩) સ્મોલકોઝ કોર્ટને તપાસવા લાયક નહિ તેવા એકાદા કરારનો વિશેષ રીતે અમલ કરવા બાબતનો એકાદો દાવો

હોય તેમાં સ્પેશીઅલ અપીલ ચાલે છે. નીલકંઠ વી. બીશનબાશી (૧૮૬૬) ૬ વી. રી. ૩૨૨) તેવીજ રીતે એકાદા પટનીદાર પાસે સાથ લેણી થયેલી તેથી તે સાંથની જમીનની જવાબદારી (મહાતબચંદ વી. બ્રજનાથ (૧૮૬૭ ૮ વી. રી. ૧૧૧) ગેરકાયદે જપ્તી કરાવેલી તેથી તે બાબત કંપેન્સેશન લેવાનો દાવો કરેલો અને અમુક ખાસ મીલકત લેવાને કરેલો નહોતો પણ તે સ્માલકાઝ કોર્ટને તપાસવા લાયક રકમનો દાવો નહોતા તેથી બીજી અપીલ ચાલે છે. (પ્રેમાસન્યાસી વી. જયપુરના જમીનદાર (૧૯૦૨) ૨૫ મ. ૫૪૦)

કોઇ દાવો.—આ કલમ કોર્ટમા ફાઇલ કરેલા લવાદના ઠરાવ ઉપરથી કરેલા દાવાને તથા બજાવણીમાં ચલાવેલા કામને લાગુ થાય છે. શ્રી બલ્લવ વી. બાબુરામ (૧૮૮૫) ૧૧ ક ૧૫૯; એઇથાલા વી. સુબાના (૧૮૮૯) ૧૨ મ. ૧૧૬; હરખ વી. રામસરૂપ (૧૮૯૦) ૧૨ અ. ૫૭૯); પણ જે કામમાં તકરારી બાબત અસલ દાવામાં રૂ ૫૦૦) કરતા વધારાની હોય તો તેને લાગુ થતી નથી (નઝરહુસેન વી. કેસરીમલ ૧૨ અ. ૨૮૧) જો હુકમ સ્મોલકાઝ કોર્ટની પ્રકારનું હુકમનામું હોય તો સ્પેશીઅલ અપીલ ચાલતી નથી (પીરૂમલ વી. વ્યંકટરામ (૧૮૮૮) ૧૧ મ. ૧૩૦)

હુકમો.—આ કલમ અપીલના હુકમનામા ઉપરની અપીલોને લાગુ થાય છે અને હુકમો ઉપરની અપીલોને લાગુ થતી નથી; ફરી તપાસને સારૂં કામ પાછુ મોકલવાનો હુકમ કરેલો હોય તે ઉપર અપીલ કરવાને અટકાવ થતો નથી (બીજનોરના કલેકટર વી. જાફર અલ્લી (૧૮૮૦–૧) ૩ અ. ૧૮); અથવા જ્યારે હુકમ કરવાના કાંઇ કારણ લખ્યા વિના તે કરેલો હોય ત્યારે સ્મોલ કોઝ કોર્ટના વર્ગના દાવામાં ફરી તપાસની અરજી મંજુર કર્યાના હુકમ ઉપર અપીલ કરવાને અટકાવ થતો નથી (ગયાનંદા અસરામ વી. બેનીમોહીની (૧૮૯૫) ૨૨ ક. ૭૩૪; કીર્તે મોહાબદાર વી. રમજાન (૧૮૮૪) ૧૮ ક. ૫૨૩; ચીનાંતબી વી. ચીનાન (૧૮૯૬) ૧૯ મ. ૩૫૧); તેવીજ રીતે ક. ૧૦૪ અને ક. ૧૦૬ પ્રમાણે એકાદા સ્મોલ કોઝ કોર્ટ લાયક દાવામાં કરેલા હુકમ ઉપર અપીલ કરવાને અટકાવ થતો નથી (માહાદેવ વી. કેશવ (૧૮૮૩) ૭ મુ. ૨૯૨; ગુલામ હુસન વી. મુશામીયાં (૧૮૮૪) ૮ મુ. ૨૬૦; બીજનોરના કલેકટર વી. જાફર અલ્લી (૧૮૮૦–૮૧) ૩ અ. ૧૮ પણ જુઓ એઇથલા વી. સુબાના (૧૮૮૯) ૧૨ મ. ૧૧૬; શ્રીબલવ વી. બાબુરામ (૧૮૮૫) ૧૧ ક. ૧૦૯; મથુરાનાથ વી. નોબીનચંદ્ર (૧૮૯૭) ૨૪ ક. ૭૭૪; ૧ ક. વી. રી. ૬૭૪; ઝંડેલાલ વી. સરમનલાલ (૧૮૫૭) ૨૧ અલ્હા. ૯૧). વારસના સર્ટીફીકેટ એકટ પ્રમાણે કરેલા હુકમ ઉપર બીજી અપીલ ચાલતી નથી. (સુબરાવ વી. પાલીઆન્ડી (૧૮૯૪) ૧૭ મ. ૧૬૭)

૧૦૩. કોઇ પણ બીજી અપીલમાં હૈ કોર્ટ, હકીકતના મુદ્દાનો માંનો પુરાવો પુરતો હોય તો, એવી અપીલના નિકાલ માટે નિર્ણય કરવાના હોય હકીકતના જે મુદ્દાનો નિર્ણય કરવાની જરૂર હોય પણ જેનો કોર્ટનો અધિકાર. નિચલી અપીલ કોર્ટે કર્યો નહિ હોય તે મુદ્દાનો નિર્ણય કરવાને મુખ્ત્યાર છે.

ટીકા—કામના કાગળો ઉપરથી જે હકીકતના સવાલો ઉત્પન્ન થતા હોય અને તે સવાલોનો નીચેની અપીલ કોર્ટે નીર્ણય કર્યા વીના રહેવા દીધા હોય તો તે સવાલોની વ્યવસ્થા કરવાને સ્પષ્ટ શબ્દોથી હાયકોર્ટને અખત્યાર આપવાની આ એક નવી કલમ છે.

આ ઉપરથી કેટલાક કામોમાં ફરી તપાસ સારૂ કામ પાછુ મોકલવાની જરૂરીનો અ-

ટકાવ થાય છે (કેટલાક વધારે જુના રીપોર્ટ કરેલા ઠરાવો ઉપરથી એવું જણાય કે અહિંયાં જેવો અખત્યાર આવેલો છે તેવોજ કાંઇક અખત્યારના કોર્ટોએ અમલ કરેલો છે.) જુઓ પાછળ કલમ ૧૦૦ ની નોટ જુઓ "રીવાજ".

હુકમો ઉપરની અપીલો વિસે.

૧૦૪. (૧) નીચેના હુકમો ઉપર અપીલ ચાલશે, અને આ કાયદાના મુખ્ય ભાગમાં અને વિદ્યમાનકાળે અમલમાં હોય એવા બીજા કોઇ કાયદામાં સ્પષ્ટ રીતે બીજી રીતે ઠરાવ્યું હોય તે શિવાયને પ્રસંગે, બીજા કોઈ પણ હુકમો ઉપર અપીલ ચાલશે નહીં, એટલે—

કયા હુકમો ઉપર અપીલ ચાલે છે તે.

(અ) લવાદી રદ કરવાના હુકમ ઉપર, જ્યારે લવાદનો નિવાડો કોર્ટે આપેલી મુદતમાં પુરો થયો ન હોય ત્યારે;

[બ) સ્પેશિયલ કેસના નમુના પ્રમાણે લખી મોકલેલા લવાદના નિવાડા ઉપર કરેલા હુકમ ઉપર;

(ક) લવાદના નિવાડામાં ફેરફાર અથવા દુરસ્તી કરવા વિશેના હુકમ ઉપર.

(ડ) લવાદી ઉપર સોંપવાની કબુલત ફાઇલ કરવાના અથવા ફાઇલ ન કરવાના હુકમ ઉપર;

(ઇ) લવાદીઉપર સોંપવાની કબુલત થઈ હોય ત્યારે ફરિયાદ બંધ પાડયાના અથવા બંધ પાડયાની ના કહેવાના હુકમ ઉપર;

(ફ) કોર્ટે વચમાં પડયા શિવાય થયલો લવાદીમાં કરેલો નિવાડો ફાઈલ કરવાના અથવા ફાઇલ કરવાની ના કહેવાના હુકમ ઉપર;

(ગ) કલમ ૯૫ ની રૂયે કરેલા હુકમ ઉપર;

(હ) દંડ કરવાના અથવા કોઈપણ શખસને હુકમનામાની બજાવણીમાં પકડવાનું અથવા દિવાની તુરંગમાં રાખવાનું હોય તે શિવાય બીજે પ્રસંગે તે શખસને પકડવાનું અથવા તુરંગમાં રાખવાનું ફરમાવવાના આ કાયદાના કોઇપણ ઠરાવ પ્રમાણે કરેલા હુકમ ઉપર;

(આઇ) કાનુનો પ્રમાણે કરેલા જે હુકમ ઉપર અપિલ ચાલશે એવું સદરહુ કાનુનોમાં સ્પષ્ટ રીતે ઠરાવ્યું હોય તે હુકમ ઉપર.

(૨) આ કલમ પ્રમાણે અપીલમાં થએલા કોઈપણ હુકમ ઉપર અપીલ ચાલશે નહીં.

સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની ક. ૫૮૮,

ટીકા—પેરા ૩૬ અને ૩૭ વીક, બાબ ૬૬ ક. ૧૦ (સને ૧૮૭૩ નો હિંદુસ્થાનનો એકટ) આ કલમ હાયકોર્ટને લાગુ છે.

આ કલમમાં જે હુકમો સ્પષ્ટ રીતે બતાવેલા છે તે ફકત લવાદી અને પકડવા અથવા જપ્તી સબંધી છે, પણ રકમ (હ) થી ભાગ ૨ ના રૂલો પ્રમાણે જે તમામ હુકમો ઉપર તે રૂલોમાંજ અપીલ બાબત ઠરાવ કરેલો છે તે તમામ હુકમો ઉપરની અપીલનો બચાવ થાય છે.

ઓરડર ૪૩ રૂલ ૧ માં જે હુકમો ઉપર કાયદો ઘડનારાઓએ કરેલા રૂલોથી અપીલો કરવાનો હક આપેલો છે તે હુકમોની એક યાદ છે.

(અ) એક લવાદી રદ કરવાનો હુકમ—જુઓ પૃશીષ્ટ ૨ ક. ૮ મા સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની ક ૫૧૪ માનો ઠરાવ ફરીથી કરેલો અને તે હુકમો ઉપર અપીલ કરવાની પરવાનગી આપેલી હતી.

(બ) સ્પેશીયલ કામમાં લવાદના ઠરાવ ઉપર કરેલો હુકમ જુઓ પૃશીષ્ટ ૨, કલમ ૧૧ માં સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની ક. ૫૧૭ નો ઠરાવ ફરીથી કરેલો છે.

(ક) એકાદા લવાદનો ઠરાવ દુરસ્ત કરવામાં આવે અથવા સુધારવામાં આવે તે—જુઓ પૃશીષ્ટ ૨ કલમ ૧૨ મા સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની ક. ૫૧૮ મીનો ફરીથી ઠરાવ કરેલો છે અને તે ઉપર અપીલ કરવાની પરવાનગી આપેલી છે.

(ડ) લવાદને સોંપવાનો કરાર ફાઇલ કરવાનો અથવા ફાઇલ નહી કરવાનો હુકમ—જુઓ પૃશીષ્ટ ૨, ક. ૧૭ માં સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની ક. ૫૨૩ નો ઠરાવ ફરીથી કરેલો છે તેમાં અપીલ ચાલે કીવા નહી એ શક ભરેલુ હતુ. પૃશીષ્ટ ૨ ની ક. ૧૭ મીથી સ્પષ્ટ ઠરાવેલુ છે કે હાઇકોર્ટ હુકમનામું કરતી નથી પણ આ કલમ પ્રમાણે એક હુકમ કરે છે, માટે આ પેટા કલમ પ્રમાણે એક હુકમ કરે છે, માટે આ પેટા કલમ પ્રમાણે ફકત અપીલ ચાલે છે (જુઓ સ્પેશીયલ કમીટીનો રીપોર્ટ).

(ઇ) બધ રાખવાના અથવા બંધ રાખવાને ના કહેવાનો હુકમ વીગેરે જુઓ પૃશીષ્ટ ૨ અને સને ૧૮૯૯ ના એકટ ૯ ની ક. ૧૮ અને ૧૯.

(ફ) લવાદના ઠરાવ ફાઇલ કરવાનો અથવા ફાઇલ કરવાની ના કહેવાનો હુકમ. જુઓ પૃશીષ્ટ ૨ કલમ ૨૧ માં સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની ક ૫૨૫ નો ઠરાવ ફરીથી કરેલો છે. તે ઉપરથી હુકમનામા ઉપર જેમ અપીલ ચાલે છે તેમ અપીલ ચાલે છે (મહમદ વાહીઝુદીન વી. હકીમેન (૧૮૯૮) ૨૫ ક. ૭૫૭; ૨ ક. વી. નો ૧૨૯ વીગેરે).

(ગ). કલમ ૯૫ પ્રમાણેનો હુકમ—કલમ ૯૫ માં કલમ ૪૯૧ નો ઠરાવ ફરીથી કરેલો છે અને તે ઉપર અપીલ ચાલતી નથી અને કલમ ૪૯૭ મીના ઠરાવ ફરીથી કરેલો છે તે ઉપર સન ૧૮૮૨ ના એકટ ૧૪ ની ક. ૫૮૮ પ્રમાણે અપીલનો હક આપેલો છે

(હ) દંડ કરવાનો અથવા પકડવાનો હુકમ—(લોઅર બરમામાં એક જીલા કોર્ટે સ્મોલકોઝ કોર્ટના હકુમતનો અમલ કરીને હુકમ કરેલો હોય તો, તે હુકમ ઉપર લોઅર બરમાની ચીફ કોર્ટમાં અપીલ ચાલે છે, જુઓ સને ૧૯૦૦ નો લોઅર બરમાની કોર્ટોનો એકટ (સને ૧૯૦૦ નો ૬) નોટ લેજીશ લેટીવ ડીપાર્ટમેંટ.

સને ૧૮૮૭ ના એકટ ૯ ની ક. ૨૪ પ્રમાણે આ કલમ મુજબ પ્રોવીન્સીઅલ સ્મોલકોઝ કોર્ટે કરેલા હુકમ ઉપર જીલ્લા જડજને અપીલ કરી શકાય છે.

એકાદા જે હુકમથી સ્ટેપ એકટ પ્રમાણે પેનલ્ટીનો અમલ કરવામા આવે છે તે ઉપર આ કલમ પ્રમાણે અપીલ ચાલતી નથી (સેનક વી. જુબજુ (૧૮૮૦) ૫ ક. ૪૧૧). આ કલમ તીરસ્કાર બાબતના જપ્તીને લાગુ થતી નથી (નવી વહુ વી. નરોતમદાસ (૧૮૮૩) ૭ મું. ૫).

(આઇ) રૂલો પ્રમાણે કરેલા હુકમો.—જુઓ આગળ ઓરડર ૪૩.

જે હુકમો હુકમનામા નથી ત હુકમોની બાબતમાં અપીલોનો અટકાવ કરવાનો આ કલમનો હેતુ છે પરંતુ બજાવણીમાં એકાદા હુકમને તે લાગુ થતી નથી. જ્યારે આવો એ-

કાદો હુકમ ફક્ત એક જડજે કરેલો હોય તો ફુલ કોર્ટમાં અપીલ ચાલે છે (વાસુદેવ વી. વીશ્વરાજા (૧૮૯૭) ૨૦ મ. ૪૦૭; તુળસામના વી. સદેવી (૧૮૯૯) ૨૫ ક. ૩૬૧, ૩ ક. નોટ ૩૪૭ ના કામમાં મંજુર રાખવામાં આવેલો છે) પણ ફક્ત એક જડજે એકાદો મુકરદમો પાછો મોકલ્યાનો હુકમ અપીલ ઉપરથી કરેલો હોય તો તે હુકમ ઉપર અપીલ ચાલતી નથી (શંકરન વી. રમનકુટી (૧૮૯૭) ૨૦ મ. ૧૫૨). કલકત્તા હાઇકોર્ટના એક બીજા ડીવીઝનમાં અપીલ હોય તો તેમાં જુના કાયદાની કલમ ૫૮૮ લાગુ થતી નથી અને લેટર્સ પેટંટની કલમ ૧૫ પ્રમાણે જે અપીલના હક આપેલો છે તેનો અટકાવ થતો નથી (તુલનમના દાસી વી. સદેવાદાસી (૧૮૯૩) ૩ ક. વી. નોટ ૩૪૭; ૨૬ ક. ૩૬૧. આ કામમાં આગળના કેટલાક ઠરાવોનો વાચાર કરેલા છે અને તેમાંનો નીચેના મદ્રાસના ઠરાવમાં એવું ઠરાવેલુંછે કે સને ૧૮૮૨ ના એકટ ૧૪ની આવી મળતી કલમ લેટર્સ પેટંટને હરકત કરેછે, તે રદ કરેલોછે—અમાયા વી. રતનાવલું (૧૮૬૬) લા. રી. ૨૫૩ અને નાદારીમાં અપીલ કરવાના અરજી હાઇકોર્ટના એક જડજે નામંજુર કર્યાનો ઠરાવ કરેલો હોય તે ઉપર અપીલ ચાલતી નથી. અંનાબાબ્બી વી. મેહદીહુસેન (૧૮૮૯) ૧૧ અ. ૩૭૫; રાજગોપાળના કામમાં (૧૮૮૬) ૯ મ. ૪૪૭; અથવા ફેરા તપાસ ના મંજુર કરવામાં આવેલી હોય અભયચરણ વી. સામંત (૧૮૭૯) ૫ ક. ૭૮૮; અથવા પ્રીવીકાઉંસીલમાં અપીલ કરવાને સરટીફીકેટ આપવા બાબતના હુકમ ઉપર લતફઅલ્લી વી. અઝકર રેઝા (૧૮૯૦) ૧૭ ક. ૪૫૫). અથવા જામીન આપવાના મુદત વધારવાને ના કહેલી કીશનપ્રસાદ વી. હીલકધારી (૧૮૯૦) ૧૮ ક. ૧૮૨ પણ તીરસ્કાર કર્યા બાબત કમીટ કરવાના હુકમ ઉપર અપીલ હમેશાં ચાલે છે; નવી વહુ વી. નરોતમદાસ (૧૮૮૩) ૭ મુ. ૫; અને જુઓ મહમદ અસનુલ્લા (૧૮૯૦) ૧૪ અ. ૨૩૧) કામ પાછું મોકલવાના ભુલ ભરેલા હુકમ ઉપર જુના કાયદાની કલમ ૫૮૮ પ્રમાણે હાઇકોર્ટના એકાદા જડજના ચુકાવણી કરતી વખતે નજરમાં એવું આવે કે નીચેની અપીલ કોર્ટ તરફ તે કામ ફક્ત પાછું મોકલવાને બદલે તે દાવામાં આખરનું હુકમનામું કરવું દુરસ્ત છે તો તેવું તે હુકમનામું કરી શકે છે લેટર્સ પેટંટની કલમ ૧૫ પ્રમાણે આવા હુકમનામા ઉપર અપીલ ચાલતી નથી (શંકરન વી. રમનકુટી (૧૮૯૭) ૨૦ મ. ૧૫૨; વાસુદેવ વી. વીશ્વરાજ (૧૮૯૭) ૨૦ મ. ૪૦૭).

અપીલ નહીં તે—આ કાયદા પ્રમાણે અસલ કામમાં અથવા અપીલમાં દાવો ચાલતાની દરમાયાંનમાં અથવા હુકમનામાના બજાવણીના જે બાબત ઉત્પન્ન થાય તે ઉપર કરેલા હુકમો ઉપરજ ફક્ત આ કલમથી અપીલ ચાલવાને પરવાનગી આપેલી છે.

કોર્ટ ફી એકટની કલમ ૫ પ્રમાણેનો એકાદો હુકમ તે આ કલમના હેતુ પ્રમાણે નથી (બાળકરણુરાય વી. ગોવીંદનાથ (૧૮૯૦) ૧૨ અ ૧૫૭).

એકાદી ફરીયાદ ચલાવવાની જીલ્લા જડજ મંજુરી આપ્યાનો હુકમ કરે તે ઉપર અપીલ ચાલતી નથી (બળવંતરાયના કામમાં (૧૮૭૪) ૬ અ. હા. કો. ૧૩૪; રામપ્રસાદ હજરાના કામમાં (સને ૧૮૬૩—૭) બં. લા. રી. એફ. બી. ૪૨૬); અથવા સ્ટેમ્પ અકટ પ્રમાણે એકાદી પેનલ્ટીનો અમલ કરવાને હુકમ કરેલો હોય તે ઉપર (સોનક ચોધરણ વી. ભુબનજય (૧૮૮૦) ૫ ક. ૧૧; અથવા સને ૧૭૯૩ ના કાયદા ૧૫ પ્રમાણે એક ગીરો આપનારે વધારે નાણાં આપેલાં તે વધારાનાં નાણાં બાબત ના કહેવામાં આવેલી તે ઉપર (શ્રી રામચંદ્ર વી રઘુસુધન (૧૮૭૫) ૨૪ વી. રી. ૧૭; વળી જુઓ (૧૮૭૩) ૧૯ વી. રી. ૧૨૨); તેમ એકાદા હુકમનું અપમાન કરનાર સાક્ષી હોય તો તેનો દંડ કરવાની ના કહ્યા બાબત

(પ્રાણુ ફીસ્તો દેવ વી કાળીદાસ (૧૮૭૭) ૭ વી રી ૪૬૦); અથવા એકાદા પ્રોમેટના કામમાં હિત રાખનાર સખસને પક્ષકાર કરવાની ના કહેલી હોય (ખેત્રામજી વી. શામચરણ (૧૮૯૪) ૨૧ ક. ૫૩૯) અથવા અમુક મગીરોની મીલકતના વાલી એક નાઝીરને નીમેલા તેથી તેમની મહેનતનો બદલો આપવાને ના કહેલી હોય તો તે ઉપર (ગંગાધર વી. શીવલીંગરાવ (૧૯૦૦) ૨૪ મું. ૯૫) અપીલ ચાલતી નથી. એકાદી અપીલ કોર્ટના હુકમ ઉપરની અપીલમાં જાણે એકાદા હુકમનામા ઉપર બીજી અપીલ હોય તે ઠરાવ કબુલ કરવાને હાઇ કોર્ટ બંધાયલી છે (ટીકારામ વી. શામચરણ (૧૮૯૮) ૨૦ અ. ૪૫ વળી જુઓ વ્યંગાનાયન વી. રામી સાંમી (૧૮૯૬) ૧૯ મ ૪૨૨).

હાઇ કોર્ટથી તપાસ કરવા સારૂ કામ પાછું મોકલવામાં આવેતો પછી જો કે પક્ષકારો જો કે પક્ષકારોએ એવી અરજી કરેલી હોય કે અપીલ થતાં પહેલાં અમે સમાધાન કરેલુંછે તો પણ તે હુકમોનો અમલ કરવાને અમે બંધાયલા છીયે એવું જડજની નજરમાં આવેલું હતું તેમાં ઠરાવ્યું છે કે અપીલ ચાલતી નથી (સરૂપના રાયણ વી. સુંદર (૧૮૬૯) ૧૧ વી. રી. ૫૦૫ નુકશાન બદલ કંપેન્સેશન આપવાને અમુક સખસોને હુકમ વિસે ઠરયુ ફરમાવ્યાના હુકમ વિશે અપીલ ચાલતી નથી કલકત્તા જસ્ટીસી વી ઓરીયેન્ટલ ગ્યાસ કંપની (૧૮૭૦) ૧૭ વી રી ૩૬૪; પણ હાલ આવો હુકમ કહાડી શકાતો નથી સને ૧૮૭૭ ના એકટ ૧ ની કલમ ૫૦)

બીજી અપીલ નહિં તે—જો કે જુના કાયદાની કલમ ૨૪૪ (કલમ ૪૭) પ્રમાણે એકાદું વેચાણ રદ કરવા જેવા જુદા દાવામાં અટકાવ થાય છે તોપણ ઓર્ડર ૪૧, રૂલ ૭૦ પ્રમાણે જીલ્લા જડજે વેચાણ રદ કરવાનો હુકમ કરેલો હોય તે ઉપર બીજી અપીલ ચાલતી નથી તેમ એકાદું વેચાણ મંજુર કરવાને કલમ ૩૧૨ (ઓર્ડર ૨૧, રૂલ ૯૨) પ્રમાણે અપીલ કોર્ટના હુકમ ઉપર બીજી અપીલ ચાલતી નથી નાન કુમારરાય વી ગુલામચંદ્રદે (૧૮૯૧) ૧૮ ક ૪૨૨; ગોપીકુંવરી વી. ગોપીલાલ (૧૮૯૪) ૨૧ ક. ૭૯૯; અભયદાસી વી પદ્મલોચન મંડળ (૧૮૯૫) ૨૨ ક ૮૦૨)

૧૦૫. (૧) બીજી રીતે ખાસ ઠરાવ્યું હોય તે શિવાય, કોઈ કોર્ટે પોતાની અવલ હકુમત કિંવા અપીલ હકુમત ચલાવતાં કરેલા કોઇ હુકમ ઉપર અપીલ ચાલશે નહીં; પરંતુ કોઇ હુકમનામા ઉપર અપીલ થઇ હોય ત્યારે, તેવા કોઇ હુકમમાં કંઇ ભુલ, ખામી કે ગેરશિસ્તપણું હોવાને લીધે મુકદ્દમાના ફેસલામાં કંઇ કમી જાસ્ત થતું હોય તો અપીલની યાદીમાં હરકત લેવાના એક કારણ તરીકે તે ભુલ, ખામી કે ગેરશિસ્તપણં લખવાને હરકત નથી. બીજા હુકમો.

(૨) પેટા કલમ (૧) માં ગમે તે ઠરાવ હોય તો પણ, આ કાયદાની શરૂઆત પછી કરેલા પાછા મોકલવાના જે ઠરાવ ઉપર અપીલ ચાલતી હોય તે ઠરાવથી નારાજ થયેલો કોઈપણ પક્ષકાર ઉપર અપીલ ન કરે ત્યારે, તેના વાજબીપણા વિશે તેનાથી ત્યાર પછી કાંઈપણ તકરાર લેવાશે નહીં.

સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની કલમ ૫૮૧.

ટીકા—આ કલમ હાઇકોર્ટને લગુ છે.

ભુલ, ખાંમી અથવા ગેરશીરસ્તે—આનો હેતુ કાયદા અથવા કામ ચલાવાની

રીતમાં ભુલ, ખામી અથવા ગેરશીરસ્તે છે. અને હકીકતની બાબતમાં તેમ નથી. (સાંકળા વી મુ લીધર (૧૮૯૦) ૧૨ અ ૨૦૦)

કાંમના ફેંસલા સંબંધી.—આ શબ્દનો હેતુ "કાંમના ફેંસલાના ગુણ દોષ સબંધી" છે. જુના કાયદાની કલમ ૧૦૮ (ઓર્ડર ૯ રૂલ ૧૩) પ્રમાણે એકાદો હુકમ એકતરફી હુકમનામાંથી રદ કરેલો હોય અને દાવાની સુનાવણી કરીને તે કહાડી નાંખેલો હોય તો તે હુકમ તે કાંમના ફેસલા સંબંધી નથી માટે તે ઉપર અપીલ ચાલવા લાયક નથી (ચીંતામણી દાસી વી. રઘુનાથ સાહુ (૧૮૯૫) ૨૨ ક. ૯૮૧; તમદાકહુસેન વી. હયાતુન્નીસા (૧૯૦૩ ૨૫ અ. ૨૮૯). કસુરના કારણથી કહાડી નાંખેલી અપીલ ફરી દાખલ કરવાને હુકમ કરેલો હોય તે કાંમના ફેંસલા સબંધી નથી (ગુલાબકુંવર વી. ઠાકરદાસ (૧૯૦૨) ૨૪ અ. ૪૬૪).

જપ્તી—હાઇકોર્ટની અસલ બાજુમાં તીરસ્કાર કર્યા બાબત જપ્તીનો એકાદો હુકમ કરવામાં આવલે હોય તેનો આ કલમમાં સમાસ થતો નથી અને તે અપીલ કરવા લાયક છે (નવીવહુ વી નરોતમદાસ (૧૮૮૩) ૭ મું ૫).

કોર્ટ ફી.—કોર્ટ ફી એક્ટની કલમ ૫ પ્રમાણેનો એકાદો ફેંસલો આ કલમ પ્રમાણે એક હુકમ નથી (બાળાસરણરાય વી. ગોબીંદનાથ (૧૮૯૦) ૧૨ અ ૧૫૮).

દરમીયાંન હુકમો.—દરેક દરમીયાંન હુકમ ઉપર અપીલ કરવાને અવશ્ય હોય કે જેથી કરીને અપીલ કોર્ટને વીચાર કરવાનો ફાયદો એકાદો પક્ષકાર ખુવે એવો હિંદુસ્થાનમાં કોઇ કાયદો નથી. અને હુકમનાંમા ઉપર નારાજી થયેલો પક્ષકાર અપીલમાં વાંધો લઇ શકે તેવા તે અપીલ કરવા લાયક હુકમ હોય કીંવા નહિં (મેહરસીંગ વી. બંગાળા સરકાર (૧૮૫૯ ૭ મુર ઇ. અ. ૨૮૯. તે પ્રમાણે (૧૮૬૩–૬) ૧૦ મુર. ઇ. અ ૩૪૦, ૪૧૩ ના ઠરાવમાં ચાલવામાં આવ્યું છે; (૧૮૬૭–૯) ૧૨ મુર. ઇ. અ. ૧૫૭; (૧૮૮૧) ૭ ક. ૧૪૮; (૧૮૮૭) ૯ અ. ૪૪૭; (૧૮૮૮) ૧૦ અ. ૯૭; (૧૮૯૦) ૧૪ મુ. ૨૩૨ અને બીજા ઘણા ઠરાવો છે.)

આરંભના હુકમનાંમા દાખલ કરવાથી આ ફેંસલાનો હેતુ ઘણો ઓછો થયેલો છે માટે પાછળ કલમ ૨ અને "હુકમો" સબંધી તે શબ્દો એવી સખત રીતે વાંચવા જોઇએ કે જેથી આરંભના હુકમનામાંથી હુકમો જુદા પડે (સને ૧૮૮૨ ના એક્ટ ૧૪ ના પ્રમાણે હુકમનામાં ઉપરની અપીલમાં નીચેના હુકમો વીષે વાંધો લેવામાં આવેલો છે; પણ દરેક કામમાં બધા કરતાં પહેલો એવો વીચાર કરવો જોઇએ કે કરેલો ઠરાવ આરંભનું હુકમનામું છે કે નહિં. (૧૮૯૭ ૨૪ ક. ૭૨૫; (૧૯૦૨) ૨૯ ક. ૭૫૮ ના કાંમોમાં કરેલા હુકમો: (૧૯૦૦–૧, ૫ ક. વી નોટ ૬૦૭; (૧૮૯૩) ૨૩ ક. ૪૦૬, તે હુકમો વ્હેંચણ અને પંચાળાના કામોમાં કરેલા તે આ કાયદા પ્રમાણે ખુલી રીતે હુકમનામાં છે. લવાદો નીમવાનો હુકમ—શીવનાથ વી. રામનાથ (૮૬૩–૬) ૧૦ મુર ઇ. અ ૪૨૩; મુદત ગયા પછી અપીલ દાખલ કરવાનો હુકમ મોવેરીબેવા વી. સુરેન્દ્રનાથરાય (૧૮૬૮) ૧૦ વી. રી. ૧૭૮; અને ફરી તપાસ મંજુર કર્યાનો હુકમ—જયકીશન મુકરજી વી. પાર્બતીચરણ ઘોસાળ (૧૮૭૪) ૨૨ વી રી ૧૮૩; ભૈરબચંદ્ર વી. માધબરાંમ (૧૮૭૩) ૨૦ વી. રી. ૮૪; બજાવણીનું કાંમ ચાલતાની દરમીયાનમાં દરમીયાન ઉપજ બાબત પ્રતીવાદીઓની જવાબદારી ઠરાવ્યા બાબતનો હુકમ—ગોદાવરી વી. ગજપતી (૧૯૦૦) ૨૩ મ. ૪૯૪; અને એકતરફી હુકમનામું રદ કરવાને ના કહ્યાના હુકમ પણ—લક્ષ્મીદાસ વી. ઇબ્રાહિમ (૧૮૭૮) ૨ મું.

૬૪૪, તેનો હુકમનામા ઉપરની અપીલમાં વાંધો લીધેલો છે; પરંતુ આ છેલ્લા ફેંસલા વિષે જુઓ તાસદ્દુકહુસેન વી. હયાતુન્નીસા (૧૯૦૩) ૨૫ અ. ૨૮૦, એક પતાળાના દાવામાં હિસાબ લેવાને હુકમનામું કરેલું હતું. કમીશનરોએ હિસાબ લીધો અને રીપોર્ટ કર્યો અને અમુક બાબતમાં બીજા જુદા ઠરાવો કરીને હુકમ કરવામાં આવ્યો: ઠરાવ્યું છે કે બીજા ઠરાવો વિષે હુકમ કરેલો છે તે અપીલ કરવા લાયક નથી પણ તેમાં કાંઇ ભુલ હોય તો આખરનાં હુકમનામા ઉપરની અપીલમાં એક કારણ તરીકે બતાવી શકાય છે—જમસેદજી વી. દાદાભાઇ (૧૯૦૦) ૨૪ મું. ૩૦૨).

સને ૧૮૮૨ ના એકટ ૧૪ પ્રમાણે એવું ઠરાવેલું છે કે અપીલ ચાલે તેવા હુકમો બાબત આખરના હુકમનામા ઉપરની અપીલમાં વાંધો લેઇ શકાય છે (શીવનાથ વી. રામદીન (૧૮૯૬) ૧૮ અ. ૧૯; વળી જુઓ (૧૮૯૫) ૧૮ મ. ૪૨૧; (૧૯૦૧) ૨૮ ક. ૩૨૪; અને (૧૮૯૦) ૧૨ અલ્હા. ૫૧૦) પણ જે અપીલમાં કારણો ફક્ત દરમીયાંન હુકમો બાબતજ હોય તો અપીલ ચાલતી નથી (શેરસીંગ વી. દીવાંનસીંગ (૧૯૦૦) ૨૨ અલ્હા. ૩૬૬).

પાછું મોકલવામાં આવે તે,—કામ પાછુ મોકલવાના તમામ જે હુકમો ઉપર અપીલ ચાલે છે તે તમામ હુકમો આ કલમમાંથી પેટા કલમ ૨ થી લેઇ લેવામાં આવેલા છે; જો આ બાબત વાંધો લેવાનો હોય તો એકદમ અપીલ કરવી જોઇએ (આ ઉપરથી કાયદામાં ફેરફાર કરેલો છે. જુઓ મોરેશ્વરસીંગ વી. બંગાળા સરકાર (સદરહુ); સાવીત્રી વી. રાંમજી (૧૮૯૦) ૧૪ મુ ૨૩૨; અને ફોર્બેસ વી. અમીરૂનીશા (૧૮૬૩–૬૬) ૧૦ મુ. ઈ. અ. ૩૫૯). આ હુકમો ઉપર અપીલો બાબત ઠરાવ ઓરડર ૪૩, રૂ. ૧ (યુ) માં આગળ છે.

બીજી અપીલ—સને ૧૮૮૨ ના એકટ ૧૪ પ્રમાણે એવું ઠરાવેલું છે કે કામ ચલાવવાની કસુરના કારણથી કાંમ કાહાડી નાંખ્યા પછી અને ફરી સુનાવણી કરવાની ના કહ્યા પછી ફરી તપાસ દાખલ કરવાના હુકમ ઉપર બીજી અપીલ ચાલતી નથી (હરપ્રેમન વી. જીઘુર (૧૮૮૦) ૫ ક. ૭૧૧) તેમ ફેંસલાની ફરી તપાસ કરવાની અરજી મંજુર કરવાનો હુકમ રદ કરવાના હુકમ ઉપર અપીલ ચાલતી નથી (કાંતીચંદ્ર મુકરજી વી. શાલીગરામ (૧૮૯૭) ૨૪ ક. ૩૧૯) પણ એક અપીલ બંધ પાડવાનો હુકમ, ફેંસલામાં અને હુકમનામામાં લખેલો હોય તો તે હુકમનામા ઊપરની બીજી અપીલમાં તે બાબત હરકત લેઇ શકાય છે (હેમકુંવર વી. અંબાપ્રસાદ (૧૯૦૦) ૨૨ અલ્હાબાદ ૪૩૦).

લેટર્સ પેટંટ—લેટર્સ પેટંટની આરટીકલ ૧૫ મીની આ ઠરાવોથી મર્યાદા બાંધેલી નથી (શાબાપાથી વી નારાયણશાંમી (૧૯૦૨) ૨૫ મ. ૫૫૫).

૧૦૬ કોઇપણ હુકમ ઉપર અપીલ ચાલતી હોય ત્યારે તે અપીલ, જે ફરીયાદના સંબધમાં તે હુકમ થયો હોય તે ફરિયાદના હુકમનામા ઉપર જે કોર્ટને અપીલ ચાલે તે કોર્ટને, અથવા (હૈ કોર્ટ શિવાયની) કોઇ કોર્ટે અપીલ હકુમત ચલાવતાં તેવો હુકમ કર્યો હોય ત્યારે હૈ કોર્ટને ચાલશે.

કંઇ કોર્ટે અપીલ સાંભળવી તે.

ટીકા—સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની ક. ૫૮૯. આ કલમ હાયકોર્ટને લાગુ થાય છે. કલમ ૫૮૯ નો નાદાર દેવાદારની બાબતમાં અપીલ સબંધી કલમ ૫૮૯ નો છેલ્લો પેરેગ્રાફ છોડી દીધેલો છે. જુઓ નવો નાદાર દેવાદારની બાબતનો એકટ.

કલમ ૧૦૭ પ્રમાણેના અખત્યારને લીધે ઓરડર ૭, રૂલ ૭ પ્રમાણે દાવા અરજી પાછી આપવાનો હુકમ નીચેની અપીલ કોર્ટે કરેલો હોય તો આ કલમ પ્રમાણે હાયકોર્ટમાં અપીલ

ચાલે છે (ગુરબક્ષ વી. બીજલાલબેંકા (૧૮૯૯) ૨૬ ક. ૨૭૫; ૩ ક. વી. નો. ૨૪૩).

અપીલની હકુમત.—જુઓ ફીરતેમોહાલક્કાર વી. રમજાન (૧૮૮૪) ૧૦ ક. ૫૨૩) દાવો રૂ. ૫૦૦૦) કરતાં વધારે આંક હોવાના કારણથી તે દાવામાંજ અપીલ સાંભળવાને જીલ્લા જડજને હકુમત નથી, માટે તે દાવામાં નાદારીની બાબતમાં અપીલ સાંભળવાને પણ તેમને હકુમત નથી (વેંકટ ટાયર વી. જંમુ આયન (સને ૧૮૯૪) ૧૭ મ, ૩૭૭). જ્યારે દાવો રૂ. ૫૦૦૦) ઉપરનો હોય ત્યારે તે કાયદાના ઓરડર ૪૦ પ્રમાણે એક રીસીવર બાબતની અરજી રદ કર્યાના હુકમ ઉપર હાઇકોર્ટમાં અપીલ ચાલે છે (બૈદનાથ વી. મખનલાલ (૧૮૯૦) ૧૭ ક. ૬૮૦) પણ આ ઠરાવથી મુંબાઇ અને અલ્હાબાદમાં જુદા ઠરાવ કરેલા છે (માણેકશા સોરાબજી વી. દાદાભાઇ જમશેદજી (૧૯૦૩) ૨૭ મું. ૬૦૪; અને દેબી પ્રસાદ વી. જમનાદાસ (૧૯૦૧) ૨૩ અલ્હા. ૫૬)

અપીલ સંબંધી સામાન્ય ઠરાવ.

૧૦૭. (૧) અપીલ કોર્ટને ઠરાવવામાં આવે તે શરતોને તથા બોલીને પાત્ર— *અપીલ કોર્ટના અધિકાર.*

(અ) મુકદમાનો આખરનો નિકાલ કરવાનો,

(બ) મુકદમો પાછો મોકલવાનો,

(ક) મુદ્દા કાઢીને તે ઇનસાફ થવા સારૂ મોકલવાનો,

(ડ) વધારે પુરાવો લેવાનો અથવા એવો પુરાવો લેવાનું ફરમાવવાનો,

અધિકાર છે.

(૨) ઉપર કહ્યા પ્રમાણે પાત્ર રહીને અપીલ કોર્ટને અવલ હકુમતવાળી કોર્ટોમાં માંડેલી ફરિયાદો સંબંધી તે કોર્ટોને આ કાયદા ઉપરથી જે અખત્યાર આપ્યા છે તથા તે કોર્ટોને જે કામ સોંપ્યા છે તેજ અખત્યાર છે, અને તેને બનશે તેટલે સુધી તેજ કામો કરવાં પડશે.

ટીકા—સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની કલમ ૫૮૨—આ કલમ હાઇકોર્ટને લાગુ થાય છે. આ સામાન્ય ઠરાવથી કાયદાની અંદર અપીલ કોર્ટનો અખત્યાર બતાવવામાં આવ્યો છે

જુના કાયદા પ્રમાણે એવું ઠરાવેલું છે કે વાદીઓની જગાએ વાદીયો દાખલ કરવાને અથવા વધારે વાદીયોમાં દાખલ કરવાનો ઠરાવ આવીજ કલમથી અપીલોને લાગુ કરેલો નથી (જુઓ ઓરડર ૧ રૂ. ૧૦ (દ્વારકાના વી. દેબેન્દ્રનાથ (૧૮૯૯) ૪ ક. વી. નો. ૫૮) પણ અસાઇનીયો તથા વારસ વકીલો દાવો જારી રાખે તથા ઓરડર. ૨૨, રૂ. ૪. ૫ અને ૬ આ કલમના શબ્દોથી અપીલોને લાગુ થાય છે (મહમદહુસેન વી. ખુસકોલા (૧૮૮૮) ૧૦ અલ્હાબાદ ૨૨૩; દુરગા પ્રસાદના કામમાં (૧૯૦૦) ૨૨ અલ્હા. ૨૩૧).

પક્ષકારોની કબુલતથી અપીલકોર્ટ લવાદ તરફ એકાદુ કામ મોકલી શકે છે (શણગાર લીંગમ પીલાઇ વી. અરજદારના કામમાં (૧૮૭૮–૮૧) ૩ મ. ૭૮; ભગવાનદાસ વી. નંદલાલ (૧૮૮૬) ૧૨ ક. ૧૭૩; સુરેશચર્ણ વી. અંબીકાચર્ણ (સને ૧૮૮૨) ૮ ક. ૫૦૭); સ્થાનીક તપાસ કરવાને ફરમાવી શકે છે (પણ જે જડજના હુકમનામા ઉપર અ-

પીલ કરેલી હોય તે જડજ તે ફરમાવી શકતા નથી (રાયસુલતાંન વી. લાલુકુંવર (૧૮૭૨) ૧૭ વી. રી. ૩૦૦); અથવા અમીનને મોકલીને તેને તપાસી શકે છે (શીવદયાળસીંગ વી. હોજકીનશન (૧૮૭૫) ૨૨ વી. રી. ૩૪૨); અથવા અપીલના પ્રતીવાદી તરીકે વધારી શકે છે (શોદામીની ડોસી વી. રામરૂદ્ર (૧૮૬૭) ૮ વી. રી. ૩૬૭); અથવા અપીલની ઠરાવેલી મુદત પછી કોઇ પણ પક્ષકારને વધારી શકે છે (કોર્ટ ઓફ વોર્ડસ વી. ગયાપ્રસાદ (૧૮૭૯) ૨ અલ્હા. ૧૦૭; તોપણ જુઓ રણજીતસીંગ વી. શીવપ્રસાદ (૧૮૮૦) ૨ અલ્હા. ૪૮૭); હક તરીકે કોઇ સખસ પક્ષકારમાં પોતાને વધારવાને દાવો રાખી શકતો નથી (વોટશન અને કંપની વી. શરણોમોઇ (૧૮૬૮) ૯ વી. રી. ૨૫૯); અથવા જુદા જુદા દાવા ખોટી રીતે એકઠા કરીને તપાસ કરી શકતા નથી (શોરૂપચંદ્ર વી. મથુર મોહન (૧૮૬૫) ૪ વી. રી. ૧૦૯); અથવા કામનો નીકાલ કર્યા પછી અપીલની યાદદાસ્ત ઉપર સ્ટેમ્પ લઇ શકતા નથી (મહાદેવ વી. રામકીશન (૧૮૮૫) ૭ અ. ૫૨૮); અથવા લવાદના ઠરાવ પ્રમાણે હુકમનામું કરી શકતા નથી. (નવરંગસીંગ વી. સદાપાળસીંગ (૧૮૮૮) ૧૦ અ. ૮);

આ કલમથી એક તરફી અપીલની સુનાવણી એકાદો જડજ કરે અને અપીલમાં બતાવેલી હકીકત ઉપરાંત જાય અને તમામ કામ શરૂથી જુએ એ વ્યાજબી નથી (દુર્ગાપ્રસાદ વી. ખેરાતી (૧૮૭૬-૮) ૧ અ. ૫૪૫); અથવા અપીલમાં દાવા અરજી દુરસ્ત કરવામાં દાવાનો આકાર મુદ્દામ ફરી જતો હોય તો તે કરવાને પરવાનગી આપી શકતા નથી (માજી રાજબા વી. મગનલાલ ભાઇશંકર (૧૮૯૫) ૧૯ મું. ૩૦૩; અબદુલ ગફુર વી. તુરખન (૧૮૬૮) ૧ બં. લા. રી. ૭૮; (૧૮૬૮) ૧૦ વી. ૧૧૧); પણ દાવા અરજીની મુખ્ય દાદ પૈકીની દાદ ફક્ત માગવાનો હેતુ હોય અને તે દુરસ્ત કરવાથી દાવાનું રૂપ બદલાતુ ન હોય તો દાવા અરજી દુરસ્ત કરવાનો અપીલકોર્ટને અખત્યાર છે (પ્યારી મોહન વી. નરેંદ્ર કીશન (૧૯૦૦) ૫ ક. વી. નોટ ૨૭૩; ઉમરાવ બેગમ વી. ઇર્શાદ હુસેન (૧૮૯૪) ૨૧ ક. ૯૯૭; લા. રી. ૨૧ ઇ. અ. ૧૬૩).

સહ અપીલવાળો—એકાદા દાવાના પક્ષકારને સહવાદી કરવાને કાયદામાં કાંઇ અખત્યાર નથી. તે કલમ જુના કાયદાની કલમ ૩૨ (ઓર્ડર ૧) સાથે વાંચતા પક્ષકારોને કહાડી નાંખવાને અથવા નવા પક્ષકારોને વધારવાનું ફરમાવાને કોર્ટને અખત્યાર આપેલો છે (વાસુદેવ વી. સાલુબાઇ (૧૮૮૬) ૧૦ મું. ૨૨૭).

ખર્ચ—જ્યારે એકાદી અપીલ બંધ પડે ત્યારે અપીલકોર્ટ અપીલના પ્રતીવાદીને ખર્ચ અપાવી શકે છે (લક્ષ્મીબાઇ વી. બાળકીષ્ણ (૧૮૮૦) ૪ મું. ૬૫૪; રાજમણી દેવી વી. ચંદ્રકાંત (૧૮૮૨) ૮ ક. ૪૪૦).

ફેસલો તથા પહેલાં અપીલના પ્રતીવાદીનું મર્ણ—જુઓ ઓર્ડર ૨૨ રૂ. ૮

કોર્ટ ફી—જુના કાયદાની કલમ ૫૪ ની રકમ (અ) અને (બ) (ઓરડર ૭ રૂ. ૧૧) હાઇકોર્ટને પોતાની અપીલની હકુમતનો અમલ કરવામાં લાગુ થતી નથી (બાળકરણ વી. ગોબીંદનાથ (૧૮૯૦) ૧૨ અલ્હા. ૧૫૨) ફક્ત થોડીક દાદ અપાવ્યાના હુકમનામા ઉપરની અપીલમાં જે કોર્ટ ફી આપવાની તે દાવાવાળી દાદ બાબતના દાવાના આંક અને જે દાદ અપાવેલી હોય તે દાદના દાવાના આંક વચ્ચેના તફાવતની રકમ ઉપર ગણવાની છે. (લક્ષનચંદ્ર વી. ખુદાબક્ષ (૧૮૯૨ ૧૮ ક. ૨૭૨). ઘણાખરા કામોમાં અપીલની યાદદાસ્તમાં જે આંકનો દાવો કરેલો હોય તે કરતાં અપીલકોર્ટ વધારે રકમનું હુકમનામું કરી

શકતા નથી. પણ ફેંસલો આપતાં પહેલાં તે અપીલ દુરસ્ત કરવામાં આવેલી હોય અને વ. ધારાની કોર્ટથી આપેલી હોય તો તેમ નથી (પરસીવલ વી. ચીતાગોગના કલેકટર (૧૯૦૩) ૩૦ ક. ૫૧૬)

અખત્યાર—"અખત્યાર" એ શબ્દ હકુમતના હેતુથી વાપરેલો નથી તે શબ્દનો હેતુ સુનાવણી બંધ રાખીને મુદત આપવાનો સાક્ષી અને વકીલોને તપાસવાનો ખર્ચ આપવાનો વીગેરેનો અખત્યાર છે (કાળીક્રીષ્ન વી. હરીહર (૧૮૬૮) ૧ બં. લા. રી. ૧૫૫ પા. ૧૬૩) અને એકાદો દાવો પાછો ખેંચી લેવાની પરવાનગી આપવાનો છે (ગંગારામ વી. દતરામ (૧૮૮૬) ૮ અ. ૮૨) ભાડુ લેવાના દાવામાં ડીસ્ટ્રીકટ મુનસફે વાદીના લાભમાં હુકમનામું કરેલું તેથી જીલ્લા જડજે તે નીચેની કોર્ટનું હુકમનામું ફેરાવ્યું અને નવેસર તપાસ કરવાને ફરમાવ્યું અને વાદી જે જમીનનું ભાડુ માગતો હતો તે જમીનના ખુંટ બરોબર દાખલ કરીને દાવા અરજી દુરસ્ત કરવાને હુકમ કર્યો ઠરાવ્યું છે કે તે દાવા અરજી દુરસ્ત કરવાનો હુકમ બરોબર નથી કારણ કે અસલ કોર્ટની રૂબરૂ તે જમીનના ખુંટ વીષે કોઇ તકરાર નહોતી (ક્રીષ્નાયા વી. પચુમ (૧૮૭૪) ૧૭ મ. ૧૯૭)

બંધ પડે તે—જુઓ ઓર્ડર ૨૨

૧૦૮. અસલ હુકમનામાં ઉપરની અપીલ સંબંધી આ ભાગના ઠરાવ બનતાં સુધી જે અપીલો—

અપીલનાં હુકમનામાં તથા હુકમ ઉપર થયેલી અપીલમાં કામ ચલાવવાની રીત.

(અ) અપીલનાં હુકમનામાં ઉપર હોય, અને

(બ) આ કાયદાની રૂયે અથવા બીજા જે કોઇપણ વિશેષ અથવા સ્થાનિક કાયદામાં કામ ચલાવવાની બીજી રીત ઠરાવી ન હોય તેની રૂયે કરેલા હુકમ ઉપર હોય,

તે અપીલોને લાગુ પડશે.

સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની કલમો ૫૮૭, ૫૯૦.

ટીકા—આ ઠરાવના સબંધમાં પક્ષકારોને સામેલ કરવા સબંધી તથા દાવાના કારણો એકઠા કરવા સબંધી કલમ ૯૯ થી વધારે બહોળો હેતુ રાખેલો છે તે વિશેષે કરીને લક્ષમાં રાખવાનો છે.

થાય ત્યાં સુધી—આ શબ્દોનો હેતુ જે નીયમોથી અસલ હુકમનામા ઉપર અપીલો દાખલ કરવામાં આવે છે અને તેનો નીર્ણય કરવામાં આવે છે તે નીયમોને અનુસરતું આવે ત્યાં સુધીના છે (હિંદે વી બાયન (૧૮૮૩) ૭ મ ૫૨) તે પ્રમાણે બેની પ્રસાદ વી. નંદલાલ (૧૮૯૭) ૨૪ ક. ૯૮) ના કામમાં ચાલવામાં આવેલું નથી; અને જુઓ ગણેશ વી. ભીખાજી (૧૮૮૬) ૧૦ મું. ૩૫૮; સોહાવન વી. બાબુનદ (૧૮૮૭) ૯ અ. ૨૬ પા. ૨૯).

સ્પેશીયલ અપીલમાં અપીલકોર્ટ ફરી તપાસ કરવાને કામ પાછું મોકલી શકે છે (વઝીર અલ્લી વી. કાળીકુમાર ચકરબતી (૧૮૬૯) ૧૧ વી. રી. ૨૨૮); અથવા એકાદા ઇસ્યુ ઉપર ઠરાવ કરવાને પાછું મોકલી શકે છે (રામલાલ વી. મોહરપતરાય (૧૮૭૪) ૨૧ વી. રી. ૫૨); રેગ્યુલર અપીલની માફક તે હકીકતના ઇસ્યુની તપાસ કરી શકતી નથી

(હિંદ વી. બ્રાયન (૧૮૮૪) ૭ મ. ૫૨; શીવરતન વી. બાપુકુંવર (૧૮૮૩) ૫ અ. ૧૪ અને જુઓ (૧૮૮૪) ૭ મ. ૩૩; (૧૮૮૬) ૧૨ ક. ૩૭; (૧૮૮૭) ૯ અ. હા. કો. ૧૪૭),

બજાવણીના કામ - જ્યારે અસલ દાવો સ્મોલકોઝ કોર્ટને તપાસવા લાયક પ્રકારનો હોય અને તે રૂ. ૫૦૦) કરતાં વધારે આંકનો ન હોય તો તે સંબંધી બજાવણીના કામમાં કરેલા હુકમ બાબત સ્પેશીઅલ અપીલ ચાલતી નથી (દાનદયાળ વી. પાત્રખાન (૧૮૯૬) ૧૮ અ. ૪૮૧; (૧૮૯૦) ૧૨ અ. ૫૭૯; શ્રીબલ્લવ વી. બાબુરામ (૧૮૮૫) ૧૧ ક. ૧૬૯; એથલા વી. સુબાના (૧૮૯૦) ૧૨ મ. ૧૧૬).

કિંગ ઇન્ કૌન્સિલને અપીલો.

૧૦૯. બ્રિટિશ ઇંડિયાની કોર્ટો ઉપર અપીલ કરવા બાબત મલીક મુઆઝમ ઇન્ કૌન્સિલ વખતે વખતે જે નિયમો કરે તેમને અનુસરીને તથા આ આકટના આગળ લખેલા ઠરાવોને અનુસરીને, નીચે લખેલાં હુકમનામાં અથવા હુકમ ઉપર, એટલે—

કિંગ ઇન કૌન્સિલને અપીલો ક્યારે ચાલે.

(અ) હૈ કોર્ટે અથવા અપીલ લેવાની આખરની હકુમતવાળી બીજી કોઇ કોર્ટે અપીલમાં કરેલા દરેક હુકમનામા અથવા આખરના હુકમ ઉપર,

(બ) હૈ કોર્ટે અવલ દિવાની હકુમત ચલાવીને કરેલા દરેક હુકમનામા અથવા આખરના હુકમ ઉપર; અને

(ક) મલીક મુઆઝમ ઇન્ કૌન્સિલને અપીલ કરવા લાયક કામ છે એવું સરટિફિકેટ આમાં હવે પછી ઠરાવ કર્યા છે તે પ્રમાણે મળ્યું હોય ત્યારે તે કામના દરેક હુકમનામા અથવા હુકમ ઉપર,

મલીક મુઆઝમ ઇન્ કૌન્સિલને અપીલ ચાલશે.

સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની કલમ ૫૯૫.

ટીકા—આ અપીલના લગતા મુખ્ય ઠરાવો કાયદાની અંદર રાખવામાં આવ્યા છે અને બાકીના ઠરાવો આગળ ઓર્ડર ૪૫ માં માલુમ પડશે.

"હુકમનામું અથવા આખરનો હુકમ" એ શબ્દો જુની કલમના "આખરનું હુકમનામું" એ શબ્દોને બદલે મુકેલા છે. આ ઉપરથી ખુલ્લુ છે કે તેમાં આરંભના હુકમનામા આવી ગયેલાં છે અને ફકત દરમીયાન હુકમો અપીલના આ હકમાંથી બાતલ કરેલા છે.

દાખલ કરવાનો હક—આ કાયદાથી અપીલ દાખલ કરવાના સરકારના હકની મર્યાદા રાખેલી નથી (રહીમભાઇ વી. ટરનર (૧૮૯૧) ૧૫ મું. ૧૫૫).

અપીલ કરેલા હુકમનામાનો અસર—પ્રીવીકાઉન્સીલમાં અપીલનો પરીણામ જણાય તે શરતની સાથે જે સખસ મીલકતનો માલીક હોય તે માલેક તરીકે ત્રીજા પક્ષકારો ઉપર દાવો કરી શકે છે (પ્રહલાદ સેન વી બુદુસીંગ (૧૮૬૯) ૧૨ વી. રી. ૬ પા. ૨૦).

અપીલ ક્યારે ચાલે અને ક્યારે ચાલે નહીં—ખર્ચ બાબત અપીલ કરવાની પરવાનગી આપેલી નથી (કામીબાઇ વી. લછમનદાસ (૧૮૯૫) ૫ વી. રી. પી. સી. ૫૯); તેમ ફોજદારી કામમાં અપીલ ચાલતી નથી પણ હાઇકોર્ટનું સર્ટીફીકેટ હોય નહિં તો

ચાલતી નથી (જયકીશન મુંકરજી અરજદારના કામ (૧૮૬૪) ૧ વી. રી. પી. સી. ૧૩; ગંગાધર તીલક વી. માહારાણી કેસરેહિંદ (૧૮૯૭–૮) લા. રી. ૨૫ ઈ. અ. ૧; ૨૨ મું. ૫૨૮); તેમ અમુક રીતે હીસાબ લેવાને ફરમાવ્યાના હુકમ ઉપર ચાલતી નથી (એબનશાહ સાબીત વી. કાશીરાવ (૧૮૯૨) ૬ મું. ૨૮૦ (જુઓ ૮ મું. ૨૫૦ અને ૫૪૯); તેમ એકાદા સખસને વકીલ તરીકે દાખલ કર્યો છે એવું ઠરાવ્યાની જાહેર ખબર ભુલથી થયેલી તે કારણથી તે રદ કરવાના હુકમ ઉપર ચાલતી નથી (સખોનદનલાલના કામમાં (૧૮૮૦ ૬ અ. ૧૬૩); સને ૧૮૩૧ બંગાળાના કાયદા ૫ ની કલમ ૨૬ ની રકમ (૨) પ્રમાણે એકાદા મુનસીફને જડજ તરફી રૂશવત લીધા બાબત બરતરફ કરેલો તેથી તે બરતરફ કર્યાના હુકમ ઉપર પણ અપીલ ચાલતી નથી (શ્રી મોહનગટકના કામમાં (૧૮૬૯–૭૦) (૧૨ મુર. ઇં અ. ૩૪૩); તેમ સરકારના એકાદા એકટ બાબત હિંદુસ્થાન સરકારને સલાહ આપવાને નીમેલા કમીશનના રીપોર્ટ ઉપર તે ચાલતી નથી મહારાજા માધવસીંગની અરજીની બાબતમાં (૧૯૦૪) ૮ ક. વી. નોટ ૮૪૧, (૧૯૦૫) ૩૨ ક. ૧).

રૂ. ૧૦,૦૦૦) કરતાં વધારે રકમના પ્રીવીકાઉન્સીલના હુકમનામાનો અર્થ કરવા સબંધી હાઇકોર્ટની અપીલ બાજુમાં ફકત એક જડજે હુકમ કરેલો હોય તે ઉપર અપીલ ચાલે છે (લીલાનંદ વી. લખમીશ્વર (૧૮૭૦) ૧૪ વી. રી. પી. સી ૨૩; ૫ બં. લા. રી. ૬૦૫; ૧૩ મુર. ઇં. અ. ૪૯૦).

દસ હજાર રૂપીયા કરતાં વધારે રકમના દાવામાં રંગુનના રીકોરડરે અસલ દીવાની હકુમતનો અમલ કરીને આખરનું એક હુકમનામું કરેલું તે ઉપર હાઇકોર્ટમાં અપીલ ચાલતી નથી પણ નામદાર શહેનશાહની કાઉન્સીલમાં ચાલે છે (ઇસુફ દાસીમદુલા વી. ફાતમા (૧૮૯૭ ૨૪ ક. ૩૦).

આખરનું હુકમનામું—આખરનું હુકમનામું શું છે અને આખરનું હુકમનામું શું નથી તે વિષે જુઓ (સોનભાઇ વી. અહમદભાઇ (૧૮૭૧–૨) ૯ મું. હા. કો. ૩૯૮; પાલકધારી વી. રાધા (૧૮૭૯) ૨ અ. ૬૫; એબનશાહ સાબીત વી કાશીરાવ (૧૮૮૨) ૬ મું ૨૬૦: ઇશ્વરગર વી. ગૌદાસામા (૧૮૮૪) ૮ મું. ૫૫૧; રામધીન મહાનત વી. ગણેશ (૧૮૮૨) ૪ અ. ૨૩૮: જોગેશરસાહિ વી. મુરાચો (૧૮૭૭) ૧ ક. લા. રી. ૩૫૪; રેહેમુભાઇ વી. ટરનર (૧૮૯૦) ૧૪ મું. ૪૨૮; લા રી ૧૮ ઇં અ. ૬; (૧૮૯૧) ૧૫ મું. ૧૫૫; તીરૂમારાયન વી. ગોપાળસામી (૧૮૯૦) ૧૩ મ. ૩૪૯). જુના કાયદાની કલમ ૬૨૨ (કલમ ૧૧૫) પ્રમાણે અમુક પક્ષકારને નાદારીમાં દાવો કરવાને પરવાનગી આપવાનો ઠરાવ કર્યા બાબત હુકમ કરવામાં આવેલો તે આખરનું હુકમનામુ નથી. (સકન શીંગ વી. ગોપાળચંદ્ર (૧૯૦૩) ૮ ક. વી નોટ ૨૯૬). જીલ્લા જડજના આખરના હુકમ ઉપર જ્યારે હાઇકોર્ટમાં અપીલ ચાલતી ન હોય ત્યારે તે હુકમ ઉપર પ્રીવીકાઉન્સીલમાં અપીલ ચાલે છે (સદાત્મનખાન વી ફુલકુંવર (૧૮૯૮) ૨૦ અ. ૪૧૨; લા. રી. ૨૫; ઇં. અ. ૧૪૬). એક દાવામાં મુખ્ય ઇસ્યુ દાવાના આધારની બાબતને પહોંચે તેવો હતો અને તે ઇસ્યુ ઉપર હાઇકોર્ટની અપીલ બાજુનો ઠરાવ થયેલો તે ઠરાવ એક હુકમમાં બતાવેલો હતો તેથી તે ફેંસલો જ્યાં સુધી કાયમ રહે ત્યાં સુધી તે વીષે તકરાર થઇ શકે તેવું નહોતું તોપણ તે દાવાનો નીકાલ કરવાને પેટા તજવીજ કરવાની બાકી રહેલી હતી તેમ છતાં નામદાર શેહેનશાહને અપીલ કરવાના કારણસર તે એક આખરનું હુકમનામું છે (ભજ-

હાર હુસેન વી. બુધા (૧૮૯૫) ૧૭ અ. ૧૧૨; લા. રી. ૨૨ ઇ. અ. ૧) જ્યારે એકાદી કોર્ટ એક રજીસ્ટ્રારના રીપોર્ટ વીષે ફરી તજવીજ કરવાને ફકત ના કહેલી હોય તો તે ઠરાવ આખરનું હુકમનામું નથી (રોયલ ઇન્સ્યુરન્સ કંપની વી. અખયકુમાર દત્ત (૧૯૦૧) ૬ ક. વી. નોટ ૮૧).

અપીલ નહીં તે—કોર્ટનું અમુક હુકમનામુ દુરસ્ત કરવાની અરજી નામંજુર કર્યાનો હાઇકોર્ટે એક હુકમ કરેલો હોય તે અપીલ ઉપરથી કરેલો હુકમ નથી માટે તે અપીલ કરવા લાયક નથી. સુંદરકુંવર વી. ચંદીશ્વરપ્રસાદસીંગ (૧૯૦૩) ૩૦ ક. ૬૭૯). હાઇકોર્ટના એકટની કલમ ૧૫ પ્રમાણે કરેલા હુકમો ઉપર અપીલ ચાલતી નથી (ગીરધારીસીંગ વી. હરદય નારાયણ (૧૮૭૪) ૨૧ વી. રીં ૨૬૩).

કામ પાછું મોકલવું—કામ પાછુ મોકલવાનો હેતુ દાવામાંના મુખ્ય મુદ્દાના આખરનો ઠરાવ કર્યાનો હોય તો તે પાછો મોકલ્યાના હુકમ ઉપર પ્રીવીકાઉન્સીલમાં અપીલ કરી શકાય તેવું છે. હબીબુન્નીસા વી. મનવારૂન્નીસા (૧૯૦૩) ૨૫ અ. ૬૨૯ પણ જુઓ ઇશ્વરગર વી. ગૌડસામા (૧૮૮૪) ૮ મું. ૫૪૮; અને (૧૮૯૧) ૨ ક. વી. નોટ ૨૦૧)

૧૧૦. (૧) કલમ ૧૦૯ ની રકમો (અ) તથા (બ) માં કહેલા દરેક મુકદમામાં અવલ કોર્ટમાં કરેલી ફરિયાદના વિષયની રકમ અથવા કિંમત દશ હજાર રૂપિયા અથવા તે કરતાં વધારે હોવી જોઇયે, અને મલીક મુઆઝમ ઇન્ કૌન્સિલમાં કરવાની અપીલમાં જે તકરારી વિષય હોય તેના વિષયની રકમ અથવા કિંમત પણ તેજ રકમ જેટલી અથવા તેથી વધારે હોવી જોઇયે, વિષયની કિંમત.

અથવા તેટલી રકમની કે કિંમતની મિલકતનો અથવા મિલકત સંબંધી કંઈ દાવો અથવા તકરાર હુકમનામામાં અથવા આખરના હુકમમાં સ્પષ્ટ રીતે કે ગર્ભિત રીતે હોવાં જોઇયે,

અને જે હુકમનામા ઉપર અથવા આખરના હુકમ ઉપર અપીલ કરવામાં આવે તે હુકમનામામાં અથવા હુકમમાં તે હુકમનામું અથવા હુકમ કરનારી કોર્ટની તરત નીચલી કોર્ટનો ઠરાવ બાહાલ રાખ્યો હોય ત્યારે, અપીલ કરવામાં કાયદાની કંઈ સંગીત તકરાર આવવી જોઇયે.

ટીકા—સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની કલમ ૫૯૬.

કીંમત—મીલકતની કીંમત તે વેચવાની અથવા બજાર કીંમત છે (મોહનલાલ વી. બીખીદાસ (૧૮૫૯–૬૧) ૮ મુર. ઇં. અ. ૧૯૩; (૧૮૫૭–૬૦) ૭ મુર. ઇં. અ. ૪૨૮; લેખરાજરાવ વી. કનૈયાસીંગ લા. રી. ઇં. અ. ૩૧૭; પીચાઇ વી. શીવગામી (૧૮૯૨) ૧૫ મ. ૨૩૭) પરંતું જો એકાદા પ્રતીવાદીને દાવાનો ખરો આંક સાબેત કરવાને સાધન હોય અને વાદીએ હલકી કીમતનો દાવો કર્યા વીષે તે કોઇ હરકત લે નહિં અને સ્પેશીયલ અપીલમાં પણ તે હલકી કીંમતનો દાવો કરે તો પછી પ્રોવીકાઉન્સીલમાં અપીલ કરવાના કારણુસર તે મીલકતની ખરી કીંમત સાબેત કરવાને તેને પરવાનગી આપી શકાતી નથી (ભગવતી દેબીશના કામમાં (૧૮૭૦) ૧૪ વી. રી. ૬૨; તોપણ જુઓ લેખરાજ

રાય વી. કનૈયાસીંગ (૧૮૭૨) ૧૮ વી. રી. ૪૯૪; અને ઇકરામત વી. વીલફીલ (૧૯૦૬) ૩૩ ક. ૮૯૩).

દાવાવાળી બાબતની કીંમત—દાવાવાળી બાબત તે જે બાબત તકરાર હોય તેજ નથી (હીકમતઅલી વી. વલી ઉન્નીસા (૧૮૯૦), ૧૨ અ. ૫૦૬) દાવા અરજીના ઉપર સ્ટેમ્પની કીંમત તે દાવાવાળી બાબતની કીંમત વિષે નીશ્ચયકારક નથી (મોહનલાલ વી. બાબીદાસ (૧૮૫૭–૬૦) ૭ મુર. ઇ. અ. ૪૨૮).

અપીલનો આંક—હુકમનામાની બજાવણીમાં થયેલા લીલામના દસ્તાવેજોની રૂઇએ જુદા જુદા સખસોના કબજામાં એક જમીનદારી હતી તે લેવાને એક દાવો કરેલો હતો. તે દાવાનો આંક દાવા અરજીમાં બતાવેલો હતો તે પ્રમાણે રૂ. ૧૪૩૨૫) નો હતો. કેટલાક પ્રતીવાદીઓના દાવા સબંધી સદર કોર્ટે તે વેચાણ બહાલ રાખેલા હતા. બીજા પ્રતીવાદીઓએ અપીલ કરવાને પરવાનગી મળવાને અરજ કરી, પણ તે આપવાને એવા કારણથી ના કહેવામાં આવી કે તેઓનો ભાગ ફકત રૂ. ૮૨૧૫) નો છે; પણ પ્રીવીકાઉન્સીલે એવું ઠરાવેલું જણાય છે કે " મહારાણીની કાઉન્સીલમાં કોઇ આવી અપીલમાં તકરારી બાબતની કીંમત " એવા શબ્દો જુના ઓર્ડરના છે તે દાવાની તમામ બાબત સબંધી છે કે જે બાબત કોર્ટોમાં ન્યાયની રૂઇએ તપાસ કરવાની હતી માટે તે અપીલ મન્જુર રાખેલી હતી (અમીનાખાતુન વી. રાધાબેનોદ (૧૮૫૭-૬૦) ૭ મુર. ઇં. અ. ૨૬૧; રેફરન્સ, ભગવત વી. બાશાપતી (૧૯૦૬) ૩ ક. લા. જે. ૨૫૭; પણ જુઓ રાધાનાથશાહુ વી. ગોપીશાહુ ૧૯ વી. રી. ૧૫૧). એકાદા હુકમનામામાં રકમ બનાવેલી હોય અને હુકમનામાની તારીખ સુધીના વ્યાજ સાથે ખરી રીતે તે રકમનું હુકમનામું કરેલું હોય તેથી તે તે રકમ રૂ. ૧૦,૦૦૦) કરતાં વધારે થયેલી હોય તો ઠરાવ્યું કે તે હુકમનામું બરોબર હોય કીંવા નહી પણ અપીલની તકરારી બાબત રૂ. ૧૦,૦૦૦) કરતાં વધારેની કીંમતની છે (સતીશ્ચંદ્ર વી. ગણેશચંદ્ર (૧૮૬૫) ૩ વી. રી. પી. સી. ૧૪). અને તેવીજ રીતે જે દાવામાં જમીનની કીમત રૂ. ૧૦,૦૦૦) કરતાં ઓછી આંકેલી હોય પણ તેમાં "વસીલાત" ઉમેરતાં રૂ. ૧૦,૦૦૦) ઉપરની રકમની થાય તો અપીલ ચાલે છે (ગુરૂ દાસરાય વી. ગુલામ મૌલા (૧૮૬૨) માર્શ ૨૪; અને દરમીયાન ઉપજ વીષે જુઓ દાલગ્લેશ વી. દામોદર (૧૯૦૬) ૩૩ ક. ૧૮૮૬). પરંતુ દાવાનું ખર્ચ તેમાં ગણી શકાતું નથી (દુર્ગાદાસ વી. રામનાથ (૧૮૫૯–૬૧) ૮ મુર. ઇ. અ. ૨૯૨; નીલમાધવદાસ વી. શંબરદાસ (૧૮૬૯ ૭૦) ૧૩ મુર. ઇં. અ. ૧૦૩); તેમ હુકમનામુ થયા પછીનું વ્યાજ ગણી શકાતું નથી (સતીશ્ચંદ્ર વી. ગણેશચંદ્ર (૧૮૬૫) ૩ વી રી. પી. સી. ૧૪); પણ એકાદી અપીલ અસલ યોગ્ય અને શુદ્ધબુદ્ધીથી એક છાપેલા કામમાં કરી હોય અને તે ઠરાવેલી મર્યાદાની અંદરની રકમની હોય તો તેથી તે અપીલ અયોગ્ય થતી નથી (કાલકાસીંગ વી. પારસરામ (૧૮૯૫) ૨૨ ક. ૪૩૪; લા. રી. ૨૨ ઇં. અ. ૬૦) રૂ. ૧૦,૦૦૦ ની કીંમતની મીલકતની આમદાની બાબત ફકત તકરાર હોય તો અપીલનો હક નથી. (હુસેનભાઇ વી. અહમદભાઇ (૧૯૦૨) ૨૬ મુ. ૩૧૯). તાકીદ હુકમ બાબતના દાવામાં નામદાર શહેનશાહની કાઉન્સીલમાં અપીલ કરવાની પરવાનગી મળવા બાબત અરજદાર એવું બતાવી શકે છે કે જોકે કોર્ટફી એકટના કારણસર અપીલ કરવા લાયક રકમ કરતાં ઓછી રકમની કીંમત આંકેલી છે તોપણ તે દાવાની ખરી કીંમત કેટલી છે તે બતાવી શકે છે (હરીમોહન વી. સુરેન્દ્ર નારાયણ (૧૯૦૪) ૩૧ ક. ૩૦૧). બદનક્ષી બાબતના નુકશાનના દા-

વામાં જોઇતી રીતે વધારે ઉંચા આંકની નુકશાની ફક્ત મુકીને વાદી એકાદા દાવામાં પ્રીવીકાઉન્સીલમાં અપીલ કરી શકતો નથી. જ્યારે તકરારી બાબતની કીંમત વીશે તકરાર હોય ત્યારે ફરી કીમત તજવીજ અને પુરાવથી નકી કરવાનો રીવાજછે (અમ્રીતનાથ વી. અભય ચરણ (૧૯૦૪-૫) ૯ ક. વી. નોટ ૭૦ પાણીનો કીંમત વીષે જુઓ અજનાસ કુંવર વી. લતીફા (૧૮૭૨) ૧૮ વી. રી. ૨૧ સને ૧૮૫૮ ના એકટ ૪૦ પ્રમાણે એક સગીરના વાલી તરીકે તથા તેની મીલકતના વહીવટદાર તરીકે એકાદા સખસને નીમવાનો હુકમ કરવામાં આવે તો તેમાં કાંઇ કીંમત નથી માટે તે હુકમ ઉપર અપીલ પ્રીવીકાઉંસીલમાં કરી શકાતી નથી પ્યારીદાઇ વી. હરબંસ કુંવર (૧૮૭૦) ૧૪ વી. રી. ૨૯૯).

વ્હેંચણ—વ્હેંચણના દાવામાં તમામ મીલકતની કીંમત ગણવી જોઇએ (લાલા ભગવત વી. રાયપશુપતી (૧૯૦૬) ૧૦ ક. વી. નોટ ૫૬૪)

બજાવણીમાં હુકમ—હુકમનામાની બજાવણીના કામમાં રૂ. ૧૦૦૦૦) કરતાં વધારે રકમ અથવા કીંમત રહેલી હોય તો હાઇકોર્ટે કરેલા હુકમ ઉપર અપીલ ચાલે છે (વીલાયતી બંગમ વી. રઘનાથપ્રસાદ (૧૮૬૭) ૮ વી. રી. ૧૪૭)

પ્રતક્ષ અથવા અપરોક્ષ રીતે—આ શબ્દો જે દાવો હોય તેને લાગુ થાય છે (હનુમાનપ્રસાદ વી. ભગવતીપ્રસાદ (૧૯૦૨) ૨૪ અ. ૨૭૬) પણ જો બે અથવા વધારે દાવા હોય અને દરેક દાવો રૂ. ૧૦૦૦૦) કરતાં ઓછી કીમતનો હોય અને તેમાં જુદા ફેંસલા આપેલા હોયતો તે દાવા એકઠા ગણી શકાતા નથી. દરેક ફેંસલો આપવામાં આવ્યો એટલે તે આખરનો અને નીશ્ચય કાર્ક છે (મહમદ અબદુલા વી. મુતીચંદ (૧૮૬૬) ૫ વી રી. પી. સી. ૩૪); પણ જો કેટલાક દાવા કરેલા અને તેની કુલ રકમ રૂ. ૧૦૦૦૦) કરતાં વધારે હોય અને એક દાવાનો ફેંસલો તમામ દાવાને લાગુ થતો હોય તો અપીલ ચાલવાની પરવાનગી આપવામાં આવે છે (કોખાઇન વી. સ્નેડન (૧૮૬૮) લા. રી. પી. સી. ૫૦) એક કામમાં છ દાવાની સુનાવણી તેના તેજ પુરાવ ઉપરથી કરેલી હતી અને એકજ ફેંસલો કરેલો હતો તેમાં પાંચમાં અપીલ કરવાનો હક હતો અને છઠામાં કાયદાનો જે સવાલ બાકીના પાંચ દાવામાં ન્હોતો તે સવાલ હતો તેથી સર્ટીફીકટ આપવામાં આવેલું હતું (બૈજનાથ વી. ગ્રામ (૧૮૮૫) ૧૧ ક. ૭૪૦) જ્યારે એક દાવામા રૂ. ૧૦૦૦૦) કરતાં ઓછી કીંમતની મીલકત હતી પણ એક "હીબાનામાના અર્થ વીશે તકરાર હતી અને તે "હીબાનામા"નો અસર પાંચ લાખની કીમતની મીલકતના માલેકપણાને થતો હતો તેથી અપીલ કરવાને સર્ટીફીકટ આપવામાં આવેલું હતું (અલીમાન વી. હશીબા (૧૮૯૬-૭) ૧ ક. વી. નોટ ૯૩ વળી જુઓ આનંદચંદ્ર વી. બ્રોટન (૧૮૭૧-૨) ૯ બં. લા. રી. ૪૨૩; અને જયકીશન વી. પુર્વ બરદવાનના કલેકટર (૧૮૫૯-૬૧) ૮ મું. ઇ. અ. ૩૨૫; અથવા જે કામમાં કાયદાનો અગત્યનો સવાલ હોય રોજર્સ વી. રાજેંદ્રદત (૧૮૫૯-૬૧) ૮ મું. ઇ. અ. ૧૦૩; (૧૮૬૦) ૪ વી. રી. પી. સી. ૫૧; કેરા કુશ વી. સુકશ (૧૮૬૦) ૮ મું. ઇ. અ ૩૩૯; (૧૮૬૦) ૪ વી. રી. પી સી ૬૧).

નીચેની કોર્ટનો ફેંસલો બહાલ રહે તે—જુઓ અસગરરેઝા વી. હૈદરરેઝા (૧૮૮૯) ૧૬ ક. ૨૮૭ પા. ૨૯૮) એકાદા કામમાં કાયદાનો સવાલ ના હોય તો ગાત્ર અપીલનો કોર્ટનો ઠરાવ અસલ કોર્ટના ઠરાવ સાથે મળતો ના હોય તો પણ તે બેઊ કોર્ટના ઠરાવાનો હેતુ તેનો તેજ હોય તો પછી દાવાનો આંક રૂ. ૧૦૦૦૦) કરતાં વધારે હોય તો પણ તે હકીકત અપીલનો હક આપવાને બસ નથી (થોમસન વી. કલકતાટ્રેનવે કંપ-

ની (૧૮૯૪) ૨૧ ક. ૫૨૩; વળી જુઓ, શ્રીનાથરોય વી. સેક્રટરી ઓફસ્ટેટ (૧૮૮૨) ૮ ક. વી. નો ૨૯૪) અપીલ ચલાવવાની કસુરના કારણથી તે કાહાડી નાંખ્યાનું હાયકોર્ટનુ હુકમનામું કરેલું હતું, કારણકે જે વખતે તે અપીલ સુનાવણી સારૂ લેવામાં આવેલી તે વખતે તે અપીલવાળાઓએ તે અપીલમાં તકરાર કરવાને પોતાના કોનસલને શાધન પુરૂ પાડેલુ નહોતુ તેથી તે નાચે નાચેની કાર્ટનો ફેંસલો બાહાલ રાખ્યાનું હુકમનામું થાયછે (એનીરાય વી. રામલખન (૧૮૯૮) ૨૦ અ. ૩૬૭) "ફેંશલો" શબ્દનો હેતુ દાવાના ફેંસલાનો છે. જજમેંટ પ્રમાણે હુકમનામાના કારણો બતાવવાનો હેતુ હોઇ શકતો નથી; નીચેની કોર્ટનો ફેંસલો બાહાલ રાખવાને તે હુકમનામું બહાલ રાખવામાં આવે એટલે બશ છે (તાસદક રસુલખાન વી. કાશીરામ (૧૯૦૩) ૨૫ અલ્હા ૧૦૯; (૧૯૦૨-૩) ૭ ક. વી. નોટ ૧૭૭; લા. રી. ૩૦ ઇ. અ. ૩૫) હકીકતનો એક સવાલનો પહેલી કોર્ટમાં ઠરાવ કરેલો હતો અને તે સવાલ હાયકોર્ટમાં ઊઠાવેલો નહોતો તો પછી પ્રીવીકૌશીલમાં અપીલમાં તે સવાલની વ્યવસ્થા કરી શકાતી નથી ધનકધારી વી. માહાબીર (૧૯૦૭) ૩૪ ક. ૭૦૯; ૬ ક. લા. જે ૧૧; ૧૧ ક. વી. નોટ ૭૦૯)

કાયદાનો વાસ્તવીક સવાલ—સને ૧૮૬૫ ના લેટર્સ પેટંટની ક. ૩૯ મી થી હાયકોર્ટને આપેલી હકુમત કમી કરી થાય છે તેથાં હિંદુસ્થાનના કાયદા બાંધનારાઓના અખત્યાર બાહારનો આ ઠરાવ નથી. આ કલમનો હેતુ અવસ્યે કરીને અપીલનો આધાર કાંઇક કાયદાના સવાલ ઉપર રાખે છે. એવો નથી, પણ જે કામોમાં અપીલ ચાલતી હોય તો તેમાં જે હકીકતનો સવાલ તકરારમાં ઉઠાવી શકાય છે તેમ કાયદાનો સવાલ પણ ઉઠાવી શકાય છે. (ગોપીનાથ વી. ગોલકનાથચંદ્ર (૧૮૮૯) ૧૬ ક. ૨૯૨) આ સબંધમાં દુરગા વી. જવાહીર (૧૮૯૦) લા. રી. ૧૭ ઇ. અ. ૧૨૨; ૧૮ ક. ૨૩ પા. ૨૫, ૩૧; મનાલાલ વી. ગજરાજ (૧૮૯૦) ૧૭ ક. ૨૪૬; નીરભયદાસ વી. રાણીકુંઅર (૧૮૯૪) ૧૬ અ. ૨૭૪; તુળશીપ્રસાદ ભકત વી. બાનાયક કમીશર (૧૮૯૬) ૨૩ ક. ૯૧૮; લા. રી. ૨૩ ઇ. અ. ૧૦૨) જ્યારે તે હકીકત માલુમ પડેલી હોય તે ઉપરથી કાયદાનો કાંઇ સવાલ ઉત્પન થતો ના હોય તો, અપીલ કરવાના પરવાનગી આપવી જોઇએ નહી (વીશંભર પંડીતના કામમાં (૧૮૯૬) ૨૦ મું. ૬૯૯).

નીચેની કોર્ટોના એક સરખા ઠરાવો ઉપર લક્ષ આપવામાં આવેલુ ના હોય તેથીજ ફકત કાયદાનો સવાલ ઉત્પન થતો હોય તો તે કાયદાનો વાસ્તવીક સવાલ નથી (બંકેલાલ વી. જગતનારાયણ (૧૯૦૧) ૨૩ અ. ૯૪) જો દાવાનો આંક રૂ. ૧૦૦૦૦) ની અંદરનો હોય તો કાયદાનો વાસ્તવીક સવાલ હોવાના ફકત કારણથી પ્રીવીકોંશીલમાં અપીલ કરવાનો હક નથી (બનારસીપ્રસાદ વી. કાશીકીશનારાયણ (૧૯૦૧) ૨૩ અ. ૨૨૭; ૫ ક. વી. નોટ ૧૯૩; લા. રી. ૨૮ ઇ. અ. ૧૧; રાધાકાશનદાસ વી. રાયકીશચંદ (૧૯૦૧) ૨૩ અ ૪૧૫ ૫ ક. વી. નો. ૬૮૯; લા. રી. ૨૮ ઈ. અ ૧૮૨) જોઇતી રીતે ફેંસલો લખવાને કસુર કરવાથી વાસ્તવીક રીતનો કાયદાનો સવાલ થતો નથી સુંદરમીબી વી. બીશેશર (૧૮૮૭) ૯ અ. ૯૩) વધારાનો પુરાવ દાખલ કરવાની દરખાસ્ત રદ કરવાથી કાયદાનો વાસ્તવીક સવાલ નથી (પ્રેમચંદ મુનશીની મીલકતના કામમાં (૧૮૯૪) ૨૧ ક. ૪૮૪) સને ૧૮૮૯ ના એકટ ૭ ની ક. ૪ પ્રમાણે વારસાનુ સર્ટીફીકટ નહી હોવા છતાં અસલ કોર્ટે બજાવણીની દરખાસ્ત અયોગ્ય રીતે મંજુર કરેલી છે એવી હરકત લેવાથી કાયદાનો એવો વાસ્તવીક રીતનો સવાલ થતો નથી કે જેથી નામદાર શેહેનશાહની કૌશીલમાં અપીલ કરવાની પરવાનગી હાયકોર્ટ આપી શકે (શુજાઅલી વી. રામકુંવર (૧૮૯૮) ૨૦ અ. ૧૧૮)

કાયદાનો સવાલ છે એવું જણાતું હતું તે કારણથી અપીલ કરવાની પરવાનગી આપવામાં આવે તો તેથી જુના કાયદાની કલમ ૫૯૬ (૪) કલમ ૧૧૦) પ્રમાણે ચાલતામાં આવ્યું થતુ નથી કારણકે તે મુજબ કાયદાનો કાંઇક વાસ્તવીક સવાલ હોવો જોઇએ (કરૂપાનન વી. શ્રી નીવાસન રીતી (૧૯૦૨) ૨૫ મ. ૨૧૫; લા. રી. ૨૯ ઇ. અ. ૩૮; ૬ ક. વી. નોટ ૨૪૧)

ખોરાકી પોશાકી—ખોરાકી પોશાકીની રકમના સવાલમાં હાથ ઘાલવો એવો પ્રીવીકાઉંસીલનો રીવાજ નથી (કાચુ વી. કાચુ (૧૯૦૬) ૧૦ ક. વી. નોટ ૯૫; ૭ મું. લા. રી. ૯૦૭) અથવા સામાન્ય રીતે જે સવાલોનો આધાર એવી હકીકત ઉપર હોય કે જે વીષે હિંદુસ્થાનની રીત અને રીવાજથી જાણીતા હોવાની જરૂર હોય તેમાં હાથ ઘાલવાનો પ્રીવીકાઉંસીલનો રીવાજ નથી (કુંવર વી. સેત્રાપો (૧૯૦૬) ૧૦ ક. વી. નોટ ૨૩૦; ૩ ક. લા. જે. ૮૬)

ફરી તપાસ—પ્રીવીકાઉંસીલમાં અપીલ કરવાની પરવાનગી આપવાના હુકમની ફરી તપાસ થઇ શકે છે (ગોપીનાથ વી. ગોલકચંદ્ર (૧૮૮૯) ૧૬ ક. ૨૯૨ નોટ)

૧૧૧. કલમ ૧૦૯ માં ગમે તે કહેલું હોય તે છતાં— કેટલીક અપીલો કરવાની મનાઇ.

(અ) સન ૧૮૬૧ ના હિંદુસ્તાનના હૈ કોર્ટો બાબતના આકટ પ્રમાણે સ્થપાયેલી હૈ કોર્ટના એક જડજે કરેલા અથવા ડિવિઝન કોર્ટના એક જડજે કરેલા હુકમનામા ઉપર અથવા હુકમ ઉપર, અથવા તે હૈ કોર્ટના બે કે વધારે જડજોએ હુકમનામું અથવા હુકમ કર્યો હોય અથવા એવી હૈ કોર્ટના બે કે વધારે જડજો મળીને થએલી ડિવિઝન કોર્ટના બે કે વધારે જડજોએ હુકમનામું અથવા હુકમ કર્યો હોય અને તે જડજોની સરખી સંખ્યાના બે પક્ષ થયા હોય તથા ઉભય પક્ષમાં જુદા મત પડયા હોય અને તે સંખ્યા હૈ કોર્ટના તે વખતના જડજોની સઘળી સંખ્યાના અડધ કરતાં વત્તી ન હોય ત્યારે તે બે અથવા વધારે જડજોએ કરેલા હુકમનામા અથવા હુકમ ઉપર, અથવા

(બ) કલમ ૧૦૨ પ્રમાણે જે કોઇપણ હુકમનામાઉપર બીજી અપીલ ચાલતી ન હોય તેના ઉપર,

મલીક મુઆઝમ ઇન્ કૌન્સિલને અપીલ ચાલશે નહીં.

સને ૧૮૮૨ના એકટ ૧૪ ની કલમ ૫૮૭.

ટીકા—જુઓ પાછળ કલમ ૯૮ ની નોટ.

૨૪ અને ૨૫ વીક. બાબ ૧૦૪ તે સને ૧૮૬૪ નો હીંદુસ્થાનની હાઇકોર્ટોનો એકટ છે.

૧૧૨. (૧) આ કાયદામાં કહેલી કોઈ વાતથી એમ સમજવું નહીં કેઃ— કાયમ રાખવા બાબત.

(અ) મલીક મુઆઝમ ઇન્ કૌન્સિલને કરેલી અપીલો દાખલ કરવાના અથવા નામંજુર કરવાના અથવા બીજી કોઇપણ રીતે કામ કરવાના સં-

બંધમાં મલીક મુઆઝમની મરજીમાં આવે તે પ્રમાણે સંપૂર્ણરીતે અને પ્રતિબંધ રહિત ચાલવાના અધિકારને હરકત થાયછે; અથવા

(બ) મલીક મુઆઝમ ઈન્ કૌન્સિલને અપીલો આપવાવિશે, અથવા પ્રીવિ-કૌન્સિલની જ્યુડિશિયલ કમિટીની રૂબરૂ તે અપીલો ચલાવવા વિશે તે જ્યુડિશિયલ કમિટીએ જે કંઈ નિયમો કર્યા હશે અને જે વિદ્યમાનકાળે અમલમાં હશે તેમાં કંઈ કમી જાસ્ત થાય છે.

(૨) આમાં લખેલી કંઈ વાત ફોજદારી અથવા આડમીરલ્ટી અથવા વાઈસ આડમીરલ્ટીની હકુમતની બાબતને લાગુ પડતી નથી અથવા પ્રાઈઝ કોર્ટના કંઈ હુકમો અથવા હુકમનામાંઉપર અપીલો થાય તેને લાગુ પડતી નથી એમ સમજવું.

સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની કલમ ૬૧૬.

ટીકા—પ્રીવીકાઉંસીલ કામ ચલાવાની રીતીના કાયદાથી બંધાયલી નથી (લછમીપતસીંગ વી. ખુશુન્નીસા (૧૮૭૦) ૧૪ વી. રી. ૨૮૦) તેમ જે બાબતોથી નારાજી થવામાં આવેલું હોય અને જે ખરી રીતે અપીલ કરવા લાયક ના હોય તે બાબતોમાં અપીલ દાખલ કરવાને સરકારના હકની મર્યાદા રાખેલી નથી (રહીમભાઇ વી. ટરનર (૧૮૯૧) ૧૫ મું. ૧૫૫; લા રી ૧૮ ઇ. અ. ૬; મોર્ટીન વી. લીચ (૧૮૩૭ ૪૧) ૨ મું. ૨. ઇ. અ. ૪૨૮)

અપીલ કરવાની ખાસ પરવાનગી—અપીલ કરવાની ખાસ પરવાનગી પ્રીવી. કાઉંશીલ આપી શકે છે. પણ જ્યારે દાવાવાળી બાબત રૂ. ૧૦૦૦૦) કરતાં ઓછી કીંમતની હોય ત્યારે હાઇકોર્ટના હુકમનામા ઉપર તેઓ અપીલ સાંભળતા નથી (મોહનલાલ વી. દેવીદાસ (૧૮૮૧) ૮ મું. ઇ. અ. ૧૯૨; ૨ વી રી. પી. સી. ૯) સરટીફીકેટ મળવાને સારૂ અરજદારે હાઇકોર્ટને અરજ કરેલી હોય અને તે નામંજુર કરેલી હોય એવું થયેલું ન હોય (ગંગોવાકોમ વી. ઇરાવાકોમ (૧૮૬૯–૭૦) ૧૩ મુર. ઇ. અ. ૪૨૩; પણ જુઓ મતુસામી વી. વ્યંકટેશ્વર (૧૮૬૫) લા. રી. ૧ પી. સી ૧) અને જો પરવાનગી બાબતની અરજીમાં હકીકત ખોટી કહેલી હોય તો તે રદ થવા લાયક છે (મસુરી બેંક વી. રેનર (૧૮૮૧–૨) લા. રી. ૯ ઇ અ ૭૦; ૪ અ. ૫૦૦, તો પણ મતુસ્વામી જગવેરા વી. વ્યંકટેશ્વર ૧૮૬૫) લા. રી. ૧ પી. સી. ૧ અપીલ કરવાની ખાસ પરવાનગી મળવાને કરેલી એક અરજીમાં હિંદુસ્થાનમાં ચાલેલા કામની સામાન્ય હકીકત અને તે કાયદા વીરૂદ્ધ અને ગેરશીરસ્તે છે એવું કહેવામાં આવેલું હોય તો તે બાબત એવો હુકમ કરવામાં આવેલો છે કે આની અરજી કહાડી નાખવી અથવા દુરસ્ત કરાવાને રાખવી કારણ કે તે ઘણી મોઘમ અને સામાન્ય છે. ગોરીમણી વી. જગતચન્દ્ર (૧૮૬૬–૭) ૧૧ મુર. ઇ. અ. ૧) હાઇકોર્ટે તેના તે દાવામાં બેવડું હુકમનામું કરેલું હતું, અપીલમાં એક કરેલું હતું અને બીજુ સામી અપીલમાં કરેલું હતું તેથી એક હુકમનામા ઉપર અપીલ દાખલ કરેલી હતી અને બીજા હુકમનામા ઉપરની અપીલ રદ કરેલી હતી તેથી જ્યુડીશીઅલ કમીટીએ, હાઇકોર્ટે જે જામીન લીધેલા હતા તે કરતાં વધારે માગ્યા શીવાય ખાસ પરવાનગી આપેલી હતી (મહમદ વી. નજીબાન (૧૮૯૭) ૧૯ અ. ૯૫; લા. રી. ૨૩ ઇ. અ. ૧૬૭) જે કામમાં કાયદાનો ભારે સવાલ રહેલો હોય તે કામમાં અપીલ કરવાની ખાસ પરવાનગી પ્રીવીકાઉંસીલ આપે છે (ગુનેશ્વરસીંગ વી. ગણેશદાસ (૧૮૯૮) ૩ ક. વી નોટ ૨૩૮) એક હાઇ જડજે ફરી તપાસ મંજુર કરવામાં પોતાના કારણો લખેલા ન હોય તો તે

કારણથી અપીલ કરવાની ખાસ પરવાનગી આપવાનો સબબ થતો નથી (શંકરબક્ષ વી. બળવંતસીંગ (૧૮૯૦) ૪ ક. વી. નોટ ૨૦૩; લા. રી. ૨૭ ઇ. અ. ૭૯; ૨૭ ક. ૩૨૩) મુદત ગયેથી એક અપીલ છે એમ કરીને હાઇકોર્ટે તે કહાડી નાંખેલી હોય અને તે હાઇકોર્ટે બરોબર કરેલું નથી એવી જ્યુડીશીયલ કમીટીની ખાત્રી થાય નહિં તો તેમાં તે હાથ ઘાલતી નથી (રામનારાયણ જોશી વી. પરમેશ્વર નારાયણ (૧૯૦૩) ૩૦ ક. ૩૦૯ એકની જગોએ રાખવાના કામોમાં જુઓ રીવાજ વીષે હૈદરઅલ્લી વી. તાસદક ૧૬ ક. ૧૮૪ ગોરમોહન વી. નારાસુંદરી (૧૮૯૦) ૧૭ ક. ૬૯૩)

ફરી લેવી—કસુરના કારણથી એકાદી અપીલ કહાડી નાંખેલી હોય તો ખર્ચ વીષે સરત કરીને જામીન આપવામાં આવેતો તે ફાંઇલ ઉપર પાછી લઇ શકાય છે. (રેખીયાબાઇ વી. મહમદ ઇસમાઇલ (૧૮૯૭) ૨૧ મું. ૭૨૩; લા. રી. ૨૪ ઇ. અ. ૧૨૮)

નોટીસ--એકાદી અપીલ ચાલુ છે એવી અપીલના પ્રતીવાદીને ખબર હોય તો કામના કાગળો મોકલેલા છે અથવા સુનાવણી સારૂ તે અપીલ રાખેલી છે એવી બીજી નોટીશ મળવાનો તે અપીલના પ્રતીવાદીનો હક થાય એવો કાંઇ નીયમ નથી (લક્ષીતાપ્રસાદ વી. અઝીઝુદીન (૧૮૯૬-૭) લા. રી. ૨૪ ઈ અ. ૪૯; ૧૯ અ. ૨૦૯)

પુરાવ--હિંદુસ્થાનમાં સાક્ષીઓને માનવાની બાબતનો સવાલ કોર્ટોમાં પ્રખ્યાત છે માટે તે અભીપ્રાયોની ઘણી સખતાઇથી ટીકા જ્યુડીશઅલ કમીટી કરતી નથી (શરીફુન્નીસા વી. શાબાનઅલ્લીખાંન (૧૯૦૪) ૨૬ અ. ૫૮૧)

હકીકતનો ઠરાવ—પ્રીવીકાઉંસીલની એવી ખાત્રી થાય નહી કે પુરાવ દાખલ કરવામાં અથવા તેની બુજ કરવામાં કેટલુંક ખોટી રીતે થએલું છે તો માત્ર હકીકતના ઇસ્યુ ઉપર નીચેની કોર્ટના ઠરાવોમાં હરકત કરવાનો પ્રીવીકાઉંસીલનો રીવાજ નથી (રીચર્ડસન વી. સરકાર (૧૮૬૪) ૧ વી. રી. પી સી ૪૭ ધુલામ મુરતઝા વી. સરકાર (૧૮૬૧-૬૩) ૯ મું. ઇ. અ. ૪૫૬; દવારકાદાસ વી. શીતારામ (૧૮૭૯-૮૦) ૫ ક. લા. ૪૩૦) અસલ કોર્ટના ઠરાવ ઉપર અપીલ કરવાને ખાસ પરવાનગી આપવામાં આવી ના હોય તો, બીજી અપીલ ઉપરની અપીલમાં અસલકોર્ટના હકીકત બાબતના ઠરાવો નામદાર સાહેબોને બંધન કાર્ક છે લછમનસીંગ વી. પના (૧૮૮૯) ૧૬ ક. ૭૫૩; ૧૬ ઇ. અ. ૧૨૫; આનંદ ગુમાનજી વી. ત્રીપુરા (૧૮૮૬-૮૭) લા. રી. ૧૪ ઈ. અ ૧૦૧ પા. ૧૧૦; (૧૮૮૭) ૧૪ ક. ૭૪૦; મનાલાલ વી. ગજરાજ (૧૮૯૦) ૧૭ ક. ૨૪૬) એકાદા સબોર્ડીનેટ જડજના કરેલા હુકમનામા ઉપર માહારાણી ઇનકાઉંસીલને પરભારી અપીલ કરવાને પરવાનગી માગેલી ના હોય તો જે હકીકત હાઇકોર્ટ જોઇ શકે છે તેના ઉપર સુનાવણીનો આધાર રાખવો જોઇએ. અને જે બાબતમાં કાયદાના સવાલો રહેલા ના હોય તે બાબત સબોર્ડીનેટ જડજનો ઠરાવ નીશ્ચયકાર્ક સમજવો જોઇએ (લછમેશ્વરસીંગ વી. મનોવરહોસેન (૧૮૯૧-૯૨) લા. રી. ૧૯ ઇ અ. ૪૮ પા. ૫૩; (૧૮૯૨) ૧૯ ક. ૨૫૩)

હકીકતના એક સરખા ઠરાવો.—ઘણા નક્કી અને સ્પષ્ટ કારણો હાથ ઘાલવાને બતાવવામાં આવેલા ના હોયતો (મોંગથા વી. મોગપાંન (૧૯૦૦) ૨૮ ક. ૧; (૧૮૯૯-૧૯૦૦) ૪ ક. વી. નો. ૮૦૮; લા. રી. ૨૭ ઇ. અ. ૧૬૬) હકીકત બાબતના એક સરખા ઠરાવો સ્વીકારવા એવો નામદાર સાહેબોનો સામાન્ય નીયમ છે (બીરેસ્વર મુકરજી વી. આધારચંદ્ર (૧૮૯૨) ૧૯ ક. ૪૬૧; લા. રી ૧૯ ઇ. અ. ૧૦૧; અશગર રેજા વી. મહેદી હોસેન (૧૮૯૩) ૨૦ ક. ૫૬૦; લા. રી ૨૦ ઇ. અ ૩૮; ધરમચંદ વી. ભવાની મીશ-

રેન (૧૮૯૮) ૨૫ ક. ૧૮૯; સુંદરશીંગ સાંમી (૧૮૯૮-૯૯) લા. રી. ૨૬ ઇ. અ. ૫૫; (૧૮૯૯) ૨૨ મ. ૫૧૫; ઠાકર હરીહર વી. ઠાકર ઊમાન પ્રસાદ (૧૮૮૭) ૧૪ ક. ૨૯૬; લા. રી. ૧૪ ક, ૨૯૬; લા રી. ૧૪ ઇ. અ. ૭; ક્રીશ્ન વી. શ્રી દેવી (૧૮૮૯) ૧૨ મ. ૫૧૨). પણ આ ઊપરથી નામદાર સાહેબોની જે ફરજ તમામ પુરાવ તપાસીને તમામ હકીકત વીશે અભીપ્રાય બાંધવાની છે તેમાંથી તેઊ બચતા નથી (મધુસુદન વી. સરૂપચંદ્ર (૧૮૬૭) ૭ વી. રી. (૧૮૪૬-૫૦) ૪ મુ. ઇ. ૪૩૧; શ્રીમતી વી બાગેંદ્ર નાગયણસીંગ (૧૯૦૩-૪) લા રી. ૩૧ ઇ. અ ૧૨૭; ૩૧ ક. ૮૭૧; ૮ ક વી નો. ૭૪). જુદી જુદી કોર્ટોએ તેના તેજ પુરાવ ઊપરથી તેના તેજ પરીણામ ઠરાવેલોછે, પણ તે ઠરાવવામાં તેઓને બરોબર તેતાતેજ વીચારોથી અમલ થએલો નથી, માટે તે કારણથી તે એક સરખા ઠરાવોના વજનમાં કાંઇ કમી થઇ શકતુ નથી એટલો અભીપ્રાયમાં ભેદ પડવાથી ફકત એવી સુચના થાય છે કે તે પુરાવનો ગમે તેવો વીચાર કરતો પણ તે ઊપરથી એકજ અનુમાન થાય છે (નીલમોનીસીંગ વી. ફીરતીચંદ્ર (૧૮૯૩) ૨૦ ક. ૮૪૭; લા. રી. ૨૦ ઈ. અ. ૯૫). અપીલમાં હાયકોર્ટે પુરાવ લીધો હોય તેથી તે કમીટી પોતાના કુલ અખત્યાર પમાણે ઇસ્યુવાળી હકીકત બાબતના એક સરખા ઠરાવોમાં હરકત કરવા વીરૂધ તે નીયમ લાગુ કરે તેમાં એકાદો અપવાદ રાખવાને કાંઇ કારણ મળતુ નથી (હરીભુશણ વી. ઊપેંદ્ર (૧૮૯૭) ૨૪ ક. ૧; (૧૮૯૫-૯૬) લા. રી. ૨૩ ઇ. અ. ૯૭). આખરના ફેંસલા ઊપરથી જ્યારે દસ્તાવેજના અર્થ વીશે અથવા બીજી કોઇ બાબત કાયદાનો કાંઇ સવાલ ઊતપન્ન થતો ના હોય, અને તેમની રૂબરૂ રજુ કરેલા દસ્તાવેજી અને મુખ જુબાંનીના પુરાવ ઊપરથી બેઊ કોર્ટોના એક શરખા ઠરાવો હોયતો ઠરાવ્યુ છે કે તે અપીલ સાંભળી શકાતી નથી (તુળશી પ્રસાદ વી. બીનાયકમીશર (૧૮૯૫-૯૬) લા. રી. ૨૩ ઇ. અ. ૧૦૨); ૨૩ ક. ૯૧૮). આવા કામમાં જ્યારે કાયદાનો સવાલ ના હોય ત્યારે કાંઇ અપીલ ચાલતી નથી (શકુલબતી મંદ્રાણી વી. બાબુલાલ મંદર (૧૯૦૧) ૨૮ ક ૧૯૦; ૫ ક. વી. નો. ૪૩૫; લછમનલાલ વી. કનહીયાલાલ (૧૮૯૫) ૨૨ ક. ૬૦૯; લા. રી. ૨૨ ઇ. અ. ૫૧). દ્વેશ બુધીથી ફરીયાદ ચલાવ્યા બાબતના દાવામાં દવેશનો કાંઇ પુરાવ નથી અને વ્યાજબી તથા સંભવીત કારણ નથી એ બેઊ વીશે હકીકતના એક સરખા ઠરાવો હોય તો પ્રીવીકૌંસીલે ઠરાવ્યું છે કે તેમાં કાંઇ કાયદાનો સવાલ રહેલો નથી (પેસ્તનજી મોદી વી. કવીન ઇનસ્યુરંસ કંપની (૧૯૦૧) ૨૫ મું. ૩૩૨) જ્યારે એક કોર્ટે મુખ જુબાનીના પુરાવ ઉપર આધાર રાખેલો હોય અને બીજી કોર્ટે દસ્તાવેજી પુરાવ ઉપર આધાર રાખેલો હોય તો તે બાબત પણ તે નીયમ પ્રમાણેની છે (રામ અનુગ્રા વી. હનુમાન શાહી (૧૯૦૩) ૩૦ ક. ૩૦૩; ૭ ક. વી. નો. ૨૨૫; લા. રી. ૩૦ ઇ. અ. ૪૧).

નવા સવાલો—દાવા અરજીમાં ડીસ્ટ્રીકટ જડજની રૂબરૂ અથવા હાઇ કોર્ટની રૂબરૂ એકાદો જે સવાલ ઉઠાવેલો ન હોય તે ન્યુડીશીઅલ કમીટીની રૂબરૂ ઉઠાવી શકાતો નથી (શંભુનાથ વી. સુરજામની (૧૮૯૮) ૨૫ ક. ૧૮૭; લા રી. ૨૪. ઇ. અ. ૧૫૧; ૧ ક. વી. નોટ અને જુઓ ધનકધારી વી. મહાવીર (૧૯૦૭) ૩૪ ઇ. અ. ૧૬૪). અસલ કોર્ટની રૂબરૂ અમુક સવાલ વીશે કાંઇ ઇસ્યુની તપાસ કરેલી ન હોય તો અપીલમાં નામદાર સાહેબોની રૂબરૂ તે ઉઠાવાને પરવાનગી આપવી નહી જોઇએ (ઇમામબાંરી વી. કમળેશ્વરી (૧૮૯૪) ૨૧ ક. ૧૫૦૭, લા. રી. ૨૧ ઇ. અ. ૧૧૮).

ફેરી સુનાવણી.—જ્યુડીશીઅલ કમીટીના ફેંસલાનો રીપોર્ટ કરીને નામદાર શહેન-

શાહ ઇનકાઉંસીલે તે બહાલ રાખેલો હોય તો નવો પુરાવ છે એટલા માત્ર કારણથી તે કામ ફરીથી શરૂ થઇ શકતુ નથી (યારલગાડુ વી. મલીકાર્જુન (૧૮૯૧) ૧૪ મ. ૪૩૯); તો પણ એકાદા પક્ષકારની ખાએશથી ફરી સુનાવણી કરવાની જરૂર પડે તેવી ખાસ હકીકત હોઇ શકે છે (આપા રાવના કામમાં (૧૮૮૭) ૧૦ મ. ૭૩).

અપીલ વાળાએ શું બતાવું જોઇએ.—હાઇ કોર્ટે વાદીના લાભમાં કરેલો ઠરાવ ફેરવાને સારૂ નામદાર સાહેબોને લલચાવાને તેનો હક શક વગરનો નથી એવું બતાવામાં આવે તે કરતાં વધારે પ્રતીવાદીઓએ બતાવું જોઇએ (રાજ કુંમાર વી ગોવીંદચંદ્ર (૧૮૯૨) ૧૯ ક. ૬૭૧; લા. રી. ૧૯ ઇ. અ. ૧૪૭).

એક તરફી અપીલોની સુનાવણી કરવા બાબતનો રીવાજ.—એક તરફી અપીલોની સુનાવણી કરવા બાબતના રીવાજ વિષેનુ તા. ૨૦ માર્ચ ૧૯૦૫ ના રોજનો હુકમ જે તા. ૧૦ જુન ૧૯૦૫ ના હિંદુસ્તાન ગેઝીટના ભાગને પા. ૩૮૫ મે પ્રસીદ્ધ કરેલો છે તે.

ખર્ચ.—અપીલના પ્રતીવાદીઓ હાજર થાય નહિં તો પણ તેઓની અપીલ કહાડી નાંખવામાં આવે એટલે કામની હકીકત રજુ કરતા સુધીનું ખર્ચ તથા ખર્ચ બાબત અરજ કરવાનું ખર્ચ મળવાનો તેઓનો હક થાય છે (શંભુનાથ વી. સુરજારામની (૧૮૯૮) ૨૫ ક. ૧૮૭; (૧૮૯૬–૭) લા. રી. ૨૪ ઇ. અ. ૧૯૧; ૧ ક. વી. નોટ ૬૪૯. વળી જુઓ એક તરફી અરજીમાં ખર્ચ વીષે—મહમદ રહેમતુલ્લા વી. થમાલાપાલી (૧૮૯૮) ૨ ક. વી. નોટ ૧૬૧). જે કાંમમાં જડજે દસ્તુ જે રીતે ઘડેલો તે રીતથી દાવો આડો ગયેલો હોય તો અપીલનું ખર્ચ તે કાંમનું ખર્ચ છે એમ ઠરાવેલું છે (પ્રહલાદસેન વી. રણબહાદુર (૧૮૬૭ ૧૨ મું. ઈ. અ. ૨૮૯; સદરહુ ૩૪૩).

ભાગ ૮ મો.

હકીકત લખી મોકલવા વિશે, ફરી તપાસ વિશે તથા તપાશણી વિશે.

૧૧૩. ઠરાવવામાં આવે તેવી શરતો તથા મર્યાદાને પાત્ર, કોઇપિણ કોર્ટ કોઇ મુકદમાની હકીકત લખી કાઢીને તે હૈ કોર્ટના અભિપ્રાય સારૂ મોકલવાને મુખ્ત્યાર છે, અને તે હૈ કોર્ટ પોતાને યોગ્ય લાગે તેવો હુકમ કરવાને મુખ્ત્યાર છે. હકીકત હૈ કોર્ટને લખી મોકલવાનું.

સને ૧૮૮૨ ના એક્ટ ૧૪ ની કલમ ૬૧૭.

ટીકા—આ કલમ હાઇ કોર્ટ અને પ્રોવીન્શીઅલ સ્મોલકોઝ કોર્ટને લાગુ છે.

રેફરન્સ, ફરી તપાસ અને ફરી વિચાર (રીવીઝન) સબંધીના ઠરાવો સને ૧૮૮૨ ના એક્ટ ૧૪ માં જે હતા તેના તેજ વાસ્તવીક રીતે છે; વીગત આગળ ઓર્ડર ૪૬ અને ૪૭ માં ફરીથી બતાવેલી છે અને જુના કાયદા પ્રમાણે લગતા ઠરાવોનો તે ઓર્ડરોના રૂલોની નોટમાં સંગ્રહ કરેલો છે.

૧૧૪. ઉપર કહ્યા પ્રમાણે પાત્ર રહીને, કોઇપણ શખસની નજરમાં એમ આવે કે :— ફરી તપાસ.

(અ) જે હુકમનામા અથવા હુકમઉપર આ કાયદાની રૂએ અપીલ ચાલતી

હોય પણ તેવી અપીલ ન કરી હોય તે હુકમ અથવા હુકમનામાથી,

(બ) જેનાઉપર આ કાયદાની રૂએ અપીલ ન ચાલતી હોય તેવા હુકમનામા અથવા હુકમથી. અથવા

(ક) સ્માલકાજ કોર્ટે અભિપ્રાયસારૂ લખી મોકલેલી હકીકત ઉપર કરેલા ફેંસલાથી,

મને બરોબર ઈન્સાફ મળ્યો નથી, તે શખસ જે કોર્ટે તે હુકમનામું કે હુકમ કરેલો હોય તેને તેની ફરી તપાસને વાસ્તે અરજ કરવાને મુખત્યાર છે, અને તે કોર્ટ તે બાબત પોતાને યોગ્ય લાગે તેવો હુકમ કરવાને મુખત્યાર છે.

સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની કલમ ૬૨૩.

ટીકા—આ કલમ હાય કોર્ટ તથા પ્રોવીન્શીઅલ સ્મોલ કોઝ કોર્ટને લાગુ છે.

આ કલમથી ફરી તપાસની અરજી કરવાનો સામાન્ય હક ઠરાવેલો છે અને નક્કી કરેલી મર્યાદાની અંદર નીયમો ઠરાવાની મંજુરી આપેલી છે. ઓડર ૪૭, રૂલ ૧ આ કાયદા ઘડનારાઓએ ઘડેલો છે તેથી સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની કલમ ૬૨૩ ના શબ્દે શબ્દ ફરીથી ઠરાવેલો છે. જુઓ તે રૂલની નોટ

૧૧૫. હે કોર્ટના તાબાની કોઈપણ કોર્ટે જે કોઈપણ ફરિયાદ અથવા કામનો ફેસલો કર્યો હોય અને જેનાઉપર અપીલ ચાલતી ન હોય તે ફરિયાદ અથવા કામના કાગળ, તે હૈ કોર્ટ મંગાવવાને મુખત્યાર છે, અને જો— તપાસ.

(અ) એવી તાબાની કોર્ટને કાયદા પ્રમાણે જે હકુમત મળી ન હતી તે હકુમત વાપરી છે એમ દેખાય તો, અથવા

(બ) એવી રીતે જે હકુમત મળી હોય તે એવી તાબાની કોર્ટે વાપરી નથી એમ દેખાય તો, અથવા

(ક) એવી તાબાની કોર્ટે પોતાની હકુમત વાપરવામાં ગેરકાયદાસર અથવા ભારે અનિયમિત રીતે કામ કર્યું છે એમ દેખાય તો,

સદરહુ કોર્ટ તે મુકદમામાં પોતાને યોગ્ય દેખાય એવો હુકમ કરવાને મુખત્યાર છે.

સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની કલમ ૬૨૨.

ટીકા—(આન્દામાન અને નીકોબાર માટે જુઓ સને ૧૮૮૪ ના રેગ્યુલેશન ૧ ની કલમ ૪ અને પંજાબ માટે જુઓ સને ૧૮૮૪ ના એકટ ૧૮ ની કલમ ૭૦ અને સને ૧૮૮૭ એકટ ૧૬ ની કલમ ૩૦ આ કલમ ૩૦ આ કલમ વાવ્ય સરહદ પ્રાંતનીને લાગુ થતી નથી, જુઓ સને ૧૯૦૧ ના વા સરહદ ના કાયદા તથા જસ્ટીસ રેગ્યુલેશનની કલમ ૮૪ (૧૩) સને ૧૮૮૭ ના દાવાના આંક બાબતના એકટ ૭ ની કલમ ૧૧ જુના કાયદાની કલમ ૬૨૨ પ્રમાણે એકાદી જે કોર્ટ રીવીઝનની હકુમત વાપરતી હોય તેને લાગુ થાય છે ! જુઓ તે કલમની રકમ (૪) ચીફ કોર્ટને અથવા પંજાબના ફીનેન્શીઅલ મીશનરની કોર્ટને જુના કાયદાની કલમ ૬૨૨ પ્રમાણે જે અરજીઓ કરવામાં આવે તે ઉપરની કોર્ટ ફી બાબત અને તે પ્રમાણે તે પાછી આપવા બાબત જુઓ સને ૧૮૮૪ના પંજાબની કોર્ટોના એકટ ૧૮ ની કલમ ૭૨ અને ૭૩)

તાબાની કોર્ટો—આ ઠરાવ મુંબાઇના મામલતદારની કોર્ટને લાગુ છે; નાના બબાજીના વી. પાંડુરંગ (૧૮૮૫) ૯ મું. ૫૭; પણ મદ્રાસમાં રેવન્યુ કોર્ટને લાગુ નથી.—વેલી પીરીયા વી. મોઇદીન (૧૮૮૬) ૯ મ. ૩૩૨; અપનદાઇ વી. શ્રી હરી જોશી (૧૮૯૩) ૧૬ મ. ૪૫૧; બાકટ નરસીંહ નાયડુ વી. સુરાન (૧૮૯૪) ૧૭ મ. ૨૯૮; અથવા વા. પ્રા.-રામદયાળ વી. રામાદીન (૧૮૯૦) ૧૨ અ. ૧૯૮)

સ્મોલ કોઝ કોર્ટ—(જુઓ સને ૧૮૮૭) ના એકટ ૯ ની કલમ ૨૫)—આ કલમ ઇલાકાના શેહેરોમાં સ્મોલ કોઝ કોર્ટને લાગુ થાય છે (પ્યારી મોહન વી. હરખચંદ્ર (૧૮૮૫) ૧૧ ક. ૨૬૧) સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની મળતી કલમમાં કલકતા હાઇકોર્ટે ચોથા જડજનો ફેંસલો સ્મોલ કોઝ કોર્ટના પેહલા અને ચોથા જડજે ફેરાવેલો અને વાદીનો દાવો ખર્ચ સાથે કહાડી નાંખેલો હતો તેથી તે હુકમ કલકતા હાઇકોર્ટે ફેરાવેલો હતો. એવું ઠરાવામાં આવ્યું હતું કે તે અસલ હુકમનામું રદ કરવામાં અપીલ કોર્ટનો અખત્યાર તે જડજે એ વાપરેલો છે અને તે એકટ (સને ૧૮૯૫ ના ૧) ની કલમ ૩૮ પ્રમાણે જે હકુમત તેઓને આપેલી છે તે હકુમત કરતાં તેઓએ વધારે કરેલું છે કારણ કે તેવી હકુમત રીવીઝન કરવાની હકુમત છે (સાસુન વી. હરીદાસ ભગત (૧૮૯૭) ૨૪ ક. ૪૫૫; ૧ ક. વી. નોટ ૪૪) માટે જો સ્મોલ કોઝ કોર્ટનો ફેંસલો ખામી ભરેલો હોય તો તે હુકમનામું રદ કરીને હાઇકોર્ટ હાથ ઘાલીને ગુણ દોષ ઉપર તપાસ કરવાને ફરમાવી શકે છે (મલીક રેહમત વી. શીવપ્રસાદ (૧૮૯૧) ૧૩ અ. ૫૩૩ જુઓ વળી હળધર માઇતી વી. ચોયતના માઇતી (૧૯૦૩) ૩૦ ક. ૫૮૮; ૭ ક. વી. નોટ ૫૪૭).

કોર્ટની અસાધારણ હકુમતનો અમલ કરવામાં જે કામોમાં બારે અને બીજી રીતે દુરસ્ત થઇ શકે નહિ તેવો ઘેર ઇનસાફ થયેલો હોય તે કામો શીવાય કોર્ટ હમેશાં હાથ ઘાલતા નથી (રૂસ્તમજી વી. મેકલાઉડ (૧૯૦૬) ૮ મું. લા. વી. ૯૬૯)

અરજ કરવાનો વખત.—નીયમ હમેશાં એવો થયેલો છે કે આ અરજીઓ વાર નહિ કરતાં કરવાની છે (દુર્ગાપ્રસાદ વી. શીવચરણ (૧૮૮૨) ૪ અ. ૧૫૪; બાલ મુકુંદ વી. શીવ જતન (૧૮૮૪) ૬ અ. ૧૨૫); નહિ તો હાઇકોર્ટ તેમાં હાથ ઘાલતા નથી (રાધા મોહન વી. રાજચંદ્ર (૧૮૭૪) ૨૨ વી. રી. ૫૨૨; ભગવતી વી. મણી (૧૮૭૮) ૨ ક. લા. રી. ૫૪૫).

મંગાવી શકે છે.—પક્ષકારોમાંના કોઇ પક્ષકારની અરજી શીવાય કલકત્તા અને અલ્હાબાદ હાઇકોર્ટો આ કલમ પ્રમાણે વર્તી શકે છે (ગોલામ મહમદ વી. સરોડા મોહનમેત્ર (૧૮૭૯) ૪ ક. વી. નોટ ૬૯૫; પ્રાણમલ વી. જાનકીપ્રસાદ (૧૯૦૧) ૨૮ ક. ૬૮૦; ૬ ક. વી. નોટ ૧૧૪ અને દેવીદાસ વી. ઇંઝાઝ હુસેન (૧૯૦૬) ૨૮ અ. ૭૨) એક વેચાણ સબંધી અગ્રકીયા ધીકારવાળાની અરજ ઉપરથી બીજી હાઇકોર્ટોએ પોતાના રીવીઝન કરવાના અખત્યારનો અમલ કરેલો છે (બીશેશર વી. હરીસીંગ (૧૮૮૩) ૫ અ. ૪૨). એકાદા નાદારીના દાવામાં એક હુકમ સબંધી કલેકટરની અરજી બાબત (કેનારાના કલેકટર વી. કીશ્નાપા (૧૮૯૧) ૧૫ મુ. ૭૮; પણ જુઓ વોરા વી. દાઊદભાઇ (૧૮૯૦) ૧૪ મુ. ૩૭૧) અને એક જીલ્લા જડજના રીપોર્ટ ઊપરથી હાયકોર્ટને રીવીઝનનો અખત્યાર વાપરેલો છે (એનથોની વી. ફુપોંટ (૧૮૮૨) ૪ મ. ૨૦૭) કબજા બાબતના દાવામાં મામલતદારનું કરેલું હકમનામું રદ કરવાને હાયકોર્ટને આમંત્રણ કરવાને આ કલમ પ્રમાણે એકાદા કલેકટર રેફરંસ કરી શકતા નથી (પાંડુ વી. બાવડુ (૧૮૯૭) ૨૧ મુ. ૮૦૬)

અપીલ ચાલતી નથી.—જે કામમાં અપીલ ચાલે છે તે કામમાં તે કોર્ટ વર્તી શકતી નથી (સમદરીસ્તો વી. તારાદાશ (૧૮૮૨-૮૩) ૧૨ ક. લા. રી. ૪૪૯; નાઝીર હુશન વી. કેશરીમલ (૧૮૯૦) ૧૨ અ. ૫૮૧; શાહા મનમલ (૧૮૯૦) ૧૨ અ. ૫૮૧; શાહા મનમલ વી. ફ્રાંગાશા બાપાથી (૧૮૯૩) ૧૬ મ. ૨૦; પણ જુઓ ધાપી વી. રામપ્રસાદ (૧૮૮૭) ૧૪ ક. ૭૬૮) જેમકે એક દાવા અરજી રદ કરવાનો હુકમ (ઉમરાવ મીરજાં વી. જોન્સ (૧૮૮૨) ૧૨ ક. લા. રી. ૧૪૮); અથવા એક અપીલની યાદ દાસ્તને મુદતની હરકત છે એમ કરીને ના મંજુર કરેલી હોય (ગુલાબરાય વી. મંગલીલાલ (૧૮૬૫) ૭ અ. ૪૨); અથવા ગીરો આપનારે ગીરોનાં નાણાં આપવાની મુદત વધારવાને સને ૧૮૮૨ ના એકટ ૪ ની કલમ ૮૭ પ્રમાણે હુકમ કરેલો હોય તે એક હુકમનામું છે તેથી તે અપીલ કરવા લાયક છે (રહીમ વી. નેપાળરાય (૧૮૯૨) ૧૪ અ. ૫૨૦); પણ જે કામમાં અપીલ ચાલતી ન હોય તે કામમાં જો અપીલ કરવામાં આવે તો સુનાવણી વખતે આ કલમ પ્રમાણે કોર્ટ વર્તી શકે છે (વ્યંકટામા વી. ચેંગલરાયપા (૧૮૮૪) ૭ મ. ૫૫૫; બીજી રીતે દુર્ગાનારાયણ વી. રામલાલ (૧૮૮૧) ૭ ક. ૩૩૦; દુર્ગાનારાયણ વી. ગોવર્ધન (૧૮૮૧) ૯ ક. લા. રી. ૮૬). જે કામમાં અપીલ ચાલતી હોય તે કામમાં રીવીઝનની અરજી દાખલ કરવા લાયક નથી (તીરૂપતી વી. વીશમ (૧૮૯૭) ૨૦ મ. ૧૫૫)

બીજો ઇલાજ ચાલે છે તે.—અરજદારને જ્યાં સુધી કાંઇ બીજો ઇલાજ હોય ત્યાં સુધી હાઇકોર્ટ સાધારણ રીતે પોતાની રીવીઝનની હકુમતનો અમલ કરતી નથી (ગાઇસ વી. જસરાજ (૧૮૯૩) ૧૫ અ. ૪૦૫; ગોપાળદાસ વી. અલફખાન (૧૮૮૯) ૧૧ અ. ૩૮૩) પણ આ હમેશનો નીયમ નથી (દેવીદાસ વી. ઇજાઝ હુસેન (૧૯૦૬) ૨૮ અ. ૭૨; (૧૯૦૫) અ. વી. નોટ ૧૯૧; ગુલામશાબીર વી. દ્વારકા પ્રસાદ (૧૮૯૬) ૧૮ અ. ૧૬૩). જ્યારે નારાજી થયેલા પક્ષકારોને એક રેગ્યુલર દાવો પોતાનો હક ઠરાવાને કરી શકતો હોય તો હાઇ કોર્ટ આ કલમ પ્રમાણે તેમાં હાથ ઘાલતા નથી (ભંડાલપડ્યા વી. પાંડલપોસ પાટીલ (૧૮૯૮) ૧૨ મું. ૨૨૧). કબજા બાબતના એક દાવામાં મામલતદારે હકુમતની ના કહેલી પણ પોતાની રૂબરૂની હકીકતનો વીચાર કરીને એક નીશ્ચય કરેલો હતો તેમાં મુંબાઈ હાઇ કોર્ટે હાથ ઘાલવાની ના કહેલી છે એવું ઠરાવીને કે નારાજી થયેલા પક્ષકારનો ઇલાજ જુદો દાવો કરવાનો છે (કાશીનાથ વી. નાના (૧૮૯૭) ૨૧ મું. ૭૩૧).

કાંમનો ફેંસલો કરેલો-દરમીયાંન હુકમ.—અસલ હુકમનામા ઉપર જ્યારે અપીલ હોય ત્યારે દરમીયાન હુકમોને આ કલમ લાગુ થતી નથી (ફરીદ અહમદ વી. દુલાની (૧૮૮૪) ૬ અ. ૨૩૩; ચાતરસીંગ વી. લેખરજસીંગ (૧૮૮૩) ૫ અ. ૨૯૩; હૈદ્રબાદના નીઝામના કામમાં (૧૮૮૬) ૯. મ. ૨૫૬; મોતીલાલ કાશીબાઇ વી. નાના (૧૮૯૪) ૧૮ મું. ૩૫, પણ જુઓ વીરૂદ્ધ, ધાળી વી. રામપ્રસાદ (૧૮૮૭) ૧૪ ક. ૭૬૮; અને છત્ર પાળસીંગ વી. રાજારામ (૧૮૮૫) ૭ અ. ૬૬૧ ના કામમાં જસ્ટીસ મહમદ સાહેબનો ફેંસલો.)

હકુમત.—હકુમત એ શબ્દ જુદા જુદા હેતુથી વાપરેલા છે એક હેતુ એવો છે કે દાવાવાળી બાબત વીષેની હકુમત અને માટે જ્યારે એમ કહેવામાં આવેલું હોય કે કોર્ટની રૂબરૂ કાયદેસર પક્ષકારો હોય તેમની બાબત યોગ્ય હકુમતવાળી કોર્ટનું હુકમનામું છે તો ગેરશીરસ્તે અથવા કામ ચલાવવામાં કાયદાની ભુલને લીધે સરખી હકુમતવાળી કોર્ટમાં તે વીષે વાંધો લઇ શકતા નથી (બ્રેન્ડન વી. બીચર (૧૮૩૫) ૩ કલક અને ફીન ૪૭૯; બોવન વી. ઇવન્સ (૧૮૪૬) ૨ એચ. એલ. કેસ ૨૫૭; કોલાશેરી વી. કોલાશેરી (૧૮૮૨)

૪ મ. ૧૩૧) પ્રીવીકાઉન્સીલના નામદાર સાહેબોએ કેટલાક કામોમાં કામ ચલાવાની રીતીમાં ગેર રીસ્તે થયા વીરૂદ્ધ તે શબ્દનો આ હેતુથી ઉપયોગ કરેલો છે (લેગર્ડ વી. બુલે (૧૮૮૫–૬) લા. રી. ૧૩ ઈ. અ ૧૩૪; (૧૮૮૭) ૯ અ. ૧૯૧ પીલાઇ વી. પીલાઇ (૧૮૭૪–૫) લા. રી. ૨ ઇ. અ. ૨૧૯ પા. ૨૩૩) એક બીજો એવો નીયમ છે કે એકાદા એકટના ઠરાવથી એકાદી કોર્ટને જ્યારે હકુમત આપેલી હોય અને તે એકટમાં બતાવેલી અમુક સરતોથી ફકત તે અપેલી હોય તો તે હકુમત ઉત્પન કરવાને અને તે વીષે તકરાર કરવાને તે સરતો પ્રમાણે ચાલવું જોઇએ કારણ કે જો તે સરતો પ્રમાણે ચાલવામાં ન આવે તો તે હકુમત ઉત્પન થતી નથી (નસરવાનજી વી. મૈનુદીન (૧૮૪૯–૫૭) ૬ મુર. ઇ. અ. ૧૩૪ પા. ૧૫૫) માટે પેહલા પ્રકારની હકુમતના દાખલા તરીકે કજીયાની બાબત જો દાવો ન હોય તો કલમ ૮૬ પ્રમાણે અપીલ કોર્ટને અપીલ સાંભળવાની બીલકુલ હકુમત નથી (મીનાક્ષી વી. સુબ્રમન્ય (૧૮૯૬–૭) લા. રી. ૨૪ ઇ. અ. ૧૬૦; (૧૮૮૮) ૧૧ મ. ૨૬; લાડલી વી. રાજો (૧૮૮૯) ૧૩ મું. ૬૫૦) અને બીજા પ્રકાર સબંધી જુના કાયદાની કલમ ૫૨૧ (જુઓ પ્રશીષ્ટ) ના ઠરાવ પ્રમાણે કોર્ટે આપેલી મુદતની અંદર લવાદનો ઠરાવ કરેલો ના હોય તો તે ઠરાવની રૂઇએ એકાદી કોર્ટ ફેસલો આપી શકતી નથી (હરનારાયણ વી. ભગવન કુંવર (૧૮૯૦–૧) લા. રી ૧૮ ઇ. અ. ૫૫; ૧૩ અ. ૩૦૦) તેમ (મુદતના એકટમાં ઠરાવેલું છે તે પ્રમાણે પુખ્ત કારણ છે એવી ખાત્રી થયા શીવાય ૯૦ દીવસ પછી ફરી તપાસ કરી શકતી નથી (લછમણસીંગ વી. સમશેર (૧૮૭૪–૫) લા. રી ૨ ઇ. અ ૫૮ અથવા જુના કાયદાની કલમ ૬૨૯ (ઓર્ડર ૪૬, રૂલ ૭) ફરી તપાસમાં કરેલા હુકમની ફરી તપાસ કરવાને મનાઇ કરેલી હોય (મહમદ યુસફ વી. અબદુલ (૧૮૮૮–૯) લા. રી. ૧૬ ઇ અ. ૧૦૪) તેમ એક બીજી કોર્ટમાં દાવો દાખલ કરેલો તેની સુનાવણી ચાલતી હોય અને તે બીજી કોર્ટ જુના કાયદાની કલમ ૪૯૨ (ઓર્ડર ૩૯ રૂલ ૧) પ્રમાણે તાકીદ હુકમ કહાડવાને ના કહેલી હોય તો હારેલા પક્ષકારની અરજી ઉપરથી મીલકતનું લીલામ બંધ રાખવાને દાખલ કરી શકાતી નથી (બ્રજેન્દ્રકુમાર વી. રૂપલાલ (૧૮૮૬) ૧૨ ક. ૫૧૫) અને આ કલમ પ્રમાણે જે સરતો છે તે હોય નહિ તો પ્રીવીકાઉન્સીલના નામદાર સાહેબો એ ઠરાવ્યું છે કે તે કામમાં કોર્ટને હકુમત નથી (નીધીલાલ વી. મઝાર હુસેન (૧૮૮૫) ૭ અ ૨૩૦ ના ઠરાવનો મુકાબલો કરો; અમીર હસેન વી. શીવબક્ષ (૧૮૯૩–૪) લા. રી. ૧૧ ઇ અ ૨૩૭ વળી જુઓ શીવ વી. જમા (૧૮૮૩) ૭ મું. ૩૪૧ પા. ૩૫૮; હરીપ્રસાદ વી. જાફરઅલી (૧૮૮૫) ૭ અ. ૩૪૩) આ તમામ કામોમાં ચાલેલુ કામ નીરઅર્થક છે અને કબુલતથી તે ખાનગી દુરસ્ત કરી શકાતી નથી (લછમનસીંગ વી. સમશેર (૧૮૭૪–૫) લા. રી. ૨ ઇ. અ. ૫૮; નસરવાનજી વી. મૈનુદીન (૧૮૪૯–૫૭) ૬ મુર. ઇ. અ. ૧૩૪; લેગર્ડ વી. બુલ (૧૮૮૫–૬) લા. રી. ૧૩ ઈ. અ. ૧૩૪; ૯ અ ૧૯૧)

એકાદા જો કાંમમાં જડજો જે હકુમત વાપરવાનો તેમને અખત્યાર ના હોય તે હકુમત વાપરેલી હેય અથવા તે વાપરવામાં પોતાના હકુમત કરતાં તે વધારે વાપરે (સબજાન અસ્તાગરના કાંમમાં બં. લા. રી. (એફ. બી. ૫૩૧); (૧૮૬૬) ૬ વી. રી. પરચુરણ ૭૭ વળી જુઓ પીયારી મોહન વી. હરનચંદ્ર (૧૮૮૫) ૧૧ ક. ૨૬૧; અને મહમદ હમીલાહુલ વી તોહારનીસા (૧૮૯૮) ૨૫ ક. ૧૫૫; ૧. ક. વી. નો ૬૫૨ વળી જુઓ મનમોહીની વી. નરનારાયણ (૧૮૯૯) ૪ ક. વી. નો. ૪૫૬); અથવા ગેર કાયદે અથવા મુદ્દામ

ગીરસ્તે વર્ત્યા હોય તો મહમદ સુલેમાન વી. ફાતમા ૧૮૮૭) ૯ અ. ૧૦૪) તેમઅને આ કલમ લાગુ થાય છે. એકાદી જે કોર્ટની હકુમતના હોય તેમ છતાં તે કોર્ટે એક અપીલ સાંભળી હોય તો આ કલમ લાગુ થય છે (ફકનીરોયના કામમાં (૧૮૭૦) ૧૪ ક. વી.રી. ૨૫૪); અને જો તેમના ફેંસલા ઊપર બીજી અપીલ કરેલી હોયતો હાયકોર્ટ આ કલમ પ્રમાણે કામ ચલાવી શકે છે (ભયરબચંદ્ર વી. વજીદુનનીસા (૧૮૮૦) ૬ ક. લા. રી. ૨૩૪; શામરાવ વી. નીલોજી (૧૮૮૬) ૧૦ મુ ૨૦૦; બીનોદમોહીની વી. સારનચંદ્ર (૧૮૮૨) ૮ ક. ૮૩૭; પણ જુઓ દુરગા નારાયણ વી. ગોબરધન (૧૮૮૧) ૯ ક. લા. રી. ૮૬; વળી જુઓ દુરગાનારાયણ વી. રામલાલ (૧૮૮૧) ૭ ક. ૩૩૦, નો ફેંસલો ઊપર બતાવેલો છે, અને તે ઊપર ચડતા દરજાની કોર્ટે એક અપીલ સાંભળેલી તેથી મેળ હુકમો રદ કરેલા હતા; અનામલાઈ ચેતી વી. મથુશીંગ (૧૮૭૦-૧) ૬ મ. હા કો. ૩૬૯ તેમ વળી મામલતદારનો કામનો થોડી મુદત સારૂ એક કારકુન ઇનચાર્જ હતો તેણે એક કબજા બાબતના દાવામાં હુકમનામું કરેલું હતું; નીગાપા વી. હહાપા (૧૮૯૭) ૨૧ મુ. ૫૮૫). જે હકીકત ઊપરથી તાબાની કોર્ટની હકુમતની ખાંમીનુ અનુમાન થઇ શકતુ હોય તે કામના કાગળો જોતાં જે દેખીતી હોયતો અલ્હાબાદ હાયકોર્ટ રીવીઝનમાં હાથ ઘાલતા નથી (મીહર અલી વી. મહમદ (૧૮૯૨) ૧૪ અલ્હા. ૪૧૩).

પ્રીવીકૌસીલના નામદાર સાહેબો દાવો દાખલ કરવાથી તે આખર હુકમનામાં સુધી સામાન્ય કામ ચલાવવાની રીતીની કાયદાની કોઇ કલમનો ભંગ કરવાથી હકુમતને હરકત થાય છે એવુ ઠરાવવને ધીમા રહેલા છે, અથવા તે ગેર શીરસ્તે કરયા કરતાં વધારે છે એવુ ઠરાવવાને ધીમા રહેલા છે. તે બાબતના બે ઠરાવે છે તેમાં લવાદી સંબંધી છે (હરનારાયણ વી ભગવંત કુંવર (૧૮૯૧) ૧૩ અલ્હા. ૩૦૦; લા. રી. ૧૮ ઇ. અ. ૫૫), અને મુદત વીત્યા પછી એક ફરી તપાશ દાખલ કરયા બાબતનો છે (લછમનસીંગ વી. સમશેર (૧૮૭૪-૫) લા. રી. ૨ ઇ. અ. ૫૮), અને તેમાંના એકનો દાવા અરજીથી તે છેવટ નીકાલ સુધીની સામાન્ય કામ ચલાવવાની રીતીમાં સમાશ થઇ શકે કીંવા નહી એવો શક રાખી શકાય છે. જુઓ " ફરી તપાશ કરવાનો અખત્યાર " પાછળ પહેલી અપીલ . કોર્ટને કાયદા પ્રમાણે આપવામાં આવેલી નહી એવી હકુમતના તે કોર્ટે અમલ કરેલો હોયતો હાયકોર્ટ પોતાના રીવીઝન કરવાના પોતાના અખત્યાર પ્રમાણે તેમાં હાથ ઘાલવાને બંધાએલી છે (રામાશામી ચેતીયર વી. ઓર (૧૯૦૩) ૨૬ મ. ૧૭૬. પણ જુઓ પરમેશ્વદને વી. વીશ્નુ (૧૯૦૪) ૨૭ મ. ૪૭૮).

મામલતદારની કોર્ટ.—મામલતદારની કોર્ટમાં ગ. એ. ૫. ઊપર કબજા બાબતનું હુકમનામું મેળવ્યું, અને મામલતદારે બજાવણીમાં ક. પાસેથી કબજો છોડાવવાને ફરમાવ્યું કારણ કે તે કનો કબજો હતો, પણ તે હુકમનામામાં તે પક્ષકાર નહોતો. તેમાં ઠરાવ્યું છે કે મામલતદારનો તે હુકમ હકુમત વીનાનો છે તેથી તે હુકમ આ કલમ પ્રમાણે રદ કરવામાં આવ્યો (ચીનાયા વી. ગંગાયા (૧૮૯૭) ૨૧ મું. ૭૭૫; નથેખાં વી. અબદુલ અલી (૧૮૯૪) ૧૮ મું ૪૪૯)

દક્ષણના ખેડુતના બચાવનો એકટ.—સને ૧૮૭૯ ના મુંબાઇના એકટ ૧૭ પ્રમાણે એક સ્પેશીઅલ જડજે તાબાની કોર્ટનુ હુકમનામું પોતાનો ફુલ અખત્યાર વાપરીને રદ કરેલું હતુ તો ખાશ હકીકત શીવાય તેમાં હાય કોર્ટ હાથ ઘાલતા નથી (રાયચંદ વી. બીમબાઇ (૧૮૯૪) ૧૮ મુ ૩૪૭ તેમજ વળી જુઓ શીધુ વી. બાલી (૧૮૯૧) ૧૫ મું. ૧૯૦; અને ગુરૂબસાયા વી. છનમાલાપા (૧૮૯૫) ૧૯ મુ. ૨૮૬; રામસીંગ વી. કીશનસીંગ

(૧૮૯૫) ૧૯ મુ. ૧૧૬). એક સ્પેશીયલ જડજે પોતે એક એક તરફી હુકમ કરેલો તેની ફરી તપાસ કરવાનો આ એકટ પ્રમાણે તેમને અખત્યાર છે, અને તે કલમ પ્રમાણે આવા એકાદા હુકમમાં હાય કોર્ટ હાથ ઘાલતા નથી (રામચંદ્ર વી. દ્રુપદી (૧૮૯૬) ૨૦ મુ. ૨૮૧). તેઓએ નીચેની કોર્ટના હુકમનામાની ફરી તપાસ વાદીએ બતાવેલા કારણથી કરે નહી તો તે હુકમનામામાં તેણે ફેરફાર કરી શકે છે (બાલકીશ્ન વી. માહાદેવ. (૧૮૯૮) ૨૨ મુ ૫૨૦). એક સબોર્ડીનેટ જડજે ઠરાવેલુ કે તે એકટ પ્રમાણે દાવો કરનાર વાદી ખેડુત નથી તો "રીવીઝન"માં તે વાદી ખેડુત છે એવુ ઠરાવવાને સ્પેશીયલ જડજને હકુમત નથી, માટે તેવો હુકમ આ કલમ પ્રમાણે રદ કરવામાં આવે છે (લક્ષ્મણ વી. રામચંદ્ર (૧૮૯૯) ૨૩ મુ. ૩૨૧).

સ્મોલ કોઝ કોર્ટ—સને ૧૮૮૭ ના એકટ ૯ ની ક. ૧૫૭ પ્રમાણે સ્મોલ કોઝ કોર્ટે એક હુકમ કરેલો હોય તો આ કલમ પ્રમાણે અથવા પ્રોવીનશીયલ સ્મોલ કોઝ કોર્ટની કલમ ૨૫, અથવા ૨૪ અને ૨૫ ચી. ક. બાબ. ૧૦૪ ની ક. ૧૫ પ્રમાણે હાય કોર્ટને તેમાં હાથ ઘાલવાનો અખત્યાર નથી (કલકતા કારપોરેશન વી ભુપતી રાય (૧૮૯૯) ૨૬ ક. ૭૪). સને ૧૮૯૯ ના એકટ ૩ પ્રમાણે ઠરાવેલી મ્યુનીસીપલ કીંમતની વ્યવસ્થા કરવાને કલકત્તાની સ્મોલ કોઝ કોર્ટને હકુમત છે માટે આ કલમ પ્રમાણે હાય કોર્ટ તેમાં હાથ ઘાલી શકતા નથી. (કલકત્તા કારપોરેશન વી મોહન (૧૯૦૧-૨) ૬ ક. વી. નોટ ૪૮૦).

હકુમતનો અમલ કરવાને નીશફળ થવું તે.—એકાદા જડજ પોતાના અખત્યારનો ભુલ ભરેલો વીચાર કરીને ચાલવાને ના કહે તો તે બાબત ને આ કલમ લાગુ થાય છે. શીવ વી. જોમા (૧૮૮૩) ૭ મું. ૩૪૧ પા. ૩૫૨). જેમકે પોતાને દાવો સાંભળવાને હકુમત નથી એવું આધાર વગરનું માની તે દાવા અરજી પાછી આપવામાં આવે (ઝામીરાણી વી. ફતે અલી (૧૯૦૫) ૩૨ ક. ૧૪૬). જો એકાદા જડજ પાછુ આપવાને ના કહે એવા કારણથી કે એક દાવો કરી માગવું જોઇએ (નીલમની સીંગ વી તારાનાથ (૧૮ ૨) લા. રી. ૯ ઈ. અ. ૧૭૪; (૧૮૮) ૯ ક ૨૯૫. પા. (૨૯૭-૯). અથવા પોતાને હકુમત નથી તે કારણથી એક હુકમનામું બજાવાને ના કહે (શામરાવ વી. નીલોજી (૧૮૮૬) ૧૦ મું. ૨૦૦'; અથવા દાવાનું કારણ ઉત્પન્ન થયું નથી એવું ઠરાવીને એકાદો દાવો કહાડી નાંખે (રામા વી કુંજી (૧૮૮૬) ૯ મ. ૩૭૫), અથવા એકાદુ વેચાણ રદ કરવાના કારણ તરીકે કપટનો આરોપ સાંભળવાને ના કહે (સુબાજી વી. શ્રીનીવાસ (૧૮૮૨) ૨ મ. ૨૬૪, બ્રીજમોહન વી. રાય ઉમાનાથ ૨૦ ક. ૮; લા. રી. ૧૯. ઇ. અ. ૧૫૪), અથવા જે બાબતને કલમ ૫૪૪ (ઓર્ડર ૪૧, રૂલ ૪) લાગુ થતો હોય તે બાબતને તે લાગુ થતો હોય તે બાબતને તે લાગુ થતો નથી એવું ખોટી રીતે ધારે (શેશાદ્રી વી. કીષ્નુન (૧૮૮૫) ૮ મ. ૧૯૨), અથવા કલમ ૨૭૮ (ઓર્ડર ૨૧, રૂલ ૫૮) પ્રમાણે એકાદી ફરીયાદની તજવીજ કરવાને ના કહે (જમીલા વી. લછમન (૧૮૭૯) ૪ ક. લા. રી ૭૪), અથવા કલમ ૩૧૦ (ઓર્ડર ૧ રૂલ ૮૯) નો ઠરાવ લાગુ થતો નથી એવું ખોટી રીતે ધારે (જગદાનંદ વી. અમ્રીતલાલ (૧૮૯૫) ૨૨ ક ૭૫૮), તો તેમનો હુકમ રદ કરી શકાય છે પણ એકાદા જડજ હકુમતનો જો કે ભુલ ભરેલી રીતે અમલ કરે તો પણ તે કલમનો આ ભાગ લાગુ થતો નથી (સ્બાલાખાંનમ વી નુરજાહન (૧૮૮૬) ૧૩ ક. ૯૦; અમીરહસન વી શીવબક્ષ (૧૮૮૫) ૧૧ ક ૬; લા. રી. ૧૧ ઇ. અ. ૨૩૭; અને જુઓ કીષ્નુમોહીની વી. કેદાર નાથ (૧૮૮૮) ૧૫ ક. ૪૪૬; અમ્રીતરાવ વી. બાળ-

ક્રીષ્ણુ (૧૮૮૭) ૧૧ મું. ૪૮૮; કસ્તામા વી. ચાપા (૧૮૯૪) ૧૭ મ. ૪૧૦; મથુરાનાથ વી. ઉમેશચંદ્ર (૧૮૯૬–૭) ૧ ક. વી. નોટ ૬૨૬; સદરહુ ૬૩૩ અને (૧૯૦૬) ૨૮ અ. ૮૪). દાવાનો એકાદો સખસ પક્ષકાર ન હોય અને તે પક્ષકારની ખાએશ ઉપરથી એક હુકમનામું બજાવવાનો હુકમ કરવાને એક જડજે ના કહેલી હોય તો ઠરાવ્યું છે કે તેમણે કાયદા પ્રમાણે પોતાની હકુમતનો અમલ કરેલો નથી (નથુભાઇ વી. નાના (૧૮૯૫) ૧૯ મું. ૫૪૪). એક નાદારીમાં કરેલો દાવો રદ કરવામાં આવેલો હતો પરંતુ તે ઉપર જે કોર્ટ ફી વાદી પાસેથી વસુલ કરવાની તે વસુલ કરવાનો હુકમ જડજે કરેલો નહોતો. માટે આ કલમ પ્રમાણે તે હુકમનામું હાઇ કોર્ટે દુરસ્ત કરેલુ હતુ (કેનેરાના કલેકટર વી. રામભટ (૧૮૯૪) ૧૮ મું. ૪૫૪. વળી જુઓ વીઝાગાપટ્ટમના કલેકટર વી. અબદુલ કરીમ (૧૮૯૮) ૨૧. મ. ૧૧૩).

ગેર કાયદે વર્તવું—હકુમતની અંદર કામ ચલાવવાની રીતીને "ગેરકાયદે વર્તવું" એ શબ્દો લાગુ કરવાને સહેલી બાબત નથી. કારણકે જે કાયદો તોડવામાં આવ્યો હોય તે હુકમ તરીકેનો હોય તો તે તોડવાથી હકુમતનો ભંગ થાય છે અને જો તે તેવો ના હોય તો, તે ફકત ગેરશીરસ્તે છે, તો પણ કલકતા હાયકોર્ટે તે આગલા હેતુથી વાપરેલા છે, એવું ઠરાવેલું છે, અને તે બાબા પ્રીવીકાઉંસીલના નામદાર સાહેબોએ પસંદ કરેલી છે (લછમનસીંગ વી. સમશેર (૧૮૭૪–૭૫) ૨ ઇ. અ. ૫૮) પા. ૫૯; અને જુઓ મહમદયુસફ વી. અબદુલ (૧૮૮૮–૮૯) લા. રી. ૧૬ ઇ. અ. ૧૦૪; મણીસા વી. સીયાલી (૧૮૮૮) ૧૧ મ. ૨૨૦; પા. ૨૨૯; વીશ્વંબર વી. વાસુદેવ (૧૮૯૨) ૧૬ મું. ૭૦૮; સલામવા વી. માર્ટયાવા (૧૮૯૨) ૧૬ મું. ૭૧૧) આ પેટા કલમનો જે અર્થ કરવાનો છે તે નક્કી ઠરાવેલો નથી. એકાદા જડજની હકુમત હોય તો પણ જો એક કામમાં તેઉ પક્ષકાર હોય અથવા તેમનું હીત હોય તેમ છતાં તે દાવો અથવા કામની સુનાવણી પોતે કરેલી હોય અથવા એક બીજા હોદામાં તેમણે એક હુકમનામું અથવા હુકમ કરેલો હોય તેમ છતાં તે ઉપરની અપીલની તેમણે સુનાવણી કરેલી હોય સને ૧૮૮૭ ના એકટની કલમ ૩૮; અથવા અમુક હકીકત પોતાના જાણવામાં આવેલી હોય તેનો ઉપયોગ તે કામમાં કરેલો હોય તો તે જડજે ગેરકાયદે વર્તેલા થાય છે (હરપ્રસાદ વી. શીવદયાળ લા. રી. (૧૮૭૫–૭૬) ૩ ઇ. અ. પા. ૨૮૫–૮૬ ૨૬ વી. રી. ૫૩) પણ તેમણે પોતાના આખરના ફેંસલામાં ફકત ભુલ કરેલી હોય તો તેથી તેઉ ગેરકાયદે વર્તેલા છે એમ થતું નથી (અમીરહસન વી. શીવબખમ (૧૮૮૩–૮૪) લા. રી. ૧૧ ઇ. અ. ૨૩૭; ૧૧ ક. ૨૨૦ પા. ૨૨૯) પરંતુ એવું ઠરાવેલું છે કે ઇસ્યુ ઉપરાંત જોઇને જો ફેંસલો કરેલો હોય (ગોરમ વી. વીઠલ (૧૮૮૭) ૧૧ મું. ૪૩૫; અથવા શાબેતી ટેકો મળ્યા વીનાનું હોય શીલંડશ વી. વીલકીનશન (૧૮૮૭) ૯ અ. ૩૫૮) અથવા તેમણે એવું ઠરાવેલું હોય કે અમુક કાયદાને લીધે દાવો ચાલતો નથી. (જગબંધુ વી. જદુઘોસ (૧૮૮૮) ૧૫ ક ૪૭) તો આ શબ્દોના હેતુ પ્રમાણે તે જડજ ગેરકાયદે વર્તેલા છે. બે હુંડીઓ ઉપર છાપવાળા સ્ટેપની ખામી હતી તેમ છતાં તે હુંડીયોની રૂઇએ કરેલા દાવામાં જડજે હુકમનામું કરેલું હતું તેથી મુંબાઇની હાયકોર્ટે તેમનો ફેંસલો આ કલમ પ્રમાણે ફેરવેલો છે (ચેનબસાપા વી. લક્ષમણ (૧૮૭૪) ૧૮ મું ૩૬૯; વળી જુઓ ફતેચંદ વી. કીશન (૧૮૯૧) ૧૮ મું. ૬૧૪ પણ જુઓ મુળજી વી. લીંગુમકાજી (૧૮૯૭) ૨૪ મું. ૨૦૧) એક પ્રોબેટના કામમાં તે પ્રોબેટમાં હીત રાખતા એક સખસને તે કામમાં હાજર થઇને તે પ્રોબેટ આપવાના સામી તકરાર કરવાને જડજે પરવાનગી આપેલી નહી, પણ તે હુકમ ઉપર અપીલ ચાલતી નથી, તેથી કલકતા હાઇકોર્ટે ઠરાવેલું છે કે તે જડજે

કાયદા વીરૂધ કરેલું છે તેથી સને ૧૮૮૨ના એકટ ૧૪ની આવીજ કલમ પ્રમાણે તેમાં હાથ ઘાલેલો હતો (ખેતરમણી વી શ્યામચરણ (૧૮૯૪) ૨૧ ક. ૫૩૯). એક પટો રજીસ્ટર કરાવવાની જરૂર છતાં તે રજીસ્ટર કરાવેલો નહી તો પણ તે પટો એક જીલ્લા જડજે પુરાવમાં લીધો હતો તેથી તે પોતાની હકુમતનો અમલ ગેરકાયદે કરે છે, માટે આ કલમ પ્રમાણે તેમનું કરેલું હુકમનામું રદ કરી શકાય છે (ગુરૂનાથ વી. ચેનબશાપા (૧૮૯૪) ૧૮ મુ. ૭૪૫). એકાદા શાથે રાખનારને પોતાની જમીનના માલેકનો હક ઇનકાર કરવાની એક મામલતદાર પરવાનગી આપે તો તેથી તે ગેરકાયદે વર્તેલા થાય છે (પટેલ કીલાભાઇ વી. હરગોવન (૧૮૯૫) ૧૯ મુ. ૧૩૩) વીઝીગાપટમના શેડયુલ જીલ્લાના ગવરનરના એજંટે અરજદારના વકીલને સાંભળવામાં આવેલો નથી તે કારણથી સને ૧૮૯૦ ના વાલી અને પાલકના એકટ પ્રમાણે એકતરફી હુકમ કરેલો તે મદ્રાસ હાયકોર્ટ રદ કરી શકે છે (ચકપાંની વી. વર્તલામા (૧૮૯૫) ૧૮ મ. ૨૨૭).

બીજી બાજુ તરફ અમુક બાબતને " રેસજયુડીકેટા " ની હરકત થાય છે કીંવા નહી તેનો નીર્ણય કરવાનો એકાદી કોર્ટને અખત્યાર હોય (હરી વી. નારો (૧૮૮૫) ૯ મુ ૪૩૨) અથવા તેને મુદતની હરકત છે કીંવા નહી તેનો નીર્ણય કરવાનો તે કોર્ટને અખત્યાર હોય તેમ છતાં તે બાબતને તેથી હરકત નથી અને તેની વ્યવસ્થા કરવાને કાંમ તે કોર્ટે ચલાવેલું હતું તેથી ' રીવીઝન " કરવાને કાંઇ કારણ મળતું નથી (સુદરસીંગ વી. દોરૂશંકર (૧૮૯૮) ૨૦ અ. ૭૮). એક દસ્તાવેજ પુરાવમાં દાખલ કરવા લાયક નથી એવું ઠરાવીને ભુલથી નામજુર કરેલો હતો તે માત્ર કાયદાની ભુલ છે તેથી ગેરકાયદે અથવા મુદ્દાંમ ગેરશીરસ્તે કરેલું થતું નથી (માધવરાવ વી. ગુલાબભાઇ (૧૮૯૩) ૨૩ મુ. ૧૭૭ પણ જુઓ શતોકુંવર વી. ગોપાળશાહુ (૧૯૦૭) ૩૪ ક ૯૨૯ અને મહંત વી. લખાઇ (૧૯૦૭) ૧૧ ક. વી. નો. ૧૧૧). એક દસ્તાવેજનો હેતુ પુરાવમાં કોર્ટે બરોબર સમજેલી ના હોય તેથી હાયકોર્ટે રીવીઝનમાં હાથ ઘાલી શકે તેવું કારણ બનતું નથી (દશરથરાય વી. શીવદીનરાય (૧૮૯૪) ૧૬ અ. ૩૯).

મુદ્દાંમ ગેરશીરસ્તે—કામ ચલાવવાની રીતીમાં ગેરશીરસ્તે કરવાથી તે કાંમના ગુણ દોષ બાબતના ફેંસલામાં ભુલ થાય તેવો આ શબ્દોનો હેતુ છે (બદામીકુંવર વી. દીનુરાય (૧૮૮૬) ૮ અ. ૧૧૧; શીવબક્ષ વી. શીવચંદ્ર (૧૮૮૬) ૧૩ ક. ૨૨૫; પણ જુઓ મનીશા વી. શીયાલી (૧૮૮૮) ૧૧ મ. ૨૨૦). આ પેટા કલમનો ઇરાદો તાબાની કોર્ટોએ બારે દેખાતી ભુલો કરેલી હોય તે બાબત હાયકોર્ટ હાથ ઘાલી તે દુરસ્ત કરીને થતો તે ભુલથી થતો ઘણો ભારે ગેરઇનસાફ અટકાવવાનો છે (ભગવાન રાંમાનુજ વી. ખેતરમણી દાસી (૧૮૯૬) ૧ ક. વી. નો. ૬૧૭; રઘુનાથ ગુજરાતી વી. છત્રપતસીંગ (૧૮૯૬) ૧ ક. વી. નો. ૬૩૩). જેમ કે ફક્ત એક ઇસ્યુની તપાસ કરવામાં આવે અને એકાદો ખોટો હોય તો તે મુદ્દાંમ ગેરશીરસ્તે છે (બદ્રાપા વી. નરસીંગરાવ (૧૯૦૫) ૨૯ મુ. ૨૧૩; એક હુકમનામું ફેંસલાથી જુદુ હતુ તેમ છતાં તે હુકમનામું દુરસ્ત કરવાને એક કોર્ટે ના કહેલી હતી. તેમાં ઠરાવ્યું છે તે પ્રમાણે કરવાથી કોર્ટે ગેરકાયદે કરેલું છે અને તેથી મુદ્દાંમ ગેરશીરસ્તે થાય છે માટે તેમના હુકમનું " રીવીઝન " કરવા લાયક છે (બાલમુકંદ વી. શીવજતન (૧૮૮૪) ૬ અ ૧૨૫). એકાદો સખસ પ્રતીવાદી છે, એવું બતાવેલું નહી તેમ છતાં ટપાલ મારફતે તે સખસને સમન્સ આપવાથી બરોબર બજાવણી થએલી છે, એવું ગણવામાં આવે તો તે મુદ્દાંમ ગેરશીરસ્તે છે (જગનનાથ વી. શાસુન (૧૮૯૪) ૧૮ મુ. ૬૦૬). એક દાવો કાહાડી

નાંખેલો હતો તેથી વાદીએ અપીલ કરી તે સાથે નવેસર દાવો કરવાની પરવાનગી સાથે તે દાવો કાહાડી લેવાની અરજ કરેલી હતી. અપીલ કોર્ટે પોતાને હુકમ કરવાના કારણો બતાવ્યા વીના તે અરજી મંજુર કરી તેમા ઠરાવેલું છે કે અપીલ કોર્ટે મુદ્દામ ગેરશીરસ્તે વર્તેલા છે (વીરૂપતી વી. મદુ (૧૮૮૮) ૧૧ મ. ૩૨૨); ફકત બારીકાઇ ઉપરથી નીચેની કોર્ટનો ફેંસલો આ કલમ પ્રમાણે રદ કરવો જોઇએ (અસરફલાલ વી. બરાબાંકીના ડેપુટી કમીશનર (૧૮૯૫) ૨૨ ક. ૭૨૯; લા. રી. ૨૨ ઇ. અ. ૯૦); અથવા ઇનસાફ નીકળ થએલો ના હોય તો ફકત ગેરશીરસ્ત કરવાથી તે ફેંસલો રદ કરવો ના જોઇએ (બાફનોચંદ્ર વી. સેઠી મોહન (૧૮૭૪) ૨૨ વી. રી. ૨૭૭). મુદતના સવાલ વીશે ખોટો ઠરાવ થએલો હોય તો તેનુ રીવીઝન કરી શકાતુ નથી. (આનંદલાલ વી. દેબ્રદ્રલાલ (૧૮૯૭-૯૮) ૨ ક. વી. નો. ૩૩૪). તેમ હકતેથી સાથ આપવાનો હુકમ બંગાળાના સાથના એકટ પ્રમાણે કરેલો હોય તો તે કાયદા પ્રમાણે ભુલ છે અને હકુમત પ્રમાણે નથી તેનું પણ રીવીઝન કરી શકાતું નથી (શીબનારાયણ વી. બૈકુંઠ (૧૯૦૭) ૧૧ ક. વી. નો. ૮૫૭).

કાયદાના અથવા કામ ચલાવવાની રીતીના સવાલ વીશે ઉલટો ઠરાવ કરેલો હોય તેમાં હાથ ઘાલવાનો આ કલમનો હેતુ છે. જ્યારે એક.દો ફેંશલો કાયદાના અથવા કામ ચલાવવાની રીતીના કોઇ એક નીયમથી સમજાય તેવી રીતે જુદા ચાલવામાં આવેલુ હોય તો તે એક ઉલટો ફેંશલો છે (કીરનામા વી. ચાપા (૧૮૯૪) ૧૭ મ. ૪૧૦).

હકીકત—એવું ઠરાવવામાં આવેલું છે કે આ ઠરાવ પ્રમાણે હાઇકોર્ટ હકીકતના સવાલમાં પેસી શકતા નથી (રામરામ વી. બાબાજી (૧૮૯૬) ૨૦ મું ૬૩૦) જે ક.મોમા અપીલ ચાલતી ન હોય અને હકીકતના ફેંસલામાં દેખીતી ભુલ હોય તેમાં પણ હાઇકોર્ટ હકીકતમાં પેસી શકતી નથી (પ્યારીલાલના કામમાં (૧૮૬૭) ૭ વી. રી. ૧૩૦) પરંતુ એક પાછળના કામમાં એવું કહેવામાં આવેલું છે કે હાઈકોર્ટ પુરાવ તપાસી શકે છે અને હકીકતની તજવીજ પોતે કરી શકે છે (કૈલાચદ્ર વી.બાશીનાથ (૧૮૯૬-૭) ૧ ક. વી નોટ ૫૭).

હાઈકોર્ટની નજરમાં યોગ્ય લાગે તેવો હુકમ હુકમનું રૂપ—સ્મેલકોઝ કોર્ટના ફુલ બેંચનો હુકમ મુદ્દામ ગેરશીરસ્તે થયાના કારણથી આ કાયદા પ્રમાણે રદ કરવામાં આવેલો હતો તેથી કોર્ટની નજરમાં કાયદા પ્રમાણે કામનો નીકાલ કરવાને તે કામ ફુલ બેંચ તરફ મોકલવું તે યોગ્ય હુકમ છે (રાલી વી. પરમાનંદ (૧૮૮૯) ૧૩ મું ૬૪૨). અને જુઓ સેશાદ્રી વી. ક્રીષ્ણુન (૧૮૮૫) ૮ મ. ૧૫૨). વાવ્યપ્રાંતમાં ઠરાવેલું છે કે આ કલમ પ્રમાણે હાઇકોર્ટ બીજી અપીલ ઉપરથી કાંઇ પણ હુકમ પોતે કરી શકે તે કરવાને મુખત્યાર છે (મહમદ વી. સૈયદ હુસેન (૧૮૮૦) ૩. અ. ૨૦૩; તો પણ જુઓ શીવા વી. ભેમા (૧૮૮૩) ૭ મું. ૩૪૧; દેકોરટાના કામમાં બંગાળા લા. રી. એપ. બા. ૪૩૨; હરપ્રસાદ વી. જાફરઅલ્લી (૧૮૮૫) ૭ અ. ૩૪૫), અને બેઉ કોર્ટોના ફેંસલા હકુમત વીનાના હોવાથી કોર્ટે તે બેઉ ફેંસલા રદ કરીને દાવા અરજી પાછી આપી હતી (સરનામ વી. સકીમા (૧૮૮૦) ૩ અ. ૪૧૭ ભીમરાવ જીવાજી વી. ભીમરામરાવ ગોવીંદ (૧૮૭૪) ૧૧ મું. હા. કો. ૧૫૪) તેમજ કોર્ટ પુરાવનો વાચાર કરીને નીશ્ચય કરેલો કે કામ જ્યુરી તરફ જડજ જવાદે તે પુખ્ત રીતે વ્યાજબી છે તેથી કોર્ટે તે હુકમનામું રદ કરીને દાવો કહાડી નાંખ્યો હતો. (શીલ્ડસ વી. વીલકીનસન (૧૮૮૭) ૯ અ. ૩૯૮).

હિંદુસ્થાના ફો. કાયદાની કલમ. ૧૯૩ પ્રમાણે ફરીયાદ ચલાવવાની મંજુરીનો હુકમ રદ કરવાને કોર્ટની હકુમત છે (રણજીતસીંગ વી. શીખુમલ (૧૯૦૫) ૧ અ. વી. નોટ ૨૮૫).

હુકમ કરવો નહીં તે—જો કે ગેરશીરસ્તે હુકમો કરેલા હોય તોપણ હાઇકોર્ટને હાથ ઘાલવા લાયક કામ છે એવું બતાવેલું ન હોય તો તેમાં હાથ ઘાલવાની જરૂર નથી. (અશરત અલ્લી ચોધરીના કામમાં (૧૮૯૭) ૨૪ ક. ૧૩૩; અને અબદુલ સાદીક વી. અબદુલ આઝીઝ (૧૮૯૭) ૨૧ અ ૧૫૨) જુઓ (સુબાયા વી. થેલામા (૧૮૮૬) ૯ મ. ૧૩૦; લીંગમમલ ચીના (૧૮૮૩) ૬ મ ૨૨૭; દુર્ગા નારાયણ વી. રામલાલ (૧૮૮૧) ૭ ક. ૩૩૦; રામશાહી વી. મણીરામ (૧૮૮૦) ૫ ક. ૮૦૭; સોતીશચંદ્ર વી. નીલકમળ (૧૮૮૫) ૧૧ ક ૪૫).

ઝંઝીબારમાં કોન્સ્યુલર કોર્ટ—જો કે સને ૧૮૮૪ ના ઝંઝીબાર ઓર્ડર ઇન કાઉન્સીલથી જીલ્લા કોર્ટ તરીકે કોન્સ્યુલર કોર્ટના ઠરાવ ઉપર મુંબાઇની હાઇકોર્ટને અપીલો સાંભળવાના અખત્યાર આપેલો છે તો પણ ઝંઝીબારમાં કોન્સ્યુલર કોર્ટે દીવાની દાવાની તપાસ કરેલી હોય તે વીષે મુંબાઇની હાઇકોર્ટને રીવીઝનનો અખત્યાર નથી. રીવીઝનનો અખત્યાર તે અપીલના અખત્યાર સાથે સબંધ રાખતો નથી પણ ઉલટો અપીલ ચાલતી ન હોય તેજ કામમાં ફકત તે અખત્યાર વાપરી શકાય છે (ખોજા શીવજી વી. હાસમ ગુલામ (૧૮૯૬) ૨૦ મું ૪૮૦).

લેટર્સ પેટંટ પ્રમાણેની અપીલ—સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની કલમ ૬૨૨ પ્રમાણે હાઇકોર્ટના એક જડજે હુકમ કરેલો હોય અને તે હુકમ ફેંસલા જેવો થતો હોય તો તે હુકમ ઉપર લેટર્સ પેટંટની કલમ ૧૫ પ્રમાણે અપીલ ચાલે છે (ચેપાન વી: મોઇદીન કુટી (૧૮૯૯) ૨૨ મ. ૬૮) હાઇકોર્ટના ફકત એક જડજે કોર્ટની અસાધારણ અથવા રીવીઝનની હકુમત વાપરવાને કરેલી અરજી કહાડી નાંખવાનો હુકમ કરેલો હોય તે ઉપર લેટર્સપેટંટની કલમ ૧૫ પ્રમાણે અપીલ ચલતી નથી (હીરાલાલ વી. આસી (૧૮૯૮) ૨૨ મું ૮૯૧; તે પ્રમાણે નઝરઅલ્લી વી. અલ્લી (૧૯૦૬) ૨૮ અ. ૧૩૩) જુઓ નીલમણી વી. મથુરા (૧૯૦૭) ૫ ક લા. જે. ૪૧૩) એકાદા પક્ષકારનો કાયદા પ્રમાણે અપીલ કરવાનો હક મળેલો ન હોય તેમ છતાં તે હાઇકોર્ટને અપીલ કરે તો સુનાવણી વખતે તે અપીલ ચાર્ટર એકટની કલમ ૧૫ પ્રમાણે અસાધારણ હકુમત વાપરવાની એક અરજી તરીકે ગણવાને કોર્ટ પાસે માગવાનો તેનો હક નથી (સુરજકાંતના કામમાં (૧૮૯૬) ૧ ક. ૩૮૩)

બજાવણી—રીવીઝનમાં કરેલા હુકમોની બજાવણીની દરખાસ્ત જે કોર્ટના હુકમો ફેરવવામાં આવેલા હોય તે કોર્ટને કરવી જોઇએ (ગોલ્ડ વી. ગોલ્ડન બર્ગ (૧૮૮૨) ૧૬ મું. ૫૫૦)

આ કલમના ખુલસા તરીકે આધાર રાખવાને સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની કલમ ૬૨૨ પ્રમાણે થયેલા નીચેના ઠરાવો ઉપયોગમાં આવી શકે છે (કલમના હેતુ પ્રમાણે—પુરાવ શીવાય સ્મોલકોઝ કોર્ટે કરેલું હુકમનામું સીલ્ડસ વી. વીલકીનસન (૧૮૮૭) ૯ અ ૩૯૮; તે પ્રમાણે બીશેશ્વર વી. જોહાન સ્મીથ (૧૯૦૫) ૧૦ ક. વી. નોટ ૧૪ ના કામમાં ચાલવામાં આવેલું છે, અથવા તેમા જે ઇસ્યુ ઉત્પન થતો ન હોય તેના ઉપર આધાર રાખેલો હોય બંકુબાઇ વી. લક્ષ્મણ (૧૮૮૮) ૧૨ મું. ૬૧૭; ગુણદોષ ઉપર કામની સુનાવણી કરીને પક્ષકારોની ખામીને લીધે એકાદા હુકમનામામાથી દાવો કહાડી નાંખવામાં આવ્યો હોય (ગોવીંદ વી. ચંદ્ર (૧૮૯૭) ૯ અ. ૪૮૬; જુઓ ગોરખ વી. વીઠુલ (૧૮૮૭) ૧૧ મું. ૪૩૫; અસલકોર્ટે હકુમતની ખામીને લીધે દાવો કહાડી નાખેલો હોય તે હુકમ અપીલકોર્ટે બદાલ રાખવાને હુકમ કરેલો હોય રામજીવણ વી. ચંદમલ (૧૮૮૫) ૭ અ. ૨૨૭; મગનીરામ વી. જીવાલાલ(૧૮૮૫)

૭ અ. ૩૩૬; સુંદરદાસ વી. મન્સારામ (૧૮૮૫) ૭ અ. ૪૦૭; અથવા જુના કાયદાની કલમ ૧૫૯ પ્રમાણે સાક્ષીઓ ઉપર સમન્સ કહાડવાને ના કહેલી હોય કાજી અહમદ વી. કાજીમહમદ (૧૮૮૫) ૯ મું. ૩૦૮; યોગ્ય કોર્ટ દાવા અરજી આપવાને સારૂ પાછી આપવામાં આવે તે બદામી કુંવર વી. દીનુરાય (૧૮૮૬) ૮ અ. ૧૧૧; વિશ્વનાથ વી. રામભટ (૧૮૯૧) ૧૫ મું. ૧૪૮; ઝમીરામ વી. ફતેહઅલ્લી (૧૯૦૫) ૩૨ ક. ૧૪૬; ખોટી રીતે સામેલ કરવાના કારણથી વ્હેંચણ બાબતની દાદ કહાડી નાંખીને દુરસ્ત કરવા સારૂ એક દાવા અરજી પાછી આપવાને વ્હેચણના દાવામાં હુકમ કરેલો હતો સદુ વી. રામ (૧૮૯૨) ૧૬ મુ ૬૦૮; સને ૧૮૭૦ એકટ ૧૦ પ્રમાણેનો લવાદનો ઠરાવ રદ કરવામાં આવેલો એવા કારણથી કે એક એસેસર વીરૂદ્ધ થયેલા હતા—કાશીનાથ વી. પુનાના કલેકટર (૧૮૮૪) ૮ મું ૫૫૩; સ્વામીરાવ વી. ધારવાડના કલેકટર (૧૮૯૩) ૧૭ મું. ૨૯૯; ગુણદોષ ઉપર નહિં કરેલા ફેંસલાની ફરી તપાસ કરવાને ના કહેવામાં આવેલી વીલીસ વી. જાવન (૧૯૦૭) ૨૯ અ. ૪૬૮; અ. વી. નોટ ૧૩૨; એકાદો લવાદનો ઠરાવ ફાઇલ કરવાને ના કહેલી—અબદેઅલ્લી વી. ત્વરાલી (૧૯૦૬) ૮ મું. લા. રી. ૫૭૦; બંગાળના સાંથના એકટની કલમ ૧૭૪ પ્રમાણે જ્યારે જડજે રોકડ નાંણાને બદલે સરકારી પ્રોમીસરીનોટ અનામત મુકવાને કબુલ કરેલી ત્યારે હુકમ કરેલો તે-રહિમબક્ષ વી. નંદલાલ (૧૮૮૭) ૧૪ ક. ૩૨૧; લાલમોહન વી. જોગેન્દ્ર (૧૮૮૭) ૧૪ ક. ૬૩૬; કોર્ટ ફી જોઇતી આપવામાં આવેલી નહી તે કારણથી બંગાળના સાંથના એકટની કલમ ૧૦૮ રકમ (૨) પ્રમાણે કરેલી અપીલ સ્પેશીઅલ જડજે કહાડી નાખ્યાના હુકમ—ઉપાધ્યા ઠાકર પરસીદ્દસીંગ (૧૮૯૬) ૨૩ ક. ૭૨૩; પક્ષકારોને રેગ્યુલર દાવા કરવાને ફરમાવ્યાનો ઠરાવ કર્યા પછી સને ૧૮૪૧ ના એકટ ૧૯ પ્રમાણે મીલકતની યાદ કરવાનો હુકમ—અબદુલ રેહમાન વી. કુટી (૧૮૮૭) ૧૦ મ. ૬૮ અથવા તેજ એકટની કલમ ૫ પ્રમાણે કયુરેટર નીમ્યા બાબતનો હુકમ—પપામા વી. ગોદાવરીના કલેકટર (૧૮૯૯) ૧૨ મ. ૩૪૧; તે એકટની કલમ ૩ પ્રમાણે ફરીયાદીને તપાસ્યા શીવાય અથવા વધારે તજવીજ કર્યા શીવાય ક્રીષ્ણસાંમી વી. મથુક્રીષ્ણ (૧૯૦૧) ૨૪ મ. ૬૬૪; જુના કાયદાની કલમ ૩૩૫ (ઑર્ડર ૨૧, રૂલ ૯૭, ૯૯ અને ૧૦૩) પ્રમાણે એકાદો હુકમ—શીવરાજસીંગ વી. બનવારીદાસ (૧૮૮૪) ૬ અ ૧૭૨; સભાજીત વી. શ્રી ગોપાળ (૧૮૯૫) ૧૭ અ. ૨૨૨; પ્રશીષ્ટ (જુના કાયદાની કલમ ૫૧૦) પ્રમાણે એક લવાદ અઘટીત રીતે નીમ્યાનો હુકમ—પગાર દીન વી. મોઇદીનસા (૧૮૮૩) ૬ મ. ૪૧૪; અથવા એક લવાદનો ઠરાવ ફાઇલ કરવાને ના કહેલી—મનાવીકમ વી. માલીચેર (૧૮૭૮) ૩ મ. ૬૮; મુંબાઇના સને ૧૮૬૪ ના એકટ ૨૦ ની કલમ ૨ પ્રમાણે એક ઇષ્ટ મીત્રને સરટીફીકેટ લાવવાને હુકમ કરેલો નરસીંમરાવ વી. બપુકાજી (૧૮૬૪) ૮ મું ૩૯૫; વતન એકટની કલમ ૧૦ પ્રમાણે સરટીફીકેટ આપવાનો હુકમ—થાણાના કલેકટર વી. ભાસ્કર (૧૮૮૪) ૮ મું. ૨૬૪; એક સગીર તરફથી એક દાવાનો બચાવ કરવાને વહીવટનું સરટીફીકેટ મેળવેલા સખસને કબુલ કરવાને ના કહ્યાનો હુકમ—બલદીદાસ વી. ગોબીંદશંકર (૧૮૮૫) ૭ અ. ૯૧૪; એકાદી અપીલનો ઠરાવ થતા સુધી બજાવણીની મનાઇ કર્યાનો હુકમ મનીપુરી વી. ગુરૂપ્રસાદ (૧૮૮૫) ૧૧ ક. ૧૪૬; અથવા નવો દાવો કર્યાનો ફેંસલો થતા સુધીજ—ગંભીરમલ વી. છેજમલ (૧૮૮૭) ૧૧ મું. હાકો. ૧૫૧; તે કાયદા પ્રમાણે એકાદું વેચાણ મંજુર કરવાને ના કહ્યાનો હુકમ—બીરજ મોહન વી. ઉમાનાથ (૧૮૯૧) લા. રી. ૧૯ ઇ. અ ૧૫૪; ૨૦ ક. ૮; વળી જુઓ ઉંદીત જમાનના કામમાં (૧૮૬૭) ૮ વી. રી.

૧૦૫; જ્યારે વેચાણુ કપટ ભરેલું અને સાજસનું હોય ત્યારે તે વેચાણુ મંજુર રાખ્યાનો હુકમ—સુબાજીરાવ વી. શ્રી નીવાસ (૧૮૭૮) ૨ મ. ૨૬૪; વાસ્તવીક નુકશાનની સાબેતી વીના એક હુકમનામાની બજાવણીમાં થયેલું લીલામ રદ કરવાનો હુકમ—લક્ષ્મણુ વી. નજીમુદીન (૧૮૮૬) ૯ મ. ૧૪૫; ઓર્ડર ૨૧ રૂલ ૯૦ (જુના કાયદાની કલમ ૩૧૧) પ્રમાણે ઠરાવેલી મુદત પુરી થયા પછી કરેલી એકાદી દરખાસ્તમાં હુકમનામાવાળાને પક્ષકાર કરવાનો હુકમ—અલ્લી ગૌહાર વી. બંસીધર (૧૮૯૩) ૧૫ અ. ૪૦૭; ઓર્ડર ૨૧, રૂલ ૯૩ (જુના કાયદાની કલમ ૩૧૫), પાછાં આપવાને હકુમત વીના હુકમ કરેલો તે—કુન મહમદ વી. ચાથુ (૧૮૮૬) ૯ મ. ૩૪૭; ઓર્ડર રૂલ ૯૩ (જુના કાયદાની કલમ ૩૧૫) પ્રમાણે હુકમનામાવાળાની ગેરહાજરીમાં વેચાણની કીમત પાછી આપ્યાનો હુકમ—નીડોલાકી વી. ઇસાન (૧૮૯૪) ૧૮ મું. ૫૯૪; ઓર્ડર ૨૧, રૂલ ૮૯ (જુના કાયદાની કલમ ૩૧૦ અ.) પ્રમાણે વેચાણુ હુકમનામાના દેણદારનો કંઇ હક નહોતો તે કારણથી લીલામ રદ કરવાની તેની અરજીના મંજુર કર્યાનો હુકમ—મગનલાલ વી. ડોશી મુલજી (૧૯૦૧) ૨૫ મું. ૬૩૧; લવાદનો ઠરાવ ફાઇલ કરવાનો હુકમ—દગદુસ તીલકચંદ વા. ભુખણુ (૧૮૮૫) ૯ મું. ૮૨ મુદતની હરકત થયેલી છતાં એક એક તરફી હુકમનામું રદ કરવાની અરજી દાખલ કર્યાનો હુકમ—હરપ્રસાદ વી. જાફરઅલ્લી ૭ અ. ૩૪૫; ઓર્ડર ૧૧, રૂલ ૨૧ (જુના કાયદાની કલમ ૧૩૬) પ્રમાણેનો હુકમ ધાપી વી. રામપ્રસાદ (૧૮૮૭) ૧૪ ક ૭૬૮; જુના કાયકાયદાની કલમ ૨૦૬ પ્રમાણે એકાદું હુકમનામું દુરસ્ત કરવાનો હુકમ—નારાયણ સામી વી. નેટસા (૧૮૯૩) ૧૬ મ. ૪૨૪; નાળીનક્ષ વી. મશાક્ષરહુસેન (૧૯૦૧) ૨૮ ક. ૧૭૩; ૫; ક. વી. નોટ ૧૫૨; સુરતા વી. ગગા (૧૮૮૫) ૭ અ. ૮૭૫; તો પણુ જુઓ વિશ્વનાથન વી. રામનાથન (૧૯૦૧) ૨૪ મ. ૬૪૬ અને જીવરાજ વી. પ્રાગજી (૧૮૮૭) ૧૦ મ. ૫૧; કલમ ૧૫૨ (જુના કાયદાની કલમ ૨૦૬) પ્રમાણે હુકમનામું દુરસ્ત કરવાને ના કહ્યાનો હુકમ—બાળમુકુંદ વી. શીવજતન (૧૮૬૪) ૬ અ. ૧૨૫; જે સખસોની દરખાસ્તો કહાડી નાખેલી તે સખસોના લાભમાં ફાળા પડતી વ્હેંચણી કરવાનો હુકમ—તીરૂ ચીતાબાલા વી સેશાયંગર (૧૮૮૨) ૮ મ. ૩૮૩; શીબ બક્ષ વી. શીવચંદ્ર (૧૮૮૬) ૧૩ ક ૨૨૫; પણુ જુઓ વ્યંકટ રામન વી. મહાલીંગાયન (૧૮૮૬) ૯ મ. ૫૦૮; કલમ ૪૦૭ (જુના કાયદા જે) પ્રમાણેનો હુકમ—મહમદ હુસેન વી. અજુધ્યા (૧૮૮૮) ૧૦ અ. ૪૬૭; દેમોદાસ વી. મોહનરામ (૧૮૯૮) ૨ ક. વી. નોટ ૪૭૪; જુના કાયદાની કલમ ૮૯૪ (ઓર્ડર ૩૯, રૂલ ૩) પ્રમાણે સબોર્ડીનેટ જડજે કરેલો હુકમ જીલ્લા જડજે રદ કર્યાનો હુકમ, લુઇમિ વી. લુમ્બસ (૧૮૮૯) ૧૨ મ. ૧૬૮; ગેર કાયદે ટેકસ લીધેલો તે લેવાના દાવાને મુદતની હરકત છે એવું ઠરાવેલું તે બાબતનો સ્મોલ કોઝ કોર્ટના જડજનો હુકમ—પીતાંબરદાસ વી. જંબુસર મ્યુનીસીપેલીટી (૧૮૯૩) ૧૭ મું ૩૧૦; કબજા બાબતનું હુકમનામું એક મામલતદારે કરેલું તે બજાવાને જે કારણો બરોબર નહિ તે કારણોથી ના કહ્યાનો મામલતદારનો હુકમ—નવલચંદ વી. અમીચદ (૧૮૯૪) ૧૮ મું. ૭૩૪; એકાદા મરનાર પટે રાખનારના વરસો ઉપરનો દાવો લેવાને મામલતદારે ના કહ્યાનો હુકમ—અમરચંદ વી. સાવાલ્ય (૧૮૯૭) ૨૧ મું. ૭૩૮; અસલ કોર્ટે એકાદા દસ્તાવેજ ઉપર બરોબર સ્ટેમ્પ નહિ હોવા છતાં પુરાવામાં દાખલ કરેલો તે જીલ્લા જડજે ના મંજુર કર્યાનો હુકમ—શીદાપા વી. ઇરાવા (૧૮૯૪) ૧૮ મું ૭૩૮; જડજની પુર્વે થયેલા અધીકારીએ પ્રોબેટ આપેલું તે કારણથી આપેલા પ્રોબેટનો નમુનો લખવામાં ભુલ થયેલી

તે દુરસ્ત કરવાની ના મંજુરીના હુકમ—ગેરીંદ્ર કુમાર વી. રાજેશ્વરીરાય (૧૯૦૦) ૨૭ ક. ૫. સને ૧૮૮૯ ના એકટ ૭ પ્રમાણે અરજદારે સરટીફીકેટ રજુ કરેલું નહિં તેથી મરનાર સખસની મીલકત પૈકીની મીલકત લેવાનો નાદારીમાં દાવો કરવાની પરવાનગી મળવાને કરેલી અરજી કહાડી નાંખ્યાનો હુકમ—કમાથી વી. મંગાપા (૧૮૯૩) ૧૬ મ. ૪૧૪; સને ૧૮૬૩ ના એકટ ૧૦ ની કલમ ૫ પ્રમાણે ધર્માદા અર્પણના એક ટ્રસ્ટીને નીમ્યાનો હુકમ—સોમ સુંદર વી. વીથીલીંગા (૧૮૯૬) ૧૯ મ. ૨૮૫; ગોપાળ આયર વી. અરૂણા ચાલમ ચેતી (૧૯૦૩) ૨૬ મ. ૮૫; કોર્ટમાં આપેલી નહિં તેવી પ્રજાજ્ઞા વીનાની અરજી ઉપરથી ધર્માદા અર્પણના એકટની કલમ ૧૮ પ્રમાણે દાવો કરવાની પરવાંનગી બાબતનો હુકમ—અમદુમીયાંન વી. મહમદ દાઉદ (૧૯૦૧) ૨૪ મ. ૬૮૫; સને ૧૮૮૨ ના એકટ ૧૫ ની કલમ ૩૭ પ્રમાણે પ્રેસીડન્સી સ્મોલકોઝ કોર્ટના ફુલબેંચે પોતાની હુકમતની મર્યાદા કરતાં વધારે કર્યાનો હુકમ સદા સુખ વી. કનૈયા (૧૮૯૬) ૧૯ મ. ૯૬; એકાદા ડીસ્ટ્રીકટ મુનસફે પોતાની હકુમત કરતાં વધારે કરેલું તેથી ગામના મુનસફનું હુકમનામું પુરાવના સવાલ ઉપર ફેરાવેલું તે બાબતનો હુકમ—ગીદાયા વી. જગન્નાથ (૧૮૯૮) ૨૧ મ. ૩૬૩; બીજી અપીલમાં જે એક હુકમનામું હાઇકોર્ટે બહાલ રાખેલું તે રદ કર્યાનો મુનસીફનો હુકમ—મન મોહીની વી. નર નારાયણ રાય (૧૮૯૯) ૪ ક. વી. નોટ ૨૩; ટ્રસ્ટવાળી મીલકત જપ્ત કરવાનો પ્રેસીડન્સી સ્મોલકોઝ કોર્ટનો હુકમ—શાર્ડના કામમાં ૨૮ક. ૫૭૪; એક સબોર્ડીનેટ જડજે સમોલકોઝ કોર્ટના જડજની હુકમત વાપરીને એક કાંમની તપાસ કરેલી તેમાં અપીલ કરવાની પરવાંનગી આપ્યા બાબત અપીલ કોર્ટનો હુકમ—દીવાળીબાઇ વી. સદા સીવદાસ (૧૯૦૦) ૨૪ મું. ૩૧૦; એ હુકમો તે કલમના હેતુ પ્રમાણે છે. એકાદા બેરીસ્ટરને ધંધાનું કામ કરવા બદલ કે જે કામ ખરી રીતે કરેલું નહોતું તો પણ ફી આપેલી તે ફી પાછી લેવાને તે અસીલે મુનસફની કોર્ટમાં દાવો કર્યો. મુનસફે ને દાવો કહાડી નાંખ્યો એવું ઠરાવીને કે આવો દાવો ચાલી શકતો નથી. અપીલ કરવાથી જીલ્લા જડજે મુનસફનો હુકમ ફેરવ્યો અને તે દાવાનું હુકમનામું કર્યું પ્રતીવાદીએ હાઇકોર્ટને રીવીઝનમાં અરજ કરી. ઠરાવ્યું છે કે હાઇકોર્ટ પોતાની રીવીઝનની હકુમતનો અમલ કરીને તેમાં હાથ ઘાલવાને મુખત્યાર છે—રોસ એલ્સટન વી. પીતાંબરદાસ (૧૯૦૩) ૨૫ મ. ૫૦૯ પ્રેસીડન્સી સ્મોલકોઝ કોર્ટમાં હકુમત વીના જે હુકમો કરેલા તે હુકમોની ફરી તપાસ કરવને હાઇકોર્ટની હકુમત છે—ચેતના ચેતી વી. હોમ્બર ચેતી (૧૯૦૨–૩) ૭૬ વી નોટ ૫૪૭ યા અખત્યારનો અમલ હાઇકોર્ટ પોતાની અસલ બાજુમાં કરી શકે છે—અપીલ બાજુના વકીલના કામમાં (૧૯૦૨–૩) ૭ ક. વી. નોટ ૮૪૩ જુના કાયદાની કલમ ૩૧૦ અ (ઓર્ડર ૨૧, રૂલ ૮૯) પ્રમાણે કરેલો હુકમ જ્યારે લીલાંમમાંથી ખરીદ કરનાર હુકમનામાવાળો ન હોય ત્યારે રીવીઝન કરવા લાયક છે. એકાદા જે કામને તે કલમ લાગુ નથી તે કામમાં જુના કાયદાની કલમ ૩૧૦ અ, ઓર્ડર ૧, રૂલ ૮૯ પ્રમાણે હકુમત વીના કરેલા હુકમથી લીલાંમ રદ કરવામાં આવેલું તે તેમાં હાઇકોર્ટ હાથ ઘાલી શકે છે—કેદારનાથ સેન વી. ઉમા ચરણ (૧૯૦૧–૨) ૬ ક. વી. નોટ ૫૭; આ કલમના હેતુ પ્રમાણે એકાદો રજીસ્ટ્રાર તે કોર્ટ નથી મનાવલા વા. કુમારાપા (૧૯૦૭) ૩૦ મ ૩૨૬).

કલમના હેતુ પ્રમાણે નહિં તે—સને ૧૮૬૩ ના એકટ ૨૦ ની કલમ ૧૮ પ્રમાણે દાવો કરવાની પરવાનગી નહિં આપ્યાનો હુકમ—વ્યંકટેસ્વરના કામમાં (૧૮૮૭) ૧૦ મ. ૯૮; અને જુઓ તે પાંને નોટ; બંગાળના સાંથની એકટની કલમ ૬ પ્રમાણે સ્પે

શીઅલ જડજે નહિં કરેલો હુકમ—ગોપીનાથ વી અદ્દૈત નાયક (૧૮૯૪) ૨૧ ક. ૭૭૬; વળી જુઓ ઇર્બ્યાદ અલ્લી વી. કાન્હાપ્રસાદ (૧૮૯૪) ૨૧ ક. ૯૩૫; એક લવાદનો ઠરાવ રદ કર્યાનો હુકમ—ચાતરસીંગ વી. ખેમરાજસીંગ (૧૮૮૩) ૫ અ. ૨૯૩; પુરાવ લેવાને ના કહ્યા નો હુકમ- પીચંદી વી. કંદાસામી (૧૮૮૪) ૭ અ. ૫૩૯; એકાદા દાવામાં એક સખસને પક્ષકાર કરવાની અરજી ના મંજુર કર્યાના હુકમ—રએલ્લાખાનમ વી. નુરજાહાન (૧૮૮૬) ૧૩ ક. ૯૦; બળદેવદાસ વી. ગોવીંદ શંકર (૧૮૮૫) ૭ અ. ૯૧૪; કાયદા પ્રમાણે એકાદો ઠરાવ બરોબર ન હોય તે—કોર્ટ ઓફ્વાર્ડસ વી. ધર્મલીંગ (૧૮૮૫) ૮ મ. ૨; રેસજ્યુડીકેટા ના સવાલ ઉપર— હરી વી. નારો (૧૮૮૫) ૯ મું. ૪૩૨; મુદત ગયા પછી એકાદી અપીલ દાખલ કરવાનો હુકમ—વાસુદેવ વી. ચીનાસાંમી (૧૮૮૪) ૭ મ. ૫૮૪; જુના કાયદાની કલમ ૪૭ પ્રમાણે અરજદારે હાજર થવાનો હક નથી એ કારણથી એકાદી અરજી ના મંજુર કર્યા નો હુકમ–ગંગાચરણ વી. સશીભુશણ રાય (૧૯૦૫) ૩૨ ક. ૫૩૨; યોગ્ય કોર્ટમા અપીલ આપવાને સારૂ પાછી આપવાનો હુકમ–કુનૈકુટી વી. એકોટી (૧૮૯૧) ૧૪ મ. ૪૬૨; નાદાર તરીકે દાવો કરવાની અરજી ના મંજુર કર્યાનો હુકમ—ચતરપાળસીંગ વી. રાજરામ (૧૮૮૫) ૭ અ. ૬૬૧; જુઓ મહમદ હુસેન વી. અજુધ્યા (૧૮૮૮) ૧૦ અ. ૪૬૭; એક તરફી હુકમનામું અપીલમાં રદ કર્યાનો હુકમ—અવિનાશચંદ્ર વી. માર્ટીન (૧૮૮૨) ૮ ક ૮૬૨; ઓર્ડર ૨૫. રૂલ ૨ (જુના કાયદાની કલમ ૩૮૧) પ્રમાણે દાવા કહાડી નાંખ્યાનો હુકમ— વીલીયમ્સ વી બાઉન (૧૮૮૬) ૮ અ. ૧૦૮ ઓર્ડર ૪૪, રૂલ ૧ (જુના કાયદાની કલમ ૫૯૨) પ્રમાણે કરેલો હુકમ—હરશરણસીંગ વી. મહમદરેઝા (૧૮૮૨) ૪ અ. ૯૧: કોર્ટની રૂબરૂ કરેલા ગુન્હા બાબત ફરીયાદ ચલાવવાને મંજુરી આપવા બાબત અથવા નહિં આપ્યા બાબત નો હુકમ— માધોપ્રસાદના કામમાં (૧૮૮૦–૧) ૩ અ. ૫૦૮; વળી જુઓ જાંનકી બલ્લભ વી. દુખીનામોહન (૧૮૬૭) ૭ વી. રી ૫૧૯; પ્રેસીડેન્સી સ્મોલ કોઝ કોર્ટમાં પ્રવેશ કરવા બાબતના દાવાના હુકમનામું પ્યારી મોહન વી. હરણચંદ્ર (૧૮૮૫) ૧૧ ક. ૨૬૧; એકાદુ વેચાણ અપીલ કરવાથી જીલ્લા જડજે બહાલ રાખ્યા નો હુકમ—ગોપીકુંવરી વી. ગોપીલાલ (૧૮૯૪) ૨૧ ક. ૭૯૯; એક પક્ષકારના એટર્નીને ખર્ચ આપવાને ચેંબર એક જડજે કરેલો હુકમ— પ્રેમજી ત્રીકમદાસના કામમાં (૧૮૯૩) ૧૭ મું. ૫૧૪; એક મામલતદારે પોતાનું હુકમનામુ બજાવવાને પ્રથમ ભુલથી ના કહેલી તે બજાવવાને કલેકટરે કરેલો હુકમ—રખમા વી. તુલાજી (૧૮૯૫) ૧૯ મું. ૬૭૫; વારસાના સરટીફીકેટ એક્ટની કલમ ૯ પ્રમાણે અરજદાર જામીન આપે એટલે સરટીફીકેટ આપવું એવું ફરમાવ્યા બાબતનો હુકમ—દેવ કુંવર વી લાલચંદ (૧૮૯૫) ૧૯ મું. ૭૯૦; તે હુકમો તે કલમના હેતુ પ્રમાણે નથી એકાદી તાબાની કોર્ટ લવાદનો ઠરાવ રદ કરવામાં લવાદ તરફની ખોટી વર્તણુક શાથી થાય છે એ વીષે ભુલ ભરેલો વીચાર કરે તો હાઇ કોર્ટ આ કલમ પ્રમાણે હાથ ઘાલી શકતા નથી—કાળીચરણ સરદાર વી. સરતચંદ્ર ચોધરી (૧૮૯૨–૩) ૭ ક. વી. નોટ ૫૪૫; (૧૯૦૩) ૩૦ ક. ૩૯૭; દામોદર ત્રંબક વી. રઘુનાથ (૧૯૦૨) ૨૬ મું. ૫૪૧. આ કલમ પ્રમાણે લવાદનો ઠરાવ રદ કરવાની અરજી બરોબર નથી—ગુલામજી લાની વી. મહમદ અહમદ (૧૯૦૧—૨) ૬ ક. વી. નોટ ૧૬૨; (૧૯૦૨) ૨૯ ક. ૧૬૭.

મુંબાઇના જીલ્લા મ્યુનીસીપાલ એક્ટ દુરસ્ત કર્યાનો એકટ (સને ૧૮૮૪ ના ૨) ની કલમ ૨૩ પ્રમાણે એક જીલ્લા જડજ કામ કરે તે જુના કાયદાની કલમ ૬૨૨ ના હેતુ પ્રમાણે એક કોર્ટ નથી, અને ઇલેક્શન કરવામાં આવેલું તે રદ કરવાને તેમનો કરેલો હુકમ

નો ફરી વીચાર કરવાને હાઇ કોર્ટને હકુમત નથી તેમ સામાવાળાએ કરેલું ખર્ચ અરજદારે આપવું એવો તેમણે હુકમ કરેલો તેમાં પણ હાઇ કોર્ટ હાથ ઘાલી શકતી નથી—બાલજી વી. મેહરવાનજી (૧૮૯૭) ૨૧ મું. ૨૭૯. જમીનના બે કકડા સબંધી ભાડું લેણું થયેલું તે બાબત સ્મોલ કોઝ કોર્ટમાં કરેલા એક દાવામાં તે જમીનના એક કકડા સબંધી પક્ષકારો વચ્ચે આગળ હુકમનામું થયેલું તેનો અમલ કર્યા વિના વાદીના લાભમાં તે કોર્ટે હુકમનામું કર્યું. ઠરાવ્યું છે કે આ કલમ પ્રમાણે તે ચલાવેલા કામનો ફરી વીચાર કરવાને હાઇ કોર્ટને હકુમત મળે તેવી આ ભુલ નથી—વનંગામુદી વી. રામાસામી (૧૮૯૧) ૧૪ મ. ૪૦૬.

કલકત્તાના કામમાં એવું કેહવામાં આવ્યું હતું કે જુના કાયદાની કલમ ૬૨૨ નો અમલ ઘણો મર્યાદા સાથે થાય છે અને જે કામમાં કાયદા અથવા હકીકતના સવાલનો નીર્ણય કરવાને નીચેની કોર્ટને હકુમત હોય છે તો તે સવાલો વીષેના ફેંસલા બાબત રીવીઝનમાં હાથ ઘાલવાને હાઈ કોર્ટનો અખત્યાર નથી— કીષ્ણ મોહીની વી. કેદારનાથ (૧૮૮૮) ૧૫ ક. ૪૪૬.

ભાગ ૯ મો.

સનદી હૈ કોર્ટોવિશે વિશેષ ઠરાવ.

આ ભાગ ફક્ત ચોકસ હૈકોર્ટોનેજ લાગુ પડે છે.

૧૧૬. સન ૧૮૬૧ ના હિંદુસ્તાનના હૈ કોર્ટો બાબતના આકટ પ્રમાણે જે હૈ કોર્ટો સ્થપાઇ હોય અને જે હવે પછી સ્થપાય તેમનેજ માત્ર આ ભાગ લાગુ પડે છે.

આ કાયદો હૈ કોર્ટોને લાગુ પડે છે.

૧૧૭. આ ભાગમાં અથવા ૧૦ મા ભાગમાં અથવા કાનુનોમાં ઠરાવ્યું છે તે શિવાયને પ્રસંગે, આ કાયદાના ઠરાવો સદરહુ હૈ કોર્ટોને લાગુ પડે છે એમ સમજવું.

ખરચ નક્કી થયા પહેલા હુકમનામું બજાવવું.

૧૧૮. જ્યારે એવી કોઈપણ હૈ કોર્ટે પોતાની અવલ દિવાની હકુમત ચલાવીને કરેલું હુકમનામું, ફરિયાદમાં થએલા ખરચની આકારણી કરીને આંકડો નકકી કર્યા પહેલાં, બજાવવું જરૂર છે એમ તેની નજરમાં આવે ત્યારે એવો હુકમ કરવાને તે મુખ્ત્યાર છે કે ખરચ શિવાયનું બાકીનું હુકમનામું લાગલુંજ બજાવવું; ખરચ પુરતું હુકમનામું, ખરચનો આંકડો આકાર કરીને નક્કી થતાંજ બજાવવું.

અધિકાર વગરના શખસોએ કોર્ટમાં ભાષણ કરવું નહીં.

૧૧૯. આ કાયદામાં કહેલી કોઇ વાતથી, કોર્ટ પોતાની અવલ દિવાની હકુમત ચલાવતી હોય ત્યારે ત્યાં ભાષણ કરવાનો અથવા સાક્ષી તપાસવાનો અખ્ત્યાર પોતાની સનદથી મળેલો અધિકાર ચલાવીને કોર્ટે જે શખસને આપ્યો હોય તે શિવાયના કોઈ શખસને બીજા શખસની વત્તી કોર્ટમાં ભાષણ કરવાનો અથવા સાક્ષી તપાસવાનો અખ્ત્યાર મળે છે એમ, અથવા આડવોકેટ, વકીલ અને અટર્નીવિશે નિયમ કરવાની હૈ કોર્ટને જે સત્તા છે તે સત્તામાં ઓછું વતું થાય છે, એમ સમજવું નહીં.

સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની કલમ ૬૩૧, ૬૩૨, ૬૩૪, અને ૬૩૫,

ટીકા.—જુઓ પાછળ કલમ ૨ (૧૫) ની નોટ અને એકાદા વકીલનો અખત્યાર બીજા વકીલને આપવામાં આવે એ વીષે નીચે બતાવેલા ઠરાવો એટલે (શીદાપાના કામમાં (૧૮૯૮) ૨૨ મું. ૬૫૪; અને શીવદયાળ વી. ખેતુગર્ગુ (૧૮૯૬) ૨૦ મું. ૨૯૩. એડવોકેટ વીષે જુઓ વખતાવરસીંગ વી. સંતલાલ (૧૮૮૭) ૯ અ. ૬૧૭).

૧૨૦. (૧) હૈ કોર્ટને પોતાની અવલ દિવાની હકુમત ચલાવતાં આ કાયદાના નીચેના ઠરાવો લાગુ પડશે નહીં એમ સમજવું, તે એ કે-કલમો ૧૬, ૧૭, તથા ૨૦.

અવલ દિવાની અથવા નાદારી સંબંધી હકુમતમાં હૈ કોર્ટને લાગુ પડતા નથી તે ઠરાવો.

(૨) હૈ કોર્ટ નાદારી કોર્ટ તરીકે હકુમત ચલાવતી હોય ત્યારે એવી હૈ કોર્ટના કોઇપણ જડજને આ કાયદાની કંઈ વાત લાગુ પડશે નહીં એમ સમજવું.

ટીકા—સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની કલમ ૬૩૮ અને ૬૩૯.

આ વીશેષ ઠરાવથી કાયદાની અંદરની કલમોની ફકત વ્યવસ્થા કરેલી છે. માટે જે રૂલો અને ઓર્ડરો હાઇકોર્ટને લાગુ કરવાનો ઇરાદો રાખેલો નથી તે ઓર્ડર ૪૯ માં બતાવેલા છે.

સાધારણ અથવા અસાધારણ દીવાની હકુમત—સામાન્ય હકુમતમાં કાયદાની સામાન્ય ચાલતી રીતીમાં જે હકુમત વાપરવાની છે અને જેમાં તે ધારણ કરવાને કાંઇ ખાસ ઈલાજ કર્યા વગર તેનો અમલ થાય છે તે તમામ આવી જાય છે; અને તે અસાધારણ હકુમત ખાસ હકીકત અને ખાસ હુકમ ઉપરથી પોતાના ફુલ અખત્યાર પ્રમાણે કોર્ટ ધારણ કરી શકે છે તે અસાધારણ હકુમતના વીરૂદ્ધના છે (નવી વહુ વી. ટરનર (૧૮૮૯) ૧૩ મું ૫૨૦; લા. રી. ૧૬ ઇ. અ. ૧૫૬) માટે નાદાર દેવાદારના ઉપર ઓરીજીનલ એસાઇનીના નામથી હુકમનામું કરવામાં આવેલું હોય તો તે હાઇકોર્ટની સાધારણ હકુમત પ્રમાણે કરવામાં આવે છે (સદરહુ) પણ સને ૧૮૬૩ ના એકટ ૨૦ ની કલમ ૧૦ પ્રમાણે એક કમીટીના સભાસદની નીમનોક તે જીલ્લા કોર્ટની સાધારણ દીવાની હકુમતની બાબત નથી મીનાક્ષી વી. સુબ્રમન્ય (૧૮૮૬–૭) લા. રી. ૧૪ ઇ. અ. ૧૬૦; (૧૮૮૮) ૧૧ મ. ૨૬).

નાદાર દેવાદાર બાબતની હકુમત—તે કાયદો લાગુ નહી કરના વીષે જુઓ હોરમસજી અરદેસર હોરમસજીના કામમાં (૧૮૯૩) ૧૭ મું. ૩૪૦)

ભાગ ૧૦ મો.

કાનુનો વિશે.

૧૨૧. પહેલા પરિશિષ્ટમાંની કાનુનો આ ભાગના ઠરાવોને અનુસરીને રદ્દ કરવામાં અથવા બદલવામાં ન આવે ત્યાં સુધી, જાણે તે આ કાયદાના મુખ્ય ભાગમાં સામેલ હોય તેવી રીતે તેમનો અમલ ચાલશે.

પહેલા પરિશિષ્ટમાંની કાનુનોનું ફળ.

ટીકા—દીવાની કામ ચલાવવાની રીતીનો કાયદો કરવામાં આ નવીન જુદી રીતના કારણો તે બાબ ઉપરના રીપોર્ટમાં બતાવેલાં છે, માટે તે ફરીથી બતાવવાનું અથવા તેનો ફરીથી વીચાર કરવાની અહિંયા જરૂર નથી. તે કાયદો ઘડનારાઓએ તે રૂલો જેવાં ઘડેલાં છે અને પૃશીષ્ટ ૧ માં બતાવેલા છે તેની વ્યવસ્થા પ્રેકટીશનરોએ કરેલી છે. આ રૂલો ગવરનર જનરલ ઇનકાઉંસીલે સંપુર્ણ રીતે મંજુર કરેલા છે અને આખા બ્રીટીશ ઇંડીઆને લાગુ લાગુ કરેલાં છે. એટલું લક્ષમાં રાખવું જોઇએ કે કલકતા, મુંબાઇ અને મદ્રાસમાં વધારો અથવા ફેરફાર કરવામાં આવે તે બાબત સને ૧૮૬૧ ના હાયકોર્ટ એકટની ક. ૧૫ માં ઠરાવેલી મંજુરી હોવી જોઇએ, જુઓ આગળ ક. ૧૨૬ નીચેની કલમોમાં હાય અને ચીફ કોર્ટોનો અખત્યારનો અમલ કેવી રીતે કરવાનો છે તે ઠરાવેલું છે.

કેટલીક હૈ કોર્ટોને કાનુનો કરવાનો અધિકાર.

૧૨૨. સને ૧૮૬૧ ના હિંદુસ્તાનના હૈ કોર્ટોબાબતના આકટની રૂયે સ્થપાયલી હૈ કોર્ટો તથા પંજાબ અને દક્ષિણ બ્રહ્મદેશની ચીફ કોર્ટો, ખુદ પોતાનું કામ ચલાવવાની રીત બાબત તથા પોતાની દેખરેખ હેઠળ દિવાની કોર્ટોનું કામ ચલાવવાની રીતસંબંધી કાનુનો વખતો વખત, પ્રથમ છાપી પ્રસિદ્ધ કરીને, કરવાને, અને એવી કાનુનોની રૂયે, પહેલા પરિશિષ્ટમાંની સઘળી અથવા કોઈપણ કાનુન રદ કરવાને, બદલવાને અથવા તેમાં વધારો કરવાને મુખ્ત્યાર છે.

કેટલાક પ્રાંતોમાં કાનુન કરનારી કમિટી નીમવા બાબત.

૧૨૩. (૧) કલકત્તા, મદ્રાસ, મુંબઇ, અલાહાબાદ, લાહોર તથા રંગુન શેહેરમાં એક કમિટી નીમવી, આ કમિટી નીમવી, અને આ કમિટીને કાનુન કરનારી કમિટી કહેવી.

(૨) એવી દરેક કમીટીમાં નીચેના શાખસો હોવા જોઇયે, એટલે:

(અ) જે શેહેરમાં એવી કમિટી નીમી હોય તે શેહેરમાં સ્થાપેલી હૈ કોર્ટના ત્રણ જડજો: આમાંના વિદ્વાન એક જડજે ડિસ્ટ્રિકટ જડજ તરીકે અથવા (પંજાબ અથવા બ્રહ્મદેશમાં) ડિવિઝનલ જડજ તરીકે ત્રણ વર્ષ સુધી કામ કરેલું હોવું જોઇયે.

(બ) તે કોર્ટમાં કામ કરનારો એક બેરિસ્ટર,

(ક) તે કોર્ટમાં યાદીમાં નામ દાખલ થયેલો (બેરિસ્ટર ન હોય એવો) એક એડવોકેટ અથવા વકીલ અથવા પ્લીડર;

(ડ) તે હૈ કોર્ટના તાબામાંની એકાદી દિવાની કોર્ટનો એક જડજ, અને

(ઇ) કલકત્તા, મદ્રાસ તથા મુંબઈ શેહેરમાં એક અટર્ની.

(૩) એવી દરેક કમિટીના મેમ્બરોની નીમણુંક ચીફ જસ્ટીસે અથવા ચીફ જડજે કરવી, અને તેણે તે મેમ્બરોમાંના એકને પ્રેસિડંટ નીમવો;

પણ એવું ઠરાવ્યું છે કે જો સદરહુ ચીફ જસ્ટીસ અથવા ચીફ જડજ એવી પોતાનેજ મેમ્બર નીમે તો, મેમ્બર તરીકે નીમાયલા બીજા જડજો બેજ હોવા જોઇયે, અને એવો ચીફ જસ્ટીસ અથવા ચીફ જડજ તે કમિટીનો પ્રેસિડંટ હોવો જોઇયે.

(૪) એવી કોઇપણ કમિટીના દરેક મેમ્બરે ચીફ જસ્ટીસ અથવા ચીફ જડજ આ અર્થે ઠરાવે તેટલી મુદત સુધી હુદ્દો ધારણ કરવો; અને જ્યારે કોઇપણ મેમ્બર હુદ્દો છોડી જાય, રાજીનામું આપે, મરણ પામે અથવા જે પ્રાંતમાં તે કમિટી નીમાઈ હોય તે પ્રાંતમાં રહેતો બંધ પડે અથવા એવી કમિટીના મેમ્બર તરીકે કામ કરવાને અશકત થાય ત્યારે, સદરહુ ચીફ જસ્ટીસ અથવા ચીફ જડજ બીજા કોઇ શખસને તેની જગાએ મેમ્બર નીમવાને મુખ્ત્યાર છે.

(૫) એવી દરેક કમિટીનો એક સેક્રેટરી હોવો જોઇયે, અને તેની નિમણુક ચીફ જસ્ટીસે અથવા ચીફ જડજે કરવી, અને, પ્રસંગ પ્રમાણે, ગવર્નર જનરલ ઇન્ કૌંસિલ અથવા સ્થાનિક સરકાર આ અર્થે ઠરાવે તે મહેનતાણું તેને મળવું જોઇયે.

૧૨૪. *કમિટીએ હૈ કોર્ટને રિપોર્ટ કરવો.* પહેલા પરિશિષ્ટમાંની કાનુનો રદ કરવા બાબતની, અથવા તેમાં ફેરફાર અથવા વધારો કરવા બાબતની અથવા નવી કાનુનો કરવા બાબતની કોઇપણ દરખાસ્ત બાબત દરેક કાનુન કરનારી કમિટીએ, એવી કમિટી જે શેહેરમાં નીમાઇ હોય તે શેહેરમાં સ્થાપવામાં આવેલી હૈ કોર્ટને રિપોર્ટ કરવો, અને ૧૨૨ મી કલમ પ્રમાણે કોઇપણ કાનુનો કરતાં પહેલાં સદરહુ હૈ કોર્ટે એવા રિપોર્ટ ઉપર વિચાર કરવો.

૧૨૫. *બીજી હૈ કોર્ટોનો કાનુનો કરવાનો અધિકાર.* ૧૨૨ મી કલમમાં નિર્દિષ્ટ કરેલી હૈ કોર્ટો શિવાયની હૈ કોર્ટો, તે કલમની રૂયે આપેલા અધિકાર ગવર્નર ઇન્ કૌંસિલ ઠરાવે તેવી રીતે તથા તેવી શરતોને પાત્ર, ચલાવવાને મુખ્ત્યાર છે:

પણ એવું ઠરાવ્યું છે કે એવી કોઇપણ હૈ કોર્ટ, બીજી કોઇપણ હૈ કોર્ટે કરેલી કાનુનો પોતાની હકુમતની સ્થાનિક હદમાં પ્રથમ છાપી પ્રસિદ્ધ કરીને લાગુ કરવાને મુખ્ત્યાર છે.

૧૨૬. *કાનુનો મંજુર થવી જોઇયે* ઉપરના ઠરાવોની રૂયે કરેલી કાનુનો પ્રથમ નીચે લખેલા અધિકારીઓએ મંજુર કરવી જોઇયે એટલે:—

(અ) સને ૧૮૬૧ ના હિંદુસ્તાનના હૈ કોર્ટો બાબતના આકટની રૂયે સ્થપાયલી એકાદી હૈ કોર્ટે એવી કાનુન કરી હોય તો, સદરહુ આકટની ૧૫ મી કલમ મુજબ કરેલી કાનુનના સંબંધમાં સદરહુ કલમ પ્રમાણે જે અધિકારીની મંજુરી જોઇયે છે તે અધિકારીએ;

(બ) બીજી કોઇપણ કોર્ટે એવી કાનુન કરી હોય તો, સ્થાનિક સરકારે, મંજુર કરવી જોઇયે.

૧૨૭. *કનુનો પ્રસિદ્ધ કરવા બાબત.* ઉપરના ઠરાવો પ્રમાણે કરેલી તથા મંજુર કરેલી કાનુનો, પ્રસંગ પ્રમાણે, ઇંડિયા ગેઝીટમાં અથવા સ્થાનિક સરકારી ગેઝીટમાં પ્રસિદ્ધ કરવી જોઇએ, અને તે એવી રીતે પ્રસિદ્ધ કર્યાની તારીખથી અથવા બીજી જે કોઇપણ તારીખ નિર્દિષ્ટ કરવામાં

આવે તે તારીખથી તે કાનુનો જે હૈ કોર્ટે કરી હોય તે હૈ કોર્ટની હકુમતની સ્થાનિક હદમાં તેમનો અમલ જાણે તે પહેલા પરિશિષ્ટમાં સમાયલી હોય તે પ્રમાણે થશે.

કઇ બાબતો વિશે સદરહુ કાનુનોમાં ઠરાવ કરી શકાય.

૧૨૮. (૧) એવી કાનુનો આ કાયદાના મુખ્ય ભાગના ઠરાવોથી વિરૂદ્ધ હોવી ન જોઇએ, પણ તે ઠરાવોને પાત્ર, તે કાનુનોમાં, દિવાની કોર્ટોમાં કામ ચલાવવાની રીત સંબંધી કોઇપણ બાબતો વિશે ઠરાવ કરી શકાય.

(૨) વિશેષ રીતે, અને પેટા કલમ (૧) ની રૂએ આપેલા કોઇપણ સામાન્ય અધિકારને બાધ ન આવે તે રીતે, સદરહુ કાનુનોમાં નીચેની સઘળી અથવા કોઇપણ બાબતો માટે ઠરાવ કરી શકાય, એટલે:—

(અ) સમન, નોટીસ તથા બીજી પ્રોસેસ ટપાલ મારફત અથવા બીજી રીતે સામાન્યતઃ અથવા કોઇપણ નિર્દિષ્ટ પ્રદેશમાં બજાવવા બાબત તથા તેવી બજાવણીના પુરાવા બાબત;

(બ) જીવતાં જનાવર તથા બીજી જંગમ મિલકત જપ્તીમાં હોય ત્યારે તે રાખવા બાબત તથા તેમની રખેવાળી બાબત, એવી રાખણ તથા રખેવાળી માટે લેવાની ફી બાબત, એવાં જનાવર તથા મિલકતના વેચાણ બાબત તથા એવા વેચાણના ઉત્પન્ન બાબત;

(ક) વિરૂદ્ધ હક તરીકે કરેલી ફરિયાદોમાં કામ ચલાવવાની રીત બાબત અને હકુમતનાં કારણસારૂ એવી ફરિયાદોની કિંમત આંકવા બાબત;

(ડ) કરજ જપ્ત કરીને વેચવાને બદલે અથવા તે ઉપરાંત કરેલા ગારનીશી સંબંધી તથા બોજો નાખવા સંબંધી હુકમમાં કામ કેવી રીતે ચલાવવું તે બાબત;

(ઇ) ફરિયાદમાં પક્ષકાર હોય કે ન હોય એવા કોઇપણ શખસ ઉપર ફાળા માટે અથવા હમી માટે પ્રતિવાદી દાવો કરે ત્યારે, કામ ચલાવવાની રીત બાબત;

(ફ) નીચે લખેલી ફરિયાદોમાં સંક્ષિપ્તરીતે કામ ચલાવવા બાબત એટલે:—

(૧) સ્પષ્ટ અથવા ગર્ભિત કરાર ઉપરથી; અથવા

વસુલ કરવાની રકમ ચોકસ નકી કરેલી રકમ હોય અથવા દંડ શિવાયનું કરજ હોય ત્યારે એકાદા કાયદા ઉપરથી; અથવા

મુખ્ય ઉપરનો દાવો એકાદા કરજના

અથવા તોડજોડ કરેલા માંગણાના સંબંધમાં હોય ત્યારે હમી ખત ઉપરથી; અથવા

ટ્રસ્ટ ઉપરથી;

ઉત્પન્ન થનારૂં જે કરજ અથવા પૈસાની ઠરાવેલી રકમ પ્રતિવાદી પાસેથી લેણી નીકળે તે કરજ અથવા રકમ વ્યાજસુદ્ધાં અથવા વગર વ્યાજે,

માત્ર વસુલ કરવા સારૂ વાદીએ જે ફરિયાદમાં માંગણું કર્યું હોય તેવી ફરિયાદોમાં, અથવા

(ચ) જે ખેડુત (ગણોતીઆ) ની મુદત ખલાસ થઈ ગઈ હોય અથવા છોડી દેવાની નોટીસ ઉપરથી યોગ્ય રીતે પુરી થઇ હોય અથવા ગણોત ન આપ્યાને લીધે જપ્ત થવાને પાત્ર થઇ હોય તેની વિરૂદ્ધ અથવા એવા ખેડુતની મારફત દાવો કરતા હોય તે શખસો વિરૂદ્ધ જમીનદારે ગણોત અથવા દરમિયાનના ઉત્પન્નનું માંગણું કરીને અથવા તેવું માંગણું કયા વગર સ્થાવર મિલકત પાછી મળવા સારૂ માંડેલી ફરિયાદોમાં;

(ગ) સમન કઢવા સંબંધી કામ ચલાવવાની રીત બાબત;

(હ) ફરિયાદો, અપીલો તથા બીજાં ચલાવેલાં કામ એકત્ર કરવા બાબત;

(આઇ) સદરહુ કોર્ટના કોઇપણ રજિસ્ટ્રારને, પ્રોથોનોટરીને અથવા માસ્તરને અથવા બીજા કોઈપણ અમલદારને ન્યાયસંબંધી, અંશતઃ ન્યાયસંબંધી તથા ન્યાયસંબંધી ન હોય એવાં કામ સોંપવા બાબત; અને

(જે) દિવાની કોર્ટોનું કામ ચલાવવા સારૂ જરૂરના હોય અથવા ઇષ્ટ હોય એવા સઘળા નમુના, રજિસ્ટ્રરો, બુકો, નોંધો અને હિસાબો બાબત.

૧૨૯. આ કાયદામાં ગમે તે કહ્યું હોય તે છતાં, સને ૧૮૬૧ ના હિંદુસ્તાનના હૈ કોર્ટો બાબતના આકટની રૂએ સ્થાપન થયલી હરકોઇ હૈ કોર્ટ પોતાની અવલ દિવાની હકુમત ચલાવતી હોય ત્યારે તેનું પોતાનું કામ ચલાવવાની રીતનું નિયમન કરવા સારૂ પોતાને યોગ્ય લાગે એવી અને જે સનદની રૂએ પોતાની સ્થાપના થઈ હોય તે સનદને (લેટર્સ પેટંટ) અનુસરતી હોય એવી કાનુનો કરવાને મુખત્યાર છે. અને આમાં ગમે તે કહ્યું હોય તેથી આ કાયદાની શરૂઆત વખતે અમલમાં હોય એવી કાનુનોના કાયદેસરપણાને બાધ આવશે નહિ.

સનદી હૈ કોર્ટને અવલ દિવાની કામ ચલાવવાની રીત બાબત કાનુનો કરવાનો અખત્યાર.

૧૩૦. સન ૧૮૬૧ ના હિંદુસ્તાનના હૈ કોર્ટો બાબતના આકટ મુજબ નહિ સ્થપાયલી કોઇપણ હૈ કોર્ટ, સ્થાનિક સરકારની પ્રથમ મંજુરી મેળવીને, કામ ચલાવવાની રીત શિવાય બીજી હરકોઈ બાબતના સંબંધમાં, હેઠળ લખેલી કાનુનો, એટલે સદરહુ આકટની કલમ ૧૫ પ્રમાણે સદરહુ પ્રમાણે સ્થપાયેલી કોઈ કોર્ટ સદરહુ પ્રકારની કોઇ બાબતમાં, ઈલાકાના મુખ્ય શહેરની હદમાં નહિ હોય એવા પોતાની હકુમત નિચેના મુલકના કોઇ ભાગને સારૂ કરી શકે, તેવી કોઇપણ કાનુનો કરવાને મુખત્યાર છે.

કામ ચલાવવાની રીત શિવાયની બાબતો માટે કાનુનો કરવાનો બીજી હૈ કોર્ટોનો અધિકાર.

૧૩૧. કલમ ૧૨૯ અથવા ૧૩૦ મુજબ કરેલી કાનુનો પ્રસંગ પ્રમાણે, ઇંડિયા અથવા સ્થાનિક સરકારી ગેઝીટમાં છાપી પ્રસિદ્ધ કરવી, અને તે છાપીને પ્રસિદ્ધ કર્યાની તારીખથી અથવા

કાનુનો છાપીને પ્રસિદ્ધ કરવા બાબત.

બીજી જે તારીખ નિર્દિષ્ટ કરવામાં આવે તે તારીખથી તેમનો કાયદા પ્રમાણે અમલ થશે.

સને ૧૮૮૨ ના એક્ટ ૧૪ ની ક. ૬૫૨

ટીકા—કલમ ૧૦૯ થી હાયકોર્ટના હાલના રૂલોનો બચાવ થાયછે. તેમાંના કેટલાક રૂલો જેમકે હકીકત કબુલત સંબંધીના રૂલો આ કાયદાના ૧ લા પ્રુશીષ્ટમાં દાખલ કરેલા નવા ઠરાવોને ઘણા મળતા છે, માટે હાલના રૂલોનો ફરી વીચાર કરવાનો તે રૂલ કમીટી પ્રથમ ઈલાજ કરશે એવું સંભવીત છે.

ભાગ ૧૧ મો.

પરચુરણ.

૧૩૨. (૧) દેશના રીવાજ અને રીતભાત પ્રમાણે જે અમુક સ્ત્રીઓને જાહેર લોકોમાં હાજર થવાની જરૂર પાડવી ન જોઈએ, તેઓ તે હાજર થવાને ને કોર્ટમાં જાતે હાજર થવાને માફી માગવી જોઇયે, માફી.

(૨) પરંતુ જે કોઈપણ બાબતમાં સ્ત્રીઓને પકડવાની આ કાયદાથી મના કરી ન હોય તેવી બાબતમાં દિવાની પ્રોશેસ બજાવવામાં તેવી સ્ત્રીઓને પકડવાની માફી કરી છે એમ આ કલમમાં કહેલી કોઈ વાતથી સમજવું નહીં.

સને ૧૮૮૨ ના એક્ટ ૧૪ નીક. ૬૪૦

ટીકા—આ કલમ હાઇકોર્ટ અને પ્રોવીનશીયલ સ્મોલકોઝ કોર્ટને લાગુ છે

સ્ત્રીઓ—બાર વર્ષની વયની કુંવારી છોકરી એક સ્ત્રી છે (મેનાથસીંગ વી. સુરતાકુંવર (૧૮૭૫) ૨૪ વી. રી ૩૭૫) આ કલમમાં જે વર્ષના શખસો બતાવેલા છે તે વર્ગ સબંધીજ છે તે હક છે. જે સ્ત્રીઓને દેશના રીવાજ અને રીતી પ્રમાણે જાહેરાતમાં હાજર થવાની ફરજ પાડવી નહી જોઇએ તમામ પદવીવાળી સ્ત્રીઓ તે બાબત દાવો રાખી શકતી નથી (ડેવીશ વી. મીડલટન (૧૮૬૭) ૮ વી. રી. ૨૮૨); પરંતુ આ દેશના રીવાજને માન્ય આપતાં જાથુ રીવાજ એવો થએલો છે કે જે આબરૂદાર સ્ત્રીઓનો જાહેરાતમાં હાજર થવાનો રીવાજ નથી તેઓનો પોતાની પાલખીમાં તપાશવી (ફીસનોમેહન મુકરજી વી. આહરમણી દેવી (૧૮૬૪) ૨ હાઇડ ૮૮; રૂકીયાબાનુ વી. રોબર્ટશ (૧૮૬૮) ૧ બં. લા. રી. એસ. એન. વળી જુઓ ઝોહુરતુલ્લા ચોધ્રી વી. અશાલુદીન (૧૮૭૧) ૧૫ વી. રી. ૧૨૯ જુઓ "કુલ અખત્યાર" ઓરડર ૨૬ રૂલ ૧)

પડદા સ્ત્રીઓ—(જુઓ ઓરડર ૧૮ રૂલ ૪ ની નોટ મમાતકરમોહીની વી. મહેશચંદ્ર (૧૮૯૯) ૩ ક. વી. નોટ ૭૫૦; ૨૬ ક. ૬૫૧ નોટ, મહેશચંદ્ર વી. માણુકલાલ (૧૮૯૯) ૩ ક. વી. નોટ ૭૫૧; ૧૬ ક ૬૫૦ અને પ્રવતકુમારી વી. અપરબાકીશન (૧૮૯૯) ૩ ક. વી. નો ૧૫૩. આ કલમ પ્રમાણે એક અરજી નીચેના કારણોથી કરેલી હતી (૧) દશ માસ પહેલા અ. એ પોતાનો ધણી ખોએલો છે અને પારસીના રીવાજ પ્રમાણે તે પોતાના ધણીના મર્ણ સુધી તે પોતાનું ઘર છોડી શકતી નથી. (૨) અ. પચાસ વર્ષની વયની માંદલા જેવી અને હાજર થવાને અશકત છે, (૩) ક. ને આગળ દેશમાં જવાનું છે તો તે અરજીના મંજુર કરેલી હતી (રૂસ્તમજી વી. બનુબાઇ (૧૮૯૦) ૧૪ મું. ૫૮૪)

પેરા ૨—જુઓ પાછળ ક. ૫૬.

१३३. (१) કોઈ શખસનો દરજ્જો એવો હોય કે તેને કોર્ટમાં હાજર થવાની માફી કરવી જોઇએ એમ સ્થાનિક સરકારની નજરમાં આવે તો, સ્થાનિક સરકારી ગેઝીટમાં જાહેર ખબર આપીને તે શખસને કોર્ટમાં જાતે હાજર થવાની માફી આપવાને સ્થાનિક સરકાર મુખ્ત્યાર છે.

બીજા શખસોને માફી.

(२) આ પ્રમાણે માફી મળેલા શખસોનાં નામ અને તેમનાં રહેવાનાં ઠેકાણાં વખતે વખતે સ્થાનિક સરકારે હૈ કોર્ટને લખી મોકલવાં; અને તેવા શખસોની એક યાદી તે કોર્ટમાં રાખવી, તથા હૈ કોર્ટના તાબાની પ્રત્યેક કોર્ટની હકુમતની સ્થાનિક હદ્દમાં તેવા જે શખસો રહેતા હોય તેમની યાદી તે તાબાની કોર્ટમાં રાખવી.

માફ કરેલા શખસોનાં નામની યાદી કોર્ટમાં રાખવી.

(३) આ પ્રમાણે માફી મળેલો કોઈ શખસ, મને કોર્ટમાં હાજર થવાની માફી મળી છે એમ કહે, અને તેટલા માટે કમીશનથી તેની શાહેદી લેવાની જરૂર પડે તો, તે કમીશનનો ખરચ તેણે આપવો. પણ તેની શાહેદી લ્યો એમ કહેનાર તે ખરચ ભરે તો તેમ ન કરવું.

સને १८८२ ના એકટ १४ ની ક. ६४१

ટીકા—આ કલમ હાયકોર્ટ અને પ્રોવીશીયલ સ્મોલકોઝ કોર્ટને લાગુ છે.

તે માફી સ્વતંત્ર છે, અને એકાદા પક્ષકારને સામા પક્ષકારે સમન્સ કરી બોલાવ્યો હોય અને તે પક્ષકાર તે બાબત દાવો રાખતો હોય તેની બાબતમાંજ છે, એમ નથી સને १८५८ ના એકટ १० પ્રમાણે પોતાના નીમેલા એજંટની મારફતે એક રાજાએ દાવો કરેલો હતો. તે એજંટ જે હકીકત આપી શકયો હતો તેથી ડીપુટીકલેકટરને સંતોષ થયો નહી તેથી ત્યાર પછીના એક દીવસ સુધી તે કામ મુલતવી રાખવામાં આવ્યું. તે રાજાએ જાતે હાજર થવાની જરૂર છે એવું ઠરાવ્યું તે રાજાએ પોતાને માફી મળવાનો દાવો રાખ્યો; પણ ડીપુટી કલેકટરે તે અરજી ના મંજુર કરી, અને તે કામ કહાડી નાંખ્યું તેમાં ઠરાવ્યું છે કે તે રાજા હાજર થવાને બંધાએલા ન્હોતા અને તે દાવો ખોટી રીતે કાહાડી નાંખેલો છે (જગતઈંદ્ર વી. સુરજકુમાર ચોધ્રી માર્શ ६२७)

१३४. કલમો ५५, ५७, તથા ५९ માંના ઠરાવો, હુકમનામાની બજાવણી બનતાં સુધી, આ કાયદા ઉપરથી પકડેલા સઘળા શખસોને લાગુ પડશે એમ સમજવું.

હુકમનામાની બજાવણી શિવાય બીજી રીતે પકડવા બાબત.

ટીકા—કાયદા પ્રમાણે પકડવા, રોકવા અને પકડેલા શખસોને છોડવા સબંધી આ કલમથી આ કાયદાના તમામ ઠરાવો લાગુ કરેલા છે.

१३५. (१) જડજ, માજિસ્ટ્રેટ, અથવા ન્યાયના કામ બાબતનો બીજો કોઈ અમલદાર પોતાની કોર્ટમાં જતો હોય ત્યારે, અથવા કોર્ટમાં અધ્યક્ષસ્થાને બેઠો હોય ત્યારે, અથવા કોર્ટમાંથી પાછો આવતો હોય ત્યારે તેને દિવાની પ્રોસેસથી પકડી શકાય નહીં.

દિવાની પ્રોસેસથી જે શખસને પકડવાથી બાતલ કર્યા છે તે.

(२) કોઈ ન્યાય સભાની રૂબરૂ કોઇ વિષય ચાલુ હોય અને તે વિષયમાં તે

ન્યાય સભાની હકુમત હોય અથવા પોતાને હકુમત છે એમ તે શુદ્ધબુદ્ધિથી માનતી હોય ત્યારે, તે વિષયના પક્ષકારોને, તેઓના પ્લીડરોને, મુખત્યારોને, રેવેન્યુ એજંટોને, કબુલ કરેલા મુખત્યારોને અને સમનમાં કહ્યા પ્રમાણે વર્તનારા તેઓના સાહેદોને, તે વિષયના કામસારૂ તે સદરહુ ન્યાય સભામાં જતા હોય, અથવા હાજર રહ્યા હોય તે વખતે, અને ત્યાંથી પાછા આવતા હોય તે વખતે કોર્ટનો તિરસ્કાર કર્યાને લીધે કહાડેલી પ્રોસેસ શિવાય બીજી કોઈ દિવાની પ્રોસેસથી પકડવાનું બાતલ કર્યું છે.

(૩) હુકમનામાના દેણદારને તાબડતોબ બજાવવાના હુકમની રૂએ પકડવામાંથી માફી મળવાનો અથવા હુકમનામાની બજાવણીમાં તુરંગમાં કેદ શા વાસ્તે કરવો નહિ તેનું કારણ બતાવવા સારૂ પોતે હાજર થાય તે વખતે પકડવામાંથી માફી મળવાનો કોઈપણ પેટા કલમ (૨) માંના કોઈપણ મજકુર ઉપરથી હક મળે છે એમ સમજવું નહીં.

સને ૧૮૮૨ ના એક્ટ ૧૪ ની કલમ ૬૪૨

ટીકા—આ કલમ હાઇકોર્ટને અને પ્રોવીનશીયલ સ્માલકાઝ કોર્ટને લાગુ થાય છે.

સાક્ષીયોને જે હક આપેલો છે તે, તે શખશના જાતીકા ફાયદા સારૂ નથી, પણ સાર્વજનીક હીતમાં વધારો કરવાને તથા ઇનસાફનો કારોબાર વધારે સારો ચાલે તે સારૂ આપેલો છે અને જો શુધ બુદ્ધીથી એવું માનવામાં આવતુ ના હોય કે તેને હાજર રહેવાની જરૂર છે તો તેનો કાંઇ હક નથી (વુમાચર્ણદોલ વી. તેલ (૧૮૭૫) ૧૪ બં. લા. રી. એપ. ૧૩ એક પ્રતીવાદીના ઉપર એક દાવામાં વાદીએ સમન્શ કરાવેલો હોય અને તેને વાદીના સાક્ષી તરીકે તપાશેલો હોય તો તે તપાસની જગોએ જાય, હાજર થાય અને ત્યાંથી પાછો આવે તેમાં જેટલી વખત વ્યાજબી રીતે જાય તેટલી વખતમાં દીવાની પ્રોસેસથી તે પ્રતીવાદીને પકડવામાંથી રક્ષણ થવાનો હક થાય છે (આપાસામીપાતર વી. ગોવીનનનાંબીયર (૧૮૬૮) ૪ મ. હા. કો. ૧૪૫)

"શીવાય...તીરસ્કાર બાબત"—આ કલમમાં આ શબ્દો તે બાબત ન્યાયની રૂઇએ થએલા ફેંસલાઓનો અમલ કરવાને દાખલ કરેલા છે (જોહાર વી. કારટર (૧૮૭૦) ૪ બં. લા. રી. અ. હ. ૫૦ સમરપુરી વી. પેરી કંપની (૧૮૯૦) ૧૩ મ. ૧૫૦)

સને ૧૮૮૨ ના એકટ ૧૪ ના બાબ ૩૯ (ઓરડર ૩૭) પ્રમાણેના એક દાવામાં પ્રતીવાદીને પરવાનગી વીના બચાવ કરવા દેવામાંના આવે તેથી તે કારણસર એક પ્રતીવાદી કોર્ટમાં હાજર થાય તો તે હકવાળો છે (સુરેદ્રનાથરાયના કામમાં (૧૮૮૦) ૫ ક. ૧૦૬) અને બંગાળાનો રહેનાર વાદી એક કામમાં તા. ૨૪ અકટોબરના રોજ હાજર થવાને મદ્રાસ ગયો પણ તે કામ તા. ૨૭ અકટોબરના રોજ સાત અઠવાડીયાં સુધી મુલતવી રાખવામાં આવ્યું હતુ અને તેને તા. ૧૦ નવબરના રોજ પકડવામાં આવ્યો હતો તેમાં ઠરાવ્યું છે કે તે હકવાળો છે. (શીવબક્ષના કામમાં (૧૮૮૨) ૪ મ. ૩૧૭).

કલકતાની સ્મોલ કોઝ કોર્ટ તે ઊતરતા દરજાની હકુમતવાળી કોર્ટ છે. એક સખસને જાતે પકડવાના હુકમ ઊપરથી તે કેદીને હાયકોર્ટની રૂબરૂ રજુ કરેલો હતો અને જેલરના રીટર્નમાં એવું કહેવામાં આવેલું હતુ કે તે કેદીને સ્મોલ કોઝ કોર્ટના વારંટથી પકડેલો છે તેમાં ઠરાવ્યું છે તે રીટર્નના પહેલાં જજને એવું બતાવવાનો તે કેદીનો હક છે કે જે

વખતે પેહેરમાં રાખ્યો તે વખતે પકડવામાંથી મને માફી થએલી હતી (અમરીતલાલદે ના કામમાં (૧૮૭૬) ૧ ક. ૭૮; જુગેશર રોયના કામમાં (૧૮૭૯) ૫ ક લા. રી. ૧૭૦)

પ્લીડર.—એકાદો વકીલ, વકીલાતનું કામ કરતો હોય તો તેને પકડવા બાબત માફી આપેલી છે (રાજેંદ્ર નારાયણ વી. ચંદ્ર મોહન (૧૮૯૬) ૨૩ ક. ૧૨૮)

પરચુરણ.—રવીવારે પકડવામાં આવે તો તે આ દેશમાં કાયદેસર છે (અબ્રામ વી. મહારાણી (૧૮૬૮) ૧ બં. લા. રી. અ. ક્રી. ૧૭; ૧૦ વી. રી. ૩૫૦; પમૈસુક વી. રાશીણ દોલા (૧૮૭૪) ૭ મ. હા. કો. ૨૮૫).

હુકમનામાના દેણદારો.—જ્યારે હુકમનામાના દેણદારો વીરૂધ હુકમ થએલો હોય ત્યારે આ કલમથી કજીયા પક્ષકારોને જે રક્ષણ આપેલું છે તે રક્ષણ મળવાને હુકમનામાના દેણદારો દાવો રાખી શકતા નથી તે પેટા કલમ (૩) થી ખુલ્લુ કરેલું છે.

જે શખસને પકડવાનો હોય અથવા જે મિલકત જપ્ત કરવાની હોય તે શખસ અથવા મિલકત ડિસ્ટ્રિકટની બહાર હોય ત્યારે કામ ચલાવવાની રીત.

૧૩૬ (૧) હુકમનામાની બજાવણી સંબંધી ન હોય એવા આ કાયદાના કોઈપણ ઠરાવ પ્રમાણે કોઈ શખસને પકડવો અથવા કાંઈપણ મિલકત જપ્ત કરવી એમ દરખાસ્ત કરવામાં આવે અને જે કોર્ટને તે દરખાસ્ત કરી હોય તેની હકુમતની સ્થાનિક હદની બાહાર તે શખસ રહેતો હોય અથવા તે મિલકત હોય ત્યારે, તે કોર્ટ પોતાની નજરમાં આવે તો, પકડવાનું વારંટ કાઢીને અથવા જપ્તીનો હુકમ કરીને જે ડિસ્ટ્રિકટ કોર્ટની હકુમતની સ્થાનિક હદમાં સદરહુ શખસ રહેતા હોય અથવા સદરહુ મિલકત હોય તે ડિસ્ટ્રિકટ કોર્ટને તે વારંટની અથવા હુકમની નકલ, તથા પકડવાની કે જપ્ત કરવાના ખરચની આસરે રકમ, મોકલવાને મુખ્ત્યાર છે.

(૨) તે નકલ અને રકમ મળે એટલે તે ડિસ્ટ્રિકટ કોર્ટે પોતાના અમલદાર મારફતે, અથવા પોતાના તાબાની કોર્ટ મારફતે તે શખસને પકડાવવો અથવા તે જપ્તી કરાવવી, અને જે કોર્ટે તે શખસને પકડવા બાબત અથવા તે મિલકત જપ્ત કરવા બાબત વારંટ અથવા હુકમ કાહાડયો હોય તે કોર્ટને તેને પકડયાની અથવા જપ્ત કર્યાની ખબર કરવી.

(૩) આ કલમ પ્રમાણે જે કોર્ટે કોઇને પકડયો હોય તે કોર્ટે તે પકડેલા શખસને પકડવાનું વારંટ કાહાડનારી કોર્ટમાં મોકલવો જોઇયે. પણ તેને વારંટ કહાડનારી કોર્ટમાં શા માટે નહીં મોકલવો જોઇયે તે વિશેનાં પકડનારી કોર્ટની ખાત્રી થાય એવાં કારણો તે બતાવે, અથવા તે વારંટ કહાડનારી કોર્ટમાં હાજર થવા બાબત અથવા સદરહુ કોર્ટ તેની વિરૂદ્ધ જે હુકમનામું કરે તે ભરપાઈ કરવા બાબત પુરતો જામીન આપે તો, પકડનારી કોર્ટે તેને છોડી દેવો.

(૪) જ્યારે આ કલમ પ્રમાણે પકડવાનો શખસ અથવા જપ્ત કરવાની જંગમ મિલકત બંગાળાના ફોર્ટ વિલિયમની (કલકત્તા) અથવા મદ્રાસની અથવા મુંબઇની ન્યાયાધિકારી હૈ કોર્ટની, અથવા દક્ષિણ બ્રહ્મદેશની ચીફ કો

ર્ટની સાધારણ અવલ દીવાની હકુમતની સ્થાનિક હદમાં હોય ત્યારે, પકડવાના વાર'ટની અથવા જપ્ત કરવાના હુકમની નકલ; તથા પકડવાના અથવા જપ્ત કરવાના ખરચની આસરે રકમ, કલકત્તા, મદ્રાસ, મુંબઇ અથવા રંગુન જે હોય ત્યાંની સ્માલકાજ કોર્ટને મોકલવી અને તે કોર્ટ સદરહુ નકલ અને રકમ પોંહોં ચેથી પોતે ડિસ્ટ્રિક્ટ કોર્ટ હોય એમ અમલ કરશે.

સને ૧૮૮૨ ના એક્ટ ૧૪ ની ક. ૬૪૮.

ટીકા—આ કલમ હાયકોર્ટ અને પ્રોવીનશીયલ સ્મોલ કોઝ કોર્ટને લાગુ છે.

એક અરજી કરેલી હોય.—"કોઇ કોર્ટ મરજી બતાવેતો" એ શબ્દોને બદલે આ શબ્દો દાખલ કરેલા છે અને એકાદા હિતવાળા પક્ષકારની ફક્ત અરજ ઉપરથી બેશક હવે આ કલમ પ્રમાણે હુકમો કરવામાં આવશે.

આ કલમ પ્રમાણે કોર્ટની હકુમત બહારની મીલકત જપ્ત કરી શકાય છે (રામ પરતાપ જાવાર વી. માધોરાય (૧૯૦૨) ૭ ક. વી. નોટ ૨૧૬) પણ તે કાયદાની બીજી કલમો પ્રમાણે જે કોઇ મીલકત જપ્ત કરવાને કોર્ટને અખત્યાર ન હોય તે મીલકત જપ્ત કરવાને આ ઠરાવથી કોર્ટને અખત્યાર આપવામાં આવ્યો નથી (ક્રીષ્ણુસાંમી વી. ઇંગલ (૧૮૮૫) ૮ મ. ૨૦)

રેહે છે.—એક ઓફીસરની પલટણ બર્મામાં હતી અને તે ઇંગ્લંડ રજા ઉપર જતો હતો તેથી થોડા દીવસ મદ્રાસમાં રેહતો હતો. ઠરાવ્યું છે કે આ કલમ પ્રમાણે તેને પકડી શકાય છે(ઇવટે વી. ક્રેર (૧૮૮૫) ૮ મ. ૨૦૫ જુઓ પાછળ "ખરી રીતે ખુશીથી રેહેછે")

હકુમત.—દાવાવાળી બાબત વીષે હકુમત હોય તો તે હકુમતની ફકત ખરી રીતે મદદ માગવાની છે માટે જે પક્ષકારે ખોટી રીતે તેનો અમલ કરવાને કોર્ટને અરજ કરેલી હોય અથવા કરવા દીધેલી હોય તો પોતાની અરજ અથવા કસુરને લીધે જે કામ ચલાવામાં આવેલું હોય તેના કાયદેસરપણા વીષે પાછળથી તે સાંમી તકરાર કરી શકતો નથી. પરંતુ દાવાવાળી બાબત વીષે હકુમત જો ન હોય અને નીશબત રાખનારા પક્ષકારો તે વીષે વાંધો નહિ લેતાં બેશી રેહતો તેથી તે હકુમત ઉત્પન થઇ શકતી નથી (વિસ્તુ સખારામ વી. ક્રીષ્ણુરાવ (૧૮૮૭) ૧૧ મું. ૧૫૩ જુઓ પાછળ "હક છોડવો તે"

૧૩૭. (૧) આ કાયદો શરૂ થાય તે વખતે હે કોર્ટના તાબાની કોઇપણ કોર્ટની જે ભાષા હોય તેજ ભાષા સ્થાનિક સરકાર બીજી રીતનો હુકમ કરે ત્યાંસુધી તે તાબાની કોર્ટમાં ચાલુ રહેશે. **તાબાની કોર્ટોની ભાષા.**

(૨) આવી કોઇપણ કોર્ટની કંઇ ભાષા ગણવી અને એવી કોર્ટને કરવાની અરજી તથા એવી કોર્ટમાં ચાલતું કામ કેઇ લીપીમાં લખવું એ ઠરાવવાને સ્થાનિક સરકાર મુખ્ત્યાર છે.

(૩) જયારે એવી કોઇપણ કોર્ટમાં પુરાવો લખવા શિવાય બીજું કાંઇ પણ લખવાનું આ કાયદામાં ફરમાવ્યું હોય અથવા છુટ આપી હોય ત્યારે એવું લખાણ અરજીમાં હશે તો ચાલશે, પણ જો કોઇપણ પક્ષકાર અથવા તેનો પ્લીડર ઇંગ્રેજી જાણેતો ન હોય તો તેની અરજી ઉપરથી તેનો કોર્ટની ભાષામાં તર-

જુમો તેને પુરો પાડવો, અને એવા તરજુમાનો ખરચ આપવા બાબત કોર્ટે પોતાને યોગ્ય લાગે તેવો હુકમ કરવો.

સને ૧૮૮૨ ના એક્ટ ૧૪ ની કલમ ૬૪૫.

ટીકા.—આ કલમ હાઇકોર્ટ તથા પ્રોવીન્શીઅલ સ્મોલ કોઝ કોર્ટને લાગુ છે.

પુરાવના કાગળ શીવાયના બીજા લખેલા કાગળોની પેટા કલમ (૩) થી વ્યવસ્થા કરવામાં આવે છે; જુઓ કલમ ૧૩૮ અને ઓર્ડર ૧૮, રૂલ ૯ આગળ આ બાબતનો હેતુ એવો જણાય છે કે પ્લીડીંગસો અને અરજીઓ ઇંગ્રેજીમાં કરવાને પરવાનગી આપવી એવી સરતની સાથે કે તે યોગ્ય કામોમાં તેના તરજુમા સાંમી બાજુને આપવા જોઇએ.

૧૩૮. (૧) સ્થાનિક સરકાર સ્થાનિક સરકારી ગેઝીટમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને એવું ફરમાવવાને મુખ્ત્યાર છે કે જે જડજ સદરહુ જાહેરનામામાં નિર્દિષ્ટ કરેલો હોય, અથવા જેને તેમાં કરેલું વર્ણન લાગુ પડતું હોય તેવા કોઇપણ જડજે અપીલ થઇ શકે એવા મુકદમાઓમાં જબાની અંગ્રેજી ભાષામાં અને ઠરાવેલી રીત લખી લેવી.

જબાની અંગ્રેજી ભાષામાં લખવાનું ફરમાવવાની સ્થાનિક સરકારની સત્તા.

(૨) પેટા કલમ (૧) મુજબના ફરમાન પ્રમાણે ચાલવાને કોઇપણ પુરતા કારણથી જડજ અટકયો હોય ત્યારે, તેણે તે કારણ દફતરમાં લખવું, તથા જડજ મોઢેથી બોલે તેમ બાજો લખે એવી રીતે બીજા પાસે સદરહુ જબાની ખુલ્લી કોટમાં લખાવવી.

સને ૧૮૮૨ ના એક્ટ ૧૪ ની કલમ ૧૮૫ અ.

ટીકા.—આ કલમ હાઇકોર્ટને લાગુ છે.

બર્મા સબંધી સને ૧૮૮૨ ના એક્ટ ૧૪ ની આવી મળતી કલમ પ્રમાણે કરેલા હુકમો વીષે જુઓ જાહેરે ખબર નં. ૧૦૫, બર્મા ગેઝીટ ભા. ૧ પા. ૧૨૭

૧૩૯. આ કાયદા પ્રમાણે કોઇપણ સોગનનામું કરવાનું હોય, તો તેમાં—

સોગનનામું કરનારને સોગન કોણે આપવા.

(અ) કોઇ કોર્ટ અથવા માજિસ્ટ્રેટ, અથવા

(બ) તે કામને વાસ્તે હૈ કોર્ટે નીમેલો કોઇ અમલદાર અથવા બીજો શખસ, અથવા

(ક) તે કામને વાસ્તે સ્થાનિક સરકારે સામાન્ય રીતે કે વિશેષ રીતે જે બીજી કોઇ કોર્ટને અધિકાર આપે તે કોર્ટે નીમેલો કોઈ અમલદાર.

સોગનનામું કરનારને સોગન આપી શકે.

સને ૧૮૮૨ ના એક્ટ ૧૪ ની કલમ ૧૯૭

ટીકા—સને ૧૮૮૩ ના સુપ્રીમ કોર્ટના રૂલો, ઓર્ડર ૩૮, રૂલ ૪ આ કલમ હાઇકોર્ટ અને પ્રોવીન્શીઅલ સ્મોલ કોઝ કોર્ટને લાગુ છે.

એક યોગ્ય અધીકારીએ એફીડેવીટ લીધેલા છે એવું માલુમ પડી શકે તે બાબત જે સખસની રૂબરૂ એફીડેવીટ બાબત સોગન આપેલા હોય તે સખસનું વર્ણન કરવું જોઇએ.

હાઇકોર્ટે નીમેલા અમલદારો.—આવો અખત્યાર આપવાની જાહેર ખબરો માટે,

(અ) જુઓ આસામના સ્થાનીક નીયમો અને હુકમો આવૃતી ૧૮૯૩ પા. ૧૫૧

(બ) જુઓ મુંબાઇના સ્થાનીક નીયમો અને હુકમોની બાદ આ. ૧૮૯૬, વા. ૧. પા. ૩૯૬.

(ક) બર્મા વીષે જુઓ બર્મા રૂલ્સ મેન્યુઅલ આ. ૧૮૯૭ પા. ૧૧૦

અથવા બીજો સખસ.—આ શબ્દો દાખલ કરવાથી હાઇકોર્ટને પોતાના અમલદારો શીવાય એડમીનીસ્ટ્રેટોનો વહીવટ કરવાને બીજા સખસોને નીમવાનો અખત્યાર આપેલો છે. કલકત્તા ગેઝીટ તા. ૧૩ જુલાઇ સને ૧૮૮૧)

મુંબાઇ સરકારનું ગેઝીટ ભાગ ૧ સને ૧૮૭૭

૧૪૦. (૧) આડમીરલ (દરીઆઇ) અથવા વાઇસ આડમીરલ્ટી સંબંધી સાલ્વેજ (વહાણ અથવા તેમાંનો માલ જોખમમાંથી બચાવવાને જે મદદ કરે તેનું મેહેનતાણું) ટાવેજ (પાગડ બાંધીને લાવવા બાબતનું મેહેનતાણું) અથવા કોલીશન (વહાણનું અરસ્પરસ અથડાવવું) બાબતના દાવામાં કોર્ટ, પછી તે ગમે તો અવલ કે અપીલ હકુમત ચલાવતી હોય તો પણ પોતે ફરમાવે તે રીતે અથવા ઠરાવવામાં આવે તે રીતે પોતાને મદદ કરવા સારૂ, પોતાને યોગ્ય લાગે તો, બે લાયક આસેસરોને સમન કરવાને મુખ્ત્યાર છે, અને તે દાવાના કોઈ પક્ષકારની અરજ ઉપરથી તેણે તેમ કરવુંજ જોઇયે, અને તે આસેસરોએ હાજર રહીને તે પ્રમાણે મદદ કરવી જોઇયે.

સાલવેજ વીગેરેના દાવામાં અસેસર.

(૨) સદરહુ પ્રમાણેના પ્રત્યેક આસેસરને હાજર રહેવા બદલ કોર્ટ ફરમાવે અથવા ઠરાવવામાં આવે તેટલી ફી મળશે; અને તે ફી કોર્ટ ફરમાવે તે અથવા ઠરાવેલા પક્ષકારે આપવી પડશે.

સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની કલમ ૬૪૫ અ.

ટીકા—ઠરાવામાં આવે તે પ્રમાણે.—એટલે ભાગ ૧૦ પ્રમાણે કરેલા નીયમોથી ઠરાવામાં આવે તે.

૧૪૧. દિવાની હકુમતવાળી કોઇપણ કોર્ટમાંના બધાં કામોમાં, આ કાયદામાં ફરિયાદોના સંબંધમાં કહેલી કામ ચલાવવાની રીત જેટલી લાગુ પડે તેટલી લાગુ પાડીને કામ ચલાવવું.

પરચુરણકામ.

સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની કલમ ૬૪૭.

ટીકા.—આ કલમ હાઇકોર્ટ તથા પ્રોવીન્શીઅલ સ્મોલ કોઝ કોર્ટને લાગુ છે.

પરચુરણ અરજીઓ જે દાવામાં નથી તેમાં પણ કામ ચલાવાની રીતીની અમુક રીતીની અમુક રીતી પ્રમાણે ચાલવું જોઇએ એવો આ કલમનો હેતુ છે. માટે એવું ઠરાવામાં આવ્યું છે સને ૧૮૬૩ ના એકટ ૨૦) ધર્માદા અર્પણના એકટ) ની કલમ ૧૮ પ્રમાણે એકાદી અરજી ઉપર યોગ્ય રીતે પ્રતીજ્ઞા કરેલી તે અરજદારે જાતે અથવા તેના વકીલે આપવી જોઇએ (અમદુમીયાંન વી. મહમદ દાઉદખાન (૧૯૦૧) ૨૪ મ. ૬૮૫ પા. ૬૮૭) અને એકાદો વાલી નીમવાના કામમાં તે કાયદા પ્રમાણે ચાલવું જોઇએ (ગંગાબાઇ વી મંરાની (૧૯૦૫) અ. વી. નોટ ૧૦૪; (૧૯૦૬) અ. વી. નોટ ૬૪)

જુના કાયદાની કલમ ૨૫ (૨૪) આ કલમ સાથે વાંચતાં કંપનીઓ સમેટવાના કામને લાગુ થાય છે (વેસ્ટ હોપ ટાઉનટી કંપનીના કામમા (૧૮૯૭) ૯ અ ૧૮૦) એક કંપનીની મેમોરેન્ડમ ઓફ એશોશીએશનમાં ફેરફાર કરવાને એક ખાસ ઠરાવ કરવામાં આવેલો હોય તેથી તે ઠરાવ મંજુર રાખવાને એક કંપનીએ કરેલી અરજી સબંધીનું કામ આ કલમથી તે કાયદામાં આવી જાય છે (બેમ્બે બર્મા ટ્રેડીંગ કારપોરેશન વી. દોરાબજી ખરસેતજીશોફ (૧૯૦૩) ૨૭ મું. ૪૧૫ પા. ૪૧૮) તેથી વાલી નીમવાને તથા સગીરનો કબજો લેવાને તથા છેડો છુટકો કરવાના એકટ પ્રમાણે ચાલેલા કામને તથા વાવ્ય પ્રાંતમાં રેવન્યુ કોર્ટોમાં કામ ચલાવાની રીતીની બાબનોને કાયદો લાગુ થાય છે (અમીરહુસેન વી. મહમદઅલ્લી (૧૮૮૭) ૯ અ. ૪૧) અને બંગાળાની સાંથના એકટ (સને ૧૮૮૫ ના ૯) ની કલમ ૧૫૮ પ્રમાણે ચાલેલા કામને (દાજેંદ્રનાથરાય વી. સોઇલેંદ્રનાથરાય (૧૮૮૭) ૨૪ક. ૨૦૬; ૧ ક વી. નોટ ૨૩૬) અથવા જમીન મેળવવાના એકટની કલમ ૧૮ પ્રમાણેના કામને લાગુ થાય છે (ભાઇ વી. રામાધીન (૧૯૦૬) ૧૦ ક. વી. નોટ ૯૯૨) પ્રોબેટની અરજીઓને દીવાની કામ ચલાવાની રીતીનો કાયદો લાગુ થાય છે. (દીનતારીણી દેબીના કામમાં (૧૮૮૨) ૮ ક. ૮૮૨; દાવુબાઇના કામમાં (૧૮૯૪) ૧૮ મું. ૨૩૭) ફોજદારી કામ ચલાવાની રીતીના કાયદાની કલમ ૧૪૫ પ્રમાણેના કામને આ કલમથી તે લાગુ કરેલો નથી (રામા વી. બ્યંકટ ચેલા (૧૯૦૭) ૩૦. મ ૩૧૧).

૧૪૨. આ કાયદાની રૂયે કોઇ પણ શખસ ઉપર હુકમ તથા નોટીસો બજાવવાની અથવા આપવાની સઘળી નોટીસો તથા હુકમ લેખી હોવી જોઇએ.
લેખી હોવી જોઇયે.

સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની ક. ૯૪

ટીકા—આ કલમ હાઇકોર્ટ તથા પ્રોવીન્શીઅલ સ્મોલકોઝ કોર્ટને લાગુ છે.

બ્રીટીશ ઇંડીયાની બહારના એકાદા સખસ ઉપર બજાવણી કરવા સબંધી જુઓ ઘનશામલાલ વી. ભનસાળી, (૧૮૮૧) ૫ મું ૨૪૯)

૧૪૩. આ કાયદાની રૂયે કાઢેલી નોટીસ અથવા સમન અથવા પત્ર ટપાલમાં મોકલવાના હોય અને તે બાબત ટપાલનો ખરચ લેવાનો હોય ત્યારે, ખરચ તથા તે નોટીસ અથવા સમન અથવા પત્ર રજીસ્ટર કરીને મોકલવાની ફી. એવી નોટીસ, સમન અથવા પત્ર મોકલાવતાં પહેલાં ઠરાવેલા વખતની અંદર ભરવાં જોઇએ;
ટપાલ ખરચ.

પણ એવું ઠરાવ્યું છે કે સ્થાનિક સરકાર ગવર્નર જનરલ ઇન્ કૌંસિલની અગાઉથી મંજુરી લઇને, એવો ટપાલ ખરચ અથવા ફી, અથવા તે બન્ને માફ કરવાને અથવા તેને બદલે લેવાની કોર્ટની ફીનો દર ઠરાવવાને મુખ્ત્યાર છે,

સને ૧૮૮૨ ના એકટ ૧૪ ની ક. ૯૫.

ટીકા —આ કલમ હાયકોર્ટ અને પ્રોવીનશીયલ સ્મોલ કોઝ કોર્ટને લાગુ છે.

કેવી રીતે અને કોણે આપવી.—નામદાર ગવરનર જનરલ ઇનકૌંસીલ મેહેરબાનીથી એવું ફરમાવે છે કે તમામ પ્રોસેસો, નોટીસો અને તેવા બીજા દસ્તાવેજો કોઇ જ્યુડીશીયલ અથવા રેવન્યુ કોર્ટે કાહાડેલી હોય અને તે ટપાલ મારફતે મોકલવાની હોય તો તે તમામ પ્રોસેસો અને નોટીસો તથા દસ્તાવેજો ઊપર ટપાલ ખર્ચ જે પક્ષકારની આળશથી

તે કાઢાડેલાં હોય તે પક્ષકાર વધારાનું ખર્ચ લીધા વીના હવે પછી "સરવીસ પોસ્ટેજ સ્ટેપ" ના સાધનથી આપવું સી. ઓ. નંબર ૯ તા. ૧૦ મે અને ૧૮૮૨ ના રોજનો કલકત્તા હાયકોર્ટના સીવીલ રૂલો તથા હુકમોના વા. ૧ પા. ૧૨૯)

૧૪૪. (૧) એકાદુ હુકમનામું બદલવામાં અથવા રદ કરવામાં આવે ત્યારે અને તેટલે સુધી, પહેલી કોર્ટે, પૂર્વ સ્થિતિ પ્રાપ્ત થઇને અથવા બીજી રીતે કોઈપણ લાભ મેળવવાનો હક્ક હોય તે પક્ષકારની અરજી ઉપરથી, તે પૂર્વ સ્થિતિ એવી રીતે પ્રાપ્ત કરાવી અપાવવી જોઇયે કે તેથી કરીને, જે હુકમનામુ અથવા તેનો જે ભાગ ફેરવવામાં અથવા રદ કરવામાં આવ્યો હોય તે હુકમનામુ અથવા તે ભાગ થયો ન હોત તો પક્ષકાર જે સ્થિતિમાં હોત તે સ્થિતિમાં બનતાં સુધી આવે; અને આ કારણુસારૂ સદરહુ કોર્ટ, એવી રીતે બદલવાથી અથવા રદ કરવાથી જે હુકમ કરવા અગત્યના હોય તે કરવાને તેમજ ખરચ પાછો આપવા સારૂ તથા વ્યાજ નુકસાની વળતર તથા દરમિયાનનું ઉત્પન્ન આપવા સારૂ વાજબી રીતે અનુસંગીક હોય તે હુકમ પણ કરવાને મુખત્યાર છે

પૂર્વસ્થિતિ પ્રાપ્ત કર વા માટેની અરજી.

(૨) પેટા કલમ (૧) ની રૂયે અરજી કરીને જે કોઇપણ પૂર્વસ્થિતિ પ્રાપ્ત થઈ શકે અથવા બીજી દાદ મળી શકે તે મળવાસારૂ કોઇપણ ફરિયાદ માંડવી નહિ.

સને ૧૮૮૨ ના એક્ટ ૧૪ ની કલમ ૫૮૩.

ટીકા—આ કલમ હાઇકોર્ટને લાગુ છે.

સને ૧૮૮૨ ના એક્ટ ૧૪ ની કલમ ૫૮૩ પ્રમાણે જે રીવાજ દાખલ થયેલો છે તે રીવાજને અનુસરીને તે ફરીથી ઘડેલી છે તે રીવાજ કોર્ટોના ઘણા ફેંસલાઓથી મંજુર થયેલો છે કે જે ફેંસલા બતાવાની વધારે જરૂર નથી. તેથી ઘણોજ બહોળો અખત્યાર આપેલો છે. અને કોઈ જે હુકમ કરવાને અથવા તેનો અમલ કરવાને જે હકુમત હોય છે તે પ્રમાણે જરૂરીયાત હુકમ કરે છે. તો પણ તેજ બાબત જુના ઠરાવ પ્રમાણે નીચેના ઠરાવો છે તે હજુ ઉપયોગમાં આવે તેવા છે.

